પુષ્ટિમાર્ગ - સ્વયંશિક્ષક

–ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી

પ્રકાશક :–
શ્રી ગોકુલેશ પુષ્ટિ વિદ્યાધામ
શ્રીપુષ્ટિ પરાગ પ્રકાશન મંડલ,
ગોસ્વામી પુરુષોત્તમ
ગુજરાત

ગુજરાતી અનુવાદ કર્તા :–
ગો.વા. માર્કન્ડભાઈ વી. ધોળકિયા

પ્રકાશન વર્ષ :– ૨૦૧૮
પ્રત :– ૨૦૦૦
નિઃશુલ્ક વિતરણાર્થે
પોસ્ટેજ અલગથી

પ્રાપ્તિ માટે :
(સમય : બપોરે ૧૨–૦૦ થી ૩–૩૦)
મો. ૯૯૧૩૫ ૩૦૯૨૫
મો. ૯૯૭૮૧ ૧૫૩૨૫

મુદ્રક : મેટ્રો પ્રિન્ટર્સ,
સુરત

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પુષ્ટિભકિત-સંપ્રદાય દૈવીપુષ્ટિજીવોના ઉદ્ધારાર્થ શ્રીવલ્લભાચાર્યચરણો દ્વારા પ્રવર્તિત પરબ્રહ્મ શ્રીકૃષ્ણની યથાધિકાર પ્રપત્તિ અને ભકિતનો માર્ગ બતાવે છે. શ્રીકૃષ્ણના શ્રવણ-કીર્તન-સ્મરણના આભ્યન્તર ભજન કરી શકવા યોગ્ય દાસ્ય-સખ્ય-આત્મનિવેદનના ભાવોનું પ્રકટ ન થવું અને શ્રીકૃષ્ણના પાદસેવન-અર્ચન-વંદન રૂપ બાહ્યભજન કરી શકવાની અનુકૂળતા સંપાદિત ન થવા સુધી, આ પ્રકારના ભાવ અને અનુકૂળતા ભગવાન જયાં સુધી ન કરાવી આપે ત્યાં સુધી "તથૈવ તસ્ય લીલેતિ.... ભક્ત્યભાવે.... અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ" સિદ્ધાન્તનો સ્વીકાર કરી શરણમાર્ગમાં સન્નિષ્ઠ રહેવું જોઈએ. પુષ્ટિભકિત સંપ્રદાયમાં સનાતન સિદ્ધાન્ત છે કે દૈવીપુષ્ટિજીવોને તો ભગવદ્રૂપ-સેવાર્થ જ ભગવાને ભૂતલ પર પ્રકટ કર્યા છે. આ જીવોની કયારેય પણ લૌકિક-વૈદિક ગતિ થઈ જ નથી શકતી, કેમ કે ગતિ તો હોય છે મળનાર ફલ, એ તો માત્રને માત્ર ગુણ-સ્વરૂપના ભેદથી સ્વયં શ્રીકૃષ્ણ જ હોય છે. આ રીતે નિજફલની પ્રાપ્તિથી પુષ્ટિ સૃષ્ટિ વંચિત ન રહી જાય તે માટે દૈવી પુષ્ટિજીવોને પુષ્ટિભકિતનો માર્ગ બતાવવો એ જ આચાર્યચરણોનું ભૂતલ પર પ્રાકટયનું મુખ્ય પ્રયોજન છે.

ભગવાન જે પુષ્ટિજીવો પાસે પોતાની સ્વરૂપ-સેવા કરાવવા માંગે છે, તે જીવો બ્રહ્મસંબંધ દીક્ષા લઈને આત્મનિવેદિત થઈ પોતાના તનુ-વિત્તનો વિનિયોગ સ્વગૃહમાં બિરાજતા પોતાના સેવ્ય સ્વરૂપની સેવામાં કરી અસમર્પિત વસ્તુના ઉપભોગના ત્યાગ પૂર્વક સેવામય જીવન જીવવામાં સમર્થ થઈ જાય છે.

જે પુષ્ટિજીવોને દાસ્ય-આત્મનિવેદન-સખ્ય વગેરે ભાવોનું દાન કરીને તે સમૃદ્ધ બનાવી દે છે, પરંતુ એ જીવ પ્રભુના પાદસેવન-અર્ચન-વંદન રૂપ બાહ્યભજન કરી શકે એવી અનુકૂળતા સંપાદિત નથી કરતા. તેવા પુષ્ટિજીવો માટે હૃદયમાં બિરાજતા ભાવાત્મક પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ રૂપ

આન્તરભજન દ્વારા ભકિતમાર્ગમાં સ્થિર થવા માટે એક માત્ર ઉપાય રહી જાય છે. તેને પુષ્ટિભકિતસંપ્રદાયમાં કથાપક્ષ કહેવામાં આવે છે.

દૈવી પુષ્ટિજીવો માટે કથાપક્ષમાં સ્થિરતા પ્રાપ્ત કરવા શાસ્ત્ર અધ્યયન તેમજ સ્વમાર્ગીય ગ્રંથ અધ્યયનની નિતાંત આવશ્યકતા રહે છે. પુષ્ટિભકિત સંપ્રદાય અંતર્ગત જીવન-ફલ-લાભ માટે શાસ્ત્ર સમજ એટલે કે ઓંકાર-ગાયત્રી-સપરિકર વેદ-બ્રહ્મસૂત્રને ગીતાજી-ભાગવતના સારરૂપ તેના પ્રતિપાદ્ય-પ્રમેય-રૂપ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે, તે સ્પષ્ટ થાય. ત્યારબાદ સ્વમાર્ગીય ગ્રંથ અધ્યયન જેમ કે વેદ-બ્રહ્મસૂત્ર-ગીતાજી-ભાગવતના તત્વદોહન રૂપે ચતુઃશ્લોકી ભાગવત, વેદસ્તુતિ, શ્રુતિગીતા અને શુદ્ધાદ્વૈત- સાકાર- બ્રહ્મવાદ પુષ્ટિમાર્ગના મુખ્ય સિદ્ધાન્તો ક્રમશઃ જોતા તે અને કૃષ્ણ સેવાની આવશ્યકતાની સમજ વિશેષ સ્પષ્ટ- દૃઢ થાય. ષોડશ ગ્રંથથી તે વિશેષ સ્પષ્ટ- પુષ્ટ થાય. માર્ગ દર્શન સુલભ થાય અને બીજા અન્ય ગ્રંથો પણ ઉપયોગી થાય.

પ્રસ્તુત પુસ્તક કે જે ષોડશ ગ્રંથને પાયાથી સમજવા અતિ સરળ શૈલીમાં પરમ આદરણીય શ્રીશ્યામ મનોહરજીના ''પુષ્ટિ વિધાનમ્'' પુસ્તક પરના અધ્યયન વર્ગમાં ચાલતા પ્રવચનોનું પુસ્તક રૂપાંતર છે. વર્તમાન સંપ્રદાયની પરિસ્થિતિ જોતા આધુનિક પુષ્ટિજીવોને પોતાના માર્ગ, સ્વકર્તવ્ય, સંપ્રદાયના સત્ય સ્વરૂપને જાણવા શ્રીમદ્ ભગવદ્ગીતાની ગરજ સારે તે રીતે અતિ ઉપયોગી થશે. આ પુસ્તકનું સંકલન કર્તાઓને મારા હૃદય પૂર્વકના અભિનંદન પાઠવું છું અને તેમનો આ પ્રયત્ન શ્રીમહાપ્રભુજીની કૃપાબલથી સફળતા પ્રાપ્ત કરશે એ જ પ્રભુના ચરણોમાં અભ્યર્થના.

વર્તમાન સમયમાં સંપ્રદાયમાં કથાપક્ષ માટે અત્યંત આવશ્યક શાસ્ત્ર અધ્યયન તેમજ સ્વમાર્ગીય ગ્રંથ અધ્યયન અને તે માટે સંપ્રદાયમાં વિદ્યમાન વલ્લભ વંશજો યોગ્ય પરિશ્રમ લઈ અનુયાયી વર્ગને દિશાનિર્દેશ કરે તેની તાતી જરૂરિયાત છે. શ્રીમહાપ્રભુજી કૃષ્ણ સેવા પહેલા આજ્ઞા કરે છે, ''શાસ્ત્રમ્ અવગત્ય.........'' આ આજ્ઞાનું પાલન કરવા અનુયાયી વર્ગ જીજ્ઞાસુ બને ત્યારે

તેની જીજ્ઞાસાને યોગ્ય દિશા આપવા સંપ્રદાયના ઉપદેશક વર્ગનું ઉત્તરદાયિત્વ છે. તે માટે ભૂતલ પર વલ્લભવંશ વિદ્યમાન છે. તેમનું પ્રમાણ શ્રીગોપીનાથજી આપના સાધનદીપિકા ગ્રંથમાં આપી રહ્યા છે. ''માહાત્મ્ય જ્ઞાપનાયૈવ શ્રવણં ગુણકર્મણામ્, શાસ્ત્રાણામ્ ઉપયોગોઽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ભવેત્'' આમ શાસ્ત્રની ઉપયોગિતાનું અને વંશજ તરીકે સ્વકર્તવ્યનું પાલન કરવા શ્રીઆચાર્યચરણની કૃપાથી પૂજ્ય દાદાભાઈના સંકલ્પથી સંપ્રદાયને સમજવા અને સમજાવવા સ્વમાર્ગીય ગ્રંથોના અધ્યયન સાથે શાસ્ત્ર અધ્યયનના મનોરથ સ્વરૂપે અમારા નિવાસ સ્થાને ''શ્રીગોકુલેશ પુષ્ટિ વિદ્યાધામ'' વિદ્યાપીઠની શરૂઆત કરવામાં આવી છે.

આ વિદ્યા સંકુલની વિશેષતા એ છે કે સંપ્રદાયની સેવા કરવાના ઉદેશ્યથી એકપણ રુપિયાનું દાન સ્વીકાર્યા વિના અને અનુયાયીવર્ગ એકપણ રૂપિયાના ખર્ચ વિના સર્વ દુરાગ્રહથી દૂર થઈ શાસ્ત્ર અધ્યયન સાથે સાથે સ્વમાર્ગીય ગ્રંથ અધ્યયન કરી રહ્યા છે. આ વિદ્યાધામની અંદર શાસ્ત્ર અધ્યયન અંતર્ગત :- શ્રીમદ્ ભગવદ્ગીતા, સંસ્કૃત ભાષા, સંસ્કૃત સંભાષણ, વ્યાકરણ, ન્યાય, ધર્મશાસ્ત્ર, પુરાણ, વેદાન્ત, મિમાંસા, સાહિત્ય યોગ, સાંખ્ય, ઈતિહાસ વગેરેનું અધ્યયન અમારા દ્વારા કરાવવામાં આવે છે. ઉપરાંત તમામ સ્વમાર્ગીય ગ્રંથોનું અધ્યયન પણ ખરૂ જ, સાથે સાથે પદવિકા (ડિપ્લોમા) કોર્સ જેવા કે વાર્તાસાહિત્ય, દયારામભાઈ સાહિત્ય, શ્રીવલ્લભાખ્યાન, સેવાપ્રણાલિકા વગેરે. પ્રમાણ પત્ર (સર્ટિફિકેટ) કોર્સ :- શરણાગતિ, સિધ્ધાન્ત વચનાવલી, સેવા-સમર્પણ, કથા સાધના. સાથે સાથે આપણી સંસ્કૃતિના સંરક્ષણ હેતુ શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત વગેરે ગ્રંથો પરથી તૈયાર કરેલા કોર્સ :- શરીર સોષ્ઠવ તથા સ્વાસ્થ્ય, વ્યકિતત્વ વિકાસ, બાલ સંસ્કાર, યુવા વિકાસ, સંગીત, પરિવાર વ્યવસ્થાપન.

ઉપરોકત તમામ ગ્રંથોનું અધ્યયન અનુયાયીવર્ગ તેમની અનુકૂળતા પ્રમાણે ઉપસ્થિતિ નિત્ય, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક

વાર્ષિક રહીને અભ્યાસ કરી શકે છે. આ અધ્યયનની અંદર વગર પરીક્ષાએ પ્રાચીન ઋષિ પરંપરાની પદ્ધતિ દ્વારા અધ્યયન થકી સંપ્રદાયને સમજી સાંપ્રદાયિક સાધના પ્રણાલી સેવા અને કથા થકી બ્રહ્મના આનંદનું આસ્વાદન કરી શકીએ એ જ પ્રભુ ચરણોમાં અભ્યર્થના સહ....

ભવદીય
વ્રજેન્દ્રકુમાર (રવિબાવા)
જૂનાગઢ

॥ વાક્સીધુ - પૂરિતાશેષ સેવાકાય નમઃ ॥

॥ વાક્સુધાકૃષ્ટ -ભક્તાન્તઃ કરાણાય નમઃ ॥

શ્રીમહાપ્રભુજીની અસીમ કૃપાથી ''પુષ્ટિમાર્ગ-સ્વયંશિક્ષક'' પુસ્તકને અમો પ્રકાશિત કરી રહ્યા છીએ. ઈ.સ. ૧૯૯૬માં મુંબઈમાં પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીએ પુષ્ટિવિધાનમ્ પુસ્તકની અધ્યયન-શિબિર યોજેલ તે વચનામૃતનું વ્રજભાષામાં લેખન કર્યા બાદ તેના ગુજરાતી અનુવાદના રૂપમાં આ પુસ્તક અમો પ્રકાશિત કરી રહ્યા છીએ. અનેક વૈષ્ણવોના સહયોગથી અમોએ આ પુસ્તક તૈયાર કર્યુ છે.

પુષ્ટિમાર્ગ પર પ્રવૃત્ત થયેલ વૈષ્ણવ ભટકી ન જાય, તે સ્વસ્થ રીતે માર્ગનું અનુસરણ કરી શકે તે માટે શ્રીઆચાર્યચરણના ગ્રંથોને સમજવા ખૂબ જ આવશ્યક છે. પરંતુ સંસ્કૃત ભાષાના અજ્ઞાનના કારણે સામાન્ય વૈષ્ણવને તે ગ્રંથો સમજવા મુશ્કેલ બને છે. પરંતુ પૂજ્ય શ્રીશ્યામ મનોહરજી મહારાજશ્રીએ અથાગ પરિશ્રમથી એકદમ ખૂબ જ સરળ ભાષામાં ષોડશ ગ્રંથોને આ શિબિરમાં સમજાવ્યા છે, જે દરેક વૈષ્ણવને સમજમાં આવી શકે એવો આ સરળ ગ્રંથ અમો પ્રકાશિત કરી રહ્યા છીએ. આપશ્રીના પ્રવચનમાં કોઈ ક્ષતિ હોય જ નહી, પરંતુ મંદમતિ અમારી સમજની ભૂલ હોય શકે. તો આ પુસ્કતમાં જે કાંઇ ક્ષતિ-ભૂલ થઈ હોય તે અમારા સિમિત જ્ઞાનના કારણે છે, તેનો અમે સ્વીકાર કરીએ છીએ અને ક્ષમા પ્રાર્થના પણ કરીએ છીએ . બીજી આવૃત્તિમાં તેને સુધારવા પ્રયત્ન કરીશું. અંતમાં શ્રીમહાપ્રભુજીની વાણી-ગ્રંથોની સમજ દરેક વૈષ્ણવોની કૃતિ, મતિ અને રતિમાં ફલીભૂત થાય એ જ અભ્યર્થના સહ

પુષ્ટિ સ્વાધ્યાય સંકુલ

જૂનાગઢ

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।
।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

ભૂમિકા :-

પરબ્રહ્મ પરમાત્મા જે જીવોનું પોતાની સેવા અર્થાત્ સ્વરૂપાનન્દ કે ભજનાનંદના દાન માટે વરણ કરે છે તે જીવો પુષ્ટિબીજ સમ્પન્ન હોય છે. આવા જીવો ભૂતલ પર આવે છે ત્યારે પરમાત્મા તરફ આકર્ષિત રહેતા હોય છે. સત્સંગ અથવા ભગવત્કૃપાના બળે તેમની અંદર પરમાત્મા શ્રીકૃષ્ણ પ્રત્યે રુચિ જાગૃત થાય છે. અવી રુચિના કારણે પરમાત્માને મેળવી આપનારા આચાર્યનું શરણ સ્વીકારે છે અને આચાર્ય પ્રવર્તિત સંપ્રદાયમાં પ્રવેશ મેળવી પોતાની સાધના કરવાનો બુદ્ધિથી નિશ્ચય કરે છે. ત્યારથી જ ભૂતલ ઉપર ભગવાન્‌ની તરફ શરણાગતિ અથવા ભકિતમાર્ગ ઉપર ચાલવાની તેમની સફર શરૂ થાય છે. ભકત ઉપર ભગવાનની પુષ્ટિ વરસે છે તે ભકતના હૃદયમાં ભકિતભાવના રૂપમાં પ્રકટ થઇ ભકતથી ભકિતના રૂપે ભગવાન તરફ ગતિ કરે છે અને અંતે ભૂતલ ઉપર સર્વાત્મભાવના રૂપમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. પુષ્ટિજીવની આ બીજભાવનાથી લઇ સર્વાત્મભાવ સુધીની સફરમાં આચાર્યના ઉપદેશ-સિદ્ધાન્તો જગ્યા-જગ્યાએ માર્ગદર્શક દિશા સૂચક તરીકે અતિ મૂલ્યવાન હોય છે. જેના વીના પુષ્ટિજીવ રસ્તામાં ભૂલો પડી શકે, અન્યત્ર ગતિ કરી શકે અને પોતાની મંજીલ પરમાત્મામાં સર્વથા નિરુદ્ધ થવા રૂપ-અલૌકિક સામર્થ્ય અને સર્વાત્મભાવથી વંચિત રહી જાય અને પુનઃ સહસ્ર પરિવત્સરના ચક્કરમાં પડી ભગવાનથી નજીક આવીને પણ દૂરનો દૂર જ રહે તેવી સ્થિતિ નિર્માણ થઇ શકે. આથી સંપ્રદાયના પ્રવર્તક આચાર્ય ગુરુમાં શ્રદ્ધા-વિશ્વાસ અને નિષ્ઠા પુષ્ટિસંપ્રદાયમાં અત્યંત આવશ્યક છે.

સંપ્રદાય પ્રવર્તક આચાર્યમાં દઢ શ્રદ્ધા હોય તો જ તેમના ઉપદેશમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ શકે. તેના માટે શ્રીસર્વોત્તમસ્તોત્રમાં વર્ણવેલ આચાર્યનામોના

અર્થનો વિચાર આવશ્યક હોય છે. આચાર્યચરણમાં શ્રદ્ધા હોવી આવશ્યક છે, તેટલી જ શ્રદ્ધાતિરેકવશ અથવા તો ભગવદ્‌વિમુખતાના સ્વભાવના કારણે આચાર્યને શ્રીકૃષ્ણથી અધિક માની શ્રીકૃષ્ણ–શરણાગતિ અને શ્રીકૃષ્ણ–સેવાથી વિમુખ થઈ કેવળ શ્રીઆચાર્યશરણ અને આચાર્ય–સેવાના પાખંડપૂર્ણ પ્રકારથી બચવું પણ આવશ્યક હોય છે. શ્રીમત્પ્રભુચરણ સર્વોત્તમસ્તોત્રનો વિનિયોગ પણ શ્રીકૃષ્ણ–ભકિતમાં આવતા પ્રતિબંધના વિનાશમાં જ બતાવે છે. પાઠનું ફલ શ્રીકૃષ્ણ–અધરામૃતાસ્વાદ દર્શાવે છે. અતઃ શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ કે જે દૈવી જીવોને શ્રીકૃષ્ણભકિતના માર્ગમાં અગ્રેસર કરવા ભૂતલ પર પ્રકટ થયું છે. આચાર્ય વચનોમાં જેને દઢ વિશ્વાસ હોય તે શ્રીકૃષ્ણ–સેવાકથા અથવા શ્રીકૃષ્ણ શરણાગતિથી કદિ દૂર રહી જ ન શકે. કારણ કે શ્રીઆચાર્યચરણના ક્ષણિક સાનિધ્યથી શ્રીકૃષ્ણ–મુખ–દર્શનની કામના અતિતીવ્ર બની જાય છે. શ્રીવલ્લભ ભકિતમાર્ગમાં અજ્ઞાનન્ધકારના નિવારક આપ અલૌકિક અગ્નિરૂપ અને વસ્તુતઃ શ્રીકૃષ્ણનું જ આચાર્યરૂપેણ પ્રાકટય છે, તેવા સ્વરૂપનું અવગાહન શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર દ્વારા અને શ્રીઆચાર્યચરણમાં બિરાજતા ષડ્‌ગુણો જેમ કે શ્રીભાગવત તત્ત્વજ્ઞતા ઐશ્વર્ય, ભગવત્સેવામાં પ્રતિબન્ધકવાદોનું નિરાકરણ કરી શ્રીકૃષ્ણસેવાનું પ્રેરક હોવું વીર્ય, પાણ્ડિત્ય, વેદાદિશાસ્ત્ર પારંગતતા શાસ્ત્રાનુકૂળ આચરણ, વૈષ્ણવમાર્ગીયિતા અને શ્રીવ્રજપતિમાં અનન્ય રતિમાન્ હોવું એ જ– આપશ્રીનો ખરો યશ, પ્રમાણ ચતુષ્ટયની એકવાકયતા કરી સ્વસિદ્ધાન્તના ઉપદેશક હોવું અને સ્વયં શ્રીકૃષ્ણસેવા પરાયણ હોવું, તેમજ ભગવત્સેવોચિત નિરુપધિસ્નેહનો ઉદ્‌બોધક હોવું આપશ્રીની શ્રી છે, ભકતોને કલિભીતિથી મુકત કરી શ્રીકૃષ્ણ–સેવાના પ્રવર્તક હોવું જ્ઞાન તેમજ બધા પુષ્ટિમાર્ગીયોને સકલ કલિકાલ દોષથી મુકત કરવા સિવાયના અન્ય બધા વિષયોમાં વિરકત હોવું આપશ્રીનો વૈરાગ્ય ગુણ. તેમજ શ્રીકૃષ્ણ સેવાકથામાં સદા પરાયણ રહેવું આપશ્રીનું ધર્મિ સ્વરૂપનું ચિતંન સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત સ્તોત્ર દ્વારા કરવું જોઈએ.

આ રીતે આચાર્યશ્રીના ઉપદેશો સાક્ષાત્ ભગવદ્‌મુખથી જ કહેવાયેલી

ભગવદ્-આજ્ઞા છે. એવો વિશ્વાસ દૃઢ થાય ત્યારે જ પુષ્ટિભકિત અથવા પ્રપત્તિમાર્ગમાં નિર્વિઘ્ન ગતિ શકય છે. જેવા શ્રીઆચાર્યચરણ છે, તેવા જ આપશ્રીના બન્ને આત્મજો શ્રીગોપીનાથ પ્રભુચરણ અને શ્રીપ્રભુચરણ ગુસાંઈજી પણ શ્રીકૃષ્ણના અનન્ય ભકતના હૃદય રૂપ અને પિતૃપ્રવર્તિત પથના પ્રચાર માટે સુવિચારકો છે, તેમ સમજી આ ત્રણેય આચાર્યોના વચનો શ્રુતિ-પ્રમાણ તુલ્ય છે અને ત્યાર પછીના આચાર્ય વંશજો ટીકાકારો સ્મૃતિ-પ્રમાણ તુલ્ય, વાર્તા, પ્રસંગો, વચનામૃતો આદિ સાહિત્ય સદાચાર-પ્રમાણ તુલ્ય છે અને ઉપરોકત ત્રણ પ્રમાણોથી અવિરુદ્ધ સ્વરુચિ પ્રમાણે આચરણ કરવાનો વિવેક દરેક પુષ્ટિ સંપ્રદાયના અનુયાયીએ રાખવો જોઈએ.

શ્રીમહાપ્રભુમાં નિષ્ઠાવાન્ વૈષ્ણવ પુષ્ટિસંપ્રદાયમાં સાધના કરવાની શરૂઆત, શ્રીકૃષ્ણ-સેવામાં પરાયણ, દંભ આદિ દુર્ગુણોથી રહિત અને શ્રીભાગવત-તત્ત્વજ્ઞ ગુરુ દ્વારા દીક્ષિત થઈ કરે છે. પુષ્ટિસંપ્રદાયના પાયાના ચાર સ્તંભરૂપ સિદ્ધાન્તો (૧) શરણાગતિ (૨) સમર્પણ (૩) સેવા (૪) ભકિતની સમજ પુષ્ટિપથ પર ચાલનાર અનુયાયી માટે અત્યંત આવશ્યક હોય છે સાથોસાથ શ્રીઆચાર્યચરણનાં સિદ્ધાન્ત-વિરુદ્ધ આચરણનો ત્યાગ પણ એટલો જ આવશ્કય છે.

પુષ્ટિમાર્ગમાં પ્રવેશેલ વ્યકિતનું મન ધર્મ, અર્થ, કામ, મોક્ષની સિદ્ધિમાં જ લાગેલું રહે તો પુષ્ટિ ભકિત કે પ્રપત્તિની સાધના વ્યવસ્થિત ન થઈ શકે. ધર્મ, અર્થ, કામની સિદ્ધિ માટે પુષ્ટિ સિદ્ધાન્ત નથી. તેમજ પુષ્ટિમાર્ગીય ભકિત પણ મોક્ષ-પુરુષાર્થ અંતર્ગત આવતી બાબત નથી આમ પુરુષાર્થ વિષયક પ્રશ્નોનું નિરાકરણ આચાર્યચરણના બાલબોધથી કરી, વિવેક, ધૈર્ય સહિત સુદૃઢ આશ્રય તરફ યાત્રા આગળ વધારે છે. બધુ જ ભગવાનની ઈચ્છાનુસાર થાય છે તેવો વિવેક, પ્રાર્થના ત્યાગ, અભિમાન ત્યાગ, હઠત્યાગ અને અનાગ્રહ આ ચાર ઉપાયોનું આચરણ કરવાથી સિદ્ધ થાય છે. જીવનમાં આવતા દુખોથી વિચલિત થઈ જવામાં આવે તો સેવામાં પ્રતિબંધ ઉત્પન્ન થાય અને દુઃખોને સહન

કરવાનો ગુણ ન હોય તો ભગવદ્-આશ્રય પણ દૃઢ ન થાય. તદર્થ જીવનમાં આવતા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોને સહન કરવા તે ધૈર્ય અને તેની સિદ્ધિ પણ પ્રતિકાર જો સહજ પ્રાપ્ત હોય તો દુઃખી થવાનો આગ્રહ ત્યાગ, લૌકિક સગા-સંબંધીઓના તરફથી થતા દુઃખોને સહન કરવા, ઈન્દ્રિયોના વિષયોને મન અને વાણીના વિષય ન બનાવવા રૂપ ત્યાગ અને અસામર્થ્યની ભાવનાના ક્રમિક ઉપાય અજમાવી ધૈર્ય ધારણ કરવાથી ભગવદ્-આશ્રય દૃઢ થાય છે. ભગવદ્ આશ્રયનું સ્વરૂપ જ આ લોક તથા પરલોક સંબંધી સર્વ બાબતો તેમજ સર્વ પરિસ્થિતિઓમાં એક હરિનું જ શરણ ગ્રહણ કરવું તે જ છે.

દરેક અવસ્થામાં ભગવદ્ આશ્રય રહેવો પણ અત્યારે દુર્લભ જેવું જ લાગે છે ત્યારે સર્વ અશક્યતાઓમાં પણ એક હરિનું શરણ ગ્રહણ કરવાથી બધું જ સિદ્ધ થાય છે. ભગવદ્-આશ્રય દૃઢ કરવા માટે પણ સર્વ પ્રથમ અષ્ટાક્ષર ‘‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’’ને વાચાથી બોલવું અને મનથી હું ભગવાનની શરણમાં છું તેની ભાવના કરવી. શ્રીકૃષ્ણ સિવાય અન્ય વિભૂતિઓનું ભજન, પ્રાર્થના, પ્રસાદ ગ્રહણ અને સામે ચાલી દર્શનાર્થ જવા રૂપ અન્યાશ્રયનો ત્યાગ, પ્રભુમાં દૃઢ વિશ્વાસ અને પ્રાપ્ત થયેલ સુખ-દુઃખોનો મમતા-રહિત ભોગના રૂપમાં શરણાગતિનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

વિવેક-ધૈર્ય અને આશ્રયનો પરસ્પર સંબંધ સમજાવતા પ્રસ્તુત પુસ્તકમાં પૂ.શ્રીશ્યામ મનોહરજી દાદાભાઈએ માર્મિક રીતે સમજાવ્યું છે કે ‘‘વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતનો પણ શ્રીકૃષ્ણ આશ્રય બને છે તેનો મતલબ એમ ન સમજવો કે શ્રીકૃષ્ણ-આશ્રિત વ્યકિતએ વિવેક-ધૈર્ય-ભકિત આદિથી રહિત રહેવું.’’

કલિકાલમાં ધર્મના સાધનો જ નિષ્ફળ હોવાથી જીવનો ઉદ્ધાર ધર્મથી થઈ શકતો નથી ત્યાં ધર્મિનો આશ્રય જ ફલસાધક હોય છે અને જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભકિતમાર્ગ તથા પ્રપત્તિમાર્ગની દૃષ્ટિથી શ્રીકૃષ્ણ જ આશ્રયણીય હોય છે. તે દરેક પુષ્ટિ પથિકે પોતાના હૃદયમાં કોતરી રાખવી આવશ્યક છે.

આ રીતે વિવેક-ધૈર્ય સહિત અથવા કેવળ આશ્રિત થયા પછી શ્રીઆચાર્યચરણના ગ્રંથો તેમજ શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા આદિ શાસ્ત્રોના શ્રવણ કીર્તન-સ્મરણ કરવાથી શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન થાય છે. આ માહાત્મ્ય-જ્ઞાનના કારણે શ્રીકૃષ્ણ-સેવાર્થ જ પુષ્ટિજીવો પ્રકટ થયા છે અને શ્રીકૃષ્ણ સેવા જ પરમ કર્તવ્ય તેમજ શ્રીકૃષ્ણ સેવામાં જ પુષ્ટિજીવનની સાર્થકતા છે, તેવું સમજાતા પુષ્ટિપથનો સાધક બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી શ્રીકૃષ્ણ સેવાર્થ સમર્પિત થઈ શ્રીકૃષ્ણની સેવા પોતાના ઘરમાં પોતાના તન અને ધનથી કરે છે. સમર્પણનું બાહ્ય સ્વરૂપ-સિધ્ધાન્ત રહસ્યથી સમજાય છે.

ભગવત્સેવા કરતા ઉદ્વેગ-આદિ દોષો ઉત્પન્ન થાય તો સેવાનું ક્રિયાવત્ સ્વરૂપ નભે પણ આંતર સ્વરૂપ-ચિત્તથી કૃષ્ણ-પ્રવણતામાં વિક્ષેપ ઉભો થાય છે તેથી નવરત્ન - અંતઃકરણપ્રબોધ ગ્રન્થોના ઉપદેશોથી ચિત્તની વૃત્તિ નિર્વિઘ્ન ભગવત્પ્રવણ બનવા તરફ આગળ વધે છે.

પુષ્ટિમાર્ગીય સાધક શરણાગતિ સમર્પણ અને સેવાના પથ પર યાત્રા કરે છે પણ જ્યાં સુધી બધાનું પરિણામ ભકિત ભાવના ઉત્તરોત્તર વિકાસમાં ન આવે તો ગંતવ્ય ''માનસી સા પરામતા'' યા અલૌકિક સામર્થ્ય કે સર્વાત્મભાવના રૂપમાં પ્રાપ્ત થતું નથી.

ભકિતમાર્ગ પણ ત્રણ પ્રકારનો કહેવાયેલ છે. (૧) ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન (૨) ભગવત્સ્વરૂપનું આંતરભજન અને (૩) નામ ભજન. તનુવિત્તજા સેવાથી ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન તો થાય છે, પણ અનોસરમાં જો ભગવદ્-લીલા કે ગુણોનું ગાન ન કરવામાં આવે તો આંતર ભજન થઈ શકતું નથી. ભગવત્કથા કોની પાસેથી શ્રવણ કરવી તેના વિવેક માટે જલભેદ અને આપણી કથામાં કોને શ્રોતા તરીકે સામેલ કરવા તેના માટે પઞ્ચપદ્યાનિ ગ્રન્થના ઉપદેશ અનુસાર વર્તન કરવાથી કથામાં રસાભાસ- દુઃસંગ વગેરે દોષોથી બચી શકાય.

જેમને ભગવત્સેવાનો અવકાશ પ્રાપ્ત નથી પણ જો કથાભકિત કરી

શકાય તો પણ ભકિતભાવ પ્રેમ-આસકિત-વ્યસનના ક્રમિક સોપાનો પર ચઢી અંતે સર્વાત્મભાવના રૂપમાં ફલિત થઈ શકે, જેનું વર્ણન -ભકિતવર્ધિનીથી જાણી શકાય છે. કથા-ભકિતની સાધનામાં જોડાયેલ ભકત વ્યસનાવસ્થા પ્રાપ્ત કરે પછી વિરહાનુભાવર્થ ગૃહત્યાગ કરી શકે છે તે સિવાય કોઈપણ અવસ્થામાં કે કોઈપણ કારણસર સંન્યાસ ગ્રહણ કરવો ન જોઈએ. જો સેવાની અનુકૂળતા હોય અને ઘરમાં તનુવિત્તજા સેવા નભતી હોય તો કયારેય સંન્યાસનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ ઉપદેશ સંન્યાસ નિર્ણયના અભ્યાસથી જાણી શકાય અને કલિકાલમાં ભક્તિબીજની દઢતા વગર કરવામાં આવતો સંન્યાસ કેવળ પાખંડીપણુ જ પ્રાપ્ત કરાવી પતિત બનાવે છે.

અંતમાં સેવા અને કથા કે કેવળ ગુણગાનની સાધનામાં ઉત્તરોતર આગળ વધતા પુષ્ટિભકત ભગવદ્-આસકિતને કારણે પ્રપંચને વિસ્મૃત કરી દયે એ આ લોકની ભકિતની સર્વોચ્ચ અવસ્થા કે જેનાથી નથી મોટો કોઈ મંત્ર, નથી કોઈ મોટું સ્તોત્ર, નથી મોટી કોઈ વિદ્યા કે નથી તેનાથી મોટું કોઈ તીર્થ. ભકિત જો નિરોધાવસ્થાપન્ન બને આનાથી મોટી કોઈ ઉપલબ્ધિ ભૂતલ ઉપર ભકત માટે હોઈ શકતી નથી. આ બધા જ ષોડશગ્રન્થોનું તાત્પર્ય જીવનું ભગવત્સેવામાં જોડવાનું છે. ભગવત્સેવા જ પુષ્ટિજીવના ભૂતલ ઉપરના અસ્તિત્વનું પ્રયોજન છે. અતઃ સેવાથી ફલની અપેક્ષા નથી પણ બધી જ ફલાનુંભૂતિ ભગવત્સેવામાં જ થાય છે. મન-વચન કર્મથી ભગવત્સમર્પિત બની જવું અને ભકતના બધા વિષયોમાં પણ સચ્ચિદાનન્દાત્મકતા પ્રકટી જવી એ જ અલૌકિક સામર્થ્ય આ સેવામાં મળતું ફલ છે અને દેહાન્તરે સાયુજયકે સેવાપયોગી દેહ વૈકુંઠાદિ લોકમાં અધિકાર રૂપ જ છે.

આ પ્રકારની ફલાનુભૂતિ તો ઉદ્વેગ-ભોગ-પ્રતિબંધથી રહિત ભગવત્સેવાથી જ થાય છે. તદર્થ આ બાધકોનું પણ જ્ઞાન આવશ્યક હોય છે. આ રીતે, ષોડશગ્રન્થોએ શ્રીઆચાર્યચરણનું વાઙ્મય સ્વરૂપ જ છે. આથી જ શ્રીદ્વારકેશજી પણ આજ્ઞા કરે છે - ‘‘અવતારદશાયાન્તુ ઉધ્ધૃતી રૂપદર્શનાદ્ ઈહ

નામાત્મકૈર્ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ, સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્'' અર્થાત્ અવતાર દશામાં પોતાના સ્વરૂપથી પુષ્ટિજીવોનો ઉદ્ધાર થાય છે. આ નામાત્મક ગ્રન્થોથી શ્રીઆચાર્યજી પોતાના નિજદાસોનો ઉદ્ધાર કરે છે. તેથી દૈવીજીવોએ સર્વપ્રયત્ન પૂર્વક શ્રીવ્રજાધિપનું સેવન અને આ ગ્રન્થોનો પાઠ જ કર્તવ્ય છે.

શ્રીઆચાર્યચરણની વાણી દુર્બોધ છે, તે આપશ્રીની કૃપાથી જ સુબોધ થાય છે. શ્રીવલ્લભવંશજ બધા જ આચાર્યોનું કર્તવ્ય દૈવીજીવોને શ્રીઆચાર્યચરણના ગ્રન્થોનો બોધ આપવો એ જ છે. પરંતુ આજની સંપ્રદાયની પરિસ્થિતિમાં શ્રીઆચાર્યચરણની વાણીથી બધે જ વિપરીત આચરણ છવાઈ ગયું છે. સહસ્ર પરિવત્સરની સફર અને શ્રીપુષ્ટિ પુરુષોત્તમથી અત્યંત નિકટ આવીને પણ જો શ્રીઆચાર્યચરણની વાણીનો ખરો મર્મ ન સમજાય તો પાછા દૂરને દૂર જ રહેવાય છે. દૈવીજીવોનું ભૂતલ પર અસ્તિત્વ વ્યર્થ ન જાય તે માટે શ્રીઆચાર્યચરણના ગ્રન્થોનું ભલીભાંતિ અધ્યયન આવશ્યક જ નહીં, અનિવાર્ય જ છે. પ્રસ્તુત પુસ્તક પૂજ્ય શ્રીશ્યામ મનોહરજી દાદા દ્વારા અધ્યાપન કરાવેલ ગ્રંન્થોનો ગુજરાતી અનુવાદ છે, જે દરેક પુષ્ટિ-પથિકો અને ખરો પુષ્ટિ સિદ્ધાન્તને જીવવાની નિષ્ઠા રાખનારા જિજ્ઞાસુ વૈષ્ણવો માટે સ્વયં-શિક્ષકની ગરજ સારસે. ધર્મ પિતૃચરણ, પરમ આદરણીય પૂ. શ્યામુદાદાનો પરિચય આપવાની આવશ્યકતા જ નથી. આપશ્રી પાસે ગ્રન્થ અધ્યયન કરવું એ જીવનનો અમૂલ્ય લ્હાવો છે જે દરેકને પ્રાપ્ત થઈ શકતો નથી. તો આ પુસ્તકના માધ્યમથી આપશ્રીના જ સાનિધ્યમાં ગ્રન્થ અધ્યયન કરતા હોઈએ એવી અનુભૂતિ થયા વિના રહેતી નથી. આપશ્રી સદૃશ મહાનુભાવના મુખથી નિકળતા આચાર્ય વચનોનો મર્મ સભર એક બિન્દુ પણ પુષ્ટિ બીજભાવનું ઈંધણ ભરેલા જીવ માટે એક અગ્નિની ચિનગારીનું કામ કરશે અને ભગવાન પરમાત્મા શ્રીકૃષ્ણના પ્રેમમાં ઓતપ્રોત બનાવી ઘરના શ્રીઠાકોરજીમાં સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોવર્ધનધર યશોદોત્સંગલાલિતનો જ અનુભવ થશે. પોતાના

માથે બિરાજતા પ્રભુની સેવા જ પોતાના અસ્તિત્વનું ખરુ પ્રયોજન લાગશે એમાં કોઈ સંશયાવકાશ નથી જ!

આ પુસ્તકનું લેખન-અનુવાદ કરનારા બધા જ વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગની ઘણી મોટી સેવા કરી છે. તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ અને પોતાના નામને ગુપ્ત રાખી સિદ્ધાન્તની જ મહત્તા સ્થાપવાનો ભાવ ખૂબ જ આદરણીય છે. ભવિષ્યમાં પણ તે બધા જ માર્ગની આવી જ નિષ્કામ સેવા કરવા તત્પર રહેશે એવી શુભકામના પ્રકટ કરું છું.

શ્રીમહાપ્રભુ-શ્રીગોપીનાથ પ્રભુચરણ તેમજ પ્રભુચરણ શ્રીગુસાંઈજીની કૃપા અને પૂ.શ્યામુદાદાનું સાનિધ્ય નિરંતર આપણા પર રહે એ જ અભિલાષા સહ વિરમું છું.

ભવદીય
ગોસ્વામી પુરુષોત્તમ.

અનુક્રમણિકા

ક્રમ	ગ્રન્થનું નામ	પે.નં.
1	પ્રસ્તાવના	1
2	મઙ્ગલાચરણમ્	6
3	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્	25
4	શ્રીવલ્લભાષ્ટકમ્	29
5	શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્	44
6	નામરત્નાખ્યસ્તોત્રમ્	71
7	શ્રીયમુનાષ્ટકમ્	75
8	બાલબોધઃ	116
9	સિદ્ધાન્તમુક્તાવલી	146
10	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ	223
11	સિદ્ધાન્તરહસ્યમ્	320
12	નવરત્નમ્	339
13	અન્તઃકરણપ્રબોધઃ	358
14	વિવેકધૈર્યાશ્રયઃ	369
15	કૃષ્ણાશ્રયસ્તોત્રમ્	436
16	ચતુઃશ્લોકી	453
17	ભકિતવર્ધિની	470
18	જલભેદઃ	502
19	પઞ્ચપદ્યાનિ	581
20	સંન્યાસનિર્ણયઃ	601
21	નિરોધલક્ષણમ્	660
22	સેવાફલમ્	702
23	પઞ્ચશ્લોકી	720

પ્રસ્તાવના

એક સંક્ષેપમાં આપણે બધા આ ગ્રંથની જે ભૂમિકા છે, તેને સ્પષ્ટ સમજી લઈએ. કેમ કે આ ગ્રંથ શા માટે છાપ્યો છે ? હેતુ શું છે આ ગ્રંથનો ? અને આ કલાસ ચલાવવાનો હેતુ પણ શું છે ? જેથી પાછળથી આપણને એક બીજાથી કોઈપણ વાતમાં મુંઝવણ (કન્ફ્યુઝન) ન થાય. તો બધાની પહેલાં આમાં એક વાત એ સમજવાની છે કે આજ જે સ્થિતિમાંથી–જે સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ, તે સમયમાં શ્રીમહાપ્રભુજીના નામથી આ સંપ્રદાય છે, શ્રીમહાપ્રભુજીના નામથી આપણે બધા બાલક છીએ, શ્રીમહાપ્રભુજીના નામથી નામ અને બ્રહ્મસંબંધ લેવાવાળા બધા વૈષ્ણવ પણ છે. પરંતુ જે ગાયબ–અદશ્ય થઈ રહ્યું છે, તે છે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત, શ્રીમહાપ્રભુજીના વચનથી ઉપદિષ્ટ સિદ્ધાન્ત.

તો બધાથી મોટી મુશ્કેલી એ થઈ રહી છે, આ સમસ્યામાં કે જે સમયમાં આવી અરાજકતા ફેલાયેલ છે અને અનિયત જ બધું કામ કરવાની અને અર્થ વગરના બધા કોર્ષ સ્વીકાર (એડોપ્ટ) કરવાના, આવા સમયમાં કોને નિયામક બનાવવો ? "**જીસકી લાઠી ઉસકી ભેંસ**"–એવા અરાજકતાના સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. ન કોઈ પંડિતો એવા છે કે જે ગ્રંથ ભણાવી શકે. આપણે પણ આપણા ગ્રંથને વ્યવસ્થિત રૂપથી સમજવા નથી માંગતા. કોઈ વાર્તા વાંચીને સિદ્ધાન્ત કાઢી રહ્યા છે, તો કોઈ પરંપરાથી સિદ્ધાન્ત કાઢી રહ્યા છે.

તો મૂળમાં આ ગ્રંથ પ્રકટ કર્યો છે તેની પાછળનો હેતુ એ છે કે શ્રીમહાપ્રભુજીએ આપણને જે આચાર સંહિતા આપી છે, કે આવી રીતથી કામ કરવાનું છે. તેનો આવા અરાજકતાના સમયમાં કોઈ નિર્ણય થઈ શકતો નથી અને આ અનિર્ણિત અવસ્થાને કયા સુધી સહન કરવાની ? જેના મનમાં જે આવે તેવી રીતે શ્રીમહાપ્રભુજીના વચનનો અર્થ કરે. વચનને વચનની શુદ્ધતાથી, વચનને વચનની શબ્દ મર્યાદાથી જે તાત્પર્ય કાઢવો જોઈએ, તે બધી મર્યાદાને તોડીને યથેચ્છ ઢંગથી કોઈપણ અર્થ કાઢવો અને તેમાં પાછુ કોણ કોને બતાવે

અને કોણ કોને કહે ?

મારી એક એવી ઈચ્છા હતી કે બધા વૈષ્ણવો પાસે શ્રીમહાપ્રભુજીના વચનનું એક એવું પુસ્તક ઉપલબ્ધ હોવું જોઈએ. જેથી આપણે આપણા થોડાક પુરુષાર્થથી તેનો અર્થ સમજી શકીએ, થોડાક પ્રયત્નથી તેનો અર્થ સમજી શકીએ. ટીકાઓ, વ્યાખ્યાઓ બધુ મૌજુદ છે પરંતુ ટીકા વ્યાખ્યા સમજવા માટે એક પૂરેપૂરી શિસ્ત (ડીસીપ્લીન) જોઈએ. સમજવા માટે, ભણવા માટે કે ભણાવવા માટે તે શિસ્ત પાછી આપણા દુર્ભાગ્યથી પ્રાપ્ત (એવેલેબલ) પણ નથી. તો આવી સ્થિતિમાં એક પુસ્તક (ટેક્ષ) આપણે એવી પ્રાપ્ત કરી શકીએ કે જેથી પુસ્તકના આધારે આપણે કંઈક સમજી શકીએ તો તે ઉપર્યુકત હશે.

એક વાત ધ્યાનથી સમજો કે આપણે છીએ એટલે પુષ્ટિમાર્ગ હોવો જોઈએ એ સારી વાત લાગે છે, પરંતુ આનાથી ઉત્તમ વાત એ છે કે આપણે હોઈએ કે ન હોઈએ, પરંતુ પુષ્ટિમાર્ગ હોવો જોઈએ. આપણે મહારાજના રૂપમાં પૂજાતા હોઈએ કે ન પૂજાતા હોઈએ, પરંતુ પુષ્ટિમાર્ગ પૂજય એક માર્ગ રહેવો જોઈએ. વૈષ્ણવ બધા મહારાજની વાત માને કે બધા ગીલીંડર થઈ જાય માનવું હોય તો માને ન માનવું હોય તો ન માને ભાડમાં જાય. પરંતુ શ્રીમહાપ્રભુજીના વચન ભાડમાં ન જવા જોઈએ. શ્રીમહાપ્રભુજીના વચન આપણી સામે એવી રીતે તૈયાર રહેવા જોઈએ. સાચે જ શ્રીમહાપ્રભુજીના વચનનો આશય સમજીને માર્ગમાં ચાલવું જોઈએ, સામુદાયિક રૂપથી નહીં, પરંતુ વ્યકિતગત રૂપથી. બધા આ લાભથી વંચિત ન રહી જાય મૂળમાં એ હેતુથી આ પુસ્તકનું પૃથ્થકકરણ (એનાલીસીસ) કર્યું છે.

જેમ કે તમે જાતે ક્રમબદ્ધ અભ્યાસ કરો. (ટીચ યોર સેલ્ફ સીરીઝ) જેને આપણે કહી શકીએ કે, તમે જાતે જર્મન શીખો (ટીચ યોર સેલ્ફ જર્મન), તમે જાતે અંગ્રેજી શીખો (ટીચ યોર સેલ્ફ ઈંગ્લીશ), તમે જાતે તર્ક શીખો (ટીચ યોર સેલ્ફ લોજીક), તમે જાતે માનસશાસ્ત્ર શીખો (ટીચ યોર સેલ્ફ સાયકોલોજી), તમે જાતે સંગીત શીખો (ટીચ યોર સેલ્ફ મ્યુઝીક)–એવી રીતે જાતે પુષ્ટિમાર્ગને જાણવાનો (ટીચ યોર સેલ્ફ પુષ્ટિમાર્ગ) આ ક્રમ છે.

આ વાતને ધ્યાનથી સમજો. સ્વયં શિક્ષક જેને કહેવાય, તેવી રીતે આ પુસ્તકને તૈયાર કર્યું છે. હવે તેને જોવાનો–સમજવાનો થોડો દષ્ટિકોણ જોઈએ. કારણકે આ પાછુ સંસ્કૃતમાં છે. આનુ હિન્દી, ગુજરાતી અનુવાદ આપણે કરીશું, તો તે ખૂબ જ સરળ થઈ જશે. તો આ દષ્ટિથી આને લેવાનું છે. આનાથી વધારે અપેક્ષા આ ગ્રંથથી રાખવી બેકાર છે, આનાથી ન્યૂન અપેક્ષા આ ગ્રંથથી રાખવી બેકાર છે. એ વાતને ધ્યાનથી સમજો. આ એક સ્વયં શિક્ષક ગ્રંથના રૂપમાં આવ્યો છે કે જે વ્યકિત આના આધારે ગ્રંથનો અભ્યાસ કરવાનું ઈચ્છે, તેના પછી ટીકા વગેરેને ગહેરાઈથી ભણે–સમજે. આ વિષયમાં જયારે એનો અધિકાર (લાયકાત) થાય ત્યારે થાય, પરંતુ તેની પહેલા સ્વયં શિક્ષકના રૂપમાં આ ગ્રંથ દરેક વૈષ્ણવની પાસે ઉપલબ્ધ હોવો જોઈએ.

એક વાત ધ્યાનથી સમજો કે આપણી જે અધ્યાપનની પ્રક્રિયા હશે તે અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયામાં (કારણકે આપણે એક પૂરો અભ્યાસ કરવો છે.) કર્મકાંડના નિર્વાહ માટે હું આ શ્લોકોનો અર્થ તમને બતાવતો રહીશ. શ્લોકમાં આવતા શબ્દના અર્થ હું બતાવતો રહીશ પરંતુ કૃપા કરીને હું જે અર્થ બતાવી રહ્યો છું, તેનાથી વધારે અર્થની કોઈ પૂછપરછ (ઈન્કવાયરી) આમા પ્રશ્નથી ન કરતાં કેમ ? કેમ કે શ્લોકના શબ્દના અર્થ તમારે પૂછવા હોય તો અર્થ અનુવાદ છે, ટીકાઓ છે તેમાંથી જોઈ લેવા. પરંતુ અહીંયા શ્લોકના અર્થને જોવા માટે આપણે નથી જોતા, પરંતુ દરેક ગ્રંથમાં રહેલો સારાંશ (સીનોપ્સીસ) શું છે? તેને સમજવા માટે આખો ગ્રંથ છે. જે ઘાણી બધી ટીકા ભણવાથી સમજમાં આવે એવી વાત છે. કોઈ સંસ્કૃત ટીકાનો ગુજરાતી કે હિન્દી અનુવાદ કરવાથી આ વાત સમજમાં નહીં આવે, એટલું હું ‘‘ડંકે કી ચોટ પે’’ કહી શકું એવી વાત છે.

તો શ્લોકના શબ્દના જે અર્થ છે, એ અર્થને આપણે અહીંયા ન અધ્યયન કરવા બેઠા છીએ કે ન અધ્યાપન કરાવવાનો કોઈ અહીં ઉપક્રમ છે. છતાંપણ અધ્યાપનનો ક્રમ સાંગોપાંગ થાય એટલા માટે અર્થ બતાવતો રહીશ. પરંતુ તે ખૂબ જ ગૌણ વાત હશે. એ અર્થમાં આપણે ધ્યાન દેવાનું નથી. જે વાત

પર ધ્યાન દેવાનું છે તે એ છે કે દરેક ગ્રંથનો સારાંશ શું છે ?

સીનોપ્સીસ એટલે મકાન બનાવ્યા પહેલા જે મકાનનું માળખું-બંધારણ (સ્ટ્રકચર) બનાવવામાં આવે છે જે બંધારણમાં પછી દીવાલ લગાવવામાં આવે છે, જે દીવાલની ઉપર પ્લાસ્ટર કરવામાં આવે છે, જે પ્લાસ્ટરની ઉપર રંગ લગાવવામાં આવે છે અને પછી શણગારવું-સજાવવું વગેરે જે કાંઈ આવે તે બધી પછીની કથા છે. આ તો પાયાનું જે તેનું બંધારણ છે,-કે આ બિલ્ડીંગમાં બીંબ કેટલા હશે ? પીલોર કેટલા હશે ? માલ કેટલો જોશે? એ વાત અહીંયા બતાવવામાં આવી રહી છે. એ વાત બતાવવાની સાથે સાથે હું અર્થ બતાવીશ કર્મકાંડને પૂર્ણ કરવા માટે. પરંતુ તેની કોઈ મારાથી અપેક્ષા ન કરતા અને તેના કોઈ મને પ્રશ્ન પણ ન પૂછતા. જે આના માળખાને સમજવામાં કોઈ મુશ્કેલી (ડિફીકલ્ટી) થઈ રહી છે, તે પ્રશ્ન જરૂર પૂછો. તેમાં મારો કોઈ ઈનકાર નથી અને આપણે પ્રશ્નોત્તરથી પણ તેને સમજીશું.

પરંતુ કોઈ ખોટી અપેક્ષા આમા રાખતા નહીં કે કોઈ શ્લોકના અર્થના વિસ્તારને સમજાવવા જઈ રહ્યો છું. કારણકે શ્લોકના અર્થને સમજાવવા જઈ રહ્યો નથી. હું આ ગ્રંથના પાયાના બંધારણને સમજાવવા જઈ રહ્યો છું, કે આ ગ્રંથનું પાયાનું બંધારણ શું છે? અને જે કાંઈ અર્થ છે તે બધા પાસે પ્રાપ્ત છે. તેમાંથી પોત-પોતાનો અર્થ સમજી શકો છો. વ્યર્થમાં આ અર્થ તો થયો નહીં, આ અર્થ તો ન થયો એવું હેરાન થવાની જરૂર નથી. એવી અપેક્ષા ન રાખતા અને તેવી અપેક્ષા પૂર્ણ કરવી પણ મુશ્કેલ છે. મારી આ વાત બધાને સમજમાં આવીને ? આ ગ્રંથના શ્લોકાર્થની અપેક્ષા મારાથી ન રાખતા. કરીશ શ્લોકાર્થ, પરંતુ તેના વિસ્તારમાં મારે જવાનું નથી અને તે વાત મારે સમજાવવાની પણ નથી.

એક વાત ધ્યાનથી સમજો ખાસ આપ લોકોને ફરીથી કહીશ કે દરેક ગ્રંથના સારાંશને પ્રકટ કરવાનો મેં આ એક પ્રયાસ કર્યો છે. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે આ કોઈ **ઇદમ્ ઇથમ્** નથી, આ કોઈ ફાઈનલ નથી. કારણકે આ ગ્રંથ જોશો તો આ ગ્રંથમાં સ્વયં મેં પણ મારી પોતાની ઘણી બધી ભૂલો

(મીસ્ટેક) ગ્રંથ છાપ્યા પછી કાઢી છે. તો જયારે મને જ મારી ઘણીબધી ભૂલો મળે તો બીજાને પણ ભૂલો મળી શકે છે. પરંતુ ભૂલો મળી જાય તેનાથી ગભરાવાની જરૂર નથી. તમને મળી જાય, મને મળી જાય અને બીજા કોઈને પણ મળી જાય તેમાં કોઈ ગભરાવાની વાત નથી.

પરંતુ આ દિશામાં આપણે પ્રયાસ કરવો પડશે. આવશ્યકતા તે ચીજની છે. ભૂલો એક નહીં સો આમાં નીકળે. કદાચ મને પણ કોઈ બીજી મળી જાય તો આપણે તેને સુધારશું. તો આ જે કાંઈ છે તે ફાઈનલ નથી, પરંતુ એક સ્ટેપ છે, શ્રીમહાપ્રભુજીના ગ્રંથને સ્વયં શિક્ષકના રૂપમાં સમજવાનો. તો ન આ કોઈ આખરી પગથિયું (ફાઈનલ સ્ટેપ) છે અને ન એટલો કોઈ કમજોર પ્રયાસ છે, કે જેમાં બે-ચાર ભૂલો નીકળવાથી કોઈ ગભરાવાની જરૂરત હોય. બિલકુલ ના ગભરાવ. તમને ભૂલો મળે તો જરૂર ગોતીને લાવજો, ન મળે તો આપણે ગોતતા જ રહીશું. તો આની નીરંતર પ્રક્રિયામાં કોઈ બીજા-ત્રીજા સંસ્કરણમાં પાછા સુધારા-વધારા જરૂર કરીશું તો હવે આપણે મઙ્ગલાચરણથી શરૂ કરીએ.

॥ મઙ્ગલાચરણમ્ ॥

''ચિન્તા સન્તાન હન્તારો''થી લઈને ''ષડ્ભિર્ વિરાજતે યોઽસૌ પઞ્ચધા હૃદયે મમ''–સુધીના જે પાંચ શ્લોક છે, એમાં શું કહ્યું છે ? તે ધ્યાનથી જુઓ. મંગલાચરણમાં શું છે ? મંગલાચરણમાં પહેલો શ્લોક છે, તેમાં શ્રીમહાપ્રભુજીને વંદન છે. બીજો શ્લોક છે, તેમાં શ્રીગુસાંઈજીએ શ્રીગોપીનાથજીને વંદન કર્યું છે. પરંતુ શબ્દ એવા વાપર્યા છે કે એ શબ્દથી શ્રીગુસાંઈજીને પણ આપણે વંદન કરી શકીએ છીએ. એવા શબ્દ નથી કે ફકત શ્રીગોપીનાથજીમાં જ તે સીમિત થઈ જાય. શબ્દ એવા છે કે એ શબ્દથી આપણે શ્રીગુસાંઈજીને પણ વંદન કરી શકીએ છીએ. ઉચિત વાત એ છે કે એ બન્ને વાતને ધ્યાનમાં રાખીને આપણે શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી બન્નેને જ આમા વંદન માનીને ચાલીએ.

ત્રીજો શ્લોક છે તેમાં ગુરુને વંદન છે અને ચોથા અને પાંચમાં શ્લોકમાં ભગવત્ વંદના છે. કારણકે આપણો જે માર્ગ પુષ્ટિભક્તિમાર્ગ છે તે શ્રીમહાપ્રભુજીએ મુખ્ય તયા ભાગવતમાંથી જ ઉદ્ધૃત કર્યો છે. આપણે સર્વોત્તમ સ્તોત્રમાં જોયું હતું કે **''શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ''** તો શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણ હોવાના કારણે આપણો જે પુષ્ટિમાર્ગ છે તેનો જે મુખ્ય જે પ્રથમ માર છે, તે અભાગવત જે ઉપનિષદના, વેદના, બ્રહ્મસુત્રના, ગીતાના અર્થ હતા તેના પર છે. જે અભાગવત વ્યાખ્યાઓ હતી તે વ્યાખ્યાના મારના રૂપમાં આ ભાગવતના પ્રકાશમાં છે. કારણકે સર્વ સંદેહ વારક શાસ્ત્ર ભાગવત છે. તે ભાગવતના પ્રકાશમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભકિતમાર્ગ પ્રકટ કર્યો છે.

તો તે ભાગવતના દશમ સ્કંધમાં વર્ણિત પ્રભુના સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ આ બે શ્લોકમાં વંદના કરી છે અને ધ્યાનથી જુઓ તો શ્રીમહાપ્રભુજીએ ભાગવતના દશમ સ્કંધમાં આની વંદના કરી છે તો સુબોધિનીનો પણ એક નાનકડો ભાગ છે. શરૂઆતની આ વંદના નથી પરંતુ ખબર નથી કે કોણે મંઙ્ગલાચરણમાં આ શ્લોકનો સમાવેશ કર્યો છે. પરંતુ જોણે

પણ સમાવેશ કર્યો છે, એ આપણા પૂરા પુષ્ટિમાર્ગની વ્યવસ્થાને જોઈને ખૂબ જ મહત્વનું એક સંકલન છે. તેમાં કોઈ બે મત નથી થઇ શકતા. દેખીતી રીતે (એપેરેન્ટલી) ન તો આ શ્રીમહાપ્રભુજીનું છે ન તો આ શ્રીગુસાંઇજીનું છે. કોઈ ન કોઈ પરવર્તી બાલકનું છે. પરંતુ જેણે પણ આ સંકલન (કમ્પાઈલેશન) કર્યું છે. અનામ સંકલન કર્તાએ, તે સંકલન કર્તાનો પુષ્ટિમાર્ગ જયાં સુધી જીવશે ત્યાં સુધી આભારી તો રહેશે જ. એવું સુંદર આપણા પુષ્ટિમાર્ગનું મંગલાચરણ છે. આ એટલું સુંદર છે. તેથી આપણે દરેક વખતે આપણા બધા કાર્યક્રમમાં આ મંગલાચરણને કરાવવાનો આગ્રહ રાખુ છું.

ધ્યાનથી જોઈએ તો આમાં (**આચાર્ય-ગુરુ-ભગવદ્-વન્દનાનિ**)- એવું શિર્ષક મેં આપ્યું છે. આચાર્ય કહેવાથી શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી ત્રણેયને લઇ લીધા, ગુરુ ‘‘અજ્ઞાનતિમિરાન્ધસ્ય’’માં અને ‘‘નમામિ હ્રદયે શેષે’’થી લઇને ‘‘પઞ્ચધા હ્રદયે મમ’’ સુધી ભગવદ વંદના છે, તેનું સ્વરૂપ બતાવ્યું છે. એમ મૂળ ક્રમબધ્ધ રૂપે જોઈએ તો આમાં ત્રણ વંદન છે. શ્લોકના રૂપથી જોઈએ તો પાંચ શ્લોક છે પરંતુ વંદન આમાં ત્રણ છે. એક આચાર્ય (શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી) વંદન છે, એક ગુરુ વંદન અને એક ભગવદ વંદન છે.

‘‘ચિન્તા સન્તાન હન્તારો’’-શ્લોક શ્રીગુસાંઇજીએ બનાવેલ, ‘‘યદનુગ્રહતો જન્તુંઃ’’ એ શ્લોક પણ શ્રીગુસાંઇજીએ બનાવેલ, ‘‘અજ્ઞાન તિમિરાન્ધસ્ય’’ શ્લોક પૂરી ભારતીય સંસ્કૃતિમાં એકદમ પ્રસિધ્ધ (પોપ્યુલર) શ્લોક છે. તે પુષ્ટિમાર્ગીય શ્લોક નથી પરંતુ અહીંયા તેનો સમાવેશ કરેલ છે.

(આચાર્યચરણ[૧], શ્રીગોપીનાથ-શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણો[૨], સ્વમાર્ગીય જ્ઞાનોપદેશક ગુરુ[૩] અને ભાગવત દશમસ્કન્ધાર્થરૂપ ભગવાન[૪] ને વંદન)

ચિન્તા-સન્તાન-હન્તારો યત્-પાદામ્બુજ-રેણવઃ ।।
સ્વીયાનાંતાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ।। ૧ ।।

“ચિન્તા સન્તાન હન્તારો” જે પુષ્ટિભકિત ભાવમાં પુષ્ટિભકિતના ભાવને ખંડિત કરવાવાળી જે ચિન્તાઓ છે અને એ ચિન્તાઓમાંથી ઉત્પન્ન થતી જે ચિન્તાઓની સંતતિ એટલે કે પરંપરાઓ છે એને ખતમ કરવાવાળી આ શ્રીમહાપ્રભુજીના ચરણકમલની રેણુ છે. એવા “સ્વીયાનાં તાન્ નિજાચાર્યન્” છે. વાત ધ્યાનથી સમજો સ્વીયાન એટલે ?આચાર્ય ચરણ બધાના આચાર્યચરણ નથી, સ્વીયાનાં છે. સ્વીયાનાં અનેક પ્રકારના આચાર્ય હોઈ શકે છે. જેમ કે સ્વીયાનાં-આપણે વેદમાર્ગ ભણવા ગયા તો વેદમાર્ગના આચાર્ય હોઈ શકે, સ્વીયાનાં-આપણે કોઈ કર્મ કરવા ગયા તો કર્મ આચાર્ય હોઈ શકે, સ્વીયાનાં આપણે કોઈપણની પાસે કંઈપણ ભણવા ગયા તો તે આપણા આચાર્ય હોઈ શકે. જેમ કે ગાયત્રી દીક્ષા લીધી તો તે આપણા આચાર્ય હોઈ શકે, પરંતુ આપણા નિજાચાર્ય નથી હોતા. પરંતુ આચાર્યચરણ સ્વીયાનાં છે અને નિજાચાર્ય છે. એટલે કે આ બાજુથી બીજી બાજુથી બન્ને બાજુથી પુષ્ટિમાર્ગીયના માટે પુષ્ટિમાર્ગીય આચાર્ય છે. એવા આચાર્યચરણને પ્રથમ શ્લોકમાં વંદન કરેલ છે.

યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્-વલ્લભ-નન્દનમ્ ।। ૨ ।।

જેવી રીતે મેં તમને બતાવ્યુ કે શ્રીગુસાંઈજીએ આ શ્લોક પોતાના મોટા ભાઈ શ્રીગોપીનાથજી માટે લખ્યો છે. તો જેના અનુગ્રહથી “સર્વ દુખાતિગો ભવેત્”-આમાં બધાથી ધ્યાન રાખવાની વાત એ છે કે આપણે પુષ્ટિમાર્ગીઓએ શ્રીગોપીનાથજીની બાબતમાં ઘણી બધી ઉટપટાંગ કલ્પનાઓ કરી કે શ્રીગોપીનાથજી મર્યાદામાર્ગીય હતા વગેરે વગેરે... તો તે આપણી કલ્પનાઓ કમ સે કમ શ્રીગુસાંઈજીને માન્ય નથી, તેનો આ પ્રમાણભૂત શ્લોક છે.

શ્રીગુસાંઈજી સ્પષ્ટ વાતની આજ્ઞા કરે છે કે “યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્” જેનાં અનુગ્રહથી કોઈપણ જન્તુ (જીવ) બધા દુઃખોનો અતિગામી થઈ શકે, બધા દુઃખોને પાર (ક્રોસ) કરીને પ્રભુને પ્રાપ્ત કરી શકે છે. “તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભ નન્દનમ્” આ વાત શ્રીગુસાંઈજી શ્રીગોપીનાથજીના માટે કરે છે. તો જે સમજ આપણી છે, શ્રીગોપીનાથજીની

બાબતમાં તેવી સમજ કમ સે કમ શ્રીગુસાંઈજીની નથી. તેના પ્રમાણ રૂપ આ શ્લોક છે. હવે એક વાત બીજી સમજો કે આ શ્લોકમાં શબ્દ એવા નથી કે ચોકકસ (પેસીફીક) આમાં શ્રીગોપીનાથજી જ અર્થ નિકળે, પરંતુ શ્રીગુસાંઈજી પણ અર્થ નીકળી જ રહ્યો છે. એટલે આપણી પરંપરામાં પ્રાયઃ એ ભ્રાન્ત (ખોટી) ધારણા રહી છે કે આ શ્લોકમાં શ્રીગુસાંઈજીને વંદન કરેલ છે.

પરંતુ વાત સાવધાનીથી સમજો કે શ્રીગુસાંઈજી પોતાને તો વંદન ન જ કરે ને! શ્રીગુસાંઈજીએ પોતાના મોટા ભાઈને વંદન કર્યું છે અને શ્લોકના શબ્દ એવા છે કે તેનાથી ઈચ્છીએ તો શ્રીગુસાંઈજીને પણ વંદન કરી શકીએ. વ્યર્થમાં બન્ને ભાઈઓ વચ્ચે નારદવિદ્યા કરીને ઝઘડો કરાવવો ! એટલે એક શબ્દથી વલ્લભ નન્દન્ શબ્દથી બન્ને ભાઈઓને આનંદથી આપણે વંદન કરી શકીએ છીએ. તે એક પદ્ધતિસર (પોલીસી વાઈઝ) આ વાતને સમજો.

અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાઞ્જન-શલાકયા ।।
ચક્ષુર્ ઉન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।૩।।

અજ્ઞાન રૂપી જે અંધકાર છે તેનાથી આંધળા થયેલા જે આપણે છીએ, તેને જ્ઞાનાજનની શલાકાથી જે આંખો ખોલે છે એવા શ્રીગુરુને નમસ્કાર.

નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।।
લક્ષ્મી-સહસ્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।૪।।
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।।
ષડ્ભિર્ વિરાજતે યોડસૌ પઞ્ચધા હૃદયે મમ ।।૫।।

ચોથા શ્લોકનો સુબોધિની અને ટીપ્પણી અનુસાર ખૂબ જ વિસ્તૃત અર્થ છે. પરંતુ તેના વિસ્તારમાં આપણે જવું અપેક્ષિત નથી. પરંતુ સંક્ષેપમાં શેષાત્મક હૃદયમાં લીલા ક્ષીરાબ્ધિમાં શયન કરતા સહસ્ત્ર લક્ષ્મીઓની સાથે જે સેવ્યમાન કલાનિધિ પ્રભુ છે અને દશમ સ્કંધના ચાર અધ્યાય જન્મ પ્રકરણના અને ચાર ઉપપ્રકરણ તામસ પ્રકરણના (એટલેકે પ્રમાણ, પ્રમેય, સાધન, ફલ) એવી જ રીતે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ ચાર પ્રકરણ રાજસ પ્રકરણના

અને પ્રમાણ રહીત પ્રમેય, સાધન અને ફલ એ ત્રણ પ્રકરણ સાત્વિક પ્રકરણના અને છેલ્લે ગુણ પ્રકરણના છ અધ્યાય. આમા કંઈક હિસાબ કરીને જુઓ તો ખબર પડશે મારું ગણીત (મેથેમેટીકસ) થોડુ નબળું છે.

પરંતુ ૪+૨૮+૨૮+૨૧+૬=૮૭ આ બધા અધ્યાયમાં જે કૃષ્ણનું વર્ણન થયું છે તે કૃષ્ણ “પઞ્ચધા હૃદયે મમ” તે મારા (શ્રીમહાપ્રભુજીના) હૃદયમાં બિરાજમાન છે. ભાગવતના દશમ સ્કંધના મંગલાચરણના રૂપમાં તો આ મુખ્ય છે. કારણકે પ્રભુનું હૃદયમાં બિરાજમાન હોવું જ બધાથી વધારે મોટું મંગલ છે. તો નમામિ રૂપથી તો નમનાત્મક મંગલ તો પ્રથમ શ્લોકમાં કર્યું જ છે અને બીજા શ્લોકમાં બધી વાતનું સંકલન કરીને શ્રીમહાપ્રભુજીએ હૃદયમાં પ્રભુની બીરાજમાનતાને મંગલ રૂપ માનીને મંગલાચરણ કર્યું છે.

ત્યારબાદ જે બે શ્લોક આવી રહ્યા છે છ અને સાત તે શ્લોક પણ મને ખબર નથી, કોઈ કહે કે હરિરાયજીના છે અને કોઈ કહે બીજાના છે. મને ઈદમ્ ઈથમ્ તયા ચોકકસ ખબર નથી કે કોના બનાવેલા શ્લોક છે.પરંતુ ખૂબ સુંદર શ્લોક છે.

(શ્રીમહાપ્રભુ[૧-૮] શ્રીપ્રભુચરણ[૯-૧૦] પ્રાદુર્ભાવિતસ્વરૂપાદીનાં ધ્યાનમ્)- આ શ્લોકના શિર્ષકમાં તમે જોશો તો શ્રીમહાપ્રભુજી તથા શ્રીપ્રભુચરણ દ્વારા જે પ્રાદુર્ભાવિત સ્વરૂપ છે, એટલે કે પુષ્ટ કરેલ સ્વરૂપ છે. તેનું તથા અન્ય કોનું-કોનું ધ્યાન છે ? તે આપાણે જોતા જાશું. આમાં ધ્યાનથી જુઓ તો ૧ થી ૮ છે, તે શ્રીમહાપ્રભુજીના પ્રાદુર્ભાવિત સ્વરૂપ છે. અને ૯ થી ૧૦ શ્રીગુસાંઈજીના પ્રાદુર્ભાવિત સ્વરૂપ છે. નંબર તમે જોશો તો આમાં ખબર પડશે કે કોનાથી ક્યા સ્વરૂપ પ્રાદુર્ભાવિત થયા છે.

શ્રીગોવર્ધન-નાથ[૧]-પાદ-યુગલં હૈયઙ્ગવીન-પ્રિયમ્[૨]
નિત્યં શ્રીમથુરાધિપં[૩] સુખકરં શ્રીવિટ્ઠલેશં[૪] મુદા ॥
શ્રીમદ્દ્વારવતીશ[૫] ગોકુલપતિ[૬] શ્રીગોકુલેન્દું[૭] વિભુમ્
શ્રીમન્મન્મથમોહનં[૮] નટવરં[૯] શ્રીબાલકૃષ્ણં[૧૦] ભજેત્ ॥૬॥

તો બધાથી પહેલા શ્રીનાથજી ગોવર્ધનનાથ પાદ યુગલં, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીમદ્ દ્વારકાનાથજી, ગોકુલપતિ એટલે કે શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલેન્દુ – શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમન્મન્મથમોહનં – આ ૧ થી ૮ સુધીના શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ અને ૯ થી ૧૦ શ્રીનટવરં, શ્રીબાલકૃષ્ણ આ શ્રીગુસાંઈજીએ પુષ્ટ કરેલ છે.

ત્યારબાદ એ શ્રીઠાકોરજીને નમસ્કાર કરીને, કારણકે પ્રાચીન વચનામૃતમાં એ વાત આવે છે કે આ બધા શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજીને ત્યાં કોઈ એક સમયે, એક સિંઘાસનમાં, એક સાથે પધરાવીને આ બધાની સેવા કરી હતી. તો આ બધા એક સિંઘાસનમાં બિરાજ્યા એ આપણા માટે બધાથી મોટો મહોત્સવ (ઓકેઝન) છે. આમાં શ્રીઠાકરોજીનું નાના–મોટા હોવાનું કોઈ કારણ નથી. પરંતુ આટલા બધા એક સિંઘાસન ઉપર શ્રીગુસાંઈજીના ઘરમાં બિરાજ્યા, તેને આપણે ઉજવીએ (સેલીબ્રેટ) છીએ.

જેમ કે સુરેશબાવાને ત્યાં મેં એક મજેદાર વાતનું દર્શન કર્યું કે કોઈ એક સમયે શ્રીગોકુલનાથજીની સાથે શ્રીવિઠ્ઠલનાથજી અથવા કોઈ શ્રીમદનમોહન ઠાકોરજી બિરાજતા હતા. તો આજ પણ ઉજવાણીના નાતે ત્યાં જ્યારે રાજભોગ આવે, તો એક થાળ અલગથી સાજે, એક ગાદી અલગ આવે. જેમ કે ત્યાં ખાલી ગાદી બિરાજે. પરંતુ સેલિબ્રેટ કરે કે અમારા શ્રીઠાકોરજીની સાથે આ શ્રીઠાકોરજી બિરાજે છે. કોઈને એવી ઉજવાણી કરવાની ઈચ્છા હોય. તેવી રીતે આપણને એ ઈચ્છા હોય કે, આટલા શ્રીઠાકોરજી એક સાથે શ્રીગુસાંઈજીની ઘરે બિરાજ્યા, તો આપણે આ ઉત્સવ ઉજવવાના હેતુથી આવી રીતે આને ઉજવ્યો છે. મોટાઓએ ખૂબ સુંદર ઉજવાણી કરી છે.

જેમ કે, તિલકાયતના ઘરમાં પણ શ્રીનવનીતપ્રિયાજી જ્યારે રાજભોગ આરોગે ત્યારે શ્રીનાથજીની એક અલગથી ગાદી બીંછાવવામાં આવે, એક અલગથી થાળ પણ આવે, એક અલગથી તેનો બધો ક્રમ થાય છે. આ હેતુ છે ઉત્સવ ઉજવવાનો. ત્યાં તો બાજુમાં જ બિરાજે છે. એક ગલીનો જ ફરક (ડીફરન્સ) છે. તો પણ અલગથી થાળ, અલગથી ગાદી, બધું અલગથી આવે.

મૂળમાં આનાથી વધારે કોઈ વાત આમાં નથી. આમાં આપણે એવું વિચારીએ કે શ્રીનાથજી મોટા–શ્રીનવનીતપ્રિયાજી નાના, શ્રીનવનીતપ્રિયાજી મોટા શ્રીનાથજી નાના, આ બધી વાત વાહિયાત છે. શ્રીઠાકોરજીમાં નાના–મોટાં કોઈ હોતા નથી. બધા શ્રીઠાકોરજી સમાન છે.

શ્રીમદ્–વલ્લભ–વિટ્ઠલૌ ગિરિધરં ગોવિન્દરાયાભિધમ્
શ્રીમદ્–બાલકૃષ્ણ–ગોકુલપતી નાથં રઘૂણાંસ્તથા ।।
એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્–વંશજાન્
કાલિન્દિં સ્વગુરું ગિરિં ગુરુવિભું સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્ ।। ૭ ।।

ત્યારબાદ શ્રીમહાપ્રભુજી, શ્રીવિટ્ઠલનાથજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી અને શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી, તદ્ વંશજાન, કાલિન્દિમ્–શ્રીયમુનાજી, સ્વગુરુમ્ – જે આપણા દીક્ષાદાતા ગુરુ છે તે, ગિરિ એટલે કે શ્રીગિરિરાજજી, ગુરુવિભું એટલે ગુરુના માથે બિરાજતા શ્રીઠાકોરજી અને અંતમાં, સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્. જેના માથે શ્રીઠાકોરજી નથી બિરાજતા તે તો બધા પુષ્ટિમાર્ગમાં દુષ્ટ વિધવાઓ છે. જેને શ્રીઠાકોરજી બીરાજે છે, તે બધા સધવાઓએ આ વાત સમજવાની છે. કે અંતમાં ''સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્''–જે તમારે માથે બિરાજતા શ્રીઠાકોરજી છે. તેનું સ્મરણ આવશ્યક છે. બધાનું સ્મરણ કર્યું તે ઠીક,પરંતુ પોતાના શ્રીઠાકોરજી જ ભૂલી ગયા તો, ચોપટ બંટાધાર થઈ ગયું. ''સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્'' કેટલી સુંદર મીઠી વાત છે.

આપણે એવું નથી સમજવાનું કે આથી સ્વીયપ્રભુ બધાથી નાના, અને એવું પણ સમજવાનું નથી કે સ્વીયપ્રભુ બધાની છેલ્લે આવ્યા એટલે શ્રીનાથજી નાના. આવી રીતે નાના–મોટા શ્રીઠાકોરજીનો પ્રકાર કરવો એ અપુષ્ટિમાર્ગીય અને ઘોર સત્યાનાશી પ્રકાર છે. સમજવાની વાત એટલી જ છે કે એ બધા સ્વરૂપોના કારણે પોતાના માથે બીરાજતાં શ્રીઠાકોરજીને ભૂલી ન જાવ. આપણા માથે બીરાજતા સ્વરૂપના કારણે આ બધા સ્વરૂપોને ન ભૂલો, જે પરંપરાથી

આપણા પુષ્ટિમાર્ગમાં જેવી રીતે સેવ્ય થયા છે. તે સંતુલિત દૃષ્ટિકોણની જ આમાં વાત બતાવવામાં આવી રહી છે.

ત્યારબાદ એક શ્લોક ભાગવતનો આવી રહ્યો છે. જે મંગલાચરણમાં સંકલિત કરેલ છે. અને આ ભાગવતનો એ શ્લોક છે કે જે શ્લોકને આપણે આ રીતે કહી શકીએ કે આપણી સેવા અને આપણી કથા, એટલે કે જે સ્વરૂપની આપણે સેવા કરી રહ્યા છીએ અને જે સ્વરૂપની આપણે કથા કરી રહ્યા છીએ, તેની સેવનીયતા અને કથનીયતા અથવા સ્મરણીયતા કેવી છે ? ‘‘સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ’’-જે આગળ જઈને ચતુઃશ્લોકીમાં શ્રીઆચાર્યચરણ કહેશે.

તો તે સેવનીય અને સ્મરણીય-ભજનીય, ભજનીય અને સ્મરણીય રૂપની સ્મરણીયતા અને ભજનીયતાને આધાર પ્રદાન કરવાવાળું પ્રભુનું કેવું સ્વરૂપ છે ? તે સ્વરૂપને આપણે અહીંયા પ્રમેય રૂપ માનેલ છે. તે પ્રથમ પ્રમેય છે. તે સમજીએ તો તેની સ્મરણીયતા અને ભજનીયતા નભશે અને પ્રભુના તે સ્વરૂપને નહીં સમજીએ તો તેની સ્મરણીયતા અને ભજનીયતા નભી શકશે નહીં. તે સ્મરણીયતા અને ભજનીયતા આપણા પુષ્ટિમાર્ગીયનું પરમ કર્તવ્ય છે. ‘‘સ્મરણં ભજનં ચાપિ’’ અત્યાજ્ય કર્તવ્ય છે. શ્રીમહાપ્રભુજીના મતે ! ભગવત્ સ્મરણ, ભગવત્ ભજન છે, તે અત્યાજ્ય કર્તવ્યને આધાર પ્રદાન કરવાવાળું જે પ્રભુનું પ્રમેયરૂપ છે, તેનું અહીંયા વર્ણન કરવામાં આવ્યું છે.

(**પ્રમેયરૂપભગવદ્ધ્યાનમ્**)- પ્રમેયરૂપ ભગવાનનું ધ્યાન.

બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં
બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલાં ॥
રન્ધ્રાન્ વેણોર્ અધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ
વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥ ૮ ॥

બર્હાપીડં એટલે કે આપણાં જન્માષ્ટમી જેવા મોટા-મોટા ઉત્સવના દિવસે શ્રીઠાકોરજી જે જોડ ધરે છે, ચાર-પાંચ મોરપીંછ લગાવીને જે જોડ

બનાવવામાં આવે છે, તેને બર્હાપીડં કહેવામાં આવે છે. તો બર્હાપીડં નટવરવપુ –પ્રભુનું સ્વરૂપ કેવું છે ? કે જ્યારે આપણાથી સન્મુખ સેવા લઇ રહ્યા છે. અહીંયા એક વાત ધ્યાનથી સમજો કે અહીંયા સેવાનો સંદર્ભ નથી. આ શ્લોકમાં લીલાનો સંદર્ભ છે. એટલે આપણી સામે પ્રકટ થઇને જ્યારે લીલા કરી રહ્યા છે તે અથવા આપણી સામે પ્રકટ થઇને જ્યારે લીલા નથી કરી રહ્યા, પરંતુ આપણે પ્રભુનો વિપ્રયોગ કરી રહ્યા છીએ તે સ્વરૂપ.

તો જે પ્રકટ થઇને લીલા કરી રહ્યા છે, તે સ્વરૂપ વરવપુ અને જે પ્રકટ થઇને લીલા નથી કરી રહ્યા, પરંતુ આપણે પ્રભુનું સ્મરણ કરી રહ્યા છીએ, તે નટવપુ. એવા પ્રભુના બે રૂપ છે. પરંતુ નટ કોઇ બીજુ અને વર કોઇ બીજુ સ્વરૂપ છે એવું નથી. એટલે કે સ્મરણીય કોઇ એક છે અને ભજનીય કોઇ બીજુ સ્વરૂપ છે એવું નથી. આજ તો બાલકો પણ કૌભાંડ ફેલાવી રહ્યા છે. આ વાતને ધ્યાનથી સમજો. કોઇ બાલક કહે છે કે ભજનીય એક સ્વરૂપ છે. અમુક સ્વરૂપ માત્ર સ્મરણીય છે. તો નટ એક છે અને વર બીજું સ્વરૂપ છે. તો પ્રમેય તમારો ખંડિત થઇ ગયો.

પરંતુ આ શ્લોકમાં ધ્યાન આપશો તો સારી વાત સમજમાં આવી જશે. કે નટ અને વર એવા બે દ્વિધા રૂપ છે. પરંતુ બે અલગ સ્વરૂપ નથી. એક જ સ્વરૂપનાં બે રૂપ છે. બે રૂપવાળા બે સ્વરૂપ પૃથક નથી કે કોઇ એક સેવનીય સ્વરૂપ છે અને કોઇ એક બીજુ સ્મરણીય સ્વરૂપ છે અને જે સ્મરણીય સ્વરૂપ છે તેની સેવા નથી કરવાની અને જે સેવનીય સ્વરૂપ છે તેનું સ્મરણ નથી કરવાનું. આ રીતનું નટવરવપુમાં આવુ વિખંડન કરવું એ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત ન હતો.

આ માટે આ શ્લોકને અહીંયાં સંકલિત કર્યો છે. કેમ કે જો સેવા–કથા સમજાઇ જાશે તો જે ષોડશગ્રંથમાં તે સેવા–કથાનાં આધારભૂત જે પ્રમેયરૂપ ભગવાન છે, તે અહીંયા વર્ણન કરેલ છે. કોણે સંકલિત કર્યો ? એ પ્રશ્ન નથી કારણકે એ વાત સાફ છે કે આ મંગલાચરણ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી કે સાત બાલકોમાંથી કોઇએ સંકલિત કરેલ નથી. એ વાત આપણે મંગલાચરણની

શબ્દાવલીથી સ્પષ્ટ સમજી શકીએ છીએ. પરંતુ જેણે પણ કર્યુ છે, તેના માટે સન્માન (હેડસ ઓફ) છે.

પુષ્ટિમાર્ગ ક્યારેય તેનું ઋણ ચુકવી નહીં શકે, એટલાં સુંદર બધા શ્લોક છે. મંગલાચરણમાં ભૂલ્યા વગર આ શ્લોકને સંકલિત કરવો. ભાગવતના અઢાર હજાર શ્લોકમાંથી એક શ્લોક એવો કાઢવો, કે જે આપણી પૂરી સેવા કથાની પ્રણાલીકાનો આધારસ્તંભ (ફાઉન્ડેશન) બની જાય. તો તે શ્લોક આ શ્લોક છે.

''બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં''- એટલે કે કાનમાં શ્રીઠાકોરજીએ કનેરના ફૂલ ધારણ કરેલ છે. હીરા, મોતી, પન્ના, માણેકના કોઈ કુંડલ નથી. અત્યારે તો તે ફૂલ વ્રજમાં મળે કે નથી મળતાં મને ખબર નથી, પરંતુ જે જમાનાની આ વાત છે. તે જમાનામાં વ્રજમાં કનેરના ફૂલ ખૂબ જ મળતા હતા. બધાથી સસ્તા ફૂલ. તો એક વાત ધ્યાનથી સમજો કે આ શ્રીઠાકોરજીની મસ્તીનું વર્ણન છે કે બધાથી સસ્તા ફૂલ કાનમાં ધારણ કર્યા છે. ગોચારણ કરતાં પધારી રહ્યા છે. ''બિભ્રદ વાસઃ કનકકપિશં''-પીતાંબર ધારણ કરેલ છે. ''વૈજયન્તીં ચ માલાં''-વૈજયન્તી માલા-કોઈ મોટા રત્નની માલા નથી. જેટલા વન્ય પ્રસુન-જંગલના ફૂલ છે. આ બધા ફૂલોની બનાવેલી એક જબરદસ્ત માલા છે.

જેમ કે આપણે જે પ્રયાસથી પુષ્ટિમાર્ગમાં માલા તૈયાર કરીએ તે તો ખૂબ જ શુધ્ધ (રીફાઈન્ડ) માલાનો પ્રકાર છે. આ એવો પ્રકાર નથી, કે જે હાથમાં આવ્યું તે પરોવ્યું. જેવા ફૂલ-જેવા પાંદડા આ બધાની પરોવેલી ખૂબ જ મોટી માલા ધારણ કરીને, આ બધામાં શ્રીઠાકોરજીની મસ્તીનું વર્ણન છે કે આપણો નટવરવપુ કેવો મસ્તરામ છે, એ વાત ધ્યાનથી સમજો કે તે ''રન્ધ્રાન વેણોર્ અધરસુધયા પૂરયન્'' વેણુનાં જે રન્ધ્ર (છિદ્રો) છે. તેને પોતાની અધરસુધાથી પૂરીત કરતાં-કરતાં ''ગોપવૃન્દૈઃ'' ગોપવૃન્દની સાથે ''વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ'' ગોપ બાલકો સાથમાં તેમની કીર્તિ ગાઈ રહ્યા છે.

શ્રીમહાપ્રભજી આમાં ખૂબ જ મજેદાર વાત સમજાવે છે કે દોસ્ત (મિત્રો) શું કામ કરે ? તો જયારે ક્યાંયથી પણ ઘરે પાછા ફરે તો પોત-પોતાની

વાતની ગોષ્ઠી કરતાં કરતાં આવે, કે અહીંયા આમ થયું અને આના પછી આમ થયું, તે ગીતકીર્તિ બીજી કોઇ ખૂબ મોટી ગંભીર કીર્તિનું ગાન થઇ રહ્યું નથી. જંગલમાં આમ કર્યું, આ ઝાડ ઉપર ચઢી ગયા, તે પથ્થર ઉપરથી કૂદી ગયા, અહીંયાથી કૂદી ગયા, આ બધી ગીતકીર્તિ છે. બીજી કોઇ ભયંકર જોરદાર ગીતકીર્તિ નહીં. એવા ગોપબાલકો સાથે ચાલતાં-ચાલતાં જેમની કીર્તિ ગાઇ રહ્યા છે. એવા ગોપવૃન્દની સાથે ધીરે-ધીરે શ્રીઠાકોરજી ''સ્વપદરમણં પ્રાવિશદ્'' પોતાનાં ચરણથી વૃંદાને રમણશીલ બનાવવાવાળા જે ચરણ છે, વૃન્દાભૂમિને રમણશીલ બનાવવાવાળા પ્રભુ ત્યાં પ્રવિષ્ટ થયા.

મૂળમાં સમજો કે પ્રભુના ચરણ છે તે ભકિતરૂપ માનેલ છે. તો પ્રભુ પોતાના ભકિતરૂપી ચરણથી કયાંક રમણકરે, તેનાથી વધારે પુષ્ટિમાર્ગમાં પ્રમેયની શું અપેક્ષા હોય ? આપણે જે સેવા કે કથાનો પ્રકાર શરૂ કરવા જઇ રહ્યા છીએ, એ શ્રીમહાપ્રભુજી આપણને ષોડશગ્રંથમાં સમજાવવા જઇ રહ્યા છે. તેનો મુખ્ય મુદ્દો આ જ છે કે કોઇપણ રીતથી ભગવાન પોતાના ભકિતરૂપી ચરણથી ચાલીને આપણાં હૃદયમાં પધારીને આપણાં હૃદયને રમણશીલ બનાવે. હું સર્વોત્તમના પૂરા વિસ્તારને ફરીથી પ્રસ્તુત (રીપીટ) કરતો નથી. પરંતુ આવી રીતે આપણા હૃદયને રમણશીલ બનાવે. યાદ રહે (માઇન્ડ ઇટ) સર્વોત્તમની યાદ અપાવી રહ્યો છુ, કે કામશીલ નહીં. જેને યાદ હશે તેને બરાબર યાદ હશે કે આપણા હૃદયને પોતાના ભકિતરૂપી ચરણથી રમણશીલ બનાવે છે. કામશીલ નહીં. ''વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ'' આ વાત અહીંયા પ્રમેયરૂપ ભગવાનની કરી.

ત્યાર પછી જે શ્લોક છે તે શ્રીગોપીનાથજીનો પ્રકટ કરેલ શ્લોક છે અને ખૂબ જ સુંદર (એકસલેન્ટ) છે. આપણે કહી શકીએ કે પુષ્ટિમાર્ગમાં બધાથી વધારે કોઇ શ્લોકનું ખોટું અર્થઘટન (મીસ ઇન્ટરપ્રીટેશન) હોય તો તે આ શ્લોક છે કે જેણે પુષ્ટિમાર્ગનો સત્યાનાશ કર્યો છે અને બધાથી ઉત્કૃષ્ટ શ્લોક કોઇ હોય તો આ શ્લોકથી ઉત્કૃષ્ટ શ્લોક કોઇ હોય શકે નહીં. શ્રીમહાપ્રભુજીની પ્રસંશા (એપ્રીસેશ્યન), શ્રીમહાપ્રભુજીનું ગુણગાન આનાથી વધારે કયારેય હોય શકે

નહીં અને શ્રીમહાપ્રભુજીની સાથે ખીલવાડ જેટલો આ શ્લોકના કારણે થયો, તેટલો ક્રુર ખીલવાડ બીજા શ્લોકના કારણે થઈ શકે નહીં. એવો વિચિત્ર આ આપણો શ્લોક છે.

(શ્રીમદાચાર્યચરણસ્વરૂપધ્યાનમ્)-શ્રીઆચાર્યચરણના સ્વરૂપનું ધ્યાન

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રી-ગૂઢ-ભાવાત્મકં
પુંરૂપં ચ પુનસ્ તદન્તર્ગતં પ્રાવીવિશદ્ સ્વપ્રિયે ॥
સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણો હિ તત્ સાક્ષિકં
રૂપં તત્-ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥ ૯ ॥

પ્રભુના હૃદયમા જે સૌંદર્ય છે, ''નિજહૃદગતં સૌંદર્ય'' એટલે પ્રભુના હૃદયમાં રહેલું સૌંદર્ય. તે કેવું સૌંદર્ય ? સ્ત્રીગૂઢ ભાવાત્મક સૌંદર્ય. એટલે એક વાત ધ્યાનથી સમજો કે પ્રભુનું જે પ્રકટ સૌંદર્ય છે તે તો પ્રભુ સુંદર છે, તેથી પ્રકટ પ્રભુનું કંઈક સૌંદર્ય છે જ. પરંતુ તે સૌંદર્ય નહીં, પરંતુ પ્રભુના હૃદયમાં રહેલું જે સ્ત્રીગૂઢ ભાવાત્મક સૌંદર્ય છે તે સૌંદર્ય અને તે જે (સ્ત્રીગૂઢ ભાવાત્મક) સૌંદર્ય હતું, તે સૌંદર્ય સ્વામીનીજીમાં પ્રતિફલીત થયું અને ''પુંરૂપં ચ પુનસ્ તદન્તર્ગતં'' સ્વામીનીજીમાં રહેલું ગૂઢ પુંભાવાત્મક સૌંદર્ય છે, તે પ્રભુમાં પ્રતિફલીત થયું, ''તદન્તર્ગતં પ્રાવીવિશદ્ સ્વપ્રિયે'' તે બંનેમાં રહેલ એટલે કે સ્વામીનીજીમાં રહેલું ગૂઢપુંભાવાત્મક સૌંદર્ય અને શ્રીઠાકોરજીમાં રહેલું ગૂઢસ્ત્રીભાવાત્મક સૌંદર્ય, એ બન્ને ગૂઢભાવાત્મક સૌંદર્ય પોતાના ''સ્વપ્રિયે'' જે શ્રીમહાપ્રભુજી છે તેનામાં સ્થાપિત કર્યુ અને તેમનામાં સ્થાપિત થવાના કારણે ''સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણો'' આને કારણે જયારે તે ગૂઢભાવાત્મક સૌંદર્ય પાછુ એકબીજામાં સંશ્લિષ્ટ થયું, તો ફરીથી એક આખો પૂરેપૂરો કૃષ્ણ બની ગયો.

હવે એક વાત ધ્યાનથી સમજો કે શું કહેવા માંગે છે ? **''સ આત્માનામ્ દ્વેધા પાતયેત્ પતિશ્ચ પત્ની શ્ચ અભવતામ્''**-આમાં પોતાએ પોતાને બે

રૂપમાં વિભાજીત કર્યા. પતિરૂપથી અને પત્નીરૂપમાં, જગતરૂપથી-જગદીશરૂપથી, ગુરુરૂપથી-શિષ્યરૂપથી, બ્રહ્મરૂપથી-સૃષ્ટિરૂપથી, સાધનરૂપથી-ફલરૂપથી. તેણે પોતાએ પોતાને બે રૂપમાં વિભાજીત કર્યો. બે રૂપમાં વિભાજીત કર્યા પછી વિશિષ્ટ રીતે (ટેકનીકલી) અથવા તાર્કિક રીતે (લોજીકલી) બન્ને અડધા-અડધા થઈ ગયા.

જયારે કોઈ વસ્તુ બે રૂપમાં વિભાજીત થાય તો બન્ને અડધી-અડધી થઈ જાય. પરંતુ તે બન્ને ફરી પાછી સંશ્લિષ્ટ થાય, એકબીજાથી જે વખતે પૂરક (કોમ્પલીમેંટરી) થઈ જાય. એકબીજાના પૂરક થઈ જાય તો એક પ્રક્રિયાનું મૂળ ફરીથી આપણાં હાથમાં આવી જાય. એટલે કે સંપૂર્ણ તત્વ (ઓબ્જેક પાર્સ્યલ) થઈ ગયું. એ બન્ને વિભાજન (ઓબ્જેકશન)થી ફરી પાછી એ પ્રક્રિયા (સીસ્ટમ) ખડી થઈ ગઈ છે, જે પાછી એક પૂરી બની ગઈ છે.

તો તે જે પ્રક્રિયા (સીસ્ટમ) છે તે પ્રક્રિયાને ‘‘સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણ’’ કહેવામાં આવી રહ્યો છે. તેના કારણે એક પૂરી રસમય પ્રક્રિયા ફરીથી ખડી થઈ રહી છે. જે ફરીથી પૂર્ણ છે. તેની પહેલાં શું હતું ? તે વાત ધ્યાનથી સમજો. આને સમજવું હોય તો ગયા વખતનું મારું સર્વોત્તમસ્તોત્ર યાદ હોય તો બધાને સમજમાં આવશે,કે જેમ એક વૃક્ષની આપણે ડાળી કાપી તો ડાળી કાપતાંની સાથે જ તે વૃક્ષમાં કપાયેલું દેખાશે કે અહીંયાથી ડાળી કાપી, કલમ કાપી. તે કલમને આપણે કયાંક રોપી, તો રોપવાના કારણે તે જે વખતે ઉગી, ત્યારે તે પણ એક વૃક્ષ બની ગઈ. તો તે જે બન્ને મળીને ફરીથી એક પ્રક્રિયા બની. તેનાથી શું થયું ? ફરીથી એક પૂર્ણતા પ્રાપ્ત થઈ રહી છે કે જે વિભાજીત થયું. ખ્યાલમાં આવ્યું ને ?

જેમ કે જગત પોતે પોતાનામાં અધૂરું છે, જો જગદીશ ન મળ્યો તો અને જગદીશ પણ પોતે પોતાનામાં અધૂરો છે. જો જગત મળ્યું નહીં તો. કારણકે જગદીશને જગત ન મળ્યું તો ઈશ કોનો ? આપણે કહીએ કે હું કાકા છુ. પરંતુ યાર ભત્રીજાને તો બતાવ ! તો કાકા પણ અધૂરો છે. ભત્રીજો પણ અધૂરો છે, જો કાકા ન હોય તો. તો કાકા-ભત્રીજા બન્ને મળી ગયા, તો એક

પ્રક્રિયા પાછી ફરીથી આપણી સામે આવી ગઈ. આવી રીતે પ્રભુએ જે પોતે પોતાને બે રૂપમાં વિભકત કર્યો, ભોકતારૂપમાં અને ભોગ્યરૂપમાં તો, તે ઉપનિષદ્ એક વાત ધ્યાનથી સમજાવે છે કે, -

પૂર્ણમદઃ પૂર્ણ મિદં પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદચ્યતે ॥
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

તે અપૂર્ણ નથી પરંતુ યોગ્યતા (ફેઈસ વેલ્યુ) પર બન્નેમાં કોઈ પ્રકારની અપૂર્ણતા આવી રહી છે. તે યોગ્યતા પર આવેલ કોઈ અપૂર્ણતા છે. તેને એક પ્રક્રિયા પાછી પૂર્ણ કરે છે. કે જો આ બન્ને એકબીજાની પૂરક થઈ જાય તો ક્રમબધ્ધ તે પાછી પૂર્ણ થઈ ગઈ. ખ્યાલમાં આવ્યું ને ? એવી રીતે જે પુંભાવ અને સ્ત્રીભાવમાં પ્રભુએ પોતાનાં આનંદને વિભકત કર્યો. તે વિભકત થવાના કારણે જો કે સ્વરૂપતઃ પરીપૂર્ણ જ છે. પરંતુ લીલામાં બન્ને રૂપમાં અપૂર્ણતા પ્રકટ થઈ. તે લીલાગત જે અપૂર્ણતા પ્રકટ થઈ છે તે લીલાત્મિકા અપૂર્ણતાને પૂર્ણ કરવી હોય તો એ બન્નેને ફરીથી એકબીજાથી જોડાવું પડશે.

એકદમ સરળતાથી આને સમજવું હોય તો, જેમકે કોઈ એક પારો આપણે થોડોક લીધો. તેની વચમાં આપણે કયાંક આંગળી મારી દીધી. પારાના બે ટુંકડા થઈ ગયા. તે બન્ને ટુંકડા મૂળ પારો હતો, તેનો અડધો-અડધો ભાગ થઈ જાશે. હવે તેની કોઈ પ્રક્રિયા ફરીથી બનાવવી હોય તો ફરીથી તેને પાસે લાવો. પાછા એકબીજાને જોડો ફરીથી એક પૂર્ણ પારો, જેટલો એ હોવો જોઈએ, તેટલો બની જાશે.

તે ''સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણો હિ તત્ સાક્ષિકમ્'' એ ફરીથી રસમય કૃષ્ણ થઈ ગયા. કેવા ? તો ગૂઢભાવાત્મક. પરંતુ તે ગૂઢભાવાત્મક કૃષ્ણના રૂપમાં શ્રીમહાપ્રભુજી પ્રકટ નથી થયા. તે બન્ને ગૂઢભાવના સાક્ષીરૂપતયા આપ પ્રકટ થયા છે. કારણકે એક વાત ધ્યાનથી સમજો કે કોઈ વસ્તુને કોઈ કયારે કહી શકે ? વ્યકિત ખુદ નથી કહી શકતી, સાક્ષી જ કહી શકે. એટલે કે ગૂઢપુંભાવ અને ગૂઢસ્ત્રીભાવ ખુદ પોતાની કોઈ વાતની સાક્ષી આપી શકતા નથી. કારણકે તે બન્ને તો પાર્ટી છે. એકબીજાને સ્નેહ કરતી કે ઝઘડતી-

જેવી પણ છે, તેનું પ્રમાણ બનશે તો કોણ બનશે ? જે સાક્ષી છે તે જ.

તે સાક્ષીમાં તે બન્ને ગૂઢપુંભાવ અને ગૂઢસ્ત્રીભાવ સ્થાપિત થયું. શ્રીમહાપ્રભુજી આપણે ત્યાં તેના સાક્ષીરૂપે પ્રકટ થયાં છે. પ્રભુમાં ગૂઢસ્ત્રીભાવ છે અને ભકતમાં ગૂઢ-સ્વામીનીજીથી લઈને આપણા જેવા પાંચમાં સવાર પર્યંત પણ ગૂઢપુંભાવ છે. આ વાતને ભુલો નહીં. આ વાતનો સાક્ષી જો કોઈ છે તો આપણાં આચાર્ય છે. તે રૂપ તત્ ત્રિતયાત્મકં અને આ સાક્ષી રૂપ જે છે તે તૃતીય નહીં, ત્રિતયાત્મક રૂપ છે. ''ધ્યેયં સદા વલ્લભમ્'' આ રીતના શ્રીમહાપ્રભુજીના ત્રિતયાત્મક રૂપને ધ્યાનમાં લાવવું જોઈએ. ધ્યાનમાં લાવશો તો બધી વાત સમજમાં આવી જશે. ન તો અલગ વલ્લભપંથની જરૂરત છે, ન શ્રીકૃષ્ણને છોડીને શ્રીમહાપ્રભુજીની જરૂરત છે, ન શ્રીમહાપ્રભુજીને છોડીને શ્રીકૃષ્ણની જરૂરત છે, ન શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજીને છોડીને શ્રીસ્વામીનીજીની જરૂરત છે, ન શ્રીસ્વામીનીજીને છોડીને શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજીની જરૂર છે, એક પૂરી પ્રક્રીયા બની છે. જેના સાક્ષી શ્રીમહાપ્રભુજી છે.

આવા આચાર્ય સ્વરૂપનું આપણે ધ્યાન કરીએ. તો આપણે આચાર્યચરણનું ધ્યાન કર્યુ. હું સમજુ કે આચાર્યચરણનું ગુણગાન આનાથી કોઈપણ-કાંઈપણ ખૂબ જ સારું હોઈ શકતું હતું, પરંતુ આ જ ગુણગાન (એપ્રીસેશ્યન)માં આપણા પુષ્ટિમાર્ગની-ગુજરાતીમાં કહેને ! કે પતર ખાંડી નાખી-એવી પતર ખાંડી નાખી છે. નાલાયકોએ આનો એટલો ખરાબ અર્થ કર્યો, એટલો ખરાબ અર્થ કર્યો, કે ખૂબ જ મુશ્કેલ થઈ ગયું છે પુષ્ટિમાર્ગમાં. બધાથી સારી ચીજનો બધાથી વધારે દુરુપયોગ કર્યો છે એ વાત સમજી જાવ. આ આપણા ધ્યાનનું શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે.

(શ્રીગોપીનાથપ્રભુચરણધ્યાનમ્)-શ્રીગોપીનાથજીના સ્વરૂપનું ધ્યાન.

શ્રીવલ્લભ-પ્રતિનિધિં તેજો-રાશીં દયાર્ણવમ્ ।।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્ આશ્રયે ।। ૧૦ ।।

આ શ્રીપુરુષોત્તમજીનો શ્રીગોપીનાથજીની સ્તુતિમાં કહેલો શ્લોક છે. આપણાં સુરતવાળા પુરુષોત્તમજીનો શ્લોક છે. શ્રીગોપીનાથજી શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિ છે, તેજોરાશી છે, દયાર્ણવમ્ છે અને સગુણ નથી ગુણાતીત છે-નિર્ગુણ છે. ગુણનિધિ છે. એવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય લઈ રહ્યો છું. આવું કહ્યા પછી પણ આપણે વિચારીએ કે શ્રીગોપીનાથજી તો મર્યાદામાર્ગીયિ હતા અને શ્રીગોપીનાથજી આવા હતા, તેવા હતા વગેરે... શું લફડો છે ? પુરુષોત્તમજી જેવા મજબૂત વકીલ (સ્ટ્રોંગ એડવોકેટ) તો શ્રીગોપીનાથજીનું આ સ્વરૂપ બતાવી રહ્યા છે. આપણને એવું ઉટપટાંગ રૂપ કેમ સ્ફુરે ? કંઈક લફડો છે. એટલા માટે તો આપણે શ્રીગોપીનાથજીનું મંગલાચરણનું રૂપ સમજયું. ત્યાર પછી શ્રીગુસાંઇજીનું સ્વરૂપ આવી રહ્યું છે.

(શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણધ્યાનમ્)- શ્રીગુસાંઇજીના સ્વરૂપનું ધ્યાન.

સાયં કુઞ્જાલયસ્થાસનમુપવિલસત્-સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્-યજ્ઞોપવીતં પરિતનુવસનં ગૌરમમ્ભોજવક્ત્રમ્ ।।
પ્રાણાનાયમ્ય નાસા-પુટ-નિહિતકરં કર્ણ-રાજદ્વિમુક્તં
વન્દેડર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિટ્ઠલેશં સુકેશમ્ ।। ૧૧ ।।

આ શ્રીગુસાંઈજીનું સાયં સંધ્યા કરતાં તે સ્વરૂપ છે. જેવી રીતે આજે આપણે કૌભાંડ ફેલાવી રહ્યા છીએ, એનાથી બિલકુલ વિરૂદ્ધ (ઓપોઝીટ) સ્વરૂપ શ્રીગુસાંઈજીનું છે. કે સાધન-બાધન બધું બેકાર છે અને આપણે તો પ્રમેય લીલામાં પડયા રહેવું જોઈએ. પ્રમેયલીલામાં પડયા રહેલા, શ્રીગુસાંઈજીનું સ્વરૂપ નથી. સાયં સંધ્યા કરતા તા તે શ્રીગુસાંઈજીનું સ્વરૂપ છે. એક વાત ધ્યાનથી સમજો. પ્રમાણ આચરણ કરી રહેલ, સાધનાચરણ કરી રહેલ શ્રીગુસાંઈજીનું સ્વરૂપ છે. પણ અલાઈ-બલાઈ બધું શ્રીગુસાંઈજીના માથે. શ્રીગુસાંઈજીએ બધી પ્રમેયલીલા વર્ણન કરી. શ્રીગુસાંઈજી પ્રમેયલીલા કયા કરી રહ્યાં છે ? શ્રીગુસાંઈજી તો કુંજમાં બેસીને પણ સાયં સંધ્યા કરી રહ્યા છે.

પ્રમેયલીલા નથી કરી રહ્યા. જુઓ, આપણે જે સમજી રહ્યા છીએ અને જે મોટાઓની સમજ હતી, તેમાં કેટલું અંતર છે ? આ બધા મંગલાચરણમાં એટલા માટે સંકલન (કમ્પાઈલ) અહીંયા કરેલ છે, કે આપણી સમજ અને મોટાઓની સમજમાં કેટલું અંતર છે ? પરંતુ પાછા કહીએ છીએ કે આ બધી શ્રીગુસાંઈજીની કુંજ છે, ને ત્યાં બેસીને રાસલીલા કરી રહ્યા છે, કે હરેકૃષ્ણ-હરેકૃષ્ણ. કુંજમાં યાર શા માટે રાસલીલાની ભાવના કરે છે ? જો તુ શ્રીગુસાંઈજીનો ભકત હો તો, બેસીને સાયં સંધ્યા કરને !

વાત ધ્યાનથી સમજો. ''સાયં કુઞ્જાલયસ્થાસનમુપવિલસત્ સ્વાર્ણપાત્રં સુધૌતં''-કુંજાલય આસનમાં બિરાજીને, સ્વાર્ણપાત્રમાં, સુંદર વસ્ત્ર ધારણ કરીને, સુંદર યજ્ઞોપવિત ધારણ કરીને, ''પરિતનુવસનં ગૌરમમ્ભોજવકત્રમ્'' શ્રીગુસાંઈજીનો અહીંયા એ વિવાદાસ્પદ (ડિસ્પ્યુટેડ) વિષય છે કે શ્રીગુસાંઈજી સાંવરે રંગના હતા, કે ગોરા રંગના હતા. આ શ્લોકમાં ગોરા રંગના માનેલા છે. કોઈ જગ્યાએ સાંવરે રંગના માનેલા છે. ખબર નથી ગોરા હતા કે સાંવરે હતા. જે હતા, જેવા હતા, ધ્યાન કેવું કરવું જોઈએ ? તે અહીંયા વર્ણિત છે.

તો ''પ્રાણાનાયમ્ય નાસાપુટ નિહિતકરં'' પ્રાણાયામ કરવા માટે - નાસાપુટ આને કહે છે, એકને દબાવીને. ''કર્ણ રાજદ્વિમુક્તં'' કર્ણમાં મોતીનાં કર્ણફૂલ ધારણ કરેલ છે અને ત્યાં ''અર્ધોન્મીલિતાક્ષ'' ધ્યાન મુદ્રામાં છે. અર્ધોન્મીલિતાક્ષ છે તે ધ્યાન મુદ્રા છે. હું પહેલા પણ ઘણી વખત આ વાત સમજાવી ચુકયો છુ, કે પૂર્ણ મીલિતાક્ષમાં ધ્યાન સારું નથી થતું. પૂર્ણ ઉન્મીલિતાક્ષમાં ધ્યાન સારું નથી થતું. અર્ધોન્મીલિતાક્ષમાં બધાથી સારી આદર્શ પરિસ્થિતિ (આઈડીયલ સિચ્યુએશન) છે, જો કોઈપણ વસ્તુનું ધ્યાન ધરવું હોય તો.

કારણકે આંખને પૂરી મીંચવાથી (બંધ કરવાથી) મનને સંપૂર્ણ સ્વતંત્રતા (ફ્રીડમ) મળી જાય. આંખને પૂરી ખોલવાથી મન વિષયને સંપૂર્ણ આધીન થઈ જાય. તો ધ્યાન કરવું હોય, તો તેની એક પદ્ધતિ (ટેકનીક) એ છે, કે અર્ધોન્મીલિતાક્ષ હોવી જોઈએ. અધખુલી આંખ હોવી જોઈએ. અધખુલી

આંખમાં જેટલી ચિત્તની એકાગ્રતા થઈ શકે, તેટલી બીજી રીતે ન થાય. અધખુલી આંખ કેવી રીતે રાખવી ? તેની પદ્ધતિ આપણે ત્યાં શાસ્ત્રમાં પણ બતાવી છે, કે નાકની ટીકને જુઓ તો આપમેળે અધખુલી આંખ થઈ જશે અને એ પ્રયાસ આપણે શરૂ કર્યો તો ધ્યાન સિદ્ધ થઈ જાય. પરંતુ આપણા ધ્યાનની, આપણા મનની જે પ્રક્રિયા છે તેના સંપર્કમાં આપણે આવતા નથી. કારણકે આપણે બેધ્યાન કંઈને કંઈ કરતા જ રહીએ. ધ્યાનની આપણને જરૂર જ નથી પડતી. અનિચ્છિત (ઈન વોલેન્ટરી) ધ્યાન કંઈ-કંઈ આવતુ રહે, કંઈ-કંઈ જાતુ રહે.

પરંતુ ધ્યાનની પ્રક્રિયામાં આપણે જો કાબુ મેળવવો હોય તો, રોજ થોડીકવાર અર્ધોન્મીલિતાક્ષ કરી, પાંચ મીનીટ, દશ મીનીટ – પંદર મીનીટ જેવું જેનું સામર્થ્ય. એક કલાક-બે કલાક અર્ધોન્મીલિતાક્ષ કોઈ રહી શકે તો પૂરા ધ્યાન પર તેનો કાબુ આવી જાય. ધ્યાનની આ પ્રક્રિયા પણ શાસ્ત્રએ બતાવી છે. ‘‘વન્દેડર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિટ્ઠલેશં સુકેશમ્’’-મૃગમદ તિલક કરેલ, સુંદર કેશવાળા શ્રીગુસાંઈજીને વંદનાત્મક આ મંગલાચરણ છે.

એવી રીતે બધું મળીને જેવી રીતે-જે પણ કંઈ આગળ આવવાનું છે. કયાંક વંદન કરીને, કયાંક ધ્યાન કરીને, કયાંક પ્રશંસા કરીને વગેરે... જે પૂરુ મંગલાચરણ છે, તે આપણને આગળ જે ગ્રંથ આવવાનો છે તેની પતાકા છે. પતાકા એટલે શું ? તો નાટકમાં જે ઘટના આગળ થવાની છે. તે ઘટનાની કંઈક સૂચના (ઈન્ડીકેશન) આપવી. તેને પતાકા કહેવામાં આવે છે. તો આ પતાકાની જેમ મંગલાચરણ છે. કે જે કંઈ વિષય આગળ આવવાનો છે. તેની કંઈક પતાકા અહીંયા ફરકાવી રહ્યા છે.

જેમ કોઈ મોટો માણસ-ગવર્નર વગેરે આવતા હોય તો પહેલા તેની પતાકા દેખાય. પછી મોટો માણસ દેખાય. જેમ ગવર્નર આવે તો પહેલા સાયરન વાગે, પાયલોટ કાર પહેલા આવે. તો બરાબર (એકઝેટ) તે પતાકાનું કામ કરે. તે આપણને સૂચિત (ઈન્ડીકેટ) કરે, કે આવી રહ્યા છે, કોઈ પ્રધાન (મીનીસ્ટર) અથવા ગર્વનર. તો આ જે છે તે પતાકા ટાઈપનું મંગલાચરણ છે. જે વિષય

આગળ આવવાનો છે, તે બધાની આમાં પતાકા આવી ગઈ. કયાંક નમનાત્મક, કયાંક ધ્યાનાત્મક, કયાંક રૂપ-ગુણ વર્ણનાત્મક. જેવી જેવી જે વખતે જરૂર પડી તેવી.

આ શ્લોક કોનો છે ? તે બિલકુલ મને ખબર નથી બાવા. પરંતુ આપણે ત્યાં કેટલાય વર્ષોથી આ મંગલાચરણ કરવામાં આવે છે. શોધનો વિષય છે કે આ શ્લોક કોનો છે ? પરંતુ જેનો પણ છે. ફરીથી આપણે તેના ચિર આભારી છીએ. એવો સુંદર શ્લોક છે. મૃગમદ તિલકં એટલે કસ્તુરીનું તિલક. જુના જમાનામાં કસ્તુરીનું તિલક કરતા હતા. આપણે ત્યાં કંકુનું અથવા તો કેસરનું તિલક આપણે ત્યાં અનુષ્ઠાનની પ્રક્રિયામાં શરૂ થયું. કોઈનું અનુષ્ઠાન અથવા કોઈને વશમાં કરવાનું હોય તો એવી પ્રક્રીયામાં કેસરનું તિલક શરૂ થયું. પરંતુ આજ કસ્તુરી પ્રાપ્ત (અવેલેબલ) નથી તો કંકુનું તિલક. આ પ્રાચીન પ્રણાલી હતી.

॥ ઇતિ મઙ્ગલાચરણં સમ્પૂર્ણમ્ ॥

॥ શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ॥

બીજો ગ્રંથ આપણો સર્વોત્તમ છે. આ સર્વોત્તમમાં તમે જોઇ શકો છો કે કુલ મળી ૩૫ શ્લોક છે. આમાં એકથી લઇને છ અને તેત્રીસથી લઇને પાંત્રીસ એટલે કે ત્રણ અને છ-નવ શ્લોક જે ઉપક્રમ, ઉપસંહાર વગેરે વિષયના શ્લોક છે. જે મૂળ સર્વોત્તમસ્તોત્ર છે, તે સાતમાં શ્લોકથી શરૂ થઇને સાડા બત્રીસ શ્લોક સુધીનું છે અને તેની આગળ અને પાછળ બધું સંપુટ છે. આ પાયાના બંધારણ અનુસાર (બેઝીક સ્ટ્રકચર વાઇઝ) સમજો કે સર્વોત્તમ શું છે ? મૂળ સર્વોત્તમ ''આનંદઃ પરમાનંદઃ''થી શરૂ થઇ રહ્યું છે અને ''અશેષભક્તસમ્પ્રાર્થ્ય ચરણાબ્જરજો ધનઃ'' સુધી ૧૦૮ નામ પૂરા થયા. બાકીના જે નવ શ્લોક છે, તે તેના સંપુટના શ્લોક છે. આગળ-પાછળ શું છે ? તેને કેવી રીતે સમજવું ? તેના શ્લોક છે.

(**મઙ્ગલોપક્રમઃ**)- મઙ્ગલ ઉપક્રમ કરે છે.

પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત-નિખિલ-ધર્મરૂપમિતિ ॥
નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥ ૧ ॥

ભગવાનમાં પ્રાકૃત ધર્મનો અનાશ્રય છે, પણ અનાશ્રય છે એટલે કોઇપણ ધર્મ પ્રભુમાં નથી એવું નથી. અપ્રાકૃત સર્વધર્મરૂપ સ્વયં પ્રભુ છે. નિગમ પ્રતિપાદ્ય સ્વરૂપ પ્રભુનું એવું છે, કારણ કે પ્રભુનું જે સ્વરૂપ છે. તે શુદ્ધ સાકાર સ્વરૂપ છે. શુદ્ધ સાકાર એટલે કે માયિક આકારવાળું નહીં. શુદ્ધ આકૃતિવાળુ સ્વરૂપ છે. ગયા વર્ષે શુદ્ધ સાકારની આપાણે ખૂબ જ વિવેચના કરી. તે અત્યારે અહીંયા આવશ્યક નથી.

આ મંગલ ઉપક્રમ કર્યા પછી બાકીના આવતા બે થી ચાર શ્લોક જે છે. તેમાં ધ્યાનથી જુઓ તો (**સ્તોત્રપ્રાકટ્યપ્રયોજનનિરૂપણમ્**)-સ્તોત્રને પ્રકટ કરવાના પ્રયોજનનું નિરૂપણ. સ્તોત્રને શા માટે પ્રકટ કરવાનું શ્રીગુસાંઇજી ઇચ્છે છે ? તેનું પ્રયોજન શું છે ? તે પ્રયોજનનું નિરૂપણ કરતા આ ચાર શ્લોક છે.

કલિકાલ-તમશ્છન્ન-દૃષ્ટિત્વાદ્ વિદુષામપિ ॥

સમ્પ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥ ૨ ॥

જે સમજદાર શાસ્ત્રનાં વિદ્વાન છે. તેની દષ્ટિ પણ કલિકાલના અંધકારથી છન્ન (ઢંકાઇ) થઇ ગઇ છે અને એ છન્ન થઇ જવાના કારણે આવો જે બ્રહ્મ,કેવો ? ''પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત નિખિલ ધર્મરૂપમિતિ નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ'' જે બ્રહ્મ છે. તેનું જે માહાત્મ્ય છે તે અત્યારે સમજી શકતા નથી. જે શાસ્ત્રને સમજી શકે છે તે લોકો પણ આ બ્રહ્મનું માહાત્મ્ય સમજી શકતા નથી. ''સમ્પ્રત્ય વિષયસ્'' એટલે અત્યારે તે બ્રહ્મનું માહાત્મ્ય પૃથ્વી પર અવિષય થઇ ગયું છે અને તે માહાત્મ્યને પોતાની વાણીથી પ્રકટ કરવા માટે,....

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ॥
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥ ૩ ॥
તદુક્તમ્ અપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ॥
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥ ૪ ॥

તે હરિએ દયા કરીને પોતાના તે માહાત્મ્યને પ્રકટ કરવા માટે, પોતાની વાણીથી પ્રકટ કરવા માટે તેણે પોતાના મુખને પ્રકટ કર્યુ. કારણકે વાણી મુખથી પ્રકટ થાય. તેથી મુખ પ્રકટ થાય તો વાણી પણ પ્રકટ થશે અને તે મુખને પ્રકટ કર્યું. તે મુખમાંથી પ્રકટ થયેલ જે વાણી છે. તે વાણીમાં કંઇક દુર્બોધતા હતી. તે દુર્બોધતાને સુબોધ કરવા માટે તેમના અષ્ટોત્તરસત્ (૧૦૮) નામ હું (શ્રીગુસાંઇજી) બતાવી રહ્યો છું. જે બધા પાપને હરવાવાળા છે. આ આપણે સર્વોત્તમ સ્તોત્રમાં કદાચ ગયે વર્ષે વિસ્તારથી સમજયા હતા.

(સ્તોત્રર્ષિ-છન્દો-દેવ-બીજ-વિનિયોગ-સિદ્ધિ નિરૂપણમ્)- ત્યારબાદ જે શ્લોક છે, પાંચમો અને છઠ્ઠો તેમાં સ્તોત્રના ઋષિ, છંદ, દેવ, બીજ,વિનિયોગ અને સિદ્ધિ (ફલ) આટલાનું નિરૂપણ એક સાથે કર્યું છે.

ઋષિર્ અગ્નિકુમારસ્તુ નામ્નાં છન્દો જગત્યસૌ ॥
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ॥ ૫ ॥

વિનિયોગો ભકિતયોગ-પ્રતિબન્ધ-વિનાશને ॥
કૃષ્ણાધરામૃતાસ્વાદ - સિદ્ધિર્ અત્ર ન સંશયઃ ॥ ૬ ॥

અગ્નિકુમાર ઋષિ છે. નામોનો છંદ જગત્યસૌ છે. શ્રીકૃષ્ણાસ્ય આના દેવ છે. બીજ તે કારૂણિક પ્રભુ સ્વયં છે. આનો વિનિયોગ ભકિતયોગમાં આવતા પ્રતિબંધનો વિનાશ કરવા માટે છે. બીજા કોઈ ઉપદ્રવ માટે સર્વોત્તમનો વિનિયોગ કરવો જોઈએ નહીં અને સિધ્ધિ શું થશે ? કૃષ્ણાધરામૃતાસ્વાદ સિધ્ધિ છે. કૃષ્ણાધરામૃતાસ્વાદ ગયે વર્ષે હું નથી બોલી શકયો. છૂટી ગયું છે. આપણે આવતી સાલ ફરીથી કૃષ્ણાધરામૃતાસ્વાદથી શરૂ કરશું. અહીંયા સ્તોત્રમાં કૃષ્ણાધરામૃતાસ્વાદ સિધ્ધિના રૂપમાં બતાવેલ છે.

ત્યારબાદ “આનંદઃ - પરમાનંદઃ” જે બધાય નામ છે. તેના વિસ્તારમાં આપણે નહીં જઈએ. “અશેષભક્તસમ્પ્રાર્થ્ય ચરણાબ્જરજોધનઃ” આ ૧૦૮ નામ છે. તેનો વિસ્તાર આપણે યથા સમય જોશું-જોતા રહીશું.

(અષ્ટોત્તરશતનામપાઠફલમ્)- ૧૦૮ નામોના પાઠની ફલશ્રુતિ.

ઇત્યાનન્દનિધેઃ પ્રોક્તં નામ્નામ્ અષ્ટોત્તરં શતમ્ ॥ ૩૩ ॥
શ્રદ્ધા-વિશુદ્ધ - બુદ્ધિર્ યઃ પઠત્યનુદિનં જનઃ ॥
સ તદેકમનાઃ સિદ્ધિમ્ ઉક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ॥ ૩૪ ॥

આ આનંદનિધિના ૧૦૮ નામ બતાવ્યા. જે વ્યક્તિ આને શ્રધ્ધા વિશુધ્ધ બુધ્ધિથી બોલે. તો તે “તદેકમના” થઈને જે સિધ્ધિ મેં (શ્રીગુસાંઈજીએ) ગ્રંથના પ્રારંભમાં બતાવી. તે સિધ્ધિને સંદેહ રહિત થઈને પ્રાપ્ત કરશે.

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્ગતાર્થતા ॥
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ॥ ૩૫ ॥

અંતમાં શ્રીગુસાંઈજીએ એક સ્પષ્ટતા (કલેરીફીકેશન) ખૂબ જ સુંદર આપી છે કે તે સિધ્ધિ પ્રાપ્ત થઈ તો મોક્ષની કોઈ આવશ્યકતા નથી અને તે સિધ્ધિ પ્રાપ્ત ન થઈ તો પણ મોક્ષની કોઈ આવશ્યકતા નથી. જે આવશ્યકતા આ ભૂતલ પર છે તે કૃષ્ણાધરામૃતાસ્વાદની છે. તેથી તે મળી ગયું તો મોક્ષની શું

આવશ્યકતા? અને તે ન મળ્યું તો મોક્ષ શું કામમાં આવશે ? તે મળી ગયો તો મોક્ષ ગતાર્થ છે. આથી સર્વોત્તમ સ્તોત્રનો જપ કોણે કરવો જોઈએ ? જેને કૃષ્ણ રસની અપેક્ષા છે. વલ્લભપંથની અપેક્ષાની વાત શ્રીગુસાંઈજી નથી કરી રહ્યા. કૃષ્ણરસની જેને અપેક્ષા છે. તેણે સર્વોત્તમ સ્તોત્રનો જપ નિરંતર કરવો જોઈએ. આવી રીતે શ્રીગુસાંઈજીએ સર્વોત્તમ સ્તોત્રનું સમાપન કર્યુ અને આ તેનો સારાંશ (સિનોપ્સીસ) છે. જે આપણે જોયું ત્યાર પછી ત્રીજુ સ્તોત્ર ''શ્રીવલ્લભાષ્ટકમ્'' આવી રહ્યું છે.

।। ઇતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં સર્વોત્તમસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।

॥ શ્રીવલ્લભાષ્ટકમ્ ॥

(ભૂમૌ શ્રીવલ્લભસ્વરૂપપ્રાદુર્ભાવસ્ય હેતુ પ્રયોજને)- ભૂમિ ઉપર શ્રીવલ્લભસ્વરૂપે પ્રાદુર્ભાવિના હેતુ અને પ્રયોજન.

શ્રીમદ્‌વૃન્દાવનેન્દુ-પ્રકટિત-રસિકાનન્દ-સન્દોહરૂપ -
સ્ફુર્જદ્‌રાસાદિ-લીલામૃતજલધિ-ભરાક્રાન્ત-સર્વોઽપિશશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવ-પ્રકટન-હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિ-કરુણસ્ તં પ્રપદ્યે હુતાશમ્ ॥ ૧ ॥

શ્રીમદ્ વૃન્દાવનના ચંદ્રરૂપ પ્રભુના દ્વારા પ્રકટિત રસિકોના આનંદનો જે સમુહ છે અને તે સમુહમાંથી સ્ફુરિત થતો જે રાસાદિલીલાનો જે અમૃતનો સાગર છે. તે જલધિ-સાગરથી આપ-જલધિના જ્વારથી એવું સમજી લ્યો. સમુદ્રનો જે જ્વાર હોય તે શ્રીમહાપ્રભુજીના શ્રી અંગમાં નિરંતર ઉભરાતો જ રહે છે. એટલે કે ભગવદ્‌લીલાનો જ્વાર નિરંતર આવતો જ રહે છે. ચંદ્ર ઊગે તો જ્વાર આવે ને ! એવી રીતે ભગવાન વૃદાવનના ચંદ્રમાં છે. તે ચંદ્રમાને જોઈને શ્રીમહાપ્રભુજીના શ્રી અંગમાં ભગવદ્ લીલાનો જ્વાર આવતો જ રહે છે. જ્વર ના સમજતા હો ! જ્વાર એક અલગ ચીજ છે, જ્વર એક અલગ ચીજ છે. જ્વાર એટલે ભરતી.

શ્રીમહાપ્રભુજીના દરેક અંગમાં ભગવદ્ લીલાની ભરતી આવે છે અને તે પ્રભુએ પોતાનો આત્માનુભાવ-આ આત્માનુભાવ ખૂબ જ મીઠો શબ્દ છે. આત્મનુભાવ નહીં હો! આત્માનુભાવ. આત્મા પોતે પોતાને કેવી રીતે આપણી સામે પ્રકટ કરવા ઈચ્છે છે ? તે પરમાત્મા કૃષ્ણ પોતે પોતાને આપણી સામે કેવી રીતે પ્રગટ કરવા ઈચ્છી રહ્યો છે ? તે પ્રકટ કરવાનો તેનો જે મનોરથ છે, તે મનોરથવાળા પ્રભુની આજ્ઞાથી જે પ્રકટ થયા છે. કેવા શ્રીમહાપ્રભુજી આપણા ? અતિકરૂણાશીલ. એક સન્મનુષ્યાકૃતિના રૂપમાં જે આપણા શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા છે તે હુતાશમ્- અગ્નિના શરણમાં હું જાઉં છું. એવું શ્રીગુસાંઈજી કહે છે.

હું ભુલતો ના હોઉં તો થોડાક આ શ્લોક પણ વિવાદાસ્પદ (ડિસ્પ્યુટેડ) છે કે શ્રીગોપીનાથજી એ પ્રકટ કર્યા છે, કે શ્રીગુસાંઇજીએ પ્રકટ કર્યા છે. પરંતુ ચાહે શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યા હોય કે શ્રીગોપીનાથજીએ પ્રકટ કર્યા હોય. પ્રસિદ્ધ (પોપ્યુલર) માન્યતા એ છે કે શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યા છે. પરંતુ કોઈ એક માન્યતા એવી પણ છે કે આ પણ શ્રીગોપીનાથજીએ પ્રકટ કરેલ છે. તેમાં કયો પક્ષ ઐતિહાસિક દષ્ટિકોણથી સાચો છે કે ખોટો છે ? તેમાં નિશ્ચિત મારો કોઈ નિર્ણય નથી. તેથી પ્રસિદ્ધ (પોપ્યુલર) શ્રીગુસાંઇજીને માનવામાં આવે છે. તો આપણે પણ એ માનીને ચાલીએ પરંતુ એક મત એવો પણ છે કે આ પણ શ્રીગોપીનાથજીએ પ્રકટ કરેલ સ્તોત્ર છે.

તો ભૂમિ પર શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના પ્રાદુર્ભાવ નો હેતું શું ? હેતુ અને પ્રયોજનનો મતલબ (અર્થ) સમજો. હેતુ છે તે કાર્યની પહેલા હોય અને પ્રયોજન જે છે તે કાર્ય પ્રકટ થયા પછી સિદ્ધ થાય. જેમકે આપણે અહીંયા ભેગા થયા. તો ભેગા થવાનો હેતુ એક અલગ વસ્તુ છે. હેતુ એ છે કે આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથને જાણવા છે અને પ્રયોજન-જ્યારે આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથને ભાણી લેશું, ત્યારે સિદ્ધ થશે ને ! તો હેતુ કાર્યની પહેલા હોય છે અને પ્રયોજન કાર્ય પછી હોય છે.

ભાષામાં આ હેતુ અને પ્રયોજન એકબીજાના પર્યાય તરીકે વાપરવામાં આવે છે. પરંતુ પારિભાષિક રૂપથી બન્ને સ્વતંત્ર છે. હેતુ પહેલા હોય છે અને પ્રયોજન પછી હોય એ સમજ કેવી રીતે આવશે ? તો એક વાત ધ્યાનથી સમજો કે પ્રયોજન ક્યારેય પણ પહેલાં હોઈ શકે નહીં. કાર્ય થઈ જાય ત્યારે તો પ્રયોજન હોય ને ! હેતુ પ્રયોજનના અર્થમાં પણ વપરાય અને કારણના અર્થમાં પણ વપરાય, હેતુ એવો શબ્દ છે. અહીંયા હેતુનો અર્થ છે કારણ.

શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા તેનું કારણ શું ? ‘‘તસ્યૈવાત્માનુભાવ પ્રકટન હૃદયસ્યાજ્ઞયા’’ અને પ્રયોજન શું ? તો તેનો જે આત્માનુભાવ છે તે. આજ્ઞા છે તે કારણ હેતુ છે અને પ્રયોજન ‘‘તસ્યૈવાત્માનુભાવ પ્રકટન’’ પ્રભુનો જે આત્માનુભાવ છે, એટલે કે પ્રભુ પોતે પોતાને પુષ્ટિજીવની સામે કેવી રીતે પ્રકટ

કરવા ઇચ્છે છે ? તે વાત વ્યકત (કન્વે) કરવા માટે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા. હવે ધ્યાનથી સમજો કે પ્રભુ પોતે પોતાને કેવી રીતે પ્રકટ કરવા ઇચ્છે છે ? કે પ્રકટ પુંભાવ અને ગૂઢ સ્ત્રીભાવથી. એ વાત શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવી.

તો આ વાત જયારે સમજાવી દીધી તો આપણે શ્રીઠાકોરજીની સામે કેવી રીતે જવું જોઇએ ? પ્રકટ સ્ત્રીભાવ અને ગૂઢ પુંભાવથી નહીંતર તો બીચારા શ્રીમહાપ્રભુજીના પ્રાકટયનું પ્રયોજન આપણે નિષ્ફળ કરી રહ્યા છીએ. તે તો આ આત્માનુભાવ પ્રકટ કરવાની આજ્ઞાથી પ્રકટ થયા. આજ્ઞા હેતુ છે અને પ્રયોજન કયારે સિદ્ધ થશે ? કે શ્રીમહાપ્રભુજીના પ્રકટ થવાના કારણે આપણે પ્રભુના આ ભાવને સમજીએ કે, પ્રભુ જે છે તે પ્રકટ પુંભાવવાળા હોવા છતાં પણ ગૂઢ સ્ત્રીભાવવાળા છે. આ ભાવ આપણને શ્રીમહાપ્રભુજી પોતાની વાણીથી સાક્ષીરૂપે વ્યકત ન કરે તો, કોણ વ્યકત કરે ? એ વાત ધ્યાનથી સમજો. તો હેતુ અને પ્રયોજન એ આ રીતે સ્પષ્ટ થયા.

(શ્રીવલ્લભપ્રાદુર્ભાવાભાવે દૈવસૃષ્ટિવૈયર્થ્યમ્)-શ્રીમહાપ્રભુજી જો પ્રકટ થયા ન હોત તો દૈવી સૃષ્ટિ વ્યર્થ થઇ જાત. આજની આધુનિક દૈવી સૃષ્ટિ છે તે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા તેથી વ્યર્થ થઇ ગઇ છે હોં ! શ્રીવલ્લભપંથ ચલાવી ચલાવીને વ્યર્થ થઇ છે. શ્રીગુસાંઇજીની સમજ એવી નથી. તેની સમજ એવી હતી કે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા ન હોત તો દૈવી સૃષ્ટિ વ્યર્થ થઇ જાત. કેમ ? શા માટે દૈવી સૃષ્ટિ વ્યર્થ થઇ જાત ?

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિધરણિતલં ભૂતનાથોદિતાસન્-
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગેઽપિ જાતાઃ ।।
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્ નૈવ દૈવી
સૃષ્ટિર્ વ્યર્થા ચ ભૂયાન્ નિજ-ફલ-રહિતા દેવ! વૈશ્વાનરૈષા ।।૨।।

શું ગજબની વાત કરી છે ? કે જો આપ ભૂતલ પર પ્રકટ ન થયા હોત તો આ ભૂતલ પર પ્રકટ કરેલ શંકરાચાર્યજીના માયાવાદના કારણે બધા પોત-પોતાની ‘‘**અહમ્ બ્રહ્માસ્મિ**’’ ની ધારણાથી પરેશાન હોત. પાછા ‘‘**અહમ્**

બ્રહ્માસ્મિ''ની ધારણાથી પરેશાન. જેમકે આપણે ત્યાં સરખામણીમાં (પેરેલલ) **અહમ્ પુરુષોત્તમસ્મિ** છે. અહમ્ બ્રહ્માસ્મિની ધારણાથી પરેશાન, જે અહમ્ પુરુષોત્તમસ્મિ છે. તેનાથી બધાને તકલીફ થતી રહેત. આપશ્રીએ પ્રકટ થઈને એ ખુલાસો કર્યો કે ભઈ તમે પુરુષોત્તમ નથી. તે પુરુષોત્તમ છે તેને ભજો. તો દૈવીસૃષ્ટિ વ્યર્થ નહીં થાય, નહીં તો પાછી વ્યર્થ થઈ જશે.

કારણકે શંકરાચાર્યજી દ્વારા આ અસન્ માર્ગ પ્રચલિત હતો જ, કે ''**અહમ્ બ્રહ્માસ્મિ.**'' આપણે બ્રહ્મની જગ્યાએ પુરુષોત્તમ સ્થાપિત (સબ્સ્ટીટયુટ) કરી દીધો કે અહમ્ પુરુષોત્તમસ્મિ તે અસન્ માર્ગને સુંદર સુધારેલી આવૃતિ (રીફાઈન મોડીફાઈડ વર્ઝન)થી આપણે પ્રસ્તુત કર્યો. જે શંકરાચાર્યે પ્રસ્તુત કર્યો, આપણે તેની સુધારેલી આવૃત્તિ પ્રસ્તુત કરી. તે કહેતા હતા અહમ્ બ્રહ્માસ્મિ, આપણે કહી દીધુ અહમ્ પુરુષોત્તમસ્મિ, આવી જાવ. દૈવી સૃષ્ટિને વ્યર્થ કરવા માટે પ્રછન્ન શંકરાચાર્ય.

''નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિધરણિતલં ભૂતનાથોદિતા''–ભૂતનાથ શબ્દ વાપર્યો છે. શંકર શબ્દ નથી વાપર્યો. કારણકે શંકર શબ્દ વાપરે તો કલ્યાણ કરવાવાળો અર્થ થઈ જાય. ભૂતનાથ વાપરે તો બરાબર ડર લાગે કે આ કંઈક ચક્કર છે. ભૂતનાથ છે તેથી બધા ભૂતોને લઈને આવશે. ''ભૂતનાથોદિત અસન્ માર્ગ''–ભૂતનાથ દ્વારા પ્રવર્તિત જે અસન્ માર્ગ છે, તે અસન્ માર્ગ ધ્વાન્ત, અસન્ માર્ગનો જે અંધકાર છે. તે અંધકારથી આંધળા બનેલાં લોકો ''નિગમપથગતૌ દેવસર્ગેડપિ જાતાઃ '' દૈવી સર્ગમાં પ્રકટ હોવા છતા આ અંધકારના કારણે આંધળા બનેલા લોકો કયારેય પુરુષોત્તમને ભજી શકત નહીં. આપે પ્રકટ થઈને આ વાત બતાવી કે ''**અહમ્ બ્રહ્માસ્મિ – અહમ્ પુરુષોત્તમસ્મિ**'' નથી. ''ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ, ચિતં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્'' – આ કૃષ્ણદાસ વલ્લભનું વચન છે. ધ્યાનથી સાંભળો જે સાંભળીને ભક્ત નિશ્ચિંત થઈ જાશે. પરંતુ આ દુષ્ટ અંધ ભૂતનાથોદિત અસન્ માર્ગથી આંધળા થયેલ લોકો નિશ્ચિંત નહીં થઈ શકે. તેને ચિંતા થઈ જાશે કે તો પછી અમારું શું થશે ? અમે તો પુરુષોત્તમ. તો તે વાત

નહોતી હોં ! સમજમાં ખૂબ જ ફરક પડી ગયો. ધ્યાનથી સમજી જાઓ.

‘‘દેવસર્ગેઽપિ જાતાઃ ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્ નૈવ દૈવી’’- આ ઘોષાધીશ જે શ્રીઠાકોરજી છે, તેને આ દૈવી સૃષ્ટિ કયારેય પણ પ્રાપ્ત કરી જ શકત નહીં. દૈવી મનુષ્ય આને પ્રાપ્ત ન કરી શકે તો તેની ‘‘સુષ્ટિર્ વ્યર્થા ચ ભૂયાન્’-આ સૃષ્ટિ વ્યર્થ થઇ જાત. કેમ વ્યર્થ થઇ જાય ? નિજફલ રહિતા’’- ‘‘ભગવાન એવ હિ ફલં સ યથા આવિર્ભવેદ્ ભુવિ, ગુણ સ્વરૂપ ભેદેન’’ (પુ.પ્ર.મ.)ભગવાન ફલ છે. તમે ફલ નથી હું ફલ નથી. આ દૈવી સૃષ્ટિ વ્યર્થ થઇ જાત. ‘‘દેવ ! વૈશ્વાનરેષા.’’

આ શ્રીગુસાંઇજી કે શ્રીગોપીનાથજી જોણે પણ શ્રીમહાપ્રભુજીનું ગુણગાન (એપ્રિસ્યેશન) કર્યુ છે. શું ગાન કર્યું છે. જોશો તો તમને પુષ્ટિમાર્ગને સમજતાં આવડશે. તે ગુણગાન આપણે જાણશું નહીં તો આપણે પુષ્ટિમાર્ગને સમજી શકીશું નહીં. એટલી ખરાબ સ્થિતિ પ્રવર્તમાન છે. આ વાતને ધ્યાનથી સમજો કે શ્રીગુસાંઇજીએ કે શ્રીગોપીનાથજીએ જોણે પણ આ ગુણગાન કર્યું છે તે જુઓ, તો કોઇ વાત પર-કયા મુદ્દા પર શ્રીમહાપ્રભુજીને સમજાવી રહ્યા છે ? તે મુદ્દો સમજી લેશો તો આપણને માર્ગને સમજતા આવડશે. શ્રીમહાપ્રભુજીની વાણીને સમજતા આવડશે અને ત્યાર પછી તેને પણ આધાર આપવાવાળો એક શ્લોક આવી રહ્યો છે.

(ઋતે વાકપતિં શ્રુત્યાશયાનવબોધઃ)-વાણીના પતિ શ્રીવલ્લભ વિના વેદવાણીનો સાચો અર્થ કોઇથી સમજી શકાતો નથી.

ન હ્યન્યો વાગધીશાચ્ છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમ્ ઇષ્ટે
યસ્માત્ સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂર અગ્રતઃ પત્યુરેવ ॥
તસ્માચ્ છ્રીવલ્લભાખ્ય! ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ॥ ૩ ॥

પુષ્ટિમાર્ગમાં જે શ્રીમહાપ્રભુજીની વાણીને નિમ્નકક્ષા-ગૌણ (સબ ઓર્ડીનેટ) કરવા ઇચ્છે છે. તેને કેટલો મોટો શ્રાપ શ્રીગુસાંઇજી આપી રહ્યા છે.

એ વાતને ધ્યાનથી જુઓ. શ્રીમહાપ્રભુજીને ચઢાવીને શ્રીમહાપ્રભુજીની વાણીને જે ઊતારવા ઈચ્છે છે. તેને કેટલો મોટો શ્રાપ આપ્યો છે તે જુઓ ! તો ''ન હ્યન્યો વાગધીશાચ્ છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમ્ ઈષ્ટે'' - વાક્પતિ સિવાય વાણીના ભાવને કોણ સમજી શકે ? કેમ ન સમજી શકે ? તો કહે છે કે વાણી છે તે મોટી સતી છે. તે પોતાના પતિ સિવાય બીજાને પોતાનો ભાવ બતાવશે નહીં. તો વાક્પતિ જ પોતાની સતિ પત્નીના ભાવને સમજી શકે. એ વાતને ઘ્યાનથી જુઓ.

''ન હ્યન્યો વાગધીશાચ્ છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે''- શ્રુતિગણના વચન છે એ વચનનો જે ભાવ છે તેને વાક્પતિ સિવાય બીજા કોઈ સમજવા માટે સમર્થ નથી. કેમ ? કારણકે એ શ્રુતિની જે વાણી છે તે તો મોટી સાધ્વી વાણી છે. એટલેકે વ્યભિચારીણી વાણી નથી. પોતાના પતિની આગળ જ પોતાના ભાવને સ્ફુટ (પ્રકટ) કરે છે. ''યસ્માત્ સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂરગ્રતઃ પત્યુરેવ'' પોતાના પતિની આગળજ પોતાના ભાવને પ્રકટ કરે છે.

''તસ્માચ્ છ્રીવલ્લભાખ્ય ! ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ''- તેથી હે શ્રીવલ્લભ તમારા વચનથી જે અન્યથા નિરૂપણ કરે છે તે ભ્રાન્ત છે, નિસર્ગ ત્રિદશરિપુ છે. એટલે કે સ્વભાવિક રીતે (બાય નેચર) તે રાક્ષસ છે. તે વાત સમજી લ્યો અને કેવલાન્ધન્તમોગાઃ- અન્ધતમ નરકમાં જ જવાવાળા છે. આપણે કહીએ કે શ્રીમહાપ્રભુજીની વાણીનું કોઈ મૂલ્ય નથી. બસ શ્રીમહાપ્રભુજીના હિસાબથી ભકિત કરતા જાવ.પુષ્ટિમાર્ગમાં ભકિત કરો. ભકિત કેવી રીતે કરવી તે સમજશો કેવી રીતે ?

શ્રીમહાપ્રભુજીની વાણી જ સિદ્ધાન્ત છે. જો તમે શ્રીમહાપ્રભુજીની વાણીનું અવગાહન નહીં કરો તો તમે બધા અન્ધતમ નરકમાં જવાવાળા છો એ વાત સ્પષ્ટ છે. અથવા તો આ સ્તોત્રને **''ગણપતિ બાપા મોરિયા''** કરીને જુહુ (દરીયા)માં કોઈક દિવસ પધરાવી દયો અને જો પધરાવી ન શકો તો એક વાત સાફ સમજો, કે શ્રીમહાપ્રભુજીની વાણીથી પુષ્ટિમાર્ગ કયારેય વિપરીત જઈ શકે

નહીં અને વિપરીત જઈ રહયો છે. તો અન્ધતમ નરકમાં જ જઈ રહ્યો છે. કોઈ નિત્યલીલામાં જઈ રહ્યો નથી. કોઈ વૈકુંઠમાં જઈ રહ્યો નથી. જે શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કાઢી રહ્યા છે. તે અન્ધતમ નરકમાં જ જઈ રહ્યા છે. પછી તે ભલે પ.ભ. હોય, પુરુષોત્તમ હોય, બાપા હોય કે બાપી હોય. બધા અન્ધતમમાં લઈ જવાવાળા આપણા આગેવાન (લીડર) છે. એ વાત ધ્યાનથી સમજો કે તે આગેવાન (લીડર) છે અને આપણે અન્ધતમમાં જવાવાળા તેના અનુયાયી (ફોલોઅર) છીએ.

આ જુઓ આ શ્લોક બતાવી રહ્યો છે કે ''ઋતે વાક્પતિં શ્રુત્યાશયાનવબોધઃ''-વાક્પતિ વિના શ્રુતિનો આશય (સાચો અર્થ) સમજમાં આવતો નથી. જેટલો ભયંકર શ્રાપ છે એટલો બધોય મેં શરૂઆત (ટાઈટલ)માં સ્પષ્ટ (કિલયર) નથી કર્યો. કારણકે શ્રાપની પણ એક ફરજ (મર્યાદા) છે કે જે શ્લોકથી પ્રકટ (રીવીલ) થાય તો સારું, તેમાં અપણે શું સ્ફુટ (પ્રકટ) કરી શકીએ? શરૂઆતમાં મેં આટલી જ વાત કરી છે. તેનાથી વધારે વાત કરી નથી. કારણકે ખૂબ જ વધારે વાત આમાં કહી છે અને એટલું બધું શરૂઆતમાં આપી શકાય નહીં.

ત્યારબાદ ચોથો શ્લોક આવી રહ્યો છે. **(સ્વાસ્યપ્રાદુર્ભાવિતમાર્ગે નિવેદિતસ્ય સાક્ષાત્ ઉપભોગઃ)**- પ્રભુએ પોતાનાં મુખથી પ્રકટ કરેલ જે માર્ગ છે. તેમાં આપણે જે પણ પ્રભુને નિવેદિત કરીએ તેનો પ્રભુ સાક્ષાત્ ઉપભોગ કરે છે. એ વાત આગળના શ્લોકમાં સમજાવી રહ્યા છે. આ શ્લોકનો પણ જેવી રીતે ''સૌંદર્ય'' નો મહાન અનર્થ થયો છે. તેવી રીતે આ પણ ખૂબ જ સારો શ્લોક છે અને આનો પણ ખૂબ જ મહાન અનર્થ પુષ્ટિમાર્ગમાં કરેલો છે. કે જેની કોઈ પરાકાષ્ઠા (સીમા) નથી.

પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિ-ચરણામ્ભોજ-સેવાખ્ય-વર્ત્મ-
પ્રાકટ્યં યત્ કૃતં તે તદ્દુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ।।
યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપ્યુપાહર્તુમિચ્છ-

ત્યદ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ ॥ ૪ ॥

શ્રીગુસાંઈજી હોય કે શ્રીગોપીનાથજી જે પણ હોય. એ એવું ગાન કરી રહ્યા છે. ! હું ગુણગાન શબ્દ એટલા માટે વાપરી રહ્યો છુ, કે જે મેં આગળ બતાવ્યું હતું ને ! કે ગુણના સ્તોત્રમાં ગુણ સ્તુતિ કરવી, રૂપ સ્તુતિ કરવી. સ્તુતિ એટલે તેને પસંદ કરવું. તો કેવી રીતે તે સ્તુતિ કરી રહ્યા છે ? કે પ્રકટ થયા પછી ''વ્રજપતિ ચરણામ્ભોજ સેવાખ્ય વર્ત્મ''-વ્રજપતિ શ્રીઠાકોરજીના ચરણકમલની સેવારૂપી જે માર્ગ આપે પ્રકટ કર્યો છે. શ્રીગુસાંઈજી કહી રહ્યા છે કે તે તો ખુદ પોતાના માટે પ્રકટ કરેલ માર્ગ છે. કેમ ? કારણ કે આપ મુખારવિંદ છો અને આપે પ્રભુના ચરણની સેવાનો જે માર્ગ પ્રકટ કર્યો છે. તે કોઈ બીજાના માટે થોડો પ્રકટ કર્યો છે ? ખુદ પોતાના માટે પ્રકટ કર્યો છે.

આમાંથી બધા અનર્થની પરંપરા ઉભી કરવામાં આવી રહી છે. તે ધ્યાનથી સમજો. પરંતુ તેનો તે અનર્થમાં આશય નથી. નહીંતર તો આ વાતને આટલી સાવધાનીથી શ્રીગુસાંઈજી કહેત જ નહીં. આ વર્ત્મ (માર્ગ) જે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે તે ''વ્રજપતિ ચરણામ્ભોજ સેવાખ્ય વર્ત્મ ''-છે અને તેમાં એ ભાવ તો અતિશય ગૂઢભાવ છે. કારણકે શ્રીમહાપ્રભુજી મુખારવિંદરૂપ છે. તેણે પોતાના માટે જ પ્રકટ કર્યો છે. આ તો આ રીતે શ્રીમહાપ્રભુજીની સ્તુતિ, આપણે આ રીતે શ્રીમહાપ્રભુજીને પસંદ કરીએ છીએ.

''યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપ્યુપાહર્તુમિચ્છ''- આ માર્ગમાં સ્થિત થઈને ''વ્રજપતિ ચરણામ્ભોજ સેવાખ્ય વર્ત્મ''-આ માર્ગમાં સ્થિત થઈને હોં ! આ વૈષ્ણવોને નવ્વાણું ટકા (નાઈન્ટી નાઈન પરસન્ટ) બેવકુફ બનાવવામાં આવી રહ્યા છે, કે તમે સેવા ના કરો. સામગ્રી આપી જાવ, તો શ્રીઠાકોરજી આરોગશે. આરોગશે જ નહીં, ધ્યાનથી સમજો. તમે સેવા કરો તો શ્રીઠાકોરજી આરોગી રહ્યા છે. બાકી સેવા નથી કરતા તો શ્રીઠાકોરજી શું ભુખડ છે ? શું શ્રીઠાકોરજી બેસીને માલા ફેરવી રહ્યા છે ? કે કોણ મનોરથી આવે ? શ્રીઠાકોરજી ભુખડ નથી.

પરંતુ ''યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ''-કંઈપણ-એવું નથી કે મોહનથાળ જ, લાડુ જ, કોઈપણ, કિમઅપિ-કથમપિ-કોઈપણ રીતે એટલે કે કૂવાના જલથી, નળના જલથી, ટાંકીના જલથી, ડંકીના જલથી-બધી વાતનો ખુલાસો કરી દ્યે છે. કિમપિ કથમપિ ક્વાપિ-ક્યાંય પણ-અહીંયા જ નહીં. બાલકો બેવકુફ બનાવે કે વ્રજમાં જ સેવા કરવી જોઈએ. ક્યા કહી રહ્યા છે? પ્રાચીન બાલકો એ નથી કહેતા કે વ્રજમાં જ સેવા કરવી જોઈએ. ક્વાપિ-ક્યાંય પણ-એટલે હિન્દુસ્તાનમાં જ નહીં, કોઈપણ દેશમાં. ''ક્વાપ્યુપાહર્તુમિચ્છ ત્યદ્ધા તદ્ ગોપીકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ''-ગોપીકેશ શ્રીઠાકોરજી પોતાના ચારૂહાસ વદનકમલમાં તેને નિશ્ચિંત આરોગે છે.

હવે જુઓ ! અહીંયા કેટલી ખૂબસૂરત (સમર સોલ્ટ) ખાઈ છે કે આપના માર્ગમાં સ્થિત થઈને-આપે માર્ગ પોતાના માટે પ્રકટ કર્યો છે. એટલે કે શ્રીઠાકોરજી આરોગે છે. તેની સો ટકા (હન્ડ્રેડ પરસન્ટ) ખાતરી (ગેરંટી) છે કે આપે પ્રકટ કર્યો છે, આપ મુખારવિંદ છો, તો શ્રીઠાકોરજી શા માટે ન આરોગે ? તે બધી વાતને વળાંક આપીને બાલકો કહે છે, કે બાલકને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજી જે છે, તે શ્રીઠાકોરજીના ચરણ કૃષ્ણરૂપ છે, અને મુખારવિંદ જે છે તે આચાર્યરૂપ છે. જેથી બ્રહ્મસંબંધના તુલસી ત્યાં પુરુષોત્તમથી થાય અને વૈષ્ણવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજી છે, તેના ચરણ જે છે તે આચાર્ય રૂપ છે અને મુખારવિંદ જે છે, તે પુરુષોત્તમરૂપ છે. એવી ઉટપટાંગ બધી વાતો કરે. શું લફડા છે ? આ ક્યાંથી વાત આવી ? બધું ખોટું, સો ટકા ખોટું(ફ્રોડ-હન્ડ્રેડ પરસન્ટ ફ્રોડ) શ્લોક સમજો તો બધી વાત સાફ થઈ જશે. આ વાત ચોથા શ્લોકમાં બતાવી.

(ન ભૌતિકાગ્નિત્વં કિન્તુ શ્રીકૃષ્ણમુખવિરહાગ્નિરૂપત્વમ્) - આ આચાર્યચરણ કોઈ ભૌતિક અગ્નિ નથી. શ્રીકૃષ્ણમુખના વિરહની અગ્નિ છે. હવે જુઓ કે શ્રીમહાપ્રભુજી વિરહની અગ્નિરૂપ છે અને તે વિરહાગ્નિ રૂપ છે તે વાતને સમજાવે છે.

ઉષ્ણત્વૈકસ્વભાવોઽપ્યતિ-શિશિર-વચઃ-પુઞ્જ પીયૂષવૃષ્ટિર્-

આર્તેષ્વત્યુગ્ર-મોહાસુર-નૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।।
સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂતદેવત્વમેતદ્
યસ્માદ્ આનન્દદં શ્રીવ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્નેઃ ।। ૫ ।।

''ઉષ્ણત્વૈકસ્વભાવોઽપ્યતિ-શિશિર-વચઃ પુઞ્જ પીયૂષવૃષ્ટિર્'' એવા લુંજ-પુંજ શ્રીઆચાર્યચરણ નથી. ખૂબ જ ગરમ સ્વભાવ (નેચર)ના હતા. કોઈની સામે પીગળી જાય એવા મીણબત્તી જેવા ઠંડા સ્વભાવના ન હતા. ગરમ પણ હતા. ''ઉષ્ણત્વૈકસ્વભાવોઽપ્યતિ - શિશિર-વચઃ'' વચન આપના ખૂબ જ ઠંડા હતા. ''પુઞ્જ પીયૂષવૃષ્ટિર્''- શ્રીમહાપ્રભુજીની વાણીના જે પુંજ છે તે કેવા છે ? જેમ કે કોઈ અમૃતની વર્ષા થઈ રહી હોય. આ બન્ને સ્વભાવના કારણે શું થાય છે ? કે ''આર્તેષ્વત્યુગ્ર-મોહાસુર-નૃષુ''-- જે આર્ત છે, આસુરીજીવ-આસુરી મનુષ્ય જે છે તેને તો ખૂબ જ મુંઝવણ થઈ જાય, કે શું કહેવા ઈચ્છે છે ? ''અસુર નૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્''- તેને તાપ ઉત્પન્ન થઈ જાય, મરચું લાગી જાય અને જે ભકત છે, તેને ખૂબ જ ઠંડક થઈ જાય કે શું વાત કહી છે આચાર્યચરણે ! આવ્યું ને ખ્યાલમાં ?

''સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ''- આપ પોતાનામાં કૃષ્ણાસ્યતા પ્રકટ કરી રહ્યા છે. ''નો ભૂતદેવત્વમ્'' ખાલી અગ્નિત્વ પ્રકટ નથી કરતા. ''યસ્માદાનન્દદં શ્રીવ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્નેઃ'' કારણકે વ્રજજન નિચય છે, જે વ્રજભાવવાળા ભકતો છે. તેને તો આપ આનંદ આપી રહ્યા છો અને આસુરાગ્નિનાશકમ્ પણ છો. એવા તેના આપ નાશક પણ છો. તો આ બન્ને પ્રકારના શ્રીમહાપ્રભુજીના ઉભય રૂપ બતાવ્યાં છે.

(આનન્દરૂપશ્રીવલ્લભાગ્નેઃ આનન્દરૂપશ્રીકૃષ્ણ સેવોદધિજન્મ)- શ્રીમહાપ્રભુજી આનંદરૂપ છે, અગ્નિ છે અને તેનાથી સેવારૂપી સાગર જે પ્રકટ થયો છે. તે પણ આનંદાત્મક જ પ્રકટ થયો છે. તે વાતને આગળના શ્લોકમાં કહી રહ્યા છે.

આમ્નાયોક્તં યદમ્ભો ભવનમ્ અનલતસ્ તચ્ચ સત્યં વિભો યત્

સર્ગાદૌ ભૂતરૂપાદ્ અભવદ્ અનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ॥
આનન્દૈકસ્વરૂપાત્ ત્વદધિભુ યદભૂત્ કૃષ્ણસેવારસાબ્ધિશ્
ચાનન્દૈક-સ્વરૂપસ્ તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥ ૬ ॥

વેદમાં એ વાત સમજાવવામાં આવી છે, કે અગ્નિથી જલ પ્રકટ થયું. તો શ્રીગુસાંઇજી કહે છે કે આ વાત તો આપના અર્થમાં ખૂબ જ સાચી પડી રહી છે. કેવી અગ્નિથી ? કૃષ્ણવિરહરૂપી અગ્નિથી, ભગવદ્‌સેવા રૂપી જલ જે છે તે પ્રકટ થયું. આ અર્થમાં વેદની વાત કેટલી સાચી પડી ! એમ શ્રીગુસાંઈજી કહે છે. સ્તુતિ કરી રહ્યા છે. કેવી રીતે ?

તો કહે છે કે તે વાત તો ઠીક છે. ‘‘આમ્નાયોકતં યદમ્ભો ભવનમ્ અનલતસ્ તચ્ચ સત્યં વિભો યત્, સર્ગાદૌ ભૂતરૂપાદ્ અભવદ્ અનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્’’ કારણકે સૃષ્ટિના આરંભમાં પ્રભુ પહેલાં અગ્નિરૂપ થયા. વાયોર્ અગ્નિ અને અગ્નિથી જલ,જલથી પાછી પૃથ્વી થઈ. તો ભૂતરૂપ જલ પ્રગટ થયું. પરંતુ તેમાં એક પાછી વિચિત્રતા છે. શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા છે તેમાં. તો શું વિચિત્રતા છે ? ‘‘આનન્દૈકસ્વરૂપાત્ ત્વદધિભૂ યદભૂત કૃષ્ણસેવારસાબ્ધિશ’’ આનંદ સ્વરૂપ આપથી પૃથ્વી પર જે કૃષ્ણસેવાની રસાબ્ધિ પ્રકટ થઈ છે. તે તો આનંદ સ્વરૂપ જ પ્રકટ થઈ છે. ત્યાં શું થયું ? અગ્નિનો સ્વભાવ કંઈક જુદો છે અને જલનો સ્વભાવ કંઈક જુદો અને આ વિકૃત પરિણામ લાગી રહ્યું છે.

આમ તો ઔપચારિક (ટેકનીકલી) અભિકૃત હોવા છતાં પણ કંઈક વિકૃત પરિણામ લાગી રહ્યું છે. કારણકે અગ્નિમાં તાપકતા છે અને જલમાં શામકતા છે. તો સ્વભાવ તો બદલાઈ ગયો ને ! કારણનો ગુણ કાર્યમાં પ્રકટ નથી દેખાતો. પરંતુ આપ કૃષ્ણના વિરહરૂપ અગ્નિથી જે કૃષ્ણસેવારૂપ જલ પ્રકટ થયું છે તે તો બન્ને આનંદાત્મક જ પ્રકટ થયા છે. તો આ નિર્માણકાર્ય (ક્રિયેસન) જે છે. તે તો ખૂબ સરસ નિર્માણ (એકિસલન્ટ ક્રિયેસન) છે કે જેમાં અવિકૃત પરિણામ બરાબર સ્પષ્ટ છે.

''ચાનન્દૈક-સ્વરૂપસ્ તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે''- હેતુ એટલે કારણથી કાર્યમાં સામ્ય હોવું જરૂરી છે. આપ અગ્નિરૂપ છો. પરંતુ કેવી અગ્નિ છો ? આનંદરૂપ અગ્નિ છો અને આપથી જે કૃષ્ણસેવા રૂપ જલ પ્રકટ થયું છે, એક સાગર લહેરાઈ રહ્યો છે કૃષ્ણ સેવાનો તે સાગર પણ આનંદાત્મક સાગર છે. એ વાત અહીંયા બતાવી છે આ જ વાતને થોડીક વધારે આગળ ખેંચીને વધારે સારી સ્તુતિ થઈ રહી છે.

(શ્રીવલ્લભમુખદર્શનેન   શ્રીકૃષ્ણદિદૃક્ષાર્તિતાપઃ)-શ્રીવલ્લભના મુખદર્શનને કારણે કૃષ્ણદર્શનની લાલસા અને આર્તિતાપ વધે છે.

સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને! ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ
પ્રાણપ્રેષ્ઠ-વ્રજાધીશ્વર-વદન-દિદક્ષાર્તિ-તાપો જનેષુ ॥
યત્ પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદ્ અપીત્થં
દષ્ટેઽપ્યસ્મિન્ મુખેન્દૌ પ્રચુરતરમ્ ઉદેત્યેવ તચ્ચિત્રમેતત્ ॥ ૭ ॥

શ્રીમહાપ્રભુજીના મુખને જોવામાં આવે તો, તેની સાથે શું થાય છે ? કે ''પ્રાણપ્રેષ્ઠ-વ્રજાધીશ્વર-વદન-દિદક્ષાર્તિ-તાપો'' પ્રાણપ્રેષ્ઠ જે વ્રજાધીશ્વર છે, એટલે કે આપના અને બધા પુષ્ટિજીવોના જે પ્રાણપ્રેષ્ઠ, એટલે કે **''પ્રાણાદપિ અધિકં પ્રિય''**- પોતાના પ્રાણથી પણ પ્રિય **''ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે''** - તે પ્રાણ. પ્રાણથી પણ અધિક પ્રિય જે વ્રજાધિશ્વર છે તેના વદન-મુખની દર્શનની ઈચ્છા અને તે દર્શનની ઈચ્છાના કારણે આર્તિ અને તાપ. જે બ્રહ્મસંબંધનો આપણો સારાંશ (સેન્ટ્રલ આઈડીયા) છે. તે પ્રગટ થાય છે. તો કહે છે કે આ વાત તો ઠીક છે આમાં તો કોઈ આશ્વર્યની વાત નથી. કારણકે મુખારવિંદ પ્રકટયુ છે, તો એક વાત સમજો કે કોઈ બે વ્યકિતનો ચહેરો-મુખ એકસરખો જ હોય તો, એકને જોઈને આપણને જે બીજો તેના જેવો છે, તેની યાદ આવી જાય કે નહીં ? તેવી રીતે આપના મુખને જોઈને કૃષ્ણની યાદ આપણને આવી જાય અને વધારે વિરહ થઈ જાય, આર્તી થઈ જાય અને તાપ થઈ જાય. એ તો ખૂબ જ સ્વભાવિક વાત છે.

પરંતુ ''દષ્ટેડપ્યસ્મિન્ મુખેન્દૌ''- આપના મુખારવિંદને જોયા પછી, કૃષ્ણના મુખારવિંદના દર્શનનો વિરહ વધતો જ જાય છે. એ શું વિચિત્રતા છે ? જયારે આપ કૃષ્ણના મુખારવિંદ જ છો. તો આપના મુખારવિંદને જોયા પછી કૃષ્ણનો વિરહ ઠંડો પડી જવો જોઈતો હતો. પરંતુ કામ ઉલટુ થઈ રહ્યું છે કે આપ કૃષ્ણનું જ મુખારવિંદ છો, કૃષ્ણ જેવું જ આપનું મુખારવિંદ છે. આપના મુખારવિંદને જોયા પછી તાપ વધવો તો ન જોઈએ ને ! ઘટવો જોઈએ. આ તો વધારે ને વધારે કૃષ્ણના મુખદર્શનની આર્તી અને તાપ વધી રહ્યો છે. એ વાત ખૂબ જ વિચિત્ર છે.

જેમ કે બે મુખારવિંદ એકસમાન છે. તો એકને જોવાના કારણે બીજાના મુખારવિંદને જોવાનો - જો સો ટકા (હન્ડ્રેડ પરસન્ટ) એક છે. તો વિરહતાપ ઘટી જવો જોઈએ. પરંતુ ઘટવાના બદલે વધી રહ્યો છે. આ ખૂબ જ વિચિત્ર વાત છે. એમ કહી રહ્યા છે કે ''દષ્ટેડપ્યસ્મિન્ મુખેન્દૌ પ્રચુરતરમ્ ઉદેતિ''-તે આર્તીનો જે પ્રચુરતર છે તે વધારે વધી જાય છે. એટલે કે ભૂલેચૂકે પણ જો શ્રીમહાપ્રભુજીના સંપર્કમાં આવી જાય, તો તેમાં કૃષ્ણવિરહ પ્રકટ થઈ જ જવો જોઈએ. કૃષ્ણવિરહ પ્રકટ નથી થતો તો, સમજી જવું જોઈએ કે શ્રીમહાપ્રભુજીના સંપર્ક (કોન્ટેકટ)માં બરાબર નથી આવ્યા. આમાં કંઈક લફડો છે. શ્રીમહાપ્રભુજીના સંપર્કમાં કૃષ્ણવિરહ શા માટે પ્રકટ ન થયો ? કૃષ્ણનો વિરહ પ્રકટ થવો જ જોઈતો હતો. જેટલો શ્રીમહાપ્રભુજીના સંપર્કમાં આવ્યો, તે પરિસ્થિતિ (પ્રપોશન)માં તો કૃષ્ણનો વિરહ પ્રકટ થવો જોઈએ કે નહીં ?

જેમકે આપણે શ્રીમહાપ્રભુજીનું ચિત્રજી જોયુ. તો કૃષ્ણના મુખારવિંદના ચિત્રને જોવાની ઈચ્છા જાગી જવી જોઈએ. આપણે શ્રીમહાપ્રભુજીના નામોનો પાઠ કરી રહ્યા છીએ. તો કૃષ્ણના મુખારવિંદનું જેમાં વાર્ણન હોય એવા પાઠની ઈચ્છા પ્રકટ થવી જોઈએ, આપણે શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરની, પાદુકાજીની, કોઈ રીતે બેઠકજીની સેવા કરી રહ્યા છીએ. તો સમજો કે આપણે માથે બિરાજતા શ્રીઠાકોરજીના દર્શનની લાલસા પ્રકટ થવી જોઈએ.

આપણે બેઠકજીમાં જઈએ, ઝારી ચરણસ્પર્શ કરી આવીએ. બધા લફડા કરીએ. મીશ્રી ધરી આવ્યા, બદામ ધરી આવ્યા, મગફળી ધરી આવ્યા અને ખાઈ ગયા. પરતું આપણી માથે બીરાજતા શ્રીઠાકોરજીના દર્શન કરવાની ઈચ્છા જ પેદા નથી થઈ તો બધું ચોપટ છે. તમારો સંપર્ક શ્રીમહાપ્રભુજીથી નથી થયો. જે વાત શ્રીગુસાંઈજી કહેવા ઈચ્છી રહ્યા છે કે બધું ચોપટ થઈ ગયું. તમે મગફળી ખાઈને આવી ગયા. પરંતુ શ્રીમહાપ્રભુજીથી સંપર્ક કરીને નથી આવ્યા. સંપર્ક થયો હોત તો આપણી માથે બિરાજતા શ્રીઠાકોરજીના મુખારવિંદની યાદ આવવી જ જોઈએ, જો બેઠકમાં ગયા તો. આ વાત બતાવવામાં આવી છે કે ''પ્રચુરતરમ્ ઉદેત્યેવ તચ્ચિત્રમેતત્''- આ વાત અદભુત ઈચ્છા (વન્ડરફુલ એકસપેકટ) છે કે આપના મુખારવિંદના દર્શન કરવાથી કૃષ્ણના મુખની યાદ ખૂબ જ તીવ્ર થઈ જાય. એ વાત ખ્યાલમાં આવીને ?

(અજ્ઞાનાન્ધકારનિવારકત્વેનાગ્નિત્વં વસ્તુતસ્તુ શ્રીકૃષ્ણત્વમેવ)-અજ્ઞાનરૂપી અંધકારના નિવારક હોવાથી શ્રીવલ્લભ, અગ્નિરૂપે વર્ણવાયા છે. વસ્તુતઃ તો આપ શ્રીકૃષ્ણનું જ આચાર્યરૂપે પ્રકટ રૂપ છો.

અજ્ઞાનાદ્યન્ધકાર-પ્રશમનપટુતા-ખ્યાપનાય ત્રિલોક્યામ્
અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણએવ ।।
પ્રાદુર્ભૂતો ભવાન્ ઇત્યનુભવ-નિગમાદ્યુક્ત-માનૈર્ અવેત્ય
ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ।। ૮ ।।

''અજ્ઞાાદ્યન્ધકાર-પ્રશમનપટુતા-ખ્યાપનાય''-અજ્ઞાનરૂપી અંધકારની પ્રશમનની પટુતાના કારણે, આવડત (એકસપર્ટ) હોવાના કારણે જીવમાં રહેલા અજ્ઞાન, એટલે કે કૃષ્ણ સંબંધી - કૃષ્ણભકિત સંબંધી-કૃષ્ણ ભજન સંબંધી અજ્ઞાનની પ્રશમનની પટુતા છે. આ પટુતાને પ્રસ્થાપિત કરવા માટે અગ્નિ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ વસ્તુતઃ તો શ્રીમહાપ્રભુજી કૃષ્ણ જ છે. કારણકે ''ઈત્યનુભવ નિગમાદ્યુક્ત માનેર્ અવેત્ય''- નિગમ-

વેદાદિયુક્ત જે પણ કંઈ અનુભવ માનવામાં આવેલ છે. તે બધાથી આ બધી વાત સારી રીતે સમજમાં આવી શકે છે.

''નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે'' જે સમજદાર લોકો છે તે આપને ગોકુલેશ તરીકે ભજવા ઈચ્છે છે. હવે ધ્યાનથી સમજો. આ શ્લોકનો કેટલો ખોટો અર્થ થઈ શકે છે. ''નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે''– એટલે કે જો શ્રીમહાપ્રભુજી જ પોતાનું ભજન કરાવવા ઈચ્છે છે. તો પછી શ્રીમહાપ્રભુજીને શ્રીગોકુલેશના રૂપમાં ભજવાની શું જરૂરત છે ? શ્રીગોકુલેશ તરીકે શ્રીમહાપ્રભુજીને ભજવાનો મતલબ શું ? વાત સમજમાં આવી કે નહીં ? તે અર્થમાં અહીં નથી કહ્યું પરંતુ શ્રીમહાપ્રભુજીમાં કૃષ્ણનો ભાવ–કૃષ્ણનો વિરહ જાણાવવાનું બધું સામર્થ્ય છે. તો તેના જેવા જ (એઝ ગુડ એઝ) છે–કૃષ્ણ જ છે. શ્રીમહાપ્રભુજીમાં તે ન્યુનતાનો ભાવ આપણે લાવવો જોઈએ નહીં. એ શ્રીમહાપ્રભુજીની અહીંયા સ્તુતિ કરવામાં આવેલ છે. આ રીતે આપણે વલ્લભાષ્ટકને જોયું.

।। ઇતિશ્રીમદ્વિટ્ઠલદીક્ષિતવિરચિતં શ્રીવલ્લભાષ્ટકં સમ્પૂર્ણમ્ ।।

॥ શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્ ॥

ભૂમિકા :-

શ્રીમહાપ્રભુજીએ ''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવત તત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્'' (સર્વ.નિ.-૨૨૭) આ શ્લોકમાં ગુરુત્વની જે ત્રણ કસોટી બતાવી છે. એ ત્રણ કસોટીના આ સાત શ્લોક જે છે, તે ભાષ્ય છે. બીજું કશું જ નથી. આ વાતને સમજો કે દરેક શ્લોકને ફેરવી-ફેરવીને શ્રીમહાપ્રભુજી આ ત્રણ ગુણથી કેવી રીતે મંડિત છે ? એ જ બતાવવાનો સપ્તશ્લોકીનો મુખ્ય અર્થ છે કે કેવી રીતે કૃષ્ણસેવા પરાયણ છે ? કેવી રીતે દંભાદિથી રહિત છે ? કેવી રીતે ભાગવત તત્ત્વજ્ઞ છે ? બસ! આ જ વાતને ફેરવી - ફેરવીને-ગુજરાતીમાં વાગોળવું કહે ને, એવી રીતે આ જે ગુરુના લક્ષણ છે. તે શ્રીમહાપ્રભુજીમાં કેટલી ખૂબસૂરતીથી પ્રકટ થયા છે. બસ ! આ વાતને વાગોળવા માટે ''સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્'' છે.

''સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત'' એટલે જેમાં કૃષ્ણના પ્રેમનો અમૃત સ્ફુરીત થતો હોય એવું સ્તોત્ર. **(પુષ્ટિસમ્પ્રદાયપ્રવર્તકસ્ય ગુરોઃ શ્રીવલ્લભસ્ય સપ્તધા વર્ણનમ્- ધર્મિસ્વરૂપસ્ય[1] ઐશ્વર્યાદિષડ્ગુણધર્માણાં[2-7] ચ)-** પુષ્ટિ સમ્પ્રદાયના પ્રવર્તક ગુરુ શ્રીવલ્લભનું સપ્તધા વર્ણન છે. હવે ધ્યાનથી જુઓ. ધર્મિ સ્વરૂપ (૧) અને (૨) થી (૭) ઐશ્વર્યાદિ ષડ્ગુણ ધર્મો જે છે તે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય, આ ષડ્ગુણનું વર્ણન છે. હવે એક નંબર જયાં હોય તે પ્રમાણે આપણે સમજવાનું છે. આ ગ્રંથના ઉપક્રમનો સારાંશ છે.

(પુષ્ટિસમ્પ્રદાયપ્રવર્તકગુરોઃ શ્રીવલ્લભસ્ય સ્વરૂપલક્ષણં- ''શ્રીકૃષ્ણલીલા-રૂપ-સેવાકથા-પરાયણત્વં'' તદેવ ધર્મિસ્વરૂપ[1]મિતિ નિરૂપણમ્)- પુષ્ટિ સમ્પ્રદાયના પ્રવર્તક ગુરુ શ્રીવલ્લભ છે. તેનું સ્વરૂપ લક્ષણ શું છે ? સ્વરૂપ લક્ષણ એટલે કોઇ વસ્તુની આપણે વ્યાખ્યા (ડેફીનેશન) આપવી હોય, પરિભાષા આપવી હોય, તો ઘણી રીતે આપી શકાય. વસ્તુનું

સ્વરૂપ શું છે? તે વસ્તુનું કારણ શું છે ? તે વસ્તુનું કાર્ય શું છે ? તે વસ્તુનું પ્રયોજન શું છે ? તે વસ્તુને જાણવાનું પ્રમાણ શું છે ? કોઈપણ વસ્તુને વ્યાખ્યાયિત (ડીફાઈન) કરવી હોય તો આ બધા પાસા છે. આ પાસાથી કોઈ વસ્તુની પરિભાષા આપણે આપી શકીએ છીએ.

જેમકે ઘડો, ઘડાની પરિભાષા આપવી છે. ઘડો શું છે ? માટી અથવા ધાતુથી અથવા નવા જમાનામાં પ્લાસ્ટીકમાંથી બનેલ એક પાત્ર. તો આ આપણે ઘડાનું કારણ લક્ષણ આપી રહ્યા છીએ. કે ઘડો શેમાંથી બન્યો છે ? આપણે એમ કહી રહ્યા છીએ કે ઘડો એટલે શું ? પાણી ભરવાનું એક પાત્ર. તો આ સ્વરૂપ લક્ષણ બતાવી દીધુ કે પાણી ભરી શકાય એવું એક પાત્ર. હવે સમજો! પાણી ભરવું તે તેનું કાર્ય છે. પાણી ભરી શકાય એવું પાત્ર, તો તેનું કાર્ય લક્ષણ થયું. આકાર કહે તો પણ સ્વરૂપ લક્ષણ થશે. થોડુક વ્યાખ્યાયિત કરેલ થશે.

સંસ્કૃતમાં આના માટે ખૂબ સારું વાકય છે. '' **પૃથુ બુધ્નો દરાકાર**''– ગોળમટોળ પેટના આકારનું એક પાત્ર. તો આપણે ઘડાનું સ્વરૂપ લક્ષણ સમજાવ્યું. પાણી જેમાં ભરી શકાય – પાણી ભરવા માટે ઉપયોગી પાત્ર. તો આપણે કાર્ય લક્ષણ બતાવ્યું. કૂવામાંથી પાણી ભરવાનું પાત્ર, તો આપણે પ્રયોજન બતાવ્યું. એવી રીતે કોઈ પણ વસ્તુની પરિભાષા આપવી હોય તો તેનું કારણ કહો, સ્વરૂપ કહો, કાર્ય કહો, તેનું પ્રયોજન કહો કે તેનું પ્રમાણ કહો કે શેનાથી જાણી શકાય ? દા.ત. H_2O કહીએ તો એ પાણીની કઈ પરિભાષા થઈ? કારણ લક્ષણ થયું કે H_2Oથી પાણી બને. તો એ પાણીનું કારણ લક્ષણ છે.

એવી રીતે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ લક્ષણ શું છે ? કારણકે સ્વરૂપ લક્ષણ ધર્મિલક્ષણ કહેવાશે. બાકીના છ ધર્મ થઈ જાશે. તો સ્વરૂપ લક્ષણ શું છે ? ''શ્રીકૃષ્ણલીલારૂપ સેવા-કથા પરાયણત્વમ્''– કૃષ્ણલીલારૂપ જે સેવા-કથા છે. તેમાં આપ પરાયણ છે. આ જ આચાર્યચરણનું સ્વરૂપ છે. કૃષ્ણલીલા સેવામાં પરાયણ છે. જુઓ ! ધ્યાનથી સમજો. કૃષ્ણ સેવામાં પરાયણ છે. કૃષ્ણ કથામાં પરાયણ છે. પરંતુ એવી સેવા-કથા નથી, જે કૃષ્ણલીલારૂપ ન હોય.

સેવા એવી નથી કે જે ક્રિયારૂપ હોય. પરંતુ એવી સેવા જે કૃષ્ણલીલારૂપ છે. એવી કથા જે કૃષ્ણલીલારૂપ કથા છે. બીજી કથામાં પરાયણ નથી, કે અમિતાભબચ્ચને શું કયું ? અને શ્રીદેવીએ શું કર્યું? પદ્મીની કોલ્હાપુરીએ શું કર્યું? વગેરે કથા નહીં. કૃષ્ણ લીલાત્મિકા જે કથા છે, તે કથામાં આપ પરાયણ છે.

‘‘તદેવ ધર્મિસ્વરૂપ મિતિ નિરૂપાણમ્’’ આ કૃષ્ણલીલારૂપ સેવા-કથા પરાયણતા એ આચાર્યચરાણનું ધર્મિસ્વરૂપ છે, સ્વરૂપ લક્ષાણ છે. વાત સમજમાં આવીને!

સ્ફુરત્-કૃષ્ણ-પ્રેમામૃત-રસ-ભરેણાતિ-ભરિતા
વિહારાન્ કુર્વાણા વ્રજપતિ-વિહારાબ્ધિષુ સદા ।।
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં ‘વલ્લભ’ ઇતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરુણા ।।૧।।

કેટલી સુંદર વાત કહી છે ? ‘‘વ્રજપતિ વિહરાબ્ધિષુ’’- વ્રજપતિ કૃષ્ણનો જે લીલા વિહાર છે. તેનો એક દરિયો છે, એક સમુદ્ર છે, છલકાતો - લહેરાતો સાગર છે. તે લહેરાતા સાગરમાં કોઈ તરવાનો શોખીન હોય તો આપણા શ્રીમહાપ્રભુજી છે. કેટલી ખૂબ સુંદર વાત કહી છે. ‘‘વિહારાન્ કુર્વાણા’’- શ્રીમહાપ્રભુજી કયા વિહાર કરે છે ? કે કૃષ્ણલીલાનો જે લહેરાતો સાગર છે તેમાં.

એક દિવસ તમે સાગરમાં વિહાર કરીને જુઓ ! તો તમને મજા આવશે, કે સાગર વિહારનો શું આનંદ છે ! લહેર આવે, આપણો પગ ઊંચો થઈ જાય. ફરી લહેર જાય, ફરી આપણો પગ નીચો થઈ જાય. તે જે હિંડોળાની જેમ ઝુલવાનું મળે ને ! તે તો જે લહેરમાં નહાય. તેને જ આ વાત સમજમાં આવી શકે. આ થોડીક લૌકિક વાત બતાવી રહ્યો છું .પરતું તેવી જ રીતે આ કૃષ્ણલીલાની એક-એક લહેર છે. તે લહેરમાં વિહાર કરવાવાળા આપણા શ્રીમહાપ્રભુજી છે. કુંડમાં કે નદીમાં નહાવાનો એક અલગ જ આનંદ છે. પંરતુ

લહેરાતા સમુદ્રમાં નહાવાનો જે આનંદ છે, તે તો જે નહાય તેને જ સમજમાં આવી શકે. તેવી જ રીતે શ્રીમહાપ્રભુજી કૃષ્ણલીલાના લહેરાતા સાગરમાં નિરંતર વિહાર કરતા રહે છે. આ તો જે પડે તે જ જાણે. **''વંધ્યા શું જાણે પ્રસવની પીડા ''** તેમ જો સાગરમાં ન્હાય નહીં તો સાગરના આનંદની સમજ પડે નહીં. એક સાચી વાત કહી રહ્યો છું.

તો ''સ્ફુરત કૃષ્ણ પ્રેમામૃત રસભરેણ'' કૃષ્ણ પ્રેમનો જે અમૃતરસ સ્ફુરીત થઈ રહ્યો છે. તે રસથી અતિ ભરેલ જે વિહાર છે, શ્રીમહાપ્રભુજીનો દરેક વિહાર એવો છે કે જેમાંથી કૃષ્ણપ્રેમ છલકાઈ રહ્યો છે. ''પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં 'વલ્લભ' ઈતિ''- ગોપીભર્તુઃ એટલે ગોપીનાથ જે શ્રીઠાકોરજી છે, તેને ખૂબ જ પ્રિય એવી એક મૂર્તિ છે. એમ કહી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીને એક મૂર્તિ કહી રહ્યા છે. કેવી મૂર્તિ છે ? કે ગોપીનાથ શ્રીઠાકોરજીને જે અત્યંત પ્રિય છે, એવી મૂર્તિ છે. જે મૂર્તિનું નામ વલ્લભ છે. 'વલ્લભ' ઈતિ પ્રથાવતી મૂર્તિઃ વલ્લભ એવી ખ્યાતિવાળી મૂર્તિ.''સુભગમૂર્તિઃ સકરૂણા'' - સુભગ એટલે ખૂબ જ ભાગ્યવાળી મૂર્તિ, સકરૂણા એટલે ખૂબ જ કરૂણાવાળી મૂર્તિ. ''અસ્માકં હૃદિ સ્ફુરતુ ''- અમારા હૃદયમાં હંમેશા સ્ફુરિત થતી રહે એ વાત બતાવી.

જુઓ ! શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ લક્ષાણ બતાવ્યું છે કે જયાં-કયાંય પણ શ્રીમહાપ્રભુજી વિહાર કરી રહ્યા છે. તે કૃષ્ણલીલામાં વિહાર કરી રહ્યા છે. પછી તે સેવારૂપ હોય કે કથારૂપ હોય.

વાસ્તવમાં ખરેખર તો બેટા ! એ વાત હતી કે જે મેં ત્યાં કહી હતી કે શ્રીમહાપ્રભુજીએ 'શિવ' નામ પણ લીધુ છે, તો કૃષ્ણની લીલામાં વિહાર કરવા માટે લીધું છે. શિવભકિત માટે લીધુ નથી. પુરુષોત્તમ સહસ્ત્ર નામ વાંચો તો શિવ નામ આવે છે. પુરુષોત્તમના હજાર નામમાં એક નામ શિવ પણ છે. આપણે ત્યાં એવું સમજે કે શિવ નામ બોલતાં જ બધું છોવાઈ જાય. તો શ્રીમહાપ્રભુજીએ તે શિવનામ પણ કૃષ્ણલીલામાં વિહાર કરવા માટે લીધુ છે. તેથી સહસ્રનામમાં 'શિવ' એવું કૃષ્ણનું નામ માનીને તેમાં વિહાર કર્યો છે. વાત ખ્યાલમાં આવીને ?

હવે એ વાત સમજે નહીં તો હું શું કરું ? મારી મુશ્કેલી (ડીફીકલ્ટી) નથી.

પ્રશ્ન - આપે લખ્યું કે ''કૃષ્ણલીલારૂપ સેવા-કથા પરાયણત્વ'' તે અવતરણ ચિન્હ (ઈન્વર્ટેડ કોમા)માં લખ્યું છે. તેનું કારણ શું છે ?

જવાબ :- સરસ ? ખૂબ જ સરસ વાત કરી. મને ખુશી થઈ. જુઓ ! કારણ કે અહીંયા જે છે, તેનો વાકય વિન્યાસ તો સરળ છે. તો વાકય વિન્યાસની અંતર્ગતમાં જે શબ્દ અર્થદ્યોતક છે.તેને તો અવતરણ ચિન્હ (ઈન્વર્ટેડ કોમા)ની બહાર જ રાખ્યો છે. પરંતુ જે શબ્દ અર્થદ્યોતક નથી, પરંતુ શબ્દદ્યોતક છે. તેને તો હું અવતરણ ચિન્હમાં જ રાખું છું. તો અહીંયા અને આગળ આવવાવાળા કોઈપણ પુસ્તકમાં જયારે પણ એક અવતરણ ચિન્હ (સીંગલ ઈન્વર્ટેડ કોમા) આવી રહ્યો છે તો તેનો મતલબ સમજો કે કોઇ શબ્દ આવી રહ્યો છે. જેમકે ધ્યાનથી જુઓ 'વલ્લભ' ઈતિ, એ વલ્લભ અર્થ નથી. વલ્લભ નામની અહીંયા વાત કહેવામાં આવી રહી છે. વલ્લભ જે શ્રીમહાપ્રભુજી-તે વલ્લભની બાબતમાં અહીંયા વલ્લભ બોલવામાં નથી આવી રહ્યું. પરંતુ શ્રીમહાપ્રભુજીનું જે 'વલ્લભ' નામ છે, તેના માટે બોલવામાં આવી રહ્યું છે. તેથી તેને એક અવતરણ ચિન્હ આપ્યું છે.

આ રચનાત્મક અભ્યાસ (સ્ટ્રકચર સ્ટડી) છે. તેમાં આ બધી વાતમાં ખાસ ધ્યાન આપવાનું હોય છે કે કયો શબ્દ અર્થ બતાવવા માટે આવી રહ્યો છે અને કયો શબ્દ ખુદ પોતાને બતાવવા માટે પોતે પ્રતિબિંબિત (સેલ્ફ રિફલેકટીવ) થઈને આવ્યો છે. તો જયારે શબ્દને પોતાનું પ્રતિબિંબ (સેલ્ફ રિફલેકટીવ) હોવાનું આપણે બતાવવું છે. ખ્યાલમાં આવ્યું ? જેમકે ફરીને પાછો પોતાના તરફ જ આવ્યો, તો તે પોતે પરાવર્તક છે અને ફરીને આપણા તરફ ન આવ્યો તે.

જેમકે આપણે લાઈટ કરી અને જે વિષય ઉપર કરી. તે વસ્તુ પ્રકાશિત થઈ ગઈ, તો અર્થદ્યોતક થયું. પરંતુ સમજો કે તમારી પાસે એક પરાવર્તક (રીફલેકટર) છે. જેમ કે કેમેરામેન લગાવેને ? તો ત્યાં પ્રકાશ કરો અને તે પરાવર્તિત થઈને ફરી આ તરફ આવી. તમે જોયું હશે કે શુટીંગ વખતે આવું પરાવર્તક લગાવીને રાખે છે. અહીંથી પ્રકાશ કરે એ ત્યાં પરાવર્તિત થાય. તે પ્રકાશ

ફરી પાછો આ બાજુ આવી જાય. તે પ્રકાશ-પ્રકાશની તરફ ખુદ આવી રહ્યો છે. તેવી રીતે જયારે શબ્દ ખુદ પોતાની તરફ આવી રહ્યો છે, તેને અવતરણ ચિન્હ (ઈન્વર્ટેડ કોમા)માં અને શબ્દ-શબ્દની તરફ આવી રહ્યો છે, તો એક અવતરણ ચિન્હમાં અને વાકય - વાકયની તરફ આવી રહ્યું છે. તો બે અવતરણ ચિન્હ. એ વાત હર વખત ધ્યાનમાં રાખજો.

પ્રશ્ન :- પત્રાવલંબનમાં આ નોંધ (નોટેસન) લખી છે ને ?

ઉતર :- હા ! તો તે જ રીત (મેથડ) અહીંયા બધી જગ્યાએ બતાવી (ઈન્ટ્રીડયુઝ) છે. જયાં શબ્દ અર્થની બાબતમાં નથી બોલતો, પરંતુ શબ્દ ખુદ પોતાની બાબતમાં કહી રહ્યો છે. ત્યાં શબ્દ એક અવતરણ ચિન્હમાં છે.

તો આ જે છે તે લક્ષણ બતાવવામાં આવી રહ્યું છે ''શ્રીકૃષ્ણલીલારૂપ સેવા કથા પરાયણત્વમ્'' આ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું લક્ષણ છે. લક્ષણ એટલે પરિભાષા (ડેફીનેશન) છે. સ્વરૂપ શું છે ? તે તો શ્લોકમાં આવી જ રહ્યું છે. તો તેનાથી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું લક્ષણ શું બને છે ? તે શબ્દને આપણે આ રીતે સમજી રહ્યા છીએ. આવીને વાત ખ્યાલમાં ?

(પુષ્ટિસમ્પ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય ઐશ્વર્ય[૨] રૂપો ગુણ:)- પુષ્ટિ સમ્પ્રદાયમાં ગુરુરૂપ શ્રીમહાપ્રભુજીનો ઐશ્વર્યરૂપ ગુણ શું છે ? ઐશ્વર્ય એટલે ઈશ્વર હોવું **(શ્રીભાગવતતત્વજ્ઞતારૂપ:)-**

શ્રીભાગવતપ્રતિપદમણિવર-ભાવાંશુભૂષિતા મૂર્તિઃ ॥
'શ્રીવલ્લભા'ભિધાનસ્ તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ॥ ૨ ॥

તો શ્રીમહાપ્રભુજીમાં કોઈ રીતે ઐશ્વર્ય ગુણ છે, તે ઐશ્વર્યગુણ શું છે ''શ્રીભાગવત તત્ત્વજ્ઞરૂપ'' એક વાત સમજો. ગુરુ છે, આચાર્ય છે, તેનું ઐશ્વર્ય શું છે ? જેમ કે ડોકટરનું ઐશ્વર્ય શું છે? કે તબીબી વિજ્ઞાન (મેડીકલ સાયન્સ) છે, તેને સારી રીતે જાણે તે. વકીલનું ઐશ્વર્ય શું છે ? કાયદા (લો) ને સારી રીતે જાણે તે. કાયદાને જાણે જ નહીં અને આપણે કહીએ કે તે તો ખૂબ જ મોટા વકીલ છે. તો પછી વકીલ કેવો ? બેવકુફ (મૂર્ખ) છે.

એવી રીતે આપણો માર્ગ તો ભાગવત માર્ગ છે. તો ભાગવત માર્ગમાં - ભાગવત માર્ગનાં આચાર્યનું ઐશ્વર્ય શું ? કે તે ભાગવત તત્ત્વજ્ઞ છે ? જો તે ભાગવત તત્ત્વજ્ઞ છે, તો તેમાં ઐશ્વર્ય છે. પરંતુ ભાગવત તત્ત્વજ્ઞ નથી, તો દીન છે કે ક્ષુદ્ર છે, નિર્ધન છે, દરિદ્ર છે. ભાગવત તત્ત્વજ્ઞ છે તો તેનું ઐશ્વર્ય છે.તો ભાગવતમાર્ગમાં ઐશ્વર્ય-ભાગવત તત્ત્વજ્ઞતા જ હોઈ શકે છે .બીજુ કોઈ ઐશ્વર્ય નથી. બાકી તો બધી તેની ક્ષુદ્રતા, દરિદ્રતા, નિર્ધનતા છે. જો નથી જાણી રહ્યો તો નિર્ધન છે, ગરીબ છે, ભિખારી છે. તો ભાગવત તત્ત્વજ્ઞતા જ તેનું ઐશ્વર્ય છે. તો શ્રીમહાપ્રભુજીનું જે ઐશ્વર્ય છે, તે કેવું છે ? તે ધ્યાનથી જુઓ.

‘‘કૃષ્ણસેવાપરં વિક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવત તત્ત્વજ્ઞં’’ નું શ્રીગુસાંઇજી કેવી રીતે ભાષ્ય કરી રહ્યા છે ? ‘‘શ્રીભાગવતપ્રતિપદમણિવર-ભાવાંશુભૂષિતા મૂર્તિઃ’’ શ્રીમહાપ્રભુજીની મૂર્તિ કેવી છે ? કે ભાગવતના જે પ્રતિપદ છે, એક-એક પદ છે, એ એક-એક પદના જે ભાવ છે, તે એક-એક પદ જે છે તે કિંમતી (પ્રેશયસ) છે. ભાગવતના એક-એક પદ ખૂબ જ કિંમતી રત્ન છે અને તે એક-એક પદમાંથી વ્યકત થતો ભાવ છે. તે ભાવરૂપી કિરણો-એટલે કે રત્નમાંથી નીકળતા કિરણો છે અને એ કિરણોથી સજેલી શ્રીમહાપ્રભુજીની મૂર્તિ છે.

‘‘શ્રીભાગવતપ્રતિપદમણિવર-ભાવાંશુભૂષિતા મૂર્તિઃ’’ આ ઐશ્વર્ય છે. કોઈ હિરા-પન્ના, માણેક એ તો ક્ષુદ્ર ઐશ્વર્ય છે. તે તો પથ્થરવાળું ઐશ્વર્ય છે તે ઐશ્વર્ય નથી. શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગમાં ભાગવતના પ્રત્યેક પદ-જે માણી છે. માણીરૂપ જે પ્રત્યેક પદ-એ પ્રતિપદના ભાવથી આપનું શ્રી અંગ વિભૂષિત છે. આ ઐશ્વર્ય છે.

‘‘ભાવાંશુભૂર્ષિતા મૂર્તિઃ ‘શ્રીવલ્લભા’ ભિધા’’ ફરી જુઓ ! એક અવતરણ ચિન્હ આવ્યું દેખાય છે ને! ‘શ્રીવલ્લભા’ભિધા એટલે કે જેની અભિધા-જેનું નામ શ્રીવલ્લભ છે. ‘‘નસ્તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્’’ એવા ઐશ્વર્યવાળા જે આચાર્ય છે તે, તેના દાસનું-આચાર્યચરણના નિજદાસ જે છે, તેના સૌભાગ્યને વધારે. ઐશ્વર્યવાળો માલિક હશે તો દાસ પણ મૂછમાં

ફાંકો રાખી શકે અને માલિક ખુદ જ દરિદ્ર હોય તો દાસ શું કરે ? દાસ મહાદરિદ્ર થઈ જાય. માલિક દરિદ્ર તો દાસ મહાદરિદ્ર થઈ જાય અને માલિક ઐશ્વર્યવાળો હોય તો – **''અમે તો રાજના ખાસા ખવાસ''** થઈ જશે. કોઈ સાધારણ થોડા છીએ ? તે ઐશ્વર્યવાળાને ત્યાં સેવા કરવાવાળાને તે ઐશ્વર્યનો પ્રસાદના રૂપમાં લાભ તો મળે જ ને ! તે અહીં બતાવ્યું.

તો ''નિજદાસસ્ય સૌભાગ્યમ્ નસ્તનોતુ'' એવા ઐશ્વર્યવાળા શ્રીમહાપ્રભુજી અમારા સૌભાગ્યનો વિસ્તાર કરે. કેવું સૌભાગ્ય જોઈએ છે ? કેવું ઐશ્વર્ય છે ? એ બધી વાતને થોડીક દિલમાં વિચારશો તો બધી વાત સાફ થઈ જશે હોં ! **''ઉનકી મરજી ન હો હો તો તો કયા દૈં તૂલ. દાસ્તાં ખત્મ એક આહ મે હે.''** આટલી નાની વાતમાં બધો ખુલાસો થઈ રહ્યો છે. બાકી તો બધી વિસ્તારની કથા છે.

(પુષ્ટિસંપ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય વીર્યઁ રૂપો ગુણઃ)– એવો ગુણ નથી કે પહેલવાન છાપ, કુસ્તીમાં કોઈને પછાડી દયે, તેવું વીર્ય નથી ભાઈ ! કેવું વીર્ય ? વીર્ય એટલે સામર્થ્ય. કેવુ સામર્થ્ય છે ? **(ભગવત્ સેવા પ્રતિબન્ધકવાદનિરાકતૃત્વે સતિ શ્રીકૃષ્ણસેવાપ્રેરકત્વમ્)–** એવા બધા માની લીધેલા સિદ્ધાન્ત, એવા બધા વાદ જે કૃષ્ણ સેવામાં પ્રતિબંધક હોય. એટલે કે પેલી તરફ **''અહં બ્રહ્માસ્મિ''** આ તરફ **''અહં પુરુષોત્તમસ્મિ''** એવા બધા માની લીધેલા સિદ્ધાન્ત, એવા બધા વાદ જે કૃષ્ણ સેવામાં પ્રતિબંધક હોય. એટલે કે પેલી તરફ **''અહં બ્રહ્માસ્મિ''** આ તરફ **''અહં પુરુષોત્તમસ્મિ''** આ બાજુ બીજો કોઈ વાદ–કોઈ અન્યાશ્રય કરવાનો વાદ. ભગવત્ સેવામાં પ્રતિબંધ કરવાવાળા જેટલા વાદ છે એ બધા વાદનું નિરાકરણ કરીને એને આપ છિન્ન-ભિન્ન કરે છે અને નિરાકરણ કરીને ચૂપ બેસી જાય તો ? રોગ મટાડી દીધો પરંતુ વિટામીન તો ન આપ્યુ ને ? તો શ્રીમહાપ્રભુજી વિટામીન પણ આપે છે. ''કૃષ્ણ સેવા પ્રેરકત્વમ્'' કૃષ્ણ સેવામાં પ્રેરક બને છે. પ્રેરક બનવું જ શ્રીમહાપ્રભુજીનો વીર્યગુણ છે.

શ્રીમહાપ્રભુજીની કંઈક શકિત-સામર્થ્ય છે, તો તે શું છે ? આ બધા વાદને તોડી શકે છે અને કૃષ્ણસેવા માટે ગળચી પકડીને જીવને પ્રેરિત પણ કરી શકે છે, કેમ સેવા ન કરે ? આ તો ચોર્યાસી વૈષ્ણવની વાર્તા વાંચીએ તો આપણને સમજમાં આવે કે શ્રીમહાપ્રભુજીએ બધે ફરી-ફરીને બધાને સેવાની પ્રેરણા કેવી રીતે આપી ? કૃષ્ણ સેવાની પ્રેરણા અને માયાવાદનું ખંડન, પ્રાયઃ ચોર્યાસી બેઠકમાંથી ઘણી બેઠકમાં એ વાત કહી છે કે પછી માયાવાદી આવ્યા અને ફરી શાસ્ત્રાર્થ થયો. પછી નિરૂત્તર થઇ ગયા. કોઇ શિષ્ય થયા અને કોઇ ચાલ્યા ગયા. જેવો જેનો અધિકાર. પરંતુ કૃષ્ણ સેવાના પ્રતિબંધ વાદનું નિરાકરણ કરીને, કૃષ્ણસેવામાં પ્રેરિત કરવો એ જ પુષ્ટિમાર્ગમાં સામર્થ્ય છે. બાકી તો બધું.... હું બોલતો નથી...... મેરે અંગને મે તુમ્હારા કયા કામ હૈ ?

માયાવાદતમો નિરસ્ય મધુભિત્-સેવાખ્ય-વર્ત્માદ્ભુતં
શ્રીમદ્-ગોકુલનાથ-સઙ્ગમસુધા-સમ્પ્રાપકં-તત્ક્ષણાત્ ।।
દુષ્પ્રાપં પ્રકટીચકાર કરુણા - રાગાતિ - સમ્મોહનઃ
સ શ્રીવલ્લભભાનુરુલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાન્તરઃ ।। ૩ ।।

માયાવાદના અંધકારને નિરસ્ત કરીને ‘‘મધુભિત્ સેવાખ્ય વર્ત્માદ્ભૂતં’’ મધુભિત કૃષ્ણના સેવારૂપી અદ્ભૂત માર્ગને પ્રકટ કરીને અને તે માર્ગ કેવો ? ‘‘શ્રીમદ્ ગોકુલનાથ સઙ્ગમસુધા સમ્પ્રાપકં તત્ક્ષાણાત્’’ શ્રીમદ્ ગોકુલનાથની જે સંગમ એટલે કે શ્રીગોકુલનાથજીથી આપણો જે સંયોગ છે, તે સંયોગની જે કંઈપણ સુધા છે - અમૃત છે. તેને તે જ ક્ષાણે પ્રાપ્ત કરાવવાવાળા કે બ્રહ્મસંબંધ આપ્યું અને કહે કે અબ તુમ ઘર જાકે સેવા કરો. વાર્તા જુઓ તો સમજમાં આવે કે બ્રહ્મસંબંધ આપ્યુ અને હવે તમે સેવા કરો.

‘‘દુષ્પ્રાપં પ્રકટીચકાર’’ એવુ દુષ્પ્રાપ જે મળવું ખૂબ જ કઠીન હતું. કેમ કે ધ્યાનથી સમજો કે દરેક ધર્મના પુરોહિત પંડિતોએ, જે ભકત છે તેને, કૃષ્ણ અથવા જે ધર્મના જે દેવતા છે-જે આરાધ્ય છે, તેની પાસે પહોંચવા નથી દીધા. વ્યવધાન બનીને દિવાલની જેમ ઉભા રહ્યા. એક શ્રીમહાપ્રભુજી એવા હતા કે

તેણે કોઈ પુરોહિત કે પંડાગીરી કર્યા વગર સીધુ જીવને બ્રહ્મસંબંધ આપ્યું અને કહ્યું કે જા તુ સેવા કર. પુરોહિત પંડાગીરીને શ્રીમહાપ્રભુજીએ પ્રસરવા ન દીધી. આપણે પાછી પુરોહિત પંડાગીરી ઊભી કરી કે બાલક સિવાય સેવા થઈ જ ન શકે. બાલક જ સેવા કરે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ તે ઉપદ્રવ નહોતો કર્યો. શ્રીમહાપ્રભુજીએ બધાને પોત-પોતાના ઘરમાં સેવા પધરાવી હતી. અમૃત વચનાવલી જુઓ તો પણ આ વાત સાફ થઈ જાશે.

‘‘કરુણા રાગાતિ સમ્મોહનઃ’’ કરૂણા અને રાગથી અતિ સંમ્મોહિત એવો જે ‘‘શ્રીવલ્લભભાનુરુલ્લસતિ’’ એ શ્રીમહાપ્રભુજી રૂપી સૂરજ ઉગ્યો છે કે જેણે બધો અંધકાર દૂરકર્યો અને જેમ કમળ ખીલે તો ભમરો બિચારો બેસી શકે ને ! કમળ ખીલે જ નહીં તો ભમરો કેવી રીતે બેસી શકે ? તો પુષ્ટિજીવ રૂપી જે ભમરો છે, તે ભમરાને બેસવા માટે આ પુષ્ટિભકિત રૂપી સેવાનું કમળ ખીલવવાવાળા કોણ છે ? આપણા શ્રીમહાપ્રભુજી છે. એ વાત કહી રહ્યા છે.

‘‘યઃ શ્રીવલ્લવીશાન્તરઃ’’ વલ્લવી એટલે ગોપી. વલ્લવીશ એટલે ગોપીનાથ. એક બીજા ગોપીનાથ જ પ્રકટ થઈ ગયા છે, એમ કહી રહ્યા છે. કે આપ તો એક બીજા ગોપીનાથ જ પ્રકટ થઈ ગયા છો. કેમ કે આવો કૃષ્ણસેવાનો માર્ગ આપે પ્રક્ટ કરી દીધો છે. હવે આનો દંડ તો બિચારા શ્રીમહાપ્રભુજીને આપી ન શકાય ને ! આટલુ મોટુ કામ કર્યુ તેનો દંડ શ્રીમહાપ્રભુજીને ? કેમ પ્રકટ કર્યો ? એવું નથી, વાતને સમજો.

પ્રશ્ન :- આ જે વાત કરીને ! તો આ અને પેલી ‘‘વિનિયોગો ભકિતયોગો પ્રતિબંધ વિનાશને’’ તો બન્નેમાં એક જ વાત બતાવી ?

ઉત્તર :- તે ખૂબ જ વ્યાપક દષ્ટિથી કહ્યું છે અને આ ખૂબ જ મર્યાદિત (નેરો) દષ્ટિથી કહેવામાં આવ્યું છે. ત્યાં તો ઘણા બધા પ્રતિબંધને આપણે જોયાને! અહીં તો માત્ર એક ખાસ (પર્ટીકયુલર) પ્રતિબંધ, એટલેકે ભગવત્ સેવા પ્રતિબંધક જે વાદ છે. ત્યાં તો વાદ જ નથી, પણ બીજી ઘણી બધી ચીજોનું નિરાકરણ કર્યું છે ને ! વાદ તો એક અસાધારણ ઘટના (ફીનોમીના) છે. પરંતુ બીજી પણ ઘણી બધી વસ્તુ પ્રતિબંધક હોઈ શકે ને ! ભોગ, ઉદવેગ વગેરે આવે

ને ! આવી રીતે અન્યાશ્રય વગેરે ઘણી બધી ચીજ છે. તો ત્યાં ખૂબ જ વ્યાપક દષ્ટિકોણથી તે વાત કહી છે. અહીંયા સીમીત દષ્ટિકોણથી વાત કહેવામાં આવી રહી છે.

(પુષ્ટિસમ્પ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય યશોર્ રૂપગુણાઃ)- શ્રીમહાપ્રભુજીનો યશ શું છે ? પુષ્ટિમાર્ગમાં ગુરુરૂપ શ્રીમહાપ્રભુજીનો યશરૂપ ગુણ શું છે ? જુઓ ! યશ કઈ વાતથી થાય ? આ વાતને ધ્યાનથી જુઓ કે, આના ખૂબ જ મોટા ચાંદીના સિંઘાસન છે, હિરાની માળાઓ છે, એની આગળ છડીદાર ચાલી રહ્યો છે. સોનાની છડી લઈને ચાલી રહ્યો છે. તે છડીદારના ગળામાં પણ સોનાનો ચેન છે. વગેરે... તો આવું નથી. શ્રીમહાપ્રભુજીનો યશ શું છે ? તે વાત ધ્યાનથી સમજો.

(પાણ્ડિત્યં નિગમગતિઃ તદનુકૂલક્રિયા વૈષ્ણવમાર્ગીયતા શ્રીવ્રજપતિરતિઃ ઇત્યેવમાદયઃ)-પાણ્ડિત્યં વેદાદિશાસ્ત્રોમાં પારંગતતા. તેને અનુકૂલ ક્રિયા, વૈષ્ણવમાર્ગીયિતા અને શ્રીવ્રજપતિમાં અનન્ય રતિમાન હોવું તે શ્રીમહાપ્રભુજીનો યશ રૂપી ગુણ છે.

કવચિત્ પાણ્ડિત્યં ચેત્ ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાત્ યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।।
યદિ સ્યાત્ સોડપિ શ્રીવ્રજપતિ-રતિર્ નેતિ નિખિલૈઃ
ગુણૈર્ અન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ।। ૪ ।।

તો ''પાંડિત્યમ્'' પહેલા તો ભાઈ ગુરુ છે. તો ખુદ પોતે તો સમજદાર હોય કે નહીં ! પાંડિત્યનો અર્થ શું ? પંડા એટલે બુદ્ધિ. ઉપરનો માળ ખાલી (ટોપ ફલોર વેકન્ટ) હોવો જોઈએ નહીં. પાંડિત્યમ્ - **પંડા અસ્ય અસ્તિ ઈતિ પંડિત.** જેનામાં પંડા એટલે બુદ્ધિ હોય તે પંડિત બુદ્ધિ છે, પરંતુ ઉલટી દિશામાં જ બુદ્ધિ ચાલી રહી છે. તો શ્રીગુસાંઈજી તેની મર્યાદા બનાવી રહ્યા છે કે ''નિગમગતિ'' પંડા હોવી જોઈએ. પરંતુ નિગમગતિ પણ હોવી જોઈએ. એટલે કે શાસ્ત્રમાં ગતિ કરી શકે એવી બુદ્ધિ હોવી જોઈએ. શાસ્ત્ર વિરૂદ્ધ જ બધી ગતિ

સુજતી હોય એવી પંડા નહીં અને નિગમગતિ છે, સમજે બધું પરંતુ બદમાશ કરે કાંઈ નહીં. કે હા હા ! સમજમાં આવ્યું ? કે ખાલી કહેવાની જ વાત હતી. કંઈ કરવાનું ન હતું એવું નથી.

“તદ અનુકૂલ ક્રિયા” અને તેને અનુકૂળ ક્રિયામાં એટલા તન્મય થઈ ગયા કે વૈષ્ણવાચાર જ ભૂલી ગયા. તો એવું નથી. વૈષ્ણવ માર્ગીયતા અને વૈષ્ણવમાર્ગમાં મર્યાદા પણ હોઈ શકે અને એક પુષ્ટિ પણ હોઈ શકે છે. તે વૈષ્ણવમાર્ગની અંદર ફરી એક આંતરિક વર્તુળ (ઈનર સર્કલ) આવી રહ્યું છે.



બધાથી બાહ્ય વર્તુળ (આઉટ સર્કલ) છે પાંડિત્યનું, યશનું. તેની અંદર નિગમગતિનું વર્તુળ, તેની અંદર તદ્ અનુકૂલ ક્રિયાનું વર્તુળ, તેની અંદર વૈષ્ણવમાર્ગીયિ હોવાનું વર્તુળ અને તેની અંદર જે સૌથી અંદરનું વર્તુળ (ઈનર મોસ્ટ સર્કલ)છે, જે યશની કલગી છે. ખ્યાલમાં આવ્યું ને ? તે છે વ્રજપતિમાં રતિનું! શ્રીમહાપ્રભુજીમાં વ્રજપતિ પ્રત્યે જે અખંડ નિરૂપાધિક રતિ છે, તે શ્રીમહાપ્રભુજીના યશની એકદમ અંદરની બાજુ (ઈનર મોસ્ટ કોર) છે.

જેમ પૃથ્વીની અંદર જે ગોળો છે તેની ગરમીથી બધી ચીજ ગરમ છે. નહીંતર અહીંયા બધું ઠંડુ પડી જાય. તે ધધકતી વ્રજપતિ રતિ છે, જે અંદર કામ કરી રહી છે. જેથી તે બધા અંગ રૂપથી સહાયક બની રહી છે. જેનાં અંગ તયા શ્રીમહાપ્રભુજીએ આ બધા અંગ ધારણ કર્યા છે. પંડા શા માટે ધારણ કરી છે ? એટલા માટે કે વ્રજપતિમાં રતિ માટે સહાયક બની શકે. નિગમગતિ શા માટે છે ? કારણકે વ્રજપતિ રતિમાં સહાયક બને. તદ્ અનુકૂલ ક્રિયા શા માટે છે ? **શ્રીગોપીજન વલ્લભ પ્રિત્યર્થં.** નિગમના દરેક કર્મ આપણે ગોપજન વલ્લભ

પ્રિત્યર્થ જ કરી રહ્યા છીએ. વૈષ્ણવ માર્ગીયિતા કહેવાથી જ વૈષ્ણવ શાસ્ત્ર આવી જાય છે.

આપણને ખબર નથી, પરંતુ ધ્યાનથી સમજો. શ્રીમહાપ્રભુજીને યજ્ઞોપવિત થયા બાદ વૈષ્ણવ શાસ્ત્રનું અધ્યયન કરવા માટે ખાસ દક્ષિણમાં પધાર્યા. વાર્તા વાંચો તો તેમા આવે છે કે વૈષ્ણવશાસ્ત્રનું અધ્યયન કરવા આપ ખાસ દક્ષિણમાં પધાર્યા અને ત્યાં દક્ષિણમાં બિરાજીને આપે યાત્રા દરમિયાન વૈષ્ણવશાસ્ત્રનું અધ્યયન કર્યું. કારણકે કાશીમાં જયારે આપે અધ્યયન કર્યું ને ! તો તે બધું નિગમ વેદ-વેદાંતનું અધ્યયન કર્યું હતું. વૈષ્ણવશાસ્ત્રનું અધ્યયન આપે દક્ષિણમાં જઈને કર્યું છે. એવો વાર્તામાં સ્પષ્ટ ઉલ્લેખ આવે છે.

તો વૈષ્ણવશાસ્ત્રનું જે અધ્યયન આપે કર્યું તો વૈષ્ણવમાર્ગીયિતા અને એ બધાના નિષ્કર્ષરૂપમાં અંદરની પણ અંદર જે વાત છે તે વ્રજપતિ રતિની વાત છે. આ જ બધાથી મોટો શ્રીમહાપ્રભુજીનો યશ છે. આ વાતને શ્રીગુસાંઈજી કેવી રીતે વર્ણન કરે છે ? ધ્યાનથી જુઓ !

‘‘કવચિત્ પાણ્ડિત્યં ચેત્’’ કોઈ વ્યકિત પંડિત હોય તો તેનામાં નિગમગતિ નથી. ‘‘ન નિગમગતિઃ’’ કોઈમાં ‘‘સાપિ’’ એટલે કે નિગમગતિ છે. તો ‘‘ન ક્રિયા’’ ક્રિયા નથી. કોઈનામાં ‘‘સા સાપિ’’ તે ક્રિયા પણ છે. તો ‘‘ન હરિમાર્ગે પરિચયઃ’’ એને વૈષ્ણવમાર્ગનો પરિચય નથી. જેને વૈષ્ણવમાર્ગનો પરિચય છે. તેને વ્રજપતિમાં રતિ નથી. તો એ બધા ગુણોથી શ્રીમહાપ્રભુજી સિવાય કોણ વિલસિત થઈ રહ્યું છે ? આ શ્રીમહાપ્રભુજીનો યશ છે. આ શ્રીગુસાંઈજીનો પડકાર (ચેલેન્જ) છે.

હવે એક વાત ધ્યાનથી સમજો. ભકિત કરવી, વ્રજપતિ રતિ હોવી એ ખૂબ જ અંદરની વાત છે. શ્રીમહાપ્રભુજીએ વ્રજપતિ રતિ એવી નથી કરી. એક સાધારણ ઉદાહરણ આપું તો સમજમાં આવશે. કે રાધા-વલ્લભ સમ્પ્રદાયવાળા, જેમ આપણે વ્રજપતિમાં અનુરત છીએ. તેમ તે લોકો પણ રત છે. તો તેઓ એક જગ્યાએ આલોચના કરતા કહે છે કે આના મોઢામાં ધૂળ પડશે. કારણકે વ્રજપતિ રતિ કરતાં-કરતાં વૈદિક ક્રિયા પણ એ કરે છે. તો

વ્રજપતિરતિ છે, પણ એની રતિ ગેર જવાબદાર (સોર્ટ ઓફ ઈન રિસ્પોન્સીબીલીટી) રતિ છે. શ્રીમહાપ્રભુજીએ વ્રજપતિ રતિને જવાબદારી (રિસ્પોન્સીબીલીટી)ની સાથે નિભાવી છે, આચાર્ય હોવાની !

પેલાઓને તો વેદની વ્યાખ્યા કરવાની કોઈ જવાબદારી જ નથી. એને જે રુચે તે કરી રહ્યા છે. વ્રજપતિ રતિ કરી રહ્યા છે અને એટલી વ્રજપતિ રતિ કરે છે કે આપણને ગાળ આપી રહ્યા છે. તે ગાળની આપણે મજા લેવી જોઈએ. નારાજ થવાની જરૂરત નથી તે કહે છે કે ધૂળ પડશે તેના કર્મમાં. એટલે કે કૂતરો અને કાગડાથી પ્રસાદ છોવાય જાય છે. ''કાગડો ગયો બિડારી'' એ બધા શુદ્ધ છે. એમ કહે છે કે અમારે ત્યાં પ્રસાદ છોવાય નહીં . પછી ભલે કાગડો ચાંચ મારી જાય કે કૂતરો ચાટી જાય. પરંતુ આપણે ત્યાં પ્રસાદ છોવાય જાય. કેમ છોવાય જાય? વ્રજપતિ રતિની કમીના કારણે નહીં. પરંતુ આપણે વ્રજપતિ રતિ કરવી છે. શુદ્ધ જવાબદારી સાથે (વીથ ધ સેન્સ ઓફ રિસ્પોન્સીબીલીટી).

શાસ્ત્રના જે કંઈ પણ વિધિ-નિષેધ છે એને તોડીને નહીં. એની સાથે એકીકરણ (સિન્થેસાઈઝ) કરીને. એક જવાબદાર સ્નેહ હોવો અને એક જે પ્રેમ આહુજાનો ગેર જવાબદાર (ઈન રીસ્પોન્સીબલ) સ્નેહ હતો. નાણાવટી અને આહુજાનો ઝઘડો એ જ હતો. સ્નેહ બન્ને નો હતો, તે સિલ્વીયા હતી. પરંતુ એકને ગેર જવાબદાર સ્નેહ હતો. અને એકને જવાબદારી સાથે સ્નેહ હતો. નાણાવટીએ ત્યાં જઈને પુછયું, કે મારી પત્ની તને પસંદ છે ? જો પસંદ હોય તો ચાલ લઈ જા, તુ લગ્ન કર. પ્રેમ આહુજાએ કહ્યું કે નહીં - નહીં, એ જરૂરી થોડુ છે! કે કોઈ મને પસંદ આવી જાય તેને હું ઘરમાં રાખું ? યાર, એ મારી પત્નીને લઈ જાય અને પાછો લગ્ન પણ ન કરે ? તો તેણે તેને મારી નાખ્યો.

તો એક વાત ધ્યાનથી સમજો કે જવાબદારીની સાથે પ્રેમ કરવો અને જવાબદારી વગર પ્રેમ કરવો. તેમાં તફાવત (ડીફરન્સ) છે. તો બે વાત સમજયાને ! શ્રીમહાપ્રભુજી વ્રજપતિને રતિ કરી રહ્યા છે, તો બધી જવાબદારીની સભાનતા ને ખોઈને નહીં, બધી જવાબદારીની સભાનતા નીભાવીને. આ વાતને શ્રીગુસાંઈજી એટલી ''ડંકેકી ચોટ'' પર કહી રહ્યા છે.

એક વાત ધ્યાનથી સમજજો. વ્રજપતિ રતિ અંદરનો ભાગ છે હો ! અંતસ્તમ ભાગ છે. અંતસ્તમ ભાગ હોવાના કારણે ચોકકસ (કલેરીફીકેશન) તે બધાથી સર્વોત્તમ છે. પરંતુ ગેરજવાબદારીની દષ્ટિએ ઉત્તમ નથી. એ આપણી ડંકાની ચોટ પર કહી રહ્યા છે. અમે વેદનો સમન્વય કરીને બતાવ્યું છે. વ્રજપતિ રતિ કરવા માટે અમે વૈષ્ણવ ગ્રંથનો સમન્વય કરીને બતાવ્યું છે. બધા ગ્રંથથી સમન્વિત એક આચાર્યનું જે કૃત્ય છે, તે કરીને – તે નિભાવીને અમે વ્રજપતિ રતિની વાત કરી રહ્યા છીએ. જવાબદારી વગર વ્રજપતિ રતિની વાત નથી કરી રહ્યા.

આ માટે શ્રીગુસાંઈજી ડંકાની ચોટ પર કહી રહ્યા છે કે ''ગુણૈર્ અન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્'' બતાવો કે આ બધા ગુણો શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કોનામાં આટલા – આટલા ગુણો છે ? કોઈ નિગમગતિવાળા મળી જાશે. ચોકકસ (ડેફીનેટલી) મળશે. તો તેને વ્રજપતિ રતિ નથી. કોઈ વ્રજપતિ રતિવાળા મળી જાશે. એવા કે જે આપણને પણ ગાળ આપી રહ્યા છે. તેની ગાળથી ખરાબ લગાડવાની જરૂર નથી. તેની વ્રજપતિ રતીની મજા આપણે લેવાની જરૂર છે. તેની વ્રજપતિ રતિ પણ કેટલી મજબુત (સ્ટ્રોંગ) છે ? તે વાતને ધ્યાનથી સમજો.

પરંતુ મજબુત છે, તે એક અલગ વાત છે, પ્રશંસનીય (એપ્રિશ્યેસન) છે. પરંતુ તેમાં થોડું જવાબદારી ભર્યું તત્વ (એલીમેન્ટ ઓફ રિસ્પોન્સીબીલીટી) પણ છે, કે તેને કોઈ જવાબદારી તો છે જ નહીં. કંઈ પણ મનમાં આવે તેવી ઉટપટાંગ વાત કરી રહ્યા છે. આપણું એવું નથી. આપણે તેની જવાબદારીને પણ નિભાવી રહ્યા છીએ. શાસ્ત્રના દરેક વચનને વ્રજપતિ રતિથી સમન્વિત કરવાનું શ્રીમહાપ્રભુજીએ પોતાનું ઉત્તરદાયિત્વ સમજ્યું છે.

આ અર્થમાં શ્રીગુસાંઈજી કહી રહ્યા છે કે ''ગુણૈર્ અન્ય કો વા વિલસતિ વિના વલ્લભવરમ્'' પરંતુ ગમે તેટલી આદર્શ (આઈડીયલ) રતિ પણ ગેર જવાબદાર (ઈન રીસ્પોન્સીબલ) છે. તો તે આચાર્યનું કામ નથી. ભકત એવો ઉપદ્રવ કરી શકે છે. કારણકે આચાર્ય પોતે ચાલી રહ્યા છે અને બીજાને ચલાવવા

ઈચ્છી રહ્યા છે. તમારે ખુદને ચાલવું હોય તો કંઈપણ કરોને !

એક વાત સમજો. ખુદને હિમાલય જાવું છે ? તો હિમાલય ઉપર ચઢી જાવ. તમે ગેસનો બાટલો પણ ન લઈ જાવ. એમ જ ચઢી જાવ અને શ્વાસ ઘુંટાય તો મરી પણ જાવ. કોઈ ચિંતાની વાત નથી. પરંતુ જયારે તમે બીજાને લઈને જાવ છો. ત્યારે તમે કંઈક જવાબદારી પણ લઈ રહ્યા છો કે હું જઈ રહ્યો છું અને બીજાને પણ હિમાલય ચઢવા સાથે લઈ જાવ છુ. તો ગેસ ઓકસીજનની જરૂર તો પડશે જ. હવે દમ ઘુંટાય છે તો તુ મરી પણ જા. શા માટે ચઢવા આવ્યો ? એવી રીતે જવાબદારી વગર કામ નથી થતુ. સમજયા કે નહીં ?

મારે મારા શરીરના કોઈ ભાગને કાપવો છે તો આનંદથી કાપી શકુ છું. પરંતુ બીજાનું ઓપરેશન કરવું હોય ને! તો જવાબદારી સાથે (વીથ રિસ્પોન્સીબીલીટી) કરવું પડશે. એક દિવસ મારા મિત્રને સાપ કરડયો ને, તો તેણે જયાં સાપ કરડયો તો તે ભાગને જ કાપી નાખ્યો અને બીજા કોઈને સાપ કરડે તો તમે કાપી શકો ? લેવાના દેવા પડી જાય ને ? કંઈક ઝેરી અસર (પોઈઝન) થઈ ગયું – કંઈ ચેપ (સેપ્ટીક) લાગી ગયો, ખબર છે કે નથી ? કે શું કરી રહ્યા છો ?

જયારે બીજાને કાપી રહ્યા છીએ તો આપણી ઉપર જવાબદારી (રીસ્પોન્સીબીલીટી) હોવી જોઈએ કે શું કાપી રહ્યા છીએ ? કાપવાનું પરિણામ શું આવશે ? તેનો પ્રભાવ શું પડશે ? તમને જાણકારી તો હોવી જોઈએ કે નહીં ? કોઈપણ ચીજ હાથમાં આવી, કાપી નાખી, કાતર હાથમાં આવી ગઈ એટલે કંઈપણ કાપી નાખ્યું ? પોતાની કોઈપણ ચીજ કાપી નાખો, પરંતુ બીજાની તો ન કાપી શકો ને ?

તો આચાર્ય છે તો આ પ્રકારના ઉત્તરદાયિત્વની સાથે આચાર્ય છે. વ્રજપતિ રતિને તેણે ઉત્તરદાયિત્વ વગર પ્રતિપાદિત નથી કરી. આ આચાર્યચરણનો યશ છે. વાત ધ્યાનથી સમજો, કે દરેક બાજુ (સાઈડ)ના પાસાઓ (ફેસેટ) પર કેટલું ધ્યાન આપ્યું છે ! એ વાત સમજો. ''ગુણૈર્ અન્ય કો વા વિલસતિ વિના વલ્લભવરમ્''

(પુષ્ટિસમ્પ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય શ્રી[૫]રૂપો ગુણઃ- શ્રીકૃષ્ણસેવાપ્રતિબન્ધકવાદનિરાકરણેન પ્રમાણચતુષ્ટયૈકવાકયતામૂલક સિદ્ધાન્તોપદેશકત્વે સતિ શ્રીકૃષ્ણસેવાપરાયણત્વે સતિ ભગવત્સેવોચિતનિરુપધિસ્નેહોદ્બોધકત્વં ચ)-શ્રી એટલે શોભા. શ્રીમહાપ્રભુજીની શોભા શું છે ? ગુરુની શોભા શેમાં છે ? ''**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્, શ્રીભાગવત તત્ત્વજ્ઞં**'' તેને ઊલટું (રીવર્સ) કરો. ''**શ્રીભાગવત તત્ત્વજ્ઞં, દંભાદિરહિતં, કૃષ્ણસેવા પરાયણત્વમ્**'' તે શ્રીમહાપ્રભુજીની શોભા છે.

એટલે કે ''કૃષ્ણસેવાપ્રતિબન્ધકવાદનિરાકરણેન્'' કૃષ્ણસેવાના પ્રતિબંધક વાદનું નિવારણ કરીને ''પ્રમાણચતુષ્ટયૈકવાકયતામૂલક સિદ્ધાન્તોપદેશકત્વે'' શ્રીમહાપ્રભુજીએ ભાગવત પર ભાર મૂકયો છે. પરંતુ એવો ભાર નથી મુકયો કે ભાગવતને જવાબદારી વગર પ્રમાણ માન્યુ હોય. એ દમખમની સાથે ભાગવતને પ્રમાણ માન્યુ છે કે ભાગવત જે વાત કહે છે, તે વાત ગીતાજીને વિસ્તૃત સમજાવી (એકસપ્લેન)ને કહીં રહ્યું છે. ગીતામાં જે વાત કહે છે તે બ્રહ્મસૂત્રને વિસ્તૃત કરીને કહે છે અને બ્રહ્મસૂત્ર જે વાત કહે છે તે બધા જ ઉપનિષદના સારરૂપથી કહે છે. તો એ ચારેયમાં એકવાકયતા કેવી રીતે લાવવી ? શ્રીમહાપ્રભુજી એ જ મુખ્યતા કહી રહ્યા છે. એ ચારેયની વ્યાખ્યા કરવી એ આચાર્યત્વ નથી.

એક પ્રચલિત પૂર્વગ્રહ (પોપ્યુલર પ્રેઝયુડાઇઝ) બાવા, આમાં એ છે કે બધા જ લોકો એમ સમજે છે કે ચાર પ્રસ્થાન પર ભાષ્ય લખે તો આચાર્ય. શ્રીમહાપ્રભુજી આ વાતને નકારે છે. ચાર પ્રસ્થાન પર ભાષ્ય લખ્યું કે નથી લખ્યું, તેનાથી કોઇ ફરક પડતો નથી. ન લખ્યું તો શું ફરક પડે ? ચાર પ્રસ્થાનમાં એકવાકયતા સ્થાપિત કરી રહ્યા છો કે નહીં ? તમે એવો કોઇ નમુનો રજુ (મોડેલ પ્રપોઝ) કરી રહ્યા છો કે નહીં ? કે ચારેય પ્રસ્થાન એક બીજાથી ઝઘડતા બંધ થઇ જાય. ભાષ્ય તો કોઇપણ લખી શકે. હું પણ ભાષ્ય લખી નાખુ, તેમાં શું છે ?

થોડાક સમયની જરૂર છે. એક દિવસ બેસીને શરૂ કરો. ચાર-છ મહિનામાં બધું ભાષ્ય પૂરું થઈ જશે. ભાષ્ય તો લખી શકે કે નહીં ? એકવાકયતા ન થઈ તો ન થઈ. તમે રોતાં રહો. પરંતુ મેં તો ભાષ્ય લખી નાખ્યું કે નહીં ?

શ્રીમહાપ્રભજી આ વાતને નકારે (ડીનાઈ) છે કે ભાષ્ય-બાષ્ય લખવું એ આચાર્યત્વ નથી. આ દુનિયામાં આપણે પણ એવું જ કહીએ છીએ હો ! પુષ્ટિમાર્ગના પુસ્તકોને ઉઠાવીને જોઈ લ્યો. આપણે પણ એવું જ કહીએ છીએ, કે ચાર પ્રસ્થાન પર ભાષ્ય લખે તે આચાર્ય. તને કોણે કહ્યું ? જો આ શર્ત છે ચાર પ્રસ્થાનની, તો શ્રીમહાપ્રભુજી તો આચાર્ય જ નથી. ચાર પ્રસ્થાન પર કયા ભાષ્ય લખ્યું છે ? લખ્યું જ નથી. જો આ માપદંડ સાચો છે તો શંકરાચાર્ય સિવાય-યાદ રહે ! (માઈન્ડ ઈટ) કોઈ આચાર્ય નથી. તો બધા આચાર્યો ઉપર ચોકડી લાગી જાશે.

શંકરાચાર્ય સિવાય કોઈએ નથી લખ્યું. તે શેર સૂંઠ તો શંકરાચાર્યે જ ખાધી હતી. ભાગવત પર એમણે નથી લખ્યુ. કારણકે ભાગવતને એણે પ્રમાણ જ માન્યુ નથી. ત્રણ પ્રસ્થાન પર તેનું પૂરું ભાષ્ય છે. આવી વાત ખ્યાલમાં ? આપણે જેને પ્રસ્થાન કહી રહ્યા છીએ. એના પર શ્રીમહાપ્રભુજીનું ભાષ્ય કયા છે ? ગીતાજી ઉપર નદારદ (નથી). ઉપનિષદ ઉપર નદારદ. બ્રહ્મસુત્ર ઉપર અર્ધુ ભાષ્ય. બધાથી પહેલાં તો શ્રીમહાપ્રભુજીનું આચાર્યત્વ રદ (કેન્સલ) થઈ રહ્યું છે.

પુષ્ટિમાર્ગની નવી પુસ્તકો ઉઠાવીને જુઓ ! કાંઈ વિચાર્યા-સમજયા વગર ચાર પ્રસ્થાન પર ભાષ્ય લખે તેનું નામ આચાર્ય. ભાઈ ! તમે એ વાત કેમ કરી રહ્યા છો ? શું સમજી લીધુ છે તમે ? કે શ્રીમહાપ્રભુજીનો દ્વેષ કરવો ? જયારે શ્રીમહાપ્રભુજી આ વાત કહેતા જ નથી. શ્રીમહાપ્રભુજીએ સાફ વાત કહી છે. **''એતત્ ચતુષ્ટયમ્ એકવાકયતાપન્નં પ્રમાજનકમ્''** ભાષ્ય લખો કે ન લખો. પરંતુ એવો નમુનો રજુ (મોડેલ પ્રપોઝ) કરો કે આ ચારેય પ્રસ્થાન આપસમાં ઝઘડતા બંધ થઈ જાય આવ્યું ને ખ્યાલમાં ? તે નમુનો રજુ (મોડેલ પ્રપોઝ) નથી કરી રહ્યા અને ભાષ્ય લખી નાખ્યું, તો શું કામ આવશે ? તે વાત કહી છે.

‘‘શ્રીકૃષ્ણસેવાપ્રતિબન્ધકવાદ નિરાકરણેન’’ શ્રીકૃષ્ણ સેવાના પ્રતિબન્ધક વાદનું નિરાકરણ કરીને ‘‘પ્રમાણચતુષ્ટય એકવાકયતામૂલક સિધ્ધાન્તોપદેશકત્વે’’ પ્રમાણ ચતુષ્ટયની એક વાકયતા એટલે બધાનું એકત્રીકરણ (સિન્થેસીસ) સમજાવતો જે ઉપદેશ છે. તે આપણા અને ‘‘કૃષ્ણસેવાપરાયણત્વે સતિ’’ અને કૃષ્ણ સેવા પરાયણ થઈને ‘‘ભગવત સેવોચિત’’ ભગવત સેવાને ઉચિત, જે નિરૂપાધિક સ્નેહ છે-એટલે કે જે નિષ્કામ સ્નેહ છે. તે સ્નેહનું શ્રીમહાપ્રભુજી ઉદ્‌બોધન કરે છે. ભકતના હદયમાં સ્નેહ જગાવે છે. બસ ! આ જ શ્રીમહાપ્રભુજીની સાચી શોભા છે. આ પુષ્ટિમાર્ગના આચાર્યની-ગુરુની સાચી શોભા છે. તે જુઓ.

માયાવાદિ-કરીન્દ્ર-દર્પ-દલનેનાસ્યેન્દુ-રાજોદ્ગત-
શ્રીમદ્-ભાગવતાખ્ય-દુર્લભ-સુધા-વર્ષેણ વેદોકિતભિઃ ।।
રાધાવલ્લભ-સેવયા તદુચિત-પ્રમ્ણોપદેશૈરપિ
‘શ્રીમદ્વલ્લભ’-નામધેયસદશો ભાવિ ન ભૂતોડસ્ત્યપિ ।। ૫ ।।

‘‘માયાવાદિ-કરીન્દ્ર-દર્પ-દલનેના’’ માયાવાદી કરીન્દ્ર એટલે માયાવાદિ ગજેન્દ્ર-હાથી છે. તેનો જે અહંકાર હતો. તેને દલન (દૂર) કર્યો અને ‘‘આસ્યેન્દુ-રાજોદ્ગત શ્રીમદ્-ભાગવતાખ્ય-દુર્લભ-સુધા-વર્ષેણ’’ અને આપના મુખારવિંદથી જે ભાગવતાખ્ય-જે દુર્લભ સુધા છે. તેની વર્ષેણ (વર્ષા)થી અને તેની વર્ષા કેવી રીતે કરી ? જે મનમાં ગમી ગઈ તેવી રીતે નહીં. ‘‘વેદોકિતભિઃ’’ વેદઉકિતથી તેની વર્ષા કરી છે. ‘‘રાધા વલ્લભ સેવયા’’ અને રાધા વલ્લભની સેવા કરી છે. ‘‘તદુચિત પ્રેમ્ણોપદેશૈરપિ’’ તેની સેવા ખુદ પોતે કરી એટલું જ નહીં. તેને ઉચિત પ્રેમનો ઉપદેશ પણ કર્યો છે. એવું ‘શ્રીમદ્ વલ્લભ’ નામ ધેય આ જુઓ ! ફરીથી એક અવતરણ ચિન્હ (સીંગલ ઈન્વર્ટેડ કોમા)માં આપ્યું. ધ્યાનથી સમજો. એવું ‘શ્રીમદ્ વલ્લભ’ નામધેયસદશો ભાવિ ન ભૂતોડસ્ત્યપિ-એવા વલ્લભ નામ વાળા જેવા પહેલા કોઈ થયા નથી, કયારેય થશે પણ નહીં અને કોઈ છે પણ નહીં.

આપણાથી શા માટે ન થઈ શકે ? તે તો પહેલાં જ ખુલાસો કરી દીધો. કે શ્રીમહાપ્રભુજી જેવા તો થઈ જ ન શકે. ભાઈ ! થઈ ન શકે તો થવું જ નહીં, એવું કોણે કહ્યું ? થઈ શકે નહીં, તે વાત તો ઠીક, પણ થવું જ નહીં, એ વાત કોણે કહી? પ્રયાસ તો કરો યાર ! ન થાય તો ન થાય. પરંતુ આપણે ત્યાં શું કહે છે ? કે થઈ જ ન શકે. તે તો પહેલાં જ ખુલાસો કરી દીધો. તો શા માટે ખોટો પ્રયાસ કરવો ? મોજમારોને ! એવો અર્થ અહીંયા નથી. લગભગ (અકસર) એવો અર્થ કરે હોં ! ''શ્રીમદ્ વલ્લભ નામધેયસદશો ભાવિ ન ભૂતોડસ્ત્યપિ'' દરેક વાતનો બિચારા શ્રીમહાપ્રભુજીને જ દંડ ? તો આ આપણે 'શ્રી' જોઈ.

ત્યારબાદ **(પુષ્ટિસમ્પ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય જ્ઞાનં રૂપો ગુણઃ- કલિબલભીતિનિરાકર્તૃત્વે સતિ ભગવત્પ્રીતિકરસેવામાર્ગ પ્રવર્તકત્વમ્)-** પુષ્ટિ સંપ્રદાયમાં ગુરુરૂપ શ્રીવલ્લભનો જ્ઞાન રૂપ ગુણ શું છે ? જ્ઞાનરૂપ ગુણ શું છે ? કે કલીનું જે બળ છે. તેનો ડર જીવને જે સતાવી રહ્યો છે, કે હવે તો કલિકાલ આવી જ ગયો. હવે આપણે શું કરીશું ? અરે ભાઈ ! અક્કલ ચલાવો. જેમ, એક વાત ધ્યાનથી સમજો. કે તકલીફ તો જે ઉત્પન્ન થવાની છે તે થશે જ. પરંતુ માણસની અક્કલ કયા કામમાં આવે કે તે તકલીફમાંથી પોતાનો રસ્તો શોધે ? તો તકલીફ આવી ગઈ, તે તો આવવાની જ છે. હવે આપણે શું કરી શકીએ ? તો આ તો ફરીથી તે જ થઈ ગયું ને ! કે **''મેરે અંગને મેં તુમ્હારા કયા કામ હૈ ?''**

જ્ઞાન કયા કામમાં આવે છે ? કે તકલીફ આવી તો તે તકલીફમાંથી આપણો રસ્તો કેવી રીતે શોધવો ? લગભગ છાપામાં વાંચતા હશોકે, ભૂકંપ આવ્યો અને મકાન પડી ગયુ. માણસો દબાઈ ગયા. તો અંદર જે દટાયેલા માણસો છે.તે પણ અવાજ (હલ્લો)કરે, રોતા રહે, કોઈપણ રીતે નીકળવાનો પ્રયત્ન કરે. તો તે અક્કલ તો ચલાવે કે નહીં ? કે હવે મકાન તો પડી ગયુ. હવે જીવીને શું ફાયદો ? મકાન પડી ગયું, તો દટાઈને મરી જાવ. ભાઈ ! રોવો, કંઈક તો કરો ! અક્કલ તો ચલાવો, કે કેવી રીતે નીકળી શકાય ? તો તે અક્કલ નહીં

ચલાવવી, તે તો ''મેરે અંગને મે તુમ્હારા કયા કામ હૈ ?'' જેવું થઈ જાય. તો એવા શ્રીમહાપ્રભુજી નથી. શ્રીમહાપ્રભુજી તેમાં પોતાની બુદ્ધિ ચલાવે છે કે, ભાઈ ! કલિકાલ ખૂબ જ મોટો છે. મોટો છે તો છે. અક્કલ કેવી ચલાવવી ? કે જેથી આ કલિકાલથી ડરવાની આપણને જરૂરત જ ન પડે.

એક જાપાનીઝ કરાટેવાળાનું મેં વાંચ્યુ હતું, કે તેની સામે કોઈ ચિત્તો કે સિંહ આવી ગયો. તો તેણે જોયું કે હવે ચિત્તો કે સિંહ આવી જ ગયો, તો ખાવાનો તો છે જ. પરંતુ તેણે એટલી જોરથી તેનાં માથા પર મુક્કો માર્યો કે તેને પણ લફડો થઈ ગયો કે, અચ્છા ! આવું પણ જાનવર છે, કે જે મારા માથા પર ઢમ ! (મુક્કો) કરી શકે! તે ચાલ્યો ગયો. સારો એવો-ઈંટ તૂટે એવી તાકાતથી માર્યો હશે ને ? તો જુઓ ! સિંહ પણ ખાવા આવે ને! તો વિચાર બદલી શકે છે.

જો આપણે આપણી અક્કલ કંઈક ચલાવીએ તો ? આપણો કંઈક હાથ ચલાવીએ તો ? એક વાત સમજો કે માણસનાં હાથમાં સિંહના માથા પર મારવાની કેટલી તાકાત હોઈ શકે ? પરંતુ એવો જોરથી ધમાકો કર્યો હશે ને ! ત્યારે તો સિંહે પોતાનો વિચાર બદલ્યો હશે, કે ભાઈ ! લફડો લાગે છે. હું સમજી રહ્યો હતો એવું સસલું આ નથી. અત્યારે એક પડયો. કોઈ બીજો વધારે પડશે તો ? સિંહને પણ થઈ ગયું કે, ભાઈ જવા દયો ને ! ફરી કયારેક આપણે શિકાર શોધશું.

તો આનું નામ છે કે જો તકલીફ આવી ગઈ. તેમાંથી આપણો રસ્તો શોધવો. હવે સિંહ આવી ગયો તો આપણે વિચારીએ કે, સિંહ આવી ગયો, તો લે ખાઈ જા તુ. એવું જ નિર્ધારીત કરી લીધું કે અમારો તો જઘન્યાધિકાર જ છે. એવો જઘન્યાધિકાર કેમ માને, યાર ? એક મુકકો મારીને તો જોઈ લે ! કાંઈ નહીં તો આંખમાં ચટણી નાખીને જોઈ લે. એવી ઘણી બધી સ્ત્રીઓની કથા આવે છે. કે છરી લઈને ગુંડો આવી ગયો તો, તેના હાથમાં કાંઈ ન આવ્યુ, તો તેની આંખમાં ચટણી નાખી દીધી. ભાઈ ! રસોઈઘરની ચટણી તો હોય કે નહીં ? તો છરીવાળા ગુંડાઓ પણ ભાગી જાય. માણસ જો અક્કલ ચલાવે તો તેના ડરનું નિવારણ થાય. જો અક્કલ ચલાવે નહીં તો તે તો મરવાનો જ છે. તે વાતને ધ્યાનથી સમજો.

તો શ્રીમહાપ્રભુજીનો જ્ઞાનરૂપ ગુણ છે. તે ગુણ કેવો છે ? કે ''કલિબલ

ભીતિનિરાકર્તૃત્વે સતિ'' કલિબલની જે ભીતિ છે - જે ડર છે, તે આપણા દિલમાંથી દૂર કરી દયે છે. કે ડરો નહીં, કલિકાલ ખૂબ જ બલવાન છે. પરંતુ ડરવાનું કોઈ કારણ નથી. કોઈ એવો ઉપાય આપણી પાસે અત્યારે પણ હોઈ શકે છે. જેને વાપરીશું તો કલિ પણ પોતાનો વિચાર બદલી નાખશે કે ભાઈ ! હવે અહીંયા કામ કરવાની કોઈ જરૂરત નથી. કોઈ બીજા શિકારને શોધશું.

''ભગવત્પ્રીતિકરસેવામાર્ગપ્રવર્તકત્વમ્'' ભગવાનને પણ પ્રીતિકર થઈ જાય. ભગવાન પણ વાહ-વાહ! કહે કે ભાઈ! આનું નામ માર્ગ ચલાવ્યો કહેવાય. એવા ભગવદ્ પ્રીતિકર સેવામાર્ગની પ્રવર્તકતા જ શ્રીમહાપ્રભુજીનું જ્ઞાન છે. જે આપશ્રી શ્રીમહાપ્રભુજીનું બુદ્ધિપુર્વકનું કામ (ઈન્ટેલેકચ્યુઅલ ફંકશન) છે. તે કયા રોકાયેલ (ઈન્વેસ્ટેડ) છે ? બાબત (ઈશ્યુ) એ છે કે શ્રીમહાપ્રભુજીએ પોતાના બુદ્ધિપૂર્વકના કામનું કયા રોકાણ (ઈન્વેસ્ટ) કર્યુ ? ક્યા કાર્યમાં રોકાણ કર્યું ? એવા કાર્ય (પ્રોજેકટ)માં રોકાણ (ઈન્વેસ્ટ) કર્યું, કે જીવમાંથી કલિબલની ભીતિ દૂર થાય.

આ વાતને ધ્યાનથી સમજો કે શ્રીગુસાંઈજીએ કહ્યું એવું જ નથી. અષ્ટછાપ વગેરે જેટલા ભગવદીય છે. તેઓના બધાના પદને એક દિવસ નવરાશથી જોઈ (સર્વે) લ્યો. તે સમયના દરેક ભકત એવું કહેતાં મળશે, કે હું કલિબલની ભીતિથી નિવૃત્ત થઈ ગયો. આ કલિકાલ અમને ખાઈ જાત. પરંતુ આપે અમને બચાવી લીધા.

દરેક વ્યકિતને શ્રીમહાપ્રભુજીએ એટલા નિર્ભય બનાવી દીધા. માત્ર સેવા જ પધરાવી નથી. તેના હૃદયમાંથી બધો ડર દૂર કરી દીધો. જે પણ ડર શાસ્ત્ર ઉત્પન્ન કરતો હતો. કે કલિયુગ આવી ગયો. આ થઈ ગયુ. જ્ઞાન અને વૈરાગ્ય ઘરડા થઈ ગયા. આમ થઈ ગયું, તેમ થઈ ગયું. શ્રીમહાપ્રભુજીએ બધો ડર દૂર કરીને માણસની અંદર આત્મવિશ્વાસ પ્રકટ કરી દીધો. કે હટ ! કાંઈ નથી. ''**તબ હમહું ઔરન કી નાંઇ હોય કનોડે ફીરતે**'' આ રીતની માણસમાં એક માદ્દા ઉત્પન્ન કરવી. તે વાત શ્રીમહાપ્રભુજીનું જ્ઞાન છે.

યદંઘ્રિ-નખ-મણ્ડલ-પ્રસૃત-વારિ-પીયૂષ-યુગ્-

વરાઙ્ગ-હૃદયૈઃ કલિસ્ તૃણમિવેહ તુચ્છીકૃતઃ ॥
વ્રજાધિપતિરિન્દિરા - પ્રભૃતિ - મૃગ્ય - પાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિતસ્ તદનુગત્વમેવાસ્તુ મે ॥ ૬ ॥

જેના ચરણકમલના નખમાંથી નીકળેલ જે વારિ-જલ, ચરણામૃતનું જે પીયૂષ છે. તે પીયૂષને જેણે પોતાના હૃદય અને માથા પર લગાવ્યું. આ જુઓ એક ભાવની વાત છે એટલે કે પોતાના હૃદયમાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના આશ્રયનો ભાવ રાખ્યો. આપણી બુદ્ધિમાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના આશ્રયને સમજયો અને તેનો અનુભવ કર્યો. તેણે શું કર્યુ ? ''કલિસ્ તૃણમિવેહ તુચ્છીકૃતઃ'' એક ઘાસના તણખલાની બરાબર કલિયુગની કિંમત સમજી. એટલો તેનામાં વિશ્વાસ (કોન્ફીડન્સ) શ્રીમહાપ્રભુજીએ ભર્યો.

''ઈન્દિરા પ્રભૃતિ મૃગ્ય પાદામ્બુજ, ક્ષણેન પરિતોષિતસ્'' ચરણ દબાવવાવાળા ઈન્દિરા (લક્ષ્મીજી) જેને શોધી રહ્યા છે. જે નિરંતર ચરણ દબાવે છે, તે ઈન્દિરા તે ચરણ દબાવવા માટે વ્રજાધિપના ચરણને શોધી રહી છે કે વ્રજાધિપને સુખ આપી શકે-સંતુષ્ટ કરી શકે, તેવો જે વ્રજાધિપને સંતુષ્ટ કરવાવાળો માર્ગ છે. તે આપે પ્રકટ કર્યો, ''તદનુગત્વમેવાસ્તુ મે'' તેનો અનુગામી હું બની જાઉ, બસ ! આટલી જ વાત અપેક્ષિત છે. આ જે છે તે જ્ઞાન છે અને 'તદનુગતા' ન હોવી અને ઉટપટાંગ રસ્તા પર ચાલવું તે જ્ઞાન નથી, તે તો અજ્ઞાન છે અથવા ભ્રમજ્ઞાન છે. એ વાત ધ્યાનથી સમજો.

પ્રશ્ન :- એ ત્રીજા શ્લોકમાં અને પાંચમાં શ્લોકમાં જે વીર્યગુણનું અને શ્રી ગુણનું માહાત્મ્ય બતાવ્યુ. તેમાં બન્નેમાં ભગવત સેવા પ્રતિબંધ નિવારક છે. તો તફાવત (ડીફરન્સ) કેવી રીતે લેવો ?

ઉતર :- મેં શરૂઆતમાં જ એ વાત કહી દીધી. ''**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય, દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવત તત્ત્વજ્ઞં**'' આ જે ત્રણ ગુણો છે ને ! તે અહીંયા જુદી-જુદી રીતે વાગોળ્યા છે, તો વાગોળવામાં પુનરાવર્તન (રીપીટેશન) તો આવશે જ ને ! મેં શરૂઆતમાં જ કહ્યું હતું કે જે શ્રીમહાપ્રભુજીના ગુરુ હોવાના ત્રણ લક્ષણ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા. એ ત્રણ

ગુણોને અહીંયા સાત રીતે વાગોળ્યા છે. બાકી નવા કોઈપણ શ્લોકમાં કાંઈપણ નવી વાત નથી આવી. બધા જ શ્લોકમાં એની એ જ વાત ફરીથી આવી રહી છે. પણ વાગોળવાનો અંદાજ જુદો-જુદો છે .એક જ વાતને જુદા-જુદા અંદાજથી વાગોળી છે.

(પુષ્ટિસમ્પ્રદાયે ગુરુરૂપસ્ય શ્રીવલ્લભસ્ય વૈરાગ્ય રૂપો ગુણઃ - સ્વાનુગામિનાં સકલકલિકાલદોષનિવર્તનેતરવિષયેષુ વિરતત્વમ્)- પુષ્ટિ સંપ્રદાયમાં ગુરુસ્રૂપ શ્રીવલ્લભનો વૈરાગ્ય રૂપ ગુણ શું છે ? તે ધ્યાનથી સમજો.

શ્રીમહાપ્રભુજીની ખૂબ જ વિશિષ્ટ (ટેકનીકલ) વાતની આમાં શ્રીગુસાંઈજીએ પ્રશંસા કરી છે કે જેમ વૃત્ર કહે છે ને ! કે **''અહં હરેઃ તવ પાદૈકમૂલ દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ''** તેવી રીતે શ્રીમહાપ્રભુજીના ગુણગાનમાં કેવી મજેદાર વાત કરી રહ્યા છે. કે શ્રીમહાપ્રભુજીને દરેક ચીજથી વૈરાગ્ય છે, સિવાય કે આ કલિકાલને ભૂલીને પુષ્ટિજીવ કેવી રીતે કૃષ્ણ સેવા પરાયણ થઈ જાય ? તો કૃષ્ણની સેવા કરવાવાળા સેવકની સેવા કરવામાં, બીજા શબ્દો (ઈન અધર વર્ડ)માં કહીએ તો સેવા કરવા સિવાયના બધા વિષયમાં શ્રીમહાપ્રભુજી વિરકત છે. આજ શ્રીમહાપ્રભુજીનો વૈરાગ્ય છે.

કૃષ્ણની સેવા કરવાવાળા જે સેવક છે. તેનું હિત વિચારવા સિવાય બીજા બધા વિષયમાં શ્રીમહાપ્રભુજી વિરક્ત છે. તેના માટે ફરીથી પાછો વૈષ્ણવ પંથ, દામોદર પંથ ચલાવવાની જરૂરત નથી. ધ્યાનથી સમજો. કૃષ્ણ સેવક પંથ ચાલશે તો કૃષ્ણ પોતાની રીતે સ્થાપિત (એસ્ટાબ્લીશ) થશે ને ! કૃષ્ણ સેવા તો એક નહીં સહસ્ત્ર રીતે થશે. ''લક્ષ્મી સહસ્ત્ર લીલાભિઃ'' જે મંગલાચરણમાં આપણે જોયું ને ! તો તે એક રીતથી નહીં. સહસ્ત્ર લક્ષ્મીથી કૃષ્ણ સેવા કરવી છે. તે વાત અહીંયા સમજાવી.

અઘૌઘ-તમસાવૃતં કલિ-ભુજઙ્ગમાસાદિતમ્
જગદ્‌વિષયસાગરે પતિતમ્ અસ્વધર્મે રતમ્ ।।
યદીક્ષણ-સુધા - નિધિ - સમુદિતોઽનુકમ્પામૃતાદ્

અમૃત્યુમકરોત્ ક્ષણાદ્ અરણમસ્તુ મે તત્પદમ્ ॥ ૭ ॥

''અઘૌઘ તમસાવૃતં'' પાપના અંધકારથી જે ઘેરાયેલ હતા અને કલિરૂપી જે 'ભુજંગમ્' સાપ છે - અજગર છે. તેના દ્વારા જકડાયેલા હતા. ''જગદ્વિષયસાગરે પતિતમ્'' જગતરૂપી જે વિષયનો સાગર છે. તેમાં પતિત હતા.''અસ્વધર્મે રતમ્'' પોતાના ધર્મમાં રત ન હતા, અસ્વધર્મમાં રત હતા. એટલે કે પુષ્ટિ જીવનો જે ધર્મ હોવો જોઈએ. તેમાં રત હોવાને બદલે કંઈક બીજા લફડામાં રત હતા. એ બધાનું શું કર્યુ ?

''યદીક્ષણ સુધા નિધિ સમુદિતોઙનુકમ્પામૃતાદ્'' તેની જે ઈક્ષણ સુધાનિધિ-શ્રીમહાપ્રભુજીની નજર (નિગાહ) જો કોઈ પર પડી, તે આ બધા લફડામાંથી છૂટી ગયા. એટલે કે શ્રીમહાપ્રભુજી તેને જોવા માટે લાલાઈત છે કે આવો પુષ્ટિજીવ-જે ભગવદ્ સેવા કરવા માટે લાયક છે. તે આ લફડામાં શા માટે ફસાઈ ગયો ? જેને આપણે આજની ભાષામાં લક્ષ્ય (મીશન) કહીએ ને ! તો શ્રીમહાપ્રભુજીનું જો કોઈ લક્ષ્ય હતુ તો તે શું હતું ? તો કોઈપણ રીતે જીવને આનાથી છોડાવવો.

શ્રીમહાપ્રભુજીનું લક્ષ્ય એ છે કે, અઘૌઘ તમસાવરણથી છોડાવવો - કલિભુજંગ માસાદિતથી છોડાવવો, જગદ્ વિષય સાગરમાં પતિતનને, અસ્વધર્મ રતથી છોડાવવો. ઈક્ષણ સુધાનિધિથી એક નિગાહ (દષ્ટિ) કરી-જેમ વાર્તામાં કેટલો સુંદર પ્રસંગ આવે છે, કે ગંગાના કિનારે આત્મહત્યા (સ્યુસાઈડ) કરવા માટે બેઠા હતા અને શ્રીમહાપ્રભુજીએ તે નાજુક ક્ષણમાં જઈને કહી દીધું કે જો વૈરાગ્યના કારણે-મુકિતના કારણે કોઈ ગંગામાં આત્મવિલોપન કરે છે તો ઠીક છે. કોઈક રીતે વાત ઠીક થઈ શકે છે. પરંતુ પોતાની લૌકિક નિરાશા (ફ્રસ્ટેશન)ના કારણે જો ગંગામાં આત્મહત્યા કરે, તો તે સર્પયોનિને પ્રાપ્ત થાય છે.

તેમાણે કહ્યું કે મને શિષ્ય બનાવો. લફડો શું છે ? હું ગંગામાં રાતના આત્મહત્યા (સ્યુસાઈડ) કરવા માટે તો ગંગા કિનારે બેઠો હતો. તો એક ઈક્ષણ સુધાનિધિથી આ પૂરું પરિવર્તન (કન્વર્ઝન) કર્યું કે તે આત્મહત્યા કરવા બેઠેલાને

અને પાછો આત્મહત્યા કરવામાં શરમાતા જીવને એકદમ નિઃસંદિગ્ધ ભગવત્ સેવા-કથા પરાયણ કરી દીધો. આ જે વસ્તુ (સ્ટફ) છે, તે વસ્તુ જ આચાર્યચરણના વૈરાગ્યની વસ્તુ છે. શિષ્યના વિત્ત (પૈસા)નું અપહરણ કરવાનું ઈચ્છતા નથી. શિષ્યના ચિત્તને આ રીતે હરવાનું ઈચ્છે છે. શ્રીમહાપ્રભુજી તેનું ચિત્ત હરીને કોઈપણ રીતે પ્રભુમાં લગાવે છે.

"અમૃત્યુમકરોત્" તેને અમૃત્યુ બનાવી દે છે. ખ્યાલમાં આવ્યું ને ? ગંગામાં ડુબીને મરવાવાળાને ડુબતા પહેલા જ અમર બનાવી દે છે. આપના જે ચરણ છે તે મારા માટે અરણ થાય-આશ્રય સ્થાન થાય. આ વાત સ્ફુરત્ કૃષ્ણ પ્રેમામૃતમાં વૈરાગ્યના રૂપમાં બતાવી. એટલે કે આ તેનું લક્ષ્ય છે. પોતાનું કામ કરવું એ એક અલગ વાત છે. પરંતુ કોઈનું કોઈ લક્ષ્ય હોવું એ વાત સમજો.

લક્ષ્ય એ નિરોધનો જ બીજો પર્યાય છે ભાઈ ! તેનું લક્ષ્ય શું છે ? એટલે કે તેનો નિરોધ શેમાં છે ? બીજી દશ પ્રવૃતિ (એકટીવીટી) કરતો હશે. પરંતુ આમાં એ પ્રપંચ વિસ્મૃતિપૂર્વક પોતે પોતાને સામેલ કરી રહ્યો છે. તો જેનું જે લક્ષ્ય છે. તેમાં તે બીજા દશ કામ છોડીને પોત પોતાને સામેલ કરી રહ્યો છે. આ લક્ષ્ય શબ્દ જે છે ને! તે આ પ્રકૃતિ (નેચર)નો શબ્દ છે. નિરોધ અવસ્થાને સુચન કરવાવાળો, કે એનું લક્ષ્ય આ છે.

એવી રીતે શ્રીમહાપ્રભુજીનું લક્ષ્ય એ છે કે કોઈપણ રીતે ભગવદ્ સેવકો પ્રકટ કરવા. જેથી કૃષ્ણ સેવા પોતાની રીતે ચાલશે. ભગવદ્ સેવકો પ્રકટ થશે તો ભગવદ્ સેવા ચાલશે. ભગવદ્ સેવક પ્રકટ ન થાય તો ભગવદ્ સેવા કેવી રીતે ચાલશે ? ભગવદ્ સેવકને તકલીફ શું છે ?

"અધૌઘતમસાવૃતં કલિ-ભુજઙ્ગમાસાદિતમ્ જગદ્વિષયસાગરે પતિતમ્ અસ્વધર્મે રતમ્" આ જ ભગવદ્ સેવાના પ્રતિબંધક છે. આમાંથી શ્રીમહાપ્રભુજી જ છોડાવી શકે. આને જ શ્રીમહાપ્રભુજીએ પોતાનું લક્ષ્ય બનાવ્યું. તેના માટે બધી પરીક્રમા કરી. કોઈ પોતાને આચાર્ય તરીકે પૂજાવા માટે પરિક્રમા નહોતી કરી. ન તો કોઈ જગ્યાએથી પૈસા ભેગા કરવા માટે પરિક્રમા કરી હોય.

બિરબલે શ્રીગુસાંઈજીને કહ્યું કે પરદેશ શા માટે જાવ છો ? હું બધાય પૈસા આપીશ. શ્રીગુસાંઈજીએ કહ્યું કે અમારા કામથી ગયો. હવે બિરબલ અમારા કામનો રહ્યો નથી. કેમ ? જો પૈસા ભેગા કરવા જતા હોત તો આનાથી વધારે ખુશીની વાત શું હોય ? કે **હિન્દુસ્તાનનો મહામંત્રી** (પ્રાઈમ મીનીસ્ટર) પ્રસ્તાવ (પ્રપોઝ) રજુ કરી રહ્યો હતો કે જેટલા પૈસા જોઈએ એટલા પૈસા હું આપું.

શ્રીગુસાંઈજીએ કહ્યું કે હવે અમારા કામથી ગયો. હવે તેને ત્યાં જવું જોઈએ નહીં. શ્રીગુસાંઈજી ત્યાંથી રાતોરાત ડેરા ઉઠાવીને નીકળી ગયા. બિરબલે બિચારાએ કોઈ અપમાન (ઈન્સલ્ટ) નહોતુ કર્યું. બિરબલે આપનું હિત વિચાર્યું હતુ. કે ભાઈ ! પરિશ્રમ શા માટે લઈ રહ્યા છો ? જેટલો ખર્ચ થાય એટલો હું આપીશ. પરંતુ લક્ષ્ય પૈસા ભેગા કરવાનું નહોતું. લક્ષ્ય હતું ભગવદ્ સેવક તૈયાર કરવા. આવું કોઈ પોતાનો સેવક વિચારે તો તો પાછળથી ખંજર ભોંકી (બેક સ્ટેન્ડીંગ) રહ્યા છે. તો શ્રીગુસાંઈજીએ કહ્યું, ભાગો અહીંયાથી, તો રાતોરાત ડેરા-તંબુ ઉઠાવી લીધા. શ્રીગુસાંઈજીનું આ લક્ષ્ય હતું.

।। ઇતિ શ્રીવિટ્ઠલેશ્વરવિરચિતં શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રં સમ્પૂર્ણમ્।।

॥ નામરત્નાખ્યસ્તોત્રમ્ ॥

કાલે આપણે ‘‘સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત’’ સુધી કર્યું. ત્યારબાદ નામરત્નાખ્ય પાંચમું સ્તોત્ર છે. જે રીતે સર્વોત્તમસ્તોત્રની સંરચના છે, તેવી જ રીતે શરૂઆતના અઢી શ્લોક ઉપક્રમના છે. એટલે કે એક થી લઈને અઢી શ્લોક સુધી ઉપક્રમ છે. ત્યારબાદ અઠ્ઠાવીસથી લઈને ત્રીસ શ્લોક ઉપસંહારના છે અને વચ્ચે ત્રીજા શ્લોકથી સત્તાવીશ શ્લોક સુધી શ્રીગુસાંઈજીના ૧૦૮ નામ છે.

આમાં સૌથી પહેલો શ્લોક ઉપક્રમ પણ છે અને મંગલાચરણ પણ છે. આશ્રયાત્મક મંગલાચરણ છે. સ્તુત્યાત્મક નથી-નમનાત્મક નથી, આશ્રય ભાવનાત્મક મંગલાચરણ છે. કાલે મે બતાવ્યું હતું કે કોઈક મંગલાચરણ એવા હોય છે કે જે વિષય છે, તે વિષયની સ્તુતિ કરે છે. કોઈ તે વિષયની આકાંક્ષા કરે, કોઈ તે વિષયને વંદન કરે. એક આપણા ભકિતમાર્ગીય મંગલાચરણમાં શકય (પોસીબલ) છે કે તેનો આશ્રય લેવો. તો આ આશ્રય ભાવનાત્મક મંગલાચરણ છે. તે આશ્રય ભાવનાત્મક મંગલાચરણમાં શ્રીરધુનાથજી કહી રહ્યા છે કે, **(મઙ્ગલોપક્રમઃ)**- મંગલ ઉપક્રમ કરે છે.

યન્નામાર્કોદયાત્ પાપ-ધ્વાન્ત-રાશિઃ પ્રશામ્યતિ ॥
વિકસન્તિ હૃદબ્જાનિ તન્નામાનિ સદાશ્રયે ॥૧॥

જેના નામનો સૂર્ય ઉદય થવાથી, પાપની અંધકાર રાશી પ્રશમિત થઈ જાય. પ્રશાંત થઈ જાય અને એક વાત ધ્યાનથી સમજો કે અંધકાર મટી જાય એટલું જ નહિ. સૂરજ જેમ અંધકારને દૂર કરે છે. તેવી રીતે કમળને ખિલાવે પણ છે. તો હૃદયકમલ જેનાથી વિકસિત થાય છે-જે નામોનો આશ્રય લેવાથી, આવા નામનો હું આશ્રય કરું છુ. આ આશ્રય ભાવનાત્મક મંગલાચરણ છે. આને ધ્યાનથી સમજો.

(સ્તોત્રર્પિ-છન્દો-દેવ-વિનિયોગ-ફલનિરૂપણમ્)-આ એક શ્લોકમાં આશ્રય ભાવના કરીને આગળની ત્રણ લીટી એટલે કે બીજો શ્લોક અને

ત્રીજાની અર્ધી લીટીમાં સર્વોત્તમ સ્તોત્રની જેમ-સ્તોત્રના ઋષિ કોણ છે ? સ્તોત્રનો છંદ કયો છે ? સ્તોત્રના દેવ કોણ છે ? સ્તોત્રનો વિનિયોગ શું છે ? કઈ વાતમાં છે ? અને સ્તોત્રનું ફલ શું છે ? આ બધી વાતનું નિરૂપાણ કરવામાં આવ્યું છે.

આનુષ્ટુભમિહચ્છન્દઃ[૧] **ઋષિરગ્નિકુમારજઃ**[૨] **।।**
સર્વશકિતસમાયુક્તો દેવઃ શ્રીવલ્લભાત્મજઃ[૩] **।। ૨ ।।**
વિનિયોગઃ સમસ્તેષ્ટ- સિદ્‌ધ્યર્થે વિનિરૂપિતઃ[૪] **।।**

“આનુષ્ટુભમિહચ્છન્દઃ” આ સ્તોત્રમાં આનુષ્ટુપ છંદ છે. “ઋષિરગ્નિકુમારજઃ” અગ્નિકુમાર શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી ઋષિ છે. “સર્વશકિતસમાયુકતો દેવઃ શ્રીવલ્લભાત્મજઃ” શ્રીવલ્લભાત્મજ શ્રીગુસાંઈજી આ સ્તોત્રના અધિષ્ઠાતા દેવ છે. “વિનિયોગઃ સમષ્તેષ્ટ સિદ્‌યર્થે વિનિરૂપિતઃ” આ ખૂબ જ ખતરનાક શબ્દ શ્રીરઘુનાથલાલજીએ વાપર્યો છે.

પરંતુ સંસ્કૃતમાં એક ન્યાય છે. “**નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા**” એવું કહ્યું હોય કે બધા બ્રાહ્મણોને ભોજન કરાવો. તો ભૂત-ભવિષ્ય-વર્તમાન અથવા આખી દુનિયાના બધા બ્રાહ્મણોને નહીં. પરંતુ જે નિમંત્રિત બધા બ્રાહ્મણો છે તેને ભોજન કરાવવું. એવી રીતે પુષ્ટિભકિતમાં જે ઈષ્ટ સિદ્ધિ નિમંત્રિત છે. એ બધી ઈષ્ટ સિદ્ધિમાં બાકી બધી દાદાગીરી કે ગુંડાગીરીની બધી ઈષ્ટસિદ્ધિનો અહીંયા કોઈ સંદર્ભ નથી.

કારણકે જેને તે ઈષ્ટસિદ્ધિઓ અપેક્ષિત છે. તેના માટે શ્રીગુસાંઈજી નથી અને જેના માટે શ્રીગુસાંઈજી છે. તેના માટે તે ઈષ્ટસિદ્ધિ અપેક્ષિત નથી. તો “સમસ્તેષ્ટ સિદ્‌ધ્યર્થે” આમાં જે ન્યાય છે, તે ધ્યાનથી સમજો. બધા બ્રાહ્મણોને ભોજન કરાવવા બેસાડી દયો. તેમાં આપણે “બધા બ્રાહ્મણો” શબ્દ વાપરીએ છીએ. પરંતુ બધા એટલે કોણ બધા ? જે નિમંત્રિત બધા બ્રાહ્મણો છે તે. બાકી આખા ગામના બધાય બ્રાહ્મણો નહીં.

એવી રીતે પુષ્ટિમાર્ગમાં જે ઈષ્ટ સિદ્ધિને નિમંત્રિત કરી શકાય કે ભાઈ !

આ ઈષ્ટ સિદ્ધિ. ઈષ્ટ એટલે આપણી અભિલાષા-ઈચ્છા. આપણને શું અભિલાષા છે ? અને તે અભિલાષાની સિદ્ધિ એટલે ઈષ્ટ સિદ્ધિ. તો કઈ ઈષ્ટ સિદ્ધિ ? પુષ્ટિમાર્ગમાં જે નિમંત્રિત છે, તે જ નિમંત્રિત બધી ઈષ્ટ સિદ્ધિમાં આનો વિનિયોગ છે. બીજી બધી ઈષ્ટ સિદ્ધિમાં નહીં. જો કે સમસ્ત પદ છે. પરંતુ ''**સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા**'' એ ન્યાય આ પરિસ્થિતિ (સિચ્યુએશન) માં માની શકાય.

ત્યારબાદ શ્રીગુસાંઈજીના ૧૦૮ નામ શરૂ થઈ રહ્યા છે.''શ્રીવિટ્ઠલ, કૃપાસિંધુર્ થી લઈને ''શ્રીકૃષ્ણાનુગૃહીતૈક - પ્રાર્થનીય પદામ્બુજઃ'' સુધીના ૧૦૮ નામ છે. તેને તે રીતે ક્રમમાં આપ્યા છે. તો આપણે બરાબર જોઈ શકીએ છીએ કે કયું નામ કયા ક્રમમાં છે ? અને તે ૧૦૮ નામને સંકલિત કર્યા પછી **(સ્તોત્રપાઠફલમ્)-** આ સ્તોત્રના પાઠનું ફલ બતાવતા શ્રીરઘુનાથલાલજી આજ્ઞા કરી રહ્યા છે કે,

ઈમાનિ નામરત્નાનિ શ્રીવિટ્ઠલ-પદામ્બુજમ્ ॥
ધ્યાત્વા તદેકશરણો યઃ પઠેત્ સ હરિં લભેત્ ॥ ૨૮॥
યદ્-યન્ મનસ્યભિધ્યાયેત્ તત્તદ્ આપ્નોત્યસંશયમ્ ॥

આ નામરત્નનું જે સ્તોત્ર છે. આ જે શ્રીગુસાંઈજીના ૧૦૮ નામો છે એને શ્રીગુસાંઈજીના ચરણકમલનું ધ્યાન કરીને બોલે. ''તદેકશરણ'' થઈને બોલે તો તેને હરિ પ્રાપ્ત થશે. ''યદ્-યન્ મનસ્યભિધ્યાયેત્'', ફરી પાછા જુઓ! ''**નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા**'' છે. કોઈ કહે કે હું નામરત્નાખ્ય સ્તોત્રનો પાઠ કરીને સટ્ટાનો કે મટકાનો નંબર લગાવવા ઈચ્છુ. ''અભિધ્યાયેત્'' (૮) આઠ ઉપર નંબર લગાવી દયો. નામરત્નાખ્ય સ્તોત્ર લગાવીને ૧૦૮ નંબર લગાવી દયો. તો તે કોઈ પ્રકારનો મટકાનો નંબર લાગશે નહીં.

''યદ્ યન્ મનસ્યભિધ્યાયેત્'' પરંતુ નિમંત્રિત જે અભિધ્યાન છે, અનિમંત્રિત અભિધ્યાનનો અહીંયા પ્રશ્ન નથી. તમે જે કાંઈ મનમાં વિચારી રહ્યા છો. તે બધું સિદ્ધ થશે. ''તત્દાપ્નોત્યસંશયમ્'' તે બધું તમને મળશે. પરંતુ જે

કાંઇ વિચારી રહ્યા છો, તે તમારું કેવું વિચારેલું ? કે જે પુષ્ટિમાર્ગમાં નિમંત્રિત વિચાર છે તે. જે પુષ્ટિમાર્ગમાં નિમંત્રિત વિચાર નથી. એવું તમે વિચારતા હશો, તો તમારી તમે જાણો અને રામ જાણે. તેનાથી નામરત્નાખ્ય સ્તોત્રને કાંઇ લેવા-દેવા નથી. આ વાત એકદમ સારી રીતે સમજી લેવી જોઇએ.

નામરત્નાભિધમિદં સ્તોત્રં યઃ પ્રપઠેત્ સુધીઃ ॥ ૨૯ ॥
તદીયત્વં ગૃહાણાશુ પ્રાર્થ્યમ્ એતન્ મમ પ્રભો ॥
શ્રીવિટ્ઠલ-પદામ્ભોજ-મકરન્દ-જુષોડનિશમ્ ॥
ઇયં શ્રીરઘુનાથસ્ય કૃતિર્ વિજયતેતરામ્ ॥ ૩૦ ॥

આ સ્તોત્રનો જે બુદ્ધિશાળી ભક્તો પાઠ કરે છે. તો તેનું તદીયત્વ તમે પ્રાપ્ત કરો. એવી હું પ્રાર્થના કરું છું. શ્રીવિટ્ઠલના ચરણકમલના મકરન્દનું અર્હનિશ સેવન કરવાવાળી શ્રીરઘુનાથલાલજીની આ કૃતિ વિજય પામો. સર્વોત્કૃષ્ટ છે એવી એક કામના શ્રીરઘુનાથજીએ કરી.

॥ ઇતિ શ્રીરઘુનાથવિરચિતં નામરત્નાખ્યસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

॥ શ્રીયમુનાષ્ટકમ્ ॥

ભૂમિકા :-

એક વાત ધ્યાનથી સમજો કે લીલામાં-કૃષ્ણના પ્રાકટય કાલમાં જે શ્રીયમુનાજીનું, વ્રજભકત તથા કૃષ્ણની વચ્ચેનું જે કાર્ય હતું. તે કાર્ય છે અને જે શ્રીયમુનાજીનું નિર્ગુણ ભાવનું સ્વરૂપ છે, તે નિર્ગુણ ભાવના સ્વરૂપને જોતા, આપણા પુષ્ટિમાર્ગમાં નહીં પરંતુ પુષ્ટિભકિતમાર્ગમાં. કારણકે પુષ્ટિમાર્ગ તો ખૂબ જ મોટો છે. જેમાં પુતનાનો પણ ઉદ્ધાર થઇ શકે અને જેમાં કેટકેટલાય ગુંડાઓ (ગિલિન્ડરો)નો પણ ઉદ્ધાર થઇ શકે. તો પુષ્ટિમાર્ગ આટલો મોટો છે. પરંતુ પુષ્ટિભકિતમાર્ગ આટલો મોટો નથી. કારણકે અહીંયા પુષ્ટિભકિતમાર્ગમાં તેનો જે વિસ્તાર છે. તે થોડો સંકુચિત થઇ જાય છે કે અભકતના ઉદ્ધારની અહીંયા કોઇ ભૂમિકા નથી અને તેથી પુષ્ટિસંપ્રદાયનો વિસ્તાર સંકુચિત છે.

કારણકે પુષ્ટિસંપ્રદાય-સંપ્રદાયનો મતલબ વારસો. તો વારસો જે છે તે વારસામાં ભકિત પણ આપણને પ્રાપ્ત થાય છે. અને પ્રપત્તિ (શરણાગતિ) પણ પ્રાપ્ત થાય છે. ઘણા બધા વિકલ્પ આપણને પ્રાપ્ત થાય છે અને તેમાંથી કયો વિકલ્પ આપણે પકડવો તેની એક સાંપ્રદાયિક પરંપરા હતી. જે અત્યારે લુપ્ત થઇ ગઇ. જે ઉપદિષ્ટ પરંપરા હતી કે ભાઇ ! સર્વપ્રથમ તેને પ્રપત્તિમાં લેવો. પ્રપત્તિથી વિવેકધૈર્યાશ્રય જેને બરાબર સમજમાં આવે તે પછી ભકિતમાર્ગની તરફ અગ્રેસર થાય.

ભકિતમાર્ગમાં કથા અને સેવા-એટલે કે સ્મરણ અને ભજનની પ્રણાલીથી અગ્રેસર થાય. જે બન્ને નિભાવી શકતા નથી, તે બેમાંથી કોઇ એકમાં અગ્રેસર થાય. બન્ને જેના વિફલ થઇ જાય, તો તે ગૃહત્યાગ વગેરે કરીને તીર્થમાં અગ્રેસર થાય. તો તે જે એક મોટું વિસ્તૃત ક્ષેત્ર (સ્પેકટ્રમ) છે. સંપ્રદાયમાં, તે રીતે સારી વાત કહેલી છે. તેમાં માત્ર ભકિત નથી. તેમાં માત્ર પ્રપત્તિ નથી. તેમાં માત્ર તીર્થયાત્રા નથી. ઘણી બધી વાતો તેમાં વૈકલ્પિક (ઓપ્સન્લી) કહેલી છે

અને તે વિકલ્પને સમજીને આપણે પુષ્ટિસંપ્રદાયમાં પ્રવેશીએ.

અથવા પુષ્ટિસંપ્રદાયમાં કોઈને આમંત્રિત કરવામાં આવે, ત્યારે તો પુષ્ટિસંપ્રદાય બિચારો પુષ્ટિસંપ્રદાય રહેશે. નહીંતર તો પુષ્ટિસંપ્રદાય, સંપ્રદાય રહેવાને બદલે એક ખોટો દાય થઈ જાય છે. સંપ્રદાયના બદલે અપ્રદાય થઈ જાય છે. સંપ્રદાય એટલે સમ્યક પ્રદાય – સાચો વારસો અને અપ્રદાય એટલે શું કે જેનાથી કંઈ પ્રાપ્ત ન થતું હોય. કરેલું બધું બેકાર જતું હોય.

તો જયારે આપણે આ વાતને સમજયા નહીં તો ? દવા તો ઘણી બધી દવાની દુકાનમાં મળે છે. પરંતુ તમે કયા રોગની કઇ દવા છે ? એ જાણ્યા વગર દવાની દુકાનમાં દવા મળી રહી છે એમ માનીને ખાવાની શરૂ કરી, તો તે દવા જે છે તે રોગ મટાડવાને બદલે રોગ ઉત્પન્ન કરવાવાળી થઈ જાય છે. જે સ્થિતિ આજ આપણાં માર્ગ (રુગ્ણતા)ની છે. કે દરેક માણસને **“કહે સબન સો આવો આવો...”** અને બીજો કોઈ વિવેક કંઈ છે જ નહીં કે કોને શા માટે બોલાવી રહ્યા છે? છેલ્લે બોલાવીને તેનું કરવું શું છે ? તો તે આપણને હોશ જ નથી. જયારે તે હોશ જ નથી તો તે સંપ્રદાય રહેતો નથી. કારણકે કોઈ વારસાને ઝીલી જ શકતો નથી.

જેમ એક વાત સમજો કે આપણે બાળકને બંદુકનો વારસો દઈ દીધો. બાળકને રમકડાંનો વારસો દેવો જોઈએ કે બંદુકનો વારસો દેવો જોઈએ ? પાંચ-દશ વર્ષના બાળકને આપણે કહીએ કે તને આ બંદુકનો વારસો મળ્યો. કારણકે આ બંદુક તારા બાપની હતી. અરે ! તે પોતાને મારી (શુટ) નાખશે – બીજાને પણ મારી નાંખશે. તેને સમજ તો છે નહીં. તો એવી બંદુકનો વારસો કોને મળવો જોઈએ ? બાળકને તો ન જ મળવો જોઈએ ને ! બધાને તો તે વારસો ન મળવો જોઈએ. આપણે સમજયા-વિચાર્યા વગર બધાને વારસો આપવાનું શરૂ કર્યુ, તો સત્યાનાશની જડ તો આપણે જ પ્રગટ કરશું ને ! કોને કયા માર્ગની કઈ સરણી પર લઈ જવો તેની સુઝબુઝ તો હોવી જોઈએ કે નહીં ?

તો એવી રીતે જ શ્રીયમુનાજીનો જે નિર્ગુણભાવ છે. તે નિર્ગુણભાવ – આ પુષ્ટિ પ્રભુની જે લીલા હતી. તે લીલામાં એક આદર્શ ભાવ હતો. એક વાત

ધ્યાનથી સમજો. રાધાજીની સ્તુતિ અહીંયા નથી કરી. તેથી ઘણા મૂર્ખાઓને એવું લાગે કે શ્રીમહાપ્રભુજી રાધાજીને જાણતા જ નહોતા.

રાધાજીની સમજ તો ચૈતન્ય સંપ્રદાયથી મળી. તો હવે ચૈતન્ય સંપ્રદાયને રાધાજીની સમજ ક્યાંથી મળી ? એક વાત ધ્યાનથી સમજો અક્કલ ચલાવીને. એ વાત નથી કહેતો કે ચૈતન્ય મહાપ્રભુ દિવ્ય વિભૂતિ ન હતા. ચૈતન્ય મહાપ્રભુ દિવ્ય વિભૂતિ હતા. તો આપણા શ્રીમહાપ્રભુજી શા માટે દિવ્ય વિભૂતિ ન હતા ? અને શંકરાચાર્ય શા માટે દિવ્ય વિભૂતિ નહોતા ? રામાનુજાચાર્ય શા માટે દિવ્ય વિભૂતિ નહોતા ? બધા આચાર્યો દિવ્ય વિભૂતિ હતા.

પરંતુ તેમને રાધાજીની સમજ ક્યાંથી મળી ? તે જમાનામાં રાધાજીનું જે સાહિત્ય ઉપલબ્ધ હતું. તેનાથી તેમને રાધાજીની સમજ મળી. તો શું શ્રીમહાપ્રભુજીને તે સાહિત્ય પ્રાપ્ત નહોતું ? તે લોકોએ કહ્યું અને આપણે માની લીધુ. આપણે ત્યાં પણ બધા એમ જ માને છે કે શ્રીમહાપ્રભુજીને રાધાજીની સમજ નહોતી, અને ચૈતન્ય મહાપ્રભુને હતી. હવે તે ચૈતન્ય મહાપ્રભુને ક્યાંથી સમજ મળી ? જ્યાંથી મળી-જે સાહિત્ય (લિટરેચર)થી મળી તે શ્રીમહાપ્રભુજીના સમયમાં પ્રાપ્ત હતું કે નહીં ? કે પછી શ્રીમહાપ્રભુજીના પ્રકટ થયા બાદ ચૈતન્ય મહાપ્રભુના સમયમાં તે સાહિત્ય પ્રાપ્ત થયું. ?

તે સાહિત્ય જો એટલું નવું (રીસેન્ટ) છે. તો ચૈતન્ય મહાપ્રભુનું રાધાને માનવું અને રાધાનું માહાત્મ્ય વધારવું એ એક દગો (ફ્રોડ) છે અને જો તે પ્રાપ્ત હતું, તો શ્રીમહાપ્રભુજી તો ચૈતન્ય મહાપ્રભુથી પાંચ વર્ષ મોટા હતા. ચૈતન્ય મહાપ્રભુએ જયારે તે સાહિત્ય જોયું હશે. તેના પાંચ વર્ષ પહેલાં તો શ્રીમહાપ્રભુજીએ જોયું જ હશે કે નહીં ? એવું શા માટે માનવું કે શ્રીમહાપ્રભુજીએ તે જોયું નથી ? એમણે કહ્યું કે આપણી પાસે નહોતુ તો આપણે માની લીધું.

ધ્યાનથી સમજો, રાધાજીનો એક ભાવ છે. ભગવદ્ લીલામાં-કૃષ્ણ લીલામાં રાધાજીનો જે ભાવ છે. તે ભાવ નિર્ગુણ ભાવ નથી. તે નિત્ય સિદ્ધાનો ભાવ છે અને એક જે ભાવ છે તે તામસ ભાવ છે. રાધાજીનો-રાધા સહચરીના

રૂપમાં તો તે તામસ ભાવ બધાને છૂટ આપશે ? માત્ર પુષ્ટિ ભાવની છૂટ આપી તો આટલો ગોટાળો થઈ ગયો. તો તામસ ભાવની છૂટ આપે તો ન જાણે શું-શું ન થાત?

સંસ્કૃતમાં એક કહેવત છે **''તિષ્ઠન્ મૂત્રસ્યેહ ગુરોઃધાવન્મૂત્રાનુવર્તિનઃ ''** ગુરુજી ઊભા રહીને પેશાબ કરતા હતા. ચેલાએ જોયું. તેણે દોડતાં દોડતાં પેશાબ કરવો શરૂ કર્યો. કારણકે હું તે ગુરુનો શિષ્ય છું. એક થોડીક પુષ્ટિભાવની છૂટ આપી તેમાં આટલું કૌભાંડ થઈ ગયુ. તો તામસભાવની છૂટ આપે તો તો કોણ જાણે આપણા માર્ગમાં શું-શું ઉપદ્રવ ન થાય ?

તો એ વાત સમજો કે શ્રીમહાપ્રભુજી તે મૂળથી પુષ્ટિભકિતને શરૂ કરવા નથી માંગતા. શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદથી પુષ્ટિભકિત શરૂ કરવા ઈચ્છે છે. બ્રહ્મવાદ એટલે શું ? **''સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ''** બધું જ બ્રહ્મ છે, અને બધું જ બ્રહ્મ છે, તેથી હું પણ બ્રહ્મ છું એવું વિચારીને આપણે જો ભકિત કરવાનું બંધ કરી દઈએ તો એ ભાવ છે તે આપણો ભકિત વિરોધી ભાવ હશે.

શ્રીમહાપ્રભુજી વેદસ્તુતિમાં આ વાતનો ખૂબ જ સુંદર ખુલાસો કરે છે કે બધું જ બ્રહ્મ છે, આ વાતને સાંભળીને, જેને એ પ્રેરણા મળે કે ભજન કરવાનું નથી. તો તેને શ્રીમહાપ્રભુજી કહે છે કે તો હું એ કહીશ કે જગત બ્રહ્માત્મક નથી, જગત મિથ્યા છે-જગત માયિક છે. બ્રહ્માત્મક નથી. જુઓ ! ધ્યાનથી સમજો એ આપણો સિદ્ધાન્ત નથી. પરંતુ બ્રહ્માત્મક છે તેનો જો કોઈ એવો અર્થ કરે કે જગત બ્રહ્માત્મક છે-હું પણ બ્રહ્માત્મક છું. તો પછી બ્રહ્મનું ભજન કરવાની મારે શું આવશ્યકતા છે ? તો પછી શ્રીમહાપ્રભુજી ત્યાં એકદમ લાગણી વગરનું વલણ અપનાવી (બ્લન્ટ એટીટયુડ એડોપ્ટ) એ કહે છે કે જગત બ્રહ્માત્મક નથી. જગત માયિક છે, મિથ્યા છે.

તેથી આ જગતમાં તુ બ્રહ્મ કેવી રીતે હોઈ શકે ? મિથ્યા જગતમાં પ્રકટ થયેલ તુ પણ મિથ્યા છો અને શ્રીમહાપ્રભુજી એક ડગલું આગળ જઈને કહે છે કે સાચ્ચે જ અહીંયા જો કાંઈ છે તો શૂન્ય જ સાચું છે. બાકી બધું મિથ્યા છે. શૂન્ય સિવાય બધું જ મિથ્યા છે. હવે આ પંકિત જોઈએ તો આપણને જુલાબ થઈ

જાય. કે **“સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકો વેદ પારગઃ”** આપણને આ સમજાવી રહ્યા છે કે બધું જ શૂન્ય છે. જીવ નથી કે જડ નથી. બધું જ શૂન્ય છે. એટલે કે બધું જ પોકળ છે. કાંઈ ઠોસ અહીંયાં છે જ નહીં.

પરંતુ શા માટે આ વાત કહી રહ્યા છે ? તે વાત ધ્યાનથી સમજશો, તો સમજમાં આવી જશે કે આ વાત શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જગત બ્રહ્માત્મક છે. તુ બ્રહ્માત્મક છો. તેનો અર્થ જો તે ભૂલેચુકે પણ એવો કર્યો કે તેથી કૃષ્ણ ભજન આવશ્યક નથી. તો પછી હું પણ તને કહીશ. કારણકે તે પક્ષ બદલી નાખ્યો. જે પક્ષ થી હું તને આ વાત કહેવાનું ઈચ્છી રહ્યો હતો કે જગત બ્રહ્માત્મક છે. તે પક્ષને તુ છોડીને કોઈ બીજો પક્ષ પકડી રહ્યો છે.

ભજનાર્થ તમે જગતની બ્રહ્માત્મકતા નથી સ્વીકારી, ભજન ત્યાગ માટે તમે જગતની બ્રહ્માત્મકતા સ્વીકારી. તો હવે આવો અને મારો સામનો કરો. હવે ઘણી જ પ્રબલ યુકિતથી શ્રીમહાપ્રભુજીએ સિદ્ધ કર્યું કે આખુ જગત શૂન્ય છે. બ્રહ્માત્મક કાંઈ નથી. જીવ-બીવ કાંઈ છે નહીં. બધું જ શૂન્ય છે. જો તારે કૃષ્ણ ભજન ન કરવું હોય તો,આવો મારો સામનો કરો. શ્રીમહાપ્રભુજી ખુલ્લો પડકાર (ઓપન ચેલેન્જ) આપી રહ્યા છે અને તમે મારી યુકિતનો સામનો કરો અને સિદ્ધ કરીને મને બતાવો કે જગત કેવી રીતે સત્ય છે ? જગત કેવી રીતે બ્રહ્માત્મક છે ?

હું તમારી સામે સિદ્ધ કરી રહ્યો છું કે જગત બધું ખોટું છે. સ્વપ્નની જેમ દેખાતી ખોટી ભ્રમણા છે. જગતમાં સત્યના નામે અહીંયા કોઈ વસ્તુ નથી. એક ધુળનો કણ સત્ય નથી. બધું જ મિથ્યા-સ્વપ્નની જેમ ભ્રાંત પ્રતિત થાય છે. ન જીવ છે કે ન કઈ વસ્તુ જડ છે. એ પક્ષ શ્રીમહાપ્રભુજીએ લઈ લીધો છે. ખ્યાલમાં આવ્યું ?

તો તે પક્ષ પર આપણે ન જઈએ. તેના માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે તને નિર્ગુણભાવ શ્રીયમુનાજીનો સમજાવેલ કે કૃષ્ણ જેવા જ શ્રીયમુનાજી છે. સાક્ષાત્ કૃષ્ણ જેવા જ છે, છતાં પણ કૃષ્ણ ભજન છોડી નથી રહ્યા. તે શ્રીયમુનાજીને તમે સમજીને-નિર્ગુણ ભાવને આપણો આદર્શ સમજીને, તમે

ભકિત કરવા જશો. કે બ્રહ્મવાદના આધાર પર તમે પણ સાક્ષાત્ બ્રહ્મ છો. યાદ હોય તો સર્વોત્તમ સ્તોત્રના પ્રવચનમાં મેં કહ્યું હતું કે કોઈ આપણે એકલા જ બ્રહ્મ નથી. બધા વૈષ્ણવો પણ બ્રહ્મ છે અને વૈષ્ણવ જ બ્રહ્મ છે એવું નથી જે પુષ્ટિમાર્ગને ગાળો આપે છે ને ! જે પુષ્ટિમાર્ગના વિરોધી છે તે બધા અહીંયા પુરુષોત્તમ છે. આ પુષ્ટિમાર્ગમાં કોઈ એક પુરુષોત્તમ થઈ શકે નહીં.

આ વાતને ધ્યાનથી સમજો. જો છે તો કણ-કણ પુરુષોત્તમ છે અને નથી તો કોઈ પુરુષોત્તમ નથી. બધુ શૂન્ય છે. વૈકલ્પિક (ઓલ્ટરનેટલી) આને વિચારો કે જો પુરુષોત્તમ છે તો બધું જ પરુષોત્તમ છે અને જો પુરુષોત્તમ નથી તો યાર ! કોઈ પુરુષોત્તમ નથી. બધા પુરુષોત્તમ નામધારી છે. આ વાતને સારી રીતે સમજીલ્યો.

તે વાત સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથના પ્રારંભમાં યમુનાષ્ટકનું મંગલાચરણ કર્યું છે કે આપણે આ ભાવથી સારી રીતે અનુપ્રેરીત થઈ જઈએ કે શ્રીયમુનાજી કેવા સાક્ષાત્ કૃષ્ણરૂપ છે-નિર્ગુણ ભાવવાળા છે. નિર્ગુણ ભાવવાળા હોવા છતાં શ્રીયમુનાજી કૃષ્ણ ભજનથી વિમુખ નથી. કૃષ્ણનો બધો શૃંગાર ધારણ કર્યો છે. પરંતુ કૃષ્ણનો શૃંગાર પોતાનું ભજન કરાવવા માટે ધારણ નથી કર્યો. કૃષ્ણનું ભજન કરવા માટે કૃષ્ણના શૃંગાર ધારણ કર્યા છે.

પહેલાના બાલકો ખૂબ જ શૃંગાર ધારણ કરતા હતા અને ઘણા બધાને એ સમજમાં નથી આવતું કે એ લફડો શું હતો ? પરંતુ કૃષ્ણ ભજન કરવા માટે જેમ **''અમે રાજના ખાસા ખવાસ''** છે. તો જેમ રાજ-વૈભવથી રહે. તેમ તે વૈભવથી રાજની સેવા કરવાની ઉત્કૃષ્ટ ભાવનાથી શૃંગાર ધારણ કરતા હતા. એમ પોતાની મહિમા (ગ્લોરીફીકેશન) માટે શૃંગાર ધારણ નહોતા કરતા. તો એ વાત છે જે ધ્યાનથી સમજો. એ વાત આપણને શ્રીયમુનાજીના સ્વરૂપના આદર્શથી સમજમાં આવી રહી છે.

તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનું મંગલાચરણ કર્યું, તે શ્રીયમુનાજીનું જે મંગલાચરણ કર્યું. તે લીલાની કથા હતી. એટલે કે પુષ્ટિમાર્ગની કથા હતી. પુષ્ટિભકિતની કથા ન હતી. તે પુષ્ટિભકિતની કથાથી ફરી

પુષ્ટિમાર્ગમાંથી એક પુષ્ટિભકિતનું પાસુ આવ્યું અને તે પુષ્ટિભકિતના પાસામાં ફરી શ્રીમહાપ્રભુજીએ એક પુષ્ટિસંપ્રદાય પ્રવર્તિત કર્યો. તો જયારે પુષ્ટિસંપ્રદાય પ્રવર્તિત થયો તો તેમાં ઘણી વાત આવી ગઈ છે કે જે વાતનું વિધિ નિષેધ આપણે સમજવું પડશે અને પછી તે હિસાબે ફરી આપણે તે પુષ્ટિમાર્ગવાળો સિદ્ધાન્ત પકડીને ચાલશું તો તે પુષ્ટિમાર્ગ છે.

ભગવાન તો પુતનાનો પણ ઉદ્ધાર કરે તો, અમારો શા માટે નહીં કરે ? ભાઈ! પુતનાનો ઉદ્ધાર તો મારીને કર્યો. ભકિત આપીને તો નથી કર્યો ને ? તો તમારે તેવો મરીને ઉદ્ધાર જોઈએ કે ભકિત કરીને ઉદ્ધાર જોઈએ છે ? નકકી સમજો. શિશુપાલનો ગાળો દેવાને કારણે પુષ્ટિમાર્ગમાં ઉદ્ધાર કર્યો. તો કેવી રીતે કર્યો ? ચક્રથી ગળુ કાપીને. તમારી ગળુ કપાવવાની તૈયારી છે ? ગળુ કપાવવાની તૈયારી હોય તો ચાલો આવી જાવ. ''**સ્વાગતમ્ .... સ્વાગતમ્ હો મહાભાગા પ્રિય કિં કરવાણી.....**'' આવો તમારું સ્વાગત કરીએ ચક્કર ચલાવીને.

તો આ વાત ધ્યાનથી સમજો કે આપણે પુષ્ટિમાર્ગમાં સ્વાગત કરી રહ્યા છીએ. તો કરી શકાય. જો કોઈને ગળુ કપાવવું હોય તો પુષ્ટિભકિતમાર્ગમાં તેનું સ્વાગત નહીં કરી શકાય. જેને ગળુ કપાવવું હોય, તેને આપણે કહેવું જોઈએ, ભાઈ ! બીજા ઘણા કતલખાના (સ્લોટર હાઉસ) છે. ત્યાં જઈને કપાવી લેને ! અમે તારું શું પાપ કર્યું છે કે અમારે ત્યાં ગળુ કપાવવા આવ્યો ?

પુષ્ટિસંપ્રદાયમાં કોઈનું ગળુ કાપી શકાય નહીં અને પુષ્ટિસંપ્રદાયમાં આવી ગયો તો બકરો સમજીને હવે ગળુ કાપી જ નાખો. એમ ગળુ કાપી શકાય નહીં. પુષ્ટિસંપ્રદાયમાં આવ્યો તો તેને તેના અધિકારના અંગરૂપ ભકિતમાં પ્રવૃત્ત કરવો પડશે.

આ પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ યમુનાષ્ટક નથી એ વાત ધ્યાનથી સમજો. આ પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ સર્વોત્તમ છે. આ પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ વલ્લભાષ્ટક છે. આ પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ સ્ફુરતકૃષ્ણ પ્રેમામૃત છે. આ પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ નામરત્નાખ્ય છે. આ માટે આપણે આ ચાર ગ્રંથ અહીંયા યમુનાષ્ટકની પહેલાં યોજીત કર્યા છે.

આપણે પુષ્ટિમાર્ગનું મંગલાચરણ કરવા જઈ રહ્યા છીએ. પરંતુ એવું નહીં કે જે પુષ્ટિસંપ્રદાયથી સ્વતંત્ર થઈને પુષ્ટિમાર્ગનું મંગલાચરણ કરે. પુષ્ટિમાર્ગનું-પુષ્ટિભકિતમાર્ગનું મંગલાચરણ કરવા ઈચ્છી રહ્યા છીએ. પરંતુ પુષ્ટિસંપ્રદાયની રીતે.

જે શ્રીમહાપ્રભુજીથી શ્રીગુસાંઈજીથી આપણને પુષ્ટિભકિતનો-પુષ્ટિસંપ્રદાયનો જે વારસો મળ્યો છે. તે વારસાનું મંગલાચરણ આપણે શ્રીમહાપ્રભુજીને યાદ કર્યા વગર શ્રીગુસાંઈજીને યાદ કર્યા વગર નહીં કરી શકીએ, એવું માનીને શ્રીમહાપ્રભુજીને આ વારસો નિર્ગુણ ભાવનો કયાંથી મળ્યો ? શ્રીયમુનાજીથી મળ્યો. તો શ્રીમહાપ્રભુજી પુષ્ટિભકિતમાર્ગમાં મંગલાચરણ કરી રહ્યા છે આવીને વાત સમજમાં ? પુષ્ટિસંપ્રદાયનું મંગલાચરણ આપણે સર્વોત્તમ, વલ્લભાષ્ટક, સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત, નામરત્નાખ્યથી કરીને, હવે આપણે પુષ્ટિભકિતમાર્ગનાં મંગલાચરણ તરફ યમુનાષ્ટક દ્વારા આગળ વધી રહ્યા છીએ.

આ યમુનાષ્ટકમાં શ્રીયમુનાજીના ઐશ્વર્યનું વાર્ણન કરવામાં આવી રહ્યું છે. ઐશ્વર્યનું વાર્ણન શા માટે ? કારણ કે આ પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીયમુનાજી ઈશ્વરી છે. હવે એક વાત ધ્યાનથી સમજો. પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીયમુનાજી ઈશ્વરી હશે. પરંતુ પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજી ઈશ્વરી નથી. પુષ્ટિમાર્ગમાં તો સ્વયં શ્રીઠાકોરજી ઈશ્વર છે. શ્રીઠાકોરજીને પુષ્ટિભક્તિ કરવી હોયને, તો શ્રીઠાકોરજી ખુદ પુષ્ટિભક્તિ કેવી રીતે કરશે ? શ્રીઠાકોરજીએ શ્રીયમુનાજી જેવું સ્વરૂપ પ્રકટ કર્યું કે જે શ્રીઠાકોરજી જેવું જ સ્વરૂપ છે. શ્યામ સ્વરૂપ હોવા છતાં પણ શ્રીઠાકોરજીની ભક્તિ કરી રહ્યા છે હોં! શ્રીયમુનાજી હવે આપણા માટે પુષ્ટિમાર્ગમાં મંગલાચરણ કરવા લાયક બની ગયા.

જો આપણે પુષ્ટિમાર્ગીને ભક્તિમાર્ગીય બનવું છે. તો શ્રીયમુનાજીનું મંગલાચરણ કર્યા વગર પુષ્ટિભક્તિમાર્ગની વાત સમજમાં આવશે નહીં. જેવી રીતે પુષ્ટિસંપ્રદાયની વાત શ્રીમહાપ્રભુજીનું અને શ્રીગુસાંઈજીનું મંગલાચરણ કર્યા વગર સમજમાં આવશે નહીં. તેવી રીતે પુષ્ટિભક્તિમાર્ગની વાત

શ્રીયમુનાજીના સ્વરૂપને સમજ્યા વગર સમજમાં આવશે નહીં. પુષ્ટિમાર્ગની વાતમાં શ્રીયમુનાજીની કોઈ આવશ્યકતા નથી.

એક વાત ધ્યાનથી સમજો કે જ્યારે પૂતનાને મારી હતી. ત્યારે તેને યમુનાજીમાં સ્નાન કરાવીને ભગવાને મારી નહોતી. શીશુપાલનું ચક્રથી ગળુ કાપ્યું હતું, ત્યારે તેને યમુના જલ છાંટીને ગળુ કાપ્યુ નહોતુ. ટીંચર-આયોડીનની જેમ, કે થોડુંક યમુનાજલ છાંટી દીધુ અને પછી ચક્રથી ગળુ કાપી નાખ્યુ હોય એવી કોઈ વાત નહોતી. ચક્રથી ગળુ કાપ્યુ હતું, ટીંચર-આયોડીન વગર-યમુનાજી છાંટયા વગર.

તો આ વાત આપણે ધ્યાનથી સમજવી પડશે કે પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીયમુનાજીની આવશ્યકતા છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી પોતે પર્યાપ્ત (સેલ્ફ સફીસ્યન્ટ) છે. જેનું ગળુ કાપીને ઉદ્ધાર કરવો છે. ત્યાં શ્રીઠાકોરજીને શ્રીયમુનાજીની જરા પણ જરૂરત નથી. જ્યારે ઈચ્છા હોય ત્યારે કાપકૂપ કરીને ફેંસલો કરી શકે. ભાગવતમાં **''યમિહ નિરીક્ષ્ય હતા ગતાઃ સ્વરુપમ્''** કહેલ છે. મહાભારતમાં જે લડતા હતા, જે ભગવાનથી લડવાનું ઈચ્છતા હતા. તેની મરતા-મરતા ભગવાન પર દૃષ્ટિ ટકી ગઈ, તો તેનો ભગવાને ઉદ્ધાર કરી દીધો. આ કોઈ ભક્તિમાર્ગની વાત છે શું ?

એવી રીતે મંદિરમાં જઈને અમારી દૃષ્ટિ ભગવાનમાં ટકી ગઈ તો ઉદ્ધાર થઈ જશે. શા માટે ? મહાભારતમાં લડવાવાળાની દૃષ્ટિ ભગવાનમાં ટકી ગઈ તો તેનો ઉદ્ધાર થઈ ગયો હતો. અરે ભાઈ ! તમે ભગવાનથી મહાભારત કરવા જઈ રહ્યા છો ? કે મહાભક્તિ કરવા જઈ રહ્યા છો ? મહાભારત કરવા જઈ રહ્યા છો, તો તે વાત સાચી છે. જો તમારી દૃષ્ટિ ટકી ગઈ તો પ્રભુ પોતાનું પુષ્ટિ સામર્થ્ય વાપરીને ઉદ્ધાર કરી દેશે. તે વાત પુષ્ટિમાર્ગમાં સાચી હોઈ શકે. પરંતુ પુષ્ટિભક્તિમાર્ગમાં તે વાત સાચી હોઈ શકે નહિં.

એટલા માટે શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં સ્પષ્ટ ખુલાસો કરેલ છે કે **''દૃષ્ટેપિ ભગવતિ યાવત્ ન સર્વૈઃ ઇન્દ્રિયૈઃ અનુભૂયતે તાવત્ ન ફલમ્''** શ્રીઠાકોરજીના દર્શન થઈ પણ ગયા. પરંતુ બધી રીતે શ્રીઠાકોરજી અનુભૂત થતા

નથી, તો ફલ નથી. એ વાત ત્યાં શ્રીમહાપ્રભુજીએ કહી છે. તો ત્યાં ફલ છે, અહીંયા ફલ નથી. કેમ ફલ નથી? કેમ ફલ છે ? એક વાત ધ્યાનથી સમજો પુષ્ટિમાર્ગમાં તે ફલ હોઈ શકે કે ભગવાને એક વખત દર્શન આપ્યા. તો બસ... બસ... બસ... કૃતાર્થ થઈ ગયા. વધારે લફડો શા માટે ?

પુષ્ટિભક્તિમાર્ગમાં પણ એક વખત દેખાડો દઈ દીધો, કે ઓફીસે જતાં પહેલા મંદિરમાં દર્શન કરી લીધાને ? એક વખત અમારા ઉપર શ્રીઠાકોરજીની દૃષ્ટિ તો પડી ગઈ ને ? બસ કૃતાર્થ થઈ ગયા. અરે ! તને કોણે કહ્યું ? આવી રીતે કૃતાર્થ થવાનું ક્યા કહ્યું હતું ? મહાભારતમાં કહ્યું હતું કે મહાભક્તિમાં કહ્યું હતું ? એવી રીતે આપણે સંપ્રદાયને અનુસરણ (ફોલો) કરી રહ્યા નથી. આપણે કંઈક આપણી કલ્પના (ફેન્ટસી), ઉટપટાંગ કલ્પનામાં જીવી રહ્યા છીએ.

તો એ વાત ધ્યાનથી સમજો કે પુષ્ટિમાર્ગ એક અલગ વસ્તુ છે. એક પુષ્ટિભક્તિમાર્ગ અલગ વસ્તુ છે. પુષ્ટિસંપ્રદાય અલગ વસ્તુ છે તેનું મંગલાચરણ પણ અલગ-અલગ હશે. તો તે માટે શ્રીયમુનાજીમાં પુષ્ટિભક્તિમાર્ગનું બધું ઐશ્વર્ય સ્થાપિત કર્યું છે. પુષ્ટિસંપ્રદાયનું બધું ઐશ્વર્ય એટલે સર્વોત્તમ સ્તોત્રમાં, તમને આ વાત બતાવી હતી કે ત્યાં કાત્યાયની વ્રત કરવાથી કામ થઈ ગયું હતું. પરંતુ અહીંયા કાત્યાયની વ્રત કરવાથી કામ ચાલશે નહીં. શ્રીમહાપ્રભુજીએ જે રીતનો ઉપદેશ આપ્યો છે. તે રીતના ઉપદેશને તમે અનુસરશો તો કામ ચાલશે. એ વાત ટીકાઓના આધારે મેં બતાવી હતી. તો ધ્યાનથી સમજો કે આ રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીયમુનાજીનું સકલ સિદ્ધિ હેતુત્વરૂપ એક ઐશ્વર્ય છે.

એટલે કે પુષ્ટિભક્તિમાર્ગમાં અધિકારી (ઈન ચાર્જ ઓફીસર) કોણ છે? સૌથી ઉચ્ચ પદાધિકારી (સિનીયર મોસ્ટ ઓથોરીટી) પુષ્ટિભક્તિમાર્ગમાં કોણ છે ? શ્રીયમુનાજી છે. પુષ્ટિમાર્ગમાં સૌથી ઉચ્ચ પદાધિકારી કોની છે ? શ્રીયમુનાજીની નથી, શ્રીઠાકોરજીની ખુદની છે. બધા લફડા કરી શકે. ગળુ કાપીને, મારીને, ઢીબીને-બધા ઉપદ્રવ કરીને તેનો ઉદ્ધાર કરી શકે. પરંતુ તે કથા પુષ્ટિભક્તિમાર્ગની નથી. તેના માટે ધ્યાનથી જુઓ કે આપણી સેવાવિધિમાં તે લીલાની કોઈપણ સેવા કરાતી નથી. આપણે શ્રીઠાકોરજીની સામે નંદયશોદા

બનીને પલના ઝુલાવીએ. પરંતુ કોઈ પૂતના બનીને સૂઈ જાય કે લ્યો હવે દૂધ પી લ્યો અને મને મારી નાખો, એવો મનોરથ કોઈ દિવસ નથી થતો.

એક વાત બતાવું. સાચ્ચે જ વિષયાંતર છે. પરંતુ મારા દિલમાં વર્ષોથી એક મનોરથ થતો જ રહે છે કે ભાગવતના ઘણા બધા મનોરથ થાય-રૂકમણી હરણના, જન્મના, રાસલીલાના વગેરે. પરંતુ એવો એક મનોરથ કોઈ દિવસ કર્યો ? કે એક દિવસ કોઈ પૂતના લાવવામાં આવે. પછી તેનો કોઈ મનોરથી બની જાય, કે ભાઈ આ પૂતનાને કોણ મારશે ? એક મનોરથી નોંધીને જેમ રાવણના પૂતળાને મારેને ! એવી રીતે કોઈ દિવસ અઘાસુરને માર્યો હોય, કોઈ દિવસ પૂતનાને મારી હોય, કોઈ દિવસ બકાસુરને માર્યો હોય, કોઈ દિવસ તૃણાવર્તને માર્યો હોય, એવા એવા મનોરથ કરે તો ખરેખર આનંદ આવી જાય.

એવી કથા એક દિવસ કરવી જોઈએ. એક મોટુ મેદાન લીધું હોય અને પછી ખુબ મોટેથી રોવું, ઉં... ઉં... ઉં... કરીને અને પછી પૂતના ભગવાનને મારવા આવી ગઈ. પછી ભગવાને પૂતનાનું દૂધપાન કરીને મારી દીધી. બોલો શ્રીબાલકૃષ્ણ લાલકી જય ! અને ધૂમ-ધડામ ફટાકડા ફોડીને, પૂતનાને મારી નાખવી. એવી-એવી કથા હોય તો ખરેખર આનંદ-આનંદ થઈ જાય.

મે એક મનોરથ હૃદયમાં સેવ્યો. પરંતુ હિમંત થતી નથી કે કરવો કે ન કરવો ? બાકી એક-એક મનોરથી નોંધ્યો હોય આવા મનોરથના કે કોઈ એકે પૂતના મારી, એકે બકાસુર માર્યો. કોઈ એકે અઘાસુર માર્યો. એવી કથા સપ્તાહ કરીએ તો આનંદ-આનંદ થઈ જાય. મનોરથીઓને નોંધી લેવા. કે ભાઈ ! તમે શું કરશો ? તો પૂતના મારવાના મનોરથી. તમે શું કરશો ? બકાસુર મારવાના મનોરથી. કેવો આનંદ આવી જાય પુષ્ટિમાર્ગમાં. બધી બાધાઓ દૂર થઈ જાય. પરંતુ ખરેખર દૂર થાય કે નહીં ? એ વાત સમજો.

તો પુષ્ટિમાર્ગના પ્રભુતો સર્વેશ્વર છે. બધું ઐશ્વર્ય પ્રભુમાં નિહીત છે. પરંતુ પુષ્ટિભક્તિમાર્ગનું બધું ઐશ્વર્ય શ્રીયમુનાજીમાં સ્થાપિત કર્યું છે અને પુષ્ટિસંપ્રદાયનું બધું ઐશ્વર્ય શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજીમાં સ્થાપિત કર્યું છે. તો આપણે પુષ્ટિસંપ્રદાયના દરવાજા (ગેઈટ)થી પુષ્ટિભક્તિમાર્ગમાં જઈશું,

પુષ્ટિભક્તિમાર્ગના દરવાજાથી આપણે પુષ્ટિમાર્ગ સુધી જઈ શકીએ. ત્યારે તો આપણે પુષ્ટિપ્રભુ સુધી પહોંચશું. ઉટપટાંગ ઢંગથી પુષ્ટિમાર્ગમાં સીધો કુદકો (જમ્પ) લગાવશું ને ! તો આપણી ગતિ પણ પૂતના જેવી થઈ શકે એ વાત ધ્યાનથી સમજો. આવીને વાત સમજમાં ? આ યમુનાષ્ટકનો એક ચોક્કસ સંદર્ભ (પ્રોપર કોન્ટેક્સ્ટ) છે. તે આપણે સમજવો પડશે કે કયા સંદર્ભથી યમુનાષ્ટકને ષોડશગ્રંથમાં મંગલાચરણના રૂપમાં લખેલ છે.

॥ શ્રીયમુનાષ્ટકમ્ ॥

(શ્રીયમુનાયાઃ પુષ્ટિમાર્ગીય-સકલસિદ્ધિ-હેતુત્વ-રૂપૈશ્વર્ય-વર્ણનમ્)- જે પુષ્ટિભક્તિમાર્ગીય સકલ સિદ્ધિ છે તેના હેતુત્વરૂપ જે વાર્ણન છે તે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ-હેતું મુદા
મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ ॥
તટસ્થ-નવકાનન-પ્રકટ - મોદ - પુષ્પામ્બુના
સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

જુઓ ! કેવી રીતે ભક્તિ આવી રહી છે ? શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજીના સ્વરૂપથી ક્યા દરવાજેથી ભક્તિ લાવી રહ્યા છે ? તેની સુંદરતા જુઓને તો આનંદ આવશે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે હું તે શ્રીયમુનાજીને નમન કરી રહ્યો છું. જે સકલ સિદ્ધિની હેતુ છે કારણ છે. તો પુષ્ટિમાર્ગીય સકલ સિદ્ધિના કારણ શ્રીઠાકોરજી છે કે શ્રીયમુનાજી ? વાત સમજો પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી છે. પરંતુ તે પુષ્ટિમાર્ગીય-પુષ્ટિપ્રભુએ-પુષ્ટિભક્તિમાર્ગમાં પોતાની જે કાંઈપણ પુષ્ટિભક્તિમાર્ગીય સકલ સિદ્ધિ છે, તેની હેતુતા શ્રીયમુનાજીમાં સ્થાપિત કરી છે. તે જે ભક્તિમાર્ગ છે, તેને શ્રીમહાપ્રભુજી ક્યાંથી લાવી રહ્યા છે? ''મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણુત્કટામ્''

મુરારિ શ્રીકૃષ્ણના ચરણકમલની જે રેણુ છે. તે જેનામાં જલથી અધિક છે. ધ્યાનથી જુઓ ! ભગવાનના ચરણકમલની જે રેણું જેનામાં જલની અપેક્ષાએ વધારે છે. એટલે કે પાણીની તુલનામાં ભગવાનની ચરણરજ જેનામાં વધારે મળેલી છે. આ વાતથી શ્રીમહાપ્રભુજી અહીંયા ભક્તિને જોડવા ઈચ્છે છે કે શ્રીયમુનાજી શા માટે પુષ્ટિભક્તિમાર્ગની સકલ સિદ્ધિની હેતુ છે ?તો કહી રહ્યા છે કે આ માટે પુષ્ટિભક્તિમાર્ગીય સકલ સિદ્ધિની હેતુ છે. કારણ કે શ્રીયમુનાજીના જલમાં જલને બદલે ભગવાનના ચરણકમલની રેણુ વધારે છે. ''ચરણ કમલની રેણુ'' આ વાતમાં ધ્યાન આપશોને ! તો તમને ખ્યાલ આવશે કે

ભક્તિ કેવી રીતે આવી રહી છે ? ચરણરજ કોની પાસે વધારે હોય ? જે જેનો ભક્ત હોય.

હવે જુઓ, કે જેમ હિંડોળા ઝુલેને ? ક્યારેક આમ જાય, કયારેક તેમ જાય. આમાં હિંડોળાનો તમે અનુભવ કરો. કેવો હિંડોળો છે આમા ? આ બાજુ જુઓ ! ભક્તિ આવી, તો બીજો એક આ તરફ જઈ રહ્યો છે. કે "તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ પુષ્પામ્બુના, સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્" આ તટ પર જે ખીલેલા ફૂલ છે. તે ફૂલ પોતાની રીતે જ શ્રીયમુનાજીમાં ખરી પડે છે. તો શ્રીયમુનાજીમાં તે ફૂલ ખરી જાય છે. તેથી શ્રીયમુનાજીના જલમાં એ ફૂલ તરી રહ્યા છે. એ આજની શ્રીયમુનાજીનું વર્ણન નથી. આજે તો બધું જ પ્રદૂષણ (પોલ્યુશન) થઈ ગયું છે. આ બીજા કોઈ કાલના શ્રીયમુનાજીનું વર્ણન છે.

તો તટ પર જે નવકાનન-વન છે. તે વનમાં ખીલેલાં-તે વનમાં રહેલા વૃક્ષો પર ખીલેલા ફૂલથી-ફૂલવાળા જલથી શ્રીયમુનાજીની શોભા કેવી લાગી રહી છે ? જેમ ભગવાનની પૂજા સુર-અસુર બધા કરેને ? અને પૂજીત ભગવાનની શોભા કેવી હોય ? એવી ભગવાનના જેવી શોભાવાળા શ્રીયમુનાજી છે.

ફરી ધ્યાનથી જુઓ, બ્રહ્મવાદની તરફ નિશાન જઈ રહ્યું છે કે શ્રીયમુનાજી કેવા છે ? તો સાક્ષાત્ શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરવાવાળા છે. હવે શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરવાવાળા છે, તેથી કૃષ્ણ ભજનની ન્યુનતા નથી. "મુરારિ-પદ-પંકજ સ્ફુરદમન્દ-રેણૂત્કટાં" છે. જલની તુલનામાં ચરણરજ તો તેનામાં ખૂબ જ વધારે ઉત્કટ છે.

હવે જુઓ, કેટલી ગજબની વાત કહી છે ? આ ઝુલો સમજશો ને ! તો શ્રીમહાપ્રભુજી કેવી રીતે ઝુલી રહ્યા છે ? એક બ્રહ્મવાદનો ઝુકાવ છે. બીજો પુષ્ટિભકિતનો ઝુકાવ છે. એક બ્રહ્મવાદનો ઝુકાવ છે. પાછો એક પુષ્ટિભક્તિનો ઝુકાવ છે. આપશ્રી એવી રીતે ઝુલો ઝુલાવી રહ્યા છે. શ્રીયમુનાજીની સ્તુતિમાં તે બન્ને પાસાના વર્ણનથી ઝુલો ઝુલાવી રહ્યા છે.

(શ્રીયમુનાયાઃ ભગવદ્રતિ-વર્ધકત્વ-રૂપૈશ્વર્યવર્ણનમ્)- શ્રીયમુનાજીનું બીજું ઐશ્વર્ય શું છે ? તો શ્રીયમુનાજીનું ઐશ્વર્ય એવું નથી કે શ્રીયમુનાજી પોતાના ચુંદડી મનોરથ કરાવતા રહે. પરંતુ શ્રીયમુનાજીનું ઐશ્વર્ય કેવું છે ? ‘‘ભગવત્ રતિવર્ધકત્વસ્રૂપ ઐશ્વર્ય’’ કે જે જીવ શ્રીયમુનાજીના સંપર્કમાં આવે છે તે જીવમાં ભગવદ્ રતિ વધી જાય છે. તે ભગવદ્રતિ વર્ધકત્વરૂપ ઐશ્વર્યનું અહીંયા વાર્ણન કરે છે.

કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જ્વલા
વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગણ્ડ-શૈલોન્નતા ।।
સઘોષ - ગતિ - દન્તુરા સમધિરૂઢ - દોલોત્તમા
મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ।। ૨ ।।

એ કલિન્દગિરિના મસ્તક પર શ્રીયમુનાજી પહેલા આવ્યા ત્યાંથી ફંટાઈને નીકળેલા ‘‘પતદમન્દ પૂરોજ્જ્વલા’’ એકદમ ઉફાણતી નીકળી ‘‘વિલાસ-ગમનોલ્લસત્’’તેમના ગમનમાં એક રીતનો ઉલ્લાસ પ્રકટ થઈ રહ્યો છે. કારાણકે ‘‘**દોરકર સોર કર જાય પિયસો કહે**’’ હવે પુષ્ટિભકતને પુષ્ટિપ્રભુથી મેળાપ કરાવવા માટે પ્રકટ થયા છે ને ! તેનો ઉલ્લાસ છે. ‘‘**દોર કર સોર કર જાય પિય સો કહે, અતિ હી આનંદ મનમેં જુ હરખે**’’ તો એટલો વિલાસ ગમન છે, કે કંકાણ-પથ્થર વગેરે તેના પ્રવાહના કારાણે ઉછળે. એ ત્યાં પહાડ પરનું વાર્ણન શ્રીમહાપ્રભુજી કરી રહયા છે.

‘‘સઘોષ-ગતિ-દન્તુરા’’ એના વહેવામાં એક અવાજ પ્રકટ થઈ રહ્યો છે. ‘‘સમધિરૂઢ દોલોત્તમા’’ ઊંચે નીચે ભાગતા જતાં, ઝુલામાં ઝુલતાં પધારી રહ્યા છે. શા માટે ? કારાણકે ‘‘મુકુન્દ-રતિ-વર્ધિની’’ મુકુન્દમાં રતિ વધારવી છે. મુકુન્દમાં મુકિત વધારવી નથી. તે તો ગંગાજી મુકુન્દમાં મુકિત વધારવા માટે પહેલેથી જ હતા. પહેલાથી વહી રહ્યા છે. ખૂબ વિસ્તૃત (ડિસ્ક્રીપ્શન) રીતે ફેલાઈને પહેલેથી જ વહી રહ્યા છે .પરંતુ મુકુન્દમાં જો રતિ વધારવાવાળા કોઈ છે, તો તે આપાણા શ્રીયમુનાજી છે.

''જયતિ પદ્મબન્ધોઃ સુતા'' કેવો મીઠો શબ્દ છે ! પદ્મબન્ધુ એટલે સુર્ય, પદ્મ એટલે કમળ. કમળનો બંધુ-દોસ્ત, કમળનો દોસ્ત કોણ હોય ? જે કમળને ખીલાવે. દુશ્મન કોણ ? જે મુરઝાવે. તો પદ્મબંધુ-સૂર્યની પુત્રી છે. શ્રીમહાપ્રભુજીએ મુકુન્દ રતિવર્ધિની કહ્યું ને ! તો શ્રીમહાપ્રભુજીને ભકતનું હૃદયકમળ ધ્યાનમાં આવી રહ્યું છે. એ ભકતના હૃદય કમળને ખીલવી દેશે. એ જો આવી રીતે કલિન્દ ગિરિ મસ્તકથી વ્રજની તરફ દોડયા, તો ભકત જે પુષ્ટિજીવ છે, તેનું હૃદય ભકિતથી ખીલી ઉઠશે.

કારણકે પદ્મબન્ધુની પુત્રી છે ને ! સૂર્યની પુત્રી હોવાના કારણે સૂર્ય કેવી રીતે કમળને ખીલવી દયે ? એવી રીતે મુકુન્દ રતિ વર્ધન માટે એ ભકતના હૃદય કમળને ખીલવવા માટે પૂરી રીતે પોતાના પિતાશ્રીનો બધો વારસો લઈને દોડી રહ્યા છે. એવો વિચાર (આઈડિયા) સૂચિત (સજેસ્ટ) કરી રહ્યા છે. તે માટે ''શ્રીયમુનાયાઃ ભગવદ્ રતિ વર્ધકત્વ-રૂપૈશ્વર્યવાર્ણનમ્'' આ પ્રકારના ઐશ્વર્યનું વાર્ણન આ શ્લોકમાં કર્યું.

હવે ધ્યાનથી સમજો. કાલે કોઈકે પુછયું હતું ને ! કે તેની તે જ (એક જ) વાતનું પુનરાવર્તન થઈ રહ્યું છે. તો ભાઈ ! તે તો વાગોળવાની વાત છે ને ! એક વાત સમજો કે ફિલ્મના ગીતોમાં પણ રાગ હોય છે, નથી હોતા એવી વાત નથી. તે ફિલ્મના ગીતોનો જે રાગ હોય તે શાસ્ત્રીય ઢંગથી પણ ગાઈ શકાય. પરંતુ દરેક ફિલ્મી ગીતમાં એક રીતની તે સુંઘાણીની છીંક આવતી હોય કે ચપટી લગાવી નહીં, ને હાંક...છીંક... ત્રણ મીનીટમાં ખતમ અને તે જ ગીત શાસ્ત્રીય રાગમાં શું છે ? કે તે સુરોને કેટલાય ઢંગથી આ બાજુ-તે બાજુ, આગળ-પાછળ, ઉપર-નીચે વગેરે પચ્ચીસેક ઢંગથી તે સુરોનો સ્વાદ લેવાનો જે પ્રકાર છે. તો તે રાગ બની જાય અને સ્વાદ લેવો નહીં, તો તે સુંઘાણીની જેમ ત્રણ મીનીટમાં ગીત પૂરું, રાગ પણ પૂરો.

તો તે ફિલ્મી ગીતોની પદ્ધતિ છે છીંકવાળી અને આ જે રાગની પદ્ધતિ છે, તેમાં એક-એક સુરને કેટલીય રીતથી આગળ-પાછળ વ્યવધાનથી, અંતરાથી કેટલીય રીતે એકબીજાના સ્વરની સાથે, જેમકે, 'સા' ની સાથે 'ગ' ને

જોડીને. તો કયારેક 'સા' ની સાથે 'રે' ને જોડીને. તો કયારેક બે 'રે' ની વચ્ચે 'ગ' જોડીને. તો ક્યારેક બે 'ગ' ની વચ્ચે 'સા' ને જોડીને. કેટલા બધા પ્રકાર (વેરાયટી) બની શકે. 'સા' થી સીધા 'મ' પર છલાંગ મારીને, પાછા 'સા' પર આવીને. ફરી કયારેક 'ગ-મ' પર જઈને. સેંકડો - હજારો પ્રકાર તેના બની શકે છે.

ગણિતથી અભ્યાસ (વર્કઆઉટ) કરીએ તો સમજમાં આવશે કે ''સા,રે,ગ,મ,પ,ધ,નિ,સા'' ના કેટલાં વિવિધ રૂપો (વેરીએસન) થઈ શકે ? એ બધા વિવિધરૂપો જે આનંદ માણે તે રાગની મજા લઈ રહ્યા છે અને જે છીંકાણીની મજા લઈ રહ્યા છે, તે તો ચપટી લગાવી હાંક.... છીંક.... ચલ ભાગ.... ત્રણ મીનીટમાં રાગ પૂરો. **''મન તડપત હરિ દરશન કો આજ''** મન તડપતું જ નથી. ત્રણ મીનીટમાં બધો મામલો ખતમ, આ એક અલગ કથા છે. ત્રણ મીનીટમાં રાગની મજા લેવાની અને તે એક અલગ મજા છે કે સુરોના દરેક જોડાણ (કોમ્બીનેશન)ની મજા લેવાનું પસંદ કરે. તો તે રાગ કહેવાય.

એવી રીતે જ શ્રીમહાપ્રભુજીના જે ત્રણ ગુણ છે. **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય, દંભાદિરહિતં નરમ્, શ્રીભાગવત તત્ત્વજ્ઞં''** તે ત્રણ ગુણોના વિવિધ રૂપોને કેટલાં શકય બનાવીને શ્રીગુસાંઈજીએ ''સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત''માં આનંદ લીધો. એવી રીતે શ્રીયમુનાજીના જે ગુણ છે, આ બાજુ કહો કે તે બાજુ કહો તે બધા ગુણ લગભગ એક જેવા જ છે. તે બધા ગુણોમાં થોડી-થોડી વિવિધતા મૂકી (વેરાયટી ક્રિયેટ)ને તે ગુણોની - રાગની જેમ મજા લેવાનું શ્રીમહાપ્રભુજી ઈચ્છે છે. સુંઘાણી સુંઘવાની મજા નહીં.

ફિલ્મી ગીતવાળી ભાવના (સ્પીરીટ)માં શ્રીયમુનાષ્ટકને સમજવા જશો. તો તમે કહેશો કે એકની એક વાત ઘડીએ-ઘડીએ શા માટે આવી રહી છે? કારણકે તમને મજા નથી આવી રહી. વાત ધ્યાનથી સમજો કે તમને ઢોકળા સારા લાગે છે. તો એક ટુકડો ખાઈને આત્મતૃપ્ત થઈ જશે ? કે પાંચ-દશ-પચ્ચીસ ટુકડા તો ખાશો કે નહીં ? જો તમે પાંચ, દશ, પચ્ચીસ ટુકડા ખાશો - નાના કે મોટા તો તેનો સ્વાદ તમે લઈ શકશો અને એક ટુકડો ખાઈને, બસ ! ઘણું થઈ

ગયું. મતલબ! કંઈક ને કંઈક તમને મધુપ્રમેહ (ડાયાબીટીસ) છે. કાં તમને બ્લડ પ્રેશર છે. કાંઈક લફડો છે. તમે સ્વાદ લઈ રહ્યા નથી. અથવા તમે પ્રસાદીયા ભગત છો. તો તે એક અલગ કથા છે.

શ્રીયમુનાજીના સ્વરૂપના અષ્ટવિધ ઐશ્વર્યના ગુણને શ્રીમહાપ્રભુજી અહીંયા રાગની જેમ સ્વાદ લઈ રહ્યા છે. તે વાત ખાસ ધ્યાનથી સમજવાની છે. તેમાં મનમાં એવી ભાવના ન કરતા કે તેની તે જ વાત આગળ-પાછળ આવે છે. તે જ તો વાત આવશે. બીજી કયાંથી આવશે ? એ સ્વાભાવિક છે. કેમ સ્વાભાવિક છે ? કારણકે આપણે છીંક ખાવા ઈચ્છી રહ્યા છીએ. એ સુરોને આપણે વિવિધતાથી જે આગળ-પાછળ જોડાણની સંભાવનાઓ (કોમ્બીનેશન પરમીટેશન) જે છે, તેની આપણે મજા લેવા નથી ઈચ્છતા.

તે મજા લેશું તો આપણને પુનરાવર્તન (રીપીટેશન) નહીં લાગે. આપણને લાગશે કે આ તો ચાલતું જ રહેવું જોઈએ. મોટા ભાગે જે શાસ્ત્રીય સંગીત સાંભળતા હોય, તે આ રસને જાણે. અર્ધી કલાકમાં કોઈ રાગ પૂરો થઈ જાયને ! તો આખું વાતાવરણ ખૂબ જ નિરસ થઈ જાય કે શું લફડો થઈ ગયો ? એક રાગ અર્ધા કલાકમાં પૂરો થઈ ગયો ? કલાક સુધી કેમ ન ચાલ્યો ? કારણકે આપણે તેની મજા બીજી રીતે લેવા ઈચ્છીએ છીએ. છીંકણીની જેમ નહીં.

એવી રીતે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીના ગુણોની મજા લઈ રહ્યા છે. તેથી જુઓ-ફરીથી તે જ વાત કહી રહ્યા છે. થોડીક જુદી રીતે આવી રહી છે. પરંતુ વાત તેની તે જ છે. **(પ્રભુસમ્બન્ધ-પ્રતિબન્ધ-નિવર્તનેન તદનુભવાર્હશુદ્ધિરૂપ ભુવનપાવનીત્વ- રૂપૈશ્વર્યવર્ણનમ્)**- પુષ્ટિ પ્રભુની સાથે પુષ્ટિ જીવોનો જે સંબંધ છે. તે સંબંધમાં જે કાંઈ પ્રતિબંધ આવી શકતા હોય, જેવી રીતે આપણે શ્રીમહાપ્રભુજીના સર્વોત્તમ સ્તોત્રમાં જોઈ ગયા છીએ કે ''વિનિયોગો ભકિતયોગ-પ્રતિબન્ધ-વિનાશને'' તો તે રીતે જ અહીંયા સમજવું. હવે આપણે પાછા કહીએ કે તે તો સર્વોત્તમ સ્તોત્રથી જ બધાય પ્રતિબંધનું નિવર્તન થઈ ગયુ. પાછા શ્રીયમુનાજીને શા માટે દાખલ (ઈન્ટ્રોડયુઝ) કર્યા ? તો આપણે કહીએ કે જરૂર શ્રીમહાપ્રભુજીમાં કોઈને કોઈ ખામી હશે.

તેથી શ્રીયમુનાજીને દાખલ કર્યા. શ્રીમહાપ્રભુજીને દાખલ કરવાની શું જરૂર હતી? જો શ્રીયમુનાજી બધા પ્રતિબંધ દૂર કરે છે. તો એ વાત આપણે વાગોળવા નથી માંગતા તેથી ઉત્પન્ન થઇ રહી છે.

તે બધા જે પગથિયા (સ્ટેપ્સ) છે-પુષ્ટિના, પુષ્ટિમાર્ગના, પુષ્ટિભકિતમાર્ગના, પુષ્ટિભકિત માર્ગીય સંપ્રદાયના, તે એક-એક આવરણ છે. એ આવરણમાંથી પસાર થઈને પુષ્ટિ સુધી જયારે આપણે પહોંચવા ઈચ્છીએ છીએ. તો તે દરેક આવરણની આપણને મજા આવશે. આવ્યું ને ખ્યાલમાં ! જેમ આપણે કયાંક જઈ રહ્યા છીએ. ત્યાં આપણને કોઈક હેલીકોપ્ટરથી ઉતારી દયે તો ? ત્યાં જવાનો યાત્રાનો આનંદ લેતાં લેતાં પહોંચવાનો આનંદ અને તે હેલીકોપ્ટરથી પહોંચવાનો આનંદ.

એમ જે ક્ષુદ્ર લોકો છે. જે એવરેસ્ટ ચડી શકતા નથી. તેને એવરેસ્ટ ઉપર હેલીકોપ્ટરથી પહોંચાડી શકાય. પરંતુ વાત સમજો કે જે હેલીકોપ્ટરથી પહોંચવા ઈચ્છે છે. તે કયારેય પર્વતારોહી બની શકતા નથી. તે ક્ષુદ્ર આપણા જેવા મુંબઈ ટાઈપના માણસો હશે કે ગાંઠમાં પૈસા છે અને પાછો ફાંકો રાખે કે અમે પણ એવરેસ્ટ જઈશું. કાંઈ તેનસીંગના બાપનો ઈજારો (મોનોપોલી) છે ? પરંતુ કેવી રીતે જશો ? તો નેપાળની રોયલ એર સર્વિસ છે. તેમાં એવરેસ્ટ જાશું. તો એમાં શું મોટો સિંહ માર્યો ?

વાતને ધ્યાનથી સમજો કે તેવી રીતે નહીં, થોડોક જવાનો આનંદ લ્યો. પહોંચવાનો તો આનંદ મળશે જ. તો જેને જવાનો આનંદ લેવો છે, તેને એક પ્રણાલીથી જવું પડશે. એક શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની સાંપ્રદાયિક પ્રણાલી છે. એક શ્રીયમુનાજીની ભકિતમાર્ગીય પ્રણાલી છે. ત્યાર પછી પ્રભુની એક પુષ્ટિની પ્રણાલી છે. તે પ્રણાલીથી-પુષ્ટિની પ્રણાલીથી જઈને પછી આપણે પ્રભુના સ્વરૂપાનંદનો આનંદ લઈએ, તો તો આપણે તેનસીંગની જેમ એવરેસ્ટનો આનંદ લીધો.

હવે મુંબઈના શેઠિયાની જેમ આનંદ લેવો હોય તો, નેપાળની રોયલ એર સર્વિસ તો હાજર છે જ. કાઠમંડુથી સીધા એવરેસ્ટ પહોંચાડી દેશે. તેનસીંગના

બાપનો કોઈ ઈજારો થોડો છે ? અમારો પણ ઈજારો છે. મનોરથમાં એ જ ચક્કર છે. આપણે પણ શ્રીઠાકોરજીને પલના ઝુલાવવાનો આનંદ લેવા ઈચ્છીએ છીએ. યશોદાજી બનવું નથી. ઓફીસમાં જવાનો ખૂબ સમય છે. બસ ! પાંચ મીનીટ અમારા નામના પલના ઝુલાવી દયો. બસ ! આનંદ લઈને ચાલ્યા ગયા. આ બધા શેઠીયાઓના ચક્કર છે. પૂતના ચક્કર છે. એ ભકિતનું ચક્કર નથી. ધ્યાનથી સમજો, એ જે આનંદ લઈ રહ્યા છે, તેમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે,

ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામ્ અનેક-સ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ।।
તરઙ્ગ-ભુજ-કંકણ-પ્રકટ-મુકિતકા-વાલુકા-
નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ।। ૩ ।।

ભુવન પાવનીં ભુવં અધિગતામ્ - આ ભુવન પાવની, હવે એક વાત ધ્યાનથી સમજો ! ફરી ‘‘**નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા**’’ શ્રીયમુનાજી તો ભુવન પાવની છે. પરંતુ બધા ભુવનને પાવન કરતા નથી. બધા ભુવનને પાવન કરતા હોય તો કંસને શા માટે ન કર્યો ? કંસ તો શ્રીયમુનાજીના કિનારે રાજય કરતો હતો કે નહીં ? તો શા માટે પાવન ન કર્યો ? તો તે ભુવન પાવનીમાં બધાને પાવન કરતા નથી. જેનામાં પ્રભુની પુષ્ટિભકિત કરવાનો બીજ ભાવ છે. તેના ભુવનને પાવન કરી રહ્યા છે. નહીંતર કંસ શા માટે પાવન ન થયો ? કંસ શું શ્રીયમુનાજીના કિનારે રહેતો નહોતો ?

જુઓ ! આગળ જતાં એક શ્લોક આવશે. ‘‘ધ્રુવપરાશરાભીષ્ટદે, વિશુદ્ધ-મથુરા-તટે’’ તો આ ‘‘ધ્રુવપરાશરા’’ વિશુદ્ધ મથુરા તટ પર હતા. તો શું કંસ વિશુદ્ધ મથુરા તટ પર નહોતો ? કોઈ અશુદ્ધ મથુરા તટપર હતો ? કંસ પણ વિશુદ્ધ મથુરા તટ પર જ હતો. તો કંસને શા માટે પાવન ન કર્યો ? પ્રભુએ જેમાં પુષ્ટિભકિતનું બીજ સ્થાપિત કર્યું છે, તેને વિશુદ્ધ કરવા ઈચ્છે છે. ‘‘**નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા**’’ ન્યાયથી બધા ભુવનને પાવન કરવાના લફડામાં શ્રીયમુનાજી ફસાતા જ નથી.

એટલે કે આખી દુનિયાનું પરિવર્તન (કન્વર્ઝન) કરવામાં માનતા (બીલીવ) નથી. **''આંતરરાષ્ટ્રીય પરિવર્તન (ઇન્ટરનેશનલ કન્વર્ઝન) પુષ્ટિમાર્ગ''** તો શ્રીયમુનાજી ધર્માંતરણમાં માનતા નથી. આવર્તન (ઈનવર્ઝન)માં માને છે કે જેની અંદર પુષ્ટિ બીજભાવ છે.તેને અંતર્મુખ (ઈન્ટ્રોવર્ટ) કરે છે કે ભાઈ ! તારા હૃદયમાં રહેલાં બીજભાવને આંતર્મુખ (ઈન્ટ્રોવર્ટ)થી સમજો કે શું છે ? કેટલો સુંદર બીજભાવ છે ? ધર્માંતરણ (કન્વર્ઝન)થી તો વાત ખોવાઈ જશે. આવીને વાત સમજમાં ? આવી કે ન આવી ?

તો ''ભુવન પાવનીં ભુવમ્ અધિગતામ્'' એ ભુવન પાવની શ્રીયમુનાજી ભુતલ પર આવ્યા. તો કેવી રીતે આવ્યા ? અનેક સ્વનૈઃ પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ-શુક, મોર, હંસથી, કે જેમ એની સખીઓ હોય, જે અનેક રીતે તેમના તટ પર અવાજ કરી રહ્યા છે. જેમ એક મિત્ર હોય, તો એક સખી બીજી સખીથી કેવી રીતે વાત કરતી હોય ? તેમ આ સખીઓથી સેવિત છે. પૂરું ચિત્રાત્મક વર્ણન છે. ''તરઙ્ગ-ભુજ-કંકણ-પ્રકટ-મુકિતકા-વાલુકા'' અને તેની જે તરંગ છે. તે તરંગમાં જે રજના જે કણ વહીને આવી રહ્યા છે. તે તો એવા છે, જેમ કોઈ મોતી હાથમાંથી આવી રહ્યા છે.

આવી વાલુકાના કણોને-આ તો ધૂળના કણ છે, એવું ન સમજો. એ વાલુકાના કણ તો મોતીના કણ છે. જે તટ પર આ રીતે વેરાઈ ગયા છે. ''નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્'' તે કૃષ્ણ તુર્ય પ્રિયા છે. શ્રીયમુનાજી શ્રીકૃષ્ણને પ્રિય છે. તમે જો શ્રીયમુનાજીને પ્રિય થઈ ગયા. તો શ્રીયમુનાજી શ્રીકૃષ્ણને પ્રિય છે, તો તે તમને શા માટે શ્રીકૃષ્ણના પ્રિય નહીં બનાવે? તમારા બધા પ્રતિબંધોને દૂર કરીને અને તમને તે શ્રીકૃષ્ણના પ્રિય બનાવી દેશે. તે જ વાત કહી રહ્યા છે.

''પ્રભુસમ્બન્ધ પ્રતિબન્ધ નિવર્તનેન ભુવન પાવનીં'' પ્રભુ સંબંધમાં આડે આવતા પ્રતિબંધોનું નિર્વતન કર્યું અને ''કૃષ્ણ તુર્ય પ્રિયામ્'' થી કઈ વાત બતાવી ? ''ભગવદ્ અનુભવાર્હ શુદ્ધિરૂપ ભુવન પાવની''

એક વાત ધ્યાનથી સમજો. કૃષ્ણ આપણને પસંદ આવે એ એક

અવસ્થા છે અને કૃષ્ણને આપણે પસંદ આવી જઈએ એ બીજી અવસ્થા છે. કૃષ્ણ તો આપણને પસંદ આવી રહ્યા છે. પરંતુ આપણે શ્રીકૃષ્ણને પસંદ આવી જઈએ તો તે અવસ્થા શ્રીયમુનાજીની છે. શ્રીયમુનાજી શ્રીકૃષ્ણને પસંદ આવી ગયા છે. ''કૃષ્ણ તુર્ય પ્રિયામ્'' છે. તો તે શ્રીયમુનાજીની સાથે આપણે જોડાશું તો આપણામાં પણ તે માદ્દા પ્રકટ થઈ જશે કે જેવી રીતે શ્રીકૃષ્ણને આપણે પસંદ કરી રહ્યા છીએ. તેવી રીતે શ્રીકૃષ્ણ પણ આપણને પસંદ કરવા લાગશે. આવીને વાત ખ્યાલમાં ?

આ વાત કોઈકે ખૂબ જ સુંદર રીતે કહી છે **''કોહો જ્યોત્સી હો કછુ આગમ બખાનત હો, નામ-કામ-ગામ-જગજાહેર હમારો તો, આવો બૈઠ જાવ-પગ છવાય ,પાન ખાઓ, પાછે સુચિતે ચિત ગણિત બિચારો તો. મેરો મન મોહન સોં લાગત હૈ બાર-બાર મોહન કો મોસે મન લાગી હે ? બિચારો તો**'' કહે છે કે, તમે કોણ છો ? તો કહે, હું જોષી છું, તો કાંઈ જોષ જોતાં આવડે? કાંઈ ગણતરી કરતાં આવડે ?તો કહે કે આખી દુનિયા જાણે કે ખૂબ મોટો જોષી છું. બોલો, તમારી શું તકલીફ છે ? મારી એક જ તકલીફ છે, કે મારું મન તો મોહનથી લાગી ગયું છે. જયોતિષના કોઈ ગ્રહમાં એ તો જોઈ દયો કે મોહનનું મન મારામાં કયારે લાગશે ? તે દશા કયારે આવી રહી છે ? મંગળની હોય, ગુરુની હોય, રાહુની હોય, કેતુની હોય, શનિની હોય-જેની હોય તે દશા કયારે આવી રહી છે ? તે બતાવી દે ને ? જો તુ સાચો જયોતિષ હોય તો, તે બતાવી દે, કે તે દશા કયા દિવસે આવી રહી છે ?

''**મેરો મન મોહનસો લાગત હૈ બાર બાર, મોહન કો મોસે મન લાગી હે? બિચારો તો**'' તો હું તમારા પગ ધોવા તૈયાર છું પાન પણ ખવડાવીશ. સુચિતે મન એટલે કે ખૂબ શાંત ચિતથી ગણતરી (કેલ્કયુલેશન) કરીને એ બતાવ કે તેનું મન મારામાં કયારે લાગશે ? મને તો પસંદ આવી રહ્યો છે. પરંતુ તેને હું કયારે પસંદ આવીશ ? આનો મેં પૂરો વિસ્તાર સર્વોત્તમમાં તમને બતાવ્યો હતો. રમણ અને કામભાવમાં. તેમાં કામભાવથી તે મારી સામે કયારે પ્રગટ થશે ? હું તો તેના પ્રતિ રમણભાવથી પ્રસ્તુત છું. પરંતુ તેમાં જો મારા પ્રતિ કામભાવ પ્રગટ થઈ

જાય તો બસ સંબંધ જોડાઈ ગયો. બન્ને એકબીજાના પૂરક થઈ ગયા.

તો તે વાત શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણ તુર્ય પ્રિયામ્'' થી કહી રહ્યા છે. શ્રીકૃષ્ણની તુર્ય પ્રિયા છે. તેની સાથે તમે પણ જોડાશો,તો તમે પણ... જેમ એક વાત ધ્યાનથી સમજો. આ શ્લોકમાં ઘણી બધી ખૂબ સરસ આડકતરી રીતે સુચન (હીન્ટ) શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે કે શ્રીયમુનાજીના કિનારે શ્રીઠાકોરજી જયારે પધારતા તો જેમ શ્રીયમુનાજી શ્રીઠાકોરજીને પસંદ આવે તેમ શ્રીયમુનાજીના કિનારે બોલતાં શુક, મયૂર, હંસ, વગેરે શ્રીઠાકોરજીને પસંદ આવે કે નહીં ?

કીર્તન જુઓ, તો ખબર પડશે કે શ્રીયમુનાજીના તટ પર મોર નાચતો હોય તો શ્રીઠાકોરજી પણ તેના અનુકરણમાં નાચે. શ્રીયમુનાજીના તટ પર પોપટ બોલતો હોય તો તે પોપટની બોલીની નકલ શ્રીઠાકોરજી કરે. શ્રીયમુનાજીના તટ પર હંસ બોલતો હોય તો હંસ કેવી રીતે બોલી રહ્યો છે ? તેના બોલવાની નકલ કરે. એ મસ્તીની વાત છે ને ? આપણે નકલ કયારે કરીએ ? કે જયારે આપણે મસ્તીમાં હોઈએ. ફરવાના (પીકનીક) મુડમાં હોઈએ ત્યારે. તે રીતે શ્રીયમુનાજીના કિનારે શ્રીઠાકોરજીને પણ કોઈ રમણાર્થ (પીકનીક) મુડ આવી રહ્યો છે.

તો શ્રીયમુનાજી જેમ શ્રીઠાકોરજીને પસંદ છે. તેમ શ્રીયમુનાજીને જે સેવિત શ્રીયમુનાજીની જે સખીઓ છે. શુક, મયૂર, હંસ વગેરે તે પણ શ્રીઠાકોરજીને પસંદ આવે છે કે નથી આવતી ? તે જેમ પસંદ આવે છે. તેમ આપણે પણ તે ધુન લગાવીને બેસી ગયા. શુક, મયૂર, હંસના જે કોઈપણ અવાજ આપણે પણ કાઢી શકતા હોય. પછી તે ભલે ગોવિંદસ્વામીનો અથવા રૂપા પોરિયાનો અવાજ હોય. તે ગીત શ્રીઠાકોરજીને કૃષ્ણ તુર્ય પ્રિયાના તટ પર પસંદ આવવા લાગશે. તો આ વાત ઉદ્ધૃત કરી રહ્યા છે.

''પ્રિયાભિરિવ સેવિતાં શુક મયૂર હંસાદિભિઃ'' શ્રીઠાકોરજીના વર્ણનમાં આ વાતની શું જરૂર હતી ? તો શ્રીભાગવતની લીલા વાંચશો તો સમજમાં આવશે, કે શ્રીયમુના તટ પર શ્રીઠાકોરજી જયારે પધારતા ત્યારે બધું વાતાવરણ

શ્રીઠાકોરજીને પસંદ આવતુ હતું. શ્રીયમુનાજી પસંદ આવતા એટલું જ નહીં, પરંતુ શ્રીયમુનાજીના તટ પર રહેલ જે સમગ્ર વાતાવરણ છે તે બધું જ પસંદ આવતું હતું. તે વાતાવરણમાં શ્રીઠાકોરજી પોતાનો રમણાર્થ સ્વભાવ (પીકનીક મુડ) પ્રગટ કરી રહ્યા છે.

તેમ આપણે પણ તે વાતારણના ભાગ (પાર્ટ) બની ગયા – તે ચિત્રમાં જો આપણો પણ કોઈ ભાગ (ફીગર) છે. તો શ્રીઠાકોરજી શા માટે પસંદ નહી કરે? શ્રીઠાકોરજી આપણને પણ સ્વીકારશે. કે અચ્છા ! આ ચિત્રમાં તેનો પણ એક ભાગ છે. ચાલો હવે મજા આવી ગઈ. ભૂતલ પર (લેન્ડસ્કેપ) શ્રીયમુનાજીનું જે ચિત્ર છે. તેમાં આપણો ભાગ પણ હોવો જોઈએ.

મૂળ વાત સમજો ભૂતલ પર શ્રીયમુનાજીનું જે ચિત્ર છે.તેમાં આપણો ભાગ પણ કયાંક ઊભો રહેલો હોવો જોઈએ. જે રૂપમાં ઉભા રહી શકાય તે રૂપમાં – જો તે ભૂતલ પરના ચિત્રમાં આપણો ભાગ છે. તો બસ, વાત બની ગઈ. ‘‘કૃષ્ણ તુર્ય પ્રિયામ્’’ના ચિત્રાણ રૂપે જો આપણો ભાગ છે. તો વાત બની ગઈ. આપણે પણ શ્રીઠાકોરજીને પ્રિય બની જશું. એ ઐશ્વર્ય શ્રીયમુનાજીમાં છે. એ વાત શ્રીમહાપ્રભુજીએ બતાવી. વાત સમજમાં આવીને ? તુર્યા એટલે ચોથા (ચતુર્થ) પ્રિયા છે. એટલે કે તામસ, રાજસ, સાત્વિક અને નિર્ગુણ.

ત્યાર પછી એ સંદેહ થવો સ્વાભાવિક છે. કે ભાઈ ! શ્રીઠાકોરજીને પ્રિય થઈ જાશું. તેની ખાતરી (ગેરંટી) શું ? સમજો આપણે શ્રીયમુનાષ્ટક કરીએ– શ્રીયમુનાશ્રય કરીએ તેમાં શ્રીકૃષ્ણને પ્રિય થઈ જાશું તેની ખાતરી શું સમજવી ? તે જે શંકા મનમાં ઉઠતી હોય, તો તે શંકાના ખુલાસામાં શ્રીમહાપ્રભુજી કહે છે કે સારું, તમારી બધી શંકાનું સમાધાન કરું છું. કારણકે શ્રીકૃષ્ણમાં જે કંઈ ગુણ છે. તે બધા જ ગુણ શ્રીયમુનાજીમાં છે. હવે તો ડરવાની કોઈ જરૂર નથી.

હવે ધ્યાનથી સમજો કે જે કંઈ ગુણ શ્રીકૃષ્ણના છે, તે બધા જ ગુણ શ્રીયમુનાજીમાં છે.કઈ સીડી છે ? પુષ્ટિભકિતની કે બ્રહ્મવાદની ? બ્રહ્મવાદની છે. જે કંઈ ગુણ કૃષ્ણમાં છે, તે બધા જ ગુણ શ્રીયમુનાજીમાં છે અને તે ગુણ શ્રીયમુનાજીમાં હોવા છતાં પણ ‘‘કૃપાજલધિસંશ્રિત’’ છે ખ્યાલમાં આવ્યું ?

''મમ મનઃ સુખં ભાવય.''.

ઘણા બેવકુફો એવું વિચારે, આમ તો ગાળ ન બોલવી જોઈએ. પરંતુ કહેવું પડે, તેનું કારણ શું ? તો તેઓ એવું વિચારે કે શ્રીગોકુલનાથજી જયારે સોરમજીથી ગોકુલ પધાર્યા તો શ્રીયમુના સ્નાન કર્યું. ઘણા દિવસો પછી પધાર્યા. તો જુઓ, તેમની પરિસ્થિતિ (સીચ્યુએશન)ની સુંદરતા (બ્યુટી) સમજશો ને ! તો તમને મજા આવશે.

ઘણા દિવસો સોરમજીમાં બિરાજી, ગોકુલ પધાર્યા તો, શ્રીયમુના સ્નાન કર્યું. તેમાં એવી ભાવના સુઝે કે શ્રીયમુનાજી સ્વામીનીજી છે અને શ્રીગોકુલનાથજી સ્વામી છે. કોણે તને કહ્યું બેવકુફ ? શ્રીગોકુલેશજીના જે ૧૦૮ નામ છે. તેમાં એક નામ એવું આવે **''શ્રીયમુના રસ ભોકત્રે નમઃ''** શ્રીગોકુલનાથજીએ યમુના રસનો ભોગ કર્યો, કારણકે આપણું મગજ જ ખરાબ છે ને ! તેથી આપણે એવું વિચારીએ કે અચ્છા, શ્રીયમુનાજીના રસનો ભોગ કર્યો. એટલે કેવા રસનો ભોગ કર્યો ? જેમ યમુનાજી એમની પ્રેમિકા છે. તેથી તેના રસનો ભોગ શ્રીગોકુલનાથજીએ કર્યો. એવી એવી ઉટપટાંગ વાત વિચારે. યમુના રસના ભોકતા શ્રીગોકુલનાથજી નથી. એ યમુના રસ કેવો રસ છે ? શ્રીકૃષ્ણને પ્રિય હોવાનો રસ.

ફરીથી ધ્યાનથી સમજો. યમુના રસ શું છે ? એ વાતને સમજો. શ્રીકૃષ્ણને પ્રિય હોવાનો રસ છે. તો યમુના રસના ભોકતા એટલે શું ? કૃષ્ણને પ્રિય હોવાનો રસ છે. તેનો ભોગ શ્રીયમુનાજીમાં સ્નાન કરીને કર્યો . તે નાયિકા હોવાનો શ્રીયમુનાજીનો રસ છે, તે રસના ભોકતા શ્રીગોકુલેશજી છે, એ આપણા દિમાગની ખુરાફત છે યાર. તે શ્રીગોકુલનાથજીના દિમાગની ખુરાફત નથી. તે ખૂબ જ મોટો પુષ્ટિમાર્ગનો પાયો છે કે જેના સામર્થ્ય પર આજ સુધી પુષ્ટિમાર્ગ ચાલે છે. આપણે આપણા ખુરાફતનો આરોપ તેમના પર કરીને આવો અર્થ કરીએ.

ઘણા લોકો પાસેથી મેં સાંભળ્યું છે, યમુના રસના ભોકતા, કોણે કહ્યું ? ખરેખર, બે ઝાપટ મારવાની ઈચ્છા થઈ જાય. આવો અર્થ કાઢે

શ્રીગોકુલનાથજીની બાબતમાં ? કે જેમણે પુષ્ટિમાર્ગનો પાયો નાખ્યો. તેમનામાં આવું ઉટપટાંગ સુઝે ? કે **''યમુના રસ ભોકત્રે નમ: ''** શ્રીયમુનાજીના રસના ભોકતા શ્રીગોકુલનાથજી છે. કોણે કહ્યું ભાઈ આવા ઉટપટાંગ અર્થ વિચારવાનું? યમુના રસ શું છે ? તમે સમજયો છે ? યમુના રસ છે શ્રીકૃષ્ણને પ્રિય હોવાનો. શ્રીયમુનાજીમાં સ્નાન કરતી વખતે શ્રીગોકુલનાથજીએ તે રસનો ભોગ કર્યો કે, આટલા દિવસ સુધી અમે સોરમમાં હતા. હવે પાછા અમે ગોકુલમાં આવ્યા. કૃષ્ણને પ્રિય હોવાના રસનો અમે ભોગ કર્યો.

રસ એટલે લાગણી (સેન્ટીમેન્ટ). તે લાગણીનો હવે અમે પાછા આસ્વાદ (રેલીસ) લઈ રહ્યા છીએ. કે તે કૃષ્ણને અમે હવે પ્રિય બનીએ. ન જાણે શ્રીઠાકોરજીએ શા માટે અમને આટલાં દિવસો સોરમજીમાં રાખ્યા ? વિપ્રયોગનું દાન કરવા માટે અને હવે ફરી પાછો કેવો ખૂબ સરસ પ્રસંગ (ઓકેઝન) આવી ગયો છે કે શ્રીઠાકોરજીએ ફરીથી અમને ગોકુલમાં આવવા દીધા અને શ્રીયમુનાજીમાં સ્નાન કરવા દીધું. હું શ્રીઠાકોરજીને પ્રિય છું, તેનું પ્રમાણ (સર્ટીફિકેટ) મને મળી ગયું કે, શ્રીઠાકોરજીએ મને ગોકુલમાં પાછો આવવા દીધો.

તે શ્રીયમુનાજીના રસનો ભોગ શ્રીગોકુલેશે કર્યો. એવો ઉટપટાંગ રસનો ભોગ નથી કર્યો. પણ બધું ઉલટુ ન વિચારે તો પુષ્ટિમાર્ગીય શાના ? એવો લફડો છે. એવી ઉટપટાંગ વાત ન જાણે શા માટે વિચારે ? ખબર નથી પડતી. પરંતુ કયારેક ને કયારેક તો આપણે એ બધી વાતનો દિલ ખોલીને ખુલાસો કરવો પડશે. કારણકે એવું વિચારવાવાળા બધા આપણા જ છે. કોઈ બીજા નથી. આ બધા બાપા-બાપી-પ.ભ.-પુરુષોત્તમ - આ બધાએ જ આ બધો લફડો ફેલાવ્યો છે.

એ પ્રાચીન બાલકોએ, પ્રાચીન ભગવદીયોની પ્રાચીન વાણીમાં આ લફડા નહોતા. એ લફડા આપણે પેદા કર્યા છે. તેનો ઉપાય-ઈલાજ પણ આપણે જ કરવો પડશે. કયારે કરવો? એ આપણી ઈચ્છાની વાત છે. પરંતુ કયારેક તો કરવો જ પડશે. આ બધી કેન્સરની ગાંઠોને કાપી-કાપીને આપણે ગટરમાં ફેંકવી પડશે. એણે પુષ્ટિમાર્ગનો બગાડ કર્યો છે. એવી કેન્સરની ગાંઠ

આપણા પુષ્ટિમાર્ગીય શરીરમાં ન જોઈએ. એ વાત ધ્યાનથી સમજો તેથી શ્રીમહાપ્રભુજી કહે છે,

(ભગવત્-સમાનગુણધર્મવત્ત્વેન ભગવત્સમ્બન્ધ-સમ્પાદકત્વ-રૂપૈશ્વર્યવર્ણનમ્)-ભગવાન સમાનગુણધર્મવાળા હોવાથી શ્રીયમુનાજી સાથે જીવનો સમ્બન્ધ બંધાતા ભગવાન સાથે બંધાઈ જાય છે.

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે
ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥

એક વાત ધ્યાનથી જુઓ, શ્રીઠાકોરજીએ ધ્રુવ પરાશરને તેના અભિષ્ટનું દાન કર્યું. શ્રીઠાકોરજીથી ઝુંટવીને કે પડાવીને વરદાન કોણે આપ્યું ? શ્રીયમુનાજીએ આપ્યું કે શ્રીઠાકોરજીએ આપ્યુ ? પરંતુ શ્રીમહાપ્રભુજી શું વાત કહી રહ્યા છે ? એ વાત ધ્યાનથી સમજો ભાઈ ! શ્રીઠાકોરજીએ એટલા માટે આપ્યું કે તેમણે શ્રીયમુનાજીના કિનારા પર તપસ્યા કરી. ધ્રુવ પરાશરને અભિષ્ટ આપવાવાળા તો શ્રીયમુનાજી છે. તેનો દંડ શ્રીયમુનાજીને થોડો અપાય ?

ધ્રુવ પરાશરને જે કાંઈ અભિષ્ટ છે, તે શ્રીઠાકોરજીએ આપ્યુ. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, કે નહીં શ્રીઠાકોરજીએ આાપ્યું નથી. તમારા તટ પર હતા. તેથી તમારી ભલામણ પર શ્રીઠાકોરજીએ તેઓને અભિષ્ટ આપ્યું. ‘‘ધ્રુવપરાશરાભીષ્ટદે’’ એ તો આપાણી મર્યાદા (લીમીટેશન)ના કારણે આપણે ટીકામાં નથી જઈ શકતા. બાકી ટીકા જોઈએ તો અર્થનું શું સૌંદર્ય નીખરીને સામે આવે છે.

પરંતુ સંક્ષેપમાં એક વાત સમજીશું, કે અનંતગુણથી શ્રીયમુનાજી ભૂષિત છે. શિવ-વિરઞ્ચિ દેવતાઓથી શ્રીયમુનાજી સ્તુત છે. જેવી રીતે શ્રીકૃષ્ણ સ્તુત છે. ‘‘ઘનાઘન નિભે’’ જેમ શ્રીઠાકોરજી શ્યામ છે, એમ શ્રીયમુનાજી પાણ શ્યામ છે. જે શ્રીઠાકોરજીએ ધ્રુવ-પરાશરને અભિષ્ટનું દાન કર્યું છે. તો કહે છે કે તો તે

શ્રીયમુનાજીએ દાન કર્યું છે.

‘‘વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી વૃતે’’ સકલ ગોપ-ગોપીઓથી જેમ શ્રીઠાકોરજી ઘેરાયેલા છે. તેમ શ્રીયમુનાજી ઘેરાયેલા છે. વિશુદ્ધ મથુરા જેના તટ પર સ્થિત છે. ‘‘કૃપાજલધિસંશ્રિતે’’ કૃપાનો સાગર શ્રીયમુનાજીમાં લહેરાઈ રહ્યો છે. તે કૃપાના સાગર જે શ્રીઠાકોરજી છે. તેમાં શ્રીયમુનાજી સંશ્રિત છે.

જુઓ ! જે ઝુલો મેં બતાવ્યો હતો ને ! કે એક બાજુ બ્રહ્મવાદના સ્તર (લેવલ) પર શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીને એક બતાવવા અને બીજી બાજુ પુષ્ટિ ભકિતની દિશામાં શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણના ભકત બતાવવા. એવો આ ઝુલો નિરંતર આ શ્લોકમાં ઝુલ્યો છે. તે ટીકામાં જાશું તો ખ્યાલમાં આવશે. જેના માટે અત્યારે આપણી પાસે સમય નથી.

પરંતુ સંક્ષેપમાં બસ, એક આ શબ્દ પર ધ્યાન આપશો ને ! તો સમજમાં આવી જશે કે ‘‘કૃપાજલધિસંશ્રિતે’’ મતલબ ? કૃપાનો સાગર જેવી રીતે શ્રીઠાકોરજીમાં લહેરાઈ રહ્યો છે. તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે એવું નહીં સમજો કે શ્રીઠાકોરજીમાં જ લહરાઈ રહ્યો છે. શ્રીયમુનાજીમાં પણ લહેરાઈ રહ્યો છે અને એવો કૃપાનો સાગર શ્રીઠાકોરજીનો, જેમ શ્રીયમુનાજીમાં લહેરાઈ રહ્યો છે, એવી વાત નથી. કૃપાના સાગર જે શ્રીઠાકોરજી તેનો આશ્રય કરીને શ્રીયમુનાજી બિરાજે છે. એવા શ્રીયમુનાજી મારા મનને સુખ પહોંચાડે છે.

તો જુઓ, તે બ્રહ્મવાદ અને પુષ્ટિભકિતનો જે ઝુલો છે. તે કેવી રીતે ઝુલાવ્યો છે ? શ્રીયમુનાજીની સ્તુતિમાં, ખૂબ સરસથી શ્રીમહાપ્રભુજીએ નિરંતર પ્રભુથી તેમનું તાદાત્મ્ય બતાવ્યું અને તાદાત્મ્ય બતાવ્યા પછી પ્રભુમાં તેની ભકિત બતાવવી પ્રભુ પર આશ્રીત શ્રીયમુનાજીને બતાવવા-એ જે ઝુલો છે. તે જ પુષ્ટિભકિતના પ્રાણ છે. તે પ્રાણને કેટલી સરસ રીતે-કેટલી નાજુકતાથી કેટલી કોમળતાથી શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં પ્રસ્તુત કર્યા છે.

શ્રીયમુનાષ્ટકનો ચોથો શ્લોક છે. તો તે મધ્યપાતી શ્લોક છે. તો બસ, સાર રૂપ વિચાર (કોર આઈડિયા) જે શ્રીયમુનાષ્ટકનો છે ને ! તે આ શ્લોકમાં

આવી ગયો. સારાંશ (સેન્ટ્રલ આઈડિયા) શ્રીયમુનાષ્ટકનો કહીએ તો તે આ છે કે શ્રીયમુનાજીના બન્ને સ્વરૂપ છે. એક કૃષ્ણાત્મક સ્વરૂપ અને બીજુ કૃષ્ણભકત હોવાનું સ્વરૂપ. બસ આ જ પુષ્ટિભકિતનો મુખ્ય વિચાર (સેન્ટ્રલ આઈડિયા) છે. બ્રહ્મવાદના આધાર પર કૃષ્ણાત્મક છે અને પુષ્ટિભકિતના કારણે કૃષ્ણ ભકત છે. આ જે બન્ને સ્વરૂપ શ્રીયમુનાજીના છે તે આ શ્લોકમાં એકદમ કેટલી કોમળતાથી - નાજુકતાથી-કેટલી ખૂબ સરસ રીતે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે.

(ભગવત્પ્રિય-કલિ-નિવારકત્વ-રૂપૈશ્વર્યવર્ણનમ્)- ભગવત્ પ્રિય - જે ભગવાનના પ્રિય છે. તેનામાં શ્રીયમુનાજી કલિનું નિવારણ કરે છે. કારણકે ભગવાન કદાચ ક્રોધિત થઈ જાય, તો આ કલિ કલહ કરતો રહેત તો ? શ્રીયમુનાજીનો આપણે આશ્રય લઈએ તો ભગવાનના પ્રિય તો આપણે ''કૃષ્ણ તુર્ય પ્રિયામ્'' શ્લોકથી થઈ ગયા. પરંતુ આપણી અંદરનો જે આપસી કલિ છે. - કલહ છે, તે દોષો નિવૃત્ત નથી થયા. પરંતુ શ્રીયમુનાજી એ દોષોનું પણ નિવારણ કરવાનું પુષ્ટિભકિતમાર્ગમાં ઐશ્વર્ય રાખે છે. આ પ્રકારનું ઐશ્વર્ય શ્રીયમુનાજીનું છે. ભગવદ્ પ્રિય જે પુષ્ટિભકત છે, તેના કલિનું નિવારક રૂપ ઐશ્વર્ય છે.

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગમનતોઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ।।
તયા સદશતામિયાત્ કમલજાસપત્નીવ યદ્
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ।। ૫ ।।

ભગવાનને જે પ્રિય છે. તેનામાં જે કલિ અર્થાત્ કલિરૂપ જે દોષ છે, તે દોષોનું નિવારણ કરવાવાળું ઐશ્વર્ય. ઐશ્વર્ય એટલે સામર્થ્ય (ઓથોરીટી) શ્રીયમુનાજીમાં છે. તે વાત ધ્યાનથી સમજો. તેને કેવી રીતે બતાવી રહ્યા છે ? ''યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા, સમાગમનતોઽભવત્ સકલ સિદ્ધિદા સેવતામ્'' આ ગંગાજી જે પ્રભુના ચરણમાંથી પ્રગટયા. તે ચરણમાંથી પ્રગટ થવાવાળા જે ગંગાજી છે. તે ગંગાજીનું સેવન કરવાવાળાને જેમ

શ્રીમહાપ્રભુજી આગળ ઉપર તમને આ વાતનો ખુલાસો વધારે વિશેષતાથી કરશે. ગંગાતીર્થ ઉપર કોણ સ્થિત થઈ જાય ?

"સિદ્ધાન્તમુક્તાવલી"માં કહે છે કે "મર્યાદાસ્થસ્તુ ગઙ્ગાયાં શ્રીભાગવત તત્પરઃ" તો ગંગાનાં તટ ઉપર સ્થિત થઈને અને ભાગવત તત્પર હોય તો તમારા તે બન્ને કાર્ય (ફંકશન) માહાત્મ્ય જ્ઞાનનું અને સ્નેહનું-જે બન્ને લફડામાં જઈ રહ્યા છે. તે બન્ને સુધરી જશે, ગંગાજી તમારામાં માહાત્મ્યજ્ઞાનનું આદાન કરશે અને ભાગવત તમને સ્નેહનું દાન કરશે. તો આ જે ગંગાજીનું માહાત્મ્ય સેવાના નિરૂપક "સિદ્ધાન્તમુક્તાવલી"માં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. તે ગંગાજીને પહેલેથી જ અહીંયા શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં કે તે ગંગાજી આપણને શા માટે પ્રિય છે ?

પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે તે ગંગાતટનું સેવન કરવાવાળાને પુષ્ટિમાર્ગીય સકલ સિદ્ધિ મળે છે. સકલ સિદ્ધિ શા માટે મળે છે ? તો શ્રીમહાપ્રભુજી કહે છે કે એટલા માટે મળે છે કે ગંગાજીમાં શ્રીયમુનાજી મળી ગયા. ગંગાજીમાં શ્રીયમુનાજી મળી ગયા. પરંતુ હું આને નદીના સ્તર પર બતાવવા ઈચ્છતો નથી. તેના આધિદૈવિક પાસાથી આ વાતને વિચારો તો સમજમાં આવશે, કે શ્રીયમુનાજી જે સાક્ષાત્ સ્વામીનીજી રૂપ છે તે ભગવાનના ચરણામૃતમાં મળી ગયા. આ તેમનું કેટલું મોટુ પુષ્ટિભકિતનું રૂપ છે.

અહીં ધ્યાનથી જોશો તો ખ્યાલમાં આવશે કે તે ઝુલો છે, તે ઝુલો કેવો ઝુલી રહ્યા છે ? શ્રીયમુનાજી ગંગાજીમાં મળી ગયા, તો કેમ મળી ગયા ? કારણકે શ્રીયમુનાજી તે ભકિતનો આદર્શ છે. તો "યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા" તે "ચરણ પદ્મજા" ગંગા મુરરિપુને "પ્રિયમ્ભાવુકા" થઈ ગયા. "ચરણપદ્મજા" કયારેય "પ્રિયમ્ભાવુકા" ન થઈ શકે. પરંતુ "સમાગમનતો અભવત્ સકલ સિદ્ધિદા સેવતામ્" અને ગંગાજી બધી સિદ્ધિને આપવાવાળા પણ થઈ જાય.

તે શ્રીયમુનાજીને કહી રહ્યા છે કે સમાન કોણ હોઈ શકે ? તો કહે કે લક્ષ્મીજી સમાન હોઈ શકે છે. તો કહે છે કે ઠીક છે. લક્ષ્મીજી તો તેમના શૌકય

(સપત્ની) જેવા છે. મૂળમાં તો શૌકય બનવાની પણ હેસિયત નથી. શૌકય જેવા (થોડાક અલ્પ) છે. કારણકે આ તો પ્રિય છે અને તે તો પત્ની છે. તો પત્ની તો એક જ છે. પત્નીમાં પ્રિયતાનો પ્રશ્ન નથી. તે તો એક પ્રકારનું ફરજીયાતપણું (કમ્પલસન) છે અને શ્રીયમુનાજી તો શ્રીઠાકોરજીને પ્રિય છે. આ વાતને સૂચિત (સજેસ્ટ) કરીને પ્રિય હોવાના કારણે શૌકય જેવા છે. બાકી તો બન્નેના સંબંધ (રીલેશન) જુદા-જુદા છે. આ કોઈ વિવાહીતા નથી. આ તો પ્રિયા છે અને તે તો વિવાહિતા છે. તેનાથી તો શ્રીઠાકોરજી કયારેય જુદા થઈ જ નથી શકતા.

‘‘હરિપ્રિય કલિન્દયા’’ જે હરિને પ્રિય છે. તે હરિપ્રિય કોણ છે ? જે ‘‘કૃષ્ણ તુર્ય પ્રિયામ્’’ માં ‘‘હરિપ્રિય’’ થવાની પ્રક્રિયા (પ્રોસેસ) બતાવી. તે રીતે જે હરિપ્રિય છે. તેના કલિનું ખંડન કરવાવાળા-નિવર્તન કરવાવાળા શ્રીયમુનાજી છે. ‘‘મનસિ મે સદા સ્થીયતામ્’’ મારા મનમાં સ્થિત થાવ.

જુઓ ! આ વાત ધ્યાનથી સમજો. કયા રૂપથી શ્રીયમુનાજી મનમાં સદા સ્થિત થાય ? કે સાક્ષાત્ કૃષ્ણ સ્વરૂપ હોવા છતાં પણ શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ જે ભકત છે. તેને શ્રીકૃષ્ણને પ્રિય બનાવવાવાળા અને તેનામાં કોઈ દોષ ન રહેવા દેવાવાળા-એટલાં જાગૃત (એલર્ટ) અને એટલા સચેત (એટેન્ટીવ). જે ગઈકાલે મેં બતાવ્યું ને ! ‘‘**અહં હરેઃ તવ પાદૈક મૂલ દાસાનુદાસો**’’ આટલું દૈન્ય રાખવાવાળા-પોતાને પૂજાવા માટે નહીં. પરંતુ શ્રીકૃષ્ણની સેવા કરવાવાળા જે સેવક છે. તેની સેવા કરવાવાળા શ્રીયમુનાજી થઈ ગયા. તો તેના કલિના બધા દોષોનું નિવર્તન કરવાવાળા શ્રીયમુનાજી છે. આ જ શ્રીયમુનાજીનું માહાત્મ્ય છે.

આ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ‘‘મનસિ મે સદા સ્થીયતામ્’’ આ હું કયારેય પણ ભૂલવા ઈચ્છતો નથી. કે હું શ્રીકૃષ્ણની સેવા કરાવવા માટે આવ્યો છું. શ્રીકૃષ્ણની જેમ સેવિત થવા માટે ભૂતલ પર નથી આવ્યો. તો જેટલા શ્રીકૃષ્ણની સેવા કરવાવાળા અધિક હશે. તેમાં મારું સાચું સ્વરૂપ છે. તે શ્રીયમુનાજીનું સાચું સ્વરૂપ મારા હૃદયમાં સ્થિર થવું જોઈએ. આવા જે કૃષ્ણસેવા કરવાવાળા જેટલા વધારે થઈ જાય એટલું સારું. એવું નથી કે શ્રીકૃષ્ણની જેમ મારી સેવા કરવાવાળા જેટલાં વધારે થઈ જાય એટલુ સારું. એ

રૂપ ''મનસિ મે સદા સ્થીયતામ્'' નું નથી.

વાત ધ્યાનથી સમજો. આજની ભાષામાં આપણે કહેવું હોય તો આદર્શના રૂપમાં શ્રીયમુનાજી મારા મનમાં હંમેશા બિરાજમાન રહે. આ પુષ્ટિભકિતનો આદર્શ છે કે જે સાક્ષાત્ કૃષ્ણરૂપ હોવા છતાં પણ શ્રીકૃષ્ણના સેવકની સેવામાં આટલા તત્પર છે, કે તેના દોષનું નિવારણ કરવામાં નિરંતર સન્નધ છે. તે કેવી રીતે ? શ્રીકૃષ્ણનો સેવક કૃષ્ણને પ્રિય બને તે માટે નિરંતર સાનિધ્યમાં રહે છે એ વાત બતાવી.

(ભગવત્પ્રિયત્વ-સમ્પાદકત્વ-રુપૈશ્વર્યવર્ણનમ્)- પુષ્ટિજીવોને શ્રીયમુનાજી પુષ્ટિ પ્રભુના પ્રિય બનાવે છે.

નમોડસ્તુ યમુને સદા તવ ચરિત્રમ્ અત્યદ્ભુતં
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃ પાનતઃ ॥
યમોડપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્ યથા ગોપિકાઃ ॥ ૬ ॥

હે શ્રીયમુનાજી આપનું ચરિત્ર એટલું અદ્ભુત છે કે આપને નમસ્કાર. કારણકે ''તે પયઃ પાનતઃ યમયાતના ન જાતુ ભવતિ'' આપના પયપાનથી કયારેય યમયાતના થઈ શકે નહીં. એક વાત સમજો કે યમ યાતના ન થાય. તો તો મુકિત થઈ જાય. તો મુકત થઈ જવું જ જો માથાનો દુઃખાવો (હેડેક) હોય તો, જ્ઞાનમાર્ગ જરાપણ ઓછો નથી. યોગમાર્ગ પણ નિમ્ન નથી. કર્મમાર્ગ પણ નિમ્ન નથી. કર્મમાર્ગનું પણ આપણે નિષ્કામ અનુસરણ કરીએ તો જીવ મુકત થઈ શકે છે. પરંતુ પ્રશ્ન એ નથી. આપણો પ્રશ્ન (પ્રોબ્લેમ) એ છે કે **''મેરો મન મોહનસો લાગત હૈ બાર-બાર, મોહનકો મોસે મન લાગી હે ? બિચારો તો''** તો તે આપણો પ્રાથમિક પ્રશ્ન છે.

તે પ્રશ્નનું નિરાકરણ કરવા કહી રહ્યા છે. કે ''પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્'' આપની સેવા કરવાથી જીવ હરિને પ્રિય થઈ જાય છે, હરિ તેને ચાહવા લાગી જાય છે. તે હરિને ચાહે તે એક પગથિયું છે અને હરિ તેને ચાહવા લાગી

જાય. તે એક બીજું પગથિયું છે. તે આપની સેવા કરવાથી. હવે આનો દંડ આપાણે કોને દઈએ ? કૃષ્ણને, આથી સિદ્ધ થઈ ગયું કે કૃષ્ણ સેવા ન કરવી. શ્રીયમુનાજીની સેવા કરવી. પરંતુ જો આવો દ્વૈત વિચારશો ને ! તો હરિને પ્રિય નહીં થાવ. કારણકે હરિ પણ સંદેહમાં પડી જાશે કે તુ રાવણની જેમ મને ચાહી રહ્યો છે ? કે શ્રીયમુનાજીને ચાહી રહ્યો છે ? કયાંક **''યમુનારસ ભોકતૃત્વ''** તો નથી થઈ ગયો ને ?

તો ભાઈ ! સાચી વાત સમજો. યમુના રસ ભોગ કરવો છે. તો યમુના રસનું સ્વરૂપ સમજવું પડશે કે શું છે ? તે યમુના રસનો ભોકતા નથી. તે યમુનારસ જે છે, તે તો શ્રીકૃષ્ણને પ્રિય થવું તે જ છે. તો યમુનારસ છે તે રસનો ભોગ કરવાવાળો હોવો જોઈએ. યમુનાના સ્ત્રીત્વના રસનો ભોગ કરવાવાળો હોવો જોઈએ નહીં.

તો વાત ધ્યાનથી સમજો ''પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્ યર્થા ગોપિકાઃ'' ગોપીકાઓનો જે કૃષ્ણના પ્રતિ રમણનો ભાવ હતો, એવા રમાણભાવ વાળા દરેક પુષ્ટિજીવ ભગવાનને પ્રિય થઈ શકે છે. કયારે ? કે જયારે શ્રીયમુનાજીના સ્વરૂપને આપાણે સમજશું કે બ્રહ્મવાદના અનુસાર અહીં પ્રત્યેક પુષ્ટિજીવ પુરુષોત્તમાત્મક છે. છતાં પણ પ્રત્યેક જીવે પુરુષોત્તમની ભકિત જ કરવાની છે. પોતાની ભકિત કરાવવાની નથી. ન તો પ.ભ. થઈને, કે ન તો ગો.બા. થઈને, ન તો બાપા થઈને, કે બાપી થઈને આ વાત ધ્યાનથી સમજો.

(તનુનવત્વ-સમ્પાદકત્વ-રૂપૈશ્વર્યવર્ણનમ્)-એ પ્રિય બનાવે એટલું જ નહીં. પરંતુ આપણું આખુ શરીર આ રીતે-જેમ કોઈ લાયસન્સને ફરીથી નવું બનાવીએ (રીન્યુઅલ)ને! રીન્યુઅલનો અર્થ સમજો. જે ચાલી રહ્યો છે, તે જુનો થઈ ગયો. તેને ફરીથી નવો બનાવી દેવો. ચાલી આવતી ચીજને ફરીથી નવી બનાવી દેવી.

આવી રીતે ન જાણે હજારો પરિવત્સરથી ચાલ્યું આવતું જે આપણું શરીર છે. તે કદાચ અનેકવિધ વાસનાઓથી એટલું દુષિત છે, કે તે કૃષ્ણ સેવાપયોગી હોઈ શકે કે નહીં હોઈ શકે ? તે વિચારણીય વિષય છે. પરંતુ જો

શ્રીયમુનાજીનું સહચર્ય આપણને મળે. શ્રીયમુનાજીનો સંગ આપણને મળે તો, શ્રીકૃષ્ણની સેવા કરવા યોગ્ય આપણું શરીર નવીન (રીન્યુ) થઈ જાય. જેમ લાયસન્સ નવું (રીન્યુડ) થઈ જાય.

આમ તો તમે બધા વ્યાપારી (બીઝનેશમેન) છો. તેથી બધાને ખબર છે કે આપણું લાયસન્સ નવું (રીન્યુ) થઈ જાય તો કેવો આનંદ થાય ? આનંદ એવો થાય કે, ''**આનંદ ભયો જય કન્હૈયા લાલકી**'' થઈ જાય. ''**હાથી દીયો-ઘોડા દીયો ઔર દીયો પાલખી**'' થઈ જાય કે નહીં ? લાયસન્સ નવું (રીન્યુ) ન થાય તો બધા લફડા રદ (કેન્સલ), ચાલતી ફેકટરી બંધ થઈ જાય. ખોટી વાત કહું છું ? લાયસન્સનું નવું (રીન્યુ) થવું એ વ્યાપારમાં જેટલી મોટી ઉપલબ્ધી છે. એવું આપણા શરીરનું કૃષ્ણ સેવાર્થ, નવીન (રીન્યુઅલ) થઈ જવું એ મોટી ઉપલબ્ધી છે અને તે નવીન (રીન્યુઅલ) કરવાવાળી સત્તા (ઓથોરીટી) કોણ છે ? શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે,

મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમ્ એતાવતા
ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।
અતોઽસ્તુ તવ લાલના સુર-ધુની પરં સઙ્ગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।। ૭ ।।

આપના સાનિધ્યમાં મારું તનુનવત્વ થાય છે. મારું સહસ્ત્ર પરિવત્સરથી ચાલતું આવતું વાસના જર્જરિત તનુ (શરીર) કૃષ્ણ સેવા માટે બિલકુલ નાલાયક ભલે હોય. પરંતુ આપનામાં એ સામર્થ્ય છે. કારણકે ''સ્ફુરદમન્દ રેણુત્કટામ્'' છે ને ! તો ''સ્ફુરદમન્દ રેણુત્કટામ્'' ને કારણે આપનામાં એ સામર્થ્ય છે કે આપ મારા શરીરને તેના જેવું નવીન (રીન્યુ) કરી શકો, તનુનવત્વ તેમાં કરી શકો છો. કે જે તનુનવત્વના કારણે ''મુરરિપૌ રતિ દુર્લભતમા ન ભવતિ'' કોઈકને માટે મુરરિપૌ રતિ દુર્લભ હશે. જો આપ મારા શરીરને સેવાલાયક નવીન કરી દ્યો-સેવા કરવા લાયક તે શરીરથી મને મુરરિપુની ભકિત દુર્લભતમ નહીં રહે. ભગવાનમાં સ્નેહ કરવો બહુ જ દુર્લભ છે, નથી થતો.

આપણે જુઓ, કરશુ ને! તો પણ ભગવાનને બદલે આપણે ભગવાનના મનોરથીમાં સ્નેહ કરવા લાગીએ. હમણા ગઈકાલે કે પરમ દિવસે હું બતાવી રહ્યો હતો, કે ક્યારેક મંદિરમાં જઈને દર્શન કરો. ગરમીમાં શ્રીઠાકોરજીને પંખો બાલકો કેવી રીતે કરે ? આવી રીતે કે ધ્યાન તો તમારું દર્શનાર્થી તરફ છે. તો પંખો કોને કરી રહ્યા છો ? દર્શનાર્થી આવી જાય તો મુરરિપુને બદલે દર્શનાર્થી રતિ થઈ જાય. અરે! પંખો કરે છે તો શ્રીઠાકોરજીના દર્શન કરે ? કે કોણ આવ્યુ તેના દર્શન કરે ? તો દર્શન ખુલવાથી જ આ બધા લફડા ઉત્પન્ન થતાં રહે. એક વાત ધ્યાનથી સમજો. મુરરિપુ રતિ ભગવદ્ સેવા કરે તો પણ દુર્લભ છે–ભગવદ્ સેવા કરવામાં દુર્લભ છે.

આપણે પંખાની સેવા પહોંચી રહ્યા છીએ. વૈષ્ણવ બિચારો તડપતો રહે. વૈષ્ણવ શ્રીઠાકોરજીના દર્શન કરવા આવે અને બાલક "**અહં હરેઃ તવ પાદૈકમૂલ દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ**" ભગવાનના દર્શન કરવાને બદલે, ભગવાનના દર્શન કરવા આવવાવાળાના ભાવપૂર્વક દર્શન કરે. પછી કોણ આવ્યો ?પેલાભાઈ આવ્યા કે નહીં ? અરે ભાઈ ! આ કેવો લફડો થઈ ગયો ? આટલો દાસાનુદાસ શા માટે થઈ ગયો ? ભગવાનના સાન્નિધ્યમાં ઊભા હતા. આવી દાસાનુદાસતા શા માટે પ્રગટ થઈ ? પંખો કરે છે તો શ્રીઠાકોરજીને જુએ કે દાસાનુદાસના વૈષ્ણવને જુએ ? મુકુન્દરતિ દુર્લભ છે–ઘણી જ દુર્લભ છે.

વાતને ધ્યાનથી સમજો, ક્યારેય પણ કોઈપણ મંદિરમાં દર્શન કરી આવો. દર્શન કરતી વખતે, દર્શન કરવાવાળાના દર્શન કરતાં, મહારાજના દર્શન થશે. આ તો રોકડી વાત છે. કોઈ ઉધારની વાત નથી. પૈસા રોકડા કરવા (કેશ પેમેન્ટ)ની વાત છે. એમાં ચેક પણ નથી. તો વાત ધ્યાનથી સમજો કે આવી મુકુન્દ રતિ કેટલી દુર્લભ છે ? કે જેના માટે તમે દોડાદોડી કરી રહ્યા છો.

તેને મેળવવાવાળો તેને મેળવી શક્યો નથી, ખોઈ રહ્યો છે. પરંતુ જો શ્રીયમુનાજી આપણા ઉપર કૃપા કરે તો આ વાત દુર્લભ રહેતી નથી. કોઈને માટે દુર્લભ હશે. પરંતુ આપણા માટે દુર્લભ રહેતી નથી, જો શ્રીયમુનાજી દ્વારા નવીન (રીન્યુલ) થયેલ આપણું શરીર હશે તો. શ્રીયમુનાજી દ્વારા તનુનવત્વ સંપાદિત

થયું છે. તો આપણા માટે મુકુદરતિ દુર્લભ નહીં રહે.

''મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમેતાવતા ન દુર્લભતમા રતિમુરરિપૌ મુકુન્દપ્રિયે'' દુર્લભતમાં રહી નહીં જાય. આ વાત શ્રીમહાપ્રભુજી ઘણી જ ગર્જના સાથે બોલી રહ્યા છે હો ! બકરાની જેમ જંગલી વાણીથી નહીં. પરંતુ સિંહની જેમ ગર્જના કરીને આ વાત કહી રહ્યા છે. ''ન દુર્લભતમાં રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે, અતોડસ્તુ તવ લાલના સુર-ધુની પરં સઙ્ગમાત્'' આ માટે આપની અમે લાલના (સ્તુતી) કરી રહ્યા છીએ. આ માટે અમે આપના વખાણ કરી રહ્યા છીએ કે તમારા દ્વારા નવીન થયેલ કોઈપણ પુષ્ટિજીવનો દેહ ભગવાનની સેવા કરવા માટે બિલકુલ તાજો થઈ જાય છે. જેવી રીતે આપણે ત્યાં ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં તે કાશીવાળા શેઠની વાર્તામાં આવે છે. કે તેઓ વૃધ્ધ હતા. તો બધા સમજતા કે તેઓ વૃધ્ધ છે. પરંતુ સેવા માટે વૃધ્ધ ન હતા. આમ શારીરિક રીતે તો વૃધ્ધ હતા. સેવા માટે તો યુવાન કરતાં પણ યુવાન હતા. તે પ્રકારનું તનુનવત્વ આપણામાં પ્રગટ થઈ શકે છે.

તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ''તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિ સ્થિતૈઃ'' અમે તો ગંગાજીમાં શ્રીયમુનાજી મળી ગયા હોવાથી, ગંગાજીમાં પણ અમે માહાત્મ્ય માનીએ છીએ. બાકી અમને તો શું છે ? અમે તો શ્રીયમુનાજીના ભકત છીએ. જુઓ, શ્રીયમુનાજી પ્રતિ આપણી ઓળખાણ (આઈડેન્ટીફીકેશન) શ્રીમહાપ્રભુજી કેવી રીતે પ્રકટ કરી રહ્યા છે ? તે વાતને ધ્યાનથી વિચારો.પરંતુ એટલા માટે નહીં કે શ્રીયમુનાજીની ભકિત ખંડિત કરીને સ્વયં પુજાવા માટે. પરંતુ પોતાના દ્વારા પોતાની ઓળખાણ શ્રીયમુનાજીથી કરીને અને શ્રીયમુનાજીનું માહાત્મ્ય ખૂબ વધારવું. આ કારણે પ્રભુનું માહાત્મ્ય વધે તે એક આખી પ્રક્રિયા અહીં પ્રકટ થઈ છે. **(લીલાસામયિક-પ્રભુ-શ્રમજલકણ-સમ્બન્ધ-સમ્પાદકત્વ-રૂપૈશ્વર્યવર્ણનમ્)**-પુષ્ટિ પ્રભુના લીલા સામયિક શ્રમજલકણો સાથે પુષ્ટિજીવોનો સમ્બન્ધ સમ્પાદિત કરે છે.

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ! પ્રિયે!

હરેર્ યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષત: ।।
ઇયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સઙ્ગમ-
સ્મરશ્રમ-જલાણુભિ: સકલ-ગાત્રજૈ: સઙ્ગમ: ।। ૮ ।।

એક વાત બતાવું કે જ્યાં સુધી શબ્દનો સવાલ છે-જ્યાં સુધી છંદની છટાનો સવાલ છે-જ્યાં સુધી ભાષાકીય શૈલીનો સવાલ છે. બીજી કેટલીય સ્તુતિ શ્રીયમુનાજીની એવી છે કે શ્રીમહાપ્રભુજીના યમુનાષ્ટકથી પણ વધારે સારી છે. પરંતુ જ્યાં સુધી શ્રીયમુનાજીના સ્વરૂપને સમજીને, તેમની સ્તુતિ નો સવાલ છે. ત્યારે એક વાત અભ્યાસ કરીને જોઈ લ્યો, કે આ શ્રીમહાપ્રભુજી કૃત શ્રીયમુનષ્ટકથી વધીને શ્રીયમુનાજીની સ્તુતિ કે સ્તોત્ર ક્યાંય છે જ નહીં - હોઈ શકે જ નહીં. આટલુ ખૂબ સરસ સ્તોત્ર શ્રીયમુનાજીનું ક્યારેય પણ કોઈએ નથી કર્યું.

બીજા ઘણા સ્તોત્રની શબ્દ છટા આનાથી વધારે સારી છે. છંદની છટા-ગરજ-બરજ-શબ્દાલંકાર આનાથી વધારે સારા છે. શ્રીયમુનાજીનો મહિમા (ગ્લોરીફીકેશન) પણ આનાથી વધારે કહેલ હશે. પરંતુ શ્રીયમુનાજીના સ્વરૂપનો જે સાચો આનંદ શ્રીમહાપ્રભુજીએ માણ્યો છે. એવો કોઈ યમુનાસ્તોત્રકારે શ્રીયમુનાજીના સ્વરૂપનો આટલો ખૂબ સુંદર આનંદ નથી લીધો. તો બધા સ્તોત્રોને વાંચો તો તમને પોતાને જ ખ્યાલમાં આવશે. મારા કહેવાથી તમને કદાચ એવું લાગે કે શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરું છું. પરંતુ તમે તે વાંચશો તો તમને ખ્યાલમાં આવશે.

તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ''સ્તુતિં તવ કરોતિ ક: કમલજા-સપત્નિ! પ્રિયે!'' કોણ આપની સ્તુતિ કરી શકે ? કારણકે ''હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષત:'' અહીં એક મોટી મજેદાર વાત કહી દીધી કે શ્રીઠાકોરજીની સાથે લક્ષ્મીજીની સેવા કરો તો મોક્ષ મળી શકે. પરંતુ શ્રીઠાકોરજીને છોડીને લક્ષ્મીજીની સેવા કરો તો મોક્ષને બદલે સંસાર મળી જાય હો ! શ્રીઠાકોરજીની સાથે લક્ષ્મીજીની સેવા કરી, એટલે કે લક્ષ્મીજીના પતિ શ્રીઠાકોરજીને માન્યા. તો પુત્રની હેસિયતથી તમને શ્રીઠાકોરજી મોક્ષ આપી દેશે.

પરંતુ તમે જો ભૂલેચુકે રાવણવાળો સિદ્ધાન્ત પ્રગટ કર્યો કે ભાઈ ! તુ શા માટે એકલો લક્ષ્મીનો પતિ ? હું પણ લક્ષ્મીનો પતિ છું. આવું કોઈ લક્ષ્મીપતિ હોવાનું ચક્કર ચલાવ્યું ને ! તો સત્યાનાશ થઈ જાય.

એક વાત સમજો તે લક્ષ્મી પતિ શ્રીઠાકોરજીને સ્વીકાર્ય (એકસ્પ્ટેબલ) નથી. નામ તો ઘણા લોકોના હોઈ શકે. દાદાજીએ ફોન લીધોને ! તો અમારે ત્યાં વારંવાર ફોન આવતો રામદાસ લક્ષ્મીદાસનો ફોન નીરંતર આવતો. રામદાસ લક્ષ્મીદાસ છે. હું તો કંટાળી ગયો કે ભાઈ ! રામદાસ છે પણ લક્ષ્મીદાસ નથી. તો બોલે કે તમે કોણ ? તો મેં કહ્યું કે લક્ષ્મીનો પતિ છું.

તે ચાલુ ખાતાની લક્ષ્મી અને ચાલુ ખાતાનો પતિ એક જુદી જ કથા છે ભાઈ ! જયારે તમે લક્ષ્મીના પતિ હોવાનું ચક્કર ચલાવી રહ્યા છો. ત્યારે તો લફડો પેદા થઈ રહ્યો છે. તો ફરીથી રાવણવાળું ચક્કર શરૂ થઈ રહ્યું છે. લક્ષ્મીના પતિ થવાની આવશ્યકતા નથી. લક્ષ્મીને નારાયણ પાસે રહેવા દયો, તો સેવા કરો તો મોક્ષ પણ મળી જશે.

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ‘‘હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ, ઈયં તવ કથાધિકા’’ પરંતુ લક્ષ્મીજી કરતાં આપની કથા અધિક છે. અધિક શા માટે છે ? કે ‘‘સકલ ગોપિકા સઙ્ગમ સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સઙ્ગમઃ’’ શું ગજબની વાત કહી છે ! કે પ્રભુ જીવને સુખદાન કરવા માટે જે પરિશ્રમ લ્યે છે. તે પરિશ્રમના જે શ્રમકણ છે .તે શ્રમકણ આપનામાં મળી ગયા છે. તો જે આપનાથી સગંત થઈ રહ્યા છે. તેને પ્રભુના તે શ્રમકણનો સ્વાદ મળી રહ્યો છે.

પ્રભુ જે સમયે જીવને સુખદાન આપવા માટે, જે પરિશ્રમ કરે, તે પરિશ્રમના જે કણ શ્રીઅંગ પર પ્રકટ થાય, તે કણ આપણને કેવી રીતે મળે ? આપનાથી જોડાવાથી. પ્રભુ આપણા માટે પરિશ્રમ કરે છે. કયારે આપણા માટે પરિશ્રમ કરે છે ? જયારે આપણે પ્રભુને પ્રિય હોઈએ ત્યારે. તો એટલી પ્રિયતા આપણને કયાંથી આવી શકે ? પરંતુ શ્રીયમુનાજી આવશે ત્યારે આવશે શ્રીઠાકોરજીના સંબંધ (કોન્ટેકટ)થી. પરંતુ શ્રીયમુનાજી આપણને પહેલાથી

તેના માટે પ્રિયત્વ આપી (પ્રોવાઈડ) રહ્યા છે.

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, ''ઇયં તવ કથાધિકા'' શ્રીઠાકોરજીથી અધિક આપની કથા છે. ''સકલ-ગોપિકા-સંઙ્ગમ-સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સઙ્ગમઃ'' એક વખત શ્રીયમુનાજીમાં ડુબકી એ વિશ્વાસની સાથે લગાવો કે શ્રીઠાકોરજીએ પુષ્ટિજીવને સુખ પહોંચાડવાને માટે જે પરિશ્રમ લીધો, તે પરિશ્રમના શ્રમકણ શ્રીયમુનાજીમાં મળેલ છે અને તે શ્રમકણ આપણાથી પણ સંગત થઈ રહ્યા છે.

તે શ્રદ્ધાની સાથે શ્રીયમુનાજીની સાથે સ્નાન કરીને જુઓ, તો તમારામાં જરૂર ભકિત આવી જશે. કારણકે ત્યારે તમારામાં એ વિશ્વાસ પ્રકટ થઈ જશે. તો એ વાત આ શ્લોકમાં જાણાવી, કે લીલા સામયિક જે પ્રભુના શ્રમકણ છે. તે ''શ્રમજલકણ સમ્બન્ધ સમ્પાદકત્વસ્રૂપ'' એક ઐશ્વર્ય પણ શ્રીયમુનાજીનું છે. આટલી ગજબની વાત શ્રીમહાપ્રભુજીની નજરમાં કયાંથી આવી ? કે તે શ્રીઠાકોરજીના પરિશ્રમ સાથે સમ્બન્ધ આપણને શ્રીયમુનાજી કરાવે છે. તો આ જે છે તે શ્રીયમુનાજીની અલગ જ કથા છે.

(એતત્પાઠેન સર્વપાપક્ષયઃ સકલસિદ્ધયો મુકુન્દરતિઃ તત્સન્તોષઃ સ્વભાવવિજયશ્ચેતિ ફલાનાં સિદ્ધિઃ)-અને એ બધી વાત તો બહુ જ ઉત્કૃષ્ટ કોટિની હતી. જે પ્રત્યેક વ્યકિતને સમજમાં આવવી મુશ્કેલ છે. સમજમાં આવી જાય તો અનુભૂત હોવી મુશ્કેલ છે. અનુભૂત થઈ જાય તો એ રીતની હૃદયમાં કામના જાગવી મુશ્કેલ છે અને કામના જાગી જાય, તો તે સિદ્ધ થવી મુશ્કેલ છે. તે કોઈપણ મુશ્કેલી હોય તો હોય. હવે શ્રીમહાપ્રભુજી પોતાનું પુષ્ટિસંપ્રદાય આચાર્યત્વ અહીં પ્રગટ કરી રહ્યા છે. કે મેં આ યમુનાષ્ટક સ્તોત્રને પ્રગટ કરેલ છે કે નથી કર્યુ ? એ વાત પુષ્ટિભકિતમાર્ગની નથી રહી ગઈ હોં !

હવે શ્રીમહાપ્રભુજી વચ્ચે મધ્યસ્થી (ઈન્ટરપ્ટ) થઈ રહ્યા છે. જેવી રીતે પ્રવેશ (એન્ટ્રી) થાય ને ? તેમ પુષ્ટિભકિતમાં શ્રીમહાપ્રભુજી સામેથી પ્રવેશ કરી રહ્યા છે કે ચાલો, હું આવી રહ્યો છું. કેવી રીતે આવી રહ્યો છું ? આ રીતે તમારી સામે આવી રહ્યો છુ, કે ''**પુષ્ટિ સમ્પ્રદાયત્વ**''- એક સંવિધાન તમારી સામે

પ્રસ્તુત કરી રહ્યો છુ અને કેવા રૂપથી પ્રસ્તુત કરી રહ્યો છું ? કે

તવાષ્ટકમ્ ઇદં મુદા પઠતિ સૂરસૂતે! સદા
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।।
તયા સકલ - સિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ
સ્વભાવ - વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।। ૯ ।।

આ યમુનાષ્ટકનો તમે પાઠ કરો, તમારા બધા જ પાપ દૂર થશે. આ યમુનાષ્ટકનો તમે પાઠ કરો, તમને મુકુન્દમાં રતિ થશે. આ યમુનાષ્ટકનો તમે પાઠ કરો, તમને સકલ સિદ્ધિ મળશે. અને ''મુરરિપુશ્ચ સન્તુષ્યતિ'' મુરરિપુ તમારાથી સંતુષ્ટ થઈ જશે. ''સ્વભાવ વિજયો ભવેદ્'' આગળ જઈને કહેશે કે ''જીવાઃ સ્વભાવતો દુષ્ટા'' તે દુષ્ટ સ્વભાવ ઉપર આ યમુનાષ્ટકના પાઠ કરવાથી તમારો વિજય તમને પ્રાપ્ત થશે. એ વાત શ્રીયમુનાજી નથી કહી રહ્યા. ઘ્યાનથી સમજો કોણ કહી રહ્યું છે ? ''વદતિ વલ્લભઃ શ્રીહરેઃ'' ''શ્રીહરેઃ વલ્લભ વદતિ એવ'' આ વાત શ્રીમહાપ્રભુજીએ અહીં વચ્ચેથી પ્રવેશ (ક્રોસ એન્ટ્રી) કરીને કહી.

વચ્ચેથી પ્રવેશ કરવો એક પારિભાષિક શબ્દ છે. જેમ એક નાટક ચાલી રહ્યું હોય અને બે પાત્ર કંઈક વાત કરી રહ્યા હોય અને ત્રીજુ પાત્ર સ્ટેજ પર આવી જાય કે નહીં ? એવી રીતે જે જીવ અને શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજીની જે લીલા ચાલી રહી છે. તેમાં શ્રીમહાપ્રભુજી અહીંથી પ્રવેશ કરી રહ્યા છે. કે હવે હું (શ્રીમહાપ્રભુજી) તમને કંઈક સમજાવવા ઈચ્છી રહ્યો છુ. કે જો આ યમુનાષ્ટકનો તમે પાઠ કર્યો તો આગળ બતાવી એ બધી વાત શ્રીયમુનાજીથી થશે. વાત ઘ્યાનથી સમજો શ્રીમહાપ્રભુજીને છોડવાથી નહીં થાય. શ્રીમહાપ્રભુજીને પકડીને કરશો તો શ્રીયમુનાજીથી થશે.

જેવી રીતે શ્રીયમુનાજીને છોડવાથી શ્રીઠાકોરજીની પુષ્ટિ નહીં થાય. શ્રીયમુનાજીને પકડવાથી શ્રીઠાકોરજીની પુષ્ટિ થશે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજીને પકડવાથી એ શ્રીયમુનાજીની સિદ્ધિ આપણામાં કાર્યાન્વિત

(ઓપરેટીવ) થશે. તે વાતને શ્રીમહાપ્રભુજી અહીંયા દઢતા (દમખમ)થી કહી રહ્યા છે કે ''વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ''તો આ રીતે આપણે યમુનાષ્ટકનો બધો સારાંશ સર્વે કર્યો. પ્રશ્ન :- જે જે આપે જે શરૂઆતમાં કહ્યું કે શ્રીઠાકોરજીના છ ગુણ છે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્ય. અને શ્રીયમુનાજીને આપે કૃષ્ણ જેવા જ કહ્યા. તો ઐશ્વર્ય વર્ણન જ કેમ છે ? વીર્ય, યશ વગેરેનું કેમ નહીં ?

ઉત્તર :- એક વાત સમજ કે બધા જ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય-જયારે કૃષ્ણ સમ કહ્યા, તો જે કૃષ્ણમાં છે, તેની સાથે શ્રીયમુનાજી કૃષ્ણ સમ છે ને ! એવા તો કૃષ્ણ સાથે સમાન નથી ને ! કે જે કૃષ્ણ સમાન છે, પણ કૃષ્ણના ગુણો શ્રીયમુનાજીમાં ન હોય. એટલે એ વાત તો ''કૃષ્ણ સમ'' કહેવાથી જ આવી ગઇ.

તે ધ્યાન આપ્યું હોત તો ''અનંતગુણભૂષિતે'' કહીં દીધું તો એમાં તો છ શું ? અનંત ગુણ કહી દીધા. એટલે પ્રશ્ન એ નથી. અહીંયા જે આદર ભાવનો મુદ્દો (પોઇન્ટ ઓફ એપ્રિશ્યેશન) છે એ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય છે કે નહીં ? એ નથી. પણ પુષ્ટિભકિતમાં-પુષ્ટિભકિતમાર્ગ ઉપર ચાલવા માટે કઈ સતા (ઓથોરીટી)ની મંજુરી (પરમીશન) આપણે લેવી જોઇએ ? એ સત્તા (ઓથોરીટી)નું અહીંયા વર્ણન (ડીસ્ક્રીપ્શન) છે.

એટલે આ વખતે ઐશ્વર્યનું જ વર્ણન અહીંયા અભિલષિત છે. બાકી બધા જે ગુણ હોય કે ન હોય. ન હોય તેનો તો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. પણ હોય તો અહીંયા તેના વર્ણનની આવશ્યકતા નથી. કેમકે આપણે પુષ્ટિભકિતમાર્ગ ઉપર ચાલવું છે ને ! તો પુષ્ટિભકિતમાર્ગ પર ચાલવું તો કોની સતાથી ચાલશું ? શ્રીયમુનાજીની. તો ઐશ્વર્ય કોનું ? શ્રીયમુનાજીનું. આવ્યું ને ખ્યાલમાં ? એ કયા કયા ઐશ્વર્ય છે ? અષ્ટવિધ ઐશ્વર્ય, તેનું વર્ણન અહીંયા છે. બાકી તો બધા ગુણો છે જ. જયારે ''અનંતગુણભૂષિતે'' કહ્યું તો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થાતો ને ?

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીયમુનાષ્ટકસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

॥ બાલબોધઃ ॥

ભૂમિકા :-

ત્યાર પછી બાલબોધ આવે છે. બાલબોધ શું છે ? આ વાતને સારી રીતે સમજો. આપણે ત્યાં પ્રાચીન વેદથી લઈ અર્વાચીન સુધી દરેક શાસ્ત્રમાં, શાસ્ત્રની શાસ્ત્રીયતા અર્થાત્ કોઈપણ શાસ્ત્ર એ શાસ્ત્ર છે, તો તે શા માટે શાસ્ત્ર છે ? અથવા શાસ્ત્રનો મતલબ શું ? કે જે કોઈક પ્રકારે આપણને નિયંત્રિત (ગર્વન) કરતું હોય એવા નિયમ બતાવે કે જે નિયમોથી આપણે નિયંત્રિત થતા હોય. એવા નિયમ બતાવે કે જે નિયમોથી આપણે અનુશાસિત થતા હોઈએ. તો તે નિયમને બતાવવાવાળો જે ગ્રંથ છે. તેને શાસ્ત્ર કહેવાય છે.

જે નિયમોથી આપણે અનુશાસિત થવું જરૂરી નથી. એવા કોઈ નિયમો બતાવે તો તે શાસ્ત્ર કહેવાતું નથી. તો શાસ્ત્રનો અર્થ છે કે જે નિયમોથી આપણે અનુશાસિત થઈ રહ્યા છીએ. જે નિયમોના અંતર્ગત આપણે જીવવું પડે છે તે વાતને બતાવવાવાળા ગ્રંથને શાસ્ત્ર કહેવાય. શાસનાત્-જે શાસન કરે, જે અનુસાશન કરે તે શાસ્ત્ર. તો આપણે ત્યાં કોઈ ગ્રંથને શાસ્ત્ર તયા મંજુર કરવાની એક પહેલી દૃષ્ટિ એટલે કે કોઈ પણ ગ્રંથનો શાસ્ત્રતયા સ્વીકાર કરવો.

કેટલાક શાસ્ત્ર એવા હોય કે જે કોઈ એક પુરુષાર્થના વિશે શાસન કરે, જેમકે અર્થશાસ્ત્ર, તો અર્થશાસ્ત્રનું શાસન કરે કે ભાઈ અર્થોપાજન કેવી રીતે કરવું ? અર્થ (ધન)નો વિનિયોગ કેવી રીતે કરવો ? અર્થનું શું કરવું ? કેવી રીતે કરવું ? તો તે અર્થશાસ્ત્ર.

ધર્મશાસ્ત્ર શું કરે છે ? કે આપણને એ બતાવે કે ધર્મ એ ક્યા પ્રકારે ધર્મ છે ? કયો ધર્મ અનુષ્ઠાન કરવા યોગ્ય છે ? કયો ધર્મ અનુષ્ઠાન કરવા યોગ્ય નથી ? કયો ધર્મ ''**કામનાયામ્ સત્યામ્**''અનુષ્ઠેય છે ? અર્થાત્ કામના હોય તો અનુષ્ઠાન કરવા યોગ્ય છે. કયો ધર્મ કામનાથી આચરણ યોગ્ય હોવા છતાં પણ કાંઈક દુષ્પરિણામ પ્રકટ કરવાવાળો છે ? કયો ધર્મ કાંઈ પણ પરિણામ ન આપતો હોય છતાં પણ આચરણ કરવા યોગ્ય હોય ? આ બધી બાબતોથી જે આપણા

જીવનના વ્યવહારને નિયમિત બનાવતું હોય, તો તે ધર્મશાસ્ત્ર છે.

એ જ પ્રકારે કામશાસ્ત્ર છે, તો કામના તો અનેક પ્રકારની છે. પરંતુ કેવા પ્રકારની કામનાઓનું કેવા પ્રકારે નિરાકરણ (આઉટલેટ) કરવું ? કેવા પ્રકારે વ્યકત કરવી ? કે જેથી આપાણી કામના આપણું જ ભક્ષાણ કરવાવાળી ન થઈ જાય. કામના તો ઘાણી બધી છે. પરંતુ જે કામના આપાણે કરી રહ્યા છીએ, તે કામના આપાણી તારાણહાર પાણ હોઈ શકે છે. તે કામના આપાણને મારનારી પાણ હોઈ શકે છે. તે કામના ઉધારક પાણ હોઈ શકે છે અને નાશક પાણ હોઈ શકે છે. તો જે આપાણને આ બધી બાબતો સમજાવે તેને આપાણે કામશાસ્ત્ર કહીએ છીએ. આ કામ અહીંયા સેક્સના અર્થમાં લેવાની વાત નથી. કામ એટલે જે આપાણી ચાહત (વોન્ટસ) છે. ઈચ્છા (ડીઝાયર) છે તે ઈચ્છાઓનું નિયમન કરવાવાળુ જે શાસ્ત્ર છે. નિયમિત (રેગ્યુલરાઈઝ) કરવાવાળું શાસ્ત્ર છે તે કામશાસ્ત્ર છે.

એ જ પ્રકારે મોક્ષશાસ્ત્ર છે, કે મુકત કેવી રીતે થવું ? કઇ પરિસ્થિતિમાં કોનાથી, કયારે, શા માટે મુકત થવું ? આ બધી બાબતોને સમજાવે તે મોક્ષશાસ્ત્ર છે. આમ, ચતુર્વિધ પુરુષાર્થ અને ચતુર્વિધ શાસ્ત્રની આપાણે ત્યાં એક માન્ય પરંપરા રહી છે. પરંતુ શ્રીમદ્ ભાગવત જેવા કેટલાંક અન્ય પુરાણો છે, જેમાણે પહેલીવાર આપણું ધ્યાન આ મુદ્દા પર આકર્ષિત કર્યું કે ચાર પુરુષાર્થ છે, તે તો ઠીક છે. પરંતુ ચાર પુરુષાર્થ સિવાય ભકિત પોતે સ્વયં એક પાંચમો પુરુષાર્થ છે. એ વાત સમજો.

હવે ફરી એક વાત ધ્યાનથી સમજો કે ભકિતનું કોઈ ધર્મરૂપ પાણ હોઈ શકે છે. ભકિતનું કોઈ અર્થરૂપ પાણ હોઈ શકે છે. ભકિતનું કોઈ કામરૂપ પાણ હોઈ શકે છે. ભકિતનું કોઈ મોક્ષરૂપ પાણ હોઈ શકે છે. ભકિતના આ રૂપ હોઈ શકે છે. તેથી ભકિત ફકત ધર્મ જ છે એમ માનીને ન ચાલવું. ભકિત ફકત પૈસા કમાવાનો એક ધંધો જ છે, જેમ આપાણા પુષ્ટિમાર્ગીઓએ માની લીધો.

હમાણા અમે એક જગ્યાએ ગયા હતા. ત્યાં એક વૈષ્ણવે ખૂબ મજેદાર વાત મને કહી, કે આપ આ આટલા સિદ્ધાન્તનો વિરોધ કરી રહ્યા છો, આ બધા

સિદ્ધાન્ત ઠીક છે, પરંતુ બાલકો જો આ ધંધો ન કરે તો ખાય શું ? કમાણી કેવી રીતે કરે ? જાય કયા ? આ તો ખૂબ જ ગંભીર વાત છે. ભાઈ ! ઘણા બધા ધંધા પ્રાપ્ત (અવેલેબલ) છે, તેમણે ભકિતને જ કેમ ધંધો બનાવ્યો ? તે કહે કે સિદ્ધાન્તની રીતે વાત બધી સાચી છે. પણ બાલક જાય કયા ? આપની પાસે તેનું કોઈ નિરાકરણ છે ?

વાત સાચી છે કે આપણે ભકિત ફકત અર્થ પુરુષાર્થના રૂપમાં જ લેવા ઈચ્છી રહ્યા છીએ. ભકિતને ધર્મ પુરુષાર્થના રૂપમાં નથી ઈચ્છી રહયા. ભકિતને કામ પુરુષાર્થના રૂપમાં નથી ઈચ્છી રહ્યા. ભકિતને મોક્ષ પુરુષાર્થના રૂપમાં નથી ઈચ્છી રહ્યા. ચાર પુરુષાર્થમાંથી ફકત એક પુરુષાર્થ રૂપતાવાદી આપણે નકકી (ફિકસ) કરી દીધી છે. જેમ પોપટને આપણે પાંજરામાં પૂરીને તાળુ મારી દઈએ. એમ ભકિતના પોપટને અર્થ પુરુષાર્થમાં પૂરીને તાળુ મારી દીધું. બસ હવે આ જ એક કામ કરો. બીજુ કંઇ કામ નહીં કરવાનું. પરંતુ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત એવો નથી.

શ્રીમહાપ્રભુજીઆને સ્પષ્ટ રૂપથી કહી રહ્યા છે, કે ભકિત સ્વયં એક પાંચમો પુરુષાર્થ છે અને પાંચમો પુરુષાર્થ છે તે ઘ્યાનથી સમજો. કે તે માત્ર ધર્મથી જ ગતાર્થ નથી થતો. ગતાર્થ થવો એટલે ? કે તેને માત્ર ધર્મના બદલે (સબસ્ટીટયુટ) નથી પ્રાપ્ત કરી શકાતો. આપણે ભકિત કરી નહીં અને ધર્મ કર્યો, તો બસ ચાલો ભકિત થઇ ગઇ. ભગવાન ગીતાજીમાં આજ્ઞા કરે છે **''સ્વકર્મણા તમભ્યચર્ચ્ય સિદ્ધિં વિન્દિતિ માનવઃ ''** તો તમે ધર્મ એવી રીતે કરો કે તે ધર્મ ભકિતરૂપી હોય. તો ધર્મ આપણે ભગવદ્ ભકિતના રૂપમાં કરીએ, તે ભકિતરૂપી પુરુષાર્થના પિંજરામાં ધર્મને પૂરવાનો એક પ્રકાર છે.

ઘ્યાનથી સમજો ભકિત આપણે એ પ્રકારે કરીએ કે જેમ કે કેટલાક લોકો પુસ્તકીયા પંડિત થઇ જાયને ? તેઓ શું કરે ? જેમ કે કેટલીય જગ્યાએ તેવી પરિસ્થિતિ સંભવે છે કે આપણે ભકિતના બધા પુસ્તક વાંચી લીધા અને આપણી ધારણા દઢ બનાવી લીધી કે ભકિત જ અમારો ધર્મ છે. અમે ભકિત જ કરશું બીજું કંઇ નથી કરવુ. તો આ શું થયું ? આપણે ભકિતને ધર્મના પિંજરામાં

પૂરી દીધી. જેવી રીતે ધર્મને ભકિતના પિંજરામાં પૂરી શકાય છે. તે પ્રકારે ભકિતને ધર્મના પિંજરામાં પૂરી શકાય છે.

અર્થને ભકિતના પિંજરામાં પૂરો અથવા ભકિતને અર્થના પિંજરામાં પૂરો કામને ભક્તિના પિંજરામાં પૂરો, તેનો અર્થ શું ? કે એવા દરેક કાર્ય કરવાની તમને છૂટ છે કે જે ભકિતથી પ્રાપ્ત થતા હોય. પરંતુ એવા કાર્ય કરવાની છૂટ નથી કે જે ભકિતની બહાર હોય. અથવા ભકિતને કામના પિંજરામાં પૂરો. અર્થાત્ એવી ભકિત કરવી કે જેમાં આપણને લાડુ, પુરી, મઠડી, આનંદ લીલા લહેર થઈ જાય. કે જંગલમાં મંગલ કરે બાબા વિઠ્ઠલનાથ અને જંગલમાં ભુખ્યા મરે બાબા ગોરખનાથ. તો ભકિત આપણે એવી કરીએ કે કામના પીંજરામાં પૂરીને ભકિત કરીએ તો તે પણ ભકિતનો એક પ્રકાર હોઈ શકે.

એ જ પ્રકારે ભકિતને આપણે મુકત થવાના મોક્ષ પુરુષાર્થમાં આપણે રાખીએ. કે ભકિત નહીં કરીએ તો આપણે બંધનમાં પડી જઈશું. ભકિત તો કરવી જ જોઈએ. નહીંતર આપણે સંસારમાં પ્રવાહિત થઈ જશું તો આવી રીતે મોક્ષ પુરુષાર્થમાં પણ ભકિતને કેદ કરી શકાય છે. મોક્ષ પુરુષાર્થને ભકિતના પીંજરામાં પણ પૂરી શકાય છે. કારણકે આપણે મોક્ષ પણ તે પ્રકારનો તૈયાર (પ્રીપેર) કરીશું કે જેમાં આપણાથી ભકિત નભી શકે. જેમાં આપણી ભકિત ન નભી શકે તે મોક્ષને ધિક્કાર છે. એટલું કહેવાની આપણામાં હિંમત હોવી જોઈએ. તેવા મોક્ષને અમારા તરફથી ધિક્કાર છે, અમારે નથી જોઈતો.

પ્રશ્ન :- આપ નિમ્નકક્ષા (ડીગ્રેડ) કરી રહ્યા છો ?

નહીં નહીં હું નિમ્ન કક્ષા નથી કરી રહ્યો. હું તો એક પરિસ્થિતિ (સીચ્યુએશન) સમજાવી રહ્યો છું કે આ પ્રકારે પણ થઈ શકે છે. હું કોઈ વસ્તુની નિમ્ન કક્ષા નથી કરી રહ્યો. તે તો કોઈ વાતનો હું અર્થ પુરુષાર્થ અંતર્ગત નિમ્ન (ડીગ્રેડ) કરવા માંગી રહ્યો છું બાકી હું કોઈ વાતને નિમ્ન કરવા નથી ઈચ્છતો. હું તો તેની જે શકય પરિસ્થિતિ છે તેની યાદી બતાવી (એન્યુમરેટ) રહ્યો છું ખ્યાલમાં આવ્યું ને ?

તો મારો પણ કંઈક સ્થાયીભાવ છે ને ! શું કરું ? બોલું તો મને કોઈ વાત

યાદ આવી જાય. તો યાદ આવી જાય, તેમા મારા સર્વે વિવેચનો તે પિંજરામાં પૂરાઇ જાય. તો ગેરસમજ નહીં કરતા હો. તો આ બધી શકયતાઓ છે. પરંતુ આ બધી શકયતાઓને કારણે આપણને શું થાય ? કે પુરુષાર્થના સ્વરૂપને સમજવામાં કોઇક પ્રકારે મુંઝવણ થઇ જાય. આ મુંઝવણ (કન્ફયુઝન) ન થવી જોઇએ.

એક વાત ધ્યાનથી સમજો કે ભકિત પોતે સ્વયં પાંચમો પુરુષાર્થ છે–છે–છે અને છે જ. જેને ધર્મમાં, અર્થમાં, કામમાં કે મોક્ષમાં ગણી શકાય નહીં. હવે વાત સમજો કે જો તમારી આ ધારણા સ્પષ્ટ ન રહી તો બધા ષોડશગ્રંથ પર ચોકડી મારી દયો. વાત સમજમાં આવીને ! આ જો તમારી ધારણા સ્પષ્ટ છે કે ભકિત અમારા માટે અલગથી (એડીશનલ) પાંચમો પુરુષાર્થ છે. કે જે ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ બધાથી અલગ એક પાંચમો પુરુષાર્થ – પંચમ પુરુષાર્થ ભકિત છે. આ વાત તમારા હ્રદયમાં સમજાય રહી છે તો ષોડશ ગ્રંથની પોથી ખુલી રહી છે અને આ વાત સમજમાં આવતી બંધ થઇ તો ષોડશ ગ્રંથની પોથી બંધ.

આ વાત સમજાઇ ગઇ તો પુષ્ટિભકિતની થોડીક ઝલક તમને મળશે અને આ વાત ન સમજાઇ તો સામે દેખાતી બધી પુષ્ટિભકિત પણ તમારી આંખોથી અદશ્ય છે. વાત ખ્યાલમાં આવીને ! આ વાતને સમજાવવા (ઇન્ટ્રોડયુઝ) માટે શ્રીમહાપ્રભુજી બાલબોધ સમજાવે છે. મારી વાત સમજમાં આવી રહી છે ? કે ભકિત પાંચમો પુરુષાર્થ છે. તો પાંચમો પુરુષાર્થ કઇ રીતે પાંચમો છે ?ચાર સિવાય પાંચમો પુરુષાર્થ છે તે વાત પાંચમો ગણવા માટે ચારની ગણતરી તો કરવી પડશે ને કે નહીં ? કે એક, બે, ત્રણ, ચાર અને પાંચ ભકિત આવી રીતે આવી રહી છે. તમે વાત સમજયા ?

હવે તમને સમજમાં આવશે કે શ્રીમહાપ્રભુજી કયા પ્રકારની ભકિતની વાત કરી રહ્યા છે ? ધર્મરૂપા ભકિતની વાત નથી કરી રહ્યા. અર્થ રૂપા ભકિતની વાત નથી કરી રહ્યા. કામ રૂપા ભકિતની વાત નથી કરી રહ્યા. મોક્ષરૂપા ભકિતની વાત નથી કરી રહ્યા. પંચમ પુરુષાર્થ રૂપા ભકિતની વાત કરી રહ્યા છે. તે વાત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ બાલબોધ ગ્રંથની રચના કરી છે. કે ચાર પુરુષાર્થની

કથા સારી રીતે સમજી જાઓ અને ચાર પુરુષાર્થની કથા સારી રીતે સમજી જશો, ત્યારે પંચમ પુરુષાર્થની કથા શરૂ (સ્ટાર્ટ) થશે.

આ પ્રકારે આ પંચમ પુરુષાર્થને ઓળખવાની કથા છે. આ ચાર પુરુષાર્થના અંતર્ગત ઓળખવાની કથા નથી. એક સંક્ષેપમાં તમને એમ થશે કે ભાઈ! ચતુઃશ્લોકી શું છે ? તો વાત ધ્યાનથી સમજો કે ચતુઃશ્લોકી તે ચારેય પુરુષાર્થને ભકિતના પિંજરામાં પૂરવાની કથા છે. ‘‘સર્વદા સર્વ ભાવેન... ન ત્યાજયમિતિ મે મતિ.’’ શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકી દ્વારા ચારેય પુરુષાર્થને ભકિતના પિંજરામાં કેદ કરવા ઈચ્છે છે તે વાત આગળ આવશે ત્યારે બતાવીશ.

પંરતુ આપાણી વાતને મુંઝવાણ ન થાય, હું કોઈ વસ્તુને નિમ્ન કરવા માટે નહીં, પરંતુ તેની પૃથકતા સમજવા માટે આપાણે દરેક વાતને છૂટી પાડીને સમજવું પડશે ને ! તો તે બન્ને બાજુથી શકય છે. જેવી રીતે ભકિતને આ ચારેય પુરુષાર્થના પિંજરામાં પૂરી શકાય છે તેવી રીતે આ ચારેયમાંથી કોઈ એક પુરુષાર્થને અથવા આ ચારેય પુરુષાર્થને ભકિતના પીંજરામાં કેદ કરી શકાય છે. ખ્યાલમાં આવ્યું ને ! તો અહીંયા શ્રીમહાપ્રભુજી આ ચારેય પુરુષાર્થની ગણતરી (કાઉન્ટીંગ) કરવા માંગી રહ્યા છે, કે તમે સારી રીતે ગણી લ્યો કે ચાર પુરુષાર્થ શું છે ? અને તે ચારેય પુરુષાર્થના વિષયમાં મારો દષ્ટિકોણ શું છે ? અને તમે મારો તે દષ્ટિકોણ સાંભળી લીધો. સમજી લીધો. તો પછી આગળ ભકિતની પંચમ પુરુષાર્થના રૂપમાં કથા શરૂ થશે. તેના માટે ‘‘બાલબોધ’’ શરૂ કરી રહ્યા છે.

॥ બાલબોધ ॥

(ધર્માર્થકામમોક્ષ-રૂપ-પુરુષાર્થ-ચતુષ્ટય-વિષયક-સિદ્ધાન્ત સંગ્રહ:)-ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ ચાર પુરુષાર્થોની બાબતમાં સકલ સિદ્ધાન્તોનો સંગ્રહ.

નત્વા હરિં સદાનન્દં સર્વ-સિદ્ધાન્ત-સંગ્રહમ્ ॥
બાલ-પ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ॥ ૧ ॥

એક વાર બધી વાતને ભુલી જાઓ. ચાર પુરુષાર્થ કોને સમજાવવા પડે? આ વાત ઉપર ધ્યાન આપશો ને તો સમજમાં આવશે કે ‘‘બાલ પ્રબોધનાર્થાય’’ પુષ્ટિમાર્ગમાં બાળકોને સમજાવવાની વાત છે યાર ! કોઈ પ્રોઢ (મેચ્યોર) પુષ્ટિમાર્ગીયને સમજાવવાની વાત થોડી છે ? જે પુષ્ટિમાર્ગમાં બાળક છે, તેને સમજાવવું પડશે, કે આ ધર્મ છે, આ અર્થ છે, આ કામ છે, આ મોક્ષ છે. આ બાલ પ્રબોધન છે. આ કોઈ પ્રૌઢ પ્રબોધન નથી. ‘‘યથા ભકિતઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે’’ વાળો પ્રૌઢ પ્રબોધન નથી. આ તો બાળકોને પણ કાંઈક તો સમજાવવું પડશે ને ! કે શું છે ? તો બાળકોને સમજાવી રહ્યા છે અને વધારે કંઈ ધ્યાન ન આપો. બસ ! આટલું ધ્યાનમાં રાખશો તો બધી વાત સમજાઈ જશે કે ચાર પુરુષાર્થ વિશે શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય શું છે ?

એક વાત ધ્યાનથી સમજજો હો! એમ નહીં સમજતા... આના ચાર પુરુષાર્થ છે. કારણકે બાળકને આપણે ક,ખ,ગ,ઘ, સમજાવીએ, તેથી ક,ખ,ગ,ઘ છે તે તમે સ્વીકાર્યું તો ‘કમળ’ કેવી રીતે લખશો ? અને ‘‘ખડિયો’’ કેવી રીતે લખશો ? અને ‘‘ગણેશ’’ કેવી રીતે લખશો ? ક,ખ,ગ,ઘ, છે. એમ વાત નથી. પરંતુ ક,ખ,ગ,ઘ ને સમજવાની એક સમય મર્યાદા છે તે અવસ્થામાં ક,ખ,ગ,ઘ સમજેને તો ખૂબ જ સારી વાત છે અને તે સમય મર્યાદા પછી પણ ક,ખ,ગ,ઘ ને જ સમજતા રહ્યા કે ‘‘ક’’ કમળનો ક, ‘‘ખ’’ ખડિયાનો ખ પછી તો ‘‘ગ’’ ગણેશનો ગ ની જગ્યાએ ‘‘ગધેડાનો ગ’’ થઇ જશે.

આ વાત ધ્યાનથી સમજો, એટલા માટે બાલક પ્રબોધન અહીં

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, પ્રૌઢ પ્રબોધન કહી રહ્યા નથી. સર્વ સિદ્ધાન્ત સંગ્રહનો અર્થ શું ? એક વાત ધ્યાનથી સમજો, આ કેટલું તીવ્ર વિધાન (સ્ટેટમેન્ટ) છે. આની સૂચી જૂઓ, તો ઘણા જ થોડા ચાર સિદ્ધાન્ત બતાવ્યા છે. તો ચાર સિદ્ધાન્તમાં બધા સિદ્ધાન્ત આવી ગયા ? કેટલા બધા સિદ્ધાન્ત બાકી રહી ગયા ? એક સર્વ દર્શન સંગ્રહ જોશો તો ખબર પડી જશે કે કેટલા સિદ્ધાન્ત બાકી રહી ગયા. અન્ય કોઈ બૃહદ કોશ – દર્શન સંગ્રહ જોશો તો સેંકડો સિદ્ધાન્ત આમાં બાકી રહી ગયા છે. તો સર્વ સિદ્ધાન્ત સંગ્રહ થયો કયા ? કયા સંદર્ભમાં થયો અને કયા સંદર્ભમાં નથી થયો? તે સંદર્ભને આપણે સમજવો પડશે કે સર્વ સિદ્ધાન્ત સંગ્રહનો અર્થ શું ?

ધર્મ, અર્થ, કામ, મોક્ષ રૂપ જે સિદ્ધાન્ત છે તે પાછા **''નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા ભોજયિતવ્યા''** જે સૂચિત છે તે સર્વે, બધા નહીં. આમા વિચક્ષણતા (કમીનિઝમ) કયા સમજાવી છે ? પ્રધાનતા (કેપીટલલિઝમ) કયા સમજાવી છે?આમા ફ્રોઈડનો સાયકોલોજીનો સિદ્ધાન્ત કયા સમજાવ્યો છે? વોટસનનુ વિશેષ રીતથી આચરણ (બિહેવીયરિઝમ) કયા સમજાવ્યું છે ? તો સર્વ સિદ્ધાન્ત સંગ્રહ તો છે જ નહીં. તો પછી લોચો થઈ ગયો. પ્રતિજ્ઞા ખોટી થઈ ગઈ. તે બધા સિદ્ધાન્તની કથા નથી. અહીં ધર્મ, અર્થ, કામ, મોક્ષ રૂપ સિદ્ધાન્ત જે છે, તે અહીં **''નિમંત્રિતા સર્વે બ્રાહ્મણા''** છે, તે સિદ્ધાન્તને વિષે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

બાલ પ્રબોધન માટે હું તમને એક સુવિનિશ્ચિત સિદ્ધાન્ત બતાવી રહ્યો છું. કયો સુવિનિશ્ચિત સિદ્ધાન્ત છે ? કે ધર્મ, અર્થ, કામ, મોક્ષના વિષયમાં મારો દૃષ્ટિકોણ (વિચાર) શું છે ? જેથી તમને પંચમ પુરુષાર્થની પંચમતા સમજવામાં કયારેય કોઈ તકલીફ ન થાય.

આટલા ઉપક્રમ પછી **(લૌકિકત્વાલૌકિકત્વભેદભિન્નેષુ પુરુષાર્થચતુષ્ટયેષુ ધર્માર્થકામવિચારસ્ય પ્રકૃતોપદેશાનુપયોગિત્વમ્)**–હવે અલગ કરવાની પ્રક્રિયા (પ્રોસેસ ઓફ એલીમિનેશન) જુઓ. ઝાટકવાની પ્રક્રિયા, જેમકે ઘઉં આપણે છાબમાં ભરી પછી ઉછાળીએ, ઉછાળીને આપણે

શું કરીએ ? દાણા અને કાંકરાને જુદા કરવા હોય તો જેને જુદા કરવા છે, તેને છાબમાં તો ભરવા પડશે કે નહીં ? તો છાબમાં ભરેલ છે. છાબમાં ભરીને હવે તેને જુદા કરવાનું શરૂ થઇ રહ્યું છે. કેવી રીતે ? ''લૌકિકત્વ અલૌકિકત્વ ભેદ ભિન્નેષુ પુરુષાર્થચતુષ્ટયેષુ.''

પ્રથમ ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષના બે ભાગ પાડી નાખો. એક લૌકિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને એક અલૌકિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ. આ પુરુષાર્થ ચતુષ્ટયમાં ''ધર્માર્થકામવિચારસ્ય પ્રકૃતોપદેશાનુપયોગિત્વમ્'' ધર્મ, અર્થ, કામ રૂપી જે પુરુષાર્થ છે. તેના વિષે કંઈપણ કહેવાનુ નથી. બાળકને પણ સમજાવવું નથી. પુષ્ટિમાર્ગીય બાળકે એટલું તો સમજવું જોઈએ કે શ્રીમહાપ્રભુજી કઇ વાત કહી રહ્યા છે. હવે ધ્યાનથી આ વાત સમજો. તો બાળકને સમજાવીશું તો બાળક પણ તમે કોણ છો ? એમ પૂછશે વાત સમજમાં આવી ? આ શું બકવાસ કરે છે, ભાઈ આ રામાયણ શા માટે શરૂ કરી ? એ વાત બાળકને તો સમજવી નથી, તો મોટાઓની વાત તો જવા દયો. આ ધર્મ, અર્થ, કામ પુરુષાર્થ એ પુરુષાર્થ નથી એ વાત બતાવવા નહીં, પરંતુ જે વાત આગળ કહેવી છે. તેમાં ધર્માર્થકામની વિવેચના પુરુષાર્થના અંતર્ગત પ્રકૃતોપદેશમાં અનઉપયોગી છે, અર્થ વગરની (યુઝલેશ) છે. તેમાં શું બતાવવું ? બાળક પણ આટલી વાત તો સમજે.

'ધર્માર્થ-કામમોક્ષા'ખ્યાશ્ ચત્વારોડર્થા મનીષિણામ્ ။
જીવેશ્વર-વિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ။ ૨ ။
અલૌકિકાસ્તુ વેદોક્તાઃ સાધ્ય-સાધન-સંયુતાઃ ။
લૌકિકા ઋષિભિઃ પ્રોક્તાસ્ તથૈવેશ્વર - શિક્ષયા ။ ૩ ။

ધર્મ, અર્થ, કામ, મોક્ષ, રૂપી ચાર પુરુષાર્થ છે અને તે ચાર પુરુષાર્થના પાછા બે વિભાગ કરીએ તો કુલ મળીને આઠ પુરુષાર્થ થઇ ગયા. જીવ વિચારિત ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ઈશ્વર વિચારિત ધર્મ, અર્થ, કામ, મોક્ષ. ઈશ્વર વિચારિત જે અલૌકિક પુરુષાર્થ છે,- ધર્મ, અર્થ, કામ, મોક્ષ તે તો વેદમાં

કહેવામાં આવેલ છે. જે વેદમાં કહેલા છે તેની અહીંયા ચર્ચા-વિચારણા કરવાની કોઇ દરકાર નથી. લૌકિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ શા માટે વેદથી જુદા પડી ગયા ? તો જુઓ, શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદનો દષ્ટિકોણ કેટલો સરસ રીતે અપનાવી રહ્યા છે ! વાત ધ્યાનથી સમજશો તો સમજવામાં આવશે કે ''તથૈવેશ્વર-શિક્ષયા'' ગભરાવાની કોઇ વાત નથી. ઋષિઓએ જો કોઇ વેદોકત પુરુષાર્થથી જુદા પુરુષાર્થ બતાવ્યા છે, તેથી જરાપણ હિંમત હારો નહીં. જરાપણ ડર ન રાખો ''તથૈવેશ્વર શિક્ષયા'' જે કંઇ થઇ રહ્યું છે તે ભગવાની ઇચ્છાથી થઇ રહ્યું છે. શૈતાનની ઇચ્છાથી કંઇ પણ થઇ રહ્યું નથી.

લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાદ્ આદ્યા યતઃ સ્થિતાઃ ।।
ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।। ૪ ।।
ત્રિવર્ગ-સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।।

હું તો લૌકિક પુરુષાર્થની વાત તમને કહેવા માંગું છું. વૈદિક પુરુષાર્થની વાત શા માટે નથી કહી રહ્યો ? કેમ કે તે તો વેદમાં કહેલા છે. તેમાં કહેવાની વાત શું છે ? દરેક વાત ખરી જ છે જયારે તમે પંચમ પુરુષાર્થને સમજવાને તૈયાર થઇ ગયા છો. તો તમારે આટલી વાત તો સમજવી જોઇએ. જયારે તમે એમ.એ. માં (એડમીશન) પ્રવેશ લઇ રહ્યા છો, ત્યારે તમને એ સમજાવવું કે 'ક' કલમનો 'ક' અને 'ખ' ખડિયાનો 'ખ' એ કોઇ સમજાવવાની વાત છે ? તેવી રીતે.

જે પુરુષાર્થનું મૂળ શાસ્ત્ર છે. આપણા હિસાબે પુરુષાર્થનું મૂળ નિરૂપણ કરવાવાળું શાસ્ત્ર વેદ છે. **''યતોભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિ સ્વધર્મ''** અભ્યુદય અને નિઃશ્રેયસ જેનાથી સિદ્ધ થાય તે ધર્મ છે. **''તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં કાર્યાકાર્યૌ વ્યવસ્થિતૌ''** તો શાસ્ત્ર જે છે તે પ્રમાણ છે. શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે ? એ વિષયમાં તો કર્તવ્ય અને અકર્તવ્યમાં શાસ્ત્ર પ્રમાણ છે. તે વેદમાં બતાવી આપ્યું છે કે ધર્મને કેવી રીતે આચરવો ? અધર્મ કેવી રીતે ન કરવો? અર્થ ઉપાર્જન કેવી રીતે કરવું ? અનર્થનું ઉપાર્જન કેવી રીતે ન કરવું ? કામને સંતુષ્ટ કેવી રીતે કરવો ? દુષ્કામને કેવી રીતે સંતુષ્ટ ન કરવું ? મોક્ષ કયારે

મેળવવો? કેવો મેળવવો અને કોણે મોક્ષ મેળવવો નહીં ? આ બધું વેદમાં બતાવેલું છે, તેમાં નવું જણાવવાની આવશ્યકતા નથી, કેમ કે પુરુષાર્થ નિરૂપક શાસ્ત્ર વેદ હોવાથી, તેનાથી અતિરિકત ધર્માર્થ, કામ, મોક્ષના નિરૂપણની આવશ્યકતાને શ્રીમહાપ્રભુજી આ રીતે કહે છે.

એક વાત ધ્યાનથી સમજો **''વેદોક્તાદ્ અણુ માત્રેડપિ વિપરિતંતુ યદ્ ભવેત્ તાદશંવા સ્વતંત્ર ચેત્ ઉભયં મૂલતો મૃષા''** ચાર પુરુષાર્થના વિષયમાં વેદથી જુદો કંઈપણ ઉપદ્રવ તમે કર્યો, તો તે સ્વતંત્ર કરી રહ્યા છો કે વિપરીત કરી રહ્યા છો ? પંરતુ તે જૂઠ જૂઠ અને કેવળ જૂઠ છે. આ શ્રીમહાપ્રભુજીની વેદ પ્રતિ વચન બદ્ધતા (કમિટમેન્ટ) છે. આપણને આપણી ઉલટી ખોપરીને કારણે એવું સમજમાં આવી ગયું કે વેદ તો પ્રમાણ માર્ગ છે, અને આપણો તો પ્રમેય માર્ગ છે.

આ વાતને આ વિષયને સ્પષ્ટ રીતે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે **''વેદોક્તાદ્ અણુ માત્રેડપિ''** એક અણુ જેટલું પણ વિપરિત જો તમે કંઇ બોલી રહ્યા છો તે **''ઉભયં મૂલતો મૃષા''** વિપરિત બોલી રહ્યા છો કે તમે સ્વતંત્ર બોલી રહ્યા છો તે જૂઠ છે અને જૂઠના સિવાય બીજું કઇ નથી. આટલી પ્રબળ વચન બદ્ધતા (સ્ટ્રોંગ કમિટમેન્ટ) શ્રીમહાપ્રભુજીની છે. તો તે વિષયમાં જાણાવવાની શ્રીમહાપ્રભુજીને કોઇ ગરજ નથી. દરકાર નથી. શ્રીમહાપ્રભુજી પંચમ પુરુષાર્થની વાત જાણાવવા ઈચ્છે છે. શું જાણાવવું કે વૈદિક પુરુષાર્થ કયા છે ? વાત સમજમાં આવીને !

આ ચાર પુરુષાર્થ–અલૌકિક પુરુષાર્થની અહીં વિચારણા (ડીલ) કરવા ઈચ્છતા નથી. લૌકિક જે ધમાર્થ કામ મોક્ષ છે, એટલે કે ઋષિના દ્વારા પ્રતિપાદિત જે ધમાર્થ કામ મોક્ષ છે તેની વ્યવસ્થા તમને સમજાવવા ઈચ્છું છું. કારણકે તેની ગણના (કાઉન્ટીંગ)માં તમારે પંચમ પુરુષાર્થ તરીકે સ્વતંત્ર, આનાથી ભકિતને એક સ્વતંત્ર પુરુષાર્થ તરીકે માનવો પડશે.

લૌકિક પુરુષાર્થમાં જે ધર્મશાસ્ત્ર છે, અર્થશાસ્ત્ર છે અને કામશાસ્ત્ર છે, શ્રીમહાપ્રભુજી પૂછી રહ્યા છે, તમારે જાણવું છે ? જો જાણવું હોય તો

અભ્યાસ કરી લ્યો. સમજમાં આવી જશે. હું શું બતાવું કે ધર્મ શું છે ? જાણવું હોય તો ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરી લ્યો, સમજમાં આવી જશે. અર્થ ઉપાર્જન કેવી રીતે કરવું ? તે જાણવું હોય તો અર્થશાસ્ત્ર વાંચી લ્યો. કામને કેવી રીતે સંતુષ્ટ કરવો ? તે જાણવું હોય તો કામશાસ્ત્ર વાંચી લ્યો, સમજમાં આવી જશે. આમાં હું શું નિર્ણય જણાવું ?

શ્રીમહાપ્રભુજીનો બાળક કેવો પ્રૌઢ છે. એ વાતને ધ્યાનથી સમજો અને કેવા પ્રૌઢને શ્રીમહાપ્રભુજી બાળક કહે છે એ વાત સમજો. શ્રીમહાપ્રભુજીની સામે જે બાળક છે તે કેટલો પ્રૌઢ છે, કેટલો પુખ્ત (મેચ્યોર) છે એ વાત સમજો અને કેટલા પુખ્તને શ્રીમહાપ્રભુજી બાળક કહે છે. એ વાત પણ સમજવી પડશે. ત્યારે આ બાલબોધની પંકિત સમજાશે, નહીંતર નહીં સમજાય, કે આટલા ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્રને જે શ્રીમહાપ્રભુજીને પૂછયા વિના સમજી શકતો હોય. ધ્યાનથી સમજો શ્રીમહાપ્રભુજીના સહારા વિના જે પોતાની મેળે સમજી શકતો હોય એવા પ્રૌઢને કહી રહ્યા છે. આ આપણા બાલકને નહીં હો, કે જેણે ધર્મશાસ્ત્રનો અભ્યાસ ન કર્યો હોય, અર્થશાસ્ત્રનો અભ્યાસ ન કર્યો હોય, કામશાસ્ત્રનો અભ્યાસ ન કર્યો હોય, માત્ર ટકાશાસ્ત્રો અભ્યાસ કર્યો હોય તેને બાળક કહી રહ્યા નથી. કોઈ બીજા બાળકને અહીં બાળક કહી રહ્યા છે. આ વાત ધ્યાનથી સમજો. જે વ્યકિત ઘણો જ પ્રૌઢ છે, શ્રીમહાપ્રભુજીથી સમજયા વિના, આ શાસ્ત્રને પોતાની મેળે સમજી જાય તેને શ્રીમહાપ્રભુજી બાળક કહી રહ્યા છે કે બચ્ચા આવીને બેસ, તને થોડી વાત સમજાવું, આટલો પ્રૌઢ બાળક છે, આવા પ્રૌઢને પાછો બાળક કહી રહ્યા છે અને તેને એ કહી રહ્યા છે. ''ત્રિવર્ગ સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે'' તમે તમારી મેળે વાંચીને સમજી જાવ, તેમાં હું શું બોલું ? આપ જે સમજાવવા ઈચ્છે છે તેને માટે કહી રહ્યા છે કે **(સ્વતઃપરતોભેદભિન્ને મોક્ષે આદ્યસ્ય બાહ્યાભ્યન્તરત્યાગ હેતુકદ્વૈવિધ્યમ્)**– સ્વતોમોક્ષ અને પરતોમોક્ષ આમ મોક્ષના બે પ્રકારમાં પ્રથમ સ્વતો મોક્ષના બાહ્યત્યાગ અને આભ્યન્તર ત્યાગ હેતુક બે પ્રકારો.

મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ ।।૫।।

મોક્ષના જે શાસ્ત્રો છે તે ચાર પ્રકારના શાસ્ત્રો છે. લૌકિક મોક્ષના શાસ્ત્ર પરતઃ મોક્ષ અને સ્વતઃમોક્ષ અને સ્વતઃ અને પરતઃ મોક્ષના પાછા બે બે ભેદ. પરતઃના બે ભેદ અને સ્વતઃ ના બે ભેદ. પરતઃ એટલે આપણા સિવાય બીજાથી મળતો મોક્ષ અને સ્વતઃ એટલે પોતાના પ્રયાસથી મળતો મોક્ષ. આવો સ્વતઃ મોક્ષ અર્થાત્ ગીતામાં ભગવાન આજ્ઞા કરે છે **''ઉદ્ધરેદ્ આત્માનાત્માનં નાત્માનમ્ અવસાદ્યેત્''** પોતાની આત્માથી પોતાનો ઉદ્ધાર કરો. પોતાના આત્માથી પોતાના આત્માને ખાડામાં ધકેલવાનું કારણ બનાવો નહીં.

ભગવાન બુદ્ધે ખૂબ જ સરસ કહ્યું છે **''અત્તા હી અત્તનો નાથ, અત્તા હી અત્તનો ગતિ''** અત્તા એટલે આત્મા, એટલે કે આત્મા જ આત્માનો નાથ છે, આત્મા જ આત્માની ગતિ છે. આત્મા જો કે કયા પહોંચશે આત્મા ? જો આત્મા સુધી ન પહોંચ્યો, અનાત્મા સુધી પહોંચ્યો તો બધી વાત ચોપટ થઈ ગઈ. તો આત્માનો નાથ કોણ બનશે ? બુદ્ધ કહે છે કે આત્મા જ બની શકે, બીજો કોઈ બની શકે નહીં અને અત્તાની ગતિ શું થશે ? **''અત્તા હી અત્તનો ગતિ''** તો આ વાતને સમજો કે આ સ્વતઃ મોક્ષની પ્રક્રિયા છે, જ્યાં આત્માશ્રિત મોક્ષ છે. આત્મા પોતાના પ્રયાસથી જયાં મુકત થઈ રહ્યો છે, તે સ્વતઃ મોક્ષ અને આત્મા પોતાના પ્રયાસથી મુકત થતો નથી અને બીજાના મોક્ષાનુકૂલ પ્રયાસથી મુકત થાય છે તે પરતઃ મોક્ષ. સ્વતઃ મોક્ષના પાછા બે ભેદ

દ્વિધા દ્વે-દ્વે સ્વતસ્ તત્ર સાંખ્ય-યોગૌ પ્રકીર્તિતૌ ॥

જે સ્વતઃ મોક્ષ શાસ્ત્રના બે ભેદ છે, તેમાંથી એક સાંખ્યશાસ્ત્ર છે. સાંખ્યશાસ્ત્ર તમને એવી પ્રક્રિયા બતાવે છે કે જે પ્રક્રિયાને કારણે કોઈપણ ઈશ્વરના આધિદૈવિક રૂપનો આશ્રય લીધા વગર તમે પોતાના પ્રયત્નથી મુકત થઈ શકો. યોગશાસ્ત્ર તમને એવી પ્રક્રિયા બતાવે છે જેમાં કોઈ ઈશ્વરની ગરજ રાખ્યા વિના તમે પોતાના પ્રયત્નથી મુકત થઈ શકો. શ્રીમહાપ્રભુજી આવા પ્રકારની મુકિતને સ્વતઃ મોક્ષ કહે છે.

ત્યાગાત્યાગ-વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ ॥ ૬ ॥

તેમાં સ્વતઃ મોક્ષના બે ભેદ છે કે એક સ્વતઃ મોક્ષ તમને ત્યાગ કરવાનું

કહે છે કે તમે બધું છોડો, ત્યાગ કરો તો તમે મુકત થઈ જશો અને એક સ્વતઃ મોક્ષનું શાસ્ત્ર એમ કહે છે કે બધાનો ત્યાગ ન કરો. બધું એટલે બધાના સંદર્ભમાં એવી રીતે પોતાનું નિયમન કરો કે જેથી એવા માર્ગ પર આપણે ગાડી ચલાવીએ કે જયાં કોઈ ટ્રાફિક આવતો ન હોય, આવા પ્રકારથી ગાડી ચલાવવી તે પણ એક ડ્રાઈવીંગની રીત છે અને એવા માર્ગ પર સમજદારી પૂર્વક ગાડી ચલાવવી કે કોઈ ગાડી આપાણાથી ટકરાય નહીં તે પણ ગાડી ચલાવવાનો પ્રકાર છે. ભાઈ ! બન્ને રીતથી ગાડી ચલાવી શકાય. જેને લાઈસન્સ ન મળ્યું હોય તેની વાત હું કહી રહ્યો છું.

તો આવા બન્ને રીતના શાસ્ત્ર હોય શકે કે આપણા વિષયની સાથે તે આ રીતથી વ્યવહાર કરે અથવા ન કરે. મારે ગાડી ચલાવવી નથી, કારણકે મારી શરત એ છે કે રોડ ઉપર કોઈ ગાડી ન ચાલતી હોય તો મને ગાડી ચલાવતા આવડે. માર્ગ પર ગાડી ચાલતી હોય ત્યારે મને ચકકર આવી જાય. તો પછી હું ચલાવું કે તુ ચલાવે ? દાદાજીએ મને કહ્યું કે બેટા ! તુ ગાડી ચલાવતો જ નહીં. મને મારા એકાધિકાર (મોનોપોલી)માં હસ્તક્ષેપ લાગે કે જયારે હું રોડ પર ગાડી ચલાવું તો બીજો શા માટે ગાડી ચલાવી રહ્યો છે ? તો એ ત્યાગનો સિધ્ધાન્ત છે કે એવી રીતથી ગાડી ચલાવવી કે જે માર્ગ પર કોઈ ગાડી ચાલતી જ ન હોય. ત્યાં આપણે આપણી ગાડી ચલાવીએ અને જુઓ ગાડી ચલાવતા આવડે છે કે નહીં ? એક તે પ્રક્રિયા ત્યાગની અને એક અત્યાગની પ્રક્રિયા કે બધો ટ્રાફિક ચાલી રહ્યો હોય અને આપણે આપણી ગાડી એટલા નિયંત્રણ (કંટ્રોલ)થી ચલાવીએ કે આપણે કોઈથી ટકરાઈએ નહીં અને બીજો કોઈ આપાણાથી ટકરાય નહીં એવી રીતે સિફતથી ગાડી ચલાવી, તો ગાડી ચલાવી.

સાંખ્યની જે પ્રક્રિયા છે તે ત્યાગની પ્રક્રિયા છે, કે જયાં કોઈપણ માર્ગ ઉપર બીજો ટ્રાફીક નથી, ત્યાં આપણે ગાડી ચલાવી રહ્યા છીએ અને યોગની પ્રક્રિયા છે તે કેવી પ્રક્રિયા છે ? કે બધા ભૂલેશ્વરમાં ગાડી ચલાવી રહ્યા છે અને આપણે કોઈથી ટકરાઈએ નહીં, એવો જયાં ઈશ્વર પણ પોતાનો માર્ગ ભૂલી જાય, ત્યાં આપણે આપણી ગાડી ચલાવી રહ્યા છીએ. તેનું નામ યોગની પ્રક્રિયા

છે. આ વાતને સમજો.

અહન્તા-મમતા-નાશે સર્વથા નિરહંકૃતૌ ।।
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ।। ૭ ।।

આ સ્વતઃ પ્રક્રિયાના મોક્ષમાં તમે પોતાની અહંતા અને પોતાની મમતાનો જો નાશ કરી દીધો, તો તમે સર્વથા નિરહંકૃત થઇ ગયા. સર્વથા તમે સ્વરૂપસ્થ થઇ ગયા, એટલે શુદ્ધ ચિદંશ થઇ ગયા. જે આગળ ‘‘જીવાઃ સ્વભાવતો દુષ્ટા’’ એ વાત બતાવવાના છે. તે મુજબ તમારામાં દોષ રહ્યા નહીં, સ્વાભાવિક રીતે, ત્યારે તમે કૃતાર્થ થઇ ગયા. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, બસ હવે તમે સ્વતઃ મુકત થઇ ગયા.

તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેડપિ નિરૂપિતા ।।
ઋષિભિર્ બહુધા પ્રોક્તા ફલમ્ એકમ્ અબાહ્યતઃ ।। ૮ ।।
અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોડપિ મનસૈવ હિ ।।
યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા ।। ૯ ।।

જેમ ઋષિઓએ બતાવી છે તેવી પ્રક્રિયા પુરાણમાં પણ બતાવવામાં આવી છે અને ઋષિઓએ આ સાંખ્યના ત્યાગ વાળી પ્રક્રિયા અને યોગના ચિત્તનિરોધ વાળી પ્રક્રિયા ઘણી રીતે વર્ણીત કરેલ છે. પરંતુ આમા મારો અભિપ્રાય (ઓપિનિયન) એકવાર સ્પષ્ટ સમજી લ્યો કે ‘‘ફલમ્ એકમ્ અબાહ્યતઃ’’ ચાહે ત્યાગ કે ચાહે યોગ જે વખતે તમે વેદની પ્રતિકૂલ કરી રહ્યા છો ત્યારે તમારો સત્યાનાશ થવાનો છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે જયારે તમે વેદની પ્રતિકૂલ ન જઇને કંઇક વધારાની પ્રવૃત્તિ મોક્ષ માટે કરો છો એટલે કે તમે વેદથી વિરૂદ્ધ જતા નથી અને કંઇક ત્યાગ કરી રહ્યા છો અથવા યોગ કરો છો તો તમને ફલ મળશે. શ્રીમહાપ્રભુજી કહે છે કે એમાં કોઇ ચિંતા અથવા સંદેહની વાત નથી. તમે મુકત થઇ જશો.

શ્રીમહાપ્રભુજી કહે છે ‘‘અત્યાગે યોગમાર્ગો હિ’’ અને અત્યાગમાં યોગમાર્ગ છે. ‘‘ત્યાગોડપિ મનસૈવ હિ’’ત્યાં યોગમાર્ગમાં ત્યાગ પણ છે. તો

વસ્તુનો ત્યાગ નથી, વૃતિનો ત્યાગ છે. એટલે કે ભોજનનો ત્યાગ નથી, ભૂખનો ત્યાગ છે. વાતને ધ્યાનથી સમજો પૈસાનો ત્યાગ નથી, લોભનો ત્યાગ છે. સ્ત્રીનો ત્યાગ નથી, કામવાસનાનો ત્યાગ છે. આ પ્રકારે.

''યમાદયસ્તુ કર્તવ્યાઃ'' અને યમાદિ તમારે કરવા પડશે. **યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ** અને જે દિવસે તમારી સમાધિ સિદ્ધ થઈ ગઈ. ''સિદ્ધે યોગે કૃતાર્થતા'' તમને સમાધિ સિદ્ધ થઈ ગઈ તો જેમ ''અહન્તા મમતા નાશે સર્વથા નિરહંકૃતો'' તમે સ્વરૂપસ્થ થઈ ગયા તો કૃતાર્થ થઈ ગયા. તેવી રીતે અહીં સમાધિસ્થ થઈ ગયા તો બસ તમે કૃતાર્થ થઈ ગયા. સમાધિ તમને સિદ્ધ થઈ ગઈ. તેનો અર્થ એ કે તમારાથી બાહ્ય કોઈ વિષય ટકરાઈ શકે તેમ નથી. તમે કોઈ બાહ્ય વિષયથી ટકરાઈ રહ્યા નથી. આનંદથી ગાડી ચલાવોને ! હવે આ પ્રક્રિયા શું છે ?

મોક્ષ-સ્વતઃ અને પરતઃ ભેદવાળા છે. મોક્ષમાં સ્વતઃ મોક્ષ છે તેનો એક પ્રકાર બાહ્યત્યાગ અને બીજો પ્રકાર આભ્યંતર ત્યાગનો છે. આભ્યંતર ત્યાગ અર્થાત્ વિષયથી મનને સંયમ(કંટ્રોલ)માં લાવવું. વિષયથી એટલે શું ? બિલ્વ મંગલ સૂરદાસજીને માટે કહેવાય છે કે તેનું મન સ્ત્રીમાં ગયું તો તેણે આંખો ફોડી નાખી. અરે ભાઈ આંખ ફોડી નાખી. પરંતુ કાનથી કોઈનો અવાજ સંભળાશે તો શું કરશો ? ખરેખર આવા લફડામાં એક દિવસ મેં એક સૂરદાસજીને પૂછ્યું કે આપને સ્વપ્ના તો આવે છે કે નહીં ? તેમણે ઘણી જ સારી વાત બતાવી, કે જે જે સપના તો આવે છે પરંતુ જોવાના સ્વપ્ના નથી આવતા. એવા સ્વપ્ના આવે કે લાડુ ખાઈ રહ્યો છું. મોહનથાળ ખાઈ રહ્યો છું. બુંદી ખાઈ રહ્યો છું. ક્યારેક કોઈ બોલ્યો, ક્યારેક કોઈ બોલ્યો-એવા એવા સ્વપ્ના આવે છે.

તો સ્વપ્ન તો આંધળાને પણ આવે છે. પરંતુ આંખવાળાને આંખના સ્વપ્ના આવે. આંધળાને જીભ અને કાનના સ્વપ્ના આવે. આંખ ખતમ થવાથી સ્વપ્ના ખતમ થતા નથી. આ વાતને ધ્યાનથી સમજો. આપણે આંખ ફોડી નાખીએ, કાન ફોડી નાખીએ તો બીજી કોઈ વસ્તુના સ્વપ્ના આવવા લાગશે. જેટલું પણ તમે ફોડવા જશો, તેથી સ્વપ્ના ખતમ થતા નથી. સ્વપ્ના તો

આવશે, આવશે ને આવશે. **''જાદુ તે જે શિર પર ચડીને બોલે''** સ્વપ્ના જ તો બધાથી મોટો જીવનનો જાદુ છે. કેમ કે શિર ઉપર ચડીને બોલે છે. આ બધાના સ્વપ્ના તો આવશે. પરંતુ તમે મનમાંથી તે વાતને કાઢી નાખશો તો ત્યારે કોઈ સ્વપ્ના આવશે નહીં. તે ત્યાગાત્યાગનો ભેદ છે અને તે ત્યાગાત્યાગના ભેદમાં બન્ને પ્રકારની કૃતાર્થતાની સ્થિતિ શું છે ? તે શ્રીમહાપ્રભુજીએ સમજાવી.

(પરતોમોક્ષે તત્તદાશ્રય-તત્તદીયત્વાભ્યાં શિવવિષ્ણવોઃ મોચકત્વમ્)-પરતઃ મોક્ષમાં બે પ્રકાર બતાવ્યા છે. જેમ સ્વતઃ મોક્ષની સાધનામાં ત્યાગાત્યાગનો ભેદ છે. એવી જ રીતે પરતઃ મોક્ષની સાધનામાં જેનાથી તમે મોક્ષ મેળવવા ઈચ્છો છો, તેનો તમારે આશ્રય લેવો જોઈએ. જેનાથી મોક્ષ મેળવવા ઈચ્છો છો, તેના તમારે બની જવું જોઈએ. આવા લપુ પંડાની જેમ નહીં કે **''લપ્પુપંડાકી લગન જો નદી તરનકો સેતુ, રહત ન ચિત્ત ઇત ઉત ફિરત પરિચયસંચય હેતુ''** આવા પંચય સંશય હેતુવાળા લપ્પુપંડાની જેમ આપાણે ભટકતા ફરીએ તો કયારેય મોક્ષ નહીં થાય. તેના બની જાવ, જેનાથી તમે મોક્ષ ઈચ્છી રહ્યા છો. તેના બની ગયા તો તમારો મોક્ષ થઈ જશે. તેનાં આશ્રિત થઈ જાવ તો તમને મોક્ષ મળી જશે. તે બે દેવતાને શ્રીમહાપ્રભુજી અહીં પરતઃ મોક્ષમાં મોક્ષદાતા તરીકે નિરૂપાણ કરી રહ્યા છે.

પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે ॥
બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્ તદ્રુપેણ સુસેવ્યતે ॥ ૧૦ ॥

બ્રહ્માજીને કેમ નથી લીધા ? દેવતાઓમાં ત્રાણ દેવતા મુખ્ય,સૃષ્ટિ ઉત્પાદક બ્રહ્મા, સૃષ્ટિ પાલક વિષ્ણુ અને સૃષ્ટિ સંહારક શિવ. આમા બ્રહ્માજીને શ્રીમહાપ્રભુજી મોક્ષશાસ્ત્રના અધિષ્ઠાતા દેવ તરીકે અસ્વીકાર કરે છે. શા માટે અસ્વીકાર કરે છે ? તેનું કારાણ સમજો. બ્રહ્માજી મોક્ષશાસ્ત્રના અધિષ્ઠાતા દેવ નથી.બ્રહ્માજી જ્ઞાનશાસ્ત્રના અધિષ્ઠાતા દેવ છે.મોક્ષશાસ્ત્રના અધિષ્ઠાતા દેવ એટલે મોક્ષના પદાધિકારી (ઈનચાર્જ ઓફિસર) મોક્ષ આપનાર સત્તાધારી (ઈનચાર્જ ઓથોરીટી) દેવ નથી. બ્રહ્માજી જ્ઞાન પ્રદાન કરવાના સત્તાધારી દેવ

છે. મોક્ષ પ્રદાન કરવાના સત્તાધારી દેવ નથી.

તેથી બ્રહ્માની જે સેવા છે, બ્રહ્માજીનો જે આશ્રય છે, બ્રહ્માજીની જે તદીયતા છે, તે આપણને મુકિત પ્રાપ્ત કરવા માટે નહીં, પરંતુ જ્ઞાન પ્રાપ્તિ માટે બ્રહ્માજીનો આશ્રય કરવો જોઈએ.જ્ઞાન પ્રાપ્તિ માટે બ્રહ્માજીના બનીને રહેવું જોઈએ. બ્રહ્માજીના તદીય બનવું જોઈએ. આ વાતને ધ્યાનથી સમજો. ''તદ્રુપેણ સુસેવ્યતે'' સુસેવ્યતે એટલે''તદાશ્રય તદીયત્વાભ્યામ્ સેવ્યતે'' વાત ખ્યાલમાં આવી ગઈને ?

તે સર્વર્થા ન ચાદ્યેન શાસ્ત્રં કિઞ્ચિદ્ ઉદીરિતમ્ ।।

તે સર્વ અર્થ છે તે બ્રહ્માજીથી પ્રાપ્ત થશે નહીં. જો કે પહેલા એક સંપ્રદાય આપણા ભારતમાં હતો. જેમ કે મનુસ્મૃતિ છે, આપણે ત્યાં તે બ્રાહ્મણ સંપ્રદાયનો ગ્રંથ છે. જે બ્રહ્માજીને આરાધ્ય દેવ માનીને પ્રવૃત થયેલ ગ્રંથ છે. તો ત્યાં બ્રહ્માજીને મુકિતદાતા તરીકે આરાધ્ય દેવ માનેલ છે. જ્ઞાન દાતા તરીકે નહીં. પરંતુ તે મનુસ્મૃતિનો કોઈ સંપ્રદાય નથી રહ્યો. માત્ર મનુસ્મૃતિ રહી ગઈ છે. આજે પણ મનુસ્મૃતિ અનુસાર આપણે કર્મ કરીએ છીએ. થોડાક કરીએ છીએ, થોડાક નથી કરતા. પરંતુ તેનો સંપ્રદાય રહ્યો નથી. બ્રહ્માજીની આરાધનાના પ્રકારની વાત કરે છે ''તે સર્વાર્થા ન ચાદ્યેન શાસ્ત્રં કિઞ્ચિદ્ ઉદીરિતમ્'' બીજા આવા શાસ્ત્રો પણ છે.

અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ।। ૧૧ ।।
વસ્તુનઃ સ્થિતિ-સંહારૌ કાર્યૌ શાસ્ત્ર-પ્રવર્તકૌ ।।

મોક્ષદાતા તરીકે જગતના હિતકારી કોણ છે ? શિવ અને વિષ્ણુ. તેનું કામ શું છે ? ''વસ્તુનઃ સ્થિતિ સંહારૌ'' વસ્તુની સ્થિતિએ વિષ્ણુનું કાર્ય છે અને સંહાર તે શિવજીનું કાર્ય છે. ''શાસ્ત્ર પ્રવર્તકૌ'' એ શાસ્ત્રના પ્રવર્તક છે. અર્થાત્ એક આખુ શૈવ શાસ્ત્ર છે, તે શૈવનો સંપ્રદાય છે. એવી જ રીતે વૈષ્ણવ શાસ્ત્ર છે, તે વૈષ્ણવ સંપ્રદાય છે. તે કાળથી લઈ આજ સુધી શૈવ અને વૈષ્ણવ સંપ્રદાય વ્યવસ્થિત અનવચ્છીન હિન્દુસ્તાનમાં ચાલી રહ્યા છે. મુકિત પ્રાપ્ત કરવી હોય તો આ શાસ્ત્ર અનુસાર શિવજીનો આશ્રય, શિવનું તદીયત્વ અર્થાત્ સંક્ષેપમાં

આપણે શિવ (શૈવ) થઈ જવું. તદીયતાનો અર્થ વિષ્ણુના સંદર્ભમાં વૈષ્ણવ થઈ જવું. વિષ્ણુની શરણાગતિ લઈ વૈષ્ણવ બની જવું. શિવજીની શરણાગતિ લઈ શૈવ થઈ જવું. તે તદાશ્રય તદીયતા છે.

હવે સવાલ એ આવ્યો કે આ બન્ને શું કામ છે ?તો જુઓ, શ્રીમહાપ્રભુજી પાછા બ્રહ્મવાદને ભૂલી રહ્યા નથી. આ લૌકિક શાસ્ત્રના નિરૂપણ વખતે શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદને ભૂલવા ઈચ્છતા નથી. જે રીતે શ્રીયમુનાજીના સંદર્ભમાં બ્રહ્મવાદ ભૂલાયો નહીં. જેમ શ્રીગુસાંઈજી સર્વોત્તમના સંદર્ભમાં બ્રહ્મવાદ ભૂલ્યા નથી. જેમ શ્રીરઘુનાથજી નામરત્નાખ્યના સંદર્ભમાં બ્રહ્મવાદને ભૂલ્યા નથી. એવી જ રીતે શ્રીમહાપ્રભુજી શિવ અને વિષ્ણુના સંદર્ભમાં બ્રહ્મવાદને ભૂલાવી રહ્યા નથી. તો આપણે કેટલી સંકીર્ણતા ધરાવીએ છીએ તે વાતને સમજ્યા વિના આપણે શ્રીમહાપ્રભુજી સાથે કેવો અન્યાય કરીએ છીએ ? આ વાતને સમજો શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદને ભૂલ્યા વિના નિડરતાથી એકદમ હિંમતથી આ વાતને કહે છે કે

બ્રહ્મૈવ તાદશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ ॥ ૧૨ ॥

આ શિવ અને વિષ્ણુ કોણ છે ? કોઈ શૈતાન નથી. તમે વૈષ્ણવ થઈ ગયા તેથી શિવ શૈતાન નથી અને તમે શૈવ થઈ ગયા તેથી વિષ્ણુ શૈતાન નથી. આ બ્રહ્મના જ બે રૂપ છે. કારણકે બ્રહ્મે જ શિવ, વિષ્ણુ અને બ્રહ્માજીનું રૂપ ધારણ કરેલ છે. આથી શિવ પણ બ્રહ્માત્મક છે અને વિષ્ણુ પણ બ્રહ્માત્મક છે. શિવ પણ સર્વાત્મક છે, વિષ્ણુ પણ સર્વાત્મક છે. બ્રહ્મના બધા ગુણધર્મને તે શેર કરે છે.

અહીં જુઓ શ્રીયમુનાજીને અનંત ગુણ ભૂષિતે, જે શ્રીયમુનાજીના સંદર્ભમાં કહેલ છે એ બધી જ વાત શ્રીમહાપ્રભુજી અહીં બાલ પ્રબોધનમાં પાછી લાવે છે.

નિર્દોષ-પૂર્ણ-ગુણતા તત્-તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ॥
ભોગ-મોક્ષ-ફલે દાતું શક્તૌ દ્વાવપિ યદ્યપિ ॥ ૧૩ ॥

આ બ્રહ્મા અને શિવજી બન્ને નિર્દોષ પૂર્ણ ગુણ છે. એ નિર્દોષ પૂર્ણ

ગુણ શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણના સંદર્ભમાં નિબંધમાં વાપર્યો છે. તમે નિબંધમાં શાસ્ત્રાર્થ પ્રકરણ જોશો તો ત્યાં શ્રીકૃષ્ણને વિષે શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રીકૃષ્ણ જે છે તે ''**નિર્દોષપૂર્ણગુણવિગ્રહઆત્મતન્ત્રોઃ નિશ્ચેતનાત્મક શરીર ગુણૈશ્ચ હીન**'' ત્યાં તે ગુણધર્મ નિર્દોષ પૂર્ણ ગુણ, આ બ્રહ્મા અને વિષ્ણુ બન્ને છે તે વાત કહે છે. ગ્રંથ જોશો તો ખબર પડશે કે, જે આપણી સમજ છે અને શ્રીમહાપ્રભુજીની સમજ છે, તે કેટલી અલગ સમજ છે. ગ્રંથ નહીં જુઓ તો આપણી ગાડી આખી ખાડામાં જઈ રહી છે. શ્રીમહાપ્રભુજી કહે છે ''નિર્દોષ પૂર્ણ ગુણતા તત્ - તચ્છાસ્ત્રે તયોઃકૃતા'' તે તે શાસ્ત્રમાં આની નિર્દોષ પૂર્ણ ગુણતા કેમ વર્ણવી છે ? કેમ કે બ્રહ્મ આ પ્રકારે શિવ થયા છે. બ્રહ્મ આ પ્રકારે વિષ્ણુ થયા છે. ભોગ - મોક્ષ ફલદાનમાં બન્ને સમર્થ છે. પરંતુ એક નિયમ અથવા સિદ્ધાન્ત તમને સમજાવવા માંગુ છું.

ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ॥
લોકેઽપિ યત્ પ્રભુર્ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ॥ ૧૪ ॥

વિષ્ણુનું જે સ્વરૂપ છે તે ભોગ પ્રધાન સ્વરૂપ છે. તો વિષ્ણુથી તમે મુકિત પ્રાપ્ત કરો અને શિવનું જે સ્વરૂપ છે તે મુકિત પ્રધાન સ્વરૂપ છે તો તેનાથી તમે ભોગ પ્રાપ્ત કરો. હવે મજાની વાત કહો કે વિચિત્ર (ફની) વાત કહો, જેવી તમારી ઈચ્છા હોય. પરંતુ શ્રીમહાપ્રભુજી કેટલી સુંદર વાત બતાવે છે ! કે ''લોકેઽપિ યત્ પ્રભુર્ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્'' શિવના રૂપમાં બ્રહ્મ મુકિતનો આનંદ માણી રહ્યો છે અને વિષ્ણુના રૂપમાં બ્રહ્મ ભોગનો આનંદ માણી રહ્યો છે.

એક વાત ધ્યાનથી સમજશોને તો આંતરિક રહસ્ય સમજમાં આવશે, કે જે સંહારના દેવતા શિવ છે તેણે પોતાનું કામ કરી લીધું તો ભોગ શું કરશે ? મુકિતનો તો આનંદ લેશે કે ભાઈ ઝંઝટ પૂરી થઈ અને વિષ્ણુ સ્થિતિના પાલક દેવતા છે, તે મુકિતનો આનંદ લેવા જાશે તો પાલન કોણ કરશે ?

તો આનો આંતરિક ભાવ સમજો. તે જે વિષયના દેવતા છે તે વિષયનો આનંદ લેશે ને ! શેના અધિષ્ઠાતા દેવ છે ? શિવ સંહારના અધિષ્ઠાતા દેવ છે. તેણે

પોતાનું કામ કરી લીધું પછી શું બાકી રહ્યું ? શેનો ભોગ કરશે ? તો મુકિતનો તો આનંદ લેશે ને ! અને વિષ્ણુ પાલનના અધિષ્ઠાતા દેવ છે તો પોતાનું કામ કરે તો ભોગનો આનંદ લેશે. પાલન કરવામાં ભોગનો આનંદ લેશે. આખા જગતનું પાલન કરી જગતના ભોગનો આનંદ લઈ રહ્યા છે. આથી શ્રીમહાપ્રભુજી કહે છે કે આ સમજયા વિના લોકો શિવજીને છપ્પન ભોગ કરે છે, શિવજીને પલના ઝુલાવે. વિચારો જટા અને જુટધારી શિવજીને કોઈ દિવસ માતા પારણે કે હાલરડે જુલાવે ? કોને હાલરડે હુલરાવે ? સમજયા વિચાર્યા વિના આપણે કંઈને કંઈ ઉપદ્રવ કરતા રહીએ. આ તો સમજવા વિચારવાની વાત છે. શિવજી પલના ઝુલતા સારા ન લાગે. તે તો શિવજીનું ધ્યાનાવસ્થિત મુકિતનો આનંદ લેતુ સાચું સ્વરૂપ સમજમાં આવે તો સમજાય.

પરંતુ ‘‘તન્ન યચ્છતિ’’ તે મુકિત નહીં આપે કારણકે તે ખુદ પોતાના ભોગને માટે મુકિત રાખે છે, તો તે તમને મુકિત શા માટે આપે ? ભોગ આપશે જે ભોગ પોતાના માટે રાખી રહ્યા છે તે તમને મુકિત આપશે તેને ત્યાં મુકિત વધારા (સ્પેર)માં છે. જોઈએ તેટલી લઈ જાવ. અમે તેને વાપરતા નથી. તેનો ઉપયોગ કરતા નથી. માલિક શું કરે ? પોતાને વાપરવું હોય તે પોતે વાપરે અને જે પોતે વાપરતો નથી તે નોકરને આપે. એવી રીતે શિવ પોતાના સ્વરૂપથી મુકિતને માણે છે, તો તે બધાને ભોગ આપશે અને વિષ્ણુ પોતાના સ્વરૂપથી ભોગને માણી રહ્યા છે તો મુકિત તેને ત્યાં વધારે છે, તો જેટલી જોઈએ તેટલી લઈ જાવ. આ મુજબનો સિદ્ધાન્ત છે આથી ‘‘ન યચ્છતિ’’ આનો અર્થ એ નથી કે તે દેવતાના સ્વરૂપમાં અસમર્થ છે.

અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ॥
નિયતાર્થ-પ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ॥ ૧૫ ॥
પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ ॥

જે ખરેખર અતિ પ્રિય છે. જો તમે ખરેખર એટલા પ્રિય શિવના બનો તો શિવ શા માટે મુકિત ન આપે ? તો સામર્થ્યમાં કોઈ કચાશ નથી. શિવની તમે અતિપ્રિયતા પ્રાપ્ત કરો તો શિવ તમને મુકિત આપશે. તમે વિષ્ણુની અતિપ્રિયતા

પ્રાપ્ત કરો તો તે તમને ભોગ પણ આપશે શા માટે નહીં આપે ? તમે અતિપ્રિય છો તો. જેમ સુદામાને ભોગ આપ્યો, વિષ્ણુ ભોગ પણ આપી શકે.

પરંતુ ''નિયતાર્થ પ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ'' નિયમ મુજબ તદીયત્વ અને તદાશ્રય એ પ્રત્યેકના સાધન છે અને ''નિયતાર્થ પ્રદાનેન... ...દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ'' કેમ તે જે નિયતાર્થ છે તેનું પ્રદાન કરે. જેનો તેને ત્યાં ઉપભોગ નથી થઈ રહ્યો, તેનો એટલે કે બીજાનો તમે ઉપભોગ કરવા માટે માગી રહ્યા છો ત્યારે તમે તેને બહુશ્રમ આપી રહ્યા છો અને શિવથી તમે મુકિત માગો છો તો શિવથી થોડો સ્મર શ્રમ નિકળશે અને વિષ્ણુથી તમે ભોગ પ્રાપ્ત કરવા માંગતા હો તો વિષ્ણુને તમારે થોડો સ્મર શ્રમ આપવો પડશે. ભાઈ ! આ ભોગ પ્રાપ્ત કરવા માંગતા હો તો ભોગ તો તે પોતે ભોગવી રહ્યા છે એ વાત ધ્યાનથી સમજો તો બીજા અર્થને માટે દરેક સ્થિતિમાં તદીયત્વ અને તદાશ્રયની આવશ્યકતા શું છે ? શિવનો આશ્રય, વિષ્ણુનો આશ્રય પ્રાપ્ત કરીને તમે સાચા શૈવ અને સાચા વૈષ્ણવ થઈ જાવ, તો થઈ ગયા. તેમા તકલીફ કયા છે ? શ્રીમહાપ્રભુજી કહે છે કે ભાઈ તકલીફ એ છે કે

(સ્વાભાવિકદોષનિવૃત્ત્યર્થં તત્તદાશ્રય-તત્તદીયત્વબુદ્ધ્યા સ્વધર્માચરણસ્ય આવશ્યકતા)-સ્વાભાવિક દોષને દૂર કરવા માટે તદાશ્રય અને તદીયતા મેળવવાની બુદ્ધિથી સ્વધર્માચરણને નિભાવવું આવશ્કય છે.

જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ।। ૧૬ ।।

સ્વભાવથી જીવ દુષ્ટ છે. તે પોતાનો દોષ ત્યાં પણ ઘુસાડયા વિના માનશે નહીં. શિવના ભજનમાં પણ લફડા કરી દેશે, વિષ્ણુના ભજનમાં પણ લફડા કરી દેશે. તો ''દોષાભાવાય સર્વદા'' તો આપણા આ દોષો ઉપર તમે કેવી રીતે કાબુ મેળવશો ?

શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિધ્યતિ ।।

શિવના ભકત છો તો શિવના શાસ્ત્રનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મ નિવેદન કરો. વિષ્ણુના ભકત

છો તો વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મ નિવેદન કરો. તે ''શ્રવણાદિ તતઃ પ્રેમણા'' પ્રેમથી આ બધી વાત કરશો તો આ મોક્ષ દાયક દેવતાને તમે રિઝવી શકશો અને પ્રેમથી ન કર્યુ તો તમારો સ્વાભાવિક દોષ એમની સાથેના વ્યવહારમાં કયાંકને કયાંક આડો આવી જશે. જેમ આપણો સ્વભાવિક દોષ શ્રીકૃષ્ણ સાથેના વ્યવહારમાં, આપણી આડે આવી ગયો કે નહીં ? એવી જ રીતે આની સાથે પણ આવી જશે. જયારે શ્રીકૃષ્ણની સાથે આપણો સ્વાભાવિક દોષ આડો આવી ગયો તો આ દેવતાઓની સાથે કેમ આડો નહીં આવી શકે ? એની સાથે પણ આડો આવશે.

મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્ ભોગશ્ચ શિવતસ્તથા ॥ ૧૭ ॥

વિષ્ણુથી મોક્ષ સુલભ છે, શિવથી ભોગ સુલભ છે પરંતુ કોનાથી શું સુલભ છે તે સિવાય એ વિચારવાની આવશ્યકતા છે કે,

સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ॥

તમે શિવના પ્રતિ સમર્પિત છો કે નહીં ? તમે વિષ્ણુના પ્રતિ સમર્પિત છો કે નહીં ? આ મુખ્ય વાત છે. ''**બાપ દાખવ નહિ તો શ્રાદ્ધ કરા**'' ની જેમ તમે શિવથી મોક્ષ ઈચ્છો છો કે વિષ્ણુથી મોક્ષ ઈચ્છો છો? તે બધી પછીની વાત છે. પહેલા તમે શિવ અથવા વિષ્ણુના પ્રતિ સમર્પિત છો કે નહીં ? તેનો તો ખુલાસો કરો. જો તમે સમર્પિત છો તો શિવ અથવા વિષ્ણુના પ્રતિ સમર્પિત હોવાના કારણે તમે શિવના સાચા શૈવ થઈ જશો, તમે વિષ્ણુના સાચા વૈષ્ણવ થઈ જશો અને જયારે તમે તદીય બની ગયા ત્યારે તમારું બધું કામ સિદ્ધ થઈ જશે પરંતુ જો તમે તદીય નથી બની શકતા, કારણકે ''જીવાઃ સ્વભાવતો દુષ્ટા'' એવા કોઈ સ્વભાવિક દોષ હોય તો શું કરવું ? તો કહે છે કે કોઈ ચિંતાની વાત નથી.

અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્ સમાશ્રિતઃ ॥ ૧૮ ॥

તમે અતદીય છો સાચા શૈવ નથી બની શકયા. થોડી કોઈ અન્ય વધારાની પ્રવૃત્તિ (એકસ્ટ્રા કેરી કુલમ એકટીવીટી) ચાલુ છે. અર્થાત્ ''**કાફિર તો નહીં હું પર કહીયો ન મુસલમાન એક બુત સે ભી નિબાહ કીયે જા રહા હું**'' જો આવી કોઈ વધારાની બીજી પ્રવૃતિ કરી રહ્યા છો કે કાફીર નથી પરંતુ મુસલમાન પણ

નથી કારણકે મારાથી અલ્લાહની સાથે પાછો એક નિબાહ છે. આવા અલ્લાહના સિવાય બીજો કોઇ મારાથી પણ બીજું કંઇ નિભાવી રહ્યો છે. કોઈ સંબંધ અતદીય છે. તો શ્રીમહાપ્રભુજી કહે કોઈ ચિંતાની વાત નથી. આશ્રય તો દઢ કરી શકો કે નહીં ? જે પણ તમારી બીજી વધારાની પ્રવૃત્તિ કે વ્યાવૃત્તિ હોય, જે તદીયતામાં બાધક છે. તેને થોડા સમય માટે ભૂલીને થોડો દઢ આશ્રય તો કરો. ચાહે તો શિવનો કરો કે ચાહે તો વિષ્ણુનો કરો.

તદાશ્રય તદીયત્વ બુદ્ધયૈ કિઞ્ચિત્ સમાચરેત્ ।।
સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા ।।

તમે જીવનમાં જે પણ કામ કરો તે આશ્રયથી કરવાનું શરૂ કરો કે આ કામ કરવાથી મારો શિવનો આશ્રય દઢ થશે, આ કામ કરવાથી હું સાચો શૈવ બની જઈશ. આ કામ કરવાથી વિષ્ણુનો ખરો આશ્રય મને દઢ થશે, આ કામ કરવાથી મને સાચી વૈષ્ણવતા સિદ્ધ થશે.

જે વેદનો ધર્મ છે તેને કેન્સલ કર્યા વિના, તો તમારું કામ થઈ જશે. નહીં તો ''ભારદ્વૈગુણ્યમ્ અન્યથા'' બે ગણા ભારથી લદાઈ જશો, કેમકે તમે લૌકિક મોક્ષના શાસ્ત્રની પ્રક્રિયાથી મુકત થવા ઈચ્છો છો અને તેના ભરોસે તમે વેદને છોડી દીધો તો ''**ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો**'' કારણકે વેદે ચારેય પુરુષાર્થની જેટલી સંપૂર્ણ સંભાળ (ઓવર ઓલ કેર) લીધી છે, તેટલી સંભાળ લૌકિક શાસ્ત્રે લીધી નથી. પરંતુ જો તમે તેને નિભાવીને લૌકિકશાસ્ત્રથી કોઈ વધારાની (એડીસનલ) અને તેમાં સોનામાં સુગંધ ઉત્પન્ન (ક્રિયેટ) કરવા ઈચ્છી રહ્યા છો તો શ્રીમહાપ્રભુજી કહે છે કે કોઈ ચિંતાની વાત નથી. વૈદિક ધર્મને નિભાવતા, જો તમે સાચા શિવ ભકત થઈ ગયા, જો તમે સાચા વિષ્ણુ ભકત થઈ ગયા તો તમારે ગભરાવાની કોઈ વાત નથી.

આ જુઓ ''કહેવાનું દિકરીને અને સંભળાવવાનું વહુને'' આ વાત બાલબોધ પ્રબોધન કરે છે. પરંતુ શ્રીમહાપ્રભુજી પુષ્ટિ જીવને સમજાવી રહ્યા છે કે જો શિવ અને વિષ્ણુ પ્રતિ હું આ વાત સમજાવી (બતાવી) રહ્યો છું તો શ્રીકૃષ્ણના પ્રતિ કોઈ બીજી વાત સમજાવવાનો નથી. આ જ વાત શ્રીકૃષ્ણના સંદર્ભમાં

સમજવાની છે કે તમે શ્રીકૃષ્ણનો આશ્રય કરો. શ્રીકૃષ્ણના તદીય બની જાવ. કૃષ્ણાશ્રિત, કૃષ્ણના ભગવદીય બની જાવ અને ''સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ'' વ્યર્થમાં પોતાનો ધર્મ તોડવાનો આગ્રહ ન રાખો. તો યથા શકય પાલન કરવાનો આગ્રહ રાખો નહીંતર તમે બે ગણા ભારથી લદાઇ જશો.

આપણે એમ માની લીધુ કે વૈદિકમાર્ગ તો મર્યાદામાર્ગ છે અને આપણો તો પ્રમેયમાર્ગ છે. પ્રમેયમાર્ગમાં તમે શું કૌભાંડ કર્યુ ? તો બધી જ જવાબદારીનું ભાન તમે ભૂલી ગયા. પ્રમેયમાર્ગમાં કોઈ સારું કામ તો કર્યું નહીં અને બધા ઉપદ્રવ, ઉપદ્રવ જ કર્યા. તો તે જ વાત શ્રીમહાપ્રભુજી પુત્રીને કહી પોતાની વહુને સંભળાવવા ઈચ્છે છે. જે વાત બાળકને કહે છે. તેમાં પુત્રી ન આવતી હોય તો તેના સિવાય જમાઇને લઇ લ્યો, અહીં પુત્રને કહીને જમાઇને સંભળાવવા ઈચ્છે છે, એમ સમજી લ્યો, વાત તો એક જ છે, તેમાં તાત્પર્ય નથી.

મૂળ વાત એ છે કે શ્રીમહાપ્રભુજી આ બાલ પ્રબોધનમાં પુષ્ટિમાર્ગીય જીવને એ જાણાવવા ઈચ્છે છે કે કૃષ્ણની સાથે તમારે કેવો વ્યવહાર કરવાનો છે. જેવો વ્યવહાર વિષ્ણુની સાથે કરવાનો છે. જેવો વ્યવહાર શિવની સાથે કરવાનો છે, તેવો જ વ્યવહાર જો તમે પુષ્ટિમાર્ગીય છો તો, તમારે શ્રીકૃષ્ણની સાથે કરવાનો છે.

ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥૧૯॥

આ બધી વાત તમને મેં સારી રીતે સમજાવી દીધી. જો તમે આ વાત સમજી ગયા, તો હવે તમને કયારેય પણ ભ્રમ થવો જોઈએ નહીં. આ વાત તમે સમજી ગયા હો તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તો હવે પછી હું કયારેય તમને બાળક કહીશ નહીં. હવે પછી કહીશ કે હવે તમે સમજદાર થઇ ગયા, હવે તમે બાળક નથી રહ્યા. પરંતુ જો તમે આ વાત ન સમજયા, તો તમે પાછા બાળક રહી ગયા, ગોબા રહી ગયા, એમ શ્રીમહાપ્રભુજી કહે છે. તો આપણે શ્રીમહાપ્રભુજીના આશય (મત)થી બાલ પ્રબોધન સમજયા. તેનો સારાંશ (સીનોપ્સીસ) સમજયા.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો બાલબોધઃ સમ્પૂર્ણઃ ॥

પ્રશ્ન :-

જવાબ :- બહુ જટીલ ઉદાહરણ (કોમ્પ્લીકેટેડ એકઝાંપલ) આપું છું બધાને વિનંતી કરું છું કે કોઈ બીજા અર્થમાં ન લેતા.

એક વાત ધ્યાનથી સમજો કે સાંખ્યના જે ત્યાગની પ્રક્રિયા છે અને સાંખ્યના સાધક જેટલો ત્યાગ કરતા હતા, તેનાથી દશ ગણો ત્યાગ જૈન દિગંબર સંન્યાસી કરે છે. આ નિંદાના રૂપમાં નથી કહી રહ્યો,ત્યાગ કરે છે કે નહીં ? તે ત્યાગ આપણી વૈદિક ત્યાગની પ્રક્રિયાથી અનુકૂળ છે કે પ્રતિકૂળ છે ? શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તના હિસાબે પ્રતિકૂળ છે. તે જો કે ત્યાગ છે પરંતુ સ્વતઃ મોક્ષદાયક નથી. વાત ખ્યાલમાં આવીને! અને યોગની પ્રક્રિયામાં એક વાત ધ્યાનથી સમજો કે લોકોની એવી ભ્રાંતિ છે કે પતંજલી યોગ જ યોગ છે. દુનિયામાં યોગના સેંકડો પ્રકાર છે. હિન્દુસ્તાનમાં અને દુનિયામાં પણ. આપણા હિન્દુધર્મમાં જ નહીં, દરેક ધર્મમાં છે તેઓ એ યોગ નામ નથી આપ્યુ, નામ નથી દીધું તેથી શું ફેર પડે ? ખ્રિસ્તીમાં (ક્રિશ્ચયનમાં) યોગની ઘણી વ્યવસ્થિત પ્રક્રિયા છે, જે આપણા યોગની બાપ પ્રક્રિયા છે. જૈનમાં યોગ છે, તે બધી પ્રક્રિયા તો ઉપલબ્ધ છે જ ને. તે યોગીક પ્રક્રિયાની જવાબદારી શ્રીમહાપ્રભુજી લેવા ઈચ્છતા નથી.

વેદ પ્રમાણે ''ફલમ્ એકમ્ અબાહ્યતઃ'' એવી એવી પણ યોગની પ્રક્રિયા છે. એક વાત સમજાવું કે ચિત્તને એકાગ્ર કરવા માટે કોઈ સુંદર સ્ત્રીનું ધ્યાન ધરો. તેની છેડતી કરવાની નહીં. ચિત્તમાં તે સુંદરીનું કોઈ રૂપ આકર્ષણ કરીને, મનમાં લાવીને બસ તેનું ધ્યાન ધરો. બહુ જ જોખમી (રિસ્કી) પ્રક્રિયા છે, છે તો ખરી પ્રક્રિયા ચિત્ત નિરોધ થઈ પણ શકે છે. કેમકે અંતમાં દરેક ચીજ એક ટપકાની, એક બિન્દુની કિંમત રાખે છે. જેમ તમે એક દિવાની જયોત ઉપર તમારું ચિત્ત એકાગ્ર કર્યું, અથવા કોઈ સ્ત્રીના સોંદર્ય ઉપર તમારું ચિત્ત એકાગ્ર કર્યું, કે કોઈ ભગવાનની મૂર્તિ ઉપર કર્યું, કે કોઈ કૂતરા ઉપર પોતાનું ચિત્ત એકાગ્ર કરી લ્યે. કેમ ન થઈ શકે ? ચિત્તને એકાગ્ર કરવાના ઘણા સાધનો હોય શકે છે. ચિત્ત એકાગ્ર થઈ શકે.

પરંતુ શાસ્ત્રે એ વાત સમજાવી કે જો તમે સાત્વિક વિષયને પસંદ કરશો, ચિત્તની એકાગ્રતા માટે, સાત્વિક મૂર્તિને લેશો તો સાત્વિકતા સાથે ચિત્ત એકાગ્ર થશે. તામસ મૂર્તિ પસંદ કરશો તો તામસતા સાથે ચિત્ત એકાગ્ર થશે. રાજસ મૂર્તિ પસંદ કરશો તો ચિત્ત રાજસતા સાથે એકાગ્ર થશે. હવે જયારે તે સમાધિની અવસ્થામાં જશે ત્યારે કંઈક પ્રાપ્ત થઈ જશે. પરંતુ તેની વચ્ચેનો જે સાંકડો માર્ગ (પેસેજ) છે. તેમાં રહેલી રાજસતા, તામસતા, તમારી સાથે કંઈક ખીલવાડ કરી શકે. કંઈક મુશ્કેલી ઉભી કરી શકે. ખ્યાલમાં આવ્યું ને !

હવે જેમ આપણે કોઈ સુંદર સ્ત્રીના રૂપનું ધ્યાન ધરીએ કે અમે આ રીતે ચિત્તને એકાગ્ર કરવા ઈચ્છીએ છીએ. પણ ચિત્ત એકાગ્ર ન થયું અને કોઈ કામવાસના જાગી ગઈ તો ? અભ્યાસ કરો છો ત્યારે ધ્યાન તેના રૂપ ઉપર ગયું તો? તો ચિત્ત એકાગ્ર થયું કે ભટકી ગયું ? આ લફડો થઈ ગયો ને ! તો ચિત્ત એકાગ્ર કરવામાં પણ કોઈ સાત્વિક મૂર્તિનું ધ્યાન ધરશો તો, ચિત્તની એકાગ્રતા સાત્વિકતા સાથે થશે. રાજસ મૂર્તિનું ધ્યાન ધરશો તો, ચિત્તની એકાગ્રતા કરવા માટે ભેંસનું કોઈ ધ્યાન ધરો, ઘણી જ સારી વાત છે. ચિત્ત એકાગ્ર કેમ ન થઈ શકે ? નિરંતર ભેંસના શિંગડા કેવા છે ? ભેંસનું મોઢું કેવું છે ? ભેંસના ચાર પગ કેવા છે ? ભેંસનું પૂછડું કેવું છે ? ભેંસ કેવી રીતે કાદવમાં પડી છે ? બધી વાત ઉપર ચિત્તને એકાગ્ર કરો. ચિત્ત એકાગ્ર થઈ જશે. અંતમાં તે ભેંસવાળી તામસતા માર્ગમાં આવી તો તે કંઈક લફડુ કરી શકે કે તમે ભૈયાની જેમ દૂધ દોહવા લાગી જાશો. આ જોખમ (રિસ્ક) છે.

આથી શ્રીમહાપ્રભુજી કહે છે ''ફલમ્ એકમ્ અબાહ્યતઃ'' તે જે પ્રક્રિયા બતાવી રહ્યા છે તેની બધી જવાબદારી તેની છે આપણે તે કેવી રીતે જાણી શકીએ, શું કરી શકીએ ? પરંતુ વેદશાસ્ત્રના સંદર્ભ (કોન્ટેક)માં મૂળ વાત એટલી જ છે. ''ફલમ્ એકમ્ અબાહ્યતઃ'' તે ત્યાગની પ્રક્રિયા જો વેદથી પ્રતિકૂળ હોય તો, આપણા માટે ગ્રહણ કરવા યોગ્ય નથી અને ચિત્તને એકાગ્ર કરવાની પ્રક્રિયા પણ આપણા માટે અગ્રાહ્ય છે. ખ્યાલમાં આવ્યું ?

જેમ કે ચિત્તને વધસ્તંભ (ક્રોસ) ઉપર એકાગ્ર કરો. જે ક્રોસ ઉપર કૃસી

ફ્રાઈડ ક્રાઈસ્ટ પોતાના પાપનું પ્રાયશ્ચિત ભોગવી રહ્યા છે. હવે તેની ઉપર ચિત્ત એકાગ્ર કરો. એકાગ્ર કરીને તમે રોવો. કેટલા દીન-હીન બની જાવ કે તમે પાપી છો અને તમારા બધા પાપનો દંડ બિચારો ક્રાઈસ્ટ ભોગવી રહ્યો છે અને પછી કરુણા ઉત્પન્ન કરો અને દુઃખી થાવ. ચિત્ત એકાગ્ર કરી લ્યો, ચિત્ત એકાગ્ર કેમ ન થઈ શકે ? ક્રિશ્ચયન લોકો આ વાતની સાધના કરે છે. પરંતુ તેનું પરિણામ સત્ હશે કે દુષ્ટ પરિણામ આવશે ? તેને માપવાની ફુટપટ્ટી આપણા વેદમાં નથી ને ? જો તમને આ રીતથી રડવું આવી ગયું તો કેમ માપવું ?

પ્રતિપલ જેમ આપણે ત્યાં ભગવદીય કથાકારો વાત વાતમાં રડે છે. ઉહુહુહુ... આવી જ રીતે ક્રાઈસ્ટને... ઉહુહુહુ... મારા પાપને કારણે ક્રુસી ફ્રાઈડ થઈ ગયા. હવે મારું શું થશે ? અરે ભાઈ રોવાથી શું ફાયદો ? આપણી પાસે તો વેદની માપપટ્ટી છે ને ! વેદમાં વેદ પ્રમાણે આપણે માપીને બતાવી શકીએ. જે વેદથી પ્રતિકૂલ જ છે તેની ગ્રાહ્યતા અથવા અગ્રાહ્યતા આપણે કેવી રીતે બતાવી શકીએ ? કોઈપણ કાર્ય (એકસન) ગુનો (ક્રાઈમ) છે કે નહીં તે કોઈને કોઈ કાયદાકીય નિયમથી ખબર પડશે. હવે ભારતીય કાયદાનુ નિર્દેશન કરવું નથી તો બતાવો કે કોઈ કાર્ય અપરાધ છે કે નહીં કેમ ખબર પડશે ? ખ્યાલમાં આવ્યું ને !

જેમ બહેનને પરણવું પાપ છે. તમે ખ્રીસ્તીપણું કર્યું તો પાપ છે ? ઈજીપ્તને જુઓ, તેના સંદર્ભમાં પાપ નથી. સગી બહેનને પરણતા હતા. ખ્રિસ્તી અથવા બાયબલ વગેરેનો સંદર્ભ જુઓ પિતરાઈ (કઝીન)થી લગ્ન કરવા પાપ નથી.

દક્ષિણ ભારતની પરંપરા-રીત રિવાજ મુજબ પિતરાઈ કન્યાથી પરણવું પાપ નથી. પરંતુ આ બાજુ ઉત્તર ભારતની પરંપરા જુઓ તો પાપ છે. કોઈ ચીજ પાપ છે કે પાપ નથી તેને માપવાની કોઈ માપપટ્ટી તો હોવી જોઈએ કે નહીં ? આમ ત્યાગ અથવા ચિત્તની એકાગ્રતા સફલ છે કે વિફલ છે. તેને માપવાની ફુટપટ્ટી આપણી પાસે વેદ છે તો વેદના નિયમથી નિયંત્રિત જે રહ્યો નથી. તે પ્રકરણ (ચેપ્ટર)ને આપણે બંધ (કલોઝ) કરીને બેસી ગયા. આપણે શું જાણીએ ? જેણે કહ્યું હોય તે જાણે, વાત સમજમાં આવી ?

પ્રશ્ન :- શૈવ-વૈષ્ણવને લૌકિક મોક્ષ કેમ કહ્યો છે?

તેનો અહીં સંદર્ભ કહી રહ્યા નથી. અહિ શૈવ અને વૈષ્ણવ તંત્રનો સંદર્ભ કહેવામાં આવ્યો છે. જે શૈવ અને વૈષ્ણવ તંત્રોએ, તંત્રના માધ્યમથી, ઋષિઓએ જે શિવની, વિષ્ણુની આરાધનાની પ્રક્રિયા બતાવી તે પ્રક્રિયાના સંદર્ભમાં તેને લૌકિક કહે છે, એ અર્થમાં નહીં કે શિવ અથવા વિષ્ણુ લૌકિક છે કે તે સાધના લૌકિક છે. સાધના અલૌકિક છે. પરંતુ તે ઋષિઓએ બનાવેલ છે. ઋષિ લોકમાં પ્રગટ થયેલ છે, તે અર્થમાં તે લૌકિક છે. વેદની સાધના પ્રક્રિયા વાણી દ્વારા પ્રગટ થઈ છે, વક્તા લોકોમાં પ્રગટ થયેલ નથી. તેથી અલૌકિક છે, એ અર્થમાં.

પ્રશ્ન :- ભક્તિને ધર્મ કેમ ન કહી શકાય ?

એ તો મેં કહ્યું, ધર્મ એક અલગ ચીજ છે. ધર્મ શું છે ? એક વાત સમજો કે તમારે કરવાનું જે જરૂરી છે, તે ધર્મ છે. નથી કરતા તો ગુનેગાર થઈ રહ્યા છો. હવે સમજો કે તમે ભક્તિ નથી કરતા તો તમે ગુનેગાર થાવ છો ? ધર્મ શું ? જે તમારે કરવાનું જરૂરી છે, નથી કરતા તો તમે ગુનેગાર છો. રમૂજને (ફનીસેબલ) પાત્ર બનો છો. તમે ભકિત નથી કરતા તો કોઈ શિક્ષા (પનિસમેન્ટ) નથી. જો સજા છે તો ભક્તિ વિધર્મ છે. ભક્તિ ન કરવાથી તમને બીજી કોઈ સજા-શિક્ષા મળતી નથી, પરંતુ તમે ભક્તિ નથી કરતા તેનાથી મોટી શિક્ષા (પનિસમેન્ટ) શું હોઈ શકે ? તમે ભક્તિ નથી કરતા તે જ સજા છે. તેમ તમે માનશો તો ભક્તિ અને ધર્મનો ભેદ સમજમાં આવી જશે.

જેમ પુષ્ટિમાર્ગમાં તમે ભક્તિ નથી કરતા આનાથી મોટી કોઈ સજા છે જ નહીં. ભક્ત ન હોવાથી કોઈ સજા નથી. જેમ પુષ્ટિમાર્ગમાં તમે ભક્તિ કરો છો તેનાથી મોટું- વધારે કોઈ ફલ છે જ નહીં. ‘‘સેવાયાં ફલ ત્રયમ્, નતુ સેવાયાઃ ફલ ત્રયં.’’ સેવા કરો છો તે જ ફલ છે. સેવા નથી કરતા તો વિફલ છે. એમ જ ભક્તિ કરતા હો તો બરાબર- ઠીક છે. ભક્તિ નથી કરતા તો તમે પાપી છો, ભક્તિ ન કરવાના કારણે પાપી નથી. ભક્તિ નથી થઈ શકતી એ જ પાપ છે. ભક્તિ ન કરવાથી કોઈ પાપ ઉત્પન્ન થઈ રહ્યું નથી. આપણે ભક્તિ નથી કરી શકતા તે જ

પુષ્ટિમાર્ગમાં પાપ છે, બીજુ કોઈ પાપ જ નથી. તો આ અર્થમાં જ્યારે સમજશો ત્યારે ભક્તિ ધર્મથી એક સ્વતંત્ર પાંચમો પુરુષાર્થ ઉભરીને આવશે. વાત સમજમાં આવી ?

પ્રશ્ન :- શિવ અને વિષ્ણુ સિવાયના દેવાતાનો ઉલ્લેખ કેમ નથી કર્યો ?

તે શિવ-વિષ્ણુના વાર્ણનથી ઉપલક્ષિત છે. બીજા જે દેવ છે તે શિવના પરિવારના અથવા વિષ્ણુના પરિવારના છે. શિવ અને વિષ્ણુને કુટુંબના કર્તા કહી દીધા. હિન્દુ અવિભક્ત કર્તા (એચ.યુ.એફ.)નો સંદર્ભ આપી દીધો. તો હિન્દુ અવિભક્ત કુટુંબ (એચ.યુ.એફ.-હિન્દુ યુનાઈટેડ ફેમેલી)ના બધા સભ્ય (ફેમેલી મેમ્બર) આવી ગાયાને ! તેવી રીતે તેઓનો પાણ એક એચ. યુ. એફ. છે. તો એચ. યુ. એફ.ના કર્તાને જ્યારે આપાણે કહી દીધા, તેમાં બધા સભ્ય આવી ગયા.

॥ સિદ્ધાન્તમુક્તાવલી ॥

ભૂમિકા :-

ધર્મ, અર્થ, કામ, મોક્ષ પુરુષાર્થ રૂપ ચાર પુરુષાર્થની વિવેચના શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તના હિસાબથી આપણે કાલે જોઈ. કાલે મેં તમને બતાવ્યું કે ભક્તિ શ્રીમહાપ્રભુજીના મતથી પાંચમો પુરુષાર્થ છે અને તે પાંચમાં પુરુષાર્થને આપણે ન તો ધર્મમાં ખપાવી શકીએ, ન તો અર્થ પુરુષાર્થમાં ખપાવી શકીએ. ન કામ પુરુષાર્થમાં ખપાવી શકીએ, ન મોક્ષ પુરુષાર્થમાં ખપાવી શકીએ. સાથે સાથે આપણે એ પણ જોયું કે તે ભક્તિને આજની ભાષામાં આપણે તેને કહેવું હોય તો અંગ-ઘટક (ઈન્ગ્રેડીયન્સ) કહીએ. ભક્તિ શેનાથી બની ? ભક્તિનો મસાલો શું ? તો તે આપણે બાલબોધમાં જોયું. તદાશ્રય તદીયત્વ, તો તદાશ્રય તદીયત્વનો નિર્વાહ કરવાનો છે અને તદાશ્રય તદીયત્વના નિર્વાહની સાથે ''સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા'' જે આપણો ધર્મ છે.

એક વાત ધ્યાનથી સમજો કે આપણામાં ઘણા પ્રકારના અભિમાન છે. લૌકિક અભિમાન અને શાસ્ત્રીય અભિમાન. તો લૌકિક અભિમાન અર્થાત્ હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું ભારતીય છું, હું અભારતીય છું, હું ગુરુ છું, હું સૈનિક છું, હું વેપારી છું અથવા નોકરીયાત વર્ગનો છું, અથવા શ્રમજીવી વર્ગનો છું. આવા જે લૌકિક ક્રિયા કલાપ છે તે ક્રિયા કલાપના અભિમાન અને શાસ્ત્રીય અભિમાન એટલે શું ? જે વખતે શાસ્ત્ર કોઈ સંસ્કારથી આ લૌકિક ક્રિયા કલાપને સંસ્કૃત કરે.

તમને ખ્યાલ હોય તો જેમ પ્રાચીન-જમાનામાં લોકો ગુફામાં રહેતા. ગુફામાં રહેવું ગુફામાં રહીને પણ આપણે રહી શકીએ. જેમ તમે એલીફન્ટા જાવ અથવા કેનેરીકેવ્સ જાવ તે ગુફાને પણ એ રીતે બનાવેલી છે કે, જેની રચનાને કારણે તે ગુફામાં પણ એક પ્રકારના ઘર જેવી સંસ્કૃતિ ત્યાં ઉત્પન્ન થાય. ક્યારેય પણ એલીફન્ટા કે કેનેરીકેવ્સ જઈને જોશો તો ખબર પડશે ગુફા તો ગુફા છે, પરંતુ તેમાં પાણી કેવી રીતે એકઠું થશે ? સંગ્રહ કેવી રીતે થશે ? પાણી જશે કયા?

આ ગુફાઓમાંથી કઈ ગુફામાં જમવું ? કઈ ગુફામાં પ્રાર્થના કરવામાં આવશે ? કઈ ગુફામાં શાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવશે ? કઈ ગુફામાં આરામ કરવામાં આવશે ? આવા પ્રકારના અનેક વિભાગ ગુફામાં બનાવેલ હોય. તે શું છે ? ગુફાનો સંસ્કાર છે.

ગુફા તો ગુફા જ છે પર્વતની, પરંતુ આ પ્રકારથી તેને જ્યારે આપણે સંસ્કૃત કરી. ગુફામાં પણ એક રીતની રહેવાની યોગ્યતા અર્થાત્ (રેસીડેન્સયલ ફીટનેશ) તેમાં આવે, કે ભાઇ રહેવા માટે બરાબર યોગ્ય છે. તો આ રીતે જે રહેણાંકની યોગ્યતા આવે છે તે સંસ્કાર છે.

આવી જ રીતે આપણા જે કંઈપણ લૌકિક ક્રિયા કલાપ છે, તે ક્રિયા કલાપને શાસ્ત્ર દ્વારા જ્યારે સંસ્કાર કરવામાં આવે ત્યારે તે ક્રિયા કલાપ સંસ્કૃત થઈ જાય. હવે જેમ લોકોમાં આપણે માં છીએ, બાપ છીએ, બેટા છીએ, પતિ છીએ, પત્ની છીએ. તો લોકોમાં આ બધા સંબંધને કારણે કોઈ ઉત્તરદાયિત્વ આવે છે, આપણો કોઈ અધિકાર આવે છે અને કંઈક આપણી ફરજો (ડ્યુટીઝ) આવે છે, કંઈક આપણી જવાબદારીઓ આવે છે. હવે શાસ્ત્રના અભાવમાં પણ આપણે આ ફરજો અને જવાબદારીઓ નિભાવી શકીએ. પરંતુ શાસ્ત્ર શું કરે ? આપણી આ ફરજો (ડ્યુટીઝ) અને જવાબદારીઓ (રીસ્પોન્સીબીલીટીઝ)ને રીતથી સંસ્કાર કરે. સંસ્કાર કરે એટલે શું ?

જેમ ગુફાનો સંસ્કાર કરીને તેને રહેવા લાયક બનાવવામાં આવી, અથવા જેમ સોની સોનાનો સંસ્કાર કરીને તેને ઘડીને એક ઘરેણા રૂપ સંસ્કાર કરે. આવી રીતના આપણા લૌકિક જે ક્રિયા કલાપ છે. લૌકિક આપણા સંબંધ છે, લૌકિક આપણા અભિમાન છે, તેને સંસ્કાર કરીને, જે વખતે શાસ્ત્ર બતાવે ત્યારે તે શાસ્ત્રના હિસાબથી ત્રિવર્ગ સાધક પુરુષાર્થ થઈ ગયા. તે જ લૌકિક ક્રિયા કલાપ ત્રિવર્ગ સાધીકા અર્થાત્ ધર્મ, અર્થ, કામ રૂપ ત્રિવર્ગના સાધક પુરુષાર્થ થઈ ગયા.

ધ્યાનથી સમજો કે જેમ આપણી કોઈ જવાબદારી છે. ઉત્તરદાયિત્વ છે, પરંતુ તે ઉત્તરદાયિત્વના આપણા કોઈ અધિકાર છે. જે વખતે આપણે શાસ્ત્રના

સંસ્કારથી, આપણા તે અધિકારને સંસ્કૃત કરીને નિભાવી રહ્યા છીએ, તો તેમાં એક પ્રકારની પુરુષાર્થ રૂપતા આવે છે, નહીંતર તે લૌકિક રહી જાય છે, અણઘડ રહી જાય છે. સંસ્કારનો અર્થ શું ? તેને ઘડવું. અસંસ્કાર એટલે શું ? અણઘડ હોવું. જેમ આપાણે માટી લીધી તે અણઘડ માટી છે. કુંભાર શું કરે ? તેને ચાકડા પર ચડાવીને તેનો સંસ્કાર કરીને તેનો ઘડો બનાવે, તો ઘડો બનાવી દીધો તે માટીનો એક સંસ્કાર છે. જે કારણે માટી પાણીને પોતાનામાં સંભાળી શકતી નથી, પાણીને ધારણ કરી શકતી નથી. તે પણ પાણીને સંભાળવામાં-ધારણ કરવામાં સમર્થ થઈ જાય. અત્યારે ગરમીની ઋતુ ચાલે છે તો આપણે શ્રીઠાકોરજીને કુંજા ધરાવીએને, તો કુંજા શું છે ? તે માટીનું એક સંસ્કૃત રૂપ છે. કુંભારે માટીનો સંસ્કાર કર્યો. જેને કારણે માટી પોતાનામાં પાણીને સંભાળ પૂર્વક રાખી શકે.

આવી રીતે શાસ્ત્ર પણ આપણા લૌકિક ક્રિયા કલાપને, લૌકિક અભિમાનને, લૌકિક આપણી જવાબદારીઓને સંસ્કારથી સંસ્કૃત કરે છે, એટલે કે ઘડે છે અને તેને અણઘડ રહેવા દેતા નથી અને તે ઘડેલ આપણા સંસ્કાર, અભિમાન, અધિકાર અને ઉત્તરદાયિત્વ જે છે તે બધાને શ્રીમહાપ્રભુજીએ ત્રિવર્ગ સાધક બતાવ્યું. અર્થાત્ ''ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ત્રિવર્ગ સાધકાનીતિ ન તન્નિાર્ણય ઉચ્યતે'' આ ત્રિવર્ગ સાધક છે તે પુરુષાર્થ છે. ત્રૈવર્ગિક પુરુષાર્થ છે. ત્રેવર્ગિક પુરુષાર્થ એ એક કોટી-પ્રકાર અને ચોથો આપવર્ગિક પુરુષાર્થ એટલે કે મોક્ષનો. તેને પણ શ્રીમહાપ્રભુજીએ જાણાવ્યો, તે મોક્ષ પુરુષાર્થના પાછા બે ભેદ છે, લૌકિક અને અલૌકિક.

લૌકિકમાં એક વાત સમજો કે સામાન્ય રીતે જે લૌકિક આપવર્ગિક પુરુષાર્થ છે, એટલે કે મોક્ષનું લોક્માં પ્રારંભિક (રો) રૂપ સમજવું હોય તો, આપણે એમ સમજી શકીએ કે ભાઈ કેટલા દિવસ વેપાર કર્યો ? કેટલા દિવસ નોકરી કરી ? કેટલા દિવસ નોકરી-ધંધો કરીને હવે નિવૃત્ત (રીટાયર્ડ) થઈ ગયા? કામ ધંધામાંથી નિવૃત્ત થયા, આ એક પ્રકારની મુક્તિ થઈને ?તે

અધિકારથી, તે જવાબદારીથી, તે કર્તવ્યથી, તેના અભિમાનથી આપણે પાછા નિવૃત્ત થવું પડે તો આ એકદમ પ્રાથમિક (રો) રૂપ છે, તે મુક્ત થવાનું એકદમ અણઘડ રૂપ છે, સર્વથા લૌકિક રૂપ છે, આપણા ધંધા-રોજગારથી આપણે નિવૃત્ત થઈ ગયા પરંતુ જેમ આ ધંધા-રોજગારથી આપણે નિવૃત્ત થઈ જઈએ છીએ એમ જ (એવી રીતે).

જે શાસ્ત્રીય ત્રૈવર્ગિક આપણા ધંધા રોજગાર છે, તેમાંથી પણ કોઈ પરિસ્થિતિમાં નિવૃત્ત થવું છે કે નથી થવું ? શાસ્ત્ર આપણને આ પુછે છે. હું તુલનાની દૃષ્ટિથી કહી રહ્યો છું. લૌકિક ધંધાના અર્થમાં નથી કહી રહ્યો, કે જેમ ધંધામાંથી આપણે નિવૃત્ત થઈ જઈએ, સર્વિસમાંથી આપણે નિવૃત્ત થઈ જઈએ તો આ ધર્મ પુરુષાર્થ, કામ પુરુષાર્થથી તમારે ક્યારેક-કોઈ સમયે તમારે નિવૃત્ત થવું છે કે નહીં ? કોઈ તમારી એવી ઉંમર આવી રહી છે કે નહીં ? ઉંમર ન આવે તો કંઈ નહીં, પરંતુ કોઈ તમારા મનની એવી અવસ્થા કે થકાવટ આવી રહી છે કે નથી આવી રહી ? કે ભાઈ હવે ઘણું થઈ ગયું ખૂબ ધર્મ કર્યો, ખૂબ પૈસા કમાણા, ઘણી બધી ઈચ્છાઓને સંતોષી, હવે તો થોડાક શાંતિથી બેસીએ.

તો જે નિવૃત્તિની ભાવના છે. ધ્યાનથી સમજો કે તે નિવૃત્તિની સંસ્કૃત ભાવના છે, તે મોક્ષ પુરુષાર્થ છે. દુનિયાની જે નિવૃત્તિ છે, તે એકદમ અણઘડ નિવૃત્તિ છે અને એક ચિરસ્થાયી (પરમેનેન્ટ) નિવૃત્તિ છે. એક સર્વોચ્ચ અભ્યાસ (સુપ્રિમ લેશન) અર્થાત્ આધ્યાત્મિક સ્તર (સ્પિરિચ્યુલ) પર નિવૃત્તિ છે. દિવ્ય સ્તર (ડિવાઈન લેવલ) પર નિવૃત્તિની એક ભાવના છે તે એક આપણો આ રીતનો પુરુષાર્થ છે. એ રીતની આપણી મહત્વાકાંક્ષા છે, તે મહત્વાકાંક્ષાને મોક્ષ પુરુષાર્થ કહે છે અને આપણે જાણીએ છીએ કે દરેક પ્રાણીમાં, દરેક સમાજમાં, દરેક દેશમાં, દરેક કાળમાં એવા ઘણા ઓછા લોકો હોય છે કે જેઓ વૃદ્ધ થયા હોવા છતાં નિવૃત્ત થવાનું ઈચ્છતા નથી. કંઈકને કંઈક તેના મનની સાથે લફડુ છે, તેના કારણે તે નિવૃત્ત થવાનું ઈચ્છતા નથી. જેમના તેમ તેઓ તેમાં રચ્યા પચ્યા રહેવાનું ઈચ્છે છે, તેમાં જોડાયેલા જ રહેવા ઈચ્છે છે.

કોઈની ધર્મ પુરુષાર્થની વૃત્તિ હોય છે કોઈની અર્થ પુરુષાર્થની વૃત્તિ હોય

છે, કોઈની કામ પુરુષાર્થની વૃત્તિ હોય છે તેમાં તેઓ મૃત્યુ સુધી રચ્યા-પચ્યા રહેવાનું ઈચ્છે છે. તો તે એક જુદી કથા છે પરંતુ તે કથાને થોડો વખત (સમય) ભૂલી જાવ. જે નિવૃત્ત થવા માંગે છે તે કથામાં જે આધ્યાત્મિક સ્તર પર નિવૃત્ત થવા ઈચ્છે છે,તે નિવૃત્તિને લક્ષ્યમાં રાખીને, શાસ્ત્ર દ્વારા તેને મોક્ષ પુરુષાર્થ માનેલ છે. તે જે ચાર પુરુષાર્થ છે. તે પુરુષાર્થના રૂપમાં એક વાત ધ્યાનથી સમજો કે હું એટલા માટે વાત છેડી રહ્યો છું. જે આપણે ગઈ કાલે કરી હતી, પંચમ પુરુષાર્થની. તેને જો આપણે મુક્તિરૂપ પુરુષાર્થ સમજ્યો કે હવે આપણે કંઈ નથી કરવું. બસ ભગવત્ સેવા કરવી છે. કેમ કે આપણે બધી બાબતોથી મુક્તિ મેળવી લીધી છે. તો આવી ભગવત્ સેવાની વૃત્તિ છે તે મોક્ષ પુરુષાર્થ રૂપા ભક્તિ હોઈ શકે. વાત ધ્યાનથી સમજો.

આપણે ત્યાં શ્રીમહાપ્રભુજી આ ધર્મ, અર્થ, કામ, મોક્ષ પુરુષાર્થની જેમ તે રીતનો ભક્તિનો પુરુષાર્થ કહેતા નથી. આ ચારેય પ્રકારની વૃત્તિથી કોઈ જુદા પ્રકારની વૃત્તિ તે ભક્તિ પુરુષાર્થ જેમ કે આ ચાર વૃત્તિ પ્રત્યે મારું જે પ્રકારનું અભિમાન છે, તે પ્રકારે મારે કર્તવ્ય કરવું જોઈએ. ધ્યાનથી સમજો કે મને એ અભિમાન છે કે હું ડોકટર છું, તો મારે શું કરવું જોઈએ ? ઔષધિઓનું મેડીકલ શાસ્ત્ર, જે આર્યુ. વિજ્ઞાન શાસ્ત્ર છે, તેનો અભ્યાસ કરવો જોઈએ. તેનો અભ્યાસ કરીને અને તેના હિસાબથી મારે મારું જીવન જીવવું જોઈએ. અર્થ પુરુષાર્થ મારો તેનાથી જોડાયેલો (કનેકટ) હશે કે તમારો વ્યવસાય (પ્રોફેશન) શું છે ? તો મારો મેડીકલનો વ્યવસાય છે.

ધ્યાનથી સમજો, હવે જુઓ તમારી કામના શું છે ? આપાણી કામના એ સમજીએ કે બિમારને મૂર્ખ બનાવી, બેહોશ કરીને કીડની કાપીને વહેંચવી. તો તમે તમારું જે ઉત્તરદાયિત્વ છે, તે અર્થ પુરુષાર્થમાં જ સમજ્યું. ધર્મ પુરુષાર્થમાં નથી સમજ્યું. જે વખતે તમે એમ સમજી રહ્યા છો કે મારું કામ એ છે કે હું પોતાનો ધર્મ કરું .સમાજમાં હું ડોકટર બન્યો તો સમાજની વ્યવસ્થાની રીતે હું મારી આજીવિકા જરૂર કમાઈશ, સાથે સાથે જે બિમાર છે તેને ઠીક કરવાની મારી કામના છે. તો જુઓ આપાણી કામનાનો એક થોડોક સારો સંસ્કાર થયોને?

ત્રૈવર્ગિક સંસ્કાર થયો અને જ્યારે તમે અમુક વર્ષો સુધી ડોકટરી કરી અને ત્યારબાદ તમે નિવૃત્ત થવાનું ઈચ્છશો ત્યાર પછી તમે પુત્રને ડોકટર બનાવી દીધો. ઘણા વિદ્યાર્થીને પણ તમે ડોકટર બનાવી દીધા કે હવે તમે કામ કરો. હવે હું શાંતિથી નિવૃત્ત થઈ ગયો. તો આ લૌકિક મોક્ષ થયો.

જેમ આ રીતનો લૌકિક મોક્ષ છે, જેમ ત્રૈવર્ગિક પુરુષાર્થમાંથી મુક્ત થવાની ભાવના છે કે ધર્મ નથી જોઈતો, અર્થ નથી જોઈતો, કામ નથી જોઈતો, મુક્તિ જોઈએ છે. પોતાના આત્માને સ્વરૂપસ્થ બનાવવો છે. ‘‘સ્વરૂપસ્થો યદા જીવઃ’’ બીજા કોઈ લફડામાં હવે આને ફસાવવો નથી, સ્વરૂપસ્થ થઈ જવું છે. તો ‘‘સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે’’ અથવા ચિત્તમાં એવા પ્રકારની નિરૂદ્ધતા આવી ગઈ, જેને શ્રીમહાપ્રભુજીએ યોગમાં બતાવી કે યમ, નિયમ કરવાથી ‘‘સિદ્ધે યોગે કૃતાર્થતા’’ અર્થાત્ તમારું ચિત્ત એટલું નિરૂદ્ધ થઈ ગયું કે હવે તમે દુનિયામાં જીવતા હોવા છતાં પણ તમને દુનિયાનું કોઈપણ આકર્ષણ વિચલિત કરી શકતું ન હોય તો તમે કૃતાર્થ થઈ ગયા. તમે મુક્ત થઈ ગયા. યોગીની મુક્તિ એટલે શું ? તો યોગીની મનોવૃત્તિને વિષય ખેંચી ન શકે. પરંતુ વિષયમાંથી યોગી પોતાની મનોવૃત્તિને ખેંચી લ્યે તે યોગીની મુક્તિ.

આપણી મનોવૃત્તિને દરેક વિષય ખેંચી લ્યે છે. વિષય આકર્ષણને કારણે, આપણે જે કામ કરવા ઈચ્છતા હોઈએ, પરંતુ આપણાથી થઈ જાય છે બીજુ કામ. અભ્યાસ કરવા બેઠા હોઈએ અને આપણું ધ્યાન બીજી તરફ ચાલ્યું જાય. તો આ શું છે ? વિષય આપણી મનોવૃત્તિને ખેંચી લ્યે છે. યોગી અને આપણામાં ફરક શું છે ? યોગી વિષયમાંથી પોતાની મનોવૃત્તિને ખેંચી શકે છે. મનોવૃત્તિને સાધવામાં તેને એટલો અભ્યાસ કરવો પડે છે તો ‘‘સિદ્ધે યોગે’’ એટલે કે પોતાની મનોવૃત્તિને વિષયમાંથી જે વખતે ખેંચી શકે છે તો યોગીના રૂપમાં તે કૃતાર્થ થઈ જશે. આ રીતનો એક મોક્ષ પુરુષાર્થ બતાવવામાં આવેલ છે.

પરંતુ આ શું આ ચારેયમાંથી ભક્તિ એક છે ? શ્રીમહાપ્રભુજી ના કહે છે. ભક્તિ આ ચારેયમાંથી એક નથી. ભક્તિ પંચમ પુરુષાર્થ છે અને ભક્તિ પંચમ પુરુષાર્થ છે. તો કેવો પંચમ પુરુષાર્થ છે ? હવે જુઓ તમારા મનની બન્ને

પ્રકારની સંભાવના છે. ધ્યાનથી આ વાતને સમજશો તો સમજમાં આવશે કે ધર્મ કરવા માટે આપણે પૈસા છોડવાની જરૂર નહીં પડે. પૈસા કમાવા માટે આપણે કોઈ કામનાને અસંતુષ્ટ રાખવાની પણ જરૂરત નથી.

જે સમયે ત્રૈવર્ગિક પુરુષાર્થોમાંથી નિવૃત્ત (વિરત) થાય છે ત્યારે માણસ શું કરે છે ? દરેક વ્યક્તિ કોઈને કોઈ પોતાની અંગત સપ્રમાણ સર્જનાત્મકતાને (ઈન્ડીવિઝ્યુઅલ પ્રપ્રોસનલ ક્રિએટીનીટી) ઉત્પન્ન કરે છે. ભાઈ ! આટલું કામ હું મારું કર્તવ્ય બજાવવા માટે કરીશ. આટલું કામ હું પૈસો કમાવા માટે કરીશ. જે આપણે ત્યાં રવિવારની છૂટ્ટી હોય છે, તો રવિવારની છૂટ્ટીનો અર્થ શું ? કે આ દિવસે કમાવાના કામના લફડામાં ફસાઈશ નહીં. તે દિવસે ઘરમાં અથવા પીકનીકમાં જઈને મનને પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરીશ. તો આ જે પદ્ધતિ છે. આ પદ્ધતિ મુજબ શું છે ? તે એ કે દરેક વ્યક્તિ પોતપોતાના પ્રમાણસર સર્જનાત્મકતા કરે છે કે હું કેટલા પ્રમાણમાં ધર્મ કરીશ, કેટલા પ્રમાણમાં અર્થ કરીશ, કેટલા પ્રમાણમાં કામ પુરુષાર્થ કરીશ. અંતમાં સ્વસ્થ વ્યક્તિ કોઈને કોઈ સમયે એ વાતને કબુલ (રિયલાઈઝ) કરશે કે હવે મારે મોક્ષ પુરુષાર્થના, પછી તે લૌકિક સંદર્ભ હોય કે પછી શાસ્ત્રીય સંદર્ભ હોય મુકામ ઉપર આવવું જોઈએ. દરેક સ્વસ્થ ચેતનામાં કોઈને કોઈ સમયે તે મુકામ આવવો જોઈએ.

જાનવરમાં જુઓ આ મુકામ સ્વતઃ આવી જાય છે. એક ઉંમર પછી જાનવર પોતે બધા લફડાથી દૂર થઈ જાય છે કારણ કે તેના બધા કાર્યો સ્વયં સંચાલિત (ઓટોમેટિક ફંકશન) થાય છે. આપણે આપણા બધા કાર્યો (ફંકશન)ના બધા પ્રયાસો આપમેળે રહેવા દેવાના બદલે ઐચ્છિક (વોલેન્ટરી) બનાવી દીધા છે. તો આપણે ઘણા ખરા સ્વાભાવિક કાર્યો (ઈનવોલેન્ટરી ફંકશન)માં પણ આપણે ઐચ્છિક (વોલેન્ટરી) અવરોધ (ડિસ્ટ્રબન્સ) ઉત્પન્ન કરીએ છીએ. જેમ સામાન્ય ઉદાહરણની વાત કરું તો સ્વાભાવિક રીતે આપણને નિંદર આવે છે, આવે છે કે નથી આવતી ? સહજ રીતે નિંદર આવે તેને પણ આપણે ઐચ્છિક (વોલેન્ટરી) લાવવાની કોશિશ કરીએ. સ્વાભાવિક રીતે આપણને ભૂખ લાગતી હોય છે. ભૂખ લાગવી તે ઘણું જ સ્વાભાવિક કાર્ય

છે. શરીરની અંદર કોઈ ઈચ્છા કરીને ભૂખ નથી લાગતી. ભૂખ લાગે તો લાગી જાય. પરંતુ કોઈ ચીજ, કોઈ રસગુલ્લા, કોઈ સ્વાદ, કોઈ ઢોકળા આપણને પ્રિય લાગતા હોય તો ભૂખ ન લાગતી હોય તો પણ આપણે એક ઐચ્છિક ભૂખ લગાડવાનો પ્રયાસ કરીએ. ઢોકળા આવ્યા તો તો ખાધા વિના કેમ ચાલશે ?

તો આ વાત સમજો કે આ રીતના આપણા ઘણા ખરા કાર્યો સ્વાભાવિક છે. તેને આપણે આપણી બુદ્ધિથી ઐચ્છિક બનાવ્યા છે. આ કોઈ ઘોડાએ નથી બનાવ્યા કે ગધેડાએ નથી બનાવ્યા. પણ મનુષ્યએ બનાવ્યા છે. મોટા ભાગના સ્વાભાવિક કાર્યોને ઐચ્છિક બનાવી લીધા. તેમાં મનુષ્યતા છે કે બુદ્ધિમત્તા છે ? ક્યારેક શું થાય છે. વૃદ્ધાવસ્થામાં જે વખતે ઐચ્છિક કાર્ય કરવાની ટેવ હોય તે વૃદ્ધાવસ્થામાં તકલીફ ઉત્પન્ન કરે છે. એક વાત ધ્યાનથી સમજો કે, જેમ નિંદર આવતી હોય ત્યારે સુઈ જવું, અને ઈચ્છાથી સુઈ જવું, ત્યારે શું થાય છે ? કોઈ વખત ચોપડીનો હિસાબ વધારે થઈ ગયો અને કોઈ બીજું ટેન્શન આવી ગયું તો નિંદર આવવાના સમયે નિંદર આવે નહીં અને ઈચ્છાથી (વોલેન્ટરી) કામ કરવાનું થાય ત્યારે જાગવાની ઈચ્છા થાય ત્યારે શું થાય છે ? ત્યારે આપણને તકલીફ થાય છે.

જેમ અત્યારે મને તકલીફ થાય છે. નિંદર આવતી નથી તો નિંદર ન આવે તો શું થાય ? તે સ્વાભાવિક કાર્ય (નિંદર આવવી) તેને ઐચ્છિક બનાવવા પ્રયાસ કરીએ. ત્યારે કોઈ પરિસ્થિતિમાં આપણે તેને ઐચ્છિક આવે તેમ કરીએ ત્યારે તે નિંદર ઈચ્છાથી નહીં આવે ત્યારે તકલીફ ઉત્પન્ન થાય છે. તો આ વાત ધ્યાનથી સમજો કે જેમ જાનવરને ખાવાની સમજ સારી હોય છે કે કેટલું ખાવું, કેટલું ન ખાવું. જે વખતે આપણે તેને (કામને) ઈચ્છા તંત્રને આધિન કરી લઈએ અને પછી ક્યારેક આપણે અપેક્ષા કરીએ છીએ. જ્યારે આપણે તે કાર્ય કરતા થાકી જઈએ છીએ ત્યારે આપણે એવી ઈચ્છા કરીએ કે આપણને અનિચ્છા (સ્વાભાવિક) નિંદર આવે. પછી કેવી રીતે આવે ?

જ્યારે ઈચ્છાતંત્ર કરી લીધુ ત્યારે ઈચ્છામાં પોતાનામાં ગડબડ ઉભી થઈ ગઈ. પછી આપણે વિચારીએ કે જેમ આપણને સમજ્યા-વિચાર્યા વિના નિંદર

આવતી એવી નિંદર પાછી આવે. પરંતુ તમે સમજયા-વિચાર્યા વિના આવતી નિંદરને ઈચ્છા કરીને લાવીને કેટલી આપણને આધિન બનાવી દીધી છે. ત્યાર પછી તે ઈચ્છા પોતાની મેળે આવવી બંધ થઈ જાય. ત્યારે આપણે ફરીને પરેશાન થઈ જઈએ કે હવે નિંદર કેમ નથી આવતી ? મોડું થઈ ગયુને !

સામાન્ય રીતે એક વાત સમજો કે એક ભૂખની વૃત્તિ છે, જાનવર ભૂખની વૃત્તિ પેટ ભરાઈ જવાથી પોતાની મેળે ખાવાનું બંધ કરે છે .પરંતુ આપણે ઢોકળા, ફાફડા અને ગાંઠીયાના કારણે શું કરીએ ? તે ભૂખને ઈચ્છાતંત્ર બનાવી દીધી. હવે ત્યાર પછી એક ઉંમર થયા પછી ડાયાબીટીશ વધ્યુ અને બ્લડપ્રેશર વધ્યુ. તે વખતે ડોકટર ખાવાનું ઓછું કરવાનું કહે, ત્યારે આપણે કહીએ કે હવે તે તો બની શકે તેમ નથી, કેમ કે ઈચ્છા થઈ જાય થાળીમાં પીરસાયેલું હોવાથી. મન તેમાં ચાલ્યું ગયુ કેમ કે ઈચ્છા તંત્રને આધિન બનાવી દીધુ છે. ઈચ્છાતંત્ર શેતાન છે ને ! બનાવ્યા પછી કુદરતી રીતે (નેચરલ ફોર્મમાં) નિવૃત્ત થવું જોઈએ તે થાય નહીં પછી આપણે પરેશાન થતા રહીએ.

હવે આપણને ડોકટરની વાત સમજમાં ન આવે તેવું નથી ડોકટરની વાત સમજમાં આવે કે ભાઈ નમકિન ખાવું નહીં, નહીંતર દબાણ (પ્રેસર) વધી જશે. મીઠાઈ ન ખાવ, નહીંતર ડાયાબિટીસ વધી જશે. તળેલી ચીજ ખાવી નહીં, નહીંતર લોહીની ગાંઠ (બ્લડ ક્લોટીંગ) વધી જશે. આ બધી વાત સમજમાં આવે છે. પરંતુ આપણે ખાવાની વૃત્તિ ઈચ્છાતંત્રને આધિન બનાવી દીધી, પછી આપણને ડોકટર કહે કે આ બધું ન કરો. હવે તો મોડું થઈ ગયુને ! ઘણા દિવસો આપણે ખાવાની વૃત્તિને ઈચ્છાને આધીન રાખીને જ ખાધું છે. પછી તે ઈચ્છા આપણા ઉપર હાવી થઈ જાય.

ઘણી વખત ટેકસીવાળા ખૂબ જ સારી વાત કહે છે. ઘણા ટેકસીવાળાના મોઢેથી મેં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે ટેકસીનું જે સ્ટીયરીંગ છે તે શું છે ? શૈતાનનું ચક્કર છે, કાં એના ઉપર તમે હાવી થઈ જાવ અથવા તે તમારી ઉપર હાવી થઈ જશે. તો આ જે ગાડીનું સ્ટીયરીંગ છે તે શૈતાની ચક્કર છે. જો આપણે તેની ઉપર હાવી ન થઈએ તો તે આપણી ઉપર હાવી થઈ જાય. તો આમ

જ ઈચ્છા પણ એક શૈતાની ચક્કર છે. જો આપણે તેની ઉપર હાવી ન થઈએ તો તે આપણી ઉપર હાવી થઈ જાય.

આપણે તે વખતે દુઃખી થઈએ કે ભાઈ વાત સાચી હતી કે તે થવી જોઈતી ન હતી, પરંતુ ઈચ્છા થાય તો શું કરવું ? ઈચ્છાને પાછી આપણી આધિનમાં લાવવાની. કોઈ ઈચ્છાનું કાર્ય રહી ન જાય. આપણે પોતે આપણા શરીરમાં સ્વાભાવિક રીતે થતા કાર્યોને, જે ઈચ્છાને આધીન ન હતા તે ઘણાખરા કાર્યો આપણે ઈચ્છાને આધિન કરી લઈએ છીએ. મનુષ્ય સમાજનો જે સમગ્ર વ્યવહાર (ટ્રેનિંગ) છે તેના ઉપર ધ્યાન આપો તો વાત સમજમાં આવશે કે સમગ્ર સમાજનો વ્યવહાર આપણામાં એ રીતનો છે કે આપણી અનિચ્છા (ઈચ્છા ન હોવા છતા) કાર્યો થતા હોય તે બધાને આપણે ઈચ્છાને આધિન કરવાના શરૂ કરીએ અને ત્યારબાદ ખૂબ જ ઈચ્છાને આધિન કરતા કરતા પછી તે ઈચ્છા જ આપણા ઉપર હાવી થઈ જાય અને પછી આપણે વિચારીએ કે તે ઈચ્છા ઉપર કાબુ મેળવીએ.

તે પાછો એવો શૈતાની ચક્કર થઈ જાય કે તે ઈચ્છા ઉપર કાબુ આવે જ નહીં. કેમ કે આપણે દરેક ઈચ્છાના સામર્થ્યથી દરેક વૃત્તિ ઉપર કાબુ મેળવી લીધો છે. પછી કોઈ એવું સામર્થ્ય રહેતું નથી કે જેનાથી આપણે ઈચ્છા ઉપર કાબુ મેળવી શકીએ. દરેક સ્વસ્થ જાનવરમાં મુક્તિની સ્વતઃ ઈચ્છા ઉત્પન્ન થાય છે. આપણે આપણા ત્રૈવર્ગિક પુરુષાર્થ કરવામાં આપણી જાતને વ્યસ્ત રાખી રાખીને મુક્તિ મેળવવાની જે સ્વતઃ વૃત્તિ આપણામાં જાગૃત થવી જોઈતી હતી તેના ઉપર કાબુ મેળવી લીધો.

આથી કરીને આપણે મૃત્યુ પામીએ ત્યારે પણ આપણી વાસના રહી જાય. ભૂત પ્રેત થઈને પણ આપણે કંઈ ને કંઈ ઈચ્છાઓ કરતા જ રહીએ, પરંતુ ઈચ્છા ઉપર આપણો કાબુ આવે નહીં. આ અમુક્તિની અવસ્થા છે. ધ્યાનથી સમજો કે આ અમુક્તિની અવસ્થા છે. આવી રીતના ચાર પુરુષાર્થમાં ભક્તિને ખપાવવા શ્રીમહાપ્રભુજી ઈચ્છતા નથી તે ધ્યાનથી સમજજો. શ્રીમહાપ્રભુજી કહે છે કે ધર્મના, અર્થના, કામના અથવા મોક્ષના અભિમાનથી, જે

અભિમાનના કારણે આપણા કાંઈક અધિકાર થાય છે. જે અધિકારના કારણે કાંઈક કર્તવ્ય થાય છે.

જેમ હું વિચારું કે હું ડોકટર છું, તો મારો અધિકાર થાય છે કે હું કોઈનો ઈલાજ કરી શકું. જ્યારે મારો અધિકાર કોઈનો ઈલાજ કરવાનો થાય છે ત્યારે મારું કંઈક કર્તવ્ય થાય છે કે હું રોગીને ઠીક કરુ. તો જ્યારે તે મારું કર્તવ્ય થાય ત્યારે તેમાંથી કોઈ અર્થ, પુરુષાર્થ તેમાંથી કોઈ કામ પુરુષાર્થને પણ પ્રગટ કરવાનો મને વિશેષ અધિકાર (પ્રિવિલેજ) કે હક્ક મળે છે. મને તે પ્રકારની મહત્તા મળે છે કે ભાઈ ! આમાંથી તમે તમારો અર્થ પુરુષાર્થ અને કામ પુરુષાર્થ સિદ્ધ કરો. તેમાંથી પાછા મુક્ત થવાનો પણ કોઈ એક મુકામ આવવો જોઈએ.

આ એક પૂરી પદ્ધતિ (સિસ્ટમ) છે. તે અસંસ્કૃત રીતે આવતી હોય તો લૌકિક છે અને એ શાસ્ત્રીય સંસ્કારથી સંસ્કૃત થઈને આવે તો તેને ત્રૈવર્ગિક પુરુષાર્થ કહેવામાં આવે છે. હવે ઘ્યાનથી આમા જોઈએ તો સવાલ એ છે કે આ ચારેય પુરુષાર્થોને તો આપણે એકી સાથે નહીં કરી શકીએ. સામાન્ય રીતે એવું છે કે ત્રૈવર્ગિક પુરુષાર્થ એક વિભાગ (કમ્પાર્ટમેન્ટ) છે. આપવર્ગિક એટલે ચોથો પુરુષાર્થ લોકમાં અથવા શાસ્ત્રમાં એક અલગ વિભાગ છે. એક એવો પ્રયાસ થઈ શકે કે ચારેય પુરુષાર્થને પણ કોઈ વ્યક્તિ થોડું થોડું પ્રમાણસર આચરીને (પ્રપોસન ક્રિએટ) પણ આ ચારેય પુરુષાર્થને પણ થોડા થોડા રૂપમાં નિભાવવા ઈચ્છે તો નિભાવી શકે.

થોડો ઘણો ધર્મ કરે, થોડો ઘણો અર્થ કરે, થોડો ઘણો કામ કરે, થોડો ઘણો મુક્તિનો પુરુષાર્થ પણ આપણે સાથે સાથે (સાયમલટેનિયસ) નિભાવી શકીએ. આ માટે તેનું સપ્રમાણ કેમ કરવું ? આ બધું વ્યક્તિગત પરિવર્તન શિલતા (ઈન્ડીવિઝયુલ વેરીયેશન) ઉપર આધારિત (ડીપેન્ડ) થશે. વ્યક્તિગત આવી કોઈ પ્રકારની સપ્રમાણતા સંજોગોનુસાર (સકર્મટેન્સીસ) ઉત્પન્ન કરતી હોય છે. બરોબર (એકઝેટ) આજ પરિસ્થિતિને ઘ્યાનથી સમજો હો.

ભક્તિ પુરુષાર્થના સાથે પણ ઉત્પન્ન થશે કે ભક્તિપુરુષાર્થ પણ તમે ભક્તિમાં એકદમ ડૂબીને કરો અથવા ભક્તિને આ પુરુષાર્થોની સાથે કોઈ

પ્રમાણમાં કરો. આ બધી સંભાવનાઓ તમારી સામે સુલભ છે. પરંતુ અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા લાયક એ છે કે જો તમને ભક્તિ સિવાય, ભક્તિ જે અભિમાનથી ઉત્પન્ન થાય છે, તે અભિમાન સિવાય બીજું પણ કોઈ અભિમાન હોય તો તે પુરુષાર્થ પણ તમારે કરવો પડશે અને તે અભિમાન નથી તો માત્ર ભક્તિ પણ કરી શકો.

જેમ મોક્ષના વિષયમાં મેં જાણાવ્યું કે એક ત્રૈવર્ગિક પુરુષાર્થ કરતા કરતા મનુષ્યની અંદર એક એવી અવસ્થા વિકસિત થવી જોઈએ કે જેથી કરીને તે સહજતાથી વિચારવા લાગે કે હવે ઘણુ થઈ ગયું. ધંધો કરતા કરતા બેન્કમાં નોકરી કરતા કરતા, ડોકટરી કરતા કરતા એક એવી ઉંમર આવી જાય કે જે ઉંમરે વ્યક્તિ એવું વિચારે કે હવે મારે નિવૃત્ત થવું જોઈએ. હવે બાળકોને ભણાવી ગણાવીને તૈયાર કરી દીધા. હવે છોકરાઓ સંભાળશે, હવે મારે શું કરવાનું ? શાંતીથી બેસવાનું છે.

તો જેવી આ અવસ્થા નિવૃત્તિની આવે છે. એવી જ રીતે ત્રૈવર્ગિક પુરુષાર્થમાં પણ કોઈ નિવૃત્તિની અવસ્થા આવવી જોઈએ. ન આવે તો વ્યક્તિગત રૂપથી એક સાથે ચારેય પુરુષાર્થની સપ્રમાણતા પણ બનાવી શકાય છે. પરંતુ આ વાત આપણું અભિમાન કેવું છે, તેના ઉપર નિર્ભર રહેશે. આપણા ધર્મ પુરુષાર્થનું અભિમાન વધારે છે, અર્થનું અભિમાન વધારે છે, કામનું અભિમાન વધારે છે કે મોક્ષનું અભિમાન વધારે છે કે મુક્ત થવાનું અભિમાન વધારે છે. આમાંથી આપણો ક્યો પુરુષાર્થ મુખ્ય થઈ જશે અને ક્યો પુરુષાર્થ ગૌણ થઈ જશે.

જેમ હું વેપારી છું મારે ધંધો કરવો છે, કમાવું છે, કારણ કે મારું અભિમાન હું એક વેપારી હોવાનું છે. તો સમજી લ્યો કે અર્થ પુરુષાર્થ મુખ્ય થઈ ગયો અને કામ પુરુષાર્થ, ધર્મ પુરુષાર્થ અને મોક્ષ પુરુષાર્થ તેની સરખામણીમાં ગૌણ થઈ જશે. મારું ધર્મનું અભિમાન વધારે છે. તો ધર્મ પુરુષાર્થ મારો મુખ્ય પુરુષાર્થ થઈ જશે. અર્થ કામ અને મોક્ષ પુરુષાર્થ તેની સરખામણીમાં ગૌણ બની જશે. મારું અભિમાન મુક્ત થવાનું વધારે છે, મારે મુક્ત થવું છે તો મોક્ષ પુરુષાર્થ

મારો મુખ્ય પુરુષાર્થ થઈ જશે. અને ધર્મ, અર્થ, કામ પુરુષાર્થ ગૌણ બની જશે.

જેમ આપણે ત્યાં ખેલની જેમ બ્રહ્મસંબંધ આપી આપીને ઉટપટાંગ વાત સમજાવી દીધી કે પુષ્ટિમાર્ગ જે છે તેમાં સેવા જ કર્તવ્ય છે અને તે સેવા તમારાથી થઈ શકે તેમ નથી. કેમ કે તમને યાદ હોય તો ઠક્કર હોલમાં પ્રશ્ન આવ્યો તો કે સવારે સાડા સાત વાગે ઉઠીને ધંધા પર જવું પડે છે અને રાત્રે સાડા દશ વાગે આવુ છું. પછી કેવી રીતે સેવા કરવી ? હવે જુઓ ! આવાએ બ્રહ્મસંબંધ જ લેવું જોઈએ નહીં. પણ આપણે બ્રહ્મસંબંધ દીધુ છે. તેમાં હું વૈષ્ણવ છું તેવું અભિમાન જાગૃત કરી દીધું અને મારું મુખ્ય કર્તવ્ય સેવા છે. હવે સેવા એ મારું મુખ્ય કર્તવ્ય છે અને સેવા કરવાની ફૂરસદ નથી. ફૂરસદ નથી તો નથી. પરંતુ ખરેખર સેવા કરવાની ઈચ્છા પણ નથી. છતાં પણ કોઈપણ રીતે મારે સેવાનો સંતોષ (સેટીસફેકશન) મેળવવો છે. તેથી કરીને મંદિરની દુકાનદારી ચાલી નીકળી. કેમ કે પાછી સીધી જ આપણી સામે દરખાસ્ત (પ્રપોઝલ) આવશે કે કેવી રીતે સેવા કરવી ? મંદિરની દુકાન સવારથી ખુલી છે અને બપોર સુધી ખુલી રહેશે. સાંજથી ખુલ્લી છે અને રાત સુધી ખુલી રહેશે. દર્શન કરી જાવ. ભેટ નોંધાવી જાવ, ધંધાએ જાવ.

ધ્યાનથી સમજો જુઓ, આપણે ભક્તિને ગૌણ બનાવીને ભક્તિનો પુરુષાર્થ સિદ્ધ કરીએ છીએ. આપણો મુખ્ય પુરુષાર્થ શું છે ? ધંધાનો. ભક્ત હોવાનું અભિમાન મનમાં રાખીએ છીએ. તેનું પ્રમાણ કેવી રીતે કરીએ છીએ ? પ્રમાણ એવું ઉત્પન્ન કરીએ છીએ કે ધંધો તો કરવો પડે ને ! ધંધો કર્યા વિના કામ કેમ ચાલે ? આ જમાનામાં ધંધો તો કરવો પડે, જે ધંધો કરવો પડે છે તેને છોડી શકાય તેમ નથી તો શું છોડવું ? સેવા. સેવાને છોડીને ધંધો કરવો છે. હવે તે સેવા છૂટતી નથી. કારણ કે આપણે બ્રહ્મસંબંધ દ્વારા અભિમાન કર્યું છે કે, બ્રહ્મસંબંધ લીધુ છે, તો સેવા તો અમારે કરવી છે. તો સેવા કેવી રીતે કરવી તો જ્યાંથી થાય ત્યાંથી કરવી.

જેમ કે આપણે અભિમાન રાખ્યું કે સારું ખાવુ. સારું ખાવાનું અભિમાન થઈ ગયુ. હવે સારું ખાવામાં, પત્ની પણ કમાવા જાય છે અને આપણે

પણ કમાવા જઈએ છીએ તેમાં સારું કેવી રીતે બને ? ઘરમાં રસોઈ કોણ બનાવે? તો આપણે તેને સંતુષ્ટ કેવી રીતે કરીએ, તો ચાલો આપણે બન્ને મિયા-બીબી હોટલમાં જઈને સારું ખાઈ લેશું. આ રીતે આપણો ખાવાનો પુરુષાર્થ ગૌણ થઈ ગયો અને કમાવાનો પુરુષાર્થ પ્રબલ-મુખ્ય થઈ ગયો. વાત ખ્યાલમાં આવીને !

આવી રીતે ભક્તિનો પુરુષાર્થ ગૌણ થઈ ગયો. કોઈ અર્થનો પુરુષાર્થ, કોઈ કામનો પુરુષાર્થ, કોઈ ધર્મનો પુરુષાર્થ પ્રબલ-મુખ્ય થઈ ગયો. તો આ પ્રકારની પ્રમાણતા થઈ શકે છે નથી થઈ શકતી એવી કોઈ વાત નથી. આમા શું સારું, શું ખરાબ એ વાતની મીમાંસા હું નથી કરી રહ્યો. પરંતુ જુદા જુદા કેવા પ્રમાણ (પ્રપોર્સન) થઈ શકે છે અને તે પ્રમાણતાના વિષયમાં શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય શું છે તે જ માત્ર તમને સમજાવવા ઈચ્છું છું કે આ રીતે ધર્મ-અર્થ-કામ-મોક્ષની સાથે ભક્તિનો નિર્વાહ કરવો અથવા તે બધા તમારા નિવૃત્ત થઈ ગયા અને જે અભિમાનને કારણે આપણને ધર્મ પ્રાપ્ત થઈ રહ્યો છે.

સરળ ભાષામાં સમજાવું કે તમારામાં અભિમાન છે કે તમે કોઈના પિતા છો, તમને અભિમાન છે કે તમે કોઈના પતિ છો, તમને અભિમાન છે કે તમે કોઈના પત્ની છો, જેમ આ અભિમાન ઉત્પન્ન થયું તેમજ અધિકાર ઉત્પન્ન થશે. હું પતિ છું, હું પિતા છું, હું મિત્ર છું તો મારો અધિકાર છે. પુત્ર તરીકે, પિતા તરીકે, પતિ તરીકે, ભાઈ તરીકેના અધિકારનો તમે દાવો કરશો ત્યારે તેના કર્તવ્ય પણ માથા ઉપર આવી પડશે. જો તમારો આ અધિકાર છે તો તમારું આ કર્તવ્ય છે. તો આ કર્તવ્યનું નિર્ધારણ પોતાની મેળે કરવું કે શાસ્ત્રના અનુમોદનના આધાર પર કરવું ? તો શાસ્ત્રના આધાર ઉપર તમે તમારું કર્તવ્ય સમજ્યું તો તે તરત જ ધર્મ પુરુષાર્થ બની જશે. ખ્યાલમાં આવ્યું ને ? આવી જ રીતે આવા અભિમાનથી ધર્મ થશે, એવા જ અભિમાનથી અર્થ થશે. ખ્યાલમાં આવ્યું ?

હમણાં કાલ કે પરમ દિવસે કોઈક મને જણાવી રહ્યો હતો ઘણી મજાની વાત છે. સરકારે મોટા મોટા મકાન માળાની જેમ બનાવી દીધા છે. મહારાષ્ટ્ર હાઉસીંગ બોર્ડની જેમ ઘણાઓએ પોતાનું નામ તેમાં લખાવી દીધું તેને ફ્લેટ

પાણ મળી ગયો. જુનુ ઘર છોડીને નવા ઘરમાં રહેવા માટે ફ્લેટ પાણ મળી ગયો. તે ફ્લેટ વેંચીને પાછા પોતાના ઘરમાં જ્યાં હતા ત્યાં ચાલ્યા ગયા અને કમાઈ ગયા. મૂળ અભિમાન એ ન હતું કે આપાણે સારા ઘરમાં રહેવું છે. અભિમાન એ હતું કે ભાઈ લોટરીમાં નંબર લાગી જશે તો માળા માટે લગાવો. જ્યાંથી તેઓને કાઢીને માળાનો ફ્લેટ ફાળવવામાં (એલોટ) આવેલ હતો. પરંતુ રહેવા માટે ત્યાં જ રહેવા ગયા, જ્યાં પહેલેથી રહેતા હતા. માળાના ફ્લેટ લઈ લઈને તે ઝુંપડપટ્ટીવાળા પાછા ઝુંપડપટ્ટીમાં જ ચાલ્યા ગયા.

આ વાત ધ્યાનથી સમજો કે તે અભિમાન શું છે ? તેના હિસાબથી અધિકાર શું છે ? તેના હિસાબથી કર્તવ્ય શું છે ? આ બધું આપાણા જીવનની કારકિર્દીનો નિર્ણય કરે છે. તો આમ જ ધર્માર્થ, કામ, મોક્ષના અભિમાન જો છે તો શ્રીમહાપ્રભુજી કહે છે તમે તેને લૌકિક રીતથી પૂરા ન કરો ''સ્વધમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા'' શાસ્ત્રના હિસાબથી તે અભિમાન જો હશે તો શાસ્ત્ર તમારો કોઈ અધિકાર માનવા તૈયાર છે. તમારી અંદર આ અભિમાન છે, તમે પિતા છો તો શાસ્ત્ર તમારો એ અધિકાર માને છે કે તમે પુત્રને કંઈક કહી શકો છો. પુત્રનો નિર્વાહ કરવાનો , તેનું પાલન પોષાણ કરવાનો તમારો અધિકાર છે. જયારે તમારો અધિકાર પાણ છે. તો તમારા પુત્રનું પાલનપોષાણ કરવાનું કર્તવ્ય પાણ થાય છે.જયારે પુત્રનું પાલનપોષાણ કરવાનું તમારુ કર્તવ્ય થાય છે.તો પુત્રનું પાણ તમારી પ્રત્યે કંઈક કર્તવ્ય થાય છે. આમ દરેક ચીજ એકબીજાથી જોડાઈને રહેલી છે. શ્રીમહાપ્રભુજી એ વાતને પકડીને કહી રહ્યા છે કે તમારી અંદર ક્યુ અભિમાન છે તે હું નક્કી નહીં કરું , તે તમારે નક્કી કરવું પડશે કે તમારી અંદર ક્યુ અભિમાન છે. ધ્યાનથી સમજો મનુષ્યની અંદર અભિમાન છે કે હું ગૃહસ્થ છું તો શાસ્ત્ર તમારો અધિકાર માનશે તમે ગૃહસ્થી છો, તો બધા અધિકાર તમને આપવામાં આવે છે. આ અભિમાનને અનુરૂપ તમને ગૃહસ્થીના અધિકાર મળશે તે તમને યોગ્ય કરી દેશે.

શાસ્ત્રની સાથે ગૃહસ્થીના કર્તવ્ય નિભાવવા પડશે. હવે તમે ગૃહસ્થીના અધિકાર તો ભોગવવા ઈચ્છો છો, પરંતુ કર્તવ્ય નહીં નિભાવો તો શાસ્ત્ર તમને

પાપી બતાવશે કે તો તમે પાપી છો કેમ કે તમે અધિકાર ભોગવવા ઈચ્છો છો, પરંતુ તમે કર્તવ્ય નિભાવવા ઈચ્છતા નથી. તો આવી રીતે દરેક ચીજ જોડાયેલી છે તે ભક્તના વિષયમાં પણ જોડાયેલી છે, તે વાત ભૂલશો નહીં. જો ભક્ત પણ કોઈપણ પ્રકારનું અભિમાન રાખતો હોય તો તેની સાથે તે વાત (અધિકાર-કર્તવ્યની) લાગેલી જ છે પછી એ એમ ન કહી શકે મારું કામ તો આટલું જ કે મંદિરમાં દર્શન કરવા, પ્રસાદ લેવો અને પછી ધંધા ઉપર જવું. તો ભાઈ આ અભિમાનને છોડી દે.

એ અભિમાન સ્પષ્ટ રાખો જો તમારે ભક્ત હોવાનું અભિમાન રાખવું છે તો તેને સ્પષ્ટ રાખો. ભક્ત હોવાનું અભિમાન આપણને બ્રહ્મસંબંધ હોવાને કારણે પ્રાપ્ત થયું છે તે અભિમાન કયુ? તે અભિમાન દાસોઽહમ્‌નું. બ્રહ્મસંબંધ લેવાને કારણે દાસોઽહમ્‌નું અભિમાન મેળવ્યું છે તો તે દાસોઽહમ્‌નું અભિમાન મેળવવાને કારણે આપણો કોઈ અધિકાર થઈ રહ્યો છે. પ્રભુની સાથે આપણા દાસોઽહમ્ તરીકેના વ્યવહારમાં જે અધિકાર થાય છે તો પછી કર્તવ્ય પણ થાય છે તે કર્તવ્ય રૂપથી સેવા આવે છે. તે કર્તવ્ય રૂપ સેવામાં તમારે નક્કી કરવું પડશે કે આ સિવાય આપણા કેટલા અભિમાન છે ? જો તમારા બીજા પણ અભિમાન હોય તો તેને પણ તમે પ્રમાણસર નિભાવો. ‘‘સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા.’’

જો કોઈ અભિમાન નથી તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તો કોઈ ચિંતાની વાત નથી. જો તમને એ બધા અભિમાન નથી તમને માત્ર એ જ અભિમાન છે કે હું પ્રભુનો દાસ છું. બીજું કોઈ અભિમાન નથી. તો પછી ઢોંગ ન કરો. પાછું આમ તો પરમ ભગવદીય દાસાનુદાસ છું. પરંતુ ધંધામાં ગયા વિના કેમ ચાલે ? તો આ તો લફડો થઈ ગયો ને ! લાભ કંઈક બીજો લ્યે છે અને કામ કાંઈ બીજું કરે છે. અભિમાન એક છે અને કરે છે બીજું, કંઈક ગામને છેતરી રહ્યો છે એમ નહીં ચાલે. સફાઈથી વાતને સમજો.

જે રીતનું તમારી અંદર અભિમાન છે તે રીતનો તમારો અધિકાર માન્ય છે. જે રીતનો તમારો અધિકાર માન્ય છે તે પ્રકારનું કર્તવ્ય તમારે ગળે પડી રહ્યું

છે અને જે પ્રકારનું કર્તવ્ય તમારે ગળે પડી રહ્યું છે તે કર્તવ્યને નિભાવતા તમારે ભક્તિ પુરુષાર્થ કરવાનો છે. જો તમારામાં તે પ્રકારનું અભિમાન નથી. તો તે પ્રકારનો તમારો અધિકાર માન્ય રહેતો નથી અને તે પ્રકારનો અધિકાર નથી, તો તે વાત સંબંધી તમારું કર્તવ્ય પણ નથી.

જેમ ગૃહસ્થ હોવાનું અભિમાન નિવૃત્ત થયું તો શાસ્ત્ર કહે છે ''**યદ્ હરેવ વિરજેત્ તદ્ હરેવ્ પ્રવ્રજેત્**'' તમે સંન્યાસ લઈ લીધો. સંન્યાસ લીધા પછી તમારો છોકરો જીવી રહ્યો છે કે મરી રહ્યો છે, તમારી પત્ની જીવી રહી છે કે મરી રહી છે, જમવાનું મળે છે કે ભૂખે મરે છે, હવે તે તમારું કર્તવ્ય નથી. તમે છુટી ગયા. જે બાળકો છે તે તેને સંભાળશે. છોકરા-છૈયા માટે તેનું શું કરવું તે તમારું કર્તવ્ય રહ્યું નથી. પરંતુ તેની પહેલા તમે એવું અભિમાન રાખી રહ્યા છો કે હું ગૃહસ્થી છું, હું પિતા છું, હું પતિ છું પછી તમે એમ કહો કે તે ખાઈ રહ્યા છે કે ભૂખે મરી રહ્યા છે, તે માટે ભગવાન વિશ્વંભર છે તેમાં હું કોણ છું ? તો પછી તમારે ગૃહસ્થી હોવાનું અભિમાન શા માટે રાખવું જોઈએ ? ભગવાનની ગૃહસ્થીના તે ગૃહસ્થ હશે, તમે શા માટે ગૃહસ્થી હોવાનું અભિમાન રાખી રહ્યા છો ? તમે જો ગૃહસ્થીનું અભિમાન રાખી રહ્યા છો તો તમને નાના-મોટા ભગવાન હોવાનો એ અધિકાર મળી રહ્યો છે. આ ઘરનો હું ભગવાન છું (આઈ એમ ધ લોર્ડ ઈન ધીસ હાઉસ) એવું કહે છે ને કે, હું આ ઘરનો માલીક છું અને મારી પત્નીએ મને એ અધિકાર આપ્યો છે કે બધાને કહી દયો કે આ ઘરનો હું માલીક છું. તો તે વાત સમજવી પડશે.

આ પ્રકારથી વાતને સમજીએ તો આ સેવા કથાનો એક યથાર્થ આદર્શ (પરફેક્ટ મોડેલ) શ્રીમહાપ્રભુજીએ બાલબોધથી આપણને સમજાવી દીધો છે. શિવ અને વિષ્ણુના સંદર્ભથી આપણને સમજાવી દીધો છે કે ''તદાશ્રય તદીયત્વ બુદ્ધ્યૈ કિઞ્ચિત્ સમાચરેત્ સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા'' અને આ જે સૂત્ર છે તે જે વ્યાકરણ ભાણે તે આ વાતને સમજશે કે તે સૂત્ર અહીંયા અનુવૃત્ત થઈ રહ્યું છે (આવી રહ્યું છે) નહીંતર સૂત્ર અનુવૃત્ત થઈ રહ્યું નથી. જેમ ''ઇકોયણચિ'' તો અચિ કેવી રીતે અનુવૃત્ત થાય ? ''ઇકોયણ'' નિવૃત્ત થઈ જાય

''અચિ'' અનુવૃત્ત થાય છે. તેવી રીતે એટલો જ અંશ અહીં અનુવૃત્ત થઈ રહ્યો છે ''તદાશ્રય તદીયત્વ બુદ્ધ્યૈ કિઞ્ચિત્ સમાચરેત્, સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા'' જો તમને આ વિષયનું કોઈ અભિમાન છે તો તમે શાસ્ત્રના આધાર પર પોતાના અધિકારને માન્ય રાખો. અધિકાર પ્રમાણે તમે પોતાના કર્તવ્યને નિભાવો અને તે કર્તવ્યને નિભાવતા તમે તદાશ્રય અને તદીય બનો. શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં તે ભક્તિનો આદર્શ (મોડેલ) પ્રસ્તુત કર્યો છે.

ત્યાં એક વાત ધ્યાનથી સમજો કે આ શિવ અને વિષ્ણુના સંદર્ભમાં જે તદાશ્રય – તદીયતાની વાત હતી તે શ્રીમહાપ્રભુજીએ મોક્ષ પુરુષાર્થના પ્રકારથી ભક્તિને નિરૂપિત કરી. શા માટે ? તે વાતને ધ્યાનથી સમજો એ માટે નિરૂપિત કરી કે જ્યારે તમે પરતઃ મોક્ષ ઈચ્છી રહ્યા છો, તો પરતઃ મોક્ષ કોઈ અભક્તને નહીં મળે. ક્યારેય આશ્રય વિહિનને નહીં મળે. અનાશ્રિતને પરતઃ મોક્ષ મળશે નહીં. જો તમારે અનાશ્રિત રહેવુ છે, તમારે અભક્ત રહેવું છે, તો શાસ્ત્રના આધાર પર તમારી પાસે સ્વતઃ મોક્ષની બધી સાધનાઓ અને બધાય દ્વાર ખુલ્લા છે, જો તમારામાં અમે બીજાથી મોક્ષ શા માટે મેળવીએ એવો ફાંકો હોય તો ''**ઉદ્ધરેદ્ આત્મના આત્માનમ અવસાદ્યેદ્**'' જેમ મેં કાલે તમને બુદ્ધની વાત બતાવી હતીને ! ''**અત્તાહી અતનો નાથ**'' આત્માનો નાથ બીજો કોણ હોય શકે ? આત્માનો નાથ આત્મા પોતે જ છે ''**અત્તાહી અત્તનો ગતિ**'' આત્મા જ આત્માની ગત્તિ છે. આત્માને બીજે ક્યા જાવું છે ?

તમારા દિલમાં આ રીતની બુદ્ધવાળી મસ્તી તમે રાખી રહ્યા છો તો તમારે પરતઃ મોક્ષની દરકાર જ રાખવી જોઈએ નહીં. પરતઃ મોક્ષની તમને દરકાર છે અને પાછા એમ કહો કે અમે તેના આશ્રિત થાશું નહીં, તેના તદીય બનશું નહીં, તદાશ્રિત થશુ નહીં. મતલબ તમે ડબલીંગ (બન્ને) કરી રહ્યા છો કે નહીં ? તેને દૂર કરવા માટે શ્રીમહાપ્રભુજીએ ત્યાં મોક્ષ પુરુષાર્થની અંતર્ગત ભક્તિને મહત્વની પતાકા (ધ્વજા)ના રૂપમાં નિરૂપિત કરી. મેં તમને પતાકાની વાત બતાવી હતી ને ! એવી રીતે પતાકાના રૂપમાં અહીં ભક્તિને નિરૂપિત કરી

અને ત્યાં ભક્તિને નિરૂપિત કરતા કરતા શ્રીમહાપ્રભુજીએ એક એવી જબરજસ્ત સંભાળ (કેર) લીધી કે ભાઈ ! આ ભક્તિ કરવાની સાથે સાથે તમે પોતાના એ અભિમાનના પ્રત્યે બેદરકાર ન થઈ જાવ કે તમે અભિમાન પણ રાખો અને પોતાનું કર્તવ્ય પણ ન નિભાવો. બે વાત એક સાથે ચાલશે નહીં.

તમે ગૃહસ્થનું અભિમાન રાખી રહ્યા છો તો ગૃહસ્થી તમારે નિભાવવી પડશે. ગૃહસ્થ હોવાનું અભિમાન છોડી દીધું તો ગૃહસ્થીના કર્તવ્ય પ્રત્યે તમારા ઘર પ્રત્યે તમારું કોઈ કર્તવ્ય રહેતું નથી. ભારતીય હોવાનું અભિમાન રાખી રહ્યા છો તો ભારતીય નાગરીકના જે કર્તવ્ય છે તે તમારે નિભાવવા પડશે. તમારે કર્તવ્ય નિભાવવું નથી તો પહેલા ભારતીય નાગરિક હોવાનું અભિમાન છોડો. અભિમાન છોડવાનો મતલબ શું ? અભિમાન છોડવાનો સીધો મતલબ (અર્થ) એ છે કે ત્યાર પછી તમે ભારતીય નાગરીકની હેસિયતથી કોઈપણ મળતી સગવડતા (ફેસેલીટી) માટેનો હક્ક કે અધિકારની માંગણી કરી શકતા નથી. વાત સમજમાં આવી ને !

જેમ તમારે ત્યાં નળની પાઈપ ફીટીંગ ખરાબ થઈ ગઈ છે તમે મ્યુનિસીપાલીટીને ફોન કરો છો કે અમારા નળની લાઈનમાં પાણી બરાબર આવી રહ્યું નથી. વીજળીનો પુરવઠો (સપ્લાઈ) બરાબર આવી રહ્યો નથી. વીજળી કપાઈ ગઈ છે અને તે આવે નહીં તો તમે તેની સાથે ઝઘડો કરી શકશો નહીં, કે અમે કેટલા દિવસથી ફરીયાદ કરી, પરંતુ આજ સુધી શા માટે આવ્યા નથી ? આવે નહીં તો તમે અહીં ફરીયાદ કરવાવાળા કોણ છો ? તમે છો કોણ ? અહીં તમારો અધિકાર શું છે ? તમે રહી રહ્યા છો , તે ઘુસણખોરી કરીને રહી રહ્યા છો. તો તમારો અધિકાર શું છે ? તે તો ચોખવટ કરશો કે નહીં ? તો જ્યારે તમે અધિકાર સ્પષ્ટ કરશો ત્યારે તમારા કર્તવ્યનો પ્રશ્ન આવી જાય કે જો તમારે વીજળી વાપરવી છે તો તમારે ટેક્ષ ભરવો પડશે. જો તમારે પાણી વાપરવું છે તો ટેક્ષ ભરવો તે તમારું કર્તવ્ય થઈ જાય છે. તમારે અધિકાર ભોગવવો નથી તો પહેલા તેના કર્તવ્યને છોડો. તમારે વિજળી જોઈતી નથી તો તેના કર્તવ્યને પહેલા છોડી દ્યો. કોણ કહેશે કે તમે વિજળીનો ટેક્ષ ભરો.

તમે કહેશો કે અમારે ટેક્ષ ભરવો નથી, અમે દિવસના અજવાળામાં અને રાતના અંધારામાં સૂઈ જાશું. તો પછી કોણ ફરીયાદ કરી શકે કે તમારે ટેક્ષ ભરવો જ પડશે. ત્યારે તમે આનંદથી નિંદર કરો. પછી તમે દાવો કરી શકો નહીં કે અમે ત્રણ વખત ફરિયાદ કરી. છતાં આજ સુધી જોડાણ (કનેકશન) કેમ આવ્યું નહીં ?

બરાબર, આ રીતથી આ વાતને સમજો કે તમારું કોઈપણ શાસ્ત્રીય અભિમાન છે. તમારામાં શાસ્ત્રે ધર્મનું, અર્થનું, કામનું, કોઈપણ અભિમાન ઉત્પન્ન કર્યું. તો તે અભિમાનને તમે નિભાવી રહ્યા છો, તો તમારે કર્તવ્ય પણ નિભાવવું પડશે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જો તમારામાં અભિમાન છૂટી ગયું તો તમારા માટે તે સ્વધર્મ નથી રહેતો. પછી તમારા માટે કેવળ ભક્તિ જ સ્વધર્મ રહી ગયો. કેમ કે હવે તમારામાં તે અભિમાન રહ્યું નથી. તો તેનો હિસ્સો (પ્રપોર્સન) કેટલો હશે ? શ્રીમહાપ્રભુજી તે આપણને બતાવશે નહીં. શ્રીમહાપ્રભુજીને આપણે તે પ્રશ્ન પૂછવાનો પણ નથી ,કારણ કે શ્રીમહાપ્રભુજી આપણને એ પ્રશ્ન પૂછી રહ્યા છે કે બોલો તમારું અભિમાન શું છે ? તમારું અભિમાન કેવું છે ? તમે તમારા હૃદય પર હાથ રાખીને કહો કે તમારું અભિમાન શું છે ? તે હિસાબથી તમારું કર્તવ્ય કેમ નક્કી કરવુ તેનું માર્ગદર્શન (ગાઈડ લાઈન) શ્રીમહાપ્રભુજી આપી શકે – ‘‘સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા’’

આ રીતે તમારામાં જ્યારે દાસોઽહમ્નું અભિમાન જાગ્યું, તો એક વાત ધ્યાનથી સમજો કે હું પ્રભુનો દાસ છું જો એ અભિમાન છે, તો શ્રીમહાપ્રભુજી કહે છે કે ભક્તિના હિસાબે એ અભિમાન, ન તો શાસ્ત્રીય અભિમાન છે કે ન તો લૌકિક અભિમાન છે. લોક–વેદાતિત એ કોઈ ત્રીજી કોટીનું અભિમાન છે. શ્રીમહાપ્રભુજી જેનો આગળ ઉપર પુષ્ટિપ્રવાહમર્યાદામાં ખુલાસો કરશે. ‘‘લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા, વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ’’ તે અભિમાન કોઈ ત્રીજી કોટીનું અભિમાન છે. આ અભિમાનના કારણે તમારો જે અધિકાર ઉત્પન્ન થાય છે તે પણ કોઈ ત્રીજી કોટીનો અધિકાર

છે. તે લૌકિક અધિકાર નથી કે વૈદિક અધિકાર પણ નથી.

આ વાતને ધ્યાનથી સમજો કે તમારો સેવા કરવાનો અધિકાર છે, તેવો કોર્ટમાં દાવો કરવા જાશો તો કોર્ટ કેવી રીતે તેને નક્કી કરશે ? તમે શાસ્ત્રને પૂછવા જાશો તો શાસ્ત્ર તો ના જ પાડશે કે સ્ત્રી, શૂદ્રને તો સેવા કરવાનો અધિકાર જ નથી. શાસ્ત્ર તો આ વાતને સ્પષ્ટ કહે છે કે સ્ત્રી, શૂદ્રને સેવા કરવાનો અધિકાર નથી. સ્ત્રીએ જ્યારે લગ્ન કર્યા ત્યારે પતિ પાસેથી વચન (પ્રોમિસ) લીધું હતું કે તમે જેટલો ધર્મ કરશો તેમાં મારો અડધો ભાગ. હવે તેને છૂટ (એકઝેમશન) તો તે સમયે જ બધી મળી ગઈ, સ્ત્રીને કોઈ ધર્મ કરવાની જરૂરત જ નથી. એક વાત ધ્યાનથી સમજો સ્ત્રી ક્યારે તેને વચન આપે છે ? કે જ્યારે પતિ ધર્મ કરી રહ્યો છે. તો કહે છે કે હું તને નિભાવીશ. તારા બધા નિભાવને ધ્યાનમાં રાખીશ. મારે જે ધર્મનું કર્તવ્ય કરવાનું હતું, તો તુ જે પણ ધર્મ કરશે તેનો અડધો ભાગ મારો છે. હવે તે કપટી (ગીલીન્ડર) ધર્મ કરે નહીં તો તે કરાર (કોન્ટ્રાક્ટ) તો રદ થઈ ગયો ને !

એક વાત ધ્યાનથી સમજો કે કોઈ બદમાશ ધર્મને નિભાવે નહીં. તો તે કરાર રદ થઈ ગયો. તે કરાર રદ થવાથી જે પરિસ્થિતિ છે તે અલગ પ્રકારની પરિસ્થિતિ છે. તેની અમે અહીં ચર્ચા કરતા નથી. પરંતુ સમજો કે બન્નેના કરારની અથવા કબુલાત (એગ્રીમેન્ટ)ની જે શર્ત છે તે બરાબર નભી રહી છે તો સ્ત્રીને ધર્મ કરવાની આવશ્યકતા જ નથી. શાસ્ત્ર તો કહે છે કે તમે શા માટે ધર્મ કરો ? શાસ્ત્રે તો લગ્ન વખતે જ તે બધી વાતનો ખુલાસો કરી દીધો હતો કે પત્નીને ધર્મ કરવાની જરૂરત નથી. તેવી રીતે શૂદ્રને માટે પણ શાસ્ત્રે ખુલાસો આપી દીધો છે કે ભાઈ તમે ત્રૈવર્ણિકની સેવા કરો. ત્રૈવર્ણિક જે ધર્મ કરશે તે ધર્મનો લાભ તમને મળશે તમારે સ્વતંત્ર રીતે કોઈ ધર્મ કરવાની જરૂરત જ નથી. શાસ્ત્ર તો આમ કહે છે, તો શાસ્ત્રની દષ્ટિથી સેવા ક્યાંથી પ્રાપ્ત થશે ?

આપણી વાર્તા વાંચો તો તમને ખ્યાલમાં આવશે કે આબુ પાસે શીરોહી ગામની જે બે રાજકુંવરી હતી. તે સેવા કરતી હતી. શીરોહીના રાજાને તેના સગા–સંબંધીઓએ ચડાવ્યા કે તમારી પત્ની એમ વિચારી રહી છે કે તમે મરી

જાવ. તે માટે સેવા કરી રહી છે. કારણ કે તમે જીવતા છો તો તમે જે ધર્મ કરી રહ્યા છો. તે ધર્મનો લાભ તમારી રાણીને મળી જ રહ્યો છે. પરંતુ તમારા જીવતા તે ભગવાનની સેવા કરી રહી છે. મતલબ, તમને તે મરેલા માની રહી છે. મરેલા એટલે કે તમે મરી જાવ એવી ભાવના તેમની અંદર છે. તેથી રાજા તલવાર લઈને મારવા આવ્યો. તુ પોતાને વિધવા માનીને શ્રીઠાકોરજીની સેવા કરી રહી છે ? પરંતુ તે પણ ક્ષત્રાણી હતી. તેથી તેમાણે કહ્યું કે તુ અમને શું મારીશ ? અમે તારું ગળુ કાપી નાખશું. એ પાછી બન્ને બહેનો હતી. રાજાએ કહ્યું છૂટકારો કરો, જ્યાં જવું હોય ત્યાં જાવ. મારો પીછો છોડો.

પુષ્ટિમાર્ગના લફડાની વાત બતાવી રહ્યો છું. એક વાત ધ્યાનથી સમજો કે સ્ત્રીઓને ધર્મ કરવાની જરૂર જ નથી. તે ધર્મ કરતી તો પહેલાના જમાનામાં આવા ઝઘડા થતા હતા કે તમે ધર્મ શા માટે કરી રહ્યા છો ? તેનું કારણ શું છે ? હું મરી ગયો છું કે તુ ધર્મ કરે છે ? શું હું ધર્મ નથી કરતો કે તારે ધર્મ કરવો પડે ? શાસ્ત્રને પૂછશો, તો શાસ્ત્ર ના પાડશે કે સ્ત્રીને ધર્મ કરવાની આવશ્યકતા જ નથી. પતિ સેવાની આવશ્યકતા છે તને કોણે ધર્મ કરવાનું કહ્યું ?

તો જુઓ દાસોઽહમ્નું જે અભિમાન છે તે શાસ્ત્રીય અભિમાન તો ન હોય શકે ને ! આવી પરિસ્થિતિમાં વિચારો શાસ્ત્રીય અભિમાન નહીં થઈ શકે. લૌકિક અભિમાન છે ? લૌકિક અભિમાન છે તો તો કૃષ્ણ પણ લૌકિક થઈ ગયો અને તમે પણ લૌકિક થઈ ગયા. તમારો સંબંધ પણ લૌકિક થઈ ગયો. શ્રીમહાપ્રભુજી પોતે તેની ના પાડી રહ્યા છે. કે ‘‘ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્’’ જો તમે લૌકિક અભિમાનથી કૃષ્ણની સેવા કરશો તો તે સેવા કૃષ્ણ સ્વીકારશે જ નહીં અને તમે પોતાને કૃષ્ણનો લૌકિક દાસ માન્યો તો તમારું દાસત્વ સ્વીકાર્ય જ નથી. કૃષ્ણ પોતાનું સ્વામીત્વ તમને જતાવશે જ નહીં. તો આ સંબંધને લૌકિક માન્યો તો લગ્ન પહેલા જ છૂટાછેડા થઈ ગયા ને !

તો ધ્યાનથી સમજો કે આ જે દાસોઽહમ્નું અભિમાન છે એ ન તો વૈદિક અભિમાન છે, ન તો લૌકિક અભિમાન છે. શ્રીમહાપ્રભુજી લૌકિક વૈદિક અભિમાનના હિસાબથી આ અભિમાન તમારામાં જગાડવા ઈચ્છતા નથી.

શ્રીમહાપ્રભુજી ત્રીજું જ અભિમાન જગાડવા ઈચ્છે છે. કોઈ શબ્દમાં આને કહેવું હોય તો એમ કહી શકાય કે કોઈ આધ્યાત્મિક, આધિદૈવિક અભિમાન છે. ખ્યાલમાં આવ્યું ને ! આ કોઈ જાતનું આધ્યાત્મિક (મેટા ફિજીકલ) અભિમાન છે તે ભૌતિક (ફીજીકલ) તથા માનસિક (સાયકોલોજીકલ) અભિમાન નથી. આ દિવ્ય-અલૌકિક અભિમાન છે. જે અભિમાનના સંદર્ભમાં હું પ્રભુનો દાસ છું. એવું અભિમાન જાગી રહ્યું છે. તે દાસના સંદર્ભમાં તમારું કર્તવ્ય શું છે ? તે કર્તવ્યનું નિરૂપાણ સિલ્દ્વાન્તમુક્તાવલીમાં આવી રહ્યું છે.

વાત સમજમાં આવી ને ! કાંઈ કઠીન લાગ્યું હોય તો પૂછી લેજો ફરી ક્યારેક ફુરસદથી બતાવી દઈશ. પરંતુ સિલ્દ્વાન્તમુક્તાવલી ભક્તિ પુરુષાર્થથી પ્રાપ્ત થતું જે તમારું કર્તવ્ય છે તે કર્તવ્યનું નિરૂપાણ કરે છે. ધર્મ પુરુષાર્થથી પ્રાપ્ત થતા કર્તવ્યનું, અર્થ પુરુષાર્થથી પ્રાપ્ત થતા કર્તવ્યનું, કામ પુરુષાર્થથી કે મોક્ષ પુરુષાર્થથી પ્રાપ્ત થતા કર્તવ્ય અને અધિકારની વિવેચના સિલ્દ્વાન્તમુક્તાવલીમાં નથી. એ વાત આપણે એકદમ સાફ રીતે સમજવી જોઈએ. તો સિલ્દ્વાન્તમુક્તાવલીને પહેરવા લાયક ગળુ બનશે. જેમ આપણે આ બે કંઠી પહેરી રહ્યા છીએ. એવી એક સિલ્દ્વાન્તમુક્તાવલીની કંઠી પણ શ્રીમહાપ્રભુજી આપણને પહેરાવવા ઈચ્છી રહ્યા છે. આપણે તે કંઠી ગળામાં કેવા અભિમાનથી પહેરશું ?

લૌકિક અભિમાનની અંતર્ગત નહીં, શાસ્ત્રીય અભિમાનની અંતર્ગત નહીં. આ કોઈ આધિ દૈવિક અથવા આધ્યાત્મિક અભિમાનથી પહેરશું. એક તાત્ત્વિક અભિમાનથી પહેરશું અને તે તાત્ત્વિક અભિમાનનો મતલબ શું ? કે આપણો આત્મા અને પરમાત્માનો જે સંબંધ છે **''યો યદ્ અંશઃ સ તમ્ ભજેત્''** જે જેનો અંશ છે તે તેનું ભજન કરે. આ ભજન એટલું જરૂરી છે જેમ પૃથ્વી સૂરજનો અંશ છે, તો પૃથ્વી સૂરજને ચક્કર મારે છે. બધા ગ્રહ છે તે સૂરજના અંશ છે. તો તે ગ્રહો કેવી રીતે સૂરજને ચક્કર મારે છે ? એવી રીતે, જો આપણે ભગવદ્ અંશ છીએ, એ અભિમાન આપણી અંદર જાગતુ હોય કે હું ભગવાનનો અંશ છુ, હું કૃષ્ણનો અંશ છું, ધ્યાનથી સમજો કે હું કૃષ્ણનો

કૃષ્ણાત્મક-પુરુષોત્તમાત્મક અંશ છું.

શ્રીયમુનાષ્ટકથી સર્વોત્તમથી અને સ્ફુરતકૃષ્ણપ્રેમામૃતથી જે મેં તમને બતાવ્યું કે હું પુરુષોત્તમનો પુરુષોત્તમાત્મક અંશ છું એવું તમારી અંદર અભિમાન જાગતું હોય, બસ તો પછી તમારું કર્તવ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. તે અભિમાન, તે અધિકારથી તો ફરી તમારે કૃષ્ણ સેવા કરવી જોઈએ.

॥ સિદ્ધાન્તમુક્તાવલી ॥

(સ્વસિદ્ધાન્તવિનિશ્ચયોપદેશ:)-સ્વામાર્ગીય સિદ્ધાન્તના વિનિશ્ચયનો ઉપદેશ.

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્ત - વિનિશ્ચયમ્।।

ધ્યાનથી સમજો કે આ સિદ્ધાન્તનો વિનિશ્ચય છે. આમાં જોશો તો સિદ્ધાન્તમુક્તાવલીના નિરૂપણમાં પહેલું અર્ધુ ચરણ છે તે સ્વ સિદ્ધાન્ત વિનિશ્ચયોપદેશ છે. એટલે કે આપણા સિદ્ધાન્તના વિનિશ્ચયનો ઉપદેશ છે. વિનિશ્ચયનો મતલબ શું ? શ્ચય એટલે ભેગુ કરવુ, નિશ્ચય એટલે ખૂબ જ સારી રીતે કોઈ વસ્તુ ભેગી કરવી અને વિ ઉપસર્ગ લગાડવાથી વધારે વિશેષતા પ્રકટ થઈ રહી છે. જો તમારી અંદર ભક્ત હોવાનું અભિમાન છે તો વિશેષ રીતે કોઈ ઉત્તમ વસ્તુને સારી રીતે ભેગી કરીને તમારી સામે પ્રસ્તુત કરી રહ્યા છે કઈ ચીજ? કે તમારું કર્તવ્ય શું છે ? જો ભક્ત હોવાનું અભિમાન નથી તો કર્તવ્ય પ્રાપ્ત થતું નથી.

જેમ તમારામાં બાપ હોવાનું અભિમાન નથી, તો બાપ હોવાનું કર્તવ્ય પ્રાપ્ત થતું નથી. કારણ કે અભિમાન તમને અધિકાર પ્રદાન કરશે અને અધિકાર ક્યારેય પણ ઉત્તરદાયિત્વ વિહિન હોતો નથી. જ્યારે પણ અધિકાર ઉત્તરદાયિત્વ વિહિન હોય છે. ત્યારે ત્યારે આપણે ગીતાના શબ્દોમાં કહીએ તો **''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ ભવતિ ભારત''** ધર્મની જ્યારે જ્યારે ગ્લાની થાય છે. ધર્મની ગ્લાનીનો અર્થ સંક્ષેપમાં સમજો કે કર્તવ્ય વિહિન અધિકાર ભોગવવાવાળો પુરુષ જ્યારે જ્યારે સમાજમાં ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યારે ધર્મની ગ્લાની થાય છે, ત્યારે ત્યારે ભગવાનને અવતીર્ણ થવુ પડે છે આવો લફડો છે.

આ કર્તવ્ય વિહિન અધિકારને ભોગવવાવાળા પુરુષોત્તમ જ્યારે ઉત્પન્ન થઈ જાય છે. ત્યારે પછી સમાજમાં લફડા ઉત્પન્ન થઈ જાય છે અને ફરી ભગવાનને તેને મારવા માટે અવતાર લેવો પડે. બધા અસુરોનો નાશ કરો. આ કર્તવ્ય વિહિન અધિકારને શા માટે ભોગવે છે ? **''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્**

ભવતિ ભારત અભ્યુત્થાનમ્ અધર્મસ્ય'' ત્યારે અધર્મનું અભ્યુત્થાન હોય છે. કેમ ? અધર્મ બીજું કાંઇ છે જ નહીં, અધિકારને અનુરૂપ કર્તવ્ય ન નિભાવવું તે જ અધર્મ છે. તમે અધિકાર ભોગવી રહ્યા છો અને તેને અનુરૂપ તમે કર્તવ્ય નિભાવી રહ્યા નથી. બસ આ જ અધર્મની બધાથી પહેલી પરિભાષા છે. તમે અધિકારને અનુરૂપ પોતાના કર્તવ્યને નિભાવી રહ્યા છો. તે ધર્મની બધાથી પહેલી પરિભાષા છે, જો તમે અધિકારની માંગણી કરી રહ્યા છો તે કારણથી તમારું કર્તવ્ય થાય કે નહીં ?

તમે વિદ્યાર્થીના અધિકારની માંગણી કરી રહ્યા છો તે માટે પહેલા દિવસે જ તમને બધાને હાથ જોડીને વાત કરી હતી કે ભાઇ અહીંયા અભ્યાસ કરવા ઇચ્છતા હોય, તો અભ્યાસની ભાવનાથી આવો પ્રવચન સાંભળવાની ભાવનાથી ન આવો કારણ કે અહીંયા પ્રવચન થઇ રહ્યું નથી. અભ્યાસ ચાલી રહ્યો છે તો જો ભણવાનો અધિકાર રાખતા હો કે અમારે ભણવું છે, તો પછી પોતાનું કર્તવ્ય નિભાવવું પડશે, કે અહીં તમે સાંભળવાની ભાવનાથી નહીં આવો, ભણવાની ભાવનાથી આવશો. જો તમે સાંભળવાની ભાવનાથી આવ્યા. તો તમે મહાન અધર્મી, ઘોર અધર્મી, પાપી કે પતિત જીવ છો એ વાત સમજી જાવ.

કારણ કે તમે અહીં ઘુસીને અધિકાર તો પ્રાપ્ત કરી રહ્યા છો અને કર્તવ્ય તો નિભાવતા નથી. તો બધાથી પહેલી અધર્મની પરિભાષા અહીંથી શરૂ થશે કે માણસ કોઇ અધિકાર તો ભોગવે અને કર્તવ્ય ન નિભાવે. અરે ભાઇ ! અધિકાર ભોગવો તો કર્તવ્ય તો નિભાવો. કર્તવ્ય નિભાવતા નથી તો કોણ કહી શકે કે તમે અધિકાર ભોગવી શકો ? શાંતિથી ઘરમાં બેસો. ટીવી જુઓ, વિડિયો જુઓ, ટીવી પર ઘણાં બધા સરસ પ્રોગ્રામ રીલે થઇ રહ્યા છે. શા માટે અહીં આવો છો ? આ પાપ છે. ધ્યાનથી સમજો આ જ પાપ છે. પોતાના અધિકારનો દાવો કરવો પરંતુ કર્તવ્ય નિભાવવુ નથી આ સિવાય બીજું કોઇ પાપ હોઇ શકે નહીં.

એવી રીતે આપણે તુલસી સમર્પી સમર્પીને દાસોઽહમ્નો અધિકાર પ્રાપ્ત કરી લઇએ. આ બધા શ્રીઠાકોરજીના દાસ છે. આ બધાની ટિકિટ નક્કી વૈકુંઠમાં અનામત (રિઝર્વ) છે. જે દિવસે મરશે ત્યાં નિત્યલીલામાં લીન થઇ ગયા

કહેવાશે. જે દિવસે મરશે તે દિવસે ગોલોકવાસી એમ કહેવાશે. અરે અત્યારથી ટિકિટ રીઝર્વ કરાવી લીધી, નાલાયક શરમ ન આવી ? શરમ આવવી જોઈએ. પરંતુ પહેલાથી જ ટિકિટ લઈ લીધી ? પરંતુ પૂછપરછ (ઈન્કવાયરી) કરી ? કે ગોલોકમાં ગયો કે નરકમાં ગયો ? અધિકાર પ્રાપ્ત કરી લીધો. પરંતુ કર્તવ્ય નિભાવ્યુ નથી તો ગોલોકમાં ગયો કે ગધાલોકમાં ગયો, ખબર કેમ પડી ? મરવાની સાથે જ ખરખરાની પત્રિકા આવી જાય અથવા મરણ સંદેશમાં આવી જાય કે ગોલોકવાસી થઈ ગયા. પરંતુ કેવી રીતે ગોલોકમાં ગયો ? ગધાલોકમાં નથી ગયો તેની ગેરંટી શું ? જ્યારે કર્તવ્ય નથી નિભાવ્યુ તો, કેવી રીતે નિત્યલીલામાં લીન થયો ? કોઈ અંધત્તમ (નરક) લીલામાં લીન થઈ ગયો હશે. તો આપણે અધિકાર પ્રાપ્ત કરી લઈએ, પરંતુ કર્તવ્ય નિભાવીએ નહીં આ જ બધા લફડા છે તે જ પાપ છે તે જ જીવનનું બધાથી મોટું પાતિત્ય છે.

તો જો આપણને દાસોડહમ્નો અધિકાર પ્રાપ્ત થઈ રહ્યો છે તો તેનાથી જે કર્તવ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે તે કર્તવ્યની વિવેચના શ્રીમહાપ્રભુજી આગળ કરે છે. ‘‘કૃષ્ણ સેવા સદા કાર્યા’’ આ જુઓ શ્રીમહાપ્રભુજી કર્તવ્ય બતાવી રહ્યા છે કે તમારું કર્તવ્ય શું છે ? જે અધિકાર તમે દાસોડહમ્ના હક્કથી પ્રાપ્ત કર્યો છે તેથી પ્રાપ્ત થતુ તમારું કર્તવ્ય શું છે ? હવે તમે આ કર્તવ્યથી વિમુખ થયા તો ફરી પાછી બધી ગાલીનું પુનરાવર્તન કરવા ઈચ્છતો નથી સમજી જાવ તો સારું.

(શ્રીકૃષ્ણસેવાયાઃ ફલાવસ્થાલક્ષણં[1] સ્વરૂપલક્ષણં[2] સાધનાવસ્થાલક્ષણં[3] અવાન્તરફલલક્ષણં[4] ચ)–શ્રીમહાપ્રભુજી તે કર્તવ્યની ચાર અવસ્થા આ ત્રણ શ્લોકોમાં બતાવી રહ્યા છે. ધ્યાનથી જુઓ ક્રમથી–ફલાવસ્થા, સ્વરૂપલક્ષાણ, સાધનાવસ્થા અને અવાન્તર ફલ. ફલાવસ્થા મતલબ શું ? જ્યારે તમે તે કર્તવ્યને પૂરેપૂરું નિભાવ્યુ ત્યારે તે કર્તવ્ય તમારી સામે કેવી રીતે ફલીત થઈ જશે ? જેમ એક વૃક્ષને આપણે પૂરેપૂરું નિભાવ્યું તો તે વૃક્ષમાં ફલ આવે કે નહીં ? ફલને વૃક્ષ પર લટકાવવું નહીં પડે. ફલને વૃક્ષ પરથી ખેંચવુ પડતુ નથી. આપણે સારી રીતે વૃક્ષનો નિભાવ કર્યો. જમીનમાં પાણી પાઈને, તેને

પ્રકાશ આપીને, જમીનની માટીને સારી રીતે ખેડીને, જાનવરથી બચાવીને. તો તે વૃક્ષ જ આપોઆપ ફલવત થઈ જાય છે.

એવી રીતે તે કર્તવ્યને તમે સારી રીતે નિભાવ્યું. તો તે વૃક્ષની જેમ આપો આપ સફલ થઈ જશે. ફલ સહિત થઈ જશે. તે કર્તવ્યની જે ફલાવસ્થા છે તે એક લક્ષણ પહેલું લક્ષણ છે. તે ફલાવસ્થા ક્યારે આવશે ? તે માટે વિદ્યાપતિએ ખૂબ જ સુંદર વાત કહી છે **''સમય પાઇ તરૂવર ફલ રે કત સીંચદુ નીર''** ખૂબ જ પાણી પાવાથી કોઈ વૃક્ષ પર ફલ આવતુ નથી. દરેક વૃક્ષ ફલ આપવા માટે પોતાનો સમય તો લેતા હોય છે. તો તે સમયની પહેલા પાણી રેડવાથી જલ્દી ફલ આવતું નથી. પરંતુ ધીરજથી પાણી રેડતા રહેવુ પડશે. ત્યાં સુધી પાણી રેડતા રહેવું પડશે કે જ્યાં સુધી તે વૃક્ષ ફલ આપવા માટે સક્ષમ થઈ જાય. વૃક્ષ છે તે સમય આવતા ફલવાન થઈ જાય છે. ગમે તેટલું પાણી રેડો પણ સમયની પહેલા તે ફલરૂપ નહીં થાય.

તો આપણુ જે કર્તવ્ય છે તેને નિભાવતા રહીએ તો એક વખત તે આપણને ફલ આપશે. કર્તવ્ય જ તમને ફલ પ્રકટ કરી દેશે. બહારથી કોઈ ફલ આવશે નહીં. પરંતુ તે ફલરૂપ ફલીત થઈ રહ્યું નથી, કર્તવ્યની ફલાવસ્થા જ્યાં સુધી પ્રકટ થઈ રહી નથી ત્યાં સુધી તેનું સ્વરૂપ શું છે ? તો સમજો કે જેમ કોઈ આંબાનું ઝાડ છે. કોઈ જાંબુનું ઝાડ છે, કોઈ સફરજનનું ઝાડ છે તો ઝાડ પર ફલ આવશે કે નહીં આવે ? પરંતુ જે ઝાડનો જાણકાર છે તે તેના સ્વરૂપને જોઈને જ ઓળખી જાશે કે નહીં ? આંબાના કે કેળાના ઝાડને તો જોતા તરત જ આપણે ઓળખી જઈએ પરંતુ જેમ આંબા અને અશોકના ઝાડના પાંદડા એક સરખા છે. તેનો પણ જે જાણકાર છે તે તો તરત જ ઓળખી જાશે કે ભાઈ આ અશોકનું ઝાડ છે, આંબાનું ઝાડ નથી અને આ આંબાનું ઝાડ છે, અશોકનું ઝાડ નથી. કેવી રીતે ઓળખી ગયો ? પાંદડા તો બન્નેના એક સરખા જ છે. એવી રીતે ઘણા ઝાડના પાન એક સરખા હોય છે. તો જે જાણકાર છે તે તો તેને જોઈને જ ઓળખી જાશે કે આ વૃક્ષ ક્યું છે ? તો તે તેનું કોઈ સ્વરૂપ છે. સમજમાં આવ્યું ને !

જેમ આપણે ગુજરાતીને જોતા જ ઓળખી જઈએ કે આ ગુજરાતી છે, મરાઠીને જોઈને જ ઓળખી જઈએ કે આ મરાઠી છે, બંગાળીને જોઈને ઓળખી જઈએ કે આ બંગાળી છે. તે એક સ્વરૂપ છે. દરેક ચીજનાં સ્વરૂપના આધાર પર આપણે તેને ઓળખી જઈએ કે આ કોણ છે ? તો તે સ્વરૂપ લક્ષણ છે. વાત સમજમાં આવીને.

એવી રીતે જ તેની સાધનાવસ્થા છે. શું સાધન કરીએ તો તેનું સ્વરૂપ નભે ? અને શું સાધન ન કરીએ તો તેનું સ્વરૂપ જ ખંડિત થઈ જાય ? હવે ધ્યાનથી આ વાતને સમજો એવા એવા કારીગર છે કે પ્લાસ્ટીકના એવા વૃક્ષ બનાવે કે જોતા જ આપણને લાગે કે તે સાચુ વૃક્ષ છે. પરંતુ સાચુ વૃક્ષ છે કે ખોટુ વૃક્ષ છે તેની સમજ કેવી રીતે આવે ? જોવાથી તો સમજાય નહીં. તેના સાધનથી કે પાણી પીવે છે કે નહીં, માટી ભીની છે કે સૂકી છે. તે બે-ત્રણ દિવસ આપણે જોઈ લઈએ તો વૃક્ષને સ્પર્શ કર્યા વગર આપણે કહી શકીએ કે ભાઈ ત્રણ દિવસ સુધી જે વૃક્ષ પાણી પીતુ નથી, સાત દિવસ સુધી જે વૃક્ષને પ્રકાશની જરૂર પડતી નથી તે વૃક્ષનું સ્વરૂપ ભલે વૃક્ષ જેવું જ દેખાતુ હોય પરંતુ વૃક્ષનું સ્વરૂપ ત્યાં નદારત છે.

જેમ ઠઠ્ઠાઈમાં મેં વાત કહી હતીને કે મેક-અપ કરીને રૂપાળા થઈ જવાવાળા વરવધૂનું સ્વરૂપ ભલે રીસેપ્શનમાં રૂપાળા-રૂપાળા લાગે. પરંતુ ચાર-છ દિવસમાં પાછા તે પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. રિસેપ્શનમાં તે ખૂબ જ રૂપાળા લાગતા હોય પરંતુ પાંચ-છ દિવસ બાદ જુઓ તો તે કાળા કાળા દેખાય. તે સ્વરૂપસ્થતા જે છે તેને ધ્યાનથી સમજો કે આપણું સ્વરૂપ એક અલગ તત્ત્વ છે અને તે સ્વરૂપને સ્વરૂપમાં નભવા દેવા માટે કોઈ સાધન છે કે નહીં ? જેમ વૃક્ષના વૃક્ષ સ્વરૂપને નિભાવવા માટે પ્રકાશ, માટી, ખાતર, પાણી આ બધા તેના સાધન છે તે જો ત્યાં ચાલી રહ્યા છે. તો વૃક્ષ-વૃક્ષ સ્વરૂપમાં જીવિત છે અને જો તે સાધન નથી તો તે વૃક્ષ, વૃક્ષના સ્વરૂપમાં જીવિત નથી. તેના બદલામાં કોઈ પ્લાસ્ટીકનું બનાવટી કે કૃત્રિમ (આર્ટિફિશ્યલ) આવી ગયું. વૃક્ષનું મૂળ સ્વરૂપ ત્યાં સિધ્ધ નથી થયું. તો તે સાધનાવસ્થાનું લક્ષણ છે.

ઘણા લોકો આપણને મૂર્ખ બનાવે કે તે તો સાધનાવસ્થાની વાત છે. ફલાવસ્થામાં તો બધું છોડી દેવાનું છે. અરે ફલાવસ્થામાં શું છોડી દેવાનું ? આંબાના ઝાડ પર ફળ આવી ગયું તો પાણી પાવાનું છોડી દેવાનું ? આંબાના ઝાડ પર કેરી આવી ગઇ તો શું તેની જે પ્રકાશની વ્યવસ્થા છે તેની ઉપર બંધ કરીને તેના ઉપર તંબુ તાણી લેવાના ? કે હવે તો ફલ આવી ગયુ છે. હવે તેને પ્રકાશની જરૂર નથી અને પછી માટીની જગ્યાએ ત્યાં બધા પથ્થર ભરી દેવાથી કામ ચાલશે ? નહીં ચાલે. સ્વરૂપ ખંડિત થઇ જશે તો ફલ પણ નહીં રહે.

ફલ થવા માટે, ફલાવસ્થામાં રહેવા માટે સ્વરૂપને પણ નિભાવવું જોઇએ. સ્વરૂપ નિભાવવા માટે તેના સાધનને પણ નિભાવવા જોઇએ અને આંબાનું ઝાડ જેમ કેરી આપી રહ્યું છે તેમ છાંયો પણ આપે છે. એમ ઠંડી હવા પણ આપી રહ્યુ છે. એમ આંખને એક જાતની શાંતિ પણ આપે છે કે ઘટાદાર સુંદર આંબાનું વૃક્ષ છે. એવી ઘટા જોઇને જ આંખને વાતાવરણમાંથી ઠંડક મળે છે. છાંયડો પણ મળે છે. પશુ-પક્ષી તેના પર કિલ્લોલ કરી રહ્યા છે. કોયલ બોલી રહી છે. આ બધા આંબાના ફળના અવાન્તર ફલ છે. આંબાનું એક ઘટાદાર વૃક્ષ બન્યુ તો આ બધા અવાન્તર ફલ તો ત્યાં પ્રકટ થવાના જ છે. તેને કેરીની સાથે કોઈ સંબંધ નથી, છતાં પણ થઈ રહ્યું છે. કારણ કે આંબાનું ઘટાદાર વૃક્ષ છે. તેમાં મોર આવશે, મોર આવશે તો કોયલ બોલશે, કોયલ બોલશે તો ભમરો પણ ત્યાં ગુંજન કરશે. આ બધાય અવાન્તર ફલના સ્વરૂપ છે.

કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા[૧] ॥૧॥
ચેતસ્ તત્પ્રવણં સેવા[૨] તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા[૩] ॥
તતઃ સંસાર-દુખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મ-બોધનમ્[૪] ॥૨॥

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણ સેવા રૂપી કર્તવ્યના ચાર સ્વરૂપ ત્રણ પંક્તિમાં બતાવ્યા છે તે આપણે જોઈએ ‘‘કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા’’ આ તેની ફલાવસ્થાનું લક્ષણ છે.

‘‘ચેતસ્ તત્પ્રવણં સેવા’’ આ સેવાનું સ્વરૂપ લક્ષણ છે. એટલે કે કૃષ્ણ

સેવા હંમેશા કરવી જોઈએ. કૃષ્ણ સેવા કરતા રહેશો તો તમારું મન પણ કૃષ્ણ સેવા કરતું થઈ જશે. હવે તમે સેવા તો કરી રહ્યા છો, પરંતુ મન તમારું કૃષ્ણ સેવામાં લાગતુ નથી. એક વાત ધ્યાનથી સમજો, તનથી તમે કૃષ્ણ સેવા કરી રહ્યા છો, પરંતુ મન તમારું કૃષ્ણ સેવા કરી રહ્યું નથી. તનથી કરાતી કૃષ્ણ સેવા જે દિવસે મનમાં થવા લાગે, સમજો મનથી આપણે કૃષ્ણ સેવા કરી રહ્યા છીએ એ એક અવસ્થા છે. પરંતુ આપણે કહીએ કે ના કહીએ મન કૃષ્ણ સેવા કરવા લાગી જાય, એ બીજી અવસ્થા છે. અર્થાત્ કે જે આપણે મરજીયાત (વોલેન્ટરી) કરી રહ્યા હતા.તે સહજ સ્વાભાવિક રીતે (ઈનવોલેન્ટરી) થવા લાગી જાય. તો તે કૃષ્ણ સેવાની ફલાવસ્થા છે. તે સમયે આપણું ચિત્ત સેવામાં લાગી ગયું છે.

હવે જુઓ ચિત્ત લગાડવાનુ દરેક વ્યક્તિનું પોત પોતાનું સામર્થ્ય હોય છે. કોઈનું એક કલાક લાગશે, તો કોઈનું આઠ કલાક પણ લાગશે. સમય કેટલો લાગે છે તેનો શ્રીમહાપ્રભુજીને વાંધો નથી. ''ચેતસ્ તત્ સદા પ્રવણમ્'' એમ કહી રહ્યા નથી. આની ખૂબસૂરતી પર ધ્યાન આપવાની જરૂર છે. '' કૃષ્ણસેવા સદા કાર્યા'' તે વાત હકીકત છે. પરંતુ ''ચેતસ્ તત્ સદા પ્રવણમ્ સેવા'' એવો અનર્થ શ્રીમહાપ્રભુજીએ નથી કર્યો. ખૂબ જ નિશ્ચિંતતાથી કે નિર્ણય પૂવર્ક (આર્બી ટ્રરીલી) આટલી જ વાત કહી છે '' ચેતસ્ તત્ પ્રવણમ્ સેવા'' ચિત્તનું સેવામાં લાગી જવું તે સેવાનું સ્વરૂપ છે. ચિત્ત તમારું સેવામાં નથી લાગી રહ્યું, તો સેવાનું સ્વરૂપ બન્યુ નથી. કદાચ સાધન થઈ રહ્યું હશે, પરંતુ સ્વરૂપ બન્યું નથી અને ચિત્ત લાગી ગયું અને જો તે હંમેશા લાગી જાય, તો તો માનસી થઈ ગઈ. હંમેશા નથી લાગ્યુ જેટલો સમય લાગ્યું **''એક કાલમ્, દ્વિકાલમ્ વા ત્રિકાલમ્ વા''** જેટલો સમય ચિત્ત લાગ્યુ તો સેવાનું સ્વરૂપ બની ગયું.

જેમ વૃક્ષ છે તે ઘટાદાર બની ગયું. તો સ્વરૂપ તો બની ગયુને ! હવે તમે ઓળખી શકશો કે આ શેનું ઝાડ છે ? આ વૃક્ષ શેનું છે ? આનંદથી ઓળખી શકશો. ફલ તો જ્યારે આવવું હશે ત્યારે આવશે. સ્વરૂપ તમે ઓળખી રહ્યા છો કે નહીં ? એ વાતને ધ્યાનથી સમજી લ્યો.

આમ એક સ્વરૂપ બની જવુ, પરંતુ સ્વરૂપ બની જવું એટલું આવશ્યક

નથી. આનો મોટો અનર્થ કરે છે કે ''ચેતસ્ ત્તત પ્રવણમ્ સેવા'' ચિત્તનું હંમેશા પરોવાઇ રહેવું. આવો કૌભાંડવાળો ઉપદેશ શ્રીમહાપ્રભુજી આપવા ઈચ્છતા નથી. કર્તવ્યનો ઉપદેશ આપવા ઈચ્છે છે. ધ્યાનથી સમજો શ્રીમહાપ્રભુજી કર્તવ્યના ઉપદેશ માટે આ વાત કહેવા ઈચ્છી રહ્યા છે. તત્ત્વના ઉપદેશ માટે આ વાત કહી રહ્યા નથી. તમારે શું કરવાનું છે ? એ વાત કહેવા ઈચ્છે છે. તો શ્રીમહાપ્રભુજી ''ચેતસ્ તત્પ્રવણમ્ સેવા''ની મર્યાદા (રેન્જ) કેટલી રાખવા માંગે છે ? કે તમે પોતાનું ચિત્ત પ્રભુમાં લગાવો. મતલબ તે સહજ રીતે ન લાગતુ હોય તો પ્રયત્ન પૂર્વક લગાડો. હંમેશા ન લાગતુ હોય તો જેટલો સમય લાગે એટલો સમય લગાડો. એક કાલ, દ્વિકાલ અથવા ત્રાણ કાલ લગાડો. ચિત્તને સેવામાં લગાડીને સેવાના સ્વરૂપને ઘડવાનું છે. વાત સમજમાં આવી ને !

તમારું ચિત્ત પ્રયત્ન વિના આપોઆપ હંમેશા સેવામાં લાગી ગયું તો તો માનસી સિદ્ધ થઈ ગઈ. તે તો ફલાવસ્થા થઈ ગઈ. જ્યારે આપણે લગાડી રહ્યા છીએ તો સ્વરૂપ છે અને લાગી ગયુ તો ફલ છે અને તે લગાડવાની જે સાધનાવસ્થા છે ''તત્ સિદ્ધ્યૈ તનુવિત્તજા'' જ્યારે તમે પોતાનું તન, જ્યારે તમે પોતાનું વિત્ત પ્રભુ સેવામાં લગાવશો તો આ તન અને વિત્ત જે છે તે આપણા અહંકાર અને મમકારના એક પ્રકારના દાણા છે.

દાસોઽહમ્ કહીને તમે પોતાની અહંતા-મમતા પ્રભુની સાથે જોડી છે કે નહીં ? ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' કહીને તમે તમારી અહંતા-મમતા શ્રીકૃષ્ણથી જોડી છે. તો તે અહંતા-મમતાના પ્રતિકના રૂપમાં તમારે કાંઈક તો શ્રીકૃષ્ણથી જોડવું પડશે ને ? તમે પોતાની અહંતા-મમતાને માત્ર શબ્દથી જ જોડવા ઈચ્છી રહ્યા છો. ''**હા હા દદ્યાદ્ ,હું હું દદ્યાદ્ , ન દદ્યાદ્ સિંહગર્જના**'' આ એક સંસ્કૃતમાં કહેવત છે. મતલબ જેને કરજ લઈને જીવવાની આદત પડી છે તે શું કરે ? કરજ લેતી વખતે તો લઈ લ્યે છે અને તે માંગવાવાળા આવે તો કહે કે હા હા કાલ આપી દઈશ, કાલે પાછા આવે તો, હા હા બે દિવસમાં જ પૈસા આવે છે આપી દઈશ. અરે અમને એવા સમજી રાખ્યા છે શું ? તમને કરજ આપી દઈશું. શું પૈસાને ખાઈ જાશું ? અરે એક તો કરજ લીધું અને ઉપરથી દાદાગીરી કરે છે.

તો એવી રીતે શ્રીકૃષ્ણની સાથે દાદાગીરી ન કરો. “**હા હા દદ્યાદ્, હું હું દદ્યાદ્, ન દદ્યાદ્ સિંહગર્જના**” ના કરો. જ્યારે તમે શ્રીકૃષ્ણની સાથે પોતાની અહંતા-મમતાને જોડી છે તો સાચેજ કંઇક આપો ખોટી ગર્જના ન કરો. આપણે ગર્જના કરીએ. “**મારૂ મન મોહ્યું રે ગિરિધરલાલને લટકે**” પણ તમારા કાંઇક લટકા છે કે નહીં ? ગિરિધરલાલને જ આ બધું લટકે, તને નહીં ? તમને જે થોડુંક આપ્યું છે. તો તમારી અહંતા-મમતાના પ્રતિકના રૂપમાં, તો કાંઇક શ્રીકૃષ્ણની સાથે જોડો.

આપણી અહંતા-મમતાના પ્રતિકના રૂપમાં આપણે આપણુ તનુવિત્ત જોડીએ છીએ. હમણા તેનો વિસ્તાર કરતો નથી. પરંતુ આ વાત ધ્યાનથી સમજો કે આ જોડવાની જે પ્રક્રિયા છે તે ચિત્તને કૃષ્ણમાં જોડવાની સાધનાવસ્થા છે. જ્યારે આપણી અહંતા-મમતા આપણે કૃષ્ણની સાથે જોડી રહ્યા છીએ, ત્યારે ધીરે ધીરે આપણું ચિત્ત આ સાધનથી કૃષ્ણની સાથે જોડાઇ જશે. એટલે કે જેમ આ પ્રકાશ, આ જલ, આ ખાતરથી વૃક્ષ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી લેશે અને તે સ્વરૂપ પ્રાપ્ત થઇ ગયા પછી ફલાવસ્થા પ્રકટ થશે. તેવી રીતે તનુ-વિત્તના સાધનથી સેવામાં ફલાવસ્થા પ્રકટ થશે.

જે વખતે ફલાવસ્થા પ્રકટ થઇ તો કાંઇક તો અવાન્તર ફલ પણ તેનું હશે? અને તે અવાન્તર ફલ શું છે ? “તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મ બોધનમ્” આ સંસારનું દુઃખ શું છે ? સંસારના દુઃખની સરળ પરિભાષા ધ્યાનથી સમજો. અહંતા અને મમતા છે. જો આપણને કોઇ જાતની અહંતા ન હોય, તો સંસારનું કોઇ દુઃખ થતું નથી. જો આપણને કોઇની સાથે મમતા ન હોય, કોઇ મરે કે જીવે તેમાં આપણું શું જાય ? રસ્તામાં કેટલા એકસીડન્ટ થાય છે? ક્યારેય આપણને રડવું આવે છે ? ગાડી નીચે આવીને મરી જાય તો પણ દુઃખ થતું નથી. કારણ કે આપણી અહંતા-મમતા તેમાં નથી. તે મારો બાપ છે, હું તેનો દીકરો છું, કે એ મારો છે તેવી આપણી અહંતા-મમતા નથી. માણસ રસ્તા પર ચાલતા-ચાલતા ગાડીમાં આવી જાય અને મરી જાય. મુંબઇ શહેરમાં તો ટ્રાફીક જ એવો છે કે માણસ મરી જાય, એવું તત્ત્વજ્ઞાન આપણને પ્રકટ થઇ

જાય.

કોઈ એક્સીડન્ટમાં મરી જાય, તો તત્ત્વજ્ઞાન શું કામ પ્રકટ થઈ જાય ? કારણ કે અહંતા -મમતા નથી. તેથી કોઈ દુઃખ જ થતુ નથી. જો અહંતા-મમતા હોય તો તત્ત્વજ્ઞાન થાય ? તત્ત્વજ્ઞાન બધું ભાડમાં જાય. તરત જ દોડા-દોડી કરીએ. ઠઠ્ઠાઈમાં એક વખત મેં ખૂબ જ રમૂજ વાત બતાવી હતી. એક વખત એક્સીડન્ટ થયું તો ભીડ ખૂબ જ થઈ ગઈ. ત્યાં પત્રકાર (જર્નાલીસ્ટ) આવ્યો. ત્યાં એટલી ભીડ હતી કે પત્રકારને અંદર ધૂસવા દીધો નહીં. પત્રકારે વિચાર્યું કે રિપોર્ટ છાપવા તેમા ધૂસવુ કેવી રીતે ? પત્રકારે કહ્યું, શું થયું ? અકસ્માત થયો છે. પત્રકારે કહ્યું મારા બાપનું એક્સીડન્ટ થયું છે, તો બધી ભીડ ખસી ગઈ. કારણ કે મોટર સાથે ગધેડાનું એક્સીડન્ટ થયું હતું. તો ભીડને ખબર ન પડી કે પત્રકારનો બાપ આ ગધેડા સ્વરૂપે પણ હોઈ શકે ? તે રહસ્યની ખબર ન હતી. આમ અહંતા મમતાનું ચક્કર ખૂબ જ ખરાબ છે.

આ વાતને ધ્યાનથી સમજો સંસારના બધા દુઃખની કોઈ સરળ પરિભાષા છે તો ફક્ત એટલી જ છે કે ક્યાંક આપણી કોઈ અહંતા છે તે આપણને દુઃખ આપી રહી છે. અથવા ક્યાંક આપણી કોઈ મમતા છે તે આપણને દુઃખ આપી રહી છે. જો અહંતા કે મમતા નથી તો પછી દુઃખનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી.

અમારા કિશનગઢના મદનસિંહજી રાજા હતા. એની એક વાત તમને બતાવું તે પોલો રમતા-રમતા પડી ગયા. તે જમાનામાં બેહોશ કરીને ઓપરેશન કરવાની હજુ શરૂઆત જ થઈ હતી. તે વાતની બધાને ખબર નહોતી. રાજાએ પુછ્યું કે શું થઈ રહ્યું છે ? તો તેમને કહેવામાં આવ્યું કે તમને બેહોશ કરી, તમારો પગ કાપી હાડકાને ફરીથી ઠીક બેસાડી દેવામાં આવશે. ધ્યાનથી સમજો તેની અહંતા એટલી પ્રબલ હતી કે તેમાણે કહ્યું કે હું ક્ષત્રિય છું હું કોઈ વાણિયો નથી, કે મને બેહોશ કરીને મારો પગ કાપવો પડે. તે વખતે તે હાથમાં કોઈ પુસ્તક લઈને બેસી ગયા અને તેમાણે પોતાનો પગ કપાવ્યો. હવે જુઓ આ વાત ક્યારે સંભવ બને કે ક્ષત્રિયત્વના અહંકારે તેને પગમાં એટલું નિર્મમ હોવાનું સામર્થ્ય આપ્યું કે

પગની મમતા તોડીને કહ્યું કે ભાઈ હું ક્ષત્રિય છું. મારો પગ કાપી શકાય તો શું દર્દ થયુ નહીં હોય ? શું દુખ્યુ નહીં હોય ? જરૂર દુઃખ તો થયું હશે.

મેં જ્યારે કાકડા (ટોન્સિલ)નું ઓપરેશન કરાવ્યું ત્યારે મારી સાથે પણ તે લફડો થયો હતો. ડોકટરે પુછ્યું આવી ગયા તો મેં કહ્યુ હા, તો સૂઈ જાવ. હું હિંમતથી સૂઈ ગયો. પછી શું થયું ? તેણે ઈન્જેકશન પર ઈન્જેકશન મારી દીધુ. પરંતુ દુઃખ્યુ નહીં. ઘણી વાર સુધી મોંમા હાથ ફરતો રહ્યો. ઘરરર અવાજ આવે. ચિત્તમાં ગભરામણ થવા લાગી કે આ શું થઈ ગયું ? ઓપરેશન પહેલા ગભરામણ નહોતી થઈ. ઓપરેશન કરતી વખતે પણ ગભરામણ લાગતી નહોતી. ઓપરેશન થઈ ગયા પછી ચિત્તમાં ખૂબ જ ગભરામણ થઈ ગઈ કે શું થયું ? ઘણા સમય બાદ દુઃખવાનું શરૂ થયું. કારણ કે આપણા ગળામાં એટલી વાર સુધી કોઈ હાથ નાખે, ઘણી વાર સુધી અવાજ આવે તે મમતાના કારણે સ્વીકાર્ય (એકસેપ્ટ) થાય નહીં. મારા બનેવીને પણ હાડકું વધી ગયુ હતું. તેથી તેને ઓપરેશન આવ્યું તે રડતા હતા. હું હોસ્પીટલમાં તેને સમજાવવા ગયો કે ભાઈ રોવો છો શું ? હાડકાનું ઓપરેશન થાય તો દુખાવો તો થાય. બીજાનું આોપરેશન થાય ત્યારે આપણને તત્ત્વજ્ઞાન થાય. પરંતુ પોતાનું ઓપરેશન થાય તો માણસ નર્વશ થઈ જાય. શું કામ ? કારણ કે આપણા કાકડાને આપણે આપણા માન્યા છે. આપણા ગળાને આપણું માન્યુ છે. મારા જીજાજીના નાકનું હાડકું વધ્યુ તેને મેં મારું નથી માન્યું. આમ તત્ત્વજ્ઞાન પ્રકટ થઈ જાય.

અહંતા મમતાના કારણે આ બધી તકલીફ છે. જે બધું તત્ત્વ છે તે ભૂલાઈ જાય. અહંતા-મમતા દૂર થતી ન હોવાથી બધું તત્ત્વજ્ઞાન જે સંગ્રહિત છે તે બધામાં સહજ-સ્વાભાવિક રીતે રહેલુ હોય છે. અહંતા-મમતા આડી આવે છે તેથી બધું તત્ત્વજ્ઞાન ભાગી જાય. રફુચક્કર થઈ જાય છે. પરંતુ જ્યારે આપણી અહંતા-મમતા નથી હોતી. ત્યારે બીજાના ઓપરેશન વખતે તત્ત્વજ્ઞાન યાદ આવે કે ભાઈ ઓપરેશન થાય તો દુઃખે તો ખરૂ ને ? પરંતુ આ જ જ્ઞાન પોતાના ઓપરેશન વખતે યાદ આવે ? ઘણુ જ મુશ્કેલ છે.

“તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિર્” તેથી તનુવિત્તજા સાધન રૂપ સેવાથી

સંસારના દુઃખની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મનો બોધ થાય છે. કેમ કે તમારી અહંતા-મમતા તમે પ્રભુની સાથે જોડી દીધી છે. હવે જે પ્રમાણમાં તે અહંતા-મમતા પ્રભુની સાથે જોડવી શરૂ કરી દીધી તે પ્રમાણમાં સંસાર દૂર થવા લાગશે. જે પ્રમાણમાં તે દૂર થવી શરૂ થઈ તે પ્રમાણમાં તમારા સાંસારિક દુઃખો ઓછા થઈ જશે અને જ્યારે સંસારી દુઃખ જે પ્રમાણમાં ઓછા થવા લાગ્યા તે પ્રમાણમાં તમારામાં બ્રહ્મબોધ ઉભરવા લાગશે. ધ્યાનમાં આવીને વાત.

જેમ મને બ્રહ્મબોધ ઉભરી આવ્યો, મને કેવો બ્રહ્મબોધ ઉભરી આવ્યો ? મારા બનેવીનું હાડકું કાપ્યુ તો આમાં રોવાની શું વાત છે ? ઓપરેશનમાં તો દુઃખે જ ને. આવો બ્રહ્મબોધ આપણું હાડકું કપાય ત્યારે કેમ ઉભરતો નથી ? કેમ યાદ આવતુ નથી ? કારણ કે ત્યાં આપણી અહંતા-મમતા આડી આવે છે, તે અહંતા-મમતા આડી આવતી બંધ થઈ જાય તો રહી ગયેલો બ્રહ્મબોધ ધીમે ધીમે ઉભરવા લાગશે.

“તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મ બોધનમ્” તેથી તનુ-વિત્તજા સાધનરૂપ સેવાથી સંસાર દુઃખની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મબોધ થાય છે. આ પૂરું કર્તવ્યરૂપ સેવાનું સ્વરૂપ છે માળખુ છે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જો આ સ્વરૂપથી, આ માળખાથી કર્તવ્ય રૂપ સેવા કરશો તે વાતને “કૃષ્ણસેવા સદા કાર્યા”થી કહે છે. આ સેવા “સદા કાર્યા” ક્યારે છે ? તો જણાવે છે કે જો તમારામાં દાસોઽહંનું અભિમાન છે કે નહીં ? દાસોઽહંનો અધિકાર તમને મળ્યો છે કે નહીં ? જો તમને દાસોઽહંનુ અભિમાન અને અધિકાર મળેલ છે તો દાસ હોવું એ તમારું કર્તવ્ય પ્રાપ્ત થશે. અર્થાત્ ચિત્તનું દાસપણુ એ તમારું કર્તવ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. આ વાત તમને સમજમાં આવી ?

હવે ધ્યાનથી જુઓ કે આ સિદ્ધાન્તમુક્તાવલીમાં સેવાને કર્તવ્ય રૂપથી બતાવવામાં આવી છે. કોઈ અભિમાનની જેમ પંચમ પુરુષાર્થના રૂપમાં, પુરુષાર્થને અનુરૂપ સેવાને બતાવવી હોય તો સેવા ક્યારેય એવો સંબંધ હોઈ શકે નહીં એટલે કે સેવા એ પંચમ પુરુષાર્થ નથી. સેવા એ કર્તવ્યનું સ્વરૂપ છે, પુરુષાર્થનું નહીં. ધ્યાનથી સમજો કે જેમ મનુષ્ય હોવું એ એક એવો ગુણધર્મ છે કે

તમે કોઈના સંબંધમાં મનુષ્ય નથી. તમે મનુષ્ય છો તો તમે મનુષ્ય એ માટે છો કે કોઈ રમેશ, કોઈ સુરેશ, કોઈ દિનેશ, કોઈ ગણેશ છે તો કોઈકના સંબંધમાં સુરેશ, રમેશ, દિનેશ, ગણેશ નથી. પોતાના રૂપમાં જે છે તે છે. પરંતુ તમે કોઈના કાકા છો તો તમે કોઈ ભત્રીજાના સંબંધમાં કાકા છો. જો બાપ છો તો કોઈ બેટાના સંબંધમાં બાપ છો.

આમ સેવારૂપી જે કર્તવ્ય છે તે કર્તવ્ય એક પ્રકારનો સંબંધ છે, તે સંબંધ, તે મુદ્દો (પોઈન્ટ) તમે જ્યાં સુધી સ્પષ્ટ નહીં કરો કે સેવ્ય કોણ ? સેવક કોણ ? ત્યાં સુધી સેવાની સ્પષ્ટતા કેવી રીતે થશે ? તો પહેલા સંબંધ શું ? એ બધા જ પાસાઓથી શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. હવે સેવ્ય કોણ ? એ બતાવી રહ્યા છે. સેવ્ય બતાવ્યા બાદ સેવક કોણ ? એ બતાવશે અને સેવક બતાવ્યા બાદ બદમાશ (ગીલીન્ડર) કોણ ? એ પણ શ્રીમહાપ્રભુજી બતાવશે. વાત સમજમાં આવીને? આ રીતે બધા જ પાસોઓથી સંપૂર્ણ વિવેચન છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં કોઈ એકાંગી વિવેચન નથી. બધી વાતનું સમ્યક્ રીતે વિવેચન કર્યું છે. તેની અંતર્ગત સેવા શું એ ચારે પાસાઓથી આપણે જોઈ લીધુ. ત્યાર પછી સેવ્ય શું ? એ શ્રીમહાપ્રભુજીએ આગળના ત્રણથી લઈને સાડા અગિયાર શ્લોક સુધી સેવ્યના સ્વરૂપને સમજાવ્યું છે.

આ ત્રીજા શ્લોકથી લઈને સાડા અગિયાર શ્લોક સુધી એટલે કે ‘‘અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્’’ સુધી સેવ્ય શું એ સમજાવવામાં આવ્યું છે. ત્યાર પછી સેવક શું એ સમજાવશે. તેની અંતર્ગત સેવકોમાં બદમાશ (ગીલીન્ડર) સેવક કોણ છે તે પણ સમજાવશે. તો આ સિદ્ધાન્તમુક્તાવલીનો સારાંશ છે. તેમાં આપણે સૌથી પહેલા સેવ્ય શું એ જોઈએ તો **(પુષ્ટિમાર્ગીયસેવાયાં સેવ્યસ્ય બ્રહ્મણઃ પરાક્ષર[ક-ખ] રૂપદ્વૈવિધ્યમ્)**- પુષ્ટિમાર્ગીય સેવામાં સેવ્ય જે બ્રહ્મ છે તેના બે રૂપ છે. જેમ સેવાના આપણે ચાર રૂપ જોયા છે, ચાર લક્ષણ જોયા. અર્થાત્ ફલાવસ્થા લક્ષણ, સ્વરૂપ લક્ષણ, સાધનાવસ્થા લક્ષણ અને અવાન્તર ફલ લક્ષણ. તેમ સેવ્યના સૌથી પહેલા બે રૂપ શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે.

પરં બ્રહ્મતુ કૃષ્ણો[ક] હિ સચ્ચિદાનન્દકં બૃહત્[ખ] ॥
દ્વિરૂપં તદ્ધિ[ખ] સર્વં સ્યાદ્[ખ/૧] એકં તસ્માદ્ વિલક્ષણમ્[ખ/૨] ॥૩॥

તે પર અને અક્ષરને જેમ કે પર અને અક્ષરને ક્રમમાં મેં ‘‘ક’’અને ‘‘ખ’’ આપ્યો છે. તો જ્યાં ‘‘ક’’ છે ત્યાં ‘‘પર’’ છે અને જ્યાં ‘‘ખ’’ છે ત્યાં ‘‘અક્ષર’’ છે. એ રીતે જોશોને તો સમજાશે. ‘‘પરં બ્રહ્મ તું કૃષ્ણો હિ’’ એ આપણો કૃષ્ણ. કૃષ્ણ કેવો કૃષ્ણ ? પરબ્રહ્મ રૂપ કૃષ્ણ. પરબ્રહ્મ કેવા ? કૃષ્ણરૂપ પરબ્રહ્મ. આમ રોટલીને અવળી-સવળી બન્ને બાજુ શેકવાની છે. એકબાજુ શેકશો તો કાચી રહી જશે.

એટલે કૃષ્ણ, કેવા કૃષ્ણ ? પરબ્રહ્મ રૂપ કૃષ્ણ. પરબ્રહ્મ, કેવા પરબ્રહ્મ ? કૃષ્ણરૂપ પરબ્રહ્મ. આવી રીતે બન્ને તરફ શેકો (જોશો) તો તમને સેવ્યનું રૂપ સ્પષ્ટ થશે. એક બાજુ શેકશો તો એક બાજુ બળી જશે, બીજી બાજુ કાચી રહી જાશે. બન્ને બાજુ ફટાફટ શેકતા રહેશો ને ! તો બરાબર શેકાઈને સ્વાદિષ્ટ બનશે. ‘‘સચ્ચિદાનન્દકં બૃહત્’’ અને બૃહત એટલે કે ‘‘અક્ષર’’ જે છે તે સચ્ચિદાન્દ છે. સચ્ચિદાનન્દ કહીને તેનું અક્ષર રૂપ બતાવ્યું અને હવે જુઓ ધ્યાનથી તમને સમજમાં આવશે.

‘‘દ્વિરૂપં તદ્ધિ’’ તે દ્વિરૂપ છે. હવે તે દ્વિરૂપ અર્થાત્ કોણ ? તેને મેં ‘‘ખ’’ લગાવ્યો છે. ‘‘ખ’’ લગાવી દીધો તેથી બિલકૂલ સાફ તમને સમજમાં આવી જવું જોઈએ કે ‘‘પર’’નું દ્વિરૂપ અહીંયા નથી બતાવી રહ્યા. ‘‘અક્ષર’’ની દ્વિરૂપતાને હવે સમજાવી રહ્યા છે કે તે ‘‘અક્ષર’’ દ્વિરૂપ છે. એક રૂપ તેનું કેવું ? ‘‘સર્વમ્ સ્યાદ્’’ એકરૂપ. બીજું રૂપ તેનું કેવું ? ‘‘તસ્માત્ વિલક્ષણમ્’’ એ તેનું બીજું રૂપ. આ પંક્તિ ટીકા વગર જોવાની એક રીત કેવી હોય? જેનાથી આપણને સારાંશ સ્પષ્ટ થાય. એ સમજવાની અહીં કોશિશ કરો તે ખૂબ જ જરૂરી છે. આનું વિવેચન મેં કાલે પણ તમને બતાવી દીધુ છે. જો જગત બ્રહ્મરૂપ નથી, તો બ્રહ્મ તમને પ્રાપ્ત જ નહીં રહી જાય. કારણ કે પરબ્રહ્મ કૃષ્ણ તમે સેવ્ય તરીકે જગતમાં લાવશો ક્યાંથી ?

જો તમને ભૂલેચૂકે ચેતવણી આપી દીધી કે બ્રહ્મસંબંધ આપતા જ, જેવી રીતે ગિરધરજીની સાથે થતું હતું કે બ્રહ્મસંબંધ આપતા તો તરત જ નિત્યલીલામાં પહોંચી જતા. તો આજે એમ કહી દે કોઈ મહારાજ કે બ્રહ્મસંબંધ આપવા તો તૈયાર છીએ, પણ લેતા જ... પછી જુઓ કેટલા બ્રહ્મસંબંધ લેવા આવે ? બધા કહેશે નિત્યલીલા નથી જોઈતી, અમારે અનિત્ય લીલા જ સારી. નથી જોઈતી નિત્યલીલા, અહીંયા અનિત્ય લીલામાં જ રહેશું. વીસ, પચ્ચીસ, પચ્ચાસ જેટલા વર્ષ કાઢવા હશે તે અહીંયા કાઢવા છે. નિત્યલીલામાં નથી જવું. ભાઈસાબ કેમ બ્રહ્મસંબંધ આપો છો ? આ તો કોઈ નિત્યલીલામાં જતું નથી, તેથી બધા બ્રહ્મસંબંધ લઈ લ્યે છે. ગિરધરજીનું સામર્થ્ય પ્રગટ થઈ જાય, તો ખબર પડે કે કેટલા માણસો બ્રહ્મસંબંધ લેવા તૈયાર છે ? અમારામાં એ સામર્થ્ય નથી કે બ્રહ્મસંબંધ આપતા જ નિત્યલીલામાં પહોંચાડી શકીએ. એકાદ બાલક પહોંચાડે તેવી પાંચ-દસ પ્રસિદ્ધિ થઈ જાય, છાપામાં જાહેરાત આવી જાય કે પેલા બાલકથી બ્રહ્મસંબંધ લીધું ને નિત્યલીલામાં પ્રવેશ ! પછી જુઓ શેરીમાં નહીં આવે કોઈ. એ ગલીમાં જતા નહીં, બ્રહ્મસંબંધ આપી દેશે તો પંચાત ઉભી થશે. કોઈને નિત્યલીલા જોઈતી નથી. બધાને અનિત્યલીલા જ જોઈએ છે. અહીં નિત્યલીલા કોને જોઈએ ?

એક વાત ધ્યાનથી સમજો, બધાને અનિત્યલીલા જોઈએ છે. તો આ અનિત્યલીલામાં પરબ્રહ્મ લાવવા ક્યાંથી ? જો આ આખુ જગત બ્રહ્માત્મક નથી તો આ અનિત્યલીલામાં પરબ્રહ્મ કૃષ્ણને ક્યાંથી લાવવા ? પાયાની મુશ્કેલી સમજો. જે બધે રહેલી આ સમસ્યા છે, તે વાતને સમજો કે આપણે કહીએ છીએ કે **''નિર્ગુણનો નિર્દેશ અટપટો રસના શી પેરે કહીએ રૂપ વર્ણ વપુ દષ્ટ પદારથ ત્યાં એકો નવ લહીએ, તે થકી પુરુષોત્તમ અળગા લીલા અચલ વિહારી''** જો તે થકી પુરુષોત્તમ અળગા તો એ પુરુષોત્તમને અહીંયા ક્યાંથી લાવવા ? એ આવશે તો તમને નિત્યલીલામાં બોલાવી લેશે, તે પછી તો સેવા કરવી કોઈને ગમશે જ નહીં.

એટલે અહીંયા આ જે જગત છે અનિત્ય જગત, તેમાં નિત્યલીલા

વિહારી પુરુષોત્તમને આપાણે ક્યાંથી મેળવવા ? તે મેળવવાની દષ્ટિ શ્રીમહાપ્રભુજી આમાં સમજાવી રહ્યા છે કે ''દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્'' જે કાંઇ છે જગતના નામ, રૂપ, કર્મની સાથે દેખાતુ તે અક્ષરબ્રહ્મ જ છે. તો તે અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મનું ધામ છે. જો એકવાર તમારી આ વાત પર દષ્ટિ ગઇ કે આ અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મનું ધામ છે. તેમાં જ આ પુરુષોત્તમ બિરાજી રહ્યા છે. જે વખતે તમારામાં આ જગતને અક્ષરબ્રહ્મના રૂપમાં સ્વિકારવાની ભાવના (માદ્દા) જાગી. જગતના જે નામ, રૂપ, કર્મ છે તેને અક્ષરબ્રહ્મના રૂપમાં સ્વીકારવાની તમારી અંદર ભાવના જાગી તો તમને આપમેળે જ આ વાત સમજમાં આવી જશે કે આમાં પુરુષોત્તમ તો રહી જ રહ્યો છે. કેમ કે અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમનું ધામ છે. જગત જે અક્ષરાત્મક છે, કારણ કે જગત્‌ના નામ, રૂપ, કર્મથી જો અક્ષરબ્રહ્મ પ્રકટ થયેલ છે તો જગતના નામ, રૂપ, કર્મ છે.

જેમ કે નામ એટલે ઘડો નામ. રૂપ એટલે તે ઘડો. તે ઘડાનું કર્મ એટલે કે તેમાં પાણી ભરી શકાય. ગાય એટલે એક શીંગડાવાળી, પૂંછડાવાળી ગાય, તે એક નામ તેનું. તેનું જો કર્મ પૂછીએ તો તે નામ, રૂપ, કર્મ જે પણ પૂછીએ તે રૂપમાં અક્ષરબ્રહ્મ પ્રકટ થયેલ છે. આ વાત તમને સમજમાં આવશે. તે ગાય ભલે જીવે કે મરે, તમારા ઘરમાં ઘડો ભલે તૂટે કે અતૂટ રહે, પરંતુ આ ઘડામાં કોઇ એક અક્ષરાત્મક પાસુ પણ છે, એ તમને સમજમાં આવશે.

તે નામ-રૂપના અંતર્ગત એક અક્ષરાત્મક પાસુ છે. તે કેવું ? કે જેમ હિરો-હિરોઇનના મરવાથી અભિનેતા (એકટર) કે અભિનેત્રી (એકટર્સ) નથી મરી જતા. હિરો મરી જાય છે, હિરોઇન મરી જાય છે. ખલનાયક (વીલન) મરી જાય છે. પણ ત્યાં જે અભિનેતા કે અભિનેત્રી છે તે મરતા નથી. જેવી રીતે રામલીલામાં રાવણ મરી ગયો પણ તે જે ત્રિવેદી છે તે તો જીવતો છે ને ? રાવણ મરી ગયો, તે ત્રિવેદી થોડો મરી ગયો ? તો જેમ તે વિલનના મરી જવાથી અભિનેતા નથી મરી જતો. આ નામ રૂપ કર્મના જે પાત્ર છે તે નિભાવવાવાળા અભિનેતા જો જીવતા છે, તેમ અક્ષરબ્રહ્મને જોવાની તમને આ દષ્ટિ આવશે કે કૃષ્ણ હવે તમને દુલર્ભ કેમ નથી ?

કૃષ્ણનું ધામ ક્યા છે ? અક્ષરબ્રહ્મ જે છે તે કૃષ્ણનું ધામ છે. કૃષ્ણ ક્યા રહે છે ? અક્ષરમાં રહે છે. અક્ષરમાં કૃષ્ણ રહે છે અને જગતના નામ-રૂપ-કર્મ જો અક્ષરાત્મક છે તો કૃષ્ણ ત્યાં રહી જ રહ્યો છે. કૃષ્ણ ક્યારેય તમને અપ્રાપ્ય (નોન અવેલેબલ) નથી. એ વાતને ધ્યાનથી સમજો. કૃષ્ણ તમારી સામે ક્યારેય અવિદ્યમાન (અપ્રકટ) રહી શકતો નથી. કારણ કે કૃષ્ણનું ધામ અક્ષર છે અને અક્ષરાત્મક આ જગત છે.

''દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્'' અને તમે એમ માની લેતા નહીં કે તમારે ત્યાં જે નામ-રૂપ-કર્મ પ્રગટ થયા છે એટલો જ અક્ષર છે. અક્ષર એટલો જ નથી, કારણ કે અક્ષર જે છે તે નામ રૂપાત્મક પ્રકટ થયેલ છે. નામ-રૂપ અક્ષરાત્મક પ્રકટ નથી થયેલ, તેથી અક્ષરનું જે વર્તુળ છે તે ખૂબ જ મોટું છે. નામ-રૂપ તેની અંદર છે અને તે અક્ષરમાં પરબ્રહ્મ રહી રહ્યા છે. અક્ષર ખૂબ જ મોટું છે, એટલુ મોટું કે જેમા નામ-રૂપ એટલા પ્રકટ થયા અને તેમાં પુરુષોત્તમ પણ રહી રહ્યા છે. તો જ્યારે જે નામ રૂપ અક્ષરમાં છે. આટલા મોટા અક્ષરમાં- તેમાં પુરુષોત્તમ રહી રહ્યા છે તો નામ-રૂપ જે છે તે અક્ષરાત્મક છે, અક્ષર નામ રૂપાત્મક નથી.

કારણ કે આ વિસ્તાર (એરીયા)માં અક્ષર નામ-રૂપાત્મક છે, આ વિસ્તારમાં જે નામ-રૂપ નથી તેવો પણ અક્ષર છે. અક્ષર તો એ છે. તો અહીં નિત્યલીલાત્મક અક્ષર છે આવ્યું સમજમાં ? અહીં નિત્યલીલાત્મક અક્ષર અને અનિત્ય લીલાત્મક અક્ષર છે. તો અક્ષરમાં આ બન્ને વસ્તુ હાજર છે, કૃષ્ણ પણ અને નામ-રૂપ-કર્મ પણ. તો કોઈપણ નામ રૂપને જે સમયે તમે અક્ષરના રૂપમાં ઓળખવાનું શરૂ કરશો તો કૃષ્ણ તમને વિદ્યમાન પ્રાપ્ત થઈ જશે. જ્યારે નામ-રૂપ-કર્મને તમે અક્ષરની દૃષ્ટિએ નહીં અનિત્ય વસ્તુ તરીકે ઓળખવાનું શરૂ કર્યું.

અર્થાત્ હિરોના મરવાથી, હિરોઈનના મરવાથી તમે જે વખતે અભિનેતા કે અભિનેત્રીના મરવાની બુદ્ધિ પ્રકટ કરી ત્યારે લફડો થશે. પરંતુ અભિનેતા કે અભિનેત્રી હિરોના પ્રકટ થવાથી કે હિરોના મરવાથી મરી જતા નથી. આ નામ-રૂપ-કર્મ જે બધું છે તે હિરો-હિરોઈન જેવા છે, અક્ષર જે છે તે મુખ્ય અભિનેતા છે અને કૃષ્ણ છે તે સમજી લ્યોને કે તેનો દિગ્દર્શક (ડાયરેક્ટર)

છે. તે અભિનેતાની સાથે હાજર છે. માર્ગદર્શન (ડાયરેકસન) કરવા માટે તે દરેક સમયે અભિનેતાની અંદર હાજર છે. જો તમને અભિનેતા મળી ગયો તો તમારે ગભરાવાની જરૂર નથી, કે ડાયરેક્ટર (દિગ્દર્શક) ક્યા છે ? કારણ કે ડાયરેક્ટર ન હોત તો અભિનેતા આવત ક્યાંથી ? ડાયરેક્ટર વગર તો અભિનેતા આવી શકે નહીંને ?

તો એ પરબ્રહ્મ દિગ્દર્શક છે, અક્ષરબ્રહ્મ મુખ્ય અભિનેતા છે. અને જે કાંઇ નામ-રૂપ-કર્મ આપણને દેખાઇ રહ્યા છે, રમેશભાઇ કે ચીમન ભાઇ કે શ્યામભાઇ કે વગેરે વગેરે... આ બધા જે છે તે બીજા બધા પાત્રો જ છે તે પુરુષ હોવાનો દાવો કરતા હોય, ચેતન હોવાનો દાવો કરતા હોય, જડ હોવાનો દાવો કરતા હોય કે પુરુષોત્તમ હોવાનો દાવો કરતા હોય બધા પાત્રો છે. અથવા આ જે હિરો-હિરોઇન છે તે અભિનેતા નથી, અભિનેતા જે છે તે તો અક્ષર છે અને ડાયરેક્ટર તેનો ‘‘પરં બ્રહ્મતુ કૃષ્ણો હિ’’ તે છે આ સંદર્ભ (સેટપ)માં સમજશો તો તમને સમજમાં આવી જશે.

જ્યારે આપણે આ વાત સમજી કે ‘‘દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્ એકં તસ્માદ્ વિલક્ષણમ્’’ એક તેનાથી વિશેષતઃ રૂપ પણ અક્ષર બ્રહ્મનું છે. તો તેમને હવે કોઇ વસ્તુ અપ્રાપ્ય નથી રહેતી. સેવા કરવામાં કોઇ જાતની સેવ્યના અપ્રાપ્તિનો ભાર અર્થાત્ સંશય કે અનિશ્ચય તમને ખટકશે નહીં. હૃદયથી જો આ રહસ્યને તમે સમજી ગયા કે અમે સેવા તો કરી રહ્યા છીએ પણ કૃષ્ણ ક્યા છે ? કૃષ્ણ કયા છે ? તે વાત ખટકશે નહીં.

જેવી રીતે ક્રાઇસ્ટને પુછ્યુ હતુ ને કે ભાઇ તમે ભગવાનના રાજ્યની વાત કરો છો, ભગવાન છે ક્યા ? ભગવાનનું રાજ્ય છે ક્યા ? ક્રાઇસ્ટે કેટલો સુંદર સ્પષ્ટ (બ્લન્ટ) જવાબ તે સમયે આપી દીધો કે (ધ કિંગડમ ઓફ ગોડ ઇઝ વિધીન યુ અમંગ યુ.) ભગવાનનું રાજ્ય તમારી અંદર અથવા તમારી વચ્ચે છે. તો આ વાત ધ્યાનથી સમજો કે આ ભગવાનની જે લીલા છે તે આપણી અંદર બહાર ચારે બાજુ છે. કોના કારણે છે ? કેમ કે જ્યાં અક્ષર છે ત્યાં આપણો બધો નામ રૂપનો ખેલ (લીલા) ચાલી રહ્યો છે, એ જ અક્ષરમાં કૃષ્ણ પરબ્રહ્મ રૂપે

બિરાજમાન છે.

તો નામ રૂપનો ખેલ (લીલા) જ્યાં ચાલી રહ્યો છે તે અક્ષરાત્મક છે તો તે અક્ષરમાં બિરાજમાન પુરુષોત્તમ ક્યારેય કોઈને અપ્રાપ્ય રહેતો નથી. જો તમે અપ્રાપ્ય માની રહ્યા છો તો તે તમારી બુદ્ધિની કોઈ ક્ષુદ્રતા છે. જેના કારણે તમે તેને અપ્રાપ્ય માની રહ્યા છો. આ વાત શ્રીમહાપ્રભુજીએ હવે ‘‘દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્ એકં તસ્માદ્ વિલક્ષણમ્’’ કહીને તે અક્ષર આ રીતે છે તે સમજાવ્યું. ખરેખર તો ત્રાણ રૂપ બતાવ્યા પરંતુ આમ જુઓ તો બે રૂપ બતાવ્યા ‘‘પર અને અક્ષર’’ અક્ષરના બે રૂપ, એક સર્વાત્મક અને એક સર્વાતિત.

પ્રશ્ન :- બ્રહ્મ અને પરબ્રહ્મમાં શું તફાવત (ડિફરન્સ) છે ?

જવાબ :- બ્રહ્મ અને પરબ્રહ્મમાં એ તફાવત છે કે જે પ્રધાન (મીનીસ્ટર) અને વડાપ્રધાન (પ્રાઈમ મીનીસ્ટર) અથવા પ્રધાન (મીનીસ્ટર) અને મુખ્ય પ્રધાન (ચીફ મીનીસ્ટર)માં તફાવત છે. વડાપ્રધાન પણ પ્રધાન તો છે ને ! અને જે વડાપ્રધાન નથી તે પણ પ્રધાન છે, પણ તે પ્રધાનોમાં પણ જે પ્રધાન મંડળ (કેબીનેટ) છે, તેમાં બેસવાવાળા એક વડાપ્રધાન (પ્રાઈમ મીનીસ્ટર) છે. તો જો તેની કંઈક વિશેષતા અલગ બતાવવી હોય તો તેની સાથે પ્રાઈમ (વડા) વિશેષણ આપણે જોડવું પડશે.

આવી જ રીતે કૃષ્ણ પણ બ્રહ્મ છે, અક્ષર પણ બ્રહ્મ છે, બન્ને બ્રહ્મ છે અને આપણે પણ બ્રહ્મ છીએ. આ ટેબલ પણ બ્રહ્મ છે. **‘‘સર્વં ખલુ ઈદં બ્રહ્મ’’** પણ તેમા કૃષ્ણને વિશેષતાથી કાંઈક અલગ બતાવવા છે. તો ‘‘પર’’ વિશેષણ આપણે જોડી દઈએ, તો તે વિશેષતાથી અલગ તરી આવશે. જેમ ડાયરેક્ટર અને મેનેજીંગ ડાયરેક્ટર (મુખ્ય માર્ગદર્શક) તો મેનેજીંગ ડાયરેક્ટર, ડાયરેક્ટર છે કે નહીં ? ડાયરેક્ટર તો છે જ. પણ ડાયરેક્ટરનું જે મંડળ (બોર્ડ) બેઠું છે તેમાં જો કોઈ વિશેષતા આપણે અલગ બતાવવી છે, એક મેનેજીંગ વિશેષણ તેમાં વધારે જોડી દઈએ, વાત અલગ થઈ જાશે, તો અલગ તરી આવશે. ભાઈ આ ડાયરેક્ટર છે અને આ મેનેજીંગ ડાયરેક્ટર છે.આ બધા પ્રધાન (મીનીસ્ટર) છે અને આ વડા પ્રધાન (પ્રાઈમ મીનીસ્ટર) છે.

આવી રીતે બધું જ બ્રહ્મ છે ‘‘સર્વં ખલુ ઈદં બ્રહ્મ’’ આ પુસ્તક, આ માઈક, આ ટેબલ, આ ખુરશી, આ ચંપલ, બધું જ બ્રહ્મ છે. પરંતુ બધું જ પરબ્રહ્મ કહેવાતુ નથી. આ બ્રહ્મ કહી શકાય અને કૃષ્ણને જો અલગથી તારવીને કહેવુ હોય તો તેની સાથે ‘પર’ વિશેષણ લગાવી દઈએ કે ભાઈ ‘‘પરં બ્રહ્મ તુ કૃષ્ણ’’ છે તો વાત બની ગઈને ! તો તે ડાયરેક્ટરના મંડળમાં આપણને એક મેનેજીંગ ડાયરેક્ટર મળી ગયો. મીનીસ્ટરના મંડળમાં તમને એક પ્રાઈમ મીનીસ્ટર મળી ગયો. આવ્યુને સમજમાં ! આવી રીતથી બાકી બીજો કાંઈ ફરક નથી.

પ્રશ્ન :-

‘‘સર્વં સ્યાદ્’’ જે અક્ષર નામ-રૂપ-કર્મ જે બની રહ્યો છે તે અક્ષર, અને જે અક્ષર નામ-રૂપ નથી બન્યો, નિત્ય લીલાત્મક છે તે અક્ષર. નામ-રૂપ-કર્મ જે છે ને તે અનિત્યલીલા છે. સ્ટેજ(મંચ)વાળી સમજમાં આવ્યું ? સ્ટેજ ઉપર જે કોઈ આવી રહ્યુ છે તે અભિનેતા નથી આવી રહ્યો. એક વાત ધ્યાનથી સમજો, સ્ટેજ પર અભિનેતા આવે તો નાટકનું સત્યાનાશ થઈ જાય. સ્ટેજ પર કોણ આવે ? હિરો આવે, સ્ટેજ પર વિલન આવે, સ્ટેજ પર હિરોઈન આવે, અભિનેતા કે અભિનેત્રી નથી આવતા. અભિનેતા કે અભિનેત્રી સમજો કે આવી ગયા તો સમજો શિવાજીનું કોઈ રૂપ લીધું અને આમ માથામાં જું ખંજવાળતો શિવાજી કોઈ દિવસ સ્ટેજ પર આવી જાય તો નાટક ચાલશે. શિવાજીનું ? નાટકનું સત્યાનાશ થઈ જાયને ? એ રીતથી.

તો જે ‘‘સર્વં સ્યાદ્’’ છે તે હિરો-હિરોઈન છે. પાત્રો (કેરેક્ટર્સ) છે અને ‘‘એકં તસ્માદ્ વિલક્ષણમ્’’ તે અભિનેતા છે જે અક્ષર છે. આવ્યુ ને સમજમાં ? એટલા માટે ‘‘ખ^{૧}’’ અને ‘‘ખ^{૨}’’ આપ્યા છે. હવે તો સમજાઈ ગયુ ને ? હવે આ જે વાત છે તેને શ્રીમહાપ્રભુજી નિર્વિવાદ (વિવાદ રહિત) બનાવવા ઈચ્છે છે કેમ ? કારણ કે આ આપણી સમજ છે. આ બધાની સમજ તો નથી. હવે બધાની સમજ આવી નથી તેથી આપણી સમજ બીજાની સમજ સાથે ટકરાશે અને આજની તારીખમાં પણ આપણી સમજ વૈષ્ણવોની સમજ સાથે

ટકરાઇ રહી છે. વૈષ્ણવોની સમજ મહારાજની સમજ સાથે ટકરાઇ રહી છે. મહારાજ અને વૈષ્ણવોની સમજ શ્રીમહાપ્રભુજીની સમજ સાથે ટકરાઇ રહી છે.

કારણ કે આપણને શ્રીમહાપ્રભુજી આ બધી વાતો કેવી રીતે સમજાવી રહ્યા છે ? તે સમજવા આપણે ઈચ્છતા નથી. ઘણાં બધા વૈષ્ણવો એમ કહે છે કે ભગવાન તો બધે ઠેકાણે છે, એમાં તમે જ એવો આગ્રહ કેમ રાખો છો ? કે તમારા જ શ્રીઠાકોરજી. એક વાત ધ્યાનથી સમજો, કે ભગવાન બધે ઠેકાણે છે, પરંતુ તેમા એવો આગ્રહ કેમ રાખવો ? કે મારા શ્રીઠાકોરજીની મારે સેવા કરવી, મારા શ્રીઠાકોરજીની તમારે સેવા કરવાની નથી. તમારા શ્રીઠાકોરજીની તમારે સેવા કરવી, તમારા શ્રીઠાકોરજીની મારે સેવા કરવાની નથી. એવો દુરાગ્રહ કેમ રાખવો ? અને આ દુરાગ્રહ રાખવાનો મતલબ–શ્રીઠાકોરજીનું સર્વેશ્વર હોવાનું, શ્રીઠાકોરજીનું સર્વવ્યાપ્ત હોવાનું કે સર્વોપાદાન હોવાનું જો તમે ખંડન કરી રહ્યા છો, એમ આપણે સમજી લેવા માંગીએ તો તો લફડો થઈ રહ્યો છે ? તો પછી ધ્યાનથી સમજો.

તો પછી કૃષ્ણની જ સેવા શા માટે કરવી ? મંદિરમાં જ સેવા શા માટે કરવાની ? મસ્જીદ શું ખોટી છે ? શું મસ્જીદમાં કૃષ્ણ નથી ? જે કણ કણમાં વ્યાપ્ત છે, તે શું મસ્જીદમાં વ્યાપ્ત નથી ? તે શું ચર્ચમાં વ્યાપ્ત નથી ? તો શું હાજીઅલીમાં નથી ?એ બધા તો ખૂબ જ પવિત્ર સ્થળ છે. એનાથી પણ પાયાનો (ફંડામેન્ટલ) પ્રશ્ન આવશે કે તે શું સંડાસમાં નથી ? જે બધે વ્યાપ્ત છે તે તો સર્વ વ્યાપી છે તો પછી ત્યાં કેમ સેવા નથી કરી રહ્યા ?

કારણ કે તે સર્વવ્યાપી છે તે તેનું કોઇ એક પાસુ છે અને આપણે સર્વવ્યાપી નથી. આપણે તેની સર્વવ્યાપકતાને સમજી શકીએ છીએ. સર્વવ્યાપકતાને આપણે આચરી શકતા નથી. જ્યારે આપણે સર્વવ્યાપકતાને આચરી શકતા નથી, સર્વવ્યાપકતાની સાથે આપણે બોલી શકતા નથી. સમજમાં આવ્યુ ? દયારામભાઈએ ખૂબ જ સરસ ધોળ બનાવ્યું છે. **‘‘પ્રકટ મળે સુખ થાયે શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાયે’’** તેમા કહે છે કે **‘‘વ્યાપકથી વાતો ન**

થાય તે વિના જીવ અકળાય'' તો વ્યાપકથી વાતો ન થાય.

વ્યાપકથી કઇ દિશામાં મોં રાખીને વાત કરશો ? પૂર્વમાં રાખીને વાત કરશો તો કહેશે કે હટ્ હું પશ્ચિમમાં છું. પશ્ચિમ બાજુ ફરીને વાત કરશો તો કહેશે કે હટ્ હું દક્ષિણમાં છું. ચક્કર મારતા-મારતા વાત કરશો તો કહેશે કે હટ્ હું નીચે છું, નીચે જોવા જાશો તો કહેશે કે હટ્ ઉપર હું જ છું. ક્યા નીચે જોઈને વાત કરી રહ્યો છે ? વ્યાપકથી કઈ દિશામાં મોં રાખીને વાત કરવી ?

''વ્યાપકથી વાતો ન થાય તે વિના જીવ અકળાય, પ્રકટ મળે સુખ થાય શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય'' વ્યાપકની સાથે તો આપણે કોઈ જાતનો સેવાનો વ્યવહાર તો નહીં કરી શકીએ ને ? સેવાનો વ્યવહાર વ્યાપક બ્રહ્મની સાથે નહીં થાય. વ્યાપક બ્રહ્મમાં સેવાનો વ્યવહાર કૃષ્ણની સાથે થશે. આ વાત ધ્યાનથી સમજો.

''અક્ષર'' અને ''પર'' ની જે વાત અહીં રજુ કરવી પડે. તે એટલા માટે રજુ કરવી પડી કે વ્યાપક જે અક્ષર બ્રહ્મ છે, તેમાં કૃષ્ણની સેવા કરવાની છે. વ્યાપક અક્ષરબ્રહ્મની સેવા નથી કરવાની. જો વ્યાપક અક્ષરબ્રહ્મની સેવા કરવાની હોય તો તો વિભાજનની બધી રેખા છે તે બધી તમારે ભૂંસવી પડશે, મીટાવવી પડશે અને તે મીટાવ્યા પછી તો ન આપણે હવેલીનો આગ્રહ રાખી શકશું, ન આપણે એવા મંદિરનો આગ્રહ રાખી શકશું. તે વ્યાપકમાં તો બધી જ વસ્તુ બરાબર છે.

જેમ કે તે વિષયમાં સંડાસમાં અને મંદિરમાં કોઈ તફાવત નથી. દારૂમાં અને પ્રસાદમાં કોઈ ફરક નથી. કારણ કે વ્યાપકમાં તો બધી જગ્યાએ બધી વસ્તુ વ્યાપ્ત છે. તો પોતાના જીવનમાં તમે તે વ્યાપકતાનો વ્યવહાર કરી શકશો ? જેમ ગાયમાં આપણે ભગવાન જોઈએ, બધા દેવનું સ્થાન ગાયમાં જોઈએ, તેમ ભૂંડમાં જોઈ શકશો ? જો વ્યાપકતાની અનુભૂતિ થઈ રહી છે તો ગીતા સ્પષ્ટ કહે છે કે **''શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ''** ભૂંડમાં, કૂતરામાં બધામાં તમને પરબ્રહ્મ જોવાની દૃષ્ટિ કેળવવી પડશે. તે કેળવ્યા પછી ન કોઈ સેવ્ય રહી જાશે, ન કોઈ સેવક રહી જાશે, ન કોઈ સેવા રહી જાશે. આ બધા જે દ્વૈત (ભેદ)

છે સેવ્ય, સેવક સેવાના તેની સ્વીચ ઓફ થઈ જશે.

જો સેવા રૂપી વ્યવહાર કોઈ સેવ્યની સાથે નિભાવવો છે તો વ્યાપકમાં તમે કૃષ્ણની સાથે સેવ્યનો વ્યવહાર નિભાવી શકો. વ્યાપક બ્રહ્મમાં કૃષ્ણને સેવ્ય બનાવીને તેના અંશરૂપે જીવથી તમે સેવક બનીને સેવારૂપી સંબંધ નિભાવશો, પરંતુ વ્યાપકની સાથે તમે સેવા નિભાવવા ઈચ્છશો તો તમે કહી દેશો, જેમ કે કબીરે કહ્યું છે **''પાની બીચ મીન પ્યાસી મોહે સુન સુન આવે હાંસી''** પાણીમાં તરસી માછલી તરસી કેમ રહી ગઈ ? હસવા લાયક વાત છે.

બ્રહ્મ તો વ્યાપક છે તે વ્યાપક બ્રહ્મમાં તને બ્રહ્મની જીજ્ઞાસા કેમ થઈ ? કબીર કહે તમને બ્રહ્મને મેળવવાની ઈચ્છા કેમ થઈ ? પાણીમાં રહેવા વાળી માછલી એમ કહી રહી છે બહુ તરસી છું. મને પાણી જોઈએ. તો તુ સમજી કે નહીં સમજી કે પાણી તત્ત્વ શું છે ? કે પછી કાંઈક બીજી વસ્તુને ઈચ્છી રહી છો? એવો પ્રશ્ન ઉત્પન્ન થશે. **''પાની બીચ મીન પ્યાસી મોહે સુન સુન આવે હાંસી''** કબીર કહે છે.

વ્યાપકની તે સ્થિતિ છે. તેમાં સેવા નહીં થઈ શકે. વ્યાપક સેવ્ય નહીં બની શકે. વ્યાપક સેવક નહીં બની શકે. શ્રીમહાપ્રભુજીએ આ વાતને ખૂબ જ સુંદર શ્રીસુબોધિનીજીમાં ખુલાસો કર્યો છે **''અપરીમીતા ધ્રુવાસ્તનભૃતો યદિ સર્વગતા તર્હિ ન શાસ્યતે ઇતિ નિયમો ધ્રુવ નિયતેરથા''** જો જીવને વ્યાપકતાની અનુભૂતિ કરવી છે તો પછી સેવાની કોઈ જરૂરત જ નથી. પછી તો બધું એકાકાર થઈ ગયુ. વ્યાપકતાની અનુભૂતિ નથી કરવી તો સેવા છે.

જુઓ, એટલા માટે શાસ્ત્રમાં એક ખૂબ જ સુંદર વાત સમજાવી, કે વરસાદ પડે ગામમાં પૂર આવી જાય, ચારે બાજુ પાણી ભરાઈ જાય, ત્યારે તો કોઈપણ વસ્તુ છોવાતી નથી. ન ગટરનું પાણી છોવાય, ન કૂવાનું પાણી અપરસમાં ગણાય. કારણ કે પૂર આવી ગયુ છે. પૂર આવવાનો અર્થ શું ? કે ગટર કૂવામાં મળી ગઈ અને કૂવો ગટરમાં મળી ગયો. પૂર આવી ગયું ત્યારે તો બધું શુદ્ધ છે. વરસાદનું પાણી બધી રીતે શુદ્ધ છે, કેમ કે બધી બાજુ વરસી રહ્યો છે. તેમાં છોવાવાનો અને અપરસનો ફરક વરસાદના પાણીમાં નથી.

તમે અપરસમાં નાહ્યા હો અને લોટીથી પાણી ઢોળ્યું અને જે અપરસમાં નાહ્યા નથી અને તેણે તે પાણીમાં પગ રાખી દીધો તો પછી તે પાણીને સ્પર્શી શકીએ નહીં. કેમ કે પાણી છોવાય ગયું. કારણ કે તમે જે પાણી ઢોળ્યું છે તે વ્યાપક પાણી નથી ઢોળ્યું. ભૂલેચૂકે જો તમે વ્યાપક પાણી ઢોળી દયો તો પાણી છોવાવાનું બંધ થઈ જાય. કારણ કે છુવા-છૂતનો ભેદ, ગ્રાહ્ય-અગ્રાહ્યનો ભેદ, સુંદર-અસુંદરનો ભેદ, પાપ-પૂણ્યનો ભેદ, આ બધા અવ્યાપકમાં છે, વ્યાપકમાં કોઈ ભેદ જ નથી.

આ જ પ્રકારે સેવ્ય-સેવકનો ભેદ આ વ્યાપકમાં નથી, અવ્યાપકમાં છે. તો તમારે તમારો સેવ્ય અવ્યાપક માનવો પડશે. અવ્યાપક માનશો તો તે સેવ્ય બનશે. અવ્યાપક માનશો તો તમે સેવક બનશો. જો તે પણ વ્યાપક અને તમે પણ વ્યાપક, તો પછી શું સેવક અને શું સેવ્ય અને શું સેવા ? સમજે જ નહીં કાંઈપણ. કે ભગવાનતો બધાના ને ! બધાના છે. બધાના ભગવાન તો યાર ! તને કેમ સેવા કરવાની ઈચ્છા થાય છે પછી ? અરે ! બધા જ કરી રહ્યા છે સેવા, જવા દયોને આવુ લફરું છે. શ્રીમહાપ્રભુજીની સમજ આપણને છે નહીં અને જે શ્રીમહાપ્રભુજી સમજી રહ્યા છે કે તમે આ સમજો, તે આપણે સમજવા જ નથી ઈચ્છતા. પાછી કાંઈક ભળતી જ વાત સમજી રહ્યા છીએ. તો અહીંના બીજા લોકો એ વાતને કેવી રીતે સમજી રહ્યા છે. તે વાત શ્રીમહાપ્રભુજી બતાવે છે.

(સચ્ચિદાનન્દકબૃહદ્[ખ/૧] વિષયે બહુવિધવૈમત્યપરિગણના તત્ર શ્રૌતમતનિષ્કર્ષઃ ચ)- સચ્ચિદાનન્દક બૃહદ્‌ના વિષયમાં પ્રચલિત વિવિધ મતભેદોની ગણના તેમજ તે બાબતમાં શ્રોતમતનો નિષ્કર્ષ.

અપરં[ખ/૧] તત્ર પૂર્વસ્મિન્[ખ/૨] વાદિનો બહુધા જગુઃ ।।
માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા ।।૪।।
[ખ/૧]તદેવૈતત્[ખ/૨] પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્ મતમ્ ।।

આ જે "એકમ્ તસ્માદ્ વિલક્ષણમ્" છે. અર્થાત્ નામ-રૂપ-કર્મ

વિહિન વ્યાપક જે અક્ષરબ્રહ્મ છે, તેમાં નામ-રૂપ-કર્માત્મક જે અક્ષરબ્રહ્મ બન્યો છે, તે અક્ષરની લોકો અલગ-અલગ વ્યાખ્યા કરી રહ્યા છે.

કોઈ કહે છે કે આ નામ-રૂપ-કર્મ જે છે તે માયિક છે. કોઈ કહે છે કે નામ-રૂપ-કર્મ જે છે તે પ્રકૃતિનું કાર્ય છે. કોઈ કહે નામ-રૂપ-કર્મ જે છે તે ઉત્પિત્તિ પહેલા હતા જ નહીં. કોઈ કહે કે નામ-રૂપ-કર્મનો ભગવાન સાથે કોઈ સંબંધ નથી. એ તો અનાદિ કાળથી ચાલ્યા આવતા. એક નામ રૂપમાંથી, એક નામમાંથી બીજુંનામ ઉત્પન્ન થયું, એક રૂપમાંથી બીજું રૂપ ઉત્પન્ન થયું. એક કર્મમાંથી બીજું કર્મ ઉત્ત્પન્ન થયું.

જેમ દરેક ક્રિયામાંથી કોઈ એક પ્રતિક્રિયા (રીએકશન) ઉત્પન્ન થઈ જાય. દરેક વૃક્ષમાંથી કોઇ એક કેરી ઉત્પન્ન થઈ જાય. દરેક કેરીની ગોટલીમાંથી ફરી એક વૃક્ષ ઉત્પન્ન થઈ જાય. દરેક નામમાંથી કોઈ બીજું નામ ઉત્પન્ન થઈ જાય. તો આ રીતે નામ-રૂપની કોઈ એક સ્વતંત્ર સંતતિ ચાલી રહી છે. નામ-રૂપ- કર્મને કેટલાક લોકો આમ માને છે આવા ઘણા પ્રકારનાં મત છે.

તે બધા મતના ચક્કરમાં ફસાશો, તો કૃષ્ણ સેવા કરવાની કોઈ આવશ્યકતા જ નથી. જો તમે નામ-રૂપ-કર્મને માયિક માન્યા, જો તમે નામ-રૂપ-કર્મને તમે પ્રાકૃતિક માન્યા, જો તમે નામ-રૂપ-કર્મને અનિત્ય માન્યા અર્થાત્ અત્યારે જે રીતે છે તે પહેલા હતું જ નહીં અને પાછળથી ઉત્પન્ન થયું. અર્થાત્ નામ-રૂપ-કર્મની અક્ષરરૂપતાને તમે નથી માની અને જો તમે નામ-રૂપ-કર્મને સ્વતંત્ર માન્યા કે અક્ષર એક અલગ વિભાગ (કમ્પાર્ટમેન્ટ) છે અને નામ-રૂપ-કર્મનો એક જુદો વિભાગ છે. જે એક નામથી બીજું નામ, એક રૂપથી બીજું રૂપ, એક કર્મથી બીજું કર્મ સતત ઉત્પન્ન થતુ મળી રહ્યું છે. નદીની જેમ.

તો બસ વાત સમજી જાવ કે પછી ન સેવ્યની આવશ્યકતા છે ન સેવકની આવશ્યકતા છે. કારણ કે જ્યારે પણ તમને કોઈને કોઈ નામ-રૂપ-કર્માત્મક સેવ્ય મળશે,જેકાંઈપણ તમે સેવક હશો તે કોઈને કોઈ નામ-રૂપ-કર્માત્મક સેવક જ હશો. તે જો માયિક છે તો કેન્સલ, તે જો પ્રાકૃતિક છે તો કેન્સલ, તે જો આવો સર્વથા નશ્વર જ છે, તેનું કોઈ અનશ્વર પાસુ નથી, અક્ષરાત્મક તેનું કોઈ પાસુ

નથી, તો સેવા કેન્સલ અને તે સ્વતંત્ર છે, જેનો ઈશ્વર સાથે કોઈ સંબંધ જ નથી.

આતો ‘‘**લાઇ હયાત આયે કજા લે ચલી ચલે. અપની ખુશી ન આયે ન અપની ખુશી ચલે**’’ આમ જે નામ રૂપ આવી રહ્યા છે અને જઈ રહ્યા છે, તો પછી સેવાની શું જરૂરત છે ? કારણ કે જેને તમે સેવા દ્વારા સેવ્ય બનાવી રહ્યા છો, તે નથી પોતાની ખુશીથી આવી રહ્યા, નથી પોતાની ખુશીથી જઈ રહ્યા અને નથી તમે તમારી ખુશીથી આવી રહ્યા, નથી તમારી ખુશીથી જઈ રહ્યા. વ્યર્થમાં સેવાની પરંપરાને વધારે શા માટે પાળી રહ્યા છો? જો કોઈની ખુશી માટે તમે આવી રહ્યા છો, કોઈની ખુશી માટે તમે જીવી રહ્યા છો .તો ‘‘**આનન્દાદ્ એવ ખલુ ઇમાનિ ભૂતાનિ જાયન્તે આનન્દેન્ જાતાનિ જીવન્તિ આનન્દમ્ પ્રયન્તિ અભિસમવિશન્તિ**’’ તો શ્રુતિ કહે ‘‘**તદ્ વિજિજ્ઞાસસ્વ તદ્બ્રહ્મ**’’ જો આનંદથી પ્રકટ થઈ રહ્યો નથી, આનંદથી જીવિત નથી, આનંદમાં લીન નથી. તો આપ મેળે કાંઈક આવી રહ્યુ છે, આપ મેળે ક્યાંક જઈ રહ્યા છે, આપ મેળે કાંઈક ઠીક થઈ રહ્યું છે, કાંઈક ખતમ (નષ્ટ) થઈ રહ્યુ છે. પછી તેમાં વ્યર્થમાં કોઇ કોઈની સેવા શું કામ કરે ?

શાંકરમાં એક બહું મજાનો શ્લોક છે. લખી લેશો તો પણ કામ આવશે અને યાદ રાખશો તો પણ કામ આવશે. ‘‘**ઉભાવપિ અશ્રુત ગ્રંથૌ ઉભાવપિ જડાત્મકૌ અહો મોહસ્ય માહાત્મ્યમ્ તત્રૈકઃ શિષ્યતામ્ ગતઃ**’’ બન્નેમાંથી કોઈ ગ્રંથ ભણ્યા નથી, બન્ને ભેંસના અવતાર છે. પરંતુ આ મોહનું માહાત્મ્ય તો જુઓ કે છતાં તેમા એક ગુરુ છે અને એક શિષ્ય છે. આ શું આશ્ચર્ય છે? આ દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય છે, કે બન્ને મૂર્ખ, બન્ને ભેંસના અવતાર, બન્ને કાંઈ જાણે નહીં, તો પણ એક ગુરુ છે અને એક શિષ્ય છે. એક બાલક છે અને એક ભગવદીય છે. તેનું આ અદ્ભૂત માહાત્મ્ય છે. કઈ જાતનું માહાત્મ્ય છે? કાંઈ ખબર જ ન પડે આ વાત સમજો કે આવી રીતે વાત ચાલશે નહીં.

જો સેવા કરવી છે તો બન્નેએ આનંદાત્મક થવું પડશે. ‘‘**આનન્દાદ્ એવ ખલુ ઇમાનિ ભૂતાનિ જાયન્તે, આનન્દેન જાતાનિ જીવન્તિ**’’ પહોંચશું પણ આનંદમાં, આનંદમાંથી આવ્યા છીએ, આનંદમાં સ્થિર થઈ રહ્યા છીએ,

આનંદમાં જ લીન થઈશું. તો શ્રીમહાપ્રભુજી કહે છે સેવા કરને ભાઈ ! સેવા કેમ નથી કરતા ? હવે સેવા કરવામાં પણ શું તકલીફ છે ?

સેવા કરવામાં જે પણ કોઈ મુશ્કેલી હતી તે સંસારની જ તો મુશ્કેલી હતી ને ! પણ જો તમને ખાતરી (કન્વીન્સ) છે કે આનંદમાંથી આવ્યા છીએ, આનંદમાં સ્થિત છીએ, આનંદમાં લીન થવાના છીએ. હવે સેવા કરવામાં શું મુશ્કેલી છે? હવે તો ભક્તિ પંચમ પુરુષાર્થ થઈ ગઈ. કેમ કે ભક્તિ આના સિવાય બીજી તો કોઈ વાત કહેતી નથી. આનંદની તો વાત કહી રહી છે. આનંદાત્મિકા સેવા નથી કરી રહ્યા, કર્માત્મિકા સેવા કરી રહ્યા છો, કામાત્મિકા સેવા કરી રહ્યા છો, દુઃખાત્મિકા સેવા કરી રહ્યા છો, હાય હાય કરી રહ્યા છો, તો તો સેવા જ ન થઈ. પછી તો પરિશ્રમ થઈ ગયો, નરક યાતના થઈ ગઈ. તો આ વાતને ધ્યાનથી સમજો.

એટલા માટે શ્રીમહાપ્રભુજીએ પોતાનો અંતિમ ચુકાદો (ફાઈનલ જજમેન્ટ) કેટલો સરસ આપ્યો છે. ''તદ્ એવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુર્તિમતમ્'' તે લોકો શું કહી રહ્યા છે? તેને તેની વાત કહેવા દ્યો. સેવ્યની સાથે સેવા-સંબંધ સ્થાપિત કરવા માટે તમારે આ સમજવું ખૂબ જ, ખૂબ જ, ખૂબ જ જરૂરી છે કે ''તદ્ એવૈતત્ પ્રકારેણ ભવતીતિ'' ''તદૈવ અક્ષરબ્રહ્મૈવ એતત્ પ્રકારેણ ભવતીતિ.''

જો કોઈ માયા કહી રહ્યા છે. માયિક પણ દુનિયામાં કોઈક વસ્તુ છે તે અક્ષરબ્રહ્મ બન્યો છે. જો કોઈ તેને પ્રકૃતિ કહી રહ્યા છે. તો પ્રકૃતિ કોઈ પદાર્થ છે, તો તે અક્ષરબ્રહ્મ બન્યો છે. જો કોઈ કહી રહ્યા છે કે આ નામ-રૂપ- કર્મ પ્રકટ થઈ રહ્યા છે અને નષ્ટ થઈ રહ્યા છે તો પ્રકટ થવાવાળી અને નષ્ટ થવાવાળી વસ્તુ જો કોઈ બની છે તો તે અક્ષરબ્રહ્મ બન્યો છે.

જો તમને એમ લાગી રહ્યું છે કે નિયંત્રાણ (કંટ્રોલ) વગર આપ મેળે આ એકમાંથી બીજું પ્રકટ થઈ રહ્યું છે બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજ , કોઈ સ્વતંત્ર પ્રવાહ ચાલી રહ્યો છે તો તે સ્વતંત્ર પ્રવાહરૂપ પણ તે જ બન્યો છે .''તદ્ એવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતિર્મતમ્'' એમાં ગભરાશો નહીં. તે જે કાંઈપણ

ક્હી રહ્યા છે તેની વાત સાંભળી લ્યો અને સાંભળીને ગભરાશો નહીં. મનમાં આ વાત નક્કી સમજો કે કોઈ માયાનું રણસિંગુ (બ્યુગલ) વગાડી રહ્યા છે, તો તેને માયાનું રણસિંગુ વગાડવા દ્યો. તમે મનમાં આ વાતને હર વખતે સાફ ધ્યાનમાં રાખો કે માયાને કારણે કોઈ જો માયિક છે તો માયા પોતે નથી. પરંતુ અક્ષરબ્રહ્મ માયિક બન્યું છે. પ્રકૃતિના કારણે કોઈ વસ્તુ પ્રાકૃતિક છે તો પ્રકૃતિ મૂળ તત્ત્વ નથી, અક્ષરબ્રહ્મ પ્રકૃતિરૂપ બન્યો છે. આ વાત તમે ચોખ્ખી સમજી લીધી. પ્રકૃતિ એટલે પદાર્થ (મેટર) જડ પદાર્થને પ્રકૃતિ કહેવાય.

‘‘તદ્ એવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્ મતમ્’’ આ વાતને સમજવા માટે, હવે જ્યારે આપણી સામે આ વાત સાફ થઇ ગઇ કે, બીજા કોઈની સમજથી આપણી સમજ દૂષિત (કરપ્ટ) નથી થઇ શકતી. આ જેમ કોમ્પ્યુટરમાં પેલો વાયરસ ડીટેકશન ફાઈલ આવે કે નહીં? અને તે વાયરસ રીમુવ કરી દઈએ કે નહીં? એમ આ બધા વાયરસ શ્રીમહાપ્રભુજીએ આપણા આ વિષયમાંથી દૂર (રિમુવ) કરી દીધા છે. હવે જે બચ્યુ છે તેમાં શું કરવાનું છે? તે પ્રોગ્રામની ફાઈલ શ્રીમહાપ્રભુજી ખોલી રહ્યા છે.

(ભકત્યા દષ્ટવ્યં પરં, શ્રુત્યાદિવિહિતશ્રવણાદ્યુપાયૈઃ જ્ઞેયં બૃહદ, ભજનૌપયિકાખિલસામગ્રી ચ બ્રહ્માત્મિકૈવ ઇતિ ગઙ્ગાદષ્ટાન્તેન ઉપપત્તિઃ)– અક્ષરબ્રહ્મનું પ્રત્યક્ષજ્ઞાન શ્રુત્યાદિવિહિત શ્રવણ વગેરે સાધનોથી થાય. ભજન ઉપયોગી અખીલ સામગ્રી બ્રહ્માત્મક જ છે તે ગંગાજીના દષ્ટાન્તથી ઉપપત્તિ.

દ્વિરૂપં ચાપિ ગઙ્ગાવજ્ જ્ઞેયં સા જલરૂપિણી ।। ૫ ।।
માહાત્મ્ય-સંયુતા નૃણાં સેવતાં ભુક્તિ-મુક્તિ-દા ।।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।। ૬ ।।

આ વાત ધ્યાનથી જુઓ શીર્ષકમાં કે ‘‘ભકત્યા દષ્ટવ્યં પરં’’ ભક્તિથી પરબ્રહ્મ દેખાઇ રહ્યો છે. ‘‘શ્રુત્યાદિવિહિતશ્રવણાદ્યુપાયૈઃ જ્ઞેયં બૃહદ’’ શ્રુતિ વિહિત શ્રુત્યાદિ શાસ્ત્રના દ્વારા વિહિત શ્રવણાદિના જે ઉપાય છે, તે

ઉપાયોમાંથી જે વાત આપણી સમજમાં આવી રહી છે તે વાત જે છે તે અક્ષરબ્રહ્મ છે. ''ભજનૌપયિકાખિલસામગ્રી'' ભજનનાં ઉપયોગમાં આવનારી બધી સામગ્રી ''ચ બ્રહ્માત્મિકૈવ ઈતિ ગઙ્ગાદૃષ્ટાન્તેન ઉપપત્તિઃ'' બ્રહ્માત્મિકા જ છે કે બ્રહ્માત્મિકા નથી? એ બધી વાત ગંગાજીના દૃષ્ટાંતથી તમે સમજી શકશો.

અર્થાત્ બીજા મતોના જે જંતુ (વાયરસ) છે તે તમારી સેવાની ફાઈલને દૂષિત નથી કરતા. તે વાત હવે તમને સમજમાં આવશે, કે જે ભક્તિથી દેખાઈ રહ્યો છે તે બ્રહ્મ પરબ્રહ્મ છે. શાસ્ત્ર વિહિત જે શ્રવણાદિ ઉપાય છે, તેનાથી સમજમાં આવતો, દેખાતો નથી. કેમ કે વાત ધ્યાનથી સમજો કે દેખાવા માટે સ્નેહની જરૂર છે. સમજમાં આવવા માટે સ્નેહની જરૂર નથી. ખોપરીમાં અક્કલની જરૂર છે. આ અક્કલ કેવી ? જે શાસ્ત્ર આપણને જેવી અક્કલ આપી રહ્યું છે, તે હિસાબથી સમજશો ને તો તે વાત સમજમાં આવી જશે.

તો ''શ્રૃત્યાદિ વિહિત શ્રવણાદિ ઉપાયેય જ્ઞેયં બૃહત'' **''આત્માવારે દષ્ટવ્ય, શ્રોતવ્ય, મંતવ્ય, નિદિધ્યાસિતવ્ય''** અથવા **''શ્રવણં કીર્તનમ્ વિષ્ણોસ્મરણમ્ પાદસેવનમ્''** આ બધા વિહિત ઉપાયોથી જે વાત સમજમાં આવી શકે છે તે વાત દેખાશે નહીં. કારણ કે અક્ષર ક્યાંથી દેખાશે? અક્ષર જે બધાનો આધાર છે તે દેખાશે ક્યાંથી?

ગાલીબે ખૂબ જ સુંદર વાત કહી છે કે **''ઉસે કૌન દેખ શકતા વો યગાના કિ યક્તા જો દુઈકી બૂ હોતી કહી તો દો-ચાર હોતા''** તે એક છે કે એવો એકલો છે, એ વાત કોણ જોઈ શકે ? દેખાતો કેમ નથી? દેખાતો નથી કારણ કે જોવાવાળાની (દૃષ્ટાની) સામે જેને જોવાનો છે (દૃશ્ય) તે હોય ત્યારે તો કોઈ વસ્તુ દેખાય ને ? તે જોવાવાળો પોતે જ છેઅને જે જોવાનું છે તે પણ પોતે જ છે. તેથી તે જોવાવાળો જ્યારે જોવા જાય છે તો તે પોતાને કઈ રીતે જોઈ શકે ? તેથી તેને કાંઈ દેખાઈ જ નથી રહ્યું.

જો દુઈકી (બેની) ગંધ હોત, દ્વૈત (બીજા)ની ગંધ પણ ક્યાંક હોત તો બે-ચાર હોત, જોવાવાળો પોતે જ દેખાવાવાળો છે અને દેખાવાવાળો પોતે જ જોવાવાળો છે. તો જ્યારે દેખાવાવાળો અને જોવાવાળામાં કોઈ ભેદ નથી. તો

તેને કોણ જોઈ શકે? તો અક્ષરબ્રહ્મની અવસ્થા તો આવી છે કે જ્યાં દેખાવાવાળો અને જોવાવાળો એક થઈ રહ્યા છે. અક્ષરબ્રહ્મ દેખાતું નથી પરંતુ પરબ્રહ્મ જો સ્નેહ હોય તો સ્નેહની દષ્ટિ પાછી એવી દષ્ટિ છે કે જેનાથી તે જોઈ શકાય છે. અક્ષરબ્રહ્મ સમાજમાં આવી શકે છે અક્ષરબ્રહ્મ દેખાતું નથી. પરબ્રહ્મ સમજમાં આવવો બહુ જ મુશ્કેલ છે. પણ તેને બરાબર જોઈ શકાશે. કારણ કે પરબ્રહ્મને સમજવામાં ખૂબ જ મુશ્કેલી થઈ જશે.

કારણ કે આપણે કહીએ છીએ કે આ પરબ્રહ્મ છે અને આપણને દેખાઈ રહ્યો છે અદ્વૈતીઓને એટલા માટે જ તેની પરબ્રહ્મતા નથી લાગતી, કે તે દેખાઈ રહ્યો છે તો પરબ્રહ્મ કેવી રીતે ? એ જ તો વાત છે કે ભક્તિ હોય તો દેખાય. ભક્તિ ન હોય તો કેવી રીતે દેખાય? તો જોવા માટે ભક્તિની જરૂરત છે. સમજમાં આવવા માટે બુદ્ધિની જરૂર છે. બુદ્ધિ અને સ્નેહ બન્ને મળી જાય તો તમને અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મ દેખાવા લાગશે.

તો તે દેખાતા પરબ્રહ્મની સેવા કરવા માટે જો કાંઈપણ સામગ્રી તમે ભેગી કરશો, સામગ્રી અર્થાત્ લાડુ, પુરી, મઠડી નહીં સમજતા હો ! સામગ્રી એટલે કોઈપણ સામગ્રી. સિંહાસન છે, ગાદી છે, તકીયા છે, શૃંગાર છે, અથવા ગુંજમાલા છે આ બધી સામગ્રી. જે કાંઈપણ સેવાની સામગ્રી છે.

તે બધું બ્રહ્માત્મિકા જ છે. કોઈપણ વસ્તુ માયિક નથી. કોઈપણ વસ્તુ પ્રાકૃતિક નથી, કોઈપણ વસ્તુ અનિત્ય નથી, કોઈપણ વસ્તુ સ્વતંત્ર નથી. ‘‘બ્રહ્માત્મિકેવ ઈતિ ગઙ્ગાદષ્ટાતેન ઉપપત્તિ’’ આ વાતને ગંગાજીના દષ્ટાંતથી સમજાવી રહ્યા છે. ‘‘દ્વિરૂપં ચાપિ ગઙ્ગાવજ્ જ્ઞેયં’’ દ્વિરૂપને ગંગાજીના ઉદાહરણથી કેવી રીતે સમજવું? એક ગંગા જે છે તે જલરૂપા છે. જે વહેતો પ્રવાહ છે, જે ગંગાને બંધ બનાવીને રોકી શકાય છે. જે ગંગા ગરમીમાં સુકાઈ શકે છે. જે ગંગામાં વરસાદમાં પૂર આવી શકે છે.

સમજો, હવે ગંગામાં વરસાદમાં પૂર આવી ગયુ, તો તેનું માહાત્મ્ય વધી ગયુ એવુ નથી અને ગંગામાં જો પૂર નથી આવ્યું અને ગરમીમાં સૂકાઈ ગઈ તો ગંગાનું માહાત્મ્ય સુકાઈ ગયું એવુ નથી. ‘‘માહાત્મ્ય સંયુતા નૃણાં સેવતાં ભુક્તિ

મુક્તિ દા'' તે જે માહાત્મ્ય વાળી તીર્થરૂપા ગંગાજી છે, તે જ્યાં જ્યાં ગંગાના કિનારે તીર્થતા પ્રકટ થઇ છે, ત્યાં તેની તીર્થરૂપતા પ્રકટ થઇ રહી છે અને તે તીર્થને, ગંગાના તીર્થનું સેવન (ભજન) કરવાવાળાને ભોગ-મોક્ષ બધું જ આપવાવાળી છે.

આ ધ્યાનથી જુઓ ''ભોગઃ શિવેન મોક્ષસ્તુ'' બાલબોધ હોય તો આ વાત સમજમાં આવશે નહીં તો સમજમાં નહીં આવે. બોલબોધ કેવી રીતે બાલબોધ છે? અને કેવી રીતે તે બાલબોધ પછી સિધ્ધાન્તમુક્તાવલી શરૂ થઇ રહી છે? તેની સુંદરતા જુઓ તે અહીં સમજમાં આવશે.

''માહાત્મ્ય સંયુતા નૃણાં સેવતાં ભુક્તિ મુક્તિ દા'' તે આધ્યાત્મિક સ્તર ઉપર લાવીને શ્રીમહાપ્રભુજીએ તે વર્તુળ બંધ કરી દીધુ કે ખતમ. આધિદૈવિક સુધી જવાની જરૂર નથી. એટલું કામ તો તમારું આધ્યાત્મિક પાસાથી થઇ જશે. તમારે ભોગ જોઇએ ને! તમારે મોક્ષ જોઇએ ને! તો તે આધ્યાત્મિકતાથી બધું મળી જશે.

''મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્'' હવે જુઓ ધ્યાનથી જુઓ. અર્થાત્ ત્રૈવર્ગિક જે મર્યાદામાર્ગીય વિધિ તે ''વેદાદ્ આદ્યા યતઃ સ્થિતાઃ'' ''ત્રિવર્ગ સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે'' તે જ વાત અહીં રીફર થઇ રહી છે. અહીં સિધ્ધાન્તમુક્તાવલીમાં પંચમ પુરુષાર્થના અનુસંધાને, ત્યાં મોક્ષ-પુરુષાર્થના અંતર્ગત નિરૂપણ હતુ ,અહીં પંચમ પુરુષાર્થના અંતર્ગત નિરૂપણ થઇ રહ્યું છે.

''મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્'' પરંતુ જે બધાથી મુખ્ય વાત હવે આવી રહી છે એટલે કે પંચમ પુરુષાર્થના અનુરૂપ કોઇ એક પાસાની વાત. બ્રહ્મના તે આધિભૌતિક પાસાની વાત નથી. તે આધ્યાત્મિક પાસાની વાત નથી. બેટા ! જે તુ કહી રહી હતી ને ? આધિદૈવિક પાસાની વાત, તે જો હવે સામે આવી રહી છે.

તત્રૈવ દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્ ।।
ગઙ્ગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદ-બુદ્ધયે ।। ૭ ।।

પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા જલે ॥
વિહિતાત્ ચ ફલાત્ તદ્ધિ પ્રતીત્યાપિ વિશિષ્યતે ॥૮॥

''તત્રૈવ દેવતા મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્'' તમને સ્નેહ છે, તો તે દેવતા–મૂર્તિ દેખાશે. ફક્ત જ્ઞાનથી તે દેવતા મૂર્તિ દેખાશે નહીં. તમે કાંઈક સમજી ગયા, તમે બધું જ કામ જે શાસ્ત્ર અનુસાર કરવાનું હતુ તે ધર્મ, અર્થ, કામ તમે કરી લીધું અથવા તમે સમજી ગયા કે આ બધામાં કંઈક લફડો છે. તો તમને મુક્ત થવું છે તો તમે મુક્ત થઈ ગયા. મુક્ત પણ થઈ ગયા તો તેનાથી આધિદૈવિક દેવતા મૂર્તિ દેખાશે નહીં.

આધિદૈવિક મૂર્તિને જોવા માટે તો તમારે ભક્તિની આંખ પોતાનામાં વિકસિત કરવી જ પડશે. ભક્તિની આંખ હશે તો, જેમકે માંની આંખ હોય તો દીકરાનું સૌંદર્ય સમજાશે, ભલે કાણો હોય, ભલે કાળો હોય, ભલે વાંકા મોઢાવાળો હોય પણ માંની આંખ હોય તો દીકરો કેટલો પ્યારો હોય તે સમજમાં આવી શકે. માંની આંખ ન હોય તો દીકરો પ્યારો છે, તે સમજમાં નહીં આવે. એવી જ રીતે મજનુની આંખ હોય તો લૈલાની ખૂબસૂરતી સમજમાં આવી શકે. મજનુની આંખ વગર લૈલાની ખૂબસૂરતી સમજમાં નહીં આવી શકે.

આ રીતે આધિદૈવિક મૂર્તિ જે છે, તેની સમજ જોવી હોય તો ભક્તિની આંખ જોઈએ.''તત્રૈવ દેવતા મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્, ગઙ્ગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદ બુદ્ધયે'' તે કોને દેખાશે? શ્રીમહાપ્રભુજીએ તેની જે શરત છે તે બિલકુલ કસીને બાંધી દીધી છે. કે આ ભેદ દષ્ટિથી અનુભવ નથી કરી રહ્યા, કે જલ તો કોઈ જલ છે અને ગંગા કોઈ બીજી ગંગા છે. અરે તે જલને જોઈને એટલો ઉત્સાહ આવી જાય કે તે બસ આ જ ગંગા છે, આ ગંગા માં છે, ગંગા માં કેવી રીતે થઈ ગઈ? ભાઈ જલ છે, વહેતી નદી છે.

મુસલમાનોને- ખ્રિસ્તીઓને આ આપણી દષ્ટિ સમજમાં નહોતી આવતી કે કેવા બેવકૂફ છે ! આપણને અસંસ્કારી (પૈગાન) કહેતા હતા કે જંગલી છે બધા. શું કામ પૈગાન છે? ક્યારેક જલને દેવ માને, ક્યારેક વૃક્ષને દેવ માને, ક્યારેક પર્વતને દેવ માને, ક્યારેક પથ્થરને દેવ માને. સાચી વાત છે, કેમ કે

આપણી ધરતીના દરેક પાસાઓથી તેઓને સ્નેહ નથી. તેથી તેઓને આપણે જંગલી લાગતા હતા. જો એકવાર સ્નેહ થઈ જાય, જેવી રીતે તેઓને વધસ્થંભથી સ્નેહ છે, તો વધસ્થંભમાં તેઓને ક્રાઈસ્ટ દેખાય કે નહીં ? તેઓને મસ્જિદથી સ્નેહ છે તો તે ખાલી મકાનમાં તેઓને અલ્લાહ દેખાય છે કે નહીં ? સ્નેહ છે તો તેઓને પણ દેખાઈ રહ્યો છે. જ્યાં તેઓને સ્નેહ નથી, ત્યાં તેઓને એવું લાગી રહ્યું છે કે બધા જંગલી જ જંગલી હાજર છે.

યાર જંગલી જ હાજર નથી. પણ તમારી આંખમાં સ્નેહ દષ્ટિ નથી. સ્નેહને સમજવાની તમારી આવડત નથી., તમે તમારા સ્નેહને જ સ્નેહ માની રહ્યા છો. બીજાના સ્નેહને સ્નેહ નથી માની રહ્યા. જંગલીપણું માની રહ્યા છો. સ્વાભાવિક વાત છે, તો તેના કારણે એક અલગ સ્થિતિ છે, પણ જો સ્નેહ દષ્ટિ છે તો તમને પણ દેખાશે, કેમ નહીં દેખાય?

''પ્રત્યક્ષા સા ન સર્વેષાં'' તે બધાની સામે પ્રત્યક્ષ નથી થતો. પ્રત્યક્ષ કેમ નથી થતો? કેમ કે બધાની આંખમાં તે સ્નેહ નથી ઝલકી રહ્યો, જેમની આંખમાં પોતાના દીકરા માટે સ્નેહ ઝલકતો હોય, તો દીકરો કેટલો વહાલો છે એ વાત માની આંખમાં છલકાતા પ્રેમથી જ ઓળખી શકાય છે. મજનુંની આંખમાં છલકાતા પ્રેમથી જ લૈલાની ખૂબસૂરતીને ઓળખી શકાય છે.

એવા આ બ્રહ્મમાં જે પરબ્રહ્મની મૂર્તિ છે તે જોવાને માટે એક સ્નેહવાળી, ભક્તિવાળી આંખની જરૂર છે અને જો તે આંખ તમને મળી ગઈ તો મોટી કામના પ્રકટ થઈ જશે.

ધર્મનું, અર્થનું, કામનું અને મોક્ષનું જે પણ કાંઈ હશે તે બધામાંથી જે અતિ સુંદર (પારએક્સેલન્ટ) કોઈ ફલ છે તો તે તમને તમારી આંખથી દેખાઈ ગયું. સમજમાં આવ્યું ને? એક વાત ધ્યાનથી સમજો નર્સ જે હોસ્પિટલમાં બાળકની બધી સેવા કરી રહી છે, તેને બાળકની બધી વાત સમજમાં આવી રહી છે, માં કરતા પણ વધારે તેની બધી વાત સમજમાં આવી જાય., કદાચ માં ને જેટલી સમજમાં ન આવે તેટલી નર્સને સમજમાં આવે. પણ તેને તે સ્વરૂપમાં વહાલ નહીં દેખાય, જે માંની આંખમાં હોય છે. પોતાનું બાળક કાંણુ હોય, કાળો

હોય, દાંત વાંકા (દંતવક્ર) હોય, ટકોમુંડો હોય, વાળવાળો હોય, રીંછ જેવો હોય તે જે સ્વરૂપમાં પ્રેમ છે તે તો તેને જ (માંને જ) ખરેખર સમજમાં આવી શકે.

એક વાત જુઓ ક્યારેય પણ આપણા છાપરા પર આપણે ત્યાં કબૂતર ઈંડા દેતા હોય. તેમાંથી નવા બચ્ચા નિકળતા હોય તે જુઓ કેટલા ગંદા લાગે? કબૂતર જેટલું ખૂબ જ સુંદર હોય છે તેટલા જ કબૂતરના ઈંડામાંથી નિકળતા બચ્ચા ખરાબ લાગે. સુગ ચડે, ધૃણા થાય એવા હોય છે, પરંતુ કબૂતરીને કેટલા વહાલા લાગે છે ? જ્યાં કબૂતરના ઈંડા હોય ત્યાં ક્યારેક થોડીવાર શાંતિથી જઈને જુઓ! ન તેમા રુંવાટી હોય અને તેની આંખ એવી વિચિત્ર હોય, ચેંચેં ટેં ટેં કરતા બચ્ચા એકદમ ધૃણાસ્પદ હોય છે. પરંતુ કબૂતરીને જાણે કે બચ્ચામાં શું સુંદરતા દેખાતી હશે? તે આપણને સમજમાં નહીં આવી શકે. એ નાના નાના ગલુડીયા વિશે પણ કૂતરીને સમજમાં આવે, આપણને સમજમાં ન આવે. આપણને તે ખૂબ જ ખરાબ લાગે. હવે આપણા બચ્ચા પણ તે બધાને કદાચ એવા જ લાગતા હશે હો ! પરંતુ આપણને ગંદા નથી લાગતા. જુઓ ! આ જ ખૂબસૂરતી છે.

પરંતુ આપણામાં તે સ્નેહની આંખ છે તેથી તે સ્નેહની આંખથી તો દેખાશે. ''વિહિતાત્ ચ ફલાત્ તદ્ધિ'' જે પણ કાંઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વિહિત ફલ છે તે બધામાં તે વાત તમને વિશેષ દેખાવા લાગશે. ''પ્રતીત્યાપિ વિશિષ્યતે''

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।।
યથા દેવી તથા કૃષ્ણઃ .... ।। ૯ ।।

જેમ વરસાદમાં અને ગરમીમાં વધતું-ઘટતું જલ છે, એમ આ આખું જગત્ છે. જેમ પ્રયાગ એક તીર્થ છે, હરિદ્વાર એક તીર્થ છે., ઋષિકેશ એક તીર્થ છે, એમ અલગ અલગ ગંગાજીના જે તીર્થ છે તે તેનું આધ્યાત્મિક પાસું છે અને તે ગંગા જલને સ્નેહથી જોવાવાળી જે ભક્તની આંખ છે તેમા તેને ક્યારેક ક્યારેક ગંગાદેવી દેખાય છે. ભક્તની આંખથી દેવી દેખાય છે. ''યથા દેવી તથા કૃષ્ણઃ'' જેમ દેવી છે એમ આ કૃષ્ણ છે. શું આ વાત સમજાય છે કે, પરબ્રહ્મ કોણ છે? જો

વાત સમજમાં આવી રહી હોય તો સેવાનો સંબંધ સ્થાપિત થઈ શકશે. વાત સમજમાં ન આવે તો સેવાનો સંબંધ તમારાથી નભી શકશે નહીં. એ વાત ધ્યાનથી સમજો.

તે તીર્થ નથી, તે વહેતું જલ નથી, તે સ્નેહભરી દૃષ્ટિથી દેખાતી એક દેવીની મૂર્તિ છે. તો તમને સ્નેહ થશે કે મારે માથે બિરાજતું સ્વરૂપ કેટલું પ્યારુ સ્વરૂપ છે ! તો તમને પરબ્રહ્મ દેખાશે અને જ્યારે તમે સમજી રહ્યા છો કે હવેલીમાં બિરાજતું સ્વરૂપ પરબ્રહ્મ કૃષ્ણ છે. તમારા ઘરમાં બિરાજતું સ્વરૂપ તો કોઈ ક્ષુદ્ર (ગૌણ) સ્વરૂપ છે. તો તે પુષ્ટ પણ નથી. તેના તો વોલ્ટેજ પણ ઓછા છે. તે તો મઠડી પણ નથી ખાઈ રહ્યો. માત્ર નાગરી ખાઈ રહ્યો છે. તો તે વરસાદમાં વધનારું અને ગરમીમાં ઘટનારું જલ જ છે. પછી તે પુરુષોત્તમ નથી. એક વખત તમારા શ્રીઠાકોરજીને નિરખવા માટે તે પ્રેમની દૃષ્ટિ પ્રકટ કરો કે જેમ દેવી છે તેમ મારો કૃષ્ણ છે. પછી જુઓ પરબ્રહ્મ થઈ જશે. તે જ કૃષ્ણ પરબ્રહ્મ થઈ જશે. તો તમારે તે દૃષ્ટિ પ્રકટ કરવાની જરૂર છે.

(લૌકિકં જગત્ ત્રિવિધમિતિ લૌકિકવ્યવહારનિયામકાઃ દેવતાઃ તિસ્રઃ, સ્વમાર્ગીયા ભક્તિર્હિ શ્રીકૃષ્ણે અનન્યાસક્તિરૂપેતિ તન્નિયામકોऽપિ શ્રીકૃષ્ણઃ એકએવ)– લૌકિક જગત્ ત્રણ રૂપનું છે. તેથી લૌકિક વ્યવહારના નિયામક જે દેવ છે તે પણ ત્રણ છે. પરંતુ દુનિયાના વ્યવહાર પ્રકટ થતાં, સ્થિત થતા અને ખતમ (નષ્ટ) થતાં વ્યવહાર છે. તેથી આ જગત્ના અધિષ્ઠાતા દેવ આધિદૈવિક પણ ત્રણ છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ.

પરંતુ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે સેવા કરવામાં તમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ દેવતાઓની ચિંતા ન કરો. જુઓ ! બાલબોધથી કેવી રીતે છોડાવી રહ્યા છે ? ધ્યાનમાં આવ્યુ ને ! કે આપણું બાળપણ કેવી રીતે નિવૃત્ત કરી રહ્યા છે? ત્યાં બાલબોધમાં બાળપણ પ્રૌઢ વ્યક્તિને બાળક બનાવીને બતાવ્યું અને તે બાળકને હવે પ્રૌઢ પાછા કેવી રીતે બનાવી રહ્યા છે? એ વાત સમજો.

.... તત્રાપ્યેતદ્ ઇહોચ્યતે ॥ ૯ ॥

જગત્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મ-વિષ્ણુ-શિવાસ્ તતઃ ।।
દેવતારૂપવત્-પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્ મતઃ ।।૧૦।।

આ જગત ત્રાણ પ્રકારનું છે. અહીં કાંઈક ઉત્પન્ન થઈ રહ્યું છે, અહીં કાંઈક પાલન થઈ રહ્યું છે, અહીં કાંઈક નાશ થઈ રહ્યુ છે. એટલા માટે અધિષ્ઠાતા દેવ પાણ ત્રાણ છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ.

એક વાત સમજો તમે નથી ઉત્પન્ન થઈ રહ્યા, નથી તમારું પાલન થઈ રહ્યું, નથી તમારો નાશ થવાનો. તમે તો સેવા કરી રહ્યા છો. બસ તેમાં (અક્ષરબ્રહ્મમાં) તમે સેવા કરી રહ્યા છો. અહીંયા પાણ સેવા કરશો, ત્યાં પાણ સેવા જ કરશો. પહેલા પાણ સેવા જ કરતા હતા, અત્યારે પાણ સેવા કરી રહ્યા છો, આગળ પાણ સેવા જ કરવાના છો. પહેલા પાણ કૃષ્ણ હતા, અત્યારે પાણ કૃષ્ણ છે, અને આગળ પાણ કૃષ્ણ જ રહેશે. એ વાતને સમજાવવા માટે "બ્રહ્માણીત્થં હરિર્ મતઃ" કારાણકે તમે અક્ષરબ્રહ્મમાં કૃષ્ણની સેવા કરી રહ્યા છો, તેમાં તમને ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ સુધીની જે પ્રક્રિયા છે તે ક્ષર (જગત)માં ઉત્પન્ન થઈ રહી છે.

તેથી આપાણી સેવા, આપાણા સેવ્ય અથવા આપાણા સેવકપાણામાં ખલેલ (ડિસ્ટર્બ) ન કરો. તમે અક્ષરબ્રહ્મમાં સ્થિત થઈને સેવા કરો, તો તમે બરાબર સેવા કરી શકશો. જ્યારે ક્ષર બ્રહ્મમાં તમે સ્થિત થઈને સેવા કરશો તો તમારે પલ્લે કાંતો વિષ્ણુ પડી જશે અથવા શિવ પડી જશે અથવા તમારે પલ્લે બ્રહ્મા પડી જશે. એ વાતનો ખુલાસો મેં પહેલા બાલબોધમાં પાણ કરી દીધો છે કે મોક્ષ જોઈતો હોય તો બધા પુરુષાર્થ કરો તમને બધું મળશે. "ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ" તે ભોગ અને મોક્ષ તમને આધ્યાત્મિક બ્રહ્મથી અહીંયા પાણ મળી જાશે. "મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્"

પરંતુ જો તમને પંચમ પુરુષાર્થ ભક્તિની અપેક્ષા છે તો પછી આ બધી ઝંઝટમાંથી પોતાના મગજને ખલેલયુક્ત ન થવા દઈએ. નિશ્ચિંત થઈ જાવ. (બી સ્યોર) એકદમ સ્વસ્થ થઈ જાવ, કે તમે કૃષ્ણ સેવા કરી રહ્યા હતા, કૃષ્ણ સેવા કરી રહ્યા છો અને કૃષ્ણ સેવા જ કરતા રહેશો. પરંતુ શરત છે કે તમે

અક્ષરબ્રહ્મમાં કૃષ્ણને જોઈ શકો તો. અક્ષરબ્રહ્મમાં તમે કૃષ્ણને ન જોઈ શક્યા તો તમે પાછા બ્રહ્મા, વિષ્ણુ અને શિવના વિભાગના વિષય થઈ જશો, કૃષ્ણના વિષય નહીં બની શકો.

અક્ષર બ્રહ્મમાં તમે શ્રીહરિ (કૃષ્ણ)ને **''માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વોતોઽધિકો સ્નેહ''**ની જ્ઞાનભરી દૃષ્ટિ ઉત્પન્ન કરી લીધી તો બધું પૂર્ણ થઈ ગયું. ઉત્પત્તિ, સ્થિતી, નાશના વિભાગથી તમે ઉપર આવી ગયા. હવે તમે કૃષ્ણ સેવા કરતા ઉત્પન્ન થયા હતા, કૃષ્ણ સેવા કરતા જીવશો અને કૃષ્ણ સેવા કરતા મરશો અને મૃત્યુ પછી પણ કૃષ્ણની જ સેવા કરશો. તમને જગતનું ત્રિવિધપણું હેરાન નહીં કરી શકે. આ વાત શ્રીમહાપ્રભુજી કહે છે અને અહીં સેવ્યના સ્વરૂપનું શ્રીમહાપ્રભુજી એ સમગ્ર પ્રકરણને ઉપસંહૃત કરેલ છે. ઉપસંહાર કરેલ છે.

કામચારસ્તુ લોકેઽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા॥
પરમાનન્દરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નશ્ચયઃ ॥૧૧॥
અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્ ॥

આ જે કામચાર છે કે અમારી આ ઈચ્છા છે અને જે કામના (ઈચ્છા) જે છે તે શાસ્ત્રવિધિથી તમે પૂરી કરશો. તે બધી કામનાના વિભાગ(ડિપાર્ટમેન્ટ) બ્રહ્મા, વિષ્ણુ અને શિવના હાથમાં છે. તેથી કામના પૂરી કરવી હોય તો ત્યાંથી પૂરી કરી લ્યો. કૃષ્ણ સેવાના લફડામાં પડો જ નહીં. **''ના કહી થી બરજે પર આયે તાકો ફલ પાય રહે હૈ''** અહીં આવીને જો આ બધું કરશો તો તો મુશ્કેલી થઈ જાશે.

આપણા વિષયમાં આપણે આ બધી બાબતોનો ખ્યાલ કરવો આવશ્યક નથી કે અમારી ઈચ્છા કેમ પૂરી થશે? આપણા આત્માના માટે તો નિત્ય નિરવધિ આનંદરૂપ શ્રીકૃષ્ણમાં જ બધા મનોરથો ઈચ્છાઓની પૂર્તિઓ હોય છે. જેમ કાલે મેં તમને એક વાત કહી હતી કે એક વૈષ્ણવે મને એમ કીધું કે સિદ્ધાન્તની તમારી બધી વાત સાચી છે. પરંતુ મહારાજ જો તે સેવાનો ધંધો ન કરે તો ખાશે શું? અરે

ખાશે નહીં તો ભૂખ્યા મરી જાશે. શું મોટી વાત છે? ભૂખ્યા મરી જાવ. તે ચિંતા પણ આપણને સતાવી રહી છે કે મહારાજ બિચારા શું ખાશે?

નહીં ખાય તો બુટ પાલિશ કરશે. ઘણાં સારા પચાસ ધંધા છે. બુટ પાલિશ વગેરે ઘણાં સારા ધંધા છે. ધંધા માટે કાંઈ કૃષ્ણ સેવા કરવાની જરૂર છે? ખાવા માટે, કોને ખાવા ઈચ્છી રહ્યા છો?કુષ્ણને ખાવા ઈચ્છી રહ્યા છો ? ભક્તિને ખાવા ઈચ્છી રહ્યા છો ? શ્રીમહાપ્રભુજીને ખાવા ઈચ્છી રહ્યા છો ? કોને ખાવા ઈચ્છી રહ્યા છો? એ વાતનો તો યાર ખુલાસો કરો ! વૈષ્ણવોને ખૂબ જ ચિંતા સતાવી રહી છે કે મહારાજ શ્રીઠાકોરજીના નામ પર પૈસા ન લ્યે તો ખાશે શું? કોને ખાશે? પહેલા એ વાતનો ખુલાસો કરો.

‘‘અસ્તતુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુધ્ધિર્ વિધીયતામ્’’ અરે યાર! બ્રહ્મવાદને સમજો, કામવાદને ન સમજો. કૃષ્ણસેવા કરવામાં તમને કામવાદ કામ નહીં આવે, બ્રહ્મવાદ કામ આવશે. જ્યારે કામવાદ તમે વાપરશો કે ખાશે શું ? તો આજે તો જીવન કેમ જીવવું ? તેના માટે ઘણી જ તકો ઉપલબ્ધ છે ઘણા ઉપાય છે. બેંક પણ લોન આપે છે. બુટ પાલીસ માટે તમારી પાસે ના હોય તો બેંક લોન આપશે, આજ કાલ બુટ પાલીસની ડબ્બી માટે લોન બેંકમાંથી મળી જશે. કોઈ પાસેથી ઉછીના લઈ લ્યો, કોઈનું પાકીટ મારી લ્યો. પરંતુ કામવાદને માટે કૃષ્ણ સેવા શા માટે કરી રહ્યા છો? આ વાત શ્રીમહાપ્રભુજી સમજાવવા ઈચ્છી રહ્યા છે.

‘‘અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુધ્ધિર્ વિધીયતામ્’’ બ્રહ્મવાદના આધાર પર કૃષ્ણમાં તમારી બુધ્ધિ જોડો. જુઓ ધ્યાનથી સમજો, બ્રહ્મમાં બુધ્ધિ જોડવાની નથી. કૃષ્ણમાં બુધ્ધિ જોડવાની છે. કૃષ્ણમાં બુધ્ધિ કામ-વાદથી જોડવાની નથી. બ્રહ્મવાદથી જોડવાની છે, આ વાત સમજાવીને શ્રી મહાપ્રભુજીએ આખું સેવ્યનું પ્રકરણ પૂરું કર્યું.

આપણે સેવ્યનું સ્વરૂપ જોયુ, ધ્યાનથી સમજો સેવ્યના સ્વરૂપથી પર અને અક્ષરનો ભેદ સમજયા. પર અક્ષરના ભેદથી આપણે તેના ત્રિવિધ ભેદ સમજ્યા કે કૃષ્ણનું કોઈ એક આધિદૈવિક પરમબ્રહ્મ હોવાનું રૂપ છે. કૃષ્ણનું કોઈ

આધ્યાત્મિક અક્ષરબ્રહ્મ હોવાનું રૂપ છે અને કૃષ્ણનું એક આધિ ભૌતિક રૂપ છે જે કૃષ્ણ સેવાની કૃષ્ણાત્મિકા સામગ્રી છે.

આ વાત આપણે આ રીતથી સારી રીતે સમજી શકીએ કે જેમ આપણે મથુરા જઈએ, ગોકુલ જઈએ, તો આપણે શ્રીયમુના જલમાંથી લોટી ભરીને ઘાટને ધોઈને સાફ કરીએ, ઘાટ પર તિલક કરીએ પછી વિચારીએ કે શ્રીયમુનાજી ઘાટ પર પ્રકટ થયા. ઘાટને ધોયો શેનાથી? શ્રીયમુના જલથી. ધોયા પછી શ્રીયમુનાજી પ્રકટ થયા તે કેવા શ્રીયમુનાજી? અને તે શ્રીયમુનાજીને આપણે ભોગ પાછો ક્યાંથી લાવીએ? કૂવાના જલનો નહીં, શ્રીયમુનાજીમાંથી જ લોટી ભરીને એક ઝારીજીનો ભોગ ધરાવીએ કે આરોગો.

તો ધ્યાનથી સમજો કે ધોવાની અને જે શ્રીયમુનાજીને ભોગ ધરવાની સેવાપયોગી સામગ્રી ઝારી છે તે પણ યમુનાત્મિકા છે અને જે આ ભોગ આપણે ધરાવી રહ્યા છીએ તે શ્રીયમુનાજી પણ આધિદૈવિક આધ્યાત્મિક છે અને તે શ્રીયમુનાજીના દર્શન આપણને સ્નેહભરી દષ્ટિ હોય તો થઈ શકે નહીંતર ન થઈ શકે. નહીંતર આપણને તે જલ અને તીર્થ દેખાઈ રહ્યા છે. તીર્થ આપણને સમજમાં આવી રહ્યું છે કે શ્રીયમુનાજી ગોકુલ મથુરાના તીર્થ પર બીરાજમાન છે. જલ આપણને દેખાઈ રહ્યું છે કે આ જલથી આપણે ઘાટને ધોઈને સાફ કરી શકીએ છીએ. આ જલથી આપણે ઝારી ભરીને શ્રીયમુનાજીને ભોગ ધરી શકીએ છીએ અને જો સ્નેહની દષ્ટિ હોય, જેમ તે માંની દષ્ટિ પ્યારની છે, તેમ આપણને શ્રીયમુનાજી પ્રતિ સ્નેહની દષ્ટિ હોય તો શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપ શ્રીયમુનાજીમાંના પણ દર્શન થઈ શકે છે. બસ આવી રીતે.

“પરં બ્રહ્મતુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્” આપણે સેવામાં જે સામગ્રીને વાપરી રહ્યા છીએ, તે પણ કૃષ્ણાત્મિકા છે, જુઓ આપણે પણ તે સેવાની એક સામગ્રી છીએ એ ભૂલતા નહીં. આપણે પણ કૃષ્ણાત્મક છીએ. જે સેવામાં ખંડપાટ, ચોકી, ભોગ વગેરે આવી રહ્યા છે તે પણ કૃષ્ણાત્મિકા છે અને જ્યાં આપણે પુષ્ટ કરીને જે અક્ષરબ્રહ્મમાં પ્રકટ કરી રહ્યા છીએ તે અક્ષરબ્રહ્મ પણ કૃષ્ણાત્મક છે અને જે શ્રીકૃષ્ણની આ સારા માહોલમાં સેવા કરી રહ્યા

છીએ તે સ્વયં શ્રીકૃષ્ણ તો છે જ પરંતુ તે ક્યારે દેખાશે? કે જ્યારે સ્નેહની દૃષ્ટિ હોય તો, નહીં તો નહીં દેખાય.

આ રીતે સેવ્યના સ્વરૂપનું વર્ણન કર્યા પછી, હવે શ્રીમહાપ્રભુજી સેવકના સ્વરૂપનું વર્ણન કરી રહ્યા છે કે **(સેવાકર્તુઃ જીવાત્મનઃ સ્વસ્વરૂપજ્ઞાનં પરબ્રહ્મમાહાત્મ્યજ્ઞાનં શ્રીકૃષ્ણાનન્યરતિઃ તદનુકૂલક્રિયાઃ)**– સેવા કરવાવાળા જીવાત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન હોય પરબ્રહ્મના માહાત્મ્યનું જ્ઞાન હોય, શ્રીકૃષ્ણમાં અનન્ય રતિ હોય અને રતિને અનુકૂલ ક્રિયા પણ હોય માત્ર રતિ છે પરંતુ ક્રિયા નથી. ક્રિયા છે પરંતુ રતિ નથી એવુ નહીં. કૃષ્ણમાં રતિ પણ છે અને રતિને અનુકૂલ ક્રિયા પણ છે

જેમ કોઈ મહેમાન આવ્યા તો તે મહેમાન આપણને પ્રિય પણ લાગી રહ્યા છે અને આપણે તેનું પ્રેમાત્મક સ્વાગત પણ કરીએ છીએ અને પ્રિય લાગી રહ્યા છે પરંતુ પ્રેમાત્મક સ્વાગત નથી કરી રહ્યા અથવા પ્રેમાત્મક સ્વાગત કરી રહ્યા છીએ, પરંતુ પ્રિય લાગતા નથી. તે સ્થિતિમાં તે તથ્ય દેખાશે નહીં, એ તથ્ય આપણને કયારે દેખાશે ? જયારે અનન્ય રતિ પણ છે અને આપણે અનન્ય રતિને અનુકૂલ કાંઈક ક્રિયા પણ પ્રકટ કરી રહ્યા છીએ.

(ચેતિ ચતુષ્ટયસાહિત્યે ઉત્તમાધિકારિત્વં[૧] એતેષુ અન્યતમરાહિત્યે મધ્યમાધિકારીત્વં કેવલક્રિયાકારિત્વે વા કનિષ્ઠાધિકારિત્વં[૨/૩] લોકાર્થિતયા ભગવત્સેવને હિનાધિકારિત્વમ્[૪] ઇતિ અધિકારિચાતુર્વિધ્યમ્)– ઉપરોકત ચારેય લક્ષણ હોય તો ઉત્તમાધિકારીપણુ, એકાદ ન હોય તો મધ્યમાધિકારીપણું અને કેવળ ક્રિયાપરાયણ કનિષ્ઠાધિકારી અને લૌકિક અર્થોથી ભગવત્સેવન કરવાથી હીનાધિકારીપણું કહેવાય છે. આમ ચાર પ્રકારના અધિકારી છે.

આ ચારેય વાત ભેગી થઈ ગઈ તો આપણે ઉત્તમ સેવક, ખ્યાલમાં આવ્યું ? ચાર વાતમાંથી જેટલી જેટલી તૂટવાની શરૂ થઈ એટલી એટલી આપણી સેવકતાની યોગ્યતા (કોલીફિકેશન)માં કાંઈક કાંઈક ગડબડ ઉત્પન્ન થવાની

શરૂઆત થઈ રહી છે. તો કોઈ એકપાણ ગુણ છે ત્યાં સુધી અધમ સેવક પણ સેવક તો છે જ. પરંતુ એક પણ ગુણ નથી તો પછી ગીલિન્ડર થઈ રહ્યો છે.

આમાં ફરી પાછો તે જ સવાલ થઈ રહ્યો છે કે "મેરે અંગનેમે તુમ્હારા કયા કામ હૈ" તમે અહીંયા શા માટે આવી ગયા ? ચારમાંથી એક પણ વાત તમારામાં નથી તો પછી અહીં શા માટે આવ્યા ? પછી તો તાળીયો વાગવાની શરૂ થઈ જશે. એ વાત સમજી જાવ કે તે તાળી વાગવી જોઈએ નહીં. તે તાળીઓને ટાળવી જોઈએ તેના માટે સેવકનું સ્વરૂપ સમજી લેવું ખૂબ જ જરૂરી છે.

આત્મનિ બ્રહ્મરૂપેતુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ાા૧૨ાા
ઉપાધિ-નાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ાા

આ આત્માના વિષયમાં શું સમજવું ? તો શ્રીમહાપ્રમુજીએ તે જમાનાનું પ્રાપ્ત ઉદારહણ આપ્યું છે. આને આપણે વધારે સરલ કરીને સમજવું હોય તો સમજી શકીએ. દા.ત. દરેક શહેરની ઉપર તે શહેરની એક ક્ષિતિજ હોય છે. એટલે કે તેને ત્રિજયા (રેડીયસ) હોય છે, તેટલી ત્રિજયામાં આકાશને જુએ છે. જેમ તમે મુંબઈથી પૂના ચાલ્યા ગયા. તો પ્રાપ્ત નહીં થાય, નાસીક ચાલ્યા ગયા તો તે ક્ષિતિજ પ્રાપ્ત નહીં થાય. બીજી ક્ષિતિજ ઉત્પન્ન થઈ જાશે. તો અલગ-અલગ શહેરની અલગ-અલગ ક્ષિતિજ છે અને અલગ-અલગ ક્ષિતિજના અલગ-અલગ સૂર્યોદય અને અલગ-અલગ સૂર્યાસ્ત છે.

પરંતુ અલગ-અલગ ક્ષિતિજના, અલગ-અલગ સૂર્યોદય અને સૂર્યાસ્તમાં ન તો આકાશ અલગ છે, ન તો સૂર્ય અલગ છે, ન સૂર્યોદય અલગ છે, ન સૂર્યાસ્ત અલગ છે. જેમ તમને ખબર હોય તો કલકતામાં મુંબઈ કરતા જલ્દી સૂર્યોદય થઈ જાય છેઅને મુંબઈમાં કલકતા કરતા થોડો મોડો સૂર્યાસ્ત થાય છે. શા માટે આવું થઈ રહ્યું છે ? કારણ કે કલકતામાં જે ક્ષિતિજ છે (ચારેબાજુ દેખાતુ આકાશ અને ભૂમિની જે રેખા બને છે, તે ક્ષિતિજ કહેવાય) તે ક્ષિતિજ કોઈ બીજી છે અને મુંબઈની ક્ષિતિજ જે છે તે કોઈ બીજી છે. તો મુંબઈની ક્ષિતિજમાં સૂર્ય થોડો મોડો ઊગે છે અને થોડો મોડો અસ્ત થાય છે, તો કલકતાની ક્ષિતિજમાં સૂર્ય થોડોક જલ્દી ઊગી જાય છે અને થોડોક જલ્દી અસ્ત થઈ જાય છે.

તો દરેક શહેરની ક્ષિતિજ અલગ-અલગ છે એટલુ જ નહીં, દરેક સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય પણ અલગ-અલગ છે. છતાંપણ તેનું આકાશ અલગ નથી, સૂર્ય અલગ નથી. ખ્યાલમાં આવ્યું ને ! તે જ એક સૂર્ય કોઈ જગ્યાએ, કોઈ ક્ષિતિજની અનુસાર, કોઈ ઢંગથી ઊગી રહ્યો છે. તો આ વાત તમે સારી રીતે સમજી જાવ તો શ્રીમહાપ્રભુજીની આ વાત સમજમાં આવી જાશે.

દરેક જીવની પોતાની એક ખુદની ક્ષિતિજ હોય છે. પરબ્રહ્મની સાથે અક્ષરબ્રહ્મની સાથે, અક્ષર બ્રહ્મને સમજી લ્યો કે આકાશને સમજી લ્યો. પરબ્રહ્મને સૂર્યની જેમ સમજી લ્યો અને દરેક જીવને એક શહેર સમજી લ્યો. તો દરેક જીવના શહેરમાં અક્ષરબ્રહ્મનું આકાશ મૌજૂદ (હયાત) છે. અને તે અક્ષરબ્રહ્મના આકાશમાં પુરુષોત્તમનો એક સૂર્યોદય થઈ રહ્યો છે. તે તેનો જ સૂર્યોદય છે, તે બીજાનો નથી. પરંતુ તે તેનો સૂર્યોદય, તેથી સૂર્ય અલગ નથી. પુરુષોત્તમ અલગ નથી. એ વાત સમજી ગયા ?

સૂર્ય તે જ છે, આકાશ પણ તે જ છે. અક્ષરબ્રહ્મ બીજું નથી. પરંતુ અક્ષરબ્રહ્મની જે ક્ષિતિજ છે તે જીવે પોતાના દ્વારા ઉત્પન્ન કરેલી ક્ષિતિજ છે. બસ આ જ વાતને શ્રીમહાપ્રભુજી ચારણીના ઉદાહરણથી સમજાવવા ઈચ્છી રહ્યા છે. દરેક જીવ જે છે તે કેવો જીવ છે ? હજી એક વાત ધ્યાનથી સમજો ખૂબ જ સુંદર વાત જે તમને જલ્દીમાં કહેવાનું ભૂલી ગયો હતો. કે દરેક શહેર જે છે તે પાછો પૃથ્વીનો જ તો કોઈ એક અંશ છે કે બીજી કોઈ વાત છે ? કલકતા પણ હિન્દુસ્તાનનો કોઈ અંશ છે.

તો મુંબઈ પણ હિન્દુસ્તાનનો એક અંશ છે તે કોઈ અલગ તત્ત્વ નથી. પરંતુ મુંબઈએ પોતાની કોઈ એક ક્ષિતિજ બનાવી લીધી છે. કલકતાએ પોતાની એક અલગ ક્ષિતિજ બનાવી લીધી છે. પોતાની અંશ રૂપતાના કારણે તેની અલગ ક્ષિતિજ બનવાથી અલગ અલગ સૂર્યોદયનો સમય થઈ ગયો. પરંતુ સૂર્ય અલગ નથી, આકાશ અલગ નથી, પૃથ્વી અલગ નથી. નાના નાના શહેરો અલગ થઈ રહ્યા છે. તે જે ક્ષુદ્રતા છે તે શહેરોની ક્ષુદ્રતા છે. પૃથ્વીની ક્ષુદ્રતા નથી. આકાશની ક્ષુદ્રતા નથી, સૂર્યની ક્ષુદ્રતા નથી. આવી રીતે આને સમજો.

‘‘આત્મનિ બ્રહ્મરૂપેતુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ’’ આત્મા જે છે તે બ્રહ્મરૂપમાં જેમ આપણે એક ચારણી આકાશની સામે રાખી દીધી, તો ઘણાબધા છેદ આપણને આકાશમાં દેખાવા લાગે. તે ચારણીના કારણે આકાશના અલગ-અલગ છેદ છે. તે અલગ-અલગ દેખાતા હોવા છતાં પણ એક જ છે. એવી રીતે દરેક જીવાત્મા જે છે તે પરમાત્માએ એક અલગ-અલગ ધારણ કરેલ રૂપ છે.

‘‘ઉપાધિ નાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને’’ તેને અલગ કરવાની જે ઉપાધિ છે, એટલે કે કલકતાથી મુંબઇ સુધી એક અનવચ્છીન વસ્તી વસેલી નથી. વચમાં ઘણા પુલ આવી રહ્યા છે, કેટલાય જંગલ આવી રહ્યા છે. કેટલાય શહેર આવી રહ્યા છે. તેથી આપણને કલકતા અને મુંબઇ અલગ લાગે. એક વાત તમને પણ યાદ હશે કે પહેલા મુંબઇ જે હતી તે વર્લી સુધી હતી. પછી વધતા-વધતા માહીમ સુધી આવી અને પછી બોરીવલી સુધી ગઇ અને હવે કયાં સુધી પહોંચી ગઇ ? બહારગામવાળાને સમજમાં ન આવે કે તે પાર્લા છે, મુંબઇ નથી. આપણને પણ હવે સમજમાં ન આવે. પરંતુ એક જમાનો એવો હતો કે પાર્લા આવવું એટલે મુંબઈથી જવું છે એમ કહેવાતું અને હવે પાર્લામાં રહેવું મુંબઈમાં જ રહેવું કહેવાય છે. મુંબઈથી આવ્યો એમ કહેવાતું નથી. પહેલા તો કહેતા કે ભાઇ મુંબઈથી કયા જઈ રહ્યા છો ? તો કે ભાઈ પાર્લા જઈ રહ્યો છું. પાર્લાથી કયા જઈ રહ્યા છો ? મુંબઈ જઈ રહ્યો છું.

હવે આપણે પાર્લામાં રહીએ છીએ અથવા કાંદિવલીમાં રહીએ છીએ અથવા બોરીવલી કે ઘાટકોપર પણ મુંબઈમાં જ રહી રહ્યા છીએ. કેમ ? કારણ કે મુંબઇ જ ફેલાઈને આટલું મોટું થઇ ગયું છે. તો આમ જે ફેલાયેલ છે, તે ફેલાયેલ નથી તેના કારણે ઉપાધિ ઉત્પન્ન થાય છે. એક વાત બીજી વાતથી અલગ પડી જાય છે. તે શા માટે ? હવે વચ્ચેના જે રસ્તાના ખાલી પ્લોટ છે તે દેખાતા નથી. તેથી આખુ એક મુંબઇ દેખાઇ રહ્યું છે. મારા નાનપણમાં એ બધા ખાલી પ્લોટ મેં જોયેલા. અહીંથી અહીં સુધી આવવામાં વચ્ચે ખાલી જગ્યા આવતી હતી, મકાન નહોતા તેથી લાગતું હતું કે પાર્લા એક અલગ છે. મુંબઈથી

જાવું પડતું.

તો આમ કલકતાથી મુંબઇ અલગ લાગે. પરંતુ કયારેક સમજો કે ન કરે નારાયણ અને હિન્દુસ્તાનમાં એવો કોઈ દુઃખદ અધ્યાય આવે. તો સમજો કે આવો દુઃખદ અધ્યાય કયારેક ઉત્પન્ન થઈ જાય કે કલકતાથી મુંબઇ સુધી એક વસ્તી વસેલી દેખાય. તેથી આપણને ન કલકતા અલગ લાગે કે ન મુંબઈ અલગ લાગે. બધું એકાકાર થઈ જાશે. મોટેભાગે પ્રલયની સ્થિતિ હશે.

પરંતુ એક વાત સમજો આ રીતનું અદ્વૈત ઉત્પન્ન થવું ખૂબ જ ખતરનાક વાત છે. પરંતુ તે ઉપાધિ જો નષ્ટ થઈ જાય તો તમને પોતાની બ્રહ્માત્મકતા સમજમાં આવી જાશે. આ જે વચ્ચેની ઉપાધિ છે. તમારામાં નાના-નાના સર્કલ ઉત્પન્ન કરી રહી છે, તેના કારણે તમને ભેદ અનુભવમાં આવી રહ્યા છે. તે સર્કલને ઉત્પન્ન કરનારી ઉપાધિ ખતમ થઈ ગઈ તો દરેક ચીજ જે છે તે હિન્દુસ્તાન છે તે સમજમાં આવી જાશે. કલકતા પણ હિન્દુસ્તાન છે. મુંબઈ પણ હિન્દુસ્તાન છે એ સમજમાં આવી જાશે.

ગઙ્ગા-તીર-સ્થિતો-યદ્વત્ દેવતાં તત્ર પશ્યતિ ॥ ૧૩ ॥

તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની[1] પ્રપશ્યતિ ॥

જે સમજદાર માણસ છે, જ્ઞાની છે અને તે જ્ઞાની કેવો ? કે તે પોતાને જાણી રહ્યો છે કે ખુદ શું છે ? કૃષ્ણના માહાત્મ્યને જાણી રહ્યો છે કે કૃષ્ણ કોણ છે? માહાત્મ્ય શું છે ? કૃષ્ણમાં તેની અનન્ય રતિ પણ છે. એ વાત હું પહેલા શું કામ બતાવી ચૂકયો ? કે ‘‘તત્રૈવ દેવતા મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્’’ ભકિત હશે તો કૃષ્ણ દેખાશે, નહીંતર તો અક્ષરબ્રહ્મ જ દેખાશે. સમજમાં તો અક્ષર બ્રહ્મ જ આવશે. તો ‘‘ગઙ્ગા તીર સ્થિતો યદ્વત્’’ ગંગાના તીર પર ઉભેલા ભકતને જેમ ગંગાજીના દર્શન થઈ જાય છે તેમ આ હકિકતને સમજી જાય છે કે હું અને કૃષ્ણ અલગ નથી. છતાંપણ હું કૃષ્ણની સેવા કરવા માટે કૃષ્ણમાંથી પ્રકટ થયેલ બીજો કૃષ્ણ છું તો તેને કૃષ્ણ દેખાવા લાગશે.

‘‘તથા કૃષ્ણં પરં બ્રહ્મ’’ આવી રીતે પરબ્રહ્મ શ્રીકૃષ્ણને ‘‘સ્વસ્મિન્

જ્ઞાની પ્રપશ્યતિ'' જ્ઞાની મતલબ અક્ષરબ્રહ્મવાળો જ્ઞાની નહીં. પરંતુ જે ઉપર ચાર વાત બતાવીને! **''જીવાત્માના સ્વરૂપનું જ્ઞાન, પરબ્રહ્મ-માહાત્મ્યનું જ્ઞાન, શ્રીકૃષ્ણમાં અનન્ય રતિ અને તેને અનુકૂલ ક્રિયા''** આવો જ્ઞાની પોતાની અંદર કૃષ્ણને પાળશે, કૃષ્ણ તો મારી અંદર છે, કૃષ્ણ મારી ચારેબાજુ છે. **''જીત દેખુ તીત કૃષ્ણ મયીરી''** આવી રીતે.

સંસારી$^{૨/૩}$ યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ॥ ૧૪ ॥
અપેક્ષિત-જલાદીનામ્ અભાવાત્ તત્ર દુઃખભાક્ ॥

સંસારી શું કરશે ? તે શ્રીકૃષ્ણનો ભકત છે પરંતુ તે પોતાની અંદર કૃષ્ણને શોધી શકશે નહીં. તો બહાર પણ કૃષ્ણને શોધી શકશે નહીં. તેથી કયા શોધશે ? કોઈને કોઈ હવેલીમાં કે હા કૃષ્ણ સિર્ફ (માત્ર) આ હવેલીમાં કેદ છે અને તે હવેલીમાં કેદ કૃષ્ણના દર્શન કરીને પોતાના ધંધા પર જવું છે નહીંતર સંસાર કેવી રીતે ચાલશે.

''સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો'' તેને દૂર રાખવા માટે ઝાપટીયા પણ એક તૈયાર છે. માર ઝાપટ, માર ઝાપટ. અમારા સેતુએ નાથદ્વારા દર્શન કરીને ખૂબ જ સુંદર ટીપાણી (કોમેન્ટ) કરી કે, નાનાજી ખૂબ જ આનંદ આવ્યો. શ્રીનાથજીબાવાના દર્શન કરવા જાય તો તેને લોકો કોરડા મારી રહ્યા હતા. શા માટે? ''દુરસ્થો'' તે પાસે પહોંચી જ ન શકયા, તે કોરડા ખાવાને લાયક છે નાલાયક. કૃષ્ણની સેવા ઘરમાં નથી કરતા. તેથી કૃષ્ણ તેનાથી દૂર જ રહેવાનો છે. પાસે જાશે તો કોરડા પડશે, એક નહીં પચ્ચાસ રીતે કોરડા પડશે.

''અપેક્ષિત જલાદીનામ્ અભાવાત્ તત્ર દુઃખભાક્'' તે દુઃખી જ રહેવાવાળો છે કોરડા ખાઈને. કારણ કે કૃષ્ણની સેવા ઘરમાં પધરાવી રહ્યો નથી. શ્રીજીને ઘરમાં પધરાવીને સેવા કરવા ઈચ્છતો નથી. કૃષ્ણથી દૂરી જ ઈચ્છી રહ્યો છે કે કૃષ્ણ તો કયાંક દૂર હવેલીમાં બીરાજેલ છે અને હા જલ્દીથી ફટાફટ દર્શન કરીને, થોડીક મઠડી-મોહનથાળ લઈને ધંધા પર જવું ખૂબ જ જરૂરી છે. કૃષ્ણ પાસે રહેવું જરૂરી નથી. કૃષ્ણને ઘરમાં પધરાવવો જરૂરી નથી. તે દૂરી જ પ્રકટ

કરે છે. પોતાનાથી શ્રીકૃષ્ણને વધારે દૂર કરીને હવે તે પાછો ભજન કરવાનું ઈચ્છે તો દુઃખીને દુઃખી જ રહે. ''સ દૂરસ્થો યથા તથા અપેક્ષિત જલાદીનામ્'' તેને એપક્ષિત જલ કયારેય મળતું જ નથી. કારણ કે ગંગા મળશે કયા ?

એટલા માટે જ આપણા વડીલોએ ખૂબ જ સુંદર વાત કરી હતી કે ''**મન ચંગા તો કઠૌતી મેં ગંગા**'' અને મનમાં દંગા છે તો ગંગાના તટ પર હોવા છતાં પણ ભંગા જ થશે. ભાગી જશે કાંઈ રહેશે નહીં. ત્યાં ગંગા થોડી હોય ? નદી વહી રહી છે. ઉપદેશ કાંઈક આવો થઈ રહ્યો છે. તો મનમાં પણ કાંઈક આવો દંગા હશે તો ત્યાં પણ ગંગા પ્રાપ્ત થશે નહીં. ''**મન ચંગા તો કઠૌતી મે ગંગા**''.

તમને લોકોને ખબર હોય કે નહીં, પરંતુ આપણે ત્યાં એટલા માટે શ્લોક છે કે જયારે આપણે શ્રીઠાકોરજીની સેવામાં નાહીએ. ''**શ્રીકૃષ્ણવલ્લભે દેવી યમુને તાપહારિણી સેવાયૈ સ્નાતુમ્ ઇચ્છામિ જલેસ્મિન્ સન્નિધિં કુરું**'' હે શ્રીકૃષ્ણની પ્રિયા શ્રીયમુનાજી હું શ્રીકૃષ્ણની સેવા કરવા માટે સ્નાન કરવા ઈચ્છી રહ્યો છું, તો તમે આ જલમાં પ્રકટ થઈ જાવ. તો આપણા ઘરમાં શ્રીયમુનાજી પ્રકટ થઈને આપણને એટલા શુદ્ધ કરી દે કે તનુનવત્વથી તમે શ્રીકૃષ્ણની સેવા કરી શકો.

''**જલેસ્મિન્ સન્નિધિં કુરું**'' આ જલમાં તમે પ્રકટ થઈ જાવ. આમ શ્રીયમુનાજીને પ્રાર્થના કરીને સ્નાન કરીએ છીએ. ઘરમાં જ હોં ! ત્યાં શ્રીયમુનાજીના કિનારે નહીં. અહીં ઘરમાં શ્રીયમુનાજી પ્રકટ થઈ શકે છે આ શ્લોક તેનું પ્રમાણ છે. કૃષ્ણ સેવા માટે મારા હૃદયમાં કંઈક તાપ છે અને મારે સેવા કરવી છે. તેથી આપ જલમાં પ્રકટ થઈ જાવ. તો શ્રીયમુનાજી પ્રકટ થઈ જાય. પરંતુ મન ચંગા હોય તો. મનમાં દંગા હોય તો તો ચૂડી (કંગન) ચડાવવા ત્યાંજ જવું પડશે. પછી તો કથા બદલી ગઈને ?

''અપેક્ષિત જલાદિનામ્ અભાવાત્ તત્ર દુઃખભાક્'' તેને દરેક વખતે તે જ તકલીફ રહેશે કે તે જલ આવશે કયાંથી તે જલ આવે નહીં તો લ્યો ફ્રન્ટીયર મેલની ટિકિટ, ડિલકસની ટિકિટ લ્યો. રાજધાનીની ટિકિટ લ્યો. પછી

શ્રીયમુનાજીના જલ મળે ક્યા ? ત્યાં જઈને જુઓ તો ખબર પડે કે શ્રીયમુનાજી તો વીસ માઈલ દૂર દિલ્હીની પહેલા જ બંધ બાંધીને રોકી લીધી છે અને જે વહી રહી છે તે તો દિલ્હીની ગટર શુદ્ધ (રીફાઈન) કરીને શ્રીયમુનાજીમાં વહી રહી છે. ત્યાં પણ શ્રીયમુનાજી મળશે નહીં. મનમાં દંગા ઉત્પન્ન થઈ ગયો ને ! એ વાત સમજો. આ તો આપણી પુષ્ટિમાર્ગની વાત છે. તે વાત સમજો ''ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્'' ભકિત વગર એ વાત દેખાતી નથી. ડિલકસની ટિકિટથી શ્રીયમુનાજીના દર્શન થશે નહીં. દષ્ટિ ડિલકસ હોવી જોઈએ ડિલકસનો મતલબ સમજો. ખૂબ જ ઉત્તમ (એકસેલેન્ટ) તો ડિલકસ (ઉત્તમ) દષ્ટિ છે તો તે વાત દેખાશે, ડિલકસ ટ્રેનથી તે શ્રીયમુનાજી દેખાશે નહીં.

તસ્માત્ શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ।। ૧૫ ।।
આત્માનન્દ-સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।।

તેથી શ્રીકૃષ્ણ માર્ગસ્થ થઈને સર્વલોકથી વિમુકત થઈને ''આત્માનન્દ સમુદ્રસ્થ'' આપણા આત્મામાં ભરેલા વ્રજભકતોના ભાવનો જે આનંદ છે તે આનંદમાં વિહાર કરવાવાળા શ્રીકૃષ્ણનું ચિંતન કરો યાર ! અહીં તહીં ભટકો નહીં તમને કૃષ્ણ મળશે નહીં, બીજો કાંઈક લફડો મળી રહ્યો છે એ વાત ધ્યાનથી સમજો.

''આત્માનન્દ સમુદ્રસ્થં'' વ્રજભકતોના ભાવ તમારા હૃદયમાં લાવો. જો વ્રજભકતોના ભાવ હૃદયમાં લાવશો તો તે ભાવમાં નિત્ય વિહાર કરવાવાળો, શાશ્વત વિહાર કરવાવાળો કૃષ્ણ તમને બધી જગ્યાએ પ્રાપ્ત (એવેલેબલ) છે. તેના માટે તમારે દુઃખી થવાની કોઈ જરૂરત જ નથી. શ્રીયમુનાજી પણ બધી જગ્યાએ પ્રાપ્ત છે. પરંતુ તમે કહો કે ડિલકસમાં ત્યાં ગયા વિના અમનેસંતોષ કેવી રીતે થાય ? મથુરાના ચણા-ચેવડો-રેવડી-ગજજકની પૂરી આહા...હા...હા... લાળ ટપકી ગઈને ! પછી તો ત્યાં શ્રીયમુનાજી મળશે નહીં. કારણ કે અહીંયા ગજ્જક રેવડી કોણ લાવશે ? ચણા-ચેવડો કયાથી લાવશે ? તે પેંડા કયાથી આવશે ? સુકા મીઠા પેંડા, બુંદીના, મનોહરના, મોહનથાળના, કેસરી ધરીયા નેગ, લાવીને ઘનશ્યામ પ્યારે પેંડા, બરફી, બદામપાક, પેઠા પાક,

માવાદાર ગુંજા ખાયકે એટલે કે આ બધું ખાવા માટે સ્વાદ માટે જતા હોવાથી તે અહીં ક્યાંથી આવશે? તેના માટે તો ડિલકસની ટિકિટ લેવી પડશે. ડિલકસ દૃષ્ટિની જરૂર પડશે નહીં. એ વાત સારી રીતે સમજી જાવ.

લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા ॥ ૧૬ ॥
કિલષ્ટોઽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ॥

હવે શ્રીમહાપ્રભુજી ગીલીન્ડરનું વર્ણન કરી રહ્યા છે. ''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં'' આ પેઠાપાક, માવાદાર ગુંજા ખાયને ત્યારે તો ડિલકસ ટિકિટ લેવી પડશે. પછી દૃષ્ટિની જરૂર નથી. ડિલકસ ટિકિટ લાવીને ફટાકથી જાવ. પેંડા ખાવ, બુંદી ખાવ, મોહનથાળ ખાવ, ગજ્જક રેવડી ખાવ, આનંદ જ આનંદ છે, બધા સ્વાદ ત્યાં મળશે.

''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં'' પરંતુ થશે શું ? ''કિલષ્ટો ભવતિ સર્વથા'' ડાયાબીટીસ થઈ જાશે, બ્લડ પ્રેસર વધી જાશે, એસીડીટી વધી જાશે, ત્યાં તમને પંડા લૂંટી લેશે. કંઈક દંડા મારશે, પાછા ફરતા ફરતા તમારી શ્રદ્ધા ખતમ થઈ જાશે. પચ્ચાસ લફળા ઉભા થઈ જાશે. ''કિલષ્ટો ભવતિ સર્વથા'' અંતમાં એક વાત શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે કોશિશ કરીને જે પણ કાંઈ તારો કૃષ્ણ ભજનમાં કલેશ છે તે કલેશને સહન કરતાં કરતાં પણ જો શ્રીમહાપ્રભુજીએ બતાવેલ રીતથી કૃષ્ણ સેવા કરતો રહેશે તો, બધોય કલેશ ખતમ થઈ જાશે. ''કિલષ્ટોઽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા'' આ બધી વાત શ્રીમહાપ્રભુજીએ સેવકના ત્રણ-ચાર રૂપ છે તેની બતાવી છે.

(ઉત્તમાધિકારાભાવે ભગવત્સેવાનુષ્ઠાનપ્રકારસ્થલયોઃ ઉપદેશઃ)- આ પ્રકારનો ઉત્તમાધિકાર હોય નહીં તો શું કરવું ? તે વાત શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે.

જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ॥ ૧૭ ॥
મર્યાદાસ્થસ્તુ ગઙ્ગાયાં શ્રીભાગવત-તત્પરઃ ॥

કારણ કે પૂજા અને ઉત્સવએ માહાત્મ્ય વધારવાના ઉપાય છે. ધ્યાનથી

સમજો. સ્નેહ વધારવના ઉપાય નથી. પૂજા અને ઉત્સવ જે છે તે કોઈનું માહાત્મ્ય વધારવું છે તો તેનાં ઉપાય છે, સ્નેહ વધારવાનાં ઉપાય નથી.

બીજા અર્થમાં ન લેતા, પરંતુ આ સમયમાં ભારતીય સંસ્કાર અનુસાર પતિને દેવ માનીને પતિની પૂજા કરવાવાળી કેટલી પત્ની હશે હિન્દુસ્તાનમાં ? કોઈ પતિ કહે તો ખબર પડે કે હા કોઈની પત્ની આવી છે ? પત્નીઓ બધી નદારદ છે. પરંતુ પોતાના પતિને સ્નેહ કરવાવાળી ઘણી પત્નીઓ હશે, તે હું પૂછીશ નહીં કારણ કે તે ખૂબ ગૂઢ રહસ્ય છે. પરંતુ સ્નેહ કરવાવાળી પત્નીઓ અત્યારે પણ ઘણી મળશે. પૂજા કરવાવાળી તો એકાદ કોઈ ભૂલે ચૂકે મળે તો મળે. દેવ માનીને પતિની પૂજા કરવાવાળી પત્ની કયા છે ? બધા કહે કે પતિદેવ-પતિદેવ પરંતુ પૂજા કરવાવાળી પત્ની કોણ હોય ? ખૂબ જ મૂશ્કેલ કામ છે. સેવા કરવાવાળી પત્ની મળી શકે, પરંતુ પૂજા કરવાવાળી નહીં મળી શકે. પૂજા કયારે કરે ? કે જયારે માહાત્મ્ય ખૂબ જ વધી ગયું હોય તો પૂજા કરે.

એક વાત ધ્યાનથી સમજો કે પૂજા અને ઉત્સવ જે છે તે માહાત્મ્ય વધારવાના ઉપાય છે. જો આપણને માહાત્મ્ય સમજમાં નથી આવી રહ્યું તો નિરંતર કોઈ ચિજની પૂજા કરતા રહીએ તેના ઉત્સવ મનાવતા રહીએ, તો ધીરે ધીરે તેનું માહાત્મ્ય મગજમાં દૃઢ (કન્વીન્સ) થઈ જાય કે આની સાથે જોડાયેલા બધા પૂજા અને ઉત્સવના પ્રકાર છે.

સ્નેહ વધારવાનો ઉપાય શું છે કે ભાગવત તત્પર થઈને રહેવું, આ કથા સાંભળવી તે નહીં હો ! નિત્ય-નિયમથી ભાગવતની જે લીલાઓ છે તેને વાગોળવી. ભાગવતમાં જે ભગવાનની લીલા વર્ણીત કરેલ છે તેના બધા પ્રકારના અનુવાદ આજ આપણી પાસે પ્રાપ્ત છે. અષ્ટસખાએ કરેલા, દયારામભાઈએ કરેલા અને આ સિવાય પણ ઘણા ધોળ-પદ દ્વારા ભગવાનની લીલાને વાગોળવા માટે બધા અનુવાદ આપણી પાસે મૌજુદ છે. તે સમજવાની આવશ્યકતા છે. સપ્તાહ વિધિ કરવાની આવશ્યકતા નથી. તે તો પૂજા-ઉત્સવનો પ્રકાર છે. એ વાત ધ્યાનથી સમજો તે સ્નેહ વધારવાનો પ્રકાર નથી. તો ભાગવત તત્પર થઈને રહેવું જોઈએ.

અનુગ્રહ: પુષ્ટિમાર્ગે નિયામક ઇતિ સ્થિતિ: ॥૧૮॥
ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ॥
જ્ઞાનાધિકો ભકિતમાર્ગ: એવં તસ્માત્ નિરૂપિત: ॥૧૯॥

શ્રીમહાપ્રભુજી અંતમાં એક વાત કહી રહ્યા છે. ‘‘અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ’’ બધાથી નિયામક પરિબળ છે પુષ્ટિમાર્ગમાં, તે તો અનુગ્રહ છે. ભગવાન તમારા પર અનુગ્રહ કરશે, તો તમારામા માહાત્મ્ય અને જ્ઞાન બન્ને પ્રકટ થઈ જાશે. તમારામાં માહાત્મ્ય જ્ઞાન અને સ્નેહ બન્ને પ્રકટ થયા છે તો તેને તમારી બુદ્ધિ કે દિલની કોઈ ઉપલબ્ધી ન માનો. તેને ભગવાનનો અનુગ્રહ માનીને ચાલો.

ભગવાન અનુગ્રહ કરશે તો તમારી બુદ્ધિમાં માહાત્મ્ય જ્ઞાન અને હૃદયમાં સ્નેહ પ્રકટ થઈ જાશે અને તમારા હૃદયમાં જો ભગવાન પ્રતિ થોડીક પણ લલક છે, થોડોક પણ સ્નેહ છે, તમને ભગવાનના માહાત્મ્યની થોડીક પણ સમજ છે તો એવું ન માનો કે એ તો મેં સત્સંગ કર્યો હતો, મેં ગ્રંથનો અભ્યાસ કર્યો હતો, મેં પુસ્તક વાંચી હતી, મેં પરીક્ષા આપી હતી તેનું કારણ છે એવું ન સમજો. પરંતુ એવું માનો કે પ્રભુએ મારા પર અનુગ્રહ કરી દીધો બીજુ મારે શું જોઈએ ?

ભગવાન અનુગ્રહ કરે તો શું કોઈ શિંગડા ઉગવાના ? અનુગ્રહ શું છે ? તો પ્રભુનું માહાત્મ્ય મને સમજમાં આવ્યું, પ્રભુ પ્રતિ થોડોક પણ સ્નેહ મારામાં પ્રકટ થયો તો બસ મારા પર પ્રભુનો અનુગ્રહ થઈ ગયો. જો આ વાતને સમજશો તો અનુગ્રહ પણ વધતો જશે. તમારા હૃદયમાં સ્નેહ પણ વધતો જશે. તમને ભગવાનની સમજ પણ વધતી જશે. કારણ કે તમારી અહંતા–મમતા તમારા સ્નેહ અને જ્ઞાનમાં આડી આવશે નહીં. તમે તમારા ભગવત્ સ્નેહને અને માહાત્મ્ય જ્ઞાનને ભગવત્ અનુગ્રહ રૂપ ન માન્યો અને પોતાની ઉપલબ્ધી માની તો તમારી અહંતા અને તમારી મમતા ન જાણે કયારે આડે આવીને તમારા જ્ઞાન અને સ્નેહને ભ્રષ્ટ (કરપ્ટ) કરી દેશે. કોઈને કોઈ વાયરસ તે ફાઈલમાં ઘૂસી જશે. તો જુઓ તે વાયરસ ઘૂસવાની જે પ્રક્રિયા છે તે સારી રીતે સમજી લ્યો.

‘‘ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ’’ શ્રીમહાપ્રભુજી કેટલી સુંદર

વાત કહે છે ! ''જ્ઞાનાધિકો ભકિતમાર્ગઃ એવં તસ્માત્ નિરૂપિતઃ'' આવી રીતે તમને હવે સમજાવી દીધુ કે ભકિતમાર્ગ જ્ઞાનથી કેટલો અધિક છે. કેટલુ બધું તમને આપી રહ્યો છે ? જ્ઞાન તમને શું આપશે ?આપી આપીને અક્ષરબ્રહ્મ આપશે. હું તમને કૃષ્ણ આપી રહ્યો છું તે જ્ઞાન તમને કૃષ્ણમાં અક્ષરબ્રહ્મ આપી રહ્યો છે, હું તમને આ ભકિતના પંચમ પુરુષાર્થ દ્વારા અક્ષર બ્રહ્મમાં કૃષ્ણ આપવા જઈ રહ્યો છું. તમારામાં છે લેવાની તૈયારી ? લઈને પછી જુઓ. એક વખત આ કામ કરીને જુઓ તમને અનુભૂતિ થશે કે કૃષ્ણ કેટલો અનુગ્રહશીલ છે, અનુગ્રહ નિયમક છે. તમારા પ્રેમ અને સ્નેહમાં તમારી અહંતા-મમતા નિયામક નથી.

એક વાત ધ્યાનથી સમજો. પહેલા મેં આ વાતનો ખુલાસો કરી દીધો કે ભકિત પંચમ પુરુષાર્થ છે અને ભકતનું કર્તવ્ય શું છે ? જે પંચમ પુરુષાર્થકાંક્ષી વ્યકિત છે તેનું કર્તવ્ય શું છે. તે સ્વ સિદ્ધાન્ત વિનિશ્ચયથી સમજાવી રહ્યા છે. જો પંચમ પુરુષાર્થ તમને પુરુષાર્થ નથી લાગતો, ભકિતની મહત્વાકાંક્ષા તમારી અંદર નથી. તો પછી તમે કૃષ્ણ સેવાના લફડામાં પડશો તો તમારો સત્યાનાશ થઈ જશે. તમારો ઉદ્ધાર નહીં થાય. એ વાત સમજો.

(ભક્ત્યભાવેઽન્યથાભાવમાપન્નસ્ય ભગવત્સેવા વ્યર્થા)- ભકિતના અભાવમાં અન્યથાભાવે કરવામાં આવતી ભગવત્સેવા તો વ્યર્થ જ હોય છે.

ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ ॥
અન્યથાભાવમાપન્નસ્ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ ॥ ૨૦ ॥

શ્રીમહાપ્રભુજી ખૂબ જ સુંદર ઉદાહરણ આપીને સમજાવી રહ્યા છે કે જેને ગંગાજીમાં ભકિત નથી, તે ગંગાજીના કિનારે રહીને ગંગાજીને સંડાસના લોટા માટે વાપરશે (ગંગાજીનો અન્ય ખરાબ ઉપયોગ કરશે) તો જે પાપ ગંગાજીના કિનારા પર ન રહેવાવાળાને કયારેય નહોતુ લાગતું તે જ પાપ ગંગાજીના કિનારા પર રહેવાવાળાને જ લાગશે. આપણને પુષ્ટિમાર્ગીઓને ભકિત નથી તેથી આપણે કૃષ્ણને આપણા ધંધામાં વાપર્યો, ભકિત નથી તેથી

આપણે કૃષ્ણ સેવાને આપણી આજીવિકા અથવા વ્યવસાયિક સ્વરૂપ આપી દીધું.

ભૂલે ચુકે આપણા હૃદયમાં ભકિત હોત તો આપણને શ્રીકૃષ્ણની ભકિતના પ્રદર્શન માટે આવશ્યકતા જ ન રહેત. શ્રીકૃષ્ણને કમાવા માટે વાપરવાની જરૂરત જ ન રહેત. ભકિત નથી તેથી આપણો આ સત્યાનાશ થયો છે. ધ્યાનથી સમજો આપણે ભકિતને પરમ પુરુષાર્થ નથી માન્યો, અર્થ અને કામનો પરમ પુરુષાર્થ માન્યો. બેવકૂફ વૈષ્ણવોએ આ સેવાને ધર્મ માની લીધો કે આ સેવા ધર્મ છે. ધર્મ પુરુષાર્થના પ્રકારે ભકિત કરવા ઈચ્છી. તેથી પુષ્ટિમાર્ગનો આજે સત્યાનાશ થયો.

''ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ'' આપણા દુષ્ટ કર્મોથી ''અન્યથાભાવમાપન્નસ્ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ'' તે સ્થાનના કારણે નષ્ટ થઈ રહ્યો છે, તે સ્થાન પર ન હોત તો બચી જાત. મે એમાટે જ ધોળ બનાવ્યું હતું કે **''લક્ષ્મીનાનાથ અને દેવાધિ દેવ તોય ભીખ વિના ભોગ નવ લાગે, દેવતાઓ સૌ મારી ઠેકડી ઉડાવે મારી મનડાની લાજના ભાંગે. ઓ વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું.''**

લક્ષ્મીના નાથના નામ પર આપણે ભીખ માંગી અને એક દિવસનો ભોગ પણ આપણે ભીખ માંગ્યા વગર જેને ન ધરી શકીએ તો લક્ષ્મીના નાથની તો દેવતાઓ પણ મજાક ઉડાવે કે યાર ! તુ શા માટે લક્ષ્મીની સાથે પરણ્યો ? અમને શું કામ પરણવા ન દીધાં ? એવી દુર્ગતિ તો અમારા ભકતો નથી કરતા, કોઈ શિવજીના નામ પર ભીખ માંગીને શિવજીનો ભકત શિવજીને ભોગ નથી ધરી રહ્યો હો ! કોઈ ભીખારીવેડા કરીને ગણપતિને ભોગ નથી ધરી રહ્યા. કોઈ દેવી-દેવતાઓને આ રીતે ભીખારીવેડા કરીને તેના ભકતો કયારેય ભોગ નથી ધરતા, જે રીતે આપણે કૃષ્ણના નામ પર ભીખારીવેડા આદર્યા છે.

આપણે શા માટે કરી રહ્યા છીએ ? આપણે આપણા શ્રીઠાકોરજીની આ દુર્ગતિ કરી. ''તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ'' આપણા હાથમાંથી શ્રીકૃષ્ણ ખોવાઈ ગયો, શ્રીકૃષ્ણને આપણે ખોઈ દીધો છે. કારણ કે શ્રીકૃષ્ણએ આપણને

ખોઈ દીધા છે.

શ્રીકૃષ્ણએ આપણને ખોઈ દીધા છે કારણકે આપણે શ્રીકૃષ્ણની સાથે સેવાનો સંબંધ ભકિત પુરુષાર્થની અંતર્ગત સ્થાપિત નથી કર્યો. કોઈ અર્થ પુરુષાર્થની અંતર્ગત, કોઈ કામ પુરુષાર્થના અંતર્ગત, કોઈ ધર્મ પુરુષાર્થના અંતર્ગત સ્થાપિત કર્યો. તેથી આપણે બધા બેવકૂફીમાં ફસાઈ ગયા છીએ. તેથી શ્રીમહાપ્રભુજીએ ખૂબ જ ભારપૂર્વક આલોચના કરી. શ્રીમહાપ્રભુજી જેવા ભકિતમાર્ગના આચાર્ય, શ્રીમહાપ્રભુજી જેવો ભગવત્ સેવાનો આચાર્ય, ભગવત્ સેવાથી નાશ થવાની વાત કરે ? એટલે ધ્યાનથી સમજો કે કેટલી ગંભીર કથા છે અને કેટલી ગંભરીતાથી (સીરિયસલી) આને લેવી જોઈએ. પરંતુ કેટલી હળવાશથી (લાઈટલી) આપણે તેને લીધી છે.

(ભગવત્સેવોપદેશોપસંહારઃ)- ભગવત્સેવાના ઉપદેશનો ઉપસંહાર.

એવં સ્વ-શાસ્ત્ર-સર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્ ॥
એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વ-સંશયાત્ ॥ ૨૧॥

શ્રીમહાપ્રભુજી શું વાત કરે છે ? કયારેક તો આ શ્લોક ઉપર ધ્યાન આપો, કયારેક તો ધ્યાન આપો. શ્રીમહાપ્રભુજી ગ્રંથનો ઉપસંહાર કરતી વખતે, ભગવત્ સેવાના ઉપદેશનો ઉપસંહાર કરતી વખતે, કઈ વાત કહેવા ઈચ્છી રહ્યા છે ? કે મેં મારા સ્વશાસ્ત્રનો, જે પણ કંઈ મારું ભકિતશાસ્ત્ર હતું, તે ભકિત શાસ્ત્રનું સર્વસ્વ ઘણુ ગુપ્ત હતું અને તે તમને સમજાવી દીધું. જો તમે આ વાતને સમજી ગયા તો બધા સંશયથી તમારે મુકત થવું જોઈએ અને ન સમજયા તો આ સેવાને કારણે તમારો સત્યાનાશ જ થવાનો છે. તે વાત ધ્યાનથી સમજો.

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા સિદ્ધાન્તમુક્તાવલી સમ્પૂર્ણા ॥

॥ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ॥

ભૂમિકા :-

એ તો આપણી બોલચાલની ભાષામાં અભિમાન અને અહંકાર એકબીજાના પર્યાયમાં વપરાતા શબ્દો છે, પરંતુ બંનેની અર્થછાયા અલગ-અલગ છે. જેને આપણે ધ્યાનમાં લેવું પડશે. અહંકાર એક નિર્દોષ શબ્દ છે અને તેની નિર્દોષતાને જાણાવવા માટે 'કાર' એમ લગાડવામાં આવે છે, જેમ અકાર. અકાર નો અર્થ શું ? 'અ' જેને આજની ચાલુ ભાષામાં કોઈપણ શબ્દને અથવા અક્ષરને (ઈન્વર્ટેડ કોમા) અવતરણ ચિહ્નમાં લખી લઈએ 'અ' અથવા જેમ ''ભોગીલાલ'' ઈન્વર્ટેડ કોમામાં લખીએ તેનો અર્થ વ્યકિત ન થતા, તેનો અર્થ નામ થઈ જશે. ભોગીલાલ એ નામ જયારે ઈન્વર્ટેડ કોમામાં ન વપરાયું હોય તો ભોગીલાલથી ચોક્કસ એક વ્યકિત અર્થ થઈ જશે.

એવી જ રીતે અહંકાર એટલે ''અહમ્'' ઈન્વર્ટેડ કોમામાં ઘણી જ નિર્દોષ વાત છે. હવે એ અહંકારને જે વખતે આપણે માનનો અને અભિતઃ માનનો વિષય બનાવી લ્યે અને દરેક વખતે એ જ વાપરવા લાગી જાય તો તે અહંકાર અભિમાન કહેવાય અને દરેક અભિમાનને આપણે એટલો નમ્ર (માઈલ્ડ) કરીએ તો ધીરે ધીરે આપણામાં થોડો એવો અહમ્ રહી જાય તો તે અહંકાર શબ્દથી કહેવાય.

આપણને પોતાના હોવાનો આ રીતનો અહેસાસ છે. જેમ આપણે કહીએ દેશાભિમાન, ધર્માભિમાન. ધર્માભિમાન એટલે શું ? એટલે કે આપણી અંદર કોઈ આ રીતનું પોતાના હોવાનો અહેસાસ (ધાર્મિક હોવાનો અહેસાસ) છે કે જે અહેસાસમાં તમે ધર્મને કયારેય ભૂલી ન શકો. તે તમારું ધર્માભિમાન છે.

આપણે સ્વ જોડી દઈએ સ્વધર્માભિમાન, સ્વદેશાભિમાન તો અભિમાન શબ્દ ખૂબ જ હળવો (માઈલ્ડ) થઈ ગયો ને ! અહંકારને તમે અભિમાન સુધી ખેંચ્યો. તો ત્યાં પણ તે જ અભિમાન છે, અહંકાર જ છે. પરંતુ જયારે તમે તમારા અહમ્‌ને વધારે ફેલાવવા ઈચ્છો છો, તે એટલો ફેલાય કે તે

અહંકારને લોકો પસંદ ન કરે, તો ત્યારે તેને અભિમાન કહેવાય છે.

એક વાત ધ્યાનથી સમજો. દરેક નદીના કિનારા આપણે બાંધવા ઈચ્છીએ છીએ. જો નદી કિનારાના ગામમાં આપણે રહેવા જઈએ તો ? મનુષ્ય સમાજ બાંધ્યા વિનાના કિનારે રહેવાનું મોટેભાગે પસંદ કરશે નહીં. તો જયારે નદીના કિનારા આપણે બાંધીએ છીએ, ત્યારે આપણી અપેક્ષા એ હોય છે કે નદી આ બે કિનારાની વચ્ચે વહે. તો તે કિનારાની વચ્ચે વહેતી નદીને કોઈ પૂર કહેશે નહીં અને જે નદીના કિનારા તમે બાંધ્યા નથી તે નદીનું પૂર તમે કેમ બતાવશો ? ખ્યાલમાં આવ્યું ને ! તમે કિનારા બાંધ્યા હશે તો તે નદીના પૂરનું તમે નિરૂપણ કરી શકો, કે ભાઈ પહેલા ત્યાં વહેતી હતી, હવે તે અહીં આવી ગઈ તો તે પૂર થઈ ગયું.

દરેક સમાજ, દરેક પરિવાર, દરેક ધર્મ, દરેક સંસ્થા એ વ્યકિતઓનો સમુદાય છે. એક જ વ્યકિત નથી, ઘણીબધી વ્યકિતઓ છે. તો જયારે ઘણી જ વ્યકિતઓ છે, જેમ ઘણીબધી ગાડી ચલાવવી છે તો આપણે રાઈટ ટ્રેક, લેફ્ટ ટ્રેક, રાઈટ ટ્રેકમાં પણ ફસ્ટ, સેકન્ડ, થર્ડ લાઈન માટે આવુ બધું બનાવીએ, જેથી તમારી ચાલતી ગાડી બીજી ગાડીને ટકરાય નહીં અને બીજી ચાલવાવાળી ગાડી તમારી ગાડીથી ટકરાય નહીં. ખ્યાલમાં આવ્યું ને !

તો સમાજનો, ધર્મનો, સંપ્રદાયનો, રાષ્ટ્રનો જે પણ કંઈ કહો તે વ્યકિતઓનો સમુદાય છે. વ્યકિતઓનો સમુદાય છે તો તેના કાંઈક કિનારાઓ બાંધવા પડે, કે ભાઈ તમે તમારા અહમ્‌ની સરિતા આ બે કિનારાની વચ્ચે વહેવડાવશો તો તે સાધારણ રીતે તમે તમારા હોવાનો અહેસાસ ઘોષિત કરી રહ્યા છો. પરંતુ કિનારા બાંધ્યા નથી તેનાથી વધારે તમે તમારી અહમ્‌ની સરિતાને વહેવડાવશો તો લોકો કહેશે કે અભિમાનનું પૂર આવી ગયું. વાત સ્પષ્ટ થઈ ?

આમ તો વહેતી સરિતા જ છે, પરંતુ કિનારાને પાર કરીને વહેતી હોય તો આપણે તેને પૂર કહીએ છીએ. એ વાતનો ખ્યાલ રાખજો કે કિનારા એ સરિતાએ બનાવેલા નથી, સરિતા કિનારા બનાવતી નથી, કિનારા આપણે બાંધીએ છીએ, આપણે બાંધેલા કિનારાને તોડીને સરિતા વહે તો તેને પૂર કહેવાય. આપણે

કિનારા જ બાંધતા નથી, તો કંઈક તે નદીનો વિસ્તરેલો પટ પૂર કહેવાશે ?

હવે જેમ તમે ગુજરાતની યાત્રા કરો તો તમને ખબર પડશે. એ નર્મદા, તાપી એ બધાય પરથી તમે પસાર થઈને જુઓ તો કયારેક બહુ જ પાતળી ધારા બાંધેલા કિનારાની વચ્ચે વહેતી હોય છે અને કયારેક તે બન્ને કિનારાની લગોલગ છલકાતી વહેતી હોય, કયારેક કયારેક વરસાદમાં તે પટના કિનારાને ઓળંગીને પણ વહેતી હોય તો ત્યારે આપણે કહીએ કે પૂર આવી ગયું.

તો આ વાત ધ્યાનથી સમજવી પડશે કે જે આપણો અહંકાર, પોતાપણાનો અહેસાસ છે, તે અહેસાસથી જે પણ કંઈ વાચિક અથવા માનસિક વર્તણૂંક કરીએ છીએ, તે વર્તનમાં તમારો અહેસાસ કેટલો છલકાવી રહ્યા છો ? કેટલો વહાવી રહ્યા છો ? તો સમુદાયે બાંધેલી કિનારાની અંદર વહેવડાવી રહ્યા છો, તો કોઈપણ અભિમાન કહેશે નહીં. પરંતુ જયારે તમારા અહેસાસને અથવા તમારા પણા હોવાના દાવાને, તે કિનારાને ઓળંગીને વહેવડાવશો, તેવું વર્તન કરશો તો બીજા કહેશે કે અભિમાની છે. વાત બરાબર છે ને ! તો ખૂબ ઓછુ અંતર અભિમાન અને અહંકારમાં છે. દરેક મંદ અભિમાન અહંકાર છે અને દરેક તીવ્ર અહંકાર અભિમાન થઈ જાય છે.

આ જે શબ્દની પર્યાયિતા છે તેને કારણે આપણને અહંકાર શબ્દ દોષરૂપ લાગવા મંડયો કે અહંકાર ન કરો, અહંકાર ન કરો. પરંતુ હકિકતમાં અહંકારમાં એવો કોઈ દોષનો પ્રશ્ન છે જ નહીં. જે પણ કાઈ દોષનો પ્રશ્ન આવે છે તે અભિમાનમાં આવે છે અને તે પણ ત્યારે આવે છે જયારે તમને તે મર્યાદા, જેટલી રાખવાની હોય તેટલી તમારો ધર્મ બતાવે છે, તે મર્યાદાથી વધારે અભિમાન રાખ્યું તો તેને માટે આપણે બીજા શબ્દો વાપરીએ છીએ. આવો ગર્વ છે, આવો દર્પ છે. બાકી જેમ તેનું પૂર મર્યાદાની બહાર વધતુ જાય તેમ તેમ તેનો નિંદાવાચક શબ્દ વધતો જાય. આવી રીતે ખૂબ જ થોડો તફાવત છે.

પત્રાવલંબનમાં મેં આ વિષય બતાવ્યો હતો કે એક પ્રયોગ તિઙંત છે અને એક કૃદન્ત પ્રયોગ છે. તિઙંન્ત પ્રયોગને સંસ્કૃતમાં ''કરોતિ'' કહે છે, જેનું ગુજરાતી આપણે સમજી શકીએ ''કરે છે'' અને કૃદન્ત પ્રયોગ કર્તા છે. કર્તા

એટલે શું જે કરતો હોય તે. જે કર્તા હોય તે કરે છે કે નથી કરતો ? પરંતુ તેમાં તે ‘‘કરોતિ’’ના પ્રાધાન્યથી, ક્રિયાના પ્રાધાન્યથી તમે વસ્તુનો નિર્દેશ કરો છો. અહીં વસ્તુના પ્રાધાન્યથી ક્રિયાનો નિર્દેશ કરે છે.

જ્યારે તમે કર્તા કહી રહ્યા છો ત્યારે તમે ક્રિયાના વિષયમાં બોલી રહ્યા નથી. કરવાવાળાના વિષયમાં બોલી રહ્યા છો, કરવાવાળો. તો જુઓ ! કરવાની ક્રિયાના વિષયમાં તમે બોલી રહ્યા નથી, કરવાવાળાના વિષયમાં બોલી રહ્યા છો અને જ્યારે તમે ‘‘કરોતિ’’ કહી રહ્યા છો ત્યારે પણ તમે કર્તાના વિષયમાં બોલી રહ્યા છો પણ તે ક્રિયાના પ્રાધાન્યથી બોલી રહ્યા છો.

તો તિઙ્ન્ત અને કૃદન્તનો જે ભેદ છે, અહંકાર એક રીતથી કૃદન્ત રૂપ છે અને સોલીડ ‘‘અસ્મિ’’ અર્થાત્ હું છું. તેનું તિઙ્ન્ત રૂપ છે એટલે ધ્યાનથી જુઓ. ગુજરાતીમાં આને કહેવું હોય તો ‘‘હું છું’’ હવે કાંઈ હું, હું, હું કરે અને કોઈ છું, છું, છું કરે તો છું, છું, છું, કરે તો અસ્મિતા છે, અને હું, હું, હું કરે તો અહંકાર છે. હું સમજુ કે વાત સ્પષ્ટ થઈ હશે.

જેમ કોઈ એક પ્રસંગ અથવા કોઈ એક પદાર્થનો સંદર્ભ આપી રહ્યા છો અને તેને કહી રહ્યા છો જેમ કે ગુણી, વિદ્વતા, એક તરફ વિદ્વતા કહેવું અને જેમ જ્ઞાનીતા અને જ્ઞાન. જ્ઞાનીતા તમે કહી રહ્યા છો, વિદ્વતા કહી રહ્યા છો તો તમે વસ્તુને લઈને બોલી રહ્યા છો, ક્રિયાને લઈને નહીં અને કોઈવાર ક્રિયાની પ્રધાનતાથી બોલવામાં આવે. જેમ કે જાણકાર અને જાણે છે, હું જાણુ છું, તો ક્રિયાને લઈને બોલો છો, પરંતુ આ જાણકાર છે તો વ્યકિતને લઈને બોલી રહ્યા છો. અસ્મિતા ક્રિયાને લઈને બોલવામાં આવે છે તે જ વાત અહંકાર વસ્તુને લઈને બોલવામાં આવે છે. અહીંથી આપણે આજનો વિષય શરૂ કરવાનો છે.

આને આપણે થોડુ ધ્યાનથી સમજવું પડશે. બાલબોધમાં સાંખ્યના પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ‘‘અહંતા-મમતા નાશે’’ અહીં સિધ્ધાન્તમુક્તાવલીમાં પણ એ કહ્યું કે ‘‘તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિર્’’ આમ આ સમગ્ર વિષયની જે પરિધિ છે તે અહંતા-મમતાની પરિધિ છે. તો તેને આપણે થોડુ ધ્યાનથી સમજીએ.

આપણે અહંતા-મમતાને જે રીતે સમજીએ છીએ તેની આપણને બે રીતની અનુભૂતિ છે. કેવી રીતે ? કંઈક આપણે આપણી જાતને માનીએ છીએ, તે આપણી અહંતા છે અને જે કંઈપણ આપણે આપણું પોતાનું માનીએ છીએ તે આપણી મમતા છે. વાત ધ્યાનથી સમજમાં આવીને !

આપણે અહંતા-મમતાના રૂપને કે અહંતા-મમતાની વ્યાખ્યાને જેટલી સરળ સમજીએ છીએ તેટલી સરળ નથી. કારણ કે કોઈ વિષયમાં આપણી મમતા એવી દૃઢ હોય છે કે જે વિષયની મમતાને કારણે આપણે આપણી અહંતાને છોડી દઈએ છીએ. આ મમતાનો વિસ્તાર (એરીયા) છે કે આપણે અહંતાને છોડી દઈએ છીએ. આપણી મમતા એ વિષયમાં એટલી વધારે ગાઢ થઈ ગઈ છે કે આપણી અહંતાને છોડવામાં આપણને તકલીફ થતી નથી.

કોઈ વિષય એવો હોય કે જયાં આપણી અહંતા એટલી ગાઢ હોય છે કે આપણી મમતા છોડવામાં તકલીફ થતી નથી. આપણો કોઈ વિષય એવો હોય છે, જયાં આપણી અહંતા અને મમતા બન્ને નિભાવવા ઈચ્છીએ છીએ, તે વિસ્તાર છે તમને વાત સમજમાં આવી રહી છે ને ! આને જરા ધ્યાનથી આ પ્રમાણે ઉદાહરણથી સમજો.

એક ગુંડાએ આપણને ધમકી આપી કે પાકીટમાં જેટલા રૂપિયા છે, તે કાઢો. આપણને રૂપિયામાં મમતા છે. પરંતુ ગુંડાની સાથે લડવાની અહંતા નથી. આપણે કહીએ કે ગુંડાગીરીથી કોણ માથાફોડી કરે, આપી દો. આમ આ રીતે આપણે ઘણા જ નિર્મમ થઈ જઈએ. પૈસાની કોઈ કિંમત હોતી નથી. મૂળવાત એ છે કે ત્યાં આપણે આપણી અહંતા છોડી રહ્યા છીએ. કારણ કે આપણને લાગે છે કે ગુંડાની સામે આપણે આપણી મમતા ટકરાવી તો સત્યાનાશ થઈ જશે, બધું જ જશે, સમૂલે વિનશ્યતિ.

કોઈ આપણી અહંતા એવી હોય છે કે જેને આપણે મમતાના ચક્કરમાં છોડી રહ્યા છીએ. કોઈ આપણી મમતા એવી હોય છે કે તેને આપણે કાયમ રાખી શકતા નથી. જેમ કે ઘરમાં આગ લાગે તો, કોઈ વિરલ લોકો જ એવા હશે કે આગ લાગે ત્યારે બીજાને પણ સાથે લઈને ભાગે, બાકી તો આગ લાગી ભાગો,

કોઈપણ રીતે બચો. જે બચી જાય તેને માટે આપણે કહીએ કે ઘણુ જ સારું થયું, તમે પણ આવી ગયા. મરી ગયા તેને માટે રોવા પણ તૈયાર હોઈએ કે ઘણું જ દુઃખ થાય છે કે મરી ગયા, તે મરી ગયા મૂળમાં આપણી મમતા તેવા સમયમાં એવી કાયમ કોણ રાખી શકે ?

અહીં સેંડસ રોડ ઉપર હોટલમાં આગ લાગી હતી. તે વખતે સાંજે હું કોલેજથી આવી રહ્યો હતો. તેથી ત્યાં ઉભો હતો. હોટલનો માલીક હતો નહીં. જયારે આગ લાગી ત્યારે ઘણો જ ધૂમાડો નિકળતો હતો, ખૂબ જ આગ નીકળતી હતી. હોટલનો માલીક આવ્યો. જયારે તે બહાર હતો ત્યારે તેણે જોયું કે તેની તિજોરી હોટલમાં રહી ગઈ છે. ત્યારે બધા લોકો તેને સમજાવી રહ્યા હતા કે અંદર જતા નહીં, પણ તેણે કહ્યું કે મારા જીવનની કમાણી અંદર રહી ગઈ છે, તે અંદર જઈને મરી ગયો. આટલી મમતા દરેકને ન હોઈ શકે, કોઈકને જ હોય.

હવે જુઓ પૈસા માટે મરી જાય, આપણને હસવું આવે. આવા ઘણા જ વિષયો હોઈ શકે. જેમાં આપણને એટલી મમતા હોય કે જયાં આપણે આપણી અહંતાની કોઈ કિંમત ગણતા નથી. આવું જ સુરતવાળા બેટીજી માટે કહેવામાં આવે છે. જે સમયે મંદિરમાં આગ લાગી, સુરતવાળા બેટીજી અંદર પધાર્યા, આખું શરીર બળી ગયું અને શ્રીઠાકોરજીને પધરાવીને બહાર આવ્યા અને મૃત્યુ પામ્યા. આટલી મમતા તો શ્રીઠાકોરજીમાં વિરલ વ્યકિતમાં જ હોય. બાકી તો આપણે એ જ વિચારીએ કે શ્રીઠાકોરજી સર્વ સમર્થ છે, આપણે શ્રીઠાકોરજીને બચાવવાવાળા કોણ ? શ્રીઠાકોરજી આપણને બચાવે કે આપણે શ્રીઠાકોરજીને બચાવીએ ? શ્રીઠાકોરજીની લીલા આપણે શું સમજી શકીએ કે શું છે ?

સમજમાં આવ્યું ને! કે આપણામાં કેવી ભકતની અહંતા છે ? તે બેટીજીવાળી મમતા, જે શ્રીઠાકોરજી પ્રતિ મમતાના સંદર્ભમાં અહંતા બળી ગઈ. જીવતી તાજી સ્વસ્થ અહંતા બળી ગઈ. જવાની કોઈ જરૂરત ન હતી, કોણે કહ્યું કે જાવ ? પરંતુ શ્રીઠાકોરજી અંદર છે, ઘરમાં આગ લાગી તો બહાર કેમ રહી શકું? તે મમતા હતી. વાત ખ્યાલમાં આવીને ? તો આપણી અહંતાનું કોઈ પાસુ એવું પણ હોઈ શકે. જેમાં આપણે મમતાને છોડી દઈએ છીએ. આનો સંબંધ

સારી-નરસી બન્ને વાતમાં છે. તેને કોઈ સારું અથવા ખરાબ માનીને ન ચાલવું જોઈએ. બન્ને તરફથી પરંતુ ત્રણ રીતથી સારું, ખરાબ અને ઉદાસીન એટલે કે ન સારું ન ખરાબ આવા ત્રણ આના સંદર્ભ હોઈ શકે છે.

આ આપણી અહંતા-મમતાની આ રીતની આંખ મીચોલી આપણી સાથે નિરંતર ચાલી રહી છે. કોને કેટલી છે ? તે તો પોતાનું પેટ જ જાણી શકે પાપ શું છે ? બીજો કોઈ કેવી રીતે કહી શકે કે કોનામાં શું વધારે છે, શું ઓછું છે ? આપણે પોતાએ છાતી ઉપર હાથ મૂકીને બધુ રહસ્ય સમજવાનું છે, કે કયા આપણી અહંતા વધારે છે, કયા આપણી મમતા વધારે છે. કયા આપણી અહંતા અને મમતાનો કોઈ એકનો નહીં, પરંતુ બન્નેનો સમુચિત રૂપનો પ્રયોગ કરીએ છીએ.

સિદ્ધાન્તમુક્તાવલી શરૂ થઈ હતી તે આ ભાવનાથી શરૂ થઈ હતી, કે તમારામાં પંચમ પુરુષાર્થને ઉપયોગી કોઈ અહંતા છે કે નહીં ? પંચમ પુરુષાર્થ ઉપયોગી કોઈ મમતા છે કે નહીં ? આવી જ રીતની અહંતા, તેવી જ રીતની મમતા ધર્મ સંબંધની, અર્થ સંબંધની મમતા, જે હોટલવાળાની વાત મેં બતાવી. એટલો પૈસાને પ્યાર કોને હોઈ શકે ? આવો પ્યાર હોવો એ કોઈ વિરલ સમર્થકનું કામ છે. દરેકનું કામ નથી માણસ ભાગી જાય કહેવત છે કે **''જીવતો નર ભદ્રા પામે.''**

મારી વાત સમજમાં આવી ને ? તો મુકિતની અહંતા, મુકિતની મમતા એ બધી વાત સંભવ છે. પરંતુ જો પંચમ પુરુષાર્થ ઉપયોગી અહંતા અને મમતા હોય તો સિદ્ધાન્તમુક્તાવલી શરૂ થાય, નહીંતર આપણે સિદ્ધાન્તમુક્તાવલી બંધ કરવી જોઈએ. કારણ કે જો પંચમ પુરુષાર્થ ઉપયોગી અહંતા-મમતા ન હોય તો ત્યારે કોઈને કોઈ અપ સિદ્ધાન્તમુક્તાવલી થઈ રહી છે. એવાતને ધ્યાનથી સમજો.

હવે આ વાત સમજાય ગઈ હોય તો આમા એક બીજુ પગથીયું એ આવી રહ્યું છે તે વાતને આપણે સંક્ષેપમાં પંચમ પુરુષાર્થ ઉપયોગી અહંતા-મમતાને આપણે આપણા પ્રભુના અંશ હોવાનો અહેસાસ કે હું પ્રભુનો અંશ છું,

પ્રભુ મારા અંશી છે, આ રીતની અહંતા-મમતામાં તેને બાંધો. ઈચ્છો તો આ પ્રકારની અહંતા-મમતામાં બાંધો હું પ્રભુનો સેવક છું, પ્રભુ મારા સ્વામી છે અથવા આ શબ્દોમાં કહો કે હું દાસ છું, તે ઈશ્વર છે. એવા પ્રકારની અહંતા-મમતામાં બાંધો.

આપણને વાત ઘણી સરળ લાગે છે પરંતુ તેના જુદા-જુદા પાસાને સમજવા પડશે. આ કેવી રીતે ? તો જેમ કોઈપણ રીતે સમજી લ્યો કે આના માટે કોઈપણ શબ્દનો ઉપયોગ કરો. ચાહે દાસ અને સ્વામી અથવા દાસ અને ઈશ્વર, ઈશ્વર અને જીવ, આત્મા અને પરમાત્મા અથવા અંશ-અંશી અથવા આપણે ત્યાની ભાષામાં ઠાકુર અને સેવક એ શબ્દોમાં કહો અથવા મારે માથે બિરાજતો ઠાકુર અને હું ઠાકુરનો સેવક આ શબ્દમાં કહો.

આ વાતને સમજવા માટે એક ચતુષ્કોણ બનાવીએ. એક એવો ચતુષ્કોણ કે જેનું ચિહ્ન એટલે કે સંબંધ કે તે મારો પરમાત્મા છે, હું તેની આત્મા છું અથવા તે મારો ઈશ્વર છે, હું તેનો ઈશીતવ્ય જીવ છું, એવા પ્રકારની અહંતા-મમતા અથવા તે મારા સ્વામી છે, હું તેનો સેવક છું. તે મારો ભગવાન છે, હું તેનો ભકત છું. કોઈપણ શબ્દમાં આ ચતુષ્કોણની વ્યાખ્યા કરવાની છૂટ છે. આ ખુલ્લો વિકલ્પ (ઓપન ઓપ્શન) છે, જે રીતે તેને લેવું હોય. આમા વિશેષ ઈચ્છવા યોગ્ય શું છે ? તે આપણે પછી વિચારીશું, અત્યારે આને ખુલ્લુ રાખીએ, આની શબ્દ રૂપાંતરની ઉપયોગીતા સમજીને ચાલો. તમારે એ જોવું પડશે કે તે ચતુષ્કોણ કયા કયા ગોઠવી શકીએ છીએ ?

તે બધાની પહેલા આપણે ધ્યાનથી ચતુષ્કોણને જોવો પડશે. એક એ બની રહ્યો છે કે નહીં ? શું કહેવામાં આવે છે તે વાત સમજમાં આવે છે કે નહીં ? તેનું ધ્યાન આપવું પડશે. જેમ એક ચતુષ્કોણ (અહંતા-મમતાનો પ્રભુ સાથેનો સંબંધ) આ રીતે પણ સંભવિત છે તેમ બીજી રીતે પણ ચતુષ્કોણ સંભવ છે અને તે બન્નેથી અલગ એક ત્રીજી રીતે પણ સંભવ છે. પરંતુ એ ભૂલતા નહીં કે તે જ અહંતા-મમતા છે, એ ત્રાણેય પ્રકારના ચતુષ્કોણ સંભવિત છે.

તે મારો સ્વામી છે, હું તેનો સેવક છું, તે મારો પરમાત્મા છે હું તેની

આત્મા છું. તે મારો ઠાકુર છે. હું તેનો સેવક છું. આવી રીતે આપણી બધી અહંતા–મમતા આવી ગઈ. જે કંઈપણ અહંતા છે, જે કંઈપણ મમતા છે તે આ અહેસાસનો ભાગ (પાર્ટ) છે અથવા આપણી અહંતા–મમતા છે તેમાં તેના પરમાત્મા અને મારો આત્મા, તે સ્વામી અને હું સેવક, તેના ભગવાન અને મારો ભકત હોવાનો મારો અહેસાસ છે. તે આવા પ્રકારનો પણ હોઈ શકે છે. ખ્યાલમાં આવ્યું ? ઉપરાંત, ત્રીજો આ પ્રમાણે પણ હોઈ શકે. આ બહું જ નાના અહંતા–મમતાના અહેસાસની અંદર ઘણા જ અહેસાસ છે. આપણી અહંતા–મમતાનો અહેસાસ ઘણો જ વિસ્તૃત છે. સેંકડો ચીજ–વસ્તુને તે આવરી રહ્યો છે. આમા એક અહેસાસ આપણી અંદર આ પણ છે કે આપણને એમ લાગી રહ્યું છે કે ઘર પણ મારું છે, ઔરત પણ મારી છે, પતિ પણ મારો છે, ધંધો પણ મારો છે, છોકરો પણ મારો છે, ઢીકડો–પૂછડો પણ મારો છે, ભગવાન પણ મારો છે.

તો આપણી અહંતા–મમતાના ઘેરાવામાં તેના ભગવાન અને મારા ભકત હોવાનો અહેસાસ પણ એક છે. કયાંય નથી તેમ વાત નથી અને મારી અહંતા–મમતા બન્ને તેની સાથે જોડાઈ ગઈ ''તત્ સિદ્ધયૈ તનુવિત્તજા'' આને તો મેં બધી રીતે આવરી લીધી. પરંતુ એવી સ્થિતિ નથી કે તેના સિવાય મારી અહંતા–મમતા નહીં હોય. તેનાથી મેં મારી અહંતા–મમતા બન્ને જોડી દીધી.

ધ્યાનથી જુઓ, અહીં પણ અહંતા–મમતા છે ખ્યાલમાં આવ્યું ને ! **''કાફિર તો નહીં હું, પર કહ્યો ન મુસલમાન, એક બુતસે ભી નિબાહ કીયે જા રહા હું''** પરિસ્થિતિ એ છે કે આમ તો બધું પ્રભુને સમર્પિત છે અને કંઈક કંઈક અસમર્પિત પણ છે અને કંઈક કંઈક અસમર્પિતનો આનંદ આવી રહ્યો છે અને જો સમર્પિત થઈ જશે તો સત્યાનાશ થઈ જશે. તો આવી પણ કોઈ અહંતાઓ અને આવી જ કોઈ મમતાઓ હોય છે. તો જયારે આપણને આવી સ્થિતિ પ્રાપ્ત થાય, ત્યારે મારી કોઈ અહંતા, મારી કોઈ મમતા એવી નથી કે જે અહંતા અને જે મમતા, તે પરમાત્મા છે, હું આત્મા છું, તે સ્વામી છે, હું સેવક છું, તે ભગવાન છે હું તેનો ભકત છું. આ પ્રકારના અહેસાસનો હિસ્સો ન હોય, અર્થાત્ તે તેનો હિસ્સો હશે. આવી પણ અહંતા–મમતા હોઈ શકે.

હવે મારી વાત સમજમાં આવી કે બધાને ઘણી કઠીન લાગે છે ? આ ત્રણ સમજમાં ન આવે, બાકી બધું સમજમાં આવે, અરે આ ત્રણ તો ભગવાનને પણ સમજમાં આવે કે નહીં એ પ્રશ્ન છે. તો તમે કયાંથી સમજી શકો? ત્રણ તો સમજમાં નથી આવતા બાકી તો બધું સમજમાં આવે. આ ત્રણને સમજવું તે બહુ સરળ નથી. લોઢાના ચણા છે. ભગવાન પણ પરેશાન છે. બે અને એકની વાત તો સરળ છે. બધી સમસ્યા ત્રણની છે. ખેર પરંતુ શું સમજમાં ન આવ્યું ?

એક, બે, ત્રણ અહીં છે, ત્રીજો છેને તે અહંતા-મમતાની પારસ્પરિક એકબીજાની ક્રિયા છે. વાત સમજમાં આવી ? એક એવો વિસ્તાર કે જે વિસ્તારમાં આપણે ન તો અહંતાને કારણે આપણી કોઈ મમતાસ્પદ વસ્તુને છોડી શકીએ છીએ અને ન તો મમતાને કારણે આપણી કોઈ અહંતાને છોડી શકીએ એવો વિસ્તાર. આવા પદાર્થો, આવા આપણા કાર્ય (ફંકશન), આવો આપણો વ્યવહાર, વર્તણૂંક, આવી આપણી માલમતા (પઝેશન), આપણી કબ્જાની વસ્તુ વગેરે ખ્યાલમાં આવ્યું ? તેમાં ઘણીબધી વિગતો (આઈટમો) હશે, ઘણીબધી સેંકડો-હજારો વિગતો હોઈ શકે. તેમાંથી એક વિગત કે યાદી ભગવાનની પણ છે તે ત્રીજી વાત થઈ ગઈ.

તો અહીં પણ આપણે આપણી અહંતા-મમતા ભગવાનથી જોડી છે. ખ્યાલમાં આવ્યું ને ? આપણે બધાએ સચ્ચાઈથી એક વાત કબૂલ કરવી જોઈએ કે કોઈપણની શરૂઆત કરવી તે ખરાબ કે અયોગ્ય નથી. શરૂઆત કરવી છે તો કોઈપણ કાર્ય અયોગ્ય કે અનુચિત નથી. જેમ કે બોલવાની શરૂઆત કરવી છે તો તોતડું બોલવું એ કોઈ ખરાબ વસ્તુ નથી, તે ઘણી મીઠી વસ્તુ છે. પરંતુ મોટા થયા પછી પણ તોતડાપણુ રહી ગયું, તો તે લફડુ છે.

બે છોકરા તોતડું બોલતા હતા. તેને છોકરીના બાપ પાસે મોકલ્યા કે જાવ, તમારો ચહેરો દેખાડી આવો, કે તમે કેટલા ખૂબસૂરત છો. બન્ને છોકરીના બાપ પાસે ગયા તે તોતડું બોલતા હતા. તે બન્નેને જોઈને છોકરીના બાપે કહ્યું કે ઘણા સારા લાગો છો. તો નાના છોકરાથી રહેવાયું નહીં. તો તેણે કહ્યું કે, હમણા

શું હમણા તો સલમાનજીની તોપી પહેરી નથી. ત્યારે જોવો તો, ત્યારે મોટા છોકરાએ કહ્યું કે ટુમ બોલે ટુમ બોલે, હું તો તુપતાપ છુ. બન્નેને લફરુ થઈ ગયું ને! આમ મોટા થયા પછી પણ તોતડાપણુ રહી ગયું તો લગ્ન થવા મુશ્કેલ છે.

બાકી છોકરા જો તોતડું ન બોલ્યા હોત તો ? પછી પણ લફડું છે. જે વ્યકિત બોલવાનો પ્રયાસ કરી રહ્યો છે તે બોલવાનાં પ્રયાસમાં તોતડું બોલે છે તો તેમાં આપણને એક મધુરતાનો રસ ટપકતો હોય તેમ લાગે છે અને જે મુરતિયો શાદી કરવા જઈ રહ્યો છે તે તોતડું બોલે તો ઘણી કડવાસ આવશે. શું થઈ ગયું છે? શું વાંધો (પ્રોબ્લેમ) છે ? શું કારણ છે ? તો તોતડું બોલવું તે સારું છે કે ખરાબ છે ? યોગ્ય છે કે અયોગ્ય છે ? તે પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે તમારી શરૂઆત છે કે શરૂઆત કર્યા પછી ત્યાં જ રોકાઈ ગયા. સવાલ માત્ર આટલો છે.

શરૂઆત કરવી કંઈ અયોગ્ય નથી પરંતુ શરૂઆતમાં જ તમે અટકી ગયા, આગળ વધ્યા જ નહીં ત્યારે કાંઈક તો પ્રશ્ન ઉત્પન્ન થશે ને ! કે આપણને લફડુ શું થઈ ગયું ? આ વાચાતંત્રમાં શું વાંધો કે ખામી થઈ કે આટલા મોટા થયા પછી પણ તોતડું બોલે છે. તો શરૂઆત માટે આમા જરાપણ દોષ નથી.

બ્રહ્મસંબંધમાં આપણે આવું તો કંઈક કહીએ છીએ. આવી કોઈ નાનકડી શરૂઆત છે, ખૂબ મોટી શરૂઆત નથી. તનુવિત્તજા સેવા જે આપણે કરીએ છીએ, તે ખૂબ જ નાનકડી શરૂઆત છે, કોઈ મોટી ઉપલબ્ધી નથી. છતાંપણ આજે પુષ્ટિમાર્ગની અવસ્થા અથવા દુરાવસ્થા સમજો એટલી દયનીય થઈ ગઈ છે કે તનુવિત્તજાની વાત આપણને જાણે એવરેસ્ટ ચઢવા જેવી કઠિન વાત લાગે છે. તે આપણો અધઃપાત છે.

ધ્યાનથી સમજો તે આપણો અધઃપાત છે. આટલી નાનકડી વાત પણ આટલી મોટી લાગે છે. આમ તો આટલી મોટી કોઈ વાત નથી, ઘણી નાનકડી વાત છે અને તે નાની વાતનું સ્પષ્ટ પ્રમાણ એ છે કે જે કોઈપણ વૈષ્ણવ ઘરમાં સેવા કરે છે, તેણે કોઈ મહારાજશ્રીને મુંડયા નથી, તે તો બિચારો તનુવિત્તજા સેવા કરી રહ્યો છે. દરેક વૈષ્ણવ, જેણે મહારાજશ્રીને મુંડયા નથી, તે તનુવિત્તજા સેવા ઘરમાં જ કરી રહ્યો છે. જેને સેવાનો આખા દિવસનો ક્રમ નથી તે પણ

જયારે તનુ-વિત્તજા સેવા કરી રહ્યો છે. તો જેને સેવા (ફૂલટાઈમ) આખા દિવસની છે, જેની સેવા સંપૂર્ણ વિકસિત પ્રવૃત્તિ છે તેને તો તનુવિત્તજા સેવા કરવામાં કયો સવાલ ઉત્પન્ન થવો જોઈએ ? જેની સેવા પૂર્ણ કર્મ નથી, પાર્ટ ટાઈમ છે, આંશીક છે તે પણ તનુવિત્તજા સેવા કરી રહ્યો છે તો કેટલી સરળ વાત છે ! જેની સેવા ફૂલટાઈમ છે તે પણ સંપૂર્ણ તનુવિત્તજા કરી શકતો નથી. મતલબ કે કોઈ ભયંકર લફડો છે. વાત સમજમાં આવીને.

તો શરૂઆત માટે કોઈ પણ વાત ખરાબ કે અયોગ્ય નથી. પણ વાત અટકી રહી છે. તો બધી જ વાત અટકી ગઈ અને તે અટકી ગઈ એટલે કે અહીં અટકી કે ત્યાં અટકી ? કયાંક પણ અટકી ગઈ. અટકી ગઈ અર્થાત્ કોઈને કોઈ કારણે તમે તે વાતને લાયક નથી અથવા તે વાત તમારે લાયક નથી. બાળક ચાલવાનું શરૂ કરે તે ઘુંટાણીયાભર ચાલે, પછી ઉભો થઈ શકે નહીં અથવા ઉભો થઈ શકે તો પગલું ભરી શકે નહીં, લથડીયા ખાઈને પડી જાય. આમ તેના પગમાં કંઈક તકલીફ છે. ભગવાને ચાલવા માટે તેના પગ બરોબર ઉત્પન્ન કર્યા નથી.

જે બાળકે તોતડું બોલવાનું શરૂ કર્યું, ત્યારે આપણે તેની ઉંમરની એક સરેરાશ (એવરેજ) મર્યાદા (રેંજ) નકકી કરી કે આ મર્યાદા સુધી બાળક તોતડું બોલે. તો તે બોલવું ઘણુ મીઠું લાગે, પરંતુ તે મીઠાસ કયારેય ડાયાબીટીશ ન બનવી જોઈએ. તેનો કયાંક પણ અંત આવવો જોઈએ. તે અંત પછી પણ તે મીઠાસ ચાલુ રહે તો તે મીઠાશ ધીરે ધીરે કડવાહટમાં ફેરવાઈ જાય છે.

આવી જ સ્થિતિ અહંકારની તેમજ મમતાની પણ છે, જે મેં તમને જણાવી કે અહંતા ઘણી મીઠી છે. પરંતુ તે મીઠી અહંતા કોઈ એક બાંધેલા કિનારાને તોડીને અર્થાત્ મર્યાદાને તોડીને વહે તો ઘણી જ કડવી અર્થાત્ અયોગ્ય થઈ જાય. મમતા પણ ઘણી મીઠી છે અને તે પણ બાંધેલા કિનારાને તોડીને મર્યાદાનું ઉલ્લંઘન કરીને વહે તે વખતે તે બહુ કડવી થઈ જાય છે. ખ્યાલમાં આવ્યું ને ?

તો આ મૂળવાત આપણે ધ્યાનથી સમજવી જોઈએ. આ જે બે અહંતા મમતાના વર્તુળ છે તેમાં પંચમ પુરુષાર્થ ભકિત ઉપયોગી જે ચતુષ્કોણ છે, તે

ચતુષ્કોણ એટલા માટે બનાવ્યો કે ઉત્તમ અધિકારીના આપણે ચાર પોઇન્ટ ગણ્યા હતા. આ વાત સિદ્ધાન્તમુક્તાવલી જોશો તો ખબર પડશે.

સમજો કે મારી કોઇ અહંતા અથવા કોઇ મમતા એવી નથી કે જે ભગવાન સાથે મારો સંબંધ છે, તે સંબંધના કિનારાની મર્યાદાને તોડીને વહેતી હોય. પ્રભુની સાથે આપણા સંબંધના કિનારા અર્થાત્ પ્રભુ સાથેના સંબંધની મર્યાદાની અંદર મારી અહંતા-મમતા ભરેલી છે તો તે પૂર નથી અર્થાત્ અયોગ્ય નથી.

અહીં શું છે ? થોડીઘણીં તેની અંદર સંબંધના કિનારાની અંદર રહેલી છે. થોડીઘણીં તેની બહાર પણ વહી રહી છે હવે અહીં જોઇએ તો કોઇ વાતમાં મારી અહંતા એવી છે કે જે અહંતાને મેં શ્રીઠાકોરજી સાથે જોડીને જ મારો પોતાનો અહેસાસ રાખવાનું ઇચ્છુ, મારી કોઇક વધારાની (એકસ્ટ્રા) અહંતા પણ છે જે અહંતાના વિષયમાં શ્રીઠાકોરજી સાથેના આપણા સંબંધની પરવા કરવા ઇચ્છતો નથી.

એટલે કે શ્રીઠાકોરજી સાથેનો સંબંધ તૂટતો હોય ત્યાં સંબંધ તૂટવાની પરવા કરવા ઇચ્છતો નથી. તેમા પરવા કરી રહ્યો નથી. આવી પણ પરિસ્થિતિ હોઇ શકે. સહજ-સ્વાભાવિક પણ હોઇ શકે. મારી કોઇક મમતાઓ એવી છે કે જેમાં મારો શ્રીઠાકોરજી સાથેનો સંબંધ તૂટી રહ્યો છે. કોઇક મમતા એવી છે કે જેમાં શ્રીઠાકોરજી સાથે મારો સંબંધ નિભાવી રહ્યો છું. કોઇક મારો મમતાનો સંબંધ એવો પણ છે કે મારો શ્રીઠાકોરજી સાથેનો સંબંધ તૂટતો હોય તો ભલે તૂટે, તેની કયાં સુધી કેવી રીતે પરવા કરવી ? કારણકે દુનિયામાં મારે જીવવું તો છે ને ! આવા પ્રકારની મમતા પણ હોઇ શકે.

આ સર્કલ કે ચોરસ (ચતુષ્કોણ) જો આટલો મોટો હોય અર્થાત વિસ્તૃત હોય, તો ધ્યાનથી સમજો કે એવી કોઇપણ મારી અહંતા અને આવી કોઇ પણ મારી મમતા નહીં હોય કે જે શ્રીઠાકોરજીના સંબંધને તોડીને બહાર જઇ શકે. શ્રીઠાકોરજીના સંબંધને નિભાવતા તેમા છોકરાઓ પણ હોઇ શકે, ઘર પણ હોઇ શકે, પૈસા પણ હોઇ શકે, મોટર પણ હોઇ શકે, રેડિયો પણ હોઇ શકે, વિડિયો

પાણ હોઈ શકે, હેલીકોપ્ટર પાણ હોઈ શકે. બધું જ હોઈ શકે. શ્રીઠાકોરજીના સંબંધના નિભાવમાં પાણ શ્રીઠાકોરજીનો સંબંધ નભી નથી રહ્યો તો કાંઈપાણ નથી. એક આવી જ વાત શ્રીમહાપ્રભુજી કહે છે કે **''યસ્ય વા ભગવત્કાર્ય યદા સ્પષ્ટં ન દશ્યતે, તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઇતિ નિશ્ચયઃ''** (નિ.લ.) તો તે એવી સ્થિતિ આવી ગઈ.

વ્યસન અવસ્થા કે નિરોધ અવસ્થા સિદ્ધ થઇ ગઇ કે બધી જ વસ્તુ તમારા ભગવદ્ સંબંધનું અંગ બની ગઇ અને જે ભગવદ્ સંબંધનું અંગ નથી તેને તમે તોડવા માટે સમર્થ છો, કે ભાઇ ભગવદ્ સંબંધનું અંગ નથી. તો ચાલો આને તોડી નાખો. આમા ડામોડોળ સ્થિતિ છે. થોડોઘણો નિભાવી રહ્યા છીએ. એવી સ્થિતિ છે કે **''કાફિર તો નહીં હું પર કહ્યો ન મુસલમાન''** હું કાફિર પાણ નથી અને મુસલમાન પાણ નથી કેમ ? કેમ કે મસ્જિદમાં પાણ થોડીક નમાજ પઢુ છું અને મંદિરમાં જઇ જઇને ફુલ-બુલ પાણ ચડાવુ છું. તો **''કાફિર તો નહીં હું પર કહ્યો ન મુસલમાન, એક બુતસે ભી નિબાહ કિયે જા રહા હું''** એવી સ્થિતિ છે.

આ એવી સ્થિતિ છે જેમાં ભગવદ્ સંબંધ એટલો ગૌાણ છે કે આપાણી અહંતા-મમતાના જ એક ક્ષુદ્ર વિસ્તારમાં બાંધેલો છે. જયાં આપાણી અહંતા એટલી તીવ્ર (ઇન્ટેસીફાઇડ) છે કે આપાણી મમતાને છોડવા તૈયાર છે. જયાં આપાણી મમતા એટલી તીવ્ર છે કે આપાણી અહંતાને છોડવા તૈયાર છે. ત્યાં પાણ ભગવદ્ સંબંધને આપાણે ખેંચી શકતા નથી અથવા તેને લંબાવી પાણ શકતા નથી.

તે ભગવદ્ સંબંધનો આપાણો અહેસાસ એટલો ક્ષીાણ, એટલો ક્ષુદ્ર, એટલો નાનો, એટલો સંકુચિત છે કે ખૂબ જ નાનકડા ભાગમાં જ સ્થિત છે હવે તો વાત સ્પષ્ટ થઇ ને ? કોઇને કોઇ સમસ્યા તો નથી ને ? હા તો આ ચિત્ર (ડાયાગ્રામ) આપાણી સામે રાખશો. આ આલેખ (ગ્રાફ) આપાણી સામે રાખશો તો પુષ્ટિપ્રવાહમર્યાદા સારી રીતે શરૂ થઇ શકશે.

કેમ કે જેમ આપાણે જોયું કે પ્રભુને મારો કહેવો, હું પ્રભુનો છું એવો મારો અહેસાસ. તે અહેસાસની શરૂઆત એટલા નાનકડા ચતુષ્કોણથી પાણ થઇ શકે

છે કે જેમાં આપણી દરેક ચીજ શ્રીઠાકોરજીના પ્રત્યે એક પ્રતિક (ટોકન)ના રૂપમાં હશે આને ગુજરાતી ભાષામાં આપણે કહેવું હોય તો **''ફૂલ નહીં તો ફૂલની પાંખડી''** આમ એનાથી વધારે આપણા સમર્પણની કોઈ લાયકાત નહીં હોય.

તેનાથી થોડી વધારે લાયકાત આપણને બીજા સર્કલમાં મળી રહી છે અને તે જે ત્રીજુ સર્કલ છે તે બરાબર એ સર્કલ છે કે જેમાં આવીને ''અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્'' આવું કહેવાની શ્રીમહાપ્રભુજીને જરૂર રહેતી નથી, ત્યારે શ્રીમહાપ્રભુજી એવું કહે છે કે **''યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે તદા વિનિગ્રહસ્ તસ્ય''** દૂર રહો, છોડી દો જે ભગવદ્ ઉપયોગી નથી તેને નિભાવવાની જરૂર શું છે ?

તો આ ત્રાણ વાત આપણને ભકિતમાં આવતી આપણી અહંતા-મમતા છે. એ અહંતા-મમતા લૌકિક અને વૈદિક બન્ને અહંતા-મમતાને આવરી લેવાવાળી અહંતા-મમતાનું સર્કલ છે. બન્ને એટલે લૌકિકમાં મારી જે અહંતા છે તેનું નક્કર ઉદાહરણ આપું તો હું લૌકિકમાં એક શ્યામ મનોહર છું, વૈદિકમાં એક બ્રાહ્મણ છું. તો હું શ્યામ મનોહર છું, હું બ્રાહ્મણ છું. એ બન્ને અહંતા મને છે કે નથી ? તો હવે જયારે એ બન્ને અહંતા છે તો આ બન્ને અહંતાની રીતે આ એક મારું શરીર છે અને આ શરીરથી સબંધિત બીજી પણ ઘણી બધી વસ્તુ મારી સાથે જોડાયેલી છે. તે બધી મારી લૌકિક અહંતા છે.

હું સૂક્ષ્મ નહીં પરંતુ ઘણું મોટું ઉદાહરણ આપી રહ્યો છું. તેના મોટાપણામાં કે સ્થુળતામાં ધ્યાન આપતા નહીં. પરંતુ તેની ઉપલક્ષણમાં ધ્યાન આપજો કે હવે હું બ્રાહ્મણ છું તો મારું એક સંધ્યાનું પંચપાત્ર છે. તે પંચપાત્રમાં મારી જે મમતા છે તે કોઈ લૌકિક મમતા નથી. સંધ્યા કરવી છે તો પંચપાત્ર તો જોશે કે નહીં ? કે જેનાથી સંધ્યા કરૂ. તે પંચપાત્રમાં મારી મમતા છે તે મારી બ્રાહ્મણ હોવાની જે મારી અહંતા છે તે મને સમજાવી રહી છે કે બ્રાહ્મણ છું તો પંચપાત્ર તો રાખવું પડશે કે નહીં ? તો તે મારી વૈદિક મમતા છે. સમજમાં આવ્યું ને ?

હું બ્રાહ્મણ છું તો મારે મારી જનોઈને સંભાળીને રાખવી પડશે અને તે

જનોઈ પ્રત્યે મારી જે મમતા છે તે મમતા કોઈ લૌકિક મમતા તો નથી. કારણ કે લૌકિક દષ્ટિથી તો આ જનોઈ એક દોરો છે. ત્રણ વાર ગુંથાયેલ એક ધાગો છે. આખરે તેની કિંમત શું ? ગરદન પર રહે તો શું અને ટૂટી જાય તો શું ? શું ફરક પડી રહ્યો છે ? દુનિયામાં ઘણાય બ્રાહ્મણો ગરમી લાગતી હોય તો જનોઈને ખીતિ ઉપર ટાંગી દયે છે. મૂળભૂત રીતે કોઈ નુકશાન પહોંચતું નથી. વાતને ધ્યાનથી સમજો.

હમણા જેમ આપણા બાલકો કાંઈ કહે કે કાન ઉપર જનોઈ બાંધીને પેશાબ કરવાથી આપણી પેશાબ કરવાની વ્યવસ્થા સંતુલિત રહે છે. આ રીતે જનોઈમાં મમતા છે તે બ્રાહ્મણવાળી મમતા નથી. પેશાબ કરવાવાળી મમતા છે. આવા-આવા બેવકૂફ બાલક આપણી ધરતીને અલંકૃત કરે છે. આવા પણ બાલકો ભૂતલ ઉપર વિદ્યમાન છે. તો તે જે મમતા તેની જનોઈમાં છે, આવુ ઘણું જ માહાત્મ્ય છે.

તિલક શાં માટે લગાવવું ? તો તેની તેણે વ્યાખ્યા બતાવી કે તિલકમાં હળદર છે, ચુનો છે, પાણી છે તેથી વાત-પિત્ત અને કફનો નાશ થાય છે. તે માટે તિલક લગાવવું. આનો અર્થ એ કે આ તિલક લગાવવાની જે મમતા છે તે ભગવદ્ ચરણને મસ્તક ઉપર ધારણ કરવાવાળી મમતા નથી, તિલકમાં વાત, પિત અને કફનો નાશ કરવાની મમતા છે. આવી બેવકૂફી છે. બાલક આવી આવી તો વાતો કરે અને સમજદારીની વાત કરે તો પછી બાલક કેમ કહેવાય ?

તો આવી જે ત્યાંની વસ્તુ છે તેને આપણી અહીં પણ મમતાસ્પદ બનાવી શકીએ છીએ. અહીંની જે વસ્તુ છે તેને આપણે ત્યાં પણ મમતાસ્પદ બનાવી શકીએ છીએ. તો બન્ને તરફથી સંભવ છે. તેમાં કોઈ ગભરાવાની વાત નથી. તો હવે જયારે ભગવાનની સાથે આપણે તેના સંબંધમાં માપતોલ કરી રહ્યા છીએ અથવા મુલવી રહ્યા છીએ ત્યારે આપણે તેના સ્વરૂપને સ્પષ્ટ સમજવું પડશે અને તેની શરૂઆત અને શરૂઆત પર જ અટકી જવાની દુર્ગતિના તથ્યને બરાબર સ્પષ્ટ રીતે સમજવું પડશે.

તો આપણે જોયુ કે આપણી મોક્ષ પુરુષાર્થ સંબંધી અહંતા-મમતા જે

હતી તેનું શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં નિરૂપણ કર્યું. જે પંચમ પુરુષાર્થ સંબંધી આપણી અહંતા-મમતા છે તેનું સિદ્ધાન્તમુક્તાવલીમાં નિરૂપણ કર્યુ અને જે ત્રિવર્ગ સંબંધી અહંતા-મમતા હતી તે જો વેદશાસ્ત્રની પ્રતિકૂળ છે તો શ્રીમહાપ્રભુજી વાત કરવાનું ઈચ્છતા નથી કેમ કે પ્રતિકૂલ કરવામાં શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ કહે છે.

વેદોક્તાદ્ અણુમાત્રેડપિ વિપરીતન્તુ યદ્ ભવેત્ ।।
તાદશમ્ વા સ્વતંત્ર ચેતિ ઉભયો મુલતો મૃષા ।।

આ કપટ છે, પાખંડ છે ચર્ચા કરવાથી ફાયદો શું થશે ? અને જો વેદશાસ્ત્રને અનુકૂળ છે. તો જે ષોડશગ્રંથનો ઉપદેશ આપવા માટે શ્રીમહાપ્રભુજી તૈયાર થયા છે તે ષોડશગ્રંથમાં તે સમસ્યાની ચર્ચા વિચારણા કરવાની કોઈ આવશ્યકતા નથી. આથી શ્રીમહાપ્રભુજીએ પહેલા જ તે વિષયને છોડી દીધો છે. ‘‘ત્રિવર્ગ સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે’’ આ બધું આપણે બાલબોધમાં જોઈ ગયા છીએ. પુષ્ટિપ્રવાહમર્યાદા એ પંચમ પુરુષાર્થવાળી ભાવનાનો આ ચતુષ્કોણ છે. પંચમ પુરુષાર્થની ભાવનાને આધાર પ્રદાન કરવાવાળો પાયો બનાવવાવાળો જે ચતુષ્કોણ છે તે ચતુષ્કોણને તમે કેટલો નાનો કર્યો.

સ્પષ્ટ રીતે કોઈ શ્રીમહાપ્રભુજીના અથવા ભગવાનના અથવા શ્રીયમુનાજીના કૃપાપાત્ર છે, તે જ શરૂઆતથી આટલી મોટી શરૂઆત કરી શકે છે. બાકી તો પાખંડ નથી કરવું તો બધા મનુષ્યો નાની શરૂઆત કરશે. પણ નાની શરૂઆત કર્યા પછી તથ્યપણા ઉપર અટકશે નહીં અને જયારે અટકી રહ્યો છે તો સારી રીતે આપણે સમજવું પડશે કે પાછું શું ચક્કર છે ? પુષ્ટિ છે, પ્રવાહ છે કે મર્યાદા છે.

કયાં અટકી ગયો ? કેમ અટકી ગયો ? પુષ્ટિ હોય તો અટકવો ન જોઈએ. પ્રવાહ હોય તો અહીં ભટકવો ન જોઈએ. તો સીધી વાત સમજો ભાઈ અહીંયા શાં માટે આવી ગયો. જેમ ગૌરાંગ મહાપ્રભુજી આપણે ત્યાં આવી ગયા હતા ને ! તેમ ન આવવું જોઈએ.

તો આ વાત ધ્યાનથી સમજો કે પ્રવાહ હોય તો ભાઈ ! અહીંયા શાં માટે

આવ્યો પોતાની જગ્યાએ આનંદથી પ્રસન્ન રહેને. આમ ભટકતા અહીં આવી જાય. તો એ બધી પરિસ્થિતિ સંભવિત છે અને જે સંભવિત પરિસ્થિતિઓ છે તો તેને આપણે બધી રીતે સમજી શકશું નહીં. જયાં સુધી પુષ્ટિપ્રવાહમર્યાદા નહીં સમજીએ, તે તથ્યપણાનો ખુલાસો પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા કરે છે. આવ્યું સમજમાં ?

જયાંથી આપણું એ સર્કલ વધી નથી રહ્યું. નાનું ને નાનું જ રહી ગયું છે. એ જે પારસ્પરિક અસરની અંદર ઘેરાયેલો હોવાથી વિસ્તૃત નથી થઇ શકતો, મોટો નથી થઈ શકતો તો ચક્કર શું છે ? એ ચક્કર આપણને કયારેય સમજમાં જ નહીં આવી શકે. જો આપણે પુષ્ટિપ્રવાહ મર્યાદા નથી સમજયા તો. આ વાત પુષ્ટિપ્રવાહમર્યાદાને સમજવાની પહેલા જાણવી ખૂબ જ જરૂરી છે. તો ફરીથી સમજો એક વાતને કે અહીં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ શું છે ? પ્રવાહ શું છે ? મર્યાદા શું છે ? તે ગ્રંથમાં સમજાવવા ઈચ્છતા હતા જેથી આપણે આપણી આ વ્યવસ્થા કે અવ્યવસ્થાને સારી રીતે કાચની (અરીસાની) જેમ સામે રાખીને જોઈ શકીએ કે ભાઈ કેવી છે મારી શકલ ?

આપણે આપણો ચહેરો જોઈ શકીએ તેના માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા કહ્યો છે. પરંતુ આપણા દુર્ભાગ્યથી આ ગ્રંથ લગભગ સવા ગ્રંથ છે. જેમ કે પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા એમ ત્રણ હોવો જોઈતો હતો. તેમાંથી પુષ્ટિનું નિરૂપણ પૂરું છે, પ્રવાહનું નિરૂપણ અધૂરું છે અને પૂરેપૂરું મર્યાદાનું નિરૂપણ છૂટી ગયું છે. આ વાત આપણે ગ્રંથનો સારાંશ (સિનોપ્સિસ વાઈઝ) પ્રમાણે અભ્યાસ કરશું તો આપણને સ્પષ્ટ થઈ જશે કે આનું શું સ્વરૂપ છે. પુષ્ટિ ‘ક’, પ્રવાહ ‘ખ’ અને મર્યાદા ‘ગ’ વાત સમજમાં આવી ને ?

પુષ્ટિને આપણે ‘ક’ માનીને ચાલીએ કારણ કે શ્રીમહાપ્રભુજીએ ક્રમમાં (ઓર્ડરમાં) પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એમ કહ્યું છે. પુષ્ટિને આપણે ‘ક’ માનીને ચાલીએ, પ્રવાહ ને આપણે ‘ખ’ માનીને ચાલીએ, મર્યાદાને આપણે ‘ગ’ માનીને ચાલીએ આ પુષ્ટિનો, પ્રવાહનો અને મર્યાદાનો પણ માર્ગ[૧], સર્ગ[૨] અને

ફલ^{૩} આ ત્રણેય દૃષ્ટિકોણથી પાર્થકય-જુદાપણુ સમજાવવું છે. ગણીતની રીતે ગણતરી (મેથેમેટીકલી વર્ક આઉટ)કરી લ્યો કે ‘ક^{૧}’, ‘ક^{૨}’, ‘ક^{૩}’, ‘ખ^{૧}’, ‘ખ^{૨}’, ‘ખ^{૩}’, ‘ગ^{૧}’, ‘ગ^{૨}’, ‘ગ^{૩}’, પુષ્ટિ પ્રવાહ મર્યાદાની પૂરી રૂપરેખાનો આટલો અવકાશ છે. આવ્યું ખ્યાલમાં ?

સૈદ્ધાન્તિક રીતે પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથ આટલો હોવો જોઈતો હતો અને આજે આપણી પાસે કેટલો પ્રાપ્ત છે ? તે ધ્યાનથી જુઓ. છેલ્લા પેરેગ્રાફમાં “પુષ્ટિપ્રવાહ માર્ગે જીવાનામ્ ‘ખ^{૨}’ એટલે કે સર્ગ ભેદમાં પાછો ‘ય, ર, લ’ એમ પેટા ભેદ કહેલ છે. આ ‘ખ’ ભાગમાં પણ અવાંતર બે ભેદ બાકી છે. ‘ર’ એટલે કે જીવોના સર્ગભેદમાં, જીવના સ્વરૂપનું વર્ણન બાકી છે. અને ‘લ’ અંશ એટલે કે જીવની ક્રિયાનો અંશ બાકી છે અને ત્રીજા ભાગમાં એટલે કે ફલ અંશ સંપૂર્ણ બાકી છે. એટલે કે ‘ખ’ ભાગમાં (પ્રવાહમાં) પહેલો અંશ માર્ગભેદનો પૂરો આવેલ છે. બીજો અંશ એટલે જીવના વિવિધ સર્ગમાં ‘ય’ અંશ એટલે કે જીવનું સ્વરૂપ આવેલ છે. પરંતુ બીજા અંશના ‘ર’ અને ‘લ’ અંશ આવેલ નથી એટલે કે પ્રવાહના દેહ અને ક્રિયાનું નિરૂપણ નથી અને ત્રીજો ભાગ એટલે કે ફલનો સંપૂર્ણ ભાગ નથી. ‘ગ’ અંશ સંપૂર્ણ રીતે (ટોટલી) બધા અંશોનું નિરૂપણ નથી.

આટલો ગ્રંથ કાંતો તે ખોવાઈ ગયો છે, શ્રીમહાપ્રભુજીએ લખ્યો હતો પરંતુ કયાંક ખોવાઈ ગયો. ઘણાય ગ્રંથો શ્રીમહાપ્રભુજીના ખોવાઈ ગયા છે. તેમાંથી અધૂરો મળેલ ગ્રંથ છે. જેમ ભાષ્ય છે, વગેરે વગેરે. આ રીતે આ અધૂરો મળેલ ગ્રંથ છે અથવા ખબર નથી કે શ્રીમહાપ્રભુજીએ કોઈ કારણથી પૂરો લખ્યો નથી. શું થયું તેની આજ કોઈ ઐતિહાસિક સ્પષ્ટતા આપણી પાસે નથી. પરંતુ આ રૂપરેખા જોશો તો ગ્રંથનું વિહંગાવલોકન (બર્ડસ વ્યુ) આપણને મળશે કે કેટલો ગ્રંથ હોવો જોઈએ અને કેટલો પ્રાપ્ત છે. તે એકદમ આંખની સામે સ્પષ્ટ થઈ જશ

॥ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ ॥

(પુષ્ટિ^{ક} પ્રવાહ^{ખ} મર્યાદાનાં^{ગ} માર્ગ^{૧} સર્ગ^{૨} ફલ^{૩}-પાર્થક્ય-નિરૂપણમ્)- આપણને સારાંશ રૂપ તેના મુદ્દા મળે છે તે ‘ક-ખ-ગ’ છે. ‘ક^{૧}’ એટલે પુષ્ટિમાર્ગ, ‘ક^{૨}’ એટલે પુષ્ટિ સર્ગ, ‘ક^{૩}’ એટલે પુષ્ટિફલ. ‘ખ^{૧}’ એટલે પ્રવાહમાર્ગ, ‘ખ^{૨}’ એટલે પ્રવાહસર્ગ, ‘ખ^{૩}’ એટલે પ્રવાહ ફલ અને ‘ગ^{૧}’ એટલે મર્યાદામાર્ગ, ‘ગ^{૨}’ એટલે મર્યાદા સર્ગ, ‘ગ^{૩}’ એટલે મર્યાદા ફલ. આ પૂરા ગ્રંથની મર્યાદા અથવા રૂપરેખા છે.

પુષ્ટિ$^{ક/૧}$ પ્રવાહ$^{ખ/૧}$ મર્યાદા$^{ગ/૧}$ વિશેષેણ પૃથક્-પૃથક્ ।।
જીવ$^{૨/ય-}$ દેહ$^{૨/૨-}$ ક્રિયા$^{૨/લ-}$ ભેદૈઃ પ્રવાહેણ^{૨} ફલેન^{૩} ચ ।। ૧ ।।
વક્ષ્યામિ સર્વ-સન્દેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતેઃ ।।

હવે જુઓ, અહીં સમજશોને, અક્ષરમાં ધ્યાન આપશો તો બધી વાત સમજમાં આવશે, કે જયારે શ્રીમહાપ્રભુજી પુષ્ટિ કહે છે તો ‘ક^{૧}’ અને ક^{૧} નો અર્થ શું ? પુષ્ટિમાર્ગ. પ્રવાહ મતલબ ? પ્રવાહમાર્ગ, મર્યાદા મતલબ મર્યાદામાર્ગ, વાત સમજાઇ. સમીરકણ કરીને જોશો તો સ્પષ્ટ થશે કે પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા જુદા જુદા માર્ગ છે અને ‘‘જીવદેહ ક્રિયા ભેદૈઃ’’ અને જીવ, દેહ, ક્રિયાના ભેદનો અર્થ શું છે ? તેમા પાછા ભેદ કરે છે. મતલબ ? સર્ગનું નિરૂપણ ત્રણ પ્રકારથી કર્યુ છે. ‘ય’માં જીવ, ‘ર’માં તેનો દેહ અને ‘લ’માં તેની ક્રિયા. બસ આટલા ગ્રંથના સારાંશથી એટલે કે માર્ગનું નિરૂપણ, સર્ગનું નિરૂપણ અને ફલનું નિરૂપણ.

આવી રીતે ત્રણેય માર્ગનું પુષ્ટિનું, પ્રવાહનું અને મર્યાદામાર્ગ હોવાનું નિરૂપણ જુદું જુદું છે. આ ત્રણેય માર્ગનું સર્ગ કેવું છે તે સર્ગનું નિરૂપણ અને ફલ કેવું છે તે ફલના સ્વરૂપનું નિરૂપણ કેવું છે. આવી રીતે તેમા જે સર્ગ છે. સર્ગ એટલે સર્જન (ક્રિયેશન) અને તે સર્જન કેટલા પ્રકારથી થઇ રહ્યું છે.

સર્જનની અંતર્ગત તેના જીવનું સર્જન થઇ રહ્યું છે, તેના દેહનું સર્જન

થઈ રહ્યું છે, તેથી ક્રિયાનું સર્જન થઈ રહ્યું છે. જીવ, દેહ અને ક્રિયા એક રીતે ધ્યાનથી જોશો તો તદ્દન સ્પષ્ટ થઈ જશે કે કર્તા, સાધન, કરણ અને ક્રિયા. દેહ જે છે તે કરણ છે, જીવ જે છે તે કર્તા છે અને ક્રિયા એટલે તે ફંકશન (ક્રિયા) કેવી રીતે કરશે. કોણ ક્રિયા કરશે ? કેવી રીતે ક્રિયા કરશે. આ માર્ગમાં અને કેવી ક્રિયા કરશે ?

આ 'ય, ર, લ' જીવ, દેહ અને ક્રિયા આ તમને લાગશે કે શું કામ આટલી બધી ગડબડ ફેલાવવી જોઈએ. શું કામ દ્વિધા વધારવી જોઈએ પરંતુ ધ્યાનથી જુઓ તો અહીં શ્રીમહાપ્રભુજી જીવ, દેહ ક્રિયાને કયારેક સ્વરૂપાંગ ક્રિયા કહી રહ્યા છે, તો કયારેક સ્વરૂપાંગ ક્રિયાને જીવ, દેહ ક્રિયા કહે છે. તો તેમાં ભેદ આવે છે. તે અને તેના જેવો ''પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાઙ્ગ ક્રિયા યુતાન્'' ત્યાં જીવ, દેહ, ક્રિયા યુતાન્ નથી કહ્યું. તો એ દેહની અને જીવની જગ્યાએ સ્વરૂપ શબ્દ વાપર્યો છે. દેહની જગ્યાએ અંગ શબ્દ વાપર્યો છે. ક્રિયાની જગ્યાએ ક્રિયા શબ્દ વાપર્યો છે. એ તો બરાબર વાત છે. તો આ જે ફેરફાર (ચેન્જ) થયો છે તે વ્યાખ્યાનો વિષય છે. એ સારાંશનો વિષય નથી. તેથી આપણે તે વિષયની ચર્ચા અહીં નહીં કરીએ.

પરંતુ થોડીવાર માટે તે ભેદને ભૂલીને તે બન્ને પ્રકારના પ્રયોગને આપણે એક શબ્દમાં સમજી શકીએ કે 'ર-ય', 'ર-ર', 'ર-લ' તે દેહના માટે હોય, જીવના હોય અને જીવને સ્વરૂપ પણ કહેલ છે. તેના માટે હોય અને અહીં ક્રિયા માટે શ્રીમહાપ્રભુજીએ બીજો કોઈ શબ્દ વાપર્યો નથી. પરંતુ સમજો કે તેના માટે 'ર-લ' એટલે ક્રિયા સમજશું તો તમને તેની એક સામાન્ય રૂપરેખા (કોમન ફીચર) હાથમાં આવી જશે, નહીંતર સામાન્ય રૂપરેખા હાથમાં આવશે નહીં. કેમ કે આ પ્રભેદ આવી રહ્યા છે અને તેના કારણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથને સમજવામાં ઘણીબધી દ્વિધા (ગુંચવણ) થાય છે.

તો આ ગણિતની રીતથી (મેથેમેટીકલી) આટલું આપણે સમજી લઈએ તો સારી વાત છે. હું સમજુ કે ગણિતને બદલે અંકગણિત કહેવું જોઈએ. આ બધુ (A, B, C) અંકગણિતમાં છે કે બીજગણિત (એલજીબ્રા)માં ?

બીજગણિતમાં સારું. તો આને બીજગણિતની રીતથી સમજી લેવું જોઈએ. તો આપણને કોઈ સમસ્યા નહિ થાય. પછી તેનું મૂલ્ય કાંઈપણ હોય, Aનું મૂલ્ય પાંચ પણ હોઈ શકે, દશ પણ હોઈ શકે, પરંતુ આપણી પાસે ABC હોય તો આપણે એક તટસ્થ શબ્દથી વાતને સમજી શકશું.

આવી રીતે આપણે એક તટસ્થ શબ્દથી તે વાતને સમજી શકીએ. આમ ''જીવ દેહ ક્રિયા ભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ'' આ ત્રણેયના પ્રવાહ અને ફલના ભેદથી પણ શ્રીમહાપ્રભુજી પુષ્ટિ પ્રવાહ મર્યાદાનું નિરૂપણ કરી રહ્યા છે. જયારે તમે આ 'ર' જોશો ને ! તો તમને ખ્યાલ આવશે અને તેના માટે પ્રવાહ એક શબ્દ જુઓ, પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાની અંતર્ગત પ્રવાહ શબ્દ છે અને એક સર્ગની અંતર્ગત પણ પાછો પ્રવાહ શબ્દ છે. હવે આ વાત સમજાતી ન હોવાથી મને કોઈકે કહ્યું હતું કે શ્રીમહાપ્રભુજીના પ્રવાહની જગ્યાએ પાઠ સુધારી દયો, 'પ્રમાણેન ફલેન ચ' કરી દયો. મેં કહ્યું ''પ્રમાણેન ફલેન ચ'' શા માટે કરવું ? તો તેણે કહ્યું કે જુઓ ! અહીં આગળના એક શ્લોકમાં ''પ્રમાણ ભેદાદ્ ભિન્નોહિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ'' આમાં પ્રમાણ શબ્દ આવ્યો છે ને ! એટલા માટે અહીં પ્રવાહની જગ્યાએ ''પ્રમાણેન ફલેન ચ'' કરી દયો. તે (સિનોપ્સિસ) રૂપરેખા ન સમજે તો આપણને આવી ધાંધલ કરવાની ઈચ્છા થાય. એક વખત પુષ્ટિ પ્રવાહ મર્યાદાની રૂપરેખા કે સારાંશ સમજી લઈએ તો શ્રીમહાપ્રભુજીના પ્રવાહેણ પાઠ સુધારવાની કોઈ જરૂર જ નહીં રહે. ''પ્રવાહેણ ફલેન ચ'' એકદમ શુદ્ધ ચોક્કસાઈ પૂર્વકનો અને યોગ્ય પાઠ છે અને તેનું તાત્પર્ય શું છે ? તે પાછો વ્યાખ્યાનો વિષય છે, પરંતુ ખૂબ જ ગુંચવાણવાળો વિષય લાગે છે. તેના માટે આટલું કહી દંઉ.

જેમ કે મર્યાદા માર્ગમાં એક ખૂબ જ પ્રસિદ્ધ લોકપ્રિય (પોપ્યુલર) શ્લોક છે. જેનો પાછો કયાંય પણ ઉલ્લેખ નથી મળતો કે કયા છે ? અને બધા તેનો સંદર્ભ આપે છે.

જન્મના જાયતે શૂદ્ર સંસ્કારાત્ દ્વીજ ઉચ્યતે।।

વેદાભ્યાસાત્‌ભવેત્ વિપ્ર બ્રહ્મજ્ઞો બ્રાહ્મણ સ્મૃતઃ ॥

આ કોઈ પંડિતની કહેવત છે. જે એટલી પ્રચલિત થઈ ગઈ કે બધા લોકો એવુ માને છે કે કયાંક ને કયાંક શાસ્ત્રમાં હશે. જેમ તેનસીંગ જયારે એવરેસ્ટ પર નહોતો ગયો ત્યારે હિન્દુસ્તાનમાં બધાને એમ હતું કે હિમાલયમાં ઉપર કયાંકને કયાંક સ્વર્ગ-બર્ગ બધું હશે જ અને જયારે તેનસીંગ ગયો તો બધાને ચિંતા થઈ ગઈ કે સ્વર્ગ દેખાયું કે નહીં દેખાયું. તો તેનસીંગ ચઢ્યો હિલેરી પણ, હવે તો બધાય જઈ આવે, પ્લેનમાં પણ બધા ફરી આવે પરંતુ સ્વર્ગ તો હિમાલયમાં કયાંય મળે નહીં.

તો આમ બધાને એક આશા, વિશ્વાસ છે કે શાસ્ત્રમાં કોઈ જગ્યાએ તો આ શ્લોક હશે જ, પણ કયા છે શાસ્ત્રમાં ? ઓછામાં ઓછું મને તો મારા આ સીમિત જ્ઞાનમાં આજ સુધી તો આ શ્લોક મળ્યો નથી. આ વચન મળ્યું નથી. પરંતુ મળી જાય તો પૂર્ણ થઈ જાય.

પરંતુ ત્યાં જેમ એક પ્રચલિત ધારણા છે કે **‘‘જન્મના જાયતે શૂદ્ર...’’** તેવી રીતે શ્રીમહાપ્રભુજીની એક ધારણા છે કે જે કાંઈપણ માર્ગમાં પ્રકટ થઈ રહ્યા છે, તે તો કોઈને કોઈ પ્રવાહી પ્રકારથી પેદા (ઉત્પન્ન) થઈ રહ્યા છે. ભલે તે પુષ્ટિમાર્ગ હોય, પ્રવાહમાર્ગ હોય કે મર્યાદામાર્ગ હોય. જે સર્ગ છે તે કોઈને કોઈ પ્રવાહનું જ રૂપ છે. તો તે સર્ગ પ્રવાહનું જ રૂપ છે. તેના માટે શ્રીમહાપ્રભુજીએ પરસ્પર શબ્દને બદલાવીને કયારેક પ્રવાહને સર્ગ કહે છે, કયારેક સર્ગને પ્રવાહ કહે છે. એક વાત ધ્યાનથી સમજો, જે જીવોને પ્રવાહિ કહે છે તેને પણ ગાળ આપીને નહીં (તુચ્છ રીતે નહીં) પરંતુ આ રીતે કે જેવા ઉત્પન્ન થયા હતા તેવા જ છે. તેમાં કોઈ બદલાવ (રીફાઇનમેન્ટ) આવ્યો નથી.

તે જેટલું જાણે છે તેટલુ જ જાણે છે. તેનાથી આગળ કંઈ જાણતા નથી. પણ જાણે છે તેનાથી થોડુંક વધારે જાણે તો મર્યાદા અને તેનાથી વધારે જાણે તો પુષ્ટિ, તે ક્રમ છે. તો પ્રવાહનો અર્થ કે જેમ પેદા થયા હતા તેવા જ છે. જેમ તોતડું બોલતા હતા તો હજી પણ તોતડું જ બોલે છે. તો તે જે પ્રવાહ છે તેમ બધા જીવ જે પૈદા થઈ રહ્યા છે તે ભલે પુષ્ટિમાર્ગના હોય કે મર્યાદામાર્ગનો હોય તે ઉત્પન્ન

થઈ રહ્યા છે. અપરિપકવ અવસ્થામાં તે છે, તેનો કોઈ સંસ્કાર નથી થયો. તેમા અંદરથી કોઈ નવીવાત ખીલીને આવી નથી તો બધા મૂળભૂત રીતે પ્રવાહ તો છે જ પરંતુ તેની સમજદારીમાં કંઈક ખીલ્યું, કંઈક શુદ્ધતા થઈ. જેમ પેટ્રોલનું ડિઝલ છે. ડિઝલનું પણ કોઈ ક્રુડ ઓઈલ સ્વરૂપ છે. ક્રુડ ઓઈલમાંથી પાછુ ડિઝલ બની જાય. ડિઝલમાંથી પેટ્રોલ થઈ જાય. પેટ્રોલમાંથી વિમાનવાળુ પેટ્રોલ થઈ જાય. તે શું છે ? શુદ્ધતા (રિફાઈનમેન્ટ) ના અલગ અલગ સ્તર છે.

તેવી રીતે જેમ જેમ શુદ્ધતા થઈ તેમ તેમ તેની પ્રવાહિતા ઓછી થતી ગઈ અને જેવુ ખાણમાંથી નિકળ્યું તેવુ જ ડ્રમમાં ભરીને રાખી દીધું તો તેને આપણે ક્રુડ ઓઈલ કહીએ છીએ. તો તે ક્રુડ ઓઈલ વાળુ જે ચક્કર છે તે પ્રવાહનું ચક્કર છે. તે વાત ધ્યાનથી સમજો. આ માટે સર્ગ અને પ્રવાહનું અહીંયા નહીં, પરંતુ સુબોધિની વગેરે ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ઘણીવાર પરસ્પર વિનિમય રીતથી સર્ગ અને પ્રવાહ શબ્દને વાપર્યો છે તે પ્રવાહ શબ્દ આપણા ગ્રંથમાં પણ આવ્યો છે. કદાચ હરિરાયજી કે બીજા કોઈ કહે છે કે ‘‘**પ્રાવાહિકા.. તેપિસ્યુ ઉપેક્ષિતોચિતા**’’ જો તે પ્રાવાહિક છે તો તેની ઉપેક્ષા કરો. હવે શું કરીએ? આપણે બ્રહ્મસંબંધ આપ્યું છે, બધું કરાવ્યું છે પરંતુ તે પોતાનો સ્વભાવ પ્રાવાહિક પ્રગટ કરે તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તેની ઉપેક્ષા કરો. કયા સુધી તેની સાથે ઝઘડો કરવો ?

તો તે કયા અર્થમાં ? કે તે પુષ્ટિજીવ પણ હોઈ, પરંતુ પોતાનો ક્રુર સ્વભાવ જ પ્રગટ કરી રહ્યો છે તો ક્રુર સ્વભાવ પ્રગટ કરે તો તેની ઉપેક્ષા કરો. તે લગભગ શ્રીહરિરાય વાઙ્મુક્તાવલીનો શ્લોક છે. સિદ્ધાન્ત વચનાવલીમાં કદાચ આને ઉદ્ધૃત કરેલ છે. ‘‘**પ્રાવાહિકા તેપિસ્યુ ઉપેક્ષિતોચિતા**’’ આવા કાંઈક શ્રીહરિરાયજીના વચન છે અથવા શ્રીગુસાંઈજીના વચન છે.

હવે શ્રીમહાપ્રભુજી આગળ કહે છે, આમા એક વાત ધ્યાનથી સમજવાની છે ‘‘વિશેષેણ પૃથક્-પૃથક્’’ તેની વિશેષતા પણ સમજાવીશ અને તેની પૃથકતા પણ સમજાવીશ તેને પૃથક (જુદા) કરીને પણ સમજાવીશ. અર્થાત્ એક થી બીજાને છૂટ્ટા પાડી દેવા તે એક કથા છે. પરંતુ છૂટ્ટા પાડયા પછી તેની

વિશિષ્ટતા આપણે નહીં સમજીએ, તો તેનું સ્વરૂપ નહીં બને. એટલે કે સ્વરૂપ સમજાશે નહીં. તો તેનું વિશેષેણ પણ સમજાવવાનું છે અને જુદા જુદા છૂટ્ટા કરીને પણ સમજાવવાનું છે. માત્ર વિરોધ (એનીમેશન) જ નહીં પણ વર્ગીકિરણ (કલાસી ફિકેશન) અને વ્યાખ્યા પણ સમજાવીશ.

પ્રશ્ન :- સંસ્કાર અને રિફાઈનમેન્ટ (શુધ્ધતા) બન્ને એક જ છે ?

આવુ મેં કહ્યું નથી. શુધ્ધ થયો તો મર્યાદા અને એટલા માટે જ મેં શબ્દ વાપર્યો તો કે અંદરથી ખીલવું તે રિફાઈનમેન્ટ નથી. તે શબ્દને મેં પુષ્ટિના સંદર્ભમાં વાપર્યો હતો તો પુષ્ટિ જે છે તે શુધ્ધતા (રિફાઈન્મેન્ટ) નથી. પરંતુ જે તમારી અંદર રહેલો બીજ ભાવ છે તેનું ખીલવું છે અને મર્યાદા જે છે તે (રિફાઈન્મેન્ટ) શુધ્ધતાનો સંસ્કાર છે. આવીને વાત સમજમાં ? ભૂલ તારી નથી મારી છે. મેં આ વાતને સ્પષ્ટ ન કરી. પરંતુ હું આ સંદર્ભમાં બોલ્યો હતો કે કોઈ ખીલે છે અને કોઈને ઘડવામાં આવે છે.

તો જે પ્રવાહ છે તેને મર્યાદા માર્ગને માટે, તેના જે પ્રાવાહિક પાસાઓ કે અંશોને મર્યાદાનુસાર ઘડીને, સંસ્કાર કરીને સુઘડ કરવામાં આવે. જે આપણા જીવ, દેહ, ક્રિયાના અણઘડ અંશ છે, તેને શાસ્ત્રના નિયમ મુજબ સુઘડ કરવામાં આવે છે. શાસ્ત્રના નિયમ અનુસાર આપણા પુષ્ટિમાર્ગમાં પણ સુઘડ બનાવવાના ઘાણા સંસ્કાર છે. જેમ બ્રહ્મસંબંધને આપણે એક સંસ્કાર માનીએ છીએ. આજ આપણે વૈકુંઠની ટિકિટ માનીએ છીએ. ખરેખર તો વૈકુંઠની ટિકિટ નથી, બ્રહ્મસંબંધ એક સંસ્કાર છે. અષ્ટાક્ષરદીક્ષા એક સંસ્કાર છે. એવા ઘાણા પ્રકારના સંસ્કાર આપણે ત્યાં વર્ણિત છે. તે કઈ કઈ વસ્તુ સંસ્કાર છે તે જોવાનો એક અલગ વિષય છે. પરંતુ અમુક સંસ્કાર છે અને કંઈક તે સંસ્કારના કારણે અંદર રહેલી આપણી જે સામર્થ્ય છે તે ખીલે છે.

હવે જેમ હિરામાં તમે પાસા પાડીને સંસ્કાર કરો ને! તો તે ચમકતા પથ્થરના રૂપમાં બની શકે છે. પરંતુ કાચને ઘસી ઘસીને પાસાઓ પાડશો તો તૂટી જાશે. કારણ કે એટલા પાસાઓને ઝીલવાનું સામર્થ્ય કાચમાં નથી. કાચની ઉત્પત્તિનો પ્રવાહ જ એવો છે કે તે આટલો સંસ્કાર ઝીલી શકતો નથી.

શ્રીમહાપ્રભુજી ખૂબ જ સરસ એક વાત કહે છે કે જે વખતે સંસ્કાર દ્રવ્યનો નાશક બને, તે વખતે દ્રવ્યનો પક્ષ લ્યો, સંસ્કારનો પક્ષ નહીં લ્યો. સંસ્કાર ખૂબ જ સારી વસ્તુ છે. પરંતુ કયા સુધી સારી વસ્તુ છે ? કે જયાં સુધી દ્રવ્યનો નાશ ન થાય. જેમ સગડી ઉપર આપણે દાળભાતને બાફીયે, પકાવીએ કયા સુધી બાફવું ? કે જયાં સુધી દાળભાતનો નાશ ન થાય ત્યાં સુધી બાફવું. જે સ્તર પર દાળભાતનો નાશ થઈ રહ્યો છે ત્યારે તમે બાફી નથી રહ્યા. પરંતુ ત્યાર પછી કંઈક સત્યાનાશ કરી રહ્યા છો.

આમ દરેક વસ્તુનો સંસ્કાર છે, તેની એક મર્યાદા છે અને તે કેટલી મર્યાદા છે ? કે જયાં સુધી તે સુઘડ થઈ જાય, ત્યાં સુધી સંસ્કાર છે અને જયાંથી તે તૂટવાની શરૂઆત થઈ, ત્યાંથી તે સંસ્કાર નથી. દ્રવ્યનો નાશ છે. તો સંસ્કાર અને દ્રવ્યનાશમાં દરેક વખતે શ્રીમહાપ્રભુજી કહે છે કે જે વખતે સંસ્કારના કારણે દ્રવ્યનાશ થઈ રહ્યો છે. તો દ્રવ્યનો પક્ષ લ્યો. સંસ્કારનો પક્ષ ન લેતા. જો દ્રવ્યનાશ થઈ રહ્યો નથી, અનઘડ દ્રવ્ય સુઘડ બની રહ્યો છે, તો દ્રવ્યનો પક્ષ ન લ્યો, સંસ્કારનો પક્ષ લ્યો. ખૂબ સુંદર વાત છે. થોડીક અક્કલ આપણે ચલાવીએ તો દૈનિક જીવનમાં તેની ઉપયોગીતા કેટલી અદભૂત અને વ્યાવહારિક છે.

આપણી જે પ્રાવાહિકતા છે તેને મર્યાદાથી સંસ્કૃત કરવાની છે. કયા સુધી ? કે જયાં સુધી પ્રાવાહિકતા પૂર્ણ રીતે નાશ ન થઈ જાય ત્યાં સુધી. મર્યાદા ખૂબ જ સારી વસ્તુ છે. જયાં આપણી પ્રાવાહિકતા જ નષ્ટ થઈ રહી છે ત્યાં મર્યાદા મર્યાદા ન રહેતા અમર્યાદ સંસ્કાર થઈ ગયો. ખ્યાલમાં આવ્યું ને ? આ માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિને સંસ્કાર કહ્યો નથી, શ્રીમહાપ્રભુજી પુષ્ટિને સંસ્કાર માનતા નથી. પુષ્ટિને અંદરથી રહેલી માહ્ા   માને છે. ઉપરથી કરેલ સંસ્કાર નથી માનતા. અનુગ્રહ જીવ ઉપર કરેલ સંસ્કાર નથી. જીવની અંદરથી ખીલવાવાળો બીજભાવ છે. થોડીક વાતોની ખૂબસૂરતી પર ધ્યાન આપોને કે કેટલો ગજબનો તફાવત શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. મર્યાદા એક સંસ્કાર છે, અનઘડને સુઘડ બનાવવાનો સંસ્કાર છે. પુષ્ટિ અનઘડને સુઘડ કરવાનો સંસ્કાર નથી. પુષ્ટિ અંદર રહેલો બીજભાવ છે. જે થોડાક માઈનર સંસ્કારથી ખીલી ઉઠશે, જો પુષ્ટિ છે

તો, નથી તો નહીં ખીલે.

તો પુષ્ટિ સંસ્કાર નથી, પુષ્ટિને ખીલવા માટે કંઈક થોડા ઘણા માઈનર સંસ્કાર બતાવ્યા છે. જેને આજ આપણે આપણી સ્વાર્થ વિવશતાને કારણે સ્વાર્થ લોલુપતાના કારણે સંસ્કારના રૂપમાં ન જોતા કંઈક ભળતા જ રૂપમાં જોવા લાગ્યા.

પરંતુ તે પુષ્ટિ એક અલગ વસ્તુ છે. એક વાત સમજો મર્યાદા ચોક્કસ સંસ્કાર જ છે. પ્રવાહનો સંસ્કાર મર્યાદા છે અને પ્રવાહમાંથી ખીલતું કોઈ બીજ, જેને બિલકુલ આપણે કાદવ અને કમળની જેમ વિચારીએ તો સમજમાં આવી શકે કે પ્રવાહ એક કાદવ છે, તો પુષ્ટિ તેમાંથી કમળની જેમ ખીલીને બહાર આવવું જોઈએ. જો કાદવમાંથી કમળની જેમ ખીલીને બહાર નથી આવતું મતલબ કંઈકને કંઈક લફડો છે, બીજ નથી ખ્યાલમાં આવ્યુને! તો તે સંસ્કાર નથી. કોઈ કાદવનો એવો સંસ્કાર નથી થઈ શકતો કે જે સંસ્કારના કારણે કાદવમાંથી કમળ ખીલી શકે. વધારે પાણી નાખવું કે તાપથી તેને સુકવવો તે બધા કાદવના સંસ્કાર હશે. આ સંસ્કારથી કાદવ એટલે કે પંકમાં પંકજ ઉત્પન્ન કરી શકાતું નથી. પંકમાં પંકજ ઉત્પન્ન થશે કે જો પ્રવાહના પંકમાં પુષ્ટિનું બીજ હશે તો. વાત સમજમાં આવી ને ? તો મર્યાદાની સાથે આપણો મૂળભૂત તફાવત છે. પુષ્ટિનો તફાવત એ છે કે તે સંસ્કાર રૂપ નથી. તે બીજરૂપ છે.

(માર્ગત્રયભેદસાધકપ્રમાણસઙ્કલનમ્)- ત્રણ પ્રકારના માર્ગ છે. પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા આ ત્રણ પ્રકારના માર્ગ છે. આ ત્રણ પ્રકારના માર્ગના એવા ભેદ છે. એક વાત ધ્યાનથી સમજો. આ માર્ગભેદ બધા દર્શન (શાસ્ત્ર)માં ખૂબ જ વિવાદનો વિષય રહ્યો છે. જેમ ઘણા લોકો એવું માને છે કે માર્ગ ત્રણ નથી માર્ગ એક જ છે. પરંતુ ઝંડાબાજ ધર્મ એવો છે કે કોઈ રીતે પોતાનો ઝંડો એવો ફરકાવે કે બધા આ માર્ગમાં આવી જાય. ઝંડાબાજીના કેન્સરથી હવે પુષ્ટિમાર્ગ પણ ગ્રસ્ત થઈ ગયો છે.

તેની હંમેશા એવી ધારણા હોય છે કે માર્ગ એક જ છે. શ્રીમહાપ્રભુજીએ કયારેય આ પ્રકારની ઝંડાબાજી પસંદ નહોતી કરી. આ ઝંડાબાજીને પસંદ નહીં

કરવાના કારણે શ્રીમહાપ્રભુજીને ઘણાબધા યુદ્ધ લડવા પડયા અને શ્રીમહાપ્રભુજીને જ નહીં પરંતુ બીજા પણ કેટલાક આચાર્ય છે જેને આ યુદ્ધ લડવા પડયા. તે યુદ્ધ કરવાનું આપણને શાસ્ત્રમાં-ગીતામાં કહેલ છે. તેથી આપણે લડી શકીએ છીએ તે એક બીજી કથા છે.

ગીતાના વચનોનો પણ ઝંડાબાજ ધર્મ જે છે તે બીજો અર્થ કાઢે છે કે માર્ગભેદ નથી, માર્ગ તો એક જ છે. ચાલવાવાળામાં લફડો છે. કોઈ ચાલી શકે છે. કોઈ ચાલી શકતા નથી. કોઈ સારી રીતે ચાલી રહ્યો છે, કોઈ ખોટી રીતે ચાલી રહ્યો છે અને કોઈ મધ્યમ સ્થિતિથી ચાલી રહ્યો છે. તો ચાલવાવાળાના ભેદ છે. માર્ગના ભેદ નથી. માર્ગ તો એક જ છે. તો મોટાભાગે જેટલા વિશ્વધર્મવાળા, અમારો ધર્મ પુષ્ટિમાર્ગ છે તે વિશ્વધર્મ છે. તે બધાના માટે છે એવી ભ્રાન્તિમાં જીવવાવાળા જે ઝંડાબાજ ધર્મ છે. હવે આપણો પણ એવો જ થઈ ગયો. પરંતુ શ્રીમહાપ્રભુજી એવું કયારેય માનતા નહોતા કે આપણે ઝંડાબાજી કરવી જોઈએ.

શ્રીમહાપ્રભુજી ખૂબ જ સ્નેહપૂર્વક, સાદાઈથી અને સહાયતાની ભાવનાથી પણ આ વાત કહેવા તૈયાર છે કે બધાનો એક માર્ગ નથી. બધાના અલગ અલગ માર્ગ છે. હવે જે થવું હોય તે થાય.

ત્યારબાદ આ વાતને ધ્યાનથી સમજો દ્વૈતવાદી છે તે તાત્ત્વિક રીતે માર્ગ દ્વૈત એટલે કે માર્ગભેદ માને તો તેની સહમતી દેખાશે. સ્પષ્ટ સહમતી તો એક તરફ, તત્ત્વના સ્વરૂપના સ્તર પર શ્રીમહાપ્રભુજી શુદ્ધાદ્વૈત કહે છે અને બીજીબાજુ લીલાના સ્તર પર શ્રીમહાપ્રભુજી છાતી ઠોકીને કહે છે કે નહીં માર્ગ ભીન્ન-ભીન્ન છે તેમ કહેવાની શ્રીમહાપ્રભુજીની આવી હિંમત ? એટલા માટે કે શ્રીમહાપ્રભુજીનો જે અદ્વૈત છે તે જડ અદ્વૈત નથી તે ડબ્બાબંધ અદ્વૈત નથી.

શ્રીમહાપ્રભુજીનો અદ્વૈત પોતે **''એકો અહમ્ બહુસ્યામ્''** વાળો અદ્વૈત છે તો જે **''એકો અહમ્ બહુસ્યામ્''** વાળો અદ્વૈત છે તો શ્રીમહાપ્રભુજી છાતી ઠોકીને કહી શકે છે કે નહીં તત્ત્વ એક છે, પરમાત્મા એક છે તે પરમાત્માની એકતામાં કોઈપણ દ્વૈત નથી. દેશકૃત દ્વૈત નથી, કાલકૃત દ્વૈત નથી, સ્વરૂપકૃત દ્વૈત નથી. પરંતુ માર્ગ અનેક છે.

આ જે વાત છે તે કહેવા માટે માધ્વા જોઈએ જે દ્વૈત જ માને છે. તેને તો કોઈ સમસ્યા જ નથી. જેમ તત્ત્વજ્ઞાનમાં (ફિલોસોફીમાં) કોઈ અનુકરણ થયા છે. તેમ ગણિતમાં અને તર્કશાસ્ત્રમાં પણ થયા છે. તેવી રીતે ધર્મ (રિલીજીયન)માં પણ અનુકરણ થયા છે. જેણે દ્વૈત માન્યુ, તેણે એક માર્ગ માન્યો, શ્રીમહાપ્રભુજી જેવાઓએ અનેક માર્ગ માની લીધા કે ચાલો અદ્વૈત છે તો ઘણીરીતના માર્ગ હોઈ શકે.

કારણ કે એક બાજુ અદ્વૈત કહ્યું અને માર્ગભેદનો તમે સ્વીકાર કર્યો નહીં તો ઝંડાબાજી તો પ્રકટ થશે જ. તો તે અદ્વૈતના બોધને શ્રીમહાપ્રભુજી માર્ગ દ્વૈતથી સમતોલ કરે છે. કારણ કે ખૂબ જ સત્યાનાશી ખ્યાલ છે. જુઓ હું નિંદાના અર્થમાં કહી રહ્યો છું, પરંતુ વાત સમજો જેમ આપણે બાળકને શૈતાન કહીએને! તે રીતે હું કહી રહ્યો છું કે સત્યાનાશી ખ્યાલ છે, અદ્વૈત એટલે એક જ માર્ગનો ખ્યાલ ખૂબ જ સત્યાનાશ ફેલાવે છે, કારણ કે એક જ છે તો પછી બીજો કોઈ વિકલ્પ આપણી પાસે છે જ નહીં.

એક બાજુ તત્ત્વના લેવલ પર શ્રીમહાપ્રભુજી એક કહે છે અને તે જ તત્ત્વના લેવલ ઉપર જે વખતે આપણે મેળવવાનું છે, જે વખતે આપણે સમજવાનું છે, તે વખતે ઘણાબધા પ્રમાણોના ભેદ છે. ઘણાબધા માર્ગના ભેદ છે અને તે બધા માર્ગભેદને શ્રીમહાપ્રભુજી માની રહ્યા છે. ચાલ બેઠો થા હવે આ તત્ત્વનો અભેદ કયારેય આડો આવશે નહીં અથવા જો માર્ગભેદ છે તો તત્ત્વની અભેદતાની ઝંડાબાજી હવે કયારેય ચાલશે નહીં.

સીમા અકબરાબાદીએ ખૂબ જ સુંદર વાત કહી છે કે **''જીસ જગહસુ લે ચલા થા રાહ બર હમ વહી આયે ફીર ઘુમકે''** જે ઝંડાબાજીને ખતમ કરવા માટે શ્રીમહાપ્રભુજીએ આટલી ગજબની વાત શોધી કાઢી કે ભાઈ તત્ત્વના અભેદમાં માર્ગનો ભેદ છે. આપણે તે માર્ગના ભેદને બધાને વેર-વિખેર કરી નાખ્યા. આ માર્ગના બધા ભેદને વેર-વિખેર કરીને પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ છે એમ કહીને માર્ગનો અભેદ પાછો જાહેર (ડિકલેર) કરી દીધો, તે બેવકૂફી છે. બાલકોની લીલા છે. આમા કોઈ સાર નથી. શ્રીમહાપ્રભુજીની વાણીનું ન તો કોઈ અવગાહન કરે છે કે

શ્રીમહાપ્રભુજીની વાણી પ્રત્યે આપણી કોઇ જાતની જવાબદારી છે. તે વાતને ધ્યાનથી સમજો.

ભકિતમાર્ગસ્ય કથાનાત્[ક/૧] પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ાા ૨ ાા
'દ્વૌ ભૂતસર્ગાવિ' ત્યુક્તેઃ[ખ/૧] પ્રવાહોડપિ વ્યવસ્થિતઃ ાા
વેદસ્ય વિદ્યમાનત્વાત્[ગ/૧] મર્યાદાપિ વ્યવસ્થિતા ાા ૩ ાા

શ્રીમહાપ્રભુજી એટલા માટે બતાવી રહ્યા છે કે માર્ગ ત્રણ છે. એ આપણે કયાંથી સમજશું ? ''ભકિતમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ'' શાસ્ત્રમાં ભકિત વર્ણિત છે કે નહીં ? બધી વાત ભૂલી જાવ. ભકિતનું વિધાન છે કે નહીં ? કહેવું તો ખૂબ જ મુશ્કિલ વાત છે, કારણ કે વિધાન કરો તો ભકિત નહીં રહી જાય અને ભકિત છે તો વિધાન રહેશે નહીં. કોઇ એમ કહે કેપ્રેમ કરો અને પછી પ્રેમ કર્યો તો પ્રેમ નથી કોઇ પ્રેમનું પ્રદર્શન થઇ જશે. વિધાનથી પ્રેમનું પ્રદર્શન થઇ શકે, પ્રેમ નહીં થાય અને પ્રેમ છે તો તેનું વિધાન થઇ શકશે નહીં.

તો તે માટે શ્રીમહાપ્રભુજીએ ખૂબ જ સુંદર એક શબ્દ વાપર્યો છે ''ભકિતમાર્ગસ્ય કથનાત્'' શાસ્ત્રમાં કયાંક કયાંક ભકિતમાર્ગ કહ્યો છે કે નહીં ? તો યાર કોઇ અક્કલ વાપરો તો સમજમાં આવી જશે. એવો જો ભકિતમાર્ગ કહ્યો છે તો પુષ્ટિ વગર એવો ભકિતમાર્ગ કેવી રીતે હોઇ શકે ? ''ભકિતમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ'' પુષ્ટિના વિષયમાં તો તમે નિશ્ચિંત રહો કેમકે ભકિત કહી છે કે નહીં ?

કોઇ એવી ભકિત જે વિલક્ષણ ભકિત જે લોક વેદાતિત છે. આવી ભકિત કહી છે કે નહીં ? પંચમ પુરુષાર્થરૂપા ભકિતનું વર્ણન આવ્યું છે કે નહીં ? તો લોક વેદાતિત હોવાથી આ લોક વેદાતિત રૂપમાં આપણે તેને ચાહીએ છીએ. લૌકિક વિષયના રૂપમાં નહીં, વૈદિક વિષયના રૂપમાં નહીં, લોક વેદાતિત રૂપમાં તેને ચાહી શકીએ છીએ. એવી કોઇ ભકિતના સ્વરૂપનું વર્ણન થયું છે કે વર્ણન નથી થયું ? તો સ્વસ્થ રહો કે કયાંકને કયાંક પુષ્ટિનું બીજ કામ કરી રહ્યું છે.

તો હવે પ્રશ્ન એ થશે કે પ્રવાહ અને મર્યાદા કયાંથી સમજવા.

શ્રીમહાપ્રભુજી ગીતાને સામે લાવી રહ્યા છે. ''દ્વૌ ભૂતસર્ગાવિ ત્યુક્તેઃ'' બે પ્રકારના ભૂત સર્ગ છે. બે પ્રકારના જીવોનું ભગવાને સર્જન કર્યુ છે. ''દૈવી આસુર એવ ચ'' દૈવી છે, આસુરી છે. તો બે પ્રકારના સર્ગ તો થઈ ગયા ને ! તો પ્રવાહ પણ છે તે વ્યવસ્થિત છે તેની વ્યવસ્થા કરવાની કોઈ જરૂરત નથી. તમે છોડી દેશો તો પણ તે વ્યવસ્થિત છે. પ્રવાહમાં તેના માટે કોઈ વ્યવસ્થા કરવાની જરૂરત જ નથી. શ્રીમહાપ્રભુજીએ આગળ આનો ખૂબ જ સુંદર બીજો એક સંદર્ભ આપ્યો છે તે આપણે જયારે શ્લોક આવશે ત્યારે જોઈશું.

પરંતુ તેની પહેલા શ્રીમહાપ્રભુજી કહે છે કે મર્યાદા કેવી રીતે વ્યવસ્થિત થશે ? તો કહે છે ''વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા'' વેદમાં બતાવવામાં આવી છે. તો મર્યાદાની વ્યવસ્થા પણ કોઈ આપણને ઉપલબ્ધ છે કે અનઘડને સુઘડ બનાવી શકાય છે.

''દ્વૌ ભૂતસર્ગાવિ ત્યુક્તેઃ'' એક અનઘડ છે, બીજો એક સુઘડ છે. એમ કહેવાથી શ્રીમહાપ્રભુજી કહિ રહ્યા છે કે પ્રવાહ તો વ્યવસ્થિત થઈ ગયો ને. અમુક અનઘડ છે તો પ્રવાહ તો છે. એક વાત ધ્યાનથી સમજો કે નદી પણ આવી અનઘડ અને સુઘડ હોય ને ? કોઈના ઘાટ ઘડેલા હોય કોઈના અનઘડ ઘાટ હોય.

તો અનઘડ અને સુઘડ આમ બધી જગ્યાએ છે. સોનું પણ અનઘડ સુઘડ હોઈ શકે છે. રત્ન પણ અનઘડ સુઘડ હોઈ શકે છે. મનુષ્ય પણ અનઘડ-સુઘડ હોઈ શકે છે. ધર્મ પણ અનઘડ સુઘડ હોઈ શકે છે. તો ''દ્વૌ ભૂતસર્ગાવિ ત્યુક્તે પ્રવાહોડપિ વ્યવસ્થિતઃ'' તેને સુઘડ બનાવવાની કોઈ પ્રક્રિયા કહેલી છે કે નહીં ? તો મર્યાદા પણ વ્યવસ્થિત છે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ગભરાવાની શું જરૂર છે ? સારી મર્યાદા સમાજમાં આવી ગઈ. તેવી રીતે અનઘડને મર્યાદામાં બાંધી લ્યો તો તે સુઘડ થઈ જશે. જે કાંઈપણ ઉત્પન્ન થઈ રહ્યું છે તે તો અનઘડ જ થઈ રહ્યું છે ને !

દા.ત. જેમ સોની બજારમાં જઈને જુઓ ઘડેલુ સોનું અને અનઘડ સોનું મળે છે કે નથી મળતું ? આ ડાયમંડ માર્કેટમાં જઈને જુઓ કાચા હિરા (રો ડાયમંડ) અને ઘડેલા હિરા મળે છે કે નથી મળતા ? કપડાની બજારમાં જઈને

જુઓ અનઘડ કપડા અને વાણેલા કપડા મળે છે કે નથી મળતા ? તો ''દ્વૌ ભૂત સર્ગૌ'' બધી જગ્યાએ મળી રહ્યા છે. એવી રીતે માનવ જાતી તરફ જુઓ તો કેટલાક અનઘડ અને કેટલાક સુઘડ વ્યકિત મળી રહ્યા છે કે નથી મળી રહ્યા ?

તો આ બનાવવાની વાત નથી. આપણા પાસે કયાં ઢંગથી ઉપલબ્ધ છે, તે વાત છે. જે પણ સુઘડ સોનુ છે તેની કોઈ જન્મથી અનઘડ જાતી છે કે નહીં ? જે પણ સુઘડ હિરા છે તેનું કોઈ અનઘડ રૂપ છે કે નહીં ? પચ્ચીસ-ત્રીસ વર્ષ પહેલા મહમદ રફીએ એક ગીત ગાયું હતું. **''બીધંજાય સો મોતી કહના બાકી કંકડ હોય''** તે મોતીવાળા શું કરે ? મોતીમાં છેદ કરે અને જો મોતીમાં છેદ થઈ જાય તો તો તે મોતી કહેવાય અને છેદ કરવાની પ્રક્રિયામાં જે તૂટી ગયો તે તો પથ્થર છે. **''પ્રેમ દિવાની આસ ન છોડે ચાહે જીવન ખોયે''** ઘણા વર્ષો પહેલા મહમદ રફીનું ગીત હતું.

અર્થાત્ જોણે મર્યાદાને સહન કરી લીધી તે મર્યાદિત જીવ છે જે મર્યાદા ન સહન કરી શકયા અથવા મર્યાદામાં પસાર જ ન થયો તે અનઘડ છે ને. તો દ્વૌ ભૂતસર્ગ આ રીતે થઈ ગયા કે નહીં ? મોતી જયારે ઉત્પન્ન થાય છે ને અને હિરા જયારે ઉત્પન્ન થાય, હિરાવાળાને આ પૂછીને જુઓ અને આ મોતીવાળાને પૂછીને જુઓ, મોતીની ઉત્પાદકતામાં, હીરાની ઉત્પાદકતામાં એવી રીતનું લફરું હોય છે કે કોઈમાં છેદ કરી શકાય છે, કોઈમાં છેદ કરી શકાતા નથી. કોઈ તરાસી શકાય છે કોઈ તરાસી શકાતો નથી.

ઘણા હિરા એવા હોય છે કે જેને ઘસતી વખતે તેમા જીરમ આવી જાય. કોઈ હિરાવાળા અહીંયા હશે તો તેને ખબર હશે કે હિરાને ઘસવા જાય તેમાં એક જીરમ આવી જાય. એમાં જુએને તો તેમાં કાંઈક દેખાય. ખબર નથી ગુજરાતીમાં શું કહે, પણ તેમાં કંઈક જીરમ જેવું દેખાય જાય, ડાઘ કહે હા ડાઘ સમજી લ્યો. તેમાં તીરાડ (ક્રેક) હોય છે. તે કાળી હોવી જ જરૂરી નથી. ઘણી વખત હિરાથી પણ વધારે સફેદ હોય છે. ઘણી વખત કાળી પણ હોય છે. ઘણી વખત બીજા કલરની પણ હોય છે. ઘણી વખત હિરાનો જે કલર હોય છે તેના કરતા વધારે સફેદ, વધારે ચમકતી (બ્રાઈટ) જીરમ પણ હોય છે. બધી જ શકયતાઓ (ઓલ

ધી પોસીબલીટી) હોય છે. તો તે જીરમ આવી ગઈ અને હિરાનું મૂલ્ય ઘટયું જે સારો જાણકાર વ્યકિત છે તે હિરાની સારી કિંમત નહીં આપે.

હવે આ વાત ઘડવામાં નથી આવી. આવી વાત સમજમાં તો ઉત્પત્તિ કોઈ પ્રવાહી છે તેમ મોતીની ઉત્પત્તિ જ એવી છે કે કોઈ તે છેદને ઝીલી શકે એવું મોતી ઉત્પન્ન થયું છે અને કોઈ મોતી ઉત્પન્ન જ એવું થયુ છે કે તેની છેદ કરવાની પ્રક્રિયામાં તે તૂટી જાય. **''બિંધ જાયે સો મોતી બાકી કંકડ હોય''** આવ્યું ને ખ્યાલમાં. આમ તો શું થશે કે કોણ સુધરવા નથી ઈચ્છતું ? સુધરવા બધા ઈચ્છે પરંતુ બધા સુધરી શકતા નથીને ! તે નિયતિની ચર્ચા અહીં થઈ રહી છે. ''દ્વૌ ભૂત સર્ગો'' થી. તો જે સુધરી રહ્યા છે અને પ્રયાસ પછી પણ સુધરી ના શકે તો સમજી જવું કે તો ''દ્વૌ ભૂતસર્ગાવિ ત્યુક્તેઃ'' હવે તો વાત આવીને સમજમાં ? કે જીરમ કંઈક નિકળી ગઈ. તરાસવા ગયા આપણે તો તેમાંથી જીરમ નિકળી ગઈ ! વિંધવા તો ગયા મોતીને પરંતુ ક્રેક થઈ ગયું એવી રીતે છે.

જેવી રીતે કપડામાં પણ સુતર બનાવેને! તેમાં ગાંઠ આવી જાય. તો સુતર તો સુતર જ છે તે ગાંઠ આવી ગઈ જે સુતરમાં, તો તે કપડા સુધી પણ નડતી હોય. સુતરને અડીને જોશો તો સુતરની ગાંઠ કપડામાં પણ કંઈકને કંઈક ખરબચડુ આપણને જણાય છે. તેમ ઘાણા પ્રયાસ કરવા છતાં પણ સુધારી શકાતું નથી, તેવી પરિસ્થિતિ થાય છે.

(પુષ્ટિમાર્ગ[૬/૧] પાર્થકયસ્ય વિશેષેણ પ્રમાણોપપત્તિઃ)- હવે પુષ્ટિમાર્ગ એક જુદો (ભિન્ન) માર્ગ છે. આમ તો ત્રણ વાત ભિન્નતાની બતાવી કે ત્રણે માર્ગ ભિન્ન-ભિન્ન છે. પરંતુ હવે આની ભિન્નતાની વિશેષથી ઉપપત્તિ પણ હોવી જોઈએ ને ! અર્થાત્ જે વાત કહી છે તેને ઠોસ સિદ્ધ પણ કરવી જોઈએ. તેથી શ્રીમહાપ્રભુજી ''ભકિતમાર્ગસ્ય કથનાત્'' આ સૂત્રનું ભાષ્ય કરી રહ્યા છે. કેવી રીતે

કશ્ચિદેવ હિ ભક્તો હિ 'યો મદ્ભક્ત' ઇતીરણાત્ ।।
સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ।। ૪ ।।

હવે તે દિવસે બધાએ પુછ્યું હતું લગભગ કૃષ્ણકાંતભાઈએ પુછ્યું હતું કે ઈન્વેર્ટેડ કોમા શું છે ? સામાન્ય રીતે આપણા શ્લોકમાં ઈન્વેર્ટેડ કોમા નથી હોતા. તેથી આપણને ખબર ન પડે કે કયા શ્રીમહાપ્રભુજી કહે છે, કયા શ્રીમહાપ્રભુજી શાસ્ત્રને ઉદ્ધૃત કરી રહ્યા છે. હવે આ રીતથી આપણે આ વિષયને જોઈશુ ને તો આપણને સ્પષ્ટ દેખાશે કે ''કશ્ચિદેવ હિ ભક્તો હિ'' આ વાત શ્રીમહાપ્રભુજી નથી બોલી રહ્યા, આ વાત શ્રીમહાપ્રભુજી શાસ્ત્રની ઉદ્ધૃત કરી રહ્યા છે. પરંતુ ઉદ્ધૃત એવી રીતે કરી રહ્યા છે, જેવી રીતે પોતે બોલી રહ્યા હોય. તો આપણને દ્વિધા (કન્ફયુઝન) થઈ જાય. તો આ વાત ધ્યાનથી સમજો.

ઈન્વેર્ટેડ કોમા લગાડતા જ તે વાત સ્પષ્ટ થઈ જશે. ''કશ્ચિદેવ હિ ભક્તો હિ યો મદ્ભક્ત'' તો ભગવાને કોઈક ભકતોને 'કોઈક ભકત' કહિને છૂટ્ટા પાડયા છે કે નથી પાડયા ? શ્રીમહાપ્રભુજી કહે છે કે કોઈક ભકતો એવા હોય, મતલબ ભકતના કોઈક પ્રકાર (વેરાયટી) છે તેમાંથી કોઈ એક પ્રકાર અલગ રીતે ભગવાને બતાવ્યો છે કે નથી બતાવ્યો ?

''યો મદ્ ભક્ત'' જે મારો ભકત મતલબ ઘણા પ્રકારના ભકત છે તેમાંથી જે 'મારો ભકત' આ જે ભગવાન કહી રહ્યા છે તે ભકતોમાંથી કોઈ એક અલગ પ્રકારના પણ ભકતો હોય છે કે નહીં ? ભગવાને પોતે (પોતાને) છૂટ્ટા પાડયા છે કે નહીં ? ભગવાને સ્વયં ભકતોને આ રીતથી છૂટ્ટા પાડયા છે. તો ભકિતમાર્ગનું કથન થઈ ગયું કે નહીં ? ભકિતમાર્ગનું કથન થઈ ગયું.

આનો અર્થ એ કે આ કથનમાં જીવનું ભકિતનું સામર્થ્ય નથી. ભગવાનની પુષ્ટિ આમાંથી ઝલકી રહી છે, કે ભગવાન કોઈ જીવ પર આ પ્રકારથી પુષ્ટિ કરે છે. કે જે જીવને શ્રીઠાકોરજી એમ કહે છે કે **''યો મદ્ ભક્ત સ મે પ્રિયઃ''** કોઈક મારા ભકત એવા છે કે જે લોકવેદનો ત્યાગ કરીને મારી ભકિત કરી શકે છે. તો કોઈક લોકવેદાતિત ભકિતનું સ્વરૂપ પ્રભુએ છુટ્ટું પાડયુ છે કે નથી પાડયુ ? તે પાડયું તેથી પુષ્ટિમાર્ગ એક અલગ માર્ગ છે તે પ્રમાણતઃ સિદ્ધ થઈ ગયું.

''સર્વત્રોત્કર્ષકથનાત્'' અને આ પ્રકારના ભકતોનો ઉત્કર્ષ એક

જગ્યાએ નહીં, ઘણી જગ્યાએ વર્ણિત થયો છે. બધે આ પ્રકારના ભકતના ઉત્કર્ષનું વર્ણન થયું છે. તો ઉત્કર્ષનું વર્ણન થયું છે. મતલબ કોઈ એક ભકતની એવી ગુણવત્તા (કવોલીટી) છે કે તે ગુણવત્તા તેના સંસ્કારથી પ્રગટ નથી થઈ. તે ભકતની ગુણવત્તા અનઘડ પણ ન હતી. તે તેને અનઘડ પણ રહેવા દેતી નહોતી. તે તેને સંસ્કૃત પણ રહેવા દેતી નથી.

તે ભકિત આવી કયાંથી ? શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જરૂરને જરૂર તેમાં કોઈ પુષ્ટિનું બીજ હતું. તે ન હોત તો ભકિત આવત કયાંથી ? મનુષ્ય અનઘડ રહી શકે અથવા સુઘડ રહી શકે, તે અનઘડ અથવા સુઘડ બન્નેથી અલગ ત્રીજો, જેને આપણે ન અનઘડમાં પરિભાષિત કરી શકેએ, ન સુઘડમાં પરિભાષિત કરી શકીએ. અનઘડતા અને સુઘડતા બન્નેના માપદંડ જેને માપવામાં ટૂંકા પડી જતા હોય, નાના પડતા હોય, ફુટપટ્ટીથી જેને માપી ન શકાય, એવા કોઈ ભકત છે કે નહીં ? જો છે તો તે જીવની પોતાની સામર્થ્યથી તો ન હોઈ શકે. પ્રભુના અનુગ્રહના સામર્થ્યથી હોઈ શકે. તેથી ‘‘પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ’’

ન સર્વોડતઃ પ્રવાહાદ્ હિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ।।
‘યદા યસ્યે’ તિ વચનાત્ ‘‘નાહં વેદૈર્’’ ઈતીરણાત્ ।। ૫ ।।

‘‘ન સર્વ અતઃ’’ તેથી દરેક જીવ પુષ્ટિ જીવ ન હોઈ શકે. આ જુઓ પુષ્ટિને વિશ્વધર્મ માનવાવાળાઓને શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે ? ‘‘ન સર્વોડતઃ પુષ્ટિ’’ બધા તો પુષ્ટિ ન થઈ શકે. એવો કોઈ એક માર્ગ નથી કે જેમાં બધાને આપણે પુષ્ટિજીવ બનાવી શકીએ, બધા પુષ્ટિજીવ ન બની શકે. જેમાં અનુગ્રહ છે તે જ પુષ્ટિજીવ બનશે. જેમાં અનુગ્રહ નથી તેને કેટલો પણ મારો, પીટો તે પુષ્ટિને બગાડી દેશે, પુષ્ટિ તેને સુધારી શકશે નહીં. આપણે તેને કંઠી પહેરાવી દઈએ, આપણે તેને મનોરથી બનાવી દઈએ, આપણે તેને બ્રહ્મસંબંધ આપી દઈએ. તે આવીને પુષ્ટિને બગાડી નાખશે, પુષ્ટિ તેને સુધારી નહીં શકે.

કારણ કે અંદર નદારદ છે ને ! અંદર જીરમ છે તો અંદર જયારે જીરમ છે તો શું કરે ? છતાં જેટલો તરાસ્યો ન તરાસ્યો હોત તો જીરમ દેખાત નહીં. હિરાની એક વાત ધ્યાનથી સમજો. તરાસ્યો ન હોત તો કદાચ કાચા હિરામાં

ક્યારેય પણ જીરમ ન દેખાય. પરંતુ ઘણો તરાસ્યો અને પછી તે જીરમ સાફ સાફ દેખાવાનું શરૂ થશે. જુઓ આમા આ લફડો છે.

ન તરાસ્યો હોત તો જીરમ પણ અંદર છુપાઈને રહી હોત ચુપચાપ. તારી પણ ચુપ અને મારી પણ ચુપ. હાથમાં પકડાવી દીધો હોત તો કોહિનૂર હિરો પણ પકડાઈ જાત. પરંતુ જયારે તરાસવાનું શરૂ કર્યુ અને ખોટા લફડાના કારણે જીરમ ન દેખાતી હોત તો આવીને દેખાશે. આ સિદ્ધાન્ત છે. તે જીરમ જોવા માંગતો ન હોવા છતાં આપણે તેને જબરજસ્તી કરીને બધાને પુષ્ટિમાર્ગમાં બોલાવી, બોલાવીને પુષ્ટિમાર્ગમાં સામેલ કરીને જીરમ દેખાડીએ છીએ.

તો ‘‘ન સર્વોઽતઃ પ્રવાહાદિ હિ’’ કારણ કે પ્રવાહથી તો જુદો ચોક્કસ છે. જે અનઘડ તો છે નહીં તે જીવ અને સુઘડ પણ નથી. ‘‘વેદાચ્ચ ભેદતઃ’’ વાત સમજમાં આવીને ? અનઘડ પણ નથી અને સુઘડ પણ નથી તેથી ‘‘યદા યસ્યેતિ વચનાત્ નાહં વેદૈર્ ઈતીરણાત્’’ કારણ કે **‘‘યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાન આત્મભાવિતઃ સ જહાતિ મતિમ્ વેદે લોકે ચ પરિનિષ્ઠિતામ્’’** તો ‘‘યદા યસ્યેતિ વચનાત્’’ ભગવાન જેના પર અનુગ્રહ કરે તે જીવ વેદ અને લોક બન્નેથી પર થઈને (ઉપર ઉઠીને) ભગવાનને ચાહી શકે.

‘‘નાહં વેદૈર્ ન તપસા ન દાનેન્ ન ચેજયયા શકય એવં વિધો દ્રષ્ટું દ્રષ્ટવાન્ અસિ માં યથા’’(ગીતા ૧૧/૫૩) આ ભગવાને કહ્યું છે કે નહીં ? હવે જુઓ આપણે કેટલા બેવકૂફ (મૂર્ખ) છીએ તેનું ઉદાહરણ આપીને શ્રીમહાપ્રભુજી આપણને સર્ટિફીકેટ આપી રહ્યા છે. ‘‘નાહં વેદૈર્ ...’’ આ કોનું વચન છે ? ગીતાનું, અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપ્યા પછી ભગવાને આ વાત કહી છે કે ભાઈ ! જેમ હું તને દેખાયો, એવો વેદથી હું ન દેખાઈ શકુ. આપણે કહિએ કે ગીતા તો મર્યાદા માર્ગ છે. આ ગીતાનું તો મુખ્ય રહસ્ય છે. ગીતાનું જો કોઈ હૃદય છે તો વિશ્વરૂપ દર્શન છે. અર્થાત્ સિદ્ધાન્ત અને વ્યવહાર (થિયરી અને પ્રેકટીકલ) એમ બે વિષય છે. તેથી ગીતાનો થોડોભાગ સિદ્ધાન્ત (થિયેરી) છે અને ગીતાનો એક ભાગ વ્યવહાર (પ્રેકટીકલ) છે જે ભગવાને વ્યવહારિક રીતે બતાવી દીધું છે કે જે કાંઈ હું કહી રહ્યો છુ તે તે છે.

જે રીતથી ભગવાને આ શ્લોકનો ઉપસંહાર અથવા અર્થ જણાવેલ છે તે જ રીતનો ઉપસંહાર આ શ્લોકના તે અધ્યાયમાં શ્રીમહાપ્રભુજીએ કરેલ છે તેને શ્રીમહાપ્રભુજી પુષ્ટિ હોવાના પ્રમાણના રૂપમાં ઉદ્ધૃત કરી રહ્યા છે અને આપણે કહીએ કે આખી ગીતા જે છે તે મર્યાદા માર્ગ છે. ગીતાથી આપણે શું લેવાદેવા ? શ્રીમહાપ્રભુજીના હિસાબથી આપણી અક્કલ ઘાસ ચરવા ગઈ છે કે નહીં, જુઓ શાંતિથી વિચારો. આવી સ્થિતિ છે કે ગીતાને આપણે મર્યાદામાર્ગ માનીએ – વિચારો તો ખરા.

માર્ગૈકત્વેઽપિ ચેદ્ અન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ ॥
ન તદ્ યુક્તં સૂત્રતો હિ ભિન્નો યુક્ત્યા હિ વૈદિકઃ ॥ ૬ ॥

શ્રીમહાપ્રભુજી કહે છે કે એમ કેમ નથી માની લેતા કે માર્ગ તો એક છે. માર્ગ એક છે અને તે માર્ગના બે પ્રકારના તનુ (સ્વરૂપ) છે. એક માર્ગનો તનુ (પાસુ) જે છે તે ભકિત છે અને તે જ માર્ગમાં એક પાસું જે છે તે એક રૂપ તેનું આગમ (વૈદિક) છે.

શ્રીમહાપ્રભુજી કહે ‘‘ન તદ્ યુકતં’’ આ વાત સિદ્ધ નહીં થઈ શકે. માનવું હોય તો માની લ્યો, પરંતુ આ વાત સિદ્ધ થઈ શકશે નહીં. કારણ કે ‘‘ભિન્નો યુક્ત્યા હિ વૈદિકઃ’’ આ પુષ્ટિમાર્ગ જે છે તેનો બ્રહ્મસૂત્રમાં વિસ્તારથી વિચાર કર્યો છે. તે બધું આપણે હમણાં અહી ચર્ચા નહીં કરી શકીએ. પરંતુ ‘‘સુત્રતો હિ ભિન્નો યુક્ત્યા’’ અને યુકિતથી પણ જે વાત આપણને સમજમાં આવી શકે કે તે વૈદિક માર્ગ એક જુદો માર્ગ છે અને આ જે પુષ્ટિમાર્ગ છે તે એક જુદો માર્ગ છે.

હવે જુઓ અહીંયા પાછી ઝંડાબાજી થઈ શકે હો ! ધ્યાનથી સમજો. પરંતુ મેં એટલા માટે સાવધાનીથી પહેલા બતાવી દીધું કે શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાં પણ પ્રવાહનું કેરેકટર માની રહ્યા છે, શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાં મર્યાદાનો અંશ (કેરેકટર) પણ માની રહ્યા છે. એટલે કે પુષ્ટિ છે તેણે અનઘડ જ રહેવું એવું નથી. પુષ્ટિને સુઘડ પણ થવું જોઈએ. પુષ્ટિ અનઘડ રહે અથવા સુઘડ રહે પોતાનામાં પોતાનો જે પુષ્ટિનો ભાવ છે તે અનઘડ અને સુઘડથી અલિપ્ત

(જુદો) ભાવ છે.

આનો અર્થ એવો નથી કે પુષ્ટિએ અનઘડ જ રહેવું જોઈએ કારણ કે વૈદિક માર્ગ તો જુદો છે પરંતુ ભાઈ વૈદિકમાર્ગ જુદો છે તો લૌકિકમાર્ગ પણ જુદો છે. તે વાત ન કરો. આ વાત ન કરતા પાછી. એટલે કે તેમાં લફડો છે. તો શુધ્ધ વાત કયા રહી ? જો જુદો છે તો લૌકિકમાર્ગ પણ જુદો છે. પછી તો લૌકિકતા પણ ન હોવી જોઈએ. તમારે લૌકિકતા તો પૂરી ઠાંસી ઠાંસીને ભરી રાખવી છે, પરંતુ વૈદિકતાનો પ્રશ્ન આવે ત્યારે કહે કે ના વૈદિક માર્ગ જુદો છે.

ભાઈ, આ આપણા શરીરમાં બધા પાસા કે અંશ લૌકિકતાના પણ છે, અને વૈદિકતાના અંશ પણ છે. બીજાને શા માટે પૂછો છો ? પોતાના અહંકારને પૂછીને જોઇ લ્યોને. શ્રીમહાપ્રભુજીને પૂછવાની જરૂરત નથી. આપણા અહંકારને પૂછો કે તમારો અહમ્ શું શું હોવાનો છે ? તમે પોતાને શું શું માની રહ્યા છો ?

તમે પોતાને બાપ માની રહ્યા છો કે નહીં ? તમે પોતાને પુત્ર માની રહ્યા છો કે નહીં ? તમે પોતાને દુકાનવાળો માની રહ્યા છો કે નહીં ? તમે પોતાને નોકર માની રહ્યા છો કે નહીં ? આ કયા કોઈ વૈદિક અહમ્ છે ? આ તો લૌકિક અહમ્ છે. જયારે તમે પોતાને બ્રાહ્મણ માની રહ્યા છો, જયારે તમે પોતાને ક્ષત્રિય માની રહ્યા છો, વૈશ્ય માની રહ્યા છો, શૂદ્ર માની રહ્યા છો, બ્રહ્મચારી માની રહ્યા છો, ગૃહસ્થી માની રહ્યા છો, વાનપ્રસ્થ માની રહ્યા છો, સંન્યાસી માની રહ્યા છો, કર્મમાર્ગી માની રહ્યા છો, જ્ઞાનમાર્ગી માની રહ્યા છો તો તમારામાં તે બધા વૈદિક અહમ્ આવ્યા.

પરંતુ જયારે તમે પોતે લૌકિક અહમ્ રાખી રહ્યા છો તો એમ કેમ ના પાડી શકો ? કે તમારું કોઈ લૌકિક પાસું નથી અને જયારે તમે પોતાને બ્રાહ્મણ વગેરે માની રહ્યા છો, ત્યારે એમ કેમ ના પાડી શકો ? કે તમારામાં કોઈ વૈદિક પાસુ નથી. અમારો તો પુષ્ટિમાર્ગ છે. એવું નથી. આ શરીરમાં જે પ્રકારની આપણી સંરચના છે તેમાં કાંઈક પ્રાવાહિક પહેલું (પાસુ) પણ છે, અનઘડ, કાંઈક સુઘડ પાસા પણ આપણા છે અને તે સુઘડ અને અનઘડમાંથી ખીલતો

ભકિતવાળો કોઈ એક ત્રીજો પ્રકાર પણ છે જેને શ્રીમહાપ્રભુજી પુષ્ટિ કહેવા માંગી રહ્યા છે. આ વાત ધ્યાનથી સમજમાં આવીને !

જીવ-દેહ-કૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા-શ્રુતેઃ ।।
યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ।। ૭ ।।
પ્રમાણ -ભેદાદ્ ભિન્નોહિ પુષ્ટિમાર્ગો[ક/૧] નિરૂપિતઃ ।।

તેથી તમને જીવ મળશે, એટલે કે તમારા જીવમાં તે સ્વભાવ પ્રકટ થશે, તમારા શરીરમાં પણ તે સ્વભાવ પ્રકટ થશે, તમારી કૃતિમાં કર્મમાં પણ તે સ્વભાવ પ્રકટ થશે. જો તમે પુષ્ટિજીવ છો, તો તમારો જીવ પણ તે પ્રકારનો થશે. તમારા શરીરમાં પણ તે પ્રકારના અણસાર થશે અને તમે જે વખતે કામ કરવાનું શરૂ કરશો ''જીવ દેહ-કૃતીના ચ'' ફરી પાછા જુઓ ! તે જ આવી ગયું ''જીવ-દેહ-ક્રિયા ભેદે'' સરખાવી જુઓ. અહીંયા મેં નંબર નથી આપ્યા પરંતુ સમજવા માટે આપવા હોય તો આપી દો આનંદથી.

''જીવ દેહ કૃતિનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતે'' નિત્યતા શ્રુતે મતલબ આ માર્ગ જે છે તે નિત્ય માર્ગ છે. અનિત્ય માર્ગ નથી. કે ભાઈ! હમણા આપણે પ્રવાહી હતા પછી આપણે મર્યાદા થઈ ગયા. ફરી આપણે પુષ્ટિ થઈ ગયા એમ નથી. કારણ કે આ માર્ગ નિત્ય માર્ગ છે. નિત્યમાર્ગ હોવાના કારણે આ માર્ગ નિત્ય માર્ગ છે. નિત્યમાર્ગ હોવાના કારણે આ માર્ગના ગુણધર્મને પ્રકટ કરવાવાળા આપણા જીવ, આપણા દેહ અને આપણી ક્રિયા પણ અલગ અલગ હશે.

''યથા તદ્વત પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ'' જેમ પ્રવાહી જીવ, પ્રવાહી દેહ, પ્રવાહી ક્રિયા, મર્યાદા જીવ, મર્યાદા દેહ, મર્યાદા ક્રિયા એમ પુષ્ટિ જીવ, પુષ્ટિ દેહ, પુષ્ટિક્રિયાઓ કંઈક અલગ ઢંગની હશે. તે આ દેહમાં પ્રકટ થશે, એટલે કે પ્રવાહી દેહમાં તે ક્રિયાઓ પ્રવાહી રૂપમાં પ્રકટ થશે, મર્યાદા દેહમાં તે ક્રિયા મર્યાદા રૂપમાં પ્રકટ થશે. જેમ પ્રવાહી રૂપથી આપણે જન્મ્યા, તો પુષ્ટિજીવનો દેહ છે તે આકાશમાંથી નથી ટપકતો, માના ગર્ભમાંથી જ જન્મે છે.

પુષ્ટિજીવ પણ તે જ પ્રક્રિયાથી માના ગર્ભમાં જાય છે.

પુષ્ટિજીવ જે કામ કરે છે. તે એવા કામ નહીં કરે કે બધા કામ લોક-વેદાતિત હોય, કાંકઇ લૌકિક કામ પણ કરે અને કાંઇક વૈદિક કામ પણ કરે છે. જેમ લૌકિક કામ કરે, તેમ વૈદિક કામ કરે, એવા કોઇક ભગવદીયતાના કામ પણ કરે છે કે નથી કરતા ? તેના પર ધ્યાન દયો. એવા કોઇ સર્કલની અંદર તે જો કોઇ ચતુષ્કોણ બનાવી શકતો હોય અને તે ચતુષ્કોણને ધીરે ધીરે વિસ્તૃત કરી શકતો હોય તો તેના આ લૌકિક-વૈદિક જે અહંતા-મમતાનું જે વર્તુળ છે, તેમાં જો કોઇ ચતુષ્કોણ એવી રીતથી પ્રગટ થતો હોય અને તે ચતુષ્કોણ ધીમે ધીમે પોતાના સમય અનુસાર વિસ્તૃત (મોટું) થઇ શકતું હોય તો તેમાં પુષ્ટિજીવ છે, તેમાં પુષ્ટિ દેહ છે, તે પુષ્ટિ ક્રિયા કરી રહ્યો છે.

હવે એ સહજ સંભવ છે કે પુષ્ટિજીવ હોય પરંતુ પુષ્ટિ દેહ ન મળી શકવાને કારણે તેનું તે સર્કલ વિસ્તૃત થઇ શકતું ન હોય. પુષ્ટિજીવ છે, પુષ્ટિ દેહ પણ મળ્યો, પરંતુ કોઇ પરિસ્થિતિ એવી થઇ ગઇ કે જે પરિસ્થિતિને કારણે તે ક્રિયામાં પુષ્ટિતા પ્રકટ ન કરી શકયો. તેથી આ જે ચતુષ્કોણ છે તે પાછો વિસ્તૃત થતા રોકાઇ જશે. આ બધી સંભાવનાઓ લીલાની અનેકતા છે, માર્ગની અનેકતાને પ્રકટ કરવાવાળી, આ વાત ધ્યાનથી સમજો તો આ સંભાવનાઓ આમા રહેલી છે.

‘‘યથા તદ્વત પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ’’ કારણ કે પુષ્ટિમાર્ગ ન પ્રવાહમાર્ગ છે, કે ન મર્યાદામાર્ગ છે. પુષ્ટિમાર્ગમાં આ પ્રવાહિતાનો અને મર્યાદિતાનો બન્નેના નિષેધથી પુષ્ટિતા એક અલગ કહેવાઇ રહી છે. કેમ ‘‘**યદા યસ્યાનુગૃહણાન્તિ ભગવાન આત્મભાવિત સ જહાતિ મતીમ્ લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્**’’ આ બન્નેનો નિષેધ આ એક કારણથી કર્યો.

‘‘પ્રમાણ ભેદાદ્ ભિન્નોહિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ’’ પ્રમાણ ભેદથી એક જુદા પુષ્ટિમાર્ગનું અહીંયા મેં નિરૂપણ કરી દીધું કે તમે નિશ્ચિંત થઇ જાવ. આમ કહીને શ્રીમહાપ્રભુજીએ બધાથી પહેલા જે ત્રણ માર્ગ છે. ‘ક-ખ-ગ’ એમ ‘ક[1]’નું અહીંયા નિરૂપણ કરી, પુષ્ટિમાર્ગ એક જુદો માર્ગ હોવાની વાત કરે છે.

સમજમાં આવી ? જુઓ મેળવી (ટેલી કરી) જુઓ.

પુષ્ટિ=ક અને માર્ગ=૧ તેથી ‘ક^{૧}’ને એટલે કે પુષ્ટિમાર્ગને અહીંયા શ્રીમહાપ્રભુજી પૂર્ણ કરી રહ્યા છે કે ‘ક^{૧}’ મેં તમને હવે સારી રીતે સમજાવી દીધો, કે જેમાં તમને કોઈ સંદેહ ન થવો જોઈએ. “પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ” હવે જયારે આ તમે સમજી ગયા તો પછી સમજો કે સર્ગ શું છે.

પ્રશ્ન :- પુષ્ટિજીવ છે, પરંતુ દેહ નથી મળ્યો એટલે શું ?

જવાબ :- તો આજે તેને (પુષ્ટિજીવને) વિસ્તૃત કરી શકે તેવો દેહ નથી મળ્યો તો પુષ્ટિ દેહ ન મળ્યો ને ? કાં તો મર્યાદા દેહ મળી ગયો, કાં તો પ્રવાહી દેહ મળી ગયો. અનઘડ રહી ગયો, તો પ્રવાહી છે. સુઘડ થયો તો મર્યાદા દેહ થઈ ગયો. પરંતુ પુષ્ટિદેહ તો ન થયો. પણ એવો દેહ કે જયાં એ સર્કલ આ ચતુષ્કોણને વિસ્તૃત કરી શકે. તો એને પુષ્ટિદેહ મળી ગયો. આવી વાત સમજમાં ?

જો આ ચતુષ્કોણને વિસ્તૃત કરી શકે છે, એવો દેહ મળ્યો તો પુષ્ટિ દેહ છે, એવો દેહ ન મળ્યો તો તે દેહ શું હોઈ શકે છે ? સુ સંસ્કૃત દેહ છે, શાસ્ત્રના ધર્મ અર્થ કામ મોક્ષ પુરુષાર્થના વિભાગ છે. સુસંસ્કૃત દેહ છે, તો મર્યાદા દેહ છે. અસંસ્કૃત દેહ છે તો પ્રવાહી દેહ છે, દેહ પણ સંસ્કૃત છે, અનઘડ પણ નથી. થોડીઘણી અનઘડતા પણ હશે, થોડીઘણી સુઘડતા પણ હશે. એમ જ હોયને.

જેમ આપણે નક્કિ કરીએ ક્રોધ નથી કરવો. ક્રોધ ન કરવાથી ક્રોધ આવે નહીં, ફરી ક્રોધ આવી જાય તે શું છે, અંદર રહેલી અનઘડતા. ક્રોધ આવી ગયો તે ક્રોધને ફરી આપણે એવી કોઈ રીતથી રફાદફા કરીએ તે પાછું શું છે ? આપણી અંદર રહેલી થોડીક સુઘડતા. તે સુઘડતા આપણે ફરી પ્રકટ કરી, ફરી પાછો ક્રોધ આવી ગયો, તે પાછી પ્રકટ થયેલી અનઘડતા છે. તો આવી અનઘડતા-સુઘડતાની આંખ મીંચામણી આપણી અંદર ચાલતી રહે. તો તેમાંથી શું ચાલી રહ્યું છે ? ચોક્કસપણે (પ્રોમીનેટલી) તે તમારો દેહ છે. આવ્યું ખ્યાલમાં ?

હવે દેહ છે પરંતુ ક્રિયા એવી દેહને અનુરૂપ પ્રકટ થઈ રહી નથી. તો જીવ-દેહ તો થઈ ગયો તમારો પુષ્ટિનો. પરંતુ ક્રિયા તેવી નથી પ્રકટ થઈ રહી. તો

પછી ક્રિયા કેવી પ્રકટ થઈ રહી છે? એક વાત ધ્યાનથી સમજો કે આપણે પુષ્ટિમાર્ગમાં જન્મ્યા, આપણે કંઠી લીધી, આપણે બ્રહ્મસંબંધ લીધું અને આપણે તેમાં મર્યાદા કરી રહ્યા છીએ. આજે આ દેવીની માનતા માને, આજે તે દેવીની માનતા માની રહ્યા છે. આજે આ ઉદ્યમ કરી રહ્યા છે, આજે તે ઉદ્યમ કરી રહ્યા છે. તો કંઈકને કંઈક મર્યાદા ક્રિયા પ્રકટ થઈને ? ફરી પાછો કંઈક ઉપદ્રવ વધી ગયો, બાટલી પી રહ્યા છે, કોઈ કલબમાં જઈ રહ્યા છે તો કોઈ કંઈક કરે તો આ પૂરી અનઘડતા આવી ગઇ ક્રિયામાં. દેહ તો ઠીક છે, ક્રિયામાં આવી રીતે અનઘડતા આવી ગઇ કે નહીં ?

આપણા દુર્ભાગ્યથી એવા પ્રવાહના દેહનું જયાં વર્ણન આવવા જઈ રહ્યું હતું તેના પહેલા આ ગ્રંથ પૂરો થઇ ગયો ત્યારે પ્રમાણભૂત કહી શકવું આજની તારીખમાં મુશ્કેલ વાત છે. પરંતુ શ્રીમહાપ્રભુજીની પદ્ધતિ શું છે તે આપણે વિચારીએ અને સુબોધિની અને ભાષ્ય અને તે બધાથી થોડુંઘણું આજે ખાલી છે તેને પૂર્ણ કરવાની કોશિશ કરવી હોય તો કરી શકાય.

તો આજે મેં બીજગણિત (અલજીબ્રા)વાળી પદ્ધતિથી આની પૂરી રૂપરેખા આપી છે. તે એટલા માટે કે કયારેક કયારેક આપણને ફુરસદ હોય તો બેસીને ભાષ્ય, સુબોધિની, વિદ્વનમંડન આ બધા ગ્રંથોમાંથી વચન શોધીને કોઇ ‘$ખ^{૨}$’ લગાવી દઇએ, કોઇને ‘$ખ^{૫}$’ લગાવી દઇએ, કોઇને ‘$ખ^{૫,૨}$’ લગાવી દઈએ. એમ બધા વચન જે દિવસે શોધી કાઢીશું તે દિવસે આ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ પૂરો થઇ જશે. અંતર કેટલું રહેશે ? કે છંદ બધ્ધ નહીં હોય, ગદ્યમાં થશે. પરંતુ એક વખત આ રીતથી સુબોધિનીનું સર્વે કરી લ્યો, તો આ કોઇ ખૂબ કઠિન વાત નથી. કે આ દરેક શીર્ષકના અનુરૂપ વચન આપણને મળે નહીં. એકાદ કોઈનું ન મળે તો ન મળે, ઘાણુંખરું મળે છે.

બાકી મારી એક એવી ઈચ્છા હતી, એક વખત, કે શ્રીઠાકોરજી ઈચ્છશે તો પૂરી થઈ જશે, કે દરેક ષોડશ ગ્રંથના શ્લોકની શ્રીમહાપ્રભુજીની પોતાની વ્યાખ્યા શું છે ? આપણે શું વ્યાખ્યા કરી રહ્યા છીએ ? તે તો એક આપણી વ્યાખ્યા છે. પરંતુ શ્રીમહાપ્રભુજીની પોતાની વ્યાખ્યા શું છે ? તે દરેક ષોડશ

ગ્રંથના શ્લોકની નીચે કોઇ સુબુધિનીનું વચન, કોઇ ભાષ્યનું વચન, કોઇ નિબંધનું વચન મુકીને અને તે શ્લોકની વ્યાખ્યા કરીને જોવું હતું. મેં થોડોઘણો સર્વે કર્યો હતો, પરંતુ પૂરો ન થઇ શકયો. કારણ કે ચોથા ગ્રંથમાં કામ અધૂરું અટકી ગયું.

બાકી થોડુંઘણું તેને સર્વે કરીને મેં રાખ્યું છે. કયારેક તમે પણ જોશો તો ઘણી મજા આવશે. તમારે દરેક રૂપરેખાનું શીર્ષક જોઇને અને એક શીર્ષક લઇને આપણે બસ સુબોધિનીનું પારાયણ કરવું, નિબંધનું પરાયાણ કરવું, કયાંથી કેટલા વચન મળે, એક વખત ત્યાં તે જ ટાઇટલ દઇ દ્યો તેને. પછી એક ક્રમ પ્રમાણે એક નોટબુક તૈયાર કરો. જે દિવસે તે નોટબુક તૈયાર થઇ જાય, તે દિવસે તમારો પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ પૂરો. આવ્યુને ખ્યાલમાં.

જે અપૂર્ણ ગ્રંથ છે અને જે ગ્રંથ પૂર્ણ છે. તેની વ્યાખ્યાના રૂપમાં પણ ઇચ્છો તો તમે તેને રાખી શકશો. આ રીતથી એક વખત સુબોધિનીનું સર્વે કરીશું, નિબંધનું સર્વે કરીશું ઘણો મજાનો વિષય છે. કયારેક તમે આવશો તો બતાવીશ મેં થોડોઘણો કરીને રાખ્યો તો પરંતુ હમાણા તે કામ અટકી ગયું. ખેર !

(સર્ગ[૨] ભેદકારકહેતૂનાં સંઙ્કલનમ્)-પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના સર્ગો ભિન્ન હોવાના હેતુ.

સર્ગભેદં[૨] પ્રવક્ષ્યામિ સ્વરૂપા[ય]ઽઙ્ગ[૨] ક્રિયા[લ]યુતમ્ ॥ ૮ ॥
ઇચ્છામાત્રેણ[ખ/૨] મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ॥
વચસા[ગ/૨] વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન[ક/૨] નિશ્ચયઃ ॥ ૯ ॥

શ્રીમહાપ્રભુજી કહે છે કે હવે હું સર્ગભેદને સમજાવવા ઇચ્છી રહ્યો છું. સ્વરૂપ, અંગ અને ક્રિયા. હવે જુઓ સર્ગભેદ-૨, પહેલો શું હતું ? માર્ગભેદ, બીજો સર્ગભેદ અને ત્રીજો છે ફલભેદ અને તે સર્ગભેદના પાછા ત્રણ પ્રકાર આવી રહ્યા છે. સ્વરૂપ, અંગ અને ક્રિયા એટલે જીવ, દેહ, ક્રિયા અને આજે રસીકભાઇએ પુછયું હતું ને કે નિયામક શું બનશે ?

તો શ્રીમહાપ્રભુજી આ જ વાત સમજાવી રહ્યા છે ''ઇચ્છામાત્રેણ

મનસા પ્રવાહં સૃષ્ટવાન હરિઃ'' પ્રભુએ ઈચ્છા કરી કે અનેકવિધ રૂપ હોવા જોઈએ. ઘોડો જ હોવો જોઈએ એવું નથી. ગધેડો પણ હોવો જોઈએ. ગધેડો જ હોવો જોઈએ એવું નહીં, કૂતરો પણ હોવો જોઈએ. કુતરો જ હોવો જોઈએ એવું નહીં, ઊંટ પણ હોવો જોઈએ. ઊંટ જ હોવો જોઈએ એવું નહીં જીરાફ પણ હોવો જોઈએ.

તો ''ઈચ્છામાત્રેણ'' ફકત ઈચ્છાથી **''એકો અહમ્ બહુસ્યામ્''** આ જે ઈચ્છા છે તેનાથી મનથી આ સૃષ્ટિની ભિન્નતા સ્વરૂપાંગ ક્રિયા યુક્ત પ્રવાહ સૃષ્ટિની ભિન્નતા પ્રભુએ પ્રકટ કરી છે. લગભગ આમા શું થાય કે કોઈ લોકો એમ સમજે છે કે મનનો કોઈ એક ડબ્બો છે. પ્રભુ એ તે મનના ડબ્બમાંથી કાઢી કાઢીને બધા પ્રવાહી જીવ બહાર ટપકાવી દીધા એવું નથી. સર્ગનો મતલબ સમજો સર્ગ એટલે એક રચના (ઓર્ગેનાઈઝેશન). પ્રવાહનો જ સર્ગ છે એટલે કે પ્રવાહ સૃષ્ટિની જે રચના છે તે સૃષ્ટિ રચનાના ઘટક તરીકે જીવ, દેહ અને ક્રિયા છે.

તે સર્ગભેદની રચના ભગવાને કેવી રીતે કરી ? ''ઈચ્છામાત્રેણ મનસા'' મનમાં ઈચ્છા કરી કે અનેક વિધતા આમા પ્રકટ થવી જોઈએ. તેથી અનેક વિધતા પ્રગટ થઈ ગઈ. હવે તેમાં પ્રભુના અનેકવિધ થવાની ઈચ્છા સિવાય બીજી કોઈ વસ્તુ નિયામક નથી. ખ્યાલમાં આવ્યું ? એટલે પ્રવાહના સર્ગમાં, પ્રવાહી જીવમાં, પ્રવાહીના દેહમાં, પ્રકટ થતી ક્રિયા જે પણ વિવિધતા છે તેનો નિયામક કોણ છે ? પ્રભુએ મનથી કરેલી ઈચ્છા.

હવે તે તો જુઓ મનથી તે જ ઈચ્છાના કારણે આપણે બધા પણ અનેક થયા છીએ હો. **''એકો અહમ્ બહુસ્યામ્''**થી. આપણે કોઈ બીજી રીતથી અનેક નથી થયા ! પરંતુ ''વચસા વેદમાર્ગં હિ'' જે ઈચ્છાથી વિવિધતા પ્રકટ કરી અને તેમા જે પણ કાંઈક અનઘડ જીવ, દેહ અને ક્રિયાઓની જે અનેક વિધતા પ્રકટ થઈ તેને વાણીથી ભગવાને ફરી પુનઃ સ્થાપન (વ્યવસ્થા) કરવાની કોશિશ કરી, કે સારું આમ આ અનઘડ પ્રગટ થઈ ગયા. હવે તેને આ રીતથી સુઘડ બનાવું.

જેમ આપણે બાળકને જન્મ આપીએ પછી બાળકને આપણે ઘરના,

કુળના, સમાજના, સંસ્કારથી તેને સુઘડ બનાવીએ કે તારે આમ કરવું, આમ નહીં કરવું, આમ કરીશ તો બે ઝાપટ મારીશ. આ શું છે ? 'વચસા' તેને સુઘડ બનાવવાનું ચક્કર છે. આવી વાત સમજમાં.

''વચસા વેદમાર્ગં હિ પુષ્ટિ'' પુષ્ટિનું નિયમન કોણ કરે છે ? ન વાણીથી નિયમન કરે, ન મનથી નિયમન કરે છે. આ વાત નથી. પરંતુ મનથી જે સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. પુષ્ટિની, તેને વાણીથી સુઘડ બનાવવા છતા પુષ્ટિની જે પુનઃ રચના કરે છે. ફરીથી આને તમે એમ સમજી લ્યો કે વર્ગીકરણ કરે છે. જેમ તમે કાચો હિરો લાવ્યા, કાચા હિરાને લાવીને આપણે કંઈક તરાસ્યો, તેમાંથી જે એકદમ ઉત્તમ સુંદર રીતે તરાસી શકયા, તે આપાણે ઉપર રાખી દીધા. જે થોડાક એવા તરાસી શકયા, જે પૂરા ઢંગથી તરાસી ન શકયા તેને આપાણે બીજી કક્ષામાં રાખી દીધા અને જે તરાસી ન શકયા તેને એકદમ કાચા (રો) રાખી દીધા. આમ હિરાના ત્રાણ વર્ગીકરણ કર્યા.

જેમ તમને ખ્યાલ હોય તો અત્તર બનાવવાવાળા ત્રાણ-ચાર પ્રકારના અત્તર બનાવે. એક રૂહબનાવી દે, એક તેનાથી નીચે ઉતરતા અત્તર બનાવી દયે, એક તેનાથી પાણ સસ્તુ અત્તર બનાવી દયે અને એક એવું અત્તર બનાવે કે તે ચંદનનું જ તેલ હોય. તેમાં ઢાંકાણ ખોલો તો અત્તરની સુગંધ આવે, પરંતુ ઢાંકાણ ખોલ્યા પછી અત્તરની સુગંધ ન રહે તો મનસા સૃષ્ટવાન આમ આ રીતની સૃષ્ટિની અલગ -અલગ પ્રકારની વર્ગીકરણની વ્યવસ્થા છે.

આમ જે સૃષ્ટિની પ્રભુએ પોતાના સ્વરૂપથી પુનઃ રચના કરી છે. એટલે કે તે સૃષ્ટિનો જીવ, તે સૃષ્ટિનો દેહ, તે સૃષ્ટિની ક્રિયાઓ પ્રભુની સ્વરૂપાસકિતથી સંચાલિત થઈ રહી છે. પ્રભુની વાણીથી સંચાલિત નથી થઈ રહી પ્રભુની જે ''**એકો અહં બહુસ્યામ્**'' થવાની જે ઈચ્છા છે, તે ઈચ્છા માનસિક ઈચ્છા છે. તેનાથી સંચાલિત નથી થતી. છૂટા છોડી દીધા. પરંતુ પ્રભુનુ જે સ્વરૂપ છે, તે પ્રભુના સ્વરૂપાસકિતથી સંચાલિત (નિયંત્રિત) થઈ રહી છે. આદર્શ રીતે હવે સમજયાને ?

હવે તો શરૂ અહીંયાથી થઈ શકે આ જે વ્યાખ્યા છે તે વાત ધ્યાનથી

સમજો. એવરેસ્ટ કેટલા હજાર ફૂટનો છે ? ૨૯ હજાર ફૂટનો તો ૨૯ હજાર ફૂટનો એવરેસ્ટ કયા છે ? તેની ઉંચાઇ પર તો તે જ એવરેસ્ટ છે તેવું નથી. કંઇક તે દશ હજાર ફૂટ પર પણ તે એવરેસ્ટનું સ્વરૂપ છે. કંઇક ૨૦ હજાર ફૂટ પર પણ તે એવરેસ્ટનું સ્વરૂપ છે. કંઇક ૨૫ હજાર ફુટ પર પણ હશે. છેલ્લે જે છે તે એવરેસ્ટનું સ્વરૂપ ૨૯ હજાર સુધી જઇ રહ્યું છે. તો તે ગણતરી ત્યાંથી શરૂ થઇ રહી છે કે ભાઇ એવરેસ્ટ જે છે તે બધાથી ઉંચો છે, પરંતુ એવરેસ્ટ બધાથી ઉંચો છે તેના શિખર પર, તેની તળેટીમાં નહીં ખ્યાલમાં આવ્યું ને ?

એમ જીવ જે છે તેની બધી પ્રવૃત્તિને ભગવદ્ સ્વરૂપાસકિતથી તેના બધા જીવ, દેહ અને ક્રિયા જે છે તે નિયત થઇ રહ્યા છે. આ એક ઘણુ આદર્શ વિધાન છે. તેની શરૂઆત અહીંથી થઇ શકે. તેનો વિસ્તાર અહીં સુધી થઇ શકે. જે ૨૯ હજાર ફૂટ છે અને આ જે છે તે તો તળેટી છે. આવ્યુંને ખ્યાલમાં ! તો અહીંયાથી તેને અહીંયા સુધી સમજવાનો છે.

એ તો તમે હેલીકોપ્ટરથી જઇ રહ્યા છો કે ચઢીને જઇ રહ્યા છો કે રોપ-વે પર ? આ તો લગાવ્યું નથી. બાકી રોપ-વે લગાવી દીધુ હોય તો સીધા ચાલ્યા જાવ. એમ તો ઉભા ઉભા પણ જઇ શકો, આમ જે પ્રાપ્ત હોય તેનાથી ઉપર જઇ શકાય. તેમ પ્રભુ જેમ તમને પ્રાપ્ત થયા. સત્સંગ જેમ તમને પ્રાપ્ત થયો, ગુરુ તમને જેમ પ્રાપ્ત થયા, તમારી મનોવૃતિ જેમ તમને પ્રાપ્ત થઇ, તમારો પરિવાર તમને જે રીતથી પ્રાપ્ત થયો, આમ તમારી પાસે જે પ્રાપ્ત છે તેનાથી ભકિતમાર્ગમાં આગળ વધી શકાય.

પ્રશ્ન :- બીજભાવ બધામાં સરખો હોય છે ?

બીજભાવ તો બધામાં એક સરખો જ હોય ને ! પરંતુ બધી બાહ્ય પરિસ્થિતિઓ જે રીતથી તમને પ્રાપ્ત થાય તેના પર આધાર (ડિપેન્ડ) રાખશે. વાત સમજમાં આવી ?

પ્રશ્ન : બધું પ્રભુની ઇચ્છાથી જ થાય છે ને ?

પ્રભુની ઇચ્છાથી બહાર તો કંઇ થઇ જ ના શકેને! પરંતુ પ્રભુની ઇચ્છાથી ઘણુંબધું થઇ શકશે. એવું પણ હોય જે પ્રભુની ઇચ્છાને અનુરૂપ છે,

જે પ્રભુની ઈચ્છાને અનુકૂળ નથી, પ્રતિકૂળ છે એવું પણ પ્રભુની ઈચ્છાની અંદર થઈ શકે ને !

હમણા નરસિંહરાવે કહ્યું હતું ને ! કે ન બોલવું, નિર્ણય ન લેવો પણ એક નિર્ણય છે. નરસિંહરાવે કહ્યું કે અમે નિર્ણય નથી લઈ રહ્યા તો બધા અમારા પર દોષારોપણ કરે છે. પરંતુ આ પણ તો એક નિર્ણય છે કે અમે નિર્ણય નથી લઈ રહ્યા. તો આપણા માટે પ્રભુ કોઈ નિર્ણય નથી લઈ રહ્યા, છે તો પ્રભુનો જ નિર્ણયને ! પ્રભુ જો નિર્ણય લેતા હોત કે ભાઈ આનો આવો નિર્ણય લેવો. તે પણ જેમ પ્રભુનો નિર્ણય છે. પ્રભુ આપણા માટે કહી રહ્યા છે કે છોડોને આને, થોડીવાર નિર્ણય નથી લેવો. તેનું કંઈક વિચારશું કયારેક ફૂરસદમાં. તો તે પણ પ્રભુનો તો નિર્ણય છે ને ! તેને કેમ ના કહેશો ? આવ્યું ને ખ્યાલમાં. પ્રભુની ઈચ્છા બહાર તો કંઈ થઈ શકશે નહીં.

ખરેખર થ્રી,ટુ,વન ક્રમાંક (ઓર્ડર) છે. આદર્શ રીતે (આઈડયલી) વન, ટુ,થ્રી ક્રમાંક છે. આવીને વાત સમજમાં. એક વાત ધ્યાનથી સમજ. શરીર શાસ્ત્રની તો તને થોડીઘાણી સમજ છે. આપાણે જેટલા પ્રાણી છીએને આપાણા બધાથી પહેલા એક સ્વરૂપ આ કરોડરજ્જુ (બેક બોન)નો છે. કરોડરજ્જુની ઉપર એક નાના મગજનું કવર (ઢાંકણ), તે નાના મગજની ઉપર એક ત્રીજુ મોટા મગજનું કવર છે. જે વાંદરામાં નહોતુ અને મનુષ્યમાં આવ્યું છે. આવ્યું ખ્યાલમાં. તે જે કરોડરજ્જુની કંટ્રોલ (અંકુશ)ની પદ્ધતિ છે, તે લગભગ સ્વયં સંચાલિત જ્ઞાનતંતુની પદ્ધતિ છે તેમાં તમે ઈચ્છા કરો કે ન કરો બધા કામ થઈ જ રહ્યા છે.

એટલે કે દેખાય છે તે દેખાઈ રહ્યું છે. સાંભળવાનું સંભળાઈ રહ્યું છે. ચાલવાનું ચલાઈ રહ્યું છે. હાથનો હાથ ચાલી રહ્યો છે. શ્વાસનો શ્વાસ ચાલી રહ્યો છે. લોહી દોડી રહ્યું છે. ખાવાનું પાચન થઈ રહ્યું છે.પચેલું નિકળી રહ્યું છે. બધી પદ્ધતિ પોતાની રીતે ચાલી રહી છે. તેમાં તમારે કઈ સમજવાની જરૂરત નથી અને થોડીઘાણી સમજ ઉત્પન્ન થઈ રહી છે જે આ કરોડરજ્જુની ઉપર બીજા નાના મગજનો એક ડબ્બો બેસાડયો છે. તે આને કેન્સલ નથી કરી રહ્યો પરંતુ

આને સમયસર (ટાઈમ ટુ ટાઈમ) કંટ્રોલ કરી રહ્યો છે. ખ્યાલમાં આવ્યું ? આ જે તંત્રની પદ્ધતિ છે, કે નીચેથી લઈને ઉપર સુધી બધા કામ ચાલી રહ્યા છે. તો દરેક વરિષ્ઠ સત્તા શું કરે છે ? જે નીચેના દરજ્જાની પદ્ધતિ છે. તેમાં કંઈને કંઈ પોતાની વરિષ્ઠતાની દરમ્યાનગીરી (વગ) કરતો રહે ખ્યાલમાં આવ્યુંને!

જેમ નીચેનો ઘણો નાનો પોલીસ છે, તે જે પોલીસ છે, તે પોલીસ કમિશ્નરથી સંચાલિત થઈ રહ્યો છે ? તે પોલીસનું કામ કરી રહ્યો છે. તે પોલીસની ઉપર કોઈ બીજો ઈન્સ્પેકટર કામ કરી રહ્યો છે, તે ઈન્સ્પેકટરની ઉપર કોઈ બીજો ઈન્સ્પેકટર કામ કરી રહ્યો છે. આમ થતા છેલ્લે એક કમિશ્નર આવી રહ્યો છે. બધાની ઉપર આ એક સૌથી ઉપરનો સતાધારી છે તે શું કરી રહ્યો છે. ? દરેક વખતે કોઈ વાત કેન્સલ કરીને તે પોતાનું કામ નથી કરી રહ્યો. પરંતુ સમયસર કંઈક કંઈક એવા નિર્ણય લઈ રહ્યો છે. આ વાત બતાવવા માટે કે ભાઈ ! મને ભૂલીને ના કરો. હું વરિષ્ઠ અધિકારી છું આવીને વાત ખ્યાલમાં.

તો આમ દરેક પદ્ધતિ છે તેની આજ વ્યવસ્થા છે. જેમ તમારા પગ ચાલવાની રીતે ચાલી રહ્યા છે. હવે તમારા શ્વાસ ચાલવાની રીતે ચાલી રહ્યા છે. તેને તમે ઈચ્છો તો તમારી ઈચ્છાથી પણ ચલાવી શકો છો, તેને ઈચ્છો તો તમે રોકી પણ શકો છો. કોઈ ગધેડાને તમે પ્રાણાયામ કરતો સાંભળ્યો ? કેમ નથી સાંભળ્યો ? એટલા માટે કે તેને આવી પદ્ધતિ નથી. આવી પદ્ધતિ હોત તો ગધેડા પણ પ્રાણાયામ કરત. ગધેડા પણ શ્વાસ લ્યે છે અને બધા કામ કરે છે પરંતુ પ્રાણાયામ નથી કરતું.

તો આપણામાં ઈચ્છાથી શ્વાસ લેવો, ઈચ્છાથી શ્વાસ રોકવાનું પણ સામર્થ્ય આપણામાં આવ્યું છે. તે નીચેની વ્યવસ્થાને કેન્સલ કરીને નહીં, પરંતુ નીચેની વ્યવસ્થામાં સમયસર દરમ્યાનગીરી પોતાના સામર્થ્યથી કરીને. એક વાત સમજો કે આપણે ગુજરાતીમાં કહીએ કે જીભમાં હાડકું હોતુ નથી, એટલે એમ ચાલી. કેવી રીતે ચાલી ? હાડકું હોય તો શું ન ચાલે ? આનો અર્થ એ છે કે જીભ કંઈક પોતાની જાતે પણ ચાલે છે. કંઈક ચલાવવાથી પણ ચાલે છે. કંઈક રોકી પણ શકાય છે. બધી વ્યવસ્થા આ જીભમાં હાજર છે.

''જીહવાગ્રે બંધમોક્ષૌ જીહવાગ્રે મરણં ધ્રુવં'' આ જીહવાગ્રેમા તમારા બંધન મોક્ષ વ્યવસ્થિત છે અને જીહવાગ્રેમાં તમારા શત્રુ-મિત્ર, તમારા દોસ્ત અને દુશ્મન મોજુદ છે અને જીહવાગ્રેમાં તમારું જીવન અને મૃત્યુ નિશ્ચિત છે. હવે આવું કામ જીભ કેવી રીતે કરી શકે છે ? તો વાત સમજો કે કોઈવાત તમે આત્મ નિરિક્ષણ કરો, કોઈવાર ન કરો, પરંતુ તે તો પોતાની રીતે પણ કરી રહી છે. બધા જ પ્રકારનું ઉમદા ઉત્તમ કક્ષાનું તત્વ છે. આમ હોવાથી આપણે મશીન નથી. આજે પણ મશીનમાં આવી વ્યવસ્થા શકય (પોશીબલ) નથી. સારા માટે અથવા ખરાબ માટે જુદી વાત છે. પરંતુ આપણે કરી શકીએ છીએ કે નહીં ? બસ અહીં આપણે મશીન નથી. બાકી તો આપણે મશીન જ છીએ.

આવી રીતે પ્રભુએ કાંઇ કેન્સલ નથી કર્યુ. પ્રભુએ તમારી અહંતા કેન્સલ નથી કરી, તમારી મમતા કેન્સલ નથી કરી, તમારી બુદ્ધિ કેન્સલ નથી કરી, તમારી ઈચ્છા કેન્સલ નથી કરી, તમારા દેહના જે કાંઇ આવેગ છે તેને કેન્સલ (રદ) નથી કર્યા. તે બધા પોતાની રીતે (ઓટોનમસ) સમયે સમયે ચાલી રહ્યા છે.

તો ડિસીઝન (નિર્ણય) લઇ રહ્યા છે તે પણ પ્રભુનો નિર્ણય છે અને જયારે જયારે તમે નિર્ણય નથી લઇ રહ્યા તે પણ તો તમારો જ નિર્ણય છે. હવે ચાલવા દયો જે ચાલી રહ્યું છે તે, તો નરસિંહરાવે ખૂબ જ આધ્યાત્મિક નિવેદન (મેટાફિઝીકલ સ્ટેટમેન્ટ) આપ્યું છે. ભલે રાજકીય તેમાં જે પણ સૂચિત થતું હોય, પણ આધ્યાત્મિક અર્થવાળુ નિવેદન છે કે નહીં ? નિર્ણય ન લેવો એ પણ પોતાનામાં એક નિર્ણય છે કે અમે નકિક નથી કરી રહ્યા, એ નકિક તો કર્યુ છે કે નહીં ?

તો આ વાતથી સર્ગના નિયામક હેતુમાં સમજો કે આપણી સામે સ્પષ્ટ થઇ ગયું એક હુકમમાં. અર્થાત્ મૂળ ઈચ્છાથી જે અનેકતા પ્રકટ કરી રહ્યા છે તેમાં વાણીથી મર્યાદા પ્રકટ કરી છે અને તેમાં સ્વરૂપથી પુષ્ટિ પ્રકટ કરી છે. સમજમાં આવી ગયું ? તો જે વખતે તમારો દેહ, જે વખતે તમારો જીવ, જે વખતે તમારી ક્રિયાઓ પ્રભુની સ્વરૂપાસકિતથી નિયમન થવા લાગી, તે વખતે પુષ્ટિની પૂર્ણ

ક્ષમતા તમારી પ્રગટ થઈ ગઈ અને જે વખતે તમારો દેહ, જીવ અને ક્રિયાઓ ભગવત સ્વરૂપાસકિતથી નિયમન નથી થઈ રહી, કાંઈક મર્યાદિત અભિમાનથી પ્રગટ થઈ રહી છે. તો વાણી તેને કંટ્રોલ કરશે.

મર્યાદાના અભિમાનથી નથી પ્રગટ થઈ રહી, તમારા પ્રવાહી અભિમાનથી પ્રગટ થઈ રહી છે તો ભગવાનની મૂળ ઈચ્છા તો કામ કરી જ રહી છે, કે નિર્ણય નથી લેવો. ભગવાને તે નિર્ણય લઈ રાખ્યો છે કે તેને કરવા દયો કામ ભાઈ, જેમ કરે તેમ કરવા દયો. નકામી ખટપટ શું કામ કરવી ? આરામ કરો. **''કિસ કિસકો યાદ કરીએ, કિસ કિસકો રોઇએ, યે આરામ બડી ચિજ હૈ, મુંહ ઢંક કે સોઇએ''** આ કેવડો મોટો નિર્ણય છે, ભગવાનનો આપણા વિષયમાં આ નિર્ણય છે તેથી બધા ધંધા ચાલી રહ્યા છે. નહીંતર તો આ નિર્ણય ભગવાન જો ન લેત તો અત્યારે જ બધા ખાતા વેર વિખેર થઈ જાય.

પ્રશ્ન :- અંતર્યામી શું ? (સમજમાં નથી આવતો)

બરાબર, તે સારી વાત કહી અને સાચી વાત કહી. પરંતુ એક વાત સમજ. અંતર્યામીના બન્ને સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા છે. અંતર્યામીનું કારયિતા સ્વરૂપ પણ છે અને સાક્ષિ સ્વરૂપ પણ છે. તો કયારેક અંતર્યામી જે છે તે સાક્ષિ તયા થાય છે કયારેક અંતર્યામી કારયિતા થાય છે.

તો જેમ ઘણીવાર હું પ્રવચનમાં કહેતો રહું છું **''એષ હ એવ એનં સાધુ કર્મ કારયતિ તં યમેભ્યો લોકેભ્યો ઉન્નિનીષતે એષ એવ એનં અસાધુ કર્મ કારયતિ તં યમ્ અધો નિનીષતે.''** (કૌ-૩૫. ૩/૮) આ કારયિતાના રૂપમાં અંતર્યામી છે. સાક્ષીના રૂપમાં નહીં અને બાવા સમજો **''દ્વાસુપર્ણા સયુજાસખાયૌ સમાનંવૃક્ષં પરિષસ્વજાતે તયોરેકઃ પિપ્પલં સ્વાદ્વત્યનશ્નન્નઽન્યો અભિચાકશીતિ ।''** અહીં અંતર્યામીનું સાક્ષીતાનાં રૂપનું વર્ણન છે, કારયિતાના રૂપનું વર્ણન નથી.

અંતર્યામી બન્ને બાજુથી કામ કરે છે અને કયારે તે કેવા રૂપથી કામ કરે ? તેની પણ ખૂબસૂરત વ્યવસ્થા બતાવી છે. પરંતુ અત્યારે તેના વિસ્તારમાં જવાનો આપણી પાસે સમય નથી, કયારેક નવરાશે બતાવીશ. શ્રીમહાપ્રભુજીએ આ

બધાની વ્યવસ્થા ખૂબસૂરત વ્યવસ્થા બતાવી છે કે ક્યારે તે કારયિતા બનીને કામ કરે અને કયારે તે સાક્ષીતયા કામ કરવા લાગી જાય. સાક્ષીતયા અર્થાત્ અનિર્ણય એ જ નિર્ણય. (નો ડિસીઝન ઈઝ ડિસીઝન) અને કારયિતા અર્થાત્ તમે કેવી રીતે કામ કરી રહ્યા છો તે હું નક્કી કરીશ.

(માર્ગત્રયે ફલભેદકારકહેતૂનાં સઙ્કલનમ્)–ત્રણેય માર્ગના જુદા જુદા ફલો હોવા પાછળના હેતુઓ હવે ધ્યાનથી સમજો અહીં પાછા ત્રણ આવ્યા તે ‘ક/૩’, ‘ખ/૩’, ‘ગ/૩’ આવા ત્રણ આવી રહ્યા છે.

મૂલેચ્છાતઃ[ખ/૩] ફલં લોકે વેદોક્તં[ગ/૩] વૈદિકેપિ ચ ॥
કાયેન[ક/૩] તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોऽપિ નૈકધા ॥ ૧૦ ॥

મૂળ ઈચ્છાથી લોકમાં ફલ થઈ રહ્યું છે. લોકમાં પ્રવાહી કર્મ જે તમારા છે, તેની ક્રિયાનું શું ફલ તમને મળવાનું છે તે કોનાથી નક્કી થાશે ? કંઈક મૂળ ઈચ્છા પ્રભુએ આવી ‘‘**એકો અહમ્ બહુસ્યામ્**’’ની પ્રગટ કરી છે. કાંઈક તમે ક્રિયા કરો અને તેનું કંઈક ફલ તમને અણધાર્યું (અનપ્રિડિકટેબલ) મળી રહ્યું છે. જેને શાસ્ત્રની દૃષ્ટિએ આપાણે કોઈ ઉત્પાદન (પ્રોડકશન) નથી કરી શકતા. પણ તમે પોતાની બુદ્ધિથી તે ફલને પ્રાપ્ત કરી શકયા છો. પોતાની બુદ્ધિથી તે ફલને ખાઈ શકો છો. તો પ્રવાહના જે ફલ છે તે બધા મૂલેચ્છાત છે, તે મૂલેચ્છાતને ધ્યાનથી સમજી લેજો.

નિર્ણય નહીં લેવાના નિર્ણયથી ફલ છે. તમને શું ફલ આપવું ? તેનો નિર્ણય હું નહીં લઉં, તે નિર્ણયથી મળતું, તે મૂલેચ્છાથી મળતુ ફલ છે. કર્મનો સિદ્ધાન્ત પાણ ત્યાં આવી રહ્યો છે. ‘‘**કર્મપ્રધાન વિશ્વ કરી રાખા, જો જસ કરહી સો તસ ફલ ચાખા**’’ પ્રભુની કોઈ ત્યાં દખલગીરી (ઈન્ટરફિયરન્સ) નથી. આવ્યું સમજમાં.

મૂલ ઈચ્છા જે એક અનેક થવાની ઈચ્છા, તો એક અનેક કેવી રીતે બન્યો ? કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ. તે કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષના રૂપમાં એક જે અનેક થયો છે. તેના જે અરસ–પરસ એકત્રિત

થયેલી વસ્તુની ગોઠવણથી (કોમ્બીનેશન પરમીટેશન) જે જે સંભવિત વિવિધતા પ્રગટ થઈ રહી છે, તે બધી આપમેળે થતી જ રહે છે તેમાં ભગવાનની કોઈ રીતની દખલગીરીની જરૂર નથી, કે ભાઈ આને શું ફલ આપવું ? તે હું નક્કિ કરું.

આપણે જેમ એમ કહીએ ને ! કે આટલો ધર્મ કરીને મનુષ્ય દુઃખી કેમ છે ? જુઓ ઘણીવાર આ વાત સાંભળવા આપણને મળશે કે ધર્મ કરીને મનુષ્ય દુઃખી કેમ છે ? સ્મગલર સુખી કેમ છે ? ભાઈ ‘‘મૂલેચ્છાતઃ ફલં લોકે’’ તેમાં દખલગીરી કરી જ નથી રહ્યા ભગવાન. કરવા દયોને ! જાવા દયોને ! આ સિદ્ધાન્ત છે. તો જયાં જાવા દયોને નો સિદ્ધાન્ત છે, ત્યાં આપણે નકામા દુઃખી થતા હોઈએ છીએ કે આ સ્મગલર સુખી કેમ છે ? અને આવો ધાર્મિક દુઃખી કેમ છે ? અરે ! દુઃખી તુ શાં માટે થઈ રહ્યો છે ? મૂલેચ્છાનો વિચાર કરને. આવીને વાત સમજમાં.

‘‘વેદોક્તં વૈદિકેપિ ચ’’ જુઓ કેટલી સરસ પંકિત છે કે જે મર્યાદામાર્ગમાં ફલ મળી રહ્યું છે તે ‘‘જાવા દયો ને’’ ના સિદ્ધાન્તથી નથી મળી રહ્યું. જેવું કર્મ કર્યું બિલકુલ સો ટકા તેવા હિસાબથી ભોગવવું પડશે. કોઈ છૂટકારો જ નથી તમારો. કર્મમાં જરાપણ ભૂલ કરી ખૂબ જ થપ્પડ પડશે. કેમ કે ત્યાં છોડી નથી રહ્યા. કેમ જાવા દયે ભાઈ ?

જયારે હુકમ કર્યો છે તમને, જયારે તમને સુઘડ બનાવ્યા છે. એક વાત સમજો જેમ કાચો માલ છે તેને જ તો તે ફેકટરીવાળો ફેંકશેને ! જાવા દયો ને કરીને. જેને તેમણે ઉત્પાદિત વસ્તુની જેમ પોતાને ત્યાં કામગીરી (પ્રોસેસ) કરી છે, તેને જાવા કેવી રીતે દયે ? જાવા દયે તો વિમાવાળા દાવો કરશે. પુલિસમાં ફરિયાદ કરશે. જાવા નહીં દેવાય. તો જે કાચોમાલ છે. ખરાબ માલ (વેસ્ટ પ્રોડકટ) છે તેને તો આ કરવું જ પડશે. જાવા દયો ને ! ચાર મળે છે, જાવા દયોને બે મળે છે, જાવા દયો ને સારું લઈ જાને યાર આટલામાં લઈ જા. તો લઈજા જે કરવાનું હતું તે તો કરી લીધું તેમાંથી હવે જેટલા મળે છે એટલા સારા. આ સિદ્ધાન્ત છે તેમાં, આવીને વાત સમજમાં.

પરંતુ તે જે કામગીરી કરીને આપણે ઉત્પાદિત માલ તૈયાર કર્યો તેને આપણે જાવા દયોને ના સિદ્ધાન્તથી જાવા નહીં દઈએ. દખલગીરી કરવી પડશે. તેને કેવી રીતે જાવા દઈએ ? જયારે તારી પાછળ આટલી મહેનત કરી તો તને કેવી રીતે જાવા દઈએ ! નહીં જાવા દઈએ.

''કાયેન તુ ફલં પુષ્ટૌ'' પુષ્ટિનું જે ફલ છે તે પ્રભુ આમ વાણીથી ફકત નથી આપી રહ્યા. સ્વરૂપાસકિતથી તેની સામે પોતાનું સ્વરૂપ પ્રકટ કરી રહ્યા છે કે તે જઈ શકશે જ નહીં. જતો રહ્યો હશે તો પણ ફરી પાછો આવી જશે. જેને સૂરદાસજી કહે છે **''જૈસે ઉડ જહાંજ કો પંછી ફિર જહાજ પે આવે, મેરો મન અનંત કહાં સુખ પાવે''** તો ભાગી ગયો હશેને, તો તેની પાસે કોઈ વિકલ્પ સંભવિત હશે જ નહીં. કારણ કે સ્વરૂપનું જે આકર્ષણ છે તે એટલુ મજબૂત હશે કે ઉડીને ગયો તો પાછો આવશે, જશે કયાં ? તેને રોકવાની પણ જરૂરત નહીં પડે. રોકે તો તો મર્યાદા થઈ ગઈ. વાત ધ્યાનથી સમજો. રોકયોને તો મર્યાદા થઈ જશે. તે જઈ જ નહીં શકે, આ પુષ્ટિ છે સમજમાં આવ્યું ?.

''જૈસે ઉડ જહાજ કો પંછી ફિર જહાજ પે આવે, મેરો મન અનંત કહાં સુખ પાવે'' સૂરદાસજીની **''કામધેનુ તજી છેરી કૌન દુહાવે''** આ ભાવ તેમાં જાગી જશે. ''કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોડપિ નૈકધા'' આ બધા જે ફલની વ્યવસ્થા છે તે એકના અનેક થવાની જે ઈચ્છા, જુદી જુદી ઈચ્છા છે. તેનાથી આ બધા લાકડીથી ગાય, ગધેડા નિયંત્રિત નથી થઈ રહ્યા. તેમાં વિવિધતા છે, આ એક તત્ત્વની અનેક થવાની. તેથી આ રીતે તમારે સમજવું પડશે.

''ભિન્નેચ્છાતોડપિ નૈકધા'' તમે એકધા કરવા ઈચ્છશો કે પુષ્ટિમાર્ગીય બધી જગ્યાએ છે, પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ છે. જે ભગવાનની કૃતિમાં ખલેલ (ડીસ્ટર્બન્સ) ઉત્પન્ન કરશે. આવીને વાત સમજમાં. તો આ ભગવાનની કૃતિ ''ભિન્નેચ્છાતોડપિ નૈકધા'' માં એકધા નહીં થઈ શકે.

ત્યાર બાદ શ્રીમહાપ્રભુજી **(જીવાનાં ત્રિવિધઃ સર્ગઃ**[ક/ખ/ગ-૨]**)**-જીવોના ત્રિવિધ સર્ગ સમજાવી રહ્યા છે. હવે અહીં સુધી જે હતુ તે ''સર્ગભેદે કારક

હેતુનામ્ સંકલન સ્વરૂપ નામ ક્રિયા યુતાન્'' હતું હવે તેના અંતર્ગત જીવ ઉપર પાછા આવી રહ્યા છે.

'તાન્ અહં દ્વિષતો' વાકયાદ્ ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ॥
અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષ-પ્રવેશતઃ ॥ ૧૧ ॥

તો

તાન્ અહં દ્વિષતઃ ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્ ॥
ક્ષિપામ્યજસ્રમ્ અશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ ॥
આસુરીં યોનિમ્ આપન્નાઃ મૂઢાઃ જન્મનિ જન્મનિ ॥
મામ્ અપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥
(ગીતા૧૬/૧૯,૨૦)

આ વચનના અનુસાર શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે એક પ્રવાહી જીવ પાછો ભિન્ન છે. હર વખત શ્રીઠાકોરજી આ વિચારી રહ્યા છે કે જાવા દયોને, જાય છે તો જાવા દયોને તેને.

તે જૂનાગઢવાળા ભાઈએ બતાવ્યું હતું ને કે જાય છે, જાય છે, જાય છે... જાવા દયોને. તે સિદ્ધાન્ત છે કે જાય છે, જાય છે. તો કહે કે જાવા દયોને જાય છે તો. તે ભાઈએ ખૂબ જ સારો પ્રસંગ સંભળાવ્યો. પ્રવચન કરવા બિરાજયા અને વચન પાછું યાદ આવે નહીં, બાલક હોવાના કારણે, કે કાંઈક વચન છે, શું છે ? જાય છે હા.. હા.... આવ્યો ના... ના... જાય છે. એક વચન ત્યાં ભાગવતમાં ગયું. શ્રોતાએ કહ્યું ભાઈ કોણ ગયું ? તો પેલા બાજુમાં બેઠા હતા, જાવા દયોને યાદ જ નથી આવતું મહારાજશ્રીને, તો તમે કેમ ખોટુ યાદ કરવાની ચિંતા કરો છો? પ્રવચન કરતા કરતા વચન ગયું જાય છે, જાય છે. ગયું તો જાવા દયોને હવે જાય છે તો તમે ખોટી ચિંતા શાં માટે કરો છો ? જૂનાગઢવાળા ભાઈએ આવો સુંદર પ્રસંગ બતાવ્યો કે જાય છે, જાય છે, તો જાવા દયો, ગયું તો તેમાં શું ખોટી ચિંતા કરવાની હોય ?

તો આમ ''તાન્ અહમ્ દ્વિષતો વાકયાદ્'' તો ભગવાન પણ કહે છે જાય છે, જાય છે, જાય છે. કોણ હતું ? જાય છે, તો છેલ્લે ખબર પડે કે ગયું એ તો. તો

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જાવા દયોને, ગયું તો શા માટે ખોટી ચિંતા કરો છો ? આ પ્રવાહનો સ્વભાવ (નેચર) છે. આવ્યુંને ખ્યાલમાં.

‘‘ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ’’ તો પ્રવાહી જીવ જો ભિન્ન છે તો પેલી જાવા દયોને વાળી કેટેગરીમાં છે. તો ‘‘અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષ-પ્રવેશતઃ’’ તો પ્રવાહી જીવ, મર્યાદાજીવ અને પુષ્ટિજીવથી આપમેળે ભિન્ન સાબિત થઈ જશે. કારણકે તેઓને પ્રભુ જવા દઈ રહ્યા નથી. કાં તો વાણીથી અથવા સ્વરૂપથી અથવા વાણીનું આકર્ષણ પ્રભુએ એવુ ઉત્પન્ન કરી દીધુ છે કે પ્રભુથી છૂટા પડીને તે જીવ જઈ જ નહીં શકે, પ્રભુની વાણીથી જુદા થઈને અથવા પ્રભુએ સ્વરૂપાસકિતનું આકર્ષણ એવું પ્રકટ કર્યુ છે કે જે સ્વરૂપાસકિતના કારણે તે જીવ પ્રભુથી છૂટો પડીને કયાંય જઈ શકતો નથી.

‘‘અત એવેતરૌ ભિન્નૌ’’ ઈતરૌ અર્થાત્ મર્યાદા. ‘‘પુષ્ટિમાર્ગીયૌ ભિન્નૌ જીવૌ સાન્તૌ મોક્ષ પ્રવેશતઃ’’ કારણ કે તેઓને તો પ્રભુ પોતાની પાસે આ પ્રવાહથી મુકત કરીને પોતાની પાસે રાખે છે. તેઓને જવા દેતા નથી. અહીં મુકિતની જે વાત છે ને તે પ્રવાહથી મુકિતની વાત છે, મુકિત પેલી પુરુષાર્થવાળી મુકિતની વાત નથી. આ વાતને ખાસ ધ્યાનથી સમજો.

(તત્ર પુષ્ટિમાર્ગસર્ગે વિશેષેણ જીવ[૨/૫] દેહ[૨/૨] ક્રિયા[૨/૯]ણામ્ ઉપભેદાઃ)–આ પુષ્ટિમાર્ગના સર્ગમાં જીવ, દેહ, ક્રિયાના વિશેષ ઉપભેદો છે. તે હવે આચાર્યચરણ આગળના શ્લોકમાં સમજાવી રહ્યા છે.

તસ્માજ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશયઃ ।।
ભગવદ્-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત[ક-૨-૫] ।। ૧૨ ।।

ભગવદ્ સ્વરૂપાસકિત હોવાની માદ્દા રાખવાવાળા જીવ કોઈ બીજા જ છે. તે પ્રવાહી જીવ નથી, તે મર્યાદા જીવ નથી, તે જીવ કેવા છે ? તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. ‘‘ભગવદ્ રૂપ સેવાર્થં તત્ સૃષ્ટિઃ’’ કારણ કે તે ભગવદ્ સ્વરૂપથી સંચાલિત થઈ રહ્યા છે, એટલા માટે ભગવદ્ સ્વરૂપ સેવા પરાયણ જ તે સૃષ્ટિ છે. જો ભગવદ્ સ્વરૂપ સેવા પરાયણ તેને કરવાનો ન હોત તો

સૃષ્ટિ હોત જ કેમ ? ‘‘ન અન્યથા ભવેત્’’ તે સૃષ્ટિ અન્યથા હોઇ જ શકે નહીં. આ વાત જયારે આવી તો જુઓ ધ્યાનથી શું આવ્યું ? ‘$ક^{૨-૫}$’ અલજીબ્રા. આ તમે ધ્યાનથી બરાબર સમજો કે ‘$ક^{૨-૫}$’ છે. ક=પુષ્ટિમાર્ગ, ૨ એટલે સર્ગ અને ‘૫’ એટલે જીવ. તો પુષ્ટિમાર્ગીય સર્ગમાં જીવનું નિરૂપાણ આ વચનમાં કર્યુ છે. આ વાત સમજમાં આવી ને ?

સ્વરૂપેણાવતારેણ લિઙ્ગેન ચ ગુણેન ચ ।।
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ।। ૧૩ ।।
તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ[ક-૨/૨] ।।

પોતાના સ્વરૂપથી, અવતારથી, લિંગથી, ગુણથી, તેના સ્વરૂપમાં દેહમાં તેની ક્રિયામાં કોઇ એવું તારતમ્ય નથી. અર્થાત્ તેનો દેહ, તેનું સ્વરૂપ, તેની ક્રિયા જોવા જાશો, તો કંઇ દેખાશે નહીં. આજે કોઇ મારા ઘરે પૂછી રહ્યું હતું ? મને યાદ નથી આવતું. કોઇ તો પૂછી રહ્યું હતું, કે દેખાઇ રહ્યો છે પણ સમજમાં નથી આવતો અને સમજમાં આવે તો દેખાતુ નથી. કોણે પૂછયો હતો સવાલ ? અંશુએ, હા તો એ વાત ધ્યાનથી સમજો કે મેં કાલે આ વાત કહી હતીને કે અક્ષરબ્રહ્મ સમજમાં આવે પણ દેખાય નહીં, પુરુષોત્તમ દેખાય રહ્યા છે પણ સમજમાં નથી આવતા.

તો આમ આ જે બધા સ્વરૂપ, દેહ અને ક્રિયાઓ છે પુષ્ટિજીવની, તે આપણને દેખાઇ તો રહી છે અને જે રીતે દેખાઇ રહી છે. તેમાં કોઇ તારતમ્ય સમજમાં નથી આવી રહ્યું. જેવી રીતે આપણે કોઇ એક જલનું ટીપું લઇએ, એક દૂધનું ટીપું લઇએ, એક તેલનું ટીપું લઇએ તો તેના સ્વરૂપમાં તારતમ્ય સમજમાં આવે કે નહીં આવે ? તેની પદ્ધતિમાં તફાવત સમજમાં આવે કે નહીં આવે ? જલનો જે બાષ્પીભવનનો મુદ્દો છે તે અને તેલનો જે બાષ્પીભવનનો મુદ્દો છે તે અને બીજા પણ બાષ્પીભવનના મુદ્દા જુદા જુદા હશે.

તો તેમની ક્રિયામાં, તેમની (ફંકશનમાં) પદ્ધતિમાં, તેમના સ્વરૂપમાં બધું તારતમ્ય સમજમાં આવે. કાલેજ કોઇ નવાગામથી કોઇ એક વૈષ્ણવ મારે

ત્યાં આવ્યા હતા. તેમણે મને ખૂબ જ દિલચસ્પ સવાલ કર્યો. થોડીવાર માટે તો હું એકદમ ધ્વસ્ત થઈ ગયો. તેમણે કહ્યું કે જે જે તે બધા કહે છે કે **ભગવદીયોના મુખમાં ભગવાનનું તેજ ઝલકે છે. તે તેજને માપવાનું કોઇ થર્મોમીટર ખરું ? કેટલું તેજ ઝલકે ?** તો એમને માપવાનું કોઈ થર્મોમીટર આજ દિવસ સુધી મને જડયું નથી. તો કહે કે બધા જેને પૂછો તે કહે છે કે આ ભગવદીય છે. એમના મુખમાં ભગવદ્ તેજ બહુ વધારે ઝલકે છે. તો વધારે કે ઓછુ ઝલકે છે તે ખબર કેવી રીતે પડે ? મેં કહ્યું પંકિત બહુ ગંભીર છે.

એક વખત વિચારવું પડશે તે બિચારા અંદર જઈને બેઠા. થોડીવાર વિચારે કે કયા જાઉ ? તો એકદમ મૂંઝવણભરી પૂછપરછ હતી કે ભગવદીયોના મુખારવિંદ ઉપર ભગવદ્ તેજ વધારે ઝલકે છે, તેને માપવાનું થર્મોમીટર કેવું ? તે કયાંથી લાવવું ? ખૂબ જ મૂંઝવણભરી પૂછપરછ હતી. હું એકદમ ધ્વસ્ત થઈ ગયો. નાના નાના ગામડાવાળાના પ્રશ્નો પણ કયારેક-કયારેક મોટા મોટાઓની અક્કલને ચકરાવવાવાળા હોય છે. મારા જેવાની તો વાત જ શું ? દરેકને પૂછીને જોઈ લ્યો, કોઈને ખબર છે આનો જવાબ ? થર્મોમીટર કેવું છે ? ખૂબ જ લફડાની વાત છે.

તો એક વાત સમજો કે ‘‘તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા’’ પણ મનમાં એક સમજ પ્રકટ કરો જુઓ કેટલી ખૂબસૂરત વાત શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે. ‘‘તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ’’ જેનાથી જેવું કામ લેવુ છે, તે દેહથી તેવુ કામ લેવા માટે પ્રભુ સમર્થ છે. તે જીવ પાસેથી તેવી ક્રિયા કરાવવા માટે પ્રભુ સમર્થ છે. તે જે પ્રભુનુ સામર્થ્ય છે, તે જ તો પુષ્ટિ છે કે આ જીવને, આ દેહથી, આવી ક્રિયા કરાવવા માટે પ્રભુ સમર્થ છે.

તેની બધી લૌકિક આસકિત, વેદાસકિતને તોડાવીને પોતાના સ્વરૂપથી તેના દેહ અને તેના જીવ અને તેની ક્રિયાઓને કરાવવાનું જે પ્રભુનું સામર્થ્ય છે. ‘‘તથાપિ યાવતા કાર્યં’’ જેટલુ કામ કરાવવું છે તેટલુ તેનાથી કરાવવા સમર્થ છે. એક વાત સમજો તે જે પ્રભુનુ સામર્થ્ય છે, તેને અનુરૂપ ભેદ અહીંયા પ્રગટ થઈ રહ્યો છે. જો તે ભેદ છે, તો પ્રભુની ઈચ્છા સામર્થ્યનો ભેદ છે. બાકી સમજી

જશો તો ભેદ સમજમાં આવી જશે. પરંતુ જોવા જાશો તો દેખાશે નહીં, સમજમાં આવે એવો ભેદ છે, દેખાય તેવો ભેદ નથી.

તેહિ દ્વિધા શુદ્ધમિશ્ર–ભેદાન્ મિશ્રાસ્ ત્રિધા પુનઃ ા ા ૧૪ ા ા
પ્રવાહાદિ – વિભેદેન ભગવત્કાર્ય – સિદ્ધયે ા ા
પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ા ા ૧૫ ા ા
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિ–દુર્લભાઃ[ક/૨/લ] **ા ા**
એવં સર્ગસ્તુ તેષાં હિ.........................ા ા

હવે તેની ક્રિયાનું સ્વરૂપ બતાવી રહ્યા છે કે તેઓ કાર્ય (ફંકશન) કેવી રીતે કરશે ? તેના દેહની વાત તો બતાવી દીધી. હવે તેની ક્રિયાનું સ્વરૂપ બતાવી રહ્યા છે. ‘‘પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ’’ ‘સર્વજ્ઞા’ એટલે તે સ્કવેરને યાદ કરી લ્યો ? આવી વાત ખ્યાલમાં ? ‘‘પ્રવાહેણ ક્રિયારતાઃ’’ મતલબ ચતુશ્લોકી જુઓ, પાછી ફકત ‘‘**ક્રિયા કારિત્વમ્**’’ આવી વાત ખ્યાલમાં ! અને ‘‘મર્યાદયા ગુણજ્ઞાસ્તે’’ ‘ગુણજ્ઞાસ્તે’નો અર્થ શું ? તો જુઓ આગળના પાના નં. ૨૩ ઉપર જોશોને તો તમને મળી જાશે કે ‘‘**સ્વસ્વરૂપ જ્ઞાનમ્**’’ અને ‘‘**પરબ્રહ્મ માહાત્મ્ય જ્ઞાનમ્**’’ તે ગુણજ્ઞ છે. પોતાનો ગુણ શું છે ? એ જાણી રહ્યા છે. ભગવાનનો ગુણ શું છે ? તે જાણી રહ્યા છે. આ ‘‘મર્યાદયા ગુણજ્ઞાસ્તે’’ અને ‘‘શુદ્ધાઃ પ્રેમ્ણા’’ અર્થાત્ શ્રીકૃષ્ણમાં અનન્ય રતિ. શ્રીકૃષ્ણમાં તેમની અનન્ય રતિ સ્વભાવથી સિદ્ધ પ્રકટ થઈ રહી છે. ખ્યાલમાં આવ્યું ? તો તે ‘‘શુદ્ધાઃ પ્રેમ્ણાતિ દુર્લભાઃ’’ તેઓની બધી ક્રિયામાં સમજ પ્રકટ થાય કે ન થાય. પોતાના વિષયમાં, પ્રભુના માહાત્મ્ય વિશે, ક્રિયા પ્રકટ થાય કે ન થાય, પણ રતિ તેમની દરેક બાજુથી ટપકી (ઝલકી) રહી છે. કૃષ્ણના પ્રતિ તેમની અનન્ય રતિ દરેક બાજુ ઝલકી રહી છે.

તો તેઓને શ્રીમહાપ્રભુજી ચોથી કક્ષામાં પધરાવી રહ્યા છે કે આ ‘‘શુદ્ધાઃ પ્રેમ્ણા અતિ દુર્લભા’’ આનું પાખંડ થઈ શકે, આનો દંભ થઈ શકે. પરંતુ હકિકતમાં આવી ગુણવત્તા આવવી જ બહુ દુર્લભ વાત છે. કે જે ન કાંઈ

સમજે, ન કાંઈ કરે અને પાછો દરેક કામ એવુ જ થાય કે જેમાંથી કંઈકને કંઈક ભગવદ રતિ તેની પ્રકટ થતી હોય. તો એકદમ શુદ્ધ પ્રેમનું ઉદાહરણ છે. આ રીતે ચાર પ્રકારની તેઓની ક્રિયા બતાવી.

તો આપણે ‘‘ક^{૨}’’ એટલે ‘ક’ એટલે પુષ્ટિમાર્ગ ‘૨’ એટલે સર્ગ અને ‘લ’ એટલે ક્રિયા. કેવી ચાર પ્રકારની થાય છે ? એ આપણે અહીંયા જોયું. અર્થાત્ પુષ્ટિમાર્ગીય ક્રિયાનો સર્ગ કેવો છે ! એ અહીંયા બતાવ્યું ‘‘એવં સર્ગસ્તુ તેષાં હિ’’ આ રીતે તેનો સર્ગ બતાવી દીધો. તો આ ‘ક^{૨}’ પૂરો થયો અને હવે ‘ક^{૩}’ શરૂ થયો. ધ્યાનથી જુઓ (**પુષ્ટિમાર્ગે$^{ક/૩}$ વિશેષેણ ફલનિરૂપણમ્**)–પુષ્ટિમાર્ગના ફલનું નિરૂપણ હવે કરે છે.

..............ફલં ત્વત્ર નિરૂપ્યતે ।। ૧૬ ।।
ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ।।
ગુણ–સ્વરૂપ–ભેદેન તથા તેષાં ફલં ભવેત્ ।। ૧૭ ।।
આસક્તૌ ભગવાન્ એવ શાપં દાપયતિ ક્વચિત્ ।।
અહંકારેઽથવા લોકે તન્માર્ગ–સ્થાપનાય હિ ।। ૧૮ ।।

હવે તેના ફલનું નિરૂપણ કરે છે. ‘ક^{૩}’ એટલે કે ક=પુષ્ટિમાર્ગ અને ૩=ફલ. તો પુષ્ટિમાર્ગીય જીવનું જો કોઈ ફલ છે તો ‘‘ભગવાન એવ હિ ફલમ્’’ ભગવાન જ છે. બીજું કોઈ ફલ નથી. ‘‘સ યથા આવિર્ભવેદ્ ભુવિ’’ હવે ભગવાન તમારી સામે કેવી રીતે પ્રકટ થાય ? તે અલગ અલગ (ઈનડિવિજ્યિલ) પ્રશ્ન છે. આ કાંઈ સૈદ્ધાન્તિક (થિયોરિટીકલ) પ્રશ્ન નથી. આ જે છે તે સાચો (રીયલ) પ્રશ્ન છે. એકદમ વાસ્તવિકતાનો પ્રશ્ન છે કે તમારી સામે કેવી રીતે પ્રગટ થઈ ગયા ?

ઈચ્છે તો ગુણથી પ્રગટ થઈ જાય. ઈચ્છે તો સ્વરૂપથી પ્રગટ થઈ જાય. ઈચ્છે તો ગુણ–સ્વરૂપ બન્નેથી પ્રગટ થઈ જાય. અર્થાત્ તમારી સામે પોતાના ગુણ પ્રકટ કરી રહ્યા છે, પરંતુ સ્વરૂપ પ્રકટ કરી રહ્યા નથી અને સ્વરૂપ પ્રકટ કરી રહ્યા છે, પણ ગુણ પ્રકટ કરી રહ્યા નથી અથવા ગુણ અને સ્વરૂપ બન્ને પ્રકટ કરી

રહ્યા છે. આમ જેવી રીતે પણ ભગવાન તમારી સામે પ્રકટ થઈ જાય અથવા તમારી અંદર પ્રકટ થઈ રહ્યા છે. બસ ભૂતલ ઉપર પ્રકટ થતા તમારી અંદર અથવા બહાર પ્રકટ થઈ રહ્યા છે.

સામાન્ય રીતે એક વાત સમજો કે બહાર ભગવાનના ગુણ પ્રકટ થવા ખૂબ જ કઠીન વાત છે. અંદર ભગવાનના ગુણ પ્રકટ થવા ખૂબ જ સરળ વાત છે. બહાર સ્વરૂપ પ્રકટ થવું ખૂબ જ સરળ વાત છે. અંદર સ્વરૂપ પ્રકટ થવું ખૂબ જ મુશ્કેલ વાત છે. ગુણ-સ્વરૂપ બન્નેનું અંદર અથવા બહાર કયાંય પણ પ્રગટ થવું તેનાથી પણ ઉત્તમ વાત (કક્ષા) છે અને અંદર અને બહાર બન્ને ગુણ-સ્વરૂપથી પ્રકટ થઈ જવું, સર્વોત્તમ કક્ષા છે. ત્યાર પછી આ સ્કવેરનું કોઈ રીતે વધારે વિસ્તૃત થવું સંભવ નથી. આટલી આમા સંભાવના છે. તે ધ્યાનમાં રાખજો. તે સારાંશનો વિષય નથી, તેથી રજુઆત (એકસ્પ્લેન) નથી કરી. તે વ્યાખ્યાનો વિષય છે.

“આસક્તૌ ભગવાન્ એવ શાપં દાપયતિ ક્વચિત્ અહંકારે અથવા લોકે તન્માર્ગ-સ્થાપનાય હિ” જો તેની આસકિત ગુણ, સ્વરૂપથી અન્ય કયાંય બીજે દેખાતી હોય તો ભગવાન તેને શાપ પણ અપાવી શકે છે. શા માટે ? તેને જાવા નહીં દયે ભગવાન., તેને પકડીને લાવશે. શાપ અપાવીને લાવશે, મરાવીને લાવશે, મારીને લાવશે. કોઈપણ રીતે લાવશે, લાવશે ને લાવશે છોડશે નહીં.

જેમ માં પોતાના બાળકને છોડી શકતી નથી, તેમ ભગવાન પણ આ જીવને કયારેય છોડી શકશે નહીં. જે છોડી દીધા છે, તે આ જીવ નથી. કોઈ બીજા જીવ છે. ત્યાંથી જ તેને સમજી જાય, જેને છોડી દીધા છે. ચાણકયનો એક સરસ પ્રસંગ છે. એક એવો વળાંક આવ્યો ચાણકયની રાજકીય સંઘર્ષમાં કે જેમાં ચાણકયની છાવણીમાંથી ઘણાબધા તેના વિશ્વાસપાત્ર (ફેથફુલ) સૈનિક તેને દગો આપી-આપીને રાક્ષસની છાવણમાં દલબદલ કરીને ચાલ્યા ગયા. કોઈએ જઈને ચાણકયને કહ્યું કે ભાઈ, પેલા સૈનિક પણ તમારી છાવણી છોડીને ચાલ્યા ગયા. શા માટે ચાલ્યા ગયા ?

પરંતુ ચાણકય તો ચાણકય હતો. તેણે ખૂબ જ ખૂબસૂરત વાત કહી કે

કોઈ છાવણી છોડીને નથી ગયા. તો પેલાએ કહ્યું કે દેખાઈ તો રહ્યા છે, કે તમારું સૈન્ય તમને છોડીને ત્યાં રાક્ષસની છાવણીમાં ચાલ્યા ગયા છે, તો ચાણકયે ખૂબ જ સરસ જવાબ આપ્યો કે ‘‘**યે યાતા કિમપિ પ્રધાર્ય હૃદયે પૂર્વં ગતા એવ તે**’’ પોતાના હૃદયમાં કોઈને કોઈ રીતની જે ગાંઠ બાંધીને જે મારી છાવણીને છોડીને ગયા છે. એ વાત ધ્યાનથી સમજો, કે તે મારા હૃદયમાંથી પહેલેથી જ નીકળી ગયા હતા, એટલા માટે ગયા. નહીંતર તો દરવાજેથી નીકળતી વખતે જ તેમનું મોત થયું હોત. જો તેઓ નીકળતા તો ત્યારે જ તેમના ગળા કપાઈ ગયા હોત. પરંતુ હું ઈચ્છતો ન હતો કે તેઓને અહીંયા રાખુ. નહીંતર અહીં ઉપદ્રવ કરત તેથી તેઓને ત્યાં જવા દીધા. કે જેથી અહીં તે સત્યાનાશ ન કરે. તેઓ ત્યાં પહોંચી જાશે તો આપમેળે જ સત્યાનાશ ફેલાવી દેશે. મારે કરવાની જરૂરત જ નહીં રહે, મૂળમાં નાલાયક હતા. એતો સામાન્ય રીતે ચાણકય છે. પરંતુ ત્યાર પછી ચાણકયની એક માદ્દા ઉછળી રહી છે કે ‘‘**યે તિષ્ઠન્તિ ભવન્તુ તે અપિ ગમને કામમ પ્રકામોદ્યમા**’’ પણ જે રહી ગયા છે અને જેમને હું રાખવા ઈચ્છુ છું તેઓ પણ જો જવા ઈચ્છતા હોય તો દરવાજા ખુલ્લા છે જાવ. મહેરબાની કરીને દરવાજાની બહાર જાવ (પ્લીઝ ગેઈટ આઉટ)

‘‘**યે તિષ્ઠન્તિ ભવન્તુ તે અપિ ગમને કામ પ્રકામોદ્યમા એકા કેવલમર્થ સાધનસિદ્ધો સેના શતેભ્યોધિક નન્દોન્મુલ નદષ્ટવિર્યમહિમ બુદ્ધિસ્તુ માગાદ્ મમ**’’ આ વાત ચાણકયએ કહી કે જે ગયા છે તે જઈ શકે, દરવાજા ખુલ્લા છે. પરંતુ સમજો જે વાત મને કયારેય અભિલષિત (યોગ્ય) નથી, તે વાત એ છે કે મારી આ બુદ્ધિ મારામાંથી, મારી ખોપડીમાંથી કયારેય નીકળી ન જાય. પછી તો બહુ જ લફડો થઈ જશે. બાકી સેના તો જેટલી ભાગતી હોય, સૈનિક જેટલા ભાગતા હોય, ભાગી જાય. કોઈ નુકશાન મને નથી. શા માટે ? કે જયાં સુધી ભગવાને આપેલી બુદ્ધિ મારી ખોપડીમાં છે, ત્યાં સુધી કોઈ નુકશાન (લોસ) નથી.

આમ દરેક પુષ્ટિમાર્ગીઓએ આ ભાવ રાખવો જોઈએ કે જે સિદ્ધાન્ત છોડીની જઈ રહ્યા છે ‘‘**ભવન્તુ તે અપિ ગમને કામ પ્રકામોદ્યમા એકા કેવલમર્થ**

સાધનસિદ્ધૌ'' ''પ્રભુ સર્વ સમર્થો હિ'' ''સેના શતેભ્યોધિક નન્દોનમૂલ નદષ્ટવીર્યમહિમ બુદ્ધિસ્તુ માગાદ્ મમ'' જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તની આપણી બુદ્ધિ છે, તે આ ખોપડીમાંથી ન જવી જોઇએ યાર. માણસ તો આવતા રહેશે, જતા રહેશે. **''કિસ કિસ કો યાદ કરીએ કિસ કિસ કો રોઇએ, આરામ બડી ચિજ હૈ મુહઁ ઢંક કે સોઇએ''** આવવાવાળા આવશે, જવાવાળા જાશે.

આ વાત ન ભૂલો કે આવવા-જવાવાળાથી શું ફેર પડે ? જે ન જવો જોઇએ તે આપણામાં આ મજબૂત વિશ્વાસ હોવો જોઇએ કે શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આપણે છીએ, તો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તને સમર્પિત આપણી બુદ્ધિ આ ખોપડીમાંથી કયારેય ન જવી જોઇએ. બાકી તો કોઇ રહે તો પણ શું ? અને કોઇ જાય તો પણ શું ? કાલે જવાના હોય તો આજે જાવને યાર ! શું ફરક પડે? કોણ સંભાળલેશે તમારી ? પ્લીઝ ગેઇટ આઉટ. આ વાત આપણને સ્વીકાર હોવી જોઇએ. ત્યારે તમે પુષ્ટિમાર્ગને લાયક છો.

''અહંકારેડથવા લોકે તન્માર્ગ-સ્થાપનાય હિ''- આપણે જો કયારેય અહંકાર કરીશું, આ વાતનો કે અમારી છાવણી (કેમ્પ)માં આટલા છે અને અમારી છાવણીમાં તેટલા છે. આપણે કાલે બહુ મજેદાર વાત કહી કે તમે બધાની સામે સિદ્ધાન્ત એટલા માટે સંભળાવો કે તમને બીક લાગે છે કે તમારી છાવણીમાંથી વૈષ્ણવો બીજા બાલકને ત્યાં ન ચાલ્યા જાય. હું તમને વિનંતી કરું કે યાર જતા રહો, ચાલ્યા જાવ. ખૂબ જ ભીડ થઇ ગઇ છે. પાંચ-દશ હશે તો ભણાવવાની વધારે મજા આવશે. ખરેખર મજેદાર વાત કહી કે, તમે એટલા માટે આ બધા નકારાત્મક પ્રવચન કરો છો કે તમને બીક લાગે છે કે તમારી છાવણીને છોડીને વૈષ્ણવો બીજા બાલક પર આકર્ષિત (એટ્રેક) ન થઇ જાય. અરે ભાડમા જાય ગમે ત્યારે જતા રહો. (નથીંગ ડુઇંગ) જે ન જવું જોઇએ તે વાતને સાવધાનીથી સમજો કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તની સમજની બુદ્ધિ આપણી ન જવી જોઇએ. એક અહીં રહે, બે ત્યાં જાય, તો શું ફરક પડવાનો ? કોઇ અહીં આવશે તો શું ફરક પડશે ? કોઇ ત્યાં જતા રહે તો શું ફરક પડશે ? દરેક વૈષ્ણવે, દરેક પુષ્ટિમાર્ગીએ આ વાત દ્દઢતા પૂર્વક બુદ્ધિમાં સમજવાની છે એ આ

સમજવાનું છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તની જે આપણી સમજ છે, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તમાં જે આપણી નિષ્ઠા છે તે ન જવી જોઇએ.

બાકી તો આવતા-જતા રહેશે. આમ પણ આપણે ત્યાં છાવણીમાં રહેશે તો કોઇ અમરપટ્ટો લખાવીને થોડા આવે છે ? કે આપણા જ કેમ્પમાં રહેશે. આપણા કેમ્પમાં રહે તો પાછા મરી પણ જશેને કોઇ ? નિત્યલીલામાં તો પ્રવેશશે બધા. પછી ભલે પ.ભ. હોય કે પછી ગો.બા. હોય. કોઇ અમરપટ્ટો થોડો લખાવીને આવ્યા છે ? કે આ કેમ્પમાં જ રહી જશે. જવાવાળા જતા રહેશે. આવવાવાળા આવતા રહેશે. આવવાવાળાને જવું પડશે. જે ન જવું જોઇએ તે એક વાત સમજો કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તમાં આપણી નિષ્ઠા ન જવી જોઇએ. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રત્યે આપણો વિશ્વાસ ન જવો જોઇએ. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રત્યેની સમજ આપણી ખોપરીમાંથી ન જવી જોઇએ. આ વાત ધ્યાનથી સમજો. તો આવો આપણે જો અહંકાર રાખીએ કે બધા મારા કેમ્પમાં રહે, તો લફડો થઇ જશે. એવો આપણે અહંકાર રાખીએ કે તેના કેમ્પમાં આટલા કેમ વધી ગયા ? તો લફડો થઇ જશે.

ન તે પાષણ્ડતાં યાતિ ન ચ રોગાદ્યુપદ્રવઃ ।।
મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વ-હેતવે ।। ૧૯ ।।
ભગવત્-તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ।।
લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા ।। ૨૦ ।।
વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ।।

''ન તે પાષણ્ડતાં યાતિ'' જે પુષ્ટિમાર્ગીય જીવ છે તે પાખંડી નહીં હોય, ''ન ચ રોગાદ્યુપદ્રવઃ... તારતમ્ય ભજન્તિ હિ'' તેઓમાં તારતમ્ય હશે. અર્થાત્ કોઇ અહીં હશે, કોઇ ત્યાં હશે, કોઇ અહીં હશે. કેમ કે ''ગુણ સ્વરૂપ ભેદેન'' ફલ છે તો તે તારતમ્ય હશે. પરંતુ પાખંડી નહીં હોય. પાખંડ અને તારતમ્યનું અંતર સમજો. આ પાખંડ નથી, આ પાખંડ થઇ શકે એ પણ પાખંડ નથી, પણ આ પણ પાખંડ થઇ શકે. આ વાતને ધ્યાનથી સમજો.

તારતમ્ય હોવું એક જુદી વસ્તુ છે અને પાખંડ હોવું એક અલગ વસ્તુ છે. તારતમ્ય હોઈ શકે, ગુણ સ્વરૂપ ભેદથી જેની સામે પ્રભુ જેટલા પ્રકટ થયા છે, તેટલા હિસાબથી તેનામાં તારતમ્ય આવશે. પરંતુ પેલુ પાખંડ નહીં આવે, ચોકસાઈ હશે કે જે હું છું તે છું. આ વાત ધ્યાનથી સમજો ''લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા'' તેનામાં લૌકિકતા અને વૈદિકતા કપટથી હશે. તેનામાં વૈષ્ણવતા કપટથી નહીં હોય. વૈષ્ણવતા તેનામાં સહજ હશે. ''તતોઽન્યત્ર વિપર્યયઃ''

એવું છે ને બાવા કે કયારેય પણ કોઈપણ જીવનું નિર્ધારણ ''**ઇદમ્ ઇત્થમ્ તયા**'' તો આપાણે ન કરી શકીએ ને ! અસંભવ વાત છે, છતાં પણ એક જેમ કે શું થાય કે અનુમાનના બે સ્વરૂપ હોય. એક અનુમાનનું સ્વરૂપ હોય છે– નિશ્ચય. કે જયાં આપાણને હેતુ વ્યાપ્તિ અને સાધ્યની વ્યાપ્તિનો બરાબર અનુભવ છે અને હેતુનું દર્શન બરાબર થઈ રહ્યું છે તો નિશ્ચયાકાર અનુમાન હોય. પરંતુ જેમ નિશ્ચયાકાર અનુમાન હોય છે, તેવી રીતે અનિશ્ચયકાર અનુમાન પણ હોય છે.

આને કદાચ ગુજરાતી અથવા હિન્દીમાં કહેવું હોય તો આપાણે એમ કહી શકીએ કે ''**એવુ લાગે છે,**'' ''**ઐસો લગે હૈ**'' ''**આમ હશે**'' હવે આ આપાણે નિશ્ચય કરીને તો નથી કહી શકતા. પરંતુ કાંઈક એવા લક્ષાણ દેખાઈ રહ્યા છે તો હશે. તો તે એક અનિશ્ચયાકાર અનુમાન પણ હોય જ છે. તો માર્ગમાં તેની રુચિ છે તો એક અનિશ્ચયાકાર અનુમાન જીવનું પણ હોય છે અને દેહ અને તેની ક્રિયાઓ આ ક્રિયાઓને જો આપાણે અનિશ્ચયાકાર અનુમાન કર્યું, જો કે આજની કથા છે પુષ્ટિમાર્ગની, તો આપાણે ગુનેગાર છીએ જ, તે ગુનેગાર નથી.

માર્ગમાં રુચિ છે તો એવુ લાગે કે પુષ્ટિજીવ હશે પરંતુ દેહમાં તો અનિશ્ચયની કોઈ આવશ્યકતા નથીને ! તો જે વખતે આપાણે તેને બ્રહ્મસંબંધ આપી રહ્યા છીએ, તો તે વખતે આપાણે તેનાં દેહની સ્થિતિ તેનામાં વર્તાય છે તે સ્થિતિનું નિશ્ચયાકાર અનુમાન કરવું જોઈએ અને જો નિશ્ચયાકાર અનુમાન કરી રહ્યા છીએ, તો પછી આપાણો ગુનો નથી. હવે તેના પછી આપાણે નિશ્ચયાકાર

અનુમાન કર્યુ કે આ કારણથી આપણને પુષ્ટિ લાગે છે.

જેમ કે અ, બ, ક કારણથી આપણને લાગે કે આનો દેહ પણ ભગવત્ સેવા યોગ્ય છે અને આનો વ્યવહાર પણ ભગવત્ સેવા યોગ્ય છે ત્યાર પછી સમજો કે બિમાર એવો પડી ગયો, ત્યાં જે નિબંધમાં બધી ગણતરી બતાવી છે **"વિક્ષેપાદ્ અથવાશક્ત્યા, પ્રતિબન્ધાદ્ અપિ કવચિત્, અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિ સમ્ભવે" "સેવાત્યક્ત્વ્યા"** એ પરિસ્થિતિમાં દેહમાં અથવા ક્રિયામાં કોઈ જાતનું તારતમ્ય પ્રકટ થયું છે તો તે તારતમ્યના કારણે પછી દીક્ષાદાતા ગુનેગાર નથી અને ન તો દીક્ષા ગ્રહણ કરનારનો કાંઈ ગુનો છે. તે તારતમ્યનું તો કેવી રીતે નિરાકરણ કરવું તે બધા ઉપાય શ્રીમહાપ્રભુજીએ એક પછી બીજો વિકલ્પ, બીજા પછી ત્રીજો વિકલ્પ અથવા એક-એક પછી આવતો અનુકલ્પ તેમાં સમજાવ્યો છે. આ સર્વોત્તમ સ્તોત્રમાં મેં વિસ્તારથી બતાવ્યું હતું, તો કયારેક આપણે જોઈ લેશું.

તો દેહમાં, વિષયમાં અનુમાન કરવાના બદલે હું સમજુ કે સીધી પ્રત્યક્ષ ચકાસણી (વેરીફિકેશન) જ ખૂબ સારી છે. કે આપણે તેને સમજી લઈએ સારી રીતે. આપણે આપણી સમજાણથી તો પૂરો નિશ્ચય કરી લઈએ અને ત્યાર પછી તેમાં કોઈ અંતર આવ્યું તો તે ભગવદ્ ઈચ્છાનો વિષય છે. તેના વર્તનમાં કોઈ ફરી અંતર આવ્યું તો આવ્યું. તે ભગવદ ઈચ્છાનો વિષય છે. તેમા અનિશ્ચયાકાર અનુમાન નહીં ચાલે. ઓછામાં ઓછું (મિનિમમ) નિશ્ચયાકાર અનુમાન હોવું જોઈએ. ઘણું કરીને (મેગઝીમમ) તેવું આપણને પ્રત્યક્ષીકરણ હોવું જોઈએ. આ વ્યવસ્થા કયાંય કહી નથી. પરંતુ બધા ગ્રંથોને આગળ-પાછળ જોઈને આ રીતની વ્યવસ્થાને આપણે સમજવી પડશે.

સામાન્ય રીતે કાલે આપણે એ વાત જોઈ "પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિ દુર્લભાઃ" આ જે જીવની અર્થાત્ "ક-ર-લ" શિર્ષકના અંતર્ગત જે વ્યવસ્થા હતી. "ક-ર-લ" અર્થાત જીવ, દેહ અને ક્રિયા. તો તે જે પુષ્ટિજીવ છે તેની ક્રિયા. હવે ધ્યાનથી આ વાત સમજો કે ક્રિયાનું અહીં મોટુ ચિત્ર (પેટર્ન) બતાવ્યું છે, એક સ્થુલ સ્વરૂપ

તેનું શું છે ? કોઈ ક્રિયાની નાની-નાની બાબતો શોધીને નથી આપી અને તે ક્રિયા આ જેમ કે કાલે આપણે અહંતા -મમતાના બે સર્કલમાં ભગવદ્ સેવાના જે ચાર ઉત્તમાધિકારીતાના જે આદર્શ છે તેને નાનું રાખીને, મોટું રાખીને, થોડું વધું મોટું કરીને જે ત્રિવિધ સંભાવનાઓ જોઈ હતી. આમ તો તે ત્રણ સંભાવનાઓ એટલા માટે બતાવી હતી કે આપણે ત્યાં ભકિતના પ્રેમ, આસકિત, વ્યસન ત્રણ પગથિયાં બતાવ્યા છે. મૂળ હેતુ તે હતો. પણ જો રુચિથી શરૂઆત કરવી છે તો હજુ પણ થોડીક સંભાવના તેની નીચે પણ ઘટાડી શકાય છે અને ચાર પણ બનાવવી હોય તો બનાવી શકાય છે.

ભકિતનાં પ્રેમ, આસકિત, વ્યસન આ ત્રણ પગથિયા બતાવ્યા તેથી તેની ત્રણ સંભાવના બતાવી છે અને રુચિની સંભાવના વિચારવી હોય તો એક હજુ નાનુ બનાવી શકાય છે તેને તો આ રુચિ, પ્રેમ આસકિત, વ્યસનના હિસાબથી જીવ પુષ્ટિમાર્ગીય છે. ભગવત્ સેવામાં ભગવદ્ ભકિતમાં તેની રુચી છે. પરમાત્માની સાથે ભકિતમાં સંબંધ બાંધવાની તેની રુચિ છે અને તે રુચિના અંતર્ગત પેલા ચારેય જે ઉત્તમાધિકારીની યોગ્યતા છે. તેને નિભાવવા માટે સક્ષમ છે તો તે પુષ્ટિજીવ થઈ ગયો.

જો તેના અંતર્ગત ચારમાંથી કોઈપણ એક સંભાવનાને છોડીને અને કોઈપણ બચેલી ત્રણ સંભાવના છે તે ત્રણ સંભાવનાઓને તે પ્રકટ કરી રહ્યો છે અને તેની જેટલી પણ ગાણીતિક વિવિધતા (મેથેમેટીકલ વેરીએશન) થઈ શકે. હું તમારાથી અપેક્ષા રાખુ છું કે તમે લોકો ગણતરી કરીને જોઈ લ્યો કે મધ્યમાધિકારી કેટલી જાતના હોઈ શકે. તે બધા મધ્યમાધિકારી હશે, પરંતુ સૈદ્ધાન્તિક રીતે આપણે ધ્યાનમાં રાખવું પડશે કે ‘‘મર્યાદયા ગુણજ્ઞાસ્તે’’ અર્થાત્ જયાં જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન અને પોતાના ગુણનુ જ્ઞાન અને પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન આ બન્ને જ્ઞાન છે તો તે મર્યાદા પુષ્ટિનો જીવ થઈ જશે અને છેલ્લા તબક્કામાં જો ત્રણની બધી સંભાવનાઓમાંથી આપણે એક છેલ્લી ફકત ક્રિયા નિભાવી શકીએ ન તો કાંઇ સમજ પડે, ન તેની અંદર રતિ છે. પરંતુ થોડીક રુચિ છે. જુઓ ક્રિયા નિભાવવી એ પણ એક વાત ધ્યાનથી સમજો કે રુચિ

નહીં હોય તો કોઈ જીવ શું કામ ક્રિયા નિભાવે ? પાખંડના માટે નિભાવે તે એક બીજી કથા છે. તેની ચર્ચા તો અહીં આપણે કરી રહ્યા નથી. પણ ક્રિયા પણ નિભાવી રહ્યા છે કોઇ, તો રુચિ તો છેને તેને ? તો તે રુચિ જો તેની છે અને તે રુચિના કારણે તે ક્રિયા નિભાવી રહ્યા છે તો પ્રવાહ પુષ્ટિનો જીવ છે.

ત્યાર પછી એ બતાવ્યું કે જે લોકાર્થીતાથી પણ એકદમ ગયો, જે આજીવિકા માટે ભગવદ્ભજન કરે છે, તે તો એકદમ અનઅધિકારીની જ ચર્ચા છે. તે હીનમાં પણ હીન, જે હરિરાયજીએ અતિ જઘન્ય શબ્દ વાપર્યો છે. નિવેદન જેણે કરેલું છે તેણે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. ''નિવેદિભીઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ'' એટલે કે સમર્પિતનો જ ઉપભોગ કરવો, તે બીજો નિયમ અને ''સામીભુક્ત અસમર્પણમ્'' સામીભુકત જે છે, જેને આપણે પહેલા ઉપભોગ કરી લીધો હોય તેનું સમર્પણ કરવું નહીં.

આથી ''તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્'' મેં તમને પહેલા બતાવી દીધુ છે કે જયારે પણ આપણે કોઈ વાત કરશું ત્યારી નિશ્ચયાકાર અનુમાન તો થશે નહીં, અનિશ્ચાકાર અનુમાન જ થશે તો અનિશ્ચયાકાર અનુમાન જયારે થશે ત્યારે આપણી પાસે તેના સ્વરૂપનો નિશ્ચય કરવાનું કોઈપણ સાધન રહ્યું નથી અને પુષ્ટિજીવ હોવાના સ્વરૂપનો નિશ્ચય કરવાની અને આવા જીવ પ્રવાહી હોવાનો નિશ્ચય કરવાના આપણી પાસે બધા ચિન્હો (સિમ્ટમ) હાજર છે.

હવે એક વાત જુઓ સ્પષ્ટતાથી સમજો કે પ્રવાહી જીવના ચિન્હ કોઈ દેખાડી રહ્યો છે, સહેજ સંભવ છે કે તે પ્રવાહીજીવ ન પણ હોય, પુષ્ટિજીવ પણ હોય. પરંતુ તેનો દેહ અથવા ક્રિયા એટલા ખરાબ છે કે તેમાં પ્રવાહિતા અથવા આસુરીપણુ પ્રગટ થઈ રહ્યું છે. આસુરાવેશને કારણે દેહમાં અથવા વ્યવહારમાં આસુરીપણુ પ્રગટ થાય છે, તો તે આપણે નક્કી નહીં કરી શકીએ.

જીવના વિષયમાં જે પણ અનુમાન કરશું તે અનિશ્ચયાકાર અનુમાન જ કરી શકશું. તો આવો પ્રગટ થતો ગુણધર્મ તો પુષ્ટિ જીવ હોવાનો અનિશ્ચયાકાર માનીને આપણે કરશું અને આવો ગુણ ધર્મ પ્રગટ ન કરી રહ્યો હોય અને

પ્રવાહીતાનો ગુણધર્મ પ્રગટ કરી રહ્યો હોય તો આપણે તેની સંભાળ લેવી જોઈએ. આપણે તેનાથી સંભાળવું જોઈએ. સલામતી રાખવી જોઈએ. ભગવાન તેની શું ગતિ કરવા ઈચ્છે છે ? તે વિષયમાં આપણું સામર્થ્ય નથી કે ન તો તે વિષે આપણે અનધિકાર ચેષ્ટા કરી શકીએ.

પરંતુ એક વાત સમજો કે કોઈ સાપ છે. સાપ છે તે ઝેરી છે કે બીનઝેરી છે, જો આપણને નિશ્ચય હોય કે તે બીન ઝેરી છે તો એટલી ભાગ ભાગની જરૂરીયાત નથી અને ઝેરી છે તો આપણે સાવધાનીથી વર્તવાની જરૂર પડે. પરંતુ આપણને અનિશ્ચય હોય, આપણને એ ખબર જ પડતી નથી કે તે ઝેરી છે કે બીન ઝેરી છે. આવી સ્થિતિમાં ઝેરી છે તેમ માનીને ચાલવામાં આપણી સલામતી (સેફ્ટી) છે. તે બિચારો ઝેરી ન પણ હોય, પરંતુ આપણી સલામતી એ છે કે જ્યારે તે સાપ દેખાય રહ્યો છે અને આપણે કંઈપણ નિશ્ચય કરી શકતા નથી કે તે ઝેરી છે કે બીન ઝેરી, તો ઝેરી છે તેમ માનીને ચાલવામાં સલામતી છે. ન તો આપણે તેને મારીએ કે ન તેના સંપર્કમાં આવવાનું ખોટું સાહસ કરીએ.

આ રીતે શ્રીમહાપ્રભુજી, આ સંદર્ભમાં નહીં પરંતુ બીજા સંદર્ભમાં ‘‘અદુરે વિપ્રકર્ષેવા’’ સ્થિતિ આવે તો બહુ નજીક નહીં, બહુ દૂર નહીં આ દરેક વખતે ઉત્તમ સલામતી છે. ન તો બહુ ભાગ ભાગ કરવી અને ન બહુ વ્યર્થમાં કોઈની નજીક જવું જેથી આપણે તેની કોઈ પ્રકારની પરેશાની ભોગવવી પડે. જેમાં આપણે નિર્ણય ન કરી શકતા હોઈએ કે શું થઈ રહ્યું છે, ત્યારે આ પ્રકારની સ્થિતિ ‘‘અદુરે વિપ્રકર્ષેવા’’ એ ઉત્તમ સલામતીની સ્થિતિ છે.

ત્યાર પછી પુષ્ટિમાર્ગે ‘‘ક^{૩}’’ વિશેષ ફલ નિરૂપણ હતું તે મુજબ શ્રીમહાપ્રભુજીએ અમુક લક્ષણો પણ બતાવી દીધા હતા કે સુષુપ્ત રીતે પુષ્ટિ જીવ હોવા માટે લાયક કોણ છે ? તેમાં ‘‘લૌકિકત્વં-વૈદિકત્વં-કાપટ્યાત્’’ હોય પરંતુ ‘‘વૈષ્ણવત્વં સહજમ્’’ હોય. આ એક લક્ષણ પુષ્ટિજીવને ઓળખવા માટે છે અને જેમાં આપણને વૈષ્ણવત્વ કાપટયથી લાગતું હોય અને લોકિકત્વ અને વૈદિકત્વ સહજ દેખાતું હોય. તો જેમાં લૌકિકત્વ સહજ રીતે દેખાતું હોય તો પ્રવાહી જીવ સમજવો અને જેમાં વૈદિકત્વ સહજ દેખાતું હોય તો તેને

મર્યાદાજીવ સમજવો. પરંતુ આ અનિશ્ચયાકાર અનુમાનની જેમ મને લાગે છે કે કાંઈક આવું હોવું જોઈએ. જીવના વિષયમાં નિશ્ચયાકાર અનુમાન તો જીવ કરી નહીં શકે. પ્રભુ જ કરી શકે અથવા શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજી જેવી દિવ્ય સુક્ષ્મ વેધક દૃષ્ટિ હોય કે આપણે જોતાવેંત ઓળખી જઈએ કે આ છે, તો આ એક અલગ કથા છે.

શંકાનો લાભ (બેનીફીટ ઓફ ડાઉટ) ત્યારે આપવામાં આવે છે કે જયારે કોઈને ગુનેગાર નિર્ધારિત કરવો હોય. પરંતુ જયારે કોઈને સંત નિર્ધારિત કરવો હોય તેમાં આપણે શંકાનો લાભ આપવાનું શરૂ કરશું તો શું થશે ? સમજો કે એક ગુંડો આવ્યો આપણે કહીએ કે શંકાનો ફાયદો આપો. કદાચ તે સંત હોય, તેને ઘરમાં આવવા દયો કોઈ પિસ્તોલ લઈને આવ્યો, આપણે શંકાનો લાભ આપીએ કે ભાઈ ખબર નથી, કદાચ પિસ્તોલથી આપણી રક્ષા કરવા આવ્યો હોય. તો આ બધું અતિરેક થઈ જશે. શંકાના લાભનો જે સિદ્ધાન્ત છે તે કોઈને ગુનેગાર ઠરાવવો હોય ત્યારે કામ આવે. જયારે કોઈને સંત તરીકે નકકી કરવો હોય, સજ્જન છે કે નહીં, તેમાં શંકાનો લાભ આપવો જોઈએ નહીં. સાવધાની રાખવી જોઈએ કોઈને ગુનેગાર ઠરાવવો હોય તો શંકાનો લાભ આપવો જોઈએ, આ એક સ્વસ્થ દૃષ્ટિકોણ કે વલણ છે.

પરંતુ જયારે કોઈને સજ્જન ઠરાવવો હોય, જયારે કોઈને સાધુ ઠરાવવો હોય, આપણે સત્સંગ કરવા માટે કોઈને ભગવદીય છે કે નહીં તે નિર્ણય કરવો છે. આપણે દીક્ષા લેવા માટે સદગુરુ છે કે નહીં, તે નિર્ધારીત કરવું હોય, ત્યારે આપણે શંકાનો લાભ આપવો શરૂ કરી દઈએ તો તો પછી કંઈ અવકાશ કે મર્યાદા જ નહીં રહે. સત્સંગનો અને અસત્સંગનો, સદગુરુ અને અસદ્ ગુરુનો, જે પરીક્ષાના પ્રમાણ કે માપદંડ છે તે જ ઠપ થઈ જશે. તો દરેક વખતે ગુનામાં શંકાનો લાભ આપવામાં આવે. સત્કર્મના નિર્ધારણમાં શંકાનો લાભ આપવામાં ન આવે, દરેક પ્રસંગમાં આવું જ હોય છે.

જેમ અપવાદ હોય તેવી રીતે આ વાત સમજો કે આ વાત પૂર્વાનુમાન (અનપ્રેડીકટેબલ) ન કરી શકાય. અગાઉથી પહેલા અનુમાન કે આગાહી ન કરી

શકાય તેવી છે જેમ તમારી ગાડીની આગળ એક ગાડી ચાલી રહી છે, તો તમારે તમારી ગાડી અને આગળની ગાડી વચ્ચે એક સલામત અંતર (સેફ ડિસ્ટન્સ) રાખવું પડશે. સલામત અંતરનો અર્થ શું ? કે આગળની ગાડીવાળો એકાએક બ્રેક મારે તો તમારે પણ તમારી ગાડીને બ્રેક મારીને રોકવાનું અંતર હોવું જોઈએ. એકાએક તે ગાડીને બ્રેક મારે તે કેમ નક્કી થાય ? તે માટે બે વાત ધ્યાનમાં લેવી જોઈએ એક તો ગતિનું પરીબળ (સ્પિડ ફેકટર) ખ્યાલમાં લેવું પડશે કે ગાડી કેટલી ગતિથી જઈ રહી છે અને બીજુ એટલી ગતિથી ચાલતી ગાડીને બ્રેક લગાવવા માટે કેટલુ અંતર જોઈએ. આ બન્ને પરિબળ જયારે ધ્યાનમાં લેવામાં આવે ત્યારે બન્ને ગાડી વચ્ચે કેટલું અંતર રાખવું એ ખ્યાલમાં આવે અને તે અંતર સલામત અંતર કહેવાય.

જેમ સોની સ્પિડમાં ગાડી જઈ રહી છે તો તમારે જે અંતર રાખવું જોઈએ તે અંતર સોની સ્પિડ કરતા વધારે તીવ્ર ઝડપમાં તે સલામત અંતર કામ નહીં કરે, કેમ કે તે અંતર તો તમારી ગાડીને ધીમી પાડવામાં લાગશે અને ત્યાં સુધીમાં તો ગાડી ધૂમ-ધડામ થઈ જશે તો આ શું છે ? આગળ ગાડી જઈ રહી છે, આપણે પણ તેની પાછળ પાછળ જઈ રહ્યા છીએ. હવે આપણે શંકાનો લાભ લેવા માટે એમ વિચારીએ કે આગળની ગાડી કોણ જાણે કયારે રોકાય જાય. તેમ માનીને આપણે તેની પાછળ ન જઈએ તો લાઈન તો તોડી નહીં શકાય. લાઈનમાં જ જવું પડશે. તે માટે એક સલામત અંતર જાળવવું પડશે. પરંતુ સલામત અંતરમાં ફેરફાર (વેરિયેશન) આવતો રહેશે. તે એક કુશલ ડ્રાઈવર સારી રીતે જાણતો હોય છે. જો આગળની ગાડીની ઝડપ વધી રહી હોય તો સલામત અંતર થોડું વધારવું પડશે, ઝડપ ઘટી રહી છે, તો સલામત અંતરનું પ્રમાણ થોડું ઓછું પણ થઈ શકે છે.

આ પ્રકારે જીવની સાથે તેને દીક્ષા દેવાને માટે અથવા તેની સાથે સત્સંગ કરવા માટે અથવા કોઈથી દીક્ષા લેવા માટે, સલામત અંતર હોવું જરૂરી છે. આમા આપણામાં તેને જોવાની સિફત હોવી જોઈએ કે ભાઈ કેટલા વેગથી તે કામ કરી રહ્યા છે. એટલે કે તે પોતાની ભગવદીયતા કેટલા વેગથી પ્રકટ કરી રહ્યો છે.

તમે જોશો તો શ્રી હરિરાયજીએ **''દુસંગ વિજ્ઞાન નિરૂપણ''**માં આ જ માપદંડ બતાવ્યો છે, કે જો કોઈ પોતાની ભગવદીયતા ઘણી જ ઝપડથી એટલે કે વધારે પડતી પ્રગટ કરી રહ્યો છે અને તેની લગોલગ તમારી ગાડી ચલાવી, અર્થાત્ તમે પણ એવી જ ભગવદીયતા પ્રકટ કરી તો અચાનક ગાડીને બ્રેક લગાવી તો ભટકાયા વિના રહેશે નહીં. એટલે કે ભકિતમાં તેનું પરિણામ વિપરીત આવે.

જે થોડી ઉતાવળ કર્યા વિના, પોતાની ભગવદીયતા પ્રગટ કરી રહ્યો છે તો તેની સાથે આપાણે થોડુ ચાલી શકીએ. પરંતુ અતિશય ભગવદીયતા કોઈ પ્રગટ કરે તો, તમારે તેની સાથે થોડુ અંતર વધારી દેવું જોઈએ, કે ભાઈ આ શું લફ્ડુ છે? હવે સંદેહ શંકા કરવાનું કોઈ કારણ નથી. કેમ કે લાઈનને પકડીને જ ચાલવું પડશે અને લગોલગ ચાલવામાં પણ નુકશાન તો છે જ, કેમ કે અચાનક તેણે બ્રેક મારી તો આપણી પાસે આપણી ગાડીને રોકવાનું કોઈ સાધન નથી રહી જતું અને પછી આપણે પણ ટકરાઈએ અને પાછળવાળો પણ ટકરાય અને એક સારો એવો ધૂમ ધડાકો થઈ જાય.

તો હંમેશા સલામત અંતરનો જે સિદ્ધાન્ત છે તે આવી રીતે માની શકાય કે ઝડપના હિસાબથી તેને સમયાંતરે અનુકૂળ કરવું જોઈએ. જો કોઈની ગતિ વધી રહી છે તો થોડું અંતર વધારી દેવું. ઝડપ ઘટી રહી હોય તો થોડા તેની નજીક જુઓ કે ભાઈ શું હરકત છે. તમારી સહાયતા તેને મળી જશે, તેની સહાયતા તમને મળી જશે. આવી જ રીતે સત્સંગમાં પણ શ્રીહરિરાયજીએ પણ **''દુસંગ વિજ્ઞાન પ્રકાર''**માં બતાવેલ છે કે જો કોઈ પોતાની ભગવદિયતા અતિશય પ્રગટ કરી રહ્યો છે, તો આપાણે તેનાથી થોડું અંતર રાખવું જોઈએ.

કારણકે કયા વેશમાં બાબા નારાયણ મળી જાય, તેનો ખ્યાલ નથી, આપણને ખબર નથી તો સાવધાની રાખવી જોઈએ. વ્યર્થમાં એટલુ દૂર રહેવું કે આપણને આગળની ગાડી દેખાતી બંધ થઈ જાય અથવા એટલું નજીક જવું કે તે પોતાની ગાડી રોકે તો આપાણે આપાણી ગાડી રોકી ન શકીએ. આ બન્ને અકુશલ ડ્રાઈવર હોવાના લક્ષાણ છે. બસ આમ સીધી જ વાત છે અથવા એકાએક કોઈ એક વળાંક આવ્યો તો આપાણે વળી ન શકીએ. છુ છુ છુ છુ ગાડીમાં થઈ જાય.

આ બધા કૌભાંડ થાય તે શું છે ? આવું બધું, આવા ગોટાળા ગણતરીનો અભાવ હોવાના કારણે થાય છે.

આપણે જો એટલી ઝડપથી ગાડી ચલાવીએ કે એકાએક કોઈ કારવાળો આવ્યો તો આપણે આપણી ગાડીને વાળી શકીએ. ગાડી ઉલટી ન જાય. તો પછી કોઈ ચિંતાનું કારણ નથી. હવે ઝડપ મર્યાદાનો કોઈ માપદંડ નથી, કોઈ નિર્ધારિણ નથી, એકસો વીસ માઈલની ઝડપ મર્યાદા પણ હોય શકે છે અને દશ-વીસ ઝડપની મર્યાદા પણ હોય શકે છે. પરંતુ સમજો કે ત્રીસ માઈલની ઝડપે ચલાવો તો તે શહેરની સલામત ઝડપ છે. પરંતુ ભુલેશ્વરમાં સત્યાનાશ થઈ જાય, જો તમે ત્રીસની ઝડપથી ચલાવો તો. ત્યાં તો પાંચ-દશ, પાંચ-દશથી વધારે ચલાવતા જ કંઈને કંઈ કૌભાંડ - ગેરવ્યવસ્થા થઈ જ જાય. કેમકે ત્યાં વધારે ભીડ હોય છે. આ સાવધાનીનું ચક્કર છે.

દીક્ષા દેવા માટે, દીક્ષા લેવા માટે, સેવાની, ભકિતની અથવા સત્સંગ માટે આપણા પુષ્ટિજીવનું જે આદર્શ સ્વરૂપ છે. એક નિર્ધારિત સ્વરૂપ છે, તે આપણે ''પુષ્ટિમાર્ગે વિશેષેણ ફલ નિરૂપણમ્''ની જેમ સમજ્યું અને તેનું જે ખરેખર પ્રારંભનું શરૂઆતનું જે બિંદુ છે એટલે કે પુષ્ટિજીવના આદર્શ સ્વરૂપનું જે બિંદુ છે તે પણ આપણે ''પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ, મર્યાદયા ગુણજ્ઞાસ્તે'' વગેરે પણ જોયા. તે બધાને જોયા પછી જે પુષ્ટિજીવ નથી અને પુષ્ટિજીવ તરીકે વર્તી રહયો હોય તેને પણ ઓળખવો જરૂરી છે કે નહીં ? તો તેની ઓળખ શ્રીમહાપ્રભુજીએ આપવી અહી શરૂ કરી છે.

(પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-માર્ગેષુ કર્મણાં ગહનયા ગત્યા પરિભ્રમન્તઃ એકસ્મિન્ માર્ગે સમાગતાઃ અતન્માર્ગીયત્વેઽપિ તન્માર્ગીયત્વાભાસં પ્રકટયન્તઃ ચર્ષણ્યો જીવાઃ)-પુષ્ટિ પ્રવાહ મર્યાદાના માર્ગમાં કર્મની ગહન ગતિથી પરિભ્રમણ કરતા કરતા એક માર્ગમાં આવી ગયા તે માર્ગના જે જીવ નથી, પરંતુ કર્મની ગતિ ગહન છે. ગહન હોવાથી કોઈ કારણથી તેમાં આવી ગયા. કોઈ કેવી રીતે, કયારે, કયા પહોંચી જાય તેની ખબર પડતી નથી. તો તે માર્ગના નથી. જીવ પ્રવાહનો નથી, પણ પ્રવાહમાં ચાલ્યો ગયો, જીવ

પુષ્ટિનો નથી, પરંતુ પુષ્ટિમાં આવી ગયો, જીવ મર્યાદાનો છે પરંતુ પુષ્ટિમાં આવી ગયો. પુષ્ટિનો જીવ છે, તે મર્યાદામાં ચાલ્યો ગયો. આવી રીતની બધી સંભાવનાઓ નિરંતર બનતી રહે છે.

તેથી ''અતન્માર્ગીયત્વેઽપિ તન્માર્ગીયત્વાભાસં પ્રકટયન્તઃ'' એક માર્ગમાં હોવા છતાં પણ બીજા માર્ગનો આભાસ પ્રકટ કરવાવાળા જે જીવ છે તે ચર્ષણી જીવ છે. એટલે કે ચક્કર મારવાવાળા જીવ. ચર્ષણી એટલે શું ? આપણે ત્યાં તો ચર્ષણીને પ્રવાહ સાથે ગણવામાં આવે છે. તેથી ચર્ષણીનો જે સૂચિત અર્થ (કોનોટેશન) છે તે આપણે ત્યાં ઘણોજ નકારાત્મક (નેગેટીવ) થઈ ગયો છે. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે વેદમાં ચર્ષણી શબ્દ કોઈ નિંદાવાચક શબ્દ નથી. વેદમાં ચર્ષણી શબ્દ મનુષ્ય વાચક છે. દરેક મનુષ્ય ચર્ષણી છે.

જેમ ગઈકાલે મેં તમને એક વાત બતાવેલ કે દરેક વ્યકિત જે જન્મી છે, પછી ભલે તે પુષ્ટિજીવ હોય, મર્યાદાજીવ હોય, કે પ્રવાહીજીવ હોય, જન્મ્યો તો પ્રવાહમાં જ છે. આવી રીતે દરેક મનુષ્ય મૂળભૂત રૂપે (બેઝીકલી) તો ચર્ષણી જ છે. ખ્યાલમાં આવ્યુને ! ચર્ષણી એવો કોઈ નિંદાત્મક શબ્દ નથી, પરંતુ આપણે ત્યાં પારિભાષિક બનાવવામાં આવેલ છે. નિંદાના અર્થમાં આ શબ્દ નિંદાર્થક નથી, ખ્યાલમાં આવ્યુંને. હવે નિંદાના અર્થમાં કોઈ ચીજને પારિભાષિક બનાવી લેવામાં આવે ત્યારે તેના બન્ને અર્થઘટન પર ધ્યાન રાખવું ઘણું જ જરૂરી થઈ જાય છે.

જેમ એક સમાન્ય ઉદાહરણ આપુ તો તમને વાત સમજમાં આવશે. અમારા કિશનગઢમાં ઘણા વર્ષો સુધી લફડો ચાલ્યો, બહુ જ કૌભાંડ થઈ ગયું અહીં તો લોકોને તે ખ્યાલ જ નહીં આવે. ત્યાં રાજસ્થાનમાં આવા કૌભાંડ ઓછા હતા. તેથી ત્યાં આ વાતના ભાવુક (લાગણીપ્રધાન) ઘણા હતા કે જેને આપણે ગુરુ માન્યા કે ગુરુ બનાવ્યા તે આપણો પિતા છે. તેથી પતિ-પત્ની એકજ ગુરુ પાસેથી બ્રહ્મસંબંધ નહોતા લેતા. કેમ કે તેઓ વિચારતા કે પત્નીએ પણ એકજ ગુરુ પાસેથી બ્રહ્મસંબંધ લીધુ તો અમે ભાઈ-બહેન થઈ જાશું. તેઓ એમ સમજતા કે પતિએ બ્રહ્મસંબંધ જે ગુરુ પાસેથી લીધુ છે અને જો તેજ ગુરુ

પાસેથી પત્ની પણ બ્રહ્મસંબંધ લે તો બન્ને ભાઈ-બહેન થઈ જાય.

હવે આજના જેવી પ્રાચીન બાલકોમાં બ્રહ્મસંબંધ આપવાના વિષયમાં વ્યકિતગત છીનવી લેવાનું કે ઝપટી લેવાની સ્થિતિ ન હતી. સંપ્રદાયમાં દરેક બાલક અમે બધાં એક છીએ એ રીતે વર્તતા, તો કિશનગઢ દરબારને એ વાતની ખબર પડી કે બાલકો બધા એકજ છે, અર્થાત્ બધા વલ્લભવંશજ છે. તો તેણે વિચાર્યુ કે પતિએ જો પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લીધું છે, તો પત્નીએ પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ, નહીંતર ભાઈ-બહેન થઈ જાશે. કિશનગઢમાં તેથી ઘણા વરસો એવી સ્થિતિ રહી કે રાજાઓ બધા પુષ્ટિમાર્ગના અને રાણીઓ બધી નિમ્બાર્ક સંપ્રદાયની હતી. કારણકે એટલા બધા ડરીને રહેતા હતા કે ભૂલથી પણ કયાંક ભાઈ-બહેન ન થઈ જાય.

પરંતુ એક વાત સમજો કે આપણે ગુરુ ભાઈ-ગુરુ બહેન એમ જે કહીએ છીએ તે ભાઈ-બહેન પારિભાષિક અર્થમાં છે. આજે પણ ગુજરાતમાં સાસુ-સસરાને મમ્મી-પપ્પા કહેવાય છે. ગુજરાત ઉપરાંત બીજા પ્રાંતોમાં પણ આ મુજબ શરૂ થઈ ગયું છે. હવે મમ્મી-પપ્પા કહી દીધું તો કોઈ ભાઈ-બહેન થોડા થઈ ગયા ? અને કોઈ થોડો ભેદ કરી નાખે, કોઈ મમ્મજી કહી દે, કોઈ પપ્પાજી કહી દે તો પપ્પા અને મમ્મીની સાથે જી લગાવવાથી, ઈંગ્લીશમાં તો તેનું પરિવર્તન કે ભેદ એવો નથી કે તે સાસરીયાનું થઈ જાય. પપ્પાને જી લગાવી દીધો તો સસરા એવો અર્થ અને પપ્પા કહે તો બાપ એવો અર્થ, પરંતુ ઈંગ્લીશમાં કોઈ એવો ભેદ કે પરિવર્તન તો નથી. પરંતુ આવો ભેદ જુદા પાડવા માટે લોકો વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે આ બધા જે શબ્દો છે ગુરુ ભાઈ-ગુરુ બહેન એ શબ્દ પારિભાષિક છે. પારિભાષિક બહેન હોય છે. પારિભાષિક ભાઈ હોય છે. એક જ ગુરુના શિષ્ય હોવાથી તે કોઈ એ રીતના ભાઈ-બહેન થતા નથી, જે રીતે લોહીના સંબંધથી ભાઈ-બહેન આવે તે. તો કોઈપણ પારિભાષિક શબ્દને જયારે આપણે અપારિભાષિક અર્થમાં લઈએ ગરબડ થવાની જ છે. તેથી બન્ને અર્થ આપણી નજરમાં હોય, આપણને બન્ને અર્થની ખબર હોય તો

દરેક વાત કે વિષય સ્પષ્ટ રહે.

જયારે ગટ્ટુલાલજી કિશનગઢ પધાર્યા ત્યારે ત્યાં આ વાતનો તુમુલ–જોરદાર શાસ્ત્રાર્થ થયો કે આમ રાજા–રાણીએ એકજ ગુરુ પાસેથી બ્રહ્મસંબંધ લેવું જોઈએ કે ન લેવું જોઈએ. પછી ગટ્ટુલાલજીએ શાસ્ત્રાર્થ કરીને સિદ્ધ કર્યુ કે પતિ–પત્ની એક ગુરુના શિષ્ય હોય તો તેથી પતિ–પત્ની ભાઈ–બહેન થતા નથી. પતિ–પત્ની ન હોય અને એક ગુરુના શિષ્ય છે, તો તેમાં તે મનોભાવ હોય કે અમે એક ગુરુના શિષ્ય છીએ, તેથી તે અમારો ગુરુભાઈ છે અને તે અમારી ગુરુબહેન છે, એ પ્રકારનો મનોભાવ હોવો સારી વાત છે.

પરંતુ એક ગુરુ પાસેથી દીક્ષા લેવાથી શિષ્યત્વ લેવાથી જે પતિ–પત્ની છે તે ભાઈ–બહેન થઈ ગયા, આવો કોઈ કડક નિયમ (હાર્ડ એન્ડ ફાસ્ટ) કે ચુસ્ત સિદ્ધાન્ત નથી. આ વિષે **‘‘દામ્પત્યોઃ એક ગુરુ શિષ્યત્વ’’** દામ્પત્ય અને એક ગુરુ શિષ્યપણુ એ વિચારથી આખો એક ગ્રંથ લખવામાં આવેલ છે. ગટ્ટુલાલજીએ ત્યાં કિશનગઢમાં આના ઉપર ઘણા પ્રવચન વગેરે કર્યા, ત્યારથી કિશનગઢની રાણીઓ પણ પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થઈ. ત્યાં લગી ઘરમાં પણ બે સેવાઓ ચાલતી હતી. એક પુષ્ટિમાર્ગીય સેવા, એક નિમ્બાર્ક સંપ્રદાયની સેવા. શ્રીઠાકોરજી પણ એ રીતે બે પ્રકારના હતા.

હૈદરાબાદમાં આજે પણ તમે કોઈ ત્યાં જઈને જૂઓ તો પ્રિતી પરિવારમાં એક મજાની વાત છે કે ત્યાં પહેલા માળે (ફસ્ટ ફલોરે) રામાનુજ સંપ્રદાયની સેવા છે અને બીજા માળે (સેકન્ડ ફલોરે) પુષ્ટિમાર્ગીય સેવા છે. ત્યાં સ્ત્રીઓ બધી પુષ્ટિમાર્ગીય અને પુરુષ બધા રામાનુજ સંપ્રદાયમાં, કારણકે તેઓને ડર લાગે કે એક ગુરુના શિષ્ય થઈ જાય તો ભાઈ–બહેન થઈ જઈએ તો ? તો આ પારિભાષિક શબ્દનો અપારિભાષિક પ્રયોગ થઈ ગયો. તેને કારણે ગરબડ ફેલાણી.

જે પારિભાષિક શબ્દ છે તેનો અપારિભાષિક પ્રયોગ સમજી વિચારીને કરવો જોઈએ. તેનો અર્થ સમજીને લેવો જોઈએ. સમજયા વિચાર્યા વિના તે શબ્દનો અર્થ લેવો જોઈએ નહીં.

ધ્યાનથી સમજો કે આપણા પુષ્ટિમાર્ગનો ચર્ષણી શબ્દ પણ એક પારિભાષિક શબ્દ છે, આ વાતને કહેવા માટે મેં જે ગઈકાલે ઉદાહરણ આપ્યું હતું "**જન્મના જાય તે શૂદ્ર**" ત્યાં જે શૂદ્ર કહ્યો છે તે કોઈ જન્મથી જ બધા શૂદ્ર જ પેદા થાય છે, તે કોઈ અપારિભાષિક અર્થમાં નહીં, તે પારિભાષિક અર્થની વાત હતી, જન્મથી જ જો બધા શૂદ્ર પેદા થતા હોય તો પછી બાલકો છોવાઈ જવા જોઈએ, જન્મથી જ જો છોવાઈ જતા હોય તો તેના કોઈ સંસ્કાર થઈ શકે નહીં. આવી રીતે કોઈ જન્મથી જ બધા બાલકો શૂદ્ર પેદા થતા નથી. તે અપારિભાષિક પ્રયોગ પારિભાષિક શબ્દ શૂદ્રનો થઈ ગયો.

સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્ તથા પરે ॥ ૨૧ ॥
'ચર્ષણી' શબ્દ વાચ્યાસ્ તે સર્વે સર્વવર્ત્મસુ ॥
ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ રુચિસ્તતેષાં ન કુત્રચિત્ ॥ ૨૨ ॥
તેષાં ક્રિયાનુંસારેણ સર્વત્ર સકલં ફલમ્ ॥

જે સંબંધી જીવ છે એટલે કે એક માર્ગમાં આવેલા જીવ, તે માર્ગમાં આવેલા હોવાથી માર્ગથી સંબંધી પરંતુ તે જીવ તે માર્ગના નથી હોતા. તેને ચર્ષણી કહેવામાં આવે છે. હવે ચાલુ ખાતાની ભાષામાં અર્થાત્ નકારાત્મક ભાવમાં કહેવું હોય તો રખડપટ્ટી કરવાવાળા જીવ. રખડપટ્ટી કરવાવાળા કોઈક જીવ હોય જ છે, તે દરેક જગ્યાએ રખડતા જ હોય છે, તેને બસ રખડવાનું જ ગમતું હોય, રખડવાનો જ શોખ હોય, તો રખડતા રખડતા કોઈ જીવ પુષ્ટિમાર્ગમાં આવી ગયો. કોઈ પુષ્ટિનો જીવ રખડતો રખડતો ત્યાં મર્યાદામાર્ગમાં ચાલ્યો ગયો. કોઈ રખડતો જીવ પ્રવાહમાં આવી ગયો, કોઈ પ્રવાહનો જીવ મર્યાદામાં આવી ગયો.

આવા રખડવાવાળા જે જીવ છે "સમ્બન્ધીનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્ તથા પરે" અને જે ખરેખર પ્રવાહસ્થ જીવ છે, તે બધાને ચર્ષણી કહેવામાં આવે છે. જુઓ આ શબ્દ ઉપર ધ્યાન આપશોને તો વાત સમજમાં આવી જશે કે ચર્ષણી અને પ્રવાહસ્થ જીવને પ્રવાહી કહેતા નથી. પરંતુ ચર્ષણી શબ્દ એક એવો શબ્દ છે કે જે પ્રવાહી જીવ માટે પણ અને રખડપટ્ટી કરવાવાળા

જીવનું એક સમાન નામ છે. કેમ કે પ્રવાહી જે પ્રવાહમાં છે તેનાથી બીજી કઈ અપેક્ષા રાખી શકાય ? તે રખડી રહ્યો છે અને રખડતા રખડતા કોઈ પ્રવાહી જીવ પુષ્ટિમાર્ગમાં આવી ગયો અથવા મર્યાદામાર્ગમાં ચાલ્યો ગયો. તેને કારણે તે મર્યાદામાર્ગીય થઈ નહીં જાય. રખડતા રખડતા પ્રવાહી જીવ જો પુષ્ટિમાર્ગમાં આવી ગયો તો તે પુષ્ટિમાર્ગીય થઈ નહીં જાય. આ વાત ધ્યાનથી સમજો.

પ્રવાહી નથી પણ રખડપટ્ટીનો જ કોઈ જીવ છે તે કોઈ વચ્ચેના માર્ગનો એટલે કે ત્રણેય માર્ગ કે બધા માર્ગના જીવોના અંતર્ગત પ્રકારનો છે ત્રણેય માર્ગમાં પરસ્પર સબંધિત પ્રકારનો જીવ છે. જેમ મે ગઈકાલે બતાવ્યું હતું એવો કોઈ પરસ્પર સબંધિત જીવ છે કે શું છે ? કેમ કે ગ્રંથ અધૂરો છે તેથી આજે આપણે કહી શકવાની સ્થિતિમાં નથી કે શ્રીમહાપ્રભુજી યથાર્થ રૂપે (એકઝેટ) શું આજ્ઞા કરવા ઈચ્છી રહ્યા છે. ? કારણકે આગળ આ વાત સ્પષ્ટ હોત તો આની અધિક–વધારે સ્પષ્ટતા હોત. પરંતુ આ ચર્ષાણી જીવ જે છે તે ત્રણેય માર્ગનો કોઈ એક જઘન્ય વર્ગ છે, પ્રકાર છે.

પુષ્ટિ, પ્રવાહ, મર્યાદાની અંતર્ગતનો આ પેટાવર્ગ છે, અથવા પુષ્ટિ–પ્રવાહ–મર્યાદા સિવાય કોઈ અલગ પ્રકારનો વર્ગ છે, અથવા પ્રવાહની કોઈ બે પ્રકાર (વેરાયટી) છે. તો શું છે એ બધી સંભાવના (પોસીબીલીટીઝ) આમા ખુલ્લી છે. ગ્રંથ પૂરો હોત તો આપણે આનો નિર્ણય કરી શકત. આજની તારીખમાં આપણા માટે ખરેખર એક સમસ્યા છે કે આનો નિર્ણય કેમ કરવો ? કે આ કોણ છે ? જેટલો ગ્રંથ ઉપલબ્ધ છે તેના આધારે આપણે જેટલું સમજી વિચારી શકીએ તે ત્રણ સંભાવના છે.

પુષ્ટિનો કોઈ એક જઘન્યતમ, મર્યાદા અને પ્રવાહનો કોઈ એક જઘન્યતમ વેરાઈટી–પ્રકાર છે. અથવા પુષ્ટિ –પ્રવાહ–મર્યાદાની કોઈ સંકીર્ણ વેરાઈટી છે અથવા કોઈ જુદા જ પ્રકારની વેરાઈટી છે, જેનું વર્ગીકરણ આ ત્રણેયમાં ન થઈ શકતું હોય.

મોટાભાગે વર્ગીકરણ (કલાસીફિકેશન) પછી શું થાય ? વર્ગીકરણ પછી જે કોઈ ચીજ વર્ગીકૃત ન થઈ શકે તેને જુદા પ્રકારનો કહેવાય છે. ખર્ચના

હિસાબમાં જેમ ખાતું નાખવામાં આવે છે અને તે ખાતામાં તે ખર્ચ નાખવામાં આવે છે એટલે કે નોંધવામાં આવે છે. આમાંથી જે કોઈ ખર્ચનું ખાતુ ન બની શકતું હોય તેને એક અલગ -જુદા પ્રકારના (મિસલીનીયસ) ખર્ચમાં જેમકે પરચુરણ ખર્ચમાં નોંધવામાં આવે. આવા બધા ખર્ચા જુદા પ્રકારના ખર્ચા છે, જે કોઈ ખર્ચમાં બંધ બેસતા નથી આને પરચુરણ ખર્ચ કહી શકાય. તેમ ચર્ષણી કોઈ એક પ્રકારનો જુદો જીવ છે અથવા જે ચર્ષણી કોઈ ત્રણ પ્રકારમાનો આંતરિક (ઈન્ટરસેકસન) જીવ છે. અથવા ચર્ષણી પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ત્રણેયની એક પ્રકારની જઘન્ય કોઈ વિવિધતા (વેરાયટી) છે. શું છે ? આજની તારીખમાં યથાર્થ રૂપમાં નિર્ણય કરવો ઘણું જ મુશ્કેલ છે. કોઈ આ ત્રણમાંથી કંઈક હોવો જોઈએ, એવું પ્રતીત થાય છે. ઓછામાં ઓછું મને તો ગ્રંથને જોતા નિશ્ચયાકાર કહેવું એ વિષયમાં કોઈ જ્ઞાન નથી.

વહુજી, એક વાત બતાવું કે કેટલા આવા ચર્ષણી ડ્રાઈવર હોય કે તેને લાઈન પકડીને ચાલવાનું કહો તો તેનાથી ડ્રાઈવીંગ થઈ શકે નહીં. તે સ્ટીયરીંગ આમ-તેમ કરતા જ રહે અને ટ્રાફિક ઓળંગવામાં આવા ડ્રાઈવર જેમ કરે, તેમ બીજા કોઈ કરી શકે નહીં. આપણે ત્યાં તો ઘણી ઓછી સ્પીડમાં ગાડીઓ ચાલે છે તો ઘણા કબાડા થતા નથી. આજકાલ પોલીસ ટ્રાફિક સિગ્નલ છે ત્યાં લાઈન બદલવા માટે આવા ડ્રાઈવરને કારણે આપણી પાસેથી પચાસ-સો રૂપિયા ખાઈ જાય, બાકી જયાં ઘણી જ ઝપડથી ગાડી ચાલી રહી હોય, ત્યાં આવા લાઈન બદલવાવાળા વિનાશ કરી શકે.

કારણ કે એકાએક એક લાઈનમાંથી બીજી લાઈનમાં આપણે ગાડીનું સ્ટીયરીંગ આમતેમ કરીને ક્રોસ કરી તો ઘણીબધી ગાડીઓ ધૂમ ધડાક થઈને ટકરાય જશે. અમેરિકા જેવા દેશમાં જયાં ડ્રાઈવીંગની ઝડપ ઘણી છે. ત્યાં આવું બની શકે. ડ્રાઈવીંગ માટે એક લાઈન પકડીને ડ્રાઈવીંગ કરવું તેના વડીલોએ તે ગુણધર્મ તેને શીખવ્યો નહીં હોય કે ભાઈ એક લાઈન પકડીને ચાલવું. આમ તેમ કરવામાં શું મજા આવે ? ઈશ્વર જાણે પરંતુ તે ડ્રાઈવરમાં કંઈક છે, એવી જ ચર્ષણીની એક વેરાયટી કે પ્રકાર હોય છે.

ખરેખર આ આધ્યાત્મિક માર્ગમાં પણ આવી ચર્ષણીની વેરાઈટી હોય છે, કે તેઓને કોઈપણ એક માર્ગમાં સ્થિર સાધના કરવાની કહો તો તે અદશ્ય થઈ જશે. તેઓ નિરંતર નવી સાધના કરતા રહે, કયારેક આ તો કયારેક બીજું, કયારેક દેવીની, પરંતુ નિરંતર કયારેક કયારેક કૃષ્ણને ભજે છે. મેં આવા જ ચર્ષણીને લપુપંડા કહેલ છે. તેનું ચિત્ત ચંચલ હોવાને કારણે તે નિરંતર કયારેક કોઈ આ દેવતાનું, તો કયારેક બીજા દેવતાનું ભજન કરતો રહે. કયારેક એક ગુરુ પાસે જાય, કયારેક બીજા ગુરુ પાસે જાય. આમ તેઓ મૂળમાં ખરાબ નથી હોતા, બદમાસી નથી કરતા પરંતુ તેનું ચિત્ત જ આ પ્રકારનું ચલાયમાન છે તો તેનો શું ઉપાય ?

પ્રશ્ન :- તેને મનકિયા કહેવાય ને ?

જવાબ :- મનકીયા જુદા હતા. મનકીયા એ ઘણા જ દુષ્ટ હતા. મનકીયા જે હતા તે પાખંડી હતા. બીજાને છેતરવા માટે કરતા હતા. ચર્ષણી શબ્દમાં એ જરૂરી નથી કે તે બીજાને છેતરે જ. તેની કાબેલિયત કે શકિત જ એવી છે. અર્થાત્ તેનામાં આવડતનો અભાવ છે કે તેઓ એક ચીજને નિશ્ચિતરૂપથી સ્થિર રીતે પકડી શકતા નથી. આજકાલ આપણે ત્યાં મનકીયા પણ ઘણા છે.

આપણે ત્યાં મનકીયાનો પર્યાયવાચી શબ્દ તો કૌલ શબ્દ હતો. **''અન્તઃ શૈવાઃ બહિ શાક્તાઃ સભામધ્યે ચ વૈષ્ણવાઃ નાનારૂપધરાઃ કૌલા વિચરન્તિ મહીતલે''**-**''અન્તઃ શૈવા''** દિલમાં શિવ, **''બહી શાક્તા''** ગામને બતાવવા માટે શકિતના ભગત અને **''સભા મધ્યે તુ વૈષ્ણવા''** સભા ભેગી મળી હોય તો વૈષ્ણવ બની જાય. આપણે ત્યાં પણ મનકીયા પ્રકારના પહેલા ઘણા લોકો હતા, કે જેઓ ઈરાદા પુર્વક (ઈન્ટેન્શનલી) અસ્વાભાવિક રીતના વર્તનનું વલણ કે દષ્ટિકોણ દરેક ધર્મની સાથે રાખતા હતા. કોઈ એક ધર્મની સાથે ગંભીરતાથી અનુસરતા નહીં. એટલે કે તે ધર્મની સાથે પ્રામાણિકપણાથી અનુસરતા નહીં, તે ધર્મની સાથે ઔપચારિકતાથી અનુસરતા. જયાં જેવી ભીડ જોઈ, ત્યાં તેવું થઈ જવું. તો તેઓ કૌલ કહેવાતા હતા. ટુંકમાં પરિસ્થિતિ મુજબ રંગ બદલનારા કૌલ કહી શકાય.

આજકાલ મોટા કૌલ સન્માનિય થઈ ગયા છે. પ્રાચીન જમાનામાં જયારે લોકોને ખબર પડી જાતી કે આ કૌલ છે. તો બધા તેને ધૃણાની દૃષ્ટિથી જોતા હતા. કારણકે બધા ડરતા કે કયારે કેવો ઉદ્યમ કૌલ કરે તેનો કોઈ ખ્યાલ આવતો નહીં, તેની ખબર પડતી નહીં. તો પ્રાચીન એક શ્લોક પણ છે કે **''કૌલો ધર્મો કસ્સ નો ભાઇ પાઇ''** કૌલ ધર્મ કોને પ્રિય ન લાગે ? બધાને પ્રિય લાગે કારણકે કોઈ ધર્મથી બંધાવું તો નથી. જે વખતે જે સારો લાગે, તે વખતે તેવું બની જવું. તો **''કૌલો ધર્મો કસ્સ નો ભાઇ પાઇ''** એવો એક પ્રાકૃત ભાષાનો આજથી દોઢ હજાર વર્ષ પહેલાનો પુરાનો એક શ્લોક છે. કૌલ ધર્મ કોને પસંદ ન આવે ? બધાને પસંદ આવે કેમ કે કોઈ જવાબદારી તો નથી. થોડા દિવસ એક જવાબદારી નિભાવી, પછી આગળ ચાલો તો તે પાખંડ માટે કરતા હતા તે ચિત્તની ચંચળતાને કારણે નહીં પરંતુ બીજાને છેતરવા માટે, બીજા સાથે ઠગાઈ કરવા માટે એવું કરતા હોય છે.

તો આ રીતનું ચર્ષણીપણું બીજાને છેતરવા માટે જ હોય તો ત્યારે તો અતિ જઘન્ય થઇ ગયો અને બીજાને છેતરવા માટે નહીં, પરંતુ પોતાના ચિત્તની ચંચળતાને કારણે હોય. બીજાને છેતરવું નથી, પરંતુ તેની પોતાની મનઃસ્થિતિ જ એવી છે કે કોઈ એક ચીજ ઉપર તેનું ચિત્ત ટકે નહીં, સ્થિર રહે નહીં તે ચર્ષણી. ચર્ષણીમાં આવાનો પણ સમાવેશ થાય છે ને ? તો આમાંથી કોને ખરા અર્થમાં શ્રીમહાપ્રભુજીએ ચર્ષણી કહ્યો છે તે આજે પણ નક્કિ કરવું ખૂબ જ મુશ્કેલ છે. કારણકે ગ્રંથ અધૂરો રહી ગયો છે. આપણા દુર્ભાગ્યથી એકદમ કટોકટી ભરી પરિસ્થિતિમાં આમ ગ્રંથ અધૂરો રહી ગયો છે.

પ્રવાહસ્થ જીવ પોતાના પ્રવાહમાર્ગમાં એકદમ સ્થિર હોય, તેને માટે ચર્ષણી હોવું જરૂરી નથી. એક સુંદર ઉદાહરણ છે તેનાથી વાત સમજમાં આવી જશે. બર્ટન રસેલ હતો તે નાસ્તિક, અનિશ્વરવાદી, અધાર્મિક, ચિંતક હતો. તે તદ્દન સીધો સાદો ચિંતક હતો અને તેની પુત્રી હતી તે કટ્ટર ક્રિશ્ચયન હતી. તો તે તેની પુત્રીને બધા પ્રકારની સહાયતા કરતો હતો. ખ્રિસ્તી સંપ્રદાયના કામ માટે પણ અને જયારે લોકો તેને પૂછતા કે ભાઈ આ શું છે ? તો તે કહેતો કે ખ્રિસ્તી

ધર્મ મહાન મૂર્ખતા છે અને મારી દિકરી મૂર્ખ ખ્રિસ્તી છે તો હું શું કરું ? દિકરી સાથે ઝઘડો તો કરી શકું નહીં તેથી દિકરીને તે બધા પ્રકારની સહાયતા કરતો હતો.

તેની પુત્રીને જે કંઈપણ મદદ (હેલ્પ) કરતો તે પુત્રી તરીકે કરતો, કોઈ પંથ કે સંપ્રદાયને મદદ કરવાના હેતુથી ન કરતો. તે પોતાની રીતે બિલકુલ સીધો સાદો નાસ્તિક હતો અને તેણે કયારેય કોઈ ધર્મ કે ઈશ્વર અથવા આવી કોઈ વાત ઉપર આસ્થા કે શ્રધ્ધા પ્રકટ કરી નથી. કયારેય ચર્ષણીપણું તેણે બતાવ્યું નથી. મને લાગે છે કે દુનિયામાં એવા ઘણા લોકો હશે, જેઓ બર્ટન રસેલના પુસ્તકો વાંચીને નાસ્તિક થઈ ગયા હશે અને પોતાની પુત્રી આફ્રિકામાં ક્રિશ્ચયાનીટીનો પ્રચાર કરતી હતી અને તેને જયારે જયારે પૈસાની જરૂરત પડતી ત્યારે ત્યારે બર્ટન રસેલ તેના પિતા હોવાથી તેની પાસેથી મંગાવી લેતી. બર્ટન રસેલ પણ પિતા હોવાના કર્તવ્યપણાથી પૈસા મોકલી દેતો.

તે કહેતો કે મારી પુત્રી બેવકુફ છે. પરંતુ બેવકુફ છે એટલે દિકરી નથી એવું થોડું છે ? તો દિકરી છે તે છે જ. તો તે કહેતો કે કિશ્ચીયાનીટી માટે પૈસા મોકલતો નથી, મારી દિકરીને માટે પૈસા મોકલું છું, તો તે મોકલી આપતો હતો. તે સીધો સાદો સજજન હતો, આ બાબતમાં તેણે કોઈ દિવસ આ વાતને છુપાવી ન હતી. કયારેય ઢોંગ કર્યો ન હતો. તો જુઓ બર્ટન રસેલને આપણે પ્રવાહી જીવ કહી શકીએ, પરંતુ ચર્ષણી કહી શકશું નહીં, મારો કહેવાનો અર્થ આ છે ખ્યાલમાં આવ્યું ને ?

પ્રવાહી નિશ્ચિત છે, પરંતુ તેને આપણે કયારેય ચર્ષણી નહીં કહી શકીએ. કેમ કે તે ઘણો જ સજજન હતો. પારદર્શક (ટ્રાન્સપેરેંટ) વ્યકિત હતો. જેવો હતો તેવો બધાની સામે જ હતો તેને પાખંડી કે ચર્ષણી કહી શકીએ નહીં. વાત ખ્યાલમાં આવીને ? તેના માટે દ્વિધા કે મુંઝવણ અનુભવવી જોઈએ નહીં. આથી જ ચર્ષણી શબ્દ એવો છે કે તેમાં પ્રવાહ પણ આવી શકે અને ચર્ષણી પણ આવી શકે છે, તેમ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. દરેક ચર્ષણી પ્રવાહી હોય તેમ નથી કહી રહ્યા. આ શબ્દની રચના ઉપર જોશોને તો વાત સમજમાં આવશે કે દરેક ચર્ષણી પ્રવાહી જ હોય તેમ કહી રહ્યા નથી.

“સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ” અર્થાત પુષ્ટિમાર્ગ અથવા મર્યાદામાર્ગથી સંબંધ રાખવાવાળા કોઈ જીવ અને “પ્રવાહસ્થાસ્ તથા પરે” બીજા પ્રવાહમાર્ગીય જીવ તે બધાને આપણે પારિભાષિક રીતે ચર્ષણી કહી શકીએ છીએ. કારણકે તે સ્થિર રહેવાવાળા જીવ નથી.પ્રવાસ્થ જીવ કોઈ જગ્યાએ સ્થિર રહી શકતા નથી. આપણે એમ કહી શકીએ કે ચર્ષણીના બે ભાગ કરી નાખો, એક પ્રવાહી અને બીજો ગેર-પ્રવાહી, તો ગેર પ્રવાહી જે ચર્ષણી જીવ છે. તે ગેરપ્રવાહી ચર્ષણી હોવું શું છે ? તે પુષ્ટિ અને મર્યાદાનો કોઈ જુદો જ પ્રકાર છે અથવા પુષ્ટિ અને મર્યાદાનો કોઈ અતિજઘન્ય પ્રકાર છે અથવા પુષ્ટિ મર્યાદા અને પ્રવાહની અંતર્ગત કોઈ પ્રકાર છે.

આગળ ગ્રંથ મળે તો ખબર પડે, બાકી કયારેય મને આ બાબતનો આજ સુધી ઉકેલ કે નિરાકરણ મળ્યું નથી. તો આચાર્યચરણનું તાત્પર્ય શું છે ? તેની ખબર નથી. પરંતુ જેટલું પણ આ શબ્દથી નીકળ્યું છે તે ઘણું જ મજાનું છે. આપણને સાફ સાફ સ્પષ્ટ રીતે આ પ્રકારનો વિશિષ્ટ ગુણલક્ષણવાળો અથવા ચર્ષણી પ્રકારનો, સ્થિર મનોવૃત્તિ વગરનો જીવ ઘણી જગ્યાએ જોવામાં આવે છે અને આવા પ્રકારના ચર્ષણી લક્ષણવાળા જીવ ખતરનાક છે તો આપણે એટલું તો સમજી શકીએ કે ઘણી વખતે ચર્ષણીથી ભટકાય જઈએ તો તેનાથી સાવધાન રહેવાની ઘણી જ જરૂર છે. પ્રવાહીથી સાવધાન રહેવાની આટલી જરૂર નથી, કારણકે પ્રવાહીને આપણે સમજી શકીએ કે આ પ્રવાહી છે, પરંતુ ચર્ષણીને સમજવો ખૂબ જ મુશ્કેલ છે. ટેઢી ખીર જેવા તે હોય છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે “ચર્ષણી શબ્દવાચ્યાસ્તે સર્વે સર્વવર્ત્મસુ, ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ” તે દરેક માર્ગમાં જે માર્ગમાં રખડવા માટે જાય તેમાં મોટા સિદ્ધ થઈ જાય. પ.ભ. થઈ જાય. કંઈપણ થઈ જાય, બાપા થઈ જાય, બાપી થઈ જાય. “રુચિસ્તતેષાં ન કુત્રચિત્” પરંતુ તેની વાસ્તવિક (જેન્યુન) રુચિ તે માર્ગને અનુસરવાની હોવી જોઈએ તે કોઈપણ માર્ગને અનુસરવાની રુચિ હોતી નથી. આવા ગીલીન્ડર હોય છે.

તેને શું ફલ મળશે ? તો જુઓ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે “તેષાં

ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્'' તેણે જેવું કામ કર્યુ તેવું તેને પોતાની ક્ષણિક રુચિની ક્ષણિકતાને અનુરૂપ ક્ષણિક ફલ મળતું રહે. અર્થાત્ હમણા તે ભગવાનના નામ ઉપર તેની આંખમાંથી દડ દડ આંસુ વહેવા લાગે અને થોડીવાર પછી ભગવાનને ગાળ પણ આપવા માંડે. હમણા તો તે કૃષ્ણને માટે રોતો હોય અને આવતી કાલે તે રામને માટે રડવા પણ લાગી જાય. પરમ દિવસે શિવજીને માટે રડવા લાગે અને કયારેક ચર્ચમાં જઈ રોવા લાગે કે અરે ક્રાઈસ્ટ વિના તો મારો ઉદ્ધાર કોણ કરશે ?

જે બિચારા પુષ્ટિમાર્ગી જીવને જેટલો હૃદયનો ભાવ તન્મય કરવામાં પંદર વરસ લાગતા હોય, તો ચર્ષણીને પંદર મિનિટ પણ ન લાગે. આવે ત્યાં સુધીમાં તેને હું હું કરીને કૃષ્ણના નામ ઉપર રોવું આવી જાય અને આપણે સમજી લઈએ કે તે રડી રહ્યો છે ત્યાં તો બોલો બાલકૃષ્ણ લાલની જય, બોલો શ્યામ સુંદર શ્રીયમુને મહારાણીકી જે અને બીજી કથા શરૂ થઈ જાય. ખબર પણ ન પડે કે આ શું લફડુ થઈ ગયું. હમણા રડી રહ્યો હતો અને હમણા હસવું કેમ આવી ગયું ? આ બધી ચર્ષણીની માયા અપરંપાર છે.

તો ''સર્વત્ર સકલં ફલમ્'' તેને બધું ફલ મળી જાય, પરંતુ જે પણ ફલ મળે છે તે ક્ષણિક જ મળે છે. તે ફલમાં પણ તે સ્થિર રહી શકે નહીં. તેની રુચિ પણ સ્થિર નથી, તેની ક્રિયા પણ સ્થિર નથી. આ જુઓ ગ્રંથ કેવા વળાંક ઉપર આવીને આ ગ્રંથ ખંડિત થઈ ગયો. ગ્રંથની તકલીફ આનાથી તમને સમજમાં આવી હશે, તો હવે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ''પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ'' આમ ચર્ષણીનું વર્ણન કર્યા પછી હવે હું તમને પ્રવાહસ્થ જીવની વાત બતાવી રહ્યો છું.

અર્થાત્ ચોક્કસપણે પ્રવાહસ્થથી ચર્ષણી કોઈ અલગ પ્રકાર છે. એટલો સંકેત (ઈન્ડીકેશન) આપણને મળી જ રહ્યો છે. કેમકે પ્રવાહસ્થ એક ચોક્કસ કે નિશ્ચિત પ્રકાર છે અને ચર્ષણી કોઈ ચોક્કસ પ્રકાર નથી. પ્રવાહસ્થનું કોઈ ચોક્કસ નિશ્ચિત ફલ થવાનું છે. ચર્ષણીનું કોઈ ચોક્કસ ફલ થવાનું નથી.

હવે આગળ પ્રવાહ માર્ગનું વર્ણન કરે છે. **(પ્રવાહ માર્ગે જીવા**$^{ખ/૨/૫}$**નાં**

ભેદ:)– હવે જીવાનામ્ બરાબર શું છે ? ''ખ–ર–ય'' 'ખ' એટલે પ્રવાહ, 'ર' (બે) એટલે સર્ગ અને 'ય' એટલે જીવ. આ સમીકરણ બરાબર સમજી લીધું. તો ''પ્રવાહમાર્ગે જીવાનામ્ ભેદ'' સ્પષ્ટ દેખાઈ રહ્યો છે ને ? શિર્ષક અનુસાર પ્રવાહમાર્ગમાં જીવના ભેદનું પ્રતિક કે આપણે નિશાની શું છે ? ''ખ–ર–ય'' બરાબર ને ?

પ્રવાહસ્થાન્[ખ] પ્રવક્ષ્યામિ સ્વરુપા[ખ/ર/ય]ડઙ્ગ[ખ/ર/ર]ક્રિયા[ખ/ર/લ]યુતાન્ ાાર૩ાા
જીવાસ્ તે હ્યાસુરાઃ[ખ/ર/ય] સર્વે 'પ્રવૃત્તિઞ્ચે' તિ વર્ણિતાઃ ાા
તે ચ દ્વિધા પ્રકિર્ત્યન્તે હ્યજ્ઞ–દુર્જ્ઞ– વિભેદતઃ ાાર૪ાા
દુર્જ્ઞાસ્ તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્તાન્ અનુ યે પુનઃ ાા
પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્ તૈર્ ન યુજયતે ાાર૫ાા
સોડપિ તૈસ્ તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ાા
..ાા

સ્વરૂપ જે છે તે ''ખ–ર–ય'' છે. અંગ જે છે તે ''ખ–ર–ર'' છે અને ક્રિયા જે છે તે ''ખ–ર–લ'' છે. નિશાનીની સમજુતી શ્લોક–૧ મુજબ આ પ્રમાણે છે. ક=પુષ્ટિ, ખ=પ્રવાહ, ગ=મર્યાદા, ૧=માર્ગ, ર=સર્ગ, ૩=ફલ, ય=જીવ, ર=દેહ, લ=ક્રિયા. હવે આ સમીકરણ સ્પષ્ટ રીતે તમને સમજમાં આવશે.

હવે ધ્યાનથી જુઓ જીવાસ્તે એટલે ''ખ–ર–ય'' જે છે એટલે કે પ્રવાહના સર્ગ અને જીવ છે તે ''હ્યાસુરાઃ સર્વે''તે બધા જીવો અસુરો છે. અર્થાત્ બધા જ આસુરી જીવોને પ્રવાહમાર્ગીય સમજવા. (ગીતા–૧૬–૭) અને જુઓ અહીં ધ્યાન આપો તો ખબર પડશે કે અહીં આપણી પાસે કોઈ રક્ષાણાત્મક ઈલાજ કે ઉકેલ છે એટલે કે કોઈ લક્ષાણ કે ખાસયત છે જેથી આપણે નિર્ણય કરી શકીએ કે આ હ્યાસુરા આ આસુર છે. ચર્ષાણીનો નિર્ણય કરવો કે ઓળખવો મુશ્કેલ છે. કારણકે આપણે નિર્ણય કરવાનો પ્રયત્ન કરીએ તે દરમ્યાન તે બીજા માર્ગમાં ચાલ્યો ગયો હશે. ચર્ષાણીના માહાત્મ્યથી આપણે

નિર્ણય કરવા જઈએ ત્યાં તો તેણે તેનું રૂપ જ બદલી લીધું હશે.

જેમ બહું જ દૂરના તારાની બાબતમાં ખગોળશાસ્ત્રી (એસ્ટ્રોનમર્સ) એવું કહે કે તે તારા વિશે આપણે કંઈપણ નક્કિ કરવા જઈએ કે શું છે ? તે ઉત્પન્ન થઈ રહ્યો છે કે ખતમ થઈ રહ્યો છે? તો તે તારાનું અંતર એટલું દૂર છે કે આપણે નિર્ણય લઈએ તે પહેલા તો તે ગ્રહ ત્યાંથી ખતમ પણ થઈ ગયો હોય. હમણા ગઈકાલ એક તારો વૈજ્ઞાનિકે ઉત્પન થતો જોયો. ગઈ સાલ ઉત્પન્ન થતો જોવા મળ્યો, તે ઘટના બે કરોડ ત્રણ કરોડ વર્ષ પહેલાની હતી, ત્યારે ઉત્પન્ન થતો હતો તેમ વૈજ્ઞાનિક કહી રહ્યા છે.

હવે શું છે ? આજની તારીખમાં હવે તે ઉત્પન્ન થયેલો છે અને જયાં ઉત્પન્ન થતો દેખાયો ત્યાં ને ત્યાં છે કે ખતમ થઈ ગયો તેની ખબર પડતી નથી. આવતા બે કરોડ વર્ષ પછી ખબર પડશે. કારણકે તે બે કરોડ સાલ પહેલા ઉત્પન્ન થયો હતો. તે હવે ગઈ સાલ ઉત્પન્ન થતો જોયો. જયાં સુધી આ સમજમાં આવે કે આમા શું છે ? તે દરમ્યાન તે ત્યાં હશે કે કેમ ? તે પ્રશ્ન થશે.

આ ચર્ષણીપણું એવું છે કે આપણે સમજવા જઈએ કે આ શું છે ? ત્યાં સુધીમાં તો તેણે બીજો માર્ગ ગ્રહણ (એડોપ્ટ) કરી લીધો હોય. પહેલા મને એક વૈષ્ણવે એવું કહ્યું હતું કે પુષ્ટિમાર્ગ પુષ્ટિમાર્ગ કરો છો આ બધું શું છે ? પાંચસો વર્ષ જુના સિદ્ધાન્ત એનું હવે લફ્ડુ કરવાથી ફાયદો શું ? ભાઈ પાંચસો વર્ષ જુના સિદ્ધાન્ત છે તો તમે આમા શા માટે આવી ગયા ? પછી તેણે કહ્યુ કે ભલે આપ મને પુષ્ટિમાર્ગીય ન માનો તો ન માનો પણ આખી દુનિયા મને ગો ભકત તરીકે તો જાણે છે ને ? તો ગોભકત તો માની લ્યો. મેં કહ્યું કે ગોભકત તો જૈન લોકો પણ ઘણા છે, તેમાં તમારાથી મારે શું લેવા-દેવા ? ચર્ષણી છે તે કયાંય પણ નાચી આવે, કયાંય પણ ગાઈ આવે, તેની ખબર ન પડે, આપણે સમજી ન શકીએ કે તે શું છે ?

તેને ઓળખવાની પદ્ધતિ (સિસ્ટમ) શું છે ? **''પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરા:''**(ભગ.ગીતા.૧૬/૭) શેમાં પ્રવૃત્ત થવું, સેમા નિવૃત્ત થવું તેના વિશે જે બિલકુલ બેદરકાર (કેરલેસ) હોય, કોઈની પરવાહ જે ન કરતો

હોય, જે ઈચ્છા હોય તેમાં પ્રવૃત્ત થઈ જાય, જે કામમાં પ્રવૃત્ત થવું હોય તેમા પ્રવૃત્ત થઈ જાય. જે કામમાં નિવૃત્ત થવું હોય તેમાં નિવૃત્ત થઈ જાય. શાસ્ત્રની પરવા જેને જરાપણ ન હોય, તેવો જે જીવ છે તે આસુરી છે. ગીતાજીનો આ શ્લોક ખૂબ જ સરસ છે. પણ એ ઉપલક્ષણ વિધિથી શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે.

તો જે સમયે આપણને એમ લાગે કે પ્રવૃત્તિ નિવૃત્તિની જે કોઈ વિભાજક રેખા છે. જેને નિભાવવાનું ન ઈચ્છે તો આપણે અનિશ્ચયાકાર અનુમાન કરી લેવું કે ભાઈ હવે આ આસુરી જીવ છે. વાત ખ્યાલમાં આવી ગઈને! આવી નિશ્ચિત સમજ આપણને દેખાતી હોય તો આપણે અનિશ્ચયાકાર અનુમાન કરી લેવું, તે પણ ચર્ષણી હોય તે પણ આસુરી હોય. પરંતુ હવે જયારે નિશ્ચિત સમજ આપણને એવી કોઈમાં દેખાઈ રહી છે. આપણી સમજમાં એવી લાક્ષણિકતા ચોકકસ આપણને દેખાઈ રહી છે. તો તેને આસુરી માનીને ચાલવું સારું છે.

‘‘તે ચ દ્વિધા પ્રકિર્ત્યન્તે હ્યજ્ઞ દુર્જ્ઞ વિભેદતઃ’’ અને પુષ્ટિ જીવના જેમ બે પ્રકાર બતાવ્યા. તેમ આસુરી જીવના બે ભેદ બતાવી રહ્યા છે. ‘‘દુર્જ્ઞાસ્ તે ભગવત્ પ્રોક્તા હ્યજ્ઞાસ્તાન્ અનુ યે પુનઃ’’ દુર્જ્ઞ તે તો એ છે જે તરત **‘‘પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ’’** તેને આપણે દુર્જ્ઞ એકદમ સમજી જવો અને તેના અનુસાર જે તેને અનુસરણ કરવાવાળા જે આસુરી જીવ છે. અર્થાત્ તે પોતાની રુચિને કારણે, પોતાની સમજને કારણે, પોતાની નિષ્ઠાને કારણે, પ્રવૃત્તિ નિવૃત્તિની વિભાજક રેખાનું ઉલ્લંઘન નથી કરી રહ્યા. પણ કોઈના અનુસરણના કારણે ઉલ્લંઘન કરી રહ્યા છે તો તેને અજ્ઞ સમજવા.

હવે ધ્યાનથી જુઓ તે અજ્ઞ પાછો ચર્ષણી પણ હોય શકે છે. ચર્ષણી પણ પાછો અજ્ઞ હોઈ શકે છે અને એટલી જ વાત નથી. આ પ્રકારનો અજ્ઞ કોઈ પુષ્ટિજીવ પણ હોય શકે છે. કે કોઈ દુર્જ્ઞ અસુરના ચક્કરમાં ફસાઈને તેનું અનુસરણ કરી જાય. કોઈ મર્યાદાના જીવ પણ હોઈ શકે જે કોઈ દુર્જ્ઞ અસુરના ચક્કરમાં ફસાઈ જાય અને આ સ્તર પર આવીને આ ગ્રંથ અધૂરો રહી ગયો. તેથી આપણે નક્કી નથી કરી શકતા કે આગળ આચાર્યચરણ શું કહેવા ઈચ્છે છે. પરંતુ

જે વાત કહી રહ્યા છે તે એટલી તો સ્પષ્ટ છે કે

જો પ્રવાહમાં પુષ્ટિજીવ આવી ગયો તો તે કયારેય પ્રવાહની સાથે મળી નહીં શકે, ખુશ નહીં રહી શકે, તેને અનુકૂળ થઇ શકશે નહીં. કંઇકને કંઇક તેને ડખલગીરી (ડિસ્ટ્રબન્સ) થતી જ રહેશે અને "સોડપિ તૈસ્ તત્કુલે જાતઃ" અને પ્રવાહી જીવ પુષ્ટિને ત્યાં આવી ગયો તો તેને કંઠી આપી દ્યો, તેને બ્રહ્મસંબંધ આપી દ્યો, તેના માથે શ્રીઠાકોરજી પધરાવી દયો ,પણ તે અયોગ્યનો અયોગ્ય જ રહેશે. કેમ ? કારણકે તે મૂળમા તો (બેઝીકલી) પ્રવાહી જીવ છે તો તે મર્યાદામાં આવી ગયો તો પણ તે મર્યાદામાં પણ તે અયોગ્ય (મિસફીટ) જ રહેશે. કારણકે તે પ્રવાહી જીવ છે. તો આ પ્રકારે જે અયોગ્ય જીવ છે તેઓ પોતે જો પોતાની પ્રવૃત્તિથી પ્રવૃત્તિ–નિવૃત્તિની વિભાજક રેખાનું ઉલ્લંઘન કરી રહ્યા છે તો સ્પષ્ટ પણે દુર્જ્ઞ સમજી લેવો જોઇએ અને કોઇના ભરમાવામાં આવીને પ્રવૃત્તિ–નિવૃત્તિની વિભાજક રેખાનું ઉલ્લંઘન કરી રહ્યા છે, તો તેઓને અજ્ઞ આસુરી સમજવો જોઇએ.

હવે જયારે આજની તારીખમાં આ પ્રશ્ન આપણી પાસે છે તે ફકત એ છે કે આ અજ્ઞ આસુર શું પ્રવાહીની વેરાયટી છે અથવા ચર્ષણીની વેરાયટી છે અથવા પુષ્ટિજીવ દુર્જ્ઞ અસુરનો અનુયાયી થઇ ગયો, તેથી તેનામાં કોઇ પ્રકારના આસુરાવેશના કારણે અજ્ઞતા તેની થઇ રહી છે અથવા મર્યાદા જીવ જે છે તે પ્રવાહી દુર્જ્ઞ અસુરનો અનુગામી થઇ ગયો તેના કારણે, તેનામાં આસુરાવેશના કારણે અજ્ઞતા પ્રકટ થઇ રહી છે. આ બધું આગળ શું આચાર્યચરણ નિરૂપણ કરવા ઇચ્છતા હતા તે આજની તારીખમાં આપણી પાસે આપણા માટે એક ગંભીર સમસ્યા છે, જેનું નિરાકરણ ગ્રંથના અધૂરા રહી જવાથી મળવું મુશ્કેલ છે.

થોડુંઘણું નિરાકરણ આ વિષયનું સુબોધિનીમાં આવ્યું છે. ચર્ષણીનું તો એટલુ બધું નથી આવ્યું અને આ વિષયમાં થોડું તેની પણ મેં અંડર લાઇન કરી કરીને રાખી છે કે કયારેક આપણે ગોઠવણ કરીએ આ પરિસ્થિતિની વ્યાખ્યા તો શ્રીમહાપ્રભુજીના પોતાના શબ્દ શું છે ? તો આ પ્રકારે તો જેમ આપણે

પ્રહલાદનું ઉદાહરણ સમજી શકીએ. જેમ આપણે અક્રુરજીનું ઉદાહરણ સમજી શકીએ. જેમ કૌરવોમાં આપણે ભિષ્મનું ઉદાહરણ સમજી શકીએ. તો આવા ઘણા બધા પ્રભુના ભકત હતા જેનું બધું બંધારણ પ્રવાહી હતું, પરંતુ તેમાં તે બિચારા અયોગ્ય હતા. પોતાને કયારેય પણ અનુકૂળ ન થઈ શકયા અને પુષ્ટિમાર્ગમાં આવી ગયેલા પ્રવાહી જીવ જે પુષ્ટિમાર્ગમાં અનુકૂળ ન થઇ શકે તેવા તો આજે પણ ઘણાબધા, એક શોધો હજાર મળશે, મળતા જ રહેશે. તો ત્યાં કોઈ શોધવાની જરૂરત નથી, આપણને રોજે રોજનો સાક્ષાત્કાર છે.

(ઇતો ગ્રન્થસ્ય 'ખ' ભાગે '૨/૨-લ' અંશયોઃ 'ઉ' અંશસ્ય ચ; તથૈવ 'ગ' ભાગે '૨/ય-૨-લ'+'ઉ' અંશાનામપિ ત્રુટિઃ)-

આ જે લીટી લીટી (ડોટ, ડોટ, ડોટ) બતાવી છે મે તે ગ્રંથની ત્રુટિ હોવાની સૂચના દેવા માટે અને બ્રેકેટમાં એ કહી રહ્યો છું કે ગ્રંથના 'ખ' ભાગમાં 'દો-૨' અને 'દો-લ' અંશ અને 'ખ' ભાગમાં ત્રીજો અંશ પણ છૂટી ગયો છે અને 'ગ' ભાગમાં 'દો-ય', 'દો-૨' અને 'દો-લ' અને ત્રીજો ભાગ છૂટી ગયો છે. આટલા ભાગ આ ગ્રંથમાં છૂટી ગયા છે. જે હતા કે ન હતા, હતા અને ખોવાઈ ગયા કે શું ?તેની ખબર નથી.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતઃ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ સમ્પૂર્ણઃ ॥

બધું મળીને પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથ એટલો આપણે સમજી શકીએ કે દરેક પુષ્ટિ જીવની સામે એક અરીસાની જેમ શ્રીમહાપ્રભુજીએ પ્રસ્તુત કર્યો છે કે કોઈ તમારા વિશે કાંઈક નિર્ણય લ્યે, તેની પહેલા તમે પોતે પોતાનો ચહેરો આ પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં જોઇ લ્યો. આ ચહેરાને જોઈને સમજી જાવ કે તમે પુષ્ટિજીવ છો તો આગળ સિદ્ધાન્તરહસ્ય શરૂ થાય છે અને પુષ્ટિજીવ નથી તો ખોટુ શું કામ સિદ્ધાન્તરહસ્ય શરૂ કરવું ? મૂળ વાત આટલી છે.

જો તમે પ્રવાહી જીવ છો તો પુષ્ટિમાર્ગે તમારું શું બગાડયું છે ? કે તમે પુષ્ટિમાર્ગને બગાડવા ઈચ્છી રહ્યા છો ? પુષ્ટિમાર્ગ તમારું કંઇ બગાડવા નથી ઈચ્છી રહ્યો તો શું કામ પુષ્ટિમાર્ગને બગાડો ? જાવને ભાઈ જયાં જવું હોય ત્યાં

જાવ કારણકે સેવાની જયારે વાત આવી તો સિદ્ધાન્તમુક્તાવલીમાં આપણે જોયું હતું કે સેવાની સાથે સેવ્યની વાત આવી હતી અને સેવ્યની વાત આવી હતી તો તેની સાથે સેવાકર્તાની વાત આવી હતી. તો સેવાકર્તાના ઉત્તમ, મધ્યમ અને અધમ અધિકાર ત્યારે તો પુષ્ટિજીવની સીમા (વિસ્તાર) થઈ શકે. પરંતુ જયાંથી પુષ્ટિનો અધમ અધિકાર પણ નિવૃત્ત થઈ રહ્યો છે ત્યાર પછી જો કોઈ પુષ્ટિમાર્ગમાં ઘુસેલો દેખાઈ રહ્યો છે તો બધાથી ઉત્તમ વાત એ છે કે પુષ્ટિપ્રવાહમર્યાદામાં પોતાનો ચહેરો જોઈ લ્યે.

સારી વાત તો આ જ છે ન હોય તો પછી આપણે પણ કોઈકને બતાવવું જોઈએ. ગુસ્સો આવતો હોય તો **''આઇને સે બિગડ કે બૈઠ ગયે જીનકી સુરત જીને દિખાઇ ગઇ''** ગુસ્સો આવતો હોય તો ભલે આવે, ગાળ આપતા હોય તો ખાવી જોઈએ અને તેમાં શું અરીસો બતાવે તો કોઈકને ગુસ્સો આવે કારણકે તે કહેવા લાગે કે તમે મારો ફોટો બગાડી દીધો. ભાઈ ફોટો નથી બગાડયો, તમારો ચહેરો બગડેલો છે. માત્ર અરીસો બતાવ્યો છે.

પરંતુ સૌથી ઉત્તમ વાત એ છે કે દરેક વ્યકિતને એના માટે પ્રાચીન સમયમાં એક એવો નિયમ હતો કે સુવાના રૂમમાં એક અરીસો રાખતા હતા. કે સવારે ઉઠીને પહેલા ભગવાનનું ધ્યાન કરીને પોતાનો ચહેરો જોઈ લ્યો. તો આગળ પછી દિવસભર કામ શું છે, તમને યાદ રહે કે તમે કોણ છો ? બીજાનો ચહેરો જોતા પહેલા એટલા માટે આપણે ત્યાં એ નિયમ આપણો નિયમ છે, એમ જાણીને આપાણે શ્રીઠાકોરજીને પણ કહીએ કે ભઈ આજ આપના મુખારવિંદથી દર્શન કરી લ્યોને કે કોણ આવ્યું ? જેથી અમારી સાથે વર્તવામાં આપને પણ ઠીક લાગે અને અમને પણ આપની સાથે વર્તવામાં ઠીક લાગે.

તો હંમેશા શ્રીઠાકોરજીના ચરણારવિંદ તરફ અથવા સુવિધા હોય તો ચારેય તરફ પ્રાચીન રીત એવી હતી કે કાચ રાખતા હતા કે જોઈ લ્યો આ મને સારું લાગ્યું કે પોતાનો ચહેરો જોઈ લેવો એક વાર, પછી ભલે દિવસભર ન જુઓ તો ચાલે, પણ સવારે જયારે સ્વસ્થ ચિત્તથી આપણે ઉઠીએ તો એક વખત આપણે આપણને ઓળખી લઈએ કે ભઈ શું છીએ ? પછી કામકાજ સારી રીતે ચાલી

શકે તો અરીસો શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવી દીધો અને તે જોયા પછી આપણે જો પુષ્ટિજીવ છીએ તો શ્રીમહાપ્રભુજી આપણને સિદ્ધાન્તરહસ્ય સમજાવી રહ્યા છે.

એક વાત ધ્યાનથી સમજો કે એ સંસ્કારની જે બધી વાત હતી ને તે કાલે પણ મેં એટલા માટે બહું ભારપૂર્વક ખુલાસો કર્યો હતો અને જીરમની વાત બતાવી હતી તે એટલા માટે બતાવી હતી કે સંસ્કારને જે સહન કરે છે તેનાથી જીવની સચ્ચાઈ પ્રકટ થાય છે. જે સંસ્કારને સહન નથી કરી શકતા તે જીવની બીજી નેગેટીવ (નકારાત્મક) સચ્ચાઈ પ્રગટ થઈ જાય. તો જેમ હિરો ઘસ્યા પછી એકદમ ચમકદાર નીકળ્યો, જીરમ વગર તો તે કિંમતી થઈ જશે. ઘડવાના કારણે જ તો હિરામાં જીરમ દેખાય છે તો તે હિરો હલકો થઈ જશે.

ઘણીવખત એવું થાય છે કે જે પથ્થર હોય ને મૂળમાં તે હિરા જેવો દેખાતો નથી હોતો. અનુભવી આંખને ખબર પડે કે આ હિરો છે, બાકી બધાને ખબર ન પડે કે આ હિરો છે. તો થોડો ઘણો ઘસે ત્યારે ખબર પડે કે આ હિરો છે કે નહીં અને હિરો છે. તો કઈ જાતનો હિરો છે. તો આ તો સંસ્કાર સહન કરવાથી જ ખબર પડે તો સંસ્કારના કારણે પ્રવાહીજીવ પુષ્ટિજીવ ન થઈ જાય, પ્રવાહીજીવ મર્યાદાજીવ ન થઈ જાય. પરંતુ જેને આપણે પ્રવાહમાં સમજી રહ્યા હતા. તે જો મર્યાદાના સંસ્કારને સહન કરી લ્યે તો સિદ્ધ થઈ જાય કે તે મર્યાદાજીવ છે.

એવી જ રીતે મર્યાદાના સંસ્કારથી સંસ્કૃત જે જીવ છે તે જીવ ભગવદ્ સ્વરૂપાસકત થઈ જાય, તો આપણી પાસે પ્રમાણ આવી ગયું કે આ પુષ્ટિજીવ છે. પ્રવાહીજીવ અથવા મર્યાદાજીવ પુષ્ટિજીવ નથી હોતા. હવે રહી વાત ચર્ષણીની, તો ચર્ષણીમાં તો આપણે પોતે જ હેરાન છીએ કે ચર્ષણી કેવો જીવ છે ? ગ્રંથ અધૂરો છૂટી ગયો છે તો કાંઈપણ કહેવું મુશ્કેલ છે. કાંઈપણ કહીશ તો લોંગ જંપ કે હાઈજંપ થઈ જશે. તો કેવી રીતે નકકી કરવું ? જયારે આપણે આજની તારીખમાં ચોક્કસ નક્કિ જ નથી કરી શકતા કે આચાર્યચરણ ચોક્કસપણે ચર્ષણીને શું કહેવા ઈચ્છી રહયા છે ? તો હવે કેમ ખબર પડે ? તો પછી પણ કોઈ

સંસ્કાર ચર્ષણી જેને આપણે ચર્ષણી સમજી રહ્યા છીએ તે કોઈ સંસ્કારથી સુસંસ્કૃત થયા પછી મર્યાદામાં સ્થિર થઈ રહ્યો છે અથવા પુષ્ટિમાં સ્થિર થઈ રહ્યો છે તો અનિશ્ચયાકાર અનુમાન આપણે તો એમ જ કરવાનું રહે ને કે ભઈ હશે કે જેમાં સ્થિર થયો તો તેમાં પુષ્ટિજીવ હશે તેનાથી વધારે જીવ વિશે આપણને શું ખબર પડે ? આપણે તો દેહ અને ક્રિયાને ઓળખી શકીએ. જીવને તો ઓળખવો આપણા વશની વાત નથી ને !

જેમકે એક વાત સમજો કે એક મનુષ્યે જેણે શ્વાસ છોડી દીધો તેમાંથી જીવ નીકળી ગયો કે નથી નિકળી ગયો આપણને ખબર ન પડે. શ્વાસ છોડી દીધો તો આપણે સમજીએ કે જીવ નીકળી ગયો હશે. પણ એવા પાછા કેટલાય હોય છે કે તે સ્મશાને જઈને પાછા બેઠા થાય અને બધા ભૂત સમજીને ઘરે ભાગી આવે. તો એવા ઘણાબધા જીવ હોય કે તેમની ઠાઠડી બનાવીને સ્મશાનમાં લઈ જાય અને ત્યાંથી પાછા આવે.

તો જીવ નીકળી ગયો કે નથી નીકળ્યો આપણે નથી સમજી શકતા શરીરને જોઈને આપણે અનુમાન લગાવી શકીએ કે ભાઈ શ્વાસ નથી લઈ રહ્યો, બોલી નથી રહ્યો, નિશ્ચેષ્ટ પડયો છે તો કદાચ જીવ નીકળી ગયો હશે. બાકી ખરેખર તો જીવ નીકળ્યો કે નથી નીકળ્યો કેવી રીતે સમજવું ? જીવ તો આપણને સમજમાં આવતો હોય તો આપણે સમજી શકીએ ને ? શરીરને આપણે સમજી શકીએ, શરીરની ક્રિયાને સમજી શકીએ કે આ જીવિત વ્યકિતની જેમ ક્રિયા કરી રહ્યો છે કે મરેલ વ્યકિતની જેમ ક્રિયા કરી રહ્યો છે. તો જીવને ઈદં ઈત્થં તયા નિધારણ કરવો મુશ્કેલ છે.

એક વાત સમજો જો કે વિષયાંતર છે. પણ તમે પુછયું એટલા માટે બતાવી રહ્યો છું કે એટલી મોટી સમજ છે અને એટલી સરસ વાત છે કેમ કે જો આ ન હોય તો દરેક વ્યકિત બહુ ક્રુર થઈ જાશે. ચોક્કસ આપણને ખબર પડી જાય ને કે આજની તારીખમાં કોણ પ્રવાહી જીવ છે ? કોણ દુર્જ્ઞ છે ? દરેક પુષ્ટિમાર્ગી એ.કે. ફોર્ટી સેવન લઈને શુટ કરવા દોડશે કે મારો મારો મારો. જેવી રીતે જીવન મરણનો અધિકાર ભગવાને મનુષ્યને નથી આપ્યો. એમ જીવના સ્વરૂપના

નિર્ધારણનો અધિકાર પણ પ્રભુએ આપણને નથી આપ્યો. કંઈક અનિશ્ચિત અનુમાન આપણે કરી શકીએ છીએ. પણ નિર્ણય કરવાનો આપણને અધિકાર નથી તો ખૂબ સારી વાત છે.

નહીંતર તો આપણે તનુવિત્તજા સેવા કરીએ અને સમજો કે કોઈ એમ કહે કે આ તો આસુરી જીવ છે. તનુવિત્તજા શું કામ કરે ? તનુજા અને વિત્તજા શા માટે નથી કરતો ? મારો મારો મારો. આપણે કહી શકીએ કે ભાઈ અમે આસુરી જીવ નથી. આપણે કહીશું કે શ્રીમહાપ્રભુજી વચન કહી રહ્યા છે. વચનનો અર્થ ખોટો કરી રહ્યા છો. મારો મારો મારો, તો આ આપણા વિભાગમાં પણ આવી હિંસાવૃત્તિ ઉત્પન્ન થઈ શકે છે કે ભઈ આ તનુવિત્તજા નથી કરી રહ્યો. તનુજા અને વિત્તજા કરી રહ્યો છે મારો આને, સુટ કરો, ફાંસીએ ચઢાવો.

તો ઘણી વખત આવી વાતોના કારણે ધર્મ હિંસાપ્રધાન થઈ જાય. કે કેટલાંક જે પ્રભુના અધિકાર છે, તે આપણે આપણા હાથમાં લેવા ઈચ્છીએ તો જે પ્રભુના અધિકાર છે, તે પ્રભુના હાથમાં જ રહેવા દેવામાં સારું છે. જે આપણા હાથના અધિકાર છે તેટલા આપણે લઈએ તો યથા અધિકાર કામ થઈ શકે નહીં તો અનાધિકાર ચેષ્ટા થયા વગર રહેશે નહીં. આ વાત ખાસ સમજવી ખૂબ જ જરૂરી છે આવ્યુંને ખ્યાલમાં !

એક વખત આવી જ રીતની મારામારી થઈ ગઈ કે જૈન બિચારા અહિંસક અને બૌધ્ધ પણ અહિંસક. પણ જૈનોમાં અને બૌધ્ધોમાં એટલી મારામારી થઈ કે ૮૦૦ જૈન સાધુઓ અને કેટલાક બૌધ્ધ સાધુઓ અંદરો અંદર ઝઘડીને કપાઈને મરી ગયા. નાનકડી ઘટનાના કારણે. તો બધા માણસો હાથમાં હથિયાર લઈ લ્યે ને તો આમ હથિયાર હાથમાં ન આપવું જ સારું છે અને શ્રીમહાપ્રભુજીએ તે હથિયારનું લાયસન્સ કોઈને નથી આપ્યું. તે પ્રભુના હાથમાં રાખ્યું છે, કારણકે આપણે સાવ અજાણ્યા થઈને વર્તશુ તો આપણું સત્યાનાશ થઈ જશે.

એક વાત ધ્યાનથી સમજો જેમ કે આપણા હાથમાં હથિયાર આવ્યું, તો આપણને કોઈકને મારવાની ઈચ્છા થઈ જશે. બીજાના હાથમાં હથિયાર

રાખીએ તો તે આપણને મારી દેશે. તો તે બન્ને વાતોની સાવધાની વર્તવા માટે યોગ્ય વાત આ જ છે કે જયાં સુધી સંભવ છે. હથિયાર કોઈના હાથમાં ન હોય, તે જ સારી વાત છે અને વર્તવા માટે સાવધાની બધાને આપવી જોઈએ કારણકે શું ખબર કે કોઈના હાથમાં હથિયાર હોય તો ?

અત્યારે જુઓ જેમ કે બધા સારા સારા ઘર બનાવે. લાખો કરોડો રૂપિયાના ગુંડાઓ બધા જેલની બહાર રહે અને સજ્જનોને દરેકને જેલમાં રહેવું પડે છે. તો કાંઈક સ્વબચાવની જેલ આપણે ગ્રીલ લગાવી લગાવીને ઉભી કરવી પડશેને ! કારણકે બહાર જયારે ગુંડા ફરી રહ્યા છે તો ચાલો તમે બહાર ફરી રહ્યા છો તો અમે જેલમાં રહીએ. બીજું તો શું કરી શકીએ ? તો આ જેટલી ગ્રીલને જયારે પણ હું જોઉ તો મને લાગે કે સજ્જનોની જેલ થઈ ગઈ કારણકે બહાર ગુંડા આવી ગયા. ખરેખર તો ગુંડા હોવા જોઈતા હતા ગ્રીલની અંદર સજ્જન બહાર હોવો જોઈએ. પરંતુ ઉંધુ થઈ ગયું ઠીક છે.

અમારા તાતજી મહારાજની સાથે આ જ મુશ્કેલી થતી હતી. વહુઓ બધા દક્ષિણના આવ્યા. તેઓને ઘુંઘટ કાઢવો આવડે નહીં. તાતજી મહારાજ બિચારા જોધપુરના તો તેઓને આ વાત અસહ્ય થઈ જતી, કે વહુઓ ઘુંઘટ વગર કેમ આવી ? તો જયારે પણ ઘુંઘટ વગર વહુ આવતી તો તાતજી મહારાજ ઉપરાણાનો ઘુંઘટ કાઢી લેતા શું થઈ શકે ?

ગુંડાઓ બહાર આવી ગયા તો આપણે ગ્રીલ લગાવીને જેલમાં બેસી જવાનું કે ચાલ ભાઈ અમે અમારી જેલમાં કૈદ, શું કરવું ? તો આવું જ પુષ્ટિમાર્ગમાં પણ એમ સમજી લ્યો કે ગુંડાઓ બહાર હોય તો આપણે આપણી જેલમાં બેસવું જોઈએ. એટલા માટે હું કહું કે ભાઈ બહું ભટકા ભટકી નહીં કરો. એક પોતાની ગ્રીલ બનાવીને તેમાં બેસો ગુંડાઓ લુંટી લેશે તમને આ જ વાત કહી રહ્યો છું બાકી મારવા કોને જાવ ? કોની સાથે લડવા જાવું ?

એક વખત એક વ્યકિતને મેં સમજાવ્યો કે ભાઈ બીજાની સેવામાં ખોટી ટોકાટોકી ન કર્યા કરો અને તેને ટોકાટોકીની આદત હતી. તો આ વાતની ટોકાટોકી શરૂ કરી દીધી બધાને, અંત કેમ આવે આનો ? મનુષ્યની આદત ખરાબ

થાયને તો જેનો અભિમાનનો સ્વભાવ છે, તેને આપણે કહી દઈએ ને કે અભિમાન નહીં કરવું તો તેને એ વાતનું અભિમાન થઈ જાય કે અમને અભિમાન નથી. તમે કેમ અભિમાન કરો ? અરે છોડને ભાઈ હું તારી ગાય બસ. છોડી દયો ને મને કોઈપણ રીતે સ્વભાવ અભિમાનનો તેનો એ સમજાવી દયો તો તેને અભિમાન આવી જાય. કાંઈક બીજુ સમજાવી દયો તો તેને અભિમાન આવી જાય. તે અભિમાન છોડી નહીં શકે. બીજા દસ લફડા કરશે, કારણકે સ્વભાવ અભિમાનનો થઈ ગયો આવુ ચક્કર છે.

એક વાત સમજો, મેં એક વખત એક જોક સાંભળ્યો હતો તમે પણ જોયું હશે. હવે તો ઓછો થઈ ગયો એ પ્રકાર. દૂધની જે દુકાન હોય ને, એમા પેલા દૂધવાળા ભૈયા આમ આમ ઉપરથી કરતા હોય તો જેમ જેમ ફીણ વધતા જાય તેમ તેમ દૂધ ઉપર આવતું જાય. આમ એકે જોયુ એણે કહ્યું એક મીટર દૂધ કેટલાનું ? તો દૂધ એક લીટર હોય કે એક મીટર હોય ? ઓલા લોકો આમ કરે તો એક મીટર ઉપરથી નીચે દેખાયને ! તેણે એક મીટર દૂધના પૈસા કેટલા ? આમા કેવી રીતે સમજે, બિચારો દૂધ આપનારો કે મીટર દૂધના પૈસા કેટલા ?

તો જેનો આપણી પાસે માપનો અંદાજ નથી તેનો માપ સમજવો કેવી રીતે ? દૂધને માપવું હોય તો લીટર તેનો અંદાજ છે. હવે ક્રિશ્ચીયાનીટી શું છે ? કે મુસલમાન ધર્મ શું છે ? કે યહુદી ધર્મ શું છે ? એ જો આપણને આપણી પાસે જે ફુટપટ્ટી છે. એના જો વિષય ન હોય તો કેવી રીતે માપવા ? આપણે એક મીટર દૂધ માપીશું તો આપે કેવી રીતે કોઈ ? એ મુશ્કેલી છે. આવ્યુંને ખ્યાલમાં ! એ બાબતમાં પછી ચુપ રહેવું સારુંને ! આપણને ખબર ન પડતી હોય કે આ કેટલુ દૂધ છે ? ચૂપ રહેવું સારું.

પ્રશ્ન :- ચર્ષાણી બરાબર સમજાતું નથી ?

આ જ તો મુશ્કેલી છે કારણકે ગ્રંથ તે જગ્યાએ આવીને અધૂરો છૂટી ગયો છે કે ચોક્કસ હું શું કહી શકું ? આગળ ગ્રંથ હોત તો આપણે ચોક્કસ કાંઈક કહી શકત. પણ જે કાંઈ આપણે થોડુક કહી શકીએ, નાના-મોટા કાંઈક તુકકાઓ લગાવી શકીએ જે પ્રકારની સ્ટાઈલ છે તે પ્રકારથી એવું લાગી રહ્યું છે

કે કદાચ તો ચર્ષણી પોતાનામાં જ કોઈ એક અલગ મિસલેનીયસ વેરાયટી છે. જે પ્રવાહ પુષ્ટિ મર્યાદામાં મળી ન શકે. એવું કંઈક છે. શું કહી શકીએ ? પરંતુ ચોક્કસ ગ્રંથ આગળ નથી તો બહુજ મુશ્કેલ તબ્બકા પર આવીને ગ્રંથ ખંડીત થઈ ગયો, આપણા દુર્ભાગ્યથી અને એક આખો કેટલો અગત્યનો અંશ મર્યાદાનો આખો છૂટી ગયો છે. પ્રવાહના પણ કેટલા મહત્વના અંશ છૂટી ગયા છે તો શું કહી શકીએ ?

આપણે આગળ વધીએ, એ તો પ્રાચીન બાલકોનો આપણા પર ઉપકાર છે કે તેઓએ ષોડશ ગ્રંથ પર શ્રીગુસાંઈજી પછી નિરંતર દરેક બાલકોએ એ સાવધાની વર્તી કે આ ગ્રંથો પર ટીકાઓ લખતા રહ્યા એમ કરીને ગ્રંથ આજે આપણને પ્રાપ્ત પણ છે. ન હોત તો શું હાલત થાત ? આજે તો આ ગ્રંથના કોણ સગા રહી ગયા ? સાધારણ (નોર્મલી) સમજ કે આજ આપણી દુર્વસ્થા એવી ખરાબ છે કે નવરત્ન કરવાથી ચિંતા મટે એમ કરીને કેટલાક વૈષ્ણવો નવરત્નનો પાઠ કરે. યમુનાજીના પાઠ કરવાથી વર મળી જાય એટલા માટે કેટલીક છોકરીઓ યમુનાષ્ટકનો પાઠ કરે. બાકી બીજા બધા ષોડશ ગ્રંથનો કોણ પાઠ કરે ? નાનકડા ચાર શ્લોક છે તો કેટલાંક લોકો ભૂલે ચુકે ''સર્વદા સર્વ ભવેન'' કરી લ્યે બાકી તો ષોડશ ગ્રંથ બધા બાજુમાં મૂકી રાખે છે. કોઈને પાઠ કરવાનું પણ સારું લાગતું નથી.

હું મારા દરેક પ્રવચનમાં નિરંતર એટલા માટે આ વાત કરતો જ રહું છું, વારંવાર કહીને કે ભાઈ એકનો એક પાઠ રોજ ન કરો. એક એક પાઠ રોજ કરો. જેનાથી ઓછામાં ઓછું અર્થ સમજમાં ન પણ આવે તો કાંઈ નહીં પણ એક સાઈકલ પૂર્ણ થઈ જશે તો દશ-પચ્ચીસ સાઈકલ પૂર્ણ થવા પર આપણને દરેક પાઠથી કાંઈક તો સંવાદ થશે ને ! તો દરેક પાઠ આપણે કરતા રહીશું તો, આપણે ચાર પાઠ રોજ કરીએ અને બીજા કેટલાક પાઠ છોડી દઈએ. તો ચાર પાઠને બદલે હું તો એમ જ કહું કે એક પાઠ રોજ કરો અને રોજ નવો એક પાઠ કરો. ઓછામાં ઓછું શ્રીમહાપ્રભુજીએ જે આપણને સમજાવવા માટે કહ્યું છે. કયારેક તો આપણે બોલતા રહીશું, પાઠ કરતા રહીશું, તો કયારેક તો આપણા સંવાદનું

નિર્માણ થઈ જશેને શ્રીમહાપ્રભુજી સાથે ! આજે તો આપણે અબોલા લીધા છે અને તકલીફની વાત ધ્યાનથી સમજો.

એક દિવસ મને એક બાલકે આ વાત પૂછી કે તનુવિત્તજાનો સિદ્ધાન્ત આટલો સાચ્ચો હતો તો અત્યાર સુધી કોઈને કેમ ખબર નહોતી ? હું પણ મુંઝાઇ ગયો કે આમા હું કોનો વાંક બતાવું ? તમારો કે મારો કે અમારા બાપદાદાનો ? તો કહે કે નહીં નહીં હું એ પૂછી રહ્યો છું કે ખબર શું કામ નહોતી ? ટીકા વાંચો તો બધાને ખબર હતી. ટીકા નહીં વાંચો તો કોઈને ખબર નહોતી. ગ્રંથ વાંચે જ નહીં તો ખબર કેમ પડે ?

જે ગ્રંથ આપણા માટે લખ્યા છે, જે ગ્રંથોને લખી લખીને શ્રીમહાપ્રભુજીએ આપણને આશ્વાસન આપ્યુ છે કે ‘‘એતત્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વ સંશયાત્’’ અને એ જ સંશયમાં જીવવા માટે આપણે તે ગ્રંથોનો પાઠ પણ ન કરીએ, અર્થ ન વિચારીએ તો કાંઇ નહીં. તો આખરે કેવી રીતે આપણે આ માર્ગમાં સારી રીતે ચાલી શકીશું ? કેવી રીતે આપણે આ માર્ગ પ્રત્યે આપણી વફાદારી નિભાવી શકીશું ? અને કોઈપણ એક પાઠ કરવો હોય તો કેટલા સમયની આવશ્યકતા પડે. એક પાઠ કરે તો ભાગ્યેજ પાંચ મીનીટ લાગે. ખૂબ ધીરેથી કરો તો વધુમાં વધું પાંચ મીનીટ લાગે. આપણે શ્રીમહાપ્રભુજી માટે આટલું પણ ન કરી શકીએ, તો પછી શા માટે આવવું જોઈએ આ માર્ગમાં ? જાણી જોઈને આવા ષડયંત્ર ઉત્પન્ન કરવામાં આવ્યા છે અને હવે તો એટલી ખરાબ સ્થિતિ છે કે બાલકો એમ આજ્ઞા કરવા લાગ્યા છે કે પાઠ નહીં કરો, અર્થ નહીં કરો, નહીંતર પાખંડી થઈ જશો.

શ્રીમહાપ્રભુજીના ગ્રંથના પાઠ કરવાથી, શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના અર્થ કરવાથી આપણે પાખંડી થઈ જશું. તો આખરે આપણે પુષ્ટિમાર્ગીય કેવી રીતે થશું ? કુરાન ભાણવાથી, બાયબલ વાંચવાથી ? શું ભાણવાથી આપણે પુષ્ટિમાર્ગીય થશું ? આ ગંભીર સમસ્યા આપણા માર્ગની સામે છે. હું તો દરેક વખતે દરેક વ્યકિતને આ વાત કહેતો રહું છું કે ભાઇ એક પાઠ રોજ કરો. વધારે ન થાય તો ન કરો. ભૂલી જાવ બધી વાતોને પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો એક

ગ્રંથનો પાઠ રોજ કરો. કયારેક ત્રાણ મીનટીમાં પૂરો થઈ જાશે. કયારેક વધુમાં વધુ ચાલે તો પાંચ મીનીટ ચાલશે. પાણ આવી રીતે વરસમાં તમે દસ આવૃતી કરી લીધી તો મોઢે (બાય હાર્ટ) ન થાય, પાણ મનમાં શ્લોક તો છપાઈ જશે. કેટલો ફાયદો થશે?

પરંતુ આ પાઠમાં પાછી એક વાત સમજો કે અપરસનો નિયમ નથી. આ સર્વોત્તમ સ્તોત્ર છે, આવા સ્વરૂપના જે પાઠ છે તેમાં અપરસનો નિયમ છે. આ પાઠ તો બધા એવા પાઠ છે કે આપાણે ઈચ્છીએ તો સુતા પહેલા કરી શકીએ, જાગતા હોઈએ ત્યારે કરી શકીએ, નાહીને પાણ કરી શકીએ તો પાણ નથી કરતા આપાણે ત્યાં આખી પ્રાણાલી ભ્રષ્ટ કરી દીધી છે.

॥ સિદ્ધાન્તરહસ્યમ્ ॥

(અનૈકવિધદોષગ્રસ્તેન હિ જીવેન દોષાશંકાલેશરહિતો ભગવાન્ કથં સેવનીયો ભવેદિતિ ચિન્તાનિવારણાર્થં ભગવતા પ્રાદુર્ભૂય સમર્પણપૂર્વકસેવાયાં દોષાણાં સ્વસેવાડબાધકતાબોધનમ્)- જીવ અનેકવિધ દોષોથી ભરેલો છે. આ વાર્તાઓ વાંચીએ તો પણ આપણને આ વાત સિદ્ધાન્તરહસ્યની ઉત્થાનિકા સમજમાં આવશે. કોઈ નવી ઉત્થાનિકા નથી. આવા અનેકવિધ દોષોથી ઘેરાયેલો જે જીવ છે. તે દોષની શંકાના લેશથી રહિત એવો જીવ ભગવાનની સેવા કેવી રીતે કરી શકશે ? એ મૂળ ચિંતા છે. કારણકે સિદ્ધાન્તમુક્તાવલીમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સેવા કરો, સેવા કરો તો સેવા કરો તેમાં જે દોષ જીવમાં ભરેલા છે, તે દોષોથી ભરેલો જીવ સેવા કેવી રીતે કરશે? અને સેવા કરશે તો નિર્દોષ ભગવાનથી સદોષ જીવનો વાર્તાલાપ (કોમ્યુનીકેશન) કેવી રીતે સ્થપાશે.

એક વાત સમજો બે વસ્તુમાં સંગીતશાસ્ત્રનો નિયમ છે કે બે તાનપુરા એક સ્વરમાં મળેલા છે, તો એક તાનપુરાનો તાર છેડો તો બીજો તાનપુરો છેડયા વગર પણ ગુંજવા લાગશે. જો બન્ને એક સ્વરમાં મળેલા છે. તો જો બન્ને નિર્દોષ છે તો કોઈ એકને છેડયો તો બીજામાં ધ્રુજારી (વાઈબ્રેશન) ઉત્પન્ન થઈ જશે. પણ જો બન્ને બે જુદા જુદા સુરમાં મળેલા છે, એક સર્વવિધ દોષથી ભરેલો છે, એક સર્વથા નિર્દોષ છે. તો કોઈપણ એકને છેડવાથી બીજામાં ધ્રુજારી કેવી રીતે ઉત્પન્ન થશે ? અને બન્નેને કોણ વગાડી શકે ?

જેમ કે તે દિવસે મેં સર્વોત્તમ સ્તોત્રના પ્રવચનમાં કહ્યું હતું કે શ્રીમહાપ્રભુજી તે સાંકળ છે કે જે બન્નેને વગાડી રહ્યા છે. બન્નેના તારને બજાવે છે. પેલી બાજુ નિર્દોષતાના તારને વગાડી રહ્યા છે, આ બાજુ સદોષતાના તારને વગાડી રહ્યા છે. પણ એ સ્થિતિના અભાવમાં જયારે શ્રીમહાપ્રભુજી આપણી વચ્ચે પ્રગટ નથી ત્યારે સદોષ જીવ નિર્દોષ ભગવાનની સેવા કેવી રીતે કરી શકશે ? એ જે શ્રીમહાપ્રભુજીને ચિંતા હતી, તે ચિંતાનું નિવારણ છે.

આ જુઓ આ ચિંતા લોજીકલ ઓર્ડરમાં ધ્યાનથી સમજો કે સિધ્ધાન્તમુક્તાવલીમાં સેવા, પુષ્ટિપ્રવાહમર્યાદામાં તેના દોષ, તેના દોષ આવ્યા પછી આ ચિંતા લોજીકલ ઓર્ડરમાં એકદમ પાકી કેરીની જેમ, પાકા નારિયેળની જેમ નીચે ટપકી રહી છે. એમ કરીને સિધ્ધાન્તરહસ્ય આવી રહ્યું છે. આવીને વાત સમજમાં. સિધ્ધાન્તમુક્તાવલીમાં સેવા અને સેવાકર્તા અને સેવ્ય, પુષ્ટિપ્રવાહમર્યાદામાં તેના દોષ અને નિર્દોષતાનું વર્ણન તો જયારે આ વાત આપણે સમજી તો એ વાત બિલકુલ સીધી સામે આવી રહી છે કે હવે નિર્દોષ પ્રભુની સેવા સદોષ જીવ કરે તો કેવી રીતે કરે ? તો જે ચિંતા શ્રીમહાપ્રભુજીને સતાવી રહી હતી તેમા પ્રભુએ સ્વયં પ્રાદુર્ભૂત થઈને અને સમર્પણ પૂર્વક ''સેવાયાં દોષાણાં સ્વસેવાઽબાધકતા બોધનમ્''

એક વાત ધ્યાનથી સમજો કે આ સંદર્ભ છે સમર્પણનો. સમર્પણનો આ સંદર્ભ નથી કે જે આજ આપણે ઉભો કર્યો છે કે વૈષ્ણવો મહારાજને ત્યાં ભેટ ધરી જાય તેનું નામ સમર્પણ, સમર્પણનો શુધ્ધ-શુધ્ધ સંદર્ભ એ હતો કે નિર્દોષ ભગવાનની સેવા સદોષ જીવ કેવી રીતે કરે ? આ એક વાત ભૂલેચૂકેય જો તમારા હૃદયમાં સ્થિર રહી ગઈને તો આ બધી ભ્રાન્તિઓ દૂર થઈ જાય.

ધ્યાનથી સમજો કે નિર્દોષ પ્રભુની સદોષ જીવ સેવા કેવી રીતે કરી શકે ? સેવા કરી તો સંવાદ કેવી રીતે થશે અને એની સ્વીકાર્યતા કેવી રીતે સિધ્ધ થઈ શકશે ? તે ચિંતાના નિવારણ અર્થે પ્રભુએ પ્રકટ થઈને શું આશ્વાસન આપ્યું કે સમર્પણ પૂર્વક સેવા કરવાથી એ દોષ સેવામાં બાધક નહીં રહે. તે સમર્પણનો આપણે કેટલો વિકૃત, કેટલો વિકૃત, કેટલો વિકૃત અર્થ કર્યો કે બસ મંદિરમાં ભેટ ધરી જાવ, લાડુ પુરીની સેવા નોંધાવી જાવ, તો બસ તમારું સમર્પણ થઈ ગયું. એવા સમર્પણનો પ્રશ્ન અહીં કયા આવી રહ્યો છે ?

સિધ્ધાન્તરહસ્યમાં રહસ્ય તરીકે સિધ્ધાન્તનું સમર્પણ બતાવવામાં આવી રહ્યું છે. તે સમર્પણ કોનુ છે ? કે સદોષ જીવ નિર્દોષ પ્રભુની સેવા કેવી રીતે કરે ? એ સમર્પણની વાત છે અને આ સમર્પણ શું કહી રહ્યું છે કે આ દોષ સેવામાં બાધક નહીં રહે. તે સમર્પણનો અર્થ આપણે આજે એ કર્યો કે મંદિરમાં

ભેટ નોંધાવી જાવ. મેં એટલા માટે જ ''**મંદિરની ભીતર રહેનારા દર્શન ખાલી હાથે કરતાજી, અને બહારના દર્શન કરનારા પુષ્ટિ નિયમ અનુસરતાજી, ગામની વચ્ચે બજાર છે ને બજાર વચ્ચે મંદિરજી, ઠાકોરજીના ખાલી હાથે દર્શન ન થાય અંદરજી**'' મહારાજ કોઈ શ્રીઠાકોરજીને ભેટ નથી ધરતા, જોઈ લ્યો જઈને કોઈ દિવસ મહારાજ કયારેય ભેટ નહીં ધરે અને તમને એમ સમજાવે કે ખાલી હાથે દર્શન ન કરાય.

જો આ નિયમ સાચો છે સમર્પણનો, આ અર્થ છે કે શ્રીઠાકોરજીના ખાલી હાથે દર્શન નહીં કરવાના, તો રોજ ઓછામાં ઓછું દેખાડો કરવા માટે તો એક એક રૂપિયો ધર્યા કરો ? પછી ભલે ખિસ્સામાં પાછો નાખી દેજો. ઓછામાં ઓછું વૈષ્ણવને તો આ નિયમ સચ્ચાઈથી સમજાવી દયો કે ખાલી હાથે દર્શન ન થઈ શકે. જયારે શ્રીઠાકોરજીને જગાવે, જયારે મંગલા આરતી કરી, ફટ દઈને સવા રૂપિયો તો ન્યોછાવર કરી દ્યો. દેખાડો કરવા માટે યાર ચિટીંગ તો બરાબર કરો કે નહીં. ચીટીંગમાં પણ પાછી ચીટીંગ, ચીટીંગ પણ બરાબર નથી કરી રહ્યા. કેટલું પોલમપોલ ખાતુ છે. એક ચીટીંગ, ઢોંગ તો કરો યાર સારી રીતે કે જયારે સવારે મંગલાની આરતી કરે ત્યારે બધાની પહેલા ખૂબ શ્રદ્ધા ભાવ ભકિતથી આંખ બંધ કરીને નમન કરો પછી ન્યોછાવર.

અમારા કિશનગઢમાં મુખિયાજી એવા કે શ્રીઠાકોરજીના દર્શન કરે તો આમ નમે, તેમ નમે. સુરેશબાવા આવ્યા તો સુરેશબાવાએ મને કહ્યું કે દાદા આપ ભાગ્યશાળી છો કે આવા મુખિયા મળ્યા. મેં કહ્યું અંદર આવીને આપ જુઓ કેવા મુખિયા છે ! તો ખબર પડે કે ભાગ્યશાળી છુ કે નહીં ! શ્રીઠાકોરજીને પકડેને તો કયારેય આમ ન પકડે, સ્નાન કરાવીને આમ મસ્તકથી પકડે. એટલો ગુસ્સો તેને શ્રીઠાકોરજી પર કે આમ ઝાટકી દે કે પાણી જે છે તે અંગ વસ્ત્રમાં ન ચાલ્યુ જાય પાછું. પાણી બધું ઝાટકી દયે અને પછી ઝાટકો લગાવ્યો, પાણી છૂટયુ નહીં કે આમ અંગવસ્ત્ર કરી દીધુ શ્રીઠાકોરજીને આ સેવા, દર્શન ખુલતા જ આરસી કાંઈક હૃદયે લગાવે આમ ઝુકે, તેમ ઝુકે વગેરે...

સુરેશબાવા તો પ્રભાવિત થઈ ગયા કે દાદા આપ ભાગ્યશાળી છો કે

આવા મુખિયા મળ્યા. મેં કહ્યું કે અંદર આવો એક વખત તો ખબર પડે કેવા મુખિયા મળ્યા. સુરેશબાવાના એક મંદિરમાં શ્રીઠાકોરજી શ્યામ થઇ ગયા. ઘણા દિવસ મુશ્કેલી ઉભી થઇ. ટ્રસ્ટીઓ ક્રોધીત થઇ ગયા, તો નવા મુખિયા તેઓએ રાખી દીધા. જુના મુખીયાને દૂર કરો, વરસોથી સ્નાન પણ ન કરાવે. તો શ્રીઠાકોરજી શ્યામ થઇ ગયા. તો નવા મુખિયાએ ઘણા દિવસ પ્રયત્ન કર્યા, ટ્રસ્ટીઓના ગુસ્સાથી બચવા, કે કોઇ રીતે શ્રીઠાકોરજી ગોરા થઇ જાય. એ ગોરા તો થયા નહીં. તો એક દિવસ ચાકુ લઇને બધો કચરો કાઢી નાખ્યો શ્રીઠાકોરજીના શ્રીઅંગ પરથી. ટ્રસ્ટીઓ બધા ખુશ થઇ ગયા કે ઓ હોહો ! કે નવા મુખિયાજી કેવા સારા છે, શ્રીઠાકોરજી ચમ ચમ ચમકી રહયા છે. સુરેશબાવા બિચારા માથા પર હાથ મુકીને રડે શું કરવું ? તો આ ટ્રસ્ટી ભ્રસ્ટીઓએ એવું કામ બગાડયું કે ભગવાન જ માલિક છે.

મને એક બેઠકજીના મુખિયાજીએ વાત બતાવી હો, કે એક બાલક પધાર્યા, ત્યાં બેકઠજીમાં ગ્વાલ મંડલીમાં શ્રીઠાકોરજી બિરાજમાન હતા. કેટલા શ્રીઠાકોરજીની સેવા કરે ? ગ્વાલ મંડળીમાં શ્રીઠાકોરજી શ્યામ થઇ ગયા. તો બાલકે કહ્યું કે પેલુ વાસણ માંજવા માટે હોયને વિમ, તેનાથી શ્રીઠાકોરજીને માંજી તો લ્યો કે કમસે કમ શ્રીઠાકોરજી ચમકે. મુખિયાજી ગભરાઇ ગયા તેણે કહ્યું બાલકને શું કહેવું ? વિમથી શ્રીઠાકોરજીને કેવી રીતે માંજવા ?

તો આવી આવી આપણે ત્યાં લીલા ચાલે, આપણે સમજીએ કે દર્શન ખુલ્યા પછી જુઓ એક વાત સાચી જેમ બર્ટન રસેલ સાચો તેમ મારો મુખિયા પણ ખૂબ સાચો. તેણે મને પહેલા જ એક દિવસ કહી દીધું કે ટેરો ખુલ્યા પછી આપના ઉપર કોઇ આંગળી ઉઠાવી નહીં શકે. એટલી ગેરંટી મારી દાસની. બાકી હવે ટેરો બંધ થયા પછી તો શ્રીઠાકોરજી અને હું છીએ. હવે શું કરીએ ? જેનું ચાલે તેનું ચાલે ચાલવા દયો. જાવા દયોને શું કરવું ?

અમારા મુખિયાજીમાં એટલી બીચારામાં સચ્ચાઇ છે હો ! તેણે સ્પષ્ટ મને કહ્યું કે ટેરો ખુલ્યા પછી કોઇ આંગળી ઉઠાવી નહીં શકે. સુરેશબાવા ધ્વસ્ત થઇ ગયા કે ઓહોહો ! શું ભાગ્યશાળી છો આપ કે આવો મુખિયા આપને મળ્યો,

પ્રભાવશાળી એકદમ. તો આ વાત ધ્યાનથી સમજો કે આવી બધી દુર્ગતિ થાય. એને આપણે સેવા સમજીએ. આને સેવા સાથે કોઈ સંબંધ નથી. જે વાતને આજે સમર્પણના નામે આપણે કહી રહ્યા છીએ, તેનો કોઈ સંબંધ નથી. સિદ્ધાન્તરહસ્યમાં જોશોને તો વાત સાફ થઈ જશે.

''સમર્પણપૂર્વકસેવાયાં દોષાણાં સ્વસેવાઽબાધકતાબોધનમ્'' જે કાંઈપણ દોષ છે તે દોષ રહેશે. પણ સદોષ જીવના દોષ નિવૃત્ત નહીં થાય, પણ તે દોષ સેવામાં બાધક નહીં રહી જાય. આપણે આને આમ સીધી રીતે સમજી શકીએ કે, જેમ કોઈ તારમાં કરંટ ચાલી રહ્યો છે. કરંટ છે કે નહીં આપણે હાથ લગાવીશું જમીન ઉપર ઉભા રહીને તો શોક લાગશે. પણ લાકડાના ટેબલ પર ઉભા રહીને આપણે હાથ લગાવીશું તો કરંટ તો છે તે ખતમ નથી થઈ જવાનો પણ કરંટ તમને બાધક નહીં રહી જાય.

તો આ સમર્પણ જે છે તે તમને એક રીતે લાકડાનું ટેબલ પૂરું પાડવાનું કામ કરી રહ્યું છે કે તમારા દોષનો કરંટ શ્રીઠાકોરજીને ન લાગી જાય. તમારી અંદર દોષનો કરંટ ખૂબ જ તેજ છે. હાઈ વોલ્ટેજમાં છે તેનો શોક શ્રીઠાકોરજીને ન લાગી જાય. શ્રીઠાકોરજી તેનો શોક ઝીલ્યા વગર આનંદાત્મિકા સેવા આનંદરૂપથી સ્વીકારતા રહે. તે જે લાકડાનું ટેબલ છે તે આપણને સમર્પણ પ્રોવાઈડ કરે છે. બસ આટલી જ વાત છે.

સમર્પણનો જે આજે અર્થ આપણે સમજી રહ્યા છીએ કે મંદિરમાં ભેટ જમા કરાવવી સમર્પણ છે. જમા કરાવીને મનોરથ કરાવવો સમર્પણ છે. આને સમર્પણની સાથે કોઈ સ્નાન-સૂતકનોય સંબંધ નથી હો. અર્થાત્ દશ પેઢીની વાત જવા દયો, ચૌદ પેઢીની વાત જવા દયો, એકવીસ પેઢી સુધી કોઈ સંબંધ નથી તેનો. તે સમર્પણની વાત કોઈ બીજી વાત છે અને આ વાત પણ બીજી છે.

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।।
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ।।૧।।

શ્રાવણના શુક્લ પક્ષમાં એકાદશીની મહારાત્રીએ પ્રભુએ જે સાક્ષાત્ પ્રકટ થઈને મને (શ્રીમહાપ્રભુજીને) કહ્યું તે હું તમને સમજાવી રહ્યો છું. આમ

આચાર્યચરણ કહી રહ્યા છે.

(સ્વાત્માત્મીયાનાં પરમાત્મને સમર્પણં બ્રહ્મસમ્બન્ધેન ભવતિ, તેન ચ પઞ્ચ[૧-૫] વિધદોષાણાં ભગવત્સેવાયામ્ અબાધકતા)-સ્વાત્મા આપણી પોતાની આત્મા અને આપણા જે આત્મીય છે. સ્વાત્મા કહેવાથી અહંકાર અને આત્મીય કહેવાથી મમતા અર્થાત્ આપણી અહંતામમતાસ્પદ વસ્તુનું પરમાત્માને સમર્પાણ કરવાથી સમર્પાણ જે છે તે બ્રહ્મસંબંધથી થાય છે અને આ સમર્પાણને કારણે પાંચ પ્રકારના દોષ જે છે તે ભગવદ્ સેવામાં બાધક નહીં રહી જાય. નિવૃત્ત થઈ જાય છે. કયા અર્થમાં સેવામાં બાધક નહીં રહી જાય ? કારણકે કોઈ આંધળો માણસ બ્રહ્મસંબંધ લેવાથી દેખતો નહીં થઈ જાય. કોઈ ક્રોધી માણસ બ્રહ્મસંબંધ લેવાથી શાંત નહીં થઈ જાય. કોઈ લોભી માણસ બ્રહ્મસંબંધ લેવાથી નિર્લોભ નહીં થઈ જાય. કામી માણસ બ્રહ્મસંબંધ લેવાથી નિષ્કામ નહીં થઈ જાય.

કોઈ દોષ નિવૃત્ત નથી થઈ રહ્યા પણ જે કાંઈ દોષ છે તમારા તે સેવામાં બાધક નહીં રહી જાય. તે હાઈ વોલ્ટેજ હશે. તો તેનો ૪૪૦ વોલ્ટનો ધક્કો હશે. પણ પ્રભુને લાગશે નહીં. પ્રભુ એકદમ સમર્પાણના કારણે આમ લાકડાના ટેબલ પર બિરાજી ગયા છે. આના દોષનો ધક્કો પ્રભુને નહીં લાગે.

બ્રહ્મ-સમ્બન્ધ-કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ।।
સર્વ-દોષ-નિવૃત્તિર્ હિ દોષાઃ પઞ્ચવિધાઃ સ્મૃતાઃ।।૨।।
સહજા[૧] દેશ-કાલોત્થાઃ[૨-૩] લોક-વેદનિરૂપિતાઃ ।।
સંયોગજાઃ[૪] સ્પર્શજાશ્[૫] ચ ન મન્તવ્યાઃ કથઞ્ચન ।।૩।।
અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથઞ્ચન ।।

તેને માનવા ન જોઈએ તેનો મતલબ શું છે કે સેવામાં એ બાધક રહેશે એવું પાછું તેને માનવું ન જોઈએ. સેવાર્થ તેની નિવૃત્તિ અન્ય કોઈપણ પ્રકારથી નહીં થઈ શકે આ વાત સમજાવી.

(કૃતાત્મનિવેદનસ્ય અસમર્પિતવસ્તુત્યાગઃ[૧] સમર્પિતસ્યૈવ

ઉપભોગઃ[૨] સામિભુક્તસ્યાસમર્પણમ્[૩] ઇતિ ત્રયો નિયમાઃ)–તો આ રીતે જેણે આત્મ નિવેદન કર્યુ અર્થાત્ પોતાનો આત્મા અને આત્મિયને મતલબ પોતાની અહંતા મમતાનું પ્રભુને નિવેદન કર્યુ ત્યાર પછી ત્રણ નિયમ તેના પર લાગુ પડે છે. પહેલો નિયમ અસમર્પિત વસ્તુનો ત્યાગ, બીજો નિયમ સમર્પિતનો ઉપભોગ અને ત્રીજો નિયમ અર્ધ ભુકતનું અસમર્પણ આ ત્રણ નિયમ છે. આ ત્રણે નિયમ એક પછી એક જોઇ લ્યો.

અસમર્પિત-વસ્તુનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્[૧] ॥૪॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિઃ[૨] ॥
ન મતં દેવદેવસ્ય સામિભુક્ત-સમર્પણમ્ ॥૫॥
તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્[૩] ॥

પહેલો નિયમ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરો. બીજો નિયમ સમર્પિતનો ઉપભોગ કરો અને ત્રીજુ સામિભુક્ત સમર્પણમ્. તમે નવરત્ન જોશો તો ત્યાં આ જ પ્રોબ્લેમ ઉભી છે કે જો આપણે અસમર્પિતનો ત્યાગ કરી દઇએ તો પછી નિર્વાહ શેનાથી કરવો ? સમર્પિતથી કરવો કે અસમર્પિતથી કરવો ? તો આ જે છે તે આગળ આ જ પ્રોબ્લેમ પાછી ઉભી થઇ છે, તો તેને ત્યાં પણ સમજી લેશું. પણ અહીંથી સમજીને ચાલીશું તો ત્યાંથી સમજવામાં પણ સરળતા રહેશે. આ એક વિધિ છે અને એક નિષેધ છે. નિયમ બે પ્રકારના હોય છે. એક વિધિ પ્રકારનો નિયમ છે, એક નિષેધ પ્રકારનો નિયમ છે. તો એ રીતે સમજીશુંને તો વાત સાફ થઇ જશે. ''તસ્માત્ આદૌ સર્વકાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્'' તો દરેક કાર્યની શરૂઆતમાં સર્વવસ્તુનુ સમર્પણ કરવાનું છે. ઉપભોગાન્તર (ઉપભોગ કર્યા પછી) તેનું સમર્પણ નથી કરવાનું એ વાત બતાવી.

(લોકે દાસસ્ય સ્વસ્વીયયોઃ યથા સ્વસ્વામિને સમર્પણમેવ નતુ દાનં તથા જીવસ્ય ભગવતે સમર્પણં નતુ દાનમિતિ ન દત્તાપહારદોષાશંકા)–લોકમાં જે દાસ છે તે પોતાની અહંતાસ્પદ અને મમતાસ્પદ વસ્તુનું પોતાના સ્વામીને સમર્પણ જ કરી શકે છે, આપી નથી

શકતા કેમ ? દાસ છે તો આપશે કેવી રીતે ? કારણકે દાસ હોવાના કારણે તેનું સ્વામીત્વ તો તેના પર પહેલેથી જ થઇ ગયું હતું. તો જયારે તેના પર તેનું સ્વામીત્વ થઇ ગયું તો તેની વસ્તુઓ પર પણ તેનું સ્વામીત્વ હોવાના કારણે અર્થાત્ સ્વામીનો સ્વામી જે સ્વામ્ય છે, તેનો પણ સ્વામી સિદ્ધ કરશે.

તો આપવાનો તો પ્રશ્ન જ નથી. આપેલું તો પેલા અર્થમાં છે જ, તો દત્તાપહારવચન તો આપશે તો પછી લેવાનું કેવી રીતે ? તો દત્તાપહાર તો કયારેય થઇ જ ન શકે. કોઇ વસ્તુ કોઇને આપે તો પાછી તેની પાસેથી લઇ નહીં શકાય. તો આ વાત ધ્યાનથી સમજો કે આપતા હોય તો લેવાનો પ્રશ્ન ઉઠે. આપણી સેવામાં પ્રભુને આપવાના પ્રકારથી સેવાનો ક્રમ છે જ નહીં. સમર્પણના પ્રકારથી સેવાનો ક્રમ છે.

આપણે પ્રભુને કાંઇ આપી નથી રહ્યા કે આપણે પ્રભુ પાસેથી કાંઇ લઇ નથી રહ્યા. સમર્પણનો અર્થ છે કે જે સ્વામીના ઉપભોગની વસ્તુ છે તે સ્વામીની સામે રજુ કર્યા પછી આપણે પણ તેનો ઉપભોગ કરી રહ્યા છીએ. પહેલા રજુ કરવું જોઇએ, બસ આવશ્યકતા આટલી છે. આપણા ઉપભોગ પછી સ્વામીના ઉપભોગાર્થ પ્રસ્તુત ન કરવી જોઇએ અને સ્વામીને સમર્પણ જ થઇ શકે, દાન ન થઇ શકે. તેથી દત્તાપહારનો દોષ આપણને લાગતો નથી. (આ સમર્પણની પ્રક્રિયામાં) આ વાતને ધ્યાનથી સમજો. તેથી આપણે પ્રભુને આપી નથી શકતા એવો આનો અર્થ નથી. આપી શકીએ છીએ પણ આ સેવામાં જે સમર્પણની વાત બતાવી, સમર્પણના કારણે દોષ જે છે તે સેવામાં અબાધક થઇ જશે.

આ જે નિયમ આવ્યો કે ‘‘અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્’’ અને ‘‘નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્’’ બધું જ પ્રભુને સમર્પિત કરી દયો અને પછી અસર્પિતનો ત્યાગ કરો. અસમર્પિતનો ત્યાગ કરવો કેવી રીતે ? જયારે સમર્પિત કરી દીધું તો તેને પાછું લેવું જ ન જોઇએ. સમર્પિતનો જ ત્યાગ કરવો જોઇએ. અસમર્પિતનો ત્યાગ ન કરવો જોઇએ. શા માટે ? કારણકે સમર્પણ જો આપવાનું હોય તો સમર્પિતનો ત્યાગ કરવો જોઇએ. તો તેનો એ ખુલાસો થયો કે સમર્પણમાં આપવાનું નથી. સમર્પણ ફકત સેવાર્થ પ્રસ્તુત

કરવાનું છે.

આ વાતને સમજવા માટે પ્રથમેશ કાકાજીનું એક ઉદાહરણ હર વખતે મને ખૂબ જ સારું લાગે છે. કાકાજીને મળવા માટે એક સાધુ બાવા જતીપુરા આવ્યા. ઘણીવાર સુધી ગપસપ કરતા રહ્યા. રાત્રે જવા માટે કાકાજીએ તેને ગાડી આપી કે તમે વૃંદાવન ચાલ્યા જાવ. તે ગાડી તેણે પાછી આપી જ નહીં અને ચાર-છ મહિના પછી આગ્રામાં ગાડી મળી. તે આપી થોડી હતી યાર ! વૃંદાવન જવા માટે આપી હતી, સમર્પિત કરી હતી, આપી ન હતી. તો કાકાજીએ કહયું સારું લઈ જાવ. તો તે પ્રથમેશ જેવા ઉદાર કોણ થઈ શકે ? પોતે રાખી લીધી અને પાછી વેચી પણ દીધી. ખાલી વૃંદાવન જવા માટે આપેલી ગાડીને પાછી વેચી પણ દીધી.

તો આવી રીતે જો સમર્પણનો એક અર્થ દાન થઈ જાય, તો માણસ ગભરાઈ જાય હો ! મહરાજને વૈષ્ણવને ત્યાં પધરામણી વખતે કાર મોકલાવે. મહારાજને કાર મોકલાવી, આ તો મોકલાવી બસ હવે અમારી થઈ ગઈ. બધા ખોળ ભૂલી જાય, કે હવે કોઈ દિવસ કાર નહીં મોકલવાની. સમર્પણ એક અલગ વસ્તુ છે. કાકાજીએ તેને સમર્પિત કરી હતી કાર. ધ્યાનથી સમજો ઉપભોગ માટે ઘરમાં અતિથિ આવ્યા છે, રાતના મોડે સુધી બેઠા, ભાઈ વૃંદાવન કેવી રીતે જાય ? તો કાર સમર્પિત કરી દીધી. તેનો અર્થ દાન સમજી લેવાનું તો પ્રભુ ન તો દાન સમજે છે અને ન આપણે દાન તરીકે આપ્યું છે. આથી તેનો અસમર્પિત વસ્તુનો ત્યાગ યોગ્ય જ થાય છે.

દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥૬॥
ન ગ્રાહ્મમ્ ઇતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ॥
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ ॥૭॥
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥

દત્તાપહારનું જે વચન છે, કે જે આપી દીધેલું દાન પાછું લઈ લે છે તેના જેવો પાપી કોઈ નથી. આ જે નિંદા છે અને હરિનું કાંઈપણ લેવાનું નથી આ જે

વાકય છે. તો ધ્યાનથી સમજો **'હરિનું કાંઇપણ લેવું નહી'** આ જે વાકય છે તે વચન અહીં શ્રીમહાપ્રભુજીએ ઉધ્ધૃત નથી કર્યુ. પણ શાસ્ત્રના વચનાશયને ઉધ્ધૃત કર્યું છે. જે વચનને ટિકાકારે શોધીને ટિકામાં પ્રસ્તુત કર્યુ છે. તેથી અહીં ઈન્વેર્ટેડ કોમા નથી આપ્યું, બાકી શાસ્ત્રના શબ્દોમાં વચન ઉધ્ધૃત કર્યુ હોત, શાસ્ત્રનું વચન ઉધ્ધૃત કર્યુ હોત તો ઈન્વેર્ટેડ કોમા જરૂરી હતું પણ નથી કર્યુ, તેથી આપણે અહીં ઈન્વેર્ટેડ કોમા નથી કર્યું.

પરંતુ તે વચનનો આશય શું છે ? શ્રીમહાપ્રભુજી અર્થાત્ શ્રીઠાકોરજીએ પોતાના શબ્દોમાં કહી દીધું ''તથા ચ સકલં હરેઃ ન ગ્રાહ્યમ્'' હરિની કોઈપણ વસ્તુ લેવી નહીં **''અપિ દિપાવલોકમ્ મે નોપયુગ્જયાત્''** જેમ પ્રાચીન વચનામૃત વાર્તામાં આવે છે કે બળદ ગાડામાં બાલક પધારી રહ્યા હતા, અને બળદને પાણી પીવડાવ્યું. પાણી પીવડાવ્યા પછી તેમણે પુછયું કે આ કૂવો કોનો છે ? ત્યારે ખબર પડી કે શ્રીનાથજીને ભેટનો કૂવો હતો. તો તેઓએ કહ્યું કે હવે આ બળદ અમારો નથી રહ્યો. શ્રીજીબાવાનો થઇ ગયો. કારણકે શ્રીનાથજીના કૂવાનું જલ આણે પીધુ તેથી આ બળદ હવે અમારો નથી રહ્યો. પ્રાચીન બાલકો આટલી કઠોરતાથી આ વાતને પાળતા હતા. આજે આપણે બધા શ્રીનાથજીને જ ખાઈ જઈએ બળદની તો વાત દૂર રહી. આ બળદ ખાઈ જાય ગોસ્વામી, તો તે એક અલગ કથા છે. પણ પ્રાચીન બાલકો આ વાતનો એટલો વિચાર કરતા હતા.

એક વાત ધ્યાનથી સમજો કે જે પ્રભુને આપવામાં આવે તે પાછુ લેવાય નહીં. પરંતુ જે પ્રભુને સમર્પિત કરવામાં આવે તે તો આપણે લઈ જ શકીએ છીએ. એટલા માટે આ અમૃત વચનાવલીમાં રાણછોડલાલજી મહારાજ અમદાવાદવાળાના વચનામૃત વાંચોને તો ખૂબ જ સુંદર વચનામૃત છે. દરેક વાતનો ખુલાસો કરી દેશે. નવરાશે કયારેક વાંચીને જોઈ લેજો. આ બધી વાતનો ખુલાસો અમૃત વચનાવલીમાં મળી જશે.

''ભિન્નમાર્ગપરં મતમ્'' નો આપણે એવો અર્થ સમજી લીધો કે સેવાનો પુષ્ટિમાર્ગનો પ્રકાર નથી. તે મર્યાદામાર્ગનો પ્રકાર છે. તો એકવાત

ધ્યાનથી સમજો. જો આ વાત સાચી છે કે પુષ્ટિમાર્ગમાં પ્રકાર નથી તો જગદીશમાં પછી આપણે સખડી આરોગવા ન જવું જોઇએ. જગદીશમાં તો સખડી આરોગવા માટે વૈષ્ણવને ભેગા કરી કરીને લઇ જાય. રેટ ફિકસ કરી કરીને લઇ જાય કે એક એકના પંદર રૂપિયા પચ્ચીસ રૂપિયા.

તો જયારે ''ભિન્નમાર્ગપરં મતમ્'' આ વાત પર જો કાયમ રહેતા હો, તો આવો ભિન્નમાર્ગ મર્યાદામાર્ગ પર આ નિયમ લાગુ પડી રહ્યો છે. કાંતો જગદીશને પુષ્ટિમાર્ગ માનો તો ફસાઇ ગયા અને જો જગદીશ મર્યાદામાર્ગ છે તો ત્યાં એ પ્રસાદ ન ખાવો જોઇએ. ''ભિન્નમાર્ગપરં મતમ્'' સમજયા વિચાર્યા વગર કાંઇક હાંકયે રાખે. ભિન્નમાર્ગનો મતલબ આ નથી. ભિન્નમાર્ગનો સ્પષ્ટ મતલબ છે કે જે આપણે સમર્પણનો માર્ગ અપનાવ્યો છે સેવામાં, તો આ માર્ગમાં ''દત્તાપહાર વચન'' બાધક નથી થઇ રહ્યું.

આપણે પણ સેવાના માટે દાનનો કોઇ માર્ગ અપનાવીએ તો ત્યાં આ વચન બાધક થઇ જ જાશે કે પ્રભુને જે કાંઇ આપણે આપ્યું તે આપણે લઇ નહીં શકીએ. જે આપણે સમર્પિત કર્યું તે આપણે પાછું લઇ શકીએ. હવે આ આપવાનું અને સમર્પણનો ભેદ મેં અહીં કાકાજીએ પેલા બાવાજીને જે ગાડી સમર્પિત કરી હતી, પણ આપી ન હતી અથવા વૈષ્ણવો જે મહારાજને પધરાવવા માટે ગાડી મોકલે છે તે સમર્પિત કરે છે, બિચારા આપતા નથી. આ વાત પરથી સમજી જાઓ.

કેટલીય વાર વૈષ્ણવોના ઘરમાં પધરામણી થાય છે. ચાંદીની થાળી, કટોરા અમારી સામે સાજી દેવામાં આવે. બદામ, પીસ્તા ખાવા માટે અને તે કહે કે ચાંદીના કટોરા, થાળી સાજી દીધા, હવે એ તો તમે અમને સમર્પિત કરી દીધુ ચાલો હવે અમે લઇ જઇએ. ખોળ ભૂલી જાય હો વૈષ્ણવ, મહારાજની પધરામણી કરાવવાનું બંધ કરી દયે. એવું થોડુ હોય ભાઇ ! તે તો બિચારો મહારાજ આવ્યા તે ખુશીમાં ચાંદીની થાળી કટોરા સમર્પિત કરી રહ્યો છે. તે કાંઇ આપી થોડો રહ્યો છે, આપી નથી રહ્યો.

તો દાન અને સમર્પણનો ભેદ છે. પરંતુ સોનાના કે ચાંદીના થાળી કે

કટોરા જે વૈષ્ણવ મહારાજને આપે છે તે આ ટ્રસ્ટી બિચારા લઈ લ્યે છે. પણ વૈષ્ણવ કોઈ નથી લેતા. ટ્રસ્ટીઓ વૈષ્ણવ નથી હોતા એટલા માટે પાછા લઈ લ્યે છે. બાકી વૈષ્ણવ જે છે તે મહારાજને કયારેક કાંઈક ચીજ ભેટં કરે, પાછી નથી લેતા. તો આ ભેદ જુઓ મહારાજની સાથે વૈષ્ણવ બરાબર સિદ્ધાન્તરહસ્ય સમજયા વગર નિભાવી રહ્યા છે અને મહારાજ શ્રીઠાકોરજીની સાથે આ ભેદ વર્તવાનું નથી જાણતા. લફડો આ છે. વૈષ્ણવ જુઓ પોતાના ઘરમાં મહારાજની પધરામણી કરે, ચાંદીના થાળી-કટોરામાં મહારાજને કાંઈક આરોગાવે, દૂધઘર વગેરે તો તે પાછું કાંઈ ભેટ કરેલુ નહીં માને. ચાંદીના થાળી કટોરા પોતાની પાસે જ રાખે.

કારણકે ત્યાં ‘‘દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ, ન ગ્રાહ્યં ઈતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્’’ અને જો કયારેક વૈષ્ણવ મહારાજને કાંઈક ચાંદીના થાળી-કટોરા ભેટ કરી દયે, તો પાછો કયારેય માંગવા આજ સુધી આવ્યો હોય એવો કોઈ બનાવ મારા સાંભળવામાં નથી આવ્યો. ટ્રસ્ટીઓ લઈ લ્યે, તો ટ્રસ્ટીઓ તો વૈષ્ણવ હોતા નથી. તો તેનો અધિકાર બીજો છે તે તો સમજી જવું જોઈએ આપણે.

તો આ વાત ધ્યાનથી સમજો કે વૈષ્ણવ આ રહસ્યને સિદ્ધાન્તરહસ્ય ભણ્યા વગર જાણે છે, સમજે છે, વર્તે છે. નિષ્ઠાથી પાળે છે. પરંતુ મુશ્કેલી એ છે કે મહારાજ આ વાતને જાણતા નથી. જાણે છે તો સમજવા માંગતા નથી. સમજતા હોય તો બોલવા ઈચ્છતા નથી. બોલવું પડે તો પાળવા ઈચ્છતા નથી. પાળતા હોય તો પળાવવા ન માંગે. તેથી મેં આમા મારા પૂરા વચનમાં લખ્યું છે, આ જુઓ થોડુ જોઈ લ્યો. ખૂબ જ મજેદાર છે તમને પણ આનંદ આવશે. પાના નંબર ચાર જુઓ, વાંચો ખૂબ જ સુંદર છે.

આ સિદ્ધાન્તરહસ્ય છે હો ! એટલા માટે સંભળાવી રહ્યો છું કે શ્રીમહાપ્રભુજીના સુસ્પષ્ટ ઘોષ છે. ‘‘**શાસ્ત્રમ્ અવગત્યમ્ મનોવાક્ દેહૈઃકૃષ્ણઃ સેવ્યઃ**’’ આ નિબંધની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. શ્રીમદ્ આચાર્યચરણઃ- ‘‘**દમલા તે કછુ સુન્યો**’’ ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં છે.

શ્રીદામોદરદાસજી :–**''મહારાજ મૈંને શ્રીઠાકોરજીકે વચન તો સુન્યો, પર સમજયો નાહીં''** શ્રીઠાકોરજીના વચન આપણને સંભળાવવા માટે આજે પણ શ્રીમદ્ આચાર્યચરણ તથા શ્રીમદ્ પ્રભુચરણ એટલા જ આતુર છે. આપણે આધુનિક પુષ્ટિમાર્ગીય કયાંક એમ તો નથી કહેવા માંગતા ને કે, મહારાજ સમજયો તો ખરો પણ સાંભળવા નથી માંગતો. બધું સમજી રહ્યો છુ, પણ બોલવાનું નહીં અને બોલવું હોય તો જાહેરમાં નહીં બોલો. ખાનગીમાં દરવાજા બંધ કરીને બોલો. અરે યાર આ શું લફડો છે ? આ કોઈ ચોરીની વાત છે. છીનારીની વાત છે ? શા માટે જાહેરમાં ન બોલાય.

તો મહારાજ સમજયો તો ખરા પણ સાંભળવા નથી ઈચ્છતો અને સંભળાય પણ જાય ને ! તો કહેવા નથી માંગતો કેટલાય બાલકો એમ કહે છે કે વાત સાચી છે પણ કહેવું કેવી રીતે ? જાહેરમાં કેમ કહેવું ? તો એટલા માટે આ વચન છે. કયારેક પક્ષ ગ્રહણમાં કહેવું જ પડે, કયારેક કહેવું જ પડે તો કરવા-કરાવવાની ઈચ્છા નથી. તો શ્રીમહાપ્રભુજી પૂછી રહ્યા છે તે શા માટે ? એવો શું લફડો તારાથી થઈ ગયો ?

તો આધુનિક પુષ્ટિજીવ શું કહી રહ્યો છે એ જુઓ. કેટલો ગરીબડો છે કે **''સેવા કથા પ્રપતિ માર્ગેષુ નષ્ટેસુ, કલૌચ ખલ ધર્મીણી ।। પાષંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ આજીવિકા મમ''** આ જ તો એક આજીવિકા છે. જયાંથી આખુ પેટ ભરાઈ રહ્યું છે. બધા વિવાહ પ્રસંગ બધું થઈ રહ્યું છે. આ આજીવિકા છીનવી લેશો તો ભૂખ્યા મરીએ ? દરિયામાં પડુ ? મરી જાઉ ? હવે શું કરવું યાર ? આનો ઉપાય કેવી રીતે શોધવો ''કૃષ્ણ એવ આજીવિકા મમ'' હોય તો બહું જ મુશ્કેલ છે. પછી વૈષ્ણવ પણ એ જ વિચારી રહ્યા છે. બાલક પણ એ જ વિચારી રહ્યા છે. એવું ન કરે તો શું ભૂખે મરે ? મરી જાય? સ્મગલીંગ કરે ? શું કરે ? એક જ તો ધંધો છે તો આ સામાન્ય (જેન્યુઇન) મુશ્કેલી છે, પણ એ વાત સમજો કે વૈષ્ણવ આ રહસ્યને સારી રીતે સમજી રહ્યા છે. તમે પોતે પોતાના વ્યવહારને સમજી જાઓ તો તમને સિદ્ધાન્તરહસ્ય સમજમાં આવી જશે.

બાલક જે સમજાવી રહ્યા છે કે **''કૃષ્ણ એવ આજીવિકા મમ''** કે

મુશ્કેલીના કારણે, વિવશતાના કારણે, તેનાથી તમને સિદ્ધાન્તરહસ્ય સમજમાં નહીં આવે, તમે બાલકની સાથે કેવી રીતે વર્તી રહ્યા, પુરુષોત્તમની સાથે તેના ઉપર પોતાનું ધ્યાન આપો તો તમને બધો સિદ્ધાન્તરહસ્ય સમજમાં આવી જશે. આ પુરુષોતમો સાચા પુરુષોતમની સાથે કેવી રીતે વર્તી રહ્યા છે. તેનાથી તમને સિદ્ધાન્તરહસ્ય સમજમાં નહીં આવે.

આ એક સંક્ષેપમાં જુઓ તમને ગુરુમંત્ર આપી રહ્યો છું. જેમ શ્રીઠાકોરજીએ બ્રહ્મસંબંધ મંત્ર આપી દીધોને એમ ગુરુમંત્ર તમને આપી રહ્યો છું કે તમે પુરુષોત્તમની સાથે કેવી રીતે વર્તી રહ્યા છો ? તેનાથી સિદ્ધાન્તરહસ્ય સમજમાં આવશે. પરંતુ એ પુરુષોત્તમ સાચા પુરુષોત્તમની સાથે કેવી રીતે વર્તે છે? તેનાથી સિદ્ધાન્તરહસ્ય કયારેય પણ સમજમાં નહીં આવી શકે. આ વાત એકદમ સાફ સમજી લ્યો.

‘‘સેવકાનાં યથા લોકે’’ જેમ સેવકને સ્વામી સાથે વર્તવું જોઇએ. તેમ તમે વર્તી રહ્યા છો. પરંતુ અમે નથી વર્તી રહ્યા, અમારા સ્વામીની સાથે. જેમ અમે સેવકોએ અમારા સ્વામીની સાથે વર્તવું જોઇએ. કારણકે અમે તો તેના માલીક બનીને તેની સાથે ધંધાની માફક વર્તન કરી રહ્યા છીએ. વેચવાની વસ્તુ (સેલેબેલ કોમોડીટી)ની જેમ તેની સાથે વર્તી રહ્યા છીએ. સેવકની જેમ અમે શ્રીઠાકુરજીની સાથે નથી વર્તી રહ્યા. તો અમારા વ્યવહારથી તમને સિદ્ધાન્તરહસ્ય કયારેય સમજમાં નહીં આવે. તમારો અમારા પ્રત્યે જે વ્યવહાર છે તેનાથી તમને પૂરો સિદ્ધાન્તરહસ્ય સમજમાં આવી શકે છે. બધાવતી એકવાર આ વાત સમજી જાઓ. ‘‘તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ’’ આ પ્રકારે તમે સમર્પણ કર્યુ તો તમારા બધા પદાર્થોમાં બ્રહ્માત્મકતા પ્રકટ થઇ જશે.

(નિખિલસ્વાત્માત્મીયાનાં ભગવત્સમર્પણેન સેવાયાં વિનિયોગૌપયિકશુદ્ધિઃ ભવત્યેવ)– પોતાનો આત્મા અને આત્મિય અર્થાત્ અહંતા મમતાસ્પદ જે કાંઇ વસ્તુ છે તેને ભગવાનને સમર્પિત કરવાથી, સમર્પણના કારણે સેવામાં તેને વાપરવામાં વિનિયોગ અર્થાત્ સેવામાં વાપરવા લાયક તેની શુદ્ધિ થઇ જ જાય છે. તેને શ્રીમહાપ્રભુજી ગંગાના ઉદાહરણથી

સમજાવી રહ્યા છે.

ગઙ્ગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિ- વર્ણના ।।૮।।
ગઙ્ગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ ।।

કોઈ સાધારણ નહીં, કોઈ ગટર-બટર વગેરે જે કાંઇ ગંગામાં મળે છે ત્યાર પછી તે ગંગાની જેમ જ માન્ય થઇ જાય છે. તે પછી તે કર્મનાસા હોય કે ગમે તે. હવે ધ્યાનથી સમજો કે આ તો આપણે પુષ્ટિમાર્ગીય છીએ તેથી શ્રીયમુનાજીને આપણે માનીએ છીએ. બાકી દુનિયામાં તો શ્રીયમુનાજી ગંગાજીમાં મળી ગઇ, તો ગંગા યમુના ન થઇ, પરંતુ શ્રીયમુનાજી ગંગાજી બની ગયા. આ સિદ્ધાન્ત માન્ય છે. તો તે જે ગંગાત્વ છે કે જે કાંઇ ગંગામાં મળ્યું તે ગંગામય બની જાય છે. એવી રીતે જે પણ ભગવાનને સમર્પિત કર્યુ તે બ્રહ્મને લાયક ઉપયોગી થઈ જાય છે. બધા દોષ હોવા છતા પણ, જો એ દોષ બ્રહ્મસંબંધથી નિવૃત્ત થઈ જતા હોત તો પછી શ્રીમહાપ્રભુજીને આ ગટરના ઉદાહરણની જરૂરત જ ન પડત.

જુઓ ધ્યાનથી સમજો આ રહસ્યને કે જો બ્રહ્મસંબંધ કરવાથી બધા દોષ નિવૃત્ત થઈ જતા હોત, તો આ ગટરના ઉદાહરણની જરૂર જ ન હતી. નાલીના જલના ઉદાહરણની જરૂર જ ન હતી. નાલીના જલનું ઉદાહરણ આપી રહ્યા છે, તે એટલા માટે શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે કે નાલીનું જલ જે છે તે ગંગામાં ભળી ગયા પછી નાલીનું જલ નથી કહેવાતું, ગંગાજલ જ કહેવાય છે. પરંતુ ધ્યાનથી સમજો આ રહસ્યને ફરીથી, કે નાલીમાં જો ગંગાજલ ભેળવ્યું ને તો નાલીનું જલ જ કહેવાશે. ગંગાજલ નહીં કહેવાય. ગંગાની મુખ્યતા હોવી જોઈએ એ વાત સમજો.

એવી રીતે ભગવત ઉપભોગની, ભગવાનને સમર્પણ કરવાની મુખ્યતા હોવી જોઈએ. તો દોષ પણ સમર્પિત થઇ ગયા. તો તે સેવામાં વિનિયોગાર્હ શુદ્ધ થઈ જશે. પણ પોતાના ઉપભોગની જો ચિન્તા હશે તો સમર્પણની પ્રક્રિયા દ્વારા તમે ગંગાને ગટરમાં મિલાવી રહ્યા છો. ગટરને ગંગામાં નથી મીલાવી રહ્યા. પછી ગંગાજલની એક લોટી લઇ આવો અને અહીં મીઠી નદીમાં નાખી દયો તો જે

કોઈ મીઠી નદી છે તે કાંઇ ગંગા થઈ જશે ? નહીં થાય.

હમાણા અહીંયા જે ગિરિરાજજી ખુલ્યાને ! તો મને અમારા એક પડોશીએ આ રહસ્ય બતાવ્યું. ગિરિરાજજીની પરિક્રમા કરવા પુનમે જતીપુરા જતા હતા. તેઓને આ રહસ્ય સંભળાયુ કે તે ગિરિરાજજી અહિંયા પધાર્યા. તેમણે કહ્યું હવે તો આનંદ થઇ ગયો. હવે ગિરિરાજજીની પરિક્રમા કરવા શા માટે જવું ? અહીયાં પરિક્રમા કરીએ. મુખિયાને પુછયું કે ભાઈ ગિરિરાજજી પધાર્યા, આટલુ આટલું સોનુ દઈ પધાર્યા. તેમણે કહ્યું કાંઇ નથી. ભાટા (પથ્થર) અહીંના છે. ત્યાંથી રજ લાવીને છાંટી દીધી તેમના પર.

ભગવાનમાં પ્રદૂષણ (પોલ્યુશન), આપાણે દૂધમાં પ્રદૂષણ સાંભળ્યું, હવામાં પ્રદૂષણ સાંભળ્યું, ઘીમાં પ્રદૂષણ સાંભળ્યું, ભગવાનમાં આ પ્રદૂષણ કે ભાટા (પથ્થર) બધા મુંબઈના અને માટી ગિરિરાજજીની છાંટી દીધી હવે બોલો ગિરિરાજજી થઈ ગયા. હવે ધંધો ચાલુ થઈ ગયો. કરો પરિક્રમા, ચડાવો દૂધ, લાવો પૈસા. આ પ્રક્રિયામાં ગિરિરાજજી પણ બિચારા પ્રદૂષિત થતા જાય છે. તો સમર્પણનો સાચો અર્થ આપાણે સમજવા માટે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

આ જ ચિંતા સમર્પણ આપાણે કરીએ છીએ તો આપણને થશે કે હવે સમર્પિત અને અસમર્પિતનો નિર્વાહ કેમ નિભાવવો. સમર્પણ આપાણે કર્યુ તો, નિવેદન કર્યુ તો, સમર્પણ થયું કે નહીં ? સમર્પણ થયુ તો વિનિયોગ થયો કે નહીં ? વિનિયોગ નથી થઇ રહ્યો તો આપાણે સમર્પણ કર્યુ હશે, નિવેદન કર્યુ હશે તો સમર્પણ થયું કે નથી થયું તેની ચિંતા થશે. વિનિયોગ થયો કે નથી થયો તેની ચિંતા થશે ? તેથી સિદ્ધાન્તરહસ્ય પછી ચિંતા પ્રગટ થઈ રહી છે. તે ચિંતાના નિવારણ માટે નવરત્ન ગ્રંથ આવે છે.

પ્રશ્ન

એટલા માટે કે ''ગુણદોષાદિ વર્ણના, ગંજ્ઞાત્વે ન નિરૂપ્યા સ્યાત્'' કારણકે ત્યાર પછી તેના જે ગુણદોષ છે તે નિરૂપીત જ નથી રહી જતા. ખૂબ જ સરસ તે પુછયું જુઓ ધ્યાનથી સમજો કે જો આપાણે આવો અર્થ કરીએ કે જે

સાધારણ જલ છે તે જલ જો ગંગાજીમાં મળી જાય તો તે સાધારણ જલના જે ગુણદોષ છે તે ગંગાત્વે ન નિરૂપિત થાશે તો ગંગામાં દોષ માનવો પડશે. તો એ રીતે તો ગંગામાં પાછો દોષ ઉત્પન્ન કરવાવાળા સમર્પણની તો જરૂરત નથી ને ! એથી આપણે અહી વિરામ લેવો જોઈએ. ''ગંઙ્ગાત્વં સર્વદોષાણાં ગુણદોષ'' જો આ ''નિરૂપ્યા'' અને ''ગુણદોષાદિ વર્ણના'' સમાન વિભકિતના છે.

ફરી જો લૌકિકવત્ જલ છે તેના ગુણદોષની વર્ણના ગંગાત્વ હોવાથી નિરૂપ્ય નહીં રહી જાય. તેનું ગંગાત્વ જ થઈ જાય છે અને આમ અર્થ લઈએ કે ''ગંઙ્ગાત્વે ન નિરૂપ્યા સ્યાત્'' તો જે લૌકિક જલના જે ગુણદોષ છે તે ગંગાના ગુણદોષ તરીકે થયા. ગંગાના ગુણ તરીકે તો ઠીક વાત છે, પણ દોષ તરીકે પાછું તેને કરવું (જોવું), તો આ સિદ્ધાન્તરહસ્યનો સાર છે તે પાછો સફળ (હીટ) થઈ જશે. કારણકે સાર શું છે ? કે સદોષ છે તે નિર્દોષની સેવા કેવી રીતે કરે ? તેમાં સમર્પણ આવી રહ્યું છે, તેમાં ગંગા અને લૌકિક જલની વાત આવી રહી છે. તો તે ''ગુણદોષાદિ વર્ણના'' પછી નહીં રહી જાય. એક વખત બધા આ વાતને લખી લ્યો કે **''ગુણદોષદૃષિર્ દોષો ગુણસ્તૂભયવર્જિતઃ''** જયારે ગુણ અને દોષની તમે વિવેચના કરી રહ્યા છો તો આ એક દોષની જ એક વેરાયટી છે.

આ બ્રહ્મજ્ઞાનના સ્તર પર કરેલી વાત છે હો. આપણા લૌકિક સ્તરની વાત નથી. આને પાછું એમ નહીં લઈ લેતા ઉટપટાંગ અર્થમાં કે જે વખતે બ્રહ્મજ્ઞાન થશે જેને તો બ્રહ્મજ્ઞાન થયા પછી કોઈપણ વસ્તુમાં ગુણ અને દોષના દર્શન થવા એ પણ એક દોષ છે અને ગુણ શું છે ? કે ન ગુણ દેખાય કે ન દોષ દેખાય, ફકત બ્રહ્મ જ દેખાય.

એક વાત ધ્યાનથી સમજો. એટલા માટે આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં જેમ કે આપણે કોઈ પુરુષાર્થ કર્યો, પુરુષાર્થ કરીને કોઈ ગુણ આપણે આપણી અંદર ખિલવ્યો અથવા પ્રાપ્ત કર્યો તો આપણે તેને અભિનંદન કેવી રીતે આપીએ. દર વખતે તેના પર પ્રભુની બહુ કૃપા છે કે તેને સામગ્રી ખૂબ સુંદર બનાવતા આવડે છે, તેને કીર્તન ખૂબ સારા આવડે છે પ્રભુની કૃપા છે. મતલબ શું થયો ? વ્યકિતના ગુણની પ્રશંસા કરવાને બદલે પ્રભુની કૃપાની પ્રશંસા કરીએ છીએ.

વ્યકિતના ગુણની પ્રસંશા નથી કરતા.

જે વખતે વ્યકિતની નિંદા કરવાનો પ્રસંગ આવે, અવગુણનો પ્રસંગ આવે તો આપણે એમ કહીએ કે ભાઈ ભગવદ્ ઈચ્છા કાંઈક વિપરીત લાગી રહી છે. આવા આવા દોષ તેનામાં પ્રગટ થઈ રહ્યા છે. તો તે જે આપણી એક જુની ચિત્તની ભક્તિમય વૃત્તિને જાળવી રાખવાની એક શિસ્ત (ડિસીપ્લીન) છે. પરંતુ હવે તો છૂટી ગઈ છે તે ડિસીપ્લીન. પરંતુ પ્રાચીન લોકો ઘણી પાળતા હતા આ ડિસીપ્લીનને. વ્યકિતની ન તો પ્રશંસા કરવી, ન વ્યકિતની નિંદા કરવી. ભગવદ્ ઈચ્છા અને ભગવદ્ કૃપાથી જ દરેક વાતનું સમાધાન કરતા રહેવું.

પરંતુ તે સિકકો એટલો વાપર્યો કે તેના કાટ અને છાપ બન્ને ઘસાઈ ગયા. તેથી સાવધાનતાથી ફરી પાછું તેને ઓળખવું પડશે કે તે શું છે ? એટલા માટે થોડી સાવધાનીની પાછી જરૂરત છે. પ્રમાણસર તે વાત ખૂબ જ સારી છે. પણ ફકત સિકકાના અર્થમાં વાપરવામાં આવે તો ખોટો સિકકો પણ ચાલી શકે ? જયારે તેના પર કરેલ પ્રિન્ટ ઘસાઈ જાય છે તો પછી તેની અવેજીમાં ખોટો સિક્કો પણ ચલાવી શકાય છે. તો ખોટો સિક્કો ન ચાલે તેટલા માટે તેની કાટ અને છાપ જોઈ લેવી પાછી જરૂરી બની જાય છે.

પ્રશ્ન :– અક્ષરશઃ એટલે શું ?

જવાબ :– ‘‘અક્ષરશઃ’’ અર્થાત્ પ્રભુએ કહ્યું તે બધું જ, તેમાં ન કાંઈ વધારીને કે ન કંઈ ઘટાડીને. તેમાં નથી ઉમેરો કરી રહ્યો કે નથી ઘટાડો કરી રહ્યો.

‘‘ગુણદોષદૃષિર્ દોષો ગુણસ્તૂભયવર્જિતઃ’’ બ્રહ્મજ્ઞાન થયા પછી ગુણ અને દોષ કોઈના ઓડિટ (પરીક્ષણ) કરવા એ એક દોષ છે. અને બ્રહ્મજ્ઞાન થયા પછી **‘‘ગુણસ્તુ ઉભય વર્જિતા’’** અર્થાત્ ન કોઈના ગુણ જોવા મળે, ન કોઈના દોષ જોવા મળે. જયાં ગુણ છે ત્યાં પણ બ્રહ્મ દેખાશે અને જયાં દોષ છે ત્યાં પણ બ્રહ્મ દેખાશે. અર્થાત્ **‘‘શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ’’** તે જે ગીતાજીનો સિદ્ધાન્ત છે તે **‘‘ગુણસ્તુ ઉભય વર્જિતઃ’’** ગુણ દોષ ન દેખાવા બ્રહ્મ જ દેખાય કારણકે ગુણ પણ દેખાઈ રહ્યો છે તો તમારી બ્રહ્મ દષ્ટિમાં થોડું હકારાત્મક ખલેલ (પોઝીટિવ ડિસ્ટીબન્સ) થઈ રહી છે અને જયારે કોઈ

વસ્તુનો ગુણ નથી દેખાઈ રહ્યો અને બ્રહ્મ જ દેખાઈ રહ્યો છે તો પછી તમારી બ્રહ્મની અનુભૂતિમાં કોઈ ખલેલ નથી પડતી આ વાત છે.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં સિદ્ધાન્તરહસ્યં સમ્પૂર્ણમ્ ॥

।। નવરત્નમ્ ।।

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિટ્ઠલેશ્વર પ્રભુઃ શ્રીમાન ।।
પુરુષોત્તમશ્ચ તૈચ્ચ નિર્દિષ્ટા પુષ્ટિ પદ્ધતિર્ જયતિ ।।

સિદ્ધાન્તો ને પોતાની સક્રિય બુદ્ધિથી સમજવાનો જે અભિગમ, તેનો જ આપણે ઉત્સવ ઉજવી રહ્યા છીએ. પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચા સભાનો વાર્ષિક ઉત્સવ. નિષ્ક્રીય રીતે કેવળ સાંભળતા રહેવું પોતાની બુદ્ધિ ન વાપરવી, તેવું તો આપણે ઘણું સાંભળ્યું, પણ પોતાની સક્રિય રુચિ લઈને શ્રીમહાપ્રભુજીની વાણીમાં અવગાહન કરવાનો જે અભિગમ તે જ પુષ્ટિ સિદ્ધાન્ત ચર્ચા સભા હતી અને તે ચર્ચા સભાના વાર્ષિક મહોત્સવને એજ અભિગમથી અમે ગોસ્વામી બાલકો જ નહીં, તમે ફકત વૈષ્ણવો જ નહીં, પરંતુ આપણે સહુ પુષ્ટિમાર્ગીયો સાથે મળીને ઉજવીએ.

ભૂમિકા :

તેની કડીના રૂપે હવે, આપણે નવરત્નનું થોડુક વધારે સઘન સ્વાધ્યાય કરીશું. આજે અહીં પત્રિકા છે તે જે લોકોને રાખવી હોય તે લોકો રાખે હાથમાં, નવરત્નના શ્લોકોનો અન્વય કરીને દરેક શબ્દોના અન્વય પછી જે વાકય રચના થાય છે તે વાકય રચનાના ઘટક, કયા કયા ઉપાદાનો છે, તેને જુદી જુદી રીતે ટાઈપ (પ્રિન્ટ) કરીને આમા દર્શાવવામાં આવ્યા છે. કયાંક ટાઈપને સઘન કરી દીધી છે, કયાંક કોઈક ટાઈપ ફેસના નીચે અન્ડર લાઈન કરી છે, કોઈક ટાઈપને ત્રાસી કરી છે, કોઈક ટાઈપને સીધી રહેવા દીધી છે. કોઈક ટાઈપના ઉપર એટલે કે અક્ષરોની ઉપર બ્રેકેટ આપવામાં આવ્યા છે અને એક બોક્ષ બ્રેકેટ સાઈડમાં આપવામાં આવ્યા છે. એટલે જે વાકયોના ઘટક જુદા જુદા અંગો છે તેને આપણે સરખી રીતે સમજીએ.

આજે આપણે થોડાક મોડા (લેઈટ) છીએ. એટલે આજે તમે રાખો, પસ્તી માટે કાલે ફેકી નહીં દેતા, એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. એટલે કહી રહ્યો છુ કે ફેંકી નહીં દેતા પસ્તીમાં. મોટાભાગે આજે કદાચ શરૂ થઈ શકશે

તો આ શરૂ કરીશ, નહીંતર કાલે તો આ આપણે કરીશું જ. આને સમજતા પહેલા અમુક જે મુખ્ય મુદ્દાઓ છે નવરત્નના ઉપદેશના પાછળના તે મુદ્દાઓને આપણે સરખી રીતે સમજવા પડશે.

સૌથી પહેલો મુદ્દો નવરત્નની બાબતમાં એ છે કે નવરત્ન ષોડશ ગ્રંથમાનો એક ગ્રંથ છે. આપણે પુષ્ટિમાર્ગીય છીએ અને આપણા પુષ્ટિમાર્ગની જો કોઈ આચાર સંહિતા હોય તો પુષ્ટિમાર્ગીય તરીકેની, તે આચાર સંહિતાનો પ્રથમ ઉપદેશ એટલે પ્રાથમિક ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથો દ્વારા કર્યો. આ સિવાય પણ કેટલાક આચાર સંહિતા રૂપ ગ્રંથો શ્રીમહાપ્રભુજીના છે અને દેખીતી રીતે જે ઉપદેશ શ્રીમહાપ્રભુજી ન આપી શકયા તે ઉપદેશ શ્રીગુસાંઈજીએ આપ્યો છે. તેવા પણ અમુક ગ્રંથો છે, ષોડશગ્રંથ સિવાયના. એટલા જ માટે હવે અમે એક પ્રોજેકટ હાથમાં લીધો છે. ગલભગ બાવીસ ગ્રંથોનો એક વોલ્યુમ પ્રકાશિત કરવા અમે જઈ રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજી જયારે કૃપા કરશે ત્યારે ચોકકસ બહાર આવી જશે.

પરંતુ એ બધા જ ગ્રંથો જે આપણી આચાર સંહિતાને સમજાવે છે તેવા ગ્રંથો છે. પણ એમા શ્રીગુસાંઈજીએ રચેલા સર્વોત્તમસ્તોત્ર, વલ્લભાષ્ટકમ્ સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત, શ્રીમહાપ્રભુજીએ રચેલા ગ્રંથો પૈકી પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી અને સર્વનિર્ણયનું સાધનપ્રકરણ એવા ગ્રંથો અને મંગલાચરણ. એવા ગ્રંથોનો એમા સમાવેશ કરીને લગભગ બાવીસ ગ્રંથોની એક આપણી આચાર સંહિતાનું નિકટના ભવિષ્યમાં જ અમે પ્રકાશન કરીશું. પણ હાલ પૂરતું જે આપણે સમજવાની આવશ્યકતા છે તે એ કે ષોડશ ગ્રંથ એ આપણી સૌથી પહેલી આચાર સંહિતા છે.

ષોડશ ગ્રંથના ઉપદેશથી આપણે છૂટા પડયા, કોઈક બીજા માર્ગ ઉપર ભટકી ગયા. પછી સમજી જાવ કે પુષ્ટિમાર્ગ ઉપર તમે નથી ચાલી રહ્યા. ષોડશ ગ્રંથને સમજો, જે રીતે સમજો એ પ્રકારે સમજો. બાલકોથી સમજો, પોતે વાંચીને સમજો, ચર્ચા કરીને સમજો, અનુવાદથી સમજો, બસ શર્ત એ અનુવાદ સાચો હોય તો કોઈ વાંધા જેવી વાત જ હોતી નથી. તેથી શ્રીગુસાંઈજીએ અહીંયા

નવરત્ન ગ્રંથના અંતમાં એક બહુ સૂચક વાત આપણને કહી છે અને તે દરેક પુષ્ટિમાર્ગીએ ખ્યાલ રાખવા જેવી છે. શ્રોતાએ તો ખરી જ પણ જે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનો ઉપદેશ કરવા માગે છે, તેમણે સવિશેષ ખ્યાલમાં રાખવા જેવી છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે

''ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢ્યાર્થં ઈદં ઉચ્ચતે ।।
અન્ધસ્ય સૂર્યઈવ તદ્ વિમુખસ્યાત્ર નાર્થિતા ।।''

જે પુષ્ટિમાર્ગ ઉપર પ્રવૃત્ત થયો છે. જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માગે છે. **''ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢ્યાર્થં ઈદમ્ ઉચ્ચતે''** આ જે કાંઈ ઉપદેશ આપવામાં આવી રહ્યો છે તે પુષ્ટિમાર્ગ ઉપર પોતાના દઢ કદમ, દઢ ડગલા ભરી શકે તેના માટે આપવામાં આવેલો આ ઉપદેશ છે. **''અન્ધસ્ય સૂર્ય ઈવ''** આંધળા માણસને સૂર્ય ઉગે કે આથમે તેનાથી કશો ફરક પડતો નથી. એમ જે પુષ્ટિમાર્ગથી વિમુખ છે તેના માટે નવરત્નમાં ચિંતા કરવી કે ન કરવી તેની બાબતમાં કશું જ કહેવામાં આવ્યું નથી.

જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માગે છે. તેને જે ચિંતા થઈ રહી છે તેની ચિંતાના નિરાકરણનો અહીંયા ઉપદેશ છે. આપણને છોકરી નથી મળતી, પરીક્ષામાં પાસ થવું છે, ધંધો નથી ચાલતો અને ''ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ'' કરશો તો ભગવાન તમારી લૌકિકીગતિ જ કરવાનો છે. એક વાત સાચી સમજીને રાખો, કેમ કે એ ચિંતાનો આ નવરત્નમાં કશું લેવાદેવાનો સંબંધ નથી. **''તદ્ વિમુખસ્યાત્ર નાર્થિતા''** અહીંયા તેને ઉદ્દેશીને કાંઈ કહેવામાં આવી રહ્યું નથી. એ વાત આપણે સૌથી પહેલી ચાહો તો તમારા હાથમાં કાગળ છે, લખીને સ્પષ્ટ કરી લ્યો. ચાહે તો મનમાં કોતરી લ્યો પણ એ વાત સૌથી પહેલો મુદ્દો છે તે દરેકે સમજવું જોઈએ.

આજે જમાનો એવો વિચિત્ર આવી ગયો છે ને કે મને બીક લાગે છે કે થોડાક દિવસમાં કોઈકને ચિંતા થતી હશે તો નવરત્ન મહાયાગ પણ થવા માંડશે ''ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ સ્વાહા'' ''ભગવાન અપિ પુષ્ટિસ્થો સ્વાહા'' ''ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્ સ્વાહા'' કરીદો બધું

સ્વાહા. તે અહીંયા નથી કહેવામાં આવી રહ્યું ભાઈસાબ, સ્વાહા સ્વાહા આ તે સિદ્ધાન્ત નથી કહેવામાં આવી રહ્યો. તે ચિંતાની બાબતમાં અહીં કશું નથી કહેવામાં આવી રહ્યું.

એટલે સૌથી પહેલા એ વાત આપણા હૃદયમાં સ્પષ્ટ થઈ જવી જોઈએ કે આ સ્વાહાકાર જે આપણે કરી રહ્યા છીએ તેનો પુષ્ટિમાર્ગ સાથે કશું લેવાદેવાનો સંબંધ નથી. એ મર્યાદા માર્ગીય પ્રણાલી છે. આપણે મર્યાદામાર્ગને પણ અનુસરવાનું છે, એવું નથી કે પુષ્ટિમાર્ગીય થયા એટલે **''સૈયા ભયે કોટવાલ અબ ડર કાહેકા''** બધી મર્યાદાને તોડી દ્યો તેનું નામ પુષ્ટિ, એવી ખોટી ભ્રમણામાં નહીં રહેતા. પણ મર્યાદા અને પુષ્ટિનો ભેલસેલ નહીં કરો. દરેકને તેની સચ્ચાઈમાં અનુસરવું તે એક સૌથી પહેલી આવશ્યકતા નવરત્ન કે કોઈપણ ષોડશગ્રંથને સમજતા પહેલા સમજી લેવાની બહુ તાતી જરૂરિયાત છે.

તે સિવાય એક વાત સમજો કે શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથમાં પોતાના બીજા ઉપદેશને બાલબોધ કહ્યો. જોકે તે સિવાયના બીજા પંદર ગ્રંથોમાં કોઈ એવો શબ્દ શ્રીમહાપ્રભુજીએ વાપર્યો નથી. પણ બીજા ઉપદેશને બાલબોધ કહ્યો. તેથી કાંઈક આપણે કોઈ સૂચન મેળવવું હોય તો આપણે એવી રીતે પણ મેળવી શકીએ. જેમ આ શરીરનો શારીરિક વિકાસ, માનસિક વિકાસ એક બાળકનો પરિવારમાં, સમાજમાં જે રીતે થાય છે. તે બધાને અનુલક્ષીને બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, કિશોરાવસ્થા, યૌવનાવસ્થા, પ્રોઢાવસ્થા, વૃદ્ધાવસ્થા એવી છ જાતની લગભગ અવસ્થાઓ સ્વીકારવામાં આવે છે.

તો ષોડશ ગ્રંથમાંના બીજા ઉપદેશને બાલબોધ કહ્યો, તો એ હિસાબે પણ આપણે ષોડશગ્રંથને જોવાની દૃષ્ટિ થોડીક કેળવવી જોઈએ. યમુનાષ્ટક અને બાલબોધ તે આપણા માટે બાલબોધ એટલે બાલોપદેશ છે. બાલ્યાવસ્થાનો પુષ્ટિમાર્ગીય દૃષ્ટિથી એટલે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની સમજ, પુષ્ટિભકિત અને પુષ્ટિશરણાગતિને જીવવા બાબતનો આપણો અભિગમ, તેની નિષ્ઠા, શ્રદ્ધામાં જે બાલ્યાવસ્થા છે. તે બાલ્યાવસ્થાને ઉદેશીને આપવામાં આવેલ આ બે ઉપદેશો છે, યમુનાષ્ટકમ્ અને બાલબોધ.

ત્યારપછી આવે છે કુમારાવસ્થા. બાલ્યાવસ્થા અને કુમારાવસ્થા વચ્ચેનો ભેદ આપણે સંક્ષેપમાં એવી રીતે સમજી શકીએ કે જે પોતાના પગલે ચાલી ન શકતો હોય તે બાલ. થોડાક ડગુમગુ પગલા પડતા હોય એમાં વાંધો નથી, પરંતુ તે ચાલવા મંડે તો પછી કુમાર. સિદ્ધાન્તમુક્તાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ આ બે કુમારાવસ્થાના ગ્રંથ છે. પુષ્ટિમાર્ગીય દષ્ટિથી કુમારાવસ્થાને ઉદેશીને આપવામાં આવેલ આ બે ઉપદેશો છે. ત્યાર પછી કિશોરાવસ્થા, સોળ (૧૬) વર્ષ સુધીની ઉંમરને કિશોરાવસ્થા કહેવાય. પુષ્ટિમાર્ગીય દષ્ટિથી કિશોરાવસ્થાના ચાર ગ્રંથ ગણાવી શકાય (૧) સિદ્ધાન્તરહસ્યમ્ (૨) નવરત્નમ્ (૩) અંતઃકરણપ્રબોધઃ (૪) વિવેકધૈર્યાશ્રયઃ. આ ચાર ગ્રંથ કિશોરાવસ્થાને ઉદેશીને ઉપદેશ આપતા ગ્રંથ છે. કિશોરાવસ્થા એટલે જેને આપણે ટીનેજર કહીએને તે.

હવે ધ્યાનથી સમજો યુવાવસ્થા, તો ૧૬ થી ૩૦ વર્ષ સુધીની ઉંમરને યુવાવસ્થા અથવા યૌવનાવસ્થા કહેવાય. ષોડશગ્રંથ અંતર્ગત (૧) કૃષ્ણાશ્રય (૨) ચતુઃશ્લોકી (૩) ભકિતવર્ધિની. આ ત્રણ ગ્રંથ યુવાવસ્થાના ગ્રંથ કહેવાય. આ ત્રણ ગ્રંથ પુષ્ટિમાર્ગીય યુવાવસ્થાને ઉપદેશ આપતા ગ્રંથ છે. પુષ્ટિમાર્ગીય યુવાન કેવો હોવો જોઈએ ? એ વાતને સમજાવતા આ ત્રણ ગ્રંથ છે.

હવે સમજો પૌઢાવસ્થા, તો ૩૦ વર્ષની ઉંમર થાય ત્યાર પછી પ્રૌઢ ગણાય. તો પુષ્ટિમાર્ગીય દષ્ટિથી પ્રૌઢાવસ્થાના ૩ ગ્રંથ છે. (૧) જલભેદઃ (૨) પઞ્ચપદ્યાની (૩) સંન્યાસનિર્ણયઃ તો આ ત્રણ ગ્રંથ પ્રૌઢાવસ્થાને ઉદેશીને ઉપદેશ આપતા ગ્રંથો છે. છેલ્લે વૃદ્ધાવસ્થા જયારે માથાના વાળ બધા સફેદ થઈ જાય. ઘરમાં દવાઓનો જમાવડો ખૂટતો જ ન હોય, એવી અવસ્થાને વૃદ્ધાવસ્થા કહેવાય. ષોડશગ્રંથ અંતર્ગત (૧) નિરોધલક્ષણમ્ (૨) સેવાફલમ્ આ બે ગ્રંથ પુષ્ટિમાર્ગીય વૃદ્ધાવસ્થાને ઉદેશીને ઉપદેશ આપતા ગ્રંથ છે. કે પુષ્ટિમાર્ગીય વૃદ્ધ કેવો હોવો જોઈએ એ વાત સમજાવતા આ બે ગ્રંથ છે.-

જુઓ ધ્યાનથી સમજો આ વાત કે આપણે બ્રહ્મસંબંધ લીધું અને એવી જડતા આજ આપણી સામે પુષ્ટિમાર્ગમાં ઉત્પન્ન થઈ ગઈ છે કે એક

અતિશયોકિત (એકસટ્રીમ) એ છે કે મહારાજ જે લંડન, અમેરિકા વગેરે દરિયાઈ દેશોમાં (ગલ્ફ કન્ટ્રીઝ) જઈ રહ્યા છે. ત્યાં કોઈ કૂવો ખોદાવતા નથી. બધા ત્યાં જે જલ પ્રાપ્ત છે તે જ પી રહ્યા છે. કોઈપણ વિદેશના કોઈને પણ પૂછી લેજો, તો ખબર પડી જશે. રહસ્ય શું છે ? અને વૈષ્ણવને એમ કહેવામાં આવે કે તમે કૂવાના જલથી ન ન્હાવ તો બ્રહ્મસંબંધ બોલી જ ન શકો. હવે વૈષ્ણવ કૂવાનું જલ લાવે કયાંથી ? અને બ્રહ્મસંબંધ બોલે કયાંથી ? અર્થાત્ બ્રહ્મસંબંધ લીધેલુ હોય તો પણ તેમને ભૂલાવી દેવામાં આવે.

એક વાત સમજો કોઈપણ લીધેલી દીક્ષાને ભૂલીજવું એનાથી મોટો દુનિયામાં કોઈપણ દોષ નથી. બધાથી મોટો દોષ દુનિયામાં એ છે કે તમે હમણા લીધેલી દીક્ષા ભૂલી ગયા અને આ વાત આપણાથી નહીં, પચાસ પરિચિત વૈષ્ણવોનો સર્વે કરીને જોઈ લ્યો કે, પચાસ બ્રહ્મસંબંધીઓને પૂછીને જુઓ કે બ્રહ્મસંબંધ મંત્ર આવડે છે ? પચાસમાંથી પાંચ જો કહે કે હા આવડે છે, તો માનવું કે પુષ્ટિમાર્ગ જીવીત છે. હું તો આ પરિસ્થિતિમાં નિરાશાવાદી છું. પાંચ પણ મુશ્કેલીથી કહી શકશે કે આવડે છે આ સ્થિતિ છે.

બધા બ્રહ્મસંબંધ લઈ લ્યે કોઈને ન તો બ્રહ્મસંબંધ મંત્ર આવડે, અર્થ તો આવડે જ નહીં તે તો અમને પણ ન આવડે બાલકોને પણ, કે અર્થ શું છે ? પૂછીએ તો ખવાસને સૂચના (ઈન્સ્ટ્રકશન) આપી દેવામાં આવે કે ભગાડો ભગાડો કયા માથુ ખાવા આવી ગયા. તો અર્થ તો અમને પણ ન આવડે. પરંતુ વૈષ્ણવને મૂળ મંત્ર પણ ન આવડે કે શું મંત્રના શબ્દ છે ? આ હાલત છે, જે આપણે બધા જીવી રહ્યા છીએ. તો કેવડી મોટી ગંભીર સ્થિતિ છે ?

આચાર્યચરણ નવરત્નમાં જે કાંઈ કહેવા જઈ રહ્યા છે, તેનાથી સાવ ઉલટુ છે. આપણે જે કાંઈ કરી રહ્યા છીએ તેનાથી સાવ ઉલટુ (જસ્ટ અપોઝીટ) જ છે. નિરંતર શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમને બધી ચિંતા એટલા માટે થઈ રહી છે કે તમે બ્રહ્મસંબંધ લઈને અને બ્રહ્મસંબંધ લેતી વખતે તમે શું લીધુ છે ? તેના ઉપર ધ્યાન નથી આપ્યું. થોડુક ધ્યાન આપી દયો. બ્રહ્મસંબંધ તમે લીધું. પરમાત્માને જીવાત્માએ આત્મનિવેદન કર્યુ. એક તથ્ય છે

પરમાત્મા, એક તથ્ય છે જીવાત્મા અને એક તથ્ય છે આત્મ નિવેદન. આપણો આત્મા અને આત્મીયનું નિવેદન કર્યુ. આત્મનિવેદનનો મતલબ સમજો. થોડું ધ્યાનથી સમજો.

જીવાત્મા, પુષ્ટિ આત્મનિવેદન, પુષ્ટિમાર્ગીય પરમાત્મા, પુષ્ટિ પ્રભુ. બસ આટલી વાત તમને યાદ રહે તો બધી તકલીફનું સમાધાન થઇ રહ્યું છે. અત્યારે જે કાંઇ આપણે ભૂલી ગયા છીએ, તે આ ત્રણમાંથી કોઇ એક પાસાને ભૂલી જવાથી બધી સમસ્યાઓ ઉભી થઇ રહી છે. પહેલો, બીજો કે ત્રીજો, આત્મનિવેદનમાં ત્રણ પાસા ઉભરી રહ્યા છે. આત્મનિવેદન અર્થાત આત્મા અને આત્મીયનો મતલબ આપણી અહંતા અને મમતાનું નિવેદન.

નિવેદન કેવું નિવેદન ? મર્યાદામાર્ગીય જેવું નહીં, પુષ્ટિમાર્ગીય (ટાઇપનું) કોની આત્મા ? કોના આત્મીય ? પુષ્ટિ જીવાત્માની આત્મા અને પુષ્ટિ જીવાત્માના આત્મીયને. કોને નિવેદન ? પરમાત્માને, જે પુષ્ટિપ્રભુ છે. તેમા બસ પેલુ પુષ્ટિવાળુ જે પાસુ છે ને તે દરેક વસ્તુને ઉચિત (કવોલીફાઇડ) કરી રહ્યું છે. દરેક વસ્તુને ચિંતા નિવૃત્તિથી એ ઉચિત બનાવી રહ્યું છે. તો તે જો આપણે સંબંધ ધ્યાનમાં રાખ્યો તો કયારેય કોઇ ચિંતા નહીં થાય. અર્થાત્ તેની (પુષ્ટિની) સભાનતા આપણામાં હોય, ભાન આપણને હોય, અહેસાસ આપણી અંદર બનેલો હોય તો કયારેય કોઇ ચિંતાનો પ્રસંગ ઉભો નહીં થઇ શકે. બધી ચિંતાઓ આ ત્રણમાંથી કોઇ એક પાસાને જે વખતે આપણે ભૂલી રહ્યા છીએ તો ઉત્પન્ન થઇ રહી છે.

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીસિદ્ધાન્તરહસ્યં સમ્પૂર્ણમ્ ।।

॥ નવરત્નમ્ ॥

(આત્મનિવેદનસ્વરૂપસ્ય ચિન્તનેન લૌકિક્યાઃ અલૌકિક્યાઃ વા, સેવોપયોગિવસ્તુવિષયિણ્યાઃ તદનુપયોગિવસ્તુવિષયિણ્યાઃ વા, ક્રિયમાણાયાઃ સર્વવિધચિન્તાયાઃ અકર્તવ્યત્વસ્ય ઉપદેશઃ)–આત્મ નિવેદનના સ્વરૂપનું ચિંતન કરવાથી આત્મનિવેદનમાં ત્રણે વાત આવી ગઈ બરાબર. આત્મનિવેદન આ પારિભાષિક શબ્દ છે. ધ્યાનથી સમજો દરેક વખતે આત્મનિવેદનનો અર્થ આ નહીં હોય. પણ આપણે ત્યાં જે આત્મનિવેદન શબ્દ છે તેની પરિભાષા આ છે. આ પરિભાષાને સાફ સમજી લ્યો, તેનું ચિંતન કરવાથી લૌકિક ચિંતા અથવા અલૌકિક ચિંતા, સેવામાં ઉપયોગી વસ્તુના વિષયમાં અથવા સેવામાં અનુપયોગી વસ્તુના વિષયમાં કરવામાં આવતી બધી ચિંતાને ‘‘અકર્તવ્યત્વસ્ય ઉપદેશઃ’’ તમે જે ચિંતા કરી રહ્યા છો તે ચિંતા ન કરો.

હવે જુઓ આનો એક બે મુખ્ય ચિંતાનો વિભાગ છે. આમ તો નવરત્ન હમાણા મેં આટલો સરસ રીતે ભણાવ્યો છે તેથી વધારે અપેક્ષા રાખવાનો અધિકાર નથી. પરંતુ **‘‘ભઇ હે ઉદાસ તોઉ મીલનકી હૈ આસ’’**ના અનુસંધાનથી થોડી આશા રાખુ છુ કે તમને યાદ હશે કે ચિંતાના મૂળ બે ભેદ છે. એક ક્રિયમાણા ચિંતા અને એક જાયમાણા ચિંતા. અર્થાત્ એક વોલેન્ટરી (કરવામાં આવતી) ચિંતા અને એક ઈન વોલેન્ટરી (સાહજિક થતી) ચિંતા. એક એવી ચિંતા કે જેને આપણે ખંજવાળી ખંજવાળીને ગુમડું બનાવી રહ્યા છીએ અને એક અંદરથી જ ગુમડું ફુટી ગયું છે. આવા બે પ્રકારના ગુમડા હોયને કે ખંજવાળી ખંજવાળીને ફોડકીને આપણે ગુમડું બનાવીએ. હોય મૂળમાં ફોડકી, પણ બહું ખંજવાળો તો પાછી તે ફોડકીનું ગુમડું થઈ જાય. તેલુગુમાં એક કહેવત છે કે **‘‘કોટી પુંડરૂ બ્રહ્મ રાક્ષસ’’**–નાનકડી ફોડકી હોય તેને ખૂબ મસળો પછી તેમાંથી એક બ્રહ્મ રાક્ષસ જેવડુ ગુમડું થઈ જાય.

તો એવી તે ફોડકીને ખંજવાળીને ગુમડું બનાવવું એવી ચિંતા અને એક અંદરથી જ ગુમડું ફુટે કેન્સરની ગાંઠની જેમ. આમ બે પ્રકારની મૂળ ચિંતા છે.

વોલેન્ટરી (કરવામાં આવતી) અને ઈન વોલેન્ટરી (સાહજિક થતી). તો છેલ્લા જે બે શ્લોક છે. આઠમો અને નવમો તેમાં ઈનવોલેન્ટરી (સાહજિક થતી) ચિંતાના નિવારણનો ઉપદેશ છે અને સાતમા શ્લોક સુધી વોલેન્ટરી (કરવામાં આવતી) ચિંતા ન કરવાની વાત કહી રહ્યા છે. ધ્યાનથી સમજયાને.

નવ શ્લોક છે તેમાંથી આઠ અને નવ ઈનવોલેન્ટરી ચિંતાના નિવારણ માટે છે અને એકથી સાત સુધી વોલેન્ટરી ચિંતા ન કરો એવું કહેવામાં આવી રહ્યું છે. એટલા માટે ધ્યાનથી સમજશોને તો પાછી સમજમાં આવશે કે વોલેન્ટરી ચિંતા છે તેને ન કરો. આમ કહે તો તે ઉપદેશને કોઈ અનુસરી શકે. જો ઈનવોલેન્ટરી ચિંતા છે તેને કોઈ કહે કે ન કરો તો તેને કોઈ કેવી રીતે અનુસરી શકે ? એટલા માટે ત્યાં નહીં કરવાનો ઉપદેશ નથી. થઈ રહી છે, તેને કેવી રીતે કાબુમાં રાખવી તેનો ઉપદેશ છે. હવે ચિંતા તો થઈ જ રહી છે. હવે તેના પર કેવી રીતે કાબુ મેળવવો ? ત્યા એ ઉપદેશ છે અને જયાં કરી રહ્યા છો ચિંતા, ત્યાં નહીં કરવાનો ઉપદેશ છે. હવે ન કરવામાં કઈ કઈ વસ્તુ સહાયક થશે ? તે વાત મેં નવરત્નના પ્રવચનમાં બહુ જ વિસ્તારથી બતાવી હતી પરંતુ અહીંયા વિસ્તારમાં જવાની જરૂર નથી.

ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્ ।। ૧ ।।
નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્ જનૈઃ ।।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।। ૨ ।।

‘‘ચિંતા કાપિ’’ તો કાપિનો અર્થ શું ? લૌકિક વા અલૌકિક, ચિન્તા કાપિ, અર્થાત્ ચિંતા નહીં કરો. મતલબ લૌકિકી અલૌકિકી, સેવામાં ઉપયોગી વસ્તુના વિષયમાં અથવા સેવામાં અનઉપયોગી વસ્તુના વિષયમાં કોઈપણ ચિંતા નહીં કરો. ‘‘ન કાર્યા’’ કહ્યું. તેનાથી જુઓ સમજમાં આવી રહ્યું છે કે કરવામાં આવતી ચિંતાને કહી રહ્યા છે. ‘‘ન કાર્યા’’ ન કરો. મતલબ તમે કરી રહ્યા છો, થઈ રહી નથી. ત્યારે તો એમ કહી શકાય ને કે ન કરો. વાત સમજમાં આવી ?

''ન કાર્યા'' કોણે ન કરવી જોઈએ ? ''નિવેદિતાત્મભિઃ કદાપીતિ'' જે નિવેદિત આત્મા છે, તેણે કોઈપણ ચિંતા કરવી જોઈએ નહીં.

કારણકે ''ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્'' અરે! જેને તમે આત્મ સમર્પણ કર્યુ, તેના પર થોડો તો વિશ્વાસ પ્રકટ કરો ! આ એકદમ આજે આધુનિક લગ્નની પરિસ્થિતિ છે ને કે છોકરી આપણે પરણાવી દઈએ, પણ આપણને વિશ્વાસ ન આવે કે છોકરીની કોઈ હત્યા તો નહીં કરી નાખે ને ? છોકરીને કોઈ સળગાવી તો નહીં દયે ને ? ભાઈ જયારે જુઓ આટલો અવિશ્વાસ છે તો પછી લગ્ન ન કરવા જોઈએ. લગ્ન કર્યા છે તો પછી થોડો તો વિશ્વાસ કરવો જોઈએ. પરંતુ થાય છે શું ? બન્ને બાજુથી લફડા ઉત્પન્ન થાય છે. આમ વિશ્વાસ કરીને છોકરી આપી. કોઈ બીજા સળગાવી દયે છે તેથી બે-ચાર કિસ્સા છાપામાં વાંચીને આપણો વિશ્વાસ ડગી જાય. આમ તો પહેલા અવિશ્વાસથી દયે તેથી જમાઈ બિચારો સ્વસ્થ સંબંધ સ્થાપિત કરી શકે નહીં. અવિશ્વાસથી જયારે સસરો છોકરી આપતો હોય, તો તે સ્વસ્થ સંબંધ નથી બનતો. તેથી તે તાલી બન્ને હાથથી વાગતી રહે તેથી તે અંત જ ન આવે આ ચિંતાનો.

તો તેના પર શ્રીમહાપ્રભુજી ધ્યાન આપાવી રહ્યા છે કે તમે આ વાતને સમજો કે નિવેદિતાત્મા તમે છો, તે પુષ્ટિસ્થ ભગવાન છે અને તમે આત્મનિવેદન પુષ્ટિમાર્ગીય કર્યુ છે. આ ત્રાણ ફેકટરને તમે ધ્યાનમાં રાખશો, તો ચિંતા કરવા માટે તમારે કોઈ યોગ્ય કારણ નહીં રહી જાય. નિવૃત્ત કેમ કરશો ? તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ''નિવેદનન્તુ સ્મર્તવ્યં''

હવે જુઓ આપણને નિવેદન મંત્ર જ યાદ નથી, તો સ્મરણ કેવી રીતે કરશો ? જે પ.ભ.ને પૂછશો તો તે રવાડે જ ચઢાવશે પાછો. પ.ભ. બધા ખુરાફાતી જીવ છે. તે નિવેદનના બદલે કોઈ બીજી વાત સમજાવી દેશે કે અહીં રાસલીલા કરવા આવો. અહીં આ કરવા આવો. અરે ભાઈ લફડો છે. ''નિવેદનન્તુ સ્મર્તવ્યં''ની વાત છે. પેલી રાસ લીલાની વાત નથી. વધારે કહેશો તો કહેશે ''રાસલીલૈક તાત્પર્યઃ કૃપયૈતત્કથા પ્રદઃ'' હવે બિચારા

શ્રીમહાપ્રભુજી શું કરે ? દુખી છે શ્રીમહાપ્રભુજી પોતાના લોકોથી. તેનો અહીં કેવી રીતે સંબંધ આવી ગયો ?**''રાસલીલૈક તાત્પર્યઃ''**નો ? તો કહે રાસલીલામાં ગોપીજનો એ ચિંતા કરી નહોતી ને ! પોતાના પતિને છોડીને ભાગી ગઈ હતી. એમ ભાગી આવો મારી પાસે. આ તેનું નિરાકરણ (સોલ્યુશન) નથી. ''નિવેદનન્તુ સ્મર્તવ્યં'' કોઈ બીજી વાત કહેવામાં આવી રહી છે.

સમજો ફરીથી બરાબર, શું વાત સમજવાની છે. **''રાસલીલૈક તાત્પર્ય''**ની નહીં ''સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ'' તે સર્વેશ્વર છે અને સર્વેશ્વર હોત તો પણ ચિંતાનું કારણ થઈ શકત. પણ સર્વાત્મા પણ છે. સર્વાત્મા હોય, તો પણ ચિંતાનું કારણ થઈ શકત. પણ સર્વેશ્વર પણ છે. મતલબ તમારો માલિક પણ છે અને તમારી અંદર પણ છે. તો જયારે તમારો માલિક પણ છે અને આત્મા પણ છે. તો તે તમને ચિંતિત કેમ રહેવા દેશે ? ચિંતાના કારણો શા માટે તમારી સામે ઉત્પન્ન કરે ? જે કાંઈ પ્રગટ થઈ રહ્યું છે, તેને તમે ચિંતાનું કારણ માની રહ્યા છો.

પરંતુ તમે તેના પર વિશ્વાસ નથી પ્રગટ કરી શકતા. કે તે સર્વેશ્વર અને સર્વાત્મા છે, તેની સર્વેશ્વરતા પર, તેની સર્વોત્મકતા પર જો તમે વિશ્વાસ રાખો. એકઝેટલી (બરાબર) આ સર્વેશ્વર-સર્વાત્મા તેને પુષ્ટિપ્રભુ બનાવી રહ્યા છે હો. પરમાત્મા જો સર્વાત્મા છે અને સર્વેશ્વર નથી તો પુષ્ટિપ્રભુ નથી રહી જતા. સર્વેશ્વર છે અને સર્વાત્મા નથી તો પણ પુષ્ટિપ્રભુ નથી રહી જતા.

આ બરાબર તે જ પરિસ્થિતિ છે કે જયાં શુદ્ધાદ્વૈતનું ખૂબ જ ડેલીકેટ બેલેન્સ (મૃદુ સમતુલન) આપાણે સમજવાનું છે. જેમ કે નિરંતર હું તમને સમજાવતો રહ્યો કે આપાણે કૃષ્ણ છીએ અને કૃષ્ણની સેવા કરવાની છે. એમ જ તે આપાણી આત્મા છે અને આપાણો ઈશ્વર છે. તે આપાણી એવી આત્મા નથી કે આપાણો ઈશ્વર ન હોય ! અને એવો ઈશ્વર નથી કે આપાણી આત્મા ન હોય !

જેમ પેલા રોમન જે લોકો હતા. તેઓ ગુલામોને સિંહની સામે છોડી દેતા લડાઈ કરવા માટે અને જયારે તે સિંહ તેઓને ખાઈ જતો તો ખૂબ ખુશ થઈને તાળી વગાડતા. એવો ક્રુર ઈશ્વર નથી. તે તમારા આત્મારૂપ ઈશ્વર છે. જો

સિંહ તમને ખાઈ રહ્યો છે તો તે પોતે પોતાને જ ખવડાવી રહ્યો છે. તે તમને નથી ખવડાવી રહ્યો અને એમ પણ ન સમજો કે તે ખાતા રોકવા માટે સમર્થ નથી. કાંઈક તેની પાસે તેની ગણતરી (કેલ્યુલેશન) એવી છે કે જે તમને કામ આવવાનું છે તે એના સિવાય પણ કાંઈક કરી શકતો હતો. ઈશ્વર હોવાના કારણે પરંતુ તેણે પ્રાથમિક રીતે એ પસંદ કર્યુ છે.

જેવી રીતે ડોકટર જે છે તે દવા આપીને ઠીક કરી શકતો હતો, પણ રોગ જો એવી પરિસ્થિતિમાં જતો રહ્યો કે જો કાપશો નહીં તો મરી જશે. તો ઓપરેશન કરીને તમને તકલીફ દઈને પણ તે રોગ દૂર કરવા ઈચ્છી રહ્યો છે. તે તેની સર્વેશ્વરતા અને સર્વાત્મકતા ઉપર તમે ધ્યાન આપશોને, તો ચિંતાનું કોઈ કારણ તમને રહેશે નહીં આ વાત ધ્યાનથી સમજો.

(નિવેદિતાત્મના નિવેદિતેષુ અનિવેદિતષુ વા સ્વસ્ય સ્વકીયાનાં વા વિનિયોગેપિ ભકત્યર્થં ક્રિયમાણા ચિન્તા આત્મનિવેદન-સ્વરૂપવિચારેણ નિવર્તનીયા)-નિવેદિત જે આત્મા છે, તેને નિવેદિત અથવા અનિવેદિત વસ્તુ વિશે પોતાના અથવા પોતાની આત્મિય વસ્તુના વિષયમાં અથવા પોતાનો વિનિયોગ સેવામાં અથવા પોતાના જે સ્વકિય છે તેનો સેવામાં વિનિયોગ લૌકિકમાં તેનો વિનિયોગ થશે તો મારી ભક્તિ સિદ્ધ નહીં થાય. નહીં તો ભકિત કેમ સિદ્ધ થાય ?

મેં આત્મનિવેદન કર્યુ, પણ હું પોતાનો વિનિયોગ સેવામાં નથી કરી શકતો. મેં આત્મનિવેદન કર્યું મતલબ ? મેં આત્મિયનું પણ નિવેદન કર્યુ છે અને તેનો સેવામાં વિનિયોગ નથી થઈ રહ્યો. તો ભકિત મારી કેમ સિદ્ધ થશે ? આ ભકિતના માટે તમે જે ચિંતા કરી રહ્યા છો, તે ચિંતાને તમે પોતાના આત્મનિવેદનના સ્વરૂપના વિચારથી આ ત્રાણેય પાસાઓ પર ધ્યાન આપો. આત્મનિવેદનના સ્વરૂપના વિચારથી તમે ભૂલાવી દયો ચિંતાને. કરી રહ્યા છો તો નહીં કરો ચિંતા.

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઇતિ સ્થિતિઃ ॥

અતોડન્યવિનિયોગેડપિ ચિન્તા કા સ્વસ્ય સોડપિ ચેત્ ।। ૩ ।।
અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્ ।।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના ।।૪।।

કારણ કે પ્રભુનો જે સંબંધ છે આત્મનિવેદન પછી, તે ‘‘સર્વેષાં’’ છે. ‘‘ન પ્રત્યેકમ્’’ એક એકની સાથે નથી. સામાન્ય (ઈન જનરલ) છે. ચોક્કસ એક સાથે સંબંધ નથી. તો કોઈ ચોક્કસ કેસમાં કાંઈક તો કોઈકનું વિનિયોગ થતુ હોય, કોઈકનો વિનિયોગ ન થતો હોય, તેની ચિંતા ન કરવી જોઈએ.

જેમ આપણે કોઈ આપણા મહેમાનને બોલાવ્યા. આપણી પાસે જે કાંઈપણ વસ્તુ છે તેને થાળીમાં પીરસી દીધી. સામાન્ય રીતે બધી વસ્તુ થાળીમાં પીરસી દીધી. કોઈ એક ચોકકસ (પર્ટીકયુલર) વસ્તુતો પીરસી નથી. હવે તેના ઉપર છોડવું જોઈએ ને કે તેને જે ભાવે તે ખાય, જે ન ભાવે તે ન ખાય. આપણા તરફથી તો આપણું કર્તવ્ય હતું કે આપણે આખી થાળી સજાવીને પાંચ, છ, દશ જેટલી વસ્તુ આપણે પીરસી શકતા હતા તે બધી પીરસી દીધી. હવે આપણે તેને ખાવાની સ્વતંત્રતા આપવી જોઈએ. પીરસવાનું કામ તમે સંભાળો અને ખાવું સ્વાતંત્ર્ય (ફ્રિડમ) તેનું સ્વીકારો. કે ‘‘**રુચે આપને કરું એવી ટહેલ રે અન્ય રખે ભાવો રે**’’ તો જે તમને રુચે તે ‘‘**રુચિ રુચિ ભોજન કીજે**’’ એવા ભાવથી.

તો કોઈ ચીજ અન્ય વિનિયોગમાં જઇ રહી છે. પ્રભુ વિનિયોગમાં નથી થઇ રહી અથવા આપણો અન્ય વિનિયોગ થઇ રહ્યો છે, તો ચિંતા ન કરો. ફરીથી એક વાત ધ્યાનથી સમજો, ચિંતા કરવાથી વિનિયોગ નહીં થઇ જાય. ચિંતા કરવાથી બે રોગ ઉત્પન્ન થશે. એક તો વિનિયોગ પણ ન થયો અને ચિંતા તમે કાંઈક વધારે કરી દીધી તો ચિંતા કરવાથી નિરાકરણ (સોલ્યુશન) નહીં થાય.

જેમ કે તમને કોઈ એક રોગની તકલીફ થઇ તો રોગ એક તો થયો અને તેની ચિંતા વધારે શરૂ કરી દેશો તો જયારે ઓપરેશન થીયેટરમાં જશો તો ડોકટર તમને પાછા કાઢશે કે હમણા આનું બ્લડ પ્રેશર વધી ગયું છે, ચિંતાના કારણે. ચિંતા કાંઇ નહીં કરો અને વિશ્વાસથી જશો કે ભાઇ રોગ થઇ ગયો છે તે તો થઇ ગયો છે. ડોકટર તેને કાપીને ઠીક કરી દેશે. તો દબાણ વધશે નહીં, તો ડોકટર

કાપી દેશે. પણ તમે તે સમયે પણ પાછી ચિંતા શરૂ કરી દીધી કે રોગ તો થયો છે. ઓપરેશન પણ થશે. હવે ચિંતા વધારે કરો તો બે રોગ ઉત્પન્ન થઇ ગયા ને ! તે વધેલા પ્રેશરમાં પાછુ ઓપરેશન નહીં થઇ શકે. એટલા માટે આ વાતને સમજીને ચિંતા કરી રહ્યા છો તે છોડો.

"અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ ... " અજ્ઞાનથી અથવા જ્ઞાનથી આમા જુઓ જ્ઞાનનો તો કોઇ પ્રશ્ન જ નથી. જ્ઞાન તો ફકત ગણતરી ગણવા માટે કર્યુ છે. મૂલ ચિંતાનું કારણ છે. નવરત્નની યાદ હોય તો તમને અજ્ઞાન જે છે તે મૂલ કારણ છે કે તમે જાણ્યા વગર આત્મનિવેદન કરી દીધું. તેના કારણે તમને ચિંતા થઇ રહી છે તો શ્રીમહાપ્રભુજી સામે પ્રશ્ન તમને પૂછી રહ્યા છે કે તમે આત્મ નિવેદન કર્યુ તેના કારણે પોતાને "કૃષ્ણસાત્કૃતપ્રાણ" માની રહ્યા છો કે નહીં ? "કૃષ્ણસાત્કૃતપ્રાણ" માની રહ્યા છો તો અજ્ઞાનથી કર્યુ હોય તો પણ શું ફરક પડે ?

હવે ચિંતા કરવાની શું જરૂરત છે ? અને જ્ઞાનથી પણ કર્યુ અને તમે પોતાને "કૃષ્ણસાત્કૃતપ્રાણ" નથી માની રહ્યા તો ચિંતા કરવાની શું જરૂરત છે ? કારણકે તમે કૃષ્ણ સાથે "કૃતપ્રાણ" તો છો જ નહીં તો જયારે "કૃષ્ણસાત્કૃતપ્રાણ" નથી તો જ્ઞાનથી પણ કર્યુ હશે ને નિવેદન તો ચિંતાની શું જરૂરત રહી ગઇ ? કેમકે આત્મનિવેદનનો મતલબ પોતાને અને કૃષ્ણને એકબીજાને એકબીજાથી સાનવાનો (જોડવાનો) હતો. જોડી લીધા તમે જ્ઞાનથી જોડયા કે અજ્ઞાનથી જોડયા, ચિંતાનું હવે કોઇ કારણ નથી રહી જતું વિનિયોગમાં, અથવા અવિનિયોગમાં આ વાત ધ્યાનથી સમજો.

(આત્મનિવેદનાવિશ્વાસાદ્ વા નિવેદિતસ્ય ભગવત્સેવાયામ્ વિનિયોગાદ્ વા ક્રિયમાણાપિ ચિન્તા શ્રીપુરુષોત્તમસ્વરૂપચિન્તનેન નિવર્તનીયા)-આત્મ નિવેદનમાં અવિશ્વાસ અથવા નિવેદિતને ભગવદ્ સેવામાં અવિનિયોગના કારણે જે આપણે ચિંતા કરી રહ્યા છીએ તે પેલી બાજુ જઇને વિચાર કરી લ્યે. આવ્યું ખ્યાલમાં ? આ આ બાજુનો વિચાર હતો. હવે કહી રહ્યા છે પેલીબાજુ જઇને વિચાર કરી લ્યો.

તથા નિવેદને ચિન્તા ત્યાજયા શ્રીપુરુષોત્તમે ।।
વિનિયોગેડપિ સા ત્યાજયા સમર્થોહિ હરિઃ સ્વતઃ।। ૫ ।।
તો પુરુષોત્તમ સ્વરૂપના ચિંતનથી ચિંતાને હટાવી દો.

(નિવેદિતાત્મના સ્વસ્ય સ્વકીયાનાં વા લૌકિકે વૈદિકેડપિ વા વ્યવહારે સ્વાસ્થ્યાભાવવિષયિણી યા ક્રિયમાણા ચિન્તા સાપિ સ્વસાક્ષિભાવચિન્તનેન નિવર્તનીયા)–આપણે જે નિવેદિત આત્મા છે તેણે પોતાના જે અહંતા અથવા મમતાસ્પદ જે વિષય છે, તે નિવેદન કર્યા પછી લૌકિકમાં આપણને અથવા વૈદિકમાં આપણને સ્વસ્થતા થઇ રહી નથી. કાંઇકને કાંઇક તકલીફ થઇ રહી છે, તેના કારણે ચિંતા થઇ રહી છે, કે પ્રભુ શું પરીક્ષા લઇ રહ્યા છે ? શું કરવા ઇચ્છી રહ્યા છે ?

આત્મનિવેદન કર્યા પછી બધી બાજુથી સુખ જ સુખ હોવું જોઇતું હતું. આ તો બધું દુઃખ જ દુઃખ કેમ પ્રગટ થઇ ગયું ? તો તેના કારણે તમને જે દુઃખ થઇ રહ્યું છે તેને મટાડવાનો પ્રયત્ન ન કરો, એમ શ્રીમહાપ્રભુજી નથી કહી રહ્યા. જેમ લૌકિક અથવા વૈદિકમાં કોઇ અસ્વાસ્થ્ય તમને થઇ ગયું. જુઓ ધ્યાનથી સમજો શ્રીમહાપ્રભુજી એમ નથી કહી રહ્યા કે તે અસ્વાસ્થ્યને દૂર ન કરો. જેમ કે તમને બ્રહ્મસંબંધ લીધા પછી સમજો કે ડાયાબિટીશ થઇ ગઇ અથવા બ્લેડપ્રેશર વધી ગયું તો ડાયાબીટીસ અથવા બ્લડપ્રેશરની દવા નહીં લેવાની એવું શ્રીમહાપ્રભુજી નથી કહી રહ્યા.

શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે ? કે બ્રહ્મસંબંધ લીધા પછી તમને ડાયાબીટીસ વધી ગઇ અથવા બ્લડ પ્રેશર વધી ગયું. હવે તમને એ ચિંતા થઇ રહી છે કે ભગવાનની સાથે બ્રહ્મસંબંધ કર્યુ અને મને કેમ ડાયાબીટીસ થયું ? ડાયાબીટીસ તો તેને થવું જોઇતું હતુ કે જેમણે બ્રહ્મસંબંધ નથી લીધું. અર્થાત્ આપણો એક વિશિષ્ટ કોઇ અધિકાર (પ્રિવલેજ) માનીને આપણે ચાલી રહ્યા છીએ. તો શ્રીમહાપ્રભુજી કહે કે આ પ્રકારની ચિંતા સતાવતી હોય તો લ્યો હું તમને બીજો ઉપાય બતાવું કે તમે આ રીતે સમજો કે તમે ફાંકો રાખો છો યાર તમને

પ્રભુ સ્વસ્થ થવા દેવા નથી ઈચ્છતા.

મને એક માણસે એમ જ કહ્યું. તેણે ખૂબ ગોટાળા કર્યા, ખૂબ ગોટાળા કર્યા તો તેના માટે મેં એક પરિપત્ર (સરકયુલર) છાપી દીધો, કે તે ખૂબ જ ગોટાળા કરે છે તો તે મારી પાસે ઝઘડવા આવ્યો કે શું સમજો છો ? આપે મારા માટે પરિપત્ર છાપી દીધો. મારા વિશે કોઈએ કાંઈ ખરાબ સાંભળ્યું ? મે કહ્યું સાંભળ્યું, તેણે કહ્યું શું સાંભળ્યું ? મે કહ્યું રઘુનાથલાલજીના તમે ઓગણીસો રૂપિયા ખાઈ ગયા. તે તો એક ઘટના. એક બીજા ભટ્ટજીના બે હજાર ખાઈ ગયા. તે બીજી ઘટના. તો મારી તો હિંમત ધ્વસ્ત થઈ ગઈ. ત્રીજા મારા બે હજાર ખાઈ ગયા જો એમ કહીશ તો તે કહી દેશે કે ત્રીજી ઘટના. તેને ચિંતા જ થાય નહીં. મે પરિપત્ર છાપી દીધો અને મારા ઉપર જ લાગુ પડી ગયો. તો આવો બુલંદ (હિંમતવાન) વ્યકિત હોવો જોઈએ. ગણાવી પણ તેને દીધુ કે ભાઈ તુ ખાઈ ગયો દાદાભાઈના. તે તો એક હોય એમાં તે કાંઈ ! બીજું કાંઈ સાંભળ્યું ? મે કહ્યું બીજા તમે ભટ્ટજીના ખાઈ ગયા. એ બે, ત્રીજુ કાંઈ સાંભળ્યું ? ત્રીજો તો ખુદ હું હતો. વિકટ પરિસ્થિતિ, હવે હું શું ગણાવું ? તેને મે કહ્યું ના નથી સાંભળ્યુ બસ તો એમાં કાંઈ આવો પરિપત્ર છાપવાનો હોય ? જાવા દયો, પતી ગઈ વાત. આવા આવા બુલંદ હોય છે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ।। ૬ ।।

શ્રીમહાપ્રભુજી પણ કહી દયે કે જો તમને આ વાતના કારણે ચિંતા કરવાની ઈચ્છા થઈ રહી છે તો એવી હિંમત ભેગી કરી લ્યો, ભાઈ લોકમાં અસ્વાસ્થ્ય થઈ ગયું તો શું થયું ? ચાલો પ્રભુએ કાંઈક આપણું વિચાર્યુ હશે. ત્યારે જ તો આપણને લોકમાં અસ્વાસ્થ્ય કર્યુ.

વેદમાં થઈ ગયું તો આ બીજી આંગળી બતાવી દયો કે આ બાજુ અને શું તમે પોતાને સમર્પિત માની રહ્યા છો કે નહીં ? એ ખુલાસો કરોને ! પહેલા, સમર્પિત નથી માની રહ્યા તો આ સંદર્ભમાં પ્રભુને શું કામ જોડી રહ્યા છો ? અને સમર્પિત માની રહ્યા છો તો ચિંતા શું કામ કરી રહ્યા છો ? જેટલી તકલીફ થાય

તેના સાક્ષી બની જાઓ. સમર્પિત માન્યા પછી ચિંતાની શું જરૂરત છે. પુષ્ટિ થોડી કડક દવા (સ્ટ્રોંગ મેડીસીન) છે હો ! આ સોફટ (કોમળ) દવા નથી. એકદમ સ્ટ્રોંગ દવા છે. તો ''પુષ્ટિમાર્ગ સ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતા ખિલાઃ''

(ગુરુભગવતોરન્યતરસ્ય આજ્ઞાભંગભયેન ક્રિયમાણા સ્વસેવ્યપ્રભુવિષયિણી ચિન્તા ભગવત્સેવાયાઃ તાત્પર્યવિવેકેન નિવર્તનીયા)– સેવામાં ગુરુ કોઈ એક અલગ આજ્ઞા કરી રહ્યા છે, શ્રીઠાકોરજી કાંઈક બીજી જ રીતે આજ્ઞા કરી રહ્યા છે. ત્યારે ચિંતા થતી હોય તો અને ગુરુ અને પ્રભુ બન્નેની આજ્ઞામાં જો વિરોધાભાસ (કોન્ટ્રાડિકસન) લાગતો હોય સેવાના વિષયમાં તો કેવી રીતે ચિંતાનું નિવારણ કરવું ?

તો કહી રહ્યા છે કે સેવાનું તાત્પર્ય શું છે ? એ સમજી લ્યો ને ! સેવાનું તાત્પર્ય સમજો. સેવાથી લાભ શું થશે ? એ ન સમજો. સેવાનું તાત્પર્ય શું છે ? રમણનું કે કામનાનું ? હું સર્વોત્તમ સ્તોત્રમાં બહુ જ કહી ચૂકયો છું. આ વાતને કે સેવાનું મૂલ તાત્પર્ય આપણું પ્રથમ રમણનું (લીલાનું) છે અને ત્યાર પછી કોઈ કામનાનું છે તો તમે પોતાની જાતને આ વાત માટે ઢંઢોળીને જોઈ લ્યો, કે અત્યારે તમે રમણાવસ્થામાં છો, કે કામાવસ્થામાં છો. રમણાવસ્થામાં છો તો રમણના તાત્પર્યથી ચિંતાનું નિવારણ કરી લ્યો અને જો તમે પોતાને કામાવસ્થામાં માની રહ્યા છો તો તો પછી કામાવસ્થાનું નિવારણ કરી લ્યો.

સેવાકૃતિર્ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા ।।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ।। ૭ ।।

રમણાત્મિકા સેવા અથવા કામાત્મિકા સેવા જે પ્રકારની સેવા આપણા અધિકારના હિસાબથી તમે નિભાવી શકો છો, તે પ્રકારની સેવા નિભાવીને પોતાની ચિંતાને દૂર કરો. અહીં સુધીની ચિંતાઓ, કરવામાં આવતી ચિંતા છે.

ત્યાર પછી જે ચિંતા આવી રહી છે તે આપણે કરી રહ્યા નથી, તે આપમેળે થઈ રહી છે. તે ચિંતાનું શું કરવું ? તો **(ભગવલ્લીલાભાવનયા ભગવચ્છરણાગત્યા વા યથોપદિષ્ટનિર્વાહસામર્થ્યાસામર્થ્યયોઃ**

સ્વતોજાયમાનાપિ ચિન્તા નિવર્તનીયા)–ભગવદ્ લીલાની ભાવનાથી અથવા ભગવદ્ શરણાગતિની ભાવનાથી જે કાંઈપણ અહીં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે ચિંતા નહીં કરવી. તે પણ આપણાથી નભતી ન હોય, તેનું સામર્થ્ય આપણામાં હોય કે ન હોય, પણ લીલાભાવના અથવા શરણાગતિની ભાવનાથી સહજ રીતે (ઈન વોલેન્ટરી) જે ચિંતા થઈ રહી છે. તેને આપણે એક બીજી ભાવનાથી, જેમ કે દૂધ કે કઢીમાં બહુ જ ઉભરો આવતો હોયતો પાણીના છાંટા મારીને અને તે ઉભરો છે તેને આપણે બેસાડી શકીએ કે નહીં ? એવી જ રીતે ભગવદ્ લીલાના છાંટાની ભાવના મન ઉપર નાંખીને કે શરણાગતિના છાંટાની ભાવના મન ઉપર નાંખીને, જે આપમેળે ચિંતા થઈ રહી છે. જેને આપણે કરી રહ્યા નથી, પણ થઈ રહી છે. પરિસ્થિતિ એવી ઉત્પન્ન થઈ ગઈ છે તો તે થઈ રહેલી ચિંતાને આ ભાવનાઓથી ઠંડી પાડવાની કોશિશ કરો.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્-યત્ કરિષ્યતિ ॥
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્॥૮॥
તસ્માત્ સર્વાત્મના નિત્યં ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' ॥
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઇત્યેવ મે મતિઃ ॥૯॥

અહીંયા લીલા ભાવનાથી ચિંતા દૂર કરવાની છે. એક વાત ધ્યાનથી સમજો. 'ચિત્તોદ્વેગ' દૂર નહીં થઈ શકે. ચિંતાનો ઉદ્વેગ તો રહેશે પણ 'ચિત્તોદ્વેગ' છે તેના કારણે જે ચિંતા કરી રહ્યા છો કે ચિત્ત કેમ આટલુ ઉદ્વેગ છે ? તો ઉદ્વેગ તો નિવૃત્ત નહીં થાય અને ચિંતા તમે વધુ શરૂ કરી દીધી, પ્રભુના સંદર્ભમાં, તો બે રોગ થઈ જશે. તેના કરતા પ્રભુની લીલાભાવના કરીને તે ઉદ્વેગને થોડો સહન કરવાની કોશિશ કરો.

જેવી રીતે ડોકટર આપણું ઓપરેશન કરે છે તો તે દર્દ થાય છે, શસ્ત્રક્રિયા પછીનો દુખાવો. તેને આપણે કેવી ભાવનાથી સહન કરીએ છીએ ? કે ભાઈ તકલીફ થઈ રહી છે પણ આ તકલીફમાં રૂઝ આવી જાશે, ત્યારે આપણને વધારે સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે. અત્યારે તો કપાયું છે તે કપાયું છે. તે દુખી

તો રહ્યુ છે પણ કપાયેલો ઘાવ જ્યારે રૂઝાઈ જાશે, ઓપરેશન પછી, તો તે સમયે આપણે પહેલા જેટાલા અસ્વસ્થ હતા. તેનાથી વધારે સ્વસ્થ થઈ જશું. આવી ભાવનાથી મનને સમજાવીને તે ઓપરેશન પછી થતી તકલીફને આપણે કેવી સહન કરી લઈએ છીએ.

આ જ પ્રકારે જે પણ કાંઈ ચિત્તમાં ઉદ્વેગ થઈ રહ્યો છે તે તો થઈ રહ્યો છે. તેને લીલા ભાવનાથી કાબુમાં તમે લાવી શકશો. આપ મેળે ઉત્પન્ન થતી, ઉદ્વેગથી ઉત્પન્ન થતી ચિંતાને પણ અને સમજો કે તે પણ ન થતુ હોય તો આ લીલા ભાવનામાં પણ ખલેલ (ડિસ્ટ્રબ) થતી હોય, કારણકે મન ચિંતામાં એટલું ઘેરાયેલું છે કે લીલાભાવના કરી શકે એવી મનની પરિસ્થિતિ નથી. સારું તો મનને જવા દયો. ભાડમાં જાય મન. જીભથી તો ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' બોલવાનું શરૂ કરો. જીભથી શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલશો તો તેનાથી પણ ફરીથી પાછા તમે પોતાને પકડી શકશો કેમ ?

કારણ કે અહીં સુધી તમે ધ્યાનથી તે નવરત્નને યાદ હોય તો ઉપર બધા વિવેકના ઉપાય બતાવ્યા. આઠમાં શ્લોકમાં ધૈર્યનો ઉપાય બતાવ્યો અને નવમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ આશ્રયનો ઉપાય બતાવ્યો. આમ વિવેક, ધૈર્ય, આશ્રય ત્રણ પ્રકારના ઉપાય બતાવ્યા. આ સંદર્ભમાં શ્રીમહાપ્રભુજી ''**ચઢજા બેટા શુલી પે ખુદા ભલા કરેગા**'' એવી કર્મનીતિ સ્વીકારી નથી રહ્યા. તેથી શ્રીમહાપ્રભુજી પોતે પોતાનું મંતવ્ય તમને આપી રહયા છે કે જુઓ મેં પણ આમ જ કર્યુ છે. કેવી રીતે કર્યું છે ? તે વાતને આગળ ધ્યાનથી સમજો.

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં નવરત્નં સમ્પૂર્ણમ્ ।।

॥ અન્તઃકરણપ્રબોધઃ ॥

(ભગવદાજ્ઞાનુસરણાય અન્તઃકરણપ્રબોધનમ્)-ભગવાનની આજ્ઞાને અનુસરવા માટે શ્રીમહાપ્રભુજી પોતાના અંતઃકરણને પ્રબોધ કરી રહ્યા છે. એ વાત ધ્યાનથી સમજો.

અન્તઃકરણ મદ્વાકયં સાવધાનતયા શૃણુ ।
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ॥૧॥

કેટલી ખૂબસૂરત વાત છે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે મેં પણ આ ઉદ્વેગ પર આમ જ કાબુ મેળવ્યો છે અને આપણે તો સમજવું પડે. પણ એક વખત શ્રીમહાપ્રભુજી શું ઈચ્છતા હતા ? શ્રીમહાપ્રભુજીની જીજ્ઞાસા (એમ્બીશન) શું હતી ? કોઈ મનોરથી મળી જાય. એવી જીજ્ઞાસા કે મહત્વાકાંક્ષા ન હતી, કે કોઈ છપ્પન ભોગ ધરી દે એવી મહત્વાકાંક્ષા ન હતી. શ્રીમહાપ્રભુજી બિચારાની ખૂબ જ અલૌકિક મહત્વાકાંક્ષા હતી, કે કોઈપણ પ્રકારે ભાગવતના અઢાર હજાર શ્લોક પર હું પૂરેપૂરી વ્યાખ્યા લખી દઉ અને શ્રીઠાકોરજી તેને ઉલ્ટી આજ્ઞા કરી રહ્યા છે કે ખતમ કરો આ બધું પૂર્ણ કરો.

તો જેણે આટલી અલૌકિક ઈચ્છા રાખી હતી. તે ઈચ્છા જો પૂર્ણ ન થતી હોય તો કેટલો ઉદ્વેગ સ્વયં આચાર્યચરણને થયો હશે ? એ તો આપણે કોઈ એક ધંધો ચલાવવાની વાત વિચારી અને ધંધો ન ચાલતો હોય તો, કોઈપણ વ્યાપારી સમજી શકે છે. પરીક્ષામાં બેસવાનું વિચારીએ અને પરીક્ષામાં પેપર જ ન લખી શકે તે તો કોઈ વિદ્યાર્થી જ સમજી શકે. કોઈ છોકરી પર દિલ આવી ગયું તે છોકરી લગ્ન કરવાને બદલે ચંપલ મારી દયે તો આપણને સમજમાં આવી શકે.

તો જયારે આપણો મનોરથ નિષ્ફળ થાય તે સમયે કેટલી હતાશા થાય છે. તેનાથી આપણને સમજમાં આવી શકે છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજીનો કેટલો અલૌકિક મનોરથ અને આવો અલૌકિક મનોરથ પણ પ્રભુએ સંપૂર્ણ ન થવા દીધો. તેની ચિંતા તેનો ઉદ્વેગ શ્રીમહાપ્રભુજીને કેટલો થયો હશે ? અને તે

ઉદ્વેગ પર શ્રીમહાપ્રભુજીએ કેવી રીતે કાબુ મેળવ્યો હશે ? તે વાત શ્રીમહાપ્રભુજી અંતઃકરણને પ્રબોધન કરીને જે પોતાના જીવ છે તેને પ્રબોધિત કરે છે કે ભાઈ મેં મનને આમ સમજાવ્યું છે. તો તમે કેમ નથી સમજાવી રહ્યા ? જો મારા છો તો, તમે પણ પોતાના મનને આમ જ સમજાવી લ્યો, જયારે તમારી ઈચ્છાઓ પૂર્ણ થતી નથી ત્યારે.

અંતઃકરણ મારી વાત સાવધાનતાથી સાંભળ. કૃષ્ણથી મોટો કોઈ દેવ નથી અને એવો કે જેમાં કોઈપણ દોષ ન હોય. કાંઈકને કાંઈક તો દોષ હશે જ. કે જેને આત્મનિવેદન કર્યું તેમાં દોષ દેખાણો તો આત્મનિવેદન શું કામ કર્યું ? અને આત્મનિવેદન કર્યા પછી કૃષ્ણથી મોટો દોષ વર્જિત હોઈ શકે ? એ વાતને ધ્યાનથી સમજો.

(સ્વમનોરથપ્રતિકૂલાયાં ભગવદાજ્ઞાયાં સત્યામપિ પશ્ચાત્તાપસ્ય અકર્તવ્યતોપદેશઃ)–પોતાના મનોરથથી પ્રતિકૂળ ભગવદ્ આજ્ઞા થવાથી પણ પ્રશ્ચાતાપ કરવાની જરૂરત નથી. તેથી કેટલા સખત શબ્દો (હાર્ડવર્ડ) શ્રીમહાપ્રભુજી વાપરી રહ્યા છે.

ચાણ્ડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ॥
કદાચિદ્ અપમાનેપિ મૂલતઃ કા ક્ષતિર્ ભવેત્ ॥ ૨ ॥
સમર્પણાદ્ અહં પૂર્વમ્ ઉત્તમઃ કિં સદા સ્થિતઃ ॥
કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ॥ ૩ ॥

કોઈ ચાંડાલી રાજાની સ્ત્રી થઈ ગઈ અને કાંઈક એવો સમય રહ્યો કે રાજાએ તેને માનીતી હોવાના કારણે બધી ઈચ્છાઓ પૂરી કરી અને કોઈ દિવસ રાજા ગુસ્સે થઈ ગયો અને તેણે રાણીનું અપમાન કરી દીધું. તો તે શું કામ વિચારે કે હવે મારું અપમાન શું કામ કર્યું ? એમ કેમ ન વિચારે કે ભાઈ અપમાનીત પણ ચાંડાલીની અવસ્થાથી તો ઉંચી અવસ્થા છે કે નહીં ? રાજપત્ની હોવાથી અપમાનિત (ઈન્સલ્ટેડ) રાજપત્ની પણ ચાંડાલીથી તો ઉચ્ચ કક્ષા (અબાઉગ્રેડ)ની છે ને ! આ રીતે મનને કેમ ન મનાવે ? એવી રીતે મારી કોઈ

ઈચ્છાઓ પૂરી ન થઈ, તો પ્રભુએ પૂરી ન થવા દીધી આ વાતમાં મેં તો કોઈ કસર રાખી નથીને ?

એક વાત ધ્યાનથી સમજો તમને આ વાત ત્યારે સમજમાં આવશે કે શ્રીમહાપ્રભુજીએ અઢાર હજાર શ્લોક પર ટીકા લખી દીધી હતી. લખેલી ટીકા ખોવાઈ ગઈ અને માધવ ભટ્ટ કાશ્મીરી હતા જે ફટાફટ લખતા હતા. તે પણ તીર ખાઈને નિત્યલીલામાં પ્રવિષ્ટ થઈ ગયા.

કોઈ જો આ ધ્યેય (મીશન)ને લઈને ચાલ્યા હોય કે ભાગવતની સંપૂર્ણ ટીકા લખવી છે. લખેલી ટીકા પાછી ખોવાઈ જાય અને પાછો બીજો પ્રયત્ન ફરીથી શરૂ કર્યો અને તે વખતે ભગવદ આજ્ઞાઓ થવા લાગી કે તમે દેહ-દેશ પરિત્યાગ કરો. તે વખતે કેટલો ઉદ્વેગ થયો હશે ? મનમાં કોઈ આવી મહત્વાકાંક્ષા રાખીને જુઓ તો ખબર પડે. આવી મહત્વાકાંક્ષા (એમ્બીશન)ની જે હતાશા છે તે કેવી હશે ? અને તે હતાશામાં શ્રીમહાપ્રભુજી પોતાને આશ્વાસન કેવી રીતે આપી રહ્યા છે.

આ જુઓ આ કયા શબ્દોમાં આશ્વસ્ત (કોન્સોલ) કરી રહ્યા છે કે ‘‘ચાણ્ડાલી ચેદ્ રાજપત્ની...’’ખોવાઈ ગઈ તો ખોવાઈ ગઈ અઢાર હજાર શ્લોકની ટીકા. તો પણ ત્રીજા સ્કંધ સુધીતો લખી કે નહીં ? ત્રીજા સ્કંધ પર પૂરી ન થઈ શકી તો આગળ દશમ સ્કંધની તો પૂરી થઈ કે ન થઈ ? આટલી થઈ હવે આગળ નથી કરવા દેતા પ્રભુ, તો કાંઈ વાંધો નથી. આટલી થઈ એ વાતનો સંતોષ કેમ ન લઈએ ?

‘‘સમર્પણાદ્ અહં પૂર્વમ્ ઉત્તમઃ કિં સદા સ્થિતઃ, કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્’’ હવે મારે મારી અધમતાની ભાવના શા માટે કરવી ? કે જેના કારણે પશ્ચાતાપ કરવો પડે ! સમર્પણ પહેલા હું કાંઈ ઉત્તમ હતો ? પ્રભુને સમર્પણ નહોતું કર્યુ, તે વખતે જે મારી અધમતા હતી, તે અધમતાથી તો સમર્પિત છું તે કોઈ ઓછી ઉત્તમતા છે.

હવે સમર્પિત થયા પછી મારા મનોરથ પ્રભુની ભકિત સંબંધી પૂર્ણ નથી થઈ રહ્યા. શ્રીમહાપ્રભુજીની એક વાત ધ્યાનથી સમજો. સુબોધિનીજી લખવા

પ્રભુની ભકિતની જ એક અભિવ્યકિત (એકસપ્રેશન) હતી. પોતાની કોઇ પી.એચ.ડી. થીસીસ ગ્રાન્ટ (ઉપાધિ) પ્રાપ્ત કરીને ડોકટર કે ફિલોસોફીની ડિગ્રી મેળવવાનો કોઇ ઉદ્યમ નહોતો. પોતાની ભકિતને શ્રીમહાપ્રભુજી આ પ્રકારે પ્રગટ કરવા ઇચ્છતા હતા કે અઢાર હજાર શ્લોક પર હું સુબોધિનીજી લખી દઉ અને તે ભકિતપૂર્ણ થઇ રહી નથી તો હતાશા કેટલી તીવ્ર (ઇન્ટેન્સ) થઇ હશે ?

પરંતુ તેના પર શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે નથી થઇ રહી ભકિત તો નથી થઇ રહી. મારી પણ ભકિત પૂરી થઇ નથી. પૂરી ન થઇ તો મારે આ વાત પર તો મારી જાતને ખુશ રાખવી જોઇએ કે નહીં ? કે પહેલા સમર્પિત નહતો. હવે પ્રભુને સમર્પિત હું છું. તો પહેલા તો હું અસમર્પિત હતો. હવે સમર્પિત તો છું ! સમર્પિત થયા પછી કદાચ ભકિત પૂરી ન થઇ તો ન થઇ, સમર્પિત છુ એ કાંઇ ઓછું રહસ્ય છે ! મારા માટે કાંઇ ઓછી ઉપલબ્ધિ છે.

(ભગવદાજ્ઞાયાએવ અનુસરણીયત્વે હેતુત્રયમ્)-ત્યાર પછી ભગવદ્ આજ્ઞા જ શું કામ અનુસરવી ? તેના માટે શ્રીમહાપ્રભુજી ત્રણ હેતુ આપી રહ્યા છે.

સત્યસંકલ્પતો વિષ્ણુ: નાન્યથા તુ કરિષ્યતિ ॥
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોડન્યથા ભવેત્ ॥ ૪ ॥
સેવકસ્ય તુ ધર્મોડયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ॥

વિષ્ણુ તો સત્ય સંકલ્પ છે, તેણે જે વિચાર્યુ હશે તે તો કરશે જ. મારું વિચારેલું શું કામ થવું જોઇએ ? તેણે વિચારેલું જ થવું જોઇએ. સમર્પણના સંબંધ દ્વારા મેં-તુ સ્વામી અને હું સેવક છું તે કબૂલ કર્યુ હતું કે નહીં ? **''દાસોડહં''** દ્વારા. તો જયારે તુ સ્વામી છે તો મને પ્રતિકૂળ આવતી હોય તો પણ તારી ઇચ્છા મને મંજુર છે અને અનુકૂળ આવતી હોય તો પણ મને તારી ઇચ્છા મંજુર છે.

તો આ બીજો હેતુ એ આપી રહ્યા છે કે પ્રભુની આજ્ઞાનું જ અનુસરણ કરવું જોઇએ. નહીં તો સ્વામીનો દ્રોહ થઇ જશે અને ત્રીજી વાત બતાવી રહ્યા છે. ''સેવકસ્ય તું ધર્મોડયં'' સેવક તો આટલું જ કરી શકે છે કે જે સ્વામી કહે.

હવે તેમાં કયું કામ પૂરું થઈ ગયું, કયું કામ અધૂરું રહી ગયું ? તે સ્વામી ઉપર છોડી દયો. જયારે સ્વામી આજ્ઞા કરી રહ્યા છે કે પૂરું કરવાનું નથી, તો પૂરું થવું જોઈએ કે ન પૂરું થવું જોઈએ તેની ચિંતા મારે શું કામ કરવી જોઈએ ?

જેમ કે આપણે એ વિચાર્યુ કે આપણે આ પ્રકારે પ્રભુની ભક્તિ કરશું. પણ પ્રભુ મારાથી એટલી ભકિત નથી લેવા ઈચ્છી રહ્યા તો પ્રભુ જેટલી લેવા ઈચ્છી રહ્યા છે બસ એટલી ભકિત મારે કરવી જોઈએ. તેને પોતાની ભકિત કરાવવા માટે દસ વ્યકિત ઉપલબ્ધ છે. તો તેમાં હું જ હોવો જોઈએ એવો ખોટો અહંકાર સમર્પણ પછી મારે શું કામ રાખવો જોઈએ ? એ વાત ધ્યાનથી સમજો.

(પ્રાગનનુષ્ઠિતે દ્વે ભગવદાજ્ઞે)–ભગવદ્ આજ્ઞાનું અનુસરણ કરવાનું છે તેમાં ત્રણ હેતુ અને પહેલા જે બે આજ્ઞાઓ આચાર્ય ચરણે સ્વીકારી નહીં.

આજ્ઞા પૂર્વન્તુ યા જાતા ગઙ્ગા–સાગર–સઙ્ગમે ।। ૫ ।।
યાપિ પશ્ચાન્ મધુવને ન કૃતં તદ્ દ્વયં મયા ।।

તે બે આજ્ઞા મેં માની નહીં. કારણકે મનમાં એ લાલચ બહુ પ્રબલ હતી કે કોઈ પ્રકારે ખોવાયેલી પૂરી ટીકા ફરીથી એક વખત લખી દઉ. એક વખત તૃતીય સ્કંધ સુધી લખી. તો પાછી એક આજ્ઞા થઈ તો તેઓએ કહ્યું છોડો ચતુર્થ સ્કંધને, કોઈપણ રીતે દશમ સ્કંધની ટીકા તો પૂરી કરો. દશમ સ્કંધ પૂરો કરીને એકાદશ સ્કન્ધમાં પહોંચ્યા ત્યાં ફરી ત્રીજી આજ્ઞા થઈ ગઈ. તો ત્રીજી આજ્ઞા થઈ ગઈ તો શ્રીમહાપ્રભુજી પોતાના અંતઃકરણને પ્રબોધન કરી રહ્યા છે.

(લોકગોચરદેહદેશપરિત્યાગવિષયિણ્યાઃ તૃતીયાયાઃ આજ્ઞાયાઃ અવશ્યાનુષ્ઠેયત્વેઽપિ ષણ્ણાં પશ્ચાત્તાપાભાવહેતૂનાં પરિગણનમ્)–લોક ગોચર દેહ–દેશ પરિત્યાગ કરવાની જે ત્રીજી આજ્ઞા શ્રીમહાપ્રભુજીને થઈ છે તેને તો મારે માનવાની જ છે અને તે આજ્ઞાને માનવી છે રોઈને નહીં, કજીયા કરીને નહીં, આમ આંસુ પાડતા નહીં. એટલી પ્રસન્નતાથી કે **''રાજી હે હમ ઉસીમે જીસ મે તેરી રઝા હૈ''** અથવા આમ પણ વાહ વાહ છે, તેમ પણ વાહ વાહ છે. ત્યાં મનોબળ પૂર્વક (સ્પીરીટસ) આ આજ્ઞાનું અનુસરણ કરવાનું છે.

તો તેના શ્રીમહાપ્રભુજી એક સાથે છ હેતુ આપી રહ્યા છે.

દેહ-દેશ-પરિત્યાગસ્ તૃતીયો લોકગોચરઃ ।।૬।।
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોડહં ન ચાન્યથા[૧] ।।

ભાઈ મે સુબોધિનીજીની ટીકા લખવાનું કામ મારી ઈચ્છાથી સ્વીકાર્યું હતું કે ભગવદ્ આજ્ઞાથી સ્વીકાર્યુ હતું ? ભગવદ્ આજ્ઞાથી સ્વીકાર્યુ હતું, ભગવદ્ આજ્ઞા જો અધૂરું છોડવાની થઈ રહી છે તો બે ભગવદ્ આજ્ઞામાંથી જે મીઠી મીઠી આજ્ઞા છે તેને ખાવી અને કડવી કડવી આજ્ઞાને થું થું કરી દેવું એમ કેવી રીતે ચાલે? નહીં ચાલે. હું તો સેવક છું. જો આજ્ઞા થઈ હતી તો લખ્યું હતું. આજ્ઞા થઈ કે ભાઈ બંધ કરો, તો ચાલો બંધ કરીશું અને આ પ્રકારથી અનિશ્ચિત (અનસર્ટન) આજ્ઞાઓ આપી રહ્યા છે. અનિશ્ચિતતા (ઈન ડીસીઝન) ઉત્પન્ન કરી રહ્યા છે.

દાસ્તાવાસ્કિએ ખૂબ જ સરસ વાત લખી છે. આપણી પાસે ટાઈમ નથી પરંતુ ટૂંકમાં બતાવું છું. દાસ્તાવાસ્કિએ એક વાર્તા લખી છે કે એક પાદરીએ એક માણસનો અંતિમ સંસ્કાર કર્યો. અંતિમ સંસ્કાર કર્યો અને તેની મા ખૂબ જ છાતી કુટી કુટીને રડી રહી હતી. એક ભિખારી આવ્યો. તેણે કહ્યું ભાઈ કેમ રડી રહી છે ? તેણે કહ્યું મારો દિકરો મરી ગયો. ભિખારીએ આવીને તેના તાબુતને જોયું, તેનો હાથ પકડીને તેને ઉભો કર્યો કે, તુ કેમ માને તકલીફ આપે છે ? ચાલ ઉભો થા, ઘરે જા, તે જીવતો થઈ ગયો !

બીશપ જેણે અંતિમ સંસ્કાર કર્યો હતો. તેને બહુ જ અપમાનની લાગણી થઈ કે મેં અંતિમ સંસ્કાર કર્યો તે આને જીવતો કેમ કર્યો ? તુ કોણ છે ? શૈતાન છે ? કોણ છે ? તેણે કહ્યું નહીં, હું ક્રાઈસ્ટ છું. જેનો તેના નામ પર અંતિમ સંસ્કાર કર્યો, બીશપે કહ્યુ જુઓ ભાઈ તમે ક્રાઈસ્ટ છો કે નહીં મને કાંઈ ખબર નથી પણ મેં તારા નામ પર અંતિમ સંસ્કાર કર્યો તો હવે તમે આ રીતે અવ્યવસ્થા ફેલાવશો તો મને પણ નહીં માને અને તમને પણ લોકો નહીં માને.

એટલા માટે અત્યારે તમે એક વાત સહન કરો. હમણા હું બીજો હુકમ જાહેર કરી રહ્યો છું કે પચાસ હન્ટર પહેલા તમને પડવા જોઈએ. તો બીશપે

ક્રાઈસ્ટને પચાસ હન્ટર ફટકાર્યા કે તમારા નામ પર મેં જેનો અંતિમ સંસ્કાર કરી દીધો હતો. તેને તમે જીવતો કેમ કર્યો ? પચાસ હન્ટર ખાઓ. ક્રાઈસ્ટે કહ્યું કે ભાઈ તમે કોણ છો ? તે બોલ્યો હું બિશપ તમારો જ તો સેવક છું. તમારી ગરીમા તમારે નિભાવવી જોઈએ એટલા માટે પચાસ હન્ટર તમને મારવા પડશે.

તો આવી સ્થિતિ આપણે કરી રહ્યા છીએ હો ! તેથી શ્રીમહાપ્રભુજી શું કરી રહ્યા છે ?

લૌકિકપ્રભુવત્ કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન[2] ।।૭।।
સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોઽસિ[3] સુખી ભવ।।

પ્રભુ આજ્ઞા કરી રહ્યા છે. તો જેવી આજ્ઞા કરે, તેમા કોઈ પ્રભુ પર હન્ટર થોડા મારવાના હોય ! જો પ્રભુએ આજ્ઞા આપી હતી કે ભાઈ તમે બધાના અંતિમ સંસ્કાર કરી દયો. તો કરી રહ્યા છે. પ્રભુ જો કોઈને જીવતો કરવા ઈચ્છી રહ્યા છે. તો હું તેમા મારી જાતે ઉપરવટ થવા વાળો કોણ ? તમે કેમ એવી આજ્ઞા આપી ?

આપણે કહીએ અને બ્રહ્મસંબંધથી પ્રભુસંબંધ કરાવી રહ્યા છીએ. હવે તમે ના પાડવાવાળા કોણ ? આજે આ સ્થિતિ થઈ ગઈ છે. મોટેભાગે આપણે પણ આ પ્રકારે પ્રભુથી મોટા (સુપરસીડ) થવા માંગીએ છીએ. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ''સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોઽસિ સુખી ભવ'' જયારે બધું જ સમર્પિત કરી દીધું છે તો તેમાં લખવાનું જેમ સમર્પિત કર્યુ હતું, તો એમ ન લખવાનું પણ પ્રભુને જ સમર્પિત છે. એ તો સુબોધિની ખોલીને જોશોને તો જયાં શ્રીમહાપ્રભુજીએ સુબોધિની પૂરી કરી છે, તે જગ્યાએ એમ કહે છે કે મેં આજ આ સુબોધિની પૂર્ણ કરી. મે ત્રાણે જગત જીતી લીધા. ''**ત્રયમ્ અપિ વિશ્વજયાય માદ્રશાનાં**'' મેં વિશ્વને જીતી લીધા અને અહીં આવીને મારે બીજું કરવાનું પણ શું હતું ?

''સર્વં સમર્પિતં ભક્ત્યા'' લખવું ન લખવું બધું પ્રભુને સમર્પિત છે. તમે કૃતાર્થ છો. તમે સુખી થાઓ. મનમાં એમ નહીં વિચારો કે મેં પ્રોજેક્ટ (યોજના) જે બનાવ્યો હતો. અઢાર હજાર શ્લોકનો. કેમ પૂર્ણ ન થયો ? હવે લોકો મને શું

કહેશે ? કે ભાગવત પર સુબોધિની લખવા બેઠા અઢાર હજાર શ્લોક પર, ટીકા પણ ન લખી શકયા ?

શ્રીમહાપ્રભુજીથી ખૂબ નિમ્ન કક્ષાના શક્તિવાળા વિદ્વાનો અઢાર હજાર શ્લોકની ટીકા લખી દીધી છે. એવી એક નહીં પચ્ચીસ ટીકાઓ એવેલેબલ (પ્રાપ્ત) છે અને શ્રીમહાપ્રભુજી ન લખી શકયા ? તો તે માટે શું હતાશ કે નિરાશ થવું તો તેના માટે કહી રહ્યા છે ''સર્વં સમર્પિતં ભક્ત્યા'' પૂર્ણ થઈ તો ઠીક ન પૂર્ણ થઈ તો ઠીક છે. ''કૃતાર્થોઽસિ સુખી ભવ'' તમે કૃતાર્થ છો.

પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે ॥ ૮ ॥
તથા દેહે ન કર્તવ્યં વરસ્ તુષ્યતિ નાન્યથા[૪] **॥**
લોકવચ્ ચેત્ સ્થિતિર્ મે સ્યાત્ કિં સ્યાદ્ ઇતિ વિચારય[૫] **॥૯॥**
અશકયે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથઞ્ચન[૬] **॥**

શ્રીઠાકોરજી તકલીફ આપી આપીને કેટલી તકલીફ આપશે તમને ? એમ કહેશે કે જેમ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા આપી કે આવી જાવ, દેહ છોડીને એવું આપણને શ્રીઠાકોરજી કહેશે જ નહીં. આપણાથી એમ શ્રીઠાકોરજી પણ ગભરાતા હશે હો ! કે અહીં આવી જશે તો ઉદ્યમ કરશે, ત્યાં જ રહેવા દયો. જાવા દયો ને ! શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીએ આજ્ઞા આપી કે એવો દેહ છોડીને અહીં આવી જાવ. દેહ દેશ પરિત્યાગ કરો. આપણને એ આજ્ઞા નહીં આપે. શ્રીઠાકોરજીને આપણી બધી ખબર છે તો ત્યાં પોતાને થયેલ આજ્ઞાની ગંભીરતાને શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

''પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે'' આપણી દિકરી યુવાન થઈ ગઈ અને આપણે તેને સાસરે ન મોકલીએ અને પીયરમાં જ બાંધી રાખીએ તો વર સાથે વિવાહ કર્યો શા માટે ? એ વાતને ધ્યાનથી સમજો ''તથા દેહે ન કર્તવ્યં વરસ્ તુષ્યતિ નાન્યથા'' આ દેહનો સ્વામી હું છું કે પ્રભુ છે ? આ દેહનો સ્વામી જીવાત્મા છે કે પરમાત્મા છે ? જો હું પરમાત્માને સર્વાત્મા માની રહ્યો છું તો, મારા દેહનો સ્વામી જીવાત્મા નથી પરમાત્મા છે. તે પરમાત્માને આ દેહને

રાખવો હોય તો રાખે, ન રાખવો હોય તો ન રાખે.

"લોકવચ્ચેત્ સ્થિતિર્ મે સ્યાત્ કિં સ્યાદ્ ઈતિ વિચારય" અને દુનિયાની જેમ પરમાત્માને અસમર્પિત મારો દેહ હોત તો મારી સ્થિતિ કેવી થાત ? આજે ભલે જે કાંઈ છે, પ્રભુ દેહને છોડવાની ભલે આજ્ઞા કરી રહ્યા છે પણ પરમાત્માને સમર્પિત દેહને છોડવાની આજ્ઞા કરી રહયા છે ને ! તો તેમાં શાં માટે મને મનમાં સંકોચ કે પશ્ચાતાપ હોવો જોઈએ ? અને સમજો છતાં પણ કોઈ પ્રકારની તકલીફ થાય કે ભઈ દેહ કેમ છોડવો ?

"અશકયે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથઞ્ચન" પ્રભુ આજ્ઞા આપી રહ્યા છે તો કોઈ તકલીફ નહીં થાય. દેહ પણ આપણે આનંદથી છોડી શકીશું. આટલી વાત શ્રીમહાપ્રભુજી આટલી હદે જઈને પોતાને સમજાવી રહ્યા છે. આટલી હદે તો પ્રભુ આપણને આજ્ઞા આપશે જ નહીં. અર્થાત ઉચ્ચતમ સંભાવના (હાઈયેસ્ટ પોસીબીલીટી) પર શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણ પ્રબોધન કર્યુ છે. તે ઉદ્વેગની પણ ચિંતા નથી કરી રહ્યા. તો આનાથી વધારે તો તમને કોઈ ઉદ્વેગનું કારણ હોય નહીં ને ? થોડુંઘણું હોય તો તેને સહન કરી લ્યો. બસ આ પ્રકારની લીલા ભાવના કેવી રીતે કરવી ? આત્મનિવેદનની ભાવના કેવી રીતે કરવી ? શરણાગતિની ભાવના કેવી રીતે કરવી ? જે નિવેદન-નવરત્નમાં જે સિદ્ધાન્ત (થિયરી) સમજાવ્યો છે. તેનું વ્યવહારુ પ્રદર્શન (પ્રેકટિકલ ડેમોસ્ટ્રેશન) શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણ પ્રબોધમાં કરીને બતાવ્યું. તમને વ્યવહારિક રીતે તે સ્પષ્ટ પ્રતિપાદન કરીને બતાવી રહ્યા છે અને એ બતાવીને આચાર્યચરણ આગળ કહી રહ્યા છે આ જુઓ છ થઈ ગયાને ગણી લેજો.

(એવં સ્વાન્તઃકરણપ્રબોધનપ્રકટનેન સ્વીયાનાં ચિન્તા દૂરીકરણમ્)- પોતાના અંતઃકરણના પ્રબોધનને પ્રકટ કરીને પોતાના સેવકોની ચિંતા દૂર કરી.

ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ।। ૧૦ ।।

ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।

મેં શ્રીકૃષ્ણદાસ વલ્લભે એવું હિતકારી વચન તમને સમજાવી દીધું કે તમારા સમર્પણ પછી આત્મનિવેદન પછી તમારો વ્યવહાર કેવો હોવો જોઈએ અને જો તમે સમજી જશો, પોતાના ચિત્તને આ વાત સમજાવી શકશો, તો તમે નિશ્ચિંત બની જશો. પોતાના ચિત્તને નહીં સમજાવો તો દુઃખ હોવાનું કારણ તમને રહેશે અને જો તમે પોતાના ચિત્તને આ વાત સમજાવી દીધી, જે મેં મારા ચિત્તને સમજાવી છે તો પછી તમારી બધી ચિંતાઓ દૂર થઈ જશે. તમે નિશ્ચિંત થઈ જશો. આ પ્રકારે આજે આપણે અંતઃકરણ પ્રબોધન કર્યું. આવતીકાલે અથવા પરમ દિવસ સુધીમાં આપણે આ બધા ગ્રંથને પૂરા કરી શકીશું એવી મને આશા છે.

નવરત્નમાં જે ચિંતા થઈ રહી છે તેના અને જે ચિંતા આપણે કરી રહ્યા છીએ. અર્થાત્ સહજ થઈ જતી ચિંતા અને કરવામાં આવતી ચિંતાઓ પર કેવી રીતે કાબુ મેળવવો ? તેના ઉપાયના સંદર્ભમાં આપણે આ જોયું કે વિવેક, ધૈર્ય અને આશ્રય ઉપાય તરીકે બતાવ્યા અને વિવેક, ધૈર્ય અને આશ્રય જે ઉપાય તરીકે બતાવ્યા તે એક સિદ્ધાન્તના રૂપમાં જ બતાવ્યું. એટલું જ નહીં પરંતુ કેટલા પ્રમાણ સુધી શ્રીમહાપ્રભુજીએ તેને પોતાના વ્યવહારમાં આચરણમાં મૂકયા આ વાતને શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણપ્રબોધમાં પોતાના ચિત્તને પ્રબોધન કરીને સમજાવ્યું અને તે પ્રકારના ચિત્તના પ્રબોધન દ્વારા સમજાવીને અને સાર રૂપે એ કહ્યું કે ''ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્''

તો આ જે પ્રકારે અંતઃકરણપ્રબોધ ગ્રંથનો ઉપસંહાર થયો તેનાથી આપણે એ વાત સારી રીતે સમજી શકીએ કે જે સમર્પણ, પછી આત્મનિવેદન પછી, આત્મનિવેદનના ત્રાણ પાસાઓ છે તે ત્રાણેય પાસાઓથી ઉભરતી ચિંતાઓનું નિરૂપણ, તે પાસાઓથી ઉભરતી ચિંતાઓનું સ્વરૂપ, તે પાસાઓથી ઉભરતી ચિંતાઓને દૂર કરવાના ઉપાય. તે જેમ નવરત્નમાં છે તેવી જ રીતે અંતઃકરણપ્રબોધનમાં પણ છે અને મોટાભાગે (પ્રાયઃ) જેટલા ઉપાય બતાવ્યા તેમાં જે બેઝિક રીતે ચિંતાના નિવારણના ઉપાય તરીકે બતાવવામાં આવ્યું, તેમાં આપણે જોયું કે વિવેક, ધૈર્ય અને આશ્રયને જ કોઈને કોઈ પ્રકારે બતાવવામાં

આવ્યા છે. તેના બાહ્ય સ્વરૂપમાં નહીં પણ તેના વ્યવહારિક પાસાઓ જે કાંઈપણ હોઈ શકે તે પાસાઓ બતાવ્યા.

મારી એક ઈચ્છા હતી કે અંતઃકરણપ્રબોધ અને શિક્ષાશ્લોકા એકદમ એક સાથે કહેલા ગ્રંથ છે. મતલબ કે સંન્યાસ લેવાના થોડા સમય પહેલા જ આપશ્રીએ અંતઃકરણપ્રબોધ પ્રકટ કર્યો અને સંન્યાસ લઈને નિત્યલીલા પ્રવેશ કરવાના બસ કાંઈક થોડા સમય પહેલા શિક્ષાશ્લોકા પ્રકટ કર્યો. મારી ઈચ્છા હતી કે આ બન્ને ગ્રંથને સાથે સાથે જ લઈ લઉ. પણ પહેલા ષોડશ ગ્રંથ આપણે પૂર્ણ કરીશું. એટલા માટે અત્યારે આપણે જોઈ રહ્યા છીએ વધારે નહીં તો કાલે તો આપણે ષોડશગ્રંથ તો પૂર્ણ કરી જ શકીશું.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો અન્તઃકરણપ્રબોધઃ સમ્પૂર્ણઃ ॥

॥ વિવેકધૈર્યાશ્રયઃ ॥

ભૂમિકા :-

વિવેક, ધૈર્ય, આશ્રયની વાત આવી હતી તેમાં મુખ્ય તો હવે એ સમજવાનું કે કુલ સત્તર શ્લોક છે અને તે સત્તર શ્લોકનું જે વિભાજન છે તે આ પ્રકારે છે. પહેલા વિવેકનું સ્વરૂપ નિરૂપિત કરવામાં આવ્યું છે.ત્યાર પછી ધૈર્યના સ્વરૂપનું નિરૂપાણ કરવામા આવ્યું છે અને ત્યાર પછી આશ્રયનું સ્વરૂપ. સાથે સાથે એક વાત બીજી સમજો. આ જે ત્રણ આ સ્તોત્રના મુખ્ય ભાગ છે તો પુસ્તકમાં ઉપર દેખાશે કે વિવેકને આપાણે 'ક' આપ્યો છે, ધૈર્યને 'ખ' આપ્યો છે અને આશ્રયને 'ગ' આપ્યો છે. તેથી વિવેક ધૈર્ય એનું રક્ષાણ આપાણે કરવાનું આવશ્યક છે.

આત્મનિવેદન પછી આપાણાથી સમર્પિત જીવન નભી રહ્યું છે તો, સમર્પિત જીવન નથી નભી રહ્યું તો, આત્મનિવેદન થઈ શકયું છે તો, આત્મનિવેદન નથી પાણ થઈ શકયું તો અને તે સમર્પિત જીવનને જીવતા જીવતા પાણ. કારાણકે એક વાત ધ્યાનથી સમજો કે સમર્પિત જીવનને જીવવાની પ્રક્રિયામાં પાણ સહજ એ સંભવ છે. તે દિવસે જે મેં ચતુષ્કોાણ બતાવ્યો હતોને તે ચતુષ્કોાણ વિસ્તૃત ન કરી શકે. તે સંકોચાયેલો જ રહે. આપાણી અહંતા-મમતાનો વર્તુળ છે. તો તેમાં વિકસિત ન થઈ શકે અથવા થોડોઘાણો વિકસિત થઈ શકે. ખરેખર જેટલો વિકસિત થવો જોઈએ એટલો આપાણાથી વિકસિત ન પાણ થતો હોય તો દરેક સ્થિતિમાં તે થવો જોઈએ. જેમ કે ભકિતનું સ્વરૂપ ખીલવું બહું જ મુશ્કેલ છે અને ન પાણ ખીલી શકે તો ચિંતાની કોઈ વાત નથી.

શ્રીમહાપ્રભુજી આ અનુકલ્પ ઉપર આવી રહ્યા છે કે ખીલી રહી છે ત્યારે પાણ તે આવશ્યક છે, વિવેક ધૈર્ય અને આશ્રય અને હજુ નથી ખીલી રહી તો પાણ વિવેક, ધૈર્ય, આશ્રય આવશ્યક છે. તો એક સાધારાણ રૂપથી આપાણે એ જ વિચારીએ તો વિવેક, ધૈર્ય, આશ્રય શ્રીમહાપ્રભુજીના મતમાં બધાથી પ્રારંભિક આવશ્યકતા છે આ પુષ્ટિસંપ્રદાયમાં. ભકિત સિદ્ધ થઈ રહી છે તો પાણ તેની

આવશ્યકતા છે અને ભકિત સિધ્ધ નથી થઈ રહી તો પણ તેની આવશ્યકતા છે.

તો આ બન્ને બાબતો પર આપણે ધ્યાન આપીએ તો ખબર પડશે કે આમ તો ભકિતની તુલનામાં વિવેક, ધૈર્ય, આશ્રયને એટલા ઉત્કૃષ્ટ નથી માનવામાં આવ્યા. પરંતુ છતાં પણ ભકિત જો કોઈ એવરેસ્ટનું શિખર છે તો તેની તળેટીમાં કયાંકને કયાંક વિવેક, ધૈર્ય, આશ્રય આપણે સ્વીકારવો પડશે. વિવેક, ધૈર્ય, આશ્રયની જો તળેટી નથી, તો ભકિતની જે એવરેસ્ટ શિખરની ઉંચાઈ છે તે ન તો આપણે તે ઉંચાઈએ પહોંચી શકીશું અને ન તો તે ઉંચાઈની ઉત્કૃષ્ટતા સમજી શકીશું.

તો તે ઉંચાઈની ઉત્તમતા સમજવી છે, તો વિવેક, ધૈર્ય, આશ્રયની તળેટીમાં આપણે પહોંચવું પડશે અને તે ઉંચાઈએ ચઢવું છે તો પણ યાત્રાની શરૂઆત તો આ (માઉન્ટેનીયરીંગ) પર્વતારોહણની જે શરૂઆત છે તે તો વિવેક, ધૈર્ય, આશ્રયથી જ થશે. જેમ કે ઘણીવાર આપણે જાણતા હોઈએ છીએ કે, જેમ કયારેક પુના તમે જાઓ અથવા નાસિક જાઓ તો રસ્તાની જે ચઢાણ શરૂ થાય છે, કયારેક જાઓ તો માર્ક કરજો કે રસ્તાની ચઢાણ શરૂ થવાની પહેલા પણ કાંઈક થોડુ આમ ઢાળ ચઢવાનું શરૂ થઈ જાય. જે વાસ્તવિક ઘાટની ચઢાઈ છે તે પહેલા પણ રોડ આમ ચઢવાનું શરૂ કરે, પછી ઘાટની ચઢાઈ શરૂ થાય.

અર્થાત્ જેને આપણે એક જાતની હળવી મેદાનની ચઢાઈ કહીએ. પહાડી ચઢાણ નહીં એક મેદાનનું ચઢાણ. ઘાટના શરૂ થવાના પહેલા તે શરૂ થઈ જાય છે અને તે મેદાનનું ચઢાણ આપણને વિવેક, ધૈર્ય, આશ્રયમાં પણ સમજવાનું છે કે તે મેદાનનું ચઢાણ શું છે ?

સાથે સાથે આ વિવેક, ધૈર્ય, આશ્રયમાં એક બીજી મહત્વપૂર્ણ વાત સમજવાની છે. તે એ છે કે ઘણુ કરીને જે કાંઈ પણ તકલીફ છે, વિવેક, ધૈર્ય, આશ્રયના ઉપદેશને સમજવામાં તે તકલીફ બે વાતનું પૃથ્થકરણ આપણે નથી કરી શકતા, તેના કારણે થાય છે અને આ વાત છે વિવેક, ધૈર્યનું સ્વરૂપ અર્થાત્ વિવેકનું સ્વરૂપ, ધૈર્યનું સ્વરૂપ અને આશ્રયનું સ્વરૂપ અને તે સ્વરૂપને સિધ્ધ કરવા માટે જે **'ઇતિ કર્તવ્યતા'** ને અર્થાત્ તેને કેમ પ્રાપ્ત કરવું. કેમ હાંસિલ કરવું ? આ

વિવેકને, તે ધૈયનું સ્વરૂપ જે પણ કાંઈ સમજાવ્યું છે તે ધૈર્યના સ્વરૂપને કેવી રીતે હાંસિલ કરવું અથવા આશ્રયનું જે પણ સ્વરૂપ સમજાવ્યું છે તે આશ્રયના સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત કરવું ? તેના જે ઉપાય બતાવવામાં આવ્યા છે તે બન્નેમાં આપણે હંમેશા મુંઝવણ અનુભવી રહ્યા છીએ. તેથી ફરી આ ગ્રંથમાં કાંઈ ગડબડ ન થઈ જાય, તે માટે જેટલી સફાઈથી સમજમાં આવવો જોઈએ એટલી સફાઈથી મોટેભાગે સમજમાં નથી આવતું. આ બે વાતોને આપણે ખાસ ધ્યાનથી સમજવા માટે આપણે આ પુસ્તકમાં આ પ્રકારે ઉપાય કર્યો છે.

॥ વિવેકધૈર્યાશ્રયઃ ॥

(વિવેક[ક] ધૈર્યા[ખ]શ્રય[ગ] રક્ષણાવશ્યકતા)-વિવેક ધૈર્ય અને આશ્રયના રક્ષણની આવશ્યકતા.

વિવેક[ક] - ધૈર્યે[ખ] સતતં રક્ષણીયે તથાશ્રયઃ[ગ] ॥

દેખીતી રીતે ધ્યાનથી જુઓ કે વિવેક અને ધૈર્યને શ્રીમહાપ્રભુજી ભેગા કરીને એક સંમિશ્રિત ઘટક બનાવી રહ્યા છે અને ‘‘રક્ષણીયે’’ કહી રહ્યા છે. વિવેક અને ધૈર્યનું સતત રક્ષણ કરો. ‘‘તથા આશ્રય’’ એ પ્રકારે આશ્રયનું પણ રક્ષણ કરો તો આમ તો આ ત્રણ (ત્રીપલ) છે. અર્થાત્ ત્રણ વસ્તુનો ઉપદેશ છે. પરંતુ તેની અંતર્ગત તે ત્રણ વસ્તુમાં પણ વિવેક, ધૈર્યની એક જોડી છે અને આશ્રય કોઈ એક અલગ ભાગ છે. જે તેનો આંતરિક વિભાગ છે આ વર્ગીકરણને પણ આપણે નજરમાં રાખવું જોઈએ. જે શ્રીમહાપ્રભુજી ‘‘તથાશ્રય’’ કહીને અને વિવેક, ધૈર્યને એક સાથે જોડીને જે આપણને કહેવા ઈચ્છી રહ્યા છે.

સાથે સાથે શીર્ષકમાં જે આપણે ‘ક, ખ, ગ’ જોડયા છે. હવે આ ‘ક, ખ,ગ’ હર વખતે એક વાત ધ્યાનથી સમજો કે જયાં ,પણ આપણે વિવેકના સ્વરૂપને સમજવા ઈચ્છી રહ્યા છીએ અથવા ધૈર્યના સ્વરૂપને સમજવા ઈચ્છી રહ્યા છીએ અથવા આશ્રયના સ્વરૂપને સમજવા ઈચ્છી રહ્યા છીએ. તો શુદ્ધ ‘‘ક, ખ, ગ’’ વાપરશું કારણ કે આપણે વિવેકને ‘‘ક’’, ધૈર્યને ‘‘ખ’’ અને આશ્રયને ‘‘ગ’’ કહ્યા છે. પરંતુ જયારે તેના ઉપાયોને અને તેની જે જુદી જુદી ઉત્તરોતર અવસ્થાઓ છે, જે અવસ્થામાંથી પસાર થવા પર તે વિવેકનું સ્વરૂપ સિદ્ધ થાય. આ જુઓ બરાબર તે જ પરિસ્થિતિ છે, જે પરિસ્થિતિ આપણે ‘‘ચેતસ્ તત્પ્રવણં સેવા, તત્ સિદ્ધ્યૈ તનુ-વિત્તજા’’ ના સંદર્ભમાં જોઈ કે ચિત્તનું ભગવદ્ પ્રવણ થવું એ સેવા છે અને તે ચિત્તની ભગવદ્ પ્રવણતા આપણને પ્રાપ્ત થશે તનુ વિત્તજાથી. ચિત્તની પ્રવણતા એ સેવાનું સ્વરૂપ લક્ષણ હતું અને ‘‘તત્ સિદ્ધ્યૈ તનુ વિત્તજા’’ એ સેવાનું સાધન લક્ષણ હતું.

તો આ પ્રકારે જે વિવેક, ધૈર્ય, આશ્રયનું સ્વરૂપ લક્ષણ અને તેનું સાધન

લક્ષાણ આ શબ્દોમાં તેને સમજો. વિવેક, ધૈર્યનું જે સ્વરૂપ નિરૂપિત કર્યુ છે તે સ્વરૂપવાળા વિવેકને તે સ્વરૂપવાળા ધૈર્યને અને તે સ્વરૂપવાળા આશ્રયને પ્રાપ્ત કરવા માટે જે ક્રમિક પગથિયા છે, તે પગથિયાના જે ઉપદેશ છે તેને આપણે એક, બે, ત્રાણ, ચાર એમ કરીને કહીશું. તો હવે એકદમ આપણો જે પ્રતિક વિન્યાસ છે તે સરળતાથી આપણે સમજી શકીએ.

“ક^{૧}” મતલબ વિવેકનું પ્રથમ સોપાન, “ક^{૨}” એટલે વિવેકનું બીજું સોપાન, “ક^{૩}” વિવેકનું ત્રીજું સોપાન, “ક^{૪}” વિવેકનું ચોથુ સોપાન અને જો ચોથા સોપાન પર આપણે પહોંચ્યા તો પછી આપણને વિવેકનું સ્વરૂપ અપ્રાપ્ય નહીં રહી જાય. એવી જ રીતે “ખ” મતલબ ધૈર્યનું સ્વરૂપ “ખ^{૧}” ધૈર્યનું પ્રથમ સોપાન, “ખ^{૨}” ધૈર્યનું બીજુ સોપાન, “ખ^{૩}” ધૈર્યનું ત્રીજુ સોપાન, “ખ^{૪}” ધૈર્યનું ચોથુ સોપાન. એવી જ રીતે “ગ” મતલબ આશ્રય. “ગ^{૧}” આશ્રયનું પ્રથમ સોપાન, “ગ^{૨}” આશ્રયનું બીજુ સોપાન, “ગ^{૩}” આશ્રયનું ત્રીજું સોપાન, ‘ગ^{૪}” આશ્રયનું ચોથુ સોપાન. આ આખો (પૂરો) તેનો સારાંશ (સિનોપ્સીસ) છે. સૈધ્ધાન્તિક રીતે (થિયરોટીકલી) તો આના ઉપર ધ્યાન આપશો તો પછી વિવેકધૈર્યાશ્રયને સમજવામાં કોઈ પ્રકારની કઠિનતા નહીં રહી જાય.

(વિવેકસ્વરૂપ^{ક} લક્ષણં તદુપલબ્ધ્યૈ ચ અપ્રાર્થનમ્^{૧} અનભિમાનઃ^{૨} હઠાભાવો^{૩} અનાગ્રહઃ^{૪} ચેતિ ઉપાયચતુષ્ટયમ્)-વિવેકના સ્વરૂપને આપણે “ક” કહી રહ્યા છીએ અને તે સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે અપ્રાર્થનમ્, અનભિમાન, હઠાભાવો, અનાગ્રહ આ ચતુષ્ટય ઉપાય છે.

એવી જ રીતે ધૈર્યનું સ્વરૂપ લક્ષાણમ્ “ખ” અને “તદ્ ચેતિ ક્રમિકોપાય ચતુષ્ટયમ્” અને એવી જ રીતે આશ્રય સ્વરૂપ લક્ષાણમ્ “ગ” અને ત્યાર પછી “ભગવદ્ આશ્રય સિધ્ધ્યૈ ક્રમિકોપાય ચતુષ્ટયમ્” તેના નામ નથી લખ્યા, કારણકે મોટા મોટા નામ ત્યાં આપવા મુશ્કેલ હતા. તેથી નંબર આપી

દીધા છે. ૧-૨-૩-૪ એમ ક્રમ આપેલ છે. આ આનો મૂળભૂત સારાંશ છે અને આને સમજયા પછી હવે આપણે આગળ શ્લોક શરૂ કરીશું.

વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ[૬] ॥૧॥
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્॥
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ[૧] ॥૨॥
અભિમાનશ્ ચ સન્ત્યાજયઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્॥
વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણ ગોચરઃ॥ ૩ ॥
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્[૨] ॥
આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ ત્યાજયશ્ ચ સર્વથા[૩] ॥૪॥
અનાગ્રહશ્ ચ સર્વત્ર ધર્માધર્માગ્ર - દર્શનમ્[૪] ॥
વિવેકોડયં સમાખ્યાતો.................. ॥

વિવેકનું જે સ્વરૂપ લક્ષણ છે તે શું છે ? કે આપણા હૃદયનો એક દઢ એકરાર (સ્ટ્રોંગ કન્વિકસન), એક દઢ માન્યતા (સ્ટ્રોંગ બિલીવ) અથવા એક શ્રદ્ધા, અથવા એક નિષ્ઠા આમ વાત વધતી જશે. શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા ઉત્તરોતર ક્રમથી વધતું જતું સ્વરૂપ છે. તો તે તો હોવું જ જોઈએ કે "હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ" હરિ પોતાની ઈચ્છાથી બધું જ કરશે. આ વાતની તમને શ્રદ્ધા છે બહું જ સારી વાત છે. શ્રદ્ધાથી વધીને તમને વિશ્વાસ થઈ ગયો તો તેનાથી પણ વધુ સારી વાત છે. વિશ્વાસથી વધીને તમને નિષ્ઠા કેળવાઈ ગઈ ! બસ તો પછી તો કોઈ સવાલ જ નથી રહી જતો. નિષ્ઠા ઉપર આવતા જ બધું સારું થઈ ગયું. કારણ કે પછી તમે ડગશો નહીં. શ્રદ્ધામાં આપણે ડગી જઈએ, વિશ્વાસમાં પણ કયારેક ઘાત થઈ જાય અને નિષ્ઠાનો મતલબ એ કે શ્રદ્ધા, વિશ્વાસથી પણ આગળ તેને જીવવાની આપણી એક પૂરેપૂરી જીવન શૈલી ઘડી લીધી તેનું નામ નિષ્ઠા.

અર્થાત્ જેને આપણે હૃદયથી ચાહી રહ્યા છીએ. જેને આપણે બુદ્ધિથી માની રહ્યા છીએ, તે આપણી માન્યતાને અને તે આપણી ચાહનાને જયારે

આપણે જીવવા મંડીએ તો તે વાત નિષ્ઠા બની જાય. આપણે સમજી રહ્યા છીએ અને ચાહી રહ્યા છીએ. પરંતુ પૂરેપૂરો તેના પર વિશ્વાસ નથી કરી શકતા. કારણ કે બુધ્ધિ હજુ સુધી થોડી ડગુમગુ છે.

જે હંમેશા દરેક આસ્તિક સાથેની ઘટના છે, કે આપણને ભગવાનમાં શ્રધ્ધા છે. પણ ભગવાનમાં વિશ્વાસ હોવો ખૂબ જ મુશ્કેલ વાત છે હો ! આપણે કહીએ છીએ પરંતુ ભગવાનમાં શ્રધ્ધા હોવી ખૂબ જ સરળ વાત છે. ભગવાનમાં વિશ્વાસ હોવો ખૂબ જ મુશ્કેલ વાત છે. ધર્મમાં શ્રધ્ધા હોવી ખૂબ જ સરલ વાત છે. ધર્મમાં વિશ્વાસ હોવો એ કોઈ જેની માએ સવાશેર સૂંઠ ખાધી હોય તેને જ ધર્મમાં વિશ્વાસ હોઈ શકે. બાકી દરેકને ધર્મમાં વિશ્વાસ ન હોય. શ્રધ્ધા ખૂબ સરળતાથી થઈ જાય.

કારણ કે શ્રધ્ધા તો ભગવાન ગીતામાં આજ્ઞા કરે **''શ્રધ્ધા મયોયમ પુરુષ''** એ આપણું આખુ જે બંધારણ કે માળખુ છે તેમાં શ્રધ્ધા તો ઠાંસી ઠાંસીને ભરી છે. અર્થાત્ એક વસ્તુમાં શ્રધ્ધા નહીં હોય તો બીજી વસ્તુમાં શ્રધ્ધા હશે. કોની કયા શ્રધ્ધા હશે, તે એક અલગ વિષય છે. કોઈને આપણા વિષયમાં શ્રધ્ધા ન હોય તો આપણે એમ કહીશું કે આ અશ્રધ્ધાવાળો વ્યકિત છે.

એવી જ રીતે આપણે કૃષ્ણના ભકત છીએ. કોઈકને કૃષ્ણમાં શ્રધ્ધા ન હોય તો, આપણને એમ લાગે કે અશ્રધ્ધાવાળો વ્યકિત છે. વ્યકિત અશ્રધ્ધાવાળો નથી. કૃષ્ણમાં તેની અશ્રધ્ધા છે. તે કૃષ્ણમાં શ્રધ્ધા નહીં રાખતો હોય તો, શિવમાં શ્રધ્ધા રાખતો હશે. શિવમાં નહીં રાખતો હોય તો ક્રાઈસ્ટમાં રાખતો હશે, ક્રાઈસ્ટમાં પણ નહીં રાખતો હોય તો મહમદમાં રાખતો હશે. મહમદમાં નહીં રાખતો હોય તો કોઈ બુધ્ધમાં રાખતો હશે અથવા મહાવીરમાં રાખતો હશે. એમાં પણ નહીં રાખતો હોય તો કોઈ નવા નેતા કે માર્ગદર્શકમાં રાખતો હશે. કયાંકને કયાંક તો માણસ શ્રધ્ધા રાખતો જ હશે. શ્રધ્ધા વગર તો વ્યકિત હોઈ જ ન શકે. એ વાત ધ્યાનથી સમજી લ્યો.

જે વ્યકિતને શ્રધ્ધા નથી. તેને તો આત્મહત્યા કર્યા વગર કોઈ છુટકો જ નથી. આપણે આત્મહત્યા નથી કરી રહ્યા, મતલબ સમજી લ્યો કે આપણને

બધાને શ્રદ્ધા છે. જે આત્મહત્યા નથી કરતા તે બધાને શ્રદ્ધા તો છે જ. શ્રદ્ધા ખંડિત થવાથી તો માણસ એટલો ડગમગી જાય કે સીધી આત્મહત્યા કરવાનું વિચારે. તો શ્રદ્ધા ખૂબ જ સરળ છે. એટલી સરલ છે કે જન્મેલા બાળકને શ્વાસ લેવા જેટલી સરળ હોય.

કેટલાક બાળક એવા જન્મે કે તેનો જન્મ થઈ જાય, પણ શ્વાસ ન લઈ શકે. તે ભાગ્યે જ બનતી ઘટના હોય છે. અર્થાત મેટરનીટી હોસ્પિટલમાં બાળક જન્મી જાય પણ તેને શ્વાસ લેતા ન આવડયું. સાચું છે ન હોય એવું નથી. એવી જ રીતે ભાગ્યે જ કોઈ પ્રાણી હોય કે જે શ્રદ્ધા વિહીન હોય છે. હકિકતમાં ફરક એટલો જ પડે કે આપણો જે શ્રદ્ધાનો વિષય છે તે તેમનો વિષય ન હોય. તેથી આપણને તે અશ્રદ્ધાળુ લાગે.

આપણે જે વસ્તુ વિશે શ્રદ્ધાથી વિરોધી ભાવ રાખતા હોય, તેમાં કોઈને શ્રદ્ધા હોય તો આપણને અંધશ્રદ્ધાળુ લાગે કે આ અંધશ્રદ્ધાળુ છે. જેવી રીતે દરેક મુસલમાનને હિન્દુ અંધશ્રદ્ધાળુ લાગશે. દરેક હિન્દુને મુસલમાન અંધશ્રદ્ધાળુ લાગશે. દરેક જૈનને વૈષ્ણવ અંધશ્રદ્ધાળુ લાગશે. દરેક વૈષ્ણવને જૈન અંધશ્રદ્ધાળુ લાગશે. ઈસાઈઓને આપણે બધા અંધશ્રદ્ધાળુ લાગશું. આપણને ઈસાઈઓ અંધશ્રદ્ધાળુ લાગશે.

કારણકે આપણને જેના પ્રત્યે શ્રદ્ધા વિરોધી ભાવ છે. તેમાં શ્રદ્ધા રાખવાવાળો આપણને અંધશ્રદ્ધાળુ લાગશે. પરંતુ એક વાત સમજો. શ્રદ્ધાળુ છે કે અશ્રદ્ધાળુ છે ? અશ્રદ્ધાળુ કોઈ નથી. અશ્રદ્ધાળુ કોઈ હોઈ ન શકે. જે જીવી રહ્યો છે, તો અશ્રદ્ધાળુ કોઈ હોઈ ન શકે. શ્રદ્ધા કયા છે તે પોત પોતાનો વિષય છે. તો એ વાત ધ્યાનથી સમજો.

એવી જ રીતે આ જે સિદ્ધાન્ત છે કે ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં’’ તેમાં આપણને શ્રદ્ધા ખૂબ જ સરલ છે. શ્રીમહાપ્રભુજીને આપણે માનતા હશું. ભાઈ શ્રીમહાપ્રભુજી આપણા આચાર્ય છે. બે-ચાર વખત આપણે પાઠ કરી લઈએ, બે ચાર વખત પ્રવચન સાંભળી લઈએ પછી આપણને શ્રદ્ધા થઈ જાય કે હા ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ’’

પરંતુ જયાં વિશ્વાસનો પ્રશ્ન આવ્યોને ? ત્યાં નાવ ડામાડોળ થવાની શરૂ થઈ જાય, કે માની રહ્યા છીએ કે ‘‘વિવેકસ્તુ હરિ... પણ... આ ‘પણ’ જે છે ને તે ખૂબ જ ખતરનાક છે. માની તો રહ્યા છીએ કે બધું જ ભગવાન કરી રહ્યા છે. પણ, આ ‘પણ’માં તો દુનિયા ડુબી ગઈ. આખી દુનિયા ડુબી જાય ‘પણ’માં, એક ‘પણ’ લાગતા જ. આ ‘પણ’ જે છે ને તે જુઓ આપણા અવિશ્વાસની અભિવ્યકિત છે, કે માની તો રહ્યા છીએ એ શ્રદ્ધા છે. આપણી કે અમે માનીએ છીએ કે બધું ભગવાનની ઈચ્છા મુજબ થાય છે. ‘છતાંય’ એ અવિશ્વાસ છે તે ‘છતાંય’ બસ ‘છતાંય’ લાગ્યુંને કે પેલી છત ફાટી ગઈ. તેમા અવિશ્વાસ આવી ગયો. તો આ ચક્કર છે ધ્યાનથી સમજો.

તો શ્રદ્ધા પછી વિશ્વાસ આવે અને વિશ્વાસ પછી જે છેલ્લુ સોપાન છે તે નિષ્ઠાનું છે. જે આપણી શ્રદ્ધા છે, જે આપણો વિશ્વાસ છે તેને આપણે જીવી પણ રહ્યા છીએ, વિશ્વાસ પણ આપણે કરી લઈએ. પણ પાછુ તેને જીવવામાં તકલીફ થઈ જાય. કેમ કે આપણને કોને વિશ્વાસ નથી કે ભાઈ માણસે હિંસા ન કરવી જોઈએ. માણસે ખોટું ન બોલવું જોઈએ, કોઈને પણ પૂછી જુઓ, તે પણ આમ જ કહેશે. જે સામાજીક પ્રાણી છે તેને કહી રહ્યો છું કોઈ મંગલા-બંગલા પ્રકારના ગીલીન્ડર પ્રાણીની વાત નથી કહી રહ્યો.

પરંતુ જે સામાજીક પ્રાણી છે તેને કોઈને પૂછો કે ભાઈ સાચું બોલવું જોઈએ કે નહીં ? દરેક માણસ કહેશે કે હા સાચુ તો બોલવુ જ જોઈએ. કોઈપણ માણસ કે જે સાચું નથી બોલી રહ્યો, તે આપણા અનુભવમાં આવતા જ આપણને ગુસ્સો આવી જાય કે ખોટું બોલે છે. ગુસ્સો શા માટે આવી રહ્યો છે ભાઈ ? તો ધ્યાનથી જુઓ કે ગુસ્સો આવી રહ્યો છે. આપણને બીજા જો ખોટું બોલે તો. પરંતુ આપણે ખોટું બોલીએ તેનો આપણને ગુસ્સો નથી આવતો. કારણ કે તેમાં આપણને એમ લાગે કે ભાઈ નિષ્ઠાનો જયારે સવાલ આવે, આપણે ડગી જઈએ.

આપણે માનીએ છીએ કે સાચું બોલવું જોઈએ, આપણી શ્રદ્ધા પણ છે કે સાચું બોલવું એ પુણ્ય છે, ખોટું બોલવુ પાપ છે. એવી આપણી શ્રદ્ધા છે,

એવો આપણો વિશ્વાસ છે. પરંતુ જ્યારે બોલવાની વાત આવી તે વખતે માણસ અર્ધુ સાચું, અર્ધુ ખોટુંના હિસાબથી બોલતો હોય. બીજા ખોટું બોલે તેના ઉપર ગુસ્સો આવે અને આપણે ખોટું બોલીએ તેનું આપણે પાછુ કોઇને કોઇ રીતે કાંઇકને કાંઇક બહાનું (એકસ્યુઝ) કાઢીએ કે ભાઇ એવી વાત છે ને કે, એ પરિસ્થિતિ એવી હતી. ત્યાં ખોટું ન બોલીએ તો શું કરીએ ? આખી દુનિયા ખોટું બોલી રહી છે, તેમાં સાચું બોલીને મરવું છે શું ?

આવા પચાસ કારણ આપણને સમજમાં આવી જાય તરત ફટાફટ એકદમ ઘંટી વગાડે અને જેમ ઓફિસમાં પટ્ટાવાળો હાજર થઇ જાય, એમ વ્યાજબી કારણ (જસ્ટીફિકેશન) આપણી પાસે ઘંટી વગાડી નથીને હાજર થઇ જાય, કે હા યસ સર ચાલો શું જોઇએ ? તો તે વ્યાજબી કારણ આપણી પાસે હાજર થાય કે આપણે શું કામ ખોટું બોલીએ ? પરંતુ બીજા કોઇ ખોટું બોલે તે વખતે આપણને બધા વ્યાજબી કારણ જાણે માંદગીની રજા પર ચાલ્યા ગયા હોય તેમ યાદ ન આવે. આપણને લાગે કે આ વ્યકિત ખોટું બોલે છે, બદમાશ છે, ઠગ છે, ધૂતારો છે. આ પરિસ્થિતિ દરેક મનુષ્યની છે. જુઓ આને અરીસાની માફક સમજવું પડશે, આક્ષેપની જેમ નહીં. ગુસ્સો આવે તો આવે ! તેમાં શું છે ?

''આઇને સે બિગડકે બૈઠ ગયે, જીનકી સૂરત જીને દિખાઇ ગઇ'' તો આવી જાય, આપણને પણ ગુસ્સો આવી જાય. જ્યારે પણ માણસ ફસાય તો ગુસ્સો આવે. પરંતુ હકિકત એ છે કે નિષ્ઠા ઉપર આવીને આપણે ડગમગી જઇએ. બાકી શ્રદ્ધામાં તો ભાગ્યે જ કોઇ માણસ ડગી જાય.

જેમ કે શ્રદ્ધાનો મતલબ શું છે બાવા, કે આપણી સ્વીકારવાની વૃત્તિ, આપણી સ્વીકારવાની જે વૃત્તિ છે. આંખથી તમને બ્લેકબોર્ડ દેખાઇ રહ્યું છે, તમે સ્વીકારી રહ્યા છો કે નહીં ? કે બ્લેક બોર્ડ છે. તેવો શંકાશીલ તત્વજ્ઞાની (સ્કેપ્ટિક ફિલોસોફર) તો કોઇક ભાગ્યે જ હોય કે જે જોયા છતાં પણ એ કારણ વિચારે કે સપનું પણ તો દેખાઇ રહ્યું છે અને સપનામાં જે વખતે હાથી દેખાણો તે વખતે હાથી તો હતો નહીં, હવે શું ભરોસો ? કે આ બ્લેકબોર્ડ દેખાઇ રહ્યું છે તે

બ્લેક બોર્ડ છે કે નહીં એવી તમને શંકા થાય ? બ્લેક બોર્ડ સામે છે અને તમારી પહેલી પ્રતિક્રિયા (રિએક્ટ) જે છે જે તમને દેખાઈ રહ્યું છે તેના પર તમે કેવી રીતે પ્રતિક્રિયા કરી રહ્યા છો ? સ્વીકારવાની સાથે કે શંકાશીલ રીતે સ્વીકારવાની સાથે (વિથ એકસટેપન્સ યા વિથ સસ્ટપીશન વિથ એકસટેપસેન્સ) તો બસ એ શ્રદ્ધા છે.

તો આ જે શ્રદ્ધાનું તત્વ (એલીમેન્ટ) છે આ વાત ધ્યાનથી સમજો કે દેખાઈ રહ્યો તેના માટે નથી, આ શ્રદ્ધાનો એલીમેન્ટ જે નથી દેખાઈ રહ્યું તેના વિશે આપણે જયારે સાંભળીએ... એક મોટી મજેદાર વાત બતાવું. આ ઈમરજન્સી દરમ્યાન કેટલાંક મહારાજ ઉપર આકસ્મિક તપાસ (રેડ) આવી હતી. તો છાપામાં મહારાજના ઘણા લફડા આવ્યા. તેમાં મારો એક પરિચિત વકીલ હતો. તો તેણે કહ્યું કે ભાઈ આટલા બધા લફડા તમારા મહારાજોના છાપામાં આવી રહ્યા છે ચક્કર શું છે ? મે કહ્યું ભાઈ છાપાવાળા જે છે તે બધી વાતો સાચી તો ન કહે ! થોડીક સાચી હોય, થોડીક થોડીક વધારીને કહે. તો વકીલે મને કહયું છાપામાં આવી રહ્યું છે, તો મુશ્કેલ લાગે કે ખોટી હશે. હવે તમે મહારાજ હોવાના કારણે છુપાવો તે તો બરાબર છે હું શું બોલું ? ઠીક છે ભાઈ ઠીક છે તો ઠીક છે.

પાછળથી શું થયું ? તેને એક પોલીસે પકડયો. તેણે કંઈક એક વસ્તુને ઈમ્પોર્ટ કરેલ. તે ઈમ્પોર્ટ કરેલ વસ્તુ છોડાવવામાં કાંઈક ચક્કર થયું. તે માલ છૂટયો નહીં તેથી માલ રોકાણ માટેની રકમ તેણે બે-ત્રાણ વખત લઈ લીધી તો તે એકના એક ઓર્ડરના પૈસા બે-ત્રાણ વખત લઈ લીધા કે ભાઈ માલ આટલા દિવસ મોડો થયો. છૂટયો નહીં તેના પૈસા લાવ, તેના પૈસા લાવ. સરકારી ખાતામાંથી કાંઈક હશે એવી રીતે બે-ત્રાણ વખત એક પછી એક તેણે લઈ લીધા. તેથી તે એક વખત પકડાઈ ગયો તેની આખી ચોરી પકડાઈ ગઈ. પછી છાપામાં આવ્યું. તેની વકાલત કેન્સલ થઈ ગઈ. પછી એક દિવસ હું ગયો કે છાપામાં આ બધું શું આવી ગયું ? એ છાપાવાળા બધા ખોટું બોલે તુ તો બહુ ગીલીન્ડર ! અમારું જયારે છાપામાં આવ્યું હતું તો તુ કહી રહ્યો હતો કે છાપાવાળા કાંઈ બધું

થોડું ખોટું બોલતા હોય ! અને તારું છાપામાં આવ્યું તો ફરી પાછી પાટલી બદલી લીધી કે છાપાવાળા બધા ખોટું બોલે છે, ઠીક છે. આપણે કાંઈ ઝઘડો તો નહોતો કરવો. પણ હું સમજી ગયો કે આમા સાચું શું છે ?

મેં પણ એ જ વિચાર્યુ કે છાપાવાળા કાંઈ બધું થોડા ખોટું બોલતા હશે ? જયારે આટલુ બધું છાપામાં આવે તો કાંઈકને કાંઈક તો સચ્ચાઈ હશે જ ને ? ખરેખર આપણને તો એક તટસ્થ વ્યકિતની જેમ કાંઈ ખબર ન પડે કે છાપામાં આવ્યું તે શું છે ? સાચું કે ખોટું છે ?

જેમ કે મોટા પ્રમાણમાં (લાર્જસ્કેલ) ગણપતિજીએ દૂધ પી લીધું, છાપામાં આવી ગયુ, બધાને શ્રધ્ધા છે. કેટલાય લોકો આ જ સવાલ કરે કે ભાઈ આટલા બધા માણસો બેવકુફ ? કે ગણપતિજી એ દૂધ નથી પીધું અને કહે કે પીધું. ખબર નહીં શું થયું ? શું ન થયું ? કોણ જાણે છાપામાં આવી ગયું તો બધાના મનમાં તસલ્લી છે કે છાપામાં આવ્યું કે નહીં ? ખોટું કેમ હોઈ શકે ? આ જુઓ શ્રધ્ધાની વૃત્તિ છે. સવારે આપણે ઉઠતાવેંત જ આપણામાં શ્રધ્ધા કેટલી છલકતી હોય ! કે આપણે છાપું વાંચતા જ એ સમજી લઈએ કે આખી દુનિયાની વાત આપણને સમજમાં આવી ગઈ. પરંતુ આપણને શું ખબર પડે કે ખરેખર છાપાવાળાઓએ કેવી નીતિથી, કોને બદનામ કરવા માટે, કોને ખોટો સાબિત કરવા માટે, છાપામાં કેવા સમાચાર આપી દીધા. કાંઈ ખબર ન પડે. છાપામાં વાચ્યું, મતલબ ! એ સમજીએ કે હા, આવો બનાવ બની ગયો.

તાજેતરમાં (રિસેન્ટલી) હમણાં તમે લોકોએ વાંચ્યુ હશે કે ઈરાક અને કુવૈત વચ્ચે જે યુધ્ધ થયું, તેમાં અમેરિકાએ આખા યુધ્ધનું જે ચિત્ર બતાવ્યું હતું અને પાછળથી ખબર પડી કે તે તો કોઈ બીજા યુધ્ધનું ચિત્ર હતું. તે યુધ્ધનું ન હતું અને બધા લોકો એ કહી રહ્યા હતા કે હા ડોકયુમેન્ટરી (દસ્તાવેજી ચલચિત્ર)માં આવ્યું, બધું ધ્વસ્ત થઈ રહ્યું હતું. તેની કોઈ ઈરાકની મીસાઈલ ઉડી નહીં કે બધું પાડી નાખ્યું.

ખરેખર નૈતિક પતન કરવા માટે પેન્ટાગોને કોઈ બીજા યુધ્ધનું ચલચિત્ર ટીવીમાં બતાવી દીધું હતું, વિડિયોમાં, કેબલમાં તે બધાએ જોઈ લીધું, બધા

આંખે જોયેલુ માનતા હતા હા! બધું ધ્વસ્ત થઈ ગયુ, ખતમ થઈ ગયું. શ્રદ્ધા છે બધાની, જોઈ રહ્યા છે ને ! સારું કેટલી વખત આપણો આ વિશ્વાસ પાછો ખંડિત થતો હોય. છાપામાં વાંચેલા સમાચાર કેટલીય વાર ખોટા છે તે આપણે વાંચી લીધું હોય, તપાસી લીધું હોય. પાછા બીજે દિવસે આપણે તૈયાર. તો એ જ છે કે ફરી છાપા વાંચીને ફરી આપણે તૈયાર થઈ જઈએ કે હા! આ ઘટના આમ બની.

આ મનુષ્ય શું છે ? મૂળમાં શ્રદ્ધા વાળો છે. અર્થાત્ હું તો ત્યાં સુધી માનુ છુ કે કાલે સવારે છાપામાં જાહેરાત છપાવી દયો કે આપ સાક્ષાત્ પુરુષોત્તમ છો, તો હજાર નહીં તો પાંચસો માણસ તો આપને મળી જ જાશે કે હા પિયૂષબાવા સાક્ષાત્ પુરુષોત્તમ છે. છાપામાં વાત આવી ગઈને ! કોઈને પછી એમ નહીં લાગે કે છાપામાં આવ્યું તે તો જાહેરાતના પૈસા આપવાના કારણે આવી ગયું હશે. પણ બધા લોકો એમ વિચારે કે છાપામાં આવ્યું કે નહીં ? તો સાક્ષાત્ પુરુષોત્તમ છે. તો બધા એમ માનીને ચાલે કે બીજા બાલકો હોય કે ન હોય, પણ પિયૂષબાવા તો સાક્ષાત્.... છાપામાં આવી ગયું ને. સાક્ષાત્ પુરુષોત્તમ. માણસની શ્રદ્ધાની આ પ્રકારની ભયંકર સામર્થ્ય છે.

જેમ કે હમણા એક છાપામાં આવ્યું હતુ કે ૩૦૦ રૂપિયા જમા કરાવી દયો. તમારું ચિત્ત ભગવાનમાં લાગી જાશે. બધા લોકોએ જમા કરાવી દીધા ૩૦૦ રૂપિયા કોણ જાણે ? મેં ફોન કર્યો કે ભાઈ ચિત્ત લાગશે કે નહીં લાગે ? ન લાગે તો પૈસા પાછા આપશો કે નહીં ? તો ના પાડી દીધી કે તમે જમા કરાવી દયો. નહીં લાગે તો પૈસા પાછા નહીં મળે. છાપામાં રોજ આવતું ૩૦૦ રૂપિયા ભરી દયો, ભગવાનમાં ચિત્ત ચોંટી જાશે. મેં ફોન કર્યો કે નહીં લાગે તો પૈસા પાછા આપી દેશો ? તો કહ્યું નહીં. શ્રદ્ધા હોય તો તમે જમા કરાવી જાવ, પૈસા પાછા આપવાનું પ્રાવધાન કે નિયમ અમારે ત્યાં નથી.

શ્રદ્ધા કેવડુ મોટું તત્વ છે. એટલે કે દરેક સારા તત્વનો ગેર ઉપયોગ (મીસ યુઝ) પણ હોઈ શકે અને દરેક સારા તત્વનો યોગ્ય ઉપયોગ પણ હોઈ શકે હો ! તો આ વાત તો ખુલ્લી છે, દરેક ચીજની સાથે, ચપ્પુની સાથે બંધૂકની

સાથે, દરેક ચીજની સાથે આ તો સંભાવના છે. તો તે એક બીજી કથા છે. એક વાત સાફ સમજો કે શ્રદ્ધા એક એવુ અસાધારણ તત્વ છે કે જે મૂળમાંથી આપણી અંદર આપણી કોઈપણ અનુભૂતિને સ્વીકારવાની (એક્સેપ્ટ) જે અભિરૂચિ (ઈન્કલીનેસન) છે. સ્વાભાવિક વૃત્તિ છે કે જે પણ કાંઈ તમને અનુભવ થઈ રહ્યો છે તેને સ્વીકારી લ્યો અને તે સ્વીકાર કરી લ્યો, તો તે શ્રદ્ધાનું સ્વરૂપ છે. વિશ્વાસ એટલી જલ્દી સ્વીકાર નહીં કરે . વિશ્વાસ શું છે ? કે તે અનુભવનું ૨૫-૩૦ વખત જયાં સુધી પુનરાવર્તન ન થાય ત્યાં સુધી આપણો વિશ્વાસ ન બેસે.

માત્ર થોડીક માહિતીથી કે નવી માહિતીથી આપણે તેના પર શ્રદ્ધા લાવી શકીએ, પણ વિશ્વાસ લાવવા માટે વારંવારનો અનુભવ હોવો જોઈએ. જેમ કે રોજ તમે જુઓ કે તમે એક શેરીમાંથી પસાર થઈ રહ્યા છો અને કોઈ કૂતરો તમારા ઉપર ભસતો નથી. ત્યારે તમને પછી વિશ્વાસ થશે કે આ કૂતરો આપણા ઉપર નહીં ભસે. પણ એક વખત પસાર થવાથી તમને વિશ્વાસ નહીં થાય. કારણકે દિવસે ન ભસે તો રાત્રે ભસતો હશે, ભરોશો નહીં.

કોઈ માણસ રોજ તમારી સાથે સમજો કે ટ્રેનમાં આવતો હોય. તો તમને શ્રદ્ધા થાય કે ભાઈ સાથે ઉભો છે. પાકીટ પણ નથી મારતો, પરંતુ સમજો કે તમારી સાથે ૩૬૫ દિવસ કોઈ માણસ રોજ ગાડીમાં આવી રહ્યો છે અને તમારી સાથે કોઈ દુર્ઘટના પાકીટની નથી થઈ, તો તમને પછી વારંવાર થતા અનુભવના કારણે વિશ્વાસ પ્રગટ થઈ જાય કે નહીં આ તો આપણી સાથે એક વર્ષથી આવી રહ્યા છે. હવે વિશ્વાસઘાત પણ થઈ શકે, ન થઈ શકે એવી વાત નથી. પણ વારંવારનો અનુભવ આપણી અંદર વિશ્વાસ પ્રગટ કરે છે.

તો જે અસાધારણ ઘટના છે. જેનો આપણને વારંવારનો અનુભવ નથી. તેના પર આપણે વિશ્વાસ નહીં કરી શકીએ, શ્રદ્ધા હોવા છતાં પણ. ખ્યાલમાં આવ્યું ને ! મને નથી લાગતુ કે ૩૦૧ રૂપિયા જમા કરાવવાવાળાને કોઈને વિશ્વાસ હશે કે ભગવાનમાં ચિત ચોંટી જશે. તો શ્રદ્ધા હતી બધાને કે ભાઈ હવે છાપામાં આવ્યું છે ને ! ૩૦૧ જમા કરાવો, ભગવાનમાં ચિત ચોંટી

જશે. જાવને ભાઈ ૩૦૧માં શું જવાનું ? જમા કરાવી દયો આ શ્રદ્ધા છે.

તેને પકડી પકડીને પૂછો કે તમને વિશ્વાસ હતો ? ચલાયમાન થઈ જશે બધા. વિશ્વાસ હોવો ખૂબ જ મુશ્કેલ વાત છે. માણસની અંદર બહુ જલ્દીથી વિશ્વાસ નહીં થાય. વિશ્વાસ મતલબ ધ્યાનથી સમજો, કે જેમાં તમારો શ્વાસ ઉંચો-નીચો ન થાય. કોઈપણ કે જેનો રોજનો અનુભવ નથી તમને, તેમા તમારો શ્વાસ ઉંચો-નીચો થઈ જાય. પછી ભલે તે અનુભવ સંતોષકારક (પ્લેઝન્ટ) હોય કે અસંતોષકારક હોય. પરંતુ કોઈ ખૂબ અસંતોષકારક ઘટના પણ તમારી રોજીંદી ઘટના બની જાય છે, કે રોજ આ ઘટના તો બને જ છે. પછી તેમાં તમારો વિશ્વાસ થઈ જાય કે હા.

કદાચ તમે લોકોએ વાચ્યું હશે કે નહીં વાચ્યું હોય. તમે નાના હશો. મેં વાચ્યું હતું કે અમેરિકાના સૈનિકો જયારે વિયેટનામમાં ગયા હતા. જંગલમાં બોમ્બ ધડાકા કરતા રહેતા હતા. ગોળીબાર કરતા રહેતા હતા. તો વારંવાર જયારે ફાયરીંગ થાય, ત્યારે કોઈને કોઈ માણસ બિચારો મરી જાય વિયેટકોંગનો, તે ઘટનાને જોઈ જોઈને ત્યાં વિયેતકોંગના જંગલનાં ચિત્તાઓને વિશ્વાસ થઈ ગયો કે જયારે ઢુમ ઢીસુમ થાય, મતલબ કોઈને કોઈ એક માણસની લાશ ખાવા માટે મળશે. તો જેવુ ઢીસુમ ઢીસુમ શાંત થતુ તો તે ચિત્તાઓ બહાર આવતા અને મર્યો હોય તે ખાઈ જતા.

કેટલા અનુભવ પછી તેઓને આ વાત સમજાઈ ગઈ કે હા જયારે ઢીસુમ ઢીસુમ થાય, ત્યારે કોઈ એકાદ બોડી આપણને તૈયાર, દોડયા વગર પકડયા વગર એક શિકાર મળી જાય છે. ત્યાં જંગલમાં એવું બતાવે છે કે વિયેટકોંગમાં જયારે ઢીસુમ ઢીસુમ થતી, અને ચિત્તા બહાર આવી જતા જંગલમાંથી, કે ચાલો માલ તૈયાર છે. હવે ખાવા માટે થાળી પીરસાઈ ગઈ છે. તો વારંવારના અનુભવ (રીપીટેડ એક્સપીર્યન્સ)ના કારણે તેઓને એવો વિશ્વાસ પ્રગટ થઈ ગયો. હવે બિચારા દુઃખી થતા હશે કે કયા છે બધા ઢીસુમ ઢીસુમ હવે ? વિશ્વાસઘાત થઈ ગયો. તે કોઈ એક બીજી કથા છે પણ તે વખતે પેલા વારંવારના અનુભવના કારણે તેઓમાં વિશ્વાસ પ્રગટ કરી દીધો કે તે બિચારા શ્રદ્ધા નહીં રાખતા હોય.

ઢીસુમ થઈ મતલબ ! કોઈ એકાદ માણસ મળશે ખાવા માટે. તો વિશ્વાસ તેઓને પ્રગટ થયો. વારંવારના અનુભવના કારણે વાત ખ્યાલમાં આવીને !

તો આ શ્રદ્ધા, વિશ્વાસ અને તેના ઉપરથી તમારી શ્રદ્ધા, તમારા વિશ્વાસને જયારે તમે જીવી શકો બિલકુલ દિલ ખોલીને, આડંબર વિના ત્યારે તે નિષ્ઠા કહેવાય. જેના માટે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે **''નિષ્ઠા ચ સાધને રૈવ ન મનોરથ વાર્તયા''** શ્રદ્ધા અને વિશ્વાસની વાત મનોરથ અને વાર્તામાં હોઈ શકે છે. પણ નિષ્ઠાની વાત મનોરથ અને વાર્તાથી નહીં થઈ શકે. નિષ્ઠાની વાત તો જીવન જીવવાની વાત છે કે જે તમારી શ્રદ્ધા છે, જે તમારો વિશ્વાસ છે તેને તમે જીવી રહ્યા છો.

તો આ પ્રકારે ''હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'' તેમાં તમારી શ્રદ્ધા તેમા તમારો વિશ્વાસ અને તેમા તમારી નિષ્ઠા, જે નિષ્ઠા કેળવાઈ ગઈ. તો બધી વાતનું સમાધાન થઈ જશે. પરંતુ આ તમારી શ્રદ્ધાને વિશ્વાસ ઉપર લઈ જવી, તે વિશ્વાસને નિષ્ઠા સુધી પહોંચાડવા માટે વારંવારનો અનુભવ જેમ એક સાધન બને છે, તેમ શ્રીમહાપ્રભુજી તરફથી કયા સાધનનું સૂચન કરવામાં આવે છે તે આપણે જોવું પડશે.

તે માટે સૌથી પહેલા શ્રીમહાપ્રભુજી બહુ નાનકડુ એક પગલુ ભરવાનું તમને કહી રહ્યા છે. જો તમારે આ વિવેક તમારા હૃદયમાં પ્રગટ કરવો છે, શ્રદ્ધા પ્રગટ કરવી છે. કે બધું જ ભગવાન કરશે. તો તેનું પ્રથમ કદમ તમારે શું લેવાનું છે? તો શ્રીમહાપ્રભુજી કહે કે પ્રથમ ઉપાયના અંતર્ગત ''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્, સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ'' ઓછામાં ઓછું 'અપ્રાર્થના' એટલે કે પ્રભુની પાસે પ્રાર્થના કરવાનું તો બંધ કરો. જો તમે માની રહ્યા છો કે પ્રભુ પોતાની ઈચ્છાથી જે ચાહે તે કરશે તો જે કાંઈ ચાહશે તે પોતાની ઈચ્છાથી કરશે. તો ઓછામાં ઓછું એક નાનકડું આ સ્ટેપ તો લઈ લ્યો. બીજું જે કાંઈ કરવું હોય તે કરતા રહો.

જરૂર નથી કે તમારી પાસે જે જે પરિસ્થિતિનો તમે સામનો નથી કરી શકતા, તેનો તમે પ્રતિકાર નહીં કરો. પ્રતિકાર કરવો હોય તો પ્રતિકાર કરો. જે

પરિસ્થિતિ આવી રહી છે. જેમ કે મકાનમાં આગ લાગી. તો આપણે કહીશું કે ''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'' શું કામ બહાર ભાગવું ? આગ લાગી છે, હરિને બાળવા હશે તો બાળશે, નહીં બાળવા હોય તો નહીં બાળે. આપણે તો આ બેઠા તો બેઠા. **''હજરતે દાંગ જહાં બેઠ ગયે બૈઠ ગયે, ઔર હોંગે તેરી મહેફિલ સે ઉઠને વાલે''** પ્રથમ પગથિયે આવડો મોટો તો વિવેક આપણે ન કરી શકીએ ને ! કારણ કે આટલા વિવેકને જીવવા માટે, વિશ્વાસ માટે તો ખૂબ જ હિંમત જોશે. પણ એક નાનકડો સ્ટેપ તે પણ ખૂબ જ મુશ્કેલ તો છે પણ છે સાવ નાનો.

આ પૂરો સિદ્ધાન્ત આ આદર્શના માળખામાં તમે જોશો કે ''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'' આ આદર્શને જીવવા માટે પ્રાથમિક ઉપાય શ્રીમહાપ્રભુજી સૂચવી રહ્યા છે કે આટલુ તો કરી જુઓ કે હવે પ્રભુની પાસે પ્રાર્થના કરવી બંધ કરો અને બીજો જે વ્યવહાર રાખવો હોય પ્રભુ સાથે તે રાખો. તો કમસે કમ માંગામાંગી બંધ કરો. શા માટે માંગા માંગી બંધ કરવી ? તો કહી રહ્યા છે કે ''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્'' જ્યારે તમે તેને પોતાનો સ્વામી માન્યો છે હવે તમે તેના સેવક છો, તે તમારી નિષ્ઠા પણ હોઈ શકે.

પરંતુ સમજી લ્યો કે સ્વામી માનવાની અને તમે પોતાને સેવક માનવાની હકીકત અથવા એ ભાવ તમારા વિશ્વાસમાં દૃઢ ન થયો, ન થયો તો ન થયો, નિષ્ઠામાં ન બદલ્યો તો ન બદલ્યો પણ તમને શ્રદ્ધા છે કે નહીં ? કે ભગવાન તમારા સ્વામી છે. તમે તેના સેવક છો. તે શ્રદ્ધાના અનુમાનમાં (કોરોલરી) એક નાનકડુ સ્ટેપ લઈને તો જુઓ કે તમે પ્રભુની પાસે કાંઈ માગશો નહીં. શા માટે ? શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે એટલા માટે ''સ્વામ્યભિપ્રાય સંશયાત્'' તેના અભિપ્રાયમાં સંશય મનમાં ન રાખો કે તમે જે કાંઈ માંગશો તે ખબર નહીં કેટલુ ક્ષુદ્ર હશે ? અને તે ન જાણે તમને શું આપવા ઈચ્છી રહ્યા છે કે જેની ગણતરી પણ તમે કરી નથી શકતા.

જો સ્વામી માન્યા છે તો એટલો તો વિશ્વાસ રાખી શકો કે ન રાખી શકો?

અને તમે સ્વામી માન્યા છે તો કેવા પ્રકારથી તેને સ્વામી માન્યા છે ? એવા કે કાંઈક આપવાની ઈચ્છા રાખે, તો પણ આપી ન શકે, એવા કે આપવાની તેનામાં ઉદારતા જ નથી ? સામર્થ્ય છે પણ ઉદારતા નથી, ઉદારતા છે પણ સામર્થ્ય નથી. તો ઉદારતા છે અને સામર્થ્ય નથી આપવાનું, અથવા સામર્થ્ય છે પણ ઉદારતા નથી.

મારા દાદાજીએ હોસ્પિટલ ખોલીને તો દાદાજીનો એક જવેરી સેવક હતો. તો દાદાજી તેની પાસે ગયા કે હોસ્પિટલ ખોલી છે તો તેનું કાંઈક ડોનેશન કે તેનું રિઝર્વ ફન્ડ ભેગુ કરવાનું હતું. હું તે સમયે દાદાજીની સાથે જ હતો. હું તેનું નામ ભૂલી ગયો, દાદાજી ચાલી તો શકતા નહોતા બિચારા, તો ગાડીમાં તેના ઘરની નીચે ગયા. તો નીચે દાદાજીએ ખબર કરાવી કે દાદાજી પધાર્યા છે તેથી તે દોડીને નીચે આવ્યો. પછી દાદાજીએ કહ્યું કે કાંઈક કામ હતું તમારું. તો તેણે કહ્યું કે ગુરુજી ! આજ્ઞા કરો, ગરદન હાજર છે તમારા માટે, તમારા મુખમાં તો સાક્ષાત્ પરમાત્માનું તેજ ઝલકે છે. તો દાદાજીને થયું કે હવે તો ના નહીં પાડે. તેણે કહ્યું કે એવું છે ને કે અમે એક હોસ્પિટલ ખોલી છે, તેનું રિઝર્વ ફન્ડ કરી રહ્યા છીએ. તેમાં જે કાંઇ તમારાથી... એ વાત નહીં કરતા ભાઈસાબ. દાદાજીની સામે તેણે કહી દીધુ કે એ વાત નહીં કરતા, ગરદન હાજર છે પણ એ વાત નહીં કરતા.

તો એ વાત ધ્યાનથી સમજો કે લગભગ આવુ જ કાંઈક થઈ જાય. આવી દુર્ઘટના આપણી સાથે પણ થઈ જાય. એ તો દાદાજીની સાથે જ થયું હશે એવું નથી. ઘણાની સાથે રોજે રોજના જીવનનો અનુભવ છે કે આપણે સમજતા હોઈએ કે ઓહો ! આટલુ માની રહ્યો છે પણ તેનું કોઈ સામર્થ્ય છે કે નહીં, તો સામર્થ્ય તો તેનું ચોક્કસ હતું. દાદાજીએ તેની પાસેથી કાંઈ ફિકસ રકમ પણ માંગી નહોતી. તો એમ જ કહ્યું હતું કે રિઝર્વ ફન્ડ બનાવી રહ્યા છીએ. તો જે કાંઈ પણ તમે આપી શકતા હો તે આપો.

એ વાત નહીં કરતા ! ગરદન હાજર છે તમારા માટે મારી નાખો પણ પૈસા નહીં માંગો. તેનું જો અર્થઘટન (ઈન્ટરપ્રીટેસન) કરીએ તો શું થાય ? કે

મારી નાખો મને પણ મહેરબાની કરીને પૈસા નહીં માંગતા. તો મોટા ભાગે આવી પરિસ્થિતિ થઇ જાય કે કોઈમાં સામર્થ્ય છે પણ ઉદારતા ન હોય, કોઈમાં ઉદારતા હોય પણ સામર્થ્ય ન હોય. બિચારા ઘણું આપવા ઈચ્છતા હોય, પણ સામર્થ્ય નથી. તો કયાંથી આપે ? તો શું એવો ઉદાર છે પણ અસમર્થ છે ? કે સમર્થ છે પણ અનઉદાર છે ? એવો સ્વામી આપણે માન્યો છે ?

એક વાત ધ્યાનથી સમજો કે જો આપણે પ્રભુને એવા સ્વામી માનતા હોઈએ તો, સ્વામી અને સેવકનો સંબંધ થયા પહેલા જ તોડી નાખો, છોડો. જેને તમે પોતે એમ માની રહ્યા છો કે ઉદાર નથી અને સામર્થ્ય છે અથવા સામર્થ્ય છે પણ ઉદાર નથી. તેને વ્યર્થમાં સ્વામી શું કામ માનવા જોઈએ ? તેના સ્વામીત્વને કેન્સલ કરો. એક વખત આ તકલીફ તો ખતમ થઈ જાય ને !

તો જયારે આપણે તેને સ્વામી માની રહ્યા છીએ, તો કયાંકને કયાંક આપણા હૃદયમાં પરમાત્માને કૃષ્ણને જયારે આપણે આપણો સ્વામી માન્યો છે સ્વામીને આપણે ત્યાં ઠાકુર કહીએ છીએ. ઠાકુરનો મતલબ સ્વામી, કે આ મારો ઠાકુર છે. ઠાકુર મતલબ ! આ મારો સ્વામી છે તો કયા અર્થમાં સ્વામી છે ? જે મને કાંઈપણ આપવાના છે તે મને આપવામાં સમર્થ પણ છે અને જે પણ કાંઈ મને આપવુ છે તે આપવાની તેનામાં ઉદારતા પણ છે આવો છે ત્યારે તો સ્વામી છે, મખ્ખીચુસ હોય તો કોઈનો સ્વામી શું કામ હોય ?

તો ‘‘સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ’’ એ જો તેનું સ્વરૂપ છે તો કમ સે કમ એટલી તમે શ્રદ્ધા રાખતા હોવ, તો તે શ્રદ્ધાના અનુમાનમાં (કોરોલરી) એક સ્ટેટસ તો લ્યો ને ! કે પ્રાર્થના બંધ કરી દયો. તેની પાસે માંગો નહીં, જો તમે ન માગ્યું તો વિવેકની દિશામાં વિવેકની દિશા કઈ દિશા ? કે ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ’’ જે પણ કાંઈ છે તે હરિ પોતાની ઈચ્છાથી કરશે. આ જે તમારી શ્રદ્ધા છે તેનું તમે પહેલું ડગલું માંડયું કે ન માંડયું ? જો માંગ્યુ તો માંડેલુ પહેલું ડગલું પણ ડગમગી જશે કે નહીં ?

આપણે માન્યુ કે તે મારો સ્વામી છે પછી આપણે તેની પાસે જો માંગી રહ્યા છીએ તો આપણું પહેલું ડગલુ ભરતાની સાથે જ ડગમગી ગયું. બર્ટન રસેલે

ખૂબ જ સરસ વાત કરી છે. આના માટે જ આમ તો બિચારાએ તે નાસ્તિકના સંદર્ભમાં કહી છે, ઈશ્વરવાદીઓની મજાક ઉડાડવા માટે પણ જેને આપણે વિવેક કહી રહ્યા છીએ, તે વિવેકના સંદર્ભમાં આ વાત સમજવા માટે ખૂબ જ કટાક્ષયુકત વાત છે કે તે રસેલ કહે કે જે વ્યકિત પરમાત્માને પ્રાર્થના કરે છે તે એક સાથે બે વાત કબૂલ કરી રહ્યો છે. એક વાત એ કે પરમાત્મા એક તો સર્વજ્ઞ નથી, મૂર્ખ છે કે તમારી પ્રોબ્લેમ (મુશ્કેલી) શું છે તે સમજી નથી રહ્યા. તેથી તમે જયારે તેને વાત પહોંચાડશો અથવા ખબર કરશો ત્યારે તેને સમજમાં આવશે. તો તમે પ્રાર્થના કરતાની સાથે જ પરમાત્મા ઉપર મૂર્ખ હોવાનો એક આરોપ લગાડી દીધો કે આમ તો તમે ઠીક છો, જગતનું સંચાલન કરી રહ્યા છો પણ જગતના સંચાલનના સંદર્ભમા મારી અંગત સમસ્યા શું છે ? એ તમે સમજી નથી શકયા.

બીજો આરોપ એ કહે છે કે આપણે કહીએ છીએ કે જગત તમે બનાવ્યું, જગત ઘણી સારી રીતે ચલાવી રહ્યા છો, પણ તેમાં કાંઈક ક્ષતિ પણ છે. જેને તમે ઈચ્છો તો મારી પ્રાર્થના સાંભળીને તેમાં સુધારો કરી શકો. સામાન્ય રીતે તમે ચલાવવા માટે જે પણ કાંઈ રીત અપનાવી તે બરાબર છે પરંતુ જે કંઈ ખામી છે તે અમારી પ્રાર્થનાથી સુધારી શકાય છે. જો તેની રચના (ક્રિયેસન)માં કોઈ ખામી છે કાંઈ ગડબડ છે એવી કે જે આપણી પ્રાર્થના કરવાથી સુધારી (રેકટીફાઈ) શકાતી હોય, તો તે રસેલ કહે છે કે તેને પરમાત્મા શું કામ માની રહયા છો ? યાર, તમે પ્રાર્થના કરીને તેના પરમાત્મા હોવાપણાને ખંડીત કરી રહ્યા છો.

તેણે ઈશ્વરવાદીઓની મજાક ઉડાવવા માટે આ વાત કહી છે, પરંતુ સ્વભાવ જુઓ કે આ તબ્બકે આપણને પણ આ જ દલીલ (આર્ગ્યુમેન્ટ) એટલી જ કામની છે. જેટલી તેણે ઈશ્વરના અસ્તિત્વના વિરુધ્ધ આ આક્ષેપના સંદર્ભમાં આ દલીલ કરી છે અને વાત સાચી છે કે જો ઈશ્વર સર્વજ્ઞ છે. જો ઈશ્વર સર્વાધાર છે, સર્વાત્મા છે, સર્વેશ્વર છે ''સર્વેશ્વર ચ સર્વાત્મા'' કાલે આપણે જોયું હતું કે ''નિર્જેચ્છાત કરિષ્યતિ'' તે સર્વેશ્વર છે, તે સર્વાત્મા છે, તે પોતાની ઈચ્છાથી કરશે. તેમાં તમે પ્રાર્થના કરીને તેના પર એવો આરોપ લગાવી રહ્યા છો

કે ભાઈ તમે જે વ્યવસ્થા મારા માટે બનાવી તેમાં થોડું કાંઈક સમજ્યા, વિચાર્યા વગર...

આ જેમ સંસદમાં ઠરાવ પાસ થઈ જાય, પછી એક કમીટી બેસીને તેમાંથી કાંઈક ગરબડ કાઢી નાખે કે આમા આ કાયદો થઈ ગયો. સુપ્રિમ કોર્ટ તેમાંથી કાંઈક સુક્ષ્મ નુકશાનકારક (અલ્ટ્રા વાયરસ) હોય તે કાઢે કે આ આટલુ જે છે તે સંવિધાનની વિરૂધ્ધ કાયદો છે. પછી જે હોય તેમાં સંશોધન થાય. વિરોધ થાય, આંદોલન થઈ જાય. આ જ પ્રકારે શું પરમાત્મા પણ જગતનું શાસન કરી રહ્યો છે કે તેને પ્રાર્થના ન કરવી. કરતો હોય તો પ્રાર્થના શું કામ કરવી ? આટલુ એક નાનકડુ સ્ટેપ્સ તો લઈ જુઓ કે ભાઈ પ્રાર્થના નહીં કરીએ.

તકલીફ છે તો થોડા દુઃખી થઈશું કે ભાઈ તકલીફ થઈ રહી છે શું કરીએ? ''ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્-યત્ કરિષ્યતિ, તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્'' પણ અમે પ્રાર્થના નહીં કરીએ એટલી વાતનું તમે એક પહેલું પગલું તો ભરો. જો આ પહેલું પગલું તમે પોતાની શ્રધ્ધાના અનુરૂપ લઈ લીધું, તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે વિવેકની દિશામાં તમે કમસે કમ એક ડગલુ તો આગળ વધ્યા હવે !

બીજી વાત કે આજે આપણો સ્વામી સેવકનો જે સંબંધ છે તે સંબંધની સૌમ્યતા (ડેલીકેશી)માં, જ્યારથી આ ગ્રંથ પુષ્ટિવિધાનમ્ શરૂ કર્યો ત્યારથી હું આ વાતને સમજાવી રહ્યો છું, કે જેમ કૃષ્ણ છે તેમ આપણેય કૃષ્ણ છીએ. જેમ તે પુરુષોત્તમ છે, તેમ આપણેય પુરુષોત્તમ છીએ. તે જેમ બ્રહ્મ છે, તેમ આપણેય બ્રહ્મ છીએ. તે સિવાય પણ તે સર્વેશ્વર છે, આપણે તેના ઈશિતવ્ય છીએ તે ભગવાન છે આપણે તેના ભકત છીએ.

મેં શ્રીયમુનાજીના ઉદાહરણથી પણ આ વાત સમજાવી હતી કે જે શ્રીયમુનાજીને આરોગાવવા માટે જે જલની લોટી ભરવામાં આવે છે તે પણ શ્રીયમુનાજી છે અને તે શ્રીયમુનાજીથી ભરેલી લોટી જે શ્રીયમુનાજીને ભોગ ધરવામાં આવી રહી છે તે પણ શ્રીયમુનાજી છે અને તે લોટીને ધરવા માટે ઘાટને ધોવા માટે જે જલ વાપરવામાં આવી રહ્યુ છે તે પણ શ્રીયમુનાજી છે.

જેમ આપણે બ્રહ્મરૂપ હોવા છતાં પણ, બ્રહ્માંશ હોવા છતાં પણ, બ્રહ્માત્મક હોવા છતાં પણ, બ્રહ્મના ભકત આપણે થવાનું છે. તેવી રીતે જ તે આપણો આત્મા હોવા છતાં પણ, સાર્વત્મા હોવા છતા પણ સર્વેશ્વર છે. આ એકદમ અવિભકત કરાર (વન ટુ વન એગ્રીમેન્ટ) છે તે ધ્યાનથી જુઓ કે આપણે પણ બ્રહ્મ છીએ તે પણ બ્રહ્મ છે છતાં પણ તે ભગવાન છે, આપણે ભકત છીએ, તે આપણો આત્મા છે, બીજું કોઈ નથી.

અર્થાત્ આપણી આંતરિક વાસ્તવિકતા (ઈનરમોસ્ટ રીયાલીટી) છે. સ્વતઃ સિદ્ધ પ્રકારની (એકિસઅમટાઈપ) આપણી આંતરિક વાસ્તવિકતા છે. એટલુ જ નહીં પણ આપણો ઈશ્વર પણ છે. આ પ્રકારનો વિરૂદ્ધ ધાર્માશ્રયવાળો સંબંધ આપણે તેની સાથે નિભાવવાનો છે. આ વાતને જે વખતે આપણે ધ્યાનથી સમજશું તે વખતે એક બીજી વાત એ પણ સામે આવશે કે જયારે બન્ને પાર્ટી વિરૂદ્ધ ધર્માશ્રય છે. જીવ પણ વિરૂદ્ધ ધર્માશ્રયવાળો છે ધ્યાનથી સમજો. બ્રહ્માત્મક હોવા છતાં બ્રહ્મ દાસ છીએ, કૃષ્ણ પણ બ્રહ્માત્મક હોવા છતાં સ્વામી છે, ભગવાન છે. સર્વાત્મા હોવા છતા પણ સર્વેશ્વર છે તો હવે બન્ને પક્ષ આ પ્રકારના વિરૂદ્ધ ધર્માશ્રય વાળો છે. તો બન્ને પક્ષના સંબંધમાં પણ થોડી ઘણી વિરૂદ્ધ ધર્માશ્રયતા પ્રગટ થશે તે સંબંધને નિભાવવામાં.

તો તે જે વિરૂદ્ધ ધર્માશ્રયતા પ્રગટ થશે તેના સંદર્ભમાં શ્રીમહાપ્રભજી હવે બીજું પગલુ ભરવાનું કહી રહ્યા છે કે ‘‘અભિમાનશ્ ચ સન્ત્યાજયઃ સ્વામ્યધીનત્વ ભાવનાત્’’ અમે પ્રાર્થના નહીં કરીએ એ વાતનું અભિમાન ન રાખતા દિલમાં કે અમે પ્રાર્થના નહીં કરીએ. આ વાતનું અભિમાન તમે રાખ્યુ, જુઓ પ્રાર્થના નહીં કરીએ એ વાતની રુચિ રાખવી અને પ્રાર્થના નહીં કરીએ એ વાતનું અભિમાન રાખવું બન્નેમાં ઘણો ફરક છે.

જેમ કે ઘણાબધા ન માંગવાવાળા અહંકારી હોઈ શકે છે. જરૂરી નથી કે તે વૈરાગી હોય, ઘણાબધા ન માંગવાવાળા વૈરાગી પણ હોઈ શકે છે. વિરક્ત પણ હોઈ શકે છે. તો જે ન માંગવાનો આપણો કોઈની સાથેનો જે સંબંધ છે કે અમે કાંઈ માંગીશુ નહીં. તેની બન્ને તરફ રસ્તા ખુલ્લા હોય શકે છે કે કદાચ તમે

અહંકારી હોવ તેથી તમે નથી માંગી રહ્યા અથવા કદાચ તમે વિરક્ત છો તેથી તમે નથી માંગી રહ્યા. તો હવે દુનિયામાં આપણે કોઇ પાસે કાંઇ માંગીએ નહીં. તેમાં આપણે થોડોઘણો જો અહંકાર રાખી રહ્યા છીએ, રાખી રહ્યા છીએ તો રાખી રહ્યા છીએ.

મને મારા નાનપણની એક ઘટના યાદ છે. દાઇજી રોજ સાંજે ફરવા પધારતા. મેં દાઇજીને કહ્યું કે દાઇજી મને પણ સાથે લઇ જાવ. દાઇએ કહ્યું નહીં લઇ જાવ. અત્યારે મારે કામથી જવાનું છે મારા અભિમાનને એટલી ઠેસ પહોંચી ગઇ કે બે વરસ સુધી મેં ગુસ્સાના કારણે દાઇજીને કહ્યું જ નહીં કે કયારેક બહાર લઇ જાઓ. બે વરસ સુધી મોટા મંદિરની બહાર નીકળ્યો જ નહીં. કારણકે પોતાની રીતે બહાર જવાની મનાઇ હતી. દાદાજી લઇ જાય તો બહાર જવાય. તે દિવસે સાંજે મને ઘણો ઉત્સાહ હતો કે દાદાજીની સાથે મારે જવું છે હું નાનો હતો. દાદાજીએ એકદમ મારુ દિલ તોડી નાખ્યુ કે નહીં હમણા નહીં મેં કહયું હવે કયારેય નહીં કહું. દાદાજીને ! જીદના કારણે બે વરસ સુધી મે દાદાજીને કહ્યું નહીં. બે વરસ મેં મોટા મંદિરના દરવાજાની બહાર ડગલુ ન ભર્યું. પછી જયારે દાદાભાઇ પધાર્યા ત્યારે મેં મોટા મંદિરની બહાર જવાનું શરૂ કર્યું અને અમે બન્નેએ સાથે જવાનું શરૂ કર્યુ. બાકી બે વરસ તો હું મારી જીદ પર અટલ રહ્યો કે હવે નહીં જાઉ. ઘરની બહાર જ નહીં નીકળું.

એક વાત ધ્યાનથી જુઓ, મનમાં લલક ન હતી એવી વાત ન હતી. મારા મનમાં ખૂબ લલક (ઇચ્છા) હતી કે જઇશ ખરેખર તો ઇચ્છા હતી તે ખંડિત થઇ તેથી મને ગુસ્સો આવી ગયો. નહીંતર ગુસ્સે થવાની વાત ન હતી. ભાઇ સમજમાં આવવું જોઇએ કે દાદાજીને કામ હતું તેથી ન લઇ ગયા, તો ન લઇ ગયા. લઇ ગયા તો લઇ ગયા. કોઇ વિરક્તી નહોતી આવી મારા મનમાં કે બહાર નહીં જવાનું. ગુસ્સો આવી ગયો હતો. આટલા બે વરસ સુધી મનમાં રાખ્યો, એટલો ગુસ્સો આવી ગયો હતો, તે અંદર રહેલો અહંકાર બોલી રહ્યો હતો કે મને દાદાજીએ ના કેમ પાડી ?

તો આવો અહંકાર પણ હોઇ શકે. આપણે જયારે કોઇની પાસે માંગી

નથી રહ્યા, તે આપણો વૈરાગ્ય પણ હોઈ શકે. તો દુનિયાના સંબંધમાં આ પ્રકારનો આપણે અહંકાર નિભાવ્યો અથવા ન નિભાવ્યો, તે આપણી ઈચ્છાની વાત છે. દરેક વ્યકિત તેની રીતે પ્રામાણિક કે અપ્રામાણિક હશે. પરંતુ પ્રભુ સાથેના સંબંધમાં અપ્રાર્થન આપણા અભિમાન મુલક ન હોવા જોઈએ. અપ્રાર્થન આપણો કેવા ભાવ મુલક હોવો જોઈએ ? ''સ્વામ્યધીનત્વ ભાવનાત્'' હું સ્વામીને આધીન છું. આ ભાવનથી અપ્રાર્થન હોવું જોઈએ.

જો કોઈ પ્રકારનું આપણે અભિમાન રાખ્યું કે હટ્ અમારે શું જરૂર છે પ્રભુની ? જયારે પ્રાર્થના જ નથી કરવી તો ? કારણકે એક વાત ધ્યાનથી સમજો કે જયારે કોઈની સામે માંગવુ નથી તો એક વાત સાફ થઈ ગઈને કે પછી તેની ગરજ પણ આપણને ન રહે. જેની સામે આપણે ઝુકવુ હોય, માંગવું હોય તેની આપણને ગરજ હોય **''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ.''**

ઘણા ક્ષુદ્ર શેઠીયાઓ હોય તો પણ તેને પ.ભ. કહેવું પડે શું કરીએ ભાઈ, અમારે ગીડગીડાવું પડે. દિલથી તો આપણે પણ જાણીએ કે પ.ભ. નથી. પ.ભ. પણ છે તો પરમ ભંડ છે, પરમ ભગવદીય નથી. ગીડગીડાવું પડે છે તો આપણે કહેવું પડે પ.ભ. તે તો એક અલગ કથા છે. પરંતુ જયારે ગીડગીડાવું નથી પડી રહ્યું તેની સામે સૌમ્ય વ્યવહાર કરવો. જેનાથી આપણને કાંઈપણ ગરજ નથી, તેની સામે અહંકાર પૂર્ણ વ્યવહાર કર્યા વગર સૌમ્ય વ્યવહાર કરવો, તે મનુષ્યની સૌથી મોટી ખાસયત છે. મનુષ્યતાની જેની આપણને પરવા નથી, તેની સામે આપણે એવુ કરીએ કે 'હું' હટ્ જા તમારી દરકાર કોણ કરે (વ્હુ કેર ફોર યુ?) ખૂબ જ સહેલી વાત છે. વાત સમજમાં આવીને ?

કારણકે આપણને તેની પરવા નથી, શું કરી લેશે ? પરંતુ એક વાત છે કે જેની આપણને કોઈ પરવા નથી, તેની સાથે આપણે ખૂબ દીનતાથી રજુ થઈએ છીએ. તો એકદમ વિરૂદ્ધ ધર્માશ્રય વાત થઈ ગઈ. આપણને કોઈ પરવા નથી તો પણ તેની સાથે દીનતાથી વ્યવહાર કરીએ છીએ.

તો એવી જ રીતે પ્રભુની સામે આપણી અપ્રાર્થનની વૃત્તિ મૂળમાં જે છે

તે ધ્યાનથી સમજો, પ્રભુની આપણને કોઈ દરકાર નથી પ્રભુના સંબંધમાં, તે વાત આપણને અભિમાની ન બનાવી દયે એટલા માટે બીજુ સ્ટેપ્સ શ્રીમહાપ્રભુજી આપણને બતાવી રહ્યા છે કે જયારે તમે પ્રભુથી પ્રાર્થના નથી કરતા તો આ ભાવથી નહીં કરો કે પ્રભુની તમને કોઈ ગરજ નથી. પણ આ ભાવનાથી પ્રાર્થના ન કરો કે તમે પ્રભુને આધીન છો. આધીન છો તો પ્રાર્થના કરવાની શું જરૂરત છે? પ્રભુને જે આપવું હશે તે આપશે. જે નહીં આપવું હોય તે નહીં આપે. આ ભાવનાથી અપ્રાર્થન કરો.

અપ્રાર્થન પછી બીજું જે એક સ્ટેપ્સ આવી રહ્યું છે તે ઘણુ જ મહત્વનું છે, અનઅભિમાન. અનઅભિમાન પારિભાષિક શબ્દ છે. ધ્યાનથી સમજજો, દરેક સંદર્ભમાં વાપરવામાં નથી આવતો. ''સ્વામ્યધીનત્વ''ની ભાવનાનું અનઅભિમાન જેમ કે કેટલાય લોકો કહે કે પુષ્ટિમાર્ગીય છો તો અભિમાન કરવું જ ન જોઈએ.

હમણાં જેમ કે આજકાલ ખૂબ જ એવો પ્રવાહ ચાલી રહ્યો છે કે કોઈ જે છે તે સિદ્ધાન્ત અનુસાર જીવી રહ્યા છે કે નથી જીવી રહ્યા ? જોવાવાળા તમે કોણ ? તમને બહુ અહંકાર થઈ ગયો છે, કે તમે એમ સમજી રહ્યા છો કે બીજાને તમે જોઈ રહ્યા છો કે સિદ્ધાન્ત અનુસાર જીવી રહ્યા છે કે નહીં ? અહંકારી છો તમે ! અહંકાર છે કે નહીં કહેવાવાળાને ? હોઈ શકે. જો કહેવાવાળાને અહંકાર છે તો તેની દુર્ગતિ થવાની છે. કહેવાવાળાને અહંકાર નથી તો શ્રીમહાપ્રભુજી જરૂર તેની સંભાળ લેશે. સવાલ તે વ્યકિતગત થઈ ગયો. તે સંપ્રદાયનો સવાલ નથી રહ્યો. કહેવાવાળાને અહંકાર છે કે નહીં તે સવાલ બીજો થઈ ગયો.

જેમ આપણે કોઈપણ સિદ્ધાન્તનો પ્રશ્ન ઉઠાવ્યો દરેક વખતે જુઓ હંમેશા એક સમસ્યા હોય છે કે દરેક વૈશ્યાને જે સતી છે તે ઘમંડી લાગે છે. ખૂબ અભિમાની છે. વેશ્યાને તો સતી ઘમંડી જ લાગેને કારણકે જેમ હું વેશ્યા છુ તેવી તુ કેમ નથી ? વેશ્યાને સતી ઘમંડી લાગે તેમ ચોરને શાહુકાર ઘમંડી લાગે, ખૂબ ઘમંડી છે. સ્વાભાવિક વાત છે આ ઘમંડ કયારે હોઈ શકે ? કે જયારે સામેની વ્યકિતમાં, જેમ ચોર છે તેમ તે ઘમંડી પણ હોઈ શકે. શાહુકારને શાહુકારી સારી

વસ્તુ છે પરંતુ શાહુકાર હોવાનો ઘમંડ રાખવો તે ખરાબ વસ્તુ છે. સતી હોવું તે વેશ્યાના વિરોધમાં સારી વસ્તુ છે પરંતુ સતી હોવાનું ઘમંડ રાખવું તે ખરાબ વસ્તુ છે.

તેવી રીતે અપ સિદ્ધાન્તની તુલનામાં સિદ્ધાન્ત સ્વીકારવો, સિદ્ધાન્ત કહેવો સારી વસ્તુ છે અને જો આ સિદ્ધાન્ત કહેવામાં અને તેને પ્રસ્તુત કરવામાં આપણને અભિમાન હોય તો ચોક્કસ એક વખત નહીં સત્તરસોને સાંઠ વખત ખરાબ, ખરાબ અને ફકત ખરાબ જ છે. આ વાતને સ્પષ્ટ સમજો તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ સંપ્રદાયના હિસાબે આપણે એક વાત સ્પષ્ટ સમજવી પડશે કે આવો જે કાંઈ દોષ છે તે વ્યકિતનો દોષ છે, સંપ્રદાયનો દોષ નથી.

જેમ કોઈ સતીને પોતે સતી હોવાનો ઘમંડ હોય તો તે સતીનો વ્યકિતગત દોષ છે. સતીત્વમાં કોઈ દોષ નથી. જયારે આપણે તેને આ રીતે અર્થઘટન કરશું, તો જેટલી સતી છે તે બધી જ ઘમંડી છે. વેશ્યાને જુઓ તો કેટલી દીનતાવાળી છે કે જે પુરુષો આવે તેની સાથે ફરવા જવા તૈયાર થઈજાય. આ કાંઈ દીનતા છે ? શું ગેરંટી છે કે આ દીનતા નહીં પરંતુ પોતાની આજીવીકા માટેની હલકી વૃત્તિ પસંદ કરવાની એક પસંદગી છે. એક ખરાબ કે અસભ્ય પસંદગી છે. તે તમારી ખરાબ પસંદગી તમને દીન બનાવી રહી છે. તમે કોઈ દીનતાના કારણે આ કામ કરી રહ્યા નથી, કે ભાઈ અમે આટલી દીનતાના કારણે અમે કોઈ પુરુષને ના પાડી શકીએ નહીં. આ કોઈ દીનતા છે કે તમારી ખરાબ પસંદગી છે.

જેમ આ વાતમાં ભૂલ કે ખામી હોઈ શકે, તેમ સિદ્ધાન્તની બાબતમાં પણ ભૂલ હોઈ શકે. આ વાતને આપણે ધ્યાનથી સમજવી પડશે. જો સિદ્ધાન્ત કહેવામાં અભિમાન હોય તે ચોક્કસ એક દોષ છે, દોષ જ છે. દોષ સિવાય કશું જ નથી. પરંતુ અપસિદ્ધાન્તને છુપાવવો, અપસિદ્ધાન્તને છુપાવવમાં કદાચ દીનતા નથી. કાંઈક બીજી પરેશાની પણ હોઈ શકે. વેશ્યાવાળી, તે વાતને આપણે સ્પષ્ટ રીતે સમજવી પડશે. કે સાંપ્રદાયિકતાની વાતમાં સિદ્ધાન્ત છુપાવવો તે એક સાંપ્રદાયિક દોષ છે અને સિદ્ધાન્ત કહેવો તે સાંપ્રદાયિક દોષ નહીં, પરંતુ ગુણ છે.

હવે જો કાંઇ અભિમાન છે તો ચોકકસ તે દોષ છે. આપણે કયારેય એ વાત કહી શકશું નહીં કે કોઇ અભિમાનથી સિદ્ધાન્ત કહી રહ્યો છે, તો તે તેનો ગુણ છે. સો ટકા ગુણ નથી. બીજું તો કાંઇ કહી શકીએ નહીં, બાકી તો એકસોને દસ ટકા તે દોષ જ છે. જો અહંકારથી કહી રહ્યો છે તો. આ વાત આપણે સ્પષ્ટ સમજવી પડશે કે આમ પ્રભુની પાસે પ્રાર્થના ન કરવી તે ખૂબ જ સારી વસ્તુ છે. પરંતુ તે પાછી અભિમાન પૂર્વક હોવી જોઇએ નહીં.

અભિમાન વગર મતલબ ‘‘સ્વામ્યધીનત્વ’’ની ભાવનાવાળી અપ્રાર્થના હોવી જોઇએ. ત્યારે તો વિવેક બરાબર નભશે. તેમાં કોઇ પ્રકારનો અહંકાર આવી ગયો કે હવે પ્રભુ પાસે કયારેય માંગવાનું નથી, જે મેં મારા નાનપણની વાત બતાવી હતી કે હવે દાદાજીએ ના પાડી દીધી તો હવે જવું જ નથી. તેથી દાદાજીને કોઇ દિવસ કહેવું જ નહીં કે ગાડીમાં લઇ જાઓ. ખરેખર તે કોઇ સારી વાત નથી. બાપથી શું કામ એટલો ઝઘડો કરવો જોઇએ કોઇપણ વ્યકિતએ. તે વાત મારા હૃદયમાં ઉતરી ગઇ તે તો મારી મૂર્ખાઇ હતી કે ના કેમ પાડી ? મારો અહંકાર ખંડિત થવા લાગ્યો તે એક બીજી કથા છે.

ધ્યાનથી સમજો, આમ આપણો અહંકાર ઘવાવો ન જોઇએ. તે એ સંદર્ભમાં કે જયારે પિતા છે લઇ જાય તો ઠીક છે, સારી વાત છે, ન લઇ જાય તો પણ સારી વાત છે. પિતા જ તો છેને ? પિતા માન્યા કે ન માન્યા ? પિતા માને તો અહંકાર શા માટે ઘવાવો જોઇએ. તેવી રીતે અપ્રાર્થનાની વૃત્તિ હોવી સારી વાત છે. પરંતુ અહંકારથી પ્રાર્થના ન કરવી એ ખરાબ વાત છે. આ વાત ધ્યાનથી સમજો.

એક વાત સમજો જયાં સુધી આપણને બધી પરિસ્થિતિની ખબર નથી. ત્યાં સુધી એક વાત સમજો કે બાપની સાથે અભિમાનનો વ્યવહાર શા માટે કરવો? જો બાપ આપણી સાથે દ્વેષ ભાવનો વ્યવહાર નથી કરી રહ્યો તો, અને જો બાપ આપણી સાથે દ્વેષનો વ્યવહાર કરી રહ્યા છે તો પછી વાત પૂરી થઇ ગઇ ને. પરંતુ સમજો છ વખત નહીં પરંતુ પચ્ચીસ વખત બાપે ના પાડી કોઇપણ દ્વેષવાળી ભાવનાથી નહીં, પરંતુ કાંઇકને કાંઇક આપણુ હિત વિચારીને ના પાડી

હોય. તો જયાં સુધી આ બધી ગણતરી આપણે ન કરીએ ત્યાં સુધી તે સંબંધમાં આપણે આપણુ અભિમાન શું કામ ઘુસાડવું જોઇએ. નાનપણમાં આ વાત સમજમાં આવવી ખૂબ કઠીન હતી. કેમ કે બાપ પીઢ છે અને બાળક નાદાન છે, તેથી તેનો અહંકાર પહેલા ઘવાય.

આ બધી વાતને સમજતા પહેલા જે સ્વાભાવિક વાત છે તે એ છે કે કેટલી વખત ના પાડી તે જરૂરી નથી, પરંતુ શા માટે ના પાડી કાં તો આપણા સંબંધમાં એટલી ઘનિષ્ટતા હોવી જોઇએ કે આપણે પગ પકડીને, હાથ જોડીને, ચરણ ચાંપીને મુછ મરડીને નાગણે નાગ જગાડીયો એમ પૂછી લેવું જોઇએ કે ભાઇ શા માટે ના પાડો છો ? તો ચોખવટ થઇ જાશે. આપણે જીદ કરશું તો તે પણ જીદ કરશે. પરંતુ આપણે ચરણ ચાંપી મુછ મરડી બધું કરીએ તો ચોખવટ તો કરશે જ કેમ નહીં કરે ? કારણ શું છે ? કાંઇક તો બતાવશે કે નહીં ? તો ચોખવટ થઇ શકે. આમા આટલી મોટી કોઇ સૈધ્ધાન્તિક મુશ્કેલી નથી.

બાપને હાથ પગ જોડવામાં આપણે ઘસાઇ નહીં જઇએ. બે વખત માથુ ઝુકાવ્યુ તો આપણે ઘસાઇ નહીં જઇએ. તો બસ આવી વૃત્તિ પુત્ર હોવાથી હોવી જોઇએ. આપણે માનીએ છીએ કે તમે મારા બાપ છો, હું તમારો પુત્ર છું તો તેમાં પૂછવામાં શા માટે એવું માનવું જોઇએ કે મારું નાક કપાઇ જશે. વધારેમા વધારે શું અનિષ્ટ થશે ? કે તને નહીં બતાઉ જા. પરંતુ પાછળ પડતો રહે તો શું કામ નહીં બતાવે, જરૂર બતાવશે.

અમારા દાદાજીની સાથે એક મોટાભાઇ કરીને અમારા મોટા મંદિરમાં આવતા હતા. દાદાજી તેના પર ગુસ્સે થઇ ગયા તો દાદાજીએ તેને કહ્યુ ગેઇટ આઉટ, મોટાભાઇએ દાદાજીને મોઢામોઢ કહી દીધું કે નહીં જાઉ, શું તમે ધક્કો મારીને કાઢશો ? શું સમજો છો ? બહાર જવાનું શા માટે કહો છો ? તે ખરેખર વૈષ્ણવ હતા બિચારા. તે બધાને પોતાના નાનાભાઇ સમાન સમજતા હતા. તેથી બધા તેને મોટાભાઇ કહેતા. દાદાજી એક વખત ગુસ્સે થઇ ગયા, કીધુ કે બહાર જાવ. નહીં જાવ શું સમજો છો, ધક્કો મારીને કાઢવા માંગો છો ? કેવી રીતે કાઢશો ?

તે સમયે વૈષ્ણવે એટલી હિંમત બાલક સાથેના સંબંધમાં બતાવી, તો આપણે તો આપણા બાપની સાથે બતાવવાની છે ને ! જયાં સુધી બીજું કોઈ તત્વ કામ ન કરી રહ્યું હોય ત્યાં સુધી શા માટે ન બતાવે. સૈદ્ધાન્તિક રીતે સમસ્યા નથી અથવા હોવી પણ ન જોઈએ.

અમારા દાદાજીની એક ખૂબ જ મજેદાર વાત બતાઉ. દાદાજીની પાસે હરીશચંદ્ર શાસ્ત્રીજી અભ્યાસ કરવા આવતા હતા. એક વખત ગુસ્સે થઈને દાદાજીએ કહ્યું કે જાવ સંડાસમાં જઈને પડો. તેણે આટલું કીધું અરેરે જે જે આપને ખૂબજ પરિશ્રમ થશે. મને કાઢવા માટે આપે ત્યાં આવવું પડશે. દાદાજી ખુશ થઈ ગયા. દાદાજી કહે હવે તારું શું કરું, તુ મારી માથે પડયો છે તો મારે ત્યાં પણ આવવું પડશે. ચાલ આગળ પાઠ શરૂ કર.

માણસને જુઓ જયારે સાચો સંબંધ છે તો આટલી સાચી વાત પણ મોઢામોઢ કહી શકે. ગુરુને કહી શકે, ગુરુને મોઢામોઢ કહી શકે. દાદાજીએ ગુસ્સે થઈને કહ્યું કે પડો સંડાસમાં, તો કહે નહીં નહીં કૃપાનાથ ખૂબ જ પરિશ્રમ થશે આપને, મને શું કામ પરિશ્રમ થશે, તો કહ્યું કે મને ત્યાંથી બહાર કાઢવા માટે આપને ત્યાં આવવું પડશે. દાદાજી ખુશ થઈ ગયા. ચાલ આગળ અભ્યાસ કર. જયારે આપણે સ્નેહનો સંબંધ માન્યો છે તો પછી ખરાબ શું ભલે સારી સારી ગાળો આપે. ખુશ થવું જ પડે, દાદાજીની પાસે બીજો કોઈ રસ્તો જ નહોતો.

તો એક વાત સમજો આપણે જયારે કોઈને આપણો માની રહ્યા છીએ તો પછી ગુસ્સે થવાની વાત જ કયા છે ? ખરાબ લાગવાની વાત જ કયા છે ? પોતાનો નથી માનતા તો બધી વાતની શકયતા છે. પછી તો તમે તીર તાણો અમે તીર તાણીએ ''**શરફરોશીકી તમન્ના અબ હમારે દિલમેં હૈ દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મેં હૈ**'' તે તો પાછુ એક બીજું પ્રકરણ ચાલુ થઈ ગયું બાકી ડરવાની તો કોઈ વાત નથી તો આ વાત સમજો.

તો સ્વામ્યધીનત્વ ભાવના કેવી રીતે કરવું તો ''વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણગોચરઃ તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્'' આપણે ત્યાં વાર્તામાં સ્થિતિને ખૂબ જ સારી રીતે વર્ણવી છે. શ્રીજીએ તેને આજ્ઞા કરી કે

તુ મારા દર્શન કર, તો ના પાડી દીધી કે દર્શન નહીં કરું. ત્યાં ભાવ પ્રકાશ જુઓ તો સીધીએ વાતનો ખુલાસો છે કે દર્શન કરવાથી મને સુખ થશે તમને શું સુખ થશે ? અને જો આપને સુખ થતું હોય તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા તોડવા તૈયાર છું. કારણકે આપને સુખ આપવા માટે જ શ્રીમહાપ્રભુજીએ મને સેવામાં નિયુકત કર્યો છે. તો આપને સુખ થતું હોય તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પણ તોડવા તૈયાર છું. પરંતુ મારા સુખ માટે મારા ગુરુની આજ્ઞા શા માટે તોડુ મને સેવામાં કોણે લગાડયો શ્રીમહાપ્રભુજીએ.

શ્રીધનશ્યામલાલજી શ્રીગુસાંઈજીના સાતમાં લાલજી હતા. ગરમીના દિવસોમાં શ્રીઠાકોરજીને આખી રાત પંખો કરતા. કોઈ એક વખત તેના શ્રીઠાકોરજી શ્રીમદન મોહનજીને ચોરવા આવ્યા. ત્યારે ખટક અવાજ થયો પરંતુ આંખ ખોલી નહીં, પંખો જ કરતા રહ્યા ચોરી ગયા તો ચોરી ગયા. સવારે જઈને જોયું તો શ્રીઠાકોરજીને ચોરી ગયા. ત્યારે અન્ન જલનો ત્યાગ કરીને પ્રાણ ત્યાગી દીધા કે શ્રીઠાકોરજી નથી તો જીવીને શું ફાયદો ? પરંતુ તે વખતે ધનશ્યામલાલજીએ આંખો ખોલી નહીં. તે સ્થાન હજી પણ ત્યાં ગોકુલમાં છે. હવે છે કે નહીં તે ખબર નથી. પરંતુ દાદાભાઈની સાથે મેં યાત્રા કરી હતી ત્યારે તો હતું. જયાં તે બિરાજી ગયા હતા. અન્ન જલનો ત્યાગ કરીને દેહનો ત્યાગ કરી દીધો હતો. શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા, રાત્રે પ્રભુને પંખો કરવાની નિષ્ઠાએ કેવી, આંખ ખોલી નહીં પંખો કરતા રહ્યા. ખળભળ થયું. થયુ તો થયું, હવે શું ખબર પડે જે થશે તે સવારે જોયુ જશે. સવારે સાચે જ શ્રીઠાકોરજી ચોરાય ગયા હતા. તો અન્ન-જલનો ત્યાગ કરી પ્રાણ છોડી દીધા. પરંતુ આંખ ખોલી નહીં. તો આવા ગૌરવશાળી બાલક હતા. આપણો ઈતિહાસ ખૂબ જ ગૌરવશાલી છે. આપણો જે કાંઈ વર્તમાન છે તે ખૂબ જ દુઃખદ છે તે ખૂબ જ શરમ જનક છે. બાકી આપણો ઈતિહાસ ખૂબ જ ગૌરવશાળી ઈતિહાસ હતો. બધા જ ઘરના બાલકનો, વૈષ્ણવનો ઈતિહાસ જુઓ તો કેવો ગૌરવશાળી ઈતિહાસ છે. તેમાં કોઈ જાતની કસર નહોતી. આવી માદ્દાવાલા બાલક હતા. હવે બધી જગ્યાએ ખૂબ જ દરિદ્રતા આવી ગઈ.

તો આ વાત ધ્યાનથી સમજો કે આપણે એમ માનીએ કે આપણું મન કહી રહ્યું છે કે હવે આ વ્યવસ્થા બદલાઈ ગઈ. તો આમ નહીં આમ કરો. ઈન્દિરા ગાંધીને તે વખતે મત દેવામાં આત્માની અવાજ આવી હતી. તો આત્માની અવાજ એવી ચાલી કે ખૂબ જ ઉથલ પાથલ થઈ ગઈ. બધી આત્માની અવાજમાં કટોકટી આવી ગઈ. પરંતુ તે આત્માની અવાજમાં કયારે વિશ્વાસ મુકવો ? આત્માની અવાજ ખૂબ જ સાચો અવાજ છે, પરંતુ કયારેક કયારેક આત્માના અવાજમાં ગોટાળો પણ થઈ શકે છે.

ત્યાં શ્રીમહાપ્રભુજી આપણને થર્મોમિટર બતાવે છે કે આત્માની અવાજને ત્યારે સાચી માનવી કે જયારે આપણને કોઈ વ્યકિતગત લાભ થતો ન હોય. પ્રભુના જ સુખના વિચારથી આપણે કોઈ છૂટછાટ લેવાની વાત કરી રહ્યા છીએ. તો અંતઃકરણમાં કોઈ વિશેષ આજ્ઞા થતી હોય તો વિશેષ આજ્ઞામાં સ્વામીને આધીનની ભાવના કરીને જે છૂટછાટ લેવી હોય તે લઈ શકાય. ‘‘સેવાકૃતિર્ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરિચ્છયા’’ તે અંતઃકરણ ગોચર કાંઈક હરિની ઈચ્છા થતી હોય કે આમ નહીં, આમ છે. પરંતુ તેમાં આપણો કોઈ વ્યકિતગત લાભ હોય નહીં, તો આજ્ઞા તોડી શકાય. કારણકે અંતમાં ભગવદ્ સુખાર્થ સેવા છે. આત્મ સુખાર્થ સેવા નથી. પરંતુ તે તેનો નમ્ર મનોભાવ છે. ‘‘ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્’’.

ખરેખર પંખાની જે વાર્તા છે તેના વિરોધાભાસમાં આપણે તે વેશ્યાની વાર્તા સમજીએ તો, જેણે શ્રીગુસાંઈજીથી બ્રહ્મસંબંધ લીધું હતું. તેને ત્યાં કોઈ શ્રીઠાકોરજીની સેવા કરવા આવતું નહોતુ અને તે રજસ્વલામાં પોતે જ સેવા કરતી હતી અને બીજી જે વહુની વાર્તા છે તેમાં પણ તેણે ખુદે પ્રભુની સેવા કરી હતી. તો તે પોતાના માટે કરી નથી. પ્રભુના સુખના વિચારથી કરી તેમાં પોતાનો કોઈ અંગત લાભ ન હતો. ‘‘ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્’’.

‘‘આપદ્-ગત્યાદિ્ કાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ ચ સર્વથા’’ એક વાત ધ્યાનથી સમજો, કોઈપણ આજ્ઞા એટલી કઠોર હોઈ શકે નહીં, કે તે આજ્ઞાથી આપણે ખેંચાખેંચ કરવી પડે. એટલી વધારે ખેંચાખેંચ કરવી પડે કે તે આજ્ઞાનું આપણે

હઠથી પાલન કરીએ. જુઓ કોઈપણ આજ્ઞાને સમજદારીથી પાલન, શ્રદ્ધાથી પાલન, વિશ્વાસથી પાલન, નિષ્ઠાથી પાલન કરવું એક અલગ વસ્તુ છે અને હઠથી પાલન એક અલગ વસ્તુ છે સમજ્યા વિચાર્યા વગર !

હઠનો મતલબ શું કે આપણે ન તો સમજી રહ્યા છીએ કે આ આજ્ઞા શા માટે થઈ ? આપણે એ વાત સમજવા તૈયાર નથી કે આમા ભગવદ્ સુખનો વિચાર છે કે આત્મ સુખના વિચારથી આ બધું ચક્કર ચાલી રહ્યું છે. હઠ આપણે પકડી લીધી છે, સમજ્યા વિચાર્યા વગર. તો હઠથી જે વખતે આપણે કોઈપણ ધર્મને નિભાવી રહ્યા છીએ તે સમયે કયાંકને કયાંક તે ધર્મ, ધર્મ ન રહેતા અધર્મનું રૂપ લઈ લ્યે છે.

જેવી રીતે નાગરદાસ શાસ્ત્રી ખૂબ જ સારી એક વાત કહેતા હતા કે અનાચારથી આચાર સારો છે પરંતુ અત્યાચાર દરેક પરિસ્થિતિમાં ખરાબ છે. કેમ કે આચારની કોઈ વખતે આપણે હઠ પકડી સમજ્યા વિચાર્યા વગર તો ન તે આચાર રહ્યો અને અનાચાર પણ ન રહ્યો, તે અત્યાચાર થઈ ગયો. તો અત્યાચાર આપણને કયારેય પણ સારી સ્થિતિમાં નહીં પહોંચાડે. કયાંકને કયાંક તે પોતાના પર અત્યાચાર કે બીજા ઉપર અત્યાચાર, તો આચારને સમજી વિચારીને બધી વાતનો આગળ-પાછળનો વિચાર કરીને જો પાલન કરી રહ્યા છે તો અત્યાચાર નથી પરંતુ આપણને તે વાતની આગળ-પાછળની સમજ જ નથી, બસ એક હઠ પકડી લીધી કે નહીં આમ જ થશે.

કેમ આમ જ થશે ? તો કહે કે કાકાજી આમ કરતા આવ્યા, બાપુજી આમ કરતા આવ્યા, બા આમ કરતા આવ્યા, તે બધાના કારણથી આપણો આચાર જે છે તે અત્યાચારમાં પરિણમ્યો અને તે અત્યાચાર કયારેય ધર્મ હોઈ શકે નહીં. આ એક વાત ધ્યાનથી સમજો. જેમ એક સાધારણ ઉદાહરણ મેં તે દિવસે તમને બતાવ્યું હતું કે કોઈએ પાણી ઢોળ્યું હોય તેના ઉપર આપણો પગ પડે તો આપણે છોવાય જઈએ, પરંતુ વરસાદના પાણીથી આપણે છોવાઈ જવાનું ચાલુ કરીશું તો ઉપાય શું ? આ અત્યાચાર થઈ ગયો. કેમ કે વરસાદ તો આકાશમાંથી વરસતુ પાણી છે. તે છોવાઈ જશે તો અપરસમાં કંઈ વસ્તુ રહેશે.

પછી શાસ્ત્ર પણ આવી સ્થિતિ જયારે જયારે પ્રગટ થશે, તેના માટે આપણે ત્યાં નંદ મહોત્સવમાં કેવી બડી અપરસ થઈ જાય. બડી અપરસનો મતલબ શું કે આચારને અત્યાચાર ન બનાવો. આચાર ખૂબ જ સારી વસ્તુ છે.

એકવાર હું નાથદ્વારા ગયો હતો. તો મેં જોયુ કે રાજભોગ પછી જયારે મનોરથ હોય તો શ્રીનાથજી બડી અપરસમાં આવી જાય. પહેલા મને આ વાતનો ખ્યાલ નહોતો કે આવી વ્યવસ્થા, ત્યાં ખરેખર નંદ મહોત્સવના દિવસે પણ ઉપલબ્ધ હોય છે. હું દાઉજીબાવાના લગ્નમાં ગયો ત્યારે મેં પહેલીવાર એ વાત જોઈ હતી. મને ખૂબ જ ગમી. આ ખૂબ જ સમજપૂર્વકની વાત છે કે જયાં સુધી શ્રીઠાકોરજી રાજભોગ ન આરોગે ત્યાં સુધી અપરસ છે, પછી નહીં.

રાજભોગ આરોગ્યા પછી કંઈક મનોરથ હશે. હું તો રાજભોગ ધરીને ઉપર જઈને સૂઈ ગયો પછી મને બોલાવ્યો કે ચાલો પાછો મનોરથ છે. મેં વિચાર્યુ કે હવે શું કરવું, પાછુ ન્હાવુ કે શું કરવું ? તેણે કીધું કે નહીં નહીં ચાલો અંદર મેં કહ્યું કે નહીં હું તો પથારી પર સૂતો હતો તો તેણે કીધું કે કોઈ ચિંતાની વાત નથી. હવે બડી અપરસ છે. તો બડી અપરસમાં બધા પાછા આમ પથારીને સ્પર્શ કર્યો હોય તો પણ શ્રીજીને સ્પર્શ કરી શકે છે, શ્રીજીને ખેલાવી શકે છે. બધું કરી શકે. શ્રીજી બાવા જયાં સુધી રાજભોગ આરોગે નહીં ત્યાં સુધી એકદમ અપરસમાં બિરાજે, ત્યાર પછી બડી અપરસ.

તો કયારે તે આચાર છે, કયારે તે અનાચાર છે તેની વ્યવસ્થા છે. અમારે ત્યાં પણ કિશનગઢમાં શ્રીદ્વારકાધીશ પધાર્યા હતા. તો અમારા મંદિરમાં બિરાજયા હતા. અમારા મંદિરમાં બિરાજીને પછી કિશનગઢ દરબારના ગઢમાં શ્રીદ્વારકાધીશ પ્રભુની ફૂલમંડલી હતી. શયન આરતી પણ ત્યાં થવાની હતી, ત્યાં પાલખીમાં શ્રીદ્વારકાધીશ પ્રભુ કિશનગઢ દરબારમાં પધાર્યા. તો અમને બધાને એક વિશેષ ચિંતા હતી કે હવે બધાને નાહવાની વ્યવસ્થા કરવી પડશે અને બધી વ્યવસ્થા કરી પણ હતી. શું ખબર કોનો કેવો આચાર હોય, કેવો વિચાર હોય. ત્યાં તો શ્રીદ્વારકાધીશ પાલખીમાંથી બહાર પધાર્યા ફૂલમંડળીમાં બિરાજયા, આરતી થઈ અને પાછા પાલખીમાં પધારી અમારે ઘરે પધાર્યા. ત્યારે દરબારે મને પૂછયું કે

આ શું થઈ ગયું. મને ખબર નથી કેમ કે સાચે જ મને ખબર નહોતી કે આવી વ્યવસ્થા આપણે ત્યાં છે. પછી કાકાજીને પુછયું તો તેણે કહ્યું કે આપણે ત્યાં આમ જ છે કે જયારે નિત્યનો સેવાક્રમ પહોંચી લીધો અને પછી શ્રીઠાકોરજી બહાર પધારે, મનોરથની સેવામાં તો અપરસ ન હોય.

માધવપુરની વાત પણ લોકોને ખબર જ હશે. જૂનાગઢના કેશોદની આસપાસ કયાંક માધવપુર છે. જયારે વિવાહ સમયે માધવરાયજી પધારે તો તે દિવસે હરિજન પણ ચરણ સ્પર્શ કરી શકે માધવરાયજીના ! કોઇ છૂત-અછૂત નથી. જેમ જગદીશમાં પણ આમ જ છે. જયારે માધવરાયજી મૂળ મંદિરમાંથી ત્યાં પધારે તો કોઈપણ માધવરાયજીના ચરણ સ્પર્શ કરી શકે. કોઈપણ બ્રાહ્મણ, ભંગી, શૂદ્ર બધી જ જાતીના એક સાથે ચરણ સ્પર્શ કરી શકે. તો આ શું છે ? શ્રીઠાકોરજી ખુદ અપરસમાંથી બહાર આવે.

તો આનો મેં પાછળથી તંત્રમાં પણ બધો અભ્યાસ કર્યો, તો ખબર પડી કે તંત્ર પોતે એ વાતને સમર્થન આપે છે. આપણાં મંદિરમાંથી શ્રીઠાકોરજી જયારે બહાર પધારે છે ત્યારે અપરસ પાળતા નથી. મંદિરમાં બિરાજે છે, ત્યારે શ્રીઠાકોરજી અપરસ પાળે છે. આચારના બધા નિયમ મંદિરમાં બિરાજે છે તો છે.

તો આપણે ત્યાં કેવા લફડા છે. બિચારા વૈષ્ણવને આ રહસ્ય બતાવે નહીં તેથી વૈષ્ણવ સેવાથી થર થર ધ્રુજતા હોય છે. ઘરમાં તો બધું કરી લઈએ પરંતુ બહારગામ જઈએ તો પછી શું કરવું. કયાંથી લાવવી વ્યવસ્થા. વૈષ્ણવની માથે ખૂબ જ કઠોર સિતમ જકડી દીધો, તેથી તે બિચારો ગભરાઈ જાય કે આ સેવાના લફડામાં પડે કોણ ? કારણકે જે પ્રકારથી ખુદ આપણે પોતે જ પાળી રહ્યા છીએ, તે છૂટ પણ આપણે લઈ રહ્યા છીએ. તેને તે છૂટ લેવા દેતા નથી, જે ત્રાહિમામ થઈને કોઈપણ પ્રકારથી સેવા છોડી દે. બાકી આ બધી છૂટ લેવાઈ રહી છે.

અત્યારે પણ જઈને જોઈ આવો તેમાં જન્માષ્ટમીના દિવસે આપણે ત્યાં જેમ છૂટ મળે છે, તેમ કોઈને ત્યાં હશે કે નહીં તે મને ખબર નથી. ખરેખર બધા

ઘરમાં શું રિવાજ છે અને કેવો રિવાજ નથી. પરંતુ મેં તો નાથદ્વારામાં અને અમારે ત્યાં કિશનગઢમાં જયારે શ્રીદ્વારકાધીશ પધાર્યા ત્યારે જોયું. આ એક સંવેદનશીલ વાત છે અને તંત્રમાં પણ આ પ્રકારનું જ વર્ણન છે કે શ્રીઠાકોરજી જયારે આપણા ગર્ભગૃહની બહાર પધારે ત્યારે અપરસ છોડી દયે. પછી સામાન્ય રીતે આવી જાય. પાછા શ્રીઠાકોરજી ઘરમાં પધારે ત્યારે પાછી અપરસ શરૂ થાય.

હવે આ વાત બિચારા વૈષ્ણવને બતાવી હોય કે ભાઈ જે અપરસ તુ ઘરમાં પાળી રહ્યો છે તેટલી અપરસ બહારગામ પધરાવીને લઈ જાવ તો જરૂર નથી. તો વૈષ્ણવ પોતાના શ્રીઠાકોરજીને હૃદયથી લગાવીને આખી દુનિયા ફરી આવશે. વૈષ્ણવને કોઈ પ્રકારથી જકડી રાખવો છે કે નાલાયક અપરસ પાડતો નથી અને તેણે શ્રીઠાકોરજીને પકડયો નહીં અને આચાર શિથિલ કરીને બહારગામ જાય તો પણ શ્રીઠાકોરજીને પકડી રાખશે અને આમ થવાથી તે વૈષ્ણવ ફરીને આપણી પાસે આવશે નહીં. તેથી તેને જકડી રાખવા માટે આચાર અપરસનું મહત્વ બતાવે કે બહારગામ જાવ ત્યારે પણ કૂવાનું જલ જોઈએ. તો ત્યાં ક્યાંથી કૂવો આવે, કયાંથી મરજાદ આવે કેમ હોય, શું હોય.

એક વાત ધ્યાનથી સમજો. એક સામાન્ય વાત સમજો તો સમજમાં આવશે કે આપદ્‌ગતિના સિધ્ધાન્તની વાત આપણને સેવામાં કેવી રીતે વિઘ્નકારક થઈ રહી છે, કે જેમ આજ આપણે બસમાં બદ્રીનાથ કદાચ આઠ-દસ કલાકમાં પહોંચી જઈએ. વધારેમાં વધારે દસ-બાર કલાકમાં પહોંચી જઈએ. તો આપણે સહન કરી શકીએ. પરંતુ શ્રીમહાપ્રભુજીના સમયમાં તો બસ ચાલતી નહોતી અને બદ્રિનાથ જવાનો બસનો જે રસ્તો છે તે કયારેક ચાલીને જવાનો રસ્તો હતો. તો ચાલીને જુઓ જો તમે એક પહાડ ચડી ગયા તો જલ લેવું છે, તો નીચે ઉતરીને જલ લેવા ગયા તો ઉપર તમે પહોંચી જ નહીં શકો અને તે અંતર ઓછામાં ઓછું અઢાર-ઓગણીસ દિવસ વિના કાપી શકાય નહીં. તો છીવે જઈને નહાવું કે શું કરવું ? આ બધી વ્યવસ્થા શું હતી ? હું શું કહી રહ્યો છું વાત સમજમાં આવે છે કે નહીં ? જે પગે ચાલીને જવાવાળો યાત્રી હતો, જેમ કે શ્રીમહાપ્રભુજી સહિત કેટલી અપરસ પાળતા હશે. ત્યારે શું શ્રીઠાકોરજીને

છોડીને પધારતા હતા શ્રીમહાપ્રભુજી ? શાલીગ્રામજીને તો કંઠમાં ધારણ કરીને પધારતા હતા.

તો જ્યારે યાત્રામાં હોય ત્યારે તો તે યાત્રાની અપરસ છે જ, ત્યાં તેવી અપરસ હોય. ત્યાં ઘર જેવી અપરસ હોય જ નહીં. તો આ રહસ્ય બિચારા વૈષ્ણવને સમજાવતા નથી, તેથી વૈષ્ણવ સેવા છોડી દયે છે. ઘણા વૈષ્ણવની સાથે વ્યકિતગત વાતચીત કરીને મેં આ વાતને સમજી છે. આ હું અઘડમ-બઘડમ બકવાસ નથી કરી રહ્યો. વૈષ્ણવની તકલીફ છે તો આ છે કે ઘરમાં કોઈ પ્રકારે નિભાવી લઈએ, એક વખત સેવા પધરાવી પછી બહારગામ જઈએ ત્યારે સેવા કોને ત્યાં પધરાવીને જઈએ અને સેવાને સાથે પધરાવીને બહારગામ જઈએ તો બહારગામ અમે અપરસ કેમ નિભાવીએ ? તો પછી અમારે કહેવું જ ના પડે કે તમે સેવા છોડી દ્યો. તે પોતે જ નિર્ણય લઈ લ્યે કે તેથી સેવાની ભાંજગડમાં પડવાનું જ નહીં કેમ કે આપણાથી નભે તેવા નિયમ નથી.

શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે કે ''આપદ્ ગત્યાદિ કાર્યેષુ હઠસ્ ત્યાજયશ્ ચ સર્વથા'' આ પ્રકારની જે આપદ્‌ગતિ છે તેમાં હઠની આવશ્યકતા નથી. કેમ કે અંતમાં તમે બિમાર થઈ ગયા તો શાસ્ત્ર પણ કહેશે કે નાહીને ભોજન કરવાની જરૂર નથી, તમે બિમાર પડયા છો તો ન્હાયા વગર પણ ભોજન કરી શકો છો. તમે યાત્રા કરી રહ્યા છો તો ભોજન માટે નહાવાનું જરૂરી છે તેમ શાસ્ત્ર પણ માનતું નથી.

દિવસથી અડધી અપરસ રાતમાં, રાતથી અડધી અપરસ બિમારીમાં અને બિમારીથી અડધી અપરસ યાત્રામાં આ વાત શાસ્ત્ર ખુદ કહી રહ્યું છે. ખરેખર ઘરમાં અપરસનો જે કાંઈ માપદંડ હોય તેનાથી યાત્રામાં કેટલી થઈ ? ચોથી નહીં આઠમી. માપદંડ કેટલું નીચે આવી ગયું. હવે આ રહસ્ય બિચારા વૈષ્ણવને સમજાવો તો શ્રીઠાકોરજીને પોતાના હૃદયથી લગાવીને બધા વૈષ્ણવ ફરશે. કારણકે કોને પોતાના શ્રીઠાકોરજી સોંપીને જાય, બીજાને સોંપીને જઈએ તેવો આજ કોઈને આપસમાં સહચાર, સદભાવ, સહયોગ રહ્યો નથી અને પાછી સેવા ઘરમાં પધરાવે તો લફડા પ્રગટ થઈ જાય. તો પછી પોતે ઘરમાં જ

રહેવું અથવા કયાંય જાવું જ નહીં. જીંદગીની બન્ને શકયતા છે જ નહીં. શાસ્ત્રએ તેની વ્યવસ્થા બતાવી હતી. પુષ્ટિમાર્ગમાં પણ આ વ્યવસ્થા નિભાવી રહ્યા છે.

ધ્યાનથી જુઓ, બધા પુષ્ટિમાર્ગીય મંદિરમાં જન્માષ્ટમીના દિવસે વૈષ્ણવને અડીને શ્રીઠાકોરજીને પલના ઝુલાવી શકે, પલના ઝુલાવીને પાછા નંદ મહોત્સવમાં ભાગ લઈ શકે. નંદ મહોત્સવમાં ભાગ લઈને પાછા શ્રીઠાકોરજીને પલના ઝુલાવી શકે, ચરણ સ્પર્શ કરી શકે. તે બધી બડી અપરસ ત્યાં મોજુદ છે. ત્યાં કોઈ છોવાતું નથી. કોઈ છોવાઈ રહ્યું નથી. કોઈને નંદ મહોત્સવ વખતે પૂછતા નથી કે તુ નાહીને આવ્યો કે ન્હાયા વગર આવ્યો. નંદ મહોત્સવમાં બડી અપરસનો સિદ્ધાન્ત હું નથી માનતો કે પુષ્ટિમાર્ગમાં કોઈ એવું ઘર હોય કે જયાં આચારની છૂટ ઉપલબ્ધ ન હોય.

પરંતુ જાણી જોઈને બિચારા વૈષ્ણવને ફસાવી દેવા કે કોઈ પ્રકારની સેવા ન કરે. આ કયા પ્રકારની ઈર્ષા કે દ્વેષ છે. આ ખરેખર વિચારવાની જરૂર છે. કોઈને એમ લાગે કે હું અહંકારી છુ, મારો અહંકાર પણ દોષ છે. ચાલો હું તે કબૂલ કરવા તૈયાર છું કે આ વાતને ખુલ્લી કરવી તે મારો અહંકારનો દોષ છે. મારા અહંકારના દોષનો ગુન્નો હું કબૂલ કરવા તૈયાર છું. પરંતુ ભાઈ તમે પણ તમારો આ દોષ કબૂલ તો કરો કે વૈષ્ણવને આ રહસ્ય કેમ નથી બતાવતા ? કે જે છૂટ તમે લઈ રહ્યા છો તે છૂટ વૈષ્ણવને કેમ નથી આપી રહ્યા આપત્તિકાળમાં ?

જે છૂટ શ્રીમહાપ્રભુજી પોતે કહી રહ્યા છે કે ‘‘આપદ્ ગત્યાદિ કાર્યેષુ હઠસ્ ત્યાજયશ્ ચ સર્વથા’’ આ વિધિ વિધાનને જીવવાનો હંમેશા આગ્રહ રાખવો, જેટલી સારી વાત છે. આ વિધિ વિધાનને સમજયા વિચાર્યા વગર એવી હઠ પકડવી ત્યાં સુધી કે વ્યકિત સેવા છોડી દયે, તે લેવલ સુધી કે માણસ સેવાના નામથી ભાગી જાય. સેવા કરવાથી વિમુખ થઈ જાય ત્યાં સુધી

તે બરાબર આ જ પદ્ધતિ કામ કરી રહી છે, કે એવો સંસ્કાર કરો કે દ્રવ્યનો નાશ થઈ જાય. હમણા તમે લોકોએ વાંચ્યુ હશે કે થાણામાં એક માએ પોતાના બાળકને સ્પેલિંગ યાદ કરાવવામાં, સ્પેલિંગ યાદ ન રહી તેથી મા એ

પેટમાં છરો મારી દીધો ભાઈ સ્પેલિંગ યાદ કરાવવો તે સારો સંસ્કાર છે અભ્યાસ માટે, પરંતુ બાળકને સ્પેલિંગ યાદ નથી રહેતો તેથી માં જો બાળકને પેટમાં છરો મારશે તો પછી સંસ્કાર માટે દ્રવ્યનાશ કરવાની ભૂલ આપણે કરી રહ્યા છીએ. કોઈપણ સંસ્કાર દ્રવ્યનાશક હોઈ શકે નહીં. જયારે દ્રવ્યનાશ થઈ રહ્યો છે, ત્યારે સંસ્કારને ભુલી જાવ. તે સંસ્કાર નથી વિકાર છે.

સંસ્કાર ત્યારે સંસ્કાર છે કે જેમાં દ્રવ્ય નિખરીને ખૂબ જ સરસ બનીને સામે આવે. જેનાથી સેવા છૂટી જતી હોય, જેનાથી ભાવ તુટી જતો હોય, જેનાથી ભગવાન અને ભકત વચ્ચેનો સંબંધ તુટી જતો હોય, સંપ્રદાયનું બંધારણ જેનાથી તુટી જતુ હોય. જેનાથી શ્રીમહાપ્રભુજીની બધી આજ્ઞા તુટી જતી હોય, જેનાથી આપણા શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તને આપણા માર્ગદર્શક માનવાની આપણી નિષ્ઠા તુટી જતી હોય, આ બધા જડ પ્રકારને આપણે કહી રહ્યા છીએ કે આ નહીં, અમારા સંપ્રદાયની પરંપરા આ છે તે પરંપરા નથી તે તો હઠાગ્રહ છે. તે પરંપરા નથી, તે સંપ્રદાય પ્રત્યે રહેલો કોઈ એક ક્રુર દ્વેષ છે, કે કોઈપણ રીતે આ સંપ્રદાયને ખતમ કરો. સંપ્રદાયમાં જીવવાની ભાવના નથી. કોઈપણ જીવવાવાળો દરેક વ્યકિત આ રીતે કયારેય જીવી શકયો નથી, આવી રીતે કયારેય જીવ્યો નથી.

એક સીધી વાત સમજો તમે બધા લોકો આ વાતને સારી રીતે જાણો છો કે જેટલા નાગર વાણિયા છે તે કોઈ એક જમાનામાં નાગર બ્રાહ્મણ હતા. પરંતુ પોતાનો ધર્મ ટકાવવા માટે મુસલમાન મારી નાખે નહીં તે માટે નાગર વાણિયા થઈ ગયા. ભાઈ વાણિયા થઈને જીવવા મળતુ હોય તો હિન્દુધર્મ તો રહેશે. અમે બ્રાહ્મણ ન રહીએ તો ન રહીએ. દ્રવ્યનાશ તો નહીં થાય, બ્રાહ્મણનો જે સંસ્કાર છે તે ઘણી સારી વાત છે. પરંતુ દ્રવ્યનાશના ભોગે સંસ્કરને નહીં નિભાવીએ.

આ બિચારા કેટલાય ધોબીમાં, દરજીમાં કોઈ રાઠોડ છે, કોઈ પરમાર છે, આ બધા પવાર છે. આ બધા ક્ષત્રિય હતા. ક્ષત્રિય હતા તેથી લડતા હતા. તેથી મુસલમાન તેના ઉપર નારાજ થયા અને સામુહિક રીતે ખતમ કરવાનો આદેશ કરવામાં આવ્યો કે બધાને ખતમ કરો. વીણી વીણીને કાપી નાખો, તેણે

ના પાડી દીધી કે નહીં નહીં કોણે કીધું કે અમે ક્ષત્રિય છીએ ? અમે તો દરજી છીએ, કોઈએ કીધું કે અમે તો ધોબી છીએ, કોઈ કાંઇ બની ગયા, કોઈ કાંઇ બન્યા. અંતમાં જુઓ હિન્દુ તો રહ્યા કે નહીં.

દ્રવ્યનાશ નથી થયો તો હિન્દુ તો રહ્યા કે નહીં. જો સંસ્કારના ચક્કરમાં પડયા હોત તો દ્રવ્યનાશ થતો. દ્રવ્યનાશ થઈ ગયા પછી જે બિચારા મુસલમાન થઈ ગયા, આજ તેને ફરી હિન્દુ બનવા માટે કોઈ ઉપાય નથી. કારણકે તેમાં વનવે ટ્રાફિક છે. જે ચાલ્યા ગયા તે ફરી આવી શકતા નથી. આપણે ત્યાં એવી પરિસ્થિતિ નથી કે બન્ને દરવાજા ખુલ્લા હોય આ વાતને આપણે સમજવી પડશે.

આ જેટલા ભાટિયા છે બધા ભટ્ટી રાજપુત હતા. તો જીવતા તો રહયા કે નહીં, આજ વૈષ્ણવ પણ થઈ ગયા. વૈષ્ણવ ન થયા તો પણ કાંઈ નહીં, પરંતુ હિન્દુની જેમ જીવતા તો રહ્યા કે નહીં. ભટ્ટી રાજપુતનું ભટ્ટી પણું કયા ગયું ? બધા ભટ્ટી બિચારા ભાટિયા થઈ ગયા. આ શબ્દ ગાલી માટે હતો. ભાટિયા કેવી રીતે ભટ્ટી ભાટીયા. આ મૂળભૂત રીતે ગાળ આપી હતી, રજપૂતોએ પોતાની જ્ઞાતિવાળાઓને, તેણે કીધું કે ભાટિયા તો ભાટિયા પરંતુ અમે હિન્દુ તો છીએ કે નહીં. જે ભાટિયા નથી બન્યા એવા કેટલાય ભટ્ટી મુસલમાન બની ગયા. આજે પણ જોઈ લ્યો ભટ્ટી મુસલમાન પણ છે. ભટ્ટી સરનેમ મુસલમાનમાં પણ છે. જે ભાટિયા ન બન્યા તેને ભટ્ટી મુસલમાન બનવું પડયું. તેના કરતા ભાટિયા બનવું હજારગણુ સારું. ભટ્ટી ન રહ્યા તો ન રહ્યા. હવે તમારામાં એ શક્તિ હતી કે તમે ભટ્ટી થઈને જીવી શકો તો ખૂબ સારી વાત હતી પરંતુ ભટ્ટી રહીને નહીં, પરંતુ ભાટીયા બનીને રહ્યા તો હિન્દુ તો છીએ કે નહીં ?

સંસ્કારને દ્રવ્યનાશ માટે કયારેય વાપરવો ન જોઈએ. આ શ્રીમહાપ્રભુજીની પાયાની નીતિ છે. ધ્યાનમાં રાખો અને આ નીતિને અનુસરીને ચાલશો તો તમને ખબર પડશે કે શ્રીમહાપ્રભુજી ‘‘આપદ્ ગત્યાદિ કાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ ચ સર્વથા’’ દ્વારા શું ઉપદેશ આપણને આપવા ઈચ્છી રહ્યા છે. કે વિવેક તમારો શું છે કે આપતિ કાલમાં હઠ ન કરો. ધર્મનો આગ્રહ ન રાખો.

ધર્માગ્રહ ખૂબ સારી વસ્તુ છે. ધર્માગ્રહ જેટલી સારી વસ્તુ છે, તેટલી જ ધર્મની હઠ ખરાબ વસ્તુ છે.

કારણકે તમે આગળ–પાછળનું કાંઇ વિચારી રહ્યા નથી. બધે સત્યાનાશ ફેલાવી રહ્યા છો. તે વાતને આગળના શ્લોકમાં શ્રીમહાપ્રભુજી વધારે સારી રીતે કહી રહ્યા છે કે પછી કંઇ વસ્તુનો આગ્રહ રાખવો. હવે એક વખત કહી દીધું કે હઠ રાખવી નહીં. તો ફરી પાછી હવે તો છૂટ મળી ગઇ કે ગાયનો ઘોડો રમતો જમતો છૂટ્ટો. પરંતુ મનુષ્યની માનસિકતાની શ્રીમહાપ્રભુજી ખૂબ જ કાળજી લઇ રહ્યા છે. શ્રીમહાપ્રભુજી ફરીથી અંકુશ બતાવે છે. ‘‘અનાગ્રહશ્ ચ સર્વત્ર ધર્માધિર્માગ્રિ દર્શનમ્’’ આપણા કાર્યમાં કોઇનો આગ્રહ ન રાખો. ધર્મ શેનાથી નભશે તેનો આગ્રહ રાખો. અધર્મ કરવાથી શું અવગણના થઇ શકે ? બસ તે વાતનું ધ્યાન રાખો તો તમારો વિવેક નભી જાશે અને મૂળભૂત રીતે તમારી વિવેકબુદ્ધિ રહી તો આ વાતથી તમારો વિવેક નભશે અને એ મૂળભૂત વિવેક બુદ્ધિ તમે છોડી દીધી અને તમે હઠ પકડી લીધી એટલે કે દુરાગ્રહને વિકસાવ્યો. તો જીવનમાં વિવેક તમારાથી નભશે નહીં.

જે વિવેક અમે કહી રહ્યા છીએ કે ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ’’ પછી તો એવુ થશે ને કે સારું ભાઇ મુસલમાન આવી ગયા અને તે કહે કે મુસલમાન બની જાઓ ‘‘વિવેકસ્તુ હરિઃ ....’’ અમે મુસલમાન બની ગયા. હવે કોઇ બિચારી સતી હોય અને કોઇ ગુંડો આવીને કહે કે ચાલ વૈશ્યા બજારમાં તો ‘‘વિવેકસ્તુ હરિઃ ....’’ વેશ્યા બજારમાં પહુંચી ગયા. કોઇએ આપણને માંસ–ઈંડા ખાવાનો પ્રસ્તાવ કર્યો બોલીએ કે ‘‘વિવેકસ્તુ હરિઃ ....’’ હવે માંસ પણ ખાઇએ અને ઈંડા પણ ખાઇએ. કોઇએ બાટલી ભેટ ધરી દીધી કે મહારાજ આપના ચરણારવિંદમાં ભેટ, બોલીએ ‘‘વિવેકસ્તુ હરિઃ ....કરિષ્યતિ’’ આ બાટલી ભેટ આવી શું કામ ? ભગવદ્ ઈચ્છા ન હોય તો બાટલી ભેટ ન આવત. બાટલી પણ પી લઇએ તો આ ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ’’ નથી. આ આદેશ છે, તો આદેશને સમજવો પડશે કે તે વિવેકને આચરણમાં કેવી રીતે મુકવો.

તેના આચરણમાં કેવી નાજુકતા છે. જીવંત નાજુકતા છે. જીંદગીની નાજુકતા છે અને કેટલી નાજુકતા તેનું એટલા કડક નિયમથી આપણે જીંદગીમાં નિરીક્ષણ કરવાનું છે કે ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વમ્...’’ અને તે એક પછી એક જોશો તો શ્રીમહાપ્રભુજી કહે છે કે ‘‘વિવેકોઽયં સમાખ્યાતો...’’ મેં તમને વિવેક સારી રીતે સમજાવી દીધો કે વ્યકિતગત આવડતથી તમે તમારા વિવેકને નિભાવવાનો પ્રયાસ કર્યો. તો જયાં સુધી તમે આ વ્યકિતગત આવડતમાં અસફળ થઈ રહ્યા છો. તો તમે વિવેકને બરાબર સમજયા નથી.

‘‘તદા વિશેષગત્યાદિ ભાવ્યં’’ તમને અંતઃકરણમાં ભગવાનની કંઈક વિશેષ આજ્ઞા થતી હોય તો વિશેષ ગતિ મતલબ વિશેષ આજ્ઞાને દૈનિકમાં જે કાંઈ થતુ હોય તે નહીં પરંતુ તે આજ્ઞાને એક અપવાદ રૂપે તમે સ્વીકારી લ્યો. પરંતુ તે અસાધારણ વિશેષ આજ્ઞાનો સ્વીકાર કયારે કરવો ? કે જેમાં તમને તમારી જાતને પ્રોત્સાહન આપવાનું અથવા તેમાં તમારો સ્વાર્થ કે તમારું સુખ તમને દેખાતુ ન હોય ત્યારે.

જયારે તમને એમ લાગે કે આમા તો જોઈતું હતુ ને વૈદ્યે બતાવ્યું તો થોડા કાળજી પૂર્વક રહો. ધર્મ-અધર્મનો વિચાર કરો. કેમકે ભાવતુ હશે તો તમારું નિયંત્રણ નહીં રહે કે કંઈ વસ્તુ ભાવે. તમારી સમજમાં આવીને આ વાત. હવે જેમ ડાયાબીટીશ થઈ જાય અને ડોકટર તમને કહે કે સારું ભાઈ ખાવી હોય તો ખાવ મીઠાઈ. કારણકે તમે ડોકટરનું ખૂબ જ માથુ ખાધુ હોય કે મીઠાઈ ખાધા વિના કે, ગોળ વિનાની દાળ તો મારાથી ખવાતી જ નથી. પછી ડોકટર કહેશે કે ખાવી હોય તો ખાવ. તો તે ડોકટર ખુદ પોતે જ આપણને કહે કે ચાલો ગોળ વાળી દાળ ખાવ. તો હવે કોઈ નિયંત્રણ રહે જ નહીંને ? નિયંત્રણ રહે નહીં તો એવી આજ્ઞાને માનવામાં તમને શાનો સંતોષ થઈ રહ્યો છે. તબીયત સુધરી રહી છે કે કેવલ જીભને સંતોષ થઈ રહ્યો છે. ડોકટરની આવી આજ્ઞાથી તમારી જીભને સંતોષ થઈ રહ્યો છે. સ્વાસ્થ્યને સંતોષ થઈ રહ્યો છે ? પરંતુ આ જીભથી જ ડાયાબીટીશ પેદા થઈ છે અને તે જીભને તમે ફરીથી સંતુષ્ટ કરવા ઈચ્છો છો. તો ડાયાબીટીસની સારવાર સારી રીતે કેવી રીતે થાય ? એ વાત સમજો.

''ભિન્નંતુ દૈહિકાત્'' જેમા તમારા દેહના આવેગનો સંતોષ ના થઈ રહ્યો હોય એવી કોઈ વિશેષગતિ તમને દેખાઈ રહી હોય. અપવાદના રૂપમાં, કોઈ દૈનિક પ્રકારથી નહીં તે વિશેષ આજ્ઞાને અપવાદ તરીકે અપનાવી લ્યો. ગભરાવ નહીં, પરંતુ તમે તમારા દેહના આવેગને સંતુષ્ટ કરવા માટે બધી જ ભગવાનની વિશેષ આજ્ઞા માની માનીને ચાલશો તો તે વિશેષ આજ્ઞા નથી. પરંતુ તમે દેહના સંતોષ માટે તેને વિશેષ આજ્ઞામાં ખપાવો છો કે હા આ તો ભાઈ ભગવાને હૃદયમાં બતાવ્યું કે આ વખતે તો ઈંડા ખાઈ લેવા ખૂબ જ જરૂરી છે કેમ કે મને કમજોરી વધારે આવી ગઈ છે. ભાઈ તો ઈંડાની જગ્યાએ બીજી કોઈ વસ્તુ તેની અવેજીમાં નથી ? અંતઃકરણમાં ભગવાને જ આજ્ઞા કરી કે તુ પુષ્ટિમાર્ગીય છે, મર્યાદાનો ભંગ તેનું નામ પુષ્ટિ. તો તુ ખાઈ લે ઈંડા તો મેં ખાઈ લીધા. હવે આ કેવી રીતે ખબર પડે કે આ ભગવાને તમને અંતઃકરણમાં આજ્ઞા કરી કે સાચે જ તમે ઈંડા ખાવાના શોકથી જ ખાધા. નક્કી કેવી રીતે કરવું, તેનું સાધન ''ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્''થી બતાવી રહ્યા છે.

જેમ એક વાત સમજો કે હું હર વખત આ જ દલીલ કરું છું કે જેમ વિત્તજા સેવા કરવી. તનુવિત્તજા ધર્મ નથી, તો વિત્તજા સેવા કરવી ધર્મ છે. વિત્તજા સેવા સ્વીકારવામાં કોઈ પાપ નથી ચાલો. ''ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્'' તે વિત્તજાને શ્રીઠાકોરજી માટે સ્વીકારો, પરંતુ તમારા ઉપયોગમાં ન લ્યો, જો તમે સાચા છો તો.

હંમેશા બાલકો શું કહે છે કે વૈષ્ણવના દૈવીદ્રવ્યનો વિનિયોગ ભગવાનના સુખ માટે અમે કરી રહ્યા છીએ. ખૂબ જ સારી વાત છે. ખૂબ જ સુંદર માળખુ છે કે વૈષ્ણવો જે પોતાના ઘરમાં ભગવદ્ સેવા નથી કરી રહ્યા, તે દૈવી જીવ છે, તે દૈવી જીવનું દૈવી દ્રવ્ય છે, કે નહીં ? કે પછી કોઈને કાપીને લાવ્યો છે કે પાકીટ મારીને લાવ્યો છે. તે પણ આપણને ખબર નથી. પરંતુ માની લ્યો કે બ્રહ્મસંબંધ લેવાના કારણથી તે દૈવી જીવ છે. તેના ઘરમાં જે પૈસા ભેગા કર્યા છે તે દ્રવ્ય પણ દૈવી દ્રવ્ય છે. સારું આ પણ માનીને ચાલીએ કે તમે તે પૈસા ભગવાનના સુખમાં વિનિયોગ કરી રહ્યા છો તે પણ સારી વાત છે.

તો હવે જુઓ ''ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્'' તમે જયારે ભગવાનના સુખ માટે બીજાના પૈસા લઈ રહ્યા છો તો કમસે કમ (ઓછામાં ઓછું) તેને પોતાના કામમાં તો ન વાપરો. તો કહે કે આ તો પ્રસાદ છે. તે તો લેવો જ જોઈએ. તેનો અનાદર કેવી રીતે કરાય. પાછા અહીંયા ફસાવી દયે તેનો અંત કેમ આવે. પ્રસાદ તો લેવો જ જોઈએ કેમ કે **''સર્વમ્ ખલુ ઇદમ્ બ્રહ્મ''** આમા દેવદ્રવ્યનો પ્રશ્ન જ કયા આવ્યો ? બધું જ દેવદ્રવ્ય હોય તો તે પોતાના ખાતામાં પાછુ તે દેવદ્રવ્ય બધું જ દૈવદ્રવ્ય છે.

અમારી પાસે એક પંડિત છે તેને બાલકે આજ્ઞા કરી કે શ્વાસ લઈ રહ્યો છે, આ વેદ ભાણી રહ્યો છે, આ વેદ તો ભગવાનની વાણી છે. તુ તારી વાણીથી બોલી રહ્યો છે તો તારું દેવદ્રવ્ય મોઢામાં ગયું કે નહીં ? ગધેડાને હસવું આવે એવી વાત છે કે નહીં ? બોલો વેદ ભગવાનની વાણી અને ભગવાનની વાણીને તું ભાણી રહ્યો છે. તેથી તે દેવદ્રવ્ય તારા મોઢામાં આવી ગયું, એટલા માટે વેદ નહીં ભણું. આવી આવી ઉટપટાંગ વાતો સુજે, પરંતુ શુધ્ધ સિધ્ધાન્તની વાતો ન સુજે. ચક્કર શું છે ? ચક્કર શું છે યાર તેનો તો ખુલાસો તો કરો. આવી ઉટપટાંગ વાતો માટે આપાણે બધા બુધ્ધિ લગાવી રહ્યા છીએ.

પરંતુ એક વખત શ્રીમહાપ્રભુજી શું કહેવા ઈચ્છી રહ્યા છે તે વાતને સમજવામાં બુધ્ધિનો પ્રયોગ નથી કરવો તેવા સોગંધ લીધા છે તો આ બધી ઉટપટાંગની વાત અવિવેકની વાત છે, સંપ્રદાયના વિવેકની વાત નથી, તે સમજો. તે વૈશ્યાના પ્રસંગમાં તે વૈશ્યાએ પાણ આ જ વાત કહી હતી કે હું રજસ્વલા થાઉ તો મારે ત્યાં કોણ સેવા કરવા આવે. જે મારે ત્યાં આવવાવાળો હશે તે સેવા કરવાવાળો નહીં હોય અને જે સેવા કરવાવાળો હશે તે મારા ઘરે આવશે નહીં અને આ વૈશ્યાવૃત્તિના કારાણે મારો દેહ જેટલો અપવિત્ર બની ગયો છે, તેનાથી વધારે અપવિત્ર માસિક ધર્મથી નહીં થાય અને આપની જે મર્યાદા છે કે રજસ્વલામાં છોવાઈ જાવ. તો હું જેમ ત્રાણ દિવસ પછી ન્હાઈ રહી છુ તેવી રીતે મારા શ્રીઠાકોરજીને પાણ હું સ્નાન કરાવું છું.

ત્યાં શ્રીગુસાંઈજીએ આ વાત સ્પષ્ટ કહી છે કે તને છૂટ છે, પરંતુ

ગામના લોકોને કહ્યું કે આની નકલ કરવાની તમને છૂટ નથી. કેમ કે તમે બધા વૈશ્યા નથીને. તમારો દેહ એટલો અપવિત્ર તો નથીને ! તમારે ત્યાં તમે સેવા ન કરી શકો તો કોઈ બીજા આવી શકે છે. આને ત્યાં તો કોઈ આવી શકે નહીં. તેણે પોતાનું હિત વિચાર્યુ નથી અને પાછી પોતાની જાતને ખુલ્લી રાખી કે છતાં પણ કોઈ દોષ થતો હોય તો આપ બતાવો તેમ કરું.

શ્રીગુસાંઈજી પાસે કોઈ જવાબ નહોતો, તમે વાર્તા વાંચીને જોઈ લ્યો કે શ્રીગુસાંઈજીએ કહ્યું છે કે તને છૂટ છે જા, કારણકે વૈશ્યાના દેહથી વધારે અપવિત્ર દેહ રજસ્વલામાં નથી હોતો અને સમજો કે તે આગ્રહ રાખે કે તે ત્રણ દિવસમાં, હવે પાછો આમા એક ઉપદ્રવ શું થઈ જશે કે આપણે કહીશુ કે અમે તો સૃષ્ટિના આરંભથી આવા જ જઘન્યાધિકારી છીએ, વૈશ્યા જેવા. ભાઈ તમે કબૂલ કરતા હો તો અમે કેવી રીતે ના પાડી શકીએ. કોઈ એવું કબૂલ કરે કે સૃષ્ટિના આરંભમાં ભગવાને મને વૈશ્યા જેટલો જ અપવિત્ર બનાવ્યો છે, તો પછી બધાને છૂટ છે. તો પછી તે રીતે નિષ્ઠા પૂર્વક વર્તવુ પડશે ને ! કે અમે વૈશ્યા જેટલા અપવિત્ર છીએ. પછી કયાંક પ્રસાદ લેવાની પંગત લાગી હોય ત્યાં બેસી ન જાવુ કે અમે ભગવદીય છીએ.

આપણે ત્યાં વાર્તામાં એવો પ્રસંગ નથી, પરંતુ ચૈતન્ય સંપ્રદાયની વાર્તામાં પ્રસંગ છે. જે વખતે રૂપ સનાતન ચૈતન્ય મહાપ્રભુની સાથે એડેલ આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીને એટલો ઉત્સાહ આવ્યો કે ચૈતન્ય મહાપ્રભુના સ્વાગતની સાથે રૂપ સનાતનને પણ એકદમ ગળે ભેટવા ગયા. પરંતુ રૂપ સનાતન પાછળ પાછળ સરકવા લાગ્યા કારણકે મુસલમાનને ત્યાં નોકરી કરવાના કારણે પહેલા મુસલમાન થઈ ગયા હતા. શ્રીમહાપ્રભુજી મુંઝાઈ ગયા કે ભાઈ હું ભેટવા જઈ રહ્યો છું પાછળ કેમ સરકી રહ્યા છે. તો રૂપે કહ્યું કે હું એક વખત મ્લેચ્છ થઈ ગયો હતો. આપ તો સાચા બ્રાહ્મણ છો, તેથી મને ભેટશો નહીં. શ્રીમહાપ્રભુજીએ ત્યારે એવું કહ્યું કે જો તું વૈષ્ણવ છો તો હું તને ગળે ભેટીશ કહીને તેને ભેટયા હતા. પહેલા મુસલમાન બની ગયા હશો તમે, પરંતુ હમણા તમે પાછા વૈષ્ણવ થઈ ગયા છો ને ! તો હું તમને ભેટીશ. અડેલમાં

સ્વાગત કરવા માટે શ્રીમહાપ્રભુજી તેને ગળે ભેટયા.

ત્યાં સ્પષ્ટ વાર્તામાં આવે કે તે બિચારા પોતે જ પાછળ સરકી રહ્યા હતા. કે મને ભેટશો નહીં. કારણકે તેઓ આ હકિકતને જાણતા હતા, છુપાવવા માંગતા ન હતા કે એક તબ્બકે અમે મુસલમાનમાં પરિવર્તિત થઈ ગયા હતા. તો મુસલમાનમાં પરિવર્તિત થવાના કારણે જે પણ કંઈ તેનામાં અપવિત્રતા આવી તેને તેઓ પોતાના વૈષ્ણવતાના દંભથી છુપાવા ઈચ્છતા નહોતા, આ માદ્દા હતી. આવીને વાત ખ્યાલમાં.

જેમ આપણા પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં દામોદરલાલજી જયારે નાથદ્વારા પધાર્યા તો ઘણાએ આગ્રહ કર્યો કે તમે નાહીને સેવામાં પધારો પુષ્ટિમાર્ગ તો મર્યાદામાર્ગ નથી કંઈપણ છોવાશે નહીં., દામોદરલાલજીએ પોતે આજ્ઞા કરી કે દેહ અપવિત્ર થઈ ગયો. શ્રીજીને સ્પર્શ કરવા લાયક નથી રહ્યો. બધા જ સલાહકારો હાજર હતા કે નહીં આપ પધારો. પુષ્ટિમાર્ગમા વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા છે જ નહીં. દામોદરલાલજીએ ખુદે ઈનકાર કર્યો કે દેહ અપવિત્ર થઈ ગયો. આવા માદ્દાવાળા લોકો હતા. ગુનો પણ કરતા હતા તો આમ બેઈજ્જત નહોતા કરતા, ઈજ્જતની સાથે ગુનો કરતા હતા.

કબૂલ પણ કરતા કે ભાઈ થઈ ગયો ગુનો, દેહ અપવિત્ર થઈ ગયો શું કરે? પાખંડ નહોતા કરતા, આજની જેમ કે અમે તો પુરુષોતમ છીએ. અમે કાંઈપણ કરીએ તો તે લીલા છે. બિચારા દામોદરલાલજીએ એવી વાત નહોતી કરી. આખી દુનિયા તેને સમજાવી રહી હતી કે તમે છોવાવ નહીં અને તે કહી રહ્યા હતા કે નહીં દેહ અપવિત્ર થઈ ગયો. આવા માદ્દાવાળા લોકો હતા. એટલી માદ્દા રાખો તો પછી કોઈ વાંધો નથી, તે માદ્દા નથી તેથી ચક્કર થાય છે.

ખેર આ બધી ધીરજથી સમજવાની વાત છે. તેથી આપાણે ધૈર્ય પર આવીએ. **(ધૈર્યસ્વરૂપ[ખ]લક્ષણં તદુપલબ્ધ્યૈ ચ અનાગ્રહઃ[૧] સહનં[૨] ત્યાગઃ[૩] અસામર્થ્યભાવના[૪] ચેતિ ક્રમિકોપાયચતુષ્ટયમ્)**–ધૈર્યનું સ્વરૂપ લક્ષાણ અને તેની પ્રાપ્તિના ચાર ઉપાયો.

તો જેમ ''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'' આ એક વિવેકનું સ્વરૂપ લક્ષણ છે. તેવી રીતે ઈતિ કર્તવ્યતા લક્ષણ બીજા પણ છે. તે ધૈર્ય અને તેને એક પછી એક ઉપાયને કેવી રીતે આચરણમાં મુકવા. તેમ ધૈર્યનું જે સ્વરૂપ લક્ષણ છે તે શું છે ?

.... ધૈર્યન્તુ વિનિરૂપ્યતે ॥૫॥
ત્રિદુઃખ-સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા[ખ] ॥
તક્રવદ્[૧] દેહવદ્[૨] ભાવ્યં જડવદ્[૩] ગોપભાર્યવત્[૪] ॥૬॥
પ્રતિકારો યદચ્છાતઃ સિદ્ધશ્ ચેન્ નાગ્રહી ભવેત્[૧] ॥
ભાર્યાદીનાં તથાન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્[૨] ॥૭॥
સ્વયમ્ ઇન્દ્રિય-કાર્યાણિ કાય-વાઙ્-મનસા ત્યજેત્[૩]॥
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય ભાવનાત્[૪] ॥૮॥
અશકયે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્ ॥
એતત્ સહનમ્ અત્રોક્તમ્.........................॥

ભુલે ચુકે કોઈને સમજાવી દયો પછી બધી વ્યકિત કબૂલ કરી લેશે કે ભઈ બીજું કંઈપણ કરવાનું હોય તે કરી શકીએ. ધૈર્યની વાત અશકય. કારણકે ધૈર્યનું સ્વરૂપ લક્ષણ શું ? તો મોત ન આવે ત્યાં સુધી બધી રીતે હંમેશા ત્રણેય દુઃખોને સહન કરતા રહેવુ તેનું નામ ધૈર્ય. હવે તો ખતમ થઈ ગઈને વાત. આપણને લાગે કે આ તો ચોર્યાશી વૈષ્ણવોને માટે કહેલો ઉપદેશ છે. આ આપણા માટે કહેવાયેલો ઉપદેશ જ નથી.

પરંતુ ધ્યાનથી સમજો કે ચોર્યાશી વૈષ્ણવોમાં પણ આ ઉપદેશ કોઈકે જીલ્યો છે. બધાએ તો જીલ્યો નથી. ઘણાએ કષ્ટ પણ જીલ્યુ છે કોઈ ડગી પણ ગયા છે. કોઈને કંઈક પણ થઈ ગયું છે. આ ગભરાવાની વાત નથી. આ જે સ્વરૂપ ધૈર્યનું છે તે સ્વરૂપથી ગભરાવ નહીં તે તો એવરેસ્ટની ચોટીની વાત છે. સ્વરૂપ લક્ષણની વાત છે. તેનું આચરણ કેવી રીતે થઈ રહ્યું છે, કેટલુ વ્યાવહારિક

છે અને કેટલુ સહી સલામત છે અને કેટલુ પ્રાપ્ત કરવા લાયક આ માર્ગ છે આ વાત જુઓ.

શ્રીમહાપ્રભુજીએ ધૈર્યના ચાર ઉપાય સમજાવ્યા છે. ‘‘ત્રિદુઃખ સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા’’ જે પારિભાષિક ધૈર્ય છે કે મોત આવે ત્યાં સુધી બધા, બધી તરફથી, ત્રણેય પ્રકારના દુઃખને સહન કરવા તેનું નામ ધૈર્ય છે. તો તે કેવી રીતે ? ‘‘તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપભાર્યવત્’’ હવે તે એક એકને સમજાવી રહ્યા છે. તક્રવદ્ મતલબ શું કે ‘‘પ્રતિકારો યદચ્છાતઃ સિદ્ધશ્ ચેન્ નાગ્રહી ભવેત્’’ જો તમારી પાસે કોઈ દુઃખને મટાડવાનો ઉપાય ઉપલબ્ધ છે તો દુઃખ સહન કરવાનો આગ્રહ ન રાખો.

જુઓ જે વાત આટલી અશકય લાગી રહી હતી, વાત એટલી અવ્યવહારિક લાગી રહી હતી, તે કેટલી વ્યવહારિક (પ્રેકટીકલ) થઈ રહી છે. કે દુઃખને સહન કરવાનો આગ્રહ રાખવો તે ધૈર્ય નથી. પરંતુ પ્રતિકાર તમારી પાસે છે તો દૂર કરો શું કામ દુઃખી રહો છો. **‘‘શુદ્ધાશ્ચ સુખિન શ્ચૈવ બ્રહ્મવિદ્યા વિશારદા ભગવત્ સેવને યોગ્યા નાન્ય’’** તમારી પાસે પ્રતિકાર છે કે નહીં તો દુઃખ શા માટે સહન કરવું ? આપણે જોઈ રહ્યા છીએ કે સાપ આવી રહ્યો છે, આપણી પાસે પ્રતિકાર હાજર છે કે આપણે બચી પણ શકીએ છીએ. ન બચી શકીએ તો મારી પણ શકીએ છીએ. સમજો આપણે કહીએ, નહીં નહીં ‘‘ત્રિદુઃખ સહનં ધૈયમ્’’ આવીને કરડે નહીં ત્યાં સુધી તો અમે પુષ્ટિમાર્ગીય કેવી રીતે ?

આવી કોઈ મૂર્ખાઈભરી ધૈર્યની પરિભાષા થોડી છે. ધૈર્યની પરિભાષા બહુ સ્વસ્થ, બહુ સમજની પરિભાષા છે. ‘‘પ્રતિકારો યદચ્છાતઃ’’ સરળતાથી તમારી પાસે કોઈ પ્રતિકારનો ઉપાય પ્રાપ્ત છે, તો દુઃખને ખતમ કરો. ‘‘સિદ્ધશ્ ચેન્ નાગ્રહી ભવેત્’’ દુઃખને સહન કરવાનો આગ્રહ ન રાખો. દુઃખને સહન કરવાની ક્ષમતા રાખો. બે વાતોનું અંત સમજો. દુઃખને સહન કરવાનો આગ્રહ અને દુઃખને સહન કરવાની હઠ અને ચોખ્ખા શબ્દોમાં કહું તો અમે દુઃખી જ રહીશું.

એમ કહે છે ને કે **''ગર દે ગયા દગા હમે તુફાન જો કાતીલ સાહિલ પે કુસ્તીયોકો ડુબાયા કરેંગે હમ''** આવી વાત સમજમાં. નાવમાં જઈ રહ્યા છે, તોફાન આવ્યું. તોફાન આવ્યુ પરંતુ તોફાનમાં નાવ ડુબી નહીં. અરે કેમ નાવ ડુબી નહીં ? કિનારા પર પહોંચીને અમે નાવને ડુબાડીશું. કેમ ? દુઃખ સહન ન કર્યું તો અમને ધૈર્ય કેવી રીતે ? શા માટે રડીએ ? પ્રસન્ન કેમ ન રહીએ ? એકબીજાની યાદમાં રડીએ કેમ ? આટલો નકારાત્મક વિચાર કેમ ? આટલા નકારાત્મક વિચારનું નામ પુષ્ટિભકિત નથી. ઘણી સ્વસ્થ માનસિકતા (હેલ્થી મેન્ટાલીટી)નું નામ પુષ્ટિભકિત છે. આટલા નકારાત્મક વિચારનું નામ, આટલા પોતાને પરેશાન થવાના વલણનું નામ પુષ્ટિભકિત નથી.

''પ્રતિકારો યદચ્છાતઃ સિદ્ધશ્ ચેન્ નાગ્રહી ભવેત્'' દુઃખ સહન કરવાનો આગ્રહ ન રાખો, દુઃખ સહન કરવાની ક્ષમતા રાખો. આગ્રહ રાખવો ખરાબ વાત છે. ક્ષમતા રાખવી સારી વાત છે. બીજું દેહવત્નો સિધ્ધાન્ત શું છે? આપણે એમ સમજીએ કે દેહ આપણો છે ભાઈ જયારે દેહથી દેહના સંબંધ રાખવાવાળા બીજા સભ્ય પણ હાજર છે. ત્યારે ખોટી એવી ભ્રમણા રાખવી કે મારો દેહ ફકત મારો જ છે, પોતાની એક મૂર્ખાઈ છે. આ દેહ આપણો જ છે, એવું નથી. જયારે આપણે આત્મહત્યા કરવા જઈએને તો પોલીસ પકડીને જેલમાં નાખે. હવે ઘણો નાનો દંડ આપ્યોને, હું તો મરવા જઈ રહ્યો હતો, તુ તો જેલમાં નાખે છે.

તો એક વાત ધ્યાનથી સમજો. આ દેહ જેમ આપણો છે, એમ સરકારનો પણ છે. આ દેહ જેમ આપણો છે, એમ આપણા બાપનો પણ છે. આ દેહ જેમ આપણો છે, તેમ આપણી પત્ની, આપણા સંતાન કે આપણા ભાઈઓનો પણ છે. જે પણ આપણા દેહથી સબંધિત છે. તે બધાને આ દેહ પર કોઈને કોઈ દાવો (અધિકાર) તો છે જ. જયારે બધાનો દાવો છે, તો આપણે આપણા દેહને તકલીફ આપવા માંગીએ, તેની તો આપણે મોજ માનીએ. જેમ શરીર ઘટાડવુ છે, કસરત કરી રહ્યા છીએ. ઘણી હાંફ થઈ રહી છે, શ્વાસ ફુલી રહ્યો છે, પરસેવો વળી રહ્યો છે. કોઈ આપણને કહે કે કેમ દેહને આટલુ કષ્ટ

આપી રહ્યા છો ? તો આપણે કહિશું કે ચુપ મને પરસેવો વળી રહ્યો છે તેમાં તુ બોલવાવાળો કોણ ?

એક વાત ધ્યાનથી સમજો કે એ અધિકાર તમને છે એવું નથી, તમારી પત્નીને પણ છે, ખોટા અર્થમાં ન લેતા હો. આ અધિકાર તમારા બાળકનો પણ છે. તમારા પિતાનો પણ છે. કારણકે આ બધા તમારા દેહથી સબંધિત છે. તેમનો પણ કંઈક તમારા દેહ પર દાવો છે, અધિકાર છે. તમે પોતાના દેહના એકલા અધિકારી નથી રહ્યા. તો જયારે તે કંઈક સોઈ ચુભાવી રહ્યા છે. તો થોડી સહન કરવી પડશે. જેમ તમે પોતે પોતાને સોઈ ભરાવો તો તે કેમ સહન કરી રહ્યા છો ? એમ ''ભાર્યાદીનાં તાથાન્યેષામ્'' અર્થાત જે પણ આપણા દેહથી સામાજિક અથવા પારિવારિક જેવી રીતે સબંધિત છે. તેમનો પણ કંઈ કંઈ દાવો-અધિકાર માનીને અને કંઈક પોતાને અત્યાચાર કરતા હોય તો થોડી સહન કરવાની શક્તિ રાખો.

જેમ તમે પોતે પોતાને પરેશાન કરો તો સહન કરો કે નહીં ? તેમ એમના દ્વારા પણ કોઈ જાતનો અત્યાચાર થતો હોય, તો તેને સહન કરવાની શક્તિ તમારે પોતાની અંદર ખિલવવી જોઈએ. તો તમારામાં ધૈર્ય આવશે. અંતે જુઓ આપણે આપણા પર જયારે કોઈપણ રીતે અત્યાચાર કરીએ પહાડ ચડીને અથવા કસરત કરીને અથવા એકાદશીનો સાચો ઉપવાસ કરીને. જુઠો ફરાળી ઉપવાસ નહીં. સાચો ઉપવાસ કરીને તો ઘણી તકલીફની વાતો છે. તેમાં આપણે એમ નહીં માનીએ કે કંઈક અત્યાચાર થઈ રહ્યો છે તેમા આપણે એમ માનીએ કે ખરેખર કંઈક આપણો વિકાસ થઈ રહ્યો છે. એમ આપણા દેહથી સબંધિત જે પણ છે તે પણ આપણા દેહને જયારે કંઈક તકલીફ પહોંચાડી રહ્યા છે તેમાં આપણને એકાદશીનું વ્રત થઈ રહ્યું છે, કંઈક જાગરણ થઈ રહ્યું છે, ગ્રહણનું જાગરણ થઈ રહ્યું છે, ગ્રહણ આવી ગયું છે, બધી દેહથી સબંધિત વાત છે. તે તકલીફોને થોડીઘણી સહન કરવાની આપણી તૈયારી ખંત પૂર્વક હોવી જોઈએ, તેનું નામ ધૈર્ય.

જયારે આપણે એમ સમજીને ચાલી રહ્યા છીએ કે અમે કોઈના પણ

દ્વારા અમારા પર લાગુ કરેલા કોઈપણ દુઃખને સહન કરીશું જ નહીં કેમ ? શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ કહ્યું છે કે **''શુદ્ધાશ્ચ સુખિન શ્ચૈવ''**... સુખી હોવાને કારણે સેવાનો અધિકાર છે. કોઈના દ્વારા દુઃખી તો અમે થઈશું જ નહીં. આટલું એકલવાયા પણુ જે છે તે સેવાનો સિદ્ધાન્ત કે ધૈર્યનો સિદ્ધાન્ત નથી. ધૈર્યનો સિદ્ધાન્ત એકબીજાની સાથે તકલીફને વહેચવાનો સિદ્ધાન્ત છે. જેને કંઈક ચુભતુ હશે તે કંઈક તો કરશેને, પોતાના દેહના કારણે ફકત પોતાની તકલીફ વહેંચી ન શકે તો આપણી ધીરજ ખુટી રહી છે.

''સ્વયમ્ ઈન્દ્રિય કાર્યાણિ કાય વાઙ્ મનસા ત્યજેત્'' આ જડભરતજી વાળો સિદ્ધાન્ત છે. જડભરતજી બિચારા મસ્તીમાં બેઠા હતા. રાજાના સિપાહીએ આવીને કહ્યું કે અમારે પાલખી ઉપાડવાવાળો માણસ ઓછો છે તો તમે ચાલો. તો કહે ચાલો ભાઈ હવે તેને ચાલતા તો આવડતું ન હતુ અનુભવ ન હતો તો આડા-અવળા ચાલતા હતા. તેથી ઉંચાનીચા થવાથી રાજાને તકલીફ થવા લાગી. રાજાએ કહ્યું શું તે ખાધુ નથી ? તુ ભૂખ્યો મરી રહ્યો છે ? હવે જડભરત તો બિચારા મુનિ હતા. તેથી તેણે કહ્યું કે આત્મા તો ખાતો જ નથી. જે કંઈ ખાધું છે તે તો દેહે ખાધું છે, મેં તો કાંઈ ખાધું જ નથી. ત્યારે રાજાને વિચાર આવ્યો કે પાલખી ઉપાડવાવાળો કોઈ બીજો જ માણસ આવી ગયો લાગે છે. કારણકે તેમાણે મોટી મોટી જ્ઞાનની વાતો કહી છે. તો જડભરતે બન્ને બાજુ ખુલ્લી (ઓપન) રાખી છે.

ડોલી ઉપાડવા માટે મનમાં ફાંકો રાખ્યો નથી કે હું મોટો બ્રહ્મજ્ઞાની છુ તો રાજાની ડોલી શા માટે ઉપાડું ? અરે આવી ગયા તો ડોલી પણ ઉપાડી લીધી. રાજાએ જયારે પ્રશ્નો કર્યા તો પ્રશ્નોના જવાબ પણ બ્રહ્મજ્ઞાનથી આપી દીધા. બન્ને બાજુ પોતાની ખુલ્લી રાખવી એટલે કે નકારાત્મક વલણ જ નહીં કે હવે રાજાએ પોતાને ડોલી ઉપાડવા લગાવી દીધો તો બસ ગુલામની જેમ કરતા જ રહો.

ખરેખર આ જ વાત હું કહી રહ્યો છું. આ ટ્રસ્ટીઓ પોતાને સમજો ભ્રષ્ટી બનાવી રહ્યા છે. થોડીવાર સહન કરવું પડતુ હોય તો જડભરતની જેમ સહન

કરો. પરંતુ કંઈક તો ટ્રસ્ટીઓને સિધ્ધાન્ત સમજાવો. જડભરતની જેમ કંઈક તો સિધ્ધાન્ત સમજાવો. ટ્રસ્ટીઓને કે યાર આ શું લફડો છે ? કે તમે અમારી ડોલી પર અમને જ કહાર બનાવી રહ્યા છો, સમજો તો ખરા શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાન્ત શું છે કે ટ્રસ્ટીની ડોલી ઢોતા (ઉપાડતા) જ રહેવી.

તો આ થોડું જડભરતનું ધૈર્ય જો વાપરો તો આજે પણ આપણી પાસે ઉપાય છે હોં ! પરંતુ આપણે શું સમજીએ કે હવે ટ્રસ્ટ તો બની ગયું છે, સરકારે બનાવી દીધું છે. ટ્રસ્ટી તો આવી ગયા છે, ચાલો જડભરતની જેમ ટ્રસ્ટીની પાલખી ઉપાડીને આગળ ચાલો. આપણે ખરા ગુસાંઇ નહીં તો બળદ તો ખરા જ. કેમ કે ‘‘ત્રિદુઃખ સહનં ધૈર્યં’’ આ સ્વાર્થમાં ધૈર્ય, બીજામાં ધૈર્ય નહીં, તો આ કંઈક લફડો છે, ધૈર્ય નથી આને સમજો.

તો થોડો આ રીતથી સિધ્ધાન્ત તો કહેવાનું શરૂ કરો. તમે ડોલી ઉપાડી રહ્યા છો, તો ઉપાડતા રહો. જડભરતે ડોલી ઉપાડી પરંતુ રાજાએ જયારે પૂછયું કે તુ ખાતો નથી, ભૂખે મરે છે, ચકકર શું છે ? કેમ ડોલી બરાબર ઉપાડતો નથી. તો જડભરતમાં આ તો ખુમારી હતી, ઉપર બેસવાવાળાને પણ એ કહી શકે. હા ખાય તો દેહ છે હું તો ખાતો જ નથી. એમ ઓછામાં ઓછુ આટલું તો કહી દયો કે બળદ જે છે તે તમારે ત્યાં મહારાજ બન્યો છે, મહારાજ બળદ નથી બન્યો. આટલુ તો કહી દયો ટ્રસ્ટીને !

જયારે થોડુ તો તેને સ્ફુરણ થાય તે શું કરી રહ્યા છે તમારી સાથે ? આપણે પાછા વિચારીએ નહીં આ શું છે ? મારા કાકાજી કહી ગયા, હાથ સોંપી ગયા હતા. આ પ.ભ.ને કાકાજી સોંપી ગયા તો કેવી રીતે છુટકારો મળે. સાચે જ મુસીબત થઈ જાય. કાકાજી સમજયા વિચાર્યા વિના કોઈ ટ્રસ્ટી નિમણુંક કરી ગયા. એક કાકાજીએ ટ્રસ્ટી સ્કીમમાં એમ લખી ગયા, કાકાજી કેટલા બુધ્ધિમાન છે. આ જુઓ કે મારા મર્યા પછી ટ્રસ્ટી જો ઉચિત સમજે તો મારા બાલકોને મારા વારસદાર બનાવી શકશે. તેમના બાલક છે તે ત્યાં ગયા કે ભઈ હવે કાકાજી લીલામાં પધાર્યા અમને વારસદાર બનાવો.

ટ્રસ્ટીએ કહ્યું કે અમે ઉચિત સમજશું તો વારસદાર બનાવીશું,

કાકાજીએ કયા લખ્યું છે કે બનાવવો જ પડશે ? કાકાજી પણ એવા અને બેટાઓ પણ એવા એવી દુર્ગતિ આપણી થઇ રહી છે. કાઢી મૂકયા, કાકાજીએ કોઈ વિચાર જ ન કર્યો કે ભઇ આવી કલમ દિકરાઓ માટે શા માટે લખવી જોઈએ. મારા મર્યા પછી ટ્રસ્ટીઓને ઉચિત લાગે તો મારા દિકરાઓને વારસદાર બનાવી શકશે. દિકરા દાવો લઈને ગયા, તેમણે હટાવી દીધા કે આમા લખ્યુ કયા છે કે બનાવવો જ પડશે. રખડતા રહો આવી સ્થિતિમાં આપણે કંઇ વિચારીએ નહીં, કંઇ સમજીએ નહીં કોઇ ટ્રસ્ટીના વીલ જોઇ લ્યો. કોઇ ટ્રસ્ટી પોતાનું વીલ એવું ન બનાવે કે મારા મર્યા પછી મારી ફેકટરી જે છે તે બીજા ડાયરેકટર જે છે તેને ઉચિત લાગે તો મારા દિકરાને ડાયરેકટર બનાવે. બરાબર નક્કી કરીને જશે કે કેટલા શેર મારા છે અને કેટલા શેરનો હકક મારા દિકરાને મળશે.

કોઈ ટ્રસ્ટી આવું કયારેય ન કરે બરાબર બધા વીલ કરીને જશે. મહારાજને એવા ફસાવી દયે આ બધી બદમાસી ચાલી રહી છે અને આપણે તેને ધીરજનું બહાનુ કરીને સહન કરી રહ્યા છીએ. પરંતુ આ ધીરજ નથી. આ સ્વાર્થ અને એક જાતની ક્ષુદ્રતા આપણામાં પનપી ગઇ છે કે આપણે તેને ધૈર્યનું ખોટું રૂપ દઇ રહ્યા છીએ. સિદ્ધાન્ત સમજો કયારેય આવું ન થઇ શકે.

ચોથો ઉપાય – ગોપભાર્યવત્ ‘‘અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય – ભાવનાત્’’ તમારામાં કોઇ રીતનું ધૈર્ય દેખાડવાનું શૌર્ય છે જ નહીં તો કોઇ વાત નહીં. શૌર્ય નથી તો રડવું તો આવે કે નહીં. રડવું તો આવેને ? રડો તો ખરા કે મારી આવી પરિસ્થિતિ થઇ, આમ થયું.

મને એક વ્યકિતએ એમ સમજાવ્યું કે તુ તો નાનો હતો, જયારે આ ટ્રસ્ટ એકટ આવ્યો. હું સમજદાર હતો. ટ્રસ્ટ એકટ આવ્યો ત્યારે સરકારની સામે આપણો કોઇ ઉપાય ન હતો. તો મેં તે વખતે પણ આ વાત કહી હતી. તમે નાના કે હું નાનો સવાલ આ નથી. સવાલ એ છે કે ટ્રસ્ટ એકટ આવ્યો, આપણે છોડાવી ન શકતા હોય, સમજો કે તમારા વહુજીને કોઇ ગુંડા લઇ જતા હોય અને તમે ગુંડાથી છોડાવી ન શકતા હોવ તો યાર રડશો તો ખરા કે નહીં. છાતી કુટીને રૂદન તો કરો કે ભઇ ગુંડો લઇ જઇ રહ્યો છે મારી પત્નીને. હું છોડાવી નથી શકતો

એટલો કમજોર છું. કે આપણે એમ કહીશું કે હવે હું તો નાનો હતો, ગુંડો તો આવી ગયો છોડાવીને લઈ ગયો. સાંભળો ભાઈ કર્મની ગતિ ન્યારી, મારી પત્નીને ગુંડો લઈ ગયો. તેમાં ખુશ વધુ થઈ રહ્યો છે, અરે ધિક્કાર છે તને ! એવી કેવી તમારી ધીરજ છે આનું નામ ધીરજ નથી. કમ સે કમ રડો તો ખરા, તેનું નામ ધીરજ છે.

રડો તો ખરા. ''**વ્રજ કે બિરહી લોગ બિચારે બિન ગોપાલ ઠગે સે ઠાડે અખિયન બહત પનારે**'' તે વાત કહી રહ્યા છે. શ્રીઠાકોરજી પધારી ગયા દ્વારકા, તેમની પાસે કોઈ સામર્થ્ય નથી ફરીથી છીનવી ઝુંટવીને તેને વ્રજમાં લાવવાની, તો કમ સે કમ રડી તો રહ્યા છે કે નહીં. આપણે શૂરવીર નથી કે શ્રીઠાકોરજીને ત્યાંથી છોડાવીને લાવી શકીએ. પરંતુ કમ સે કમ અસામર્થ્યની ભાવના તો કરીએ કે નહીં. શું ઉપાય ? શું અસામર્થ્યની ભાવના કરવાના બદલે સંતોષની ભાવના કરીએ કે હવે સારું થયું શ્રીઠાકોરજીને અક્રુરજી લઈ ગયા. હવે આપણે આમા શું કરી શકીએ ? તો ન કરી શકયા તો શું તેના માટે રડયા પણ નથી. રડતા તો હતા જ એટલા રડયા, એટલા રડયા કે ઓધવજી બિચારા ગભરાઈ ગયા.

રત્નાકરે ખૂબ જ સુંદર કહ્યું છે કે ''**ઉદ્ધો યહ સિંધુ નહીં ઉદ્ધો યહ ગોપીન કે પ્રેમ કો પ્રવાહ હૈ**'' અગસ્ત્યને તે પી લીધો. તમે અગસ્ત્યની જેમ આ ગોપીના પ્રેમના સમુદ્રને પી લીધો. તે અગસ્ત્ય સમુદ્રને પી શકતો હશે. પરંતુ અમારા આંસુના પ્રવાહને, કૃષ્ણના વિરહમાં વહેતા આંસુના પ્રવાહને કોઈ અગસ્ત્યનો બાપ પણ પી નહીં શકે. એટલો મોટો પ્રવાહ છે. ''**ઉદ્ધો યહ સિંધુ નહીં, યહ ગોપીન કે પ્રેમકો પ્રવાહ હૈ**''

કમ સે કમ આંસુની ભાવનાનું આટલું તો રહસ્ય સમજો. આપણો ઠાકુર આપણા હાથથી છીનવે અને તમને દુષ્ટોને રડવું પણ ન આવે, ક્ષુદ્ર સ્વાર્થ માટે. આ કઈ રીતની દુર્ગતી છે ? પુષ્ટિમાર્ગમાં આ ધૈર્ય નથી આ ધૈર્યનું આડંબર છે. આ વાતને સારી રીતે સમજવી પડશે.

ત્યારબાદ શ્રીમહાપ્રભુજી કહે છે કે આ પણ તમારાથી શકય નથી તો કમસે કમ આશ્રયની ભાવના તો યાર દૃઢ રાખો. ''અશકયે હરિરેવાસ્તિ સર્વમ્

આશ્રયતો ભવેત્'' કારણ કે તમારાથી આ ધીરજ પણ શકય નથી, વિવેક પણ શકય નથી, તો એક બીજો ઉપાય તમને બતાવી રહ્યો છું. જેમ નવરત્નમાં જે પદ્ધતિ હતી એકદમ તે જ પદ્ધતિ પાછી અહીં આવી રહી છે, કેવી રીતે ? જે ઉપાય બતાવ્યો તે તમારાથી શકય નથી. તો કોઈ વાંધો નથી. આશ્રય તો દરેક વખતે શકય છે. દરેક વખતે કરી શકાય. ભગવદ્ આશ્રયનો ભાવ દઢ રાખો તમારી બધી સમસ્યાઓનું સમાધાન થશે. ''અશકયે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્ એતત્ સહનમ્ અત્રોક્તમ્'' આ મેં ધૈર્યની વાત તમને સમજાવી.

(આશ્રયસ્વરૂપ[ગ] લક્ષણમ્)- આશ્રયનું સ્વરૂપ લક્ષણ. **(સર્વાસ્વપ્યવસ્થાસુ ભગવદાશ્રયસ્ય અનુષ્ઠેયત્વમ્)**- આગળ કહેવામાં આવેલ હેતુઓની અથવા કોઈપણ અવસ્થામાં ભગવદાશ્રય તો જાળવવો જ.

.... આશ્રયોઽતો નિરૂપ્યતે ॥ ૯ ॥
ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ[ગ] ॥
દુઃખહાનૌ[૧] તથા પાપે[૨] ભયે[૩] કામાદ્યપૂરણે[૪] ॥૧૦॥
ભક્તદ્રોહે[૫] ભક્ત્યભાવે[૬] ભક્તૈશ્ ચાતિક્રમે કૃતે[૭] ॥
અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ ॥ ૧૧ ॥
અહઙ્કાર-કૃતે[૮] ચૈવ પોષ્ય - પોષણ - રક્ષણે[૯] ॥
પોષ્યાતિક્રમણે[૧૦] ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે[૧૧] ॥ ૧૨ ॥
અલૌકિક-મનઃસિદ્ધૌ[૧૨] સર્વથા શરણં હરિઃ ॥

''આશ્રયોઽતો નિરૂપ્યતે'' હવે આશ્રયનું સ્વરૂપ સમજાવી રહ્યો છુ. ''ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ'' ચાહે તો કોઈ ઐહિક વાત હોય, ચાહે તો કોઈ પાર લૌકિક વાત હોય તો હરિ અને હરિ જ ફકત આપણું શરણ છે. શરણ મતલબ રક્ષક છે. રક્ષક મતલબ જેનો સહારો આપણને હોય, તે સહારો, તે રક્ષક આપણો ફકત હરિ જ છે. આ જે આશ્રયનું સ્વરૂપ છે તે અહીં ઘણો મોટો આદર્શ છે. જેનું આચરણ કરવું પાછું અઘરું થઈ જશે. તેની વ્યવહારૂ

પદ્ધતિ શું છે. આ આશ્રયનું જીવનમાં આચરણ કેમ કરવું તેની પદ્ધતિ સમજશો નહીં કે તેના પગથિયા કે ઉપાય આપણે જાણ્યા નહીં. તો તેનું આચરણ ઘણું કઠીન લાગી રહ્યું છે. પરંતુ શ્રીમહાપ્રભુજી તે વાતને જણાવતા પહેલા આશ્રય કયા કયા ઉપયોગી છે, તે અવસ્થાઓની ગણતરી કરી રહ્યા છે. તે લીસ્ટ ઘણું મોટું છે.

શ્રીમહાપ્રભુજી જીવનું કેટલુ હિત વિચારી રહ્યા છે અને પુષ્ટિ જીવના પ્રતિ શ્રીમહાપ્રભુજીને કેટલી સહાનુભૂતી છે. તે કોઈ ગ્રંથ ન જુઓ અને બસ આ ૧૦, ૧૧, ૧૨ આ ત્રણ શ્લોક જોઈ લ્યોને તો શ્રીમહાપ્રભુજીને પુષ્ટિજીવના પ્રતિ શું ભાવ છે ? તે આપણને સમજમાં આવી શકે. આ સમજો કે નવલખો હાર છે જે શ્રીમહાપ્રભુજી આપણને પહેરાવવા ઈચ્છી રહ્યા છે. પુષ્ટિજીવથી કંઈપણ ન થઈ શકે, ત્યારે આશ્રય કંઈ કંઈ પરિસ્થિતિમાં આપણે કરવો જોઈએ.

‘‘દુઃખહાનૌ’’ જો કોઈ દુઃખ તમને સતાવી રહ્યું છે તો ભગવદ્ આશ્રયની ભાવના કરો. ‘‘તથા પાપે’’ વધારેમાં વધારે તમે શું ગીલીન્ડરી કરશો, કંઈક પાપ કરશો. થઈ ગયું ને પાપ, થઈ ગયું તો થઈ ગયું. પરંતુ ભગવદ્ આશ્રયની ભાવનાથી પાછો વિચાર કરો. પાપ થઈ ગયું તો પાપને કાંઈ પુણ્ય નહીં કહેવાય. પાપ દરેક માણસથી થશે. પરંતુ તમે પાછા ભગવદ્ આશ્રયનો ભાવ દઢ કરો. ‘‘ભયે’’ તમે ઘણા ડરી રહ્યા છો કે હવે અમે શું કરી શકીએ. આ પરિસ્થિતિ આવી ગઈ. કાનુન બદલાઈ ગયો કલયુગ આવી ગયો, ઢીકડું થઈ ગયુ, પુછડું થઈ ગયું કોઈ ચિંતાની વાત નથી. ડરી રહ્યા છો તો ડરતા રહો પરંતુ થોડો આશ્રયનો ભાવ તો દઢ કરો. ‘‘કામાદ્ય પૂરણે’’ મનોરથી તમને મળી નથી રહ્યો, પ.ભ. કોઈ મળી નથી રહ્યો કે તમારા છપ્પન ભોગ નોંધાવે. તો ભગવદ્ આશ્રય કરો યાર, વાણીયાનો આશ્રય શા માટે કરી રહયા છો.

‘‘ભક્તદ્રોહે’’ તમારાથી ભકતનો કોઈ અપરાધ થઈ ગયો. ‘‘ભક્ત્યભાવે’’ તમારી અંદર ભકિત ન હોય. ‘‘ભક્તેશ્ ચાતિ ક્રમે કૃતે’’ કોઈ ભકતે તમારું અપમાન કરી દીધુ. આ બધી પરિસ્થિતિમાં એવુ ન વિચારો કે ભકતે મારું અપમાન કરી દીધુ, તે પાખંડી હશે. તમારું અપમાન કરી દીધુ તો પાખંડી હશે તેમ

માનવું જરૂરી નથી, તે ભકત પણ હોઈ શકે કંઈક ને કંઈક કારણ હશે. તમે તેની ચિંતા ન કરો કે તેણે અપમાન કરી દીધું. તમે એની ચિંતા કરો કે હું મારો ભગવદ્ આશ્રય દઢ કરું કે બીજી વખતે મારું કોઈ અપમાન કરી જ ન શકે. મને ગરજ જ નહીં રહી જાય કે મારું કોઈ અપમાન કરે કે ન કરે. ભગવદ્ આશ્રય દઢ ન હોવાથી આ બધી વાતો તકલીફ આપી રહી છે. એમ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

''અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ'' કોઈ કામ તમારાથી શકય હોય કે કોઈ કામ તમારાથી અશકય હોય હરિને સર્વથા શરણ માનો. જો તમે કોઈ રીતે પોતાના વ્યવહારમાં પ્રભુની સામે, ભકતની સામે, પરિવારની સામે અહંકારથી પેશ આવી ગયા, ફરીથી પોતાના ભાવને સ્પષ્ટ કરો. અહંકાર સારી વાત નથી. પરંતુ તેનાથી પણ સારી વાત હશે કે અહંકાર થઈ ગયો તો થઈ ગયો, પરંતુ ફરીથી પોતે ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'', ''કૃષ્ણ એવ ગતિર્મમ'' આ ભાવથી પોતાના કૃષ્ણાશ્રયને દઢ કરો. તે તમારો અહંકાર પોતાની રીતે ધીરે ધીરે ઓગળી જશે. જયારે કૃષ્ણના આશ્રયની ભાવના તમે સુદઢ કરશો તો.

''અહઙ્કાર કૃતે ચૈવ પોષ્ય પોષણ રક્ષણે'' તમે કોઈનું પાલન કરી રહ્યા છો તે તમારી સામે ગીલીન્ડર થઈ જાય. ''પોષ્યાતિક્રમણે ચૈવ'' અથવા તમે કોઈનું પાલન કરી રહ્યા છો તેમા અથવા કોઈ પોષ્ય તમારું અતિક્રમણ કરી રહ્યો છે અથવા ''તથાન્તેવાસ્યતિક્રમે'' અર્થાત્ ઘણાબધા વૈષ્ણવો ટ્રસ્ટી ભ્રષ્ટી હોવાની ઈચ્છા રાખી રહ્યા છે. અંતેવાસી એટલે શિષ્ય જયારે તમારું અતિક્રમણ કરવા માંગી રહ્યા છે. બધાથી આવશ્યક વાત એ છે કે ભગવદ્ આશ્રયને દઢ કરો. દરેક તકલીફ પર તમે કાબુ મેળવી શકશો.

''અલૌકિક મનઃ સિદ્ધૌ'' તમે કહેશો કે અમારા મનમાં તે રીતનો અલૌકિક ભાવ જાગી જ નથી રહ્યો. જે ભકિત કરવાને લાયક છે, જે ભગવાન પર વિશ્વાસ કરવાને લાયક છે, જે ભગવદ્ નિષ્ઠાને વધારવા માટે, નિભાવવાને માટે લાયક છે તે લાયક અમારું મન જ નથી રહ્યું. શ્રીમહાપ્રભુજી કહે છે કોઈ ચિંતાની વાત નથી. ''અલૌકિક મનઃ સિદ્ધૌ સર્વથા શરણં હરિઃ'' ભગવાનના શરણની ભાવના કરો. ભગવદ્ આશ્રયની ભાવનાથી તમારી બધી તકલીફ દૂર

થઈ શકે છે. ‘‘અલૌકિક મનઃ સિદ્ધૌ’’ નો એક માનસી સેવા એટલે કે ચેતસ્ તત્ પ્રવાણમ્ સેવાનો પણ અર્થ થઈ શકે છે. તે બધા તો તેનાં આંતર ભાવમાં આવતા અર્થ છે. ચેતસ્ તત્ પ્રવાણમ્ થશે તો આપણું મન બીજી વાતોથી વિચલિત ન થઈ શકે તેવું અલૌકિક મન પણ થઈ શકે. દરેક વાતને ખુલ્લી રાખો. ‘‘સર્વથા શરણં હરિઃ.’’ આ બધી શકયતાઓ બતાવી જે શકયતાઓમાં આપણે ભગવદ્ આશ્રય દઢકરવાનો છે.

ત્યારબાદ ક્રમિક ઉપાય બતાવી રહ્યા છે. આ આશ્રયને જીવનમાં અમલમાં લાવવાનું શરૂ કેવી રીતે કરવું ? **(ભગવદાશ્રયસિદ્ધયૈ ક્રમિકોપાય[૧-૪] ચતુષ્ટયમ્)**– ભગવદાશ્રયની સિદ્ધિઓ માટે ક્રમિક ચાર ઉપાય.

એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્[૧] ।। ૧૩ ।।
અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ ।।
પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તથાન્યત્ર વિવર્જયેત્[૨] ।। ૧૪ ।।
અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।
બ્રહ્માસ્ત્ર–ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।। ૧૫ ।।
યથાકથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ ।।
કિં વા પ્રોકતેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્ ।। ૧૬ ।।

તો બધાથી પહેલો ઉપાય છે ‘‘એવમ્ ચિત્તે સદા ભાવ્યં’’ કથમ્ ચિતે સદા ભાવ્યં કે ‘‘ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ’’ પોતે પોતાને એવી રીતનું સ્વયં સૂચન (ઓટો સજેશન) આપો. આજે ઓટો સજેશન ઘણો પ્રચલિત શબ્દ થઈ ગયો છે. પરંતુ કોઈ લોકોને ખબર નહીં હોય કે પોતાના મનને આવી રીતે સમજાવો. એટલે કે મનમાં તકલીફ થઈ રહી છે. જેમ તકલીફ મનમાં થઈ રહી છે તેમ તેમ પોતાના મનને એવી રીતે સમજાવો કે આ ઉભરતી તકલીફોમાં પણ હરિ મારો દરેક વખતે રક્ષક છે. ‘‘કૃષ્ણ એવ ગર્તિમમ’’ ચિત્તમાં એવી ભાવના કરો એટલું જ નહીં ‘‘વાચા ચ પરિકીર્તયેત્’’ તેને ચિત્તને આધાર આપવા માટે વાણી પણ એવી બોલો કે હરિ મારો રક્ષક છે.

જેમ મુસલમાનમાં એક ઘણો સારો રિવાજ છે. ખૂબ સુંદર કે કયારેય પણ કોઈ વચન (પ્રોમીશ) આપે તો તેમનો એક રિવાજ છે**''ઇન્સાહઅલ્લાહ''** હું તમને વચન આપી રહ્યો છું કે આમ કરીશ પરંતુ અલ્લાહે ઈચ્છા કરી તો વચન પૂરું થઈ જશે. તો વચન પૂરું કરવાનો જે અહંકાર છે. તે તમારામાં ન આવીને અલ્લાહની ઈચ્છા પર પૂરો થવા પર આવી રહ્યો છે. તે ઈન્સાહ અલ્લાહવાળો સિદ્ધાન્ત અહીંયા પણ કામ કરી રહ્યો છે.

''એવં ચિત્તે સદાભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્'' દરેક સ્થિતિમાં ભગવાન મારો રક્ષક છે એવું બોલો. એક વાત સમજો આપણે કહીશું બોલવાથી શું પાખંડ થશે ? પાખંડ નહીં થાય બોલતા રહેશો ને બોલતા રહેશો તો તે મનને સૂચન (સજેશન) મળતું રહેશે. મનને જે સૂચન તમે આપી રહ્યા છો તેના કારણે તમને બોલવામાં પાછો થોડોક વિશ્વાસ (કોન્ફીડેન્સ) આવશે. એમ બન્ને એક બીજાના પૂરક થઈને મનવાણી બન્ને જયારે આશ્રયની ભાવનામાં થોડા સ્થિર (સ્ટેબલ) થયા તો તમારા જીવનનાં વ્યવહારમાં પણ તે ધીરે ધીરે સ્થિર થવાનું શરૂ કરી દેશે.

કેમ કે કાયિક, વાચિક અને માનસિક. તો તમે વાચિક અને માનસિકથી થોડુ આશ્રયના પ્રકારનું સાધન શરૂ કર્યુ, પછી ધીરે ધીરે કાયામાં તે ઉતરવા લાગશે. દરેક વાત આવી જ છે. કોઈપણ વાતને સમજો, આપણને ટાઈપ રાઈટીંગ શીખવું છે. પહેલા આપણે શું કરીશુ ? બધાથી પહેલી આવશ્યકતા છે કે ટાઈપ રાઈટીંગ મને આવડશે જ, કેમ ન આવડે ? આપણે મનમાં એમ જો ઓ હો હો હો.... આટલી બધી ચાપ (કી) અને આંગળીયો તો ફકત આઠ કે દસ અને ચાપ તો સતાવી કે અઠાવીસ તે કી (ચાપ) પર ચાલશે કેમ ? આમ આમ નીચે નીચે ઉપર કેમ થશે ? એવું નકારાત્મક વિચારવાનું શરૂ કર્યુ તો ચાલતી હશે આંગળી તો પણ નહીં ચાલે. તમે મનને થોડું સૂચન આપ્યુ કે ભઈ જેમ પણ થશે હમણા નથી ચાલી રહીને, પરંતુ થોડો અભ્યાસ કરીશ તો ચાલવા લાગશે. ચાલવા લાગશે એવું જે વખતે તમે મનને સમજાવવાનું શરૂ કર્યુ અને મને કેમ ન આવડે ? આવડશે જ એવું તમે તમારા મનમાં ગણગણવાનું શરૂ કર્યુ. ધીરે ધીરે ચલાવવાની શરૂ કરો.

ટાઈપ જેવી ચીજ પણ તો આટલી જ વાતથી તો આવી રહી છે. ગાડી ચલાવવી અથવા ધંધો કરવો આ બધી વાતોમાં આ વિચારસરણી (ફિનોમીના) આ જ વિચારસરણી કામ કરે છે.

ભણવામાં, પરીક્ષા આપવામાં, અરે પોતાની સ્ત્રીથી, પુરુષથી સંબંધ નિભાવવામાં પણ થોડીક આ વિચારસરણીને કામમાં લાવો. જુઓ સંબંધ સુધરે છે કે નહીં ? ઝઘડો હોવા છતાં પણ થોડુ પોતાને સ્વયં સૂચન આપવાનું શરૂ કરો કે ભાઈ હું પરણીને લાવ્યો છું, હું આની સાથે પરણી છું. આની સાથે મારો સંબંધ સારો બની શકે, કેમ ન બની શકે ? પોતે પોતાની સાથે એમ ગણગણાવો. થોડી તેની સામે આ વાતને કરો કે આપણે કેમ સાથે સારી રીતે ન રહી શકીએ. ધીરે ધીરે તે માદ્દા ખીલવા લાગશે. તમારા વ્યવહારમાં, તમારા વિચારમાં, ભાવનામાં.

આવી રીતે આશ્રયનું કાયિક, વાચિક ભાવન, આ ભાવનની પ્રક્રિયા બતાવી રહ્યા છે. ‘‘એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્’’ વાણીથી એમ પરિકીર્તન કરો અને મનથી એવુ ભાવન કરો. આ શું છે ? વાચિક અને માનસિકને એકબીજાના આધાર પર આમ જોડવાની એક પ્રક્રિયા છે. કોઈપણ સાધનામાં અને જયારે તે બન્ને જોડાઈ ગયા, એકબીજાને આધાર આપતા થઈ ગયા, ધીમેથી પોતાની મેળે કાયિક વ્યાપાર તેમાંથી નિખરીને સામે આવવા લાગશે. તે વાત બતાવી રહ્યા છે.

બીજો ઉપાય બતાવી રહ્યા છે કે જયારે તમે આટલી શરૂઆત કરી, આ જુઓ ઘણી નાની શરૂઆત છે. આ ‘‘ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ’’ આ વાતની શ્રધ્ધા ઘણી સરળ છે. આ વાતનો વિશ્વાસ ઘણો કઠીન છે. આ વાતની નિષ્ઠા અતિશય કઠીન છે. પરંતુ ‘‘એવં ચિત્તે સદા ભાવ્યા વાચા ચ પરિકીર્તયેત્’’ પોતાના ચિત્તને પોતાની વાણીથી આવી રીતે સમજાવતા રહેવું.

એવુ પદ ગાતા રહેવું કે **‘‘કીયો સબ હરિકો હી યહા હોય’’** (અહીં બધુ હરિનું કર્યુ જ થાય) એવું પદ ગણગણતા રહો. થોડી તમારા દિલમાં માદ્દા વધી જશે, જુઓ એવા પદ ઘણા ભગવદીયોએ લખ્યા છે જેમ કે **‘‘જીવ તુ શીદને**

ચિંતા કરે કૃષ્ણને કરવું હોય તે કરે, સ્થાવર જંગમ જડ ચેતનમાં કોનુ બલ ભરે'' તો આવા આવા પદ ગણગણવાનું શરૂ કરો. બીજા વાહિયાત (અર્થવગરના) ગીત ગાવા તેના બદલે આવા ગીત ગાવાનું શરૂ કરો.

તે ગીત ગાવાની પ્રક્રિયામાં ચિત્ત રંગાવાનું શરૂ થશે. રંગાવાને કારણે તે ગીત ગાઈ રહ્યા છો તે ફકત ગાયન ન રહીને ધીરે ધીરે, તમારી આદત બની જશે અને ધીરે ધીરે મન અને વાણીએ એકબીજાને સાધ્યા તો પછી સમય આવ્યે તે વ્યવહારમાં પ્રકટ થવાનું શરૂ થશે. જે વખતે વ્યવહારમાં પ્રકટ થવાનું શરૂ થશે તે વખતે તમારે એક કાળજી લેવી પડશે. કારણકે એક બાજુ તમે કહી રહ્યા છો કે હરિ જ મારો આશ્રય છે અને પછી તમે વધારાની પ્રવૃત્તિ પણ કરશો. લફડો થઈ જશે. જેથી શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે વધારાની સહાયક પ્રવૃત્તિ હાલ પૂરતી બંધ કરી દયો.

''અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ, પ્રાર્થના કાર્યમાત્રેઙપિ તથાન્યત્ર વિવર્જયેત્'' હરિ સિવાય બીજા કોઈનું ભજન, બીજા કોઈને ત્યાં સ્વતઃ જવુ, પહોંચી જવામાં કાંઈ આભડછેટ નથી તેમ કહીને આપણે ત્યાં પહોંચી ગયા, તો કોઈનો આદર કરી દેવો તેમાં કોઈ આભડછેટ નથી. કોઈ પ્રસંગ એવો આવી ગયો, આપણા લગ્ન પ્રસંગમાં ગણપતિને મહારાજ પણ પૂજે, બધા લોકો પૂજે છે. જે શાસ્ત્રની દૃષ્ટિથી ફરજિયાત આપણું કર્તવ્ય, નિત્ય કર્તવ્ય છે. તે પૂજન અન્યાશ્રય નથી. પરંતુ પોતાનો સિધ્ધાન્ત ચલાવીને આપણે કોઈ અન્ય દેવને પૂજવા ઈચ્છી રહ્યા છીએ, આપણે કોઈ બીજા દેવના દર્શન કરવા જઈ રહ્યા છીએ. આપણે હરિને પ્રાર્થના નથી કરી રહ્યા, તો બીજા દેવને ઉભા કરી રહ્યા છીએ. કયારેક શ્રીયમુનાજીને, શ્રીગિરિરાજજીને, કયારેક ઢીકડાજીને, કયારેક પૂછળાજીને આ બધા લફડા બંધ કરો. કારણ કે આશ્રયને તોડવાની પ્રક્રિયા છે.

અમારી કોલેજમાં એક છોકરો ભણતો હતો. તે જી.એસ. હતો. તે દરેક વખતે ગાળો આપતો કે ગુજરાતી છોકરી ખૂબ જ બેવકુફ (મૂર્ખ) હોય માણીબેન. કારણ કે પીકનીકમાં આવે નહીં, સાથે આવે તો અમારી સાથે નાચે

નહીં. બધી માણીબેનોને ગાળો આપતો રહે. તો મને ઘણી અસ્વસ્થતા થઈ ગઈ કે બધી માણીબેનથી તે દ્વેષ કરવાવાળો છે. તે પોતે ખુદ માણીભાઈ હતો. તો તેના જયારે લગ્ન થયા તો એમ જ મજાકમાં મેં પુછયું કે કોણ છે, કોઈ ક્રિશ્ચયન છે, મુસલમાન છે, કોણ છે ? તો કહે કે ના... ના... આ તો ગુજરાતી છોકરી લાગી રહી છે. બોલે આ તો કોલેજની પીકનીક માટે માણીબેન સારી નહીં, ઘરમાં તો માણીબેન જ સારી. મેં કહ્યું યાર બન્ને બાજુ છેતરપીંડી કરે છે.

હવે પીકનીકમાં માણીબેન સારી નહીં અને ઘરમાં જયારે લાવવી હોય તો લાવને જેની સાથે પીકનીકમાં ફરવાનું સારું લાગી રહ્યું છે. જેની સાથે પીકનીકનો આનંદ માણવો સારો લાગી રહ્યો છે. જે પીકનીકમાં માણીબેન ચુભી રહી છે, તે જ માણીબેન ઘરમાં તો તે જ જોઈએ. તે પાછી ત્યાં નથી જોઈતી. કેમ કે તેને લાવશે તો તેને તો આદત છે, પીકનીકમાં એક બીજાની સાથે નાચવાની. ત્યારે તારા પેટનું પાણી હલશે કે હવે શું થાશે મારું ? તો યાર તે માણીબેન જયારે સારી નથી લાગી રહી તો અહીં કેમ માણીબેન સારી લાગી રહી છે. આ માણસ આવી રીતનું બેવડુ વલણ પેદા કરી રહ્યો છે. માણીભાઈ આવા માણીબેનને વિશે બેવડુ વલણ, માણીબેન પણ એવું જ કરતી હશે. વધારે આશ્ચર્યની વાત નથી. આ તો માણીબેન અને માણીભાઈનું ચક્કર જ એવું છે. આવી રીતથી આપણે બેવડુ વલણ પેદા કરીએ કે પીકનીકમાં એક સારી લાગે, ઘરમાં બીજી સારી લાગે.

આમ ભકિતને માટે એક સારો લાગે અને આપણી આકાંક્ષા પુરી કરવાને માટે આ દેવ સારો લાગે. ''પ્રાર્થના કાર્યમાત્રેડપિ તથાન્યત્ર વિવર્જયેત્'' તે રીતથી કર્યું તો આશ્રય ભાવ ખંડિત થઈ જશે. આશ્રય ભાવ કયારેય નભશે નહીં. ''અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ'' તમને બીજાને ત્યાં પ્રાર્થના કરવાનો ભાવ શા માટે પ્રકટ થઈ રહ્યો છે ? કે પહેલા જે અમે બતાવી દીધુ કે કયાંકને કયાંક તમે પોતાના પ્રભુ પર અવિશ્વાસ કરી રહ્યા છો.

બર્ટન રસેલને યાદ કરો કે તમને કયાંકને કયાંક લાગી રહ્યું છે કે તેની વ્યવસ્થામાં ખામી છે અને તેની સમજમાં પણ કંઈક ખામી છે કે જે તમારી

પ્રાર્થના કરવાથી તે સુધારી લેશે અથવા તે નહીં સુધારે તો તેની વ્યવસ્થામાં એટલી ખામી છે કે બીજા દેવતાઓ પણ સુધારી લેશે ઓ હો હો હો... તો જે બીજા દેવતા સુધારી લ્યે, તેની વ્યવસ્થાની ખામીને તો યાર તે દેવતાને શા માટે ન ભજીયે? પછી આને શા માટે ભજીયે ? જે બીજા દેવતાથી આની વ્યવસ્થાની ગડબડી તું સુધારી રહ્યો છે, તે દેવતાને ભજને. પછી આ મણીબેનને છોડ અને તેની સાથે ચાલુ થઈ જા, બસ આનંદ જ આનંદ છે. કોઈ ચિંતાની વાત નથી. પરંતુ ત્યાં પણ પાછુ તે જ છે, ત્યાં પણ તે પસંદ ન આવે. ત્યાં તો પાછી આ મણીબેન જ પસંદ આવી જાય, ઘરમાં રહેવું છે તો. આ લફડાની વાત છે.

શ્રીમહાપ્રભુજી બન્ને બાજુથી તેને કેદ કરવા માંગી રહ્યા છે, કે યાર એમ ભાગવા નહીં દઉ, પુષ્ટિમાર્ગમાં આવ્યો છે, તો જાવા દયોને હું તને જવા નહીં દઉ. જો તુ પુષ્ટિમાર્ગમાં આવ્યો છે, તો નહીં જવા દઉ, પકડીને રાખીશ. જઈ કયા રહ્યો છે. બતાવ કયા જઈ રહ્યો છે ? બતાવ. અનન્યાશ્રયની બધાથી મહત્વની એક વાત હવે આવી રહી છે. અવિશ્વાસ ન કરો. આ અવિશ્વાસ ન કરો એ શું છે ? કે જયારે હનુમાનજીને બાંધ્યા હતા ત્યારે બાંધતી વખતે રાવણના પુત્રને એમ થયું કે જોણે આટલા ઝાડ તોડી નાખ્યા. જોણે આટલા રાક્ષસ મારી નાખ્યા. હવે તે કયાંક બ્રહ્માસ્ત્રને ન તોડી નાખે.

તો એક બ્રહ્માસ્ત્રથી તો બાંધ્યા. હનુમાનજીએ વિચાર્યુ કે આ બ્રહ્માસ્ત્રને તોડું તો બ્રહ્માજીનું અપમાન થઈ જશે. લોકો કહેશે કે રામભકિતમાં આને અહંકાર આવી ગયો છે. વાત સમજમાં આવી. તે બિચારા રામભકિત કરવા માંગી રહ્યા છે, અહંકાર કરવા નથી માંગી રહ્યા. પરંતુ લોકોને પાછુ એમ લાગશે કે જુઓ અહંકારી રામભકત છે કે બ્રહમાજીનું અસ્ત્ર તેણે તોડી નાખ્યું. તેથી તેમણે કહ્યું કે ચાલો ભાઈ બાંધી રહ્યા છે તો બંધાઈ જાવ. હવે શું કરવું ? બ્રહ્માજીનું અપમાન થતું હોય તો બંધાઈ જવામાં જ સારું છે. પરંતુ જે વખતે હનુમાનજીએ એ જોયું કે તે બાંધવાવાળો પોતે બ્રહ્માસ્ત્ર બાંધ્યા પછી એક સાંકળ વધારાની બાંધી. હનુમાનજીએ કહ્યું કે હવે દાયનો ઘોડો રમતો જમતો છુટો. તને પોતાને જ જે બ્રહ્માસ્ત્રને તુ ચલાવી રહ્યો છે, તેમા તને વિશ્વાસ નથી, મારે શું

કામ વિશ્વાસ કરવો. પહેલા બ્રહ્માજીના બ્રહ્માસ્ત્રનું અપમાન તે કર્યું. હનુમાનજીએ બન્ને તોડી નાખ્યા.

તો તે વાત શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે. ‘‘બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યૌ’’ ચાતકની વાત તો ખૂબ જ પ્રસિદ્ધ વાત છે કે તે સ્વાતી જલ જ પીવે છે. ‘‘પ્રાપ્તં સેવેત નિર્મમ’’ જે કંઈ પ્રાપ્ત છે તેને છોડવાનો આગ્રહ ન રાખો. અપ્રાપ્તને મેળવવાની લાલચ ન રાખો. પરંતુ જે પ્રાપ્ત થયું છે, તેના સેવનનો આગ્રહ રાખો. ભાગવતમાં આને ઘણી સારી રીતથી સમજાવ્યું છે કે જે પણ કંઈ દુનિયાની સમૃદ્ધિ છે, જે પણ કંઈ દુનિયાનું સુખ છે, જે પણ કંઈ દુનિયાના ધન ધાન્ય છે, જે પણ કંઈ દુનિયાની કીર્તિ છે તે કયારેય એક માણસને તો મળવાની નથી. જયારે એક માણસને મળવાની નથી તો જે તમને મળ્યુ છે તેનો તમે આનંદ કરો, બીજાના ભાણામાં શું પીરસ્યું છે, તેના સ્વાદમાં દુઃખી થવાના બદલે તમારા ભાણામાં શું પીરસ્યું છે, તેનો સ્વાદ માણવાની થોડી કોશિશ કરશો તો તમારી અડધી તકલીફ હમણા જ દૂર થઈ જશે.

તે કેવી રીતે તો ‘‘યથાકથઞ્ચિત કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ’’ નાના મોટા જે પણ કામ જેવી રીતે પણ કરી શકતા હો, તેમ કરો. શ્રીમહાપ્રભુજી બધા વિકલ્પ ખુલ્લા રાખી રહ્યા છે. કંઈક સિદ્ધાન્તના અનુસાર કંઈક અપસિદ્ધાન્તના અનુસાર. જેમ કરતા હોવ તેમ કરો. પરંતુ ઓછામાં ઓછું આટલુ તો કરો કે જેવો છું તેવો કહેવાવ તમારો ‘‘કિં વા પ્રોકતેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્’’ હરિના શરણની ભાવના કરો.

આટલુ પણ તમે નિભાવી શકયા તો વાત પાછી પાટા પર આવી જશે. હરિની ભાવનાને તમે નિભાવવાનું શરૂ કર્યુ, તો વાત પાછી પાટા પર આવી જશે. ગાડી ફરી પાટા પર ચડી જશે. પરંતુ હવે તે પણ નથી કરી શકતા, પોતાને જઘન્યાધિકારી માનો છો. હરિનું શરણ જ નથી કરવું બાકી બધાનું શરણ કરવું છે તો પછી શ્રીમહાપ્રભુજી કહે છે કે ભાઈ અલવિદા.

(ભગવદાશ્રયાવશ્યકતોપપત્ત્યન્તરેણોપસંહારઃ)- ભગવદ આશ્રયની આવશ્યકતાની એક છેલ્લી વિશેષ ઉપપત્તિ શ્રીમહાપ્રભુજી આપી

રહ્યા છે

એવમ્ આશ્રયણં પ્રોક્તમ્ સર્વેષાં સર્વદા હિતમ્ ॥
કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ॥ ૧૭ ॥

"એવમ્ આશ્રયણં પ્રોકતમ્" આશ્રય જે છે તે દરેક વ્યકિતને હંમેશા દરેક સ્થિતિમાં ઉપયોગી થાય છે કારણકે શ્રીમહાપ્રભુજી પોતે પણ આ વાતનો અનુભવ કરી રહ્યા છે કે "કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ" કલિયુગમાં ભકિતમાર્ગ થોડો દુઃસાધ્ય થઈ ગયો કેમ કે કલિયુગની મનોવૃત્તિઓ એવી છે કે તે ભકિતમાર્ગને માટે બહુ સુસંગત નથી. તો કલિયુગની મનોવૃત્તિ એવી હોઈ શકે છે. પરંતુ આશ્રય અહીં પણ તમને મદદરૂપ (હેલ્પફુલ) થઈ શકે છે. કેમ કે પ્રભુએ આપણને વચન આપ્યુ છે કે **"સર્વધર્માન પરિત્યજય મામ્ એકં શરણં વ્રજ, અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ"**

ચાહે તો જ્ઞાનમાર્ગી પાપ હોય, ચાહો તો કર્મમાર્ગી પાપ હોય, ચાહો તો ભકિતમાર્ગીયિ કંઈક પાપ તમે કર્યુ હોય પરંતુ ભગવદ્ આશ્રય તમે દઢ રાખ્યો તો તે બધા પાપોમાંથી પ્રભુ આપણને મુકત કરી શકે છે. એવું આશ્રયનું વચન પ્રભુનુ છે. એક જગ્યાએ નહીં અનેક જગ્યાએ છે અને તે આશ્રયની ભાવનાથી પોતાના કૃષ્ણના આશ્રયને સુદઢ બનાવો તો દરેક સમસ્યાનું સમાધાન હમણા પણ આપણી પાસે થઈ શકે છે.

આ વાત ચિંતાની નિવૃત્તિના ઉપાયના અંતર્ગત, પોતાને ખુદને પુષ્ટિમાર્ગ, પુષ્ટિભકિતમાર્ગ પર ચાલવા માટે કેવી રીતે સાંત્વના પ્રાપ્ત કરવી, તે સાંત્વના પ્રાપ્ત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ આ બતાવ્યું છે.

જીતુભાઈ માંગવું તે શરણ ભાવનાનો અસ્વીકાર છે. પરંતુ તમે કોઈ તકલીફના કારણે પ્રભુની પાસે માંગી લીધુ, તો તે પોતાની ભૂલનો અનુભવ કરો કે મારાથી આ ભૂલ થઈ અને પ્રભુની શરણ ભાવના કરો કે પ્રભુ મને તેવું સામર્થ્ય આપો. હમણા અધીરા થઈને મેં તમારી પાસે માંગી લીધું. પરંતુ તુ મારું શરણ છે. તુ જ મને આ ક્ષુદ્રતાથી છોડાવી શકે છે. શરણ ભાવનામાં આ વાત છે. યાચના નથી, પરંતુ શરણભાવનામાં જેમ આપણે ન નિભાવી શકયા અને આપણે

ક્યારેક માંગી લીધું પ્રભુથી, તો તે અપરાધને સ્વીકાર કરીને અને શરણ ભાવના કરો અર્થાત્ – **‘‘સર્વસાધન હીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ્’’** આ રીતની ભાવના કરીને ફરી પાછા શરણના રસ્તા પર આવો. જે પાટા પરથી તમારી ગાડી ઉતરી ગઇ છે, પ્રાર્થના કરવાના કારણે તો તેમા ખુદ પોતાને તોડી ન નાખો ખ્યાલમાં આવ્યું ને !

જેમ સિદ્ધાન્ત તમારાથી ન નભ્યો તેથી ખુદ પોતાને તોડો નહી. પરંતુ પોતાની જાતને ફરીથી પ્રભુની સાથે જોડવાનો નિરંતર પ્રયાસ કરતા રહો. તમારી નબળાઈઓ તમને પ્રભુથી તોડવાની કોશિશ કરતી રહેશે અને તમે શરણ ભાવનાના માધ્યમથી પોતાની જાતને પ્રભુથી જોડવાનો પ્રયાસ શરૂ કરો. તે પ્રકારનો હકારાત્મક પ્રયાસ તમે શરૂ કર્યો તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ચોક્કસ ફરક પડશે.

જે કાંઇ પણ શ્રીમહાપ્રભુજી સૂચનો (ઈન્સ્ટ્રકશન) છે તેને આપણે અનુસરી શકીએ અથવા ન અનુસરી શકેએ. પરંતુ શરણ ભાવનાની પ્રક્રિયાથી આપણે પ્રભુની સાથે જોડાવાનો પ્રયાસ નિરંતર કરતા રહીશું. તો ધીરે ધીરે તે બધા સૂચનોને આપણે અનુસરવાને માટે સક્ષમ થઈ જઈશું. જેને આજે આપણે કરવાને સક્ષમ નથી.

જેમ પેટ ઘણુ ખરાબ (અપસેટ) થઈ ગયુ હોય તો આપણે સારો ખોરાક નથી ખાઇ શકતા પરંતુ પાચન થઈ શકે તેવું ખાઈને પણ થોડા દિવસ આપણે પોતાને ટકાવી રાખીએ. મરી ન જઈએ તો ધીરે ધીરે તે પેટ વ્યવસ્થિત થઈ જશે. ત્યારે સારું ખાવાને માટે ફરી આપણે સમર્થ થઈ જાશું. મગની દાળનું પાણી લઈને પણ આપણે ટકાવી રાખીએ તો ડીહાઈડ્રેશન નથી થતું પાણી ઘટી નથી જતું ખ્યાલમાં આવ્યું ને ! ગ્લુકોઝનું પાણી લઈને પણ પોતાની જાતને ટકાવી રાખીએ તો ડીહાઈડ્રેશન નહી થાય. નહીંતર શું થશે ! કે જયારે પેટ ખરાબ થઈ ગયુ તો ઝાડાની પ્રક્રિયામાં ડીહાઈડ્રેશન (પાણી ઘટી જવું) પણ શરૂ થશે અને તેમા મરવાની પૂરી શકયતા છે. તે વખતે કયો ઉપાય છે કે જે તમને ડીહાઈડ્રેશનથી બચાવી શકે ?

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ભગવદ્ આશ્રય દરેક પરિસ્થિતિમાં અર્થાત્ **"દુષ્ટતમોઽપિ દયારહિતોઽપિ વિધર્મ વિશેષ કૃતિ પ્રાર્થિતોઽપિ, દુર્જન સંગરતોઽપ્યવરોપિ ચ કૃષ્ણ તવાસ્મિ ન ચાસ્મિ પરસ્ય "** આટલી પોતાની આશ્રયની ભાવના જો તમે દઢ બનાવી રાખી, બસ ધીરેથી વાત બની જશે. ત્યાંથી જ બધા રસ્તાઓ ખુલી જશે. જેમ તમે મગની દાળનું પાણી પીતા પીતા ફરી પાછા ખીચડી ખાવા લાગી જશો, ખીચડી ખાતા ખાતા દાળભાત ખાવા લાગી જશો. દાળભાત ખાતા ખાતા રોટલી ખાવા લાગી જશો. પછી ઢોકળા... ફાફડા ! આ તેનું રહસ્ય છે.

જુઓ આપણી સમજ છે પ્રભુના પ્રત્યે કે પ્રભુ મારો રક્ષક છે. કયારેક પ્રાર્થના થઈ જતી હોય તો થઈ જાય. માફી માંગીને આ પ્રક્રિયાની રીતે, માંગવાની પ્રક્રિયાની રીતે નહી, કારણકે જયારે હું કહું કે તુ કંઈક એવું કર કે મને તારા પર સ્નેહ જાગે મતલબ શું ? સ્નેહ નથી. હું તારી સામે કબુલ (કન્વે) કરી રહ્યો છું ને! તો જયારે હું તને એમ કહી રહ્યો છુ કે તું કાંઈક એવું કાર્ય કર બેટા કે મને તારા ઉપર સ્નેહ જાગે. ખૂબ જ સુંદર શબ્દમાં મેં તને કહી દીધુ કે મને તારા પ્રત્યે સ્નેહ નથી. એવું જયારે આપાણે પ્રભુને કહી રહ્યા છીએ કે પ્રભુ આપ એવું કંઈક કરો કે અમે આપનો આશ્રય પ્રાપ્ત કરી શકીએ. ખૂબ જ દીનતા ભર્યા શબ્દોમાં આપણે પ્રભુની સામે સ્પષ્ટ કહી દીધુ કે હજુ મનઃસ્થિતિ એવી નથી કે આપ અમારો આશ્રય છો, તો તે ક્ષુદ્રતામાં શ્રીમહાપ્રભુજી ધ્યાન આપવા નથી ઈચ્છતા. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમે અંતઃસ્ફુરાણથી અને વાણીના ઉચ્ચારાણથી તમારી સ્વીકૃતિને વિકસિત કરો.

વિજ્ઞપ્તિ એટલે કે પ્રભુને કોઈ વાત જાણાવવી તે વિજ્ઞપ્તિ છે, કે હું આવો છુ અને પ્રભુથી કાંઈક માંગવું, જુઓ પ્રાર્થના શબ્દનો અર્થ આજે આપણે કાંઈક જુદો જ સમજી રહ્યા છીએ. અર્થના મતલબ ઈચ્છા, પ્રાર્થના મતલબ તે ઈચ્છાને કોઈને કહેવી. મારી અંદર કોઈ ઈચ્છા છે તે ઈચ્છાને હું તને જાણાવું તેનું નામ પ્રાર્થના. વિજ્ઞપ્તિ મતલબ ફકત જાણાવવું, ઈચ્છાને કહેવી નહીં. હું પાપી છુ કે પુણ્યાત્મા છુ, જેવો છુ તેવો આપનો છુ. આ પ્રાર્થના નથી.

આ વિજ્ઞપ્તિ છે અને જયારે આપણે પ્રભુને એમ કહી રહ્યા છીએ કે ભઈ હું તો આવો જ છું પણ હું તને પ્રાર્થના કરી રહ્યો છુ કે તું મારો આશ્રય બની જા. મતલબ ખૂબ જ સુંદર શબ્દમાં આપણે પ્રભુને કહી દીધુ કે તુ આશ્રય નથી. આવીને વાત ખ્યાલમાં !

અમારા રાય સાહેબવાળુ ઉદાહરણ હંમેશા હું આપતો રહુ છું. રાય સાહેબ અમારા મોટા મંદિરમાં હતા. તે ભૂલેશ્વરના બધા મંદિરમાં જઈને હાથ જોડતા અને પછી આમ – આમ કરતા તો મેં પુછયું આ તમે રોજ આમ શું કરો છો ? તે બિચારા આસિસ્ટંટ ડાયરેકટર હતા. તો તેઓ કહેતા કે બધા ભગવાનને પ્રાર્થના કરું છું કે આપ ભગવાન છો, મોટા છો, મને કોઈ ફાઈનાન્સર મળી જાય. આટલા વર્ષોથી બધા ભગવાનને પ્રાર્થના કરું છું. કોઈ ભગવાન કોઈ ફાઈનાન્સર અપાવતા નથી. આ જેવા હોય તેવા ભગવાન મારા કામના નથી. રાય સાહેબનો આ સ્થાયી ભાવ હતો.

હાથ પણ જોડતા આમ ઝટકો મારતા કે કંઈ કામ ન આવ્યા, ભગવાન્ ! હાથ પણ જોડે અને ગરદનને પણ ઝટકો દે. બધા ભગવાન્ પરેશાન થઈ જતા હશે, સવારે મંગલામાં બધા મંદિરોમાં દર્શન કરી આવતા ભુલેશ્વરમાં, મુંબાદેવીના, રામચંદ્રજીના, અમારા બાલકૃષ્ણ લાલજીના, બધાને હાથ પણ જોડતા અને બધાને ઝટકા પણ આપતા, કાંઈ કામના નથી. કોઈ ફાઈનાન્સર મળતા નથી. તો તે રાય સાહેબવાળો ઝટકો જે છે ને તેનાથી બચવું જોઈએ. વાત ખ્યાલમાં આવી તે તદ્દન આભાસી ઝટકો હતો. આવા ઝટકાથી પણ બચીએ તો સારી વાત છે, રાય સાહેબની બીચારાની કોઈ જેન્યુન પ્રોમ્બ્લેમ હશે આને માનવીય સમસ્યાના રૂપમાં સમજીએ તો આપણને ગરીબ પ્રત્યે સહાનુભૂતિ થાય. આ વિવેક ધૈર્યાશ્રયની વાત બતાવી ત્યારબાદ કૃષ્ણાશ્રય શરૂ થઈ રહ્યું છે.

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં વિવેકધૈર્યાશ્રયનિરૂપણં સમ્પૂર્ણમ્ ॥

॥ કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ॥

ભૂમિકા :-

''એવમ્ આશ્રયણં પ્રોક્તમ્ સર્વેષાં સર્વદા હિતમ્, કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ'' આ સૂત્રનું ફરીથી ભાષ્ય શ્રીમહાપ્રભુજી હવે કૃષ્ણાશ્રયમાં કરી રહ્યા છે. તેમાં અને આમા સૂત્ર ભાષ્યનો ભાવસંબંધ છે. વિવેક ધૈર્યાશ્રય હવે સૂત્ર બની ગયું આ ''એવમ્ આશ્રયણં પ્રોક્તમ્ સર્વેષાં સર્વદા હિતમ્'' આ શ્લોકનું કૃષ્ણાશ્રય આખુ ભાષ્યના રૂપમાં આવી રહ્યું છે.

એક વાત ધ્યાનથી સમજો કે આ જે આપણી ભક્ત્યાદિમાર્ગની દુઃસાધ્યતા છે, કલિયુગમાં તે દુઃસાધ્યતા કયા કારણથી થઈ રહી છે ? તો તેના કાંઈક પરિબળો (ફેક્ટર) શ્રીમહાપ્રભુજીએ ગણાવ્યા છે. જેમ કે લોકની બધી વ્યવસ્થા ઉચ્છીન્ન થઈ ગઈ છે. હવે જુઓ આ વાત ફરીથી એ જ પ્રકારે શરૂ થઈ રહી છે કે, જે વખતે આપાણે બાંધકામ (કન્સ્ટ્રક્શન) કરવું છે. તો આપાણને એવી મજબૂત જમીન મળી જાય, જે ઠોસ હોય, પથ્થરવાળી હોય. તો ઓછા પાયાની સાથે બાંધકામ શરૂ થઈ જશે. પરંતુ જો જમીન પોતે અંદરથી પોલાણવાળી હોય તો પાયા ભરવા માટે આપાણે અંદરથી પણ ખૂબ ખોદવુંપડશે. ત્યારે તેના ઉપર જમીનની સપાટીથી બાંધકામ ઉભુ કરી શકશું. તો તે જે પાયાની જમીનનું જે પોલાણ છે તે તમને બતાવી રહ્યા છે.

તો કૃષ્ણાશ્રયનો જે પાયો (ફાઉન્ડેશન) છે એ એટલો ઉંડાણથી નાખવા માંગી રહ્યા છે શ્રીમહાપ્રભુજી, કે તે નિષ્ફળ ન થઈ જાય. જમીનની સપાટી (ગ્રાઉન્ડ લેવલ)થી હજુ એટલા નીચે જાવ કે જે સપાટી બતાવી તેનાથી ખોદતા ખોદતા હજુ નીચે જાવ. જેટલા જઈ શકતા હો એટલા નીચે ગયા કે પછી કૃષ્ણાશ્રયના પાયાથી પાછુ બાંધકામનો ફરીથી જીર્ણોદ્ધાર (રીનોવેટ) કરો. કૃષ્ણાશ્રય પાછળ શ્રીમહાપ્રભુજીની આ આખી નીતિ છે કે તે જમીનની સપાટીથી પણ હજુ નીચે જાવ. ''કલૌ ભક્ત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યા'' ઠીક છે દુઃસાધ્યતા, બાકી દુઃસાધ્યતાની દુઃસાધ્યતા કેટલી ? હજુ વધારે ખાડો ખોદો,

જમીનની જે સપાટી છે તેનાથી પણ નીચે જાવ. જેટલા જઈ શકતા હો તેટલા નીચે જાવ.

તે નીચે જઈને ખાડો ખોદીને બતાવી રહ્યા છે કે જમીન નીચે સુધી કેટલી પોલી છે, આ વાતને સમજો ત્યાંથી કૃષ્ણાશ્રયનો પાયો નાખીને પછી આપણે આખુ બાંધકામ ઉભુ કરીશું. ‘‘કૃષ્ણ એવ ગર્તિમમ, કૃષ્ણ એવ ગર્તિમમ’’ આ વાત ધ્યાનથી જુઓ આવીને સમજમાં ? આ આખી નીતિ છે. લોકાશ્રય, વેદાશ્રય, હવે નિરંતર આપણે આ વાતને જોતા આવ્યા છીએ કે જે પ્રવાહીના જીવ છે તે લોકમાં છે તે લૌકિક જીવને થોડા સુધારીને વેદના સંસ્કારોથી મર્યાદિક જીવ બનાવી શકાય.

તો તે લોક અને વેદ બન્નેને શ્રીમહાપ્રભુજી ‘‘લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્’’ થી પણ આપણને કહેતા આવ્યા અને બધી બાજુથી આ જે પૂરો સંદર્ભ છે તે પહેલેથી ચાલ્યો આવ્યો છે. **‘‘ઇકો અણચિ’’**ની જેમ **‘‘અચિ’’**ની જેમ અનુવૃત્તિ હોય ને, એ જ પ્રકારે અનુવૃત્તિ ચાલી આવે છે કે લોક અને વેદ જે છે તે તમને સહાય નહીં કરે.

જે પ્રકારની લોકની વ્યવસ્થા છે, જે પ્રકારની વેદની વ્યવસ્થા છે. તે તમને આજની તારીખમાં સહાયક નહીં થાય. તે સ્થિતિમાં કૃષ્ણ ભકિત કરવી કે કૃષ્ણભકિતથી પણ આપણે નિરાશ થઈ જવું ? જો લોક તમને કૃષ્ણભકિતમાં સહાયક નથી થઈ રહ્યો, જો વેદ તમને કૃષ્ણ ભક્તિમાં સહાયક નથી થઈ રહ્યો, તો શું કૃષ્ણ ભક્તિનો પ્રોગ્રામ છોડી દેવો, કે ફરીથી પણ કંઈક શરૂ થઈ શકે છે.

બચ્ચનની એક ખૂબ જ સુંદર કવિતા છે, તેમાં બચ્ચન કહે છે **‘‘ઇન ચીકને તાજે નયે હરે પત્તો કે સાયે મે સુમને ફીર પ્યાર નયા હો શકતા હૈ.’’** પાનખર આવી ગઈ, તો બધા પાંદડાઓ ઝાડ ઉપરથી ખરી ગયા. ફૂલપણ બધા ખરી ગયા. તો જે ભમરો છે તે નિરાશ થઈ ગયો. પરંતુ પાનખર પછી પાછા નવા પાંદડા પણ આવે છે. તો તેના ઉપર ભમરો ફૂલને કહી રહ્યો છે.

ઇન ચીકને તાજે નયે હરે પત્તો કે સાયે મે,
સુમને ફીર પ્યાર નયા હો સકતા હૈ.

હરદન્ત સમયકા જો લગતા માનો વિષદંત નહીં હોતા,
દુઃખ માનવકે મનકે ઉપર સબ દિન બલવંત નહીં હોતા.
આંહે ઉઠતી, આંસુ ઝરતે સપને પીલે પડતે,
લેકિન જીવનમે પતઝડ આને સે જીવન કા અંત નહીં હોતા.
ઇન ચીકને તાજે નયે હરે પત્તો કે સાયે મે
સુમને ફિર પ્યાર નયા હો સકતા હૈ.

આવી રીતે જે લોક વ્યવસ્થા–જે વેદ વ્યવસ્થા બધી મૃતપાય (કોલપ્સ) થઈ ગઈ છે, તેમાં એક વખત શ્રીઠાકોરજીને બસ આ વાત કહીને જુઓ કે ‘‘**ફિર પ્યાર નયા હો સકતા હૈ, જીવનમે પતઝડ આને સે જીવન કા અંત નહીં હોતા**’’ તે વાત શ્રીમહાપ્રભુજી અહીં સમજાવવા માંગી રહયા છે.

॥ કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ॥

(લોકાશ્રય[ક]વેદાશ્રય[ખ] વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્ય નિરૂપણાય ષણ્ણાં ધર્મઙ્ગાનાં કાલ[૧] દેશ[૨] દ્રવ્ય[૩] કર્તૃ[૪] મન્ત્ર[૫] કર્મણામ્[૬] સમ્પ્રતિ અસાધકતા કર્મ[ય] જ્ઞાન[ર] ભકિત[લ] પ્રપત્તિ[વ] માર્ગાનુસારેણાપિ શ્રીકૃષ્ણાશ્રયસ્યૈવ કર્તવ્યતાનિરૂપણમ્)–

(લોકાશ્રય[ક] વૈફલ્યનીરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ]સાફલ્યનિરૂપણાય ષડવિધધર્માઙ્ગેષુ કાલ[૧]સ્ય સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)–અર્થાત્ લોકાશ્રય નિષ્ફળ થઈ ગયો, એટલે કે પ્રવાહની જે વ્યવસ્થા ઉપલબ્ધ છે તે પણ નિષ્ફળ થઈ ગઈ અને વેદાશ્રય અર્થાત્ મર્યાદિક જીવની જે વ્યવસ્થા પ્રાપ્ત છે તે પણ મૃતપ્રાય થઈ ગઈ છે. તો પછી કોઈ ચિંતાની વાત નથી. આવી ગઈ છે પાનખર, આવી ગઈ તો આવી ગઈ પરંતુ કૃષ્ણરૂપી ફૂલ ફરીથી ખીલી રહ્યું છે કે નથી ખીલી રહ્યું ? એક વખત કૃષ્ણાશ્રયનું ફૂલ ખીલતું હોય તો કબૂલ કરી લ્યો તેને કે ''કૃષ્ણ એવ ગર્તિમમ્'' ક્રમ પાછો શરૂ થઈ શકશે. ગભરાવાની કોઈ વાત નથી.

ધર્મના છ અંગ છે. કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ. તે બધા નિષ્ફળ થઈ ગયા છે અને કર્મ, જ્ઞાન, ભકિત, પ્રપત્તિ આ બધા માર્ગોના સંદર્ભથી જે માર્ગની દષ્ટિથી વિચારવું હોય, કૃષ્ણાશ્રય હજુ પણ સફળ છે અને સફળ રહેશે. આ એક આસ્વસ્થતા, આપણા મનને એક સાંત્વના આપવાને માટે શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય નિરૂપીત કર્યુ છે.

હવે આ રીતથી પહેલા શ્લોકમાં જુઓ લોકાશ્રયની વિફલતાનું નિરૂપણ, કૃષ્ણાશ્રયની સફલતાના નિરૂપણની અંતર્ગત ષડવિધ ધર્મના જે અંગ છે. તેમાં જે કાલ છે તે ''સમ્પ્રતિ અસાધકતા'' કાલની અપેક્ષા નહીં રાખો, કાંઈક કૃષ્ણથી અપેક્ષા રાખો. જે કાંઈપણ તમારે સિદ્ધ કરવું છે. ભકિત સિદ્ધ કરવી છે, ભકિતના ચારેય અંગોમાંથી જે અંગમાં જવામાં તમને તકલીફ થઈ રહી છે, તે અંગને પ્રાપ્ત કરવામાં તમે કાલની અપેક્ષા ન રાખો. કે કલિકાલ

આવી ગયો, અરે ! આવી ગયો તો ભાડમાં જાય, તમે કૃષ્ણને પકડોને ! તે વાત શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ[૧] ચ ખલધર્મિણિ ॥
પાષણ્ડપ્રચુરે લોકે[ક] કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ॥ ૧ ॥

બધા માર્ગો નષ્ટ થઈ ગયા હોય, કલિ જે છે તે ખલનો જ ધર્મ હોય એટલે કે બદમાસી અને બદમાસી સિવાઈ કાંઈ જ નહીં એવો હોય. ‘‘પાષણ્ડ પ્રચુરે લોકે’’ લોકાશ્રયનું વૈફલ્ય બતાવી રહ્યા છે. ‘‘કૃષ્ણએવ ગતિર્મમ’’ કૃષ્ણ તો મારી ગતિ છે કે નહીં ? કૃષ્ણની ગતિમાં મને કોઈ વ્યવધાન આવી નહીં શકે. આ બધામાં વ્યવધાન આવી ગયા છે. કૃષ્ણગતિના માટે કોઈ વ્યવધાનની જરૂરત નથી.

(લોકાશ્રય[ક] વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ષડ્વિધધર્માઙ્ગેષુ દેશ[૨]સ્ય સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)- દેશ પણ અસાધક થઈ ગયો છે. તે વાત બતાવી રહ્યા છે કે દેશની શું સ્થિતિ છે.

મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ[૨] પાપૈક-નિલયેષુ ચ ॥
સત્પીડા-વ્યગ્ર-લોકેષુ[ક] કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ॥ ૨ ॥

મ્લેચ્છાક્રાન્ત દેશ થઈ ગયો છે. પાપૈક નિલય થઈ ગયો છે. જે સ્થાનમાં, જે દિશામાં નજર નાખો ત્યાં બધે પાપના જ અડ્ડા જામી ગયા છે, બીજું કાંઈ નથી. ‘‘સત્પીડા વ્યગ્ર લોકેષુ’’ આ પાપના અડ્ડામાં સતકર્મ-સજ્જન રહેવા ઈચ્છે તો તે જ દુઃખી છે. દુર્જન કોઈ દુઃખી નથી. છે તો છે. આ પરિસ્થિતિ ખૂબ જ મોટી પાનખર છે, પરંતુ ફરીથી ‘‘કૃષ્ણ એવ ગર્તિમમ્’’ **‘‘ફ़िર પ્યાર નયા હો સકતા હૈ’’** આ વાતને ધ્યાનથી સમજો, ભૂલો નહીં.

(લોકાશ્રય[ક]વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ષડ્વિધધર્માઙ્ગેષુ દ્રવ્ય[ઉ]સ્ય સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)- દ્રવ્ય એટલે જે વસ્તુથી આપણે ધર્મ સિદ્ધ કરતા હોઈએ, દ્રવ્ય એટલે પૈસા નહીં, વસ્તુ-

પદાર્થ (મેટર). તો પદાર્થની શું સ્થિતિ છે ? પદાર્થ કેટલા અશુદ્ધ છે ? તેનું શ્રીમહાપ્રભુજીએ સૌથી વધુ શુદ્ધતમ્ જે ગંગાજી હતા તેને પકડીને અહીં પધારાવી લાવ્યા.

ગઙ્ગાદિ – તીર્થ[ઉ] – વર્યેષુ   દુષ્ટૈરેવાવૃતેષ્વિહ[ક] ॥
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ॥ ૩ ॥

જે બધાને શુદ્ધ કરવાવાળી બિચારી ગંગા હતી, તે જ બધાથી વધારે આજે પ્રદૂષિત છે. દુષ્ટો સિવાય તેના કિનારા ઉપર બીજું કોઈ નથી રહ્યું. સારા માણસો કયાંક બીજે રહેતા મળી જશે. પરંતુ ગંગા અને યમુનાના કિનારે સજ્જન રહેતો મળે એ વાત ખૂબ જ મુશ્કેલ છે. બધા ગીલીંડર જ ગીલીંડર રહેતા હોય છે. તો દેવતાઓ તેનાથી ડરીને ભાગી જાય. છે તો છે, તેમાં શું કરવું ? ગભરાવાની જરૂરત નથી. **''ફિર પ્યાર નયા હો સકતા હૈ''** ''કૃષ્ણએવ ગતિર્મમ'' કૃષ્ણમાં હજુ કોઈ લફડો નથી આવ્યો. આ વાતને ધ્યાનમાં રાખો.

(વેદાશ્રય[ખ] વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ષડ્વિધધર્માઙ્ગેષુ કર્તુઃ[૪] સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)–કર્તા પોતે આપણે બીજાના દોષ શું કામ જોઈએ ? આપણે આપણો જ દોષ જોઈ લઈએ કે એવો કયો દોષ છે ?

અહંકારવિમૂઢેષુ   સત્સુ[ખ] પાપાનું   વર્તિષુ ॥
લાભ–પૂજાર્થ–યત્નેષુ[૪] કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ॥ ૪ ॥

જે ધર્મ કરવા જઈ રહ્યો છે તે કર્તા પોતે જ પોતાના અહંકારથી ગ્રસ્ત હોવાના કારણે પાપાચરણ કરી રહ્યો છે. પોતે ખુદ પાપનું અનુવર્તન કરીને ધર્માચરણ કરી રહ્યો છે. ધર્માચરણ પણ કરી રહ્યો છે. તો કાંતો તે પોતાને પૂજાવા માટે કરી રહ્યો છે. જો ત્યાગીનો ઢોંગ કરી રહ્યો છે તો અને જો રાગીનો ઢોંગ કરી રહ્યો છે તો લાભ માટે કરી રહ્યો છે. કે ભગવાનના નામ પર કોઈ ચડાવો આપી જાય. તો આ તો ધર્મ કરવાવાળાની બે સ્થિતિ છે કે કાંતો પૂજાવા માટે ધર્મ કરી રહ્યો છે. એટલે કે હું કેવી રીતે પૂજાઉ ? એટલા માટે ધર્મ કરી રહ્યો છે. અથવા

કેવી રીતે મને પૈસા મળે ? કોઈ અહંતા અને મમતાના અહંકારનું અધિક અધોગતિનું આ રૂપ છે. (મોસ્ટ ડી જનરેટેડ ફોમ) **આ જે પૂજાવુ છે તે અહંકારનું એકદમ વિકૃતતમ રૂપ છે અને લાભ જે છે તે મમતાનું એકદમ વિકૃતતમ રૂપ છે.** તો ધર્મનો કર્તા આવો હોઈ શકે છે. આપણે પણ એવા હોઈ શકીએ ભૂલતા નહીં.

બીજાને શું કામ કહીએ ? આપણે પણ આવા જ હશું. પરંતુ આપણે એવા હશુ તેથી કૃષ્ણ તો એવા નથીને ? ''કૃષ્ણ એવ ગતિર્મમ' કૃષ્ણતત્વની સાથે જોડાઈને કદાચ આપણે પણ સુધરી શકીશું. એવો મનમાં ભાવ શું કામ ન લાવીએ ? આપણી જાતને ધિક્કારવાને બદલે, કૃષ્ણની સાથે જોડાવાનો ભાવ પેદા કરો. એટલા માટે જ શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને કહ્યું હતું કે ''**સૂર વ્હે કે કાહે ઘિઘિયાત હૈ ? કછુ ભગવદ્લીલા** ગા'' યાર સુધરી જશે, દોષ છે તો છે. ભગવાનની સાથે જોડાશે તો સુધરી જશે. આ વાત કર્તાને સાંત્વના આપવા માટે શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે.

(વેદાશ્રય[ખ] વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ષડવિધધર્માઙ્ગેષુ મન્ત્રસ્ય[પ] સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)–પાંચમુ અંગ છે મંત્રનું. તો મંત્રની તો આપણે રામાયણ જાણીએ જ છીએ.

અપરિજ્ઞાન નષ્ટેષુ મન્ત્રેષ્વવ્રતયોગિષુ ।।
તિરોહિતાર્થદેવેષુ[ખ] કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ।।૫।।

કોઈને મંત્રની ખબર નથી. આપણે હમણા જ જોયુ કે મોટા મોટા જે યજ્ઞ થઈ રહ્યા છે, જે જેનો મંત્ર નથી તેના નામથી યજ્ઞ થઈ રહ્યા છે. પુરુષોત્તમ સહસ્ત્ર નામ યજ્ઞ માટે ન હતું, પાઠ માટે હતું. તેનાય યજ્ઞ થઈ રહ્યા છે. યજ્ઞના જે મંત્ર છે. રાજીવ ગાંધી મર્યા હતા તે વખતે મેં જોયું હતું તો પુરુષ સુકતથી તેનો અગ્નિ સંસ્કાર થઈ રહ્યો હતો. ''**સહસ્ત્રંશીર્ષા પુરુષઃ**'' યાર આ મરે તે વખતનો મંત્ર નથી. તેઓએ બ્રાહ્મણને બોલાવી લીધા કે બોલો મંત્ર તો ''**સહસ્ત્રંશીર્ષા પુરુષઃ**'' આ અભિષેકનો મંત્ર છે, ફૂંકવાનો મંત્ર નથી, ફૂંકવાનો મંત્ર કોઈ બીજો

છે. તે મંત્ર તે બ્રાહ્મણને આવડે નહીં.

એક વખત કોઈકે મને કહ્યું કે અમારે લગ્નપ્રસંગ કરવો છે તો આપ કોઈ ગોર મહારાજને જાણતા હો તો. મેં કહ્યું જાણુ છુ, મોકલી દઈશ. ગોર મહારાજ શ્લોક જ નહોતા બોલતા, કાંઈક વ્યાકરણના નિયમ બોલી રહ્યા હતા. કાંઈક સુભાષિત બોલી રહ્યા હતા. મેં કહ્યું કે આ શું કરી રહ્યા છો યાર ? તેણે કહ્યું મહારાજ તમે પણ ચૂપ અને હું પણ ચૂપ. હવે બીજી વખત નહીં બોલાવતા. આમા તમને કોઈ ક્રિયામાં ભૂલ દેખાય રહી છે ? મે કહ્યું ક્રિયા તો બધી ઠીક છે. તો કહે મંત્ર તો હું શીખ્યો જ નથી તો કયાંથી બોલું ?

કાંઈક સુભાષિત બોલે, કાંઈક કાંઈક બોલે અને પાછો સ્વાહા... સ્વાહા... જોડતો જાય. ‘‘**ઈકો યણચિ સ્વાહા, ઈકસ્થાને યણસ્યાદચિ અચિ સંહિતાયાં વિષયે સ્વાહા, અત્ એડ ચ ગુણસંજ્ઞઃ સ્યાત્ સ્વાહા, વૃદ્ધિ રાદૈચ સ્વાહા**’’ ભાઈ આ શું છે ? આ વ્યાકરણના નિયમ છે. આ લગ્નમાં શું કામ બોલી રહ્યો છે ? તો તેણે કહ્યું મહારાજ ! આપ ચુપ રહો. ન બોલાવવો હોય તો નહીં બોલાવતા. અત્યારે તો આમ જ ચાલવા દયો. મને પણ શરમ આવી ગઈ. કેમ કે હવે હું આ રહસ્ય ખોલી દઉં કે લગ્નમાં મેં આવો ગોરમહારાજ મોકલ્યો તો તેઓના મનમાં શંકા બેસી જાય કે મહારાજ કેવા કેવા માણસો મોકલે છે ? હું પણ ચૂપ થઈ ગયો. આશીર્વાદ આપીને આવી ગયો કે ભગવાન તમારું ભલુ કરે. પણ બિચારાનું ભલુ થયું નહીં હો ! એ પણ એક પાછી હકીકત છે.

ખૂબ જ શરમ છે મને આ વાતની, પણ શું કરું ? આવા આવા ગીલીંડર બ્રાહ્મણ જેને કાંઈ મંત્ર ન આવડે આપણને કાંઈ મંત્રની ખબર નથી. કાંઈકને કાંઈક મંત્ર બોલતો રહે અને સ્વાહા–સ્વાહા જોડતા રહે. આપણે એમ સમજીએ કે આ યજ્ઞ થઈ રહ્યો છે. યજ્ઞ કયાંથી થઈ રહ્યો છે ? કોઈ સુભાષિત બોલી રહ્યા હતા. કોઈ કાંઈ બોલી રહ્યા હતા. ‘‘**ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરમ મંત્રો ન વિદ્યતે**’’ક્રિયા બધી બરાબર પરંતુ મંત્ર બધા નદારદ.

‘‘અપરિજ્ઞાન નષ્ટેષુ’’ કોઈને મંત્ર બોલતા આવડે નહીં અને તે આવડે છે તો તે મંત્રને બોલવા લાયક જેટલું વ્રત કરવું જોઈએ, એટલું કોઈને વ્રત નથી.

તેના અર્થ કે દેવ તિરોહિત થઈ ગયા છે. થઈ ગયા તો થઈ ગયા, ભાડમાં ગયા. ''કૃષ્ણએવ ગતિર્મમ'' **''ફિર પ્યાર નયા હો સકતા હૈ''** હજુ પણ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. ગભરાવાની કોઈ વાત નથી. મંત્ર બગડી ગયા છે. કાંઈ કૃષ્ણ થોડા બગડ્યા છે ?

(વેદાશ્રય[ખ]વૈફલ્યનિરૂપણપૂર્વકં કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ષડ્વિધધર્માઙ્ગેષુ કર્મણઃ[ક] સમ્પ્રતિ અસાધકતાનિરૂપણમ્)- આજ પ્રકારે છઠ્ઠુ અંગ છે તે કર્મ છે. તો કર્મના તો એવા કૌભાંડ થઈ ગયા છે.

નાના-વાદ-વિનષ્ટેષુ સર્વ-કર્મ[ક]-વ્રતાદિષુ[ખ] ।।
પાષણ્ડૈકપ્રયત્નેષુ કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ।। ૬ ।।

અનેક વાદોના કારણે બધા કર્મ અને વ્રત બધા જે છે તે આ પ્રકારે આખી વ્યવસ્થા પડી ભાંગી છે. આપણે કરીએ તો આપણે દિલમાં સમજીએ કે આવું ! આ સાવ બેકારની વાત છે. એટલે કે એક વાત સમજો.

શ્રાદ્ધમાં ''**સકૃત મહાલયે**'' શબ્દ આવે છે. જે વરસમાં એકવાર શ્રાદ્ધ કરવામાં આવે છે અને સકૃત એક શબ્દ છે અને સકૃત એટલે કે વિષ્ઠા. હવે બ્રાહ્મણો શ્રાદ્ધમાં એમ બોલે કે સકૃતનું શ્રાદ્ધ કરે. એવી ગ્લાની થાય કે હવે શું કરીએ ? ભઈ હવે બ્રાહ્મણ ન જાણે તો જાવા દયોને ! આવી ખરાબ હાલત છે. કરે તો ''પાર્ષડૈક પ્રયત્નેષુ'' લગ્ન વિવાહ કરતી વખતે છોકરા-છોકરીને ખબર જ નથી, કે ગોર મહારાજ શું બોલી રહ્યા છે ? તો આવી દુર્ગતિ છે. ખરેખર તો તે છોકરાને બોલવાનો મંત્ર છે કે ભઈ આ તારી છોકરીને હું અપનાવી રહ્યો છું, મારી જીવન સંગીનીના રૂપમાં. છોકરો તો મોઢુ જ જોતો રહી જાય અને ગોર મહારાજ મંત્ર બોલી રહ્યા છે કે આને હું અપનાવી રહ્યો છું, મારી જીવન સંગીનીના રૂપમાં.

તે સંસ્કૃતમાં છે એમ કરીને હાંકે રાખે. બધાને ખબર નહીં પડે. લઈ જાને તુ યાર ! તારી છે તો. મંત્ર કોને આવડે છે ? ગોર મહારાજ મંત્ર બોલે તો પેટનું પાણી હલી જવું જોઈએ કે આ મંત્ર તુ બોલ્યો કેમ ? છોકરાને ખુદને રસ ન

હોય, કે બોલે રાખને તુ. જેમ તેમ કરીને કોઈક રીતે વાત પતાવ. અમારે રિશેપ્સનમાં ઉભા રહેવું છે, બસ આ ચક્કર છે. લગ્ન જેવા કર્મ આપણે ત્યાં પાખંડમાં થઈ રહ્યા છે, તો બીજા કર્મોની તો વાત જ જવા દયો. છે તો છે, શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તુટશો નહીં, તુટશો નહીં. ‘‘કૃષ્ણ એવ ગતિર્ મમ’’

(કૃષ્ણાશ્રય[ગ]સાફલ્યનિરૂપણાય કર્મમાર્ગ[ય]દૃષ્ટ્યાપિ તદાવશ્યકતા-નિરૂપણમ્)- આ સાતમાં શ્લોકમાં કૃષ્ણાશ્રયમાં કર્મમાર્ગની દૃષ્ટિથી સફલતા બતાવી રહ્યા છે.

અજામિલાદિદોષાણાં નાશકો[૫]ऽનુભવે સ્થિતઃ ।।
જ્ઞાપિતાખિલ-માહાત્મ્યઃ કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ।। ૭ ।।

બધા કર્મો-કુકર્મો કર્યા પછી પણ અજામિલને ભગવાને પોતાનું માહાત્મ્ય બતાવીને ઉદ્ધાર કર્યો કે ન કર્યો ? તો કર્મમાર્ગની દૃષ્ટિથી જે કાંઈપણ આપણામાં ખામી હશે. પરંતુ કૃષ્ણ બધા કર્મોના પાપોને ક્ષમા કરી શકે છે કે નહીં? તો ‘‘કૃષ્ણ એવ ગતિર્મમ’’.

(કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય જ્ઞાનોપાસનમાર્ગ[૨]દૃષ્ટ્યાપિ તદાવશ્યકતાનિરૂપણમ્)-જ્ઞાનમાર્ગની દૃષ્ટિથી જ્ઞાનમાર્ગના બધા જે પ્રમાણભૂત માપદંડ છે તે ખતમ થઈ ગયા હશે. વૈરાગ્યના યમ-નિયમ આસનના શમ-દમ-ત્તિતિક્ષાના બધા ખતમ થઈ ગયા હશે, તો થઈ ગયા હશે. પરંતુ

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનન્દકં બૃહત્[૨] ।।
પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ।। ૮ ।।

પરંતુ ‘‘પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનન્દકં બૃહત્’’ હરિ તો પૂર્ણાનંદ છે કે નહીં ? એ વાત બતાવો. હરિ પૂર્ણાનંદ હોય તો પૂર્ણાનંદમાં જ્ઞાન તમને પ્રાપ્ત થશે, થશે ને થશે. તેથી ‘‘કૃષ્ણએવ ગતિર્ મમ’’.

(કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય ભક્તિમાર્ગ[લ]દૃષ્ટ્યાપિ

તદાવશ્યકતા નિરૂપણમ્)- ભકિતમાર્ગની દષ્ટિથી પણ કૃષ્ણાશ્રયની સફલતાનું નિરૂપણ.

વિવેકધૈર્યભક્ત્યાદિ[લ] - રહિતસ્ય વિશેષતઃ ॥
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્ મમ[ગ] ॥ ૯ ॥

ભક્તિમાર્ગની દષ્ટિથી તમારામાં વિવેક નથી જે હમણા જ કહી ગયા વિવૈકધૈર્યાશ્રયમાં, ધૈર્ય નથી-ભકિત નથી. નથી તો નથી. પાપી પણ હોય તો હોય,પણ કૃષ્ણ તમારી ગતિ છે, છે, છે અને છે જ. આ વાત મનમાં દઢ કરીને ચાલશો તો કયારેય વાંધો નહીં આવે.

(કૃષ્ણાશ્રય[ગ] સાફલ્યનિરૂપણાય પ્રપત્તિમાર્ગ[વ]દષ્ટ્યાપિ તદાવશ્યકતા નિરૂપણમ્)- કૃષ્ણાશ્રયની સફલતા પ્રપત્તિ માર્ગની દષ્ટિથી પણ છે.

સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રેવાખિલાર્થકૃત્ ॥
શરણસ્થ[વ] સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્[ગ] ॥ ૧૦ ॥

પ્રભુ સર્વ સામર્થ્ય સહિત છે અને જયાં **‘‘અસાધનમ્ અપિ સાધનમ્ કરોતિ’’** ગાળ આપવા વાળાને **‘‘અહો બકીયં સ્તનકાલકૂટં જિઘાંસયાપાયયદપ્ય સાધ્વી, લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોડન્યં કં વા દયાલું શરણં વ્રજેમ’’ (ભાગ.૩।૨।૨૩)** ઝેર પીવડાવવા આવી તેને પણ પ્રભુ પોતાની માં માની શકતા હોય તો આપણે તેની સાથે વધુમાં વધુ તો પ્રભુની સાથે શું ગડબડ ફેલાવીશું ? અને આનાથી તો વધારે ગડબડ નહીં ફેલાવીએને ?

પ્રભુ સર્વ સમર્થ સહિત છે. **‘‘અસાધનમ્ અપિ સાધનમ્ કરોતિ’’** જે શરણસ્થ જીવ છે તેનો સમુદ્ધાર પ્રભુ કરે, આવી કૃષ્ણને વિજ્ઞપ્તિ શ્રીમહાપ્રભુજી આપણા તરફથી વકીલાત કરીને કહી રહ્યા છે.

‘કૃષ્ણાશ્રયમ્’ ઇદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ॥
તસ્યાશ્રયો[વ] ભવેત્ કૃષ્ણ[ગ] ઇતિ શ્રીવલ્લભોડબ્રવીત્ ॥ ૧૧ ॥

હવે આપણને સમજાવી રહ્યા છે કે આ જે કૃષ્ણાશ્રય સ્તોત્રનો કૃષ્ણના

સાનિધ્યમાં પાઠ કરશે તો તેનો આશ્રય કૃષ્ણ બની જાશે. કેવી રીતે આશ્રય બનશે? સીધી જ વાત સમજો કે તમે કૃષ્ણને શ્રીમહાપ્રભુજીના જ શબ્દોમાં સમજાવી રહ્યા છો કે કૃષ્ણ તુ મારો આશ્રય છે. ભારપૂર્વક ભલામણ સાથે શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં તમે કૃષ્ણને સમજાવી રહ્યા છો કે તુ મારો આશ્રય છે. કૃષ્ણએ શ્રીમહાપ્રભુજીને સમજાવી રાખ્યા છે કે તમે જેનો અંગીકાર કરાવશો તેનો હું અંગીકાર કરીશ.

તો શ્રીમહાપ્રભુજી દમખમથી કહી રહ્યા છે કે ''તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોઽબ્રવિત્'' આ આખુ કૃષ્ણાશ્રય, વિવેકધૈર્યાશ્રયનો જે અંતિમ શ્લોક હતો તેના સુત્રના ભાખ્યની અંતર્ગત કહેવામાં આવ્યું છે.

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં કૃષ્ણાશ્રયસ્તોત્રં સમ્પુર્ણમ્ ।।

કાલે આપણે ''કૃષ્ણાશ્રય'' કર્યું. કૃષ્ણાશ્રયમાં જે ખાસ ઉલ્લેખનીય વાત હતી તે આપણે જોઈ કે ''અજામિલાદી દોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ'' થી લઈ ને ''શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્'' સુધી. જે સાતથી દશમાં શ્લોક સુધીના ચાર શ્લોક છે. તેમાં કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ભકિતમાર્ગ અને પ્રપત્તિમાર્ગની દૃષ્ટિથી આપણે એ વાત જોઈ કે કૃષ્ણાશ્રય આપણને કેટલો સહાયક થશે ? પછી ભલે આ માર્ગ આપણાથી નભતો હોય કે ન નભતો હોય, જે નવમો શ્લોક હતો તેમાં આપણે એ પણ જોયું કે ''વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગર્તિમમ'' વિવેક, ધૈર્ય, ભકિત આ બધાથી રહીત હવે જુઓ આપણે ''વિવેક ધૈર્યાશ્રય'' જોઈ ગયા, ત્યાંથી આશ્રયને શ્રીમહાપ્રભુજી છોડી રહ્યા છે અને એક નવુ સંધાન (કોમ્બીનેશન) બનાવી રહ્યા છે.

વિવેક, ધૈર્ય, ભકિત વગેરેથી પણ રહિત છે અને સાથે પાપમાં આસકત પણ છે એવી પરિસ્થિતિ પણ હોઈ શકે કે વિવેક, ધૈર્ય, ભકિત વગેરેથી રહિત હોય, પરંતુ પાપાસકતસ્ય ન હોય. પરંતુ ''**નહીં મગ્ન શ્ચેત્ પાતાલં વિશેત્**'' તો

તે પાતાળમાં પણ નિવેષ્ટ હોય કે પાપાસકત પણ હોય, તો પાપાસકત પણ છે તો છે પણ ''કૃષ્ણએવ ગતિર્મમ'' આ વાત આપણે ખાસ ધ્યાનમાં રાખવાની છે. કારણકે વિવેકધૈર્યાશ્રયમાં કહ્યું હતું ''ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ ચાતિક્રમે કૃતે, અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ'' ''કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ'' એ બધા સંદર્ભનાં અંતર્ગત શ્રીમહાપ્રભુજીએ અહીં કૃષ્ણાશ્રયમાં ફરીથી તે પ્રશ્ન ઉઠાવ્યો કે ''વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગર્તિમમ'' હજુ પણ મારે કૃષ્ણાશ્રય છોડવો નથી.

હવે આ વાતને ધ્યાનથી જુઓ કે આ ખૂબ જ નાજુક (ડેલીકેટ) મુદ્દો છે અને જેમ કે વિશ્વકર્મામાં ચર્ચા સભા થઈ હતી. ત્યાં પણ આ જ પ્રશ્ન ઉઠયો હતો અને ત્યારે મેં આ જ પુછયું હતું કે શું શ્રીમહાપ્રભુજીના જે વિધિ-નિષેધ છે, તેનું ઉલ્લંઘન તેની ઉપેક્ષા કરીને પણ આપણે ભગવદ્ સેવા કરી શકીએ તો શું ઉદ્ધાર થશે ?

તે વખતે હરિરાયજી (જામનગરવાળા)એ ગીતાજીનો સંદર્ભ આપીને એક વાત કહી કે **''અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્, સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ''** (ગીતા. ૯-૩૦) ભલે કોઈ સુદુરાચારી હોય પરંતુ તે ભજન કરી રહયો છે તો તેને સાધુ જ માનો. પરંતુ જુઓ આ એક મુંઝવણ (કન્ફયુઝન) છે. તે બિચારા હરિરાયજીને જ છે તેવું નથી. ઘણી બધી આપણા માર્ગમાં આ પ્રકારની મુંઝવણ ફેલાયેલી છે. જેમાં હરિરાયજી (જામનગરવાળા) ફકત મહત્ શિકાર છે.

બે વાત આપણે ચોકસાઈથી સમજવી પડશે કે વિવેક, ધૈર્ય ભક્ત્યાદિ રહિતને કૃષ્ણાશ્રય જે છે તે સાધક બની શકે પરંતુ વિવેક, ધૈર્ય, ભક્ત્યાદિ રહિતને કૃષ્ણાશ્રય સાધક થશે એનો કયારેય પણ એવો અર્થ ન સમજી લેતા કે જે કૃષ્ણાશ્રિત છે તેને વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિત હોવું સાધક થશે. બે વાત સમજમાં આવી ?

એ જ પ્રકારે સુદુરાચારી છે, તે પણ જો ભગવાનની ભક્તિ કરી રહ્યો છે

તો તેને ધર્માત્મા માનો આ જે ભગવાન કહી રહ્યા છે, તો ત્યાં એ નથી કહી રહ્યા કે જે ધર્માત્મા છે તેને સુદુરાચાર કરવાની છૂટ છે. ત્યાં એ વાત કહી રહ્યા છે કે જે દુરાચારી છે તેને પણ ભક્તિ કરવાની છૂટ છે, પરંતુ જે ભકત છે તેને દુરાચાર કરવાની છૂટ ત્યાં આપવા નથી ઈચ્છી રહ્યા. આપણે તેનો ઉલટો અર્થ કરીએ છીએ. આ પ્રકારે કે આપણે જો ભકત છીએ તો આપણને દુરાચાર કરવાની પણ છૂટ છે. ભકત છે તેને દુરાચાર કરવાની છૂટની વાત ત્યાં નથી. ત્યા જે દુરાચારી છે તેને પણ ભકિત કરવાની છૂટ છે એ વાત કહી છે.

હવે આનો કોઈ આટલો ઉલટો અર્થ કરે કે ભકતને દુરાચાર કરવાની છૂટ છે. તો સમજો કે નાનપણથી આદત બગડેલી હોય, ભણવાની આદત ન હોય અને છોકરીઓની સાથે ફરવાની આદત હોય, તો પણ કોઈ માં-બાપ તેને કોલેજમાં દાખલ તો કરે કે ન કરે ? તો કોલેજમાં દાખલ કરે તેથી કોલેજમાં છોકરીઓની સાથે ફરવાની છૂટ છે એવું સમજી લેવું ? એ તો પોતાની ખરાબ ટેવને કોલેજની સાથે જોડવાની (કનેકટ) વાત છે. વાત સમજમાં આવી કે નહીં?

આ વાત તો સમજમાં આવી શકે કે નહીં ? કે બિમાર છે તેને હોસ્પિટલમાં દાખલ થવાની છૂટ છે, કોઈ તેને એમ સમજે કે સારું - સારું હવે સમજયા કે બિમારને હોસ્પિટલમાં દાખલ થવાની છૂટ છે તેથી હોસ્પિટલમાં બિમારી ફેલાવવાની છૂટ છે. એવું તમને કોણે કહ્યુ ? બિમારને હોસ્પિટલમાં દાખલ થવાની છૂટ છે તેનો મતલબ હોસ્પિટલમાં બિમારી ફેલાવવાની છૂટ નથી.

એ જ પ્રકારે વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતને કૃષ્ણાશ્રયની છૂટ છે, પણ એનાથી કૃષ્ણાશ્રિતને વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિત થવાની છૂટ નથી. આ જે કર્મનો પ્રસંગ તમે વિચારી રહ્યા હતા. તેમાં જો બસ થોડોક આટલો વિવેક જોશોને તો બધી વાત સમજમાં આવશે કે કોને શું છૂટ છે ?

સમજો કે જેમ આપણને છોકરીની સાથે ફરવાની આદત છે તો કોલેજમાં નહીં ભાણીએ તો બે નુકસાન થશે. એક તો ફરવાનું નુકસાન અને

કોલેજમાં ભણ્યા નહીં, તેથી મૂર્ખ રહી ગયા તેનું નુકસાન. કદાચ કોલેજમાં ભણવાથી થોડી અભ્યાસમાં રુચિ થાય, થોડી અક્કલ સુધરે તો આ બધી ક્ષુદ્રતાઓ આપમેળે છૂટી જાશે. પરંતુ આપણે તેના માટે એવુ વિચારીએ કે આ છૂટ તો આપણે છોકરીની સાથે ફરી રહ્યા હતા તો કોલેજમાં છૂટ મળી, તો કોલેજમાં છોકરી સાથે આંખ લડાવે તો કોલેજ તેની છૂટ આપશે તો બે નુકસાન થશે. કોલેજ પણ બગડી ગઈ અને તમે તો બગડેલા હતા તે બગડેલા જ રહ્યા, સુધર્યા જ નહીં.

એવી રીતે આપણી જે કમજોરી છે તે કમજોરીને આપણે સાથે રાખતા રાખતા પણ ભગવદ્ આશ્રિત થયા તો આપણી કમજોરી ઉપર કાબુ મેળવી શકશું. તેથી ભગવાને ગીતામાં આજ્ઞા કરી કે **''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ, કૌન્તેય! પ્રતિજાનીહિ ન મે ભકતઃ પ્રણશ્યતિ''** (ગીતા. **૯।૩૧)** તમે ભગવદ્ આશ્રિત થઈ જાવ. તમારી તકલીફ દૂર થઈ જાશે. તમે દુરાચારીને બદલે ધર્માત્મા થઈ જશો. આપણે તેનો અર્થ એ સમજીએ કે ઠીક દુરાચારીને ભકિત કરવાની છૂટ છે, તેથી ભકતને દુરાચાર કરવાની છૂટ છે. તો તે ગડબડ થઈ ગઈ ને !

કારણ કે ત્યારે તમારો રોગ તમે ભકિતને પણ લગાવી રહ્યા છો. એટલે કે જે દવા તમને તમારા રોગથી સારા કરવાવાળી છે, તે દવાને પણ તમે પ્રદૂષિત કરી રહ્યા છો. જે દવાથી તમે સાજા થઈ શકો છો, તમારા શરીરનું જે પ્રદૂષણ છે તેને જે દવા દૂર કરી શકે છે, તે દવાને આપણા રોગથી પ્રદૂષિત કરવી તે વાતને કોઈપણ હોસ્પિટલ કયારેય પણ સ્વીકાર નહીં કરે, મંજુર નહીં કરી શકે. જેમ કે આ વાતને કોઈ કોલેજ પણ મંજુર નહીં કરી શકે.

એજ પ્રકારે આ વાતને સંપ્રદાય પરવાનગી નહીં આપે. કારણકે ભગવાન વિવેકધૈર્ય ભક્ત્યાદિ રહિતનો પણ આશ્રય બને છે, તેથી ભગવદાશ્રિત જે છે તેને વિવેકધૈર્ય ભક્તિની કોઈ ભાવના મનમાં ન રાખવી, શ્રધ્ધા ન રાખવી. વિવેકધૈર્ય ભક્ત્યાદિના વિકાસ માટે કોઈએ એ પ્રકારનો વિશ્વાસ ન રાખવો. તે પ્રકારના સાધનોમાં નિષ્ઠા ન રાખવી કે જે સાધનથી વિવેક ધૈર્ય ભકિતનો વિકાસ

થાય. આ વાતની છૂટ આપવાથી શું લફડો થશે ? કે જે આપણા દોષ છે, તે દોષથી આપણે આપણા સંપ્રદાયને પ્રદૂષિત કરી રહ્યા છીએ. તો એક મારો દોષ છે, તે મારો દોષ છે. જેમ કે મેં તે દિવસે કહ્યું કે આ સહજ સંભાવના હોઈ શકે કે આપણે સિદ્ધાન્તની ચર્ચા કરી રહ્યા છીએ તો આપણને અહંકાર થઈ ગયો. એ મારો દોષ છે. એકવાર નહીં, ચાલો એક હજાર વાર મંજુર. પરંતુ આ મારા દોષથી સંપ્રદાયમાં બધાને જો હું એમ કહું કે એટલા માટે બધા અહંકારી થઈ જાવ. બધાએ અહંકાર રાખવો જ જોઈએ તો સંપ્રદાયમાં દોષ ફેલાઈ રહ્યો છે, એમ હું કહેવા નથી માંગતો.

જેમ કે હવે કોઈને એવુ લાગતું હોય કે સંપ્રદાયના બધા સિદ્ધાન્ત બતાવીને હું આ દોષ ફેલાવી રહ્યો છું. બધા અહંકારી થઈ ગયા, થતા હશે. તો જેમ મારો દોષ છે, તેમ સાંભળનારામાં પણ એવો સહજ દોષ હોઈ શકે. પરંતુ એક વાત સિદ્ધાન્તની દૃષ્ટિએ બિલકુલ સાફ સુથરી રૂપે આપણે સમજવું જોઈએ કે હું ન તો મારામાં પણ અહંકાર હોય તેને હું કોઈ ગુણ માનુ છુ, કે ન તમારા કોઈમાં અહંકાર હોય તે વાતને ગુણ માનવા તૈયાર છું.

આપણે સીધે સીધી એક વાત સમજવી જોઈએ કે જયાં પણ અપસિદ્ધાન્ત છે, ત્યાં સિદ્ધાન્ત આપણે સમજવાનો છે. શ્રીમહાપ્રભુજીના નામ ઉપર ચાલતા સંપ્રદાયમાં તે એક દોષ છે, છે અને છે. તેને કહેવા માટે જો આપણી અંદર અહંકાર આવી રહ્યો છે તો આપણામાં એક ગુણ છે અને એક દોષ છે કે આપણે સિદ્ધાન્ત કહી રહ્યા છીએ, સિદ્ધાન્ત વિચારી રહ્યા છીએ, સિદ્ધાન્તને માની રહ્યા છીએ. તે આપણામાં એક ગુણ છે અને તેને કહેવામાં, વિચારવામાં, માનવાની પ્રક્રિયામાં આપણી અંદર જો અહંકાર વધી ગયો તો તે દોષ છે.

તો તે દોષને સંપ્રદાયમાં ફેલાવવો ન જોઈએ અને તે દોષને સંપ્રદાયમાં નહીં ફેલાવવો તેનો અર્થ એવો નથી કે સિદ્ધાન્ત કહેવો ન જોઈએ, સિદ્ધાન્ત જાણવા ન જોઈએ, બધાની સામે સિદ્ધાન્તનો ખુલાસો ન કરવો જોઈએ. સિદ્ધાન્તનો ખુલાસો કરવો જોઈએ. સાથે સાથે એ પણ ખુલાસો કરવો જોઈએ કે

ભાઈ આ સિદ્ધાન્તને કહેવામાં, સાંભળવામાં અને જાણવામાં અને ચર્ચા કરવામાં જે કાંઈપણ દોષ આપણામાં ઉત્પન્ન થતા હોય, તે દોષો ઉપર પણ કાબુ મેળવવો જોઈએ.

તો આ વાત ધ્યાનથી સમજો કે આપણે તે વાતને પ્રોત્સાહન આપીએ તો આપણા રોગને આપણે સંપ્રદાયમાં ફેલાવી રહ્યા છીએ. તો વ્યકિતનો જે રોગ છે, જેમ કે એક વ્યકિત રોગી હોય, તે હોસ્પિટલમાં સાજો થઈ શકે છે, પરંતુ તેનાથી હોસ્પિટલમાં આપણા રોગનો ચેપ બધાને લગાવી, લગાવીને રોગી બનાવવા ? હવે સમજો કે મને કોઈ પ્લેગ જેવો અથવા એઈડસ જેવો ચેપી રોગ થઈ ગયો, તે થઈ ગયો. તો હોસ્પિટલ મારી સંભાળ લેશે અને મારો રોગ ઠીક કરી દેશે. પરંતુ હવે હું એમ સમજુ કે સારું આ હોસ્પિટલ કેટલી દયાળુ છે, કે મારા જેવા પ્લેગવાળાને પણ પ્રવેશ આપ્યો. તો હવે હોસ્પિટલની નર્સને પણ તે રોગનો ચેપ લગાડુ, ડોકટરને પણ રોગનો ચેપ લગાડું. ભૂલેચૂકે મારી આજુબાજુ જો કોઈ રોગી આવીને સુતો તો તેને પણ તે રોગનો ચેપ લગાડુ. ભઈ હોસ્પિટલને બિમાર કરવાની છૂટ તમને કોણ આપી રહ્યું છે ? હોસ્પિટલમાં બિમારને સાજા કરવાની છૂટ આપવામાં આવી રહી છે. તેથી કાંઈ રોગી થી હોસ્પિટલને બિમાર કરવાની છૂટ કયારેય પણ ન આપી શકાય.

એવી જ રીતે આપણા જે કાંઈ વ્યકિતગત દોષ છે તેને માની ને પણ કૃષ્ણાશ્રયની છૂટ આપવામાં આવી રહી છે. જે કૃષ્ણાશ્રિત છે, તેને વિવેક ધૈર્ય ભકૃત્યાદિ રહિત થવાની છૂટ નથી આપી. આવો ખોટો અર્થ નહીં સમજતા. આ પ્રકારે અર્થ સમજશો તો આખી વાત સમજમાં આવશે. તો આગળનો ગ્રંથ ચાલશે. નહીંતર તો આગળનો ગ્રંથ અટકી જાશે. તો આ મૂળવાતને સમજો.

॥ ચતુઃશ્લોકી ॥

ભૂમિકા :-

જો આપણે આ વાત સારી રીતે સમજી ગયા કે કૃષ્ણાશ્રિતને વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિત થવાની છૂટ આપવામાં નથી આવી. તો ચતુઃશ્લોકી હવે આનંદથી ચાલી શકે છે. કારણકે ચતુઃશ્લોકી શું કહેવા માંગે છે ? ધ્યાનથી સમજો. તે દિવસે કલ્પનાબેનના ઘરે મેં જે તમને સમજાવ્યું હતું કે અહંતા, મમતાના બે જે વર્તુળ છે તેમાં આપણે ભક્તિના કોઈ એક ચતુષ્કોણને દાખલ કરી રહ્યા છીએ અને તે ચતુષ્કોણને દાખલ કર્યા પછી એટલો નાનો નથી રહેવા દેવાનો તેને ધીરે ધીરે વિસ્તૃત કરતો જવાનો છે. વિસ્તૃત નથી કરી શકતા તે આપણી કમજોરી કે નબળાઈ છે.

તો ''વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ'' થઈ જશે. પરંતુ આપણે તેને વિસ્તૃત કરવા નથી માંગતા. તેને આપણે વિસ્તૃત થવા દેવા નથી માંગતા. એ આપણી કમજોરી નથી. કાંઈકને કાંઈક વ્યવસ્થાની કમજોરી છે. ખ્યાલમાં આવ્યુંને ? કારણ કે જયારે આપણે વિસ્તૃત થવા દેવા માંગતા નથી, તો એવી વ્યકિતએ સંપ્રદાયમાં આવવું ન જોઈએ. એવી વ્યકિતને ભકિતમાર્ગમાં દીક્ષા ન આપવી જોઈએ. એવી વ્યકિતનો ભક્તિમાર્ગીય તરીકે સ્વીકાર ન કરવો જોઈએ.

જે કંઠતયા મોઢેથી આ વાત જાહેર કરી રહ્યા છે કે ભાઈ અમે તો વિવેકધૈર્ય ભક્ત્યાદિ રહિત જ રહેશું. અમારે વિવેક કે ધૈર્યની કે ભક્તિની કોઈ પણ પરવા નથી, કારણકે અમે તો કૃષ્ણાશ્રિત છીએ. મતલબ આમાં લફડો છે. આ શ્રીમહાપ્રભુજી કહેવા નથી માંગતા. એ તો આપણે ખોટો ઉપયોગ કરીને તેમાંથી એક છટકબારી શોધી લીધી છે. ત્યાં આવીને દિવ્ય સિદ્ધાન્તનો દુરપયોગ કરવા માટે આપણે એક દ્વેષપૂર્ણ, માર્ગની સાથે સિદ્ધાન્તની સાથે છટકવાની એક બારી શોધી લીધી છે.

આ બન્ને વાતના ભેદને બરાબર ધ્યાનથી સમજશો તો જુઓ કેટલી

ખૂબસૂરત વાત ચતુઃશ્લોકીમાં આવી રહી છે. કે જે વિવેકધૈર્ય ભક્ત્યાદિ રહિત છે, છે તો છે. પરંતુ કૃષ્ણમાં અનન્ય આશ્રિત છે, તો જેમ મેં કાલે તમને હરિવંશરાય બચ્ચનની કવિતા બતાવી હતી **''ઇન ચિકને તાજે નયે હરે પત્તો કે સાયે મેં, સુમને ફિર નયા પ્યાર હો સકતા હૈ. હરદંત સમય કા જો લગતા માનો વિષદંત નહીં હોતા''** એટલે કે દાંત ઉગવામાં જે સમય લાગે છે. તેમાં બાળકને કેટલી તકલીફ થાય છે ? તે બાળકને ઝાડા થઇ જાય, તાવ આવી જાય, પચ્ચીસ જાતની તકલીફ થાય. જાડો સારો તંદુરસ્ત બાળક કયારેક દૂબળો-પાતળો થઇ જાય. થાય તો થાય, પરંતુ સમયસર જે દાંત આપણને આવી રહ્યો છે. વિષદંતની જેમ લાગી રહ્યો છે.

પરંતુ **''હરદંત સમયકા જો લગતા, માનો વિષદંત નહીં હોતા, દુઃખ માનવ કે મનકે ઉપર સબ દિન બલવંત નહીં હોતા આહે ઉઠતી''** આપણને દુઃખ થશે કે ભઇ અમે વિવેક ધૈર્ય ભક્ત્યાદિરહિત છીએ. **''આંસુ ઝરતે''** તેનું રડવું આવવું જોઇએ કે આ માર્ગમાં આવ્યા છતાં પણ અમે વિવેકધૈર્ય ભક્ત્યાદિ રહિત છીએ. **''સપને પીલે પડતે''** પરંતુ આપણે કંઇક નિરાશ પણ થઇ જાશુ કે શું કરીએ ? ભકિતમાર્ગમાં આવી તો ગયા. ભકિતની વાત તો દૂર રહી, પણ અમને વિવેક ધૈર્ય પણ પ્રાપ્ત નથી થઇ રહ્યા. **''પર જીવનમે પતજડ આને સે જીવનકા અંત નહીં હોતા''** એવી પાનખર તો આવતી જતી રહેશે. તેનાથી જીવનનો અંત નથી થતો.

એવી જે તમારી ''કૃષ્ણ એવ ગતિર્મમ''ની નિષ્ઠા જો તમારી સુદઢ છે, તો પછી એક નવી વસંત તમારા જીવનમાં ખીલી ઉઠશે અને તે વસંત કેવી હશે ? તે વસંતનું વર્ણન શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકીમાં કરી રહ્યા છે. સંક્ષેપમાં ચતુઃશ્લોકી આપણને એ બતાવવા માંગે છે કે જે ખરેખર કૃષ્ણાશ્રિત છે, આમ કૌભાંડકારી રીતે નહીં. ખરેખર જે કૃષ્ણાશ્રિત છે, તેમાં એ ગર્વ એક દિવસ ખીલી ઉઠશે કે તેને પોતાનો ધર્મ પણ કૃષ્ણના સંદર્ભમાં સમજમાં આવશે, તેનો અર્થ પણ કૃષ્ણના સંદર્ભમાં સમજમાં આવશે, તેનો કામ પણ કૃષ્ણના સંદર્ભમાં સમજમાં આવશે, પોતાનો મોક્ષ પણ તેને કૃષ્ણના સંબંધથી જ સમજમાં

આવશે.

જે ધર્મ કૃષ્ણ સાથે સબંધિત નથી, તે તેને પોતાનો ધર્મ નહીં લાગે. જે અર્થ કૃષ્ણ સાથે જોડાયેલ નથી, તે તેને અર્થ નહીં લાગે. પોતાના હૃદયની જે કામનાઓ છે, તે કૃષ્ણથી સબંધિત નથી, તેને કામના નહીં સમજે. જે મુકિત કૃષ્ણ સાથે સબંધિત નથી, તે મુકિતને તે મુક્તિ તરીકે સ્વિકાર નહીં કરી શકે.

જુઓ બાલબોધમાં છોડેલા ધર્મ, અર્થ, કામ, મોક્ષ રૂપી ચાર પુરુષાર્થના જે મુદ્દા હતા, તે અહીંયા ફરી પાછા ઉભરી આવ્યા, પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં. આટલીવાર તેને જેમ કેલ્કયુલેટરમાં આપણે જમા કરીએ કે ઉમેરીને મેમરીમાં નાખી દઈએ અને ફરી પાછુ જયારે બીજા આંકડાથી ઉમેરવું કે બાદ કરવું હોય તો મેમરીને ખોલીને પછી તે આંકડાને આપણે લાવીએ એ જ રીતે બાલબોધમાં જે છોડેલા ધર્મ, અર્થ, કામ, મોક્ષ મેમરીમાં નાખીને અહીં શ્રીમહાપ્રભુજી કેલ્કયુલેટરની પદ્ધતિથી તેને ફરી બહાર લાવી રહ્યા છે, કે સારું હવે જમા પાસુ જુઓ કેવું થઈ રહ્યું છે તે શ્રીમહાપ્રભુજી આમા બતાવી રહ્યા છે.

જો કૃષ્ણાશ્રિત તમે થઈ ગયા તો પછી ચિંતાની કોઈ વાત નથી. કારણકે ‘‘કૃષ્ણાશ્રયમ્ ઈદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ, તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોડબ્રવીત્’’–‘‘**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ, કૌન્તેય! પ્રતિજાનીહિ ન મે ભકતઃ પ્રણશ્યતિ (ગીતા.૯।૩૧)**’’ભગવાને અર્જુનને આ વાત કહી દીધી કે મેં શું પ્રતિજ્ઞા લીધી ? મારા વતી તુ જઈને બધાને શપથ લઈને કહી દે કે જે ભગવાનનો ભકત છે તેનો કયારેય વિનાશ નહીં થાય. ભગવાનનો ભકત સાચો હોવો જોઈએ. ભકિતના નામે નાટક કરવાવાળો, ભકિતના નામે આમ ખોખલા પણું કે દંભ કરવાવાળા માટે ભગવાન કોઈ બાંહેધરી નથી આપી રહ્યા. આ વાત ધ્યાનથી સમજો. તો એ જ વાત શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકીમાં ફરીથી ઉઠાવી રહ્યા છે.

પુષ્ટિમાર્ગે હરેર્ દાસ્યં, ધર્મડર્થો હરિરેવ હિ ।।
કામો હરિદિદક્ષૈવ, મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।

પુષ્ટિમાર્ગમાં જે કાંઈપણ તમારા ધર્મ છે તે એવા ધર્મ છે કે જે ધર્મથી

તમે હરિનું દાસત્વ નિભાવી શકો તે બધા ધર્મ છે. જે ધર્મ કરવાથી તમારું હરિ પ્રત્યેનું દાસત્વ ખંડિત થઈ રહ્યું છે તે તમારું કર્તવ્ય, તે તમારી ફરજ પુષ્ટિમાર્ગમાં ધર્મ ન હોઈ શકે. આ વાત કૃષ્ણાશ્રિતને કહેવામાં આવી રહી છે હો ! બધાને કહેવામાં આવતી વાત નથી. આ વાતને ફરીથી ધ્યાનથી સમજજો. જેનો કૃષ્ણાશ્રય હજુ ડગમગી રહ્યો છે, તેને આ વાત બિલકુલ ન સમજાય તેવી ભાષા લાગશે કે ભાઈ શું બોલી રહ્યા છો ? આવું કેમ હોઈ શકે ? આપણને પણ ચિંતા થઈ જશે.

આ કઈ પ્રકારની સંકુચિતતા (સંકિર્ણતા) ઉત્પન્ન કરી દીધી કે કૃષ્ણના દાસના સિવાય કોઈ ધર્મ જ નથી. તો શું અમે ખાઈએ નહીં, કે પીઈએ નહીં ? કે અમારા મા-બાપનું પાલન-પોષણ ન કરીએ ? કે અમારા છોકરાઓને ભણવા માટે શાળાએ મોકલીએ નહીં ? અરે ભાઈ એ બધા જ તમારા જે ધર્મ છે, તે ધ્યાનથી સમજો કે તે બધા ધર્મો કૃષ્ણના દાસત્વની અભિવ્યકિતના રૂપમાં પ્રગટ થશે. તમારા પોતાના અહંકારથી પ્રકટ નહીં થાય કે હું બાપ છું અને મારે મારા છોકરાઓનું પાલન-પોષણ તો કરવાનું જ છે.

હું પતિ છું તો મારી પત્નીને તો મારે નિભાવવાની જ છે. હું પત્ની છું તો મારા પતિની સેવા મારે કરવાની જ છે અરે ! બધું કરવાનું છે, પરંતુ પેલો જે ચતુષ્કોણ છે તે હવે એટલો વિસ્તૃત થઈ ગયો, એટલો મોટો થઈ ગયો કે તે ચતુષ્કોણની બધી તમારી અહંતા-મમતા કેન્સલ નથી થઈ રહી, પરંતુ તે ભકિતના ચતુષ્કોણનો પાર્ટ-ભાગ બની રહી છે.

તમારી અહંતા-મમતા સાથે જોડાયેલી બધી વસ્તુઓ ભૂંસી નથી નાખતા, ભૂંસવામાં નથી આવી રહી. પરંતુ તે તમે પોતાની ભકિતનો જે ચતુષ્કોણ છે તેને પોતાના કૃષ્ણાશ્રયના દમખમથી એટલો સારી રીતે વિસ્તૃત કરી લીધો. ‘‘તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણં’’ તે કૃષ્ણાશ્રયના દમખમથી તમે તમારો ભકિતનો જે ચતુષ્કોણ હતો તેને એટલો વિસ્તૃત કર્યો કે હવે તમારી બધી અહંતા-મમતા ધર્મ પુરુષાર્થની, અર્થ પુરુષાર્થની, કામ પુરુષાર્થની, મોક્ષ પુરુષાર્થની તમારી ભકિતનો એક ભાગ થઈ ગઈ. તો હવે એક વાત ધ્યાનથી

સમજો કે તે વાતેને લઈને શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, જેને કૃષ્ણાશ્રય ડામાડોલ છે અને જેને ભકિતની કોઈ સમજ નથી, ભકિત જેને પ્રાપ્ત જ નથી કરવી તેને કહી રહ્યા નથી.

મને એક વખત એક પરિવારમાં એવો કડવો અનુભવ થયો, કે હું લગભગ તે પરિવારમાં જતો હતો. તેઓએ મને કહ્યું કે મહારાજ ! છોકરાઓ બધા અંગ્રેજીમાં ભણે, કોઈ આપણા ધર્મમાં માનતા નથી. આપ તેઓને કાંઈક સમજાવો. હવે હું પોતે પરેશાન હતો કે તે પરિવારમાં સમજવાવાળા કોણ હશે ? મને પણ શંકા હતી. મેં કહ્યું કયારેક સમજાવીશ થોડા દિવસ પછી ન જાણે શું ચક્કર થયું, મને પણ ખબર નથી. હું તેનો જવાબદાર નથી. કારણકે મેં તેમાં કોઈપણ પ્રકારની શરૂઆત કરી નહોતી. ખાલી તેમની ફરિયાદ સાંભળતો રહ્યો.

થોડા દિવસો પછી એવું ચક્કર થયું કે તે ઘરના છોકરાને આપ મેળે જ ન જાણે કેમ ? શ્રીઠાકોરજીની સેવાની ખૂબ જ રુચિ થવા લાગી. તો પછી એક વખત તે ઘરમાં મારે જવાનું થયું. તો છોકરાના બાપે મને કહ્યું કે મહારાજ ! આ છોકરાને સમજાવોને, સેવા જ કરતો રહે છે. કાંઈ કામકાજ નથી કરતો. અત્યારથી સેવા કરશે તો પછી મારો ધંધો કોણ સંભાળશે ? મેં કહ્યું સારું થયું ને ! આને મેં નથી સમજાવ્યો. નહીંતર તો મારા ઉપર જ આરોપ આવત. તે દિવસે મેં પોતાને ખૂબ શાબાશી આપી, કે ખૂબ જ સમજદારીવાળુ કામ કર્યુ કે આ ઘરમાં મેં કોઈ જાતનો ઉપદ્રવ નથી ફેલાવ્યો. કારણકે પહેલા તેઓ એ વાત કહેતા હતા અને પછીથી આ વાત. માણસ શું છે ? ચર્ષાણી છે. આ ચર્ષાણીનો સ્વભાવ છે એ સમજી જાવ.

અમારા દાદાજીએ એક વખત મને એક આવી ખૂબ જ મજેદાર ઘટના બતાવી. કોઈ એક ધનિક પરિવારમાં બિચારા દાદાજીને પધારવાનું થતું હતું અને તે ડોસો ઘણો વૃદ્ધ થઈ ગયો હતો. પોતે જ ઓફિસમાં જતો અને છોકરાને બધી ચાવી ન આપે અને ન તો સહી (સીગ્નેચર) કરવાનો અધિકાર આપે. બધો વ્યાપારનો નિર્ણય તે ડોસો પોતે લેતો હતો. તેનો છોકરો પણ કાંઈક પચાસ-સાંઠ વરસનો અને તેનો પિતા હતો. સીતેર-એંશીનો, ચોક્કસ ઉંમર મને યાદ નથી.

તો છોકરાએ દાદાજીને પુછયું, ગુરુજી ! આ ડોકરો કયારે મરશે ? એ તો કોઈક દિવસ આપ કુંડલી જોઇને બતાવો ! ખબર નથી દાદાજીએ કુંડલી જોઈકે નહોતી જોઈ. એક દિવસ તે ડોકરો મરી ગયો. તો દાદાજી તેઓને ત્યાં ખરખરો કરવા ગયા કે ભાઈ તારા પિતાજી મરી ગયા. તો તે દિવસે તે છોકરો રડી રહ્યો હતો, કે ગુરુજી મારા માથાનું છત્ર ચાલ્યું ગયું. દાદાજીએ પાછા આવીને પોતાની ડાયરીમાં તેનું નામ ‘‘ગુરુ’’ના સંદર્ભમાં લખી નાખ્યું કે આ મારો પણ ગુરુ છે.

પહેલા તો પોતે જ કહેતો હતો કે, કુંડલી જોઈને કહો કે ડોકરો કયારે મરશે ? પણ ચાલ્યો ગયો તો મને બેવકુફ બનાવે. ભાઈ ગામને બેવકુફ બનાવે તો સારી વાત છે, વ્યાવહારિક વાત છે. પણ મને જ તેણે કહ્યું હતું કે કુંડલી જોઈ આપો કે ડોકરો કયારે ઢળી જશે ? મારા હાથમાં કાંઈ ધંધો સોંપતા નથી. તો મારી જ સામે આવું નાટક કરે કે ગુરુજી મારા તો માથાનું છત્ર ચાલ્યું ગયું. તો પાછા ફરીને ડાયરીમાં તેનું નામ ‘‘ગુરુ’’ લખી નાખ્યું કે આ ગુરુ છે. લગભગ ગુરુ આવા ચર્ષણી પ્રકાર જેવા જ હોય.

તો આ વાત સમજો ચર્ષણી હોય, તો તો પછી મુશ્કેલ વાત છે. બાકી ચર્ષણી ન હોય તો વાત સારી રીતે ઠેકાણે પડી જાય કે તે પોતાના બધા પુરુષાર્થને પોતાની ભકિતથી જોડીને જોવાની આવડત કે એક આંતર દૃષ્ટિ તેમાં ઉત્પન્ન થઈ જાશે કે ધર્મ પણ કરીશ તો એવા પ્રકારે કે જે ભગવદ્ સેવાનું અંગ બને. અર્થોપાર્જન પણ કરીશ તો એવા પ્રકારે કે જે ભગવદ્ સેવાનું અંગ બની જાય. મારી બધી જે ઈચ્છાઓ છે તે પૂર્ણ કરીશ, તો એવા પ્રકારે કે જે ભગવદ્ વિષયણી મારી ઈચ્છાઓ છે તે ઈચ્છાઓની આ ઈચ્છા પાર્ટ-ભાગ બની જાય અને મારી મુકિત પણ છે, તો તે મુકિત એવી હશે કે જેમાં મારાથી સંપૂર્ણ રીતે ભગવદ્ ભજન-સ્મરણ બરાબર નભી શકશે.

॥ ચતુઃશ્લોકી ॥

''ઇન ચિકને તાજે હરે નયે પતો કે સાંચે મેં, સુમને ફિર નયા પ્યાર હો સકતા હૈ'' આવા મૂડથી શ્રીમહાપ્રભુજી અહીં દાખલ કરી રહ્યા છે કે **(પુષ્ટિભકિતમાર્ગીયધર્મપુરુષાર્થસ્વરૂપનિરૂપણમ્)**–પુષ્ટિભકિતમાર્ગીય ધર્મપુરુષાર્થના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ॥
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન ॥ ૧ ॥

સર્વદા સર્વભાવથી વ્રજાધિપનું ભજન અહીંયા આપણો ધર્મ છે. અન્ય કોઈપણ ધર્મ કયારેય પણ નથી. હવે જુઓ કે આ જયારે આપણે આપણા ધર્મને કે જે આપણી ભકિત છે. તેનો જે ચતુષ્કોણ છે તેને એટલો વિસ્તૃત (એન્લાર્જ) કર્યો છે. ત્યારે આ બધા ક્ષુદ્ર સવાલ એની મેળે જ ઉત્પન્ન નહીં થાય, કે અમારે તો ફકત આખો દિવસ સેવા જ કરવી ? બીજું કાંઇ કરવાનું જ નહીં શું ? અરે ! તમે ભુલ કરી રહ્યા છો જે કાંઈપણ કરી રહ્યા છો તે સેવાના ભાગ રૂપે હશે. સેવાથી જુદુ અથવા સ્વતંત્ર (ઈન્ડીપેન્ડલી) નહીં હોય.

જે કાંઈપણ તમે કરી રહ્યા છો એટલે કે શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી આજ્ઞા કરે છે કે ભકત જો ઉંઘ કરી રહ્યો છે, તો સેવા છે. નિંદ્રા તો બિલકુલ મૃત્યુવત્ માની ગઈ છે, નિંદ્રા મતલબ અર્ધુ મરણ છે. પરંતુ શ્રીમહાપ્રભુજી કહે કે ભગવત્ સેવક છે અને સૂઈ રહ્યો છે તો તે સૂઈને બીજા દિવસની સેવા કરવા માટે કાંઈક ફ્રેશ–સ્વસ્થ થઈ જશે તો ભગવત્ સેવક સૂઈ રહ્યો છે તો પણ સેવા છે.

આ તો ખૂબ જ મોટી કલ્પના છે. પણ એકદમ વલ્ગર કે હીન કલ્પનાને પણ શ્રીમહાપ્રભુજીએ ''પાયોર્ મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્'' ના સ્તર સુધી બોલીને બતાવ્યું છે કે ચિંતાની કોઈ વાત નથી. તમારા જે કાંઈ કાર્ય છે તે બધા ભગવદ્ સેવાના ભાગ બની શકે છે. તે મોટા વિશાળ ચતુષ્કોણમાં જોશોને તો આવા ક્ષુદ્ર પ્રશ્ન ઉત્પન્ન જ નહીં થાય કે શું અમારે આખો દિવસ ભગવદ્ સેવા જ કરવાની ? બીજું કાંઇ કરવાનું જ નહીં ? એ જ અમારો ધર્મ છે ? બીજો

કોઈ ધર્મ જ નથી ? આ શું આપણને એક પ્રકારનો કુદરતી અણગમાનો મનોભાવ સામે આવે છે.

“સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન” સાંભળતા જ આપણી અંદર રહેલો જે સંસાર આસકત જીવ છે તે ખળભળી જાય, ગભરાઈ જાય કે આખરે શું કહેવા માંગે છે ? કે આખો દિવસ સેવા કરવી અને બીજું કાંઈ કામ જ નહીં કરવાનું. અરે ભાઈ ! એવી વાત નથી. તમે પોતાના જીવનની ભકિતનો જે ચતુષ્કોણ છે, તે એટલો વિસ્તૃત કરી દીધો કે તમારા જીવનનો કોઈપણ પ્રસંગ, તમારા જીવનની કોઈપણ પ્રવૃત્તિ તમારા ભજનનો ભાગ ન હોય એવું નથી રહેતું. આ અર્થને સમજશોને તો વાત બિલકુલ સાફ સાફ સમજમાં આવશે અને આ અર્થને સમજશો તો ‘સર્વદા’નો અર્થ સમજમાં આવશે કે જે કાંઈ પણ કરી રહ્યા છો તે સર્વદા, નહીંતર સર્વદા સેવાની રીત ખોલીને જોઈ લ્યો નહીં થઈ શકે. કારણકે સેવામાં પણ અનૌસર તો કરવાના જ છે. તો અનૌસર કરો તે વખતે સેવા કેવી રીતે કરી શકશો ? વધુમાં વધુ તમે શું કરશો ? સ્મરણ કરશો. સ્મરણ પણ કરી શકો તો કરશોને ? આખો દિવસ તો સ્મરણ નહીં કરી શકો. તો આપણે કોઈ દુકાન લઈને બેઠા છીએ અને તેવી સ્થિતિ તો આપણને પ્રાપ્ત નથી થવાની કે **“દધિ કે નામ બિસર ગઇ ગ્વાલીન લેહોરી ગોપાલે”**

જેમ કે નરસિંહ મહેતાએ કહ્યું છે ને આવું કાંઇક કે **“ગોવિંદ લ્યોને”** દહીં વેચવા ગઈ અને દહીંને બદલે **“ગોવિંદ લ્યો”** એવું વેંચવા લાગી. તો આટલી તન્મયતા તો નથી કે આપણે કાપડ વેંચી રહ્યા છીએ, હીંગ વેચી રહ્યા છીએ કે સુંઠ વેંચી રહ્યા છીએ અને આપણે કહીએ કે **“લ્યો ગોવિંદ લઇ લ્યો”** ચાર આનામાં. એવી તો આપણી તન્મયતા નહીં આવે ને ? તો આખરે તે તન્મયતાનો તો અહીંયા સવાલ જ નથી.

જે સવાલ છે તે મૂળભૂત રીતે એ છે કે તમે તમારી જીંદગીને એ પ્રકારથી વ્યવસ્થિત રીતે ગોઠવો કે ભકિતના ચતુષ્કોણમાં તમારી દરેક પ્રવૃત્તિ તે ભકિતનો ભાગ બની રહે. તો જયારે પાર્ટ બની રહી છે, તો જયારે કોઈપણ પ્રવૃત્તિ કરી

રહ્યા છો, તમે ખાઈ રહ્યા છો, સૂઈ રહ્યા છો, જાગી રહ્યા છો, ઉઠી રહ્યા છો તે બધું તમારી ભકિતનાં જ એક હાવભાવ (એકસપ્રેશન) થઇ જશે. તો તે અર્થમાં તમારી ભકિત-તમારું ભજન ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન'' આ અર્થમાં સમજાશે. નહીં તો સમજમાં નહીં આવે. જયારે તે ચતુષ્કોણ આપણે વિસ્તૃત ન કરી શકયા, તો આપણને આ શ્લોક વિશે ઘણો આગ્રહમો ઉત્પન્ન થઈ જશે.

લગભગ મેં એવું જોયું છે કે જયારે જયારે પણ ચતુઃશ્લોકીના પ્રવચન મેં કર્યા છે. દરેક વખતે પ્રશ્ન-જવાબ માટે આમંત્રિત કરું તો આ પ્રતિક્રિયા (રિએકશન) સૌથી પહેલા આવે કે શું કહેવા માંગે છે ? અમારે કાંઈ કરવું જ નહીં ? આ બધા પ્રશ્ન ત્યારે ઉત્પન્ન થાય કે આપણામાં ભકિત માટે કોઈ ભાવના જ નથી. કાંઈપણ ભાવના નથી, તેથી તે પ્રશ્નો ઉત્પન્ન થઈ જાય.

તો ભકિતને ધર્મ તરીકે બતાવીને અર્થ પુરુષાર્થને બતાવી રહ્યા છે. **(પુષ્ટિભકિતમાર્ગીયાર્થપુરુષાર્થસ્વરૂપનિરૂપણમ્)**-પુષ્ટિભકિતમાર્ગીય અર્થ પુરુષાર્થનું નિરૂપણ કરે છે.

એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।।
પ્રભુઃ સર્વસમર્થોહિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।। ૨ ।।

આ જ હંમેશા કર્તવ્ય છે, આમ જ હંમેશા કરતા રહો અને જે કાંઈ થવાનું છે તે તો પ્રભુ પોતે કરી જ આપશે. તમારે મનોરથી શોધવાની જરૂરત નથી. તમારે છાપામાં જાહેરાત છપાવવાની જરૂરત નથી કે અમારે છપ્પન ભોગ આરોગાવવાનો છે, જેમને મનોરથ નોંધાવવો હોય તે નોંધાવી જાવ. ફલાણા ભાઈના ટેલીફોન નંબર, ફલાણા ભાઈ આ છે. પૈસા ભરવા માટે ગામમાં ત્રણ ઠેકાણે સેન્ટર રાખ્યા છે. અરે ! પ્રભુમાં વિશ્વાસ રાખવાની જરૂરત છે. આ બધા ઉપદ્રવની જરૂર નથી. પ્રભુ પોતે જ અર્થ છે. હવે આ અર્થને પ્રાપ્ત કરીને, એટલે કે જેમ દયારામભાઈ કહે છે કે ''**પારસમણીને વાટકે ને ભટ્ટજી માંગે ભીખ**'' આવા ભિખારી વેડા શું કામ પ્રકટ કરો છો ? જયારે કૃષ્ણ જેવી નિધિ તમારા હાથમાં આવી ગઇ છે તો ?

તમારાથી જેટલી સેવા લેવી છે એટલી કોઈને કોઈ રીતે ભગવાન તમને આપશે. તો ભગવાનના નામે તમે શું કામ આ પ્રકારના ભિખારીવેડા કરી રહ્યા છો ? એટલા માટે મેં મારા ''સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત''ના પ્રવચનમાં જે ગીત ગવડાવ્યું હતું, તેમાં મે આવી એક પંકિત લખી હતી, કે **''લક્ષ્મીનાનાથ અને દેવાધિ દેવ, તોયે ભીખ વિના ભોગ ન લાગે, દેવતાઓ સબ મારી ઠેકડી ઉડાવે, મારા મનડાની લાજ ના ભાંગે, ઓ વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું.''** જેણે લક્ષ્મીજી સાથે વિવાહ કરી લીધા તે દેવને ભીખ માંગ્યા વગર મંગલભોગ ન આવતો હોય, ભિખ માંગ્યા વગર રાજભોગ ન આવતો હોય, ભિખ માંગ્યા વગર પલના ન ઝુલતા હોય, ભિખ માંગ્યા વગર ફૂલમંડલી ન આવતી હોય.

તેથી દેવતાઓ બધા મજાક ઉડાડે કે ભાઈ કેમ લક્ષ્મીજી સાથે વિવાહ કર્યા? લક્ષ્મીજી સાથે અમારા વિવાહ કેમ ન થવા દીધા ? અમે તો તમારાથી ખૂબ જ ગૌરવથી રહીએ છીએ. એક તો લક્ષ્મીજી સાથે પરણી ગયા અને બધા કામ તો તમારા ભિખારી વેડાથી જ ચાલી રહ્યા છે. તો **''દેવતાઓ સબ મારી ઠેકડી ઉડાવે, મારા મનડાની લાજ ના ભાંગે, વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું.''** તો આ વાત ધ્યાનથી સમજો.

આ શ્લોક જરૂર આપણને સમજમાં નથી આવ્યો. તેથી આ બધા લફડા પુષ્ટિમાર્ગમાં ચાલી રહ્યા છે. ''એવં સદા સ્મ કર્તવ્યં'' એટલે કે તમારું કામ ભગવદ્ ભજન કરવાનું છે અને તે ભજનોપયોગી જે કાંઈપણ તમને પ્રાપ્ત થવાનું છે તે તમને પ્રાપ્ત કરાવી દેવામાં ભિખારીવેડા વગર પ્રભુ સ્વયં સમર્થ છે. બધી પરિસ્થિતિ એવી થઈ જશે કે તમારે કોઈની પાસે માંગવાની, કોઈની સામે જાહેરાત આપવાની, કોઈને ત્યાં સમાધાની મોકલવાની, બીડા આપવાની જરૂરત નહીં પડે. ''પ્રભુઃ સર્વસમર્થોહિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્'' ટીકાના જે કાંઈપણ ગંભીર અર્થ છે તે ટીકા અનુસાર સમજશું. પણ વર્તમાન સમયના જે કાંઈ પણ ક્ષુદ્ર અર્થ છે, તેને પણ આ જ અર્થમાં આપણે સમજીશું તો બધી તકલીફ દૂર થઈ જશે. આ વાત સમજી લેવી જોઈએ.

(પુષ્ટિભકિતમાર્ગીયકામપુરુષાર્થસ્વરૂપનિરૂપણમ્)-

પુષ્ટિભકિતમાર્ગીય કામપુરુષાર્થના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે.

યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।।
તતઃ કિમ્ અપરં બ્રૂહિ લૌકિકૈર્ વૈદિકૈરપિ ।। ૩ ।।

શ્રીગોકુલાધીશને જો તમે હૃદયમાં વસાવ્યા છે તો ત્યારબાદ એવી કઈ કામના છે કે જે અસંતુષ્ટ રહી જાય ? એવી કઈ વૈદિક કે લૌકિક કામના છે, કે જે શ્રીગોકુલાધીશને હૃદયમાં વસાવ્યા પછી અસંતુષ્ટ રહી જતી હોય ? તમે પ્રભુને હૃદયમાં વસાવ્યા નથી, તેથી તમને બધી કામનાઓ ઉત્પન્ન થઈ રહી છે.

હવે જુઓ ધ્યાનથી આ વાત સમજો કે આ કામના અર્થાત્ કામ પુરુષાર્થના અંતર્ગત શ્રીમહાપ્રભુજી એ નથી કહેવા માંગતા કે તમે પુષ્ટિમાર્ગીય બની ગયા, સેવા કરી રહ્યા છો તો તમારે એમ સમજો કે દિવાળી આવી તો ઘરમાં રંગ-રોગાન કરવાની કામના ન રાખવી જોઈએ, અથવા તમે કુંવારા છો તો તમારે લગ્ન કરવાની કામના ન રાખવી જોઈએ. લગ્ન કરવાનો કોઈ પ્રસંગ આવી ગયો તો કોઈ યજ્ઞ-યાગ કરવાની કામના ન કરો. એમ જ છોકરીને ઉઠાવીને ભાગી જાવ. અરે ! છોકરીને ઉઠાવીને ભાગી રહ્યો છે, તો તે પણ તો કામના જ છે કે નહીં ? તે કામના કેમ નથી ? તો તે ભાગી જવાની જે કામના છે તે જ રીતે જે શાસ્ત્રની કામના છે, તે પણ એક કામના જ છે. તે બધી કામના કરો. પણ એક વાત સમજો કે તે બધી કામનાઓ શ્રીગોકુલાધીશને તમે હૃદયમાં પધરાવ્યા છે, તે કામનાની અંતર્ગત પરિપુષ્ટ થતી રહેશે.

તે કામનાના ચતુષ્કોણની અંદર તમારી આ બધી કામનાઓ સંતોષાય જશે. શ્રીગોકુલાધીશને હૃદયમાં પધરાવવાની કામના. આ કામનાઓથી સંતોષાશે નહીં આ વાતને તમે ધ્યાનથી સમજો. લૌકિક વૈદિક વિષયોને પ્રાપ્ત કરવાની તમારી જે કાંઈ કામનાઓ છે, તે કામનાઓથી શ્રીગોકુલાધીશને હૃદયમાં પધરાવવાની કામના કયારેય પણ પરિપૂર્ણ નહીં થાય. પરંતુ શ્રીગોકુલાધીશને તમે હૃદયમાં પધરાવી રાખ્યા છે, તો તેને પધરાવવાના કારણે જે તમારો સંતોષ છે, તે સંતોષ એવો હશે કે તમારે કયારેય કોઈની સામે આજીજી કરવાની કે હાથ-પગ જોડવાની જરૂરત નહીં રહે.

''પ્રાપ્તં સેવેત નિર્મમ'' જે શ્રીમહાપ્રભુજી બતાવી ગયા છે તે પ્રકારનો તમારા હૃદયમાં સંતોષ ઝલકશે. કે શ્રીગોકુલાધીશને હૃદયમાં પધરાવવાને કારણે મને જે મળવાનું છે તે તો મળી જ રહ્યું છે. જે મને નથી મળી રહ્યું તેના માટે ચિંતા કરવાની કોઈ પરવા નથી. તે પ્રકારની મસ્તી તમારા જીવનમાં પ્રકટ થઈ જશે. જો તમે પ્રભુને હૃદયમાં પધરાવ્યા છે તો આ કામનાનું વિસ્તૃત સ્વરૂપ છે હો! આ કામનાનું કોઈ ક્ષુદ્ર સ્વરૂપ નથી, કે જે આપણી અહંતા-મમતાના વર્તુળમાં કયાંક ભગવાનના દર્શનની આપણી કામનાનો એક નાનકડો ચતુષ્કોણ પણ ઝલકી રહ્યો છે. એવો નાનો ચતુષ્કોણ નથી, આ કામના એટલી ક્ષુદ્ર કામના નથી કે ઓફિસે જવું છે, તો ઓફિસે જતા પહેલા આપણે શ્રીઠાકોરજીના દર્શન કરી આવશું. પાંચ રૂપિયા નોંધાવીને એક મઠડી પણ પ્રસાદમાં લઈ આવશું. તો એવી ક્ષુદ્ર કામના દર્શનની કામના નથી.

આ આપણી ભગવાનની જે કામના છે તે કામનાની એટલી મોટી વિશાળતા છે કે જે પરિપુષ્ટ થવાથી આ બધી નાની કામનાઓ કયારેય તમને હેરાન નહીં કરે. આપમેળે તે કામનાનો ભાગ બનીને સંતોષની લાગણીથી આપમેળે દખલગીરી કર્યા વગર સ્વભાવમાં તમારી અંદર પ્રકટ થશે. તે વાતને બતાવી રહ્યા છે. કે ''તતઃ કિમ્ અપરં બ્રૂહિ લૌકિકૈર્ વૈદિકૈરપિ''

(પુષ્ટિભકિતમાર્ગીયમોક્ષપુરુષાર્થસ્વરુપનિરુપણમ્)-પુષ્ટિભકિત માર્ગીય મોક્ષપુરુષાર્થના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજયમ્ ઇતિ મે મતિઃ ।। ૪ ।।

પુષ્ટિભકિતમાર્ગીય મુકિત કયા પ્રકારની હશે ? કે તમે જે કાંઇ પણ કાર્ય કરી રહ્યા છો, કરી રહ્યા છો તેમાં ચિંતાની કોઇ વાત નથી. કોઇ જરૂરત નથી કે બધા કાર્યો છોડીને હિમાલયમાં જઇને બેસો. કારણ કે એક વાત ધ્યાનથી સમજો કે હિમાલયમાં બેસવું એ પણ કોઇને કોઇ કામ છે. ''**ન હિ કશ્ચિત્ ક્ષણમ્ અપિ જાતુ તિષ્ઠતિ અકર્મકૃત્**'' હિમાલયમાં જઇને બેઠા તો ત્યાં તમારે પોતાના ચેલાને ખબર કરી કરીને બોલાવવા પડશે. તો તેનાથી કાંઇ હિમાલય બેસવાથી

નિરાકરણ (સોલ્યુશન) નહીં આવે.

પરંતુ તમારી મુકિત કેવી રીતે સાચી થશે ? કે જે કાંઈપણ તમે કાર્ય કરી રહ્યા છો, તે કાર્ય તમે પોતાની જીવનશૈલીમાં એવી રીતે ગોઠવ્યું છે કે તે કોઈપણ કાર્ય તમારા સ્મરણ ભજનમાં કયારેય પણ બાધકરૂપ નથી થઈ રહ્યું. આ પ્રકારે તમે પોતાનું આખુ જીવન વ્યવસ્થિત ગોઠવી લીધું તો ભગવદ્ સ્મરણ અને ભગવદ્ ભજનમાં તમારા જીવનની કોઈપણ પ્રવૃત્તિ બાધક નહીં થાય.

શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે આ દુનિયામાં તમે ભગવદ્ સ્મરણ-ભગવદ્ ભજન નિરંતર આનંદથી નિભાવી રહ્યા છો, તો તમે મુકત છો. શું કામ મુકત છો ? કારણકે તમે ભગવદીય થઈ ગયા. **''મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્''** તમે ભગવાનની સાથે આ બન્ને સંબંધ નિભાવી લીધા કે ભગવાન સામે છે તો તમે ભગવદ્ ભજન કરી રહ્યા છો, ભગવાન સામે નથી તો તમે ભગવદ્ સ્મરણ કરી રહ્યા છો. તમે પોતાની જીંદગીની બધી અલગ અલગ પ્રવૃત્તિને એવી રીતે ગોઠવી દીધી કે તે ભગવદ્ ભજનમાં બાધક નથી થઈ રહી. ભગવદ્ સ્મરણમાં બાધક નથી થઈ રહી.

જેમ કે **''નાગરીકા ચિત્ત ગાગરીમેં''** જેવી રીતે ગામડામાં સ્ત્રીઓ જલ ભરવા જાય. તો માથા ઉપર બે-ત્રણ-ચાર ઘડા પણ કુવામાંથી ભરીને રાખતી આવે અને વાતો પણ કરતી રહે. આમ તેમ જોતી પણ રહે અને ચાલી પણ શકે. ન તો તેના ઘડાનું પાણી ઢોળાઈ જાય. તેઓએ તે પ્રકારે પોતાની જાતને ગાગરને માથા ઉપર રાખવા માટે તૈયાર કરી હોય છે. જેમ નાગરીનું ચિત્ત ગાગરીમાં.

એવી રીતે તમારું ચિત્ત જે છે તે બધા કાર્યો કરતું હોવા છતાં પણ આ જે ભકિતની ભજન-સ્મરણની ગાગર છે, તે કયારેય તમારા માથા પરથી ઢોળાઈ ન જાય. તેને તમે પોતાના માથા પર બરાબર નિભાવી રહ્યા છો. તેને તમે પોતાના હૃદયમાં બરાબર નિભાવી રહ્યા છો. તેને તમે પોતાની બુદ્ધિમાં બરાબર નિભાવી રહ્યા છો, તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તમે મુકત છો. બીજી કઈ મુકિત જોઈએ ? જો પુષ્ટિમાર્ગના સંદર્ભમાં તમારી મુકિત છે તો, મુકિતને કાંઈ બીજા શિંગડા નથી ઉગવાના.

આ વાત કોને સમજમાં આવશે ? જે કૃષ્ણાશ્રિત હશે તેને. જે કૃષ્ણાશ્રિત નહીં હોય- જેનો કૃષ્ણાશ્રય અનન્ય ન હોય તેને આ વાત સમજમાં નહીં આવે. કારણકે તેમાં તેને ઘણા બધા લફડાઓ ઉત્પન્ન થઈ જશે કે શું કહેવા માંગી રહ્યા છો ? આપણે બધી જવાબદારીઓ છોડી દેવી ? ફકત સ્મરણ-ભજન જ કરતા રહેવું ? આખો દિવસ ઝાંઝ વગાડવા અને સેવા કરવી ? અને લાડુ ધરવા કે પેંડા ધરવા ?શ્રીઠાકોરજીને જગાડવા-પોઢાડવા-ઢીંગલા-ઢીંગલીની રમત રમવી ? આવા સવાલ ઉત્પન્ન થવા લાગશે.

શું કામ સવાલ ઉત્પન્ન થશે ? કારણકે તમે ભકિતનો સાચો અર્થ સમજયા જ નથી, કે જે શ્રીમહાપ્રભુજી સમજાવવા માંગે છે પણ આપણે તે શ્રીમહાપ્રભુજીના ભકિતના ખ્યાલને સાચ્ચેજ આપણા જીવનમાં તે પ્રકારે ઉતારીને બતાવ્યું નથી. તે ખરેખર જે પ્રકારે આપણે ઉતાર્યુ છે તેમાં જે રૂપ ઉભરે છે, બીજુ કોઈ રૂપ આપણે ત્યાં સેવાનું ઉભરી નથી રહ્યું. તેથી લોકો જે જુએ છે તે પૂછે છે. જે પૂછે છે તેને ફરી પાછા જોઈ રહ્યા છે. તો આપણે તેને ખોટી રીતથી અમલમાં મુકયું તેથી ખોટા સવાલ ઉત્પન્ન થઈ રહ્યા છે. આપણે તેને સચ્ચાઈથી આચરણમાં મુકયું હોત તો તો આપણી સામે પૂછવાની કોઈની હિંમત જ ન થાત. આંખ મેળવવાની પણ હિંમત ન થાત.

આપણામાં આપણી ભકિતનું, આપણામાં આપણા ધર્મનું, આપણામાં આપણા અર્થનુ, આપણા કામનું આપણામાં આપણા મોક્ષનુ આપણામાં એટલું તેજ હોય કે માણસ આપણાથી આંખ મિલાવવાથી પણ કતરાય, કે ભાઈ તેની સામે થવામાં ખતરો છે. તો **''ઉગ્રપ્રતાપો વાક્સીધુ પૂરિતાશેષ સેવકઃ''** જેમ કે સર્વોત્તમ સ્તોત્રમાં આવ્યું કે નહીં ? શ્રીમહાપ્રભુજીનો એ પ્રકારનો ઉગ્ર પ્રતાપ આપણામાં ચોક્કસ પ્રકટ હોત, જો આપણે સચ્ચાઈથી તેને નિભાવ્યો હોત તો. આપણે સચ્ચાઈથી નિભાવ્યો નહીં તેથી આ બધાને પ્રશ્ન ઉત્પન્ન થાય છે.

સ્વાભાવિક છે, તે બિચારા પણ ક્ષમાપાત્ર છે. પણ આપણે ક્ષમાપાત્ર નથી. આ વાતને ધ્યાનથી સમજો. કારણકે આપણે આ વાત શ્રીમહાપ્રભુજી

પાસેથી શિખી હતી અને કેમ ભૂલી ગયા ? સવાલ આપણા ઉપર જ આવી રહ્યો છે, તેમના ઉપર સવાલ નથી. જે જવાબ નથી આપી રહ્યા અને સવાલ ઉત્પન્ન કરવાની સ્થિતિ જેણે ઉત્પન્ન કરી છે તેના ઉપર આ સવાલ છે, કે સવાલ ઉત્પન્ન થાય તેવી સ્થિતિ શું કામ ઉત્પન્ન થઈ ? સવાલ એટલા માટે ઉઠી રહ્યા છે કે આપણે તે સ્થિતિ ઉત્પન્ન થવા દીધી. આપણે તે સ્થિતિને ઉત્પન્ન જ ન થવા દીધી હોત તો કોઈ ક્ષુદ્ર સવાલ ન પૂછી શકે. કારણ કે આપણી ભકિત આટલી ક્ષુદ્ર ન હતી. આપણી ભકિત આવા ભિખારી વેડાની હતી નહીં. આપણી ભકિત આ પ્રકારના પ્રદર્શનની નહોતી.

પ્રદર્શનની પ્રણાલી બનાવી જેથી કરીને બધા લોકોને પ્રશ્ન ઉત્પન્ન થાય કે આ પ્રકારની ભકિત અમે પણ આખો દિવસ કરીએ. સાચી વાત છે. કરવી પડશેને જેની પાસે બીજો કોઈ ધંધો નથી. મારા એક ગુરુજી હતા, એમને ચાર દિકરા હતા. એક દિકરો ઓસ્ટ્રેલિયામાં પ્રોફેસર થઈ ગયો. એક દિકરો એરફોર્સમા મોટો કમાન્ડર થઈ ગયો. એક દિકરો અહીંયા હિન્દુસ્તાનમાં જ કંઈક કામ કરે છે, ખ્યાલ નથી. પરંતુ જે ત્રીજો દિકરો હતો તે કંઈ ભણ્યો ન હતો. મારા ગુરુજી મને ઘણીવખત આ વાત કહેતા રહેતા કે મહારાજ આ કાંઈ ભણતો નથી, લખતો નથી. તમારા તો આટલા મંદિરો છે. કયાંય આને પૂજારી બનાવી દયોને.

જેને બેંક પટાવાળા તરીકે રાખે નહીં તે આપણા મંદિરમાં મુખિયાજીને પ્રમોશન થઈ ગયું તો મહારાજ થઈ જાય. આ પરિસ્થિતિ છે. જેમનામાં બેંકના પટાવાળા બનવાની પણ લાયકાત નથી, તેને આપણે મુખિયાજી બનવી દઈએ. ઘણી વખત ગુરુજી મને કહેતા કંઈ ભણતો, લખતો નથી, આપના તો કેટલાય મંદિરો હશે. હું ઘણી વખત તેમને કહેતો કે ના મંદિર નથી. નહીં નહીં ત્યાં ભુલેશ્વરમાં આપનું મંદિર મેં જોયું છે કેવી રીતે સમજાવું તેમને કે શું વાત છે.

ઘણીવખત બિચારા આવું કહેતા અંતમાં તેની એવી દુર્ગતિ થઈ કે આજકાલ મોટર મિકેનિકલ થઈ ગયો. પૂજારી કોણ રાખે હવે. તો સ્થિતિ આવી છે. એક વાત ધ્યાનથી સમજો કે જેનામાં કોઈ લાયકાત નથી તે જ આ પ્રકારની નોકરીઓમાં આવી રહ્યા છે. જેનામાં થોડી પણ લાયકાત છે અને જો તે આ

નોકરી (પૂજારી)માં આવી જાય ભૂલેચૂકે તો તે પણ પોતાના બાળકોને કોલેજમાં ભણાવી ગણાવીને કોઈ રીતે બાળકોને એ જ પ્રેરણા આપતો રહેશે કે ભઈ અમે તો આમા આવ્યા તો આવ્યા, પરંતુ તમે આમા ફસાઈ ન જતા.

વળી પાછો જો કોઈ ગધેડો રહી જાય તેમા, તો પછી તેને પાછા મહારાજની પાસે લઈ જાવ, ટ્રસ્ટીની પાસે લઈ જાય કે આ બહુ સેવા કરવા લાયક છે. મંદિરમાં આને મુખિયાજી બનાવી દયો. વળી પાછો મુખિયાજી બની જાય. જે કોઈ કામ માટે લાયક નથી. તે જ મુખિયાજી બની રહ્યા છે. તો નાલાયક હોવું તે જ પુષ્ટિમાર્ગમાં મુખ્ય હોવાની લાયકાત, મુખિયાજી બને કયાંથી મુખ્ય ? નાલાયક હોવું એ જ મુખ્યા હોવાની જયાં લાયકાત હોય, તે માર્ગમાં પ્રેરકતા કયાંથી આવશે ? તે માર્ગમાં અન્ય માર્ગમાં પોતાનો પ્રભાવ પાડયાનું સામર્થ્ય કયાંથી આવે ? કયારેય ના આવી શકે. આ વાત આપણે ધ્યાનથી સમજવી જોઈએ. આ ગુંચવાડો આપણામાં શા માટે થયો. એટલા માટે થયો કે આપણે શ્રીમહાપ્રભુજી જે કહેવા માગતા હતા તેને ન તો સમજયા, ન તેને જીવવા ચાહ્યું કે ન તેને જીવાડવાની ઈચ્છા રાખી.

‘‘યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ’’ એટલે કે શ્રીગોકુલાધીશને તમે તમારા હૃદયમાં સર્વાત્મભાવથી ધારણ કર્યા છે તો કોઈ પણ લૌકિક એવો વિષય, અથવા તો કોઈ વૈદિક એવો વિષય કે જેને તમે લૌકિક પુરુષાર્થ કે લૌકિક પ્રયત્નથી પ્રાપ્ત કરી શકો અથવા તો વૈદિક પ્રયત્નથી તમે પ્રાપ્ત કરી શકો. તે શું તમને શ્રીગોકુલાધીશથી વધારે સંતોષકારક થઈ શકશે ?

એક વખત તમારા હૃદયમાં પ્રભુ વસી ગયા. તેનો જે સંતોષ તમારી અંદર થશે તે સંતોષથી વધારે ઉત્તમ કોઈ બીજા વિષયને પ્રાપ્ત કરી લેવાનો, મેળવી લેવાનો સંતોષ તમને થઈ શકશે ? ‘‘તતઃ કિમ્ અપરં બ્રુહિ લોકિકેર્ વૈદિકૈર્ અપિ’’ લૌકિક વૈદિક વિષયોનું ફલ શું, તેનાથી વધારે ઉંચુ હશે ? જો તમારા હૃદયમાં શ્રીગોકુલાધીશ પ્રભુ વસી ગયા તો ? આવ્યુંને ખ્યાલમાં.

‘બ્રુહિ’ એટલે કે બોલો. શ્રીમહાપ્રભુજી તમને કહી રહ્યા છે કે બોલો તમે? હું તમને બતાવીશ નહીં. શ્રીમહાપ્રભુજી પ્રશ્ન પુછી રહ્યા છે. જવાબ નથી

આપી રહ્યા. તમે બોલો કે તમારા હૃદયમાં જો ભગવાન બિરાજી ગયા તો કોઈ લૌકિક વિષય, કોઈ લૌકિક ઉપલબ્ધી, કોઈ સિદ્ધિ અથવા તો શાસ્ત્રીય સિદ્ધી આનાથી વધારે સંતોષ કારક હશે ? જેટલું આ સંતોષ કારક છે ? આવીને વાત ખ્યાલમાં

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા ચતુઃશ્લોકી સમ્પૂર્ણા ।।

॥ ભકિતવર્ધિની ॥

ભૂમિકા :-

ભક્તિવર્ધિની અનુસાર ભક્તના મૂલતઃ બે ભેદ છે. દઢબીજ ભાવ અને અદઢબીજ ભાવ. એટલે કે જેની અંદર ભક્તિનો ભાવ દઢ છે તે દઢબીજ ભાવ, અને જેની અંદર ભક્તિનો ભાવ થોડો કમજોર છે તે અદઢબીજ ભાવ. આ જુઓ આ સીધી લીટી કરી છે તે ભક્તના વર્ગીકરણ (કલાસીફિકેશન) માટે છે. વાંકી લીટી કરી છે તેનો ઉપાય શું બતાવવામાં આવ્યો છે તેના માટે છે. તો દઢબીજભાવ વાળાએ ગૃહત્યાગ અને શ્રવણ-કીર્તન-સ્મરણ કરવું જોઈએ અને જેનો ભક્તિનો બીજભાવ દઢ નથી તેની પાછી બે શકયતા હોઈ શકે છે. એક અવ્યાવૃત અને બીજો વ્યાવૃત. તો જે અવ્યાવૃત છે તેણે ભગવદ્ પૂજા અને શ્રવણાદિ નવધાભકિત કરવી જોઈએ. વ્યાવૃત એટલે કે જેની પાસે સેવા કરવા માટે સમય નથી તે અને અવ્યાવૃત એટલે કે જેની પાસે સેવા કરવા માટે સમય છે. પારિવારિક, માનસિક, શારીરિક રૂપથી જેમને સમય છે તે અવ્યાવૃત.

જેની પાસે સેવા માટે સમય નથી તેણે નિરર્થક સેવા કરવાની કોઈ અપેક્ષા નથી. શ્રવણાદિત્રયની ક્રિયા કરે અને હૃદયમાં દાસ્યાદિત્રયની ભાવના કરે. જેમાં કયારેક પોતાને પ્રભુનો દાસ માને, કયારેક પોતાને પ્રભુનો સખા માને, કયારેક પોતાને પ્રભુનો આત્મનિવેદી માને. જેવી રીતે જે ભાવ, જે વખતે દઢ થઈ જાય અને આમ કરતા કરતા વ્યાવૃત્ત છે તેની બે શકયતા (પોસીબીલીટી) પાછી પ્રગટ થશે.

આ પ્રક્રિયા કરવાથી તેની અંદર રહેલો જે ભગવાન પ્રત્યેનો પ્રેમનો ભાવ છે તે પ્રેમ-આસકિત અને વ્યસન સુધી ખીલે છે કે નથી ખીલતો ? જો ખીલી રહ્યો છે તો જાત વ્યસન છે, મતલબ કે તેનો ભગવદ્ પ્રેમ-ભકિત, ભગવદ્ વ્યસનના રૂપમાં ખીલી ગઈ. મતલબ કે ભગવાન વિના ચાલશે જ નહીં. તે અવસ્થામાં તેની ભકિત ખીલી ગઈ, તો તે જાત વ્યસન. તેના માટે ઉપાય બતાવ્યો છે. ''બાધિત ગ્રાહસ્થ્ય ત્યાગ'' એટલે કે ભક્તિમાં જે બાધક થતું હોય એવા ગ્રહસ્થ રહેવાનું જે તેનું સ્વરૂપ છે તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

બીજુ અજાત વ્યસન એટલે કે આ પ્રકિયાને કરી રહ્યો છે. પ્રભુના નામ, રૂપ, ગુણ, લીલાનું શ્રવણ પણ કરે છે, કીર્તન પણ કરે છે, સ્મરણ પણ કરે છે અને હૃદયમાં તે લીલાના નામ, રૂપ, ગુણ, લીલાના શ્રવણ, કીર્તન, સ્મરણ કરતા કરતા કોઈ કોઈ ભાવના હૃદયમાં જેવી પ્રગટ થતી હોય કે હું પ્રભુનો દાસ છું અથવા પ્રભુનો સખા છુ અથવા પ્રભુનો આત્મ નિવેદી છું. હું આત્મા છુ તે પરમાત્મા છે. તો તેના કારણે જો તેનું વ્યસન ન થઈ શકે તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તો પછી ગૃહત્યાગ ન કરો. સેવા જે કરી રહ્યા છે તેની સેવાને તમે મદદ કરો. તમે સેવા ન કરો. કેમ કે તમારાથી સેવા નભી શકશે નહીં, તમે વ્યાવૃત્ત છો તેથી. પરંતુ જો કોઈ સેવા કરી રહ્યા છે, તેની સેવામાં તમે સહાયક તો થઈ શકો છો કોઈ કથા કરી રહ્યો હોય તેની કથામાં તમે શ્રોતા તરીકે સમ્મિલીત થઈ શકો છો. આ ભકિતવર્ધિનીનો સારાંશ છે.

પ્રશ્ન :- પરિચર્યા એટલે શું ?

જવાબ :- પરિચર્યા એટલે કે કોઈ સેવા કરનારને સેવામાં સહાયક થવું અને જે કથા કરી રહ્યો છે ત્યાં જઈને શ્રવણ કરવું.

અર્થાત્ જો તમારે તમારી ભકિતને દૃઢ કરવી છે તો આટલો સમય તો તમે કાઢી જ શકોને. આ પૂરા દિવસની સેવા નથી, અડધી સેવા છે. એ આપણે સમજી શકીએ છીએ. પૂરા દિવસની સેવા મતલબ એવું નથી કે સવારે જાગ્યા ત્યારથી રાત્રે સૂઈએ ત્યાં સુધી આજ કામ કરતા રહેવું. વ્યાવૃત્ત હોવાના કારણે એટલો સમય જો તમે કાઢી શકતા નથી, તો શ્રવણાદિ માટે થોડોક સમય કાઢો અને તે હિસાબથી પોતાના હૃદયમાં ભાવના કરવાને માટે થોડોઘણો સમય કાઢો. તેના કારણે તમને પ્રેમ જો ભગવદ્ વ્યસનની કક્ષા સુધી વિકસિત થઈ રહ્યો છે તો પછી ગૃહત્યાગ કરવાનો નિશ્ચય કરો અને જો વિકસિત નથી થઈ રહ્યો, તો જે સેવા કરી રહ્યો છે, તમારા પડોશમાં કોઈ વૈષ્ણવ, તમારા પરિવારના હોય કે તમારા મિત્ર હોય, તેની સાથે એવી મિત્રતા નિભાવો કે તે જે સેવા કરી રહ્યો છે, તેને તમે જેટલા પણ સહાયક બની શકતા હો- જેવી રીતે પણ તે પ્રકારથી સહાયક બનો અને કથા કરી રહ્યો છે તેમાં શ્રવણ અર્થે તમે સંમિલિત થઈ જાઓ.

પ્રશ્ન :- અવ્યાવૃત્ત એટલે શું ?

જવાબ :- અવ્યાવૃત્ત એટલે જેની પાસે સેવા કરવાનો સમય છે.

પ્રશ્ન :- સેવા કરનારે ગૃહત્યાગ કરવો જોઈએ ?

જવાબ :- અહીં ગૃહત્યાગ પ્રશસ્ત નથી.

જો આ સેવા કરવાની પ્રક્રિયા સાથે ભકિત વ્યસન પર્યંત ખીલી રહી છે, તો ખૂબ જ સારી વાત છે, સોનામા સુગંધ છે. સમજો નથી ખીલી રહી તો કાંઈ નહીં, આપણે સેવા કરી રહ્યા છીએ એ કંઈ ઓછી વાત છે !

એક સરળ ઉદાહરણથી આપણે આ રીતે સમજી શકીએ કે આપણે જેની સાથે લગ્ન કર્યા તો તે પત્નીની સાથે આપણે રહીએ છીએ. થોડાઘણા કયારેક મહિનામાં બે-ચાર વખત ઝઘડા પણ થતા હોય છે. તો બે-ચાર વખત સ્નેહ પણ થઈ રહ્યો છે. થોડોક સમય આપણે ધંધાર્થે, નોકરી પર પણ જઈએ છીએ. પણ ઘરમાં પાછા આવીને તેની સાથે રહીએ તો છીએને. તો હવે આપણે એવો આદર્શ શું કામ સમજીએ કે આપણે બિલકુલ નિસ્કલહ તેની સાથે જીવન પસાર કરી શકીશું. થોડોઘણો કલહ પણ કરી લેશું અને થોડોઘણો મેળ-મિલાપ પણ કરી લેશું તો જે સાથે જીવી રહ્યા છે તેના માટે એટલી આવશ્યકતા નથી.

પરંતુ જે પ્રભુની સાથે નથી જીવી રહ્યા તો તેને જો ખરેખર ભગવદ્ વ્યસન થયું છે તો તે પ્રભુ વગર રહી ના શકે. બે વાત તો એક મુખથી આપણે ન કરી શકીએ ને ! કે મને ભગવદ્ વ્યસન પણ થયું છે અને ભગવાન વગર પણ આનંદથી મારો નિર્વાહ ચાલી રહ્યો છે. મતલબ કે કોઈ વસ્તુનુ મને વ્યસન છે અને પછી હું એમ કહું કે મને તેના વગર પણ ચાલે. તો તેના વગર ચાલતું હોય તો તે વ્યસન નથી. તેના વગર ચાલે જ નહીં ત્યારે તો તેનું વ્યસન કહેવાય. તો બે વાત કેવી રીતે સાથે નભશે ?

તેથી ''બાધક ગ્રાહસ્થ્ય''નો ત્યાગ અહીં બતાવવામાં આવ્યો છે. અવ્યાવૃત્તમાં નથી બતાવ્યો કેમ કે સાથે જીવી તો રહ્યા છે. હવે ભકિત જેટલી વિકસિત થઈ એટલી સારી વાત છે. એવા તો કોઈક થોડાક જ આદર્શ દંપતિ હશે કે જે નિસ્કલહ પોતાનું દામ્પત્ય પસાર કરે. થોડોઘણો કલહ, થોડોઘણો સ્નેહ

રાખે એવા દંપતિ તો ઘણા જ મળી જશે. બંન્નેની સાઈકલ ચાલતી રહે તો સારું છે ને ! જીવન પણ સુખી રહે ને !

તો આવું પ્રભુની સાથે આપણે કોઈ દામ્પત્ય નિભાવી રહ્યા છીએ. સર્વથા નિસ્કલહ નથી નિભાવી શકતા તો કાંઈ નહીં, થોડાઘણા કલહની સાથે પણ દામ્પત્યતો પ્રભુની સાથે નભી રહ્યું છે ને ! તો બસ પર્યાપ્ત છે.

પ્રશ્ન :- ગ્રાહસ્થ્યત્યાગ એટલે શું ? શા માટે ?

જવાબ :- જે ગ્રાહસ્થ્ય હોવાની વૃત્તિ છે તેનો ત્યાગ કારણકે તે સ્થિતિ વ્યસન દશામાં ભગવદ્ વ્યસનમાં બાધક થશે. આમા બાધક નહીં થાય.

કારણ કે આપણે ભગવાનની સાથે ઘર વસાવીને રહીએ છીએ. તેમા તમે ભગવાન સિવાય કોઈ બીજી વસ્તુઓની સાથે ઘર વસાવીને રહો છો અને ફરી પાછો એવો પણ દાવો કરો છો કે મને ભગવાનનું વ્યસન થઈ ગયું છે, મતલબ કાંઈક લફડો છે. જો વ્યસન થઈ ગયું છે તો ગ્રાહસ્થ્ય ત્યાગો. વ્યસન નથી થયું તો આ દાવો કરો જ નહીં કે મને ભગવદ્ વ્યસન થયું છે.

તો જે પણ કોઈ ભગવદ્ સેવા નિભાવી રહ્યો છે તે તેની સાથે નિભાવી રહ્યો છે. મારાથી ભગવદ્ સેવા નથી નભતી તો જેનાથી ભગવદ્ સેવા નભી રહી છે તેનો સાથ હું નિભાવી રહ્યો છું. તે સત્સંગવાળો પ્રકાર છે. આ સેવા-કથા પરાયણ ભગવદીયના સત્સંગમાં રહેવાનો મૂળ હેતુ આનો આટલો છે. હું સમજુ કે અક્ષરની જે મુશ્કેલી હતી તે ખતમ થઈ ગઈ હશે.

તો હવે ભકિત પાંચમો પુરુષાર્થ છે, આ વાત જો ભૂલે ચૂકે સમજમાં આવી, તો બેટા આ વાત આપણને સમજમાં આવશે કે

પુષ્ટિમાર્ગે હરેર્ દાસ્યં ,ધર્મોઽર્થો હરિરેવ હિ ॥
કામો હરિદિદક્ષેવ , મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ॥

તમે હરિને તમારા માની લીધા આ ધર્મ છે અને તમે જયારે હરિના બની ગયા તે જ તમારી મુકિત છે. તમે હરિને તમારા પોતાના માન્યા આ તમારો ધર્મ છે કે ગામને છોડીને તમે હરિને તમારા માન્યા. છોડીને એટલે કે ગામની ચિંતા કર્યા વગર. છોડીને એટલે કે શારીરિક ત્યાગ કરીને નહીં. સંન્યાસવાળા અર્થમાં નહીં,

પરંતુ ગામના સિવાય તમે હરિને પોતાના માન્યા એ તમારો ધર્મ છે અને હરિને પોતાના બનાવીને જયારે તમે હરિના બની ગયા, તે દિવસે મેં કહ્યું હતુંને કે **''મેરો મન મોહન સો લાગત હૈ બારબાર, મોહન કો મોસે મન લાગી હે બિચારો તો ''**

જે વખતે તમે એવા બની ગયા, હરિ જો એમ કહી દે કે આ તો મારો છે તો એક વાત સમજ કે આ જે વાત છે, ભકિત પાંચમો પુરુષાર્થ એટલે કે આના વગર ચાર શ્લોકનો કોઇ અર્થ નહીં રહી જાય. કારણકે અહીંયા જે ધર્મ-અર્થ-કામ-મોક્ષ છે તે જે લૌકિક ધર્મ-અર્થ-કામ-મોક્ષ છે અથવા તો શાસ્ત્રીય ધર્મ-અર્થ-કામ-મોક્ષ છે. તેનો બધો જ સંદર્ભ શ્રીમહાપ્રભુજીએ છોડી દીધો છે. તેથી આ પંચમ પુરુષાર્થ રૂપા ભકિતની અંતર્ગત તમારા ધર્મ-અર્થ-કામ-મોક્ષના વિષયમાં તમારો ભાવ, તમારી સમજ, તમારું વલણ શું હશે ? તે બતાવી રહ્યા છે.

જાગુ એ કહેવા માગી રહી છે કે, આપશ્રીએ પેહલા વાતની શરૂઆત કરી હતી કે ભકિત પાંચમો પુરુષાર્થ છે તો ભકિત પંચમ પુરુષાર્થ છે. એવું તો અહી કંઇ આવ્યું નથી અને ધર્મ-અર્થ-કામ-મોક્ષ ફરી પાછા દાખલ કરી દીધા.

તો એક વાત ધ્યાનથી સમજ કે ધર્મ શું છે ? ભકિત, અર્થ શું છે ? ભકિત, કામ શું છે ? તે ભજનીયની કામના. મોક્ષ શું છે ? ભજન અને સ્મરણનો નિર્વાહ. તો ફરી એકવાર ધર્મ-અર્થ-કામ-મોક્ષને ભકિતના ખાનામાં કેદ કરી દીધાને. ભકિતને ધર્મ-અર્થ-કામ-મોક્ષ અંતર્ગત સમજાવી નથી રહ્યા, ધર્મ-અર્થ, કામ, મોક્ષને ભકિતની અંતર્ગત સમજાવી રહ્યા છે. ચારેય પુરુષાર્થને ભકિતની અંતર્ગત સમજાવી રહ્યા છે. તો પોતાની રીતે જ ભકિત પંચમ પુરુષાર્થ સિધ્ધ થઇ રહી છે. પરંતુ શાબ્દીક રીતે અહીં કહ્યું નથી.

શ્રીમહાપ્રભુજીએ આ વાત ભાગવત સુબોધિનીમાં, નિબંધમાં અને ઘણી જગ્યાએ ઘણા ભાર પૂર્વક (ઈમ્ફેટીકલી) કહી છે. ભકિત પાંચમો પુરુષાર્થ છે. તો આ વાત અહીંયા નથી કહેવામાં આવી, પરંતુ આ જ વાત તે સમયે બાલબોધમાં ઉદભવી હતી. જયારે ચારેય પુરુષાર્થને ત્યાં સ્ટોપ કરીને, રોકીને સિધ્ધાન્તમુકતાવલી શરૂ થઇ હતી. તો ત્યાંથી પંચમ પુરુષાર્થ રૂપા ભકિત શરૂ થઇ

હતી અને તે વાત અહીં આવીને સંપૂર્ણ રીતે પરિણિત થઈ ગઈ. સંપૂર્ણ રીતે વિકસિત થઈ ગઈ.

શા માટે અહીં સંપૂર્ણ વિકસિત થઈ ગઈ કારણ કે આ સ્થિતિ પર આવીને શ્રીમહાપ્રભુજી આપણને ખુલાસાથી કહી શકે છે કે ભાઈ ભકિત જો પંચમ પુરુષાર્થ છે તો તમારો ધર્મ, તમારો અર્થ. તમારો કામ, તમારો મોક્ષ બધું જ ભકિતના અંગ રૂપ થઈ જશે તો આપોઆપ ભકિત પંચમ પુરુષાર્થ છે તે આચરણથી સિધ્ધ થઈ રહ્યું છે ને !

બાવા એટલા માટે જ મેં શ્રધ્ધા વિશ્વાસ અને નિષ્ઠાનો ખ્યાલ પહેલા જ આપ્યો હતો. કારણકે કોઈપણ વાત હોય. જેમ કે ટાઈપ રાઈટીંગ આપણે શીખવું છે તેમાં પણ આ બધા સ્ટેપ જરૂરી છે. ઘણા ટાઈપ કરવાવાળા લોકો એવા હશે કે જેમણે ટાઈપ તો શીખી લીધુ, પરંતુ તેમણે નિષ્ઠા ન રાખી અને હું માનું છુ કે તમને પણ અનુભવ હશે કે બે-ત્રણ મહિના કોમ્પ્યુટરનો ઉપયોગ ન કરો તો આંગળીઓ અટકે કે ન અટકે. શીખ્યું હોય કે ન શીખ્યું હોય, પરંતુ જયારે આપણે બે-ત્રણ મહિના તેનો ઉપયોગ ન કરીએ તો થોડીક આંગળીઓ અટકવા લાગે પાછી નિષ્ઠાના અભાવને કારણે.

તો જયારે આપણે શ્રધ્ધાથી જેને સ્વીકાર્યુ, બુધ્ધિથી જેમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો, તેમાં ક્રિયાથી આપણે નિષ્ઠા નિભાવવી પડશે. તો આ બધી જ વાત આપણને કોઈ સ્વરૂપ શ્રધ્ધાના સ્તર પર આવશે કોઈ સ્વરૂપ વિશ્વાસના સ્તર પર આવશે, કોઈ સ્વરૂપ નિષ્ઠાના સ્તર પર આવશે અને હકીકતમાં એક વાત તો એ છે કે શ્રધ્ધાથી પહેલા જો થોડાક વધુ ઉંડા ઉતરીએ તો રુચિના સ્તર પર તો આવશે ને ? શ્રધ્ધાથી પણ પહેલા. જો તમને રુચિ નથી તો પછી શ્રધ્ધા પણ ઉત્પન્ન નહીં થાય.

તો થોડીક રુચિ તો તમારે જગાવવી પડશે. તો રુચિ, શ્રધ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા આ ચારેય ક્રમમાં. આ વાત રુચિના સ્તર પર જે પ્રકારની હશે તેનાથી થોડી વધારે શ્રધ્ધાના લેવલ (સ્તર) પર હશે. કારણકે રુચિમાં ફકત તમારી જીજ્ઞાસા છે, પરંતુ તેને સ્વીકારી નથી રહ્યા. શ્રધ્ધાનાં લેવલ પર આવીને તેનો સ્વીકાર કરી

રહ્યા છો, પરંતુ તેમા વિશ્વાસ નથી જાગ્યો કે આવું જ થશે. જયારે તમે વારંવાર (રિપીટેડલી) તેનો અનુભવ કર્યો તો પછી તમને વિશ્વાસ જાગશે કે હા આવું છે અને તેના પછી તમને નિષ્ઠા ઉત્પન્ન થઈ જશે.

તો આ ચારેય વાત છે. ધર્મની, અર્થની, કામની અને મોક્ષની પણ. ચારેય સ્તર પર આ સંભવ છે તેમાં કોઈ એવી વાત નથી કે ઘણી જ આદર્શ વાત છે અથવા તો વ્યાવહારિક ન થઈ શકે એવું નથી. કોઈપણ એક પેન્ટીંગ, મ્યુઝિક, સાયકલીંગ, ટાઈપીંગ, પહાડ પર ચઢવાની, સ્કેટીંગ કરવાની કોઈપણ એક વાત લઈ લ્યો. તેમાં થોડીક રુચી, થોડી શ્રધ્ધા, થોડો વિશ્વાસ, થોડી નિષ્ઠા આ જે સીડી છે, તેના પરથી પસાર થઈએ તો કંઈપણ પ્રાપ્ત થઈ જાય તો થઈ જાય. આવું આ ધર્મ અનુષ્ઠાન, આ અર્થનો વિશ્વાસ, આ અર્થની અનુભૂતિ આ કામનો સંતોષ અને આ મુકિતની અનુભૂતિ આ ચારેય સોપાન પરથી પસાર થશે.

વધારે સમજવા માટે એક વાત સમજો. મારી ન જાણે કેટલા વર્ષોથી હિમાલય પર ટ્રેકીંગ કરવાની ઘણી જ ઈચ્છા છે. એક વખત તો મેં એટલો બધો અભ્યાસ કર્યો મૂર્ખાઈના કારણે કેમ કે ત્યાંથી સૂચના આવી કે તમારે ટ્રેકીંગ કરવા આવવું હોય તો તમારે કસરત કરવી જોઈએ. તો મે મારા શરીરને તંદુરસ્ત બનાવવા માટે ધૂંઆધાર કસરત શરૂ કરી. તેના કારણે ઘણી વખત મારો પગ અને ઘુંટણ બધા દુ:ખવા લાગ્યા અને ચાલવામાં પણ તકલીફ થવા લાગી. પછી મેં નકકી કર્યુ કે ભાઈ ટ્રેકીંગ પછી કયારેક કરશું હમણા આ વિષયને છોડો.

પરંતુ એક વાત કહું કે તે મેં છોડી દીધો કે હવે અભ્યાસ નહીં કરું. હવે તો શરીર પણ થોડું વધારે ઢીલુઢમ થઈગયું છે. પરંતુ આજે પણ મારા દિલને પૂછો તો મારી રુચિ ખતમ નથી થઈ અને શ્રધ્ધા ડામાડોળ સ્થિતિમાં છે, કે કરી શકીશ કે નહીં કરી શકું પરંતુ રુચિ હજી પણ મારી એટલી જ તીવ્ર છે કે જો કયારેક એવો દિવસ આવી જાય કે હિમાલય પર હું ટ્રેકીંગ કરું. તે વખતે જે પ્રોગ્રામ માટે મેં બધી કસરત કરી હતી, તે વખતે કલિન્દ પર્વત પરથી અમારે બદ્રીનારાયણ પર ઉતરવાનું હતું ચઢવાનું નહોતું હો. કલિન્દ પર્વત પરથી ટ્રેકીંગ શરૂ થવાની હતી અને બદ્રીનારાયણ નીચે આવવાનું હતું તે વખતે મેં ઘણી કસરત કરી તેથી ગડબડ

થઈ ગઈ.

બીજી વાત સમજો. મેં જયારે સંગીત શીખવાનું શરૂ કર્યુ ને મથુરાદાસ, ત્યારે મે અને રાજુએ સાથે સંગત શીખવાનું શરૂ કર્યુ. રાજુ હું કંઈક વગાડુ તે પહેલા ચારગણુ વગાડવા લાગી ગયો. મેં કહ્યુ કે યાર મને એવું લાગે છે કે કદાચ સિતાર આવડશે નહીં. પહેલા મેં તબલા વગાડવાનું શરૂ કર્યું. તો તેણે પખાવજ વગાડવાની શરૂ કરી. રાજુને ઘણુ સારું પખાવજ વગાડતા આવડી ગયુ. મને આવડી નહીં, તો મને લાગ્યું કે કદાચ પખાવજ મારા લાયક વાદ્ય નહીં હોય.

ચાલો સિતાર હું શીખીશ. તો મારા કારણે રાજુને પણ જોશ આવી ગયું અને દોઢ-બે મહિનામાં તો એટલી સિતાર વગાડવા લાગી ગયો રાજુ કે હું તો ત્યાનો ત્યાં જ રહી ગયો.તો મને લાગ્યું કે સિતાર માટે પણ કદાચ હું લાયક નથી, પછી મેં કહ્યું કે હવે શું કરવું ? સંગીત શાસ્ત્રના ઘણાબધા પુસ્તકો વાંચી લીધા. મેં કહ્યું કે મિયાની દોડ મસ્જિદ સુધી, તેમ આપણી દોડ પુસ્તક વાંચવા સુધી. બધી જ પુસ્તકો સંગીત શાસ્ત્રની મેં વાંચી, ઘણી વખત અક્કલ ત્યાં જ ચાલે, બીજે ચાલે નહીં તો શું કરવું ? વ્યકિત લાચાર છે.

રુચિ તો છે. સંગીતમાં આજે પણ ઘણી જ રુચિ છે પરંતુ ના થઈ શકે તો શું કરે માણસ. આપણે રુચિ રાખી રહ્યા છીએ. પરંતુ તે જરૂરી નથી કે તે શ્રદ્ધા સુધી આવે. કયારેક શ્રદ્ધાથી વધીને વિશ્વાસ સુધી પહુંચે, કોઈની નિષ્ઠા સુધી પહોંચે, બધાની ન પહુંચે, પરંતુ રુચિ ચોક્કસ છે. તો કયારેય પણ તમે મને જોઈ શકો છો કે મ્યુજિકમાં રુચિ મને ખરેખર છે કે નહીં. આ તો તુ જાણે છે કે મારી રુચિ ખરેખર છે. પરંતુ હજુ પણ મ્યુજિક ન આવડે તો શું ઉપાય ? રુચિ એટલી પ્રમાણિક છે કે જયારે પણ પ્રોગ્રામમાં હું જાવ ત્યારે બધા લોકો મને પૂછે કે ભાઈ તમે કયુ ઈન્સ્ટુમેન્ટ વગાડો છો ? ઘણી વખત મારે કહેવું પડે કે તાળી સિવાય બીજું કંઈ વગાડતા નથી આવડતું. પરંતુ લોકોને એવી ભ્રમણા છે કે જરૂર કંઈને કંઈ વગાડતા હશે, જયારે આટલી રુચિ છે તો. તેને આવું થાય તે એક અલગ વાત છે, તેની વિવશતા છે, એમ ભકિતમાં પણ આપણી કંઈક વિવશતા હોઈ શકે તે એક અલગ વાત છે. પરંતુ પ્રામાણિકતા તો હોવી જોઈએ કે નહીં. કોઈ એક સ્થાન પર.

॥ ભક્તિવર્ધિની ॥

(દઢબીજભાવાનામ્ પુષ્ટિજીવાનાં કૃતે ભક્તેઃ ફલાત્મક પ્રવૃદ્ધ્યુપાયાઃ)–જે દઢ બીજભાવવાળા પુષ્ટિજીવ છે તેની ભકિત ફલાત્મક રૂપથી કેવી રીતે વધે તેના ઉપાય શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે.

ચતુઃશ્લોકી પછી ભકિતવર્ધિનીનું આવવું સ્વયં એ વાતની સાબિતી છે કે ચતુઃશ્લોકીનું જે પગથિયું છે તે શરૂઆતનું પણ કંઈક હોઈ શકે છે, ગભરાવાની કોઈ વાત નથી. નહીંતર તો ચતુઃશ્લોકી પછી ભકિતવર્ધિનીની અસંગતી થઈ જશે. જો આટલી ઉંચાઈ પર આપણે પહોંચી ગયા, તો પછી ભકિતને વધારવાનું કારણ શું ? પરંતુ તે ચારેય પુરુષાર્થની કોઈ પ્રાથમિક કક્ષા પણ છે અને કોઈ ઉચ્ચત્તર કક્ષા પણ હોઈ શકે છે. તો પ્રાથમિક કક્ષાથી ઉચ્ચત્તર કક્ષા સુધી જો તેનો બધો વિકાસ છે તે વિકાસના જે પગથિયા છે, તેની શ્રીમહાપ્રભુજી અહીંયા ચર્ચા કરી રહ્યા છે.

યથા ભકિતઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ॥
બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્ ॥૧॥

બીજભાવ લગભગ એવી વસ્તુ છે કે જેમ જમીન છે, તે જમીનમાં કોઈ જમીન એવી હોય છે કે કોઈ બીજને પોતાનામાં અંકુરિત કરી શકે છે, કોઈ જમીન એવી હોય છે કે જે તેવા બીજને અંકુરિત ન કરી શકે. બીજ અને જમીનનો એકબીજાની સાથે સંબંધ છે કે કોઈ બીજ કોઈ જમીનમાં અંકુરિત થઈ શકે. કોઈ બીજ કોઈ જમીનમાં અંકુરિત ન થઈ શકે અને કોઈ જમીન કોઈ બીજને પોતાનામાં અંકુરિત કરી શકે અને કોઈ જમીન બીજને પોતાનામાં અંકુરિત ન કરી શકે.

તો જેમ કોઈ વિષુવવૃતના પ્રદેશમાં થતા વૃક્ષો છે, વિષુવવૃતના પ્રદેશમાં થતું અનાજ છે, તે કયાંક ઉગે છે અને કયાંક ઉગતું નથી. તો બધું આ પ્રકારનો ગુંચવાડો છે. તો બીજભાવની દઢતાનો મતલબ શું છે ? કે જમીન બીજને પોતાનામાં રાખીને અંકુરિત કરી રહી છે ત્યારે તો તે બીજભાવ દઢ છે અને

જમીન તે બીજની સાથે કોઈપણ રીતે પારસ્પરિક ક્રિયા કરવા તૈયાર નથી. બીજ આપણે વાવ્યું પરંતુ જમીન તે બીજ સાથે કોઈ પ્રતિક્રિયા નથી કરી રહી અને બીજ તે જમીન સાથે કોઈ પ્રતિક્રિયા નથી કરી રહ્યું, તો વાવેલું બીજ કાં તો સડી જશે અથવા તો સુકાઈ જશે. ગતિ તો બે જ રીતે થશે ને ! સડી જવાની અથવા તો સુકાઈ જવાની જયાં સ્થિતિ છે, ત્યાં બીજ કયારેય દઢ ન થઈ શકે. એટલે કે બીજ જમીનને ન પકડી શકે અને જમીન બીજને ન પકડી શકે.

હંમેશા એક વાત ધ્યાનથી સમજો કે બીજ જેમ અંકુરિત થવાનું શરૂ થાયને તો આપણને બહારથી એવું લાગે કે બીજ ઉપર વધી રહ્યું છે. પરંતુ બન્ને પ્રક્રિયા એક સાથે કરે છે. જેમ ઉપર વધવાનું શરૂ કરે, એવી જ રીતે અંદર પણ વધે છે. જેમ આ જમીનની નીચેની સપાટીની ઉપરની સપાટી છે, તો અહીંયા જેમ તે અંકુરિત થાય છે. એમ ત્યાં પણ તે કંઈક પોતાના મૂળિયા ફેલાવવાનું શરૂ કરે છે. મૂળિયા ફેલાઈ તેનો મતલબ શું ? મૂળિયા માટીને પકડે છે. માટી મૂળિયાને ચોટીં જાય છે. કયારેક કુંડામાં તમે જોશોને આ પરિસ્થિતિ બરાબર સમજમાં આવશે. કુંડામાં ભરેલી માટીને જે વખતે ઝાડના મૂળિયા પકડી લ્યે છે, તે વખતે તેને બહાર ખેંચોને તો કુંડાના આકારવાળી માટી બધી બહાર આવી જશે. પરંતુ માટીમાંથી છોડ બહાર નહીં આવે. કારણકે માટીને મૂળિયાએ પોતાની સાથે એવી રીતે જકડી લીધી છે. તે સ્થિતિ એકદમ બીજભાવની દઢતાની સ્થિતિ છે.

બીજભાવ કાચો એટલે કે અદઢ બીજભાવનો મતલબ શું છે ? જેમ કોઈ નવા નવા અંકુરિત થયેલા છોડને તમે ખેંચો તો તેના મૂળિયા એવી રીતે બહાર આવશે જેમ કે વાળ તૂટેને એવી રીતે માટીમાંથી તૂટીને બહાર આવી જશે. એટલે કે માટીને મૂળિયાએ હજુ પકડી નથી. તેથી તે નિકળીને બહાર આવી જશે અને જયારે માટીને અંદરથી મુળિયાએ પકડી લીધી તો ખેંચોને, કેટલું પણ ખેંચો કાં તો ડાળી તૂટી જશે અથવા તો માટીને લઈને બહાર આવી જશે. પરંતુ માટીને છોડશે નહીં, મૂળિયાએ માટીને પકડી લીધી એટલે કે બીજભાવ દઢ થઈ ગયો.

આવો જો બીજભાવ દઢ થઈ જાય, તો તે દઢતાને કારણે શ્રીમહાપ્રભુજી

કહી રહ્યા છે કે ચિંતાની કોઈ વાત નથી. હવે તમે ઘરને છોડી દ્યો 'ત્યાગો' કારણ કે તમારો બીજભાવ દઢ છે. આ સ્થિતિમાં ભકિતના પ્રસંગમાં તમારા પોતાના બીજભાવની દઢતાને કારણે હવે કોઈ તમને મૂર્ખ નહીં બનાવી શકે.

એક વાત સમજો કે ઘણીવખત વાવાઝોડામાં વૃક્ષ તૂટી જાય, આખું જ તૂટી જાય માત્ર ઠુંઠુ જ રહી જાય પરંતુ જેનો બીજભાવ દઢ છે તેમાંથી ફરી કંઈને કંઈ પાછી કૂંપણો ફૂટી જાય અને આખું જ ઝાડ ફરીથી પાછું અંકુરિત થઈજાય. હર્યુભર્યુ થઈ શકે કેમ ? ઉપરથી બધું જ કપાઈ ગયું. કપાઈ ગયું તો કપાઈ ગયું. પરંતુ અંદર તો જીવનની બધી જ વ્યવસ્થા ઉપસ્થિત હોવાના કારણે ફરી પાછુ જીવિત થઈ શકે.

આવી જ હમણા છેલ્લા બે-ત્રણ વર્ષ પહેલા જ બોમ્બેમાં આંધી (વાવાઝોડુ) આવી હતી. ત્યારે ઘણાબધા વૃક્ષો અડધા તૂટી તૂટીને પડી ગયા હતા. મેં તેમાંથી ઘણા તૂટેલા વૃક્ષોને બધે ફરી ફરીને જોયા હતા. તેમાંથી ફરી પાછા તે વૃક્ષો હર્યા-ભર્યા થઈ ગયા. કારણકે તેમની અંદર બીજભાવ દઢ હતો અને જેનો બીજભાવ કાચો હતો, અદઢ હતો તે હવાના કારણે થોડાક પણ હલવાના કારણે તે મરી ગયા, સુકાઈ ગયા. હલવા માત્રથી મરી ગયા અને ઘણા ઝાડ તૂટવા છતાં પણ ન મર્યા તે અડધા તૂટેલા ઠુંઠામાં ફરી પાછું તે જ **''ફિર પ્યાર નયા હો સકતા હૈ''** વાળો ક્રમ શરૂ થઈ ગયો.

બીજભાવની દઢતાનો મતલબ એટલો ગંભીર છે. આ વાત ધ્યાનથી સમજવી પડશે તો તે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જયારે બીજભાવ આટલો દઢ છે તો પછી ચિંતાની કોઈ વાત નથી. ઘરમાં રહો કે ઘર છોડો, અહીંયા શ્રીમહાપ્રભુજી એવું નથી કહી રહ્યા કે ઘર છોડી દ્યો, તમે આ વાતને ધ્યાનથી સમજો. બીજભાવ દઢ થતાની સાથે જ ઘર છોડી દયો એવી વાત નથી કહી રહ્યા. પરંતુ શ્રીમહાપ્રભુજી એવું કહેવા માંગી રહ્યા છે કે બીજભાવ જો દઢ હોયતો ઘર છોડી દ્યો તો પણ ચિંતાની વાત નથી.

કારણ કે જયારે તમારો બીજભાવ દઢ છે તો પછી જયાં પણ જઈને તમે રહો, ત્યાં તમારો ભગવાન તમારા બીજભાવની દઢતાને કારણે ત્યાં ઉપલબ્ધ

થઈ જશે. ભગવાન તમારી સાથે છે. જેમ કે એક ઘણો જ પ્રેરક પ્રસંગ આપણે ત્યાં આવે છે અને ખબર નથી કે કેટલો ઐતિહાસિક છે. ઐતિહાસિક હોય કે ન હોય પરંતુ સો ઈતિહાસ તેના પર ન્યોછાવર તેવો આ પ્રસંગ છે.

તે પ્રસંગ એ છે કે ચૈતન્ય મહાપ્રભુજી અને શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરીની તરફ સાથે યાત્રા કરી રહ્યા હતા. તો ચૈતન્ય મહાપ્રભુજીને જંગલમાંથી પસાર થવું વધારે પસંદ હતું અને શ્રીમહાપ્રભુજી તે વખતે જે મુખ્યમાર્ગ હતા તેના પરથી મુસાફરી કરતા હતા. કારણ વગર તેઓ જંગલમાં ભટકતા નહીં. તો બન્નેમાં સંવાદ થયો કે આપ કેવી રીતે ગયા ? તેમણે કહ્યું કે આપ કેમ આમ આવ્યા ? તો ચૈતન્ય મહાપ્રભુજીએ કહ્યું કે મને મુખ્ય માર્ગ (હાઈવે) પરથી ચાલવામાં મજા નથી આવતી. જંગલમાં ચાલવામાં મજા આવે છે. તો શ્રીમહાપ્રભુજીએ ચૈતન્ય મહાપ્રભુજીને એ વાત કહી કે આપે પાછળ ફરીને કયારેય જોયું કે કૃષ્ણ તમારી પાછળ-પાછળ ચાલી રહ્યો હતો. તમે જંગલમાં ફરી રહ્યા હતા, તેથી કરીને કૃષ્ણને પણ તમારી પાછળ જંગલમાં ચાલવું પડયું. કયારેય પાછળ ફરીને આપે જોયું કે કૃષ્ણ આપની પાછળ પાછળ ચાલી રહ્યા હોવાથી તેમને કેટલો પરિશ્રમ થયો હશે ?

તો એક વાત ધ્યાનથી સમજો કે જેનો બીજભાવ દૃઢ છે તેની પાછળ પાછળ આ પ્રકારથી કૃષ્ણ ડોલશે. પરંતુ જેનો બીજભાવ દૃઢ નથી તેણે તો કૃષ્ણની પાછળ ડોલવું પડશે. ચૈતન્ય મહાપ્રભુની સાથેના એકાદ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ આ જ વાત સમજાવી કે તેમને અનપ્રસાદી આપી દ્યો. શ્રીમહાલક્ષ્મીજીએ કહ્યું કે અનપ્રસાદી કેવી રીતે આપું, તો શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તેના હૃદયમાં પ્રભુ બિરાજે છે તો એ અનપ્રસાદી પણ આરોગશેને તો પેટમાં જતા પહેલા પ્રસાદ થઈ જશે. કેટલી ગજબની આ વાત છે. હૃદયમાં ભગવાન બિરાજી રહ્યા છે તો તેમણે જે પણ અન્ન ગ્રહણ કર્યુ તે પેટમાં જતા પહેલા હૃદયમાં બિરાજેલા પ્રભુ આરોગી લેશે અને પ્રસાદ થઈ જશે. તેમના પેટમાં અનપ્રસાદી કયારેય પણ નહીં જાય. તો આવી રીતે શ્રીમહાપ્રભુજીએ ચૈતન્ય મહાપ્રભુની પ્રશંસા કરી. તો આ એક વાત ધ્યાનથી સમજવાની વાત છે કે

હૃદયમાં બીજભાવ દઢ છે તો કોઈ સમસ્યા નથી, પરંતુ હૃદયમાં જો બીજભાવ દઢ નથી તો દરેક પ્રકારની સમસ્યા છે. બધી સાવચેતી રાખવી પડશે.

જેમ એક વાત આપણે સમજી શકીએ કે જેમ કંઈક આપણે રસી મુકાવી લીધી, આ જે મેળાઓ થાય, કુંભ મેળા, સિંધ મેળા તેમા જવા માટે જો રસી લઈ લીધી તો પછી આપણે મેળામાં આનંદથી જઈ શકીએ છીએ. પછી કોઈ ડરવાની વાત નથી. રસી નથી મૂકાવી કોલેરા વગેરેની તો પછી મેળામાં જવામાં થોડીક સમસ્યા થઈ જાય છે, કેમ કે બિમાર પડવાની શકયતા વધારે હોય છે.

તો તે જેમ રસી મૂકવાથી તમને તે રક્ષાણ (પ્રોટેકટ) કરે છે. એવી રીતે બીજભાવ જો તમારા હૃદયમાં દઢ છે તો તમે છૂટથી કયાંય પણ ફરો પછી તેમાં ‘ઈદં-ઈત્થં’નું વિધાન ન કરી શકાય. બીજભાવ જો સ્વયં અદઢ છે તો પછી તમારે કંઈક તમારી કાળજી લેવી પડશે. જેમ રસી મૂકાવી ન હોય અને તમે આ પ્રકારના મેળાઓમાં જશો તો પછી કંઈક ને કંઈક તમે બીમાર પડયા વગર રહેશો નહીં. તો એવી જ રીતની આ કાળજી લેવી પડશે.

આ વાત આપણે સમજવી જોઈએ કે ‘‘બીજભાવે દઢે તુ સ્યાત્’’ બીજભાવ જો દઢ છે તો ત્યાગ એટલે કે ગૃહત્યાગ અને શ્રવણ કીર્તનની કોઈ વધારે જરૂરત નથી. તમે સાંભળી રહ્યા છો ભગવાનની વાત, તમે ગાઈ રહ્યા છો, ભગવાનના ગુણ તેથી બધી વાત બની જશે. કેમ બની જશે થઈ જશે ? આ વાત ધ્યાનથી સમજો કે પ્રભુના ગીતો ગાવાની અને સાંભળવાની જે તમારી તન્મયતા છે તે તન્મયતા એટલી હશે કે તે તન્મયતામાં તમને પ્રભુનુ અસાનિધ્ય કયારેય નહીં લાગે. તો તન્મયતાને કારણે અસેવાનો અવસર જ નથી. દરેક વખતે પ્રભુ તમારા સાનિધ્યમાં જ છે. પ્રભુ તમારા સાનિધ્યમાં છે, તેથી તમારા દરેક કામ તે પ્રકારથી ચાલતા રહેશે. ઘણા બધા ભગવદીયો એવા છે કે જેમણે આ તન્મયતામાં, બીજભાવની દઢતાની તન્મયતામાં માત્ર શ્રવણ-કીર્તનથી પોતાનો નિર્વાહ કર્યો છે.

તો તેઓ કઈ રીતે કરી શકયા ? કારણ કે લીલાની તન્મયતા તેઓમાં

એટલી હતી કે પ્રભુ તેઓના માટે કયારેય અસન્નિધ હતા જ નહીં. **''દિલ કે આઇને મેં હૈ તસ્વીર યાર જબ જરા ગરદન ઝુકાઇ દેખ લી''** આટલુ સાનિધ્ય જેને પ્રાપ્ત છે તેમને સેવાનો અન-અવસર કયાંથી હોય ? તેઓને સેવાનો અન અવસર જ ન હોય.

લોક દૃષ્ટિથી આપણે એવું સમજતા હોઈએ કે તે સેવા નથી કરી રહ્યા. પરંતુ તે તો જયારે પણ બેઠા છે તો ભગવદલીલામાં, કંઈને કંઈ ભગવદ સેવામાં લાગેલા જ છે. જેવી રીતે રાજા આસકરણદાસજી ઘોડા પર ચઢીને લડાઈ લડવા જઈ રહ્યા હતા, ત્યારે પણ તેમની સેવા ચાલી રહી હતી અને કઢી ઢોળાઈ ગઈ તો તે શું છે ? તન્મયતાની અવસ્થા છે.

તો તેમાં ગૃહત્યાગ કરવાથી કઈ ફરક પડવાનો નથી કારણકે તમારી આ બીજભાવની દૃઢતાને કારણે તમને ભગવાન સ્વયં સન્નિહિત (સાનિધ્ય) છે. પરંતુ જો તમને ભગવાનનું સાનિધ્ય નથી, તો પછી તમારે ગૃહત્યાગની ખોટી ધાંધલ ન કરવી જોઈએ. કારણ કે શ્રીમહાપ્રભુજી ભગવાનના સાનિધ્યને માટે ઘરની આવશ્યકતા માને છે, ભગવાનના સાનિધ્ય માટે મંદિરની આવશ્યકતા માનતા હોત તો શ્રીમહાપ્રભુજી ભકિતવર્ધિની ગ્રંથ લખત જ નહીં.

ભગવાનનું સાનિધ્ય તમને ઘરમાં મળે એટલા માટે ઘરની આવશ્યકતા માને છે, ઘરની આવશ્યકતા માટે ભગવાનનું સાનિધ્ય નથી માનતા. ઘરમાં રહેવું આપણા માટે ઘણુ આવશ્યક છે. નહીંતર મંદિરની પાસે ફ્લેટ ખરીદી લ્યો, સવારે જઈ દર્શન કરી આવ્યા પછી ઓફીસે ચાલ્યા ગયા. સાંજે આવી પાછા શયનના દર્શન કરી લીધા કેમ ? આજકાલ આ બિલ્ડર્સ લોકો એવું કરે કે બિલ્ડીંગ બનાવે તેમાં એક મંદિર માટે પણ જાહેરાત કરી દ્યે, કે બાજુમાં મંદિર બનશે કે જેથી તમારે ઘરમાં ભગવાનને ઘુસાડવાની માથાકૂટમાં ફસાવું ના પડે. તો તે જે શહેરનું આયોજન (પ્લાનીંગ) હોય છે, તેમાં આ વ્યવસ્થા રાખવામાં આવે કે જેમાં તમારા ફ્લેટ હોય અથવા ડુપ્લેક્ષ હશે, બંગ્લોઝ હશે તો તેમાં એક મંદિર પણ હશે કે જેથી તમારા ઘરમાં ભગવાન ઘુસી ન જાય. આપણે ભગવાન સાથેનો વ્યવહાર એટલો ડરયુકત થઈ ગયોકે ઘરમાં જો ભગવાન ઘુસી ગયા તો

ખૂબ જ મુશ્કેલી થશે. જેવી રીતે ઘરમાં ઉધઈ ઘુસી જાય તો આપણે ટ્રીટમેન્ટ કરવી પડે.

એવી રીતે ઘરમાં જો ભગવાન ઘુસી જાય તો આપણે કંઈક ટ્રીટમેન્ટ કરાવવી પડે. હવેલીના સ્પેશીયાલીસ્ટને બોલાવીને કે (દવા) છાંટી દ્યો કે અહીંયા ઘરમાંથી ભગવાન નીકળી જાય. તે પછી આવીને દવા છાંટી દ્યે કે પુરુષોતમ નથી, આ તો ગુરુ છે. એમની તો ગુરુભાવથી સેવા કરવી જોઈએ. એવી એવી દવા છાંટી દ્યે કે પછી આખા ઘરમાંથી ઉધઈ નીકળી જાય. આપણે તો નિષ્ણાંતને બોલાવવા પડે. સાધારણ ઉપાયથી તો નિવૃત્ત થાય નહીં. ઘરમા ઘુસેલા ભગવાન માટે કૂવાનું જલ નથી. તો હા નીકળી જાવ, કાઢી મૂકો ભગવાનને, એવા બધા વિશિષ્ટ ઉપાય આપણે ઘર માટે કરાવવા પડે. ઘરમાં ભગવાન ઘુસી જાય તો શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ ધારણા એ છે કે ભગવદ્ સાનિધ્ય માટે ગૃહ આવશ્યક છે. ઘરની આવશ્યકતા માટે ભગવદ્ સાનિધ્યની જરૂરત નથી. જે આજે આપણે આ પ્રકારની પદ્ધતિ ઉભી કરી છે.

''બીજ દાર્ઢ્ય પ્રકારસ્તુ'' તમારો બીજભાવ દઢ કેવી રીતે થશે ? ''ગૃહે સ્થિત્વા'' ઘરમાં રહીને, કેમ કે તમે ઘરમાં જીવી રહ્યા છો. મંદિરમાં તમે જઈ રહ્યા છો. ત્યાં જીવવા માટે નથી જઈ રહ્યા. ચક્કર મારવા જઈ રહ્યા છો. લપ્પન-છપ્પન કરવા જઈ રહ્યા છો. મઠડી પ્રસાદ લેવા જઈ રહ્યા છો. જીવવા માટે જઈ રહ્યા નથી. જયાં તમે જીવી રહ્યા છો ત્યાં ભગવાનને પધરાવો. જયાં તમે જીવી રહ્યા નથી ત્યાં તમે ભગવાનને ત્યાં ચક્કર મારવા જઈ રહ્યા છો, જીવવા માટે તો નથી જઈ રહ્યા ને ? તો જયાં જીવી રહ્યા નથી ત્યાં ભગવાનની આવશ્યકતા નથી.

એટલા માટે જે ભગવાનની સાથે જીવી રહ્યા છે તેના માટે ગૃહત્યાગ પણ બતાવી દીધો છે કે જો તમારું મન ભગવાનમાં એટલું બધું તલ્લીન થઈ ગયું છે, કે જયાં પણ જાવ ત્યાં તમને ભગવાન પ્રાપ્ત છે. તો પછી ઘર છોડી દયો પછી કોઈ ઘરની આવશ્યકતા નથી. પરંતુ જો તમારું મન ભગવાનમાં હજી એટલુ તલ્લીન નથી તો તે સ્થિતિમાં તો તમારે ભગવાનની સાથે જીવવું પડશે અને

માણસ જીવે કયા ? ઘરમાં કે મંદિરમાં ?

મંદિરમાં મોટાભાગે ઉંદર જીવે, બિલાડી રહે, કોઈ ભકત તો ન જીવી શકે ને ? મઠડી–મોહનથાળ ખાવાને માટે ઉંદરો ઘણા રહે. જેમ કે ચર્ચના ઉંદર ઘણા દુબળા માન્યા જાય અને મંદિરના ઉંદરડા આપણે ત્યાં એક કહેવત છે કે **મંદિરનો ઉંદર છે, કોઇ ચર્ચનો ઉંદર થોડો છે!** તો આ પ્રકારે. મંદિરમાં તો ભકતની જરૂરત નથી. ઉંદરની જરૂરત છે તો જો તમે ભકત છો, તો તમારે ઘરમાં જીવવાનું છે અને ઘરમાં જીવવું છે તો ભગવાન વગર તમે જીવશો તો તમારો ભકિતનો ભાવ દઢ થશે નહીં. કેમ કે જો તમે ભગવાનની આંશિક સમયની સેવા સમજી કે હવે ભઈ કોઈ ફુરસદના સમયમાં ઓફિસથી આવતા–જતા દર્શન કરી આવીએ, તો પછી તમે ભગવાનની સાથે જીવી તો નથી રહ્યા. ભગવાનને માટે જીવી રહ્યા નથી. તમે તમારા સંસારને માટે જીવી રહ્યા છો. ઘરના તમારા સાંસારિક સંબંધ છે તેમની સાથે જીવી રહ્યા છો. તો જયારે ભગવાનની સાથે જીવી રહ્યા નથી, ભગવાનના માટે જીવી રહ્યા નથી. તો તે સ્થિતિમાં તમારો ભકિતનો બીજભાવ દઢ કેવી રીતે થશે ?

ભકિત કોઈ કર્મકાંડ તો છે નહીં., ભકિત તો પૂરી જીવન પ્રણાલી છે. જે આપણે ચતુઃશ્લોકીમાં જોયું ને કે ધર્મ પણ ભકિત છે. અર્થ પણ ભકિત છે. કામ પણ ભકિત છે અને મોક્ષ પણ ભકિત છે. તો જેનો વ્યાપ આટલો મોટો છે, જેની મર્યાદા આટલી મોટી છે, તેને તમે વધારાના સમયમાં કરશો તો કયાંથી બીજભાવ દઢ થશે ? તો આ પ્રોગ્રામના અંતર્ગત આ વાત અશકય છે. તે સમજો થોડીક અક્કલ વાપરશો, શ્રીમહાપ્રભુજીમાં શ્રદ્ધા રાખીને, વિશ્વાસની વાત નથી કરી રહ્યો, નિષ્ઠાની વાત નથી કરી રહ્યો. પરંતુ શ્રીમહાપ્રભુજીમાં શ્રદ્ધા રાખીને થોડીક અક્કલ વાપરશોને તો આ વાત સમજમાં આવશે કે ભગવાનની સાથે જીવવું છે, ભગવાનના માટે જીવવાનું છે, તો ભકિતનો બીજભાવ દઢ થશે.

ભકિતનો બીજભાવ દઢ થઈ ગયો તો પછી ઘરની જરૂર નથી. ઘરની બહાર પણ જીવી શકો, ઘરમાં પણ જીવી શકો. પરંતુ જો ભકિતનો બીજભાવ દઢ નથી, સંસારાસકિતનો બીજભાવ આપણો દઢ કેવી રીતે થયો ? ધ્યાનથી

સમજો આ વાતને આપણે, બાળક, આપણી પત્ની, આપણો પતિ, આપણા મા-બાપ, આપણું ઘર, આપણી ખાવાની પદ્ધતિ, આપણું બાથરૂમ, આપણો બેડરૂમ, આપણને શા માટે પસંદ આવે છે ? આટલી આરામદાયક જગ્યા બીજી કેમ નથી લાગતી ? સીધું કારણ છે કે આપણે તેને જીવ્યા છીએ. તેના માટે આપણું જીવન જીવ્યા છીએ. તેથી કરીને તે વિષયાસકિતનો બીજભાવ દૃઢ થઈ જાય છે.

હું મોટેભાગે એક વાત કહેતો રહું છુ કે બે વર્ષ માટે ખાલી હું બનારસ ભણવા ગયો અને ત્યાં ધર્મશાળાના રૂમમાં રહ્યોને હજી પણ બનારસ જાવ તો મને એવું લાગે કે હા આ રૂમ આપણો. બે વર્ષ ફકત જે રૂમમાં રહ્યો તેમાં બીજભાવ દૃઢ થઈ ગયો તો આપણે એક વખત આપણા ઘરમાં શ્રીઠાકોરજીની સાથે બે વર્ષ જીવીને જોઈએ. શ્રીઠાકોરજી સાથે બીજભાવ કેટલો દૃઢ થશે ?

બે વરસ સેવાને જીવીને જુઓ. સેવાની પ્રણાલીથી જીવન જીવવાથી બીજભાવ કેટલો દૃઢ થઈ જશે. બે વરસ તમારા પૂરા પરિવાર પ્રત્યે તમારો જે આસકિતનો ભાવ છે તે કેટલો ભકિતમય થઈ જશે. આ વાત આપણને ત્યારે સમજમાં આવી શકે જયારે બે વરસ જે કાંઈ તમે ખાઈ રહ્યા છો તે શ્રીઠાકોરજીને ભોગ લગાવીને, તો જુઓ તમારા મનમાં, બાળકોના મનમાં એ વાત સમજમાં આવી જશે કે શ્રીઠાકોરજીને ભોગ નથી ધર્યો તો હમણા નથી ખાવું.

જેના ઘરમાં સેવા બિરાજે તેના નાના બાળકોને પણ એ વાત સમજમાં આવી જાય કે શ્રીઠાકોરજીને ભોગ નથી ધર્યો તેથી હમણા ખાવાનું નથી. તો આટલો બીજભાવ દૃઢ થઈ જાય. આપણો બીજભાવ શા માટે દૃઢ ન થાય ? કારણકે શ્રીઠાકોરજી નીચે આરોગે આપણી તપેલી અલગ સિદ્ધ થાય. તે તપેલીમાંથી શ્રીઠાકોરજી આરોગે નહીં અને જે શ્રીઠાકોરજી આરોગે તે તો આપણા નોકરના પગાર પેટે જાય. આ બીજભાવમાં કેવી તિરાડ થઈ ગઈ છે. આ વાત ધ્યાનથી સમજો તો સમજમાં આવશે કે આપણે શ્રીઠાકોરજીની સાથે જીવન જીવવાનો જે અભિગમ છે, જીવન જીવવાનો જે એક આગ્રહ છે, જીવવાનો જે ભાવ છે તે જ ખોઈ દિધો છે. આપણે શ્રીઠાકોરજીની સાથે જીવન

જીવવા નથી માંગતા. પરંતુ શ્રીઠાકોરજી ઉપર આપણે જીવન જીવવા માંગીએ છીએ. શ્રીઠાકોરજી ઉપર (શ્રીઠાકોરજીને ધંધે બેસાડીને) આપણે જીવવા માંગીએ છીએ. તો પછી વાત જ બદલાઈ ગઈને. શ્રીઠાકોરજીની સાથે જયારે જીવન જીવવા માંગીએ. શ્રીઠાકોરજીના માટે જો જીવન જીવવા માંગીએ તો ભકિતનો ભાવ દૃઢ થશે. જયારે શ્રીઠાકોરજી ઉપર જીવવા માંગીશું તો ભકિતનો ભાવ દૃઢ નહીં થાય. પછી તો કંઈક બીજો જ ભાવ દૃઢ થઈ રહ્યો છે. જે આજે આપણામાં દૃઢ થઈ ગયો. તો આ વાત ધ્યાનથી સમજો.

(અદૃઢબીજભાવનામ્ અવ્યાવૃત્તાનામ્[ખ/૧] વ્યાવૃતાનાં[ખ/૨] પુષ્ટિજીવાનાં કૃતે ભક્તેઃ ફલાત્મકપ્રવૃદ્ધ્યુપાયાઃ)–અદૃઢબીજભાવવાળામાં અવ્યાવૃત્ત અને વ્યાવૃત્ત પુષ્ટિજીવો માટે ભકિતના ફલાત્મક પ્રવૃદ્ધિના ઉપાયો.

બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।।
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ[ખ/૧] ।। ૨ ।।
વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા[ખ/૨] ।।

અહીંયા શ્રીમહાપ્રભુજી ફરી પાછા તે ધર્મ લાવી રહ્યા છે કે તમે ઘરમાં રહી રહ્યા છો, ઘરની જે શાસ્ત્રીય મર્યાદા છે, જે લોક મર્યાદાઓ છે, તેમનું ઉલ્લંઘન કરીને તમે જીવો નહીં. જે કંઈ પણ લોક મર્યાદા, શાસ્ત્ર મર્યાદા છે તેને નિભાવતા, તેમને તમારી ભકિતનું અંગ બનાવીને આ ધર્મ અમે નિભાવશું.

જેમ આપણે ત્યાં વિવાહનો સંકલ્પ કરે તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં, ઇમે ઇદમ્ કરીએ''** શ્રાદ્ધ કરીએ તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યથ''**, છોકરીને પરણાવીએ તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં''** ગ્રહણનું દાન આપીએ તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં''** જીવીએ તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં''** મરીએ તો **''ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં''** આવી રીતનું **ગોપીજન વલ્લભ પ્રિત્યર્થં** જીવન જીવીને જોઈએ તો ભકિતનો ભાવ દૃઢ થઈ શકે.

હવે આમા જુઓ ધ્યાનથી એક વાતને સમજો. દૃઢ બીજભાવને આપણે 'ક' કહ્યો અને અદૃઢ બીજભાવને 'ખ' કહ્યો છે. અદૃઢબીજભાવવાળા જે

અવ્યાવૃત છે તેમને આપાણે ‘ખ^{૧}’ કહ્યો, જે વ્યાવૃત્ત છે તેમને ‘ખ^{૨}’ કહ્યા. તે હિસાબે ‘‘અવ્યાવૃત્તો ભજેત કૃષ્ણમ્ પૂજયા શ્રવણાદિભિઃ’’ ‘ખ^{૧}’ અને વ્યાવૃત્તો અપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા ‘ખ^{૨}’ છે.

હવે કોઈ કારણથી તમે એટલા વ્યસ્ત છો, સેવાની જીવન પ્રણાલી નિભાવી શકતા નથી. કોઈ ચિંતાની વાત નથી. શ્રીમહાપ્રભુજી એવું નથી કહી રહ્યા કે મંદિરમાં જાવ તો તમારો બીજભાવ દઢ થઈ જશે. શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે ? કે ‘‘વ્યાવૃત્તો અપિ હરૌ ચિતં શ્રવણાદૌ ન્યસેત્ સદા’’ તે સ્થિતિમાં અવ્યાવૃત્તમાં પૂજા શ્રવણાદિ નવધા ભકિત અને વ્યાવૃત્તમાં શ્રવણાદિ ત્રણ (શ્રવણ, કીર્તન, સ્મરણ) અને દાસ્યાદિ ત્રણ (દાસ્ય, સખ્ય, આત્મનિવેદન)ની ભાવના. એટલે કે બહાર તમે એટલું તો કરી શકો ને કે પ્રભુનું કંઈક શ્રવણ કરો, જે સાંભળ્યુ છે તેનું કંઈક કીર્તન કરો અને જે કીર્તન કર્યુ તેનું કંઈક ચિંતન કરો અને મનમાં જે પણ કંઈ ભાવના સ્ફુરિત થતી હોય, દાસ્ય હોવાની, સખા હોવાની અથવા તો આત્મનિવેદનની તે ભાવનાઓને મનમાં વાગોળતા રહો. ધીરે ધીરે ભકિતનો બીજભાવ દઢ થવાની સ્થિતિ પર જવા લાગશે.

પરંતુ આ બધા કામ ઘરમાં રહીને કરવાના છે. ‘‘ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ’’ મંદિરમાં જઈને નહીં. આ એક પદ્ધતિ (પેટર્ન) બતાવી.

(અદઢબીજસ્ય વ્યાવૃત્તસ્ય જીવસ્ય પ્રેમાસકિત-વ્યસનસોપાનક્રમેણ બીજભાવદઢતાયાં રાગવિનાશાદિના કૃતાર્થતા ચ)- અદઢ બીજભાવવાળા જે જીવ છે, જે સેવા કોઈ કારણથી નથી કરી શકતા. તેને ધીરે ધીરે શ્રીમહાપ્રભજી કહી રહ્યા છે કે પ્રેમ, આસકિત અને વ્યસનના જે સોપાન છે તે ક્રમથી બીજભાવ દઢ થવાથી તેને સાંસારિક વિષયોથી રાગ ખતમ થઈ જશે અને તે જીવ કૃતાર્થ થઈ શકે છે. આવી રીતે મંદિરમાં સેવા કરવાથી જ બીજભાવ દઢ થઈ શકે એવી શ્રીમહાપ્રભુજીને કલ્પના પણ ન હતી. જુઓ અહીંયા કમ સે કમ ભકિતવર્ધિનીનો જે ઉપદેશ શ્રીમહાપ્રભુજી આપણને આપી

રહ્યા છે તેમાં શ્રીમહાપ્રભુજી એવી કલ્પના નથી કરી રહ્યા કે આવું પણ કંઈક થઈ શકે છે !

તતઃ પ્રેમ તથાસકિતઃ વ્યસનં ચ યદા ભવેત્ ॥૩॥
બીજં તદ્ ઉચ્ચતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ॥
સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ગૃહારુચિઃ॥૪॥
ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ॥
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ॥૫॥

શ્રવણાદિમાં તમે તમારું ચિત્ત લગાવ્યું તો શ્રવણની પ્રક્રિયાથી જ ધીરે ધીરે તમારું ચિત્ત પ્રભુમાં પ્રેમમય થઈ જશે. પ્રેમમય થતા થતા આસકિતનું રૂપ ધારણ કરી લેશે અને વ્યસન થઈ જશે. ત્યારે તમારો બીજભાવ દઢ થયો કહેવાય. ‘‘બીજં તદ્ ઉચ્ચતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ’’ મેં કુંડાના ઉદાહરણથી આ વાત સરસ રીતે સમજાવી હતી. કે જેને ખેંચી શકાય નહીં, જે તૂટી શકે નહીં, જે છોડને માટીથી અલગ કરી શકાય નહીં, તેનો બીજભાવ દઢ કહેવાય. એવી રીતે આ જે ભકિતનો છોડ છે તેને આપણી આત્માની માટીથી જયારે છૂટો પાડી શકાય નહીં, એટલો આત્મા ભકિતની જકડમાં આવી જાય, ભકિતના બીજભાવના જડો (મૂળો)થી ઘેરાઈ જાય. ભકિતની જે જડ છે તે આપણી આત્મામાં ફેલાઈને બધી બાજુથી આપણી આત્માની બધી વૃત્તિને આવી રીતે જકડી લે કે તેને પકડો તો અત્મા પણ ખેંચાય, આવા પ્રકારની પરિસ્થિતિ જયારે આવે ત્યારે કહે કે આ શું થઈ રહ્યું છે ?

‘‘સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદ્’ આ સ્નેહને કારણે તમને જાગતિક (લૌકિક) વિષયમાંથી રાગ ખતમ થઈ જશે. તમારી તે વિષય પ્રત્યે આસકિત ખતમ થઈ જશે અને તમારી ભગવાનમાં આસકિત થઈ જશે. હવે જયારે ભગવાનમાં આસકિત થઈ જાશે પછી જુઓ રાગ અને આસકિતમાં શું ભેદ છે ? રાગ એટલે ભગવાનના રંગમાં આપણું ચિત્ત રંગાઈ ગયું. પરંતુ આસકિત તેનાથી વધારે છે **‘‘આસમન્તાદ્ સકિત’’** બિલકૂલ સંપૂર્ણ રીતે ચોંટી જવું.

તમે સારી રીતે જાણતા હશો કે આપણે જયારે કપડા રંગીએ અને તે રંગ કાચો હોય તો મોટેભાગે કપડા ધોઈ નાખો તો તે નિકળી જાય. તેમાં કોઈ દઢ પ્રક્રિયાથી તે રંગવામાં આવે તો પછી ધોવા છતાં રંગ નિકળશે નહીં. તો રંગને દઢ કરવા અલગથી પ્રોસેસ (પ્રક્રિયા) કરવી પડે છે તેવી રીતે આસકિત પણ આ પ્રકારનો રંગ છે કે રંગ પણ લાગી ગયો અને તેના પર તે દઢ થાય તેવું પણ લગાવી દીધું.

ફોટોગ્રાફમાં પણ જેમ કલર ફોટોગ્રાફ હોય તો એક વખત રંગ આવી જાય પછી તેને કોઈ એવા રાસાયણિક પ્રવાહીમાં ડુબાડવા પડે કે જેના કારણે તે રંગ પાછો નિકળી ન જાય. તો આસકિત જે છે તે એક અવસ્થા છે કે રંગ તો આવી ગયો પરંતુ રંગ આવ્યા પછી તેને દઢ કરવા બીજું અલગથી લગાવવું પડે અને પછી તે દઢ થઈ જાય. તો તે આસકિતની અવસ્થા છે.

“આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ” તે આસકિતથી તમને તમારા ઘરમાં અરુચિ થવાની શરૂ થશે કેમ ? ધ્યાનથી સમજો કે તમારા ઘરમાં તમે ભગવાનની સાથે જીવવાની પ્રણાલી નિભાવી શકતા નથી. તેથી તમને ઘરમાં અરુચિ થશે. મંદિરોએ આપણને શું નુકશાન પહોંચાડયું છે ? એ વાત ધ્યાનથી સમજો કે આપણને ઘરમાં અરુચિ થવા જ ન દીધી. કેમ કે બાજુમાં હવેલીએ દર્શન કરીને પ્રસાદ લઈ આવ્યા. હવે શા માટે ઘરમાં અરુચિ થાય ? આસકિત થઈ જાય, પ.ભ. થઈ જાય તો પણ ઘરમાં અરુચિ ન થાય.

હું એક એવા પ.ભ.ને ઓળખું છુ કે બિચારા એક વૈષ્ણવે તેની પત્નીને ડિલેવરી થવાની હતી તેથી આજથી છેતાલીસ સુડતાલીસના સમયમાં ઘર દીધું. સુડતાલીસમાં તેણે કહ્યું હતું કે મારી પત્નીને ડીલેવરી આવવાની છે તો રહેવા માટે ઘર આપો તો તેણે પોતાનું રહેવાનું ઘર ખાલી કરીને તેને દીધું કે તારી પત્નીને ડીલીવરી આવવાની છે તો ચાલો ઘરમાં તમે રહો. સુડતાલીસથી આજ સુધી નિકળ્યો નથી. હવે પૂછે કે કયારે નીકળીશ તો કહે કે લાશ નીકળશે અને લાશ પણ નીકળી ગઈ તો છોકરાઓ ઘરમાંથી થોડા નિકળશે. આવા આવા જે ભગવદીય છે તેની પણ ગૃહાસકિત આટલી તીવ્ર છે. આ વાત સમજો. આટલી

બધી તીવ્ર ગૃહાસકિત છે. કારણકે તે હવેલીનો ધંધો ચાલી રહ્યો છે તેથી આનંદ છે. પરંતુ તેને ભગવાનમાં આસકિત છે જ નહીં. તે બાઈ બિચારી રોતી રહી કે મારા પતિએ મારી સાથે આવો દગો કર્યો કે તેને ઘર આપી દીધુ જે અમને આજ સુધી પાછું મળ્યું નથી.

ફકત ચાલીસ દિવસ ડીલેવરી માટે ઘર આપ્યું હતું. તો આવું થાય છે. આવા પ.ભ. પણ ઘરમાં ઘુસી ગયા તો ઘરમાં એટલી આસકિત થઈ જાય. જેમ ઓકટોપસ આઠેય પંજાથી કેવી રીતે પકડે તેમ ઘરને પકડી લીધું, ભગવાનને પકડયા નહીં. આપણે ત્યાં આવા આવા પ.ભ. હોય તો આ વાત ધ્યાનથી સમજો.

‘‘ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે’’ ગૃહસ્થી છે તે સમયે ઘરમાં જે વસ્તુ છે, તે પાછી બાધક લાગશે અને તેમાં આત્મીયતાનો અનુભવ આપણને નહીં થાય. કારણ કે જે ઘર તમારા ભકિતમય જીવન જીવવાનો ભાગ બની શકયું નહીં, જે ઘરનાં પરિવારના સભ્યો તમારા ભકિતમય જીવન જીવવાનો ભાગ બની શકયા નહીં, તમારા સહકારી સહયોગી બની શકયા નહીં. તે બધા તમને હવે અનાત્મીય લાગવા મંડશે. ત્યારબાદ...

(ભગવતિ જાતવ્યસનસ્યાપિ વ્યાવૃત્તસ્ય સર્વદા ગૃહએવ નિવાસઃ ભકિતભાવબાધકો ભવતીતિ ગૃહત્યાગપ્રશંસા)-કથા પ્રણાલિથી ભગવાનમાં વ્યસન થવાવાળાને સર્વદા ઘરમાં નિવાસ ભક્તિભાવમાં બાધક થાય છે તેથી તેવા અધિકારવાળાના ગૃહત્યાગની પ્રશંસા કરવામાં આવે છે.

તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।
ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ।।૬।।
લભતે સુદઢાં ભકિતં સર્વતોડપ્યધિકાં પરામ્ ।।

આસકિત પછી જયારે તમને ભગવદ્ વ્યસન થયું અને તે સમયે તમે ઘરનો ત્યાગ કર્યો નહીં, તો તમારો વિનાશ થઈ જશે. તે સ્થિતિમાં તમારે ઘરનો ત્યાગ કરવો, તેની પહેલા ત્યાગ કરવો નહીં. તે સમયે તમે ઘરનો ત્યાગ કરીને અને ‘‘તદર્થાર્થૈકમાનસઃ’’ ફકત ભગવત્ કામનાથી જ જો તમે ઘર છોડીને નીકળી

જાવ તો ''લભતે સુદઢાં ભકિતં સર્વતોડપ્યધિકાં પરામ્'' તમને સર્વથી અધિક ઉત્તમ સુદઢ ભકિત પ્રાપ્ત થશે.

પુષ્ટિમાર્ગીઓને શ્રીમહાપ્રભુજીનો આ ઉપદેશ કયારેય પસંદ આવશે નહીં. સિવાય કે તેના છોકરાઓએ પોતાના વૃધ્ધ મા-બાપને કાઢી મુકેલ છે, તેના સિવાય આ ઉપદેશ કોઈ પુષ્ટિમાર્ગીયને કયારેય પસંદ આવ્યો નથી. કારણકે આ દિશામાં કોઈ આગળ વધવાનો પ્રયત્ન જ કરતા નથી. હવે છોકરા કાઢી મુકે, વહુઓ કાઢી મુકે તો આપણે પણ કહીશું કે ''ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ'' ગોકુલમાં જઈને રહીશું, મથુરામાં જઈને રહીશું, વૃંદાવનમાં જઈને રહીશું, નાથદ્વારામાં જઈને રહીશું, વહુ અને છોકરા ઘરમાં રાખવા માંગતા નથી તેથી ત્યાગ કરવો પડયો, તે ત્યાગ એક અલગ ત્યાગ છે અને તમારો ભકતનો ભકિતના વ્યસનના કારણે ગૃહત્યાગ કર્યો તે એક અલગ ગૃહત્યાગ છે. બન્ને વાતને અલગ અલગ કરીને સમજો.

''લભતે સુદઢાં ભકિતં સર્વતોડપ્યધિકાં પરામ્'' સુદઢ સર્વથી પણ અધિક ભકિત તમને પ્રાપ્ત થશે. મને એ કયારેય લાગતું નથી કે આજકાલ કોઈ પુષ્ટિમાર્ગમાં આ ઉપદેશને અનુસરતો હોય અને વ્યવહારમાં લાવતો હોય. કર્તવ્યના વિષયમાં જયારે તમે ઘરનો ત્યાગ કરી રહ્યા છો, ત્યારે ઘરનું તમે તે બાબતમાં અભિમાન રાખ્યું નથી. તો ઘર પ્રત્યે તમારું કોઈ કર્તવ્ય પ્રાપ્ત થતું નથી તેથી બધું જ છૂટી ગયુંને.

એક વાત સમજો બધા જ કર્તવ્ય અભિમાન મૂલક હોય છે. અભિમાન નથી તો કોઈ કર્તવ્ય નથી. જો તમારું અભિમાન ખંડિત થઈ ગયું. અભિમાનનો કોઈ ઢોંગ નથી અને અનઅભિમાનનો પણ ઢોંગ નથી. પરંતુ ખરેખર તમારું કોઈ અભિમાન નથી. તો તમારું કોઈ કર્તવ્ય નથી. જેમ તમે પોતાને મનુષ્ય માની રહ્યા છો, તો મનુષ્યનું જે કર્તવ્ય છે તે તમારું કર્તવ્ય છે. પરંતુ તમારામાં મનુષ્યતાનું અભિમાન જ ન હોય, આવી સ્થિતિ કયારે ઉત્પન્ન થઈ શકે. સામાન્ય સ્થિતિમાં તમને બતાવું.

જેમ આપણે બિલકુલ પાગલ થઈ જઈએ તો મનુષ્યતાનું અભિમાન

છૂટી જાય. આપણે બિલકુલ લકવામાં ચાલ્યા ગયા. તો મનુષ્યતાનું અભિમાન છૂટી ગયું. આપણે કોમામાં ચાલ્યા ગયા, તો મનુષ્યતાનું અભિમાન છૂટી ગયું. પછી કોને અપેક્ષા હોઈ કે તમે મનુષ્યની જેમ વર્તન કરો. કોઈ પાગલે તમને ગાળ દીધી તો તમે ખરાબ માનશો ? શું કામ ખરાબ નહીં માનો ? કારણ કે કોઈને ગાળ ન દેવી આવી અપેક્ષા મનુષ્યથી હોય છે, પાગલથી નહીં. પાગલની એકવાર કલકતામાં ખૂબ જ મજેદાર વાત થઈ હતી.

એક માણસ ફૂટપાથ ઉપર સુતેલાની હત્યા કરતો હતો. તો કંઈક દશ-પંદર જેટલા ખૂન થઈ ગયા. પછી બધાએ વિચાર્યુ કે કોણ ખૂન કરે છે. તો કોઈએ કહ્યું કે પાગલ છે. તો પોલીસ નીકળી અને રસ્તામાં જેટલા રખડપટ્ટી કરતા પાગલ જેવા લાગતા હોય તેવા બધાને પકડી લાવ્યા. તો પંદર વીસ પાગલને પકડીને લાવ્યા. તે બધાની પાસે જવાબ માંગ્યા કે તમે હત્યા કરી છે ? તે પંદર-વીસ બધાએ કબૂલ કર્યુ કે હા અમે હત્યા કરી છે. પોલીસે કહ્યું કે બધા કબૂલ કરે કે અમે ખૂન કર્યુ છે તો ફાંસીએ કોને ચઢાવવા, કોના ઉપર આરોપનામું કરવું. કોના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી. તે પાગલને પુછયું તમે હત્યા કરી ? હા, તેની હત્યા કોણે કરી ? તે પણ અમે જ કરી હતી. પહેલાની હત્યા કોણે કરી ? હા તે પણ અમે જ કરી હતી. તો જેટલી હત્યા કરી હતી, તે બધાએ કબૂલ કર્યુ કે તે અમે જ હત્યા કરી છે. તો પાગલ તો આવા જ હોય ને પોલીસે બધાને છોડી દીધા કે જાવ કોઈએ ખૂન કર્યુ નથી. પાગલને કાનૂન બંધન ના કરી શકે અને કોઈ ધર્મ પણ બંધન ન કરી શકે. પાગલ તો પાગલ છે. અભિમાન જ છૂટી ગયું ને.

તો તે જેમ પાગલપણાનો રોગ છે એ પાગલપણાની દિવ્યતા પણ હોઈ શકે ને ! મીરાનો જે ઝઘડો હતો રાણા સાથે તે આવો જ ઝઘડો હતો તે કૃષ્ણની દિવાની હતી. તેના બધા જ અભિમાન છૂટી ગયા હતા. રાણા કહેતા હતા કે તમે પડદામાં રહો, તે પગમાં ઘુંઘરું બાંધીને મીરા નાચી. હવે રાણા બિચારો શું કરે ? બધી ઈજ્જત રાખમાં મળી ગઈ કે નહીં ?

પરંતુ આજ સુધીની વાત ધ્યાનથી સમજો કે રાણા કોણ હતો. તે ઈતિહાસનો વિષય છે. પરંતુ મીરા કોણ હતી તે ઈતિહાસનો વિષય રહ્યો નથી.

બધાનો રોજનો ગાવાનો વિષય થઈ ગયો. બધાની ભકિતના ગીતનો વિષય થઈ ગયો. તો જે તેને રોકી રહ્યો હતો, તે મીરાનો પતિ તે રાણા કોણ હતો. ખૂબ જ ઐતિહાસિક સંશોધનથી ખબર પડી કે તે રાણા હતો, બાકી કોઈને ખબર નહોતી. તે પણ મીરાએ કહ્યું કે રાણાજીએ પ્યાલો મોકલ્યો, તેથી ખબર પડી કે તેનો પતિ રાણા હતો.

તો પાગલપન જેનું આવું હોય તેનું શું કર્તવ્ય રહી જાય ? પાગલ નથી, ત્યાં સુધી આ બધી વાતોમાં તમારું અભિમાન છે. પાગલ થઈ ગયા પછી કોઈ અભિમાન પણ નથી અને અભિમાન નથી પછી કોઈ કર્તવ્ય નથી. તો પોલીસ પણ પકડે તો હા અમે કર્યુ ? પછી પોલીસ શું કરશે ? જેટલાને પકડયા તે બધાએ કબૂલ કર્યુ કે અમે ખૂન કર્યુ તો છોડી દીધા.

તો આ વાત ધ્યાનથી સમજો કે અભિમાનથી કર્તવ્ય પ્રાપ્ત થાય. અભિમાનથી નિવૃત્ત થવાથી બધુ જ કર્તવ્ય નષ્ટ થઈ જાય છે. હવે અભિમાન કઈ કઈ પરિસ્થિતિમાં નિવૃત્ત થાય ? એક શારીરિક પાગલપન, માનસિક પાગલપન અને આંતરિક જે દિવ્ય વૈરાગ્ય આવે તો પણ અભિમાન નિવૃત્ત થાય. બ્રહ્મજ્ઞાનથી પણ અભિમાન નિવૃત્ત થાય. ભકિતથી પણ જો પાગલપન ચઢે તો બધા જ અભિમાનનો નાશ થઈ જાય. અભિમાન નષ્ટ થઈ ગયું તો પછી કોઈ કર્તવ્ય રહેતું નથી.

પરંતુ તમે બન્નેને એકસાથે કરો છો કે અમારા ઉપર ભકિતનું પાગલપન સવાર છે અને પાછા અમે ઘરમાં પણ રહીએ છીએ. મતલબ કાં તમે ઘરનો ઢોંગ કરો છો અથવા ભકિતનો ઢોંગ કરી રહ્યા છો. બેમાંથી એક જ પરિસ્થિતિ હોય શકે. બન્ને વાત એક સાથે તો ચાલી શકે નહીં.

(ગૃહત્યાગાનુકલ્પો = ભગવત્સેવાકથાપરૈઃ ભગવદીયૈઃ સહ નિવાસઃ તત્પ્રકારશ્ચ)–ગૃહત્યાગનો એક અનુકલ્પ બતાવી રહ્યા છે. અનુકલ્પ કેમ ? કારણ કે આ પ્રકારનું પાગલપન સવાર થવું ઘણું જ કઠીન છે અને તે પાગલપન સવાર થયા વિના ગૃહત્યાગ કરવો ન તો ઉચિત છે, ન તો આવશ્યક છે. તો શું કરવું ? તે માટે શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે.

ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ ॥૭॥
અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ॥
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ॥૮॥

તમે ત્યાગ કરશો તો ઘણીબધી તકલીફ ઉત્પન્ન થશે અને દુઃસંગ તમે પોતાના ઘરવાળાનો માનો છો કે તમને તેનો દુસંગ છે એટલે તમે ભકિત નથી કરી શકતા. તો જયારે તમે ઘરનો ત્યાગ કર્યો કે તરત જ બે-ચાર ચેલા ભેગા થઈ જશે. જેમ બે-ચાર ચેલા ભેગા થયા તે બધો દુઃસંગ પાછો તમને ચેલાથી લાગશે, જે દુઃસંગ દિકરો લગાડી રહ્યો નહોતો. એટલો દુઃસંગ તમને ચેલાઓ લગાવી દેશે અને પાછા અન્ન પણ તમે કયા કયાંથી માંગીને ખાશો તેનો દોષ પણ થશે.

તેથી આનો કાંઈક એવો મધ્યમ માર્ગ કાઢો કે જેમા ન તમે પૂરો ત્યાગ કરી રહ્યા છો, ન તમે પૂરો ભોગ કરી રહ્યા છો. કંઈક એવો એક મધ્યમ માર્ગ કાઢો. ‘‘અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ’’ આથી હરિના સ્થાનમાં જયાં તમને કોઈ એવો ભગવદીય મળી જાય જે તદીય છે. ભગવદીય છે અને ભગવદ્ સેવા કથામાં પરાયણ છે. તેના સત્સંગમાં તમે રહી શકો. એવા સ્થાનને શોધો અને તેની પાસે વધારે નજીક ન જાવ અને તેનાથી વધારે દૂર પણ ન રહો. એટલે કે એટલા નજીક ન જાવ કે તેના દોષ તમારામાં સંક્રાત એટલે કે તમારામાં આવી જાય અને એટલા તેનાથી દૂર પણ ન રહો કે તેના ગુણનો લાભ પણ તમને ન મળે.

‘‘અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ’’ જો આવી રીતે રહેશો તો પછી સાથે રહીને શું થશે ? આવી રીતે ‘‘અદૂરે વિપ્રકર્ષે’’ થી સત્સંગ કરવાથી શું લાભ થશે તે શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે.

(સ્વગૃહે સ્વકીયસ્ય વા ગૃહેડપિ સેવાકથાપરાયણસ્ય કદાપિ નાશો ન ભવતીતિ સિદ્ધાન્તસંક્ષેપઃ)-આપણા ઘરમાં અથવા આપણો કોઈ સ્વકીય ભગવદીય છે જે પોતાના ઘરમાં સેવા-કથા પરાયણ છે તેનો કયારેય નાશ થવાનો નથી.

સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિતદઢા ભવેત્ ॥
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ॥ ૯ ॥

સેવાથી કે કથાથી જે રીતે પણ દઢ આસકિત થાય તે જીવનો કયારેય નાશ થવાનો નથી.

(ભકિતભાવસ્ય બાધસમ્ભાવનાયામ્ એકાન્તે વાસો ન ઇષ્ટઃ)- ભકિતભાવના બાધની સમ્ભાવનામાં એકાન્તમાં વાસ કરવો ઈચ્છનીય નથી.

બાધ-સમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઇષ્યતે ॥
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ॥ ૧૦ ॥

તમને પોતાને પોતાનામાં આત્મ વિશ્વાસ ન હોય કે મારો ભકિતનો બીજભાવ દઢ થયો કે નહીં. દઢ કયા કરું ? કયા જાઉં ? કોનો સત્સંગ કરવો ? કોનો સત્સંગ ન કરવો ? તો એક વાત શ્રીમહાપ્રભુજી કહે છે કે આવી પરિસ્થિતિમાં કયારેય પણ એકાન્તમાં રહેવાનો તો વિચાર મનમાં કરો જ નહીં. શા માટે ? એક વાત ધ્યાનથી સમજો. એકાંતમાં રહેવાથી મનુષ્ય નિષ્ક્રિય થઈ જાય. જે બધાની સાથે હળીમળીને રહેશે તે બધાના સુખ દુઃખને પણ એક-બીજાને કહેશે. બધાના ગુણ-દોષ પણ એક બીજાને જણાવશે. જે વ્યકિત એકાંતની પ્રક્રિયામાં ઉલજેલો રહે છે તે ભકિતની પ્રક્રિયાથી સિધ્ધો દૂર થઈ જાય છે. કેમ ? આ ખૂબ ખરાબ ઉદાહરણ છે પરંતુ સમજવા માટે કામ આવશે.

જેમ કૂતરો છે, સિંહ છે, ગધેડો છે, એમ જેટલા પણ જાનવર છે, તેને એકાંતમાં રાખોને તો ખૂબ જ હિંસક થઈ જાય અને મનુષ્યની સાથે હળીમળીને રાખો તો તેની પૂંછડી હલાવતા થઈ જાય. કારણકે ફરી તે આસકિત ઉત્પન્ન કરાવી દે. આસકિત ઉત્પન્ન થવાના કારણે પાછી તેની હિંસાવૃત્તિ નષ્ટ થઈ જાય છે. તો એકાંતમાં જે વ્યકિત જાય છે તે ખરેખર ખૂબ જ હિંસાત્મક થઈ જાય છે. કારણ કે તે કોઈના સુખ દુઃખમા ભાગ લેતા નથી. કોઈના ગુણ દોષથી આપણે પોતાની ન તો સરખામણી કરી શકીએ, ન વિરોધ કરી શકીએ. બધાને એક જ અંતરથી જોવા લાગીએ. જયારે બધામાં મળીને આપણે પોતાને જોઈ રહ્યા છીએ

તો તેના ગુણ દોષ આપણામાં પણ આવે છે.

જેમ ગાલીબે ખૂબ જ સરસ વાત કહી છે કે **''હમને ભી બચપનમેં મજનું પે અસત સંગ ઉઠાયા થા કિ સર યાદ આયા ફિર મુઝે દિદેએ તૂર યાદ આયા''** બધા મજનું પર પથ્થર ફેંકી રહ્યા હતા. તો ગાલીબને પણ નાનપણમાં જયારે ગલીમાંથી મજનું જઈ રહ્યો હતો તો ઈચ્છા થઈ કે ચાલો ફેંકો પથ્થર. તો જયારે ફેંકવા માટે પથ્થર ઉપાડયો ત્યારે ગાલીબે ખૂબ જ સુંદર વાત કહી, ત્યારે મને એ વાત યાદ આવી કે ભાઈ મજનું ઉપર પથ્થર ફેકવો છે, તો તે કોઈ એક વાતનો મજનું છે, તો હું પણ કોઈ એક વાતનો મજનું છું. જો તેના ઉપર પથ્થર ફેકવો હોય તો મારે બધાથી પહેલા મારા માથા ઉપર પથ્થર ફેંકવો જોઈએ. તો કહે છે કે **''હમને ભી બચપનમેં મજનુ પે અસત સંગ ઉઠાયા થા''** ફેંકવા માટે પથ્થર ઉઠાવ્યો હતો, ત્યારે યાદ આવ્યું કે કોઈ વાતનો મજનુ તો હું પણ છું. તો મારા માથા ઉપર પથ્થર પડવો જોઈએ, પછી પથ્થર ફેકયો નહીં.

સાથે રહીશું તો આપણને એ વાતની ખબર પડશે કે મનુષ્યમાં ગુણ-દોષ છે. જેમ ગુણ છે, તો કોઈ દોષ પણ છે. દોષ છે, તો કોઈ ગુણ પણ છે. જેમ સારા-ખરાબ કામ મનુષ્ય કરી રહ્યા છે, તેમ આપણે પણ કરી રહ્યા છીએ. તો સાથે ઉઠાવ્યો હતો પછી મસ્તક (સર) યાદ આવ્યું. પરંતુ એકાંતમાં રહેશુ તો પથ્થર ઉઠાવવાથી કયારેય મસ્તક યાદ નહીં આવે તો પથ્થર ફેંકી જ દેશે.

આ પ્રકારનો એકાંત સેવાનો ભાવ તો ભકિતનો વિરોધી ભાવ છે. પરંતુ જુઓ યોગમાં તે ખૂબ જ સાધક ભાવ છે. આ વાતને ધ્યાનથી સમજો. યોગમાં એકાંત સેવનનો ભાવ ખૂબ જ સાધક ભાવ છે કેમ કે **''જનસ્ય અભિમતો યોગી યોગસિદ્ધિમ્ ન વિન્દતી''** જુઓ યોગી જનતાની વચ્ચે જઈ રહ્યો છે તો એક વાત સમજો કે તે યોગનું પ્રદર્શન કરી રહ્યો છે, યોગી નથી. જે એકાંત સેવી છે તે જ યોગી છે. પરંતુ ભકિત યોગ નથી. ભકિત એક જીવન જીવવાની પ્રણાલી છે. જીવનથી ભાગવાની પ્રણાલી નથી. તો જીવન જીવવાની પ્રણાલી હોવાના કારણે, તે પ્રણાલીને આપણે એટલા ઉંચા સ્તર પર જીવવાનું છે કે આપણે ભગવાનની સાથે જીવન જીવી રહ્યા છીએ. ભગવાનની સાથે ભકિતમય જીવન

જીવી રહ્યા છીએ. તેથી ભકિતમાં એકાંત સેવનની કોઈ આવશ્યકતા નથી.

તેથી શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે ''બાધ સમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે'' તમે પોતે પોતાના હૃદયમાં ડરી રહ્યા છો કે બધી દુનિયા ખરાબ છે તો પછી એકાંતમાં વાસ કરવાની ખોટી ધાંધલ કયારેય ન કરો. કારણ કે એકાંતમાં રહેવાથી તમે હિંસક બની જશો. પ્રેમપૂર્ણ ભકત નહીં રહો. કારણ કે તમારા હૃદયમાં પ્રેમ પૂર્ણતા હોવી જોઈએ. તે એકાંતવાસથી પ્રેમપૂર્ણતાનો સ્વભાવજ હૃદયમાં ખંડિત થઈ જાય છે. તેથી હળીમળીને રહેશો તો તમે પોતાના હૃદયને પણ જોઈ શકશો.

એટલા માટે આપણે ત્યાં શ્રીગુંસાઈજીની વાર્તાનો એક ખૂબ જ સુંદર પ્રસંગ આવે છે, કે એક વૈષ્ણવે એમ કહ્યું કે મને ખાવાનો શોખ છે. તેને શ્રીગુંસાઈજીએ તરત જ બ્રહ્મસંબંધ આપીને સેવા પધરાવી દીધી કે ભાઈ તને શોખ છે તો તુ શ્રીઠાકોરજીને પણ લાડ લડાવીશ અને બીજાએ એમ કહ્યું કે હું વિરકત છું તેને શ્રીગુસાંઈજીએ એમ કહ્યું કે તને હમણા બ્રહ્મસંબંધ નહીં દઈએ કેમ કે તુ વિરકત છે, તો શ્રીઠાકોરજીને પણ તુ વૈરાગી જ રાખીશ.

તો આ જે હળીમળીને રહેવાની વાત છે તે ભગવદ્ અનુરકિતની વાત છે. વિરક્તિની વાત નથી. વિરક્તિ પણ ત્યાં આવે છે તો ભગવદ્ અનુરકિત મૂલક આવે છે. વિષય વિરક્તિ મૂલક ભગવદ્ અનુરકિત હાંસલ કરવાની નથી. પરંતુ ભગવદ્ અનુરાગની તન્મયતામાં વિષયને ભૂલી જવાનો છે. તો એકાંત જે છે તે ભકિતમાર્ગીયિ સાધના પ્રણાલીમાં કાંઈક ખલેલ પહોંચાડનાર પરિબળ છે. ભકિતમાર્ગીયિ સાધના પ્રણાલીને મંદ કરનાર પરિબળ છે. તેથી શ્રીમહાપ્રભુજી એકાંત વાસની ના પાડે છે.

''હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ'' ફરી કૃષ્ણાશ્રયમાં સ્થિત થઈ જાવ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે મેં તમને બતાવી દીધું છે કે નહીં. ''વિવેક ધૈર્ય ભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ'' તેમાં આદિ શબ્દમાં ઘર એક વધારે જોડી દયો, કે ઘર પણ નાલાયક એવું છે કે જેમાં હું સેવા કરી શકતો નથી અને ઘરના પરિવારના બધા સભ્યો પણ એવા નાલાયક છે કે જેની સાથે સેવા કરી શકતો

નથી. નથી કરી શકતો તો નથી કરી શકતો પરંતુ ''કૃષ્ણ એવ ગતિર્મમ'' આશ્રયને ફરી પ્રાપ્ત કરો. ભગવદ્ આશ્રયને પ્રાપ્ત કરો વાત સુધરી જશે. આવા ચક્કરમાં એકાંતમાં વાસ કરવા જશો તો વાત બગડી જશે કેમ ? કારણ કે તમે પોતાના હૃદયને સ્નેહ પૂર્ણ તો બનાવી શક્યા નથી અને તેની પહેલા તમે વિરક્તિ પૂર્ણ બનાવી દીધુ તો તે ભગવદ્ અનુરક્તિને લાયક પણ નહીં રહે.

ભગવદ્ અનુરક્તિના કારણે વિષય વિરક્તિ તમે હાંસલ કરી તો ભક્તિ ખૂબ જ ઉત્કૃષ્ટ કહેવાશે. પરંતુ વિષય વિરક્તિને કારણે તમે ભગવદ્ અનુરક્તિ હાંસિલ કરી તો ''બળતુ ઘર'' કૃષ્ણાર્પણ જેવી કોઈ નીતિ તમે અપનાવી રહ્યા છો કે ઘર બળી રહ્યું છે તો તમે કૃષ્ણને અર્પાણ કરી દીધું. અરે સજી સજાવેલું ઘર કૃષ્ણને અર્પાણ કરો. બળતું ઘર કૃષ્ણને અર્પાણ ન કરો. સજેલુ-સજાવેલું ઘર કૃષ્ણને અર્પાણ કરવાની તમારામાં ખુમારી છે કે નહીં. ઘરને બધી રીતે સજાવો, ખૂબ જ સુંદર સજાવટ કરો અને તે ઘરમાં કૃષ્ણને પધરાવીને કૃષ્ણની સાથે જીવન જીવવાની તમે ઈચ્છા રાખી તો તમારી ભક્તિ ખીલશે અને આવુ બધું ઘર નષ્ટ થઈ ગયું, ખંડેર થઈ ગયું કોઈ બચ્યું નહીં, બધા ઘરના સભ્યો પણ છોડીને ભાગી ગયા પછી ભક્તિ ન કરીએ તો કરીએ શું ? તો યાર આ ભક્તિ નથી. તમને કોઈ મળ્યું નથી એટલે આ તો એક જાતનો ખોટો આત્મ સંતોષ કરી રહ્યા છો. **''ન મલી નારી તો બાબા બ્રહ્મચારી''** આ પ્રકારનું બ્રહ્મચર્ય છે તે સાચું બ્રહ્મચર્ય નથી. આ વાતને ધ્યાનથી સમજો.

(ગ્રન્થોપસંહારઃ એતદ્ગ્રન્થપાઠફલચ્ચ)-ગ્રંથનો ઉપસંહાર અને ગ્રંથના પાઠનું ફલ કહે છે.

ઇત્યેવં ભગવચ્-છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ॥
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ॥ ૧૧ ॥

શ્રીમહાપ્રભુજી કેટલી સુંદર વાત કરી રહ્યા છે કે ભગવત્ શાસ્ત્રમાં કહેલુ ભક્તિનું અત્યંત ગૂઢ તત્વ મેં તમને સમજાવી દીધુ છે. યાર એક વખત તેને ધ્યાનથી તો વાંચો. પુષ્ટિમાર્ગની બધાથી મોટી તકલીફ એ છે કે આપણે ભક્તિવર્ધિની સમજી નથી, ભક્તિવર્ધિની આપણે કહેવાનું ઈચ્છતા નથી,

ભકિતવર્ધિની આપણે બોલવાનું ઈચ્છતા નથી, ભકિતવર્ધિનીનો અર્થ કરવાનું ઈચ્છતા નથી. ઉટપટાંગ અર્થ વિચારીએ પછી કયાંથી આપણી ભકિત દઢ થાય. શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ કહી રહ્યા છે ''ય એતત્ સમધીયીત'' સારી રીતે આને ભણો-સમજો. એટલી સારી રીતે ભણો કે કોઈ તમને બેવકુફ ન બનાવે. કોઈ તમને એમ ન કહે કે તમારા ઘરમાં સેવા ન કરો, અમારે ત્યાં મનોરથ કરવા આવી જાવ. ત્યારે કાંઈ ન કરી શકો તો કાંઈ નહીં. પરંતુ તેની સામે ભકિતવર્ધિનીનો પાઠ કરો, તેની સામે અર્થ ન કરો.

જેવો તમારે ત્યાં સમાધાની આવે ''યથા ભકિત પ્રવૃધ્ધાસ્યાત્...'' સમાધાની કહે પૈસા આપ ''યથા ભકિત પ્રવૃધ્ધાસ્યાત્'' પાઠ ચાલુ કરો. કંટાળીને ભાગી જશે. ''ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ'' તમારી રતિ દઢ થઈ જશે. એક પ્રયોગ કરીને જુઓ જે દિવસે તમારી પાસે મહારાજ મનોરથના પૈસા માંગવા આવે એટલે હાથમાં કરતાલ અને ઝાંઝ લઈને નાચો ''યથા ભકિત પ્રવૃધ્ધાસ્યાત્'' ગાંડો થઈ ગયો છે તેમ સમજીને ભાગી જશે. પૈસા આપતો નથી અને ભકિતને પ્રવૃધ્ધ કરે છે. આ પ્રયોગ કરીને જુઓ હું ઘણી મોટી વ્યવહારિક સલાહ આપી રહ્યો છું. તમને મજાકની વાત કરી રહ્યો નથી. એકવાર પ્રયોગ કરીને જુઓ તમારો પીછો છોડી દેશે. પછી આનંદથી ઘરમાં સેવા કરો.

''ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ'' સમ્યક્ એટલે કે સારી રીતે અધ્યયન કરશો તો તમારી ભકિત દઢ થઈ જશે. પાઠ કરશો તો ભકિત દઢ થઈ જશે. શ્રીમહાપ્રભુજી કહે છે કે પાઠ થોડો કરો પરંતુ સારી રીતે કરો. પરંતુ ઘરના ઠાકોરને છોડીને આવી ખોટી લાલચમાં ફસાવ નહીં. આમ ''**નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો યામે કહા ઘટેગો તેરો**'' ખૂબ જ નાની વાત છે. આટલી નાની વાતને આપણે સમજી રહ્યા નથી એટલે પુષ્ટિમાર્ગમાં બધા લફડા છે. આટલી નાની વાત સમજી જાવ. ''તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ'' રતિ દઢ થઈ જશે કોઈ ગભરાવાની જરૂર નથી ''ય એતત્ સમધીયીત'' ભકિતવર્ધિની સારી રીતે સમજી હશે તો, નહીંતર તો લફડા જ થશે.

હવે આ વાત આપણે સમજાવી દીધી, તો ધ્યાનથી સમજો કે

ભકિતવર્ધિની સમજાવી ત્યારે શ્રીમહાપ્રભુજીએ આપણને બે વિકલ્પ આપ્યા છે. જો તમે વ્યાવૃત્ત છો (તે કોષ્ટકથી તમે સમજી ગયા હશો) તો શ્રવણ, સ્મરણ, કીર્તનની પ્રણાલીથી ભકિતને દૃઢ કરો. જો તમે અવ્યાવૃત્ત છો તો સેવા અને નવધા ભકિત બન્ને રીતે ભકિતની પ્રણાલીને દૃઢ કરો.

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા ભકિતવર્ધિની સમ્પૂર્ણા ।।

॥ જલભેદઃ ॥

ભૂમિકા :-

ભકિતવર્ધિનીમાં શ્રવણ, કીર્તન, સ્મરણની પ્રણાલીથી ભકિતને દઢ કરો તે વાત બતાવી. તો શ્રવણ કોનાથી કરવું, શ્રવણ કોણે કરવુ અને કયારે વ્યસન થઈ જાય, ત્યારે ઘરને છોડવું અને કેવી રીતે ઘર છોડવું અને કંઇ રીતે નહીં છોડવું, આ ત્રણેય વાતને સમજાવવા માટે આગળના ત્રણ ગ્રંથ આવી રહ્યા છે. જલભેદ, પઞ્ચપદ્યાની અને સંન્યાસનિર્ણય. કોનાથી શ્રવણ કરવું એ વાત સમજાવવા માટે જલભેદ ગ્રંથ છે. કોને શ્રવણ કરાવવું, કોની સામે કીર્તન કરવું. આજ આપણે જે પ્રણાલી ચલાવી રહ્યા છીએ, કે છાપામાં જાહેરખબર આપીને ભાગવત કથા બધાની સામે કરવી. બિચારા શ્રીમહાપ્રભુજીને ખબર નહોતી કે પુષ્ટિમાર્ગમાં આવા કૌભાંડ થશે. બધાની સામે કરવાની નથી. શ્રીમહાપ્રભુજીએ બન્ને બાજુથી આ વાતને સમજીને તેના સંપૂર્ણ રીતે પક્ષ બતાવ્યા છે, કે શ્રવણ, કીર્તન, સ્મરણની જે પ્રણાલી છે, તે ભાગ લેનાર શ્રોતા-વકતા બન્નેમાં હવે વધારે જોખમ થઈ ગયું છે. શું કામ જોખમ ઉત્પન્ન થઈ ગયું ધ્યાનથી સમજો.

કારણ કે તે વખતે તમારા પ્રભુ તમારા ઘરમાં બિરાજી રહ્યા છે અને જો તમે મહારાજોની જેમ તેનું પ્રદર્શન કરી રહ્યા નથી, તો તમે તમારા ઘરમાં પ્રભુની સેવા કરી રહ્યા છો તો કોઈ તમને છેતરી રહ્યું નથી. કે તમે કોઈને છેતરી રહ્યા નથી. તો ભકિતની પ્રવૃદ્ધિમાં ફકત ભગવાન અને ભકત બન્નેની ઉપસ્થિતિ હોવી પૂરતુ છે.

પરંતુ જે સમયે તમે સેવા કરી રહ્યા નથી અને શ્રવણ કે કીર્તનની પ્રણાલીથી તમે સામેલ થવા ઈચ્છી રહ્યા છો તો હવે બે ભાગ લેનાર થઈ ગયા, હવે ભગવાન વચમાં આવી રહ્યા નથી. તેની પહેલા તમને કથા કહેવાવાળો આવી રહ્યો છે, તે તમારો નથી, તે તમને છેતરી શકે કથા સાંભળવાવાળો આવી રહ્યો છે, તે તમારો નથી, તે તમને છેતરી શકે છે. તો હવે તે પુષ્ટિમાર્ગીય છે કે

મર્યાદામાર્ગીય છે કે પ્રવાહમાર્ગીય છે કે ભકિતમાર્ગીય છે કે પ્રપત્તિમાર્ગીય છે. આ વાતની સાવધાની રાખ્યા વગર તમે કથાનું શ્રવણ–કીર્તન શરૂ કર્યુ તો બધી વાત રસાભાસ થઈ જશે.

એક ખૂબ જ પ્રસિધ્ધ ઉદાહરણ આપું અહી. બોમ્બેમાં એક સ્ત્રીઓનું મંડળ છે. તે રોજ બેસીને આપસમાં સત્સંગ કરે. તેમાં એવું થયું કે એક પુષ્ટિમાર્ગીય છોકરી હતી, એક તરફ મર્યાદામાર્ગીય છોકરી હતી. તો બધા હતા જો કે કૃષ્ણ ભકત. તો એ જયારે સત્સંગ કરવા બેસતા ત્યારે કહેતા કે હવે ધ્યાન ધરો. તો પેલી છોકરી કહેતી કે પેંડા બનાવું છું, બરફી બનાવું છું, લાડુ બનાવું છું, મોહનથાળ બનાવું છું અને બીજી છોકરી કહેતી કે હું નિકુંજમાં જાઉં છું, રાસ કરી રહી છું વગેરે વગેરે... તે બન્ને એક દિવસ ઝઘડો કરીને મારી પાસે આવી. કે જયારે અમે ધ્યાન કરવા બેસીએ ત્યારે આ પેંડા, બરફી, મોહનથાળ બનાવવા બેસી જાય. નિકુંજમા ન આવે, રાસમાં ન આવે. તો કહે છે કે ભાઈ શ્રીઠાકોરજીનું ધ્યાન કરી રહ્યા છીએ તો કંઈક સેવાનું ધ્યાન કરવું જોઈએ. તો તે કહે કે દરેક વખતે તે ખાવાની વાત વચમાં શા માટે લાવે છે. તો બીજી કહી રહી હતી કે તે દરેક વખતે ભગવાનની સાથે નાચતી રહે જુઓ બીચારી બન્ને ભોળી હતી. આવા પ્રકારની ગડબડ થઈ જાય. કેમ કે બન્નેમાં વાતચિતના ભાવનો અભાવ છે. આની વાત તે ન સમજે અને તેની વાત આ ન સમજે. આને દરેક વખતે સેવાનું ધ્યાન સુજે, તેને દરેક વખતે લીલાનું ધ્યાન સુજે. હવે બન્નેમાં તાલમેલ જામે નહીં પછી બન્ને આપસમાં ઝઘડો કરે.

તો આવી ગડબડ થઈ શકે. તેના કરતા પહેલેથી આપણે સાવધાનીથી શ્રવણ, કીર્તન કરીએ તો બન્ને એક થઈ શકે. આપણી વાર્તામાં પણ આવા પ્રસંગ કેટલી વખત આવે છે કે શ્રીમહાપ્રભુજીના પદ ગાવાનું શરૂ કર્યુ તો તેણે કહ્યું કે ઠીક છે કે તમે તમારા ગુરુના પદ ગાઈ રહ્યા છો. હવે કંઈક કૃષ્ણલીલાના પદ ગાવ. તો તેણે કહ્યું કે ''**દારી કે તેરે કોઇ ખસમ કે થોરી પદ ગાયો હૈ યે તો મેં ઠાકુરજીકે હી તો પદ ગાયો હૈ**'' એટલે ભાવભેદના કારણે ભાવાભાસ થયા વગર રહે નહીં.

એટલા માટે જયાં સુધી તમે એકબીજાના ભાવને ઓળખી શકતા નથી. ત્યાં સુધી શ્રવણ અને કીર્તનની પ્રણાલીના એક બીજાના સહયોગી બનશો તો ગડબડ થયા વગર રહેશે નહીં. મૂળ કારણ એ હતુ કે શેઠીયાઓને શ્રોતા તરીકે બોલાવ્યા તો તેણે જાહેરાત કરાવી દીધી કે આ કથાના યજમાન આ છે અને આ કથાના યજમાન આ છે.

ભાઈ આખી ભાગવત કથાનો એક યજમાન થઈ ગયો તો કૃષ્ણ જન્મના બીજા યજમાનની શી જરૂર છે. કૃષ્ણ જન્મનો એક યજમાન થઈ ગયો તો પછી ગોવર્ધન લીલાના બીજા યજમાનની શી જરૂર છે. કારણ કે શ્રોતાઓ બધા શેઠીયાઓ છે. વકતા બધા તો ‘‘**ગેહે ગેહે જને જને કારીતા કણલોભેન કથાસારઃ તતો ગતઃ**’’ આમ ભાગવતમાં આવે છે કે કલીયુગમાં બધા માણસો ઘરે ઘરે કથા કરવા લાગશે તેથી કથાનો જે સાર હતો તે બધો ‘‘**કણ લોભેન કથાસારઃ તતો ગતઃ**’’ કથાનો બધો સાર નીકળી જશે. કથા સારવાળી નહીં રહે. એટલે કથા નિઃસાર થઈ જશે જે આજે થઈ રહી છે.

જેને આપણે સ્પષ્ટ જોઈ રહ્યા છીએ કે હવે કથામાં આનંદ આવતો બંધ થઈ ગયો, હવે કથામાં દાંડીયા થવા લાગ્યા. બસ એ જ રાહ જુઓ કે કોઈ દિવસ ચિરહરણ ન થઈ જાય, કોઈ દિવસ રાસ લીલા ન થવા લાગે. કથામાં કોઈ યજમાન એવો મળી જાય કે આજ ચાલો થઈ જાય રાસલીલા. આ આપણા પુષ્ટિમાર્ગીય જે વૈષ્ણવો છે તે બ્રિટનમાં ભોગવાદી (હેડોનીસ્ટ) તરીકે બદનામ છે. કે પુષ્ટિમાર્ગમાં બધા ખાઓ પીઓ અને મોજ કરવાવાળા જીવો છે. આ ભોગવાદી (હેડોનીસ્ટ) છે.

પુષ્ટિમાર્ગીય કથામાં કોઈ દિવસ રાસલીલા થવા લાગી તો સત્યાનાશ થઈ જશે. પુષ્ટિમાર્ગીય પ્રતિષ્ઠાનો કચરો થઈ જશે. પરંતુ આપણે તો બધો ઉદ્યમ કથાના નામે ચાલુ કર્યો છે. તો આ વાત ધ્યાનથી સમજો કે આ ઉદ્યમ કેમ શરૂ થયો? તેનું મૂળ કારણ શ્રોતા જે છે તે વકતાને જાણવા ઈચ્છતા નથી અને વકતા જે છે તે શ્રોતાને જાણવા ઈચ્છતા નથી. તેથી બન્ને ‘‘**અંધે ગુરુ લાલચી ચેલા દોનો નરકમે ઠેલમ ઠેલા**’’ વાળી પરિસ્થિતિમાં આ આખી કથાની શ્રવણ,

કીર્તન, સ્મરણની વ્યવસ્થા બગડી ગઈ છે. કથાનું માળખું જ બગડી ગયું.

તે ન બગડે એટલે શ્રીમહાપ્રભુજીએ જલભેદમાં કથા કોનાથી સાંભળવી તેનું નિરૂપણ કર્યુ છે.પઞ્ચપદ્યાનિમાં કથા કોને સંભળાવવી તેનું નિરૂપણ કર્યુ છે અને સંન્યાસ નિર્ણયમાં તે નિરૂપણ કર્યુ કે આ કથા પ્રણાલીથી તમારો બીજભાવ દ્દઢ થઈ જાય તે સમયે સંન્યાાસ કયારે લેવો તે બધી વાતનું નિરૂપણ સંન્યાસનિર્ણયમાં આવશે.

પ્રશ્ન :– દ્દઢબીજભાવ અને અદ્દઢબીજભાવની ખબર કેવી રીતે પડે ?

જવાબ :– બધાની પહેલા તો તમને જે ભકિતમાર્ગમાં પ્રવેશ કરાવવાનું ઈચ્છી રહ્યા છે તેની પાસે થોડીક કંઈક નિશાની છે કે **''અનુગ્રહસ્તુ માર્ગ રુચ્યા અનુમીયતે''** તે રુચિ પ્રમાણિક છે કે નકલી છે તેની પણ તપાસ કરવાનું બતાવ્યું છે તેની રુચિ પ્રમાણિક છે કે દેખાવાની રુચિ છે જેમ સ્મશાનીયા વૈરાગ્ય થાય એમ કોઈ આપણને તાત્કાલીક એકદમ જોર પકડેલી રુચિ છે તો તેના માટે એ બતાવ્યું કે જેમ તેણે કહ્યું કે બસ અમને બ્રહ્મસંબંધ આપો અને તરત જ બસ રાહ જોઈને બેઠા હોય તેમ કહ્યું કે હા તમને જ દેવાનું હતું. અમે કયારના તમારી રાહ જોઈ રહ્યા હતા.

જયાં સુધી દિવ્ય દ્દષ્ટિથી આપણને ખબર ન પડે ત્યાં સુધી આવી ઉતાવળ કરવી ન જોઈએ. દિવ્ય દ્દષ્ટિથી ખબર પડે કે આ જીવ પુષ્ટિજીવ છે તો કોઈ હરકત નથી. તો તેને તપાસવો જોઈએ. જેમ પહેલાના જમાનામાં સગાઈનો જે પ્રકાર હતો કે સગાઈ કરીને પછી લગ્ન કરવાના. તેનું કારણ એ હતું કે સગાઈ અને લગ્નના વચ્ચેના ગાળા દરમ્યાન તમે તેના સંપર્કમાં આવી ગયા અને લગ્ન પણ થયા નથી. તો સંપર્ક વગર તમે તેને ઓળખી શકતા નથી. તો સગાઈને કારણે તમારો સંપર્ક થઈ ગયો છે. હવે તમે તેને જાણી લ્યો, તે તમને જાણી લ્યે. આવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી હતી. તેની સમાંતર અત્યારે પશ્ચિમી સંસ્કૃતિએ સમયાંતરે મળવું એવી પદ્ધતિ રાખી છે. તેમાં છોકરા–છોકરીઓ મુલાકાત કરે છે. તેમાં વધારે ગરબડ થઈ ગઈ છે. કારણ કે તેમાં લગ્ન પહેલા થોડા દિવસ લગ્ન જીવનની જેમ જીવીને જોઈ લ્યો કે તમારું લગ્ન જીવન સારી

રીતે નભશે કે નહીં, તેમાં પચ્ચાસ લફડા ઉત્પન્ન થઈ ગયા તો બરાબર આપણે ત્યાં જે પ્રણાલી હતી કે સાથે રહીને સ્નેહ પાંગરવો.

હું આ વાત હંમેશા કહું છું કે લવ મેરેજ કરેલ અને પરણેલામાં તે બન્નેમાં પ્રેમમાં પાયાનો તફાવત એ છે કે લવ મેરેજ કર્યા પછી શું થાય ? લગ્ન કર્યા પહેલા પ્રેમ થવાને કારણે તે લગ્ન પછી પ્રેમ રહેતો નથી. પછી તો લે તારી, દે તારી શરૂ થઈ જાય.

પરણેલાને જે પ્રેમ થાય છે તે શું છે ? તેણે ઘણા દિવસ પ્રેમ વગર વિતાવ્યા છે. તે એક બીજા લગ્ન જીવન વીતાવવાની જવાબદારી સાથે અને તેની અંદર જે પ્રેમ ઉદ્‌ભવે છે. તે પ્રેમ હોવાના કારણે ઉદ્‌ભવતો જે પ્રેમ છે તે પ્રેમ તૂટે નહીં. પછી બે બાળક થઈ જાય, ચાર બાળક થઈ જાય. તો પણ તે વધતો જ જાય. પરંતુ જે પ્રેમ લગ્ન થાય છે. તેમાં શું થાય છે કે લગ્ન થયા પછી એકાદ બાળક થયા પહેલા જ તૂટવાની નોબત આવી જાય, કારણકે પ્રેમ તો પહેલા જ થઈ ગયો હતો. હવે લગ્ન પછી કોઈ આકર્ષણ રહે નહીં, તો તે સ્થિતિમાં આપણી જે વ્યવસ્થા હતી. તે અમુક અંશે સારી હતી તેમ મને લાગે છે.

બે પ્રેમીઓ લગ્ન કરે તેના કરતા પરણેલા જે દંપતિ છે તે પ્રેમ કરે તે વધારે સારું ગણાય. બરાબર તેવી જ સ્થિતિ આપણે ત્યાં હતી. આપણી વ્યવસ્થા તેને સમાંતર હતી કે તમે પહેલા શરણાગત થઈને કૃષ્ણને સમજો અને તમને જે ભગવત્ માર્ગમાં પ્રવૃત કરી રહ્યો છે તેને તમે સમજમાં આવો. આવી રીતે તમે તેની સાથે સંપર્કમાં રહો તો તે સંપર્કમાં આપણે તેને તપાસીએ, તે આપણને તપાસે અને પછી આપણે ભગવન્ માર્ગમાં પ્રવૃત્ત થઈએ તો એક મજબૂત પગલું ભરી શકાશે.

તો બધા જે લફડા છે ને તે વધારે પ્રેમલગ્નના છે. આપણે ત્યાં આવી ધાંધલની પ્રણાલી ન હતી. કોઈ અપવાદરૂપ ઉત્તમા અધિકારી માટે આ પ્રક્રિયા માન્ય કરવામાં આવે, બાકી સામાન્ય રીતે આવી પ્રણાલી કે નિયમ આપણે ત્યાં નથી. બસ આ જ સાવધાની અહીં પણ રાખવી પડશે. તેમાં થોડોક ગુરુને પણ સમય આપવો જોઈએ કે તે તમને સારી રીતે સમજી શકે. તમારે પણ સમય લેવો

જોઈએ કે સારી રીતે ગુરુને સમજી શકો. ભગવદ્ સ્વરૂપને સમજી જાવ અને તમે પોતાને સમજી જાવ કે તમે આના માટે યોગ્ય છો કે નહીં ?

પરંતુ હવે જયારે આપણે સમજયા વિના ધાંધલ કરશું જેમ ગામમાં આપણે જાહેરાત કરી દીધી કે આજ ગામમાં મહારાજ પધારે છે. જેને બ્રહ્મસંબંધ લેવું હોય તે લઈ જાવ. કાલે તો મહારાજ ગામમાંથી જતા રહેશે. મહારાજ તો બ્રહ્મસંબંધ દઈને જતા રહ્યા તેને ખબર જ ન પડી કે બ્રહ્મસંબંધ થયું કે ભ્રમ સંબંધ થયું આ બધી લફડાની વાત છે. લવ મેરેજવાળી વાત છે, પરણેલા દંપતિના પ્રેમની વાત નથી. તેથી તે જેટલી ઝડપથી આવે એટલી ઝડપથી નીકળી જાય તે જ વાત છે.

પ્રશ્ન :- દઢ બીજભાવવાળાના અને અદઢ બીજભાવવાળાના શ્રવાણ, કીર્તન, સ્મરાણમાં શું તફાવત હશે ?

જવાબ :- દઢ બીજભાવવાળાનું શ્રવાણ, કીર્તન સ્મરાણ જે છે તે દઢ બીજભાવ સાથે કરેલા શ્રવાણ, કીર્તન, સ્મરાણ છે. ફલાત્મક હોય કે નહીં પરંતુ ખૂબ જ પ્રબળ હશે. અદઢબીજભાવવાળાનું શ્રવાણ, કીર્તન, સ્મરાણ એકદમ પ્રબળ નહીં હોય. રુચિ અથવા શ્રધ્ધાના સ્તર પર હશે. વિશ્વાસ કે નિષ્ઠા હોય કે ન પાણ હોય બસ આટલો તફાવત હોઈ શકે.

જેમ દામોદરદાસ અને શ્રીમહાપ્રભુજીને થતું હતુ ને કે ઘાણો સમય થઈ ગયો કાંઈ ભગવત કથા ન થઈ. તો બેઠા બેઠા એક પ્રકારની આળસ (ઉબાસી) આવતી હતી અરે કેટલો સમય વીતી ગયો ભગવત્ કથા ન થઈ. આપાણે જેમ કંટાળી જઈએ તો બગાસા (ઉબાસી) આવે ને ! પરંતુ ભગવત્ કથા ઘાણા સમયથી ન કરી હોવા છતાં આપાણને કંટાળો આવતો નથી પરંતુ જે દઢબીજભાવવાળો છે તે થોડીકવાર વાત કરશેને તો પછી તેને કંટાળો આવશે કે આ વ્યર્થમાં શું વાત થઈ ગઈ ? કંઈક ભગવત કથા કરો. આપાણને આવું નહીં થાય.

જીતુભાઈ આજની તારીખમાં લોકો જેટલો ઘરનો ત્યાગ કરે છે, એટલો પહેલા કયારેય નહોતા કરતા. તફાવત એટલો છે કે આપાણે ગ્રહનો ત્યાગ કરીએ

છીએ, પહેલાના જમાનામાં ગૃહનો ત્યાગ કરતા હતા. આજ એટલો બધો ઝડપથી ઘરનો ત્યાગ થઇ રહ્યો છે કે, એક વખત કોલંબીયાનું સ્કાયલેબ પડવાનું હતું. તો રાજસ્થાનમાં કોઇ એક સ્ત્રીને ધરારથી (જબરદસ્તીથી) કોઇની સાથે વિવાહ કરી દીધો હતો. જયારે છાપામાં ખૂબ જ આવ્યું કે સ્કાયલેબ પડવાનું છે તો તે સ્ત્રીએ વિચાર્યુ કે હવે તો સ્કાયલેબ પડવાથી દુનિયા ખતમ થઇ જશે. તો પડયા પહેલા જ હું મારા પ્રેમી પાસે ભાગી જાવ. તે ભાગી ગઇ ત્યારબાદ સ્કાયલેબ તો પડયું જ નહીં. તો ગૃહત્યાગ આજ જેટલો થઇ રહ્યો છે, એટલો પહેલા કયારેય થતો નહોતો. કોઇ ખાતરી ન આપી શકાય કે કયારે કોણ ગૃહત્યાગ કરશે ? બધા સામાન બાંધીને તૈયાર જ બેઠા છે. તો ગૃહત્યાગ તો બધા કરી જ રહ્યા છે. હવે અહીં જે ગૃહત્યાગ કીધો છે તે જો આવા લૌકિક સંબંધથી થતો હોય તો ભગવદ્ સંબંધથી પણ તેવો ગૃહત્યાગ શું ન હોય શકે ?

એક વાત સમજો બાપને છોડીને આજે છોકરા ભાગી જાય, કે નથી ભાગી જતા ? પતિ-પત્નીને છોડીને ભાગી જાય, પત્ની-પતિને છોડીને ભાગી જાય.આ બધા લફડા આજે પહેલાના જમાનાનાં પ્રમાણમાં ખૂબ જ વધારે થઇ ગયા. તો ખરેખર આપણે પણ કૃષ્ણની સાથે ઘર બનાવવા (વસાવવા) માટે જો કોઇનું ઘર છોડવું પડે તો મીરાની જેમ આજે પણ છોડી શકાય છે.

એક વાત સમજો તે જમાનામાં મીરાએ રાણાને છોડયોને તો એક શૈતાનને છોડાવાનું (ડેવિલનું) કામ કર્યુ હતું. આજે ઘર છોડીને જવામાં મીરાને જે ત્રાસ થયો હશે, તેવો આજ કોઇને કોઇ છોડીને ભાગી જાય, કોઇ સ્ત્રી પોતાના પતિને છોડીને ભાગી જાય તો કાયદાકીય રક્ષાણ એટલુ છે કે ગામમાં કોઇ પૂછી પણ ન શકે કે કેમ ભાગી ગઇ. પહેલાના જમાનામાં પથ્થર મારીને મારી નાખતા. તો આજે તો બધા પ્રકારનું રક્ષાણ મળે છે. એક સાંભળેલો અનુભવ કહી રહ્યો છું.

ભગવાન રજનીશની એક ચેલી થઇ ગઇ. તેણે અચાનક સત્સંગ કરવાનું ચાલુ કર્યુ. ઘરમાં સત્સંગ શરૂ કર્યો તો તેનો પતિ એટલો કંટાળી ગયો કે પતિએ કહ્યું કે આ સત્સંગ અહીંયા ચાલશે નહીં. તો તેણે કહ્યું કોઇ વાંધો નહીં.

અમે ઘર છોડીને ભાગી જશું. ઘર છોડીને ભાગી, તો આખુ જવેલરી બોકસ સાથે લઈને ભાગી. તો પાછળ પાછળ પતિ ભાગ્યો કે ભઈ તુ ઘર છોડી દે પરંતુ જવેલરી બોકસ તો અહીં રાખતી જા. તેણે કહ્યું કે ઘર છોડીશ તો જવેલરી બોકસની સાથે ઘર છોડીશ. આજ તો કાયદાકીય રીતે માંગો તો તમને પચાસ ટકા મળી જાય. પહેલાના જમાનાની બિચારી મીરાએ ઘર છોડયું તો રાણાની મિલ્કતમાંથી પચીસ ટકા પણ મળી નહોતી. આજે જો તમે ભાગી જાવને તો દાવો કરીને પણ પાછું મેળવી શકો. તો સામાજીક રક્ષાણ, કાનુની રક્ષાણ, કેટલુ બધું રક્ષાણ છે અને આ વાતને કોઈ ખરાબ પણ માની રહ્યા નથી. તે જમાનામાં તો ભાગવાવાળાની ખરાબ દશા થતી હતી.

મીરા જેવી કોઈ અસાધારણ શકિતશાળી હોય કે જે આ ત્રાસને સહન કરી શકે. બાકી તો સાધારણ કોણ સહન કરી શકે. તમે આજથી પચ્ચાસ વરસ પહેલાનો અહેવાલ જોઈ લ્યો. સામાજિક વ્યવસ્થામાં ઘર છોડવું, જાત છોડવી, કુળને છોડવું, બધું સંપૂર્ણ રીતે રક્ષાણ વગરનું થઈ જાવું. તો આજ તો રક્ષાણ બધી રીતે દરેક જગ્યાએ પ્રાપ્ત છે. કાંઈ પણ કામ કરો. પરંતુ આજે ગૃહત્યાગ કરવો જેટલો સહેલો છે, તેટલો પહેલાના જમાનામાં કયારેય પણ સહેલો નહોતો.

આજ તો ઘર છોડીને તમે ભાગી જાવ તો ફિકસ ડિપોઝીટ તમને મળી જાય. તે જમાનામાં ઘર છોડીને ભાગી જાવ તો બધી મિલકત સરકાર જપ્ત કરી લેતી. જો ઘરનો માલિક ઘર છોડીને ભાગી ગયો તો મિલકત બધી સરકારની.

આજે તો તમે ભાગી ગયા તો પણ તમે કોર્ટમાં દાવો કરો તો કોર્ટ પણ તમને કહેશે કે સારું મોજ કરો. કોર્ટ એમ નહીં કહે કે તે મિલકત તમારી નથી. બેન્ક પાસે તમે જશો તો તમારે એટલો જ હિસાબ આપવાની જરૂર છે કે આટલા વર્ષથી આવ્યા નથી તેથી માલુમ નથી, કયા ગયા ? તો મિલકત બેંક જપ્ત નહીં કરે. વારસદાર તરીકે તમને મળી જશે. તે જમાનામાં એવા કાયદા હતા કે તે પ્રોપર્ટી સિલ (જપ્ત) થઈ જતી. તે જમાનામાં ગૃહત્યાગ ખૂબ જ મુશ્કેલ હતો. આજે તો ઘરનો ત્યાગ ખૂબ જ સહેલો છે. કોઈના બાપની તાકાત નથી કે કોઈના ઉપર આંખ ઉઠાવે.

શ્રીમહાપ્રભુજી જે વાત કહેવા ઇચ્છી રહ્યા છે કે ઘરના ત્યાગમાં થોડું જોખમ છે. પરંતુ જો તમારો બીજભાવ દઢ છે તો પછી કોઇ જોખમ નથી. હવે તમારે સમજવું જોઇએ કે સિંહની સામે જવામાં ખતરો છે અને જો તમારામાં હિંમત હોય તો તમે સિંહની સામે જઇ પણ શકો છો. સાંપને ખવડાવવું તે કોઇ મોટો ખતરો નથી, આપણે છાપામાં વાંચ્યુ પણ હશે કે કેટલાક લોકો સાંપના પિંજરામાં જઇને બેસી ગયા અને કેટલાક લોકો મર્યા પણ નથી. ચાલીસ-અડતાલીસ કલાક પણ બેસીને લોકો પાછા આવ્યા છે અને સાંપ તેના શરીર પર ફર્યા પણ છે, તો પણ જીવતા આવી ગયા છે. તો જોખમ તો બધી જગ્યાએ છે પણ સવાલ તે નથી.

જયાં સુધી ઘર ત્યાગનો સવાલ છે. તો આજે ખૂબ જ સહેલો છે. તે જમાનામાં ખૂબ જ મુશ્કેલ હતો. આજે ઘર ત્યાગ કરવા માટે કોઇ ખાસ હિંમતની જરૂર નથી. થોડીક મનની તરંગની જરૂર છે. તે જમાનામાં ખૂબ જ હિંમત રાખવી પડતી. કારણકે ત્યારે સામાજીક બહિષ્કાર થતો. કોઇ વધારાનું રક્ષાણ નહોતું, તે જમાનામાં જિંદગીનું જોખમ હતું, જયારે આજે ઘરત્યાગમાં જરાપણ જોખમ નથી અને ટ્રાવેલર ચેક લઇને ભાગોને તો આનંદથી મોજ મારો. કોઇ ચિંતાની વાત નથી. તે જમાનામાં તો ટ્રાવેલર ચેક પણ કયા હતા. ?

કારણકે શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં તેનો સ્પષ્ટ રીતે ખુલાસો કરેલ છે. **''ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા અન્યથા ન સ્થાતવ્યમ્''** તમે ઘરમાં રહી રહ્યા છો પરંતુ તમે ભગવદીય થઇને ઘરમાં રહી રહ્યા છો તે કોઇ સારી વાત નથી. પરંતુ તમે જો ભગવાનની સાથે ઘરમાં રહો છો તો ખૂબ જ સારી વાત છે. ભગવાનના કામ કરવા માટે ઘરમાં રહો છો તો સારી વાત છે. **''ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ''** તમે ભગવદીય છો અને ઘરમાં રહો છો તે કાંઇ વ્યાજબી નથી, પરંતુ ભગવાનની સાથે રહો છો તો પછી ઘર છોડવાનો કોઇ અર્થ નથી. અથવા કાંઇ ભગવદ્ કાર્ય પૂરું કરવા માટે ઘરમાં રહી રહ્યા છો, તો પછી શા માટે ઘર છોડવું ? આપણને જે ઘરમાં ભગવત્ કાર્ય પૂરું કરવાની સુવિધા મળતી હોય

તો તે ઘરને શું કામ છોડવું ?

પ્રશ્ન :- અહીં વિરોધાભાસ થઈ રહ્યો નથી ?

જવાબ :- વિરોધાભાસ ત્યારે થાય કે જયારે એક જ અધિકારીને બન્ને અલગ અલગ વાત કહે. અહીં એક અધિકારીને બન્ને વાત કહેવામાં આવતી નથી. જેમ કે એક અધિકારીને કહે છે કે તમે ઘર છોડો અને બીજા અધિકારીને કહે છે કે તમે ઘરમાં રહો. તો તે અધિકાર ભેદથી બન્ને વાત કહેવામાં આવી રહી છે. વિરોધાભાસ કયારે થાય કે એક જ અધિકારીને ઘર છોડવાનું કહેવામાં આવે અને તેજ અધિકારીને ઘરમાં રહેવાનું પણ કહેવામાં આવે ત્યારે વિરોધાભાસ (કોન્ટ્રા ડિકસન) થાય.

જેમ કોઈ ગ્રેજયુએટ છે તે એમ.એ.ના કલાસમાં અરજી કરે તો વિરોધાભાસ (કોન્ટ્રાડિકશન) ન થાય. પરંતુ જે ગ્રેજયુએટ નથી તે એમ.એ. માટે અરજી કરે તો વિરોધાભાસ થાય. જેને હૃદયની બિમારી છે, તેને તાત્કાલિક સારવારમાં દાખલ કરે અને જેને હૃદયની બિમારી નથી તેને સામાન્ય સારવારમાં દાખલ કરે તો કોઈ વિરોધાભાસ છે ? કારણ કે જે વખતે આપણે અધિકાર ભેદથી કહેતા હોઈએ તે વખતે વિરોધાભાસ નથી. મંદિરોમાં હંમેશા શું થાય કે જેણે મનોરથના પૈસા નોંધાવ્યા છે તે આ દરવાજામાંથી આવી જાય અને જેણે મનોરથના પૈસા નથી ભર્યા તે અહીં સામાન્ય રીતે ધક્કા ખાવ. તો તેમા કોઈ વિરોધાભાસ ન થાય, બધું આનંદથી ચાલે તો આ અધિકાર ભેદ થઈ ગયોને ?

તો આવા અધિકારી ભેદ થતા જ બધા વિરોધાભાસનો નાશ થઈ જાય છે. પછી આપણે એમ નહીં પૂછીએ કે શ્રીઠાકોરજી એક છે તેના બે રીતે દર્શન શું કામ કરાવો છો ?

પ્રશ્ન :- અવ્યાવૃત્તને ગૃહારુચિ થશે કે નહીં ?

જવાબ :- અવ્યાવૃત્તને રાગ વિનાશ ગૃહારુચિ નહીં થાય. એ વ્યાવૃત્તને થાય છે. કારણકે એનું ઘર તો એની સેવામાં સહાયક છે. એ ગૃહસ્થના પરિવારજનો સેવામાં સાધક છે. તો એને શા માટે અનાત્મીય લાગે.

પ્રશ્ન :- તેને તન્મયતા બાધક થશે કે નહીં થાય ?

જવાબ :- તન્મયતા ત્યાં બાધક થતી નથી. કેમ કે જો એવી રીતે તન્મયતા બાધક થતી હોય તો પછી તમને દેહ પણ તમારો અનાત્મીય લાગવો જોઈએ. તો દેહ છોડવાનો ક્યારેક અભિગમ રાખવો જોઈએ ને ? કેમ કે પછી તો આત્મા અને પરમાત્માનું જ મિલન થવું જોઈએ. દેહ વચ્ચે કેમ આવવો જોઈએ? દેહ જેમ વચ્ચે આવે છે તેવી રીતે દૈહિક સંબંધો પણ વચ્ચે આવે છે. દૈહિક સંબંધો વચ્ચે આવે છે, તેમ પારિવારિક સંબંધો પણ વચ્ચે આવે છે અને બ્રહ્મસંબંધમાં આપણે એમ નથી કહેતા કે તુ પરમાત્મા છે અને હું આત્મા છું. તેથી તારો અને મારો આત્મા પરમાત્માનો જ ફકત સંબંધ બંધાશે એમ નથી કહેતા.

આત્મના સહ બધું જ હું સમર્પિત કરી રહ્યો છું અને બધી જ વસ્તુઓ સાથે તારી સેવામાં હું હાજર રહું છું. તમે જે પ્રતિજ્ઞા કરી છે એનાથી વિરૂદ્ધ તો કોઈ દિવસ તમને ભાવ જાગે જ નહીંને ! શ્રીઠાકોરજીને સામે પ્રતિજ્ઞા તમે શું કરી, દારા, આગાર, પુત્ર, આપ્ત બધા સાથે લઈને તારી સેવા માટે આવ્યો છું. તો જયારે બધી વસ્તુને લઈને સેવા માટે આવ્યો છું, ત્યારે બધી વસ્તુઓ સાથે તમને સેવા કરવી ગમશે ને એમા કોઈ ભાગે તો તમને કનડગત થશે.

નવરત્નનો આખો વિષય શું હતો મેં બધી વસ્તુનો વિનિયોગ કર્યો અને બધી વસ્તુઓનું નિવેદન કર્યુ. બધી વસ્તુઓનો વિનિયોગ સેવામાં કેમ થતો નથી? તે ચિંતા તમને થશે, જયારે વિનિયોગ થતો હશે તો તમને ચિંતા જ નહીં થાય. એ તો તમે શ્રીઠાકોરજી સામે તુલસી હાથમાં લઈને સોગંદ ખાધી હતી. તમે એમ તો સોગંદ નહોતી ખાધી કે ફુરસદના સમયે મંદિરમાં ખાલી બે વખત મંગલાના અને સેનના દર્શન કરી લઈશ.

બ્રહ્મસંબંધ વખતે આપણે સોગંદ શું ખાધી હતી. મારા ઘર, બાર, છોકરા, છૈયા, પૈસા બધા સાથે તારી સેવા કરીશ અને એ જો નભતી હોય અને ભગવાને એ સોગંદ સ્વીકાર કરી કે નહીં, કે ‘‘બ્રહ્મસમ્બન્ધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિર્ હિ’’ બધા જ દોષ સેવા માટે નિવૃત્ત થઈ જશે. એ જયારે પ્રભુએ સ્વીકાર કર્યુ છે તો પ્રભુનેય સ્વીકાર્ય છે અને તમનેય સ્વીકાર્ય હતું.

‘‘મિયા-બીબી રાજી તો કયાં કરેગા કાજી’’ બન્ને પાર્ટી જયારે સહમત છે પછી કોઈ બાધકતા અને અનાત્મકતા સ્ફુરે કેવી રીતે ?

પ્રશ્ન :- તાદશ એટલે બન્ને કે એક ?

જવાબ :- નહીં નહીં વ્યાવૃતને જ તાદશી નહીં હો, તાદશી એક જુદી વસ્તુ છે. આપણે ત્યાં વાર્તામાં એક તાદશી વૈષ્ણવની વાર્તા આવે છે. તાદશી વૈષ્ણવ જુદો, અહીં તાદશ એટલે કે તેવાને. તાદશી એટલે કોઈ જુદી કક્ષાના વૈષ્ણવની વાત છે. એ પારિભાષિક શબ્દ છે. અહીંયા તાદશી વૈષ્ણવ કહેવામાં આવી રહ્યો નથી. તાદશ એટલે તેના જેવા, તેઓના માટે પણ સતત ઘરમાં રહેવું બાધક થાય છે. એમ કહેવામાં આવી રહ્યું છે.

કાલે આપણે ભકિતવર્ધિની અંતર્ગત જોયું કે ભકિતભાવને દઢ કરવા માટે, ભકિતના બીજભાવને દઢ કરવા માટે ઘરમાં રહીને ભગવત્ સેવા કથા કરવી તે એક મુખ્ય ઉપાય છે અને જેનાથી ઘરમાં રહીને ભગવદ્ સેવા-કથાનો નિર્વાહ કોઈ કારણથી શકય નથી તો તેણે ઘરનો ત્યાગ ત્યાં સુધી ન કરવો કે જયાં સુધી તેનો બીજભાવ દઢ ન થઈ જાય. બીજભાવ દઢ થયા પછી ઘરનો ત્યાગ કરી શકાય છે.

ભકિત વ્યસન દશામાં પહોંચે તેનો મતલબ શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ બતાવ્યો છે કે ‘‘સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ । ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે । યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે’’ ભગવદ્ સ્નેહ એટલો પ્રબલ હોય કે તે સ્નેહની પ્રબળતાના કારણે જ જાગતિક વિષય છે, સાંસારિક વિષય છે તેમાં આપણને રાગનો વિનાશ થાય અને રાગનો વિનાશ થવો તે એક વાત છે. એટલે કે રાગ-અનુરાગ ખંડિત થઈ જાય. પરંતુ અનુરાગ ખંડિત થઈ જાય એટલુ જ નહીં, જયારે તે ભગવદ્ સ્નેહ આપણો વધીને ભગવદ્ આસકિતની અવસ્થામાં જે વખતે પહુંચે તે વખતે જાગતિક વિષયમાં જ આપણને રાગ વિનાશ નથી થતો પરંતુ ઘરમાં અરુચિ પણ થાય છે અને જયારે આપણને ઘરની અહંતા-મમતાસ્પદ વસ્તુઓમાં અરુચિ થવા લાગે ત્યાર પછી ધીરે ધીરે ભગવાનમાં વ્યસન થશે. કારણકે ઘરની અહંતા-

મમતાસ્પદ વસ્તુમાં અરુચિ અને ભગવાનમાં આસકિત તે શ્રીમહાપ્રભુજીની દષ્ટિએ ચિત્તની ભગવાનમાં નિરૂદ્ધતાનું પૂરું પ્રમાણ છે.

જેમ મેં તમને કલ્પનાબેનની ઘરે વાત બતાવી હતી કે જે તમારો ભકિતનો ચતુષ્કોણ છે તે વધીને એટલો વિકસીત થઈ ગયો કે બધી અહંતા-મમતા તેમા સમાઈ ગઈ. તે જો સેવા પ્રણાલીથી ન થયું તો ન થયું. પરંતુ કથા પ્રણાલીથી થઈ ગયું. એટલે કે ભગવદ્ કીર્તન, ભગવદ્ સ્મરણ, ભગવદ્ શ્રવણની પ્રણાલીથી તમારો જે ભકિતનો બીજભાવ છે તે આ રીતે દઢ થઈ ગયો કે તમારી બધી અહંતા મમતા તે ભગવદ્ ભાવનો ભાગ બની ગઈ. તેના સિવાય બીજો કોઈ બહારનો વિષય રહ્યો નથી.

જયારે તમને આ સ્થિતિ પ્રાપ્ત થઈ ગઈ ત્યારે વ્યસનદશા પ્રાપ્ત થઈ. તે વ્યસન દશા કહો કે પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ આસકિત કહો. પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનની આસકિત તે જે અવસ્થાઓ છે, જે ઘરમાં અરુચી અને ભગવદ્ આસકિત તે કોઈ સમાંતર (પેરેલલ) છે તો તેની સમાંતર હોવાના કારણે અંતમાં ફરી તમને ભગવદ્ વ્યસન થઈ જશે. ભગવદ્ વ્યસન એટલે ભગવાન વગર રહી શકાય નહીં.

તમને યાદ હોય તો કાલે મેં તમને સમજાવ્યું હતું કે જેમ શ્રીમહાપ્રભુજીને બગાસા આવતા કે આટલા સમયથી ભગવદ્ ચર્ચા ન થઈ તેની ઉબાસી (સુસ્તી) આવતી. તો જયારે એવી ઉબાસી આવવા લાગે તો ભગવદ્ સ્મરણ, ભગવદ્ ચિંતન, ભગવદ્ કીર્તન વગર અને તે ઉબ જે વખતે આવી રહી હોય તે વખતે જો ઘરનાં કોઈપણ કામકાજ અને ઉત્તરદાયિત્વ તમને ભગવદ્ ચિંતન, ભગવદ્ કીર્તન અને ભગવદ્ શ્રવણમાં વ્યવધાન (અવરોધ) ઉત્પન્ન કરવા લાગે તે સ્થિતિમાં સ્વાભાવિક છે કે તમને ઘર પાછું બાધક લાગવા લાગે.

જે વખતે તે ઘર બાધક લાગવા માંડે અને તે વખતે ઘરમાં રહેશો તો શ્રીમહાપ્રભુજી બે જ સંભાવના જોઈ રહ્યા છે. કાં તો ભગવદ્ ભાવ ખંડિત થઈ જશે અથવા જે ઘર તમને બાધક લાગી રહ્યું છે તે બાધક ઘરમાં પોતાને નિભાવી શકશો નહીં, સહન કરી શકશો નહીં. તે સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીએ ઘરત્યાગ

કરવાની આજ્ઞા કરી છે અને જેમ કાલે બાવાએ પુછયું હતું તે રીતથી આ ઘરત્યાગ બન્ને રીતથી થઈ શકે છે.

એક સંન્યાસ પૂર્વક અને એક સંન્યાસ વગર પણ. જેનું વિવેચન આગળ આવશે તેથી તે વિવેચનની અત્યારે ઉતાવળ કરતો નથી. સંન્યાસ પૂર્વક ગૃહત્યાગ કરે તે એક સ્થિતિ છે અને સંન્યાસ વગર ઘરત્યાગ કરે તે સ્થિતિ અલગ છે. તમે બરાબર ધ્યાનથી સમજો તો તે સ્થિતિ એવી છે કે જે સ્થિતિને શ્રીમહાપ્રભુજીએ પોતે લગભગ ૩૦ વર્ષ સુધી નિભાવી હતી કે પોતે સતત પૃથ્વી પ્રદક્ષિણા કરતા રહ્યા. શ્રીમહાપ્રભુજી સાથે અનંતશયનમ્ શાલીગ્રામજી બિરાજતા હતા, ભાગવતની પોથી બિરાજતી હતી અને દરેક વખતે નહીં, પરંતુ કયારેક કોઈ નાના ઠાકોરજી શ્રીમુકુન્દરાયજી બિરાજતા હતા. પરંતુ તે બધો પ્રકાર આપશ્રીની સાથે યાત્રા દરમયાન પ્રાયઃ સેવાનો પ્રકાર નહોતો, પૂજાનો પ્રકાર હતો. જે નિત્ય નિયમથી દરેક વૈષ્ણવે કરવો જોઈએ. આપશ્રીએ તે સેવાના પ્રકારથી અથવા પૂજાના પ્રકારથી તીર્થ ભ્રમણ કર્યું.

જયારે શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ અને બ્રહ્મસંબંધની આજ્ઞા પછી આપશ્રીને ગૃહસ્થની આજ્ઞા થઈ ત્યારે પોતે અડેલમાં જઈને સેવાનો ક્રમ શરૂ કર્યો અને પોતે પણ સેવા પરાયણ થઈને બિરાજયા. બધાને પણ પોતાની જેમ સેવાનો ઉપદેશ આપવાનું શરૂ કર્યુ. તો આ દરમ્યાન શ્રીમહાપ્રભુજીએ પોતે સંન્યાસ લીધો નહોતો, પરંતુ તિર્થાટનનો ક્રમ રાખ્યો હતો અને તિર્થાટનનો જે આશય હતો ‘‘અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ’’ તે નીતિ શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં જોશો તો સ્પષ્ટ તયા ઝલકે છે. પ્રાયઃ તે તીર્થાટનના ક્રમ દરમ્યાન શ્રીમહાપ્રભુજી ગામની બહાર બિરાજતા.

શ્રીમહાપ્રભુજીની ઘણી બધી બેઠકો ગામની બહારજ છે, પરંતુ પાંચસો વર્ષમાં તેની આજુબાજુ ગામ વસી ગયું તે આજની સ્થિતિ છે. પરંતુ પ્રાચીન સ્થિતિ તે નહોતી. પ્રાચીન સ્થિતિ એ હતી કે પોતે ગામની બહાર બિરાજતા હતા. ‘‘અદૂરે વિપ્રકર્ષે વા’’ ગામથી વધારે દૂર નહીં અને ગામની ખૂબ અંદર

પણ નહીં. પ્રાયઃ કયારેક કોઈ ભકતની ઘરે જે વખતે બિરાજતા ત્યારે ગામની અંદર બિરાજતા. જેમ કાશી છે, ખેરાલુ છે. એમ કયારેક કયારેક બિરાજે છે પણ તે અપવાદરૂપ કિસ્સો છે. સામાન્ય રીતે ઘણી બધી બેઠકો આજે પણ તમે જુઓ તો ગામની બહાર છે. કાલે ગામ ત્યાં સુધી પહુંચી જાય અને તેને ઘેરી લ્યે, તે કથા અલગ છે. બાકી તો તે વખતે ગામની બહાર હતી, આજે પણ ઘણી બધી બેઠકો ગામની બહાર છે અને પ્રાયઃ બેઠકના સ્વરૂપને જોશો તો તમને સમજમાં આવશે કયાંકને કયાંક કોઈ તીર્થક્ષેત્રની આસપાસ તે છે. ઘણી વખતે એવું પણ હોય છે કે તીર્થ અદ્રશ્ય થઈ ગયું હોવાથી આપણને સમજ પડશે નહીં. લગભગ શ્રીમહાપ્રભુજીની બેઠક કોઈને કોઈ તીર્થક્ષેત્રની આજુબાજુ છે.

"અતઃ સ્થેયમ્ હરિસ્થાને.... યથા ચિત્તમ્ ન દુષ્યતિ" આ રીતનો વ્યાવહારિક ઘરત્યાગ હતો. જેમણે શ્રીમહાપ્રભુજીના ચરિત્રને વાંચ્યુ છે તેમને એ વાત ખ્યાલમાં હશે કે શ્રીમહાપ્રભુજીએ જો કે પોતાનું અંગત ઘર વસાવ્યું નહોતુ, પરંતુ કાંકરવાડમાં ત્યાં સુધી જે પારિવારીક ઘર હતું અને શ્રીમહાપ્રભુજીના પરિવારના મોટાભાગના સભ્યો ત્યારે પણ કાંકરવાડમાં જ રહેતા હતા. આપણા પુષ્ટિમાર્ગની તે એક ઐતિહાસિક ઉપેક્ષાની પરાકાષ્ઠા છે કે આજે આપણને કાંકરવાડ કયા છે ? તેની પણ ખબર નથી. બીજી કથા તો જવા દયો.

હું એક વખત હૈદરાબાદ ગયો ત્યારે મેં નકશો લઈને જોયું કે કયાંક આસપાસમાં કાંકરવાડ છે, તો કાંકરવાડ ગામ પણ ત્રણ નીકળ્યા, ત્યારે પાછું મગજ ફરી ગયું કે હવે ન જાણે એ ત્રણમાંથી કયું કાંકરવાડ હશે ? તો ફરી પાછો સ્વસ્થ થઈ ગયો કે પાછા કયારેક નવરાશમાં પાછી દક્ષિણની યાત્રા કરીશુ અને ફરીથી ગોતશું કે તે કાકરવાડ કયા છે અને શ્રીમહાપ્રભુજીના પરિવારના જે સભ્યો હતા. તે આજે પણ ત્યાં છે કે નહીં. કદાચ તેમને ખબર પણ નથી કે તે શ્રીમહાપ્રભુજીના સગા હતા ન આપણને ખબર છે કે કોઈ શ્રીમહાપ્રભુજીના સગા આજે પણ ત્યાં છે. કેમ કે પ્રાથમિક તપાસ તો તે વાતની કરવાની કે તે કાંકરવાડ કયું હતું ? જયાના શ્રીમહાપ્રભુજી હતા.

આપણા જેવા શ્રીમહાપ્રભુજીના અનુયાયી હોવા મુશ્કેલ છે તમે બધા લોકો જાણો છો કે બે-બે, ચાર-ચાર, પાંચ-પાંચ, છ-છ, દસ-દસ પેઢીના સ્થળાંતર કરેલ લોકોને પણ પોતાના મૂળ ગામની ખબર છે અને તે લોકો મૂળ કયાંના હશે ? પરંતુ અમને તો અત્યારેય ખબર નથી, કે તે કાંકરવાડ રહી ગયું કે નહીં ? કીર્તનમાં પદમાં હોવાથી થોડી ઘણી બધાને ખબર છે પણ કાંકરવાડ કયા છે ? તે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ ચરિત્ર ગ્રંથમાં તે વાતનું ઘણુ સ્પષ્ટિકરણ આપણને મળે છે કે જે વખતે પોતે અડેલમાં બિરાજયા તે વખતે પોતે પોતાના માતુશ્રીને અને પોતાના કુટુંબના ઘણાબધા લોકોને અથવા કોઈ પંદર પરિવાર તે વખતે સ્થળાંતર કરીને તે અડેલ બાજુ આવ્યા હતા.

બધા ત્યાં આસપાસમાં જે કુટુંબ સ્થાયી થયા તેમાં જે લાલાજી અત્યારે પણ અમારા સગા છે. તે બધા તે જ કુટુંબના લગભગ છે. જે ગોકુલસ્થ, મથુરાસ્થ અને સાગરસ્થ બન્યા. પાછળથી કોઈ લાલાજી પુષ્ટિમાર્ગમાં થયા જે ગોકુલસ્થ થઈ ગયા. કોઈ ચૈતન્ય સંપ્રદાયમાં ગયા તે મથુરાસ્થ થઈ ગયા. કોઈ જે રામાનુજ સંપ્રદયમાં અને દૈવીના સંપ્રદાયમાં ગયા તે સાગરસ્થ થઈ ગયા. એ બધા લાલાજી પ્રાયઃ તે જ કુટુંબના છે, જોણે શ્રીમહાપ્રભુજીની સાથે દશ-પંદર કુટુંબે સ્થળાંતર કર્યુ હતું. તો આ વાતને આપણે સારી રીતે સમજી શકીએ કે શ્રીમહાપ્રભુજીને ઘર હતું તે વખતે તે ઈચ્છતા તો તે ઘરમાં પણ બિરાજી શકતા હતા. પરંતુ બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ નહોતી.

આ ઈતિહાસ હું એટલા માટે સમજાવી રહ્યો છું કે જેથી આ ભકિતવર્ધિનીનો ઉપદેશ કેવા પ્રકારનો છે અને તે ઉપદેશને સ્વયં શ્રીમહાપ્રભુજીએ કેવી રીતે જીવ્યો છે, એ આપણને સમજમાં આ રીતે આવે છે. કારણ કે આપશ્રીને બ્રહ્મસંબંધની આજ્ઞા ત્યાં સુધી નહોતી થઈ. તે પોતે પણ સ્થાયી થયા નહોતા અને પ્રદક્ષિણા કરતા રહેતા. તો તે એક પ્રકારનો થોડા સમય માટે ઘર ત્યાગનો જ એક પ્રકાર હતો. સંન્યાસનો પ્રકાર નહોતો. પરંતુ થોડોક સ્વૈચ્છિક ગૃહત્યાગ કહેવાય. જેમ ઘણા લોકો ગૃહત્યાગ કરીને ફરતા રહે છે. આજે પણ એ જરૂરી નથી કે સંન્યાસ લઈને ગૃહત્યાગ કરે અને સાચી વાત તો એ

હતી કે તેમના મોટાભાઈ રામચંદ્રજી ઘણી વખત યાત્રામાં આપશ્રીની સાથે રહેતા હતા અને ઘણી વખત યાત્રામાં સાથે નથી રહ્યા. તો જે વખતે સાથે નથી રહ્યા તો તે માતુશ્રીને અને તે બધાને સંભાળવાને માટે જે ઉત્તરદાયિત્વ છે તે નિભાવી રહ્યા છે. તેથી આચાર્ય ચરણ પરિભ્રમણ કરી રહ્યા છે.

જયારે સ્થાયી થયા અને બ્રહ્મસંબંધની આજ્ઞા અનુસાર ગૃહસેવા પરાયણ થયા ત્યારે પણ આપશ્રીએ વિવાહ કર્યા નહોતા. તો તે વાત ધ્યાનથી સમજો કે ''તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્'' તે જે શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે તે શ્રીમહાપ્રભુજીએ પોતે પણ ઘણા સમય સુધી જીવ્યો છે, કે કયાંય સ્થાયી થઈને રહેવું નહીં, પરિભ્રમણ કરતા રહેવું. દામોદરદાસ આ વાતમાં સહયોગી હતા. આપશ્રીના માથે કોઈ સેવા બિરાજતી નહતી. તમે વાર્તામાં વાંચો તો તમને ખ્યાલ આવશે કે જયારે પોતે નક્કી કર્યુ કે પોતે અડેલમાં બિરાજશે ત્યારે તેમના માતુશ્રી શ્રીમદનમોહનજીને પધરાવીને લાવ્યા. મહાલક્ષ્મીજી પોતાના પિયરથી શ્રીગોકુલનાથજીને પધરાવી લાવ્યા અને ગજ્જન ધાવનને ત્યાંથી શ્રીનવનિતપ્રિયાજી પધાર્યા અને પાછળથી દામોદરદાસના શ્રીદ્વારકાધીશ પધાર્યા અને શ્રીગોકલચંદ્રમાજી પધાર્યા.

અડેલમાં શ્રીમહાપ્રભુજીએ ઘરમાં બિરાજીને તે બધા સ્વરૂપની સાથે ગૃહસેવાનો બધો પ્રકાર તે રીતે પ્રવૃત્ત કર્યો. જે ક્રમને તે જ રીતે શ્રીગુસાંઈજીએ પણ અડેલમાં ચાલુ રાખ્યો. અડેલથી પાછા પોતે મથુરા પધાર્યા. જયારે અડેલ ઉપર અકબરનો હુમલો થવાનો હતો. ત્યારે અલ્હાબાદમાં અને પ્રયાગમાં સ્થિર થઈને પછી શ્રીગુસાંઈજી ગઢા-જબલપુર પધાર્યા હતા. અકબરે ફરી પાછુ ગઢા ઉપર હુમલો કરવાનું વિચાર્યુ. તેથી ત્યાંની મહારાણી દુર્ગાવતીએ જ શ્રીગુસાંઈજીને પ્રાર્થના કરી કે અહીંથી આપ મથુરા પધારો અને દુર્ગાવતી મહારાણીએ મથુરામાં ઘર બંધાવી આપ્યું હતું તેથી પાછા મથુરામાં બિરાજયા.

મથુરામાં પણ યવનનો ત્રાસ ખૂબ જ હતો તેથી ગોકુલની જમીન ઘણુ કરીને શ્રીમહાપ્રભુજીએ જ ખરીદીને રાખી હતી. કોઈ કારણથી તે જમીન પર ફરીથી શ્રીગુસાંઈજીએ ગામ વસાવ્યું અને જે થોડાઘણાં જબલપુર તરફ અને

થોડાઘણા અડેલ તરફ જે વિખરાઈ ગયા હતા. તે બધા કુટુંબને ફરીથી ગોકુલ બોલાવીને સ્થાયી થઈને બધો સેવાનો પ્રકાર ગોકુલમાં શરૂ કર્યો. જે ઔરંગઝેબના સમય સુધી ચાલ્યો.

ઔરંગઝેબના વખતમાં ફરી પાછી તકલીફ થઈ તેથી ફરી પાછા બધા સ્થળાંતર કરીને આમ-તેમ વિખેરાઈ ગયા. પરંતુ ત્યાં સુધી તે ગૃહસેવાનો બધો પ્રકાર ગોકુલમાં આ બાલકોએ ત્રણ પેઢી કે ચાર પેઢી સુધી લગભગ બધાએ નિભાવ્યો. ત્યાર બાદ જે જયાં જઈ શકે ત્યાં ગયા. તો એકવાત ધ્યાનથી સમજો. ''અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ'' પોતાના ઘરમાં રહીને સેવા કરવાની છે તે પ્રકાર આ રીતથી અમારા પરિવારમાં નિભાવ્યો છે અને આ રીતે જ વૈષ્ણવોને પણ સમજાવ્યું અને વૈષ્ણવો પણ પોત પોતાના ઘરમાં સેવા આ રીતે નિભાવતા હતા. ત્યારે આ મંદિરોના પ્રકાર નહોતા. હવેલીનો પ્રકાર ખૂબ જ પાછળથી શરૂ થયો.

જયારે વ્રજ છોડીને બધા અલગ અલગ જગ્યાએ સ્થળાંતરીત થઈ ગયા. ત્યારે કોઈના બાલક રહ્યા કોઈના ન રહ્યા. શ્રીઠાકોરજી બિરાજતા રહી ગયા. વહુજી રહી ગયા. કોઈના બેટીજી રહી ગયા. પછી તેણે તે વખતે કોઈ લાલજી લીધા ન પણ લીધા. બેટીજી વહુજી પણ લીલામાં પધારી ગયા. તો ત્યાંના વૈષ્ણવોએ વ્યવસ્થા સંભાળી લીધી. ન તેને સિદ્ધાન્તની ખબર હતી, ન આને સિદ્ધાન્તની ખબર હતી. ઐતિહાસિક રીતે છેવટે ત્યાં એક હવેલી વિકસિત થવી શરૂ થઈ. આખું ચક્કર આ છે. ત્યારથી વૈષ્ણવો પણ પછી આ રીતે ભટકતા થઈ ગયા. પરંતુ તે સિદ્ધાન્તને ઘણા સમય સુધી જીવ્યા હતા.

તે સિદ્ધાન્ત જે વખતે જીવી ન શકાય, તે વખતે શ્રીમહાપ્રભુજીએ ભકિતવર્ધિની અનુસાર બે વિકલ્પ (ઓપ્શન) આપણને આપેલ છે કે જો તમે આ રીતથી પોતાના ઘરમાં સેવાનો પ્રકર નિભાવી શકતા નથી, તો તમે વ્યાવૃત્ત છો. વ્યાવૃત્ત છો તો તે સ્થિતિમાં તમારી સામે બે વિકલ્પ છે. એક વિકલ્પ એ છે કે કથા પરાયણ થઈને પોતાની ભકિતના બીજભાવને દૃઢ કરો અને બીજો વિકલ્પ એ છે કે જો કોઈ છૂટ આપે તો, કારણ કે કોઈની ઉપર આપણે દાવો તો ન કરી

શકીએ. જેમ આજે વૈષ્ણવો બાલકોના મંદિર ઉપર દાવો કરે છે. અમારા ખર્ચાથી મંદિર ચાલે છે તેથી આ મંદિર પબ્લિક છે. આમા કાવાદાવાની વાત તે સમયે નહોતી. કારણકે માર્ગ તેના શુદ્ધ રૂપમાં હતો. હવે તો કેટલાય ગામમાં મેં એ લફડા પણ જોયા, કે જે વૈષ્ણવ ઘરમાં સેવા કરતા હતા, તેની સાથે બીજા વૈષ્ણવોએ ઝઘડો કર્યો કે તમે સેવા કરી રહ્યા છો તો તમે દર્શન શા માટે નથી કરાવતા ?

હું તે ગામમાં કમસે કમ દસ દિવસ સુધી રહ્યો. બધાને ખૂબ સમજાવ્યું પછી એ વાત બધા લોકોના ગળે ઉતરી. તે કૂતરાની પૂછડી વાંકીને વાંકી જ થોડા દિવસ પછી હું પાછો આવ્યો. ફરીથી વૈષ્ણવે કહ્યું ફરી પાછો ઝઘડો શરૂ કર્યો. તે બિચારાની પાછળ જ પડી ગયા. તમે સેવા કરી રહ્યા છો તો દર્શન કેમ નથી ખોલતા ? પોતાને શું સમજી રહ્યા છો ? છેવટે ફંડફાળો કરીને તે ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીને જબરજસ્તી મંદિરમાં પધરાવ્યા. જબરજસ્તી એવું મંદિર ખોલાવ્યું કે ત્યાં આજે પુષ્ટિમાર્ગ નથી. આજ ત્યાં આવી દુર્ગતિ છે. ગામના બધા લોકો તેમાં લાગી ગયા.

આવો ઈતિહાસ તો મારી જાણમાં છે. ઘણા બધા મંદિરની બારીક તપાસ કરીએ તો ખબર પડે કે તે કોઈ એવી દુર્લભ કથા નથી. રસ્તા પર વિખરાયેલી કથા છે, કે પુષ્ટિમાર્ગમાં ઘણી જગ્યાએ આ રીતની કથાઓ ચાલી રહી છે કે કોઈ રીતે આંચકી ઝપટીને કયારેક વૈષ્ણવોએ વૈષ્ણવના શ્રીઠાકોરજી છીનવી લીધા. તો કયારેક વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીના બાલકોના શ્રીઠાકોરજી છીનવી ઝપટી લીધા તો કયારેક ગુસાંઈ બાલકોએ વૈષ્ણવોના શ્રીઠાકોરજી છીનવી-ઝપટી લીધા.

એટલે સુધી થયું કે વૈષ્ણવ બિચારો ઘરમાં સેવા કરે તો હંટર માર્યા જઈને કહે કે નાલાયક તુ ઘરમાં સેવા કરીશ તો અમે ઘરમાં શું કરશું ? શ્રીઠાકોરજી લાવ. એવા એવા ચમત્કારી બાલકો પણ આપણી ધરતીને અલંકૃત કરી ચૂકયા છે. તો બધી રીતનું આ તો મહાભારત છે. જે ચાલી ગયું છે અત્યારે પણ પુષ્ટિમાર્ગમાં ચાલી રહ્યું છે. કયારે અંત આવશે, કયારે અઢાર દિવસ આના પૂરા થશે અને કોન

મરશે, કોન જીવશે એ બધું તો પ્રભુની ઈચ્છા ઉપર નિર્ભર છે.

આ બધા વિકૃતિના હેતુ છે પરંતુ શ્રીમહાપ્રભુજીએ જે અપેક્ષિત કર્યુ હતું તે આ સ્વરૂપ આપણા પુષ્ટિમાર્ગનું નહોતું શ્રીમહાપ્રભુજીને પુષ્ટિમાર્ગના અનુયાયીથી જે આશા હતી, તે આ સ્વરૂપ નહોતું તે સ્વરૂપ કાંઈક બીજું જ હતું, કે તમે અવ્યાવૃત્ત થઈને ઘર સેવા કરો અને જો ઘરે સેવા નથી કરી શકતા, ઘરમાં ભગવદ્ સેવા નથી કરી શકતા, તો શ્રવણ, કીર્તન સ્મરણ કરો અથવા તો કોઈ આડોશ-પાડોશમાં તમને એવા સેવા-કથા પરાયણ ભગવદીયનો સત્સંગ મળતો હોય તો તમારા અંગત સંબંધને કારણે, તે જેટલી છૂટ આપે તેટલી સેવાની કોઈ પરિચર્યા તેના ઘરમાં કરી આવો. એટલે કે પ્રભુની સેવા નહીં, પરંતુ પ્રભુની સેવા કરવાવાળાની સેવા કરી આવો.

પરિચર્યાનો મતલબ ધ્યાનથી સમજો. ''તદીયે સઃ તત્પરૈઃ અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ''નો મતલબ એ હતો કે પ્રભુની સેવા તો તમારા ઘરમાં જ થશે. તે તો તમે નહીં કરી શકો. તે તમારાથી નભતી નથી. તો કોઈ ચિંતાની વાત નથી. જે પ્રભુ સેવા પરાયણ છે, ભગવદ કથા પરાયણ છે. એવા કોઈ ભગવદીયનો અદૂરે-વિપ્રકર્ષેથી સત્સંગ કરતા તેની જેટલી સેવા કરી શકતા હોવ, તે પણ કોઈ અધિકારની જેમ નહીં, પરંતુ જેમ દરેક માણસ પરસ્પર એક બીજાને સહયોગ કરતો હોય તે રીતે કરવી.

આજે પણ જેમ કોઈ પરિવારમાં લગ્ન પ્રસંગ હોય તો જે પણ તે પરિવારના સગા-સંબંધી હોય તે કંઈક જઈને પોત પોતાની રીતે સહયોગ કરી શકતા હોય તે થોડોઘણો સહયોગ કરી દ્યે તો તેમાં એનાથી ટેકસના સ્તર પર તે સહયોગ માંગી નહીં શકાય અને હક્કના સ્તર પર તે સહયોગનો દાવો કરી શકાય નહીં કે તમારે ત્યાં લગ્ન પ્રસંગ છે તો આ કામ કરશું તે તો એક પરસ્પર મીઠા સંબંધની કથા છે.

જે પરિવારને જેની સાથે ઘણુ કરીને ગુસાંઈ બાલકોને ત્યાં જે વૈષ્ણવ આવતા હતા, તે આવા મધુર સંબંધથી આવતા હતા કે જેના ઘરમાં ભગવદ્ સેવા નથી નભતી તો તેણે થોડી ઘાણી ગુસાંઈ બાલકની સેવા કરવી શરૂ કરી. તે ન્યાયથી

હવે તે એકના પાછા ચાર બેટા થઈ ગયા. ચારના ફરી સોળ થઈ ગયા અને સોળના ચોસઠ થઈ ગયા અને તે પ્રજા ઉત્પન્ન થઈ ગઈ.

ખરેખર તો તે કોઈ એક બિચારો વ્યાવૃત્ત જીવ હતો જે ઘરમાં ભગવદ્ સેવા કરી શકતો નહોતો, તેથી ગુસાંઈ બાલકની સાથે તેને ઘનિષ્ઠ સંબંધ હશે તે એક સ્વાભાવિક વાત છે. ગામમાં બિચારો વૈષ્ણવ કોની સાથે ઘનિષ્ઠ સંબંધ રાખે. તો તે ઘનિષ્ટતાના કારણે તેણે ગુસાંઈ બાલકને ત્યાં આવીને કંઈક સેવા કરવી શરૂ કરી. હવે તે ગુસાંઈ બાલકને પણ ખોટી યાદ રહી ગઈ કે હા તેનો બાપ અમારે ત્યાં સેવા કરતો હતો અને આને પણ યાદ રહી ગયું કે અમારો બાપ તેમને ત્યાં સેવા કરતો હતો. તો ચારના સોળ થયા અને સોળના ચોસઠ થયા. ચોસઠના ન જાણે કેટલા થઈ ગયા. ગુસાંઈ બાલક પણ પબ્લીક થઈ ગયા અને શ્રીઠાકોરજી પણ પબ્લીક થઈ ગયા. વૈષ્ણવો પણ પોતાને વ્યાવૃત્ત ન માનીને, પોતાને પ.ભ. માનવા લાગ્યા. આ સેવા કરવી એ તો અમારો અધિકાર છે. આ કેવું આખું પુષ્ટિમાર્ગનું અધઃપતન થયું. તેમનો અંદરનો ઈતિહાસ હું સમજાવી રહ્યો છું. તેનું મૂળ કારણ વૃદ્ધિ કરવાનો સિદ્ધાન્ત હતો. એકના ચાર થઈ જાય, ચારના સોળ થઈ જાય, સોળના ચોસઠ થઈજાય અને પછી ખબર જ ન પડે કે આ પબ્લીક (સાર્વજનિક) હતી કે પ્રાઈવેટ (ખાનગી) હતી.

કારણ કે ચોસઠ જયારે આવી ગયા તો પછી ખબર પડવી મુશ્કેલ છે કે તે અંગત સંબંધ હતો કે સાર્વજનિક સંબંધ હતો. ત્રીજી, ચોથી પેઢીમાં જે અંગત સંબંધ હતો તે પબ્લીક (સાર્વજનિક) સંબંધ થઈ ગયા અને પુષ્ટિમાર્ગનું અધઃપતન થઈ ગયું. આવી વિચિત્રતા થઈ છે. જો તે વખતે કોઈ સાવધાની વરતી હોત તો આજ આપણા પુષ્ટિમાર્ગની આવી દુર્ગતિ ન થાત. તે વખતે આપણે તેની સમાંતર રચનાત્મક સંસ્થા ઊભી કરી હોત કે જે સંસ્થાના કારણે આપણે એવા જે વ્યાવૃત્ત જીવ છે તેમને કોઈ કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણની પ્રક્રિયા સમજાવી શકીએ. જેમ સિંધમાં કોઈ પણ જુના સિંધીને પૂછીને જુઓ એક સુખધામ કરીને સંસ્થા ચાલતી હતી. ત્યાં કોઈ શ્રીઠાકોરજીની સેવા નહોતી થતી. એક શ્રીજીનું ચિત્રજી રાખતા, તેને માલા ધરાવીને બધા લોકો ત્યાં સત્સંગ,

કીર્તન કરતા અને પછી પોત પોતાની ઘરે જતા.

કારણ કે જેને ઘરમાં સેવાની સગવડ નહોતી. સિંધમાં આવી ખૂબ જ સુંદર સમજદારીની સુખધામની એક પદ્ધતિ ચાલતી હતી. કયારેય પણ કોઈ વૃધ્ધ સિંધીને પૂછશો તો બતાવશે અને આજે પણ અપવાદના રૂપથી જયાં કોઈ સિંધી કોલોની છે ત્યાં આજથી પાંચ દશ વર્ષ પહેલા સુખધામ ચાલતું હતું પરંતુ હવે ત્યાં પણ મંદિર કે હવેલી જેવી સંસ્થા કરી દીધી છે. સુખધામ શું કામ ચલાવવું ? દુઃખધામ શા માટે ન ચલાવવું ? જયારે બધા ગામમાં ચાલી રહ્યું છે તો આપણે ત્યાં દુઃખધામ કેમ ન ચલાવવું ? આપણે જ શા માટે સુખધામ ચલાવવું ? આ રીતે તો સુખધામની પણ પાછી અધોગતિ થઈ ગઈ.

દુઃખધામમાં પ્રભુને દુઃખ આપવાનું ધામ, પુષ્ટિમાર્ગને દુઃખ આપવાનું ધામ અને શ્રીમહાપ્રભુજીને તો દુઃખની એવી પરાકાષ્ઠા આપવાનું ધામ આવા દુઃખધામ બધી જગ્યાએ શરૂ થઈ ગયા. પરંતુ મોટાભાગના સિંધી પુષ્ટિમાર્ગને છોડીને ભાગી ગયા તો ખૂબ જ ઓછા સિંધી વધ્યા જે હવે પુષ્ટિમાર્ગ સાથે જોડાયેલા હોય. પરંતુ જેટલા વધ્યા છે તે બિચારા ચાલી રહ્યા હતા, તેને પણ ભરમાવી દીધા કે અહીં દુઃખધામ શરૂ કરો તેથી તે દુઃખધામ બની ગયા.

પરંતુ એવી કોઈ સમાંતર રચનાત્મક સંસ્થા તે વખતે વિચારી હોત અને પદ્ધતિસર સંચાલિત કરી હોત તો સંપ્રદાયનો ઈતિહાસ કંઈક જુદો જ હોત. આજે જે આપણી દુર્ગતિ થઈ છે તે થાત નહીં. દરેક વૈષ્ણવ આ વાતને સમજી શકત કે ચાલો આપણે સુખધામમાં બેસીને કીર્તન કરીએ, વાર્તા વાંચીએ, પાઠ કરીએ અને ફરી પાછા પોત પોતાના ઘરે જઈએ કારણકે ઘરમાં સેવા નભતી નથી.

તો કોઈ આવો સમાંતર બીજો વિચાર પણ કરી શકાત. તે બધી વાત વિચારી નહીં અને ઘોડાઓની લગામ છૂટી મૂકી દીધી, કે તે કયા જઈ રહ્યો છે? ખાડામાં જઈ રહ્યો છે, પહાડ પર જઈ રહ્યો છે. જેની સવારને જ હોશ નથી તે કયા પટકાયો છે તે તો આપણે જાણીએ જ છીએ. જો ગ્રંથનું અધ્યયન કરે તો આજ વૈષ્ણવોને એ સવાલ થાય કે આ તો પરંપરા ચાલી રહી છે. પરંપરા બહુ

જુની નથી, પરંતુ સિદ્ધાન્ત વિરોધી પરંપરા છે. આપણી લાચારી, અજ્ઞાન અને અર્થ લોલુપતા અને ધર્મ લોલુપતાના કારણે પાળવામાં આવતી આ પરંપરા છે. સાચા સિદ્ધાન્ત, સાચા આદર્શ પર ચાલતી આ પરંપરા નથી.

તો એક આ પ્રકાર હતો કે આ રીતે આપણે કંઈક કરીએ અને બીજો પ્રકાર એ હતો કે જો કોઈનો બીજભાવ દ્દઢ થઈ ગયો છે એટલે કે ખરેખર કોઈ પરમ ભગવદીય થઈ ગયો છે. તો પછી ઘરમાં શા માટે રહો છો યાર તીર્થાટન કરને, જેમ શ્રીમહાપ્રભુજીએ ત્રીસ વર્ષ સુધી કર્યુ હતું. ત્રીસ વર્ષ ન કર તો દસ વર્ષ તો કર. હવેલીમાં ચક્કર મારવા કરતા, તીર્થાટન કરતો રહે. તો આજકાલ તીર્થાટન કોઈને પસંદ આવતો નથી. વ્રજમાં તીર્થાટન કરવાનું પસંદ આવે. નાસ્તામાં ઢોકળા, ફાફડા, સવારે ચા, સાંજે ચા અને પાલમાં કોકાકોલા, બ્રેડ અને બધું મળશે. તે બધા તીર્થાટન પસંદ આવે છે.

શ્રીમહાપ્રભુજીએ જે તીર્થાટનની શિસ્તની વાત સમજાવી હતી કે એકાંકી, નિસ્પૃહ, શાંત થઈને કોઈપણ પ્રકારનો સંગ્રહ કર્યા વગર તીર્થાટન કરવું. આજ તો વ્રજયાત્રાને તમે જુઓ, તેનો અહેવાલ વાંચો, સાથે એક બેંક ચાલે, સાથે એક પોસ્ટ ઓફિસ ચાલે, સાથમાં રસદ ચાલે, એક મુકામથી બીજા મુકામની રસદ ચાલે અને જરાપણ વ્યવસ્થામાં ગડબડ થઈ જાય તો બધા યાત્રીઓ ઉદ્વિગ્ન થઈ જાય. તે તો શ્રીમહાપ્રભુજીવાળી તિર્થાટન થોડી છે. બિચારા નિઃસ્પૃહ થઈને કયારેક ઝાડની નીચે, કયારેક પહાડની ઉપર, કયારેક નદીના કિનારે, કયારેક વરસાદમાં ભિંજાતા, કયારેક તડકાની ગરમીમાં ઝુરતા આવુ તિર્થાટન તો બિચારા જૈન સાધુઓ આજે પણ કરે છે.

પુષ્ટિમાર્ગમાં આવા તિર્થાટનથી નામ માત્રનો સંબંધ પણ નથી. કોઈને કહોને કે ચાલો એકાદ દિવસ તિર્થાટન કરીએ, તો બધા ભાગી જાય. એકપણ દુષ્ટ નહીં આવે, જે વ્રજયાત્રામાં બધા ઢોકળા, ફાફડા ખાવા આવી જાય, એમાંથી એક પણ નહીં આવે. આવી આપણી ભોગવાદી મનોવૃત્તિ થઈ ગઈ છે. જે શ્રીમહાપ્રભુજીએ ઉપદેશ કર્યો તે બધું આપણે ચૂકી ગયા છીએ. લક્ષ્ય જ આપણી નજરમાંથી હટી ગયું છે કે કયા ધ્યેયને અનુરૂપ આપણે કરવાનું હતું.

કંઈક ભળતું જ કરી રહ્યા છીએ. ભળતી જગ્યાએ જ ધૂમ-ધડાકા કરી રહ્યા છીએ.

તો ધ્યાનથી સમજો કે તે કથાનો જે એક વિકલ્પ હતો કે કથા શ્રવણ કરો. બીજો વિકલ્પ હતો કે કોઈ ભગવદીય સેવાકથા પરાયણ છે તેની સાથે તેની પરિચર્યા કરો. તેની કથામાં શ્રવણાર્થી બનીને બેસો અથવા ત્રીજો વિકલ્પ એ છે કે તમને લાગતું હોય કે તમે પ.ભ. છો તો આનંદથી તીર્થાટન કરો. કયારેક ઘરે પણ પાછા આવી જાવ. કોઈ ખરાબ વાત નથી અને પાછા ચાલ્યા પણ જાવ. આ અર્થમાં તમે જે કાલે પુછયું હતું ને ! "તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્" સતત ઘરમાં રહેવું વિનાશ થઈ જશે. ફરતા રહેશો તો તમારો ભાવ ખંડિત નહીં થાય. કયારેક-કયારેક તમે ઘરમાં પણ આવી ગયા તો કાંઈ નુકશાન નહીં થાય. તમને પણ થોડો આરામ મળી જશે અને તેને પણ તમારો થોડો સત્સંગ મળી જશે અને બધી વાત બરાબર ચાલતી રહેશે.

પરંતુ આજે તો આ વાત પુષ્ટિમાર્ગનું સંગ્રહાલય હોય તો તેમાં પણ જોવા મળતી નથી. ફકત શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં દેખાઈ રહી છે. પરંતુ આપણા પુષ્ટિમાર્ગની સાધના પ્રણાલીમાં આવી જીવન શૈલીનું આજે કોઈ ચિત્ર પણ પ્રાપ્ત થતું નથી. આ સાધના પ્રણાલીનું ચિત્ર પણ પ્રાપ્ત નથી.

તો આ વાત ધ્યાનથી સમજો કે તેમના અંતર્ગત જે ભગવદ્ લીલાનું શ્રવણ-કીર્તન અને સ્મરણ કરવાની પ્રણાલી હતી તે શ્રવણ-કીર્તન કોની સાથે કરવું ? એટલે કે કોની પાસેથી ભગવદ્ લીલાનું શ્રવણ કરવું અને કોને ભગવદ્ લીલાનું શ્રવણ કરાવવું ? આ બન્ને વાતનું નિરૂપણ જલભેદ અને પઞ્ચપદ્યાનીમાં શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે. આમા શ્રીમહાપ્રભુજીની એક ખૂબ સુંદર મસ્તી છે. બીજું તો કાંઈ કારણ સમજમાં નથી આવતું કે શા માટે આમ કહ્યું ? કોઈક મસ્તી છે કે શ્રીમહાપ્રભુજી દરેક ભગવત કથાના પ્રવક્તાનો ભાવ કોઈ પાણીના ઉદાહરણથી સમજાવી રહ્યા છે અને તે પાણીનું જે ઉદાહરણ છે તેનો જે ગૂઢાર્થ છે તે વાત ધ્યાનથી સમજો.

પાણી પોતે તો શુદ્ધ જ હોય છે. પણ જયાં ગયું, જયાં પ્રકટ થયું, જયાં

વહેતું ગયું અથવા જયાં ભર્યુ અથવા જયાં વરસ્યું અથવા જે પ્રકારથી તે પાણીનો સંગ્રહ થયો છે તેના આધારે પાણીના ગુણધર્મ બદલાતા રહે છે. તે જ પ્રકારે ભગવદ્ કથા કરવાવાળાનો જે ભાવ છે, તે ભાવને શ્રીમહાપ્રભુજી પાણીની સાથે સરખાવી રહ્યા છે અને તે કહેવાવાળાનું જે વ્યકિતત્વ છે તે પાણીનો જે આધાર છે. જેમ કે પાણી કૂવામાં હોય છે, પાણી તળાવમાં હોય છે, પાણી નદીમાં હોય છે, પાણી મોટા સરોવરમાં હોય છે, પાણી સમુદ્રમાં હોય છે. પાણી પર્વત ઉપરથી વહેતા ઝરણાં રૂપે હોય છે. પાણી જમીનમાંથી પણ ફૂટી નીકળતું હોય છે, પાણી વરસાદનું પણ હોય છે, પાણી ઝાકળનું પણ હોય છે. તો પાણી અનેક જગ્યાએ અનેક પ્રકારે જીવનમાં પ્રકટ થતું રહે છે.

તે પ્રકટ થતા પાણીના જે બધા વિવિધ રૂપો છે તે પાણીનો જે ગ્રાહ્ય-અગ્રાહ્ય વિવેક છે, તે પાણીના પોતાના ગુણ-દોષ નથી. પરંતુ તે પાણી કોના આધારમાં પ્રકટ થયું, તે આધારના હિસાબથી પાણીના ગુણ-દોષ બને છે. તો તે ગુણદોષનો વિચાર પાણીના આધારના આધારે કરવામાં આવશે. પાણીના આધારે નહીં કરાય. જો પાણીને આપણે શુદ્ધ રૂપમાં લીધુ તો તે પાણી પાણી જ છે. તેમાં કોઈ ગુણ નથી કે કોઈ દોષ નથી.

જેમ કે મારા એક પડોશી માન સરોવર ગયા અને માનસરોવરનું જલ એક શીશીમાં ભરીને લાવ્યા અને ધ્યાનથી સમજો કે આજે તેને લગભગ મને લાગે છે કે ચાર-પાંચ વર્ષ અથવા તો સાત-આઠ વર્ષ થઈ ગયા હશે. હજી સુધી મારી પાસે તે પાણી છે અને બગડયું પણ નથી. શું કામ નથી બગડયું ? કારણ કે માન સરોવર તે સમયે પ્રદૂષિત થયું નહોતું હવે ત્યાં એટલા બધા યાત્રીઓ જવા લાગ્યા કે આજની તારીખમાં માન સરોવરમાંથી જો લોટી ભરીને લાવીએ અને એક મહિનો ચાલે તો તો મહાદેવજીની કૃપા માનવી. એક મહીનો પણ નહીં ચાલે, પાણી એટલુ પ્રદૂષિત થઈ ગયું છે.

કારણ કે માનસરોવર બિચારું યાત્રીઓનું જેટલું વજન ઝીલી શકે તેના કરતાં વધારે વજન યાત્રીકોનું થઈ ગયું છે. કારણકે આધુનિક સગવડો જે યાત્રીકોને મળે છે તેના કારણે યાત્રીઓનું વજન ત્યાં વધારે પહોંચવા લાગ્યું છે.

આપણે એમ સમજીએ છીએ કે આ સગવડોથી તીર્થયાત્રા વધુ થવા લાગી છે. પણ એક વાત ધ્યાનથી સમજો કે તીર્થયાત્રા લોકોને વધારે મળે છે, પરંતુ તે લોકો તીર્થયાત્રાને એક પીકનીકના રૂપમાં કરે છે અને તીર્થ બિચારું હંમેશાને માટે ગંદુ થઈ જાય છે. તે સમયે ચીને હજુ રસ્તો ખૂલ્લો જ કર્યો હતો અને પહેલી ટુકડી ગઈ હતી તે લોકો જલ લાવ્યા હતા અને તે મારી પાસે હજુ પણ બોટલમાં છે અને પાણી હજુ સુધી ગંદુ થયું નથી. અત્યારે જો પાણી લાવો તો ગંદુ જ મળશે. આ સ્થિતિ માન સરોવરની થઈ રહી છે. આ સ્થિતિ આપણા ગંગાજીની થઈ ગઈ છે. આ સ્થિતિ આપણા શ્રીયમુનાજીની થઈ ગઈ છે.

જેનું આપણને અભિમાન હતું કે ગંગાજીનું જલ કયારેય પણ બગડે નહીં. તો આજે તો ગંગાજીથી વધારે પ્રદૂષિત જલ કોઈ જ નથી. હિન્દુસ્તાનમાં લોકો એવુ એવુ કહે છે શ્રીયમુનાજીથી વધારે પ્રદૂષિત જલ કોઈ જ નથી. આ આપણી દુર્ગતિ છે. કારણ કે વહેતું જલ જેટલુ પ્રદૂષણ સહન કરી શકે તેનાથી દશગણુ પ્રદૂષણ આપણે નદીમાં કરી રહ્યા છીએ.

એ જ સ્થિતિ બધા તીર્થસ્થાનોની થઈ છે. બિચારી વ્રજની જમીન જેટલા યાત્રીઓનો મલ પચાવી શકે તેના કરતા દશગણો મલ યાત્રા સમયે ત્યાં થઈ જાય ખૂબ જ ગંદકી ફેલાઈ જાય. યાત્રાના ઠેકેદારોને માથાદીઠ, પાલ દીઠ કંઈક આવક થતી હોય છે. અમારા કિશનગઢના આવા જ એક ગવર્મેન્ટ ઓફિસર છે તો તેણે મારી પાસેથી બ્રહ્મસંબંધ લેવાનું કહ્યું હતું. મે કહ્યું કે સેવા કરો તો જરૂર તમને બ્રહ્મસંબંધ આપું. તેનાથી સેવા તો થઈ નહીં. તેથી તેણે આજુબાજુના કોઈ ગામમાં જઈને બ્રહ્મસંબંધ લઈ લીધું. પછી તે મહારાજે યાત્રા ઉઠાવી તો તેઓએ કહ્યું કે તમે યાત્રામાં આવો પાલ દીઠ આઠ હજાર રૂપિયા છે.

તો તેણે ખૂબ જ સમજદારીની વાત કરી કે જુઓ મહારાજ વાત જાણે એમ છે કે તમે જે પાલ દીઠ આઠ હજાર માંગી રહ્યા છો તો અમે તો ચાર–છ–આઠ કુટુંબના સભ્ય છીએ તો માથાદીઠ બે–બે હજાર કે એક–એક હજાર લેતા હો તો આઠ સભ્યોના આઠ હજાર દેવા અમે તૈયાર છીએ અને જો એક પાલમાં તમે

જો બે સભ્યોથી વધારે મંજુરી ન આપો તો મેં તો શ્યામ મનોહરજી પાસેથી કંઠી લીધી છે. તમારી પાસેથી બ્રહ્મસંબંધ લીધું છે તેથી મારા ગુરુ તો શ્યામ મનોહરજી પણ છે. મને તેણે સીધુ જ પૂછી લીધું કે શું તમારી પાસેથી કંઠી નથી લીધી ? મેં કહ્યું હા લીધી છે ને ! બ્રહ્મસંબંધ આની પાસેથી લીધું. જો એક એક હજાર એક એકના લ્યો તો બ્રહ્મસંબંધ લીધું હોવાથી તમારી યાત્રામાં આવી જાવ. નહીં તો અમારા શ્યામ મનોહરજી ગુરુ શું ખોટા છે ? મેં તો કંઠી શ્યામ મનોહરજી પાસેથી લીધી છે.

આપણી યાત્રાના આવા આવા ભાવ, યાત્રા કરાવવાનો ભાવ, કરવાવાળાનો આવો ભાવ, આ બિચારા શ્રીમહાપ્રભુજીને ખબર નહતી કે આવા બધા લફડા પુષ્ટિમાર્ગમાં સેવાના અનુકલ્પતયા થશે ! આપણે ઘડિયાળના લોલકની જેમ ગુરુત્વને પણ પરિવર્તનશીલ રાખીશું કે એક વખત શ્યામ મનોહરજી ગુરુ અને એક વખત બીજા ગુરુ-આઠ હજાર માથાદીઠ હોય તો શ્યામ મનોહરજી ગુરુ અને આઠ હજારથી આઠ વ્યકિત મંજુર કરો તો તમે મારા ગુરુ. શું લફડો છે ભાઈ ! ખૂબ જ હાસ્યાસ્પદ સ્થિતિ છે. આ પુષ્ટિમાર્ગ નથી. પુષ્ટિભકિતને પ્રવૃધ્ધ કરવાનો કોઈ સુદઢ ઉપાય નથી. ખૂબ જ છેતરવાનો ઉપાય છે. ગુસાંઈ વૈષ્ણવોને છેતરી રહ્યા છે. વૈષ્ણવ ગુસાંઈને છેતરી રહ્યા છે. તો આ સ્થિતિ છે.

પરંતુ જે કથાનો ભાવ છે તે ભાવ યાત્રાની સરખામણીએ જો આપણે જોઈએ તો આપણને સમજમાં આવશે કે કથાનો ભાવ શ્રીમહાપ્રભુજીએ કેટલો ગૌરવમય બતાવ્યો છે અને તે જે કથાનો ભાવ છે તે પેલા આધારમાં જઈને કેટલો ગંદો પણ થઈ જાય છે તે પણ આપણને સમજમાં આવી જશે.

શ્રીમહાપ્રભુજીએ વેદની તૈત્તિરીય સંહિતામાં એક જ જલના જે વીસ ભેદ બતાવ્યા છે, ત્યાંથી આ મંત્ર લીધો છે. **''કુલ્યાભ્યઃ સ્વાહાઃ''**, **''વિકર્યાભ્યઃ સ્વાહાઃ''**, **''અવટ્યાભ્યઃ સ્વાહાઃ''**,**''ખન્યાભ્યઃ સ્વાહાઃ''** આવા આ જે વેદના મંત્ર છે. જે આપણા તૈત્તિરીય સંહિતામાં આવે છે. ત્યાંથી મંત્ર લઈને અને આ જલ એટલે કે કથા-ભગવત્ કથા એવી પવિત્ર છે. દર

વખતે જે વ્યકિત દ્વારા આપણે કથા સાંભળી રહ્યા છીએ, જેમ કે જલ પવિત્ર હોવા છતાં પણ જેના આધારમાં (પાત્રમાં) જલ ગયું તે આધારના ગુણદોષને ગ્રહણ કરી લ્યે છે.

જેમ કે એક વાત ધ્યાનથી સમજો કે તમે મહાબળેશ્વર માથેરાન આવી જગ્યાએ જયારે જાવને ! કે જયાં પર્વતનું જલ છે. તો પર્વતમાંથી-પથ્થરમાંથી રીઝતા જલમાં લોહતત્ત્વ (આર્યન) ખૂબ જ વધારે હોય છે. અહી મેદાનનાં જલમાં એટલુ લોહતત્ત્વ નથી હોતું. તો તે લોહતત્ત્વ તે જલમાં કયાંથી આવ્યું ? જલની એવી કોઈ લોહતત્ત્વની ગુણવત્તા નથી. પરંતુ જે પથ્થરમાંથી તે જલ રીઝે છે ત્યાં લોહતત્ત્વ છે. તેથી તે જલ પણ લોહતત્ત્વને ગ્રહણ કરે છે. અને જે પથ્થરમાંથી કે જમીનમાંથી જલ નીકળે છે ત્યાં ક્ષાર છે તો જલ ખારું પણ થઈ જાય છે.

જે જમીનમાંથી તે જલ આવી રહ્યું છે ત્યાં જો કોઈ રસાયણિક તત્ત્વ છે તો રાસાયણિક તત્ત્વો પણ જલમાં વહન થાય છે. તો આવા ઘણા બધા જલના ગુણ છે. જે મૂળમાં જલના ગુણ નથી પણ જલ જયાં પ્રકટ થયું છે ત્યાં તે આધારના કારણે પ્રકટ થતા ગુણ છે. એ જ પ્રકારે બે વાત ધ્યાનથી સમજો કે ભગવદ્ કથા સ્વયં ખૂબ પાવન, ખૂબ પવિત્ર, બધા દુઃખોને હરવાવાળી છે. **“તવ કથામૃતમ્ તપ્તજીવનમ્ કવિર્ભિડિતમ્ કલ્મષાપહમ્”** બધા દોષોને ધોવાવાળી છે. પણ તે જ ભગવદ્ કથા જો કોઈ ખોટા આધારમાં એટલે કે ખોટી વ્યકિત દ્વારા પ્રકટ થઈ રહી છે. તો ભગવદ્ કથા છે એમ સમજીને આપણે તેને પવિત્ર જ માનીએ તો, જલ છે એમ સમજીને પવિત્ર માનો, કહેવું બહુ સહેલું છે. પણ આચરણ કરવું અઘરું છે. એટલે કે ધ્યાનથી સમજો.

જે ઘરમાં શ્રીઠાકોરજીની સેવા કૂવાના જલ વગર ન થતી હોય ત્યાં શું દુર્ગતિ થઈ છે. કે શ્રીઠાકોરજીના ઝારીજી કૂવામાં ફુટતી ગટરના જલથી ધરે છે, અને ઘરના સભ્યો નળનું જલ પીવે છે. જે દેવાધિદેવ છે, જેને આપણે ઉત્તમ વસ્તુનો ભોગ ધરાવવાનો છે તેને આપણે ખરાબમાં ખરાબ વસ્તુનો ભોગ ધરાવીએ અને આપણે ઉત્તમોતમ વસ્તુનો ભોગ કરીએ.

આ પ્રકારે શ્રીઠાકોરજીની સાથે છેતરપીંડી, આપણી સાથે ચિટીંગ, ગામ સાથે છેતરપીંડી શરૂ થઈ ગઈ. પરંતુ આપણે એ કબૂલ નહીં કરીએ કે ભાઈ નળનું જલ પણ ચાલી શકે છે. કેમ ? કારણકે નળનું જલ શ્રીઠાકોરજીને કેમ ચાલે ? આ પ્રકારનું એક ષડયંત્ર, મોટું ષડયંત્ર આપણા પુષ્ટિમાર્ગમાં ચાલી રહ્યું છે. એક બીજાને છેતરવાનું ષડયંત્ર કે જેની અંતર્ગત શ્રીઠાકોરજી પણ છે તો આ વાત ધ્યાનથી સમજો.

ટુંક સાર ફરીથી જોઈએ તો જલભેદ ગ્રંથ વક્તાના વિવેચન માટે કહેવાયો છે. અપ્રકીર્ણ એટલે કે વર્ગીકૃત અને વિપ્રકિર્ણ એટલે કે સામાન્ય (મીસલેનીયમ) તો વર્ગીકૃત (કલાસી ફાઈડ) વક્તા ત્રણ પ્રકારના છે. વિષયાસક્ત, મુમુક્ષુ અને વિમુકત. તો પહેલા વક્તાથી પાંચમાં વક્તા સુધી વિષયાસક્ત વક્તાનો પ્રકાર છે. છઠ્ઠાથી અઢાર સુધીના વક્તાનો પ્રકાર મુમુક્ષુ વક્તાનો પ્રકાર છે. વિષયાસક્ત એટલે વિષયમાં જે આસકત છે અને મુમુક્ષુ એટલે વિષયની સાથે રહ્યા છે. પરંતુ વિષયાસકિતથી છૂટકારો મેળવવા ઈચ્છી રહ્યા છે. વિષયાસકિતમાં ઘેરાયેલો છે પણ વિષયાસકિતથી છૂટકારો મેળવવા ઈચ્છી રહ્યો છે તે મુમુક્ષુ વક્તા કહેવાય. વિમુક્ત વક્તા એટલે કે જેણે વિષયાસકિતથી છૂટકારો મેળવી લીધો છે. તો તેનો ઓગણીસમો પ્રકાર છે અને તેના છ અવાન્તર ભેદ વિશેષ રીતે બતાવ્યા છે. વિપ્રકીર્ણ એટલે અવર્ગીકૃત વક્તાનો વિસમો પ્રકાર છે.

॥ જલભેદઃ ॥

(“કૂપ્યાભ્યઃ સ્વાહાઃ... સર્વાભ્યઃ સ્વાહાઃ” ઇતિ શ્રુતિ (તૈત્તિ. સંહિ. ૭।૪।૧૨)વચને નિરૂપિતાઃ ભગવત્કથાપ્રવક્તૃણાં અપ્રકીર્ણભાવાઃ[૧-૧૯] વિપ્રકીર્ણભાવાઃ[૨૦] ચેતિ ભેદાભ્યાં વિંશતિવિધજલ- ભેદસદૃશાઃ. તત્ર અપ્રકીર્ણભાવાઃ- વિષયાસકતપ્રવક્તૃણાં ભાવાઃ [ક/૧-૫] મુમુક્ષુપ્રવકતૃણાં ભાવાઃ [ખ/૬-૧૮] વિમુકતપ્રવક્તૃણાં ભાવાઃ[ગ/૧૯] ઈતિ ઉપભેદૈઃ ત્રિવિધાઃ. તત્ર વિપ્રકીર્ણભાવાનામ્[૨૦] ઉપભેદાઃ અપરિગણિતાઃ) –

આ “કૂપ્યાભ્યઃ સ્વાહાઃ” થી લઈને “સર્વાભ્યઃ સ્વાહાઃ” સુધીના જે વીસ વચન છે તેમાં ભગવદ્ કથાના વચનમાં નિરૂપિત જે ભગવત કથાનું પ્રવચન કરવાવાળાના જે ભાવ છે. તેનું જે મૂળ વર્ગીકરણ છે તે બે પ્રકારનાં છે. કેટલાક ભાવો અપ્રકીર્ણ છે. એટલે કે તેમનું વર્ગીકરણ શકય છે અને કેટલાક ભાવો વિપ્રકીર્ણ છે. વિપ્રકીર્ણ એટલે કે તેમનું કોઈ વર્ગીકરણ નથી. તે વિશેષભાવ છે. જેને આપણે કોઈ વર્ગના અંતર્ગત ન કહી શકીએ. તો જે અપ્રકીર્ણ ભાવ છે તે તો ૧થી ૧૯ ભાવ છે. ૨૦મો ભાવ વિપ્રકીર્ણ ભાવ છે.આ અપ્રકીર્ણ ભાવના પાછા ત્રણ ભેદ છે. (૧) વિષયાસકત વક્તાના ભાવ (૨) મુમુક્ષ વક્તાના ભાવ (૩) વિમુક્ત વક્તાના ભાવ. અહીં જલભેદમાં વિષયાસકત વક્તાના ભાવ ‘ક’ (૧-૫) છે. મુમુક્ષ વક્તાના ભાવ ‘ખ’(૬-૧૮) છે અને મુક્ત વક્તાના ભાવ ‘ગ’(૧૯) છે. આ પાયાનું વર્ગીકરણ છે અને વિપ્રકીર્ણ ભાવ સ્વાભાવિક રીતે ‘ઘ’ છે પરંતુ તેમાં બીજા કોઈ અવાન્તર ભેદ નથી. તેથી તેને સમજવા માટે વીસમો એમ કહી દીધુ છે. વિપ્રકીર્ણ ભાવના જે ઉપભેદ છે. એટલે કે જે પેટા વિભાગો છે, તેની ગણતરી નથી કરી કારણકે વિશેષમાં શું છે ? જે કાંઈ પણ મથાળું છે અને તે ઉપરાંત વધારાના જે ભાવો છે તે આની અંતર્ગત આવી રહ્યા છે. જેટલા કોઈપણ ભાવો બચ્યા છે તે બધા વિશેષમાં (મીસલેનીયસમાં) આવી જાય છે.

મુમુક્ષ એટલે જે મોક્ષની કામના રાખે છે. વિષયમાં ફસાયેલો છે, પરંતુ

વિષયથી વિષયાસકિતથી છૂટવા માગી રહ્યો છે. વિષય આસક્ત એટલે કે જે વિષયમાં આસક્ત છે, પરંતુ વિષયમાં જ આસક્ત રહેવા ઈચ્છે છે, એવો જઘન્ય. મુમુક્ષુ શું છે ? થોડોક સુધરવા (રિફાઈન્ડ) ઈચ્છી રહ્યો છે અને તે એ વાત કબૂલ કરે છે કે હું વિષયમાં આસક્ત છું, પરંતુ હું વિષયસકિતથી છૂટવા પણ માંગુ છું. તો તેની સ્થિતિ ખરાબ છે પરંતુ તેની જીજ્ઞાસા ખરાબ નથી અને વિષયાસક્તનું શું છે કે તેની સ્થિતિ પણ ખરાબ છે અને જીજ્ઞાસા પણ ખરાબ છે. ભ્રષ્ટ (કરપ્ટેડ) મહત્વાકાંક્ષા છે. તેની નિષ્કામ મહત્વાકાંક્ષા નથી અને વિમુક્તનો મતલબ કે તે વિષયાસક્ત નથી અને તેથી તેમાંથી છૂટવાની તેને કોઈ ગરજ પણ નથી. કેમ કે તે તો છૂટી જ ગયો છે. આવા ત્રણ ભેદ વક્તાના છે.

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ાા
ભાવન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહવારકાન્ ાા ૧ ાા
ગુણભેદાસ્તુ તાવન્તો યાવન્તોહિ જલે મતાઃ ાા

એક વાત ધ્યાનથી સમજો કે શ્રીમહાપ્રભુજીને કેટલો વિશેષ આત્મવિશ્વાસ (ઓવર કોન્ફીડેન્સ) છે. તે કહી રહ્યા છે કે એક વખત જલભેદ ભાણી લેશોને તો તમારો સંદેહ નિવૃત્ત થઈ જશે, પરંતુ આપાણે નિવૃત્ત કરવા જ નથી માંગતા.

મે ત્યારે તમને વાંચીને સંભળાવ્યું હતું ને કે શા માટે ? તો કહે કે હવે છૂટવા જ નથી માંગતા. શા માટે ? તો કહે કે **''સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ, પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ આજીવિકા મમઃ''** તો કૃષ્ણ જ મારી આજીવિકા છે તો શા માટે છૂટુ ? આ આજીવિકાને શું કામ છોડુ ? પહેલા જેટલું કમાવાનું છે એટલુ કમાઈ લઉ. પછી નિરાંતે કયારેક વિચારશું કે શ્રીમહાપ્રભુજીએ શું કહ્યું ? શ્રીમહાપ્રભુજીનું નામ જયાં સુધી ચાલી રહ્યું છે ત્યાં સુધી કમાઈ લઈએ. કયાંક નામ ચાલવાનું બંધ થઈ ગયું તો ભૂખ્યા મરી જઈશું. **''આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે''** આ સિદ્ધાન્ત ઉપર અમે હમાણાં કામ કરી રહ્યા છીએ. પરંતુ બિચારા શ્રીમહાપ્રભુજીની સાચ્ચે જ દયા

આવે. આમ તો આપણા પિતાશ્રી છે. પિતાશ્રી પર દયા કરવાવાળા આપણે કોણ? પરંતુ કયારેક દયા આવે કે તેમનો આત્મ વિશ્વાસ આપણા પર કેટલો વધારે હશે કે હું જલભેદ લખી દઉં તો મારા દિકરાઓના બધા સંદેહ દૂર થઈ જશે.

આપણે બધા સંદેહો આમા જ પાળી રહ્યા છીએ કે હટ્ શા માટે સંદેહ દૂર કરવા ? જયારે કૃષ્ણ જ અમારી આજીવિકા છે, તો કૃષ્ણથી જ બધી મોજ-મજા-રંગ-રાગ ચાલી રહ્યા છે. અત્યારે શું કામ છોડીએ ? શું કામ અમે આ સંદેહ દૂર કરીએ ? સંદેહથી જીવીશું તો અમારે મજા છે. તો જ બધી શાન-શૌકત છે. તો જ બધા એશો-આરામ છે. ''**રંગે ફિતરત સે મિલો.... સબસે મિલ આઓ, તો એકબાર મેરે દિલસે મિલો**'' તો આ રીતે જ આપણે જીવી રહ્યા છીએ. શા માટે છોડીએ ? શા માટે સંદેહ દૂર કરીએ ? જયારે સંદેહથી જ અમારું જીવન ચાલી રહ્યું છે તો બિચારા શ્રીમહાપ્રભુજીને આ રહસ્યની ખબર ન હતી કે શું લફડો થઈ ગયો ?

''ગુણભેદાસ્તુ તાવન્તો યાવોન્તોહિ જલે મતાઃ'' શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે આ કથાના ગુણભેદ બરાબર એટલા જ છે કે જેટલા જલના આધારથી જલના ગુણભેદ પ્રકટ થાય છે. જલભેદ લખતી વખતે શ્રીમહાપ્રભુજી કાંઈક વધારે પડતી ચતુરાઈના મૂડમાં છે એવી કોઈ ગજબની સૂઝ અહીં શ્રીમહાપ્રભુજીએ વાપરી છે કે બધા ભગવદ્ કથાના પ્રવચન કર્તાના ભાવને જલની સાથે કેટલા શિસ્તબધ રીતે ગોઠવી દીધા છે. સમીકરણની રીતે આને જોશોને તો મજા આવશે.

(''કૂપ્યાભ્યઃ સ્વાહા'' વચનોકતજલસદૃશઃ પ્રથમો વિષયાસક્ત પ્રવક્તુઃ અનિન્દ્યો ભાવઃ)-વેદનો સૌથી પહેલો મંત્ર છે. ''કૂપ્યાભ્યઃ સ્વાહા'' આમા જલનો જે ગુણધર્મ બતાવવામાં આવ્યો છે તે ગુણધર્મના જેવો વિષયાસક્ત પ્રવક્તાનો એક અનિન્દ્ય ભાવ છે. એટલે કે કૂવાઓ કેટલાક સારા પણ હોય છે. તે કૂવાની જાળવણી પર આધાર છે અને કેટલાક કૂવા ગંદા પણ હોય છે. જે કૂવાની જાળવણી સારી ન હોય તે કૂવો ગંદો પણ થઈ શકે છે.

કારણકે કૂવામાં બંધાયેલું જલ છે તો તેની જાળવણી કરી તો તે સારું રહેશે અને જાળવણી ન કરી તો તે બગડી પણ જશે. તો આ કૂવાનો નિન્દ્યભાવ નથી પરંતુ અનિન્દ્ય ભાવ છે.

એ જ પ્રકારે વિષયાસકિત કાંઈક સારી પણ હોઈ શકે છે અને કાંઈક નિન્દ્ય પણ હોઈ શકે છે. સાવ સીધી રીતે સમજવાની વાત છે કે જે વિષયમાં આપણી આસકિત શાસ્ત્રથી સુનિષિદ્ધ નથી તો તે વિષયમાં આપણી આસકિત છે તો, વિષયાસકિતની દષ્ટિથી કોઈ હીન તબક્કો છે. પરંતુ શાસ્ત્રમાં જો તેનો નિષેધ નથી કરવામાં આવ્યો તો તે અનિન્દ્ય છે, પ્રશસંનીય ભલે ન હોય પરંતુ નિન્દ્ય નથી. નિદનીય નથી તો વિષયાસકતનો એક અનિન્દ્યભાવ પણ હોઈ શકે છે.

વિષયાસકિતનો કોઈ નિંદનીય પ્રકાર પણ હોઈ શકે છે કે જે વિષયોમાં આસકત હોવું તેને શાસ્ત્ર ખૂબ જ નિંદાજનક વાત સમજે છે કે જે કોઈ પણ આ રીતે વિષયમાં આસકત થવા ઈચ્છતો નહોતો, જેમ કે **''ધર્માવિરૂદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ!''** જે પ્રકારે ભગવાને ગીતામાં આજ્ઞા કરી. મેં ત્યાં ઠઠાઈમાં તમને સમજાવ્યું હતું કે ધર્મથી અવિરૂદ્ધ કામ મારું સ્વરૂપ છે, તે પ્રશંસાના અર્થમાં નથી, પરંતુ અનિંદાના અર્થમાં છે.

આ વાત ધ્યાનથી સમજો કે ધર્મથી અવિરૂદ્ધ કામ જે છે તે અનિન્દ્ય કામ છે. તે નિન્દ્ય કામ નથી. નહીંતર તો **''કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્દભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમ્ ઇહ વૈરિણમ્.''** (ગીતા ૩.૩૭) એવું ભગવાને કહ્યું છે. સૌથી મોટું પાપ કામ અને ક્રોધ છે. પરંતુ જો કોઈ કામ, કોઈ ક્રોધ એવો હોય કે જે ધર્મથી અવિરૂદ્ધ કામ-ક્રોધ છે તો તે નિન્દ્ય નથી. અનિન્દ્ય છે. પછી તેની નિંદાની કોઈ આવશ્યકતા જ નથી. તે નીતિને પકડીને ચાલશોને તો બધી વાત સમજમાં આવી જશે કે આવો છે અનિન્દ્ય ભાવ.

ગાયકાઃ કૂપસંકાશા 'ગન્ધર્વા' ઇતિ વિશ્રુતાઃ ॥૨॥
કૂપભેદાસ્તુ યાવન્તસ્ તાવન્તસ્ તેઽપિ સમ્મતાઃ ॥

હવે એક વાત ધ્યાનથી સમજો પુસ્તકના હિસાબે કે જયાં પણ ઈન્વર્ટેડ કોમા (અવતરણ ચિહ્ન) મેં આપ્યા છે, ત્યાં તેને કયા અર્થમાં કહેવામાં આવ્યું છે તે વાત કહી છે. પરંતુ સામાન્ય રીતે શ્રુતિમાં જે વચન આપ્યું છે તે વચનને શ્રીમહાપ્રભુજી અહીં અવતરણ કરે છે. પરંતુ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રુતિ વચનમાં જે વચન આપ્યું છે તેને નામના સંદર્ભથી અવતરણ (કોટ) નહીં કરીને, સરખામણીના અર્થમાં કોટ કર્યુ છે. તો એટલા માટે અહીં કૂપ શબ્દ પર મેં ઈન્વર્ટેડ કોમા નહીં કરીને 'ગંધર્વા' શબ્દ પર ઈન્વર્ટેડ કોમા આપ્યું છે. આ વાત ધ્યાનથી સમજો.

જેમ કે એક સામાન્ય ઉદાહરણના રૂપમાં તમને સમજાવું તો વાત સમજમાં આવી જશે કે દશરથના મોટા પુત્રને રામ કહે છે અહીં 'રામ' વ્યકિતના અર્થમાં નહીં પરંતુ નામના અર્થમાં છે. દશરથના મોટા પુત્ર આ જે વાકય છે, તે વ્યકિતને બતાવી રહ્યા છે કે કોણ વ્યકિત ? અને જે રામ શબ્દ આવ્યો છે તે વ્યકિતના અર્થમાં નથી આવ્યો પરંતુ શબ્દના અર્થમાં આવ્યો છે કે દશરથના મોટા પુત્રને રામ કહે છે. તો તે જ શબ્દ કયારેક શબ્દના અર્થમાં આવે તો ઈન્વર્ટેડ કોમા આપણે કરીએ છીએ અને તે જ વાત જયારે વ્યકિત અથવા વસ્તુના અર્થમાં આવે તો તેનો ઈન્વેર્ટેડ કોમા આપણે હટાવી દઈએ છીએ. તો અહીં એક વાત ધ્યાનથી સમજો.

'કૂપ' શબ્દ ઈન્વર્ટેડ કોમામાં આવવો જોઈતો હતો. કારણકે કૂપસંકાશા કહ્યું છે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ 'કૂપસંકાશા' એટલે કે કૂવા જેવા કહીને તેને નામ વાચકને બદલે વસ્તુ વાચક બનાવી દીધા છે અને એક નામ અલગથી પણ પાછું આપી દીધું છે.

''ગંધર્વા ઈતિ'' એટલે કે ગાઈ-ગાઈને ભગવાનના ગુણોને કહેવાવાળા-ભગવાનની કથાને ગાઈ-ગાઈને કહેવાવાળા કૂવા જેવા ગંધર્વ હોય છે. કૂવા જેવાઓને ગંધર્વ કહેવાય છે. ગંધર્વના રૂપે પ્રસિદ્ધ છે. તો અહીં જે ગંધર્વ છે તે વસ્તુ વાચક નહીં પરંતુ નામ વાચક શબ્દ છે. તેથી ઈન્વેર્ટેડ કોમા 'ગંધર્વ' શબ્દ ઉપર લગાવ્યું છે. ત્યાર પછી જયાં પણ આવશે, ત્યાં જે શ્રુતિમાં

વચન તે જ વચન ઘણુ કરીને કયાંક કયાંક મળશે. તેમાં કોઈ ગડબડ નથી. પરંતુ જયાં શ્રુતિવચન છે, તેમાં જે નામ છે, તે જ નામ ઈન્વર્ટેડ કોમામાં નામના અર્થમાં આવે છે.

‘‘કૂપભેદાસ્તુ યાવન્તસ્ તાવન્તસ્ તેડપિ સમ્મતાઃ’’ અને જેટલા કૂવાના ભેદ હોઈ શકે છે તેટલા જ ભેદ આ ગાવાવાળાઓના પણ હોઈ શકે છે. અહીં શ્રીમહાપ્રભુજી તેને ઊંડાણથી બતાવવા નથી માંગતા. પરંતુ ટીકાકારો ગયા છે. જે અત્યારે અહીંયા આપણો વિષય નથી.

કૂવા પછી એક બીજી વસ્તુ આવી રહી છે તે છે ‘કુલ્યાઃ’ વાતને ધ્યાનથી સમજો. કુલ્યા તેને કહે છે કે ખેતરમાં જે કૂવો હોય તે કૂવામાંથી જલ કુલ્યામાં નાખવામાં આવે છે અને કુલ્યામાંથી પછી ખેતરમાં જાય. તે કૂવામાંથી ખેતર સુધી પહોંચતી એક નાલી હોય છે. નહેર એક જુદી વસ્તુ છે. અવેળો સારું અવેળો મને ખબર નથી પરંતુ કદાચ અવેળો ચોરસ (સ્કવેર) હોય છે. તે અવેળામાંથી પાછી એક નાલી જાય છે અને તે નાલી એટલે કે ધોરિયો જે છે તે ‘કુલ્યા’ કહેવાય છે. અવેળાની ગણતરી અહીં નથી કરી. કારણકે અવેળામાંથી તો પાણી ઉલેચવું પડે અને ત્યારે તે અવેળામાંથી પાછુ નાલીમાં થઈને ખેતરમાં જાય આ જે નાલી છે તે કુલ્યા કહેવાય.

હવે જુઓ (**‘‘કુલ્યાભ્યઃ સ્વાહાઃ’’ વચનોકતજલસદૃશઃ દ્વિતીયો વિષયાસકત - પ્રવકતુઃ અનિન્ઘો ભાવઃ**)-‘કૂલ્યાભ્યઃ સ્વાહાઃ’ વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો અનિન્ધ ભાવ.

‘કુલ્યાઃ’ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ॥ ૩ ॥

જેમ ગંધર્વનો ગાઈ ગાઈને ભગવદ્ કથા કહેવાનો એક ભાવ છે. એવી જ રીતે પૌરાણિકોનો પણ એક ‘કુલ્યા’ ના જેવો ભાવ છે, તો નાલી જેવો કે જે ખેતરમાં પાણી પહોંચાડે છે અને ‘‘પારમ્પર્યયુતા ભુવિ’’ આ વાત ધ્યાનથી સમજો કે તે નાલીમાં પાણી ત્યારે વહે કે જયારે તે કૂવામાંથી ઢોળવામાં આવે. તો જો કૂવામાંથી પાણી ઢોળવામાં ન આવે તો નાલી સાવ સુકાયેલી હોય. આ જ પ્રકારે જે પરંપરાથી જે પૌરાણિક છે તે કોઈ કૂવાથી જોડાયેલા છે કે જેમાંથી

પાણી રેડવામાં આવે છે. પરંતુ જાણી જોઈને કોઈ પૌરાણિક બની રહ્યા છે. પોતાની આજીવિકા ચલાવવા માટે તો તે પરંપરાથી પૌરાણિક નથી. આ વાત સમજવા માટે આપણે થોડી અક્કલ વાપરવી પડશે.

''સહજં કર્મ કૌન્તેય! સદોષમપિ ન ત્યજેત્, સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ'' (ગીતા.૧૮।૪૮) આ જે આપણો ભારતીય સંસ્કૃતિનો એક ભાવ હતો કે પરંપરાથી જો તમે કોઈ કામ કરી રહ્યા છો, તે સામાન્ય રીતે લોકમાં આદરણીય કામ ન હોય, પરંતુ પેઢી દર પેઢી જેમ કે કોઈ મોચી છે, તો તેનું મોચી હોવું તે કોઈ નિંદાની વાત નથી. પેઢી દર પેઢી જો કોઈ ખાલ ઉતારીને વેંચી રહ્યો છે, તો મરેલા જાનવરની ખાલ ઉતારવી તે આમ તો ખરાબ વાત છે, પરંતુ પરંપરાથી આવું કાંઈ કરી રહ્યા છે, તો તે તેનું વ્યાજબીપણું છે, ન્યાયીક છે.

કારણ કે તે તેની વ્યકિતગત પસંદગી હોતી નથી. પરંતુ તે પ્રકારે તેનો જન્મ થયો છે. તેણે પોતે તે પસંદગી નથી કરી. તેમાં તે ઉત્પન્ન થયો છે. આવો જે પરંપરાથી પૌરાણિક છે, તે જો પૌરાણિક થઈને પુરાણકથા કરે છે અને ભગવાનની કથા કરી રહ્યા છે તો તેને અનિન્દ્ય ભાવ કહેવામાં આવ્યો છે. કારણ કે તેણે પોતાની મરજીથી ધંધો પસંદ નથી કર્યો. તે તો તેની કુલ પરંપરાથી ચાલી આવતી રીત છે.

તે પૌરાણિક કથાની તો વાત જવા દો. આવી જાનવરની ખાલ ખેંચવા સુધીની વાતને અને પુરાણોમાં એવી કથા પણ આવે છે કે બહુ મોટા તપસ્વી બ્રાહ્મણથી વધારે તો પેલો ખાટકી છે કે જે માંસ કાપી કાપીને વેંચે છે તે સ્વકર્મ પરાયણ છે. તો તેને વધારે સારો માનેલ છે. તે સ્વકર્મ પરાયણ છે, બ્રાહ્મણ નાલાયક છે. જે સ્વકર્મ પરાયણ નથી. તો પોતાના કર્મમાં પરાયણ રહેવું તે વ્યાજબી છે. પછી ભલે તે કર્મ ઊંચુ હોય કે નીચું હોય.

કેટલાય બાલકો એવી દલીલ કરે કે અમારા બાપદાદા જે છે તે ધંધાકીય માળખામાં સેવા કરતા આવ્યા છે તો અમારા બાપદાદાના વખતથી ચાલ્યો આવતો ધંધો છે તો આ બાપદાદાના વખતથી ચાલ્યા આવતા ધંધાને એટલે કે

''સદોષમપિ ન ત્યજેત્'' આવી દલીલો પણ બાલકો કરે છે. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે જયાં સુધી સેવાનો સવાલ છે, જયાં સુધી ભગવત્ કથાનો સવાલ છે ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીએ ભારપૂર્વક કહ્યું છે કે પરંપરાથી ચાલ્યો આવતો ધંધો હોય તો પણ જો તમે પુષ્ટિમાર્ગીય છો તો તમારે તે છોડી દેવું જોઈએ.

તો આ જે નિયમ છે. પરંપરાને જે અનિન્દ્ય માન્યો છે, તેની શ્રીમહાપ્રભુજીએ ખાસ કાળજી લઈને નિંદા પણ કરી છે. તો તે આપણે ત્યાં શકય નથી. બીજાને ત્યાં શકય હોઈ શકે છે. આનું શ્રીમહાપ્રભુજીએ આગળ બહુ સુંદર વિવેચન કર્યુ છે. ''પારમ્પર્યયુતા ભુવિ''માં શ્રીમહાપ્રભુજી તેઓને કોઈક પ્રકારે અનિન્દ્ય ભાવ માની રહ્યા છે.

ત્યાર પછી **(''વિકર્યાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ તૃતીયો વિષયાસક્ત પ્રવક્તુઃ નિન્દ્યો ભાવઃ)**– ''વિકર્યાભ્યઃ સ્વાહાઃ'' આ વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય ભાવ. નાલીમાંથી તે જલ જે વખતે કયારામાં ચાલ્યુ જાય ત્યારે તે 'વિકર્યા'નું જલ થઈ જાય છે. એક વાત ધ્યાનથી સમજો. હું જલના સંદર્ભમાં બોલી રહ્યો છું હો ! ભગવદ્ ગુણનાં સંદર્ભમાં નહીં. કારણકે જલના સંદર્ભમાં આ વાત સમજી જશો તો ભગવદ્ ગુણમાં પણ સમજાઈ જશે.

નાલીમાં (ધોરીયામાં) વહેતું જલ કયારેક હાથથી પીવું હોય તો પી શકાય છે, પરંતુ કયારામાં ભરેલ જલને માનો કે ગધેડા, ભેંસ, ગાય એ બધા પી શકે, પરંતુ મનુષ્ય પાછો નહીં પી શકે. કયારામાં જલ ભરાઈ ગયું તો, કયારેક ગામડામાં જઈને જોશોને તો આ પરિસ્થિતિની ખબર પડશે કે નાલીમાં વહેતા જલને ખોબામાં ભરીને પીવું હોય તો આનંદથી પી શકાય છે. કારણ કે સતત જલ વહેવાના કારણે નાલી કંઈક ચોખ્ખી હોય છે અને કયારામાં શું થાય છે ? કે તેમાં ખાતર મીલાવ્યું હોય, માટીને ખોદી નાખી હોય, તો જેવું કયારામાં જલ જાય કે તરત એટલુ ગંદુ થઈ જાય કે તે ખાતરના ગુણને કારણે, ખોદેલી માટીના ગુણને કારણે તે માટીવાળુ પાણી તરત જ ગંદુ થઈ જાય છે. તેથી કયારામાં જતા જ તે જલ લફડાવાળુ થઈ જાય. નાલીમાં તે જલ અનિન્દ્ય હતું. પરંતુ કયારામાં જતા

જ નિન્દ્ય થઈ જાય છે. તો કેટલી સુક્ષ્મ બાબત (માઈન્યુટ ડીટેલ) પર શ્રીમહાપ્રભુજીની દષ્ટિ છે. તે જોવા લાયક વાત છે.

ક્ષેત્રપ્રવિષ્ટાસ્ તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ॥

ખૂબ જ નાજુક (ડેલીકેટ) વાત છે, કે પરંપરાથી તમે જો પૌરાણિક કથા કરી રહ્યા છો તો તમારો ભાવ નિન્દ્ય નથી. પરંતુ તમે પોતાના ઘરનો નિર્વાહ કરવા માટે જ પૌરાણિક કથા કરી રહ્યા છો, તેનો મતલબ કે તમે ક્ષેત્ર પ્રવિષ્ટ થઈ ગયા. કયારામાં પ્રવેશ થઈ ગયા. તો તમારી કથાને જે સાંભળશે, કારણકે તમારી કથા જયારે તમારામાં જ સંસાર ઉત્પન્ન કરી રહી છે, તો શ્રોતામાં કેવી રીતે ભકિત પ્રગટ કરશે ? કથા કરવાવાળામાં આ કથાથી શું ઉત્પન્ન થઈ રહ્યું છે ? ભકિત કે સંસાર ? આવી ધંધાકીય કથાથી તો ચોક્કસ સંસાર જ ઉત્પન્ન થાય.

હમણા પંદર વીસ દિવસ પહેલા જ એક વ્યકિતએ મને ખૂબ જ સરસ વાત કહી. તેનું કામ ગોર મહારાજનું છે. તેનો દિકરો જે છે તેણે આધુનિક અભ્યાસ (મોર્ડન એજયુકેશન) કર્યો છે. તે અભ્યાસ પૂરો કરીને પોતાના બાપને મદદ કરે છે. હું જયારે પણ તે બાપ-દિકરાની જોડીને જોઉને તો મને ખૂબ જ ગમે, કે ચાલો આટલો આધુનિક અભ્યાસ કરીને પણ પોતના બાપની સાથે ગોર મહારાજના કામમાં મદદ કરે છે. એક નવો ભણ્યો ગણ્યો છોકરો આ કામમાં છે કેટલી સારી વાત છે.

પરંતુ હમણા તેણે મને એક ખૂબ જ મજેદાર વાત કહી કે હવે તો મારો દિકરો બરાબર આ ધંધામાં ગોઠવાઈ ગયો છે. મને ખૂબ જ દુઃખ થયું. મને થયું કે શું કામ મેં આટલી વાર તેની પ્રશંસા કરી. ભાઈ આને ધંધો શું કામ કહો છો કે વિચારો છો ? વિચારવું હોય તો તેને કર્તવ્યના રૂપે કેમ ન વિચારે ? જુઓ બે વાત ધ્યાનથી સમજો, મારા મનમાં તેના પ્રત્યે આજ સુધી ખૂબ જ આદરનો ભાવ હતો કે આટલો આધુનિક અભ્યાસ કરીને પણ એક બ્રાહ્મણનો છોકરો પોતાના બાપ સાથે, પોતાના કર્તવ્ય માટે તૈયાર છે. તે કોઈ નોકરી કરવા નથી જતો. કોઈ બીજે ધંધો કરવા નથી જતો. પોતાના કર્તવ્યમાં, બ્રાહ્મણ ઉચિત કર્તવ્યમાં હાજર છે. પરંતુ બાપની પોતાની વૃત્તિ ક્ષેત્ર પ્રવિષ્ટ છે. આવી અયોગ્ય વાત તેણે મને

કહી કે હવે મારો દિકરો ધંધામાં બરાબર ગોઠવાઈ ગયો છે. મેં કહ્યું કે એ તો તમારી સાથે કામ કરતો હતો ને ! તો તેણે કહ્યું આપણો તો એ જ તો ધંધો છે ને ! મેં કહ્યું હા... હા... હવે સમજી ગયો.

મતલબ બાપ ખુદ તેને કર્તવ્યના રૂપમાં નથી લઈ રહ્યો, ધંધાના રૂપમાં લઈ રહ્યો છે. જયારે ખરેખર તો કર્તવ્યના રૂપમાં તે વાતને લેવી જોઈતી હતી કે બ્રાહ્મણનું એક કર્તવ્ય છે. તો જુઓ, વાત તો એક જ છે કે જે કર્તવ્ય નિભાવી રહ્યો છે તો એવો કોણ યજમાન હશે કે પોતાના ગોર મહારાજને ભૂખ્યા મારે ? પણ તે યજમાનનો ભાવ પોતાના ગોર મહારાજને ભૂખ્યા નહીં મરવા દેવાનો અને ગોર મહારાજનો આ ધંધાદારી ભાવ કે આવી ગયો બકરો તો કાપો ધંધાનો ભાવ આ બન્ને ભાવમાં ખૂબ જ અંતર છે. આ બે વાતનો ભેદ સમજો.

આવો જ ભાવ આ પૌરાણિકોનો પુરાણકથા કહેવાનો છે, કારણ કે મારા બાપદાદા પુરાણકથા કહેતા હતા. તો હું પણ પુરાણ કથા કરીશ. આ ભાવ જો છે તો ‘ક્ષેત્રપ્રવિષ્ટ’ ભાવ નથી. તેનો પારમ્પર્યયુકત ભાવ છે. તો તે નાલીનું જલ છે, ભલે ક્ષુદ્ર છે પણ પીવા લાયક છે, પી શકાય છે.

પરંતુ જો તેનો પોતાનો એવો ભાવ છે કે હવે તો ધંધો જોરદાર ચાલે છે. હવે તો દરેક મોટા મોટા શહેરમાં પણ આપણી કથા થવા માંડી છે અને હવે તો પ્લેનની ટીકીટ પણ યજમાનો મોકલવા મંડયા છે. મતલબ ‘‘ક્ષેત્રપ્રવિષ્ટાસ્ તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ’’ જયારે તું પોતે જ આ કથાથી સંસાર ઉત્પન્ન કરી રહ્યો છે તો સાંભળવવાવાળામાં ભકિત કયાંથી પ્રગટ થશે ? શ્રીમહાપ્રભુજી આ વાત કહી રહ્યા છે.

પ્રશ્ન :- નામ કે શબ્દ બદલવાથી શું ક્રિયા પણ બદલે છે ?

કયારેક ભાભીજીને યાર ચીનાદાદાની પત્ની કહીને તો જો, નામ બદલવાથી કેટલું બદલી જાય ? માં કહીશ કે નૃત્ય ગોપાલજીની પત્ની કહીશ ? શું કહીશ બતાવ ? અને ભાભીજી કયારેક તમને જો એમ કહી દે કે નૃત્ય ગોપાલજીના દીકરા અને તને દીકરો ન કહે તો ? બરાબર હું એ જ સંદર્ભને પકડીને કહી રહ્યો છું, કે માને બાપની સ્ત્રી કે પત્ની કહેવું અને બાપની પત્નીને

માં કહેવું, નામ બદલવાથી કેટલું બદલી જાય છે કે નથી બદલાતું ? આખો સંબંધ બદલી જાય. આખો ભાવ બદલી જાય. આખી રીત બદલી જાય.

અરે પત્નીને કયારેક એય છોકરી ! એમ કહીને બોલાવીશને તો તારી ઉપર નારાજ થઈ જશે. ન થઈ જાય ? તે તને કયારેક છોકરો કહીને બોલાવે તો તું નારાજ ન થઈ જા ? નામ બદલવાથી આખી દુનિયા બદલી જાય. નામને એટલું સાધારણતાથી ન લેવું ખૂબ જ ગંભરતાથી લેવાનું છે કારણકે નામ જ તો છેલ્લે આપણા બધા ભાવોને વ્યકત કરે છે. એક વાત સમજ આપણા બાલકોમાં શ્રીઠાકોરજીનું નામ આપણા દીકરાને આપવું તેની પાછળનો ભાવ શું હતો ? કે ભૂલેચૂકેય જો આપણે મરી રહ્યા છીએ અને આપણે દીકરાને પણ બોલાવીએને તો કયાંક આપણો અવાજ શ્રીઠાકોરજી સુધી પહોંચી જાય. એક વાત સમજ આપણે પુરુષોત્તમ છીએ, તેથી આપણું નામ પુરુષોત્તમનું એટલા માટે નથી રાખ્યુ, પણ દરેક ગુસાંઈ એમ વિચારે કે આપણા દીકરાનું નામ ભગવાનનું નામ રાખીએ તો મરતી વખતે દીકરાને પણ બોલાવીશુને તો ભગવાનનું નામ તો મુખમાંથી નીકળ્યુ ને ! આવ્યું ને ખ્યાલમાં ?

હવે આજકાલ આપણને આધુનિક ફેશનમાં ભગવાનના નામ ઉપરથી નામ રાખવું સારું નથી લાગતું. તેથી તે નામ ખાલી ટીપ્પાણીમાં રહ્યું છે. પરંતુ એ નામથી કોઈ બોલાવે તો આપણને પાછું ગમે પણ નહીં. એ એક આખી અલગ કથા છે. બાકી ખરેખર એક વાત સમજ કે ભગવાનનું નામ રાખવા પાછળ આપણો કેટલો ઉદાત્ત ભાવ હતો કે કોઈ કારણસર દીકરાને બોલાવવાથી પણ ભગવાનનું નામ તો ચાલતું રહે ! હવે જો સમજી લે કે આજ વાતને અને આ જ વાતથી આપણો ભાવ બદલી ગયો અને આપણે પોતાને પુરુષોત્તમ માનવા લાગ્યા. તો આખુ ચક્કર બદલી ગયું કે નહીં બદલ્યું ?

એક વ્યકિત જો એમ વિચારે કે ભાઈ મરતી વખતે અથવા જીવતા જીવ હર સમયે કોઈપણ હેતુસર ભગવાનનું નામ મારાથી જેટલું લેવાય તેટલું સારું. તેથી આપણું નામ ભગવાનના નામ પરથી રાખીએ અને એક એટલા માટે આપણું નામ ભગવાનન નામ પરથી રાખીએ કે હું કોણ ? શ્યામ મનોહર આવી

જાવ રાસ રમવા. બદલી ગયું કે નહીં ? આખી વાત બદલાઈ ગઈને ભાઈ ! આ એક અલગ કથા છે. નામ બદલવાથી કાંઇ ન બદલે એવું નથી ઘણુંબધું બદલી જાય છે. કારણ કે ભાવ બદલી જાય છે. ભાવ બદલી જવાથી તેને જોવાની આખી નજર બદલી જાય.

નહીંતર એક સીધી વાત સમજ કે આપણે ત્યાં શું મૂર્તિ નથી ? શું આપણે ત્યાં શ્રીઠાકોરજીની મૂર્તિ નથી ? તો શું આપણે તેને મૂર્તિ કહીએ છીએ ? પુતળું કહીએ છીએ ? શું કહીએ છીએ ? આપણે તેને ઠાકુર કહીએ છીએ, સ્વરૂપ કહીએ છીએ, શું બદલી રહ્યું છે ? સૌથી પહેલા નામ બદલી રહ્યું છે જેમ બાપની સ્ત્રીને, બાપની સ્ત્રી નહીં પણ મા કહી રહ્યા છીએ. નામ બદલ્યુંને તો તેની સાથે ભાવ પણ બદલ્યો. કયો ભાવ અનાદરનો ભાવ ગયો, આદરનો ભાવ આવ્યો. આદરના ભાવની સાથે તેની સાથેના અનુમાનમાં આપણો આખો વ્યવહાર બદલી રહ્યો છે, કે જ્યારે મા કહી રહ્યા છીએ તો મા ના દીકરાને લાયક કાંઈક આપણે તેની સાથે વર્તન કરીશું આવ્યું ને ખ્યાલમાં !

એ જ પ્રકારે આપણે જ્યારે ઠાકુર કહી રહ્યા છીએ, જ્યારે પ્રભુ કહી રહ્યા છીએ, સ્વરૂપ કહી રહ્યા છીએ, કે ભગવાનનું સ્વરૂપ છે તો તે નામ બદલતાની સાથે જ આખો ભાવ બદલાઈ રહ્યો છે અને તેના ભાવ બદલવાની સાથે તેનો વ્યવહાર પણ બદલાઈ રહ્યો છે. હવે જો આમાં પાખંડ કરવું હોય ને તો થઈ શકે છે. તારી જે શંકા છે ને તે આ અર્થમાં બિલકુલ વ્યાજબી છે કે કોઈપણ વસ્તુનું નામ બદલવાથી તેની ક્રિયા નથી બદલાતી. બરાબર તારી વાત સાચી છે. પરંતુ તેમા પણ જેમ એક તથ્ય છે. જો પાષંડથી કરવામાં આવે તો કે આપણે હૃદયમાં તે જ ભાવ રાખી રહ્યા છીએ અને હૃદયમાં તે જ ભાવ રાખીને અને નામ મોટા-મોટા વાપરી રહ્યા છીએ. તો નામ બદલવાથી કામ નહીં બદલે. પરંતુ નહીંતર તો નામથી કામ પણ બદલે છે. એ તો એક હકીકત છે કે નહીં ?

આવો એક વ્યવહાર નહીં, ઘણાબધા વ્યવહારમાં આપણે આ વાત જોઈ શકીએ છીએ. જેમ કે વિદ્યા પ્રાપ્ત કરવાનું, એક વિદ્યાનું સ્થળ જે છે તેને વિદ્યાલય કહો અને આપણે એમ કહીએ કે છોકરીઓના સાથે મજાક-મસ્તીનું

સ્થળ છે. તો કામ બદલાઈ ગયું કે નહીં ? તો આવી રીતે ઘણુંબધું બદલી જશે. જયારે તમે કોલેજને એ નામથી બોલાવવાનું શરૂ કર્યુ. તો પછી ધીરે ધીરે કોલેજ તે ગુણધર્મને ગ્રહણ કરવાનું શરૂ કરી દેશે, ખ્યાલમાં આવ્યું ?

તો આમ ઘણા નામ પ્રેરક તો હોય જ છે ને ! એવું નથી કે બાળકોનું નામ પ્રેરક ન હોય. એટલા માટે સારા નામ રાખીને, સારા નામથી બોલાવવાથી બાળકોમાં સારા વ્યકિતત્વનો વિકાસ થાય છે. સારી ઓળખ વિકસિત થાય છે. આ બાલ મનોવિજ્ઞાનના હિસાબથી વાત છે અને અત્યારે પણ જેમ કે ઘણા મા-બાપ એવા હોય છે કે તેઓને આદર્શ વ્યકિતત્વ લાગતું હોય તે વ્યકિતનું નામ પોતાના બાળકોનું રાખે અને તેથી તે પ્રકારનો ભાવ બાળકોમાં નામથી જ ઉત્પન્ન થાય છે અને કોઈનું નામ આપણે ટીંડલી રાખી દઈએ, કોઈનું રીંગણું રાખી દઈએ, કોઈનું નામ બટેટું રાખી દઈએ તો વિચાર કે આવા નામધારી છોકરાઓની શું આપણે આશા કરીશું ? તે છોકરાઓ મોટા થઈને શું બનશે ? કોઈ ટીંડલી છે, કોઈ બટેટું છે, કોઈ રીંગણું છે. તો બાળક પછી કાંઈ ખાસ પ્રેરણા નહીં લઈ શકે.

કોઈનું નામ પ્રતાપ રાખ્યુ, કોઈનું શિવાજી નામ રાખ્યું કોઈનું વલ્લભ નામ રાખ્યું. તો તેની કાંઈક અસર થશે ને ? કારણકે આપણે તેને જેટલીવાર તે નામથી બોલાવશું તેટલીવાર તેના મગજ ઉપર આપણે કાંઈક હેમરીંગ (સતત યાદી) તો કરી રહ્યા છીએ કે ભાઈ તુ આ છે. ફરક પડી શકે કે નહીં ? એવી વાત નથી કે ફકત નામથી જ ફરક પડે, પણ નામથી પણ ફરક પડી શકે છે. આપણે આ વાતને સમજવી જોઈએ ખ્યાલમાં આવ્યું ને !

ખુશી થઈ તે સારો પ્રશ્ન કર્યો. તો કોઈ બીજા અર્થમાં નહીં લેતા હો ! વિષયને સમજાવવા માટે મેં થોડોઘણો કઠોર જવાબ આપ્યો છે. તારા મનમાં જ નહીં, દેખીતી રીતે બીજાના મનમા પણ આ ભાવના હોય તો એકદમ સાફ થઈ જાય કે નામ બદલવાથી ઘણા કામ પણ બદલી શકે છે અને કામને છુપાવવા માટે આપણે નામ બદલીએ, તો પછી કાંઈ જ ફરક પડતો નથી. નહીંતર તો નામ બદલવાથી કામ પણ બદલે છે.

જુઓ આપની વાત સાચી છે. પણ એક વાત ધ્યાનથી સમજો આ ચર્ચા થોડીક આપણા વિષયની નથી. પરંતુ તમે હવે પૂછી રહ્યા છો તો મારે ખુલાસો કરવો જોઇએ. મૂળમાં જેટલા પણ નામ છે, તે ભાવનુ જ બાહ્ય પ્રગટીકરણ છે. તો જયારે તમારો ભાવ તેવો છે, તો જે પણ નામ તમે વાપરશોને, તે તે ભાવને જ વ્યકત કરશે. તે નામનો જે અર્થ નહીં હોયને તો પણ ભાવના કારણે તે અર્થ પ્રગટ થશે. ખરેખર તો આ જે વાત મેં કહી કે નામથી ફરક પડે છે અને આપ જે આ વાત કહેવા માંગો છો કે ભાવ એકદમ રૂઢ હોય તો ફરક નથી પડતો પણ ખરેખર ધ્યાનથી જુઓ.

જેમ કે અમારા પિતાને અમે દાદા કહેતા હતા. હવે આ ઢબુના બાળકો બધા પરેશાન છે કે આપ આપના પપ્પાને દાદા કેમ કહો છો ? કારણ કે તેઓને ત્યાં પપ્પાના પપ્પાને દાદા કહેવામાં આવે છે. ગુસાંઈઓમા-અમારા લોકોમાં લગભગ પિતાને કાકા કહેવામાં આવે છે અથવા કાકાજી કહેવામાં આવે છે. કાકા શું કામ કહેવાય છે તે તો આપણે જાણીએ જ છીએ. તો પિતા કેવી રીતે કાકા થઈ શકે ? પરંતુ જયારે પિતાના ભાવથી દાદા કહેવાનું શરૂ કર્યું. એકવાર, બેવાર, દસ વાર તો અમારા મનમાં તો કલ્પના પણ ન હતી કે દાદાજીનો અર્થ બાપ નથી થતો. દાદાજી એટલે પિતા. નાનપણથી જ નામને તે ભાવનો રંગ આપી દીધો. નામમાં બીજું શું છે ?

દાદાનો અર્થ તો ગલીનો ગુંડો પણ હોઈ શકે કે નહીં ? હવે જયારે અમે અમારા પિતાને દાદાજી કહી રહ્યા હતા, તો અમે ચોક્કસ કયારેય ગુંડાના અર્થમાં તો નહોતા જ કહી રહ્યા કે કોઈ ગલીનો ગુંડો છે, તે આવીને બેસી ગયો છે. ખરેખર આ અર્થમાં તો નહોતું જ કહ્યું. ધ્યાનથી સમજો કે નાના માણસો જો ગલીના ગુંડાને પણ દાદા કહે ને તો સલામ ભરવાના અર્થમા દાદા કહે કે ભાઈ મારે નહીં, પીટે નહીં. અમારી પીટાઈ ન કરે એટલે. ચાલ તો તુ અમારો દાદા. બંગાળીમાં લગભગ બધાને દાદા કહે છે. ઉંમરમાં આપણાથી મોટા હોય તો તે દાદા, દાદા જ કહે. તે બધી અલગ અલગ વાત છે.

ખરેખર તો દાદાનો મતલબ મોટાભાઈ થાય છે. મોટાભાઈને દાદા કહે

છે. અમારે ત્યાં પણ દાદા કહે છે. આ લોકો બધા મને શ્યામુદાદા કહે છે. તો હવે સ્વાભાવિક રીતે ગુંડાના અર્થમાં તો નથી કહેતાને. કોઈનો એવો ભાવ તો નથી ને? હોય તો આજે કહી દયો. તમે પણ દાદા જ કહો છો.

એક વાત સમજો કે આમ જ દાદા જેવા શબ્દો પણ જે વખતે તે ભાવથી કહેવામાં આવે તો ગુંડા એવો અર્થ સ્વીકારી લે છે. કોઈક પોતાના છોકરાને ખૂબ જ પ્રેમથી ગુંડો કહેવાનું શરૂ કરો, તેનો અર્થ પ્યારો દીકરો થઈ જશે. ખૂબજ વ્વાલથી કહેવાનું શરૂ કરો આ મારો ગુંડો છે, મારો ગુંડો છે, મારો ગુંડો છે. ધીરે ધીરે તે પ્રેમથી કહેવામાં આવતો ગુંડો શબ્દનો અર્થ વ્હાલો દિકરો એવો થઈ જશે.

દિલ ખોલીને પૂછો તેમાં ગભરાવાની જરૂર નથી. આપણે બધા ઘરના જ છીએ. હા આમ તો હું તમારા જવાબથી સહમત છું પરંતુ તેના સિવાય પણ આ વાત કહેવા માંગીશ કે પુષ્ટિમાર્ગના અંતર્ગત જે નિયમ સ્થાપિત કરવામાં આવ્યા છે, તે સૌથી પહેલા તો પુષ્ટિમાર્ગમાં પાળવાના નિયમ છે. પુષ્ટિમાર્ગની બહાર જે કાંઈ હોય તો હોય. તેને ન તો આપણે ઉદાહરણથી સમજાવાની જરૂરત છે અને ન તો તે ઉદાહરણથી પુષ્ટિમાર્ગના નિયમ ઉપર કોઈ પ્રશ્નાર્થ ચિહ્ન લાગી શકે છે.

જેમ કે એક સામાન્ય વાત તમને બતાવું કે કૃષ્ણભકિત કેવી રીતે વધશે, તેના માટે જરૂરી નથી કે કૃષ્ણ સેવા જ કરવી અથવા તો કૃષ્ણ કથા જ કરવી. ખ્યાલમાં આવ્યું ને ! તેના વગર પણ કેટલાય એવા ઉપાય હોઈ શકે છે. જેમ કે શંકરજીની ભકિત કરવાથી કોઈકની કૃષ્ણભકિત વધી શકે છે. કોઈ જો એમ વિચારતું હોય કે ભાઈ ગણપતિજીની ભકિત હું એટલા માટે કરું કે મારામાં કૃષ્ણભકિત વધે. કારણકે કૃષ્ણભકિતમાં આવતા બધા વિઘ્નોને હરવાવાળા તો ગણપતિ છે. તો વિઘ્નહર્તા ગણપતિની ભકિત હું એટલા માટે કરી રહ્યો છું. પ્રાથમિક ઉપાયથી કે જેથી કૃષ્ણભકિતમાં આવતા મારા વિઘ્નોને ગણપતિ હરી લ્યે. તે એટલા માટે કે હું કૃષ્ણનો સારો ભકત થઈ જાઉ. આવું થઈ શકે કે ન થઈ શકે ? ચોક્કસ થઈ શકે.

પરંતુ પુષ્ટિમાર્ગમાં થઈ શકે ? ચોક્કસ ન જ થઈ શકે. શા માટે ? આ

પદ્ધતિ (પ્રોસીજર) આપણે ત્યાં નથી. ખ્યાલમાં આવ્યું ને ? આ જ પ્રકારે શ્રીમહાપ્રભુજી કથાના નિયમનું સ્પષ્ટ વિધાન કરી રહ્યા છે. તેમાં આ પદ્ધતિ નથી. કોઈમાં થતી હશે તો થતી હશે. તે પુષ્ટિમાર્ગનું ઉદાહરણ નથી. કોઈને થતી હોય તો થઈ શકે છે. આપણે તેને કેવી રીતે મનાઇ કરી શકીએ ? આપણે આ વાત બધા માર્ગની નથી કરી રહ્યા. આપણે આ વાત પુષ્ટિમાર્ગના અંતર્ગત કથા કોની પાસેથી સાંભળવી તેના વિશે શ્રીમહાપ્રભુજી કયા પ્રકારના નિયમનું વિધાન કરવા માંગી રહ્યા છે અને તે નિયમ શ્રીમહાપ્રભુજીના અનુગામી ઉપર લાગુ પડશે. બીજા માર્ગમાં કંઈક બીજી પણ કથા થતી હોય તો થઈ શકે.

જેમ કે હમણા તમે તાજેતરમાં જ (રીસેન્ટલી) વાંચ્યુ હશે કે રાજકોટમાં શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, શ્રીનાથજીની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. તેમાં શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રીયમુનાજીની મૂર્તિની ભૂત શુધ્ધિ કરવા માટે ગણપતિ પ્રતિષ્ઠા થઈ. હવે ત્યાં રાજકોટમાં તે ત્રણેયનું મંદિર ખુલ્યું છે. તો તેઓએ કહ્યું કે ભાઈ જયાં સુધી ગણપતિ વિધ્ન ન હરે ત્યાં સુધી આ ત્રણેયની ભૂત શુધ્ધિ ન થાય. તો તેની ભૂત શુધ્ધિ કરવા માટે ગણપતિ પ્રતિષ્ઠા થઈ છે તે મંદિરમાં અને ખૂબ જ મોટા સ્તર પર. સમાચારમાં પણ વાંચ્યું છે. આ બધી વાત સંભવ છે અને જો પુષ્ટિમાર્ગનો વિષય નથી તો આપણે તેમાં કાંઈ વિરોધ ન કરી શકીએ.

આપણે શું કરી શકીએ કે ભાઈ તમારે શ્રીકૃષ્ણની, શ્રીનાથજીની, શ્રીયમુનાજીની પ્રતિષ્ઠા કરવી છે. સિવાય એક શ્રીમહાપ્રભુજી તેમા આપણો હક છે. તેમ માનીને આપણે કાંઈક બોલી શકીએ. બાકી જો કોઈ શ્રીનાથજીની પ્રતિષ્ઠા કરવા માંગતા હોય, ગણપતિની પ્રતિષ્ઠાની જેમ, જે અહીં દસમાં રોડ પર જ થઈ છે. શ્રીયમુનાજીની પ્રતિષ્ઠા કરવા માંગતા હોય તો આપણે એમ તો ન કહી શકીએ કે શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી ઉપર પુષ્ટિમાર્ગનો અધિકાર છે. એમ તો ન કહી શકીએ. તો તેઓએ કર્યુ છે તો ઠીક જ કર્યુ હશે, સારી વાત છે.

આપણે શું કહી શકીએ ? કે જો તે પ્રક્રિયાથી કાંઈક થયું છે તો તે પુષ્ટિમાર્ગીય સ્વરૂપ નથી. કોઈ મર્યાદામાર્ગીય સ્વરૂપ છે. આપણે તો એટલું જ

કહીશુ ને ! આ પ્રકારે કાંઇ થઇ રહ્યું છે તો થઇ રહ્યું છે. ચોક્કસ થઇ શકે છે. કેમ ન થઇ શકે ? મર્યાદામાર્ગમાં તો છે જ આ પ્રથા. તો પ્રથા છે તો મર્યાદામાર્ગીય રીતે થઇ શકે છે અને આપણે એ તો ન કહી શકીએ કે શ્રીનાથજી અને શ્રીયમુનાજી ઉપર પુષ્ટિમાર્ગનો ઈજારો છે. એ તો શ્રીમહાપ્રભુજી સામેલ છે તેથી આપણને થોડીવાત કાનને ખટકતી લાગે છે. બાકી તેમાં ખટકવા જેવી વાત કયા છે ?

શ્રીવિઠ્ઠલનાથજીનું કોઇ મર્યાદામાર્ગીય રૂપ છે, કોઇ પુષ્ટિમાર્ગીય રૂપ છે. શ્રીમદનમોહનજીની કેટલાક મર્યાદામાર્ગીય રૂપ છે, કેટલાક પુષ્ટિમાર્ગીય રૂપ છે. શ્રીબાલકૃષ્ણલાલજીના કેટલાક મર્યાદામાર્ગીય રૂપ છે, કેટલાક પુષ્ટિમાર્ગીય રૂપ છે અને ધ્યાનથી સમજો કે કેટલા બધા આપણે ત્યાના જે સાત-આઠ નિધિના શ્રીઠાકોરજી છે. મૂળમાં તો મર્યાદામાર્ગથી જ આપણે ત્યાં પધાર્યા છે. શ્રીગોકુલનાથજી પંચાયતન પૂજામાં બિરાજતા હતા. શ્રીવિઠ્ઠલનાથજી મર્યાદામાર્ગીય પૂજામાં બિરાજતા હતા. શ્રીનાથજી પણ એક સમયે તો મર્યાદામાર્ગીય પૂજામાં બિરાજતા હતા.

તો એવી વાત તો નથી ને કે આ સ્વરૂપ મર્યાદામાર્ગીય ન હોઇ શકે. આ સ્વરૂપ મર્યાદામાર્ગીય પણ હોઇ શકે. આ સ્વરૂપ પુષ્ટિમાર્ગીય પણ હોઇ શકે. જો શ્રીમહાપ્રભુજીની પ્રણાલીથી ભજવામાં આવી રહ્યું છે, તો સ્વરૂપ પુષ્ટિમાર્ગીય છે. જો મર્યાદામાર્ગીય પ્રણાલીથી ભજન કરવામાં આવી રહ્યું છે તો તે મર્યાદામાર્ગીય છે અને પ્રવાહમાર્ગીય પ્રણાલીથી ભજન કરવામાં આવી રહ્યું છે તો એ જ સ્વરૂપ પ્રવાહમાર્ગીય પણ થઇ શકે છે. કેમ ન થઇ શકે ? ચોક્કસ થઇ શકે.

તો એ જ કથા શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગની પ્રણાલીથી કરવામાં આવે છે તો દોષરૂપ પણ હોઇ શકે છે. તે જ કથા મર્યાદામાર્ગીય પ્રણાલીથી કરવામાં આવે છે, તો ગુણરૂપ પણ હોઇ શકે છે. તે જ કથા પ્રવાહમાર્ગની પ્રણાલીથી કરવામાં આવે છે, તો મયાદામાર્ગીય કાંઇ જ નહીં બોલી શકે અને પુષ્ટિમાર્ગીય પણ કાંઇ નહીં બોલી શકે. હવે ટીવી સીરીયલ બનાવવાવાળાને કયા માર્ગમાં લેશો. કૃષ્ણાયન, રામાયણ બનાવી રહ્યા છે, તેને તમે કયા માર્ગમાં લેશો ?

મર્યાદામાર્ગમાં લેશો કે પુષ્ટિમાર્ગમાં લેશો ?

એ તો પ્રવાહ માર્ગ છે. બધા લોકો ચા પીતા-પીતા, બિસ્કિટ ખાતા-ખાતા કૃષ્ણલીલા જોઇ રહ્યા છે. આનંદ છે કોઈ સૂતા સૂતા જોઈ રહ્યા છે. કોઈ બેસીને જોઈ રહ્યા છે. કોઈ વળી જોવું હોય તો જોવે છે નહીંતર બંધ કરી દયે છે. તો પ્રવાહમાર્ગીય કૃષ્ણકથા અને રામકથા છે. તે કોઈ ન તો પુષ્ટિમાર્ગીય છે કે ન તો મર્યાદામાર્ગીય કથા છે. ટી.વી. ઉપર આપણે જે કાંઈ કૃષ્ણ કથા-રામકથા જોઈ રહ્યા છીએ તેને ન તો પુષ્ટિમાર્ગીય માનવાની જરૂરત છે કે ન તો મર્યાદામાર્ગીય માનવાની જરૂરત છે. તે તો એક પ્રવાહમાર્ગીય કથા ચાલી રહી છે.

તો શું કામ ન હોઈ શકે ? રામકથા અને કૃષ્ણકથા શું પ્રવાહમાર્ગીય ન હોઈ શકે ? હોઈ શકે છે.

પ્રશ્ન :- તેનાથી પ્રેરણા મળી શકે ?

જવાબ :- મળી શકે, શું કામ ન મળી શકે ? અને તેનાથી જેટલી દઢ પ્રેરણા મળી છે ને યાદ રાખજો એટલી આપણી રાસલીલાથી પણ નથી મળી. એટલે કે આ રામાયણમાં જે વખતે કેટલાક લોકો મરી ગયા, લક્ષ્મણજીને તીર લાગ્યું તે વખતે કેટલાય લોકો મરી ગયા. આવી આવી પણ ઘટનાઓ બની છે. આટલી એકાગ્રતા કોઈ પુષ્ટિમાર્ગીયને કયા થઈ છે ? તો એવું નથી, થઈ શકે પ્રવાહમાર્ગીય કથાથી પણ તે ભાવ થઈ શકે છે. પણ તે ભાવ થઈ રહ્યો છે, તેથી આપણે તેને પુષ્ટિમાર્ગીય નહીં કહી શકીએ. શું કામ ? કે તે કથાનો વક્તા-તે કથાનો શ્રોતા પુષ્ટિમાર્ગીય નથી. પુષ્ટિમાર્ગીય પ્રણાલી જે હતી, તે પ્રણાલીથી ન તો કથા કહેવાઈ રહી છે, ન તો દેખાડાઈ રહી છે, ન તો જોવાઈ રહી છે. કથા તો કૃષ્ણની જ છે ને ! પણ તેનો પુષ્ટિમાર્ગ સાથે સંબંધ નથી. એ વાત આપણે સાફ રાખવી પડશે. કથા અલગ નથી, તમારી સમજમાં આવ્યું ને ? પણ તે પુષ્ટિમાર્ગીય કૃષ્ણ કથા છે, તે માનવાની જરૂરત નથી.

નિંદિત જેટલા પણ ભાવ છે, તે પ્રવાહમાર્ગીય કથાના જ ભાવ છે અને અનિંદિત ભાવ પ્રવાહમાર્ગીય ચર્ષણીના અર્થમાં છે. પરંતુ દુર્જ્ઞ અને અજ્ઞના અર્થમાં નથી તે દિવસે મેં સમજાવ્યું હતું કે ચર્ષણી મતલબ મનુષ્ય. તો મનુષ્યના

અર્થમાં તે ચર્ષણી કથાઓ છે. પણ તે દુર્જ્ઞ-અર્જ્ઞ અસુરવાળા અર્થમાં ચર્ષણી કથાઓ નથી, અનિન્ધ જે કથા છે. સારી હોય તો પણ તે પુષ્ટિમાર્ગીય નથી.

મારો એક દોસ્ત હતો, મારી સાથે બી.એ.માં ભણતો હતો. તે મને શ્યામ કહેતો કે શ્યામ, કૃષ્ણ તને જેટલો પ્રિય છે ને ! તેનાથી હજાર વખત (થાઉઝન ટાઈમ) મને વધારે પ્રિય છે અને હું તેને પુછતો કે કેમ ? તો કહે કે કૃષ્ણની જે મુકત લીલા હતી ગોપીઓની સાથે તે સત્ય છે અને હું તેને ઘણા અંશે બિરદાવું છું. તેની જિંદગીમાં અત્યાર સુધીમાં પાંચ તલાક થઈ ગયા. કૃષ્ણની મુક્તલીલાના ચક્કરમાં. હવે તે એમ કહે છે કે હવે મારે માનવ સ્ત્રી નથી જોઈતી. ભેંસ સ્ત્રી જોઈએ, કારણ કે હું તેના કાર્યથી તંગ આવી ગયો છું. કૃષ્ણની મુકત લીલાનું અનુકરણ કરવામાં તે પોતે તંગ થઈ ગયો, તે મને મોઢે જ કહે તો કે તુ કૃષ્ણનો કેટલો આદર કરે છે ? તેનાથી પણ ખૂબ વધારે હું કૃષ્ણનો આદર કરું છું. તો હું સમજુ કે કૃષ્ણ તેના માટે આદર્શ (આઈડીયલ) હતા. તો આપણે તેને પુષ્ટિભકત માનશું કે નહીં ?

પુષ્ટિમાર્ગીય વ્યવસ્થા સમજાવી રહ્યા છે. તો પુષ્ટિમાર્ગીય વ્યવસ્થામાં આવો ઉપદ્રવ જો કોઈ કરી રહ્યા છે, તો જે પણ ભાવ પ્રકટ થઈ રહ્યો છે. પછી ભલે તે કૃષ્ણની સરાહનાનો હોય કે કૃષ્ણ પ્રત્યે અણગમાનો હોય તે પ્રવાહમાર્ગીય ભાવ છે. જો ગમતો ભાવ પણ તમને પ્રકટ થઈ રહ્યો છે. તો પણ પ્રવાહમાર્ગીય ભાવ છે. ચોક્કસ આદર્શરૂપ કે પ્રેરણારૂપ કૃષ્ણ થઈ શકે છે.

તમે એમ કહેવા માંગો છો કે આપણે જયાં સેવાનો અધિકાર આપ્યા વગર બ્રહ્મસંબંધ આપી રહ્યા છીએ તો તે પુષ્ટિમાર્ગીય બ્રહ્મસંબંધ જ નથી. જયાં શ્રીઠાકોરજીના નામે ભેટ લેવાઈ રહી છે તો તે પુષ્ટિમાર્ગીય સ્વરૂપ જ નથી ? પુષ્ટિમાર્ગીય સેવા જ નથી ? શું તમે એમ કહી શકશો કે જયાં આજે પુષ્ટિમાર્ગના નામે આજીવિકા માટે ભાગવત કથાઓ થઈ રહી છે, તે પુષ્ટિમાર્ગીય કથા નથી, સાંભળવાવાળો પુષ્ટિમાર્ગીય નથી, બોલવાવાળો પુષ્ટિમાર્ગીય નથી, એવું આપ કહી રહ્યા છો. તો આદર્શરૂપ નથી પણ આમ તો ચોક્કસ છે ને !

જો પુષ્ટિમાર્ગના આદર્શ વિચારો તો તે નથી, ચોક્કસ નથી જ. પરંતુ

આજની તારીખમાં જે હકીકત છે કે તે બધું કામ પુષ્ટિમાર્ગના નામથી ચાલી રહ્યું છે કે નથી ચાલી રહ્યું ? મૂળમાં તો પુષ્ટિમાર્ગના અંતર્ગત જ ચાલી રહ્યું છે ને ! તે બધી કથા, તે બધા મંદિર પુષ્ટિમાર્ગના નામે જ તો ચાલી રહ્યા છે. આ બધી પુષ્ટિમાર્ગની નિધિઓ, પુષ્ટિમાર્ગની નિધિઓ માની રહ્યા છીએ. આ બધું કામ શ્રીમહાપ્રભુજીના નામે ચાલી રહ્યું છે. આ વાતનો ઈનકાર કેવી રીતે કરશો.

આ કેટલી જટીલ પરિસ્થિતિ (ક્રિટીકલ પોઝીશન) છે કે એક વસ્તુનો ઈન્કાર કરશો, બે વસ્તુનો ઈન્કાર કરશો. પરંતુ અહીં તો એટલુ બખડજંતર છે કે **'' બસ એક હી ઉલ્લુ કાફી થા, બરબાદે ગુલિસ્તાં કરને કો, હર શાખ પે ઉલ્લુ બૈઠે હૈ, અન્જામે ગુલિસ્તાં કયા હોગા?''** તો તમે કયા સુધી તેનો કેવી રીતે ઈન્કાર કરશો ? કોઈના કોઈ સ્તર પર તો તમારે આ વાત સ્વીકારવી જ પડશે. સ્વીકાર નહીં, પરંતુ વધારે કબૂલ (કનફેસ) કરવી પડશે કે હા ! છે આ પુષ્ટિમાર્ગ.

આદર્શરૂપ નથી, ખરેખર તો આ જે આજ ચાલી રહ્યું છે ને ! પુષ્ટિમાર્ગમાં ! આપણે કેવી રીતે ઈન્કાર કરીએ કે અમે પુષ્ટિમાર્ગીય નથી. આપણી સામે આ કઠોર પ્રશ્ન છે. આપણે કેમ ઈન્કાર કરીએ કે અમે શ્રીમહાપ્રભુજીના વંશજ પુષ્ટિમાર્ગીય નથી. આપણે કેવી રીતે ઈન્કાર કરીશું કે આખી વૈષ્ણવ સૃષ્ટિ પુષ્ટિમાર્ગીય નથી. જયારે શ્રીમહાપ્રભુજીની દરેક આજ્ઞાનું આપણે ઉલ્લંઘન કરી રહ્યા છીએ. સેવા સંબંધી, કથા સંબંધી, દીક્ષા સંબંધી, સ્વરૂપ સંબંધી દરેક આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યા છીએ. છતાં પણ ઈન્કાર કેવી રીતે કરવો ?

ચર્ચા સભામાં તમે ગેરહાજર હતા કે શું ? હજું સુધી કોઈએ ભાવાનુવાદ પ્રસ્તુત નથી કર્યો અને કહે કે આ બાવા પણ બહુ વિદ્વાન છે. આ બાવાનું નામ શું રાજુબાવા, આપ પણ ખૂબ સારા વિદ્વાન છે. આ પેલા બાવા કોણ ? નિરંજનબાવા ! આપ બહું વિદ્વાન છે. અરે પણ તમે વિદ્વાન છો કે નહીં ? તમે તો પ્રસ્તુત કરો કે સિદ્ધાન્ત શું છે ? આ એ જ મુદ્દો છે કે જયાં બધું નક્કી કરવું શકય છે ? કે પછી બધી તિકડમ બાજી ચાલી રહી છે. કાંઈક બોલેને, બોલીને તો બતાવો ? કેમ નથી બોલી રહ્યા ? કયા કોઈ બોલ્યું ? કોઈ બોલ્યું નહીં. કોઈએ

વ્યાકરણની ભૂલ કાઢી, કોઈએ છંદની ભૂલ કાઢી, કોઈએ બાલકોનું વર્ણન કર્યુ. કોઈએ એ વાત કહી કે આ ચર્ચા સભામાં તર્કશાસ્ત્રના જાણકારા, હેતુશાસ્ત્રના જાણકારા, વ્યાકરણશાસ્ત્રના જાણકાર એટલા બધા પંડિત હોય તો જ ચર્ચા થઈ શકે.

હવે **''ન નવ મણ તેલ આવે, ન રાધા નાચે''** એટલા પંડિત છે કયા ? કયા છે એટલા પંડિત ? આજ વાત છે કે લોકો પણ મુંઝાયેલા છે, આપાણે પણ મુંઝાયેલા છીએ, શ્રીમહાપ્રભુજી પોતે પણ મુંઝાયેલા (કન્ફયુઝ) છે કે **''ડૂબે વંશ કબીર કા,જો ઉપજે પૂત કમાલ''** આમા વળી બીજું શું છે ? આ તો એકદમ ચોખ્ખી વાત છે યાર ! તેમનું મંતવ્ય શું છે ? એ તો તેઓએ બતાવવું જોઈએ ને ! આપાણે શું વિચારી શકીએ, જયારે તેઓ બોલતા જ નથી અને બીજો ભાગ આવ્યો કયા ? તમે તો ખુદ પુસ્તક વેંચતા હતા. પૈસા લઈ લીધા, બીજો ભાગ તો આવ્યો નથી. તથ્ય શું છે ? નકામી વાત છે. તેમને વિરોધ કાંઈ છે જ નહીં, વિરોધ હોત તો તો મુંઝવણ જ ન હોત.

સિધ્ધાન્ત ચર્ચા સભા ખૂબ જ સામાન્ય રીતથી બોલાવી હતી કે દરેક વ્યકિત પોતાની રીતે સિધ્ધાન્તના વચનોનો ભાવાનુવાદ પ્રસ્તુત કરે. કોઈએ ભાવાનુવાદ પ્રસ્તુત ન કર્યો બોલો. કરુણતા જુઓ માર્ગની ! કે ભાવાનુવાદ પ્રસ્તુત કરવા માટે ગુસાંઈ બાલક તૈયાર નથી. તેમા દશ બહાના કાઢે છે, કે આજે લખીને નથી લાવ્યા. મોમાં ભરીને લાવ્યા કેમ બોલવું ? આગળથી બોલીએ કે પાછળથી બોલીએ ? ભાવાનુવાદ પ્રસ્તુત કરવામાં તકલીફ શું છે તમને ? હવે આપ કહી રહ્યા છો કે અમારી આવી વિચારણા છે કે, બંધ દરવાજામાં તો બોલી શકીએ, પણ ખુલ્લેઆમ નહીં બોલી શકીએ. મહદ્ અંશે બધા વાકયો અમને અભિપ્રેત હોવા છતાં એકંદરે આ વાકયો અભિપ્રેત નથી. આ મહદ્અંશ અને એકંદર બલા શું છે આ ? આ બધું નાટક છે કે શું ? તેનો ખુલાસો તો કરો.

આપાણે બધા ભાઈ છીએ. જુઓ હું આ વાતને નથી માનતો કે વૈષ્ણવો આપાણા ભાઈ નથી. વૈષ્ણવો પણ ભાઈ જ છે. અમે પણ તમારા ભાઈ છીએ. બધા સાથે બેસીને કેમ ખુલાસો નથી કરતા કે શ્રીમહાપ્રભુજીના સિધ્ધાન્ત શું છે ?

શા માટે વૈષ્ણવો સાથે આંખ મીચોલી છે ? કઈ વાતની વૈષ્ણવો સાથે આંખમીચોલી છે ? જો એમ કહેવામાં આવતું હોય કે વૈષ્ણવ સિદ્ધાન્ત ન સમજે, શાસ્ત્રી જ સમજે. તો પછી એક વાત સમજો કે મને બતાવો કે એવો કોણ બાલક છે કે જે શાસ્ત્ર ભણ્યા છે ? તો તે બધા બાલકોને પણ બાકાત (ડીસ્કોલીફાઈડ) કરો કે તમે નહીં આવી શકો. પછી તો પેલી વલ્લભરાયજીવાળી વાત આવી જાશે કે હેતુશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્ર ભણ્યા હોય ત્યારે જ ચર્ચા થઈ શકે.

તો આવા બાલક છે કોણ? ષટ્શાસ્ત્ર સંપન્ન હોય, ચાર વેદ ષટ્શાસ્ત્ર ભણે મહિના ચારમાં, આવુ છે કોણ આજે ? તમને કોઈ દેખાય છે ? એક વાત સાચી રીતે સમજો, એક ક્ષુદ્ર ભાવાનુવાદ મેં પ્રસ્તુત કર્યોને, તો જુઓ તેમાં હરિરાયજી જેવા સર્વથા સિદ્ધાન્તને નહીં જાણવાવાળા વ્યકિતએ પણ વ્યાકરણની એટલી ભૂલ કાઢી. તો જુઓ મને વ્યાકરણ શાસ્ત્ર સારી રીતે આવડતું હોત, તો હરિરાયજી કેવી રીતે વ્યાકરણની ભૂલ કાઢી શકત ? તો વ્યાકરણની ભૂલ કાઢી તેનો સીધો મતલબ સમજો કે સિદ્ધાન્તની તેને ખબર જ નથી. તો જેને સિદ્ધાન્તની ખબર છે, તેને વ્યાકરણની ખબર નથી. જેને વ્યાકરણની ખબર છે તેને સિદ્ધાન્તની ખબર નથી.

બધું અર્ધા-અધૂરામાં કામકાજ ચાલી રહ્યું છે. તેમાં આપણે વિચારીએ કે નિષ્કર્ષ આવશે. તો કેવી રીતે નિષ્કર્ષ આવશે ? આ આંખ મીચોલી છે શું તેનો ખુલાસો તો કરવો પડશે કે નહીં ? આ ટાળવાની વાત નથી. શા માટે આપણે સાથે બેસીને એકબીજાની સામે એકબીજાની વાત સાફ સાફ ન પૂંછી શકીએ ? શા માટે આપણે એકબીજા સામે એકબીજાના સંશયનું નિરાકરણ નથી કરી શકતા ? શા માટે આ વાતની શરમ આવી રહી છે ?

જયારે વૈષ્ણવ આપણા છે, જયારે મહારાજ તમારા છે. તો આ શેની આંખમીચોલી રમાઈ રહી છે ? કે અમારો દષ્ટિકોણ આ છે. તમારો દષ્ટિકોણ કયો છે ? શ્રીમહાપ્રભુજી સિવાઈ તમારો કયો દષ્ટિકોણ હોઈ શકે ? અને જો તે દષ્ટિકોણ છે તો પુષ્ટિમાર્ગમાં તેની કિંમત શું છે ? તે બતાવો. તો શ્રીમહાપ્રભુજીનો

સંપ્રદાય ચલાવી રહ્યા છે કે તમારો સંપ્રદાય ચલાવી રહ્યા છો ? આવી રીતે વાત નહીં ચાલે.

ત્યાર પછી (**‘‘અવટ્યાભ્યઃ સ્વાહા’’ વચનોક્તજલસદૃશઃ ચતુર્થો વિષયાસક્ત-પ્રવક્તુઃ નિન્દ્યો ભાવઃ**)-‘‘અવટ્યાભ્યઃ સ્વાહા’’ વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય ભાવ.

વેશ્યાદિસહિતા મત્તા ગાયકા ‘ગર્ત’ સંજ્ઞિતાઃ ॥૪॥

જે વૈશ્યાદિ સહિત થઈને મત્ત થઈને કાંઈક ભગવાનના ગુણગાન કરી રહ્યા છે. તો ભગવાનના ગુણગાન તો તેઓ પણ કરી રહ્યા છે. પરંતુ તેઓ કેવા છે ? ‘ગર્ત’ કયાંક ગંદુ પાણી ખાડામાં ભેગુ થઈ જાય, તે જલ કેવું હોય ? ભગવત્ કથા તો ત્યાં પણ થઈ રહી છે. ત્યાં ભગવત્ કથા નથી થઈ રહી એવી વાત નથી. પરંતુ તે પણ ભગવદ્ કથા જ છે, પરંતુ તે એટલુ અશુદ્ધ થઈ ગયું, જલ એટલું પ્રદૂષિત થઈ ગયું છે.

(**‘‘ખન્યાભ્યઃ સ્વાહાઃ’’ વચનોક્તજલસદૃશઃ પઞ્ચમો વિષયાસક્ત- પ્રવક્તુઃ નિન્દ્યો ભાવઃ**)- પાણી ખાડામાં ભરાઈ જાયને ! એટલે કે ખાબોચિયા. હવે શહેરમાં આ પદ્ધતિ નથી રહી. પણ ઘણા ગામડાઓમાં આ પદ્ધતિ હજુ પણ જોવા મળે છે કે દરેક ગામમાં હજુ પણ આપણે ત્યાં આ ખાબોચિયા જોવા મળે છે અને ઝુંપડપટ્ટીમાં આ પદ્ધતિ તમને જોવા મળશે. ઝુંપડપટ્ટીની બહાર પાણીને ભેગુ કરવા ખાડો કરી દયે. આપણા ઘરમાંથી જે ગંદુ પાણી આપણે વહાવીએ છીએને તે ત્યાં ભેગુ થઈને અને પછી સામાન્ય રીતે સુકાતું રહે. બાષ્પીભવન થતું રહે.

જલાર્થમેવ ગર્તાસ્ તુ નીચા ગાનોપજીવિનઃ ॥

જે ગંદુ પાણી ભેગુ કરવા માટે જ એ ખાડો ખોદવામાં આવ્યો છે. તે ખાડામાં પાણી જેટલુ ગંદુ થાય છે. મતલબ કે વાસણ માંજીને, સંડાસનું બધું પાણી ત્યાં ભેગુ થતું રહે છે. તે પ્રકારનું નીચે જે ‘‘જલાર્થ મેવ ગર્ત’’ છે તે ‘ગાનોપજીવિ’ જેટલા ભગવત્ કથાના ગાન દ્વારા પોતાની આજીવિકા

ચલાવવાવાળા છે તેનો ભાવ આટલો ગંદો ભાવ છે.

એટલે કે પૌરાણિક જયારે ક્ષેત્ર પ્રવિષ્ટ છે તો વિકર્યા છે અને ગાનોપજીવિ જે વખતે ભગવત્ કથાને ગાનોપજીવન કરી રહ્યા છે. હવે પરંપરાથી તો તે ગંધર્વ બધા પરંપરાથી છે. એક વાત ધ્યાનથી સમજો, આ કેમ આટલા કઠોર થઈ ગયા. શ્રીમહાપ્રભુજી ! તેનું રહસ્ય તમે લોકો ધ્યાનથી સમજો. કારણકે ગાન જે છે તે ખરેખર તે પ્રક્રિયા છે. ભાવના ઉદ્‌બોધન માટે છે અને જે ભાવના ઉદ્‌બોધન માટે ગાનની પ્રક્રિયા છે, તેને તમે ઉપજીવન બનાવ્યું. હમણા તમે હતા નહીં પણ અહીંયા કદાચ ઠઠ્ઠાઈમાં મેં આ વાત કહી હતી કે ડાયાબીટીસની દવા મીઠાશ ઓછી કરવા માટે હોય છે. તો કોઈ તેને મોહનથાળમાં મીલાવીને ખાય, કોઈ રસની બુંદીમાં મીલાવીને ખાય. કોઈ રબડીમાં મીલાવીને ખાય, ડાયાબીટીસની દવા. પછી કોઈ કહે કે હવે આ દવાથી ડાયાબીટીસ કેમ ઠીક નથી થતી.

તો ભાઈ ડાયાબીટીસ ઠીક કેવી રીતે થાય ? ડાયાબીટીસની દવા તમારા લોહીમાં ખાંડનું પ્રમાણ ચોક્કસ ઓછું કરી શકે છે. પણ તે જ દવાને તમે જો રબડીમાં મીલાવીને, મલાઈમાં મીલાવીને રસની બુંદીમાં મીલાવીને ખાવ તો કેવી રીતે ઠીક થાય ભાઈ ? તો 'ગાનોપજીવિ' ગાન છે તે આવું છે.

આગળ નિરોધ લક્ષણમાં ભગવદ્ ગુણગાનનું મહત્વ શ્રીમહાપ્રભુજી બતાવશે. તે ભાવ ઉદ્‌બોધનની બહુ અસરકારક પ્રક્રિયા છે અને તે એટલી ઉત્કૃષ્ટ પ્રક્રિયાને જ તમે જો આટલી નિઃષ્કૃષ્ટ બનાવી દયો તો હવે તમારું કોણ ? સવાલ આ છે.

પુરાણગાન કરીને ઉપજીવિ નહોતા થતા, આ તો આજકાલ જ થવા લાગ્યા. એક વાત સમજો કે ભગવદ્ ગુણગાનને કથાના માધ્યમથી કહેવું તે પુરાણ છે અને ભગવદ્ ગુણને-નામને લીલા ગાયનનાં રૂપમાં કહેવું, ભાવ ઉદ્‌બોધન માટે તે કથાના માધ્યમથી કહેવાની એક શૈલી છે. ભગવાનના ગુણોનું વાર્ણન કથાના માધ્યમથી કરવું, ભગવાનના ગુણોનું વાર્ણન ગાયનના માધમયથી કરવું તે એક શૈલી છે અને ગાયન છે, તે ભાવઉદબોધન માટે ખૂબ જ અસરકારક

ઉપાય છે. પરંતુ તે જ અસરકારક ઉપાયનો જો તમે દુરુપયોગ કરી રહ્યા છો તો સૌથી વધુ ખરાબ વાત થઈ ગઈને ! ડાયાબીટીસની દવાને તમે રસ મલાઈમાં મીલાવીને ખાધી. તો આ ચક્કર છે.

તેના માટે શ્રીમહાપ્રભુજી કઠોર થઈ રહ્યા છે. ત્યાં શ્રીમહાપ્રભુજીને એવું લાગે છે કે જે વાતને હું પુષ્ટિ ભકિતના ઉદ્‌બોધન માટે વર્ણન કરવા માંગી રહ્યો છું, તે જ વાતોનો જો કોઈ દુરુપયોગ કરવા માંગે છે તો શ્રીમહાપ્રભુજી કઠોર થાય છે. જેમ કે ''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા'', ''ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ, અન્યથાભાવમાપન્નસ્ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ'' એટલા કઠોર શબ્દો સાથે શ્રીમહાપ્રભુજી પાછા સામે આવે છે, કારણ કે જે વાતોને તેઓ ઉદ્‌બોધનમાં વાપરવા માંગી રહ્યા છે, તે જ વાતોનો જો કોઈ દુરુપયોગ કરી રહ્યા છે, તો તેઓનું નારાજ થવું સ્વાભાવિક છે. જે વાત તમારા ઈલાજ માટે તમને બતાવવામાં આવી છે તે જ વાતથી તમે બીમારી વધારી રહ્યા છો.

કોઈપણ ડોકટરને પૂછીને જોઈ લ્યો, બિચારો પરેશાન થઈ જશે. સીધી જ વાત છે ને ! ડોકટર નિરાશ થઈ જશે. કારણ કે જે સારવાર તમને ઠીક કરવા માટે તે આપી રહ્યા છે. તે જ સારવારનો તમે દુરુપયોગ કરી રહ્યા છો. તો જે નિરાશા ડોકટરને થાય છે, તે હતાશા બિચારા શ્રીમહાપ્રભુજી રજુ કરી રહ્યા છે.

તે ગાનને શ્રીમહાપ્રભુજી શું મહત્વ આપે છે તે નિરોધલક્ષણ આપણે જોઈશું ને, ત્યારે આપણને ખબર પડશે કે શ્રીમહાપ્રભુજીનું હૃદય કેટલુ આઘાત અનુભવી રહ્યું છે તેથી આ જે કર્કશતા આવી રહી છે તે શા માટે આવી રહી છે ? કારણ કે શ્રીમહાપ્રભુજીને આ પરિસ્થિતિમાં ખૂબ જ જોખમ લાગી રહ્યું છે. શ્રીઠાકોરજીને આજીવિકા માટે વાપરે, અથવા **દેવદ્રવ્ય ખાશે તો મહાપતિત થઈ જાશે, મારો નહીં કહેવાય. મારો હશે તે કયારેય દેવદ્રવ્ય નહીં ખાય.** આટલો કઠોર ઉપદેશ શ્રીમહાપ્રભુજી શા માટે આપી રહ્યા છે.

કારણ કે શ્રીમહાપ્રભુજી ભય અનુભવી રહ્યા છે, કે જે પ્રક્રિયાથી હું દેવ આરાધના બતાવી રહ્યો છું. તે જ પ્રક્રિયાનો દુરુપયોગ કરવાની પ્રક્રિયા શરૂ થઈ

ગઈને ! તો કઠોર થવું સ્વાભાવિક છે, જેમ કે આપણા પિતા પોતાની કોઈ ધન-દોલત આપે અને કહે કે તું વેપાર કર અને આપણે તેને હરિફાઈમાં ફૂંકીએ, આપણે તેનાથી જુગાર રમીએ, આપણે તેનાથી શરાબ પીએ. તો કોઈપણ બાપના હૃદય ઉપર શું વિતે ? બસ ! તે જ બિચારા શ્રીમહાપ્રભુજી ઉપર વિતી રહ્યું છે.

જે વાત તમારા ઉત્કર્ષ માટે તમને આપવામાં આવી રહી છે, તેને તમે પોતાના સર્વનાશ માટે વાપરી રહ્યા છો. તો બાપનું નારાજ થવું સ્વાભાવિક છે. તે તમને પૈસા આપે, જીંદગી ભરની કમાઈ તમને આપી દ્યે કે લ્યો તમને આપી રહ્યો છું. તમે આનાથી સમૃધ્ધ થાવ, આબાદ થાવ અને તમે તેને સટ્ટામાં ફૂંકો, તમે તેને શરાબમાં ફૂંકો, તમે તેને જુગારમાં ફૂંકો તો તે બાપના દિલનો વિચાર કરો કે તેના દિલ પર શું વિતતી હશે. તેઓને કેટલી તકલીફ થતી હશે ત્યારે ખ્યાલમાં આવશે.

બરાબર તે જ પરિસ્થિતિનો અનુભવ બિચારા શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે કે ભાઈ જે વાત હું સૌથી વધુ તમારા આધ્યાત્મિક ઉત્કર્ષ માટે બતાવવા ઈચ્છી રહ્યો છુ તે જ વાતનો તમે દુરુપયોગ કરો છો. બીજું કાઈ તમને ન મળ્યું ? જેમ કે આપણે ત્યાં કહેવત છે કે **''એક ઘર તો ડાકણ પણ છોડે.''** તમે તો તે પણ નથી છોડી રહ્યા ! શ્રીમહાપ્રભુજીનો ભાવ આવો છે. ઓછામાં ઓછું તમે તે ઘર તો છોડો ! તેના માટે શ્રીમહાપ્રભુજી કઠોર બની રહ્યા છે. બીજું કાઈ કારણ નથી. ખેર નિંઘ ભાવે આપણો ઘાણો સમય લીધો.

(''હૃધાભ્યઃ સ્વાહાઃ'' વચનોકતજલસદૃશઃ ષષ્ઠઃ કર્મમાર્ગીય-મુમુક્ષુ - પ્રવકતુઃ ભાવઃ) - 'ખન્યા' એટલે પેલુ ગંદુ પાણી ચારેબાજું ફેલાઈ ન જાય તેના માટે ઘરની બહાર જે ખાડો ખોદવામાં આવે તે અવટ્યા એટલે જયાં સામાન્ય સ્થિતિમાં ગંદુ પાણી ભેગું થઈ ગયું હોય, જમીનના આડા-અવળા ચક્કરના કારણે તે. પરંતુ 'ખન્યા' એટલે વિશેષ રીતે તમે જયાં ગંદુ પાણી ભેગુ કરવા માટે જ ખાડો ખોદયો હોય કે બધી બાજુ તે ફેલાય ન જાય. કયાંય ઝુંપડપટ્ટી હોયને તો તે લોકોને 'ખન્યા' વગર ફાવતુ જ નથી. કેમ કે જયા ગંદા પાણીને

બહાર કાઢવાની પ્રક્રિયા સરખી નથી હોતી ત્યાં 'ખન્યા' બનાવવો જ પડે અને સામાન્ય રીતે તેમાં પાણીનું બાષ્પીભવન થતું રહે. શું ? યાત્રામાં, હા બરાબર યાત્રામાં આવા 'ખન્યા' બનાવવા પડે છે.

''હ્રદ્યાભ્યઃ સ્વાહાઃ'' થી સાતમાં શ્લોક સુધી એટલે કે એક, બે, ત્રાણ, ચાર અને પાંચ ભાવ કર્મમાર્ગીય મુમુક્ષુ વક્તાના ભાવ આવે છે. મતલબ કે કર્મમાર્ગી એવો મુમુક્ષુ પ્રવક્તા કે જે કર્મ દ્વારા મુકત થવા ઈચ્છી રહ્યો છે. કર્મમાર્ગ દ્વારા મુકત થવા ઈચ્છી રહયો છે. કર્મયોગ દ્વારા મુકત થવા ઈચ્છી રહ્યો છે. આવો મુમુક્ષુ વક્તા જયારે ભગવદ્ કથા કહી રહ્યો છે. તો તેની કથાનો ભાવ કેવો હશે ? આ વાત હવે આગળના આ પાંચ ભાવોમાં આવી રહી છે.

'હ્રદા'સ્તુ પણ્ડિતાઃ પ્રોક્તા ભગવચ્-છાસ્ત્રતત્પરાઃ ॥ ૫ ॥

ભગવત્ શાસ્ત્ર તત્પર જે પંડિત છે, તેને હ્રદ કહેવાય છે. 'હ્રદ' એટલે મોટુ જળાશય, જલ સંગ્રહ કરવાની મોટી જગ્યા. હ્રદનો મતલબ એવો છે કે જેમ કે નદી વહી રહી છે અને તેનાથી જોડાયેલ એક કૃત્રિમ કે અકૃત્રિમ ખોદીને 'હ્રદ' બનાવવામાં આવતો હતો. જેમ કે કાલીહ્રદ હતો ને ! જેમાં કાલીનાગ રહેતો હતો તો તે શું હોય છે કે 'હ્રદ'માં પાણીની આવક નદીના કારણે બની રહે, પણ તેનું જલ વહેતું હોતું નથી. તો બે વાતનો ભેદ સમજો. 'હ્રદ'માં પાણીની આવક નદીના કારણે બની રહે છે. પરંતુ 'હ્રદ'નું જલ વહેતું હોતું નથી. નદીનું જલ ત્યાં સમયે-સમયે ભરાતુ રહે, પરંતુ તે વહેતુ જલ નથી. તે જલ બંધાઈ જાય છે. કારણકે એક જગ્યાએથી તેમાં જલની આવક છે, પરંતુ જલની જાવક નથી. તેથી તે ભેગુ થયેલું પાણી છે. આથી લગભગ 'હ્રદ'નું પાણી ગંદુ થઈ જાય. સારું રહેતું નથી. કારણકે નદી પોતાનો જે કાંઈપણ કચરો લાવે તે પણ ત્યાં ભેગો થતો રહે.

પરંતુ જે પંડિત છે તે 'હ્રદા પ્રોકતા' એટલે કે ઊંડાણ ઘણું છે કારણકે ભગવત્ શાસ્ત્ર તત્પર છે, પરંતુ કર્મમાર્ગીય દષ્ટિથી તે પંડિત છે. તેથી પોતાના પાંડિત્ય માટે તે ભગવદ્ કથા કરી રહ્યો છે. પાંડિત્ય કર્મોચિત તે ભગવત્ કથા કરી રહ્યો છે તેથી તેનામાં હ્રદત્વ એટલે કે ઊંડાણ છે, પરંતુ સ્વચ્છતા કે શુદ્ધતા

ઓછી છે. જેમ કે નદીથી તત્પર જે હૃદ છે તેમાં ઊંડાણ ઘણું હોય છે પરંતુ શુધ્ધતા (ફ્રેસનેસ) ઓછી હોય છે. નદી જેવી શુધ્ધતા નથી હોતી.

હૃદ જે છે તે એટલુ ગંદુ નથી હોતુ કે જેને બિલકુલ વાપરી જ ન શકાય. જેમ કે ''ખન્યા- અવટયા અથવા વિકર્યા''ના જલ બિલકુલ ગેર વપરાશનું જલ હોય છે. પરંતુ હૃદનું જલ એટલું સાવ ગેરવપરાશનું નથી હોતું પરંતુ નદીના જલ જેટલુ ચોખ્ખું પણ નથી હોતું બસ એ જ એની મુશ્કેલી છે કે જ્યાં સુધી મોટુ પૂર ન આવે ત્યાં સુધી તેમાંથી જઈ શકતું નથી, તેમાં આવી શકે છે.

તો નદીના જલની સાથે જે કાંઈપણ કચરો આવ્યો તે 'હૃદ'માં આવી જશે. પણ પાછું નદીની જેમ વહી શકશે નહીં. વહેવા માટે તેની પાસે બીજો કોઈ ઉપાય નથી. તો ભગવત્ શાસ્ત્ર તત્પર હોવાના કારણે તેમાંથી કાંઈક બોધદાયક માહિતી મળી રહી છે, તેની કાર્યદક્ષતા ઉપર નજર નાખતા ખ્યાલ આવે કે તે શાસ્ત્ર તત્પર જ છે, ભગવત્ તત્પર નથી. તેથી હૃદયતાં આવી છે પરંતુ જોઈએ એવી વાત બની નહીં એ વાત બતાવી રહ્યા છે.

(''સૂદ્યાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ સપ્તમઃ કર્મમાર્ગીય -મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ)-''સુદ્યાભ્ય સ્વાહા'' જેવા કર્મમાર્ગીય મોક્ષકામી (મુમુક્ષ) પ્રવક્તાનો ભાવ.

સન્દેહ-વારકાસ્તત્ર 'સૂદા' ગમ્ભીરમાનસાઃ ॥

જો તમારા સંદેહને નિવૃત્ત કરી શકે એટલે કે પોતે તો પાંડિત્યથી કથા કરે પરંતુ તમારા સંશયનું નિરાકરણ ન કરે. આપણે કાંઈક શંકા કરીએ તો કહે કે તમે પૂછનાર કોણ ? અરે ! ભાઈ તો તમે કહેનાર કોણ ? આવી કથા હોય છે ને ! તો આપણે પૂછવા જઈએ તો એમ કહે કે તમે પૂછનાર કોણ ? અરે ! ભાઈ તમે કહેનાર કોણ ? એનો તો ખુલાસો કરો ? તો પંડિત થયા છો તે સારી વાત છે. પરંતુ કાંઈક પૂછીએ અને ગુસ્સો આવતો હોય તો પછી પંડિતમાં કંઈક ચક્કર છે. જો કાંઈક પૂછીએ અને ખુલાસો પણ કરતા હોય તો 'સૂદ' એટલે કે તેનું જલ સારું છે. **''સુષ્ઠુ ઉદકમ્ યસ્ય તદ્ સૂદ''** - સૂદ્યાભ્ય સ્વાહાઃ.

એક વાત ધ્યાનથી સમજો કે ભકિતમાર્ગીયનો જે સંશય છે તે ત્યાં સુધી

જ છે કે જયાં સુધી સ્નેહ ખીલ્યો નથી. તો ભકિતમાર્ગીયને પણ જયારે સંદેહ થઈ રહ્યો છે તો કાંઈક તો જ્ઞાનના સંદર્ભથી જ તો સંદેહ છે ને ! સ્નેહનાં સંદર્ભે તો સંદેહનો તો પ્રશ્ન જ કયા છે ? જયાં સ્નેહ છે ત્યાં સંદેહ નથી. જયાં સમજ–જ્ઞાન છે ત્યાં જ સંદેહ છે ને ! અને ભકિતમાર્ગ કાંઈ ગેરસમજનો કે ના સમજનો માર્ગ તો નથી. તો ભકિતમાર્ગીયને કાંઈ સમજ તો છે ને ! તો સમજ છે તો તે સમજને તે ઠીક કરી શકે છે પરંતુ સ્નેહને નહીં વધારી શકે કારણકે તમારી સમાજમાં સુધારો થયો.

એક વાત સમજો કે આપણે ઘણા બધા સંદેહનું નિરાકરણ કરી શકીએ છીંએ. પણ એવા ઘણા શ્રોતાઓ આપણને મળશે, જેમ કે અશોકજી બતાવી રહ્યા હતા કે ઠઠ્ઠાઈમાં અમને સમય અનુકૂળ નથી. આ સમયે જ તમે પ્રવચન શું કામ રાખો છો ? અમને બધા મંદિરમાં દર્શન કરવા જવાનો સમય મળતો નથી. એવું કહી રહ્યા હતા. તો આપણે થોડોઘણો સંદેહ મીટાવી શકીએ. પરંતુ કોઈના હૃદયમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો પ્રત્યેનો સ્નેહ જો પ્રકટાવી શકતા હોત તો તો આપણે પણ વિમુક્ત વક્તા હોત. થોડાક ‘‘સૂદા ગંભીર માનસા’’ની હરોળમાં હોત. આ વાત સમજો. સંદેહ મીટાવી શકીએ પણ સ્નેહ કયા પ્રકટાવી શકીએ છીએ ? એવું થતું હોત તો તો આ બધા લફડા જ ન થાત. એકજ વાર કહેવાથી બધા ખુલાસા થઈ જવા જોઈતા હતા. પણ રોજ રામાયણ કરવી પડે અને ખુલાસા થાય નહીં. **‘‘અપનો દોષ વિચાર સખીરી કાહુસો નહીં કહીએ’’** સીધી જ વાત છે ને ! કે કાંઈક શુદ્ધત્વ છે, સંદેહ નિવારણ કરી શકીએ, પણ સ્નેહ પ્રકટ ન કરાવી શકીએ. જેમ શ્રોતાની કાંઈક તકલીફ છે, તો એવી વક્તાની પણ કાંઈક તકલીફ છે ને !

‘‘સૂઘા’’ એ જ કે જે હૃદમાં જલ સાફ થતુ હોય. એટલે કે હૃદમાં જલ સાફ કયારે થાય ? એક વાત સમજો કે તેમાં જે ભેગું થવાની પ્રક્રિયા છે એટલે કે હૃદમાં પાણીના આવવાની જે પ્રક્રિયા છે તે થોડી વિસ્તૃત, થોડી વધારે મોટી હોય તો જલ શુદ્ધ થઈ જાય. કારણ કે તે સૂદ જે છે તે ગંભીર છે, વધારે ઊંડો છે અને પાણીની જે આવક છે તેની પહોળાઈ વધારે છે. તો જલ તેમાં વધારે ગંભીર

રહેશે. વધારે ગંભીર હોવાના કારણે જ્યારે જલ ગંભીર થઇ જાય તો તેમાં થોડીક સ્વચ્છતા પણ આવે છે અને તે હ્રદ જે છે તે થોડું ઓછુ ગંભીર હોય છે. ઊંડાણ ઓછું હોય, તો જલના ગંદા હોવાની સંભાવના વધારે રહે છે અને જલને જવાનો કોઇ ઉપાય નથી તેથી તે 'હ્રદ' છે અને તે જો વધારે ઊંડુ હોય તો 'સૂદ' અને ઓછું ઊંડુ હોય તો તે 'હ્રદ' છે.

આમ દરેક ગામમાં શું થતું ? કે જો કે કુદરતી નહોતુ થતું ત્યાં કૃત્રિમ રીતે આમ નદીના કિનારે 'હ્રદ' અને 'સૂદ' બનાવી દેતા. તેની ક્ષમતાના કારણે અને સંગ્રહીત પાણીના સ્તરને કારણે પાણી દરેક જગ્યાએ પ્રાપ્ત થતું અને આ બાંધ-વાંધના ખોટા ચક્કરમાં આપણે ફસાવું પડતું નહોતું. આપણે ત્યાંની આ જૂની પાણીની વ્યવસ્થા હતી, જે આજે નિરર્થક (સ્પોઇલ) થઇ ગઇ છે.

પ્રશ્ન :-

એક વાત ધ્યાનથી સમજો કે જો તે બ્રાહ્મણ છે તો દરેક બ્રાહ્મણનું આ કર્મ હતું, કે કાંઇક શાસ્ત્ર ભાણે અને બીજાને પણ શાસ્ત્ર ભણાવે. એટલે કે આચાર્યનું તો આ ખૂબ જ ઊંચ કક્ષાનું કર્તવ્ય છે. પરંતુ આચાર્યની વાત તો ભૂલી જાવ. દરેક બ્રાહ્મણનું આ કર્તવ્ય છે. **''અધ્યયન - અધ્યાપન, યજન-યાજન, દાન અને પ્રતિગ્રહ ષટ્કર્માણિ દિને-દિને''** તો જે બ્રાહ્મણ આ કર્મ નથી કરી રહ્યા, તો તેનાં બ્રાહ્મણ હોવામાં કાંઇક સંદેહ છે.

શાસ્ત્રની ધારણા એ છે કે જો બ્રાહ્મણ સ્વયં શાસ્ત્ર અધ્યયન નથી કરી રહ્યો અને શાસ્ત્રનું અધ્યાપન નથી કરાવી રહ્યો, મતલબ તે બ્રાહ્મણ છે કે નહીં ? દસ વખત પીઠ ઠોકીને બજાવીને જુઓ કાંઇક જરૂર લફડા છે. તો આ કર્મ છે જે દરેક બ્રાહ્મણને બ્રાહ્મણ હોવાના અભિમાનથી ગળે પડેલું છે. ઇચ્છો કે ન ઇચ્છો જે આ ગળે પડેલ ભારને ઉતારવા માંગી રહ્યો છે. આ ગળે પડેલી જીમ્મેદારીથી જે છટકવા માંગી રહ્યો છે, તે પોતાના બ્રાહ્મણત્વના અભિમાનને દગો આપી રહ્યો છે, પાખંડ કરી રહ્યો છે.

પ્રશ્ન :-

શાસ્ત્ર આવી જ ગયું ને ! **અધ્યયન-અધ્યાપન, યજન-યાજન, દાન-**

પ્રતિગ્રહ– કારણકે અધ્યયન કરશો ત્યારે જ તો તમે યાજન કરાવી શકશો. બાવા! આજ એક આપણી દુર્દશા જુઓ કે ઘણું કરીને જેટલા આપણા કર્મ છે, તેનું આપણે અધ્યયન નથી કર્યુ. તેથી આપણે ઉપાધ્યાયજીની ગરજ પડે છે ને ! આપણે અધ્યયન કર્યુ હોત તો ? હું બીજાની વાત નથી કરતો, હું તો મારી વાત કરું છું કે બાપનું શ્રાદ્ધ ઉપાધ્યાયજી ન આવે તો હું ન કરી શકું. તો મંત્ર આપણને યાદ નથી. આજે આપણુ બ્રાહ્મણત્વ કેટલુ ખાડામાં જઈ પડયું છે તેનુ આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. એટલે કે કોઈ વૈષ્ણવે કોઈ બાલકને પૂછી લીધું કે જે જે આપ ઉપસ્થાન કરો છો, તેનો મંત્ર શું ? તો બાલકને સંધ્યા કરતા કરતા ઉઠીને ભાગવું પડે. ઉપસ્થાનનો મંત્ર આવડે નહીં અને ખાલી હાથ આમ કરે તેમ કરે, મંત્ર શું ? તો કહે નદારદ. (નથી આવડતો)

એક શાસ્ત્રીજીએ મને બતાવ્યું કે એક બાલકે પ્રવચનમાં એવી આજ્ઞા કરી કે ષોડશ ગ્રંથમાં સર્વોત્તમ સ્તોત્રમાં આમ કહ્યું છે. શાસ્ત્રીજીએ કહ્યું કે જે જે કૃપાનાથ સર્વોત્તમ સ્તોત્ર ષોડશગ્રંથમાં નથી. તો બાલકે આજ્ઞા કરી મારે ઘરે આવ તને બતાવું, ષોડશગ્રંથમાં સર્વોત્તમ સ્તોત્ર છે કે નહીં ? આ શું કહ્યું ? શાસ્ત્રીજીની અક્કલ મારી ગઈ ગરીબની કે હવે બાલકને શું કહેવું ? ષોડશગ્રંથ એ અલગ ગ્રંથ છે. તે પુસ્તક એક અલગ પુસ્તક છે. તે પુસ્તકમાં સર્વોત્તમ પણ હોઈ શકે, પરંતુ જે પુસ્તકમાં ષોડશગ્રંથ છે તે પુસ્તકમાં સર્વોત્તમ છે તેથી ષોડશગ્રંથમાં સર્વોત્તમ છે એમ ન કહી શકાય. આજે આપણી બ્રાહ્મણની આ સ્થિતિ છે. તેમાં શું કહીએ ? હવે આગળ શું કોઈ આ હકીકત સમજવાવાળા છે? તો આ સ્થિતિ છે, ખૂબ ખરાબ સ્થિતિ છે. બધી પદ્ધતિ મૃતપાયઃ હોવાના કારણે આ ચક્કર છે.

બાકી એક વાત ધ્યાનથી સમજો કે શાસ્ત્ર ભાણવું એ બ્રાહ્મણનું સૌથી પહેલું કર્તવ્ય છે. બાકી વેદ તો ત્યાં સુધી કહે છે કે તમે કર્મ નહીં કરો તો હું તમને માફ કરીશ. પરંતુ શાસ્ત્ર નથી ભાણી રહ્યા, તો હું તમને કયારેય માફ નહીં કરું. **‘‘યઃ તિ ત્યાજ સખીવિદં સખાયમ્ ન તસ્ય વાચ્યપિ ભાગો અસ્તિ, યદિ ગુમ્ શ્રૃણોતિ અલક ગુમ્ શ્રૃણોતી ન પ્રવેદ સુકૃતસ્ય પન્થાઃ’’** જે કાંઈ તમે બોલી રહ્યા

છો, જે કાંઇ તમે સાંભળી રહ્યા છો, બધું ખોટું છે. તમે પોતાના દોસ્તને દગો આપ્યો છે. જે દોસ્ત તમને વફાદાર હતો. હવે આના પછી તમારું જે કાંઇ કર્મ છે. તે દુષ્કર્મ છે. તમે પાપી છો, બહાર જાવ આ સ્પષ્ટ છે.

બાવા ! આજ તો આપણી બ્રાહ્મણત્વની આ સ્થિતિ છે. આ કાંઇ એકની સ્થિતિ નથી. દરેક મનુષ્ય દરેક બ્રાહ્મણ આ તકલીફને સમજી શકે કે આપણે કયા સ્તરે જઇને, કોને દગો દીધો છે. તો આ ખૂબ મોટું કર્મ છે, બ્રાહ્મણે સતત કરતા જ રહેવું જોઇએ. તેથી કર્મમાર્ગ છે. હવે આ કર્મમાર્ગને નિભાવતા રહેતા થોડો ભાવ કર્મનો એટલે કે કર્મને કર્તવ્ય બુદ્ધિથી કરવાને બદલે થોડો ભાવ સભર થઇને જે કર્મ કરે છે. તેને જુઓ શ્રીમહાપ્રભુજી ‘‘સરસ્યાભ્યઃ સ્વાહાઃ’’ કહે છે. સરસ એટલે રસ યુકત. તો એવું કોઇ તળાવ કે જેમાં કમલ બમલ ખીલેલા છે. એવા તળવાને સરસ્યા કહેવાય છે.

(‘‘સરસ્યાભ્યઃ સ્વાહા’’ વચનોકતજલસદૃશઃ અષ્ટમઃ કર્મમાર્ગીય- મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ)- સરસ્યા જળ જેવા કર્મમાર્ગીય મુમુક્ષુ વક્તાનો ભાવ.

‘સરઃ-કમલ-સમ્પૂર્ણાઃ’ પ્રેમયુક્તાસ્તથા બુધાઃ ।। ૬ ।।

એવું તળાવ જેમાં કમલ ખીલ્યા હોય, જેમાં ભમરાઓ મંડરાતા હોય તો એવું કોઇ તળાવ છે, તો શ્રીમહાપ્રભુજી કહે છે ‘‘સરઃ કમલ સમ્પૂર્ણાઃ પ્રેમ યુકતાસ્તથા બુધાઃ’’-‘બુદ્ધ’ છે, શાસ્ત્ર જાણે છે અને સાથે તેને થોડોક સ્નેહ છે, ભાવ પણ છે. કર્મને નિભાવવામાં તેનો ભાવ પણ છે. એટલે કે ભાવ પણ તેનો છલકી રહ્યો છે. તો તે ‘‘સરઃ કમલ સમ્પૂર્ણાઃ’’ મોટું ખૂબસૂરત તળાવ છે. ખીલેલા કમલનું તળાવ.

(‘‘વૈશન્તીભ્યઃ સ્વાહા’’ વચનોક્તજલદૃશઃ નવમઃ કર્મમાર્ગીય- મુમુક્ષુ- પ્રવક્તુઃ ભાવઃ)-‘‘વૈશન્તીભ્યઃ સ્વાહાઃ’’ વચનમાં કહેલા જલ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તાનો ભાવ.

અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા ‘વેશન્તાઃ’ પરિકીર્તિતાઃ ।।

તળાવમાં કમલ ખીલ્યા છે, પરંતુ પાણીનું ઊંડાણ છે તે ઓછું છે. તો તે 'અલ્પશ્રુત' છે. પ્રેમ સારો નિભાવ્યો એટલે કે શાસ્ત્ર કથા કરવામાં પ્રેમનો ભાવ છે. તેને સ્નેહ છે ફકત કર્મનો જ ભાવ નથી, સ્નેહનો પણ કાંઈક ભાવ છે.

આ વાત એક ઉદાહરણથી સમજો કે હોસ્પીટલની ઘણીબધી નર્સ હોસ્પીટલના ઘણા બધા ડોકટરો-આ બધામાં તમને આ પ્રકાર જોવા મળશે. સ્કૂલ-કોલેજના ઘણાબધા શિક્ષકો-પ્રોફેસરો તેમાં પણ તમને આ પ્રકાર જોવા મળશે. કે જે કર્મના અંતર્ગત પોતાની કર્તવ્ય બુદ્ધિથી તમને ભણાવે અને સાથે સાથે ભણાવવામાં તેને થોડોક પ્રેમ પણ છે.

જે કર્મની જેમ ફરજ હોવાના કારણે તમારી સારવાર કરે છે. પણ સારવાર કરવામાં તેને થોડોક પ્રેમ પણ છે. એવા વકીલ પણ મળશે કે જે તમને ફકત કાનુની સલાહ જ આપે છે. એટલુ જ નહીં પણ થોડી સસ્નેહ સલાહ આપી રહ્યો છે. ખોટી રીતે રાડો પાડવાના ચક્કરમાં નથી ફસાતા. પરંતુ આપણો હિતેચ્છુ પણ છે. પરંતુ પોતે જાણતા નથી. 'અલ્પજ્ઞ' છે તો તેમાં શું થશે ?

''અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા વેશન્તાઃ પરિકીર્તિતા'' તો જેમ કે કમલ ખીલેલું એક નાનું તળાવ હોય, તો તે નાના તળાવને ખાસ એક વિભાગ હોય છે કે ભેંસ તેમાં ન ઉતરેને તો તળાવનું પાણી ઘણું સાફ છે. પરંતુ ભેંસ ઉતરી ગઈ તો તો પાણી ગંદુ થઈ જાય. નાના તળાવની આ કરુણતા હોય છે. એવી કોઈ વિજાતીય ભાવની ભેંસ ન ઉતરે ને તો 'અલ્પશ્રુત' પણ કામ આપી શકે આવું છે.

પરંતુ કોઈ વિજાતીય ભાવની ભેંસ તેમાં ઉતરી તો તે નાના તળાવ જે છે તે ખૂબ ગંદા થઈ જાય અને લગભગ જયાં પણ નાના તળાવ હોય ને ! તેમાં ભેંસ ઉતર્યા વગર રહે નહીં કે ખબર નહીં ભેંસ નાના તળાવને શોધે છે કે નાના તળાવ ભેંસને શોધતા હશે. કાંઈક એવું જ હશે ભેંસનું. મને બહુ મજા આવે નાના તળાવમાં ભેંસ ઉતરેને ત્યારે ''**સ્થિત-પ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ, સ્થિતધી કિં પ્રભાષેત્**'' નાના તળાવમાં ભેંસના બધા દુઃખોનો નાશ થઈ જાય.

ભેંસની આ વિશેષતા છે કે આમ ઊંચુ મોઢુ કરીને બેઠી હોય ને ! પાંચ દશ મિનીટ તે ભેંસના મુખારવિંદના દર્શન કરો ખૂબ જ તન્મયતા આવશે કે તેને

કેટલો આનંદ મળતો હશે. એક વખત તળાવમાં બેઠી, દુનિયા ગઈ ભાડમાં 'અલ્પશ્રુત' ઘણું કરીને આવા જ હોય છે. નાનું તળાવ ભેંસની મજા લેતું હોય છે. અને ભેંસ નાના તળાવની મજા લેતી હોય છે. અલ્પશ્રુતને પણ આવી તન્મયતા આવી જાય.

''અલ્પશ્રુત'' મળ્યો અને ભેંસ પ્રસન્ન અને ભેંસ મળી તો ''અલ્પશ્રુત' પ્રસન્ન થઈ જાય, કારણ કે કાંઈપણ વધારે મળ્યું, તો 'અલ્પશ્રુત' બિચારો વિચલિત થઈ જાય. તો આ ભેંસ અને અલ્પશ્રુતનો ચોલી-દામનનો સંબંધ છે.

પ્રશ્ન :- બુધ્ધા એટલે શું ?

બુધ્ધા એટલે શાસ્ત્રજ્ઞ કે વિદ્વાન. પરંતુ અહી તે 'બુધ્ધ'ના વિરોધમાં 'અલ્પશ્રુત' આવ્યો છે કે બિચારો પ્રેમયુકત છે. કમલ બમલ પણ ખીલ્યા છે. પરંતુ પોતે એટલું છીંછરુ તળાવ છે ને કે ભેંસ માટે તે ખૂબ આકર્ષાણ થઈ જાય. બસ તો ભેંસના ઉદાહરણથી આ સમજશો ને તો તેનું રહસ્ય સમજાશે. બાકી નહીં સમજાય. તો ''વૈશન્ત''નું રહસ્ય ભેંસ વગર સમજમાં નહીં આવે. તો દરેક 'અલ્પશ્રુત'નો ભેંસ ખૂબ આનંદ લ્યે. 'અલ્પશ્રુત' વક્તા જેવો મળ્યો નહીં અને ભેંસને આનંદ-આનંદ થઈ જાય. બાપા-બાપી બધા ગદ્ ગદ્ ગદ્ ગદ્ થઈ જાય. 'અલ્પશ્રુત'નું આવુ બધું માહાત્મ્ય છે. તેનો ભેંસ જેટલો આનંદ લ્યે છે ને, તેટલો બીજા કોઈ નથી લેતા. જુઓ ભેંસ કયારેય સમુદ્રમાં નહાતી નહીં મળે હો ! કયારેય નહીં મળે. કેમ કે ભેંસ આ રહસ્યને જાણે છે કે આ સમુદ્ર છે.

પરંતુ 'અલ્પશ્રુત' નાનુ તળાવ મળ્યુ નથીને રસ્તા ઉપરથી દોડીને સીધી ત્યાં જઈને સ્થિતપ્રજ્ઞ થઈ જશે. હવે કયાંય નથી જવું ''**અગર ફિર દોષ પર રૂવે જમીનસ્ત, હમીનસ્તો, હમીનસ્તો, હમીનસ.**'' કાશ્મીરને જોઈને આવું જહાંગીરે કહ્યું હતું કે પૃથ્વી પર જો કયાંય સ્વર્ગ છે તો બસ અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે. એ જ રીતે ભેંસને જો કયાંય સ્વર્ગનો અનુભવ થાય છે તો 'વેશન્ત'માં થાય છે. ત્યાં જાયને બસ ''**હમીનસ્તો, હમીનસ્તો, હમીનસ**'' ભેંસ અને 'વેશન્ત'નો આ સંબંધ છે. તો આ બહુ સમજવાની વાત છે હો

શ્રીમહાપ્રભુજીની આ ખૂબ ઊંડાણ પૂર્વકની આંતરિક દૃષ્ટિ છે. આ આખી વાતને સમજાવવાની.

(''પલ્વલ્યાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ દશમઃ કર્મમાર્ગીય-મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ)- ''પલ્વલ્યાભ્યઃ સ્વાહા'' વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી વકતાનો ભાવ.

કર્મશુદ્ધાઃ 'પલ્વલાનિ' તથાલ્પશ્રુત-ભક્તયઃ ॥૭॥

'પલ્વલ' જે છે તે કેવા છે ? કર્મશુદ્ધ છે અને અલ્પશ્રુત, અલ્પ ભકિતવાળા, સાંભળ્યુ પણ ઓછુ છે અને ભકિત પણ ઓછી છે. પરંતુ તેનું આચરણ સારું છે. તેના આચરણમાં કોઈ ગડબડ નથી. તો આવા જે છે તેમાં તેની 'પલ્વલતા' થોડી ઓછી રહે. એવા જ નાના ક્ષુદ્ર તળાવ હોય પણ તેમાં કમલ વમલ ખીલેલા ન હોય.

હરિરાયજીએ મારા માટે એક ખૂબ સારો 'પલ્વલ' શબ્દ વાપર્યો છે. તેણે કહ્યુ કે 'પલ્વલોતીર્ણ શુકરવત્' શ્યામ મનોહરજી બોલે છે. 'પલ્વલ'માંથી નીકળેલા સુવરની જેમ શ્યામ મનોહરજી બોલે છે. આ 'અહં બ્રહ્માસ્મિ' છે.

ત્યાર પછી એક વાત સમજો કે કર્મને નિભાવનાર વ્યકિત કર્મને પોતાની કર્તવ્ય બુદ્ધિથી નિભાવનાર વ્યકિત વિષયાસકત હોય તો પણ મુમુક્ષ જ છે ને ! જો તમારી મુમુક્ષતા ખંડિત થઈ તો પછી તમને કર્મ નિભાવવાની ઈચ્છા જ નહીં રહે. હવે પોતાનું કર્મ નિભાવવા માટે કાંઈક કરી રહ્યો છે અને તેમાં કોઈ ભેંસ આવી જાય, તો એક વાત ધ્યાનથી સમજો કે તે 'પલ્વલ' અને 'વેશન્ત'નો તો કોઈ દોષ નથીને ! તે દોષ તેમાં આરોપિત થઈ રહ્યો છે. તેનો પોતાનો તો દોષ નથી ને ! તે જેવો છે તેવો પરંતુ જો તેને છંછેડવામાં ન આવ્યો હોત તો એક વાત ધ્યાનથી સમજો કે જેટલા પણ 'પલ્વલ અને વેશન્ત' હોય છે ને, તેના પાણીને છંછેડવામાં ન આવે તો શું થાય છે ? કે તેની જે ગંદકી છે તે તળિયે બેસી રહે. તો પાણી સાફ રહે.

પરંતુ તેમાં ભેંસ ઊતરી જાય તો શું થાય ? કે ભેંસ નીચે પગથી ખરીથી આમ આમ ખોતરતી રહે. તેથી નીચેની ગંદકી છે તે ઉપર આવતી રહે અને તેથી

પાણી ગંદુ થઈ જાય. તો 'પલ્વલ અને વેશન્ત'ને આ ભેંસ, ગેંડા, સુવર બધા ગંદા કરી દે. જો તેને છંછેડવામાં ન આવે તો તે શુદ્ધ છે. જો તેને છંછેડવામાં આવે તો તે બિચારાની એટલી ક્ષમતા નથી કે તેને છંછેડયા પછી તે શુદ્ધ રહી શકે. હવે કોઈ છંછેડે તો શું થાય ? પરંતુ પોતે તો મુમુક્ષ છે ને !

તપસ્વી જ્યારે તપસ્યા કરવા બેસે અને કોઈ રંભા નાચી જાય, તો બિચારા તપસ્વી શું કરે ? તે તો તપસ્યા કરવા બેઠો હતો ને ! કોઈ અપ્સરાને બોલાવવા તો નહોતો બેઠો. તે બેઠો હતો તપસ્યા કરવા. પણ એક રંભા આવીને નાચી ગઈ તો તેનો તપોભંગ થઈ ગયો. તો તે બિચારો ગરીબ શું કરે ? મૂળમાં તો તે મુમુક્ષુ પોતાનું કર્મ નિભાવવા સદાશય વાળો હતો. હવે કોઈ ભેંસ ઉતરી ગઈ, તો તે ભેંસના ચક્કરમાં તે પાણી ગંદુ થઈ ગયું. વાત આવીને સમજમાં ? બધુ ખૂબ જ મનોવૈજ્ઞાનિક છે.

અલ્પશ્રુત એ અલ્પભકિતને અનુલક્ષીને અલ્પભકત હશે. એટલે કે જેણે સાંભળ્યું પણ ઓછું છે અને જેની ભકિત પણ ઓછી છે. પરંતુ કર્મમાર્ગીય હોવાના કારણે આચરણથી શુદ્ધ છે. તેના આચરણમાં કોઈ ખોટ નથી. તો કર્મમાર્ગની જે પ્રાથમિક આવશ્યકતા છે તે તો સંપૂર્ણ રીતે અમલ કરી રહ્યો છે ને. તેના આચરણમાં કોઈ ગરબડ નથી. તે કાંઈ જાણી ન શકયો કે સમજી ન શકયો કે ભકિત ન વધી શકી તો શું કરે ?

''દેવાયત્તં કુલે જન્મં મદાયત્તન્તુ પૌરુષમ્'' તેનામાં ભકિત નથી તો નથી. તેને બહું સમજ પણ નથી. પરંતુ કર્મ તો બિચારાનું શુદ્ધ છે ને ? એટલે કે સારી ભકિતને કારણે તેનું કર્મ જેટલુ શુદ્ધ હોવું જોઈતું હતુ તે કર્મ શુદ્ધ છે તેની સમજ બહું ઊંડી નથી. તેનો સ્નેહ બહુ ગાઢ નથી. પરંતુ તેના કાર્યમાં કોઈ ગરબડ નથી. તો તે જ્યારે કથા કરશે, તે કથામાં જ્યાં સુધી યજમાનની કોઈ ભેંસ ન ઊતરીને ત્યાં સુધી સારી હશે અને યજમાનની ભેંસ જેવી ઊતરી કે પાણી ગંદુ થઈ ગયું. બસ, સંક્ષેપમાં એ સમજી લ્યો.

અહી પ્રેમયુકત એક મહત્વની બાબત છે તે અલ્પ ભકિત છે, અલ્પશ્રુત છે, પરંતુ પ્રેમ સારો છે અને આ અલ્પશ્રુત, અલ્પભકિત છે, પ્રેમ પૂરતો છે

(પૂર્ણ છે.) એટલે કે જ્ઞાનથી પ્રેમ વધારે છે. આમા જ્ઞાન પણ ઓછું છે, પ્રેમ પણ ઓછો છે પરંતુ કર્મ એકદમ વ્યવસ્થિત છે. આવા બ્રાહ્મણ બહુ મળી જશે. આવા સાત્વિક બ્રાહ્મણ ઘણાં મળી જશે. કે જેના આચાર-વિચાર બધું બિચારાનું ઠીક-ઠાક છે અને બહુ ભણી ન શકયા- બહુ ભકિત નથી. નથી તો નથી. પણ પોતાના કર્મમાં ટકી રહેલા છે. અવા ઘણા બ્રાહ્મણો મળશે.

(''વર્ષાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ એકાદશો જ્ઞાનમાર્ગીય- મુમુક્ષુ -પ્રવક્તુઃ ભાવઃ)-જે વરસાદનું જલ છે તે 'વર્ષા' કહેવાય છે. તો તે જલ જેવો વક્તાનો ભાવ.

યોગ-ધ્યાનાદિ-સંયુક્તા ગુણા 'વર્ષ્યાઃ' પ્રકીર્તિતાઃ ॥

યોગ અને ધ્યાનથી સંયુકત જે વક્તા છે, એટલે કે જેણે પોતે કાંઈક યોગ-સાધના કરી છે. જેણે પોતે કાંઈક ધ્યાન કર્યુ છે. એવો ધ્યાની-યોગી જે વખતે ભગવત્ કથામાં પ્રવૃત થાય છે, તો વરસાદના જલની જેમ શુદ્ધ જલ છે. પરંતુ વરસ્યા પછી લફડો થઈ રહ્યો છે.

વરસાદનું જલ વરસે અને તમે જમીન પર પડયા પહેલા ઝીલી લીધું તો... હવે આજે તો વરસતા વરસાદનું જલ પણ પ્રદૂષિત વાતાવરણનાં કારણે ગંદુ વરસી રહ્યું છે અને તે યોગ પણ આજકાલ ફાઈવસ્ટાર હોટલમાં શીખવવામાં આવે છે તેના કારણે આવો થઈ ગયો નહીંતર સામાન્ય રીતે તો ફાઈવસ્ટાર હોટલોમાં યોગના સેન્ટર ન હતા. સામાન્ય રીતે યોગ-ધ્યાનની પ્રક્રિયાથી જે કાંઈ જેણે અનુભવ કર્યો છે. મૂળવાત આ છે. તો તે પોતાની વાસ્તવિકતા વરસાવી રહ્યો છે. પરંતુ વરસાવી રહ્યો છે તે ખૂબ ચોખ્ખું જલ છે.

પરંતુ વરસ્યા પછી જો સામેવાળો યોગી નથી, સામેવાળો જો ધ્યાની નથી, સામે જો મેદાન છે તો મેદાનની ગંદકી લઈને જલ આવશે. સામે તળાવ છે તો તળાવનું જલ લઈને આવશે. સામે નદી છે તો નદીની જેમ વહી જશે. સામે જો કૂવો છે તો કૂવો ભરાઈ જશે. તો વરસ્યો તે વખતે તો કાંઈ મુશ્કેલી નથી. કારણ કે તેનો કાંઈક અનુભવ છે, પરંતુ વરસ્યા પછી તે જલની બહુ ગેરંટી નથી. કારણ કે જયાં વરસશે તેના જેવું તે થઈ જશે.

કારણ કે તેણે તો યોગ અને ધ્યાનની સાધના કરી છે. તો તે માત્ર જાણેલું બોલતો નથી, પરંતુ જોયેલું બોલી રહ્યો છે. જેમ કબીર કહે છે ને કે બધા સાંભળેલું-કહેલું કહી રહ્યા છે અને હું જોયેલું કહી રહ્યો છું. તો આવો જે યોગ ધ્યાનથી સંયુકત છે, તે સાંભળેલું નથી કહી રહ્યો, ભણેલું નથી કહી રહ્યો, પરંતુ જોયેલી વાત કહી રહ્યો છે. તેથી તેના કહેવામાં કાંઈક તો અંતર છે. કાંઈક તો શુદ્ધતા છે. કાંઈક તો વાસ્તવિકતા છે. પરંતુ જો તેને જે જોઈએ છે તેવો યોગી-ધ્યાની સામે મળ્યો નહીં, યોગી-ધ્યાની હોય તો જ વાત બને ને ! અને યોગી ધ્યાની નથી તો વાત નહીં બને એ બતાવી રહ્યા છે.

(''સ્વેદજાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ દ્વાદશો જ્ઞાનમાર્ગીય- મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ)-જે પરસેવાનું જલ છે. તેને 'સ્વેદજા' કહેવાય તો પરસેવાના જલ જેવો જ્ઞાનમાર્ગીય વક્તાનો ભાવ.

તપો-જ્ઞાનાદિ-ભાવેન 'સ્વેદજાસ્' તુ પ્રકીર્તિતાઃ ॥૮॥

શ્રીમહાપ્રભુજીએ હદ કરી દીધી. તપ અને જ્ઞાનનો જે ભાવ છે. કઠોર તપસ્યા એટલે કે પંચાગ્નિ તપ કરી રહ્યા છે. ખૂબ ગૂઢ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તો ગંભીર તપ અને ગૂઢ જ્ઞાન જે છે તે કથાના ભાવથી વિરોધી (ઓપોઝીટ) ભાવ છે. તો મનુષ્યને પરસેવો કયારે આવે ? ખૂબ મહેનત કરી હોય. તો પરસેવો આવે. જેમાંથી પરસેવો આવી રહ્યો છે, તેના તો સ્વાસ્થ્યના કારણે છે. પરંતુ બીજાને તે કાંઈપણ કામનું નથી. તે તમે તપ કર્યું, તમે જ્ઞાન પ્રાપ્ત કર્યું તો તે જે સ્તરે હશે તે તમારા શ્રમનો દ્યોતક (જાણાવનારું) છે. પરંતુ તે બીજાના કાંઈ કામનું નથી. કેમ કે બીજાએ તેવું તપ નથી કર્યું. તો બીજા તે જ્ઞાનને પ્રાપ્ત નહીં કરી શકે.

કારણ કે એક વાત ધ્યાનથી સમજો. તપ અને જ્ઞાનનો જે ભાવ છે તે કથાને લાયક ભાવ નથી, બીજાને લાયક ભાવ નથી. સ્વયં પોતાના એકના માટે જ છે, બીજાના માટે નથી. બીજાને માટે તપ કરી રહ્યા છે તો પાખંડ છે. ખ્યાલમાં આવ્યું ? આપણે કોઈપણ તપ કરી રહ્યા છીએ તે બીજાના માટે કરી રહ્યા છીએ ? છાપામાં રોજ આવે છે કે આજે તપનો આટલામો દિવસ થયો, આજે તપનો ચોવીસમો દિવસ છે. આજે તપનો પચ્ચીસમો દિવસ છે. જ્ઞાન

માપક યંત્રમાં આજે જ્ઞાનનું સ્તર આટલુ વધ્યું. તે તો કાંઈક કૌભાંડ થઈ ગયુંને ! બીજાને શું કામનું ? તમારા માટે સારી વસ્તુ છે. તો એટલા માટે શ્રીમહાપ્રભુજી તેને 'સ્વેદજા' બતાવી રહ્યા છે.

યોગ જે છે ને ! તે ચિત્તને એકાગ્ર કરતું ધ્યાન છે. તપ અને જ્ઞાન જે છે તે ધ્યાન નથી. તપ અને જ્ઞાનમાં શ્રમ છે. અનુભવ નથી અને યોગ જે છે તે અનુભવ દેનાર છે. ધ્યાન જે છે તે અનુભવ કરાવનાર છે. તો જયારે તમે યોગ કરી રહ્યા છો, જયારે તમે ધ્યાન કરી રહ્યા છો. તો તમને વાસ્તવિક કાંઈક અનુભવ થશે. યોગ અને ધ્યાનની પ્રક્રિયાને કારણે એવો ચોક્કસ અનુભવ થશે. કે જેથી તમને એકદમ તાજગી મળશે અને જેમાં કાંઈપણ કૌભાંડ થવાનો કોઈ ચાન્સ-તક જ નથી.

જો કે આ ફાઈવસ્ટારમાં પણ વધારે પ્રદૂષિત નહીં થાય. તો તેના માટે કાંઈક તેની વધારે ગરિમા છે અને તપોજ્ઞાનની પણ ચોક્કસ ગરિમા છે. પરંતુ તે તમારા પોતાના માટે છે. તપ અને જ્ઞાન જે છે, તેનાથી બીજાને લાભ મળવો બહુ મુશ્કેલ છે. કારણ કે તપ એવી પ્રક્રિયા છે કે તમે તપ કરી રહ્યા છો તેમાં બીજા શું કરી રહ્યા છે ? જયાં સુધી તે તપમાંથી આપ બીજું તપ નથી કરી રહ્યા, તમે બીજું તપ એટલે કે જેમ કે આ વાતને તમે આ રીતે સમજો કે તમે પહાડ પર ચઢ્યા. એવરેસ્ટ પર ચઢવાનું તમે એક તપ કર્યુ. તે ચઢવાનું વર્ણન તમે બીજાની સામે કર્યુ. તો બીજા તેનું શું કરશે ? ખ્યાલમાં આવ્યું ? પરંતુ તમે તપ સિવાય તે આખા પહાડનો ધ્યાનથી અનુભવ કર્યો છે. તેથી તમને તે સંવેદન શીલતા (સેન્સીટીવીટી) છે, કે પહાડ પર ચઢવાનો ખાલી શ્રમ નથી કર્યો પરંતુ તમે તેનો તે પ્રકારે અનુભવ પણ કરી શકો છો.

જેમ કે આ શેરપાઓ જેટલા છે તે બિચારા શ્રમ કરીને ઉપર જાય ને. તેનસીંગ આવી જ રીતે તો ગયો હતો. ખરેખર તો હીલેરી ગયો હતો. પરંતુ તે એવરેસ્ટ ઉપર ચઢનાર ધ્યાન યોગી હતો અને તેનસીંગ શું હતો ? કે તપોજ્ઞાનાદિ ભાવથી 'સ્વેદજા' હતો. તો એક વાત ધ્યાનથી સમજો કે જેવો તે એવરેસ્ટ ઉપર ચઢ્યો ત્યાર પછી હીલેરીએ જે અહેવાલ (ડિસ્ક્રીપ્સન) લખ્યો. તે અહેવાલ

લખ્યા પછી કોઈએ તેનસીંગને ચઢાવ્યો કે ભાઈ તેના પુસ્તક આટલા વહેંચાઈ રહ્યા છે તો તુ તારો અનુભવ કેમ ન લખે ? તો તે શેરપા બિચારો કેટલો અનુભવ લખી શકે, એટલું એણે લખ્યું. ખરેખર તો તે શ્રમ કરવા ગયો હતો. બાકી તે કાંઈ ખૂબસૂરતીનો આનંદ લેવા નહોતો ગયો. તો તપ અને જ્ઞાનનો જે ભાવ છે તે શ્રમનો ભાવ છે અને યોગ અને ધ્યાનનો જે ભાવ છે તે અનુભૂતિનો ભાવ છે. તો તે જે અનુભૂતિનો ભાવ છે તેને તમે એક સીધી રીતે આ પ્રકારથી સમજી શકો.

એક ધંધાકીય કલાકાર (કોમર્શિયલ આર્ટીસ્ટ) છે તે મહેનત કરીને કોઈ કલાત્મક નિર્માણ (આર્ટીસ્ટીક ક્રિયેશન) કરી રહ્યો છે અને એક કલાકાર જે પોતાના કલાત્મક સ્નેહના કારણે કોઈ કલાત્મક નિર્માણ કરી રહ્યો છે. તો તેની કૃતિમાં કાંઈક તેનો અનુભવ બોલી રહ્યો હશે. તે પોતાની અનુભૂતિ કદાચ પૂરી રીતે ન કહી શકે, પરંતુ તેના નિર્માણમાં કાંઈક તો અનુભૂતિ છલકાશે. જેમ ફિલ્મી ગીતોમાં બધા કલાકાર હોય તેને પદ્ધતિ (નોટેશન) આપવામાં આવે. તેનો તેમાણે એટલો પૂર્ણ અભ્યાસ કર્યો છે કે નિષ્ણાંતની જેમ તેણે વગાડી દીધું. તો તે શું છે ? શ્રમનો ભાવ છે, તે કલાનો ભાવ નથી.

તો કલાકાર છે તે મજૂર પણ હોઈ શકે છે અને કલાકાર કોઈ એક કલાકાર પણ હોઈ શકે છે. કલાકારમાં એક કલા પણ હોય છે અને આવડત પણ હોય છે. તો પેલો જે આવડતવાળો કલાકાર છે તે તપોજ્ઞાન છે. કદાચ આ કલાવાળો જે કલાકાર છે તે એવું ન પણ કરી શકે.

મને પંડિત જસરાજજીએ એક દિવસ ખૂબ જ સરસ વાત કરી કે બાવા! જેવી રીતે લત્તા અને આ કલાકારો ગાઈ શકે છે, એવી રીતે અમે નથી ગાઈ શકતા. એક વખત ગીત સંભળાવો અને તે તરત જ ગાઈ શકે છે. એમ અમે નથી ગાઈ શકતા. કારણ કે તે કલાકારમાં તે પ્રકારની આવડત નથી, જે આ ગાયકો અને સંગીતના સાધનો વગાડવાવાળા (ઈન્સ્ટુમેન્ટ ઈન્ટલસ)માં હોય છે. કારણ કે તેઓ પૂર્ણ (પરફેકટ) હોય છે. તેને રીત આપી નથી કે ફટ કરતાક ને શરૂ કરી દયે. પરંતુ કલાકારીના નામે તેની પાસે કાંઈપણ નથી હોતું અને આમની પાસે કલાકારીના નામે ઘણું બધું હોય છે. એટલા માટે તે એટલો આવડતવાળો

નથી કે તમે કહો અને તરત જ તે રજુ (પ્રોડયુસ) કરી શકે. પુનઃ રજુઆત (રીપ્રોડયુસ) કરી શકે. તો જયારે પંડિત જસરાજ જેવા મોટા ગાયક જો આ વાત સ્વીકાર કરે છે. મતલબ કાંઈક તો ફરક ગાવામાં છે. ખ્યાલમાં આવ્યું ને !

તો આવડતથી જે ગાઈ છે અથવા ગાવામાં જે આવડત છે અને ગાવામાં જે કલા છે, તેમાં ફરક તો છે. તો યોગ અને ઘ્યાન જે છે, તે કલા છે અને તપ અને જ્ઞાન જે છે તે આવડત છે. આ વાતમાં એટલા માટે આપણે ત્યાં ‘‘**કલા ઔર કૌશલ**’’ એવો હિન્દીમાં શબ્દ છે. તો એક કૌશલ છે અને એક કલા છે. તપોજ્ઞાન જે છે તે કૌશલ છે કલા નથી અને યોગ અને ઘ્યાન જે છે તે કલા છે. કદાચ કૌશલ ઓછું પણ હોય.

પંડિતજી પોતે કબુલ કરે કે તે જે રીતે રચના કરી બતાવે કે ફટ કરતાકને ગાઈ નાખ્યું. એવી રીતે અમે નથી ગાઈ શકતા. તેઓને મુડ આવવામાં થોડો સમય લાગશે. આ જે કિશોરીઅમોનકરને તો ગળું ગરમ થવામાં જ લગભગ અર્ધી કલાક લાગી જાય અને આ જે ગાવાવાળા આવડતવાળા હોય છે ને ! તેને જો મંચ ઉપર ઉભા રાખોને, ફટ કરતાંકને ગાય. તેને ગરમ થવાની જરૂરત નથી. કારણકે તેઓ તૈયાર (એકસપર્ટ) હોય છે. તેમની પાસે કૌશલ હોય છે. તેઓ તો જે આવ્યું તે તરત જ ગાઈ શકશે, આપણે તેની જેમ તરત ન ગાઈ શકીએ. તો તપોજ્ઞાન અને યોગ-ઘ્યાનમાં આ મૂળ ફરક છે. યોગ-ઘ્યાન એક કલા છે, અને તપોજ્ઞાન એક કૌશલ છે.

(‘‘હ્લાદુનીભ્યઃ સ્વાહા’’ વચનોક્તજલસદૃશઃ ત્રયોદશો જ્ઞાનમાર્ગીય- મુમુક્ષુ - પ્રવક્તુઃ ભાવઃ)-‘‘હ્લાદુનીભ્યઃ સ્વાહા’’ વચનમાં કહેલા જળ જેવા જ્ઞાનમાર્ગીય મોક્ષકામી પ્રવકતાનો ભાવ

અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ ગુણાઃ ।।
કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ ‘પતચ્છબ્દાઃ’ પ્રકીર્તિતાઃ ।। ૯ ।।

જેને આપણે ધોધ કહીએને (વોટરફોલ) તો જ્ઞાનમાર્ગીય મુમુક્ષુનો ભાવ છે. જે ગરજી રહ્યો છે, જલ ખૂબ ‘હ્લાદન’ કરી રહ્યો છે. ખૂબ અવાજ

ઉત્પન્ન કરી રહ્યો છે. તો ''અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ ગુણાઃ'' અલૌકિક જ્ઞાનથી જે હરિના ગુણ છે અને ''કાદાચિત્કાઃ શબ્દગમ્યા'' પરંતુ ધોધ કાંઈ બારેય મહિના ન હોય. ''નાઈગ્રા'' જેવાની વાત અલગ છે. નહીં તો ધોધ તો વરસાદની ઋતુ (સીઝન)માં પડતો હોય અને પછી વરસાદ પૂરો થઈ જાય અને તે બધું શાંત થઈ જાય.

અહીંયા ઘાટ પર જઈને જોઈ લ્યો. તે વહેતો હોય તો ખૂબ અવાજ કરે. એમ આ જે અલૌકિક જ્ઞાન જેને છે તે કથા કરવા બેસે ને ! તો અવાજ બહું વધારે કરવા માંડશે, પણ તે કથાની સાથે તેનો તાલમેલ બેસવો બહુ મુશ્કેલ છે. એટલા માટે 'પતચ્છબ્દાઃ' એટલે પડતી વખતે શબ્દ ઉત્પન્ન કરવાવાળા, પડે તો બહુ ધૂમ ધડાકા કરી દયે. એટલે કે ચારેબાજુ 'હો-હલ્લા' થઈ જાય. હા બોલ્યો, બોલ્યો, બોલ્યો, પણ પછી તે દરેક વખતે બોલતો જ ન રહે. કારણ કે તે જ્ઞાનનો ભાવ છે. તેનામાં જેટલી જ્ઞાનની મસ્તી છે, તેટલી મસ્તી તેની પોતાની કથામાં નથી. એ બતાવી રહ્યા છે.

(''પૃષ્વાભ્યઃ સ્વાહા''વચનોક્તજલસદૃશઃ ચતુર્દશઃ ઉપાસનામાર્ગીય- મુમુક્ષુ - પ્રવક્તુઃ ભાવઃ)- અહીં ઉપાસનામાર્ગીય મુમુક્ષુના ભાવને 'પૃષ્વા' એટલે કે જાકળના જલ સાથે સરખાવે છે.

દેવાદ્યુપાસનોદ્‌ભૂતાઃ 'પૃષ્વા' ભૂમેર્ ઈવોદ્‌ગતાઃ॥

અહીં શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે ? કે અન્ય દેવોની ઉપાસના કરીને અને કૃષ્ણની કથા કરવા બેસી જાય તો તે જ્ઞાન કેવું છે ? તો તે જલ ઝાકળના જલ જેવું છે. દેવ તમારો બીજો છે અને કથા તમે કૃષ્ણની કરી રહ્યા છો, તો તમારા પર જલ બહુ શુદ્ધ છલકી રહ્યું છે. પરંતુ સૂર્યોદય થયો નહીંને જલનું બાષ્પીભવન (ઈવો પરેટ) થઈ જાય. તે કથામાં ઝાઝી વાર ટકી શકશે નહીં. માત્ર જલનો આભાસ થઈ રહ્યો છે.

તમે કૃષ્ણ ભકત કયા છો ? તમે તો જે દેવના ઉપાસક છો તે દેવની ઉપાસનામાં કથા પૂરી થતા જ પાછા તલ્લીન થઈ જવાના છો. એટલે કે આપણે તેની કથાથી એમ સમજીએ કે કૃષ્ણને ભજવાના છે, તે જ સમયે (બાય ધ

ટાઈમ) તે તો ત્યાં નથી. તે તો કોઈ બીજા દેવની ઉપાસનામાં લાગેલા છે. તો તે એવો આભાસ કરીને જાણે જમીનમાંથી ઉભરેલ જલના બિંદુ છે. પરંતુ ખરેખર તો જમીનમાંથી નીકળેલ બિંદુ નથી. જમીન પર ઝાકળની પ્રક્રિયાના કારણે ઉત્પન્ન થયેલ બિંદુ છે.

જેમ કે ઠંડા જલનો ગ્લાસ લ્યો તો ગ્લાસની બહારની બાજું એક પ્રકારની 'પૃષ્વા' ઉત્પન્ન થઈ જાય. બરફના ઠંડા જલવાળો ગ્લાસ લ્યો તો જેવું અંદર ઠંડુ જલ એવું જ બહાર ગ્લાસ ઉપર 'પૃષ્વા' ઉત્પન્ન થઈ જાય. તે તરસ છીપાવી ન શકે, પરંતુ એવું લાગે કે તે જલ જાણે ચાંદીમાંથી-સ્ટીલમાંથી ઉત્પન્ન થયું છે. તે ચાંદી અને સ્ટીલમાંથી ઉત્પન્ન થયું નથી. ચાંદી અને સ્ટીલ 'ઉપર' ઉત્પન્ન થયું છે. એવો 'દેવોદ્યુપાસનો ભૂત' જે ભગવત્ કથાનો ભાવ છે, તે 'પૃષ્વા' જેવો એટલે કે 'ઝાંકળના જલ' જેવો ભાવ છે. શ્રીમહાપ્રભુજીએ અહીં ખૂબ વિલક્ષાણ (ફેન્ટાસ્ટીક) સંબંધ બતાવ્યો.

(**''સ્યન્દમાનાભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ પઞ્ચદશઃ ઉપાસનામાર્ગીય-મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ**)-આ મર્યાદાભકિતના વક્તાનો ભાવ છે.

સાધનાદિપ્રકારેણ નવધા ભકિતમાર્ગતઃ ॥૧૦॥
પ્રેમપૂર્ત્યા સ્ફૂરદ્ધર્માઃ 'સ્યન્દમાનાઃ' પ્રકીર્તિતાઃ ॥

જે સાધનાદિક પ્રકારથી નવધા ભકિતમાર્ગથી પ્રેમ પૂર્તિથી-પ્રેમ તેની અંદર છલકી રહ્યો છે અને તે પ્રેમપૂર્તિના કારણે તેનો કથાનો ધર્મ છે તે કથાનો ધર્મ છલકી રહ્યો છે. તે તો 'સ્યન્દમાનાઃ' એટલે કે વહેતી નદીની કથા છે. આ મર્યાદાભકિતનો ભાવ છે, એટલા માટે ઉપાસના કહ્યું છે. એટલે કે આપણે એમ ન સમજી જઈએ કે પ્રેમ અને નવધાભકિત ફકત પુષ્ટિમાર્ગનો ઈજારો (મોનોપોલી) છે. તેથી મર્યાદામાર્ગમાં પણ આ શકય છે અને ઘણાંબધા મર્યાદાભકત નવધા ભકિતની પ્રક્રિયાથી ખૂબ સારી કથા કરતા હોય છે. નથી કરતા એવી વાત નથી, તે નદીના જેવો ભાવ છે. તાજી વહેતી નદી કેવી હોય ?

'સ્યન્દ' એટલે વહેવું 'સ્યન્દમાનાઃ' એટલે વહેતી નદી.

(''સ્થાવરાભ્યઃ સ્વાહા'' વચનોકતજલસદૃશઃ ષોડશઃ ઉપાસનામાર્ગીય - મુમુક્ષુ - પ્રવક્તુઃ ભાવઃ)-આ સોળમો ભાવ ઉપાસનામાર્ગીય મુમુક્ષુનો ભાવ છે.

યાદશાસ્ તાદશાઃ પ્રોક્તા વૃદ્ધિ-ક્ષય-વિવર્જિતાઃ ।। ૧૧ ।।
'સ્થાવરાસ' તે સમાખ્યાતા મર્યાદૈક-પ્રતિષ્ઠિતાઃ ।।

પરંતુ નદીમાં એક મુશ્કેલી છે. તે શું છે ? તો કહે કે વરસાદમાં જયારે પૂર આવે અને ગરમીમાં થોડી સુકાઇ પણ જાય. વહેતી હોય તો ઝીણી ધારથી વહે. આવો જે સાધનાદિ પ્રકારથી જે નવધા ભકિતમાર્ગીય વક્તાનો ભાવ છે તેમાં કયારેક પૂર આવશે.

''ભાવ ભગતી ભાદો નદી આવત હી ગહેરાઇ, ગહેરાઇ તબ જાનીએ જબ જયેષ્ઠ માસ ઠેહરાય'' તો આવી ગહેરાઈ તેમાં પ્રકટ થઈ જાશે. પરંતુ જયેષ્ઠ માસ સુધી ટકે તે કથા મર્યાદાના કારણે થોડી મુશ્કેલ છે. પરંતુ મર્યાદાનું એક બીજું પાસું પણ પ્રકટ થાય છે કે ''યાદશાસ્ તાદશાઃ પ્રોક્તા વૃદ્ધિ ક્ષય વિવર્જિતાઃ'' મોટા મોટા જે 'હ્રદ' હોય છે, જે ન તો કયારેય વરસાદમાં છલકાય છે. હવે તો આવા મોટા મોટા તળાવ ઓછા થતા જાય છે.

પરંતુ જેમ કે કાંકરોલીમાં '**રાય સાગર**' છે એવા એવા જૂના જમાનામાં ઘણી જગ્યાએ મોટા મોટા તળાવ એટલે કે સાગર જેવા તળાવ હતા. ''સ્થાવરાસ્ તે સમાખ્યાતા મર્યાદૈક-પ્રતિષ્ઠિતાઃ'' દરેક વખતે પોતાની મર્યાદામાં રહેવાવાળા - જે 'સ્થાવર' છે. તે હંમેશા વિશ્વાસનીય (ઓલ્વેઝ રિલાયબલ) હોય છે. તે કયારેય દગો ન આપે. તે ઊંડી નદી જેવા, જે કયારેય દગો આપે નહીં. તે જ પ્રકારે મર્યાદામાં સ્થિત જે 'સ્થાવર' ભાવ છે તે પણ એક ભાવ છે.

(''નાદેયીભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશઃ સપ્તદશઃ ઉપાસનામાર્ગીય -મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ)- ઉપાસના માર્ગીય પ્રવક્તાનો ભાવ.

અનેક -જન્મ-સંસિદ્ધા જન્મ-પ્રભૃતિ સર્વદા ॥ ૧૨ ॥
સઙ્ગાદિ-ગુણ-દોષાભ્યાં વૃદ્ધિ-ક્ષય-યુતા ભુવિ ॥
નિરન્તરોદ્ગમયુતા 'નદ્યસ્' તે પરિકીર્તિતાઃ ॥ ૧૩ ॥

તો 'સ્યન્દમાના' એટલે વહેતી નાની નદી અને નદી એટલે એવી નદી કે જેનું પોતાનું કોઈ ઉદ્ગમ સ્થાન પણ છે. જે તેને નિરંતર જલ આપતું રહે છે. દિવસે દિવસે હવે આ સ્થિતિ પાણ ઓછી થતી જાય છે. બાકી જુના જમાનામાં ઘણી નદી હતી. જેમ કે અત્યારે પણ મહાબળેશ્વરના ઘાટ ઉર જાવ તો ત્યાં કેટલીય નદીના ઉદ્ગમ સ્થાન છે. પોતાનું ઉદ્ગમ્ કે જેમાંથી તેને જલ મળતું જ રહે છે. કયારેક તે 'સ્યન્દમાના' હોય. પરંતુ તે કયારેય ગરમીમાં સૂકાઈ જતી નથી.

તો આ જે 'નિરંતરોદ્ગમયુતા' જેનું ઉદ્ગમ નિરંતર છે, એવો પણ એક ઉપાસનામાર્ગીય ભાવ છે. તો તે ઉપાસનામાર્ગીય ભાવમાં તેનો નિરંતર કથાનો ભાવ કયારેક વધી-ઘટી શકે પરંતુ કયારેય દગો નહીં આપે.

(**''સૈન્ધવીભ્યઃ સ્વાહા'' વચનોક્તજલસદૃશો અષ્ટાદશો ભકિતમાર્ગીય-મુમુક્ષુ-પ્રવક્તુઃ ભાવઃ**)-આ ભકિતમાર્ગીય મોક્ષકામી પ્રવક્તાનો ભાવ છે.

એતાદશાઃ સ્વતન્ત્રાશ્ ચેત્ 'સિન્ધવઃ' પરિકીર્તિતાઃ ॥

એક નદી હોય છે અને એક નદ હોય છે. જેમ કે બ્રહ્મપુત્રા જે છે તે નદી નથી, તમને લોકોને ખ્યાલ હોય તો તે 'નદ' કહેવાય છે. એવી રીતે સિન્ધુ જે છે તે પણ નદી નથી. તે હિમાલયનાં તિબ્બેટનાં પઠારમાંથી આ બાજુથી એક બ્રહ્મપુત્રા 'નદ' વહે છે. આ બાજુ એક સિન્ધુ 'નદ' વહે છે. આ બન્ને 'નદી' નથી 'નદ' છે. ખૂબ જ વિશાળ જલ છે. એમા એટલુ બધું વધારે જલ છે કે જેનો કોઈ પાર નથી. તો એવી રીતે જે સ્વતંત્ર છે તેને સિન્ધુ કહેવામાં આવે છે.

આજે આપાણે સિન્ધુનો અર્થ સમુદ્ર સમજીએ છીએ. પરંતુ આ મોટી નદી જે છે ને તેને સિન્ધુ કહેવામાં આવતી હતી અને તે સિન્ધુના કારાણે આજે

પણ સિન્ધુ સિન્ધ કહેવાય છે. તે સિન્ધુ પ્રદેશ હોવાના કારણે સિન્ધ કહેવાય છે. કારણકે સિન્ધુ અહીંથી વહેતી હતી અને અહીંયાથી બ્રહ્મપુત્રા વહેતી હતી તે પણ 'નદ' છે તો ''નદ્યસ્‌ તે પરિકીર્તિતા'' તે સ્વતંત્ર છે. તે કોઈના પર આધારિત (ડીપેન્ડેડ) નથી.

નદી એટલે નાની હોય કે જેને તરીને સામે કિનારે જઈ શકાય. નદને કોઈ માણસ જલ્દીથી તરી ન શકે. મોટો પટ્ટ હોય. મોટો પ્રવાહ હોય અને મોટેભાગે (ઓલમોસ્ટ) તમે ત્યાં આસામમાં જઈને બ્રહ્મપુત્રાને જુઓ તો ખ્યાલ આવે. સિન્ધુ તો મેં જોઈ નથી. પરંતુ હશે સિન્ધુ પણ એવી જ હશે. આ બાજુ સિન્ધમાં છે. તમે લોકોએ જોઈ છે કેવી છે ? એવી જ હશે ને ! હા બસ તો તે 'નદ' છે. 'નદી' નથી. તેને 'નદ' કહેવાય. તો એક નદી નાની હોય અને નદ ખૂબ જ મોટી હોય. એટલે કે તે સાગરની જેમ વહેતી, એટલે કે વહેતો સાગર છે, એમ સમજી જાવ. વહેતો સાગર નદ કહેવાય અને વહેતી મોટી નદી જેને નિરંતર ઉદ્‌ગમ છે તે બધી નદીઓ છે અને એવી વરસાદી નદી જે ખૂબ વહેતી રહે અને પછી સૂકાય જાય તે બધા 'સ્યંદ' છે. આના પછી મુકત જીવ આવી રહ્યા છે.

(''સમુદ્રીયાભ્યઃ સ્વાહાઃ'' વચનોક્‌તજલસદૃશઃ એકોનવિંશતિતમો વિમુક્‌ત પ્રવક્‌તૃણાં ભાવાઃ ભગવતઃ લોકવેદપ્રસિદ્ધાપ્રસિદ્ધમિશ્રગુણાનાં વર્ણેન ક્ષારાદિપઞ્ચસમુદ્રજલસદૃશાઃ પઞ્ચવિધાઃ, વિમુક્તેષુ હિ ભગવતઃ સચ્ચિદાનન્દાત્મકાપ્રાકૃત-ગુણવર્ણનકર્તૃણામ્‌ અત્યુત્તમાનાં પ્રવક્‌તૃણાં અમૃતોદધિજલસદૃશો ભાવશ્ચ)–આ સમુદ્ર જે છે તે વિમુક્ત જીવનો ઓગણીસમો ભાવ છે. જે ભગવાનના લોકવેદ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ બધા ગુણોનું એક સાથે વાર્ણન કરી શકે. એવા જે ક્ષારાદિ જલના પાંચ સમુદ્ર છે, તેવા પંચવિધ ભાવ છે અને એક અમૃતોદધિ માનવામાં આવે છે. છ પ્રકારના સાગર માનવામાં આવે છે. તેમાંથી એક જે અમૃતોદધિ સાગર છે, જેમાં ભગવાન પોઢે છે તો તે અમૃતોદધિ જે

સાગર છે તે છઠ્ઠો સાગર છે. વિમુક્તની પરાકાષ્ટા તો તે વિમુક્તોને શ્રીમહાપ્રભુજી ગણાવી રહ્યા છે.

પૂર્ણા ભગવદીયા યે શેષ-વ્યાસાગ્નિ-મારુતાઃ ॥૧૪॥
જડ-નારદ-મૈત્રાદ્યાસ્ તે ‘સમુદ્રાઃ’ પ્રકીર્તિતાઃ ॥
લોક-વેદ-ગુણૈઃ મિશ્ર-ભાવેનૈકે હરેર્ ગુણાન્॥૧૫॥
વર્ણયન્તિ સમુદ્રાસ્ તે ‘ક્ષારાદ્યાઃ ષટ્’ પ્રકીર્તિતાઃ॥
ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ॥૧૬॥
સર્વાન્ એવ ગુણાન્ વિષ્ણોર્ વર્ણયન્તિ વિચક્ષણાઃ॥
તે ‘ડ મૃતોદાઃ’ સમાખ્યાતાસ્ તદ્-વાક્ પાનં સુદુર્લભમ્॥૧૭॥
તાદશાનાં કવચિદ્ વાકયં દૂતાનામ્ ઇવ વર્ણિતમ્॥

શેષ, વ્યાસ, અગ્નિ, મારૂત, જડ, નારદ અને મૈત્રાદિ આ બધા સમુદ્ર જેવા ઋષિ છે, દેવ છે. જેમાણે ભગવદ્ ગુણગાન કોઈ કારણથી નથી કર્યા, પોતાની વિમુક્તિના આનંદમાં જેમ કે સમુદ્ર જે છે તેની કોઈ દિશા નથી. સમુદ્ર વહેતો નથી, સમુદ્ર લહેરાતો રહે છે. એવી રીતે આ ઋષિઓમાં ભગવદ્ ગુણગાનની લહેરો પોતાની રીતે જ આવતી રહે છે. શેષ, વ્યાસ, અગ્નિ, મારૂત, જડ, નારદ અને મૈત્રાદિ ઋષિ છે. એ તો લહેરાતો સાગર છે. તે ‘‘સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ’’ અને તે શું કરે છે ?

‘‘લોક-વેદ-ગુણૈઃ મિશ્ર-ભાવેનૈકે હરેર્ ગુણાન્, વર્ણયન્તિ સમુદ્રાસ્ તે ‘ક્ષારાદ્યાઃ ષટ્’ પ્રકીર્તિતાઃ’’ ભગવાનના લોકમાં અવતીર્ણ હોવાના ગુણોને પણ તે વાર્ણન કરી શકે છે. ભગવાનના લોકમાં અવતીર્ણ ન હોય તેવા જે ભગવાનના ગુણ છે એટલે કે મૂલ રૂપમાં જે ગુણ છે, એવા વેદના ગુણોને પણ વાર્ણન કરી શકે છે. બન્નેનું મિશ્રણ કરીને પણ આપણને બતાવે છે. ઘણી વખત અનેક ગુણોને પણ બતાવતા રહે છે.

તે ક્ષારાદિ છ સમુદ્ર છે તેવા ‘‘ગુણાતીતતયા શુદ્ધાન સચ્ચિદાનન્દરૂપિણઃ’’ એ કયારેક ભગવાનના ગુણોનું લૌકિક કોઈ વાર્ણન પણ

કરે છે ને, તો લૌકિક ગુણના રૂપમાં વર્ણન નથી કરતા. પરંતુ લોકમાં પ્રકટ ભગવાનના અલૌકિક ગુણોનું વર્ણન કરે છે. તેથી ગુણાતીત વર્ણન કરે છે. શુદ્ધ સચ્ચિદાનંદ રૂપ જે ભગવાનના ગુણ છે. તેનું તે વર્ણન કરે છે.

“સર્વાન્ એવ ગુણાન્ વિષ્ણોર્ વર્ણયન્તિ વિચક્ષણાઃ” હરિના જે બધા ગુણો છે, તેનું વર્ણન કરવામાં તે વિચક્ષણ છે. “તે ‘ડમૃતોદાઃ’ સમાખ્યાતાસ્” તે અમૃતના સાગર છે. “તદ્ વાક્ પાનં સુદુર્લભમ્” તેમનું વાક્ પાન (વાણીનું પાન) જે છે તે સુદુર્લભ છે. “તાદશાનાં કવચિદ્ વાકયં દૂતાનામ્ ઈવ વર્ણિતમ્” તેમનું વાકય જો આપણને સંભળાય તો ભગવાનના કોઈ દૂતે આવીને આપણને કોઈ વાત સંભળાવી હોય એવું સીધુ આપણા હૃદયને પકડી લે તેવું થઈ જાય.

તે આપણા જેવી કથા નહીં હોય કે નિરંતર બડબડાધ્યાય કરતા રહે. કોઈ ઉપર કોઈ અસર જ થતી નથી. એવી તેની કથા નથી. એના મુખથી એક વખત પણ આપણે કથા સાંભળી, આખી જીંદગી બદલી જશે. કારણ કે તેનો પ્રભાવ (ફોર્સ) એટલો છે, તેના ભાવનો, તેની સમજનો, હરિનો અનુભવ કરવાનું એનું પ્રભુત્વ (ફોર્સ) એટલુ છે કે “તાદશાનાં કવચિદ્ વાકયં” તે ભગવાન તમને કોઈ અંગત સંદેશો (પર્સનલ મેસેઝ) મોકલી રહ્યા હોય એવા (ફોર્સ)થી તે તમને ભગવદ્ ગુણગાન, ભગવત્ કથા કહેશે.

(અમૃતોદધિસમાનાં ભગવદ્ગુણપ્રવક્તૃણાં કથાયાં કશ્ચન વિશેષેણ જ્ઞાતવ્યો વિષયઃ)-અમૃતોદધિ જેવા ભાવવાળા ભગવદ્ ગુણના પ્રવક્તાની એક વધારે વિશેષતા શ્રીમહાપ્રભુજી ખૂબ જ સુંદર રીતે બતાવી રહ્યા છે.

અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ॥ ૧૮ ॥
રાગાજ્ઞાનાદિ-ભાવાનાં સર્વથા નાશનં યદા ॥
તદા લેહનમ્ ઇત્યુક્તં સ્વાનન્દોદ્ગમ-કારણમ્ ॥ ૧૯ ॥

અજામિલને જેમ નારાયણના દૂતોનો સંવાદ સંભળાયો હતો. તો તે બિન્દુપાન હતું અને રાગ તથા અજ્ઞાનનો ભાવ જે કથા સાંભળવાથી સર્વથા નષ્ટ

થઈ જતો હોય તે તો ‘‘તદા લેહનમ્ ઈત્યુક્તં’’ તે તો આલેહન કહેવાશે. અહીંયા લેહન પણ થઈ શકે અને આલેહન પણ થઈ શકે. મને વ્યર્થમાં જોડવાનું યોગ્ય ન લાગ્યું. પરંતુ સંસ્કૃતના હિસાબે આલેહન પણ થઈ શકે ‘‘તદા આલેહન ઈત્યુકતં’’ અથવા લેહનમ્ પણ થઈ શકે છે. આલેહન એટલે સારી રીતે કોઈનો સ્વાદ લઈને ચાટવું અને જીભ પર લેહન એટલે તેનો સ્વાદ લેવો. આ ચ્યવનપ્રાસાવલેહ નથી આવતું ? અવલેહન મતલબ જેનો આપણે જીભ પર સ્વાદ મહેસુસ કરી શકીએ. તો જયારે રાગ અને અજ્ઞાન એટલે કે સાંસારિક વિષયોનો રાગ અને ભગવદ્ વિષયક અજ્ઞાન જેનાથી નિવૃત્ત થઈ શકે, એ પ્રકારે જે વખતે આપણે તેની કથા સાંભળીએ છીએ. તો તમને લેહન અથવા આલેહન થશે. ‘‘સ્વાનન્દોદ્ગમ કારણમ્’’ તે વખતે તમારા હ્રદયમાં રહેલો જે ભગવદ્ આનંદ છે તે લહેરાવા લાગશે.

‘‘આત્માનન્દ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્’’ આ જે સિધ્ધાન્તમુક્તાવલીમાં બતાવ્યું ને ‘‘સ્વાનન્દોદ્ગમ કારણમ્’’ બહારના આનંદની તમને ગરજ રહેશે નહીં. તેની કથા તમે એક વખત સાંભળી લીધી તો તમે ખીલી જશો. કોઈની ગરજ રહેશે નહીં. આપણા દિલમાંથી એવો ભગવદ્ આનંદ, એવો ભાવાનંદ પ્રકટ થશે કે પછી કોઈની ગરજ તમને રહેશે નહીં.

(‘‘સર્વાભ્યઃ સ્વાહાઃ’’ વચનોક્તજલસદૃશો વિંશતિતમો[૨૦] વિપ્રકીર્ણો ભાવઃ)– વિપ્રકીર્ણ અવર્ગીકૃત જે ભાવો છે તે બધાને ‘‘સર્વાભ્યઃ સ્વાહાઃ’’ કહીને શ્રીમહાપ્રભુજી વીસમો ભાવ કહી રહ્યા છે.

ઉદ્ધૃતોદકવત્ ‘સર્વે’ પતિતોદકવત્ તથા ।।
ઉક્તાતિરિક્ત-વાકયાનિ ફલં ચાપિ તથા તતઃ।। ૨૦ ।।

વિપ્રકીર્ણ ભાવને કેવી રીતે સમજવો ? જેમ કે કૂવામાંથી આપણે જલ ભરી લીધું, તો તે કૂવામાં જયાં સુધી હતું, ત્યાં સુધી તો કૂવાના ગુણને ગ્રહણ કરેલ હતું. પરંતુ તમે ડોલચીમાં ભર્યુ તો ડોલચીનું જલ થઈ ગયું. બાલટીમાં ભર્યુ તો બાલટીનું થઈ ગયું. ગાગરમાં ભર્યુ તો ગાગરનું થઈ ગયું. ખોબામાં ભર્યુ તો

ખોબાનું જલ થઇ ગયું.

તો ''ઉદ્‌ધૃતોદકવત્'' જેમ અપવિત્ર હોય છે. ''પતિતોદકવત્ તથા'' પડી ગયેલુ જલ જેમ અપવિત્ર થઇ જાય. એવી રીતે ઘણા પ્રકારથી કયાંક કયાંક જલ પડતું રહે છે. નદીનું જલ પણ કયારેક લહેરાતું હોય છે. આપણે વરસાદના દિવસોમાં જોઈએ તો સમુદ્રનું જલ અહીં મરીન ડ્રાઈવ પર આવી જાય છે. આવું પડેલું જલ, ભરેલુ જલ એવા ઘણા પ્રકારે, તે જમાનામાં નળ નહોતા તો નળનું જલ. આ બધા એક જ પ્રકારના ગણાવેલ છે. આપણે વ્યર્થમાં કૂવાને પવિત્ર માન્યો, પરંતુ શ્રીમહાપ્રભુજી કૂવાને અપવિત્ર માની રહ્યા છે હો !

અહીં એક વાત ધ્યાનથી સમજો. ''ઉક્તાતિરિક્ત'' જે પણ કાંઇ વાકય છે. તેના સિવાય જે કોઇ વક્તાના પ્રકાર છે તેમને ઉદ્‌ધૃતોદકવત્ અને પતિતોદકવત્ માનીને ફલ પણ તેનું એવું જ સમજી લ્યો. ક્ષુદ્ર ફલ છે.

(ગ્રન્થોપસંહારઃ)– ગ્રંથનો ઉપસંહાર કરે છે.

ઇતિ જીવેન્દ્રિયગતા નાના-ભાવં-ગતા ભુવિ ॥
રૂપતઃ ફલતશ્ ચૈવ ગુણા વિષ્ણોર્ નિરૂપિતાઃ ॥ ૨૧ ॥

આ પ્રકારથી જીવની ઈન્દ્રિયમાં રહેલા ભગવાનના જે રૂપતઃ ફલતઃ જે વિષ્ણુના ગુણ છે. તે જીવની ઈન્દ્રિયમાં મતલબ જીવની વાણીમાં જીવના કાનમાં જવાથી જે રીતે અલગ અલગ પ્રકારે ગુણ પ્રકટ કરે છે. ''નાના ભાવમ્ ગતા'' જે અલગ ભાવ પ્રકટ કરે છે. તે શ્રીમહાપ્રભુજીએ વર્ણન કર્યું. આ રીતે વક્તાના ભાવને બતાવ્યા. આપણે કયા વક્તાથી કથા સાંભળવી ? અને કોની કથા સાંભળવી ? એ કથા સાંભળી એટલે કે સમજી.

હવે કથા કોને સંભળાવવી એ કથા તમે સાંભળો. તો પઞ્ચપદ્યાનિ જે છે તે ધ્યાનથી સમજો તે શ્રોતાનો ભાવ છે.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો જલભેદઃ સમ્પૂર્ણઃ ॥

॥ પઞ્ચપદ્યાનિ ॥

(ભક્તિ[ક] પ્રપત્તિ[ખ] માર્ગાધિકારભેદાભ્યાં ભક્તવત્કથાશ્રોતૃણાં ભેદદ્વયમ્. તત્ર ભક્તિમાર્ગે ઉત્તમાધિકારઃ મધ્યમાધિકારઃ કનિષ્ઠાધિકારઃ ઇતિ ત્રૈવિધ્યમ્)–મૂલમાં શ્રોતા બે પ્રકાના છે ભક્તિમાર્ગીય શ્રોતા અને પ્રપતિમાર્ગીય શ્રોતા. ભક્તિમાર્ગીય શ્રોતામાં ઉત્તમાધિકાર, મધ્યમાધિકાર અને કનિષ્ઠાધિકાર એમ ત્રિવિધતા છે.

(ભક્તિમાર્ગે[ક] ઉત્તમાધિકારિણઃ[૧] શ્રોતુઃ સ્વરૂપમ્)–ભક્તિમાર્ગીય ઉત્તમાધિકારી શ્રોતાનું સ્વરૂપ.

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્ત–માનસા રતિવર્જિતાઃ ॥
અનિર્વૃતા લોક–વેદે તે મુખ્યાઃ[ક-૧] શ્રવણોત્સુકાઃ ॥ ૧ ॥

શ્રીકૃષ્ણ રસથી જેનું માનસ વિક્ષિપ્ત છે. એટલે કે લૌકિક આસક્તિથી જેનું માનસ વિક્ષિપ્ત નથી, પરંતુ શ્રીકૃષ્ણ રસથી જેનું માનસ વિક્ષિપ્ત છે અને લોકમાં જે રતિ વર્જિત છે લોકમાં, વિષયમાં જેને ક્યાંય રતિ નથી. અહીંયા કોઈ ટીકાકાર અરતિવર્જિતા પાઠ પણ લે છે. પરંતુ મને રતિવર્જિતા પાઠ સારો લાગે છે. ‘‘અનિર્વૃતા લોક–વેદે’’ જેને લોકવેદમાં કોઈ વધારે રસ (ઈન્ટ્રેસ્ટ) નથી. ભગવાનમાં જ જેને રુચિ છે. લોકવેદમાં જેને રુચિ નથી. એટલે કે જેણે પોતાના ભક્તિના ચોરસનો અહંતા–મમતાની બહાર પણ વિસ્તાર કર્યો છે એવા જે શ્રોતા છે તે મુખ્ય શ્રોતા છે.

તેને કથા સંભળાવવા બેસે તો કથા કરનાર તરી જશે. સાંભળવાવાળા પહેલા આપણે તેને કથા સંભળાવીને તો કથા કરવાવાળો તરી જશે. સાંભળવાવાળો તરે કે ન તરે, સંભળાવવાવાળો તરી જશે.

(ભક્તિમાર્ગે[ક] મધ્યમાધિકારિણઃ[૨] શ્રોતુઃ સ્વરૂપમ્)–ભક્તિમાર્ગીય મધ્યમાધિકારી શ્રોતાનું સ્વરૂપ.

વિક્લિન્ન–મનસો યે તુ ભગવત્–સ્મૃતિ–વિહ્વલાઃ ॥

અથૈકનિષ્ઠાસ્ તે ચાપિ મધ્યામાઃ[૬-૨] શ્રવણોત્સુકાઃ ॥ ૨ ॥

આ ભકિતમાર્ગીય મધ્યામાધિકારી જે છે, તેનું મન કયારેક કયારેક ભીંજાય જાય છે. ભગવત સ્મૃતિથી વિહવલ થવાથી તેને કયારેક કયારેક ભગવાનની યાદ આવી જાય છે અને જયારે ભગવાનની યાદ આવી જાય ત્યારે તેનું દિલ જે છે તે યાદમાં ભીંજાય જાય છે અને 'અર્થૈક નિષ્ઠાસ્' તે શબ્દ ઉપર વધારે ધ્યાન આપતા નથી. પરંતુ અર્થૈકનિષ્ઠ છે. એવા જે શ્રવણોત્સુક શ્રોતા છે તે ભકિતમાર્ગની દૃષ્ટિથી મતલબ એ પાગલ નથી. ભગવાનના પ્રેમમાં પાગલ નથી. પરંતુ કયારેક કયારેક તેને ભગવાનના કારણે પાગલપન જેવો કંઈક આવેગ આવે છે અને અર્થૈકનિષ્ઠ છે. શબ્દ પર વધારે ધ્યાન ન આપવાવાળો તે મધ્યમ છે.

હવે કનિષ્ઠ કોણ છે ? ધ્યાનથી સમજો આજકાલ આપણે ભાગવતની કથા કોને સંભળાવીએ છીએ ? અને શ્રીમહાપ્રભુજીના હિસાબે કનિષ્ઠ શ્રોતા કોણ છે ? એ જુઓ તો જમીન –આસમાનનો ફર્ક સમજમાં આવશે.

(ભકિતમાર્ગે[૬] કનિષ્ઠાધિકારિણઃ[૩] શ્રોતુઃ સ્વરૂપમ્)– ભકિતમાર્ગીય કનિષ્ઠાધિકારી શ્રોતાનું સ્વરૂપ.

નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ ॥
તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ વા નચાન્યથા ॥ ૩ ॥
પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ ન તુ સર્વદા ॥
અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃ[૬-૩] પરિકીર્તિતાઃ ॥ ૪ ॥

જેને એટલો ચોકકસ વિશ્વાસ છે કે કૃષ્ણ સિવાય **''કૃષ્ણાત્પરં કિમપિ તત્વમ્ અહં ન જાને''** તે ભકિતમાર્ગમાં કનિષ્ઠ શ્રોતા છે. તેનામાં વિકલતા કયારેક કયારેક આવેશના કારણે પ્રકટ થઈ રહી છે. અન્યથા બીજું કોઈ કારણ નથી.

''પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત'' પૂર્ણભાવથી પૂર્ણાર્થ તે કયારેક હોય છે. હંમેશા નથી હોતા. સાથે સાથે કંઈક અન્યાસકિત પણ તેને હોય છે. કારણકે

હંમેશા પૂર્ણભાવથી પૂર્ણાર્થ હોતા નથી. તેથી બીજી વાતોમાં પણ તેનું મન લાગેલું હોય છે. આવા જે છે તે આપણે ત્યાં પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થી છે. પેલા ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થી છે અને આ પ્રાયમરીના વિદ્યાર્થી છે.

(પ્રપત્તિમાર્ગે ઉત્તમાધિકારિણઃ શ્રોતુઃ સ્વરૂપમ્)-પ્રપત્તિમાર્ગીય ઉત્તમાધિકારી શ્રોતાનું સ્વરૂપ.

અનન્ય મનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।।
દેશ-કાલ-દ્રવ્ય-કર્તુ-મન્ત્ર-કર્મ-પ્રકારતઃ ।।૫।।

હવે કેજીના વિદ્યાર્થી આવી રહ્યા છે. જુઓ કે.જી.નો અધિકાર પણ કેટલો મહાન છે. પ્રપત્તિમાર્ગીય જે છે તેના માટે કહી રહ્યા છે. જેની દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મના પ્રકારથી બીજી કોઈ વસ્તુમાં નિષ્ઠા નથી, ભગવાનની કથા સાંભળવા સિવાય તે પ્રપત્તિમાર્ગની દૃષ્ટિથી શ્રવણાદિમાં ઉત્તમ અધિકારી છે.

કારણ કે પ્રપત્તિમાર્ગનો મૂળભૂત હેતુ શું છે ? ''**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકમ્ શરણં વ્રજ, અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ**'' તો ભગવાન સિવાય દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મમાં જેની સાધન બુદ્ધિ નથી. ભગવાનને જ જેણે સાધન માન્યા છે અને ભગવાનને જ જેણે ફલ માન્યા છે. તેનામાં તેવો આવેશ હોય કે ન હોય, વિકલતા હોય કે ન હોય, પ્રેમની વિક્ષિપ્તતા હોય કે ન હોય. પરંતુ તે પોતાની અંદરની અનુભૂતિથી સાફ છે કે પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુ મને સહાયક થશે નહીં. તે આપણે ત્યાં કે.જી.નો શ્રોતા છે.

તેની સામે ભાગવત કથા કરી શકાય છે અને જે આવો ન હોય તેની સામે, જો કે તે શ્રીમહાપ્રભુજીએ અહીંયા નથી કહ્યું પરંતુ ભાગવતાર્થ નિબંધમાં સાફ સાફ કહ્યું છે, તેની સામે ભાગવત કથા ન કરો. કારણ કે જયારે શ્રોતા જ અધિકારી નથી, તો ભાગવત કથા બધાની સામે કરવા લાયક નથી. જે મળી ગયા તેને ભાગવત કથા સંભાળાવે છે. બધાને બોલાવી બોલાવીને પેમ્પલેટ છાપીને બોલાવી રહ્યા છે. આવો ભાઈ આવો. ''**કહત સબન સો આવો આવો, ભેંટ**

રૂપૈયા લાવો લાવો'' ભેંટ લાવવાવાળા એ કોઈ શ્રોતા નથી યાર ! તમે ખોટું સમજી ગયા. જે બધા ભેંટ લાવી રહ્યા છે, તેની ભાગવત સાંભળવાની, કથા સાંભળવાની, ભગવત ગુણગાન સાંભળવાની કોઈ યોગ્યતા નથી.

જો ભગવદ્ આસકિત છે તો ભગવદ્ સેવા અને ભગવત્ કથા બન્નેમાં આસકિત હોવી જ જોઈએ. પરંતુ જો ભગવદ્ સેવામાં આસકિત છે તો ખૂબ આવશ્યકતા નથી કે ભગવદ્ કથામાં આસકિત હોય અથવા ભગવદ્ કથામાં આસકિત છે તો અનિવાર્ય નથી કે તેની ભગવત્ સેવામાં આસકિત હોવી જ જોઈએ. જયારે ભગવત્ સેવામાં આસકિત છે તો ભગવત્ આસકિત તો હશે જ. એવા તો કોઈક જ ગીલીન્ડર હોય કે જે ભગવત્ સેવામાં આસકત હોય પરંતુ ભગવત્ આસકત ન હોય. કાંઈક ને કાંઈક પાખંડનું રૂપ થઈ ગયું. ત્યારે તો તે ભગવત્ કથામાં આસકત હોય અને ભગવત્ આસકત ન હોય સામાન્ય રીતે તો સંભવ નથી તેથી તે કાંઈક પાખંડ છે.

જયાં સુધી ભગવત સ્વરૂપ આપાણી સામે પ્રકટ અનુભૂત નથી થઈ રહ્યું અથવા પ્રભુ આપણને સાનુભાવ નથી જતાવતા તો ત્યાં સુધી આપાણી જે ભગવત્ આસકિત છે તે ભગવત્ સેવા-કથાસકિત અથવા ભગવદ્ સેવાસકિત અથવા ભગવત્ કથાસકિતના રૂપમાં જ તો હશે. એટલે કે એક વાત સમજો કે આપણને ભગવદીયના સત્સંગની આસકિત છે, જે ભગવદ્ આસકિતના પાર્ટમાં જ તો હશે ને ! અને એવી ભગવદીયના સત્સંગની આસકિત કે જે ભગવદ્ આસકિતનો પાર્ટ ન હોય મતલબ કાંઈકને કાંઈક પાખંડ છે. આ જ વાત હું અહીંના પ્રવચનમાં અને સર્વોત્તમના પ્રવચનમાં સમજાવી રહ્યો હતો. કે ભગવદીયના સત્સંગની આપણને આસકિત છે પરંતુ તે ભગવદ્ આસકિતથી રહિત છે. કાંઈક પાખંડ છે. એવી જ રીતે ગુરુની આસકિત છે અને ભગવદ્ આસકિતથી રહિત છે. ગુરુમાં આસકિત તો કાંઈક પાખંડ છે.

મતલબ સ્વાસ્થ્યમાં આસકિત નથી અને ડોકટરમાં આસકિત છે તો જેને સ્વાસ્થ્યમાં આસકિત નથી તેની ડોકટરમાં આસકિતનો મતલબ શું ? કાંઈક લફડો છે. બાકી તો ડોકટરમાં આસકિત સ્વાસ્થ્યમાં આસકિતનો પાર્ટ હોવો

જોઈએ ને ? તો જીવનું સ્વાસ્થ્ય તો ભગવાન છે તો તે સ્વાસ્થ્યમાં આસકત હોવાના કારણે ઔષધીમાં પણ આસકિત હોઈ શકે છે. જો કોઈ પથ્ય બતાવે તો તેમાં પણ આસકિત હોઈ શકે છે, તે ડોકટર બતાવે તેમાં પણ આસકિત હોઈ શકે છે. તે સ્વાસ્થ્ય આસકિતના પાર્ટમાં આવશે ને !

તો આપણે એમ કહી રહ્યા છીએ કે સ્વસ્થ થવામાં આસકિત નથી, પરંતુ અમારી ઈલાજ કરાવવામાં ખૂબ આસકિત છે. કાંઈકને કાંઈક લફડો છે. ડોકટરમાં ખૂબ આસકિત છે. એવી કે અનન્ય પ્રેમ થઈ ગયો. ડોકટરથી સ્વસ્થ નથી થવું મતલબ કાંઈક લફડો છે અથવા ગુરુ આસકિત હોય કે ભગવદીયના સત્સંગની આસકિત હોય કે ભગવત સેવાસકિત હોય કે ભગવત કથાસકિત હોય તે ભગવદ્ આસકિતનો પાર્ટ નથી મતલબ કાંઈકને કાંઈક લફડો છે, ચોક્કસ લફડો છે.

જલભેદ અને પઞ્ચપદ્યાનિના અધ્યયનની અંતર્ગત એ વાત સમજવાનો પ્રયાસ કર્યો કે જો કથા સાંભળવી છે તો કેવા વક્તાથી સાંભળવી, અથવા કથા કહેવી છે તો કેવા શ્રોતાને કહેવી ? તેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકાર કયા છે ?

એક વાત ફરીથી અહીં ધ્યાનથી જુઓ કે ''શ્રીકૃષ્ણ રસ વિક્ષિપ્ત માનસા'' શ્રીકૃષ્ણ રસ વિક્ષિપ્ત જેનું માનસ છે. અહીં રસ વિક્ષિપ્ત માનસ નથી, કૃષ્ણ વિક્ષિપ્ત માનસ નથી. પરંતુ કૃષ્ણની જે રસાત્મકતા છે તે રસાત્મકતાથી જેનું માનસ વિક્ષિપ્ત થયું છે અને આ જે માનસિક વિક્ષેપ છે, એટલે કે જેને સામાન્ય રીતે આપણે મનોવૈજ્ઞાનિક (સાયકોલોજીકલ) વિક્ષેપ કહીએ છીએ. એટલે કે માનસિક વિકૃતિ તે રૂપમાં પણ આની વ્યાખ્યા ચોક્કસ કરી શકાય.

આપણા સૂરદાસજી ઉપર જ એક અમેરિકન સ્કોલરે ત્રણ-ચાર વર્ષ પહેલા જ પી.એચ.ડી. કર્યુ અને તે બધી પી.એચ.ડી. થીસીસની શરૂઆતમાં તેણે કાંઈક એવી શરૂઆત કરી છે કે એ બધી વાત આપણને માનો તો સૂરદાસજી છે અથવા તો તે વખતના જે પાંચસો વર્ષ પુરાની (જૂની) જે ભકિત આંદોલન

છે, તેનો સ્થાયીભાવ. તે એ કહે છે કે કોઇ પ્રકારનો આ માનસિક વિક્ષેપ છે અને તે માનસિક વિક્ષેપ કયા પ્રકારનો છે ? જો કે તેણે નિંદાત્મક અર્થમાં કહ્યું હતું, પ્રશંસાના અર્થમાં નથી કહ્યું. છતાં પણ આપણે તેમાંથી કાંઇક તથ્ય સમજી શકીએ છીએ.

તે કહી રહ્યા છે કે તે સમયના જે કોઇ ધાર્મિક રિવાજ હતા તેમાં તે સામેલ ન થઇ શકયા અને જેની અંદર ધર્મની ભાવના જોર પકડી રહી હતી, તેથી અંતમાં તેનામાં આ પ્રકારનો કોઇ ભકિતમય ઉન્માદનો એક સમય આવ્યો. જેની ઉત્પાદક (પ્રોડકટ) સૂરદાસજી છે. જેની ઉત્પાદક (પ્રોડકટ) મીરા છે. જેના ઉત્પાદક (પ્રોડકટ) પૂરો વલ્લભ સંપ્રદાય છે, બીજા પણ જે તે સમયના છે તે બધા. આ સાચી વાત છે. તે નિંદાના અર્થમાં કહી રહ્યા છે. આપણે તેને મુછમાં વળ દઇને કહી રહ્યા છીએ. તફાવત માત્ર આટલો જ છે.

તે જ વાતને શ્રીમહાપ્રભુજી અહીં કહી રહ્યા છે. ‘‘અનિર્વૃતા લોકવેદે’’ જે લોક એટલે લૌકિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ છે. જે વૈદિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ છે, તેનો આનંદ લઇ શકતા નથી.

શા માટે નથી લઇ રહ્યા ? તો કદાચ તેના કોઇ ભાગમાં કાંઇક અભાવ હશે. અનુકૂળતાનો અભાવ કાંઇક હશે. એ બધા આવું વિચારી રહ્યા છે. આપણે ઓછામાં ઓછું એ પ્રકારે ન વિચારીએ. આપણે તો આલોચનાની દૃષ્ટિએ વિચારીએ. આવી રીતે તો જે ખ્રિસ્તીઓમાં કે મુસલમાન ધર્મમાં કે યહુદી ધર્મમાં પણ બરાબર તે વખતની ગોઠવણ ન થઇ કે સંકલન ન થયું. તે ત્યાં વધારે ધાર્મિક થયા. તેના ઉપર પણ આક્ષેપના રૂપમાં કહી શકાત અને પ્રશંસાના રૂપમાં પણ કહી શકાત.

જેમ શહાબુદિન રાઠોડ મહાત્મા ગાંધીના ચરિત્રમાં બતાવે છે કે નાના હતા ત્યારે બીડી ફૂંકતા હતા. બીડીના ઠૂંઠા ફૂંકતા તેથી ઘરમાં ઝઘડો થઇ ગયો. તેનો ઉકેલ ન આવતા. તે ભણવા ગયા, ભણવા ગયા ત્યાં પણ કાંઇ સમજ્યા નહીં, તેથી ત્યાં સત્યાગ્રહ કર્યો. સત્યાગ્રહ કરતા કરતા હિન્દુસ્તાન આવી ગયા તો અહીંયા પણ સત્યાગ્રહ કરવા લાગ્યા. તેથી અંગ્રેજોએ તેને જેલમાં મોકલી દીધા.

તો મહાત્મા ગાંધીની બિચારાની આવી વાતો કરી શકાય. બીડી ફૂંકતા તેથી સ્કૂલમાં પકડાયા અને બાપે તેની માર-પીટ કરી. તો શું આનાથી કાંઈ મહાત્મા ગાંધી થયા ? ગાંધીજી પસંદ નથી આવી રહ્યા તો આ રીતનું બધું કહેવું પડશે. બીજો કોઈ ઉપાય નથી.

જેને ભકિત પસંદ ન આવે તેને આ પ્રકારની જ આપણી ભકિતની વ્યાખ્યા કરવી પડે. પરંતુ ધ્યાનથી સમજો કે તે જે વાત નિંદાના અર્થમાં કહી રહ્યા છે. તે વાતને આપણે નિંદા નથી માનતા. આપણે એમ માની રહ્યા છીએ કે તેના પર ભગવદ્ અનુગ્રહ હતો. એવો અનુગ્રહ હતો કે તે લૌકિક કે વૈદિક ધર્માર્થિકામમોક્ષનો આનંદ નથી લઈ શકયા એક વાત ધ્યાનથી સમજો કે લૌકિક વૈદિક ધર્માર્થિકામમોક્ષમાં આ શ્લોક પર ધ્યાન આપશો તો તેની ખૂબસૂરતી સમજમાં આવશે.

લૌકિક-વૈદિક ધર્માર્થિકામમોક્ષમાં આનંદ ન લઈ શકયા તેથી કૃષ્ણ-રસમાં વિક્ષિપ્ત થઈ ગયા કે કૃષ્ણ રસમાં વિક્ષિપ્ત હોવાના કારણે લૌકિક-ધર્માર્થિકામમોક્ષમાં, વૈદિક ધર્માર્થિકામમોક્ષમાં તે આનંદ ન લઈ શકયા. ત્યાંથી તેની નિંદનીયતા અથવા સ્તુત્યતા પ્રકટ થશે. તો હવે જીવવાની આલોચના કરવી છે, તે એમ કહે કે કાંઈ કામ ન ચાલ્યું તેથી તે ભગત થઈ ગયા.

પરંતુ તેની એક હકારાત્મક બાજુ એ પણ છે કે કાંઈ કામ નહોતું કરવું તેથી ભકિત જ કરવી હતી. એટલા માટે કાંઈ કામ ન કરી શકયા. આ પણ તો અર્થ થઈ શકે ને ! તો શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત માનસ હતું અને જે લાકિક વિષય છે, વૈદિક વિષય છે તેમાં તેને રતિ નથી અને રતિ નથી તેથી લોકવેદમાં અનિવૃત છે અને શ્રવણ ઉત્સુક છે તો કથા સાંભળવાના મુખ્ય અધિકારી છે.

તો એક વાત ધ્યાનથી જુઓ કે જે માહાત્મ્ય જ્ઞાનનું સ્વરૂપ છે. આપણે ત્યાં માહાત્મ્ય જ્ઞાનની મૂળભૂત રીતે એટલી જ અપેક્ષા માનવામાં આવે છે કે જેને કારણે તમે લોક-વેદના જે ધર્માર્થિકામમોક્ષના લૌકિક-વૈદિક પુરુષાર્થ છે. તેના માહાત્મ્યના વિશ્વાસથી તમે નિવૃત્ત થઈ શકો. તેનાથી વધારે માહાત્મ્ય જ્ઞાનની કોઈ અપેક્ષા નથી અને આ વાતને આપણે ત્યાં પણ કહીં છે. પરંતુ

આનો વધારે ખૂબસૂરત હાવભાવ કોઈએ આપ્યો છે, તો ચૈતન્ય સંપ્રદાયના રૂપ ગોસ્વામીએ આપ્યો છે.

તે કહે છે કે ‘‘**જ્ઞાનવૈરાગ્યયોઃ ભકિતપ્રવેશાયોપયોગિતા, કિઞ્ચિત્ પ્રથમમેવેતિ નાઙ્ગત્વમ્ ઉચિતં તયોઃ, યદુભે ચિત્તકાઠિન્યહેતુઃ પ્રાયઃ સતાં મતે, સુકુમારસ્વભાવેયમ્ યસ્માત્ તદ્ ભકિતઃ ઇરિતા.**’’ જ્ઞાન વૈરાગ્યની શરૂઆતમાં થોડી અપેક્ષા છે રૂપ ગોસ્વામી એમ કહે છે. આપણી દષ્ટિથી પણ એ ખૂબ જ સારી વાત છે. તેની દષ્ટિથી પણ ભકિતવાદી કોઈ સાધના કે મત છે, તો તેના માટે પણ ખૂબ સારી વાત છે.

‘‘**જ્ઞાનવૈરાગ્યયોઃ ભકિતપ્રવેશાયોપયોગિતા**’’ તે તમને એક એવો વળાંક બતાવે છે. જેમ કે ઝડપથી ચાલતી ગાડીને રસ્તા પર આવતા જમણા-ડાબા વળાંક દેખાતા નથી અને તે વિષયાસકિતની જે આપણી ગાડી છે, તે એટલી ઝડપમાં ચાલતી હોય છે કે તે વિષયાસકિતની ગાડીમાં કયારેક ડાબે-જમણે આપણને પુષ્ટિમર્યાદાના વળાંક આવે છે અને તે મર્યાદાનો વણાંક આપણને દેખાતો નથી. તેથી વિષયાસકિતમાં આગળ જ વધતા રહીએ.

તો જેમ રસ્તામાં એક પાટીયું હોય કે ભાઈ આ તરફ જવું છે તો જમણે વળી જાવ અને આ તરફ જવું છે તો ડાબે વળી જાવ. એવી રીતે જ્ઞાન અને વૈરાગ્ય જે છે, તે આ રીતના રોડની નિશાનીના પાટીયા (સાઇનબોર્ડ) છે. ઠીક છે, વિષયાસકિતમાં આગળ જવું હોય તો જાવ. પરંતુ જો તમારે મર્યાદામાં જવું છે તો આ તરફ જાવ. જો તમારે પુષ્ટિની તરફ જવું છે તો આ તરફ જાવ. તો ‘‘**જ્ઞાનવૈરાગ્યયોઃ ભકિતપ્રવેશાયોપયોગિતા**’’ એટલી જ તેની ઉપયોગીતા છે અને તે પાટિયાની પાસે તમે ઉભા રહી ગયા. તો ભકિતમાર્ગ તમને નથી મળી રહ્યો, તે પાટિયા પર જ તમે ચોંટી ગયા તો ભકિતમાર્ગ નથી મળી રહ્યો. પરંતુ તે પાટિયાના આધારે જો તમે વણાંક લઈ લીધો અને મર્યાદા ભકિત અથવા પુષ્ટિભકિતના રસ્તા પર વણાંક લઈ લીધા પછી નવી યાત્રા તમે શરૂ કરી તો તમને ભકિતમાર્ગ અથવા મર્યાદામાર્ગ મળી રહ્યો છે.

તો ‘‘**જ્ઞાનવૈરાગ્યયોઃ ભકિતપ્રવેશાયોપયોગિતા કિઞ્ચિત્**

પ્રથમમેવેતિ'' શરૂઆતમાં જ થોડીક છે. **''નાઙ્ગત્વમ્ ઉચિતં તયો:''** તે ભકિતનું અંગ ન થઈ શકે, ભકિતની તરફ વળવા માટે એક રોડ સિગ્નલ થઈ શકે છે. તેથી કહે છે કે એવું કેમ ? તો તેનું ખૂબ જ સુંદર કારણ તેણે બતાવ્યું છે, કે **''યદુભે ચિત્તકાઠિન્ય હેતુ: પ્રાય: સતાં મતે''** જે ભકિતમાર્ગીયિ સંત છે. તે આ વાતને સારી રીતે સમજે છે.

જ્ઞાન અને વૈરાગ્ય ચિત્તને કઠોર બનાવી દેવામાં હેતુ હોય છે અને તે કઠોરતા ચિત્તની એક વખત પ્રાપ્ત થઈ ગઈ, તો ભકિત થવી મુશ્કેલ છે. **''યદુભે ચિત્તકાઠીન્યહેતુ: પ્રાય: સતાં મતે સુકુમારસ્વભાવેયમ્''** અને ભકિતને જે રીતના ચિત્તની અપેક્ષા છે, તે ખૂબ જ સુકુમાર ચિત્તની અપેક્ષા છે. ખૂબ જ કોમળ ચિત્તની અપેક્ષા છે. જે ચિત્તથી ભકિત થઈ શકે.

''સુકુમારસ્વભાવેયમ્ યસ્માત્ તદ્ ભકિત: ઈરિતા'' આપેણે ત્યાં પણ ટીકાકારોએ નિરંતર આ વાત કહીં છે. **''માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદઢ સર્વતો અધિક સ્નેહો ભકિતરિતિ પ્રોક્ત''** માહાત્મ્ય જ્ઞાન પહેલા હોવું જોઈએ. કારણકે તે વળાંક આપાણને આપે છે. વિષયાસકિતનો જે સિધો હાઈવે છે. તેના પર તમને ડાબે-જમણે આ જ્ઞાન અને વૈરાગ્ય વાળશે. તો વાળી શકે છે તેથી તો ''અનિર્વૃતા લોક-વેદે'' છે. તો જુઓ માહાત્મ્ય જ્ઞાનનું પાસુ અહીં સારી રીતે આવી રહ્યું છે અને ''કૃષ્ણ રસ વિક્ષિપ્ત માનસા રતિ વર્જિતા:'' થી તે પાસુ આવી રહ્યું છે એટલે કે અનિર્વૃતા લોક-વેદે અને રતિ વર્જિતા આ બન્ને વાત પર ધ્યાન આપશોને તો રતિ વર્જિતા છે. મતલબ લૌકિક-વૈદિક વિષયમાં ન તો તેને કોઈ રમણનો ભાવ છે કે ન તો લોક-વેદમાં તેને કોઈ નિર્વૃત્તિ છે. કોઈ જાતનો સંતોષ (સેટિસ ફેકશન) છે અને કૃષ્ણ રસથી તેનું માનસ વિક્ષિપ્ત હોવાના કારણે આ વાત પ્રાપ્ત થઈ છે. મતલબ ધારો કે માહાત્મજ્ઞાન છે, સ્વ સ્વરૂપ જ્ઞાન થઈ ગયું છે, ભગવદ રતિ થઈ ગઈ છે અને તદનુકૂલ ક્રિયા કરવા માટે શ્રવાણ ઉત્સુક પણ છે કે જે રતિ થઈ છે તેને હવે હજુ વધારે સારી રીતે રતિ કેવી રીતે કરે? તેથી થોડીક શ્રવાણ ઉત્સુકતા પણ છે. તો જુઓ તે મુખ્ય શ્રોતા છે. આવ્યુંને ખ્યાલમાં.

''વિક્લિન્ન મનસો યે તુ ભગવત્ સ્મૃતિ વિહ્‌વલાઃ'' હવે આ જુઓ, આ રતિ વિહ્‌વલ નથી, સ્મૃતિ વિહ્‌વલ છે. તો રતિ વિહ્‌વલ હોવું અને સ્મૃતિ વિહ્‌વલ હોવામાં થોડુ અંતર છે. રતિ વિક્ષિપ્ત ત્યાં વિહ્‌વલ શબ્દ નથી વાપર્યો. પરંતુ વિહ્‌વલ કહ્યું છે. વિહ્‌વલ કહો કે વિક્ષિપ્ત કહો તો તે વધારે તફાવતની વાત નથી. તો એક ભગવત્ રતિ વિહ્‌વલા એવુ માનો અને એક ભગવત્ સ્મૃતિ વિહ્‌વલા એવું માનો. મતલબ કાંઈક દૂરી તેની અત્યારે પણ કાયમ છે. એવી દૂરી કે જે દૂરીના કારણે તેને ભગવાન યાદ તો આવી રહ્યા છે અને ભગવાન જયારે જયારે યાદ આવે છે, ત્યારે ચિત્ત થોડું નરમ થઈ જાય છે. પરંતુ જયારે ભગવાન યાદ ન આવે ત્યારે ચિત્તમાં તો પાછી કઠોરતા આવી જાય છે. તો ''વિક્લિન્ન મનસો યે તુ ભગવત્ સ્મૃતિ વિહ્‌વલા'' ન તુ રતિ વિહ્‌વલા આ તફાવત પર ખાસ ધ્યાન આપજો.

''અર્થૈકનિષ્ઠા'' એટલે શું છે ? કે તેને જે કથાનો અર્થ છે. દરેક કથાનું કાંઈક શરીર હોય છે. એટલે કે કથાના શબ્દ હોય છે. અને દરેક કથાની કોઈ આત્મા હોય છે, જે કથાનો અર્થ છે આને કોઈ બીજા અર્થમાં ન લેતા હો ! પરંતુ અહીં માત્ર બતાવી રહ્યો છું. **''નિધિની સન્નિધિમાં જવાની વિધિ તે વલ્લભાચાર્યના નિધિ તે શ્રીનાથજી એની સિદ્ધિ જે છે તે સુધી આવે''** આ શું ચાલી રહ્યું છે યાર ? કથા ચાલી રહી છે. આ શું છે ? શરીર (બોડી) છે, તેમાં આત્મા નથી. **''પ્રકાશના વિકાસને અવકાશ આપવો તે જીવના જીવનમાં મળતો સુઅવકાશ છે''** આ કથાનું શરીર પ્રકટ થયું, કથાનો અર્થ પ્રકટ નથી થઈ રહ્યો. આવી કથા પણ હોઈ શકે છે, કોઈને આવી મજા આવે. આના ઘણા પ્રકાર હોઈ શકે છે. તે બધાના ઊંડાણમાં જવા માંગતો નથી.

પરંતુ કથાના શરીર એટલે કે કથાના શબ્દમાં નહીં, પરંતુ કથાનો જે અર્થ છે તેની જે મજા લેવાવાળા છે અને શ્રવણોત્સુક છે. કથાની મજા લેવા માટે જે શ્રવણોત્સુક છે, તો વાત ધ્યાનથી સમજો ભગવત્ સ્મૃતિ વિહવલ હોવાના કારણે તેનામાં મધ્યમત્વ આવી રહ્યું છે. રતિ વિહવલ હોત અને શ્રવણોત્સુક હોત તો વાત બની જાત, પાછા ઉત્તમ થઈ જાત. તો જુઓ તે ફરી ફરીને કામ કરી રહ્યા છે.

શબ્દ નથી બદલી ગયા અને ''નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્વં સર્વભાવેન યે વિદુઃ'' કૃષ્ણતત્વને નિસન્દિગ્ધ માની રહ્યા છે. કારણ કે જયારે કૃષ્ણમાં સંદેહ આવ્યો ને, તો કથા જ બંધ થવી જોઈએ. કૃષ્ણમાં સંદેહ આવ્યો અને કથા ચાલુ છે, મતલબ વક્તામાં કાંઈક લફડો છે કે કૃષ્ણમાં સંદેહ આવ્યો અને કથા પણ ચાલું છે.

તો વાત કેવી રીતે ચાલી રહી છે યાર ? કાંઈકને કાંઈક યજમાને તમને પૈસા ખવડાવ્યા લાગે. યજમાનના પૈસા ખાધા છે તેથી કથા ચાલે છે. જો પૈસા ખાધા ન હોય તો, પૈસાની લાલચ ન હોય તો, જેને કૃષ્ણમાં સંદેહ થઈ રહ્યો છે તેની સામે કૃષ્ણની કથા કેવી રીતે ચાલી શકે ? ચાલી રહી છે. મતલબ કાંઈક કૃષ્ણ કથા નથી ચાલી રહી, શ્રીકૃષ્ણ કથા ચાલી રહી છે.આપણે એમ સમજી શકીએ કે કૃષ્ણ કથા નથી ચાલી રહી, શ્રીકૃષ્ણ કથા ચાલી રહી છે.

તે કૃષ્ણ તો હળવેથી બોલી જવાનું છે. પરંતુ મૂળમાં શ્રીકૃષ્ણ કથા ચાલી રહી છે. કારણ કે ઘાણી દક્ષિણાનું આશ્વાસન છે. તેથી ચાલી રહી છે. તો ''નિસન્દિગ્ધં કૃષ્ણતત્વં સર્વભાવેન યે વિદુઃ'' ન તુ ''સર્વભાવેન યે રતા'' હવે જુઓ માહાત્મ્યજ્ઞાન વાળો પક્ષ સાફ છે. ''તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ વા નચાન્યથા'' તે કથામાં જે આવેશના કારણે વિકલ છે અથવા કયારેક તેનો નિરોધ થઈ ગયો. નિરોધ કેવી રીતે ? કયારેક તેને પ્રપંચ વિસ્મૃતિ થઈ ગઈ તો થોડીક વિકલતા થઈ જાય.

લગભગ હું એ ચર્ચા કરી રહ્યો હતો કે તે આવેશ માટે કથામાં કેવા ઉપાય કરવામાં આવે છે કે જયારે ભગવત્ કથા ચાલતી હોય. સાંભળતા સાંભળતા જોકા ખાતા હોય અચાનક વ્યાસજી કહે કે બોલો શ્રીબાલકૃષ્ણ લાલકી જય, બોલો શ્રીયમુને મહારાણી કી જય, શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારી.... ફરી પાછી કથા ચાલુ થાય, ફરી ઝોકા આવવા લાગે. તે વક્તાને દેખાય જાય કે અરે ! ઝોકુ આવી ગયું પાછા બોલે શ્રીયમુને મહારાણી કી જય.... આમ કથાનો આવેશ લાવવો પડે. તેથી કયારેક નંદ મહોત્સવ કરે કયારેક બીજું કાંઈક કરે.

આમ કાંઈક કરવા ધરવાનું મળે, તો તેને બહુ ઉત્સાહ આવી જાય.

નહીંતર કથા ચાલતી હોય તો ઝોંકા જ આવતા હોય. આ સ્થિતિ છે. દરેક કથામાં જઈને જોઈ લ્યો, બહુ જોવા લાયક સ્થિતિ છે. પેંડા-બેંડા ઉછળી રહ્યા છે. કાંઈક થઈ રહ્યું છે, કોઈ નાચી રહ્યા છે. કોઈ કુદી રહ્યા છે અને પાછો આવેશ આવી ગયો. આજે તો કથામાં આનંદ આનંદ થઈ ગયો, તો આવા કથામાં આનંદ આનંદ માનવાવાળા છે ને ! તે શું છે ? કૃત્રિમ સાધન (આર્ટિફિસીયલ ડિવાઈસ)થી તેને આનંદિત કરવા પડે.

કારણ કે મૂળમાં તેને ભગવત્ કથામાં રુચિ નથી. તેનામાં કોઈ ભૂત સંચારની જેમ કોઈ પ્રકારથી આવેશનો સંચાર કરવો પડે. એવું પણ કરવું પડે કે ભગવત્ કથા કરતા હોય અને બધાને ઝોંકા આવી રહ્યા છે અને અચાનક પાછો વળાંક એવો આવી જાય કે એક બેન હતા. એમને ત્યાં એક દેખાવડી દીકરી હતી. પછી તેમના પડોશમાં એક ભાઈ રહેતા હતા. હે ! પછી શું થયું ? પાછી કથામાં રુચી આવી જાય. કે એના પછી શું થયું ? પછી તેમાંથી ધીરે ધીરે પાછી ભગવદ્ કથા શરૂ થઈ જાય. પાછા ઝોંકા આવવા મંડે ! આવુ થવા લાગે. બેન હતા પાડોશમાં ભાઈ રહેતા હતા. શું થયું ? પછી તરત ઉત્કંઠા જાગે.

તો આમ ''આવેશાત્ તુ'' આવો આવેશ નિરંતર આવતો રહે તેમાં પાછું જાગરણ આવે અને પાછો આવેશ ખતમ થઈ જાય. કથા પાછી શરૂ થાય, આવેશ પાછો મંદ થઈ જાય. આમ ધીરે ધીરે કોઈ-કોઈ પ્રકારથી તેનામાં કથા પ્રત્યે આવેશ આવતો રહે. કેટલાય પ્રકારના તેમાં કૃત્રિમ અથવા વ્યર્થ સાધન છે. જેનાથી તે આવેશ લાવી શકાય અને કથા સાંભળતા ફરી પાછા આવેશ રહિત થઈ જાય. કારણ કે મૂળમાં તેની ભગવત કથામાં રુચિ નથી હોતી. ભગવત કથામાં જ રુચિ નથી, તો કોઈને કોઈ પ્રકારે તેનામાં આવેશ લાવવો પડે. જેમ કે બાળક કડવી દવા ખાતો ન હોય તેને મધમાં મીલાવીને કાંઈક ગોળીમાં લપેટીને ખવડાવવી પડે. એવી રીતે આ કથા તેને કરાવવી પડે ત્યારે કાંઈક થોડીઘણી રુચિ તેમને આવે કે હા... ચાલો હવે કથા સાંભળશું.

તો ''પૂર્ણભાવેન પૂર્ણાથાઃ કદાચિત્ ન તુ સર્વદા'' હવે મૂળ કારણ શું પ્રકટ થઈ રહ્યું છે ? 'અન્યાસક્તા' પેલી બેનને ત્યાં દેખાવડી છોકરી હતી.

''અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃપરિકીર્તિતાઃ'' કારણ કે અન્યાસકિત તેની કાયમ છે અને તે અન્યાસકિતને પૂર્ણ કરવાની કોઈ વાત આવે. તો ફરી પાછો તેને થોડોઘણો આવેશ કથામાં જાગી જાય અને પાછી કથા શરૂ થઈ ગઈ તો ફરી પાછો થોડો મંદ હાવભાવ આવી જાય. આ પ્રકારની સ્થિતિ છે.

પરંતુ અધમ પણ છે છતાં કામચલાઉ રુચિ કૃષ્ણમાં લઈ રહ્યો છે ને તો ઠીક છે. અધમ ઉત્સુક છે, પરંતુ ઉત્સુક તો છે કે નહીં ? કથામાં નંદ મહોત્સવ થઈ જાય, રૂકમણી હરણ હોય. આનંદ-લીલા લહેર થઈ જાય. તેનું મૂલ કારણ શું છે ? કારણ કે તે શ્રોતા મૂળમાં અધમ છે. ભગવત્ કથામાં રુચિ નથી લઈ રહ્યો. આ બધા નાટક બાટકમાં રુચિ લઈ રહ્યો છે. તો તેને કોઈ પ્રકારે મારી કુટીને આગળ વધારવો છે. મૂળમાં આ વાત છે.

ત્યાર પછીના શ્રોતા છે તે ભકિતમાર્ગીય નથી. તો ધ્યાનથી જુઓ. ભકિતમાર્ગના બધા તત્ત્વો (એલીમેન્ટ) છે કે અન્યાશ્રય ન કરતો હોવો જોઈએ. એટલે કે ધર્મ નિષ્ઠાથી વધારે... ''વિવેકધૈર્યભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્ મમ'' સ્વીકાર (કન્વિકસન) કરનાર જો કોઈ છે તો તે પ્રપતિ -શરણમાર્ગના હિસાબે ઉત્તમ શ્રોતા છે.

આજે પ્રપતિ કરશે, પછી શરણાગતિથી કથા શ્રવણ કરશે તો ભકિતમાર્ગ ઉપર ધીરે ધીરે આગળ વધી શકશે. ''તસ્યાશ્રયો ભવેદ્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોડબ્રવીત્'' જો કૃષ્ણ તેનો આશ્રય થઇ ગયો તો ચિંતાની કોઈ વાત નથી. ધીરે ધીરે તેમાં ''સર્વદા સર્વભાવેન'' ''**પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોડર્થો હરિરેવ હિ, કામો હરિદિદક્ષૈવ મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્**'' વાળો તેનામાં પંચમ પુરુષાર્થનો ભાવ જાગી જશે. પહેલા રુચિ જાગશે, પછી ભાવ જાગશે, પછી વિશ્વાસ જાગશે, પછી નિષ્ઠા જાગશે તે બધું ક્રમિક આ પ્રકારે આવી જશે.

''સર્વભાવેન યે વિદુઃ'' જે સર્વ ભાવથી એમને જાણે છે. સર્વભાવથી ''રતા' નથી. ''નિઃસદિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે રતા'' નથી. સર્વ ભાવથી કૃષ્ણ તત્ત્વને નિઃસદિગ્ધ જાણે છે. સર્વભાવથી કૃષ્ણમાં રત છે. તો તો પાછી ઉચ્ચ કક્ષા થઇ ગઈને ! જાણે છે. આપણે બધા મોટેભાગે આવા જ છીએ.

સમજી રહ્યા છીએ પરંતુ રત થવું તો ઉત્તમ કક્ષાની વાત છે અને વિકલતાનો પ્રશ્ન કયારે આવે ? રતિ જ નથી, વિકલતાતો રતિ હોય તો આવે ને ? રતિ વગર વિકલતા કયાંથી આવશે ? વિહ્‌વલતા-વિકલતા તો રતિના કારણે જ આવે ને !

કદાચ તેનામાં વિકલતા હશે ને બાવા ! તો પણ એવી વિકલતા હશે કે હું બધાથી પરેશાન છું, આ બધા સાધનો કરીને થાકી ગયો છું. આવી નકારાત્મક વિકલતા હશે. પરંતુ તે હકારાત્મક, પ્રેમવાળી વિકલતા હોય તો તો વાત બની જાય ને ! એવી નકારાત્મક વિકલતા હોઈ શકે છે. તે નકારાત્મક અને હકારાત્મક વિકલતાને પરસ્પર ગુંચવવી ન જોઈએ.

જેમ કે દુનિયાથી થાકેલો માણસ, દરેક જગ્યાએથી માર ખાતો માણસ વિકળ થઈ જાય. તો તે વિકલતા ભગવદ્ વિકલતા નથી. દુનિયામાં બધી જગ્યાએથી માર પડી છે. જયાં ગયો ત્યાં થપ્પડ પડી છે. માણસ વિકળ થઈ જાય અને તે વિકળતા છે તેને ભગવાન તરફ વાળે તો આગળ વધી શકે છે. ન વધી શકે એવી વાત નથી. પણ તે વિકલતા ભકિતમાર્ગીય દષ્ટિથી ક્ષુદ્ર વિકળતા છે. એટલે કે એવી ક્ષુદ્ર વિકલતા છે કે શ્રીમહાપ્રભુજી જેને એકદમ અચકાયા વગર કહી શકે છે કે **''કાહેકો ઘિઘિયાત હો કછુ ભગવત્ લીલા ગા''** એવી વિકલતા છે તો તે વિકલતા કાંઈક સારી વાત છે. ખરાબ વાત તો તે પણ નથી કારણ કે કાંઈક વળાંક તો આપી રહ્યા છે ને ! ભકિત તરફ વળવા માટે કોઈ સાઈન બોર્ડ (સૂચનનું પાટીયુ) તરીકે કામ કરતી હોય તો કોઈ ખરાબ વાત નથી.

પરંતુ તેનાથી સારી વાત એ છે કે માહાત્મ્ય જ્ઞાનથી થોડા શ્રવણથી-થોડી સેવાથી - થોડા સ્મરણથી તમે ભગવદ્ રતિ તરફ વળ્યા, મતલબ દુનિયામાં રતિ કરવાના જેટલા પણ વિષય હતા તે બધા ખંડિત થઈ ગયા અને પછી આપણે ભગવદ્ રતિ તરફ વળ્યા. ભગવદ રતિ તરફ વળવું તે તો સારી વાત છે. પરંતુ તે શરૂઆતની વાત હું કરી રહ્યો છું કે તે પ્રકારે ભગવદ્ રતિ તરફ વળ્યા અને ભગવદ્ રતિમાં ધીરે ધીરે ધીરે એવા આગળ વધતા ગયા કે, તેની પ્રપંચ વિસ્મૃતિ થઈ. તે બન્નેમાં ભગવદ્ રતિથી પ્રપંચ વિસ્મૃતિ થવી ઉત્તમ કક્ષાની વાત છે.

એટલા માટે આપણે ત્યાં ભકિતની શરૂઆત (શરણાગતિ)થી કરવામાં

આવી છે. નિરોધથી શરૂઆત કરવામાં નથી આવી. અથવા માહાત્મ્ય જ્ઞાનથી શરૂઆત કરવામાં આવી છે, વૈરાગ્યથી શરૂઆત નથી કરી. જ્ઞાનથી શરૂઆત કરવામાં શું છે ? કે તમને સમજ આવશે, સુઝ આવશે અને તે સૂઝના કારણે તમે ભગવાન તરફ વળી રહ્યા છો તો તે સારી સ્થિતિ છે અને સૂઝ-બૂઝ વગર **''ત્રિયાનાસી ઘર સંપતિ નાસી, મુંડ મુંડાવે ભયે સન્યાસી''** હવે પત્ની મરી જ ગઈ તો જાય કયા ? રસોઈ બનાવવાવાળા ઘરમાં કોઈ નથી તો સંન્યાસ લેવો બધાથી સારો છે ને ! તૈયાર બનાવેલી રસોઈ મળે.

તો તે જે એક વૈરાગ્ય છે તે આગળ વધારતો હોય, તો તે પણ સારી વાત છે, ખરાબ વાત નથી. પરંતુ તે શરૂઆત સારી નથી. સારી શરૂઆત તો એ છે કે જયાં બધું જ હાજર છે અને તમે વિરકત થઈ ગયા અને તે વિરકત તમે કેવી રીતે થયા ? વસ્તુના દોષ દર્શનથી નહીં, પરંતુ તમારી પાસે તેનાથી પણ સારી પસંદગી છે, એટલા માટે. એટલે કે વસ્તુની બ્રહ્માત્મકતાના જ્ઞાનથી તમે જે વસ્તુની ક્ષુદ્રતા આ નામ રૂપની ક્ષુદ્રતા છે તેને ઓળખી લીધી, વસ્તુના બ્રહ્માત્મકતાના જ્ઞાનથી, નામરૂપની ક્ષુદ્રતાને જયારે તમે ઓળખી લીધી અને તમે જ્ઞાનથી આગળ વધ્યા અથવા નામરૂપની લીલાત્મકતાથી તમે લીલાકર્તા તરફ વળી ગયા. કે જે નામ રૂપ છે તે આખું જગત એ પ્રભુની લીલા છે. તો આ લીલા એટલી આકર્ષક છે, તો લીલાકર્તા કેટલો આકર્ષક હશે, ખ્યાલમાં આવ્યું ?

''તે કર્તામાં કમી શેની રહે, દયા વિચારો મન'' દયારામભાઈ કહે છે ને! કે જેની રચનાથી જગતમાં આપણે મોહિત છીએ, તો જેની રચના ઉપર આપણે એટલા મોહિત થઈ રહ્યા છીએ, તો તે રચનાકાર ઉપર ભૂલેચૂકે થોડું ધ્યાન કયારેક ચાલ્યું જાય તો વાત સમજમાં આવી શકે. તો તેના કારણે ફરી તે મોહના કારણે **''મન તે મોહનમાં શે ના મોહે, તેને કારણ ચિત્ત સીદના પ્રોયે''** તેના કારણે જે પાછી વિરક્તિ આવી રહી છે. વિસ્મૃતિ આવી રહી છે તો ખૂબ સ્વસ્થ (હેલ્ધી) શરૂઆત છે. બધી જગ્યાએથી અહીં પીટાઈ ગયા. પછી તો ઠીક છે ને ! તો બીજુ તો શું થાય ? તો આ ન થાત તો ગઢપણમાં ગોવિંદ નહીં ગાઈએ તો કોને ગાશું ? બાયડી હોય જ નહીં તો બાયડીને કયાંથી ગાશું ? છોકરાઓ

ઘરમાં જ રાખવા તૈયાર ન હોય તો શું ગાવું ? પછી એ તો ગોવિંદ ગુણ ગાશે એ તો સ્વાભાવિક વાત છે ને ! નહીં ગાશે તો કરશો શું બીજું ? તો એ સ્થિતિ છે.

પરંતુ ગઢપણમાં નહીં, બાલ્યકાલમાં કોઇ કારણથી જો તમને આ વાત સ્ફુરિત થઇ રહી છે. યૌવનમાં આ વાત સ્ફુરિત થઇ રહી છે, તો પછી કાંઇક તમે તમારું યૌવનપૂર્ણ મન પ્રભુને આપ્યું. પ્રભુને પણ તે મનને સ્વીકારવાનો જે ભાવ છે. તેમા તો બહુ જ ફરક છે ને ! અહીંયા મૂળવાત એ સમજવાની છે કે જે આપણે અહીં એક લાઇન કરી છે તે લાઇન ઉપર ધ્યાનથી જોશો ને ! તો કાંઇક આવા ઉતાર–ચઢાવ ત્યાં છે.

જેમ કે યમુનાષ્ટકનો જે મુદ્દો હતો. તે એકદમ ઉપર હતો. બાલબોધ પાછો નકશામાં નીચે આવ્યો, સિધ્ધાન્તમુક્તાવલીમાં તેને ફરી થોડો ઉપર કર્યો. પુષ્ટિપ્રવાહમર્યાદામાં ફરી પાછો તે નીચે આવ્યો. સિધ્ધાન્તરહસ્યમાં પાછો ઊંચે ગયો. નવરત્નમાં જે સમર્પણ છે, તેને તે જીવી નથી શકતો, તેનું સંપૂર્ણ આચરણ આપણે નથી કરી રહ્યા. તેથી નકશાકીય એક પાછી બીજી લાઇન નીચે આવી અને તે જે લાઇન નીચે ગઇ ત્યાંથી જ કાંઇક વધારે થોડું સ્થિર (સ્ટેબેલાઇઝ) કરવા માટે અંતઃકરણ પ્રબોધ આવ્યો. એટલે કે ઉપર તરફ ઝુકાવ છે, પણ તે જ મુદ્દાઓને સ્થિર કરવા માટે અને તે અંતઃકરણ પ્રબોધ પછી જેમ કે ફરી વિવેકધૈર્યાશ્રય આવ્યો. તો તે ભકિતના જે મુદ્દાઓ છે તેને આ પ્રકારથી સમજો, તો ભકિતના પોઇન્ટ ઉપર કદાચ તે ઉંચે ન ગયો. પણ પ્રપત્તિનો જે પોઇન્ટ છે–મુદ્દો છે તેમા તે આવી રીતે તે આગળ વધી રહ્યો છે, પ્રપત્તિના મુદ્દાઓ પર તે વાત આગળ વધી રહી છે. તે વાત કૃષ્ણાશ્રય સુધી લાવીને શ્રીમહાપ્રભુજીએ ત્યાં પાછો ભકિતના ઉચ્ચ મુદ્દાઓ ઉપર લઇ જવા માટે છોડી કે તમે કૃષ્ણાશ્રિત છો તો તમને પંચમ પુરુષાર્થની ભકિત, પંચમ પુરુષાર્થ અંતર્ગત ભકિત તમને પાછી પ્રાપ્ત થશે.

દેખીતી રીતે (એપેરેન્ટલી) ‘‘વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ, તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોડબ્રવીત’’ તો તે જે પાછી એક સહાય મળી છે, તે સહાયના લીધે

ઉચ્ચકક્ષામાં ભકિતવર્ધિની આવી કે ''યથા ભકિતઃ પ્રવૃદ્ધ્વા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે'' તે જે એક ઉચ્ચકક્ષાનો વળાંક તેને મળ્યો તેમાં તે ભકિતને વધારવાની અંતર્ગત જે કથા અને સેવા અને સેવાકથા વગેરે જે કાંઇ ઊંચે ઊંચે ઊંચે જતા જે મુદ્દાઓ છે, તે મુદ્દાઓ ઉપર નકશાકીય એક વાત સમજો.

આ નકશાને દોરીને રાખવો હોય તો રાખજો હો ! મેં તો અધુરો બનાવ્યો છે. પણ સમજી જાશો તો કાંઇ દોરવામાં તકલીફ નહીં થાય અને વાતને સમજવામાં પણ તકલીફ નહીં થાય. તે નકશામાં શ્રીમહાપ્રભુજીએ મૂળ તો ભકિતના પાંચ અધિકારી બતાવ્યા. એટલા માટે મેં તેને નંબર આપ્યા છે. એક, બે, ત્રાણ, ચાર અને પાંચ. આ જોઈ લ્યો. આ પ્રકારે આપણે તેનો નકશો બનાવવાનો છે. તો આમા ભકિતની વાત કયાંક ઊંચે જઇ રહી છે, તો કયાંક ભકિતની વાત નીચે આવી રહી છે.

જયાં દઢબીજભાવ છે, ત્યાં ઉંચે જઇ રહી છે. કયાંક અદઢ બીજભાવ છે ત્યાં નીચે આવી રહી છે. અદઢ બીજભાવમાં પણ જે અવ્યાવૃત્ત થઈ રહ્યો છે. તો સેવા કથા પ્રાણાલીથી તે ફરી પાછી ઊંચાઇ પકડી રહી છે અને જે અવ્યાવૃત્ત નથી અને વ્યાવૃત્ત છે તો તે ફરી પાછી કેવલ શ્રવાણની પ્રક્રિયાથી તે નકશાની જે લાઇન છે તેનો નીચે તરફ ઝુકાવ આવી રહ્યો છે અને તે પ્રકારના ઝુકાવમાં કે સાતત્યમાં આ બધા ગ્રંથોનું શું સ્વરૂપ છે, એ ઘાણાં વરસ પહેલા જયારે આ ષોડશગ્રંથ છપાયા હતા. ત્યારે મેં આમા આનો નકશો આપ્યો હતો. એક વખત સમજી લેશો તો આગળની બધી વાત સમજવામાં તકલીફ નહીં થાય. તેમા જે ભકિતના પાંચ અધિકારી આપણે બતાવી રહ્યા છીએ તે રીતે સમજો.

યમુનાષ્ટકને આપાણે બિલકુલ સરળતાથી વ્યવસ્થિત રીતે સમજી શકીએ કે, ભકિતવર્ધિનીમાં કહેલા પાંચ અીધકારીઓ માટે છે. બાલબોધ આમ તો કોઈના માટે નથી. પણ શું છે કે સફેદને સમજવા માટે કાળુ પણ સમજવું જ પડશે, તો કાળાને સમજશું તો સફેદ સમજમાં આવશે. એટલા માટે ફરીથી પાંચેય માટે છે. આમ તો કોઇના માટે નથી, પણ સર્વસિદ્ધાન્ત સંગ્રહ છે અને સિદ્ધાન્તમુક્તાવલી ધ્યાનથી સમજો કે પાંચેય માટે છે. પુષ્ટિપ્રવાહમર્યાદામાં

પાછું જે સિદ્ધાન્તમુક્તાવલીમાં સ્વ સ્વરૂપ જ્ઞાનનો જે મુદ્દો હતો, તે સ્વરૂપ જ્ઞાન કરાવવા માટે પુષ્ટિપ્રવાહમર્યાદા પાછું પાંચેય માટે છે કે જેનાથી પુષ્ટિમાર્ગમાં ભકિતમાર્ગના અંતર્ગત સેવા અથવા કથા અથવા સેવા-કથા બન્ને અથવા પ્રપત્તિ (શરણાગતિ)ની નકશાકીય વાત નીચે આવી, ત્યાં સુધી પણ તમને તમારી મર્યાદા ખબર પડી જાય કે તમે કયા છો ? કે જેનાથી તમને માર્ગ પસંદ કરવામાં કોઈ પ્રકારની તકલીફ ન પડે.

ત્યારપછી સિદ્ધાન્તરહસ્ય જે છે તે ધ્યાનથી જુઓ ! તો સમજમાં આવશે કે તે બે અને ચાર માટે છે, એક, ત્રણ અને પાંચ માટે સિદ્ધાન્તરહસ્ય નથી. જો આ વાત સમજમાં આવતી હોય તો તો સિદ્ધાન્તરહસ્ય જે છે તે બે અને ચાર અધિકારી માટે છે. ભકિતવર્ધિનીમાં કહેલા પાંચેય અધિકારીઓ માટે પાછો નવરત્ન ગ્રંથ આવી રહ્યો છે અને એ જ વાત અંતઃકરણપ્રબોધ માટે છે. વિવેકધૈર્યાશ્રય માટે આપણે આ વાતને સામાન્ય રૂપથી સમજી શકીએ કે સામાન્ય રીતે વિવેકધૈર્યાશ્રય બધાના માટે છે. પણ વિશિષ્ટ રીતે જેને વિવેકધૈર્યાશ્રયની એકદમ પ્રબળ જરૂરિયાત છે તે ચાર અને પાંચ અધિકારીને છે. ચાર અને પાંચ કયા પ્રકારના ? તો કૃષ્ણાશ્રય તો આપણે જાણીએ જ છીએ કે તે તો આધાર છે જ. કૃષ્ણાશ્રય જો ખંડિત થયો તો ન પ્રપતિ છે કે ન પછી ભકિત છે. પછી તો શ્રીમહાપ્રભુજીના મતમાં કાંઈકને કાંઈક નાટક જ છે. એટલા માટે હું નિરંતર કહી રહ્યો છું કે કૃષ્ણથી વિમુખ કરનાર ભલે પ.ભ. હોય, ભલે બાપા કે બાપી હોય, ભલે ગોબા હોય જો કૃષ્ણથી વિમુખ કરવાવાળો છે તો નાટક અને નાટક જ છે. તો તે કૃષ્ણાશ્રયને તો એકદમ દૃઢતાથી પકડીને રાખવાનો જ છે. તેથી તે બધાના માટે છે.

ફરી અહીં ધ્યાનથી જુઓ ચર્તુઃશ્લોકી બે અને ચાર અધિકારી માટે છે. કારણકે ભકિતને પંચમ પુરુષાર્થ તરીકે જીવવાની જે એક દૃષ્ટિ છે તે જીવવાની દૃષ્ટિ બે અને ચાર માટે થોડી વધારે આવશ્યક છે. ભકિતવર્ધિની દેખીતી રીતે (એપરેન્ટલી) પાંચેય અીધકારી માટે છે. કારણકે આમાં પાંચેયને બતાવ્યા છે. એ જ પ્રકારે જલભેદ પણ પાંચેય અધિકારી માટે છે. કારણ કે જે સેવા કરી રહ્યો



ભકિતવર્ધિની વર્ણિત (૫) અધિકારીઓમાંથી (૧૬) ગ્રંથમાં કયો અધિકારી ઉપદેશ્ય છે.

છે તેના માટે શ્રીમહાપ્રભુજી એવું નથી ઈચ્છતા કે તે બિલકુલ શ્રવણ રહિત જ રહે. કોઈ કારણોસર રહેતો હોય તો ભલે રહે. પરંતુ એવી અપેક્ષા નથી કે શ્રવણ રહિત રહે અને જલભેદ અને પઞ્ચપદ્યાનિ જે છે તે સેવાકર્તા શ્રવણ કીર્તન વગર રહે તે તો શ્રીમહાપ્રભુજીની અપેક્ષા નથી. તેથી તે બધા માટે છે.

હવે જે આપણો ગ્રંથ આવી રહ્યો છે સંન્યાસનિર્ણય તે ધ્યાનથી સમજો, એક, ત્રણ અને પાંચ અધિકારી માટે આવી રહ્યો છે. બે અને ચાર અધિકારી માટે નહીં. વાત સમજમાં આવી રહી છે ? તો જે એક, ત્રણ અને પાંચ અધિકારી છે તેના માટે સંન્યાસનિર્ણય ગ્રંથ પ્રકટ થઈ રહ્યો છે. બે અને ચાર માટે સંન્યાસની કોઈ આવશ્યકતા જ નથી. જે શ્રીઠાકોરજી સાથે ઘરમાં જીવી રહ્યો છે. તેનું ઘર કારાગ્રહ નથી. શ્રીમહાપ્રભુજી તેના ઘરને તો મુકિતથી અધિક કહે છે. **''ભકતાનાં સંસારો મુકત્યપેક્ષયા અધિકઃ''** ભકતનો જે સંસાર છે તે તો મુકિતની અપેક્ષાથી અધિક છે. તો ન તો તેનું ઘર કારાગ્રહ છે કે ન તો તેનું ઘર સંસાર છે. જો ભગવાનની સાથે આપણે સંસારમાં જીવી રહ્યા છીએ તો તેનો તો સંસાર પણ ભકિત છે. તો તે સંન્યાસનિર્ણય જે છે તે બે અને ચારના માટે નથી. મૂળમાં તે એક, ત્રણ અને પાંચ અધિકારી માટે છે.

આ નકશો નવરાશ હોય ત્યારે ફરીથી બનાવજો. અત્યારે બનાવવો તો મુશ્કેલ લાગશે. પરંતુ ફરીથી કયારેક આ પ્રકારે નકશો બનાવીને જોઈ લેજો. કારણકે મેં અહીંયા નકશો બનાવવા માટે જગ્યા જ નથી રહેવા દીધી એવી ગડબડ થઈ ગઈ.

હવે ફરીથી જુઓ નિરોધલક્ષણ પાછો બધાના માટે છે. તે કોઈ એકના માટે નથી અને સેવાફલ ફરી ધ્યાનથી સમજો કે બે અને ચાર અધિકારી માટે આવતી વાત છે. સેવાફલ બધાના માટે નથી. કારણ કે ''સેવાયાં ફલં ત્રયમ્ ન તુ કથાયામ ફલં ત્રયમ્'' તો જેવું આપણે ''સેવાયાં ફલં ત્રયમ્'' કહ્યું તો ભકિતવર્ધિની યુકત બીજો અને ચોથો અધિકારી આવ્યો. એક, બે, ત્રણ આપમેળે જ બાકાત થઈ ગયા.

ાા ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતાનિ પઞ્ચપદ્યાનિ ાા

॥ સન્યાસનિર્ણય ॥

ભૂમિકા:-

આ બધા ષોડશ ગ્રંથોને ભકિતવર્ધિનીના સારાંશમાં ગોઠવણી કરવાનો દષ્ટિકોણ હતો. જે આપણે ધ્યાનથી સમજવું પડશે. જેનાથી આપણને **‘‘અધિકારી પાંખે એ વાણી નહીં કોને ઉચ્ચાર’’** વાળી વાત સમજમાં આવે કે કોને શું કહેવાનું છે. આ આપણા મગજમાં એ વિચાર સ્પષ્ટ રહેવો જોઈએ કે શ્રીમહાપ્રભુજી કોને શું કહેવા માંગે છે ? જો આ વાત આપણા મનમાં સાફ નહીં હોય તો પછી આપણને ઘણી ઘણી મુંઝવણ ગ્રંથના હેતુને સમજવા માટે ઉત્પન્ન થશે. કારણ કે સેવા કરતા કરતા આપણને સંન્યાસ લેવાની ઈચ્છા થશે અને સેવા કરતા કરતા સંન્યાસ લેવાની ઈચ્છા થશે તો બરાબર તે જ સ્થિતિ થશે.

જેમ કે આપણે ત્યાં શ્રીગુસાંઈજીની વાર્તામાં આવે છે કે જે વખતે શાકમાં કોઈ ટૂક મોટા આવી ગયા તો શ્રીગુસાંઈજીએ કહ્યું કે ભાઈ મારા ઘરમાં જો પ્રભુના શ્રમનો આટલો વિચાર ન થાય તો ગ્રાહસ્થ્ય નિભાવવો નકામો છે. તો હું સંન્યાસ લઈશ. તો ગિરધરજીને આજ્ઞા કરી કે મારા કપડા ભગવા રંગી દયો, હું ઘર છોડીને જઈશ અને પછી શ્રીનવનીતપ્રિયાજીએ ગિરધરજીને આજ્ઞા કરી કે મારો તનિયો પણ ભગવા રંગમાં રંગી દયો. તો જયાં શ્રીગુસાંઈજીના ભગવા કપડા સુકાતા હતા, ત્યાં શ્રીનવનિતપ્રિયાજીનો એક તનિયો પણ ભગવા રંગમાં સુકાઈ રહ્યો હતો. તો શ્રીગુસાંઈજીએ પુછ્યું કે ભાઈ આ શું છે ? આ તનિયો અહીં કયાંથી આવી ગયો ? તો તેઓએ કહ્યું કે શ્રીનવનીતપ્રિયાજી પણ કહી રહ્યા છે કે ભાઈ આપ જઈ રહ્યા છો, સંન્યાસ લઈને તો અમે પણ સંન્યાસ લઈને જશું પછી અહીં રહીને શું ફાયદો ? જેના ભરોસે જે ઘરમાં રહેતા હોય તે જ સંન્યાસ લેતા હોય તો ચાલો આપણે પણ સંન્યાસી ભલા.

આવી જ પરિસ્થિતિ દામોદરદાસજી અને શ્રીમહાપ્રભુજી વચ્ચે પણ ઉત્પન્ન થઈ હતી કે જે વખતે શ્રીમહાપ્રભુજી સંન્યાસ લેવા માંગી રહ્યા હતા. ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે જો આપ સંન્યાસ લઈ રહ્યા છો તો હું પણ સંન્યાસ લઈ લઉ અને શ્રીમહાપ્રભુજીએ તેમને ખાસ સમજાવવું પડયું કે નહીં

ભાઈ ‘‘સંન્યાસ કયારે લેવાય ? કયારે ન લેવાય ? હું શું કામ લઈ રહ્યો છું ? મારા માટે સંન્યાસ લેવો શું કામ આવશ્યક છે ? અને તમારા માટે લેવો શું કામ અનાવશ્યક છે?’’ આ સમજાવવું પડ્યું છે. દામોદરદાસજીને કે મારી પાછળ–પાછળ ખોટી રીતે મારું અનુકરણ નહીં કરો. તમે જયાં છો, ત્યાં જ રહો.

હવે જુઓ, જે દામોદરદાસજી માટે શ્રીમહાપ્રભુજી એ આજ્ઞા કરી રહ્યા છે કે **‘‘દમલા યે માર્ગ તેરે લીયે પ્રકટ કીયો’’** તે જ દમલાને સંન્યાસમાં આપશ્રી સાથે નથી લઈ જતા. તમે અહીં જ રહો. કારણ કે તે કારણ જ કાંઈક બીજું છે કે જયાં દામોદરદારસજીની જરૂરત નથી. દામોદરદાસજી શ્રીમહાપ્રભુજીની સ્વરૂપાસકિતના કારણે સંન્યાસ લઈ રહ્યા છે. તે સ્વરૂપાસકિતની આ સંજોગોમાં આવશ્યકતા નથી. તેથી શ્રીમહાપ્રભુજી ના પાડી રહ્યા છે કે શું કામ વ્યર્થમાં સાથે આવી રહ્યો છે ? જયાં તમને રાખ્યા છે, જયાં નિયત કર્યા છે ત્યાં જ રહો. કર્તવ્ય પર રહો, નકલ ન કરો.

તો આ વાત ધ્યાનથી સમજો કે જે આટલા શ્રીમહાપ્રભુજીના સર્વસ્વ છે અને એક વાત સમજો કે શ્રીમહાપ્રભુજીના ઘણાંખરા સેવક જો કે સરખામણી ન કરવી જોઈએ. પણ ફકત મુદ્દાને સમજાવવા માટે સરખામણી કરીને બતાવી રહ્યો છું. તેનાથી વધારે કોઈ ગંભીર તાત્પર્ય આમા મારું નથી. પણ ઘણાંખરા સેવક શ્રીમહાપ્રભુજીનાં કાંઈકને કાંઈક, કોઈને કોઈ માર્ગથી આવ્યા છે અને દામોદરદાસજી કોઈ માર્ગથી નથી આવ્યા. શ્રીમહાપ્રભુજીની સામે એકદમ કુદકો માર્યો છે, જેવી રીતે આકાશમાંથી વરસાદ વરસેને એવી રીતે શ્રીમહાપ્રભુજીની સામે દામોદરદાસજી વરસી ગયા છે.

જયારે મિલકતના ભાગ (પ્રોપર્ટી પાર્ટીશન) થઈ રહ્યા હતા અને તેઓ ઉદાસ બેસીને વિચારી રહ્યા હતા કે આ શું ઘરમાં લફડો થઈ રહ્યો છે અને એટલામાં શ્રીમહાપ્રભુજી દેખાઈ ગયા. કોઈ વાર્તામાં એમ કહ્યું છે કે તેઓ ઉપરથી કુદ્યા છે. કોઈમાં એમ કહ્યું છે કે દોડીને ભાગી ગયા. હવે જે પણ કાંઈ હકીકત હોય પણ એક વાત સમજો કે લાગણીની દષ્ટિએ તે કોઈ માર્ગથી શ્રીમહાપ્રભુજી પાસે નથી પહોંચ્યા. જઈને સીધા વરસી ગયા છે અને પાછળ

પાછળ સીધા ચાલી જ નીકળ્યા છે. કાંઈ વાત જ નથી કરી શ્રીમહાપ્રભુજીએ પણ ફકત એટલું જ પુછયું કે ''દમલા ! તુ આવ્યો ? તેમણે કહ્યું હા આવી ગયો'' તો ચાલો સાથે.

તો આ ઉત્કૃષ્ટ કોટિના પારસ્પરિક લગાવમાં શ્રીમહાપ્રભુજી આટલા નિષ્ઠુર કેમ થઈ રહ્યા છે ? વિચારો કે દામોદરદાસજીના હૃદય ઉપર શું વિત્યું હશે ? કે જે વખતે શ્રીમહાપ્રભુજીએ એમ કહ્યું હશે કે તને સાથે નથી લઈ જઈ રહ્યો. જયારે તેમને તો કોઈ ગૃહસ્થી પણ નહોતી. શ્રીમહાપ્રભુજી સંન્યાસ લઈ રહ્યા છે, તો શ્રીનવનીતપ્રિયાજીની જેમ દામોદરદાસજી પણ કહી રહ્યા છે કે ચાલો હું પણ સંન્યાસ લઈશ. તો શ્રીમહાપ્રભુજી ના પાડી રહ્યા છે. કારણ કે સંન્યાસનિર્ણય તમારા માટે નથી આ વાતને ધ્યાનથી સમજો.

તેથી આ બે પ્રસંગ એક શ્રીમહાપ્રભુજીના ચરિત્રનો અને એક શ્રીગુસાંઈજીના ચરિત્રનો-સંન્યાસના બે પ્રસંગ સંન્યાસનિર્ણય કરવા માટે આપણે ત્યાં ખૂબ જ પ્રેરક પ્રસંગ છે. તો આ વાતને સમજીને આપણે સંન્યાસનિર્ણય ઉપર આગળ વધીશું. બીજી એક વાત જોઈ હતી, જો કે પુસ્તકના અંતર્ગત નહોતી આવી. ચાલતા ફરતા વાત આવી ગઈ હતી અને તે વાત એ હતી કે યોગ અને ધ્યાન જે છે તે તમને યાદ હોય તો કલા છે અને તપ અને જ્ઞાન જે છે તે કૌશલ છે, કલા નથી. તો એકવાત ધ્યાનથી સમજો કે હું તેના વિસ્તારમાં નહીં જાઉ. કારણ કે જેને આ વાત સમજમાં નથી આવી. તેને આજે પણ નહીં સમજાય.

પરંતુ થોડોક કલા અને કૌશલનો ભેદ જે સમજતા હશે ને ! કલા શું છે ? અને કૌશલ શું છે ? આર્ટ (કલા) શું છે ? ક્રાફટ (કૌશલ) શું છે ? તો ત્યાગ એક કૌશલ્ય છે અને વૈરાગ્ય જે છે તે એક કલા છે. આ વાતને સારી રીતે સમજશોને તો બધી વાત સમજમાં આવશે. સંન્યાસમાં બન્ને તત્ત્વ છે. એક તત્ત્વ ત્યાગનો છે અને એક તત્ત્વ વૈરાગ્યનો છે. પણ તે સંન્યાસમાં જે વૈરાગ્યવાળો તત્ત્વ છે, તે તો કલા છે. તે કૌશલ નથી. જીવન જીવવાની એક કલા (આર્ટ) છે અને સંન્યાસમાં જે ત્યાગવાળો ભાગ છે તે કલા નથી, તે તો એક કૌશલ છે.

તેમાં કાંઇક પરસેવો આવશે. તેમાં અનુભૂતિ નહીં થાય, પરસેવો આવશે. તેને અનુભૂતિની કોઈ જાતની સહજ પ્રેરણા નહીં થાય. પણ વૈરાગ્ય અને ત્યાગ બન્ને મળીને સંન્યાસ થાય છે. એ વાત ભૂલવી ન જોઈએ. કારણ કે વૈરાગ્ય છે અને ત્યાગ નથી તો સંન્યાસ નથી. એવા ઘણા વિરકતો જીવી ગયા કે જેને ઘણો વૈરાગ્ય હોય પણ ત્યાગ ન હોય. તો સંન્યાસનો જે પ્રચલિત અર્થ છે તે અર્થમાં તે સંન્યાસ નથી. આધ્યાત્મિક અર્થમાં સંન્યાસ કહી દયો તે જુદી વાત છે અને એમ જ ત્યાગ કર્યો છે અને વૈરાગ્ય નથી. ત્યાગ તો કરી દીધો, બધી વસ્તુ છોડી દીધી.

જેમ કે આપણે એકાદશીના દિવસે ભોજન નથી કરતા અને પછી ઢોકળા–ફાફડાના સપના જ આવતા રહે. ત્યારે ત્યાગ તો કર્યો જ છે ને ! પણ ત્યાગ કર્યા પછી જે ઢોકળા અને ફાફડાના સપના આવી રહ્યા છે, તો મતલબ વૈરાગ્ય તો નથીને ! તો તે પણ સંન્યાસ નથી. તો આ વાત ખાસ ધ્યાનથી સમજવી જોઈએ. કારણ કે આપણને વૈરાગ્ય નથી. તેથી પાછા કુટીના ઢોકળા ખાવા પડે અને પછી પેલી બટેટાની વેફર ખાવી પડે અને એવી પચ્ચીસ વસ્તુ ખાવી પડે.

કારણ કે તે દિવસે આપણે ત્યાગ કરી રહ્યા છીએ. પરંતુ આપણને અન્નનો વૈરાગ્ય કયા આવ્યો છે ? અન્નનો ત્યાગ કેટલો સહેલો છે ? અને કેટલો સ્વાદિષ્ટ છે, કે રોજ દશ વસ્તુ ન બનતી હોય પરંતુ એકાદશીના દિવસે દસ–પંદર વસ્તુ બની જાય. કારણ કે તે દિવસે આપણે અન્નનો ત્યાગ કર્યો છે. તેથી આપણે કાંઈક અન્નના વળતરમાં માંગીએ કે ભાઈ આજે જમવાનું નથી. તો બોલે કે પછી આ પણ બનાવો, ને આ પણ બનાવો, ને પેલું પણ બનાવો. સાબુદાણાની, પેલી તપકીરની બરફી જેવું બનેને રબ્બર જેવી ઓ હો. નામ લેતા જ મોઢામાં પાણી આવી જાય.

તો એ વાત ધ્યાનથી સમજો કે આપણે સંન્યાસ તો કરી રહ્યા છીએ. પણ સંન્યાસમાં ત્યાગવાળો તત્ત્વ આવ્યો પણ વૈરાગ્ય વાળો તત્ત્વ ન આવ્યો તેથી તે દિવસે બેની જગ્યાએ દસ વસ્તુ બની જાય, કે જે રોજ ન બનતી હોય. તો આવા

ચક્કર છે તે ફકત એક એકાદશીનું ઉદાહરણ જોશોને તો સમજમાં આવશે અથવા કયારેક હરિદ્વાર ઋષિકેશ જઈને જોઈ લેશો તો સમજમાં આવશે.

આપણા કોઈના ઘર એટલા વૈભવશાળી નહીં હોય, જેટલા ત્યાંના આશ્રમ વૈભવશાળી છે. દરેક આશ્રમ ઉપર એન્ટેના લાગેલું છે કેટલાક આશ્રમમાં ફેષ્ટોયસ કૂતરાઓ પણ છે. ત્યાં પાટિયુ પણ લખેલું હોય છે, કૂતરાથી સાવધાન (બિવેર ઓફ ડોગ) તમને વિચાર થાય કે ભાઈ શું બધી દુનિયા છોડીને હરિદ્વાર ઋષિકેશમાં રહેવા આવ્યાં. તો મેં એક આશ્રમમાં જઈને દરવાજાના ચોકીદારને પુછયું કે અહીં સ્વામીજી નથી રહેતા ? તેણે કહ્યુ અંદર બેઠા છે. મે કહ્યુ કે તો પછી અહીં (બિવેર ઓફ ડોગ) કૂતરાથી સાવધાન શું કામ લખ્યું છે ? તો તેણે કહ્યુ તમારે દર્શન કરવા હોય તો અંદર જાવ. નહીં તો અહીંથી જાવ. મેં કહ્યું સારું જાવ છું.

કૂતરાથી સાવધાન સ્વામીજીનાં આશ્રમમાં ? જે જગત્ છોડીને હરિદ્વાર આવ્યા, અને જે જગત્ છોડીને ઋષિકેશ આવ્યા અને કૂતરાથી શા માટે સાવધાન યાર ? તમારાથી જ પહેલા સાવધાન થવું પડશે, કૂતરાથી તો પછી કયારેક નવરાશથી સાવધાન થઈ જાશું. પહેલા તમારાથી સાવધાન થવુ પડશે. કારણ કે આ શું લડફો ઉત્પન્ન થઈ ગયો ? લફડા જ છે કે ત્યાગ કરી દીધો, વૈરાગ્ય જરાય નથી.

તો સંન્યાસનું જે પાસું છે તે ખરેખર તો નિયમથી તેને જુઓ તો વૈરાગ્ય+ત્યાગ = સંન્યાસ. વિપરીતતાથી જોઈએ તો ત્યાગ +વૈરાગ્ય= સંન્યાસ કયારેક શકય (પોસીબલ) બને છે. બાકી ત્યાગ કરી દીધો અને પછી આપણે વિચારીએ કે હવે ધીરે ધીરે વૈરાગ્ય કરીશું. તે તો કૂતરાની જેમ વિષયાસકિત પાછળ પડી જાશે. તે વિષયાસકિત ભસવાને બદલે કરડવા લાગશે. જયારે ત્યાગ પહેલા કરી દીધો. તો પહેલા તો આપણને ભસતી હોય. પરંતુ જે વખતે આપણે ત્યાગ કરી દઈએને પછી તો તે વિષયાસકિત આપણને કરડવા માંડશે.

તો સંન્યાસ શું છે ? તે વાત ધ્યાનથી સમજો. બીજા બધાની મને બરાબર ખબર નથી. પણ એટલી બરાબર ખબર છે. એવો મારો વિશ્વાસ છે. આ

દષ્ટિકોણથી મેં કયારેય વ્યવસ્થિત જોયું નથી. પણ આપણા શ્રીમહાપ્રભુજીના દષ્ટિકોણથી હું આ વાતને બિલકુલ ભારપૂર્વક તમને સમજાવવા માંગુ છું કે સંન્યાસ કહો કે ત્યાગ કહો કે વૈરાગ્ય કહો શ્રીમહાપ્રભુજીના મતે આ કોઈ માર્ગ નથી. માર્ગ નથી પણ માર્ગનું કોઈ અલંકરણ હોઈ શકે.

માર્ગનું હોવું અને માર્ગનું અલંકરણ એટલે શું ? કે તેના ઉપર આપણે વૃક્ષ વાવી દીધા. રસ્તા ઉપર આપણે સુરક્ષા ચોકી બેસાડી દીધી. જેમ કે પોલીસ ચોકીઓ દરેક રસ્તા ઉપર હોય છે. રસ્તા ઉપર હોસ્પિટલ કયા છે ? અકસ્માત થઈ જાય તો તેની સૂચના લગાવવામાં આવે કે ભાઈ અકસ્માત થઈ જાય તો અહીંથી એક માઈલ દૂર હોસ્પિટલ છે. રસ્તા ઉપર અહીંયા ડોકટર છે. તરસ લાગી હોય એટલે રસ્તા ઉપર પાણીની પરબ લગાવી દઈએ. ધર્મશાળા બનાવી દઈએ, રૈન બસેરા બનાવી દઈએ. આવા આવા રસ્તા ઉપર કેટલાંય અલંકરણ હોઈ શકે. રસ્તા ઉપર ફૂટપાથ બનાવી દઈએ. અલગ અલગ વિભાગ બનવી દઈએ. આ ઝડપ વિભાગ (ફાસ્ટ ટ્રેક) આ ઓછી ઝડપવાળો વિભાગ (સ્લો ટ્રેક) છે. ડિવાઈડર બનાવી દઈએ. લાઈટ લગાવી દઈએ. આ બધું માર્ગ નથી પરંતુ માર્ગના અલંકરણ છે.

શ્રીમહાપ્રભુજીના મતે માર્ગ તો કર્મ, જ્ઞાન અને ભકિત ત્રણ જ છે. શ્રીમહાપ્રભુજીના મતમાં ત્યાગ, વૈરાગ્ય અને સંન્યાસ કોઈ માર્ગની ક્ષમતા રાખતા નથી. તેથી શ્રીમહાપ્રભુજી ત્યાગ, વૈરાગ્ય, સંન્યાસની કોઈ સ્વતંત્ર યોગ્યતા માન્ય કરવા ઈચ્છતા નથી. તેથી શ્રીમહાપ્રભુજીએ આ ષોડશ ગ્રંથમાં સંન્યાસનિર્ણયને કર્મ, ભકિત અને જ્ઞાનના સંદર્ભમાં વિચાર્યો છે. કર્મ, ભકિત અને જ્ઞાનના સંદર્ભ વગર આપ બળે સંન્યાસનો વિચાર કરવાનું શ્રીમહાપ્રભુજીએ આવશ્યક નથી સમજયું. કારણ કે તે માર્ગ છે જ નહીં. માર્ગનું અલંકરણ હોઈ શકે. તો માર્ગની યોગ્યતા શ્રીમહાપ્રભુજી કર્મ, ભકિત અને જ્ઞાન આ ત્રણને જ આપે છે. સંન્યાસ, ત્યાગ અથવા વૈરાગ્યને નથી આપતા.

હવે સંન્યાસનિર્ણયનો મૂળભૂત સારાંશ એ છે કે સંન્યાસ ત્રણ પ્રકારના હોઈ શકે છે. (૧) કર્મ માર્ગીય (૨) જ્ઞાન માર્ગીય (૩) ભકિતમાર્ગીય. કર્મમાર્ગીય

એક પ્રથમ પ્રકાર સંન્યાસનો છે કે કર્મ બધા કરો પણ તેના ફલની આશા નહીં રાખો. કર્મમાર્ગીય બીજા પ્રકારનો સંન્યાસ છે, તે ચતુર્થાશ્રમ રૂપ સંન્યાસ છે. જે લગભગ આજે આપણી જીવન શૈલીમાંથી કોઇ હજારોમાંથી એકાદ વ્યકિત પાળતો હશે. કારણ કે ચાર આશ્રમની જે વ્યવસ્થા હતી, તે પૂરી ધ્વસ્ત થઇ ગઇ. એટલે કે પહેલો આશ્રમ (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસાશ્રમ.

આમ એક પછી એક આશ્રમમાંથી આપણે પસાર થવું પડે. શ્રીમહાપ્રભુજી આ પ્રકારના ચારેય આશ્રમમાંથી પસાર થયા હતા. તે જૂની (પુરાની) વ્યવસ્થા હતી. હવે તે વ્યવસ્થા ઉચ્છિન્ન થઇ ગઇ કારણ કે મૂળમાં બ્રહ્મચર્યાશ્રમ આજની તારીખમાં રહ્યો નથી. વાનપ્રસ્થાશ્રમ રહ્યો નથી. વાનપ્રસ્થાશ્રમ થોડો ઘણો રહ્યો છે. તો આપણે આ રીતે વિચારી શકીએ કે તે કયાંક કયાંક વૃદ્ધાશ્રમ બની ગયા છે અને જેના છોકરાઓ પોતાના મા-બાપને પાળતા નથી તે બિચારા વૃદ્ધાશ્રમમાં જઈને દાખલ થઇ જાય. પરંતુ તે વ્યવસ્થા પણ ખૂબ જ પાંગળી વ્યવસ્થા છે. આખા ભારતના બધા જે પ્રાક્‌વૃદ્ધ અવસ્થાના વ્યકિત છે, એટલે કે વૃદ્ધ પણ નથી અને જવાન પણ નથી રહ્યા. એવા જે વ્યકિત છે તેમની વાનપ્રસ્થની માંગને પહોંચી શકે એવી કોઈ વ્યવસ્થા આપણે હજુ સુધી પ્રસ્તુત નથી કરી શકયા. તો વાનપ્રસ્થ પણ ન રહ્યો.

સંન્યાસ જરૂર રહ્યો છે પરંતુ તે જે સંન્યાસ છે આજે જે પ્રકારે સંન્યાસ લેવામાં આવી રહ્યો છે તે ખૂબ જ વિચિત્ર સંન્યાસ છે. જેની શાસ્ત્રમાં કલ્પના પણ ન હતી, કે આજે બેઠા બેઠા વિચાર આવી ગયો કે ચાંદ ઘુટી લેવી જોઈએ, ભગવા પહેરી લેવા જોઈએ. તો ચાંદ ઘુંટી લીધી અને ભગવા કપડા પહેરી લીધા. આ સંન્યાસની વ્યવસ્થાની શાસ્ત્રને ખબર ન હતી, જે આજે ચાલી રહી છે. આ પ્રકારથી આપણા માટે શાસ્ત્રે જે વ્યવસ્થા સંન્યાસની વિચારેલ છે. તેનો વિસ્તાર આપણે કયારેક જોઈશું અત્યારે સમય નથી.

તો ચતુર્થાશ્રમરૂપ એક સંન્યાસ છે. જેમ કે ચાર વર્ણ હતા (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શૂદ્ર અને ચાર આશ્રમ હતા (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨)

ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ. હવે આપણે એમ સમજીએ કે શાળાએ જતો–કોલેજે જતો છોકરો બ્રહ્મચારી છે. તે જરૂરી નથી કે તે બ્રહ્માચારી છે એટલે કે બ્રહ્મચર્યનો મતલબ લગ્ન ન કરવા એવો નથી. બ્રહ્મચર્યનો મતલબ છે ઋષિકુલમાં રહીને અને શાસ્ત્રનું–વેદનું અધ્યયન કરવું.

બ્રહ્મનો મતલબ વેદ છે. તો વેદનું જે અધ્યયન કરે તે બ્રહ્મચારી. તે વેદના અધ્યયનના સંદર્ભમાં, આપણે આજે જે અર્થમાં બ્રહ્મચર્ય સમજીએ છીએ ને – સેકસ ન કરવું. તો તે વેદના અધ્યયન કરવાનો એક નિયમ હતો. પરંતુ આજકાલ તે અર્થમાં બ્રહ્મચર્ય વધારે પ્રચલિત થઈ ગયો અને બ્રહ્મનો જે વેદ અર્થ છે તે વેદાધ્યયનના અર્થમાં રહ્યો નહીં. તો કોઈ વેદ ભણે નહીં. ન બ્રાહ્મણના છોકરાઓ ભણે, ન ક્ષત્રીયના છોકરા ભણે, ન વૈશ્યના છોકરા ભણે, કોઈની પાસે સમય નથી અને જે ભણે છે તેની પાસે સમાજમાં એવું કોઈ કાર્ય કરવા જેવું નથી. કે જેથી તે પોતાના વિશિષ્ટ કાર્યને સમાજમાં નિભાવી શકે. ભણેલ શાસ્ત્રની જેમ કોઈ સામાજિક ઉપયોગીતા ન રહી તે બધી પ્રણાલી એકદમ ભાંગી પડી છે, મૃતપ્રાયઃ થઈ ગઈ છે.

હવે ભકિતમાર્ગીય સંન્યાસ પણ બે પ્રકારના હોઈ શકે. ભકિત પ્રાપ્ત કરવા માટે અથવા ભકિત સિધ્ધ થઈ ગઈ છે. ત્યાર પછીનો સંન્યાસ. ભકિત પ્રાપ્ત કરવા માટે પાછી બે શકયતા (પોસીબલીટી) શ્રીમહાપ્રભુજી બતાવે છે કે ભકિતના જે સાધક અંગ છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન. તે ઘરમાં આપણાથી નભી શકતા નથી, એટલા માટે આપણે સંન્યાસ લેવા માંગીએ છીએ. એક શકયતા આ છે. ઘરમાં વ્યવસ્થા જ એવી નથી કે જે વ્યવસ્થાની અંદર આપણે ભકિતના જે સાધક અંગ છે, શ્રવણાદિ, તેને નિભાવી શકીએ. તો ઘરમાં નથી નીભાવી શકતા તો ચાલો સંન્યાસ લઈ લેશુ તો ભકિત સાધક શ્રવણાદિ નિર્વાહાર્થ અને ભકિત બાધક ગૃહાદિ ત્યાગાર્થ. એક તો આપણો આ અભિગમ (એપ્રોચ) છે. ભકિતના સાધક શ્રવણાદિ જે છે, તેને ઘરના બદલે સંન્યાસમાં સારી રીતે નીભાવી શકીશું. તેથી સંન્યાસ લઈ લઈએ.

અથવા તો પછી ગૃહસ્થીની જે જીવનશૈલી છે તે બાધક થઈ રહી છે. તો ભકિત બાધક ગૃહાદિ ત્યાગાર્થ એક સંન્યાસ. એવા બે પ્રકારના ભકત્યર્થ સંન્યાસ હોઈ શકે છે. અહીંયા બન્નેમાં આપણે જોઈ શકીએ છીએ કે તે પ્રકારના સંન્યાસ લેવાની વૃત્તિમાં જે સાધક છે તેના દિલમાં એવી ભાવના છે કે કોઈ પ્રકારે હું ભકિત હાંસલ કરું. ભકિત હાંસલ કરું તેના માટે ભકત્યર્થ સંન્યાસ.

બીજો એક ભકત્યુત્તર સંન્યાસ છે. એટલે કે ભકિત આપણને પ્રાપ્ત થઈ ગઈ છે. તો તે ભકિત પ્રાપ્ત થઈ ગઈ છે, તેના કારણે દુનિયાની વાતોનું આપણને આકર્ષણ નથી રહ્યું.તેના કરણે ભગવાનમાં આપણે આસકત થઈ ગયા છીએ. તો આ એક જે સંન્યાસનો પ્રકાર છે, તેમાં ગૃહત્યાગની જરૂર નથી. ઘરમાં રહીને પણ માણસ આ અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

જેમ કે ચતુર્થાશ્રમરૂપ કર્મમાં કહેવામાં આવ્યું છે કે, આ કર્મફલ ત્યાગમાં ચાંદ ઘુટાવવાની અથવા ભગવા કપડા પહેરવાની જરૂરત નથી. જે પણ કાંઈ તમે કર્મ કરી રહ્યા છો. કરી રહ્યા છો તો કર્મના ફલનો તમે ત્યાગ કરી રહ્યા છો, કર્મનો ત્યાગ નથી કરી રહ્યા. કર્મ બધા નિભાવી રહ્યા છો. પરંતુ તેના ફલની આકાંક્ષા તમારા હૃદયમાં નથી. જે ગીતામાં જે સંદેશો છે. લગભગ તેની જ સમાંતર ભકિતમાં આ સંદેશો થઈ જશે કે આપણે આખા જગતનાં જે વિષયો છે, તેની વચ્ચે રહીએ છીએ. પરંતુ તેમાં આપણે આકર્ષિત નથી. આકર્ષિત છીએ આપણે ભગવાનમાં. તો જયારે તેમા આકર્ષિત નથી અને ભગવાનમાં આકર્ષિત છીએ તો જયારે આ આસ્થા આપણને હાંસિલ થઈ ગઈ, તો ત્યાગ કરવાની શું જરૂરત છે? ત્યાગવાનો મતલબ કે આપણને કાંઈક તેનાથી ડર લાગી રહ્યો છે. મતલબ કાંઈકને કાંઈક આપણી અંદર કમજોરી છે. તો જયારે ડર લાગી રહ્યો છે મતલબ કમજોરી છે.

તો તેનો મતલબ કે કોઈને કોઈ પ્રકારની હકારાત્મક નહીં તો નકારાત્મક આસકિત તો આપણી તેની સાથે છે. તો તે પ્રપંચ વિસ્મૃતિ આપણને નથી થઈ રહી અને એક બીજો ભગવદ્ વિરહાનુ ભવાર્થ, કારણ કે ઘરમાં આપણે રહીએ છીએ. ઘરનું વાતાવરણ જ એવું ખલેલવાળુ છે કે જેમા ભગવાનના વિરહની

અનુભૂતિ આપણે કરીશું તો લોકો આપણને પાગલ સમજશે. તે ખલેલ કરવાવાળા લોકોને આપણે પાગલ સમજશું હવે કોણ પાગલ છે ? તે આપણને પૂરા પાગલ સમજે, આપણે તેને અર્ધ પાગલ સમજીએ. તે આપણને અર્ધ પાગલ સમજે. આપણે તેને પૂરા પાગલ સમજીએ. તે પ્રકારનો જે કુટુંબમાં સંઘર્ષ ચાલે છે તે સંઘર્ષની અવગણના કરવા માટે ભગવદ્ વિરહાનુભવાર્થ ગૃહત્યાગ કરવાની છૂટ છે.

જેવી રીતે ભકત્યર્થ અને ભકત્યુત્તર સંન્યાસ એવી રીતે જ્ઞાનમાર્ગીય સંન્યાસ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને જ્ઞાનોત્તર. (૧) જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સંન્યાસ અને (૨) જ્ઞાન પ્રાપ્ત થયા પછીનો સંન્યાસ. આ જ્ઞાન મતલબ કોઈ પી.એચ.ડી. અથવા એમ.એ. અને આવી બધી ડિગ્રી વાળુ જ્ઞાન નહીં. આ જ્ઞાન મૂળભૂત રીતે સર્વત્ર બ્રહ્મ છે, જીવ જે છે તે દેશના (સ્થાનના) સ્વરૂપપણાથી ગતાર્થ નથી. જીવ ખુદ પોતાનામાં એક અલગ હકીકત છે. દેહ ખુદ પોતાનામાં અલગ હકીકત છે. આ પ્રકારનું જ્ઞાન છે, તે જ્ઞાન કહેવાય છે. એટલે કે જીવના સ્વરૂપનું જ્ઞાન, બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન, તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જો આપણે ઘરમાં રહીશું તો જીવને દેહમાં ફસાયેલ રહેવું પડશે. દેહને પરિવારના કાર્યમાં ફસાઈને રહેવું પડશે.

જેમ કે શંકરાચાર્યએ ખૂબ જ સુંદર કહ્યું છે કે **''ન ભૂમિઃ ન તોયં ન તેજો ન વાયુર્ ન ખં નન્દ્રિયં વા ન તેષાં સમૂહઃ''** હું ન તો દેહ છું, ન મન છું, ન ભૂમિ છું, ન જલ છું, હવે આ હું નથી. આ કાંઈક એવું જ જ્ઞાન આપણા ખુદથી કાંઈક અલગ જ્ઞાન તે ઘરમાં રહીને કરવું મુશ્કેલ થાય. કારણ કે ઘરમાં રહીએ છીએ. સમજો એક સાધારણ વાત કહું કે કયારેક આપણે જમીએ નહીં તો ઘરવાળા બધા પાછળ પડી જાય. હવે તે વખતે આપણે જડભરતની જેમ એમ તો કહેવું મુશ્કેલ થઈ જાય કે હું તો ખાઈ રહ્યો જ નથી. કારણ કે હું ખાતો જ નથી. એમ કહીએ તો ઘરવાળા બધા મારી મચડીને ખાવાનું શરૂ કરાવે કે કેમ નથી ખાઈ રહ્યો? તો ખાવું પડે અને આમ ખાતા ખાતા ખાવાની આસકિત ઉત્પન્ન થઈ જ જશે. આ બધા ચક્કરથી બચવા માટે જ્ઞાન પ્રાપ્તિ માટે પણ સંન્યાસ લેવાનો

એક પ્રકાર હતો.

આમ એક એવું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું કે આપણે સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લીધુ, કે મારું આત્મા-સ્વરૂપ શું છે ? બ્રહ્મ સ્વરૂપ શું છે ? અને તે આત્મજ્ઞાનની અનુભૂતિ થવાના કારણે આપણને વિષયમાં ગૃહસ્થમાં ગૃહસ્થના પ્રત્યે જે આપાણુ ઉત્તરદાયિત્વ છે તેનું આપાણી અંદર કોઈ અભિમાન ન રહે. બધુ અભિમાન ખંડિત થઈ ગયું, તો આપણે ઘર છોડીને સંન્યાસી થઈ ગયા. સંન્યાસની આ સંપૂર્ણ આદર્શ વ્યવસ્થા છે

તેમાંથી પુષ્ટિમાર્ગીએ કેવો સંન્યાસ લેવો અને કેવો સંન્યાસ ન લેવો તે તો સંન્યાસનિર્ણયનો વિષય છે. તેથી હવે સંન્યાસનિર્ણયને આપણે જોઈએ.

॥ સંન્યાસનિર્ણયઃ ॥

(કર્મ[શ] ભકિત[ષ] જ્ઞાન[સ] માર્ગભેદૈઃ સંન્યાસે ત્રૈવિધ્યમ્. તત્ર કર્મમાર્ગીયઃ સંન્યાસો દ્વિવિધઃ-કર્મફલત્યાગરુપઃ[શ/૧] ચતુર્થાશ્રમરુપઃ[શ/૨] ચ. ભકિતમાર્ગીયસંન્યાસસ્ય દ્વૌ ઉપભેદૌ- ભકત્યર્થસંન્યાસઃ[ષ/૧] ભકત્યુત્તરસંન્યાસઃ[ષ/૨] ચ. તથૈવ જ્ઞાનમાર્ગીયસંન્યાસસ્યાપિ જ્ઞાનાર્થસંન્યાસઃ [સ/૧] જ્ઞાનોત્તરસંન્યાસઃ [સ/૨] ઇતિ દ્વૌ ઉપભેદૌ. એતેષુ કતમઃ કર્તવ્યઃ કતમશ્ચ ન કર્તવ્યઃ ઇતિ વિચારણા)-

કર્મ, ભકિત અને જ્ઞાન માર્ગના ભેદથી સંન્યાસ ત્રાણ પ્રકારના છે. કારણ કે માર્ગ ત્રાણ છે, એટલા માટે સંન્યાસ પણ ત્રાણ પ્રકારના થઇ જાશે. કર્મમાર્ગીયિ સંન્યાસ, ભકિતમાર્ગીયિ સંન્યાસ અને જ્ઞાનમાર્ગીયિ સંન્યાસ. આ ત્રાણ માર્ગ સિવાય ખુદ પોતાની સ્વયંની સંન્યાસની યોગ્યતા હોય તો તે વાત શ્રીમહાપ્રભુજીને માન્ય નથી. કર્મમાર્ગીયિ સંન્યાસ બે પ્રકાર છે (૧) કર્મફલ ત્યાગ રૂપ (૨) ચતુર્થાશ્રમરૂપ. ભકિતમાર્ગીયિ સંન્યાસ પણ બે પ્રકારના છે. (૧) ભકત્યર્થ સંન્યાસ (૨) ભકત્યુત્તર સંન્યાસ અને એ જ પ્રકારે જ્ઞાનમાર્ગીયિ સંન્યાસના પણ બે ભેદ કે પ્રકાર છે (૧) જ્ઞાનાર્થ સંન્યાસ (૨) જ્ઞાનોત્તર સંન્યાસ.

હવે એક વાત ધ્યાનથી સમજો. કર્મ, ભકિત અને જ્ઞાનને 'શ-ષ-સ' આવા ચિહ્નો આપ્યા છે. કર્મમાર્ગીયિ સન્યાસને 'શ' ભકિતમાર્ગીયિ સંન્યાસને 'ષ' અને જ્ઞાનમાર્ગીયિ સન્યાસને 'સ' એવા ચિહ્નો આપેલ છે. જયારે તેના પર પેટા ભેદ પણ બતાવીએ છીએ તો કર્મમાર્ગીયિ સંન્યાસ શ[૧] અને શ[૨], ભકિતમાર્ગીયિ સંન્યાસ ષ[૧] અને ષ[૨], જ્ઞાન માર્ગીયિ સન્યાસ સ[૧] અને સ[૨] એમ પેટા પ્રકાર છે.

આમા સમજવાની મૂળવાત એ છે કે તે માર્ગ ઉપર આપાણે આરૂઢ થઇ ગયા અને સંન્યાસ, અથવા આ માર્ગ ઉપર આરૂઢ થવા માટે સંન્યાસ એટલે કે જે માર્ગથી ચાલી રહ્યા હતા, તે માર્ગથી ચાલતા ચાલતા આપાણે નક્કી કર્યુ કે હવે

આપણે આ માર્ગ ઉપર આવવું છે અને એક વાત સમજો કે માર્ગ તો, સૌથી મોટો માર્ગ એક જ છે, અને તે છે વિષયાસકિતનો માર્ગ. બાકી બીજા બધા તો તેના ઉપર વળાંક આવી રહ્યા છે. બાકી જનમ્યા ત્યાંથી મરીએ ત્યાં સુધી જો કોઈ વળાંક ન મળ્યો, તો માર્ગ તો એક જ છે. તો તે વિષયાસકિતના માર્ગ ઉપર ચાલતા ચાલતા કોઈને કર્મનો વળાંક આવી ગયો, કોઈને ભકિતનો વળાંક આવી ગયો, કોઈનો જ્ઞાનનો વળાંક આવી ગયો. તો ચાલતા ચાલતા આવતા આ વળાંક છે.

એવા તો કોઈ શુકદેવજી જેવા વિરલા જ હોય કે જે જન્મતાની સાથે જ આવા કોઈ વળાંકવાળા માર્ગ ઉપર વળેલા જ હોય છે. બાકી તો બધાનો એક જ માર્ગ છે. **''ગાય બોલી બેલ સે, કયો ઘુરતે હો ભાઇ ?''** બધા જાણે છે આ કથાને કે માર્ગ તો એક જ છે. એમાં કોઈ છૂપાવવાની વાત નથી. પરંતુ આ જે છે તે વળાંક ઉપર વળવા માટેનો સંન્યાસ અને વળાંક ઉપર આવી ગયા પછીનો સંન્યાસ એવા બે પ્રકારે મૂળ ભેદ છે.

એટલે કે વળાંક ઉપર વળવા માટે તમે સંન્યાસ લીધો અને તમને સંન્યાસમાં કાંઈક બીજી રુચિ આવી રહી છે તો વળાંક ઉપર વળી ગયા પછી પણ તમે સંન્યાસને ચાલુ રાખી રહ્યા છો તે વાત ધ્યાનથી સમજો, તો મુખ્ય જે કાર્ય પદ્ધતિ છે તે બે છે. તે ભલે કર્મમાર્ગમાં હોય, કે ભકિતમાર્ગમા હોય કે જ્ઞાનમાર્ગમાં હોય. એટલે કે જ્ઞાનમાર્ગ તરફ વળવા માટે સંન્યાસ અને જ્ઞાનમાર્ગ ઉપર વળી ગયા પછી સંન્યાસ. ભકિતમાર્ગ ઉપર વળવા માટે સંન્યાસ અને ભકિતમાર્ગ ઉપર વળી ગયા પછી સંન્યાસ. કર્મમાર્ગ ઉપર વળવા માટે સંન્યાસ અને કર્મમાર્ગ ઉપર વળી ગયા પછી સંન્યાસ. તો મૂળ તો આ જ છે આ જોશો તો સમજમાં આવી જશે.

આમાંથી પુષ્ટિમાર્ગમાં આપણા માટે કયો સંન્યાસ કરવો અને કયો ન કરવો ? આ વાતની સંન્યાસનિર્ણય દ્વારા શ્રીમહાપ્રભુજીએ વિચારણા કરી છે. જો કે ટીકાકારોમાં એના વિશે થોડા મતભેદ છે. આ બધાની ચર્ચા અહી કરવાની બહું જરૂરત નથી. પરંતુ આ નંબરની ગણતરી આપણે અહીં કરી છે તો તેનો

એક ખુલાસો હું સંક્ષેપમાં જરૂર આપીશ.

શ્રીમહાપ્રભુજીના ચરિત્ર ગ્રંથોના આધારે સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીએ નરહરિ સંન્યાસીના માટે બદ્રીનારાયણમાં પ્રકટ કર્યો અને કેટલાંક ટીકાકાર એમ માને છે કે શ્રીમહાપ્રભુજીએ જયારે પોતાને ખુદને સંન્યાસ લેવો હતો, ત્યારે પોતાના માટે સંન્યાસનિર્ણય પ્રકટ કર્યો અને સંન્યાસનિર્ણયની મારી જે ભૂમિકા છે તેમાં મેં આનો ખૂબ જ વિસ્તૃત વિસ્તરણ કર્યુ છે અને આમાં કોઈ **'ઇદમ્-ઇત્થમ્'**નો દૂરાગ્રહ કરવો નકામો છે. પરંતુ જયાં સુધી કોઈ બળવાન બાધકોપપત્તિ મારી સામે ન આવે, ત્યાં સુધી હું આ વાતને માનવા તૈયાર નથી, કે આ સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીએ પોતાને સંન્યાસ લેવાના નિર્ણય માટે પ્રકટ કર્યો છે.

ચરિત્રગ્રંથોના આધારે મારી આ ધારણા ખૂબ જ દઢ છે કે આ સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીએ નરહરિ સંન્યાસીને પુષ્ટિમાર્ગમાં સંન્યાસનો શું અવકાશ છે ? તે સમજાવવા માટે પ્રકટ કર્યો છે. બીજી બધી વાતોને કદાચ આપણે ન પણ જોઈએ, પરંતુ સંન્યાસનિર્ણય મારી ભૂમિકા જોશોને તો ત્યાં તમને વિસ્તૃત રીતે મળશે પણ અહીં એક વાતનો હું જરૂર ઉલ્લેખ કરવા માંગીશ.

''વિરહાનુભવૈકાર્થ સર્વ ત્યાગોપદેશકઃ'' આમ શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે. વિરહાનુભવના માટે સર્વત્યાગનો ઉપદેશ આપશ્રીએ કર્યો અને મારી આ દઢ ધારણા છે કે આ નામથી શ્રીગુસાંઇજી આ સંન્યાસનિર્ણયના જ સંદર્ભમાં જ કહી રહ્યા છે અને હું ખોટો પણ હોઈ શકુ પરંતુ મને મારી કોઈ ભૂલ આમા દેખાતી નથી. તેથી ''ઉપદેશકઃ' કહ્યું છે. ''વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગ પ્રશંસક'' એમ શ્રીગુંસાઇજીએ નથી કહ્યું કે વિરહાનુભવના માટે આપશ્રીએ સર્વત્યાગની પ્રશંસા કરી અને પછી આપશ્રીએ સંન્યાસ લઈ લીધો. એવું નથી કહ્યું પરંતુ ''ઉપદેશકઃ' કહ્યું છે.

મતલબ કે સામે કોઈ આ સંન્યાસનિર્ણયના 'ઉપદેશ્ય' વ્યકિત છે, કે જેને આપશ્રી આ ઉપદેશ આપવા માંગે છે અને જો તે સ્થિતિ સાફ છે, તો

આપણે સુરક્ષિત માનીએ આમ ચાલવું જોઈએ કે સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીએ પોતાના માટે પ્રકટ નથી કર્યો. જેમ કે અંતઃકરણપ્રબોધ પોતાના માટે પ્રકટ કરીને બધાને આપ્યો છે. તે પ્રકારે સંન્યાસનિર્ણય પોતાના માટે પ્રકટ કરીને આપણને નથી આપ્યો. પોતાના માટે પ્રકટ નથી કર્યો પણ સંન્યાસનિર્ણય પોતાના સ્વકીયો માટે જ પ્રકટ કર્યો છે. કારણ કે સૌથી મોટી વાત આમા એ છે કે સંન્યાસનિર્ણયમાં શ્રીમહાપ્રભુજી જે કાંઇ ઉપદેશ આપી રહ્યા છે તેને શ્રીમહાપ્રભુજીએ પોતે સંન્યાસ લેતી વખતે પાળ્યો નથી અને પોતે જે પ્રકારે સંન્યાસ પાળ્યો છે, તે પ્રકારનો આ સંન્યાસનિર્ણયમાં ઉપદેશ નથી. તેથી આ સંન્યાસ કોઈ બીજો સંન્યાસ છે.

શ્રીમહાપ્રભુજીએ જે સંન્યાસ લીધો હતો. તે અંતઃકરણમાં નિરૂપિત તૃતીય આજ્ઞા પછીનો સંન્યાસ તે કોઈ બીજો સંન્યાસ છે. આમ બે પ્રકારનો સંન્યાસ કારણ કે શ્રીમહાપ્રભુજી સ્વયં અહીંયા કર્મમાર્ગીય-ભકિતમાર્ગીય-જ્ઞાનમાર્ગીય-ત્રિવિધ સંન્યાસ અને આ ત્રણેય સંન્યાસનાં પણ પાછા બે બે પેટા વિભાગ બતાવી રહ્યા છે.તો કેટલા પ્રકારના હું સમજુ કે બેને બે ચાર અને બે છ પ્રકારના સંન્યાસ અહીં શબ્દશઃ અને તાત્પર્યશઃ વર્ણીત થઇ રહ્યા છે. તો તે છ પ્રકારના સંન્યાસમાંથી આપશ્રીએ જે પ્રકારનો સંન્યાસ લીધો તે પ્રકારના સંન્યાસનો અહીંયા ઉપદેશ નથી આપી રહ્યા.

પરંતુ જે પ્રકારના સંન્યાસનો ઉપદેશ અહીં આપ્યો છે તે પ્રકારનો સંન્યાસ નરહરિ સંન્યાસીનો દેખાઇ રહ્યો છે. પરંતુ આપશ્રીનો નથી દેખાઈ રહ્યો અને આ પ્રકારના સંન્યાસની આપશ્રીને આવશ્યકતા છે એવું તો હું કયારેય ન માની શકું. કયારેક કયારેક નહીં, પરંતુ ત્રિકાળમાં પણ ન માની શકું.

કારણ કે સીધી વાત સમજો કે ભકિતવર્ધિનીમાં આપણે જોયું છે કે ''બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્'' બીજભાવ જેનો દઢ હોય તે ઘર છોડીને જઈ શકે છે. શું તે વર્ગીકિરણમાં આપણે શ્રીમહાપ્રભુજીનો સંન્યાસ લેશું ? તે વર્ગીકિરણને જે વખતે આપણે આ ત્રણથી સમજીશું કે જેને વ્યસન થઈ જાય. ''યદા સ્યાત્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ, તાદશઃસ્યાપિ સતતં

ગેહસ્થાનં વિનાશકમ્, ત્યાંગ કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થર્થૈકમાનસઃ'' જયારે વ્યસન સિધ્ધ થઈ જાય, ત્યારે સંન્યાસ લઈ લ્યો. તો શું આપાણે એમ માનવું કે શ્રીમહાપ્રભુજીને અડેલમાં રહ્યા પછી ભગવદ્ વ્યસન સિધ્ધ થઈ ગયું અને પછી તેને અચાનક સંન્યાસ લેવાની આવશ્યકતા લાગી.

અથવા ભગવાનની તૃતીય ભગવદ્ આજ્ઞા થી કે ''દેહ-દેશ પરિત્યાગઃ તૃતીયો લોક ગોચરઃ'' આપ કરો-આવી આજ્ઞા સાંભળતા જ આપશ્રીને વ્યસન થઈ ગયું. તેથી સંન્યાસ લેવાની જરૂરત પડી. આ બધી કલ્પનાઓ મને થોડી અસંગત જેવી લાગે છે. કે શ્રીમહાપ્રભુજી આ પ્રકારનો સંન્યાસ લેવા ઈચ્છનાર વ્યકિત નથી. આ સંન્યાસનિર્ણયના ઉમેદવાર વ્યકિત છે તે કોઈ બીજી વ્યકિત છે અને તેને જે કાંઈપણ અહીં કહેવામાં આવ્યું છે તે વર્ગીકરણમાં શ્રીમહાપ્રભુજી આટલી નિમ્ન કક્ષાના વર્ગીકરણમાં ભકિતમાર્ગની દષ્ટિએ નથી.

કારણ કે ઘરમાં સેવા નથી થઈ રહી, પરંતુ ધ્યાનથી સમજો કે શ્રીમહાપ્રભુજીએ એ સ્થિતિ વગર ત્રીસ વરસ પહેલા વિતાવ્યા છે અને ત્રીસ વર્ષની વયે વિવાહ ઉપરાંત ઘરમાં જ સેવા કરી છે. તો ઘરમાં જ જયારે સેવા કરી છે તે વખતે જો આપશ્રી સંન્યાસ લેવાનો વિચાર કરે તો શ્રીનવનિતપ્રિયાજી જો શ્રીગુસાંઈજીને તનિયો આપી શકે છે તો પોતાનો તનિયો શ્રીમહાપ્રભુજીને કેમ ન આપી શકે ? કે તમે સંન્યાસ લઈ રહ્યા છો તો અમારો તનિયો પણ ભગવા રંગમાં રંગી દયો.

હું આ વાત તો કયારેય માનવા તૈયાર નથી કે શ્રીનવનીતપ્રિયાજીને શ્રીગુસાંઈજી પર જ આસકિત હતી અને શ્રીમહાપ્રભુજી ઉપર આસકિત નહોતી. કારણ કે સાચી વાત તો એ છે કે શ્રીનવનીતપ્રિયાજી ઉપર શ્રીગુસાંઈજીને એટલા માટે આસકિત થઈ કે શ્રીમહાપ્રભુજીને આસકિત હતી. શ્રીમહાપ્રભુજીને શ્રીનવનીતપ્રિયાજી ઉપર અતિશય આસકિત હતી. પરંતુ એક સાચી વાત કહું ને તો શ્રીનવનીતપ્રિયાજી શ્રીમહાપ્રભુજીની નબળાઈ (વિકનેસ) હતી અને હું હંમેશા આ વાત કહેતો આવું છું કે સુબોધિનીમાં જયાં કેવા સ્વરૂપની સેવા કરવી ? જયારે આ પ્રશ્ન ઉઠયો ત્યારે શ્રીમહાપ્રભુજીએ ત્યા સ્પષ્ટ પંકિત

લખી છે કે એ બતાવવું વ્યર્થ વાત છે કે કેવા સ્વરૂપની સેવા કરવી ? કારણ કે સ્વરૂપના હજાર પ્રકાર હોઈ શકે છે. તેમાંથી કયું સ્વરૂપ કોના મનને લોભાવે છે ? તે આપણે કેમ બતાવી શકીએ ? જેમ કે શ્રીનવનીતપ્રિયાજી. તો મહારાજ તમારી ચોરી પકડાઈ ગઈ છે. કે અહીંયા અચાનક શ્રીનવનીતપ્રિયાજી કેમ યાદ આવી ગયા ?

તો શ્રીમહાપ્રભુજીની તો શ્રીનવનીતપ્રિયાજી નબળાઈ છે અને કેવડી મોટી નબળાઈ છે. શ્રીમહાપ્રભુજીની, એ આપણે જોઈએ તો સમજ પડે કે આપશ્રીના પરિવારમાંથી મદન મોહનજી પધાર્યા. આપશ્રીના સાસરેથી શ્રીગોકુલનાથજી પધાર્યા અને પછી વિઠ્ઠલનાથજી પધાર્યા. છતાં પણ ગજ્જનધાવનના ઘરેથી આપશ્રી ખાલી હાથે પધારી રહ્યા હતા અને મનમાં આપશ્રીને સંકોચ થઈ ગયો કે હવે શ્રીનવનીતપ્રિયાજી તો ગજ્જનને પધરાવી દીધા છે અને પાછા કેવી રીતે માંગવા ? તો શ્રીનવનીતપ્રિયાજીએ ગજ્જનને કહ્યું કે ભાઈ મારે ત્યાં જવું છે.

તો શ્રીનવનીતપ્રિયાજી છે તે શ્રીમહાપ્રભુજીની નબળાઈ છે અને તે શ્રીનવનીતપ્રિયાજીએ પણ આ અનુભવ કર્યો છે અને શ્રીનવનીતપ્રિયાજીના કારણે ગજ્જનની પણ બિચારાની એટલી નબળાઈ છે કે તે પણ શ્રીનવનીતપ્રિયાજીને છોડી નથી શકતા. તેથી ગજ્જન ધાવન અને શ્રીનવનીતપ્રિયાજી અને શ્રીમહાપ્રભુજી ત્રણેય એક સાથે રહેવા લાગ્યા. તો વ્યસન તો તે જ દિવસે સાબિત થઈ ગયું. જે દિવસે શ્રીમહાપ્રભુજીએ પોતાની નબળાઈ સ્વીકારી લીધી, તે જ દિવસે વ્યસન તો સિદ્ધ થઈ ગયું કે આ ચક્કર છે અને તે નબળાઈ ત્યાં પણ અચાનક આમ પકડાઈ ગઈ. તો શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમહાપ્રભુજીની કેવડી મોટી નબળાઈ છે. તો પ્રથમથી જ આટલી નબળાઈ છે તો પછી ઘર છોડવાની ત્યાગની જરૂરત કેવી રીતે પડી શકે ? શ્રીનવનીતપ્રિયાજીએ શા માટે શ્રીમહાપ્રભુજીને પોતાનો તનિયો ન આપ્યો ? કે મારો તનિયો પણ ભગવા રંગમાં રંગી દયો.

તો ધ્યાનથી સમજો કે તે સેવા ન કરવાના કારણે કેવલ કથા અને કીર્તન

કરવાના કારણે જો ઘરમાં ''સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદ્ આસકત્યા સ્યાદ્ ગૃહારુચિઃ, ગૃહસ્થાનાં બાંધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાદ્ તદૈવ હિ'' એટલે કે ભગવાનના સ્નેહને કારણે હવે વિશેષ રીતે આપણે જોઈએ તો શ્રીનવનીતપ્રિયાજીને પધરાવીને જુઓ અથવા જેટલા પણ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના ઘરમાં બિરાજી રહ્યા છે, તે બધાને પધરાવીને જોઈ લ્યો. તો તે સ્વરૂપોમાં રાગના કારણે સ્નેહના કારણે શ્રીમહાપ્રભુજીને રાગ-વિનાશ થયો ?

અડેલમાં જે આપશ્રીનું ઘર હતું. તેમા આપશ્રીને અરુચિ થઈ ? એવું કેવી રીતે હોઈ શકે ? જયારે એક જ જગ્યાએ તમારા ભાવના પોષણ માટે આટલા સ્વરૂપો ઘરમાં બિરાજી રહ્યા છે, તે વખતે તે ઘરમાં અરુચિ કેવી રીતે હોઈ શકે ? અને જે ઘરમાં શ્રીઠાકોરજી બિરાજી રહ્યા છે. તે ઘરમાં અરુચિ થઈ જાય. તો તો વાતનો સત્યાનાશ થઈ ગયો ને ! મહાલક્ષ્મીજી જેવા આદર્શ પત્ની, શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઈજી જેવા આદર્શ પુત્રો હોય અને ઘરમાં અનાત્મકતાનો ભાસ થાય કેવી રીતે ?

તો ''ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે''નો કોઈપણ પ્રશ્ન આ ચરિત્રમાં પ્રકટ દેખાતો નથી અથવા આ અધિકાર શ્રીમહાપ્રભુજીનો માનવાની આવશ્યકતા જ નથી અને સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીના આ અધિકારનાં સંદર્ભમાં કહી રહ્યા નથી. હું તમને બતાવી ચુકયો છું કે સંન્યાસનિર્ણય આ ત્રણ અધિકારીના સંદર્ભમાં બતાવી રહ્યા છે. તો સંન્યાસનિર્ણયના ઉપદેશને ઝીલવાનો અધિકાર શ્રીમહાપ્રભુજીમાં શું કામ સિધ્ધ નથી. આ સંન્યાસનિર્ણયના ઉપદેશને ઝીલવાના શ્રીમહાપ્રભુજી શું અન અધિકારી છે ? અધિકારી નથી ? તો જે અધિકારી છે, તે બધુ વિચાર્યા પછી મને એવુ લાગે છે કે નરહરિદાસ જે છે તે આ સંન્યાસનિર્ણયના ઉપદેશના એકદમ યોગ્યત્તમ અધિકારી છે.

તેથી આ સંન્યાસનિર્ણય શ્રીમહાપ્રભુજીએ પોતાના માટે નથી લખ્યો. પોતાના સંન્યાસને માટે નથી લખ્યો. આ નરહરિદાસને સમજાવવા માટે લખ્યો

છે. કારણ કે તે પહેલેથી જ સંન્યાસ લઈ ચુકયા હતા અને તેણે લીધેલા સંન્યાસને શ્રીમહાપ્રભુજીએ મથુરામાં સુધરાવ્યો હતો કે ભાઈ ! તે ખોટી રીતથી સંન્યાસ લઈ લીધો છે. સારી રીતે સંન્યાસ લે. સારી રીતનો સંન્યાસ લીધા પછી બદ્રીનાથમાં બન્નેની પાછી મુલાકાત થઈ અને તે સમયે નરહરિદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે સંન્યાસ તો મેં લઈ લીધો અને સંન્યાસના બધા ધર્મ હું જાણું છું. પરંતુ હજુ સુધી ભકિતમાર્ગ હું સમજી શકયો નથી. તો ભકિતમાર્ગ શું છે ? તે મને સમજાવો.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે નહીં , હવે તને સંન્યાસ શું છે ? તે સમજાવીશ. તો આપણા શ્રીમહાપ્રભુજી કેવા ઉપદેશક છે ? તેની ખૂબસૂરતી ઉપર, તેની ઉપદેશકતા ઉપર ધ્યાન આપશો ને ! કે સંન્યાસીને આપશ્રી સંન્યાસનિર્ણય આપી રહ્યા છે કે આ સંન્યાસ જે તે લીધો છે, તે ભકિતમાર્ગમાં કયા અને કેવી રીતે ઉપયોગી થઈ રહ્યા છે? બરાબર એ રીતે જ આ વિચારો છે કે જે સંસારી છે તેને સંસારનો ઉપદેશ આપી રહ્યા છે કે તારો સંસાર ભકિતમાં કેવી રીતે ઉપયોગી થશે ? ચાલ હું તને સમજાવું. આ **''દારાગાર પુત્રાપ્તાન્ પ્રાણાન્ વિતમ્ ઇમં પરમ્ હિત્વામામ્ શરણમ્ યાતા કથમ તાન્ ત્યુક્તુમુત્સહે''**

તારો સંસાર તને ઉપયોગી થઈ જશે. સંસારીએ સંસારમાં કેમ જીવવું સંસારને કેમ જીવવો ? આ જેમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું. શ્રીમહાપ્રભુજી એટલા ક્ષુદ્ર ઉપદેશક ન હતા કે સંન્યાસીને સંન્યાસ ભકિતમાર્ગના અંતર્ગત કેવી રીતે જીવવો તે ન સમજાવી શકે. તે જેમ ભકિતમાર્ગનાં અંતર્ગત સંસારીએ સંસારમાં કેમ જીવવું તે જો સમજાવી શકતા હોય, તો એટલા જ પ્રમાણભૂત અધિકારની સાથે, એટલા જ વિશ્વાસનીયતા (ઓથેન્ટીસીટી)ની સાથે સંન્યાસીને સંન્યાસ કેમ જીવવો ? તે વાત પણ ભકિતમાર્ગની અંતર્ગત સમજાવી શકે છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સંન્યાસનિર્ણયનો ઉપદેશ નરહરિ સંન્યાસીને આપ્યો છે.

હવે હું કદાચ ખોટો પણ હોઈ શકું ખબર નહીં સાચો છું કે ખોટો છું, શ્રીમહાપ્રભુજી જાણે. મને આવું લાગી રહ્યું છે. તો મેં આમા જે પણ નોંધ કરી

છે. તે મારી આ પૂર્વાગ્રહ (પ્રેનુડાઈઝ)ના આધારે કરી છે અને ખબર નહીં અનઅધિકાર ચેષ્ટા કરી કે અધિકારી ચેષ્ટા કરી, જે કાંઈ છે તે છે. પણ આને તમારી સામે કબુલ કરી લેવું સારું છે. શું કામ ? કે કોઈપણ ટીકા જોવે અને પછી મારી સાથે ઝઘડવા આવે કે તમે એમ કેમ કહો છો ? ટીકાકાર તો આમ કહે છે. એ ઝઘડા સાંભળવા હું તૈયાર નથી. કારણ કે આ બાબતમાં મારે જે કાંઈ કહેવું છે તે મેં સંન્યાસનિર્ણયની ભૂમિકામાં કહી રાખ્યું છે. બહુ વિસ્તારથી મેં કહ્યું છે તો તે તમારી નવરાશે કયારેક, જોઈ લેજો. અત્યારે તેનાં સંપૂર્ણ વિસ્તારની ચર્ચા હું અહીં નહીં કરું.

પશ્ચાત્તાપ-નિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ા
સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ા ૧ ા

હવે જુઓ આ શરૂઆતમાં આ વાતની દુહાઈ આપી રહ્યા છે કે જેણે ભુલથી સંન્યાસ લઈ લીધો છે તેને તેની સંન્યાસના ભૂલની જયારે ખબર પડે છે અને જયારે તે દુઃખી થઈ રહ્યો છે કે ભાઈ આ શું મે ગરબડ કરી નાંખી ? તો આ જે છે તે આના પ્રશ્ચાતાપની નિવૃત્તિના માટે પરિત્યાગનો વિચાર કરી રહ્યો છું.

તો શ્રીમહાપ્રભુજીએ શું ભુલથી સંન્યાસ લીધો છે ? શ્રીમહાપ્રભુજીએ ભુલથી સંન્યાસ નથી લીધો. મોટો ઉદ્યમ કરીને સંન્યાસ લીધો છે. એવું બતાવ્યું. તેઓએ બિચારાએ 'ઘરમાંથી જાવ' એ આ અર્થમાં નહોતું કહ્યુ કે સંન્યાસ લઈ લ્યો. આ અર્થમાં કહ્યું હતું કે ઘરમાં આગ લાગી ગઈ છે. તો આપ અહીંથી જાવ, કોઈપણ પ્રકારે બહાર નીકળો. તો શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સારું, અમે સંન્યાસ લઈને જઈએ છીએ. તમે કહી દીધુને ! આજ્ઞા આપી દીધીને ! કે જાવ, તો અમે જઈએ છીએ. આ કેટલી ઈરાદા પૂર્વક ગણતરીની વાત હતી.

કાંઈ આમ અંધારામાં લઈ લીધો હોય, ચાલો બધા સંન્યાસ લઈ રહ્યા છે તો બધા ચાંદ ઘુટા રહે હૈ. તો આપણે પણ ચાલો ચાંદ ઘુટા લ્યો. કાંઈક આનંદ આવી જશે. એમ કોઈ જખમાં લીધેલો સંન્યાસ ન હતો. ખૂબ ગણતરી પૂર્વક સુયોજિત સંન્યાસ શ્રીમહાપ્રભુજીનો હતો અને તે સુયોજિત સંન્યાસ પણ પાછો શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ આજ્ઞાના દબાણના અંતર્ગત લીધો છે. કાંઈ પોતાની

પસંદગીથી નથી લીધો.

તે બધી વાત મેં ભૂમિકામાં લખી છે તે જોઇ લેશો તો તમને ખબર પડી જશે કે ત્રાણ ત્રાણ આજ્ઞાઓ થઈ છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ નિર્ણય કર્યો કે બરાબર હવે મારે સંન્યાસ લીધા વગર કોઈ છૂટકો નથી. મહાલક્ષ્મીજી આજ્ઞા નથી આપી રહ્યા તો કાંઇ નહીં. કોઈ પ્રકારે તેની પાસેથી જબરદસ્તી આજ્ઞા લેવી પડશે. પણ હવે સંન્યાસ લેવો જ પડશે.

તો કોઈ બીજા પ્રકારનું દબાણ શ્રીમહાપ્રભુજી ઉપર કામ કરી રહ્યું છે ? એવું કોઈ ધાંધલનું કામ નથી કરી રહ્યા કે જે ધાંધલમાં લીધેલ સંન્યાસથી શ્રીમહાપ્રભુજીએ પ્રશ્ચાતાપ કરવો પડે અને જે પશ્ચાતાપની નિવૃત્તી માટે શ્રીમહાપ્રભુજીએ સંન્યાસનિર્ણય લખવો પડે. કે ''પશ્ચાતાપ નિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે'' આ મારી સીમા છે કે જે સીમામાં હું નિષ્ઠુર થઈ શકું. આનાથી વધારે હું કઠોર કે નિષ્ઠુર થવા નથી માંગતો. પરંતુ એટલી વાત હું જરૂર આના ખુલાસામાં કરવા માંગુ છું કારણ કે આદર કરી રહ્યો છુ. એટલા માટે મેં ખુલાસો આપવાનું જરૂરી સમજ્યું.

''સ માર્ગદ્વિતીયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ'' કહી રહ્યા છે કે હું તે સંન્યાસના પરિત્યાગનો વિચાર કરી રહ્યો છું હવે જુઓ એક વાત સમજો કે પરિત્યાગ અને સંન્યાસ ઓછા-વત્તે પર્યાયવાચી શબ્દ થઈ જાય. કારણ કે ન્યાસનો મતલબ ત્યાગ છે અને ન્યાસની સાથે જયારે આપણે 'સમ' ઉપસર્ગ જોડીએ તો 'સંન્યાસ' સારી રીતે ત્યાગ અને ત્યાગની સાથે 'પરિ' ઉપસર્ગ જોડો તો પણ એ જ વાત આવી રહી છે.

સંપૂર્ણ આદર પૂર્વક (વીથ ઓલ રીસ્પેકટ)નો ત્યાગ. એટલે કે અંદરથી પણ અને બહારથી પણ એવું નથી કે અંદરથી રાખ્યો અને બહારથી ત્યાગ ન કર્યો અને બહારથી રાખ્યો અને અંદરથી ત્યાગ ન કર્યો. એમ નહીં પણ અંદર-બહાર બન્ને બાજુથી આપણા વ્યકિતત્વથી કોઈ વસ્તુનો ત્યાગ કરવો તેનું નામ 'પરિત્યાગ' છે અને પરિત્યાગ કહો કે સંન્યાસ કહો આમ તો શબ્દ અલગ પડી રહ્યા છે પણ તેનો જે અર્થ છે તે એક જ છે. પછી પરિત્યાગ કહો કે ભલે પછી

સંન્યાસ કહો.

તેથી "સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશષતઃ" ભકિત અને જ્ઞાનમાં આ વિશેષતઃ પરિત્યાગનું નિરૂપાણ કરવામાં આવ્યું છે. તો જેવું ભકિત અને જ્ઞાનમાં વિશેષતઃ કહ્યું છે. આ પ્રશ્ન ઉઠતા જ શ્રીમહાપ્રભુજીની સામે ખુદ પોતાની જાતિ આવી રહી છે કે કર્મ જ્ઞાન અને ભકિત ત્રણ માર્ગ છે. તો તેનો ખુલાસો શ્રીમહાપ્રભુજી અહીં આપી રહ્યા છે.

(તત્ર બાહ્યત્યાગાપેક્ષાભાવાત્ કર્મફલત્યાગરૂપસ્ય સંન્યાસસ્ય અવિચારણીયત્વેન કર્મમાર્ગીયો દ્વિતીયઃ[૩૧/૨] સંન્યાસઃ કલિકાલે સુશકો નાસ્તીતિ વિચારણા)- આ જુઓ 'સ[૧]' શું હતો ? ધ્યાન થી યાદ કરો. કર્મફલ ત્યાગ રૂપ. કર્મ કરવુ, જેટલુ કર્મ છે. તમારું અભિમાન, તમારું વાર્ણાભિમાન, તમારૂ આશ્રમાભિમાન, તમારું લૌકિક જે પણ અભિમાન છે તે અભિમાનને અનુરૂપ તમારે તમારું કર્મ નિભાવવાનું છે. પણ તેના કર્મફલની આકાંક્ષા નથી કરવાની. તેમાં એક વાત જુઓ કે વૈરાગ્ય તો પ્રકટ થઈ રહ્યો છે પરંતુ સંન્યાસ પ્રકટ નથી થઈ રહ્યો.

કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ॥

તે કર્મના અંતર્ગત, જેને આપાણે ગીતાનો નિષ્કામ કર્મયોગ કહીએ છીએ. એટલે કે તેના અંતર્ગત કર્મસંન્યાસ અને કર્મયોગમાં ભગવાન ખુદ આજ્ઞા કરે છે કે "**સન્ન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ, તયોસ્તુ કર્મસન્ન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે**"(ગીતા.૫-૨) તો ખુદ ભગવાને જ આ વાતનો ખુલાસો કરી દીધો, કે કર્મ સંન્યાસ અને કર્મયોગમાં કર્મયોગ વધુ સારો (બેટર) છે. કર્મયોગ શ્રેષ્ઠત્તર છે, તેનો મતલબ શું ? કે "**નિયતં કુરું કર્મ ત્વમ્, કર્મ જયાયો હ્યકર્મણઃ**" તમારું કર્મ જે છે, તે તમે કરતા રહો. પરંતુ કર્મફલની આશાથી કર્મ ન કરો. કર્મને તમારા અભિમાનના અનુરૂપ કરો અને એક સારી સ્થિતિ તમને પ્રાપ્ત થઈ જાશે. જો તે અભિમાનને પાણ તમે ઘોળીને કર્મ કરી શકતા હો. કર્મફકત કર્મના માટે, અભિમાન માટે પાણ નહીં. ખૂબ જ મુશ્કેલ વાત છે. આકાશના

તારા જમીન પર લાવવાની વાત છે.

પરંતુ ભગવાન એટલો જ દિવ્ય ઉપદેશ આપી રહ્યા છે કે કર્મ ફલાશાથી કર્મ ન કરો. કર્મને કર્મના માટે કરો અને કર્મ કરી શકો છો તો એક વાત ધ્યાનથી સમજો કે પછી જે પણ કાંઇ કર્મ કરી રહ્યા છો તે કર્મ નહીં રહેતા તે લીલા થઈ રહી છે. હવે ઠીક છે કે જીવ છે તેથી તે નાના સ્તર (મીની સ્કેલ) પર થશે, મોટા સ્તર (મેકસી સ્કેલ) પર નહીં થાય. પ્રભુ આ કામ તો મોટા સ્તર (મેકસી સ્કેલ) પર કરી રહ્યા છે. તેથી પ્રભુના કર્મને આપણે કર્મ નહીં કહેતા લીલા કહીએ છીએ.

જો જીવ પોતાના અભિમાન અને ફલાશાને છોડીને કર્મ કરી રહ્યો છે તો નાના સ્તર પર પાછી કાંઈક લીલા જ કરી રહ્યો છે. પછી તે કર્મ નથી રહી જાતું તેથી બ્રહ્મની જે અંશાત્મકતા છે. તેને તે નિભાવવા લાગ્યો. જો કર્મભિમાન અને કર્મફલાશાને છોડીને કર્મ કરી રહ્યો છે. તે તો એક નાનો (મીની) બ્રહ્મ છે. આ વાતને સારી રીતે સમજો. નાનો-મોટો બ્રહ્મ જ છે. જેવો ક્ષુદ્ર બીચારો છે જેટલી તેની ક્ષુદ્રતા છે, પણ તે ક્ષુદ્રતામાં પણ તે કર્મ લીલા કરી રહ્યો છે. તે કર્મ નથી કરી રહ્યો. કારણ કે તેણે અભિમાન પણ છોડી દીધુ છે અને કર્મફલાશા પણ છોડી દીધી છે. કર્મ કરવાના જે પણ કાંઈ લૌકિક હેતુ છે તે બધા છૂટી ગયા છે. શાસ્ત્રીય હેતુઓ બધા છૂટી ગયા છે અને તો પણ કર્મ કરી રહ્યો છે, મતલબ તે બ્રહ્મ છે તે તો સ્વયં બ્રહ્મ થઈ ગયો.

તો "કર્મમાર્ગે ન કર્તવ્યઃ" તે કર્મમાર્ગમાં તો કર્મસંન્યાસની આવશ્યકતા તો છે નહીં અને જો આ કર્મ ચતુર્થાશ્રમરૂપ એક કર્મ સંન્યાસ હતો. એટલે કે શાસ્ત્રમાં આ વાત સમજાવી છે કે તમે તમારા આયુષ્યની સરેરાશ (એવરેજ) કરો એટલે કે સો વરસની આયુષ્ય સમજતા હો તો પચ્ચીસ-પચ્ચીસના ચાર ભાગ કરો. સાંઇઠ વરસનું સમજતા હો તો હું સમજુ છુ કે પંદર ચોકુ સાઈઠ. પંદર-પંદરના થશે અને એંસી વરસની હશે તો કદાચ વીસ-વીસના હશે.

તો જેને પોતાના આયુષ્યની જે સરેરાશ લાગતી હોય તે આપણી આયુષ્યના સરેરાશ ચાર ભાગ કરો. એક ભાગમાં બ્રહ્મચર્યને જીવો, એક ભાગમાં

ગ્રહસ્થ જીવો, એક ભાગમાં વાનપ્રસ્થ જીવો અને ચોથા ભાગમાં સંન્યાસ જીવો. આવું શાસ્ત્ર કહે છે. હવે તમને કાંઈક એવું લાગતું હોય કે ભાઈ હવે આ તો કેવી રીતે સમજાય ? અને આટલા ઝડપી કાર્યક્રમને અપનાવવો કેવી રીતે ? પંદર-પંદર વરસમાં એક એક કામ કેવી રીતે પૂર્ણ કરવું ?

શકય ન લાગતું હોય, તો શાસ્ત્ર કહે છે કે સારું તમે આટલી આદર્શ પરિસ્થિતિને નથી નિભાવી શકતા તો સાનુકૂળ યોજનાનું સૂચન શાસ્ત્ર કરે છે. શાસ્ત્ર કહે છે કે એક કામ કરો, કે જેટલા તમારે બ્રહ્મચર્યમાં લેવા છે, તેટલા વર્ષ બ્રહ્મચર્યમાં લઈ લ્યો. યાદ રાખો ત્યાર પછી તમારે ગૃહસ્થમાં પ્રવેશવાનું છે. જેટલા વર્ષ તમારે ગૃહસ્થમાં લેવા છે તેટલા વર્ષ ગૃહસ્થમાં લઈ લ્યો પરંતુ કાળજી પૂર્વક ગૃહસ્થમાં રહીને એવી ધારણા મનમાં રાખો કે આગળ તમારે વાનપ્રસ્થમાં જવાનું છે અને જેટલા વર્ષથી તમારે વાનપ્રસ્થમાં કામ ચલાવવું હોય, ચલાવી લ્યો. પરંતુ વાનપ્રસ્થને એ ધારણાથી નિભાવો કે એકને એક દિવસે તમારે સંન્યાસ પણ લેવાનો જ છે.

છેલ્લે જો તે દિવસ તમને આવતો ન દેખાતો હોય અને મોત જ આવતી દેખાતી હોય, તો મરવાના એક કલાક પહેલા પણ સંન્યાસ લઈ લ્યો. શાસ્ત્ર આટલી સાનુકૂળતા બતાવે છે અને પ્રાચીન કાલમાં કેટલાય બિચારા જે નિષ્ઠાવાન બ્રાહ્મણ હતા. તે સંન્યાસ લઈ શકતા ન હતા. તો મરવાના કલાક-દોઢ કલાક પહેલા સંન્યાસ લઈ લેતા હતા. કેમ ? કારણ કે જૂના જમાનાના લોકોને શાસ્ત્રમાં નિષ્ઠા હતી.

તો એક તે આયુષ્યનો ક્રમ પક્ષ હતો. આયુષ્યનો ભાગ પક્ષ હતો અને એક ક્રમપક્ષ હતો કે આ ચારેય ક્રમમાં તમારે પસાર થવાનું છે કારણ કે તમારું બ્રાહ્મણ શરીર છે અને આ બ્રાહ્મણ શરીરથી જો તમે સંન્યાસનાં ક્રમમાંથી ન નીકળ્યા તો તમારા શરીરમાં કોઈ ખોટ રહી ગઈ. જેમ કે બ્રાહ્મણ શરીર હોઈને તમે જો ષોડશ સંસ્કાર ન કર્યો તો તમારા શરીરમાં કોઈ ખોટ રહી ગઈ. એ જ પ્રકારે બ્રાહ્મણ શરીર હોયને તમે સંન્યાસ ન લીધો, તો તમારા શરીરમાં કોઈ ખોટ રહી ગઈ. આત્મામાં રહે કે ન રહે પણ શરીરમાં કોઈ ખોટ રહી ગઈ. તે ખોટને દૂર કરવા

માટે ભલે એક કલાક પહેલા, એક કલાક તો મજાકનાં રૂપમાં કહું છું. પાણ દશ મીનીટ પહેલા પાણ તમે લઈ શકતા હો તો લઈ શકો. શાસ્ત્ર તો ત્યાં સુધી કહે કે ગુરુ ન મળતા હોય તો આપમેળે પાણ સંન્યાસ લઈ લ્યો. તે સ્થિતિમાં ગુરુની પાણ જરૂરત નથી.

''તદ્ભાવે સ્વયં વાપિ મૂર્તિ કૃત્વા'' શાસ્ત્ર. શ્રીમહાપ્રભુજી પાણ કહે છે કે આવશ્યકતા કૃષ્ણ સેવાની છે, ગુરુની નથી. ગુરુ મળતા હોય તો ગુરુ પાસેથી કરો. ન મળતા હોય તો આપમેળે પાણ કૃષ્ણ સેવા કરો. બરાબર તે જ પ્રકારે શાસ્ત્ર સંન્યાસની આવશ્યકતા બતાવી રહ્યું છે. ગુરુ મળતા હોય તો ગુરુ પૂર્વક સંન્યાસ લ્યો. ગુરુ ન મળતા હોય તો કોઈપાણ પ્રકારે સંન્યાસ લઈ લ્યો. પરંતુ બ્રાહ્મણ થઈને સંન્યાસ લીધા વગર મરો નહીં.

આપાણે તો શાસ્ત્ર ભણ્યા નથી એટલા માટે આજે સમજમાં નથી આવી રહ્યું. ભણ્યા હોતને તો આ બધી વાતો બ્રહ્મચર્યમાં જ સમજાવવામાં આવી છે. અત્યારે તો વૃદ્ધોને પાણ સમજમાં નથી આવતું. આ લફડા આધુનિક થઈ ગયાને! પહેલા આવું નહોતું. કારાણ કે આપાણો જે અધ્યયનનો અભ્યાસ ક્રમ હતો તે બધો બદલી ગયો. આપાણા અધ્યયનમાં શાસ્ત્ર રહ્યું નહીં. તેથી વડીલોને પાણ સમજમાં નથી આવતું. બાકી જે શાસ્ત્રનો જુનો અભ્યાસક્રમ હતો, તેમાં તો બ્રહ્મચર્યમાં જ બધી વાત સમજાઈ જતી.

એક વાત સમજો કે સમજવા કરતા પાણ વધુ જરૂર એ હતું કે આપાણી આજુબાજુ દરેક વ્યકિત તે પ્રકારની જીવનશૈલી જીવતા હોય તો ઘાણીખરી વાતો તો આપાણને ભણ્યા વગર, જોઈને, સાંભળીને જ સમજમાં આવી જાયને! જેમ કે ઝારીજી શું છે ? ઝારીજીને રાખો એમ ન કહેવાય. ઝારીજી પધરાવો એમ કહેવાય. આવું કોઈ ગ્રંથમાં લખ્યું છે ? આપાણને કેવી રીતે ખબર પડી ? ઝારીજીને આમ રાખો નહીં. ઝારીજી પધરાવો એમ આપાણે કહીએ. તો આ બધું કેવી રીતે સમજમાં આવી જાય ? કોઈ પુસ્તકમાં લખ્યું કે પધરાવો કહેવાય કે રાખો કહેવાય. કારાણ કે એ પ્રકારનું વાતાવરાણ છે. તે સંસ્કૃતિને કેટલાક લોકો જીવી રહ્યા છે. જયારે માણસ કોઈ સંસ્કૃતિને જીવી રહ્યા છે તો ભણ્યા વગર

પણ ઘણી વાતો સમજમાં આવી જાય છે. તો અત્યારે જીવી રહ્યા છે તેથી કેટલીય વાતો ભણ્યા વગર સમજમાં આવે છે.

ખરેખર તો આજની તારીખમાં એક વાત બતાવું કે આપણે કાઠિયાવાડમાં જઈએને ! તો આ પટેલ લોકો જે પખાવજ વગાડે ને તેવું પખાવજ અહીંયાના શીખવવાવાળાને પણ ન આવડે. આટલી પખાવજ તેમને કયાંથી આવડી જાય ? હું ત્યાં જાઉ ત્યારે આ જ વાતથી દુઃખી થતો હોવ કે આટલી પખાવજ તમને કેવી રીતે આવડી ગઈ યાર? અહીંયા લોકોને તબલા આવડવા મુશ્કેલ છે. ત્યાં તમને પખાવજ આવડતી હોય. કેવી રીતે આવડી જાય?

કારણ કે તે લોકો પુષ્ટિમાર્ગને જીવી રહ્યા છે. ધ્યાનથી સમજો ત્યાં પુષ્ટિમાર્ગને જીવી રહ્યા છે. તેથી પખાવજ જેવું મુશ્કેલ વાદ્ય પણ તેમને આવડી જાય. આડા ચોતાલ, ધ્રુપદ જેવા મુશ્કેલ તાલમાં તેઓ કીર્તન કરતા હોય, તે કણબી પટેલ. કેવી રીતે આવડી ગયું. કારણ કે તેઓ જીવી રહ્યા છે તેથી. આપણે તો શીખીએ તો પણ ન આવડે. અહીં મુંબઈમાં ઘણા લોકો કીર્તન શીખે, પણ એવા ફુવડ ઢંગથી ગાય કે તે મજા ન આવે. તેઓ કીર્તન ખૂબ સારી રીતે ગાઈ શકે, કે જોઈને આપણને નવાઈ લાગે કે લફડો શું છે આ ? ચક્કર એ છે કે અહીં શીખવું પડે છે. ત્યાં તેઓ જીવી રહ્યા છે.

તો માણસ જયારે કોઈ વાતને જીવવાનું શરૂ કરી દયે ને ! તો ખૂબ જ ફરક પડે છે. જેમ કે માછલી પાણીમાં તરવાનું જીવે છે. શીખતી નથી અને આપણે પાણીમાં પડવાનું શીખીએ છીએ. જીવતા નથી. તેથી આપણે એક શિક્ષક રાખવો પડે, સ્વીમીંગ પુલમાં. આપણે દોઢસો-બસો રૂપિયા કાંઈક જમા કરાવવા પડે. હજાર રૂપિયા લઈ લ્યે તો પણ થોડુ આવડે ને ન પણ આવડે. પરંતુ તે માછલીનું શું છે કે જીવતી હોય છે તેથી આપમેળે જ આવડી જાય.

તેને ડુબકી મારવાનું આવડી જાય. ગુલાટ ખાતા આવડી જાય, પાણીની અંદર તરતા આવડી જાય. વહેતા પ્રવાહમાં ઉપર તરતા આવડી જાય. તો મનુષ્યને મૂરખને તો કયારેય આવડે નહીં તો ધોધ એવો પડતો હોય તો એમ કેમ ઉપર ચડી

જાય માછલી ? આપણને તો તે રીતે તરતા ક્યારેય આવડે નહીં. તે બધું માછલીઓને આવડી જાય. કારણ કે તે જીવી રહી છે, તેથી આપણને આવડે નહીં. તો જીવવામાં અને શીખવામાં ખૂબ જ ફરક પડે છે.

તો તે સમયમાં લોકો ધર્મને જ્યારે જીવી રહ્યા હતા. તો ઘણીવાતો શીખ્યા વગર જ આવડી જતી હતી. એ ચિંતાનો વિષય નથી. પણ ચિંતાનો વિષય એ છે કે આજે આપણને શીખવાથી પણ નથી આવડતું. પુષ્ટિમાર્ગ પણ હવે ધીરે ધીરે એટલે કે **''હોશોહવાસો તાબોતબલા દાગ જા ચુકે, અબ હમ ભી જાનેવાલે હૈ, સામાન તો ગયા''** તો જે દિશામાં વર્ણાશ્રમ ગયો. તે દિશામાં પુષ્ટિમાર્ગ પણ જઈ રહ્યો છે. તો આપણે પણ ધીરે ધીરે તે દિશામાં જઈ રહ્યા છીએ.

ઘણી વાતો શીખવાથી પણ આપણને ન આવડે. હવે આ જુઓ ધ્યાનથી સમજો. કેટલાય પૌરાણિક બાલકો વડીલો અને ભગવદીયોનાં અનુભવી વચનામૃત વાંચી જુઓ ને ! આપણી અક્કલ કામ ન કરે કે આટ-આટલી ગ્રંથો ભણીને કોઈ રહસ્યને આપણે સમજ્યા છીએ, તો આપણે મુછને વળ દઈએ ને કોલર ઉપર કરતા હોય અને આપણને નક્કી ખબર છે કે તે બાલક કે ભગવદીય ગ્રંથ ભણ્યા નથી. પણ તે વાતની તેઓને ખબર હતી. આપણી તો ખોપરી વિચારી-વિચારીને ખાલી થઈ જાય કે કેવી રીતે તેઓને ખબર પડી ? તેઓ ભણ્યા નથી. તો પણ ખબર કેમ પડી ? તો એમ ખબર પડી કે તે લોકો જીવતા હતા. આપણને આ વાત ભણ્યા પછી પણ ખૂબ મુશ્કેલીથી સમજમાં આવે છે.

કારણ કે આ જીવન એવું દેખાઈ નથી રહ્યું. પુષ્ટિમાર્ગીય જીવન દેખાઈ નથી રહ્યું. તેથી ભણીએ તો પણ સમજમાં નથી આવતું. સમજમાં આવી જાય, તો કહેવામાં સંકોચ થઈ જાય. કહેવા લાગીએ તો કરવામાં તકલીફ ઉત્પન્ન થઈ જાય. કરવા લાગીએ તો બીજાની પાસે એવું કરાવવામાં તકલીફ થઈ જાય. આ બધા લફડાઓ શું કામ છે ? કે વાતાવરણ બગડી ગયું છે. તો કોઈપણ વસ્તુનું જે સમયે વાતાવરણ હોય, તે વખતે તકલીફ ન થાય આ વાત ખાસ યાદ રાખો.

યોગ અને સાંખ્ય છે ને બાવા ! એટલા વ્યાપક શબ્દ છે ને કે ન જાણે શું

શું તેની અંદર આવી જતું હોય છે. કયારેક પણ એમ બેફીકર આપણે પૂછીએ કે સાંખ્ય શું છે ? અને યોગ શું છે ? તો તેનો કોઈપણ બેફીકર જવાબ આપ્યોને તો ખોટો જ હશે. અનેક પ્રકારના યોગ છે અનેક પ્રકારના સાંખ્ય છે. બાલબોધમાં શ્રીમહાપ્રભુજી ખુદ કહે છે કે ''ઋષિભિઃ બહુધા પ્રોક્તા'' તો સાંખ્ય બહુવિધા પ્રોક્તા છે. બાલબોધથી કેટલા સાંખ્ય, કેટલા યોગ ? તે પણ ખૂબ જ ગંભીરતાથી વિચારવાનો વિષય છે. એક દમ તમે તેનો નિશ્ચયાત્મક નિર્ણય નહીં લઈ શકો.

પરંતુ જે કાંઈ શ્રીમહાપ્રભુજી આપણને બાલબોધમાં સમજાવી રહ્યા છે તે એટલું જ છે કે બાહ્ય ત્યાગ મૂલક જે પ્રક્રિયા છે તે સાંખ્યની છે અને આંતર ત્યાગ મુલક પ્રક્રિયા છે તે યોગ છે. સાંખ્ય જે છે તે ત્યાગ અને યોગ જે છે તે વૈરાગ્ય છે. આ વાતને તમે સરળતાથી સમજી લ્યો. પરંતુ ફકત એટલુ જ નથી. સાંખ્ય, યોગ, નામ આ બધી ઘણી બધી પ્રક્રિયાઓ છે. એક પ્રકાર નથી. તે અનેક પ્રકારનો છે. કોઈ એક ચોક્કસ પ્રકાર નથી.

વેદાદિ શાસ્ત્ર દ્વારા નિરૂપિત જે કર્મ છે, તે કર્મને કર્મફલાકાંક્ષા વગર કરવું અને ચતુર્થાશ્રમના રૂપમાં કરવું તે કડક શિસ્ત પાલનના અંતર્ગત આવતી વાત છે. કારણ કે સાંખ્ય જે કર્મોનો ત્યાગ કરવાની વાત કરે છે ને તેમા બધા શાસ્ત્રીય કર્મ જ છે એવું નથી કોઈ સાંખ્યવાળા લૌકિક કર્મોનો પણ ત્યાગ કરવાની વાત છે. યોગવાળા પણ અલગ અલગ પ્રકારના યોગ બતાવે છે. તો તેમાં બધાને એક સાથે લેવું મુશ્કેલ થઈ જશે. બાલબોધમાં શું કહ્યું છે ? શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં એક સામાન્ય લાક્ષણિકતા (જનરલ કેરેકટરી સ્ટીક) આપી દીધી છે.

જેમ કે આપણે ગાયનું એક ચિત્ર બતાવીને ગાય કહીએ. પરંતુ તે ચિત્રમાં જે ગાય છે, તેવી જ બધી ગાય નથી હોતી. પરંતુ થોડીઘણી તેની આજુબાજુની બધી ગાય હોય છે. તે પ્રકારે પરંતુ બધી ગાય તેના જેવી જ નથી હોતી. બરાબર તે ગાયની સાથે દરેક ગાયને તમે મેળવવા જશો, તો દરેક ગાય મળતી નહીં આવે, કોઈ ભૂરી હશે, કોઈ નાની હશે, કોઈ મોટી હશે, કોઈ કાળી

હશે, કોઈ સફેદ હશે. તો દરેક વખતે લફડો તો રહેશેને! તે તો ગાયને સમજવાનો એક ઈશારો છે. તેને ઈશારાથી વધારે ગંભીરતાથી લેવાનું નથી. ત્યાં જે સાંખ્ય યોગનું વર્ણન આપ્યુ છે તે ઈશારા તરીકે આપ્યું છે. કારણ કે સાંખ્યના ઘણા પ્રકારો છે. તો કયારેય પણ એક પ્રકારના રૂપમાં નથી લેવાનું. આવ્યું ને ખ્યાલમાં !

તો આ જે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ હતો તે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસને શ્રીમહાપ્રભુજી કલિયુગમાં ના પાડી રહ્યા છે. ચતુર્થાશ્રમ રૂપ સંન્યાસ કલિયુગમાં નહીં નભી શકે. કારણ કે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસના બધા વિધિ વિધાન એટલા કઠોર છે. હવે તે વિધિ-વિધાન શાસ્ત્રમાં એટલા કઠોર શું કામ કહ્યા છે ? કારણ કે શાસ્ત્રએ તમને તમારી આયુષ્યના ત્રણ ભાગમાં તે સંન્યાસને જીવવા માટે તૈયાર કર્યા છે તો જેમ કોઈને મારી મારીને કરાટે માટે તૈયાર કર્યો હોય, જયારે તેને ઉંચો બ્લેક બેલ્ટ મળવાનો હોય છે, તો પછી તેની માર ખાવાની કેટલી તૈયારી હોવી જોઈએ ? તેની નીચેના બધા બેલ્ટના ખેલાડીઓ દ્વારા મારી મારીને તેને તૈયાર કર્યો હોય. ત્યારે બ્લેક બેલ્ટ મળે. તો બ્લેક બેલ્ટ મેળવવાવાળાએ માર ખાવાની કેટલી તૈયારી રાખવી જોઈએ ?

આવી રીતે મારી મારીને જેને તૈયાર કર્યો છે. આયુષ્યના ત્રણ વિભાગમાં તેનાથી શાસ્ત્ર ખૂબ વધારે અપેક્ષા રાખે છે. એવા પુંજયા સંન્યાસને શાસ્ત્ર પાછું માન્ય નથી કરતું. તો તે સંન્યાસ કલિયુગમાં એટલી કઠોરતાથી નિભાવવો ખૂબ જ મુશ્કેલ છે અને વ્યાવહારિક રીતે એક વાત જુઓ, એક માત્ર રમૂજના રૂપમાં સમજજો વિસ્તાર બહુ નહીં કરું તે વિષયમાં, પરંતુ આ વાતથી તે સમજમાં આવશે.

સંન્યાસીને શાસ્ત્ર **'પરિવ્રાજક'** કહેતું હતું. પરિવ્રાજકનો મતલબ શું ? કે જે કોઈ એક જગ્યાએ રહે નહીં, ફરતો જ રહે અને આજકાલ તો સંન્યાસી મઠ બાંધીને બેસી જ રહે છે. આનંદથી લાડુ, પુરી, મઠડી બધું ખાય છે. તો તે પણ પરિવ્રાજયા છે ? કોઈ પરિવ્રાજયા છે જ નહીં અને કોઈ પોતાના નામની આગળ **'પરિવ્રાજયા શિરોમણી'** લખી દયે. ખબર નહીં, કયા અર્થમાં લખતા હશે તો છે કોઈ એવો ગંભીર અર્થ ? કે જે અર્થમાં તે પરિવ્રાજયા શિરોમાણી હોય

છે. પરંતુ બાકી કોઈ પરિવ્રાજક કરી નહીં અને પરિવ્રાજક કરે તો પાછા પ્લેનમાં ફરતા હોય એરપોર્ટથી એરપોર્ટ તેનો સંબંધ હોય છે.

આ બધું કલિકાલમાં ખૂબ જ મુશ્કેલ છે. અત્યારે તો તમને ઋષિકેશ જાવ, તો સંન્યાસીઓ તમને સ્કુટર ઉપર, મોટરમાં એમ જોવા મળશે. મોટર ચલાવતા સંન્યાસી પણ મળી જશે. તો આ શું છે ? કાંઈ ખબર નથી. ''સુતરાં કલિ કાલતઃ'' શ્રીમહાપ્રભુજીએ સંક્ષેપમાં એટલી વાત કહી છે કે કલિકાલમાં જે સંન્યાસ માટે અપેક્ષિત છે, તે માટે આપણે સંપૂર્ણ રીતે તૈયારી વગરના છીએ તેથી તે સંન્યાસ કલિકાલમાં કઠિન છે. એટલે કે ઘણા વરસો પહેલા આ સ્થિતિ હતી કે લોકો એમ કહેતા હતા કે સાધુ તો જૈન મતના સાધુઓ હોય છે. બાકી બધા સ્વાદુ હોય છે. પરંતુ હવે તો જૈનમતમાં પણ સ્વાદુ ઉત્પન્ન થવા લાગ્યા છે. વિમાનમાં ઘુમવાવાળા છે, લગ્ન કરી લેવાવાળા છે. તો જૈન મતમાં પણ આવું થઈ ગયું. તો હવે કયા જઈને આ બધું અટકશે, તેના તો ભગવાન જ માલિક છે, તેઓને ત્યાં મહાવીર માલિક હશે. પરંતુ આ સ્થિતિમાં ખૂબ જ ગડબડ છે. પરિવ્રાજક હોવું ખૂબ જ મુશ્કેલ છે.

તો કર્મમાર્ગીય બન્ને સંન્યાસમાંથી એક સંન્યાસ તો શ્રીમહાપ્રભુજી રદ કરવા માંગે છે. ''સુતરાં કલિકાલતઃ'' કારણ કે તે જે રૂઢ અર્થમાં સંન્યાસ છે. તે સંન્યાસ જ નથી. તે તો બધાને કર્મફલ ત્યાગ કરવાનો જ છે. આપણે પણ કરવાનો જ છે. આપણે કર્મફલ ત્યાગરૂપમાં નહીં કરીને, આપણે ભકિતમાર્ગના અંતર્ગત તે કર્મનું બીજી રીતથી કર્મ સ્વરૂપ કરેલ છે. જેમ કે **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થં''** કર્મ કરી રહ્યા છીએ. કર્મફલાશાથી નથી કરતા. પરંતુ કર્મફલની જે આપણી અહંતા - મમતાત્મિકા આશા છે તે આશા રાખ્યા વગર, ગોપીજન વલ્લભ પ્રીતીની જે આશા છે તે આશાથી આપણે કર્મફલાશાને પણ રાખીએ છીએ.

આ વાતને સમજવાની કોશિશ કરજો કે કર્મફલાશાને પણ શ્રીમહાપ્રભુજીએ નકારી નથી, પરંતુ કર્મફલાશાનું ઊર્ધ્વીકરણ કર્યુ છે. કર્મથી ફલાશા છોડો નહીં, પરંતુ ફલાશાનું ઊર્ધ્વીકરણ કરો. તેનું ઉદાત્તીકરણ કરો. તે

એવું કે કર્મ હું કરી રહ્યો છું. તેનું કોઈ ફલ મને મળવું જોઈએ, તો તે ફલ કેવું ? કે **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ''** તો આવું ઉદ્વીકરણ કરો.

જો એક વખત આપણે જીવવું હોય તો કોઈ ફરક નથી પડતો. એક વખત જીવવાનો શુભ સંકલ્પ રાખ્યો હોય ને ! કે આ કર્મ હું કર્મના ફલને પ્રાપ્ત કરવા માટે નથી કરી રહ્યો. કર્મમાં જે ફલ લખ્યું છે તે ફલને પ્રાપ્ત કરવા માટે નથી કરી રહ્યો. પરંતુ મારા શ્રીઠાકોરજી મારા પર પ્રસન્ન થઈ જાય. એટલા માટે આ કર્મ કરી રહ્યો છુ. આવું સતત મનને જે વખતે આપણે સમજાવતા રહીશું. આપણા મન ઉપર આ પ્રકારની ભાવનાને પ્રક્ષિપ્ત કરતા રહીશું, તો કર્મથી તે ફલ પ્રાપ્ત કરવાની જે ક્ષુદ્ર વૃતિ છે, તેના ઉપર આપમેળે કાબુ આવી જાય. આ એક સિદ્ધાન્ત તેમા સમજવાનો છે.

તો આપણે ત્યાં ન તો કર્મત્યાગ બતાવ્યો છે અને ન તો કર્મ વૈરાગ્ય બતાવ્યું છે. પરંતુ **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ''**, યાવદ્ દેહાભિમાન બધા કર્મોના નિર્વાહનો સિદ્ધાન્ત બતાવ્યો છે અને તો વાત સમજમાં આવશે કે જે પ્રકારે આપણે કર્મ કરવા ઈચ્છી રહ્યા છીએ, તેનાથી ખૂબ નિમ્ન કક્ષાની વાત છે કે કર્મફલનો ત્યાગ કરો. હવે જે પ્રકારે આપણે ભકિતમાર્ગની દષ્ટિથી આ પ્રથમ સન્યાસને કરવા ઈચ્છી રહ્યા છીએ. તેનાથી તો ખૂબ જ નિમ્ન પ્રકારની વાત છે કે ફકત કર્મ ફલને ત્યાગી દયો, એમ કહેવુ અને આપણે એમ કહીએ કે, નહીં કર્મફલને શું કામ ત્યાગીએ ? તે કર્મના ફલને અમે માનીએ કે અમારો ઠાકુર અમારા ઉપર પ્રસન્ન રહે કે અમે તેની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન નથી કર્યુ. તેમણે જે પણ અમારા માટે આજ્ઞા આપી તે આજ્ઞાઓને અમે અમારા સામર્થ્ય પૂર્વક નિભાવી છે.

બસ અમે તેમની આજ્ઞાનું પાલન કર્યુ છે. તેનાથી અમારા સ્વામી અમારી ઉપર પ્રસન્ન રહે. **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ''**નો મતલબ બીજો કોઈ નથી કે ગોપીજન વલ્લભને એવી કોઈ લાંચ દેવા માટે કર્મ કરીએ છીએ. આજે આપણે લાંચના રૂપમાં **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ''** સમજી રહ્યા છીએ. તો ગોપીજન વલ્લભને લાંચ નથી આપતા. પરંતુ ગોપીજન વલ્લભે જે અમને

આજ્ઞા આપી છે કે ભઈ જીવ હોવાના સંબંધે આ અભિમાનનાં અંતર્ગત તમારે આ કર્મ કરવાનું છે.

અમે તે કર્મ અમારી યથાશકિત, યથા સામર્થ્ય, યથોચિત રૂપથી નિભાવ્યું છે. તો અમારો માલિક અમારા ઉપર શું કામ નારાજ થાય ? **''શ્રુતિ – સ્મૃતિ મમૈવ આજ્ઞે યસ્તુ ઉલંઘ્ય વર્તતે, આજ્ઞોચ્છેદી મમ દ્રોહી, મત ભક્તોપિ નમે પ્રિયઃ''** ગોપીજન વલ્લભ એમ કહી રહ્યા છે કે આ શાસ્ત્રનો જે ઉપદેશ છે, તે મારી આજ્ઞા છે અને તે આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળો મારો દ્રોહ કરી રહ્યો છે તે મને પ્રિય નથી.

તો આપણામાં જેટલુ સામર્થ્ય છે, તે સામર્થ્યથી આપણે તેને નિભાવી છે. તો અમારો માલીક શું કામ અમારા ઉપર નારાજ થાય ? **''ગોપીજન વલ્લભ પ્રીત્યર્થં''** નો આ અર્થ છે. ગોપીજન વલ્લભને લાંચ દેવા માટે નથી. આ વાત ધ્યાનથી સમજો. તો કર્મમાર્ગના તો બન્ને સંન્યાસ આપણે આ પ્રકારે વિચાર્યા. શ્રીમહાપ્રભુજી હવે આગળ કહી રહ્યા છે.

(ભકિતમાર્ગીયયોઃ સંન્યાસયોઃ ભકિતસાધકશ્રવણાદિનિર્વાહાર્થં પ્રથમ પ્રકારકસ્સંન્યાસો[૫/૧] અનુષ્ઠેયો ન ભવતિ)– ભકિતમાર્ગીય સંન્યાસના જે બે પ્રકાર બતાવ્યા, તે કયા ? 'ભકતર્થ અને ભકત્યુત્તર'. તેમાં ભકત્યર્થ સંન્યાસ જો તમે લઈ રહ્યા છો તો શ્રીમહાપ્રભુજી ના પાડી રહ્યા છે કે તમે ખોટા ખ્યાલમાં જીવી રહ્યા છો. ખોટા સપનામાં તમે ફસાઈ ગયા. ગુંચવાઈ ગયા છો કે તમે સંન્યાસ લઈને ભકિતને પ્રાપ્ત કરી શકશો ? સંન્યાસથી ભકિત પ્રાપ્ત નહીં થાય.

''પ્રીતમ પ્રિત હી તે પૈયે સંન્યાસ તે ન પૈયે.'' આ વાતને હું કીર્તનની ભાષામાં કહી રહ્યો છુ કે સંન્યાસ લેવાથી ભગવદ્ પ્રીતિ નહીં થાય. સમજો કે તમે ત્યાગ પણ કરી દીધોને, વિષયમાં વૈરાગ્ય પણ પ્રાપ્ત કરી લીધુ, વિષયનો ત્યાગ પણ કર્યો. વિષયનો વૈરાગ્ય પણ કર્યો. તેનાથી તમે એ ખોટી દુઃઆશામાં નહીં જીવતા કે તમને ભગવદ્ આસક્તિ સિદ્ધ થઈ જાશે. ભગવદ્ આસકિતના કારણે વિષયમાં વિરકત થઈ જાય, તે તો સોનામાં સુગંધ થઈ ગઈ. પરંતુ વિષય વૈરાગ્યના

કારણે તમે એમ સમજો કે ભગવદ્ આસકિત 'પાકેલા ફળ'ની જેમ તમારી ઉપર ટપકી પડશે. તો ભગવદ્ આસકિત એટલી સરલ નથી. કોઈ ઝાડ ઉપર લટકી નથી રહી કે વિષય વૈરાગ્ય સિદ્ધ થતા જ પાકેલા ફળની જેમ ટપકી જાય. આથી શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે,

અત આદૌ ભકિતમાર્ગે કર્તવ્યત્વાદ્ વિચારણા ॥ ૨ ॥
શ્રવણાદિ – પ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ ચેત્ સ નેષ્યતે ॥
સહાય – સઙ્ગ–સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ॥ ૩ ॥
અભિમાનાત્ નિયોગાત્ ચ તદ્ ધર્મેશ્ચ વિરોધતઃ ॥

ભકિતમાર્ગમાં સંન્યાસ કરવો કે ન કરવો. તેની વિચારણા કરતી વખતે કોઈ જો એમ વિચારે કે સંન્યાસ લઈ લેશું પછી શું થશે ? કે ન તો કોઈ પરિવારને નિભાવવાની જવાબદારી છે, કે ન તો કોઈ રસોઈ બનાવવાની જવાબદારી છે. એટલે કે '' **કરતલભિક્ષા, તરૂતલવાસ** '' અને આરામથી શ્રવણ કીર્તન કરીશું. શ્રીમહાપ્રભુજી કહે છે 'ન ઈષ્યતે'

તે વાત કોઈ બીજા માર્ગમાં હશે, પરંતુ મારે ત્યાં તે વાતનો કોઈ અવકાશ નથી. 'સ નેષ્યતે' શું કામ ? ધ્યાનથી સમજો આમા પાંચ કારણ બતાવી રહ્યા છે. પહેલુ કારણ છે ''સહાય સઙ્ગ સાધ્યત્વાત્'' પ્રતિજ્ઞા શું છે ? ''શ્રવણાદિ – પ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ ચેત્ સ નેષ્યતે'' શ્રવણાદિ નવધા ભકિતને નિભાવવા માટે સંન્યાસ લઈ રહ્યા છો, તો શ્રીમહાપ્રભુજી કહે છે કે નહીં ! તે યોગ્ય પ્રકાર નથી. તો તે ઈષ્ટ પ્રકાર નથી. તો તેના હેતુ આપી રહ્યા છે કે, પહેલો હેતુ ''સહાય સઙ્ગ સાધ્યત્વાત્'' તમે જયારે પણ શ્રવણાદિ કરશો, તો તમારે કોઈ કીર્તન કરવાવાળો જોશે. જયારે પણ કીર્તન કરશો. તો તમારે કોઈ સાંભળવાવાળો જોશે.

''સહાય સઙ્ગ સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્'' સાધનનું રક્ષણ કરવું પડશે. કારણ કે અર્ચનમ્, વંદનમ્ દાસ્યમ્ અને પાદસેવનના માટે તમારે કોઈ સ્વરૂપ રાખવું પડશે અને 'પાદ સેવન'ના માટે સ્વરૂપ રાખવું પડશે, તો તે સ્વરૂપને કોઈ શૃંગાર કરવા પડશે અને સંન્યાસ લીધા પછી તમે કયા કયા ફરશો

આ બધું લઈને ? અને ફરશો તો ચોર ચોરી જવાનો ડર લાગશે અને ચોરી જશે તો પછી નવા નવા ઠાકોરજી વસાવતા રહો. નવા નવા ઝારી વસાવતા રહો. નવા નવા શિંગાર વસાવતા રહો. આ બધું કેવી રીતે નિભાવશો. 'અભિમાનાત્' સંન્યાસ લેતા જ તમે સ્વામીજી બની જશો. તો તમને સંન્યાસનું આ અભિમાન થઈ જશે. તેમાં આ અભિમાનના કારણે તમને ભગવાન સ્વામી છે કે તમે સ્વામી છો ? આ નિર્ણય જલ્દીથી લઈ નહીં શકો.

''નિયોગાત્'' અને નિયોગ જે છે સંન્યાસનો તે આ પ્રકારનો છે કે તમે એકાંકી ફરતા રહો. એટલે કે **''એકાંકી નિસ્પૃહ શાન્તઃ''** જેમ કે કહેવાય છે ને **''એકૈવ ચરેત્ ભિક્ષુઃ કુમાર્યા ઈવ કંકણઃ, વાસે બહુનામ કલઃ ભવેદ્ વાર્તા દ્વયોરપિ''** ઘણા સંન્યાસી સાથે રહેશે, તો લાકડીઓ ઉડશે. હમણા બનારસમાં લાકડીઓ ઉડી હતી. સંન્યાસીઓએ એક બીજાના માથા ફોડી નાખ્યા હતા. એમાં શું છે ? કે મનુષ્ય તો મનુષ્ય છે ને ! ગધેડો થોડો છે તે કોઈ સંન્યાસ લઈ લ્યે. સંન્યાસ તો મનુષ્ય જ લઈ રહ્યો છે.

તો મનુષ્યનો પ્રવૃત્ત રહેવાનો સ્વભાવ જે છે, તે આગળ પણ પ્રવૃત્ત થતો રહેવાનો, તે મુજબ સન્યાસમાં પણ તે પ્રવૃત્ત રહેને તો તે ત્યાં સંન્યાસમાં પણ આગળ પ્રવૃત્ત થશે અને પછી ત્યાં લાકડીઓ ઉડશે. **''વાસે બહુનામ કલઃ ભવેદ્ વાર્તા દ્વયોરપિ''** બે સંન્યાસી ભેગા રહેશે તો અંદરો અંદર ગપ્પા મારશે, કે કયા ઘરમાંથી ભીક્ષા સારી મળશે તો ત્યાં જઈએ. પેલી બાજુ નહીં જતાં ત્યાં નાલાયક કોઈપણ આપણને નહીં આપે. આવી વાતો બેઠા બેઠા કરશે.

તેના કરતા તો જો એકલા રહેવાનું હોય તો આ બધું તમારાથી કેવી રીતે નભશે ? અને ''તદ્ ધર્મૈશ્ચ વિરોધતઃ'' સંન્યાસનો જે ધર્મ છે તે ધર્મને અને ભકિતમાર્ગીય જે ધર્મ છે તે પણ પરસ્પર વિરોધી ધર્મ છે તો આ બંને ધર્મનો તો પાછો મેળ નથી. 'નિયોગ' મતલબ **''એકૈવ ચરેત્ ભિક્ષુઃ કુમાર્યા ઇવ કંકણઃ''** ભિક્ષુએ તો એકલા જ વિચરવું જોઈએ અને વિરોધ કેવી રીતે થશે ? કે તમે ભિક્ષા માંગશો તો તમે તેને એમ કહેશો કે ''ન મતમ્ દેવ દેવસ્ય સ્વામિ ભુક્ત સમર્પણમ્'' અત્યારે મારે શ્રીઠાકોરજીને ભોગ ધરવો છે. એટલા માટે પહેલા

તમે નહીં ખાતા, પહેલા મને આપી દયો. કોઈને તમે આવું કેવી રીતે કહેશો ?

તો સંન્યાસના જે ધર્મ છે તે સંન્યાસીને કોઇના ઘરમાં જઈને માંગવાનો તો અધિકાર નથી. છ અથવા સાત ઘરમાં તે ભિક્ષા માંગી શકે. જે મળે તે ખાય. સારું મળે-ખરાબ મળે જેવું મળે તેવું ખાય. તો તે સ્થિતિમાં શ્રીઠાકોરજીને પણ સારું મળે-ખરાબ મળે તે બધું ધરવું પડશે. પછી આપણે એ વિચારીએ કે પ્રભુ ઉત્તમ વસ્તુના ભોકતા છે. તો સારા-ખરાબનો ભેદ તમારે પણ ખાવા-પીવામાં ન કરવો જોઈએ. તો પ્રભુને તમે ઉત્તમ વસ્તુ કયાંથી સમર્પણ કરશો ?

તો ભકતનો જે સેવાનો ધર્મ છે અને સંન્યાસનો ધર્મ જેમ કે રાગ દ્વેષથી રહિત રહેવું તે, બધી પરિસ્થિતિમાં સમ હોવું, કયાંય કોઈની સાથે અવિવેક ન કરવો. આ બધા ભેદ આપણી સેવામાં તો નથી ને ! સેવામાં તો એ ભેદ કરવાનો છે કે સારું-ખરાબ, રાગ-દ્વેષ, પારકુ-પોતાનુ થોડો ભેદ તો આપણે કરવાનો જ છે ને ! તો તે બધા જે સંન્યાસના ધર્મ છે અને સેવાના ધર્મ છે તે અંદરો અંદર તો એકબીજાને શરૂઆતના તબક્કામાં તો રદ કરવાવાળા ધર્મ છે, આગળ જતા કોઈ કોઈને રદ નહીં કરે. પરંતુ શરૂઆતના તબક્કામાં રદ કરવાવાળા ધર્મ છે. આ કારણોથી ભકિતમાર્ગમાં ભકિતની સિદ્ધિ માટે સંન્યાસ લેવો હોય તો શ્રીમહાપ્રભુજી કહે છે કે એ ખોટી દુરાશા, દુરાશા અને દુરાશા જ છે. તો કોઈ કહે કે ચાલો ભકિતને સિદ્ધ કરવા માટે નહીં. પરંતુ જે વખતે ભકિતમાર્ગમાં ગૃહાદિ બાધક થવા લાગે. આપણી ભકિતને જીવવામાં ઘર જયારે બાધક થવા લાગે ત્યારે તો સંન્યાસ લઈ શકીએ ને ?

ભકત્યર્થ સંન્યાસના પાછા બે ઉપભેદ છે. તેમાંથી એક સાધક અને એક બાધક. સાધકના નિર્વાહાર્થ અને બાધકના ત્યાગાર્થ. તો પ્રથમ પ્રકારના સંન્યાસમાં બાધકના ત્યાગાર્થ જે એક ઉપભેદ છે તેમા કહે છે.

(ભકિતમાર્ગીયયોઃ સન્યાસયોઃ ભકિતબાધકગૃહાદિત્યાગાર્થમપિ પ્રથમપ્રકારકસ્સંન્યાસો[૫/૧]અનુષ્ઠેયો ન ભવતિ)- ભકિત બાધક ગૃહાદિ ત્યાગ માટે પણ સંન્યાસ ઈચ્છનિય નથી.

ગૃહાદેઃ બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ॥ ૪ ॥
અગ્રેઽપિ તાદશૈર્ એવ સઙ્ગો ભવતિ નાન્યથા ॥
સ્વયઞ્ચ વિષયાક્રાન્તઃ પાષણ્ડી સ્યાત્તુ કાલતઃ ॥ ૫ ॥
વિષયાક્રાન્ત - દેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ॥
અતોઽત્ર સાધને ભક્તો નૈવ ત્યાગઃ સુખાવહઃ ॥ ૬ ॥

જો તમને ભકિત નિભાવવામાં ઘર બાધક થઈ રહ્યું છે, તેના માટે તમે સંન્યાસ લેશો તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે સંન્યાસ તો તમે લઈ લ્યો. પરંતુ જો ઘર જ તમને સાધક ન થઈ શકયું, તમારા ઘરના જે લોકો હતા તે તમને સાધક ન થઈ શકયા તો બીજા કોણ સાધક થઈ શકશે ? આગળ જઈને પણ પાછા એવા લોકો જ મળશે. કોઈ બીજા થોડા મળશે ? તમારા ઘરના લોકો જેવા હતા, તેઓ જેમ તમને વિઘ્ન કરતા હતા, તેવા જ આગળ પણ મળશે.

આ વાત સમજવા માટે મેં એક આખી વાર્તા લખી હતી. **''સ્વામી કૃષ્ણ સ્વરૂપાનંદની આત્મકથા''** જે **''વૈષ્ણવવાણી''**માં છપાઈ હતી. તો તે કયારેક વાંચશો ને –વૈષ્ણવવાણીમાં સુરતથી છપાઈ હતી, કે કેવી રીતે કૃષ્ણ સ્વરૂપાનંદ જે છે તેનો આખો ભકિતનો કેવો ફજેતો છેલ્લે થઈ જાય છે. આખી એક મોટી વાર્તા (સ્ટોરી) લખી હતી. ત્રણ-ચાર હપ્તામાં છપાઈ હતી. તો ધીરે ધીરે પાછા બધા તે જ ચક્કર પરંતુ તેનાથી પણ વધારે અધોગતિ શરૂ થઈ છે.

તો ''અગ્રેઽપિ તાદશૈર્ એવ સઙ્ગો ભવતિ નાન્યથા, સ્વયઞ્ચ વિષયાક્રાન્તઃ પાષણ્ડી સ્યાત્તુ કાલતઃ'' તમે ઘરથી ડરીને ઘર છોડયું, ભગવાનમાં તમે નિષ્ઠા ન રાખી અને એમ વિચાર્યુ કે ભગવાનથી વધુ સમર્થ છે. તમારી ભકિતના ભગવાન જેટલા સાધક થઈ શકે, તેનાથી વધારે ઘર બાધક થઈ રહ્યું છે. તો કોઈને કોઈ પ્રકારે ભગવાનથી વધારે તમે ઘરનું સામર્થ્ય સમજયું ને ! ભગવાન જેટલા ભકિતના સાધક થઈ શકે છે. તેનાથી વધારે ઘર જો બાધક છે તો ભગવાનના સામર્થ્ય કરતા ઘરનું સામર્થ્ય જો વધારે વિચાર્યું, તો એક તો તે પ્રકારના સામર્થ્યમાં ભગવાન પરથી જ તમારો વિશ્વાસ ઓછો છે. ભગવાન

ઉપર પૂરે પૂરો વિશ્વાસ તો છે નહીં અને તે સ્થિતિમાં તમે વિષયના વિરાગમાં તો ઘર છોડયુ નથી. વિયષની ભીતિથી ઘર છોડયું છે.

એક વાત સમજો વિષય વિરકિતથી ઘર છોડવું અને વિષય ભીતિથી ઘર છોડવું તેમા ફરક છે. જેમ કે આપણને કોઈ વિષયથી ડર લાગ્યો કે ભાઈ ઘરમાં રહેશું તો આવકવેરો ભરવો પડશે, બાલકોને શું થાય કે ઘરને ખાનગી (પ્રાઈવેટ) રાખીશુ તો કર લાગશે, ઘરનો વેરો લાગશે, મિલ્કત વેરો લાગશે. તેથી અમે કહ્યું કે છોડોને ઘરને પબ્લિક ટ્રસ્ટ કરી દયો. તો આ જે પબ્લિક ટ્રસ્ટ કરવાનો વૈરાગ્ય બાલકોનો છે, તે વિષય વિરકિતથી નથી થયો. વિષય ભીતિથી થયો છે. કારણ કે તે આવડી મોટી મિલકતને ખાનગી રાખે, તો ઘર વેરો ભરવો નથી. ખૂબ ભેટ આવી રહી છે, તેનો વેરો ભરવો નથી. વેરો નથી ભરવો તેથી આપણે એમ વિચારીએ કે આપણા અહીંના શેઠીયાઓ તો સલાહકાર ખૂબ જ સમજદાર છે. તે એમ કહે કે પબ્લિક ટ્રસ્ટ કરાવી દયો. તેથી બધી બાધા નિવૃત્ત થઈ જાય.

પોતે પાછા બધા વેરા ભરતા હોય. આપણને એવી ખોટી સલાહ આપે કે આવી રીતે આપ પબ્લિક ટ્રસ્ટ કરાવી લ્યો, તો કોઈ વેરો નહીં ભરવો પડે અને પછી આપ આનંદથી રહો, ટ્રસ્ટમાં પૂજારી બનીને. બાલકો પણ ટુંકી ગણતરી કરે કે મારે વેરો પણ ન ભરવો પડે અને ઘરમાં રહેવાનું પણ મળી રહ્યું છે. મઠડી તો પહેલા પણ ઉડી રહી હતી અને અત્યારે પણ ઉડી રહી છે. તો તેઓ એમ વિચારે કે આ ટૂંકો રસ્તો છે. પરંતુ જે પ્રાપ્ત કર્યુ તે શું ? વેરો અવગાણીત કરવો અને જે ખોયુ તે શું ? ઠાકોરજીમાં સત્વ, પોતાનું આચાર્યત્વ, પોતાની ભકિતનો પૂરો સ્વભાવ, પોતાની પાત્રતા બધું ખોયુ. આત્મગૌરવ, સંપ્રદાય ગૌરવ બધું ખોઈને અને એક પુંછડી હલાવતા, જીભ લપલપાવતા જાનવરની જેમ ત્યાં સંસ્થામાં આપાણે પડયા રહીએ અને ટ્રસ્ટી આપાણો માલિક થઈ જાય. આપાણે માલિકના કૂતરા થઈ જઈએ. જે પ્રાપ્ત થઈ રહ્યું છે, જે ગુમાવી રહ્યા છીએ, તેમાં ખૂબ જ નિરાશા છે. તો ધ્યાનથી સમજો.

''સ્વયઞ્ચ વિષયાક્રાન્તઃ'' જો ઘરમાં સાચે જ ત્યાગ હતો. અરે! ગંભીરતાથી બાલક એવું માનતા હોય તો એક વાત સમજો કે પ્રભુને સમર્પિત છે

તેમાં પોતાનું શું કામ માનવું ? તો તે છોડીને નિકળી જવું જોઇતું હતું ને ! શ્રીઠાકોરજીને લઇને જાવ. આ ઘરેણા, આ મિલકત, અને આ બધું સાપની જેમ કુંડલ મારીને બેસવું છે. વેરો ભરવો નથી અને તે જે વિવશતા છે. લાચારી છે, નપુંસકતા છે તેને નિભાવવી છે. તેથી આપાણે પબ્લિક ટ્રસ્ટ કરીને કહીએ કે અમારું તો કાંઈ પણ નથી, બધું શ્રીઠાકોરજીનું છે. આપણા પુષ્ટિમાર્ગમાં તો બધું સમર્પિત છે. અહંતા–મમતા બાધક છે.

તો બધું જ પ્રભુને સમર્પિત જ છે, આપણું છે જ શું ? બધું પ્રભુનુ છે. તમે એટલા માટે કહી રહ્યા છો. તમે આ વાત વિષય વિરકિતથી કહી રહ્યા છો કે વિષયભીતિથી કે વેરા ભીતિથી ? આ વાત કહી રહ્યા છો ? એક વખત હંમેશ માટે એ નક્કી તો કરો અને તે નક્કી થાય નહી તેથી લફડો શું થાય ? ‘‘સ્વયંઞ્ચ વિષયાક્રાન્તઃ પાષણ્ડી સ્યાત્તુ કાલતઃ’’ કારણકે વિષય વિરકિતથી જો ત્યાગ કર્યો હોત તો તો ઘર છૂટી જાતને ! શ્રીઠાકોરજીને લઈને !

જેમ કે કામવનના ગોવિંદજી હતા. રાજાએ જયારે તેમને કહ્યું કે અમને આનો ખુલાસો આપો કે તમે ઉર્ધ્વપુંડ શું કામ લગાવો છો ? તેઓએ કહ્યું, ધત્ તેરીકી ! તુ પૂછવાવાળો કોણ ? તારે સમજવું હોય તો મારી પાસે આવ. હું તારા રાજયમાં ખુલાસો દેવા શું કામ આવું ? અને લાખો કરોડોની પ્રોપર્ટી છોડીને ગોકુલચંદ્રમાજીને ઝાંપીમાં પધરાવી નીકળી ગયા.

તો વિષય વિરકતી હોય તો આ અહોભાવ હોત. વિષય વિરકિત તો નથી. વિષયભીતિ છે અને ભીતિના કારણે શું થાય ? કે વિષયને છોડયા પછી પણ તે વિષય છૂટે નહી. વિષય ભીતિ હોય તો બિલકુલ વિષય જે છે તે – હું દર વખતે એક વાત કહું કે વિષય કૂતરા જેવો હોય, કે ભાઉં ભાઉં કરી ભસે ખૂબ, પરંતુ આપાણે ડરીએ નહી ને તો કરડે નહી. પણ આપાણે ડરીને ભાગ્યાને ! કયારેક કૂતરા સાથે આ ખેલ કે રમત કરીને જો જો, કે કૂતરો ભાઉં–ભાઉં કરે અને ભાગજો. જેવા ભાગશોને કે કૂતરો તમને કરડશે. તે ભાઉં ભાઉં એટલા માટે કરે કે તમે ડરો છો કે નહી ? તે જોવા માટે જ કરે છે. જો તમે ડરો નહી ને, તો પછી તેને પોતાને પોતાનો ડર લાગે કે થોડો થોડો પાછળ સરકતો જાય અને ભસે. પરંતુ જો

તમે ભાગવાનું શરૂ કર્યુ, પછી તો તમારી પોલ ખુલી ગઇ. તમે ડરી રહ્યા છો. તેથી તેને એમ થાય કે હવે આને કરડવામાં કોઈ વાંધો નથી.

તો વિષય જેટલા છે તે કૂતરાના સ્વભાવ જેવા છે કે હાઉં હાઉં એટલુ કરે કે આપાણે ડરીએ તો કરડયા વિના રહે નહી તો તે જે વિષય ભીતિના કારણે જે વિષયનો ત્યાગ કરે છે. તેને વિષય પાછો કૂતરાની જેમ કરડે છે, કરડે છે અને કરડે જ છે.

''સ્વયઞ્ચ વિષયાક્રાન્તઃ પાષણ્ડી સ્યાત્તુ કાલતઃ'' જે આજે આપણા ગો.બા. (ગૌસ્વામી બાલકો)ઓની સ્થિતિ થઇ ગઇ છે. ''વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ'' જે વિષયાક્રાન્ત દેહ છે, તેમાં હરિનો આવેશ રહેતો નથી. તે આપણે પઞ્ચપદ્યાનીમાં જોઈ ગયા છીએ કે અન્યાસકતનો આવેશ હંમેશા નહી નભે. કોઈ ક્ષાણીક આવેશ આવશે. નંદ ઘેર આનંદ ભયો– ખૂબ નાચશે– ખૂબ કુદશે – મોટી મઠડી ઉછાળશે – લાડુ ઉછાળશે – નંદ ઘેર આનંદ. હવે મુખિયાજીને કહી દેશે કે હવે મંગલાથી રાજભોગ સુધીની સેવા તમે કરો. નંદ મહોત્સવમાં અમે બહુ નાચ્યા. આવેશ તો દર્શન ખુલ્યા હતા, એટલે આવ્યો હતો. ટેરો આવ્યા પછી આવેશ કયા છે ? ટેરો આવ્યા પછી પણ આવેશ હોત તો તો આરતી પછીની સેવા પણ પહોંચવી જોઈતી હતી ને ! કંટાળી જાય. દર્શન ખુલ્યા ત્યારે નાચી તો લીધું હવે આનાથી કેટલી વધારે સેવા કરવી ?

મુખિયાજી કહે કે મંગલા આરતીની ખબર છે. અન્નદાતા ! એમાણે કહ્યુ પહોંચો. શૃંગારની ખબર છે, એમાણે કહ્યું પહોંચો. અમે તો કાલે જ કરી લીધા હતા અને તમને શૃંગાર કરવા માટે તો રાખ્યા છે. ભોગ ધરવાની ખબર છે, પહોંચો. આ બધું શાં માટે થાય છે. કારણકે આપાણે થાકી જઈએ છીએ. આવેશ નથીને એટલે, આવેશ હોય તો તો શું કામ થાકીએ ? તો આ વાત ધ્યાનથી સમજો.

''અતોઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ'' ભકિતની સાધન અવસ્થામાં ત્યાગનું જોખમ (રિસ્ક) નહીં લેતા. નહીંતર દુઃખી દુઃખી અને દુઃખી સિવાય કાંઈપણ નહીં થાય. આ વાત ચોખ્ખી સમજી જાવ. આ પ્રકારે ભકત્યર્થ સંન્યાસના જે બંન્ને પ્રકાર હતા તે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યા.

(ભક્તિમાર્ગીયયોઃ સંન્યાસયોઃ વિરહાનુભવાર્થં દ્વિતીયપ્રકારકસ્સંન્યાસો[૫/૨] ભક્તિભાવદાઢર્યાય પ્રશસ્તો ભવતિ. વ્રજભકતાનામિવ પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વકભગવદાસકિતરૂપે નિરોધે સિદ્ધે બાહ્યત્યાગસ્ય આવશ્યકતૈવ નાસ્તિ, ત્યાગનિર્વાહકવૈરાગ્યસ્ય ઉત્કૃષ્ટભકિતસ્વભાવસિદ્ધત્વાદેવેતિ, તસ્ય કર્તવ્યત્વાકર્તવ્યત્વયોઃ નિરૂપણમપિ અનાવશ્યકમેવ)– ભકત્યુત્તર જે સંન્યાસ છે તેના પાછા બે વિભાગ થઈ શકે છે. તે આપાણે એક આ ભકત્યુત્તર સંન્યાસ પ્રપઞ્ચ વિસ્મૃતિપૂર્વક ભગવદ્આસકિત અને એક આ ભગવદ્ વિરહાનુભવાર્થ ભકત્યુત્તર એટલે કે ભકિત સિદ્ધ થઈ ગયા પછી બે પ્રકારના સંન્યાસ છે. તો પ્રપઞ્ચ વિસ્મૃતિ પૂર્વક ભગવાદાસકિત રૂપ જે સંન્યાસ છે, જે વ્રજભકતોને સિદ્ધ હતો. તો તે **''નંદદાસ રહત ઐસે ઘરમે જૈસે રહત બટાઉ''** તે તો ઘરમાં રહીને પણ આપાણે તે પ્રકારે જીવી શકીએ.

જેમ કે કર્મફલ ત્યાગનો જે સંન્યાસ છે, તે પ્રકારનો પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ આસકિતરૂપ સંન્યાસ છે. તેમાં બાહ્ય ત્યાગની કોઈ આવશ્યકતા જ નથી. અંતર એટલું વિરકત છે કે તેમાં કોઈ ફરક નથી પડતો. તો તેનો તો શ્રીમહાપ્રભુજીએ અહીં વિચાર નથી કર્યો કારણ કે જો તે સંન્યાસ સિદ્ધ થઈ ગયો– પ્રપઞ્ચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ –આસકિત રૂપ સંન્યાસ સિદ્ધ થઈ ગયો, જે વ્રજભકતોને સિદ્ધ હતો. તો તેના વિચારમાં તો શું કહેવું ? શું સમજાવવું ? તેનાથી તો પછી સમજવાની વાત આવી ગઈને !

હું હંમેશા એક જોક (રમુજ) બતાવતો રહુ કે એક છોકરીને પહેલીવાર ડીલેવરી આવવાની હતી. તો તેણે પોતાની માને કહ્યું કે જો ડીલેવરી આવે તો માં મને ઉઠાડજે હોં ! તો તેની માએ કહ્યું કે તુ વાતને સમજ કે જયારે તને ડીલેવરી આવશે ને ! ત્યારે મારે તને નહીં જગાડવી પડે. તુ મને જગાડીશ. હજુ સુધી ડીલેવરી આવી નથી તેથી તું એમ સમજે છે કે તુ સુતી છો અને તને જયારે બાળક આવે ત્યારે હું જગાડું ? પરંતુ ખરેખર જયારે ડીલેવરી આવશે ત્યારે હું તને નહીં

પરંતુ તુ મને જગાડીશ.

તો એ જ રીતે આ પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક જે ભગવદાસકિત રૂપ સંન્યાસ છે, તેને કાંઈ કહેવાની જરૂરત નહીં પડે. તેનાથી તો આપાણે સમજશું કે સંન્યાસ શું છે ? સંન્યાસનું રહસ્ય શું છે ? તો આગળ શ્રીમહાપ્રભુજી એટલા માટે જ કહે છે કે ''કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્, ભાવો ભાવનયા સિદ્ધઃ'' તે તો જેને પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિત છે. તેને કોઈ સંન્યાસનો ઉપદેશ આપવાની જરૂરત નહીં પડે. તેને તો એ પણ કહેવાની જરૂરત નહીં પડે,

વિરહાનુભવાર્થન્તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।।

વિરહને તો તે જીવે છે, સંયોગને તે જીવે છે. તે ભકત સંયોગ-વિરહના ચક્રને જીવે છે. જેને પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિત થઈ ગઈ. તે તો આપાણને જગાડશે, આપાણે તેને શું ઉપદેશ આપીશું ? તેનાંથી તો આપાણે સમજશું પરંતુ ફરીથી અહીં જુઓ કે જેને પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિત થઈ ગઈ છે અને ઘરમાં સેવા નભી રહી નથી. તે કોણ ? દઢબીજભાવવાળો જાત વ્યસની. જેનો વ્યસનભાવ એટલો પ્રભુમાં વધી ગયો છે. જે દઢ બીજભાવવાળો છે તેને જો ઘરમાં ભગવદ્ વિપ્રયોગ અનુભવ કરવામાં કોઈ પ્રકારનું વિઘ્ન આવતું હોય તો, બહાર જઈને ભગવદ્ વિપ્રયોગ જો તે સરલતાથી અનુભવ કરી શકતો હોય તો સંન્યાસ લેવાની તેને છૂટ છે. આ ભકિતમાર્ગીય સંન્યાસનો જે સાર છે, તે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે.

ભકિતવર્ધિનીનો આ કેટલામો પહેલો અને ત્રીજો અધિકારી અને છેવટે પાંચમો અધિકારી પાણ જે શ્રવાણની પ્રક્રિયાથી આગળ વધીને જો વ્યસન સુધી પહોંચી રહ્યો છે. ''સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદ્ આસકત્યા સ્યાદ્ ગૃહારુચિઃ, ગૃહસ્થાનં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે, યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ'' આ પ્રક્રિયાથી જો આગળ વધી શકયો તો પછી તેને શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ''વિરહાનુભવાર્થન્તુ પરિત્યાગઃ પ્રશસ્યતે''

ઘર તમને તમારી વિરહાનુભૂતિમાં બાધક થઈ રહ્યું છે, તમારી ભકિતના

દઢબીજભાવના કારણે આ ઘરમાં તમને ખલેલ થતું હોય કે તમે ભગવદ્ વિરહને બરાબર રોઈ શકતા નથી. કારણ કે એક વાત સમજો કથામાં આપણે રોઈએ અરે... ભગવાન પછી ગોકુલથી મથુરા પધારી ગયા. અરે ! કથામાં રોઈ રહ્યા છો પરંતુ ઘરમાં રોઈ રહ્યા છો ? ઘરમાં તો નથી રોઈ રહ્યા. ઘરમાં તો આનંદથી રહે છે, કથામાં તો રોઈ રહ્યા છો. તે તો એક બીજી કથા છે. તે કાંઈ ભકતની કથા થોડી છે ? તે તો યજમાનની કથા છે.

પ્રભુની કથામાં ખરેખર જો રડવું આવતું હોય... મેં એકને પુછયું કે ભાઈ, ઘડીએ ઘડીએ શું કામ રડો છો ? તો તેણે કહ્યું કે શ્રીઠાકોરજીની યાદ આવે છે. મેં કહ્યું કે તો પછી શ્રીઠાકોરજીની સેવા કેમ નથી કરતા ? તો કહે કે સેવા કરીએ તો ભાવ ઠંડો થઈ જાય. ત્યારે મને રહસ્ય સમજાયું કે અચ્છા ! આમા આ રહસ્ય છે ? સ્ત્રીઓ આ નથી જાણતી, નહીં તો ઘરમાં આપણને કોઈ એમ કહી દયે કે તમારી યાદમાં અમે રોઈ રહ્યા છીએ. આપણે કહીએ કે ભઈ હવે તો આવી ગયા. તો બોલે કે આવી ગયા તો ભાવ ઠંડો પડી ગયો. તો હવે કયા જઈએ ?

ઘરમાં આપણું નામ લઈને રોતી હોય કે આવ્યા નહીં, આવ્યા નહીં, આવ્યા નહીં. ‘‘**આયે ન બાલમ કા કરું સજની ?**’’ અને આપણે કહીએ કે લે આવી ગયા. તો કહે કે આવી ગયા, તો ભાવ ઠંડો પડી ગયો. તો યાર પછી આપણે જઈએ કયા ખાડામાં ? દરિયામાં પડુ ? ડુબી મરું ? કયા જાઉ ? તો ભગવાન્ પણ એ વિચારતા હશે કે મારા માટે રોવે છે અને મારી પાસે પાછો આવતો નથી. કારણ કે આવે તો ભાવ ઠંડો થઈ જાય. કથાનું આ બહુજ ગંભીર યજમાની રહસ્ય છે. આ જે છે તે ભાગવતી રહસ્ય નથી યજમાની રહસ્ય છે.

કે ભગવાન રાસમાં તિરોહીત થઈ ગયા... અરે ! શેના તિરોહીત થઈ ગયા યાર કોને બેવકૂફ બનાવો છો ? કયા તિરોહીત થઈ ગયા ? તિરોહીત થયા હોત તો આવું રડવું જ ન આવે. આ વાત ધ્યાનથી સમજો કે આ ભાગવતી રહસ્ય નથી આ બધું કાંઈક બીજું ગંભીર રહસ્ય છે.

(ભકિતમાર્ગીયયોઃ સંન્યાસયોઃ ભગવદ્ વિરહાનુભવાર્થે દ્વિતીયપ્રકારકે સંન્યાસે વેશ-ગુરુ-સાધક-ભાવોદ્બોધનોપાય-

બાધકાનાઞ્ચ નિરૂપણમ્'')- સંન્યાસના પ્રકારમાં વેશ ગુરુ સાધકભાવોદ્બોધનના ઉપાય અને બાધકોનું નિરૂપણ કરે છે.

સ્વીય-બન્ધ-નિવૃત્ત્યર્થં વેશઃ સોડત્ર ન ચાન્યથા[૧] ॥ ૭ ॥
કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ[૨] સાધનં ચ તદ્ ॥
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઇષ્યતે[૩] ॥ ૮ ॥
વિકલત્વં તથાડસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ॥
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ[૪] ॥ ૯ ॥

અહીં શ્રીમહાપ્રભુજી કહે છે કે તમે બીજાથી છૂટવા માટે ભગવા ન પહેરો. બીજા તમને તકલીફ ન આપે તે માટે તમે ભગવા પહેરીને, બીજાને રેડ સીગ્નલ બતાવી શકો કે ભાઈ અમારી પાસે નહીં આવતા, તમારા કામથી અમે ગયા. તો તે વેશ તમે પહેરી શકો. કારણ કે તમારે ભગવદ્ વિરહ કરવો છે ને ! બીજાઓ સાથે સંબંધ તોડવો – ઘર સાથે સંબંધ તોડવો એ તમારા માટે મુશ્કેલી નથી. તમારી મુશ્કેલીએ છે કે બીજા તમને પરેશાન ન કરે. તો તમને એમ લાગતું હોય કે આવા ભગવા પહેરવાથી પરેશાન નહીં કરે, તો ભગવા પહેરી લ્યો. તમને એમ લાગતું હોય કે લાલ કપડા પહેરવાથી નહીં કરે તો લાલ કપડા પહેરી લ્યો, સફેદ કપડા પહેરવા હોય તો સફેદ પહેરી લ્યો. જે પહેરવા હોય તે પહેરો.

અહીં ભગવા ફરજીયાત (કમ્પલસરી) નથી. પરંતુ ભગવા પણ મદદરૂપ (હેલ્પફુલ) થતા હોય તો ભગવા પહેરવામાં ખોટું શું છે ? કારણ કે ''કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્'' ગોપિકાઓ આ પ્રકારના ત્યાગમાં આપણા ગુરુ છે. ગુરુ છે તેનો મતલબ આ જે વિરહાનુભવાર્થ પરિત્યાગ છે તે કેવી રીતે કરવો ? તેના તે ગોપિકાઓ આપણા આદર્શ મોડલ છે.

તો 'તદ્-ભાવો' અને તેઓનો ભાવ આપણને કેવી રીતે મળશે ? તો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ''તદ્-ભાવો ભાવનયા સિદ્ધઃ'' તેઓનો પ્રભુ પ્રત્યેનો જે ભાવ હતો તે ભાવ તમને કેવી રીતે પ્રાપ્ત થશે ? તો તેઓના ભાવની ભાવના તમે પણ કરો. જેમ કે તેમના શ્રીઠાકોરજી તેઓની પાસેથી તિરોહીત થઈ

ગયા. તમે પણ એમ માનો કે તમારી પાસેથી પણ શ્રીઠાકોરજી તિરોહીત થઈ ગયા. તેથી તમને વિરહ થઈ રહ્યો છે. એમ વિચારશો તો તમને ગૃહત્યાગ કરવામાં તમને ભગવદ્ વિરહાનુભવાર્થ ગૃહત્યાગનો સંપૂર્ણ આનંદ આવશે.

તે ભાવની ભાવના કરો. ભાવના અને ભાવમાં શું અંતર છે ? આ વાતને ધ્યાનથી સમજો. ભાવ મતલબ આપણા હૃદયમાં રહેલો ભાવ જેને આપણે કહીએ નહીં પરંતુ થઈ જાય છે અને ભાવના મતલબ કે આપણને તે ભાવ હોતો નથી પરંતુ આપણે તેને સ્વૈચ્છીક (વોલેન્ટરી) રીતે કરીએ છીએ. જે સહજ રીતે (ઈન વોલેન્ટરી) થતો હોય તે ભાવ છે અને જે સ્વૈચ્છાએ કરીએ છીએ તે ભાવના છે ખ્યાલમાં આવ્યું ને !

એક વાત ધ્યાનથી સમજો કે સગાઈ કર્યા પછી છોકરા-છોકરીને એકબીજા પ્રત્યે ભાવના કરવાની શીખામણ અપાય છે કે ભાઈ આ તારી પત્ની છે કે આ તારો પતિ થનાર છે. તે વખતે ભાવ હોતો નથી અને સગાઈ થયા પછી બન્નેનું દામ્પત્ય સારી રીતે નભી રહ્યું છે. એટલે કે દંડા-દંડી, કેશા-કેશી, મુષ્ટા-મુષ્ટી નથી ચાલી રહ્યું. તો તદ્ભાવ સિદ્ધ થઈ જાય છે કે હું પતિ છું અને આ પત્ની છે અને દંડા-દંડી, કેશા-કેશી, મુષ્ટા-મુષ્ટી થઈ ગયું, તો ભાવ ખંડિત થઈ જાય તેથી સગાઈ વખતે તે ભાવના કરાવવામાં આવે છે. લગ્ન પછી દામ્પ્ત્ય ભાવની અપેક્ષા હોય છે. સગાઈ વખતે દામ્પત્યની ભાવના હોય છે, દામ્પત્યનો ભાવ નથી હોતો.

એટલે કે એકબીજાને આ રીતે સૂચિત કરાય છે કે ભાઈ આ તારો પતિ થશે અથવા આ તારી પત્ની થશે. આની સાથે તારે પતિની જેમ વર્તાવ કરવો. આની સાથે તારે પત્નીની જેમ વર્તાવ કરવો. તે ભાવના છે અને લગ્ન પછી તે ભાવ બની જાય છે. તો ભાવ અને ભાવનામાં આટલું જ અંતર છે કે જે આપણે કરી રહ્યા છીએ તે ભાવના છે અને જે આપણા હૃદયની માંગણીથી, હૃદયના આવેગથી, અંતરથી થવા લાગે તે ભાવ છે. જે ઈચ્છાથી કરી રહ્યા છીએ તે ભાવના છે અને ભાવના જો ઈચ્છા વગર થવા લાગે તો ભાવ છે. બસ આટલો જ ફરક છે.

સંક્ષેપમાં એમ પણ સમજી શકો કે ઈચ્છાની સાથે આપણે ભાવ કરી રહ્યા છીએ તો ભાવના છે અને ઈચ્છા વગર ભાવના થવા લાગી તો ભાવ થઈ જશે. તો "ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઈષ્યતે" હવે એક વાત સમજો કે **"ઝેર તો પીધા છે જાણી-જાણી"** જયારે તમે ભગવદ્ વિરહના માટે ઘર છોડીને નીકળ્યા છો. કારણ કે અત્યાર સુધી તો ઘર તમને આ ભગવદ્ વિરહનો અનુભવ કરવામાં તકલીફ આપી રહ્યું હતું પરંતુ હવે તમારી તકલીફ દૂર થઈ ગઈ. તેથી તમારી અંદર વિકલતા વધશે. તમે થોડા અસ્વસ્થ થઈ જશો. થોડા મનથી અસ્વસ્થ થઈ જશો તમે સ્વસ્થ રહી શકશો નહીં.

તો "વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ, પ્રાકૃતં ન હિ" તે તમારો સ્વભાવ થઈ જશે. તે પ્રાકૃત વિકલત્વ નહીં હોય. પ્રાકૃત અસ્વાસ્થ્ય નહીં હોય. તમે થોડા પાગલની જેમ વર્તવા લાગશો. જેમ કે રાજા આશકરણદાસજી પાગલની જેમ વર્તવા લાગ્યા હતા. પરંતુ તે તમારો સ્વભાવ છે. તે સ્વભાવ પ્રાકૃત નથી. એટલે કે તે દુનિયાની જે પ્રકૃતિ છે તેમાંથી જે ઉત્પન્ન થતો જે પ્રાકૃત સ્વભાવ છે તે પ્રાકૃત સ્વભાવ નથી.

કારણ કે ભગવદ્ વિપ્રયોગના કારણે બનેલા તમે પાગલ છો. ભગવદ્ વિપ્રયોગના કારણે તમને આવતું અસ્વાસ્થ્ય છે. હવે તમે સ્વસ્થ નહીં રહી શકો અને "જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ" આ સ્થિતિમાં પ્રભુનુ જે માહાત્મ્ય જ્ઞાન અને પ્રભુના જે ગુણ છે તે તમને બાધક થશે. પ્રભુના જે ગુણ છે તે સાધક થઈ રહ્યા હતા. શું કામ ? કારણ કે ગુણના કારણે તમને સ્વસ્થતા રહેતી હતી. જયારે પણ પ્રભુના ગુણ વિચારો તો પ્રભુ બધી જગ્યાએ છે. પ્રભુ તમારા હૃદયમાં પણ છે.

કયાંય પણ તમે ભગવાનને ભજવા ઈચ્છો, ભજી શકો છો. પરંતુ હવે આ સ્થિતિમાં પ્રભુના ગુણ બાધક થશે. કારણ કે પ્રભુ બધી જગ્યાએ છે, તો પછી વિપ્રયોગ કોનો ? પ્રભુતો કયાંયથી તિરોહીત છે જ નહીં. જેમ કબીર કહે ને કે **"પાની બીચ મીન પ્યાસી મોહે સુન સુન આવે હાંસી"** ભગવાન જે સર્વવ્યાપી છે, સર્વાન્તરાત્મા છે તો તેનો વિપ્રયોગ ? તો આ બધા જે ભગવાનના

ગુણ છે. પ્રભુનું આ જે જ્ઞાન છે તે તમને આ વિપ્રયોગમાં બાધક થશે. જો તમને સંન્યાસ પછી આ જ્ઞાનની ચર્ચા સારી લાગી રહી છે તો. મતલબ કે વિપ્રયોગ નથી અને વિપ્રયોગ છે, તો આ જ્ઞાનની ચર્ચા સારી નહીં લાગે.

તો તમે ભાગવત નહીં કરી શકો. તમે કોઈ એવી કથા નહીં કરી શકો. તમે કથા સાંભળી નહીં શકો. તમે રોતા રહેશો. તમે અસ્વસ્થ રહેશો. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે આ તમારું અસ્વાસ્થ્ય છે, તે આધિદૈવિક અસ્વાસ્થ્ય છે. આ તમારી વિકલતા આધિદૈવિક વિકલતા છે. તેને લૌકિક, શારીરિક, માનસિક વિકલતા સાથે કોઈ સંબંધ નથી.

આ ખૂબ જ ઉચ્ચ કક્ષાની વિકલતા છે. આ ખૂબ જ ઉત્તમ સામર્થ્યવાળુ અસ્વાસ્થ્ય છે. તમારું આનાથી વધીને સ્વાસ્થ્ય પણ ન હોઈ શકે. જેના ઉપર સેંકડો સ્વાસ્થ્ય ન્યોછાવર કરી શકાય. એવું તમારું એક અસ્વાસ્થ્ય છે. આ વાત તમારે સમજવી પડશે. પરંતુ "જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ" આ બધું જ્ઞાન અને ભગવાનના બધા ગુણ જે અત્યાર સુધી સાધક હતા. હવે તે તમને બાધક થવા લાગશે. કારણ કે આ વાત હવે તે તબક્કા પર જઈ રહી છે.

(પૂર્વોકતસ્ય સંન્યાસસ્ય ફલાવસ્થાયાઃ નિરૂપણમ્)–ઉપરોકત સંન્યાસના ફલાવસ્થાનું નિરૂપણ કરે છે. આ જે સંન્યાસ છે તેની ફલાવસ્થામાં શું થશે ? તે કહે છે.

સત્યલોકે સ્થિતિર્ જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ।।
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ।।૧૦।।
તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સંશયઃ ।।
બહિશ્ ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ ।।૧૧।।
તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।।
ગુણાસ્તુ સંઙ્ગ-રાહિત્યાદ્ જીવનાર્થં ભવન્તિ હિ।। ૧૨।।
ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે ।।
સ્વાસ્થ્ય વાક્યં ન કર્તવ્યં દયાલુર્ ન વિરુધ્યતે ।।૧૩।।

દુર્લભોઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા॥

આ પ્રકારના સંન્યાસના કારણે તમે સત્યલોકમાં સ્થિત થઈ ગયા. મિથ્યા લોકમાં હવે તમે નથી. સત્યલોક એક લોક પણ છે. પરંતુ તે અર્થમાં અને આ અર્થમાં પણ કે મિથ્યા જે અહંતા મમતાત્મક લોક છે ત્યાં હવે તમે નહીં રહી શકો. ''ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્'' તમે ભાવનાથી જે લોકમાં જીવી રહ્યા છો. ભગવાનના વિપ્રયોગના લોકમાં તે ફલ પણ તમને તેવું જ મળશે. ''તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સંશયઃ, બહિશ્ ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ'' હૃદયમાં જે તમારો વિપ્રયોગનો ભાવ રહેલો છે, તે કયારેક તમારા હૃદયની વૃત્તિને મથી મથીને, મથી મથીને એટલો ગાઢ બનાવી દયે છે કે અંદર બિરાજમાન પ્રભુ છે કે જેનું તમે નિરંતર ચિંતન કરી કરીને વિપ્રયોગ કરી રહ્યા છો. તે આસકિત ભ્રમ ન્યાયથી કયારેક તમને બહાર દેખાય જાય. બસ તો પછી તમને જીવવું મુશ્કેલ થઈ જશે.

ત્યાર પછી તો તમારા વિપ્રયોગની તીવ્રતા ખૂબ જ વધી જશે અને તે વધેલી તીવ્રતાથી તમે પાછા જીવવા લાયક નહીં રહી શકો. હજુ સુધી તો તમે જીવવા લાયક હતા, હવે જીવવા લાયક પણ નહીં રહો. શા માટે ? કારણ કે તે સ્નેહની જે અંતિમ અવસ્થા છે તેના પહેલા ઉન્માદ આવે. ઉન્માદની સ્થિતિ પછી મૂર્છા આવે, મૂર્છા પછી મરણ આવે. આ મરણ પણ કોઈ બીજા પ્રકારનું મરણ છે. આ તે રોગજન્ય મરણ નથી. આ જે છે તે તમારું ભગવાનની સાથે વિપ્રયોગ જન્ય મરણ હશે. ભગવદ્ વિપ્રયોગજન્ય મરણ એ સાધારણ મરણ નહીં હોય.

તો તમારો ભાવાત્મક પ્રભુ તમારી અંદરથી જો બહાર પ્રકટ થઈ ગયો અને ફરી પાછો કયારેક ભીતર પ્રવિષ્ટ થઈ ગયો તો તેને લાકડાના ઉદાહરણથી સમજાવી રહ્યા છે કે લાકડામાં રહેલો અગ્નિ જો કયારેક પ્રકટ થઈને બળવા લાગે, તો પછી લાકડું કાયમ રહી શકે નહીં. એવી જ રીતે તમારા દેહની અંદર રહેલ ભાવાત્મક પ્રભુ જો કયારેક વિપ્રયોગની આસકિતભ્રમ ન્યાયથી બહાર પ્રકટ થઈ ગયો અને પછી જો કયારેક તિરોહીત થઈ ગયો. તો આટલા વિપ્રયોગ પછી તમે

જીવી નહીં શકો.

આજે તો આપાણે બધા રોઈએ છીએ. પરંતુ આપાણને કાંઈ સાચો વિપ્રયોગ ભગવાનનો થોડો હોય છે ? થોડો-ઘાણો થતો હશે. પરંતુ સાચો વિપ્રયોગ તો આવા પ્રકારનો હોય. એક પ્રાકૃત કવિએ ખૂબ જ સરસ કહ્યું છે કે જે લોકો પ્રીતમના આવવાની આશામાં જીવી રહી છે, તે તો ખૂબ સૌભાગ્યવાળી છે. કારણ કે અમે તો પ્રીતમના જવાના સમાચારથી મરવાની તૈયારી કરીએ છીએ. જે લોકો પ્રીતમના આવવાની આશાથી જીવે છે. તે તો ખૂબ સામર્થ્યવાળી ભાગ્યશાળી છે. અમે તો પ્રિતમના જાવાના સમાચારથી મરવાની તૈયારીમાં પહોંચ્યા છીએ. આવું એક પ્રાકૃત કવિએ કહ્યું છે.

પછી તો તે અવસ્થાનો વિપ્રયોગ ફરી પ્રકટ થશે અને ''ગુણાસ્તુ સઙ્ગ-રાહિત્યાદ્ જીવનાર્થં ભવન્તિ હિ'' અને ગુણ જે છે, તે વખતે સંગ રાહિત્ય હોવાના કારણે તમારા જીવનમાં થોડા ઘાણા સહાયક થઈ શકશે અને આ વિપ્રયોગમાં ભગવાન તમારી સામે જલ્દીથી પ્રકટ નહીં થાય. શા માટે ? કારણ કે ભગવાનનું એક સ્વરૂપ જેમ સંયોગાત્મક છે, તેમ એક સ્વરૂપ એનું વિપ્રયોગાત્મક પણ છે.

તો વિપ્રયોગના રૂપમાં ભગવાન તમને વિપ્રયોગ આપતા જ રહેશે, કે જેનાથી તમે પોતાના વિપ્રયોગને પૂરી તીવ્રતાથી અનુભવી શકો. તમે તે જ માર્ગ પસંદ કર્યો છે. હવે જે માર્ગ પસંદ કર્યો છે તે એક રીતે તો શહીદનો માર્ગ છે હો. આ જે છે ને તે લડાઈનો માર્ગ નથી. આ એક શહીદનો માર્ગ છે. શહાદતનો માર્ગ છે. ભકિતમાં શહીદ થવાનો માર્ગ છે. તો તે માર્ગ પસંદ કર્યો છે, તો શહીદ થવું એ જ તમારી નિયતી છે. યુદ્ધનો માર્ગ એક બીજો માર્ગ છે અને એક શહીદ થવાનો માર્ગ છે.

જેમ કે ગાંધીજીનો જે માર્ગ હતો, તે શહીદ થવાનો માર્ગ હતો. સુભાષચંદ્રનો માર્ગ હતો. તે શહીદનો માર્ગ ન હતો, તલવાર ઉઠાવીને લડવા-મારવાનો માર્ગ હતો. પરંતુ આ શહાદત-શહીદનો માર્ગ છે. તમે વિપ્રયોગને જ પસંદ કર્યો છે. ત્યાં સુધી આ વાતને શ્રીમહાપ્રભુજી લઈ જાય છે કે ''ભગવાન્

ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે'' ભગવાન પ્રકટ થઈને તમારા વિપ્રયોગને ખતમ નહીં કરે.

''સ્વાસ્થ્ય વાકયં ન કર્તવ્યમ્'' તમને કોઈ સમજાવવા આવે કે ભગવાન તો સર્વવ્યાપક છે, તમે કોના માટે રોવો છો ? જેવી રીતે ઉદ્ધવજી ગોપીજનોને સમજાવવા આવ્યા હતા. તો તેની પરવા નહીં કરો. જ્ઞાનની હવે જરૂરત નથી. આ વાત સમજો. જ્ઞાનની પરવા શરૂઆતમાં જરૂરી હતી. વિપ્રયોગનો જો અનુભવ થઈ ગયો તો જ્ઞાનની પરવાની કોઈ જરૂરત નથી અને તમને આ ભાવ કયારેય નહીં જાગે કે ભગવાન દયાલુ નથી. અમારી સામે કેમ પ્રકટ નથી થઈ રહ્યા ?

કારણ કે એક સીધી વાત બતાવું જેમ હંમેશા હું કહેતો હોઉ છું, કે એક યહુદી સરમદ નામે હતો. તો તે ઈઝરાયલથી આપણે ત્યાં દિલ્હી આવી ગયો હતો. ઔરંગઝેબનો જે મોટો દારા હતો તેનો ગુરુ હતો અને તે મસ્તરામ જીવ હતો. તે નગ્ન રહેતો હતો અને ત્યાં જામા મસ્જિદની આગળ બેસીને અર્ધી કલમાં બોલતો હતો. 'લા ઇલા' બોલતો હતો 'ઇલઇલલા' નહોતો બોલતો. **'મહમદ રસુલ અલ્લાહ'** નહોતો બોલતો. 'લાઇલા' મતલબ ? તેના સિવાય કોઈ નહીં. અલ્લાહ એક છે અને તેમના દુત રસુલ મોહમદ છે. આ પાછળની બે વાત બોલતો નહોતો.

કોઈએ ઔરંગઝેબની સામે ફરિયાદ કરી દીધી કે ભઈ! આ દર વખતે આમ અર્ધુ બોલે છે. તો ઔરંગઝેબે પુછાવ્યું કે ભાઈ ! આટલુ અર્ધુ કેમ બોલે છે? તો તેણે એટલો મસ્ત જવાબ આપ્યો કે જેટલુ જાણું છું. એટલુ બોલી રહ્યો છું. આનાથી આગળ જાણી લઈશ તો આગળ પણ બોલીશ. અત્યારે તો આટલું જાણું છુ કે તેના સિવાય કાંઈ નથી. આગળની વાત હજી મેં જાણી નથી, તો કેવી રીતે બોલું ?

તો ઔરંગઝેબે હુકમ કર્યો કે આને મારી નાખો. તો મરતી વખતે પણ તેની ખૂબસૂરતી જુઓ ! ભકતની ખૂબસૂરતી કેવી હોય ? તેણે એમ ન કહ્યું કે ઔરંગઝેબ મારી રહ્યો છે. મરતી વખતે પણ તેણે એમ કહ્યું કે મારી પ્રેમિકા મારા પ્રેમની પરીક્ષા લેવા માંગે છે, કે હું સાચો પ્રેમી છું કે નહીં ? તો તેની પ્રેમની

પરીક્ષા આપવા માટે મારે મરવું જોઈએ. તો હસતા હસતા મરી ગયો. તેણે કહ્યું કે ગળુ કાપી લે. પરંતુ બોલીશ તો એટલુ જ કે જેટલુ જાણ્યું છે, જાણ્યું નથી તે કયાંથી બોલું ? હજુ મેં જાણ્યુ નથી તો બોલુ કેવી રીતે ? આ અભિમાન આપણામાં પ્રકટ થઈ શકે છે.

આવા ઘણા ઉદાહરણ આપણે ત્યાં પણ મળશે. તો આ વાત સમજો કે આવી માદ્ગા આપણામાં પણ પ્રકટ થઈ શકે છે. તો ''સ્વાસ્થ્ય વાક્યં ન કર્તવ્યમ્'' પ્રભુ પ્રકટ નથી થઈ રહ્યા તો આપણને એમ નહીં લાગે કે પ્રભુ દયાલુ નથી. મને કોઈએ એક દિવસ પુછયું કે આટલા વરસથી સેવા કરી રહ્યા છીએ, પરંતુ શ્રીઠાકોરજી પ્રકટ કેમ નથી થતાં. હું મુંઝાઈ ગયો. મે કહ્યું કે શ્રીઠાકોરજી પ્રકટ નથી થયા તો તમે સેવા કોની કરી ? સેવા કોની કરી રહ્યા હતા ? પથ્થર પૂજયો ? કે કોઈ ધાતુ પૂજી ? તમે પૂજા કોની કરી ?

તેણે કહ્યું કે નહીં નહીં આમ તો શ્રીઠાકોરજી છે. મેં કહયું કે આમ છે અને ઓમ નથી આનો અર્થ શું ? હું મુંઝાઈ ગયો, તેણે કહ્યું નહીં નહીં. કંસને પ્રભુ પ્રકટ થઈ ગયા હતા. તો કંસને દ્વેષ હતો. તમને દ્વેષ કયા છે ? એ બતાવો. તો કંસને પ્રકટ થઈ ગયા, અમને કેમ પ્રકટ નથી થયા ? તમને એટલો દ્વેષ કયા છે ? એટલો તમને સ્નેહ કયા છે ? એ વાત બતાવો.

તમે થોડીક ગણતરી કરી રહ્યા છો કે અમે દસ વરસ સેવા કરી અને શ્રીઠાકોરજી કેમ પ્રકટ ન થયા, તો ભાઈ શ્રીઠાકોરજી પ્રકટ થયા, તેને તમે દયાળુ છે કે નહીં તેની તમે ચિંતા કરો છો. આ ચિંતા તમે શું કામ કરો છો ? તમે એમ કેમ નથી માનતા કે જેની તમે સેવા કરી રહ્યા છો, તેને તમે પ્રકટ શ્રીઠાકોરજી કેમ નથી માનતા ? તે પ્રકટ શ્રીઠાકોરજી જ છે. તેથી તો આપણે તેને મૂર્તિ નથી કહેતા, તે પ્રકટ શ્રીઠાકોરજી જ છે, તેથી આપણે તેને પ્રતિક નથી કહેતા. તે પ્રકટ શ્રીઠાકોરજી છે, તેથી આપણે તેને સ્વરૂપ કહીએ છીએ. રૂપ નથી કહેતા, સ્વરૂપ શા માટે કહીએ છીએ ? સાક્ષાત્ રૂપ કહીએ છીએ. માત્ર રૂપ નથી કહેતા. નહીંતર તો રૂપ કહેવું જોઈતું હતું. પ્રતિક કહેવુ જોઈતું હતું. મૂર્તિ કહેવુ જોઈતુ હતું.

એક બાજુ સ્વરૂપ કહેવું બીજી બાજુથી એમ સ્વરૂપ અને ઓમ પાછુ

સ્વરૂપ નથી. તો આ 'એમ અને ઓમ'નું ચક્કર શું છે ? એ આપણે એક દિવસ શાંતિથી સમજવું પડશે. તો આ શું છે ? આપણા મનની અધકચરી સ્થિતિ છે. આમ પ્રભુનો આટલા દિવસોથી વિરહ કરી રહ્યા છીએ અને પ્રભુ પ્રકટ કેમ નથી થતાં ? તો પ્રભુ દયાલુ નથી. તો આ બધું જે છે તે 'એમ અને ઓમ'નું ચક્કર છે. પછી આ ચક્કર નહીં રહે.

મતલબ ! આ વાત સમજો કે તમને વિરહાનુભવ નથી, તમે પ્રભુ સાથે કામના કરી રહ્યા છો. રમણ નથી કરી રહ્યા. નટવર વપુની સાથે તમારું રમણ નથી થઈ રહ્યું. નટવર વપુના તમે કામી છો, નટવર વપુમાં રત નથી. નટવર વપુમાં જો તમે રત (મગ્ન) હોત તો તો 'એમ-ઓમ'નું ચક્કર ખતમ થઈ જાત.

''દુર્લભોઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા'' શ્રીમહાપ્રભુજીએ મુંઝવણમાં કેટલી ગજબની વાત કહી કે આ પરિત્યાગ બહુ દુર્લભ છે અને આ પરિત્યાગ તે જ કરી શકશે કે જેના હૃદયમાં પ્રેમ છે. જેના હૃદયમાં પ્રેમ નથી. જેના દિલમાં ભગવત્ કામ છે. વાત સમજો 'કામ' હું ખોટા અર્થમાં નથી કહી રહ્યો હો ! કોઈ હીન અર્થમાં નથી કહી રહ્યો. એક ભાવની સરખામણી (કમ્પેરીઝન)માં આ કહી રહ્યો છું. કે જેને ભગવદ્ કામ છે તેને આ પરિત્યાગ સિદ્ધ નહીં થાય. જેને ભગવત્ પ્રેમ છે, તેને આ પરિત્યાગ સિદ્ધ થશે.

(જ્ઞાનમાર્ગીયસંન્યાસે જ્ઞાનાર્થસંન્યાસઃ[સ/૧] જ્ઞાનોત્તરસંન્યાસઃ[સ/૨] ઇતિ પ્રકારદ્વૈવિધ્યે પ્રથમસ્ય અકર્તવ્યત્વનિરૂપણં દ્વિતીયસ્ય કલૌ દુર્લભત્વમેવેતિ ઉપપાદનમ્)- જ્ઞાનમાર્ગના જે સંન્યાસ છે, તેના બે ભેદ છે. જ્ઞાનાર્થસંન્યાસ અને જ્ઞાનોત્તરસંન્યાસ. તેમા પ્રથમ સંન્યાસ કર્તવ્ય નથી અને બીજો પ્રકાર કલિકાલમાં દુર્લભ જ છે.

જ્ઞાનમાર્ગેતુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ ॥ ૧૪ ॥
જ્ઞાનાર્થમ્[સ/૧] ઉત્તરાઙ્ગ[સ/૨] ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્[૧] ॥
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્ મતમ્[૨] ॥ ૧૫ ॥
અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા[૩] ॥

પાષણ્ડિત્વં ભવેત્ ચાપિ તસ્માજજ્ઞાને ન સંન્યસેત્ ।। ૧૬ ।।
સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ્ ઇતિ સ્થિતિઃ[૪] ।।

જ્ઞાનમાર્ગમાં સંન્યાસના બે પ્રકાર છે. જ્ઞાનાર્થ સંન્યાસ અને જ્ઞાનોત્તર સંન્યાસ તે સો જન્મમાં સિદ્ધ થઈ શકે. જે શાસ્ત્રીય જ્ઞાન છે, તે અક્કલવાળુ જ્ઞાન નથી. કે જેને આપાણે બુદ્ધિશાળી કહીએ, તે જ્ઞાન નથી. એટલે કે આ જ્ઞાન વૈદિકજ્ઞાન છે. તે જ્ઞાનના સાક્ષાત્ અનુભૂતિરૂપ જ્ઞાન તે સાધનાપેક્ષ જ્ઞાન છે. યજ્ઞાદિ અને શ્રવાણથી તે બધું સિદ્ધ થાય અને તે જ્ઞાન જે સાધનથી ઉત્પન્ન થઈ રહ્યું છે તે સાધન કલિયુગમાં અત્યારે નિભાવવું ખૂબ જ મુશ્કેલ છે.

‘‘અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા’’ કલિયુગમાં તે જ્ઞાનાર્થ સંન્યાસ અથવા જ્ઞાનોત્તર સંન્યાસ પશ્ચાતાપ માટે જ હોય છે. ‘‘પાષણ્ડિત્વં ભવેત્ ચાપિ તસ્માજજ્ઞાને ન સંન્યસેત્, સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ ઈતિ સ્થિતિઃ’’ જ્ઞાન માટે સંન્યાસ લેવામાં હંમેશા શું થશે ? કે ત્યાગ તમે પહેલા કરશો અને ત્યાગ પછી તમે વૈરાગ્ય સાધના કરવા જશો અને ત્યારે તો ખૂબ મોડુ થઈ ગયું હશે.

તે વિષય તમને કુતરાની જેમ કરડવા માટે આવી જાશે. વિરાગ છે અને જ્ઞાન છે, તો કાંઈક સિદ્ધ થઈ શકશે. પાણ જ્ઞાનથી તમે ત્યાગ કર્યો તો ત્યાગ પછી વૈરાગ્ય સાધના ખૂબ જ મુશ્કેલ સાધના છે. વિરાગ પછી ત્યાગ સાધના મુશ્કેલ નથી, ખૂબ જ સરલ વાત છે. પરંતુ ત્યાગથી વૈરાગ્યને સાધવું ખૂબ જ મુશ્કેલ વાત છે. તેથી આ વાત ધ્યાનથી સમજો.

કૌશલ જે છે ને તે સરલ છે. પરંતુ કલા ખૂબ જ મુશ્કેલ છે. કોઈ વિરલાને જ પ્રાપ્ત થાય. મનુષ્ય હંમેશા સેવામાં પાણ કૌશલ પ્રાપ્ત કરી લ્યે છે. સેવાની જે કલા છે તે તો કોઈ વિરલા ભકિતયોગીને જ પ્રાપ્ત થાય છે. સેવાનું જે કૌશલ છે કે સેવા વિધિમાં આજે ચાકદાર, આડબંધ છે, કે આજે ઘેરદાર છે, કે આજે છીપ છે કે મોતી છે ? પન્ના છે કે આજે હીરા છે કે માણેક છે ? આજે બુંદીનો નેગ છે કે આજે મોહનથાળનો નેગ છે ? આજે ઘેવર-બાબર છે ? આ

બધું કૌશલ સેવામાં પ્રાપ્ત કરવું તે તો ખૂબ સરલ વાત છે.

પરંતુ સેવાની જે કલા છે, પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો આનંદ લેવાની જે કલા છે. ''**માહત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢ સર્વતોડધિકો સ્નેહ**''ની જે કલા છે. સેવામાં રહેલી આ કલા પ્રાપ્ત કરવી ખૂબ જ મુશ્કેલ છે. આ કૌશલ તો તમે બે-ચાર દિવસ વાંચોને ! બે-ચાર વરસ વાંચી લ્યો, સેવાનું રટણ કરતા રહો. અરે! પછી તો બધાને ટોકી શકો કે આજે આ ગોટાળો થઈ ગયો. આમ નહોતું આવવું જોઈતું, આમ આવવું જોઈતું હતું. આ બીડા અહીંયા આમ કેમ મુકયા ? આમ ધરવા જોઈતા હતા. બધા કૌશલ પ્રાપ્ત થઈ જશે, કલા પ્રાપ્ત નહીં થાય.

તે કલા જે છે, તે જે વખતે આપણે સેવા કરી રહ્યા છીએ, ત્યારે તે સેવાનો ભાવ તે વખતે હૃદયમાં નહીં સ્ફુરે. પ્રવચન કરવામાં બધા ભાવ સ્ફુરીત થશે. કે તમને ખબર છે ? કે ચંદ્રિકાનો ભાવ શું છે ? તાલાનો ભાવ શું છે ? ચાવીનો ભાવ શું છે ? યાર ! સેવામાં તે સ્ફુરી રહ્યો છે કે નહીં ? સેવામાં સ્ફુરતો હોયતો કલા છે અને પ્રવચનમાં સ્ફુરતો હોય તો કૌશલ છે. તો કૌશલ બહુ સરલ છે. થોડા જ પ્રયત્નમાં પ્રાપ્ત કરી શકાય છે.

પરંતુ કલા જે છે તે વિરલાને જ સિધ્ધ થાય છે. બધાને સિધ્ધ થતી નથી. જેના પર ''**યમૈવૈષ વૃણુતે તેન લભ્ય તસ્યૈવ આત્મા વિવૃણુતે તનુંસ્વામ્**'' પ્રભુ જેને પસંદ કરેને તેને સેવાની કલા પ્રાપ્ત થઈ જાય અને આપણે જો પસંદ કરીએ તો આપણને કૌશલ તો પ્રાપ્ત થઈ જ જાય. કૌશલમાં ખરાબ વાત નથી. એમ નથી કહેતો કે કૌશલ કોઈ ખરાબ વસ્તુ છે. પરંતુ કૌશલ કેટલું સરલ છે ? અને કલા કેટલી દુર્લભ છે? આ વાતને સમજો.

તો તે જે વાત કહી રહ્યા છે કે ''અતઃ કલૌ સ સંન્યાસઃ'' આવા ત્યાગ જે છે તે કૌશલ છે. સંન્યાસની કલા નથી. વૈરાગ્ય જે છે તે સંન્યાસની કલા છે, કે તમે તે વૈરાગ્ય સાચે જ પ્રાપ્ત કરી લીધો તો તમારામાં સન્યાસની કલા પ્રગટ થઈ ગઈ. તો તે છે તે કલીયુગમાં ખૂબ જ મુશ્કેલ છે. સામાન્ય રીતે કોઈપણ સંન્યાસીને મળીને જોઈ લ્યો તો ખબર પડી જશે કે કુશલ છે કે કલાકાર છે ? સંન્યાસનો તે કુશલ છે કે સંન્યાસનો કલાકાર છે ? કોઈપણ સંન્યાસીને મળશોને

તો ખબર પડી જશે.

હું એક સંન્યાસીને મળ્યો હતો. એક વાત બતાવું કે મારો એક દોસ્ત હતો. તે મને હંમેશા આગ્રહ કરતો કે અમારા ગુરુજીની પાસે ચાલો. હું અવગણના (એવોઈડ) કરતો કે જઈને શું કરવું ? એક દિવસ તે પાર્લામાં જ આવી ગયા અને મારી પાછળ જ પડી ગયો કે ચાલો મળવા ચાલો. કેવી રીતે ના પાડવી ? તો મળવા ગયો, ત્યાં જતા જ અમે બન્ને મળ્યા અને તે બિચારો તો આમ હાથ જોડીને બેસી ગયો. તેણે એમ વિચાર્યુ કે હવે તો કોઈ જ્ઞાન અને વૈરાગ્યની કોઈ ગંગા-જમુના વહેવા લાગશે.

હું જઈને બેઠો અને તેમણે શરૂ કર્યુ કે અમારે શું છે ? બધું ત્યાગી દીધુ છે. પુસ્તક છાપવા માટે પાંચ લાખનું ફંડ છે. આના માટે દસ લાખનું ફંડ છે. મે કહ્યું યાર, ફંડ સિવાય કોઈ ચર્ચા જ નથી. બધી વાતના ફંડ છે. મેં કહ્યુ કોઈ કુફંડ છે કે નહીં ? પોણો કલાક બેઠા. કોઈ ફંડ સિવાય કાંઈ ચર્ચા જ ન થઈ, અમારે શું છે ? બધું ત્યાગી દીધુ, ઘર પણ છોડી દીધું, કાંઈ છે નહીં. આનું આટલુ ફંડ છે. આનું આટલુ... પોણો કલાક પછી મેં કહ્યું હવે આજ્ઞા લઉ. બોલે હા ભલે મળશું, ચોક્કસ પછી મળશું. મારે ફંડ જોઈતું હોય તો મળીએ ને ! ફંડને મારે શું કરવાનું ?

આ વાત સમજો કે કૌશલ ખૂબ છે. કેટલુ કૌશલ ? કે દરેક વાત બિચારાએ ફંડ બનાવી દીધી, અંગત કામમાં ન વાપર્યુ. જુઓ તેનો વખાણવાનો મુદ્દો સમજો. તેણે ધર્મની દરેક વાતના સેવા કરવાનાં ફંડ બનાવ્યા. પરંતુ પેલો કૂતરો કરડવા લાગે છે. હજુ છોડતો નથી. પહેલા જે ભસતો હતો, તે હવે કરડવા લાગ્યો. બધું છોડી દીધા પછી પણ ચર્ચા બીજી કોઈ નથી, ફંડની જ ચર્ચા છે. તો બીજી કોઈ ચર્ચા જ ન હતી. તો પોણો કલાક પછી તે પણ કંટાળી ગયો. મને કહ્યું ચાલો શ્યામુબાવા મેં કહ્યું ચાલો હવે ફંડની ચર્ચા બધી જાણી લીધી. મેં ઉઠતા ઉઠતા તેને એટલું કહ્યું, હજી અમારે ત્યાં કોઈ ફંડ થયું નથી. તો કહે ના-ના તમે પુરુષાર્થ કરશો તો તમારેય ફંડ થશે, થશે તો થશે. હવે શું કરીએ ? હમણા તો કોઈ ફંડ થયું નથી. તો આ વાત સમજો.

કે આવો ‘‘પાષણ્ડિત્વં ભવેત્ ચાપિ તસ્માજજ્ઞાને ન સંન્યસેત્ સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ્ ઈતિ સ્થિતિઃ’’ કારણ કે કલિકાલ જે છે તે બધાને તકલીફ જ આપી રહ્યો છે. ભકતને પણ તકલીફ આપી રહ્યો છે અને જ્ઞાનીને પણ તકલીફ આપી રહ્યો છે. કર્મીઓને પણ તકલીફ આપી રહ્યો છે. તો દર વખતે આ જે ટ્રેન ચાલી રહી છે, તેની તો કાળજી આપણે સાધનામાં લેવી જ પડશે. ત્યાર પછી શ્રીમહાપ્રભુજીએ ખૂબ જ સ્પષ્ટ અને વેધક પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યુ છે.

(‘‘કલિકાલજદોષાઃ ભકિમાર્ગીયસંન્યાસે સમ્ભવન્તિ ન વે ?’’ તિ શઙ્કાસમાધાને)– કલિકાલજન્ય દોષો ભકિતમાર્ગીય સંન્યાસમાં પણ કેમ સમ્ભવી ન શકે ? આ શંકાના સમાધાનમાં કહે છે કે કલિકાલ તમને ભકિતમાં કેમ તકલીફ ઉત્પન્ન નહીં કરે ?

ભકિતમાર્ગેડપિ ચેદ્ દોષઃ તદા કિં કાર્યમ્ ઉચ્ચતે ।।૧૭।।
અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્[૧] દષ્ટાન્તસ્યાપ્યભાવતઃ[૨]।।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્[૩]।। ૧૮ ।।
હરિરત્ર ન શકનોતિ કર્તું બાધાં કુતોડપરે ! ।।
અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ કવચિત્[૪]।। ૧૯ ।।
જ્ઞાનિનામ્ અપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।।
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ?[૫] ।। ૨૦ ।।
તસ્માદ્ ઉક્ત–પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।।
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદ્ ઇતિ મે નિશ્ચિતા મતિઃ ।। ૨૧।।

તમે કલિકાલને છોડીને કયા બહાર જીવી રહ્યા છો ? હવે જુઓ કે બિચારા શ્રીમહાપ્રભુજીની સાથે કેવો વિશ્વાસ ઘાત થઈ ગયો ? શ્રીમહાપ્રભુજીને ભકિત ઉપર કેટલો વિશ્વાસ હતો. કાલે તમે પૂછી રહ્યા હતા કે કોણ પુછતું હતું ? પુષ્ટિમાર્ગ કહેવો કે નહીં ? હા આને કેવી રીતે પુષ્ટિમાર્ગ કહેવો ? હવે જુઓ શ્રીમહાપ્રભુજી શું વિચારી રહ્યા છે ? અને આપણે પુષ્ટિમાર્ગ શું સમજીએ

છીએ ?

‘‘અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્’’ શ્રીમહાપ્રભુજી કહે છે કે શરૂઆતમાં તો કોઈ નાશનો સંભવ જ નથી. કારણ કે આપણને છોડતા જ નથી. ભકિતમાર્ગના આરંભમાં આપણને કોઈ છોડે તો તકલીફ થાય ને ? આપણે છોડયું નથી તેમાં તકલીફ થઈ ગઈ છે. જુઓ જો કયાંક શ્રીમહાપ્રભુજીએ આપણને સંન્યાસ લેવાનું કહ્યું હોત તો આપણે શું કરત ? ગૃહસ્થ રહેવાનું કહ્યું તો **‘‘રાસલીલૈક તાત્પર્ય’’** થઈ ગયા. જો સંન્યાસ લેવાનું કહ્યું હોત તો નાઈટ કલબ ચલાવત. આ વાત સમજો કે ગૃહસ્થ રહીને આનંદથી ખાઈ-પીને મોજથી સેવા કરવાનું કહ્યું. તેમાં બધા ગો.બા.ઓ **‘‘રાસલીલૈક તાત્પર્ય’’** થઈ ગયા. તો અખંડ બ્રહ્મચર્યની સાથે સંન્યાસ લેવાનું કહ્યું હોત તો તો દરેક બાલક નાઈટ કલબનો મેનેજર હોત કે આવી જાવ બધા આ સ્થિતિ છે.

‘‘અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્’’ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ‘‘દૃષ્ટાંન્તસ્યાપ્યભાવતઃ’’ બિચારા એના કુલમાં જ દૃષ્ટાંત પ્રકટ થઈ ગયા. ‘‘સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્ ’’ સ્વાસ્થ્ય હેતુનો પરિત્યાગ કરી દીધો તો બાધ કયાંથી થઈ શકે ? પરંતુ ધ્યાનથી સમજો કે આ વાત જેમને ‘વિરહાનુભવાર્થ’ છે તેની છે. આપણને ભગવદ્ વિરહ કયા છે ? આપણે બહ્મસંબંધ આપીએ છીએ. **‘‘સહસ્ત્ર પરિવત્સર’’** વિપ્રયોગનું સ્મરણ કરીને હાથમાં તુલસી આપી આપીને પણ તેનો અર્થ આપણે જાણતા નથી કે નથી વૈષ્ણવને સમજાવતા. આજે બાવા આ બતાવી રહ્યા હતા કે શ્રીઠાકોરજીને એટલા તુલસી પધરાવે કે શ્રીઠાકોરજી ઢંકાઈ જાય. તુલસીમાં આમ અર્ધા શ્રીઠાકોરજી ડૂબી જાય. આટલા આટલા તુલસીના ટોપલાઓ પધરાવે. તેમાં આપણે સમજીએ કે તે વ્યકિત સમજશે. કે **‘‘સહસ્ત્ર પરિવત્સર’’** નો વિપ્રયોગ કેવો વિપ્રયોગ ? તેને તો ખબર પણ નહીં હોય કે વિપ્રયોગ છે કે નહીં ? આપણને પણ ખબર નથી કે વિપ્રયોગ છે કે નહીં. તો આ સ્થિતિમાં ‘‘સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાતદ્બાધઃ કેનાસ્ય સમ્ભવેત્’’

શ્રીમહાપ્રભુજી બિચારા કહી રહ્યા છે. ‘‘હરિરત્ર ન શકનોતિ કર્તું બાધાં

કુતોઽપરે!'' પરંતુ અહીં તો પુરુષોત્તમ જ બધી બાધાઓ કરી રહ્યા છે. પુરુષોત્તમ બાધા ન કરે તો માર્ગમાં બાધા કેવી રીતે ઉત્પન્ન થાય ? શ્રીમહાપ્રભુજીને ભકિતમાર્ગ ઉપર કેટલો અધિક વિશ્વાસ છે. એક વખત શાંત ચિત્તથી વિચારો કે ''અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ કવચિત્'' શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે જે માંએ બાળકને પોતાનું દૂધ પીવડાવીને મોટો કર્યો હોય. તે માં પોતાના બાળકને મરતો જોઈ શકે છે ? આપણા બાલક આ પુષ્ટિમાર્ગને મરતો જોઈ શકે છે. આનાથી વધારે લફડાની વાત શું હોઈ શકે ? ધ્યાનથી વિચારો.

''જ્ઞાનિનામ્ અપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ'' શ્રીમહાપ્રભુજી કહે છે કે આ ભકતને જ્ઞાનીને કોઈ વાકય મોહ નહીં કરે. અને હું તમને ઠક્કાઈ વાડીમાં બતાવી ચુકયો છું કે આપણે જ્ઞાનીઓના આશિર્વાદ માંગીએ છીએ. જ્ઞાનીઓને જઈને આપણે કહીએ કે અમારે ત્યાં આ પ્રસંગમાં તમે ઉદ્ઘાટન કરો. તમે અમને આશિર્વાદ આપી જાવ. તેઓ કહે કે તમારો ભકિતમાર્ગ જે છે તે કર્મહીન ભકિતમાર્ગ છે. આ જે ભકિતની પ્રથા છે, તે આપણે કોઈને કોઈ દિવસે ફેંકવી પડશે અને આપણે તેઓને જ બોલાવીને આશિર્વાદ માંગીએ કે અમને આશિર્વાદ આપો. કેવા આશિર્વાદ આપશે ? તમે કેવા આશિર્વાદ લેવા માંગી રહ્યા છો ?

તો આ જુઓ ''જ્ઞાનિનામ્ અપિ વાકયેન ન ભકતં મોહયિષ્યતિ'' **''જ્ઞાનાનામેવ વાકયાત્ મોહિતા વયમ્''** થઈ ગયા છે. કોઈ ઠક્કર બાપાને વાંચી રહ્યા છે. તો કોઈ ભગવાન રજનીશને વાંચી રહ્યા છે. કોઈ પેલા પાંડુરંગને વાંચી રહ્યા છે. કોઈ ડોંગરેજીને વાંચી રહ્યા છે. કોઈ મુરારીબાપુને વાંચી રહ્યા છે. જેને નથી વાંચતા તે એક શ્રીમહાપ્રભુજી છે. જેને વાંચતા નથી. તે એક શ્રીમહાપ્રભુજી છે. વાંચ્યા વગરની યાદીમાં કોઈ પુસ્તક છે તો તે શ્રીમહાપ્રભુજીના ગ્રંથ અને જે વાંચી લીધું તે બધા મોટી મોટી લાંબી આપણી યાદી છે.

''આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ?'' ભગવાન ઉપર

શ્રીમહાપ્રભુજીનો કેટલો વિશ્વાસ છે કે ભગવાન આત્મપ્રદ છે અને ભગવાનને પ્રિય છે. તે તમને શું કામ મોહિત કરશે? ''તસ્માદ્ ઉકત પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ'' તો તમારે પરિત્યાગ કરવો હોય તો આ પ્રકારથી પરિત્યાગ કરો. ''અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદ્ ઈતિ મે નિશ્ચિતા મતિઃ'' વિચાર્યા વગર સમજ્યા વગર કોઈ બીજા પ્રકારે જો તમે પરિત્યાગ કરશો, તો આ સ્વાર્થ એટલેકે આ ભકિતમાર્ગ છે તેનાથી તમે ભ્રષ્ટ થઈ જશો. આ મારી નિશ્ચિત મતિ છે. હવે **(ગ્રંથોપસંહારઃ)**- કરી રહ્યા છે.

ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।।
સંન્યાસવરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ ।। ૨૨ ।।

હું કૃષ્ણની કૃપાથી, શ્રીઠાકોરજીની કૃપાથી સંન્યાસીને પણ આ વાત સમજાવી શકયો છું. જુઓ, શ્રીમહાપ્રભુજી શું વાત કહી રહ્યા છે ? કે સંન્યાસને પણ જો ભકિતના ઉપયોગી બનાવવો હોય તો કેવી રીતે બનાવી શકાય ? જેમ સંસારને બનાવી શકાય છે. તો શ્રીમહાપ્રભુજીનો ભકિતનો ઉપદેશ એટલો સીમિત નથી. એટલો ક્ષુદ્ર નથી કે ભકતના સંસારને જ ભકિતનું અંગ બનાવી શકાય.

જો તમારામાં ભકિતમાર્ગ ઉપર ચાલવાની માદ્દા છે જો તમારામાં સાહસ છે તો એવી કઈ વસ્તુ છે કે જેને ભકિતનું અંગે ન બનાવી શકાય. ધર્મને ભકિતનું અંગ બનાવી શકાય. અર્થને ભકિતનું અંગ બનાવી શકાય. કામને ભકિતનું અંગ બનાવી શકાય. મુકિતને ભકિતનું અંગ બનાવી શકાય. જ્ઞાન, વૈરાગ્ય, તપ બધાને ભકિતનું અંગ બનાવી શકાય છે. શરત ફકત એટલી છે કે ભકિતનાં પંચમ પુરુષાર્થ હોવાની જે બાબત છે તેમાં તમારી દૃઢ નિષ્ઠા હોવી જોઈએ.

ભકિતના પંચમ પુરુષાર્થ હોવામાં જો દૃઢ નિષ્ઠા છે. તો સંન્યાસને પણ ભકિતનું અંગ બનાવી શકાય છે અને એમાં જ જો તમે ડામાડોલ છો તો કોઈ વસ્તુ તો શું પરંતુ કૃષ્ણને પણ ભકિતનું અંગ નહીં બનાવી શકાય. આજની તારીખમાં કૃષ્ણને આપણે ધંધાનું અંગ બનવીને બેઠા છીએ. આ વાત આપણે સંન્યાસનિર્ણયના સંદર્ભમાં સારી રીતે સાફ સુથરી રીતે સમજવી પડશે.

આ વાત શ્રીમહાપ્રભુજીએ સેવાના જે અધિકારીઓના વૈકલ્પિક સ્વરૂપ બતાવ્યા હતા કે સેવા નથી કરી શકતા તેણે કયા અને કયારે સંન્યાસ લેવો એ સંદર્ભમાં આખો સંન્યાસનિર્ણય બતાવ્યો.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિતઃ સંન્યાસનિર્ણયઃ સમ્પૂર્ણઃ ॥

॥ નિરોધલક્ષણમ્ ॥

ભૂમિકા :-

હવે પછી નિરોધલક્ષાણ અને સેવાફલ આવી રહ્યા છે. તે આપણે પહેલા જોઈ ગયા કે તે પાંચેય પ્રકારના અધિકારીઓ માટે છે. સંન્યાસનિર્ણયની સાથે જે ભકિતવર્ધિનીમાં ભકિતના વર્ધનના જે વૈકલ્પિક ઉપાય બતાવ્યા હતા. મતલબ ! સેવા-કથા અથવા કથા, તેમાં અથવા કથાના પ્રસંગમાં સંન્યાસનિર્ણય આવ્યો. સેવા અને કથાના પ્રસંગમાં સંન્યાસનિર્ણય નથી. હું સમજુ કે આટલું આપણે સમજી જઈએને તો બધી વાત સમજાઈ જશે. એક પહેલો વિકલ્પ સેવા અને કથા, બીજો વિકલ્પ સેવા અથવા કથા. તો જે સેવા અને કથાના જે વિકલ્પ છે, તે સેવા અને કથાના વિકલ્પમાં જલભેદ અને પઞ્ચપદ્યાની હતા. તે જલભેદ અને પઞ્ચપદ્યાની અથવા કથામાં પણ લાગુ પડતા હતા. સંન્યાસનિર્ણય અથવા કથામાં હતો, સેવા અને કથાના વિકલ્પમાં ન હતો. નિરોધ લક્ષાણની વાત હવે ફરીથી સેવા અને કથાનાં કલ્પમાં જઈ રહી છે.

તેથી જેમ કે મેં તમને બતાવ્યું હતું કે ભકિતવર્ધિનીમાં કહેલા જે પાંચ અધિકારી છે તે પાંચેય અધિકારીઓ માટે નિરોધલક્ષાણનો ઉપદેશ છે. કોઈ એક અધિકારી માટે નથી. પરંતુ આ વાતને સ્થુલ તયા આપણે એમ કહી શકીએ અને સમજી શકીએ છીએ. તો પણ શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષાણના બન્ને અધિકારીઓને પકડવા માટે બન્ને પ્રકારના વારાફરતી ઉપદેશ આપ્યા છે. મતલબ શું ? સેવા અને કથાનો ઉપદેશ અથવા કથાનો ઉપદેશ પણ. આમ સામાન્ય રીતે તો ન થાય. પરંતુ કેટલીક વાર જે લોકો કાનુની દસ્તાવેજ બનાવે છે, તેમને એ વાતનો ખ્યાલ હશે, કે જયાં પાનાના અંતમાં વાત છોડી દયે ત્યાંથી જ વાત પાછી બીજા પાના ઉપરથી શરૂ કરવામાં આવે છે. તે એટલા માટે કે તે પાનામાં કોઈ બીજું બે નંબરનું પાનુ ઘુસી ન જાય. એક દસ્તાવેજમાં એક પાનુ હોય તેમાં બીજું પાનુ આપણે બે નંબરનું કરીને ઘુસાડી દઈએ. તો જયાંથી વાત પૂરી થાય ત્યાંથી પાછી શરૂ થઈ જાતી હોય. તો બીજું પાનુ બે નંબરની સાથે પણ

ઘુસાડી નહીં શકાય. કારણ કે તેનું અનુસંધાન આપણને પાછું તે પ્રકારે મળી જાય.

લગભગ તે જ પ્રકારની સાવધાની શ્રીમહાપ્રભુજી અહીં વર્તી રહ્યા છે અને તે સાવધાની સાથે જે મૂલ વાત છે તે રહસ્યને આપણે ફરીથી સમજવું પડશે, કે આ સાવધાની વર્તવા પાછળ મૂળ છે શું ? આજના આપણા આધુનિક પુષ્ટિમાર્ગમાં જેમ કે સેવા અને કથા બન્ને આપણી જીવન પ્રણાલી ન રહેતા, એટલે કે નિત્યકર્મ નહીં પરંતુ નૈમિત્તિક કર્મ બની ગયા છે.

તો શ્રીમહાપ્રભુજીએ સ્વપ્નમાં પણ આ વાત નહોતી વિચારી કે સેવા અથવા કથા આપણું નૈમિત્તિક કર્મ હોય. તે આપણું નિત્યકર્મ હોવું જોઈએ અને આપણું નિત્યકર્મ હોવું જોઈએ તેનું સૌથી મોટું એક કારણ જુઓ કે ‘‘સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ’’, ‘‘કૃષ્ણ સેવા સદા કાર્યા’’ અને ‘‘સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજયમ્’’ તો આ પ્રકારની શ્રીમહાપ્રભુજીની જે શબ્દાવલી છે, તે સતત આ વાત ઉપર ભાર દેવા માટે છે કે આજે જે આપણને આખી એક સમાંતર પ્રક્રિયા જેવી આ સમાંતર આર્થિકતા (પેરેલલ ઈકોનોમી)નો એક વિકાસ થઈ જાય એક વ્હાઈટ નાણુ અને એક કાળુ નાણું.

એક સમાંતર પ્રક્રિયા જેમ કે એક પોલીસનું રક્ષણ અને એક ગુંડાઓનું રક્ષણ ચાલે છે. એવી રીતે દરેક વાતમાં સમાંતર પ્રક્રિયા (પેરેલલ સિસ્ટમ) ચલાવવાનો મનુષ્યનો શોખ છે. કોલેજમાં આપણે જે અધિકૃત અભ્યાસ કરીએ તે અને કોચીંગ કલાસમાં જઈને તેને સમાંતર અનઅધિકૃત રીતે અભ્યાસ કરીએ, એવી રીતે આપણે શ્રીમહાપ્રભુજીને સમાંતર એક સંપ્રદાય ચલાવી રાખ્યો છે.

જે સંપ્રદાયમાં આપણે ન તો ભગવદ્ સેવા અને ન ભગવદ્ કથાને નિત્યક્રમના રૂપમાં લેવા માંગીએ છીએ. એક સમાંતર (પેરેલલ) સંપ્રદાય આપણે ચલાવી રહ્યા છીએ. કથા નૈમિત્તિક, સેવા નૈમિત્તિક, નિત્ય નહીં. મતલબ કે જીવનરૂપ જીવનને જીવવાની શૈલીના રૂપમાં સેવા-કથા નહીં. પરંતુ કોઈ એક પ્રકારની જેમ કે ગ્રહણ આવી ગયું અને આપણે જપ કરવા બેસી જઈએ. તો તે જે જપ છે, તે નૈમિત્તિક જપ છે અને જેમ સમજો કે આપણે

નિત્ય અષ્ટાક્ષરની માલા ફેરવતા હોય અથવા બ્રહ્મસંબંધની માલા ફેરવતા હોય અથવા જે કોઈપણ માલા ફેરવતા હોય અથવા ગાયત્રી જપ છે તે નૈમિત્તિક જપ નથી. તે નિત્યનો જપ છે.

જેમ કે શ્રાદ્ધ હોય તો શ્રાદ્ધમાં આપણે ગાયત્રી જપ ત્યાં સુધી કરવો પડે કે જેટલી વાર બ્રાહ્મણ પુરુષ સુકતનો પાઠ કરે. તો તે જે ગાયત્રીનો જપ છે તે નૈમિત્તિક જપ છે. એવી નૈમિત્તિક ભગવત સેવા અને ભગવત કથાનો પ્રકાર આપણે ત્યાં શ્રીમહાપ્રભુજી ઈચ્છતા નથી. સેવા પણ નિત્ય, કથા પણ નિત્ય. એ આપણું દુર્ભાગ્ય છે કે આજે આપણા વૈષ્ણવો, આપણા મહારાજો, આપણા કથા વાંચકો નિરંતર સેવા અને કથા બન્નેને નૈમિત્તિક રૂપમાં જ જીવવા અને જીવાડવા ઈચ્છે છે.

કોઈ એક સમાંતર પ્રક્રિયા આપણે ત્યાં પણ વિકસિત થઈ ગઈ છે. કારણ કે જે શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે, તેના પ્રત્યેની આપણી વફાદારી ઓછી થઈ ગઈ છે. તો એક વાત ધ્યાનથી સમજો કે તે જે નિત્ય કર્મના રૂપમાં જે સેવા-કથા આપણે જીવવાની છે અને જો આપણે નિત્યકર્મના રૂપમાં સેવા-કથા બન્નેને સમુચ્ચયથી નથી જીવી રહ્યા, તો આપણે કેવલ કથાને નિત્યકર્મના રૂપમાં જીવવાની છે. આજે સપ્તાહ વિધિથી આજકાલ કથાઓ ચાલે છે તે નૈમિત્તિક કર્મની કથા છે. નિત્યકર્મની કથા નથી. તેને પુષ્ટિમાર્ગની કથા પ્રણાલી સાથે કોઈ સંબંધ નથી.

તો તેની એક સૌથી મહત્વપૂર્ણ અસર ભકિત ઉપર શું છે ? તે આપણને શ્રીમહાપ્રભુજી સમજાવવા માંગે છે અને તે અસર અને તે પ્રભાવ અને તે પરિણામ ભકિતમાં આવવું જોઈએ. તેની આખી પ્રક્રિયા શ્રીમહાપ્રભુજી ભાગવતથી પ્રકટ કરવા માંગે છે. ભાગવતના આધારે કરવા માંગી રહ્યા છે. એટલા માટે શ્રીમહાપ્રભુજીએ નવમાં સ્કંધનો અર્થ ભકિત માન્યો અને ભકિત માનીને આચાર્ય ચરણ એ કહી રહ્યા છે કે **''ભક્તા પૂર્વત્ર નિર્દિષ્ટા તે રોધવ્ય વિમુકતયે.''**

તો ભકિત નવમાં સ્કંધનો વિષયવસ્તુ (સબ્જેકટ મેટર) છે, જેને

આપણે કથાનો વિષય વસ્તુ કહીએ અને નિરોધ જે છે તે દશમ સ્કંધનો વિષયવસ્તુ છે. તેમાં અને ભકિતમાં અંતર શું ? એ વાત ધ્યાનથી સમજો. કારણ કે ભકિત અથવા કોઈપણ વસ્તુ આપણે જયારે નિત્ય કરી રહ્યા છીએ. તો જે વસ્તુ આપણે નિત્ય કરી રહ્યા છીએ, તેમાં એક વાત તો સ્વાભાવિક છે કે કોઈપણ કામ તમે નિત્ય કરો તો તેનું આપણને વ્યસન તો થઈ જ જાય. તો રોજ કસરત કરો તો જે દિવસે તમે કસરત નહીં કરોને ! તે દિવસે તમને શરીરમાં થોડી સુસ્તી આવી જાશે.

જો તમે રોજ કોઈ એક વસ્તુ ખાવાનો નિયમ બનાવો તો કોઈ એક દિવસ તે વસ્તુ ખાવા નહીં મળે ને તો તમને ખાવામાં પેલાના જેવો સંતોષ નહીં થાય. સમજો કે રોજ તમે બગીચામાં ફરવા જાવ છો. તો એક દિવસ તમે નહીં જાવને ! તો તમને કાંઈક ભુલાતુ હોય તેવું લાગશે. કોઈપણ કામ જે છે તે આપણે નિત્ય કરીએ ને ! તો તેમાં એક આ હંમેશા જમા પાસુ હોય છે કે તે નિત્ય કરવાની પ્રક્રિયાના કારણે આપણા જીવનમાં વ્યસનના રૂપમાં સિધ્ધ થઈ જાય.

સાથે સાથે તેનો એક નબળો મુદ્દો પણ છે કે જે કામને આપણે નિત્ય કરીએ છીએ. તેમાં રહેલા રહસ્યનું મુળતત્ત્વ નીકળી જાય છે. કારણ કે આપણે નિત્ય કરીએ છીએને ! તો નિત્ય કરતા હોવાથી તેમાં જે રહસ્ય છુપાયેલ છે તેમાં જે આપણને એક પ્રકારનો જે ઉત્સાહ આવવો જોઈએ જે રહસ્યના કારણે આવી રહ્યો છે જે ચમત્કારવાળુ એક તથ્ય છે તે તથ્ય આપણને રહે નહીં અને દર વખતે જે નૈમિત્તિક કર્મ છે તેમાં તે ચમત્કારવાળુ તથ્ય હોય છે. પરંતુ પેલુ વ્યસનવાળુ પાસુ ખોવાઈ જતુ હોય તેવું લાગે છે.

આ એક વાત સમજો કે જેમ આપણે ઘરમાં જીવી રહ્યા છીએ. તો આપણે ઘરમાંથી જયારે પણ બહાર જીવીએ તો આપણને કાંઈક ખુંટતુ હોય તેવું લાગે છે. પછી ભલેને ગમે તેટલી અનુકૂળતા કે સુવિધા હોય તો પણ. પરંતુ જયારે આપણે બહાર જીવી રહ્યા છીએ જેમ કે કયાંક પ્રવાસમાં હિલ સ્ટેશન ઉપર વગેરે.... વગેરે... તો તે જે ચમત્કાર આપણને મળે છે, તે ઘરમાં નથી મળતો.

હવે એક વાત ધ્યાનથી સમજો કે કોઈપણ સાધના કોઈપણ અનુભૂતિ તેમાં જે વિશ્વાસ છે તે તેની નિત્યતાથી આવે છે અને તેમાં નવીનીકરણ (પ્રલોચના) ચમત્કારથી આવે છે. જેમ આપણે નિત્ય પાઠ કરતા હોય. કોઈ ચીજનો નિત્ય પાઠ કરતા હોય, તો તે પાઠ આપણી આદત બની જતો હોય છે કે આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ તે પાઠ આપણાથી અનિચ્છાએ પણ થઈ જાય છે. તો તે પાઠ આપણા સ્વભાવનો એટલો હિસ્સો બની જાય છે. તો તે પાઠમાં પછી કોઈ ચમત્કારની વાત નહીં રહે અને કોઈક દિવસ કોઈ નવો પાઠ કરીને જુઓ. તો મોટો ચમત્કાર લાગશે.

હવે જેમ કે રોજ તમે સમજોને કે ! સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરી રહ્યા છો. તો આ એક અનુભવની વાત તમને બતાવી રહ્યો છું. તો કયારે તમે પાઠ શરૂ કર્યો અને કયારે પૂરો થઈ ગયો. તમને ખબર પણ નહીં પડે. કારણ કે રોજ કરી રહ્યા છો ને ! તો પાઠ શરૂ થઈ જશે અને પૂર્ણ થઈ જશે અને જો પાઠ તમે રોજ નથી કરી રહ્યા અને કયારેક કયારેક કરતા હોવ તો તે પાઠમાં એટલો ચમત્કાર તમને અનુભવાશે કે તમે કયારે શરૂ કર્યો ? તેનો બરાબર ખ્યાલ રહેશે અને કયારે પૂર્ણ થઈ ગયો તે પણ ચોક્કસ ખ્યાલ હશે.

તો દરેક નૈમિત્તિકની સાથે આ એક જમા પાસુ (પ્લસ પોઈન્ટ) છે અને દરેક નિત્યની સાથે આ એક નબળુ પાસુ છે. આ તથ્ય આપણે સમજવું જોઈએ અને મનુષ્યની જેમ માનસિક આવશ્યકતાઓ છે. માનસિક આવશ્યકતાઓમાં આપણે આ વાતની ના નહીં પાડી શકીએ, કે રોજ એક રોટલી અને રોજ ભાત ખાઈએ પરંતુ શાક બદલીએ નહીં. તો શાકનું જે બદલવું છે ને ! તે રોજ એક ચમત્કારને ઉત્પન્ન કરવાનું છે અને રોટલીનું જે રોજ ખાવાનું છે તે એક વ્યસન છે.

એક દિવસ તમે રોટલી વગર શાક ખાઈને જુઓ. પેટમાં તમને કાંઈક ખાલી જેવું લાગશે. કારણ કે તે રોટલી ખાવાનું વ્યસન થઈ જશે. પરંતુ તે રોટલી રોજ ખાવાના કારણે પેલી તાકાત નથી. કે તે રોટલી તમને ચમત્કાર કરાવી શકે અને શાક જો રોજ બદલાતુ રહ્યું. તેમાં તે ચમત્કાર ઉત્પન્ન કરવાની શકિત આવે

અને પછી તો ઢોકળા અને ફાફડાની તો કથા જ જુદી છે. રવિવારના દિવસે જે સિધ્ધ થતું હોય તે તો ચમત્કારમાં પણ મહાચમત્કાર સિધ્ધ કરે.

તો આ વાતને ધ્યાનથી સમજો કે નૈમિત્તિક કર્મની પોતાની કાંઈક એક આવશ્યકતા છે અને પોતાનો કોઈ એક રોલ (પાત્ર) છે. જેને તે નિભાવે છે અને નિત્યકર્મની પણ પોતાની કોઈ આવશ્યકતા છે અને પોતાનો રોલ છે તે નિભાવે છે. એટલા માટે જ શાસ્ત્રએ નિત્ય-નૈમિત્તિક, કામ્ય પ્રાયશ્ચિત, આવા કર્મના વિશેષ ભેદ કેટલા સુવિચારિત અને કેટલા ગંભીર કર્યા હતા કે જેને આપણે કયારેય ધ્યાનથી સમજી ન શકયા કે આ કર્મ વિભેદનમાં કેટલી ગંભીરતા છે.

તેમાં મનુષ્યની પ્રકૃતિને સમજીને મનુષ્યની પ્રકૃતિને અનુરૂપ તેને ધર્મના માર્ગ ઉપર પ્રવૃત્ત કરવાની કેટલી દીર્ઘ દૃષ્ટિ શાસ્ત્રની છે કે શાસ્ત્ર કોઈ કામને નિત્યકર્મ બતાવે છે. કોઈ કામને નૈમિત્તિક કર્મ બતાવે છે. કોઈ કામને કામ્ય કર્મ બતાવે છે. કોઈ કામનું પ્રાયશ્ચિત બતાવે છે. તો તે જેમ કર્મમાર્ગ છે. તેમજ ભકિતમાર્ગમાં પણ કેટલાંક નિયમ છે. કેટલાક નૈમિત્તિક છે. કેટલાંક કામ્ય છે. કાંઈક પ્રાયશ્ચિત છે. તે બધું ભકિતમાર્ગમાં પણ છે નથી એવી વાત નથી.

પરંતુ આપણે આપણી ભકિતની સાધના પ્રણાલીને તે સભાનતાથી તપાસ નથી કરી. તેથી આપણને એમ લાગે કે તે કર્મમાર્ગની મિમાંસા છે. પરંતુ જયારે પણ તમે સાવધાનીથી જોશો ને ! તો તે બધી જે વિગત (ડિટેલ્સ) છે તે આપણે ત્યાં સ્વીકારેલી છે એટલું જ નહીં તે કર્તવ્યને આપણે ત્યાં આપણા વડિલો તે પ્રકારે જીવ્યા પણ હતા. તેથી આજ સુધી પુષ્ટિમાર્ગ ચાલ્યો. તો જે સેવા અને કથા છે તે આપણી સૌથી પહેલી એક મૂળ વાત સમજી લ્યો કે નૈમિત્તિક કર્મની પ્રણાલી નથી. સેવા-કથા આપણે ત્યાં ભકિતની નિત્ય પ્રણાલી છે. નૈમિત્તિક પ્રણાલી નથી.

એટલા માટે સેવાના પદ ધ્યાનથી જોશો તો નિત્ય સેવાના પદ અલગ છે. ઋતુ ઉત્સવના સેવાના પદ અલગ છે. તો જુઓ તે પદ પણ એટલી વિગતથી નિશ્ચિત કરવામાં આવ્યા છે કે ભાઈ! આ નિત્ય સેવાના પદ છે. આ ઋતુ ઉત્સવ સેવાના પદ છે કે જેનાથી પેલુ ચમત્કારવાળુ તથ્ય પણ આપણને અનુપલબ્ધ ન

રહે અને પેલુ જે વ્યસનવાળુ તથ્ય છે તે પણ તમને અનુપલબ્ધ ન રહે. કારણ કે નિત્ય સેવાના નિત્ય પદ અને ઉત્સવની સેવાના નૈમિત્તિક પદ જો તમે ગાશોને તો સેવાક્રમમાં પણ આ પ્રકારે કાંઈક નિત્યક્રમ માન્યો છે અને કાંઈક સેવાનો ક્રમ ઋતુ ઉત્સવનો ક્રમ માન્યો છે.

એ જ પ્રકારે આપણે ત્યાં કથા પણ નિત્યક્રમની એક કથા અને ઋતુ ઉત્સવ ક્રમની એક કથા એમ હોવું જોઈતું હતું. પરંતુ શું છે કે બગાડે નહીં તો મનુષ્ય શેનો ? તેથી બધી સેવાના ક્રમમાં જે ઋતુ ઉત્સવના સેવાનો ક્રમ છે તેને પ્રદર્શન કરી કરીને એટલું પ્રાધાન્ય વધારી દીધુ કે પ્રદર્શન કરી કરીને વૈષ્ણવોને નિત્ય સેવાના ક્રમ પ્રત્યે કોઈ પ્રકારની સભાનતા ન રહી. ઋતુ ઉત્સવની સેવામાં આજે વૈષ્ણવો જેટલો ચમત્કારનો અનુભવ કરે છે, જે પ્રકારે દોડા દોડી કરે છે, એટલે કે હા, હોં થઈ જાય, જય જયકાર થઈ જાય. આનંદ આનંદની હેલી થઈ જાય, આજ મારે આનંદની હેલી રે સુહાગણ થઈ જાય.

તો આ જે ચક્કર છે, તે વાત સમજો કે તે કોઈ હાડકું વધતુ હોય તેવો કોઈ રોગ છે. પણ જમણો પગ પણ હોવો જોઈએ અને ડાબો પગ પણ હોવો જોઈએ પરંતુ જયારે જમણા પગનું હાડકું વધ્યુ અથવા ડાબા પગનું હાડકું વધ્યું. તો પછી ચાલવામાં તકલીફ થશે, થશે અને થશે જ. એ જ રીતે સેવાના અંતર્ગત કે કથાની અંતર્ગત આ જે નિત્યક્રમ અને નૈમિત્તિક ક્રમ જે છે તેને હાડકાની જેમ સમાનપણુ હોવું ખૂબ જ આવશ્યક હતું. પરંતુ જયારે તેણે પોતાનો અનુપાત ગુમાવ્યો ત્યાર પછી તો કાંઈકને કાંઈક દુઃખદ પરિસ્થિતિ ઉત્પન્ન થવાની જ છે. એ ધ્રુવ વાત સમજીને ચાલો.

તે બધી સાવધાની આપણા વડિલોએ ગ્રંથના સંદર્ભમાં પરંપરાના સંદર્ભમાં લીધી હતી. તેની બધી જે સામગ્રી હતી એટલે કે જે ઘટક સામગ્રી હતી, તે ઘટક સામગ્રી પણ તે પ્રકારે તૈયાર કરીને છોડી ગયા. જે પુષ્ટિમાર્ગને વારસામાં મળી છે. પરંતુ આપણે જાણી જોઈને માર્ગને એવો દગો આપ્યો કે જે દગાબાજીના કારણે આપણે દર વખતે નૈમિત્તિક ક્રમને વધારી રહ્યા છીએ. એટલે કે ચમત્કારના તથ્યને વધારી રહ્યા છીએ અને જે જીવનનું નિત્યક્રમનું જે

તથ્ય હતું તેની મહત્તા ઘટાડી રહ્યા છીએ. તેનો રોજબરોજ ઘટાડો કરી રહ્યા છીએ.

કારણ કે કયાંક ને કયાંક આપણને એ ભય લાગે છે કે સેવાનું વ્યસન થઈ જશે તો શું થશે ? કારણ કે તો પછી સેવા રોજ કરવી પડશે. સેવાના નિત્યક્રમનું વ્યસન થઈ ગયું તો રોજની લત ગળે આવી પડશે. એટલા માટે આપણે વિચારીએ કે આ ભાંજગડમાં પડવું જ નહીં. તો આ ભાંજગડમાં નથી પડવું, તેથી ઋતુ ઉત્સવનો જે ક્રમ છે તેમાં દોડા-દોડી થઈ જાય. તેનો ખૂબ જોર-શોરથી પ્રચાર થઈ જાય. તેનો ખૂબ પ્રચાર થયો તેથી સેવામાં જે આ હાની થઈ છે. તે જ પ્રકારે કથામાં પણ આ હાની આપણને થઈ ગઈ છે. કે આજે વૈષ્ણવને એમ કહીએ કે તમે પોતાના ઘરમાં નિત્ય ભગવદ્ કથા કરો. તો કોઈ વૈષ્ણવને ગમે નહીં. કોઈ વૈષ્ણવને રુચિ નહીં આવે. કોઈ મહારાજને રુચિ ન આવે કોઈ શાસ્ત્રીજીને રુચિ ન આવે. કોઈ બાપાને કે બાપીને રુચિ ન આવે.

આ જે નૈમિત્તિક ક્રમ છે. તેનો ધુંવાધાર પ્રચાર, ધુંવાધાર યજમાન, ધુંવાધાર જાહેરાત તેને વધારે પડતું, જેમ કે હાડકું વધ્યું, તે પ્રકારે વધારવાનું ચક્કર છે. એક માણસને એક પગ ઉંચો અને એક પગ નીચો એમ લંગડાતો ચાલે. તે પ્રકારથી પુષ્ટિમાર્ગને લંગડાવવાનો એક આખુ ષડયંત્ર આપણે ઉત્પન્ન કર્યુ છે. ઈચ્છાથી કર્યુ કે અનીચ્છાએ કર્યું. વિવશતાથી કર્યુ કે લોલુપતાથી કર્યું. શેનાથી કર્યુ તે બધી કથાઓ બધાની સામે બધી ખુલી જ છે. પરંતુ પુષ્ટિમાર્ગને ચલાવવામાં જે હાની થઈ છે આ વાત આપણે સાફ સાફ સમજવી પડશે.

તો આ કથાનો નિત્યક્રમ શું હતું ? તે વાત કયારેક ધ્યાનથી સમજશો તો નિરોધલક્ષણ એકદમ સાફ સાફ ઉભરીને સામે આવી જાશે અને આપણી સેવા શ્રીમહાપ્રભુજીએ અહીં ખૂબ જ સૂત્રાત્મક રૂપથી કહી છે. પરંતુ આ વાત આપણે જયાં સુધી આપણા પદ સાહિત્યને ન જોઈએ, અષ્ટછાપ ભગવદીયોના સેવાના નિત્યક્રમના પદ, ઋતુ-ઉત્સવક્રમના પદને ન જોઈએ, જયાં સુધી આપણે ત્યાંના સેવા ભાવનાના જે શ્લોક છે તેને નહીં જોઈએ, ત્યાં સુધી આપણને આ રહસ્યની ખબર જ ન પડે કે શુ લફડો થઈ ગયો ?

આ જોશોને તો ખબર પડશે અને એમ કહેવું હોય તો એમ પણ કહીએ કે ભાગ કરીને કહીએ કે સેવા અને કથા, પરંતુ ખરેખર તો સેવા અને કથા નહીં, પરંતુ સેવા-કથા એક ઘટક છે અને કથા એક બીજું ઘટક છે. સમજવા માટે આપણે તેનું વિભાજન કરવું પડશે કે સેવા અને કથા. પરંતુ સેવા અને કથા નથી. સેવા-કથા એક ઘટક છે. કથાત્મિકા સેવા છે અને કથા એક અલગ ઘટક પણ છે. કે જેમાં એકાકાર થઈ જાય છે. એટલે કે કથા એક ફકત કથા છે અને જયાં સેવા નથી તેવું એક અલગ કથાનું ઘટક પણ છે.

આ જે ભકિતનાં પાંચ અધિકારી બતાવ્યા સૌથી પહેલી આવશ્યકતાએ છે કે ભકિતના આ પાંચ અધિકારીમાં જે પ્રકારે જે નભતું હોય, તે ક્રમથી તેને નિત્ય યથાવત નિભાવવાનું છે અને જો નિત્ય નથી નિભાવી રહ્યા તો કોઈ સમાંતર પ્રક્રિયા આપણે શ્રીમહાપ્રભુજીની ચલાવી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીવાળી પ્રણાલી નથી. આટલી વાત આપણે સાફ સમજી લેવી જોઈએ.

તેથી આપણી સેવા જે ભકત્યાત્મિક સેવા છે. તે ભકત્યાત્મિક સેવાને જો નિરોધાવસ્થામાં પરિપકવ કરવી છે, તો તે ભકત્યાત્મિક સેવાને કથાત્મિકા બનાવવી પડશે. આ વાત ધ્યાનથી સમજો. તે ભકત્યાત્મિકા સેવાને કથાત્મિકા બનાવવી પડશે. આપણી જે કથાત્મિકા ભકિત છે. તે જે આપણી કથાત્મિકા સાધના છે. કથાની શ્રવણાત્મિકા, કથાની કીર્તનાત્મિકા, કથાની સ્મરણાત્મિકા જે આપણી નવધા ભકિતના અંતર્ગત જે સાધના છે તે સાધનાને જો આપણે ભકિતરૂપ બનાવવી છે, ક્રિયારૂપ નહીં તો તેને સેવાત્મિકા બનાવવી પડશે. કારણ કે ''ભજ સેવાયામ્.''

આ તેની એક સૂક્ષ્મતા છે કે **'ભજ સેવાયામ્'** તો તેને જયારે આપણે તેવી બનાવીશું ત્યારે શ્રીમહાપ્રભુજીનો તે નિયમ આપણાથી નભી શકશે કે ''સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજયમ્ ઈતિ મે મતિ'' તે ત્યારે નભી શકશે કે જયારે આપણે આપણી સેવા ને કથાત્મિકા બનાવશું અને કથાને સેવાત્મિકા બનાવશું. આ જો આપણે સફળતા પૂર્વક (સકસેસફુલ) બનવી શકયા, તો પછી આપણી ભકિત ધીરે ધીરે નિરોધ તરફ જવાનું શરૂ કરશે. જયારે આપણી ભકિત નિરોધ

તરફ નથી જઈ રહી, તો તેનું મુખ્ય કારણ એ છે કે કાં તો આપણે આપણી કથાને સેવાત્મિકા નથી બનાવી શકયા. અથવા તો આપણી સેવાને આપણે કથાત્મિકા નથી બનાવી શકયા.

તે સેવાને કથાત્મિકા બનાવવા માટે ભગવદીયોએ એટલા પદ લખ્યા કે જે વખતે તમે સેવા કરી રહ્યા છો, તે સેવાની સાથે સાથે એક કથા પણ ચાલી રહી છે. ધ્યાનથી સમજો, કે જયારે આપણે શ્રીઠાકોરજીને જગાવી રહ્યા છીએ, તો આપણે સેવા કરી રહ્યા છીએ. પરંતુ જયારે આપણે યશોદાજી શ્રીઠાકોરજીને જગાવી રહ્યા છે, એવા પદ ગાઈને કોઈ સેવા કરે છે તો સેવા નથી કરી રહ્યા, સાથે સાથે આપણે કથા પણ કરી રહ્યા છીએ. તેની ખૂબસૂરતી સમજો કે તે કથા પણ કરી રહ્યા છે અને તે પદ આપણે ફકત ગાતા જ રહીએ અને ઠાકોરજીને જગાવીએ નહીં. તો આપણે કથા કરી રહ્યા છીએ, પરંતુ સેવા તો નથી કરી રહ્યા ને ! પદ ગાતા રહો, ગાતા રહો, ભલે ગતા રહો. પરંતુ તે કથા તમારી સેવાત્મિકા તો ન થઈને !

તો શ્રીમહાપ્રભુજીની જે પ્રણાલી છે તેમાં સેવા કથાત્મિકા હોવી જોઈએ અને કથા સેવાત્મિકા હોવી જોઈએ. તે જો થઈ ગઈ તો તમારી ભકિત નવમાં સ્કંધમાંથી દશમાં સ્કંધમાં પ્રવેશ થઈ શકશે અને તેના માટે અત્યાર સુધી જે નવમાં સ્કંધનો અવકાશ હતો તે અવકાશથી આગળ વધીને દશમાં સ્કંધમાં પ્રવેશે, તેથી શ્રીમહાપ્રભુજી નિરોધ લક્ષણને પ્રસ્તુત કરી રહ્યા છે. આ વાત સમજો.

જેવો નિરોધ લક્ષણ ગ્રંથ શરૂ થયો. તેને આપણે આ પ્રકારે સમજીએ કે **''વ્રજભયો મહર કે પૂત, જબ યહ બાત સુની, સુની આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની'' ''નન્દ સ્વાત્મજ ઉત્પન્ને જાતા હ્લાદો મહામના''** ભાગવત એમ કહે ને ! તે કથા તમે જીવવા લાગ્યા. તે કથા આપણે જીવવા લાગ્યા એટલા માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું **''તબ તા દિન તે વે લોગ, સુખ સંપતિ ન તજે, સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિ ચરણ ભજે''** તો જુઓ ''હરિ ચરણ ભજે'' તે સંદર્ભમાં એ કથાને શ્રીમહાપ્રભુજીએ સમાપ્ત કરી છે.

આમા આપણે શ્રીમહાપ્રભુજીની જે ઊંડી સમજ (ઈન્સાઈટ) છે, આંતર દૃષ્ટિ છે તે જુઓ કે તે કથાને જો તમે સેવામાં પરોવી દીધી, તે કથા કરીને નહીં, પરંતુ શ્રીઠાકોરજીનો જન્મ, જન્માષ્ટમીના દિવસે તમે કર્યો. જન્માષ્ટમીના દિવસે શ્રીઠાકોરજીનો જન્મ કરવાનો છે. પરંતુ એવો કથા રહિત જન્મ નહીં. તમારા ઘરમાં નંદાત્મજ પ્રકટ થવો જોઈએ. તમારું ઘર નંદાલય બનવું જોઈએ.

તેની કેટલી છૂટ શ્રીમહાપ્રભુજીએ આપી કે ઈચ્છો તો તમે યશોદાજી બની જાવ. ઈચ્છો તો તમે નંદરાયજી બની જાવ. ઘરના બધા લોકોને ભેગા કરીને ગોપ-ગ્વાલ બાલ બનાવી નાચો. **''નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી''** આ શું છે ? કથાને જીવવાનો એક અભિગમ છે. કથાને ફકત સાંભળવાનો અભિગમ નથી. તે કથાને આપણે જીવી રહ્યા છીએ, એક જીવન શૈલી બનાવી રહ્યા છીએ. તે કથા ફકત જન્માષ્ટમી માટે જ નૈમિત્તિક નથી. એ તો ઉત્સવની કથા છે. પરંતુ નિત્યની કથા છે. આપણે ત્યાં શ્રીઠાકોરજી નિત્ય જાગી રહ્યા છે. નિત્ય નંદ ભવનમાં શ્રીઠાકોરજી જાગી રહ્યા છે. આપણા શ્રીઠાકોરજી નિત્ય ગૌચારણ કરવા વૃંદાવનમાં પધારી રહ્યા છે. નિત્ય ગૌચારણ કરીને વૃંદાવનથી પાછા ગોકુલ પધારી રહ્યા છે. આ લીલા નિત્ય ચાલી રહી છે.

'નિત્યલીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર' આ પ્રકારે આપણે ત્યાં દરેક સામગ્રી સેવાની કથાની બધી વિવિધતાને લઈને હાજર છે અને કયારેક તે વિવિધતા ઉપર ધ્યાન આપશોને! તો તમને સમજમાં આવશે કે ભકિતના જે નિત્ય અને નૈમિત્તિક બન્ને જે પાસાઓ છે, તેને કેટલી ખૂબસૂરતીથી આપણે ત્યાં ગૂંથી લીધા છે અને તે આપણે ગૂંથેલું રહેવા દેવા નથી માંગતા. કારણ કે કોઈ પ્રકારે સેવા-કથાથી તલ્લાક લઈ લ્યે. કોઈ રીતે કથા સેવાથી તલ્લાક લઈ લ્યે. આ બન્નેનું જે મંગલ દામ્પત્ય છે. તેમાં તલ્લાક કરાવવાની નારદવિદ્યામાં આપણો આખો પુરુષાર્થ પાર્યાવસીત થઈ રહ્યો છે કે કથાથી સેવા કેવી રીતે વિરહીત થઈ જાય. કથા સેવાથી કેવી રીતે વિરહીત થઈ જાય. બધી નારદવિદ્યાનો તંબુરો અહીં કયાંક વાગી રહ્યો છે. તંબુર ઋષિના તંબુરાથી બન્ને તરફથી કોઈ રીતે અલગ થઈ

જાય. એકેય બાજુથી સાથે ન રહે.

દરેક વ્યકિત એક-એકમાં નિષ્ણાંત થઈ જાય. ગો.બા. અને મુખ્યા છે તે સેવાના નિષ્ણાંત (એકસપર્ટ) થઈ જાય અને બાપા-બાપી અને આ બધા શાસ્ત્રી જે છે તે કથાના નિષ્ણાંત થઈ જાય અને પછી સેવા-કથાના તલાક (છૂટા-છેડા) થઈ જાય. પરિણામે પુષ્ટિમાર્ગીય પુષ્ટિજીવ સેવા-કથાત્મિકા ભકિતની નિરૂધ્ધાવસ્થાને પ્રાપ્ત કરી શકતા નથી. બસ શિવદ્વેષમાં તાત્પર્ય છે, વિષ્ણુ ભકિતનું તાત્પર્ય નથી. વિષ્ણુ ભકિતનું તાત્પર્ય હોય તો શિવને ગાળ દેવાની જરૂરત જ નહીં પડે. વિષ્ણુ ભકિતનો અવકાશ એટલો મોટો છે કે નવરાશ કયાંથી મળશે ? શિવભકિતનો પણ અવકાશ એટલો મોટો છે કે ગાળ દેવાનો સમય નહીં મળે. પરંતુ વિષ્ણુભકિત તો કરવી નથી. કરવી નથી ત્યારે આપણે પાછી શિવને ગાળ દેવી પડશે. શિવભકિત કરવી નથી, એટલે વિષ્ણુને ગાળ આપવી પડશે. આ ચક્કર છે.

ધ્યાનથી તે ચક્કરને સમજો કે શું ચાલી રહ્યું છે ? તો તે ચક્કરને સમજી જશોને તો બધી વાત સ્પષ્ટ થઈ જશે. સેવાને ધ્યાનથી સમજો કે કથાત્મિકા બનાવવી છે. કથાને સેવાત્મિકા બનાવવી છે અને તે બની તો જેટલી આપણે સફળતાથી બનાવી શકયા તેટલી આપણી ભકિત નિરૂધ્ધાવસ્થાની તરફ આગળ વધવી શરૂ થઈ જશે. તેના માટે શ્રીમહાપ્રભુજી હવે ''નિરોધ લક્ષણ'' કહી રહ્યા છે.

સેવાને બધી રીતે કથાત્મિકા બનાવી દીધી ખ્યાલમાં આવ્યું ને ? આ નિરોધ કેવી રીતે સિધ્ધ થશે ? ભકિત કેવી રીતે સિધ્ધ થશે ? જો તમે ભગવાનમાં આસકિતનો એક અભિપ્રાય તમારા હૃદયમાં પ્રકટ કર્યો છે તો તે નિરોધ પ્રપંચ વિસ્મૃતિ પુર્વક ભગવદ્ આસકિતનું રૂપ કેવી રીતે લઈ શકશે ? તેને સમજાવતા શ્રીમહાપ્રભુજી આગળ કહી રહ્યા છે.

॥ નિરોધલક્ષણમ્ ॥

(ભકતેઃ પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વકભગવદાસકિતરૂપનિરોધાવસ્થા-પરિપાકાર્થં ભગવત્સેવાકથોમયપરાયણૈઃ પુષ્ટિભકતૈઃ સેવાસમયે ગોકુલ-સ્થિતભગવતઃ સંયોગભાવના કાર્યા, સેવાનવસરે કથાકાલે ભગવતઃ ગોચારણકાલિકવૃન્દાવનલીલાનુસન્ધાનેન સ્વહૃદયે વિયોગભાવના કાર્યા)- ભકતની પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ આસકિત રૂપ નિરોધની અવસ્થામાં પરિપકવ થાય એટલા માટે ભગવદ્ સેવા-કથા બન્નેમાં પરાયણ જે પુષ્ટિભકત છે તેને સેવાના સમયમાં ગોકુલ સ્થિત ભગવાનની સાથે સંયોગની ભાવના કરવી જોઈએ અને સેવાના અનોસરમાં કથાના સમયે ભગવાનની ગોચારણ કાલની વૃન્દાવનલીલાનું અનુસંધાન કરતા પોતાના હૃદયમાં વિયોગની ભાવના કરો.

આવી રીતે સંયોગની ભાવના અને વિયોગની ભાવના બન્ને ભાવનામાં જયારે તમારા મનને તન્મય રાખશો. ત્યારે તમારી ભકિત જે છે તે એક એવા મોડ પર આવી જશે કે જયાં ભકિત કેવલ ભગવદ ભકિત ન રહીને પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ આસકિતમાં ખીલી ઉઠશે અને તમારી સેવા કથાત્મિકા બની જશે અને કથા તમારી સેવાત્મિકા બની જશે. જયારે તમે શ્રીઠાકોરજીના તે કીર્તન ગાશો, જેમ ત્યાં કહ્યું છે ને કે **"જુક રહી સુન મુરલીકી ટેર"**.

તો સંધ્યા આરતી સમયે આ કથા આપણે ગુન-ગુનાવી તો આપણે કથાને સેવાના રૂપમાં જીવી અને સેવા કરતી વખતે જો આ કીર્તન આપણે ગુન-ગુનાવ્યું. અરે ગાવું તે આપણે ત્યાં વધારે આવશ્યક નથી. આવડતું હોય તો ગાવ, ન આવડતું હોય તો ન ગાવ. જેને ગાતા નથી આવડતુ, તેને બોલવા માટે શ્લોક લખ્યા છે. આપણે ત્યાં જેને શ્લોક બોલતા નથી આવડતા તેના માટે પદ લખ્યા છે. જેને પદ ગાતા નથી આવડતા તેના માટે દોહા-ચોપાઈ વગેરે પણ આપણે ત્યાં ઉપલબ્ધ છે. શ્રીહરિરાયજી વગેરે પ્રાચીન બાલકોની, ભગવદીયોની વગેરેની બધા પ્રકારની સામગ્રી બધી રીતે ઉપલબ્ધ છે.

જે ઉપલબ્ધ નથી, તે જે શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે તે ઉપદેશની પ્રણાલી પ્રત્યે આપણી વફાદારી એક પ્રાપ્ત નથી. બાકી તો બધી રીતે કોઈ વસ્તુની કમી આપણા માર્ગમાં નથી. જો એ નથી આવડતું તો આ ઉપલબ્ધ છે. તે નથી આવડતું તો શ્લોક આવડતો હોય તો શ્લોક ઉપલબ્ધ છે. ગાવાનું નથી આવડતું કોઈ ગભરાવાની ડરવાની વાત નથી. બધા સેવાના શ્લોકો આપણે ત્યાં ઉપલબ્ધ છે. શ્લોક બોલી લ્યો. શ્લોક નથી આવડતો ભઈ સંસ્કૃતમાં છે તેથી નથી આવડતો, કોઈ ચિંતાની વાત નથી. તેના જે વ્રજભાષાના પદ મોજુદ (હયાત) છે. તેને ગાઈને ગુન-ગુનાવો.

સમજો કે ગાવાની કોઈ તકલીફ છે કે સંગીત નથી આવડતું, તો તેના દુહાઓ તેની જેમ મોજુદ (હાજર) છે. આપણે ત્યાં નિત્યલીલાના સેવાક્રમમાં બધી વાત મોજુદ છે. કઈ વસ્તુ આપણા માર્ગમાં નથી ? સિવાય કે વફાદારી. શ્રીમહાપ્રભુજીની ઉપદ્રિષ્ટ પ્રણાલી પ્રત્યે વફાદારી સિવાય બધી વસ્તુ આપણા માર્ગમાં ઉપલબ્ધ છે. ખૂબ જ સમ્પનતાની સાથે બધું ઉપલબ્ધ છે. વિપરિતતા જો છે તે ફકત એક વફાદારીની વિપરિતતા છે. તો કોઈ પ્રકારથી આપણે શ્રીમહાપ્રભુજીના ઉપદેશ પ્રત્યે વફાદાર રહેવા નથી ઈચ્છતા. તો તે વાત ધ્યાનથી સમજો.

યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે ।।
ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ ક્વચિત્[1] ।। ૧ ।।
ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।
યત્ સુખં સમભૂત તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ[2] ।। ૨ ।।

જયારે ભગવાન ગોચારણ કરવા વૃંદાવન પધારે છે, ત્યારે યશોદાજી અને નંદરાયજી વગેરેને ગોકુલમાં જે દુઃખ થાય છે. તે દુઃખ સેવાના અનોસરમાં મને કયારે થશે ? શ્રીમહાપ્રભુજી કથાને જીવવાનો પ્રકાર બતાવી રહ્યા છે હો ! આ તો એક ખૂબ જ સૂત્રાત્મક માર્ગદર્શન (ગાઈડ લાઈન) આપ્યું છે. આ માર્ગદર્શનનું જ ભાષ્ય અષ્ટસખાના પદ છે. આ માર્ગદર્શનનું જ ભાષ્ય જે

શ્રીગુસાંઈજીએ, શ્રીગોપીનાથજીએ, શ્રીહરિરાયજીએ વગેરેએ જે સેવાના શ્લોક લખ્યા છે તે છે. તે પ્રાચીન ભગવદીયોના બધા પદની વાણી ભાષ્ય જ છે.

ગુજરાતીમાં પણ આપણે ત્યાં બધું છે. નથી એવું નથી. રાજસ્થાનીમાં પણ છે. આપણે ત્યાં બધી દિશામાંથી બધા પ્રકારની બધી સામગ્રી હંમેશા ઉપલબ્ધ છે. આપણો પુષ્ટિમાર્ગ કયારેય પણ દરીદ્ર (ગરીબ) નહોતો. છતાંપણ આજે આપણે ગરીબ છીએ. ઉપનિષદ્‌માં ખૂબ જ ગજબની એક વાત કહી છે કે સોનાની ખાણ જે છે, તે તમારા ખેતરમાં નીચે દટાયેલી છે અને તમે હળ જોડી જોડીને થોડુક અનાજ પકાવી પકાવીને ગરીબીથી જીવી રહ્યા છો. કયારેક વધારે ઊંડુ ખોદો તો તમારા ખેતરની નીચે સોનાની ખાણ દટાયેલી છે. એટલા તમે સમૃદ્ધ છો. પરંતુ આપણે થોડીક ખેતી ખેડીને દાણા વાવીને અને દાણાની ફસલ ઉગાડીને થોડુંઘણું પેટને મુશ્કેલીથી ભરી રહ્યા છીએ. તે દરિદ્રતાને જીવવાનો આપણો અભિગમ છે. શા માટે ? તો જે ખાણ છે તેને આપણે જાણવા ઈચ્છતા નથી. ખોદવાનો પુરુષાર્થ કરવાનું ઈચ્છતા નથી.

તો તે વાતને ધ્યાનથી સમજો. ''ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ ક્વચિત્'' અહી 'ગોકુલ' જે છે તે **'દેહલી દીપક ન્યાયથી'**બન્ને જગ્યાએ જોડાઈ રહ્યો છે. જો તે દુઃખ તમને સેવા કરીને અનોસરમાં થઈ ગયું તો તમે કથાને જીવવા લાગી જશો. તે દુઃખ તમને થઈ ગયું સેવાના અનોસરમાં, તો તમારી ભકિત જે છે તે પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ્ આસકિતમાં ખીલવા લાગશે. ગોકુલના શ્રીઠાકોરજી ફરીથી ગૌચારણ કરીને પાછા વૃંદાવનથી ગોકુલમાં પધારી રહ્યા છે. એક વખત તો સંધ્યા આરતી કરતી વખતે આ ભાવનાથી શ્રીઠાકોરજીના દર્શન કરો કે શ્રીઠાકોરજી ગોચારણ કરીને વૃંદાવનથી પાછા ગોકુલમાં પધાર્યા છે. તે કથા તમે જીવવા લાગી જશો. તે ભાવથી તમે એક વખત શ્રીઠાકોરજીના દર્શન કર્યાને તો કથાને તમે જીવી રહ્યા છો.

તે પાંચ હજાર વર્ષ જૂની કોઈ ઐતિહાસીક ઘટના નથી. તમે નિત્યલીલાને જીવવા લાગી જશો. નિત્યલીલાને વ્યાપી વૈકુંઠમાં જીવવા લાગી જશો. જો આ ભાવના તમે કરી શકયા તો સેવાને તમે કથાત્મિકા બનાવી શકયા

અને કથાને તમે સેવાત્મિકા બનાવી શકયા તો આ વાત શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. ખૂબ જ સાવધાની પૂર્વક કહી રહ્યા છે. કારણ કે કદાચ બધાથી આ બની શકશે નહીં. આ પ્રકારની કથાત્મિકા સેવા, સેવાત્મિકા-કથા. તો હવે જે બીજો પક્ષ છે, ''સેવાયાં વા કથાયાં વા'' તે પક્ષને શ્રીમહાપ્રભુજી હવે પકડીને કહે છે કે જો તમારાથી સેવા નથી બની શકતી તો કથા કરો.

(ગોકુલવૃન્દાવનસ્થિતયોઃ વ્રજભકતયોઃ યથાયથં સ્વસ્વનિકટે સમાગતેન ભગવત્પ્રેષિતેન ઉદ્ધવેન સહ ભગવદ્વાર્તામહોત્સવેનેવ ભગવત્સેવાં કર્તુમ્ અસમર્થાનાં ભગવત્કથાપરાયણાનાં ભગવદ્ ગુણગાનેનાપિ ભકિતઃ ઉક્તાં નિરોધાવસ્થાં પ્રાપ્તું શકનોતીતિ તન્માહાત્મ્યનિરૂપણમ્)-

જે ગોકુલ વૃંદાવનમાં સ્થિત વ્રજભકતો છે, તેની પાસે ભગવાને ઉદ્ધવજીને પોતાના કંઈક સમાચાર (મેસેજ) લઈને મોકલ્યા અને ઉદ્ધવજીએ જયારે ભગવદ્ વાર્તા તેની સાથે કરી. ગોકુલવાસીઓની સાથે ગોકુલને લાયક અને વૃંદાવન વાસીઓની સાથે વૃંદાવનને લાયક તે ભાવનો ભેદ થઈ રહ્યો છે. તે ધ્યાનથી સમજો. તો તે ભાવના ભેદથી જેના પ્રત્યે જેવો ભાવ, જેનો પ્રભુ પ્રત્યે જેવો ભાવ તેના પ્રત્યે તેવા ભાવની વાર્તા જે વખતે ઉદ્ધવજીએ કરી તે વખતે તે ભગવદ્ ગુણગાનથી ભગવદ્ કથા કરવાથી પણ તે ભકિત કહેલ અવસ્થા એટલે કે નિરોધાવસ્થાને પ્રાપ્ત થશે. આ નિત્ય કથાની વાત છે હો !

અહીં બધા સાપ્તાહિક વિધિથી કથા વાચકોને ઉદ્ધવ સમજવાના નથી. પરંતુ નિત્ય કથા આ અંશથી, આ ઉત્સાહથી આપણી સાથે થવા લાગે કે જયારે કોઈ આપણને ભગવદ્ કથા કહી રહ્યા છે અને જયારે આપણે ભગવદ્ કથા સાંભળી રહ્યા છીએ. તો તે મહોત્સવની ભાવના સાથે સાંભળીએ કે આજે તો અમારે ત્યાં શ્રીઠાકોરજીએ ઉદ્ધવજીને મોકલ્યા. આવી રીતે રોજ કોઈ ઉદ્ધવને બોલાવો. જો રોજ ઉદ્ધવ તમારી પાસે ન આવતા હોય તો તમે ઉદ્ધવની પાસે રોજ જાવ. આ નિત્યક્રમની વાત છે. આ સાપ્તાહિક વિધિ કે નૈમિત્તિક ક્રમની

વાત નથી. આ વાતને ધ્યાનથી સમજો. કારણ કે કથાયાં નિત્ય કથાયાં નતુ નૈમિત્તિક કથાયાં.

ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન યથા ॥
વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ કવચિત્ ॥ ૩ ॥

તે ઉત્સવ મારા મનમાં કથામાં કયારે પ્રક્ટ થશે, કે જે ઉત્સવ વ્રજભકતોને વૃંદાવનમાં અને ગોકુલમાં ઉદ્ધવજી પાસેથી ભગવાનની વાતો સાંભળીને પ્રકટ થયો હતો. મતલબ ભગવદ્ વિપ્રયોગમાં જેને ભગવદ્ વિપ્રયોગ હોય તેને આ વાતની મજા આવશે, કે જયારે પ્રભુ પાસે નથી. આમા ધ્યાનથી સમજો કે કથામાં વિપ્રયોગની ભાવના કરવી. કથામાં સેવાનું પ્રત્યક્ષ પ્રદર્શન (ડેમોનસ્ટ્રેશન) આજકાલ ચાલી રહ્યું છે ને ! તે સેવાનું કથા કલ્પમાં પ્રત્યક્ષ પ્રદર્શન એ શ્રીમહાપ્રભુજીની કલ્પના બહારની વાત છે.

આવી રીતે જો પ્રત્યક્ષ પ્રદર્શનવાળી કથા જ કરવી છે, તો પછી સેવા-કથા ખોટી છે. પરંતુ અહી સેવાને કથાત્મિકા કરવાની છે અને કથાને સેવાત્મિકા કરવાની છે. પરંતુ તમારાથી જયારે તે કલ્પ નભી રહ્યો નથી. તો તેવી પરિસ્થિતિમાં તમને ભગવદ્ વિપ્રયોગ હોવો જોઈએ અને આ ભગવદ્ વિપ્રયોગમાં જો કોઈ ભગવદ્ કથાનો પ્રસંગ પ્રકટ થઈ રહ્યો છે. શ્રવણનો કીતર્નનનો, સ્મરણનો ત્યારે તેમાં તે પ્રકારનો આપણને ઉત્સાહ થવો જોઈએ કે આજ તો શ્રીઠાકોરજીએ ઉદ્ધવજીને મોકલી દીધા.

દા.ત. જયારે તમે તમારા શ્રીઠાકોરજીને જગાવો તો તે ઉત્સાહ થવો જોઈએ કે યશોદાજી આજ જગાવી રહ્યા છે. અથવા કોઈ ગોપીજનો શ્રીઠાકોરજીને જગાડવા આવી ગયા છે. તેની જેમ આપણને પણ ઉત્સાહ આવી જવો જોઈએ. સંધ્યા આરતી આપણે શ્રીઠાકોરજીની કરીએ તો તે ઉત્સાહ આપણને થવો જોઈએ કે હા ગોચારણ કરીને શ્રીઠાકોરજી પાછા ગોકુલમાં પધાર્યા છે. તે વખતે તમારું ઘર ઘર ન રહેતા, ગોકુલ બની જાય છે. આ વાતને ધ્યાનથી સમજો કે જે વખતે તમે રાજભોગની આરતી કરી રહ્યા છો, તે વખતે તમારું ઘર ઘર ન રહેતા કથાત્મિકા દૃષ્ટિથી વૃંદાવન બની રહ્યું છે.

તો વારાફરતી કયારેક તમારું ઘર ગોકુલ છે. કયારેક તમારું ઘર વૃંદાવન છે. કયારેક તમારું ઘર શ્રીયમુનાજીનો કિનારો છે. કયારેક તમારું ઘર જે છે તે કુંજ છે. કયારેક બરસાના છે. વગેરે વગેરે... આ બધું કયાંથી બનશે ? તમારા ઘરમાં આ બધું કેવી રીતે બનશે ? કથા પ્રણાલીથી તમારી સેવામાં તે બધી વાતો પ્રગટ થશે અને તે કથાને તમારે સેવાના રૂપમાં જીવવી પડશે. આવ્યુંને સમજમાં. તે કથાને જયારે તમે સેવાના રૂપમાં જીવી રહ્યા છો તો નિરૂદ્ધતા પ્રગટ થશે.

ભકિત તમારી નિરોધ તરફ આગળ વધશે. પરંતુ સમજો કે તે રીતે તમે કથા-સેવાના રૂપમાં નથી જીવી રહ્યા તો પછી કથા આપણે કયા ભાવથી કરવી જોઈએ ? વિપ્રયોગના ભાવથી. આ વાતની આશ્વસ્તતા સહિત કે પ્રભુ અત્યારે મારા ગોકુલમાં નથી બિરાજી રહ્યા. પ્રભુ અત્યારે મારા વ્રજમાં નથી બિરાજતા, પ્રભુ મથુરા પધાર્યા છે અને જે પણ કોઈ મને કથા કહી રહ્યો છે તે ઉદ્ધવની જેમ ભગવાનના કોઈ સમાચાર લઈને આવેલ વ્યકિત છે, જે મને ભગવત કથા કહી રહ્યો છે.

હું જયારે પણ કથા કહી રહ્યો છું, તો હું ભગવાનના સમાચાર કોઈ વ્રજભકતને આપી રહ્યો છું. તે ભાવથી કથા કરવી છે. તે ભાવથી કથા સાંભળવી છે. તે ભાવથી કહેલી અને સાંભળેલી કથા બન્ને રીતથી મળીને સ્મરણ કરવાનું છે. આ એક બાજુનો ખેલ નથી. કારણ કે વાત ધ્યાનથી સમજો કે જયાં શ્રવણની વાત બતાવી હતી ત્યાં કેવળ શ્રીમહાપ્રભુજીએ શ્રવણ નથી બતાવ્યું ‘‘બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત’’ તેમાં શ્રવણ-કીર્તન બન્ને બતાવ્યું છે અને શ્રવણ-કીર્તન બતાવ્યું છે તેથી એમ ન સમજો કે સ્મરણ નથી બતાવ્યું. સ્મરણ ત્યાં ઉપલક્ષણ વિધિથી મૌજુદ છે.

સ્મરણ કરીને જ શ્રવણ કરવું છે, સ્મરણ કરીને જ કીર્તન કરવું છે. સ્મરણ વિના શ્રવણ જો આપણે કર્યુ, સ્મરણ વિના કીર્તન જો આપણે કર્યુ, તો તે તો ક્રિયા થઈ ગઈ. પાછા તમે કથાને જીવી રહ્યા નથી. તે તો સાંભળવાની અને કહેવાની ક્રિયા થઈ ગઈ. પરંતુ જયારે સ્મરણ કરીને શ્રવણ કરી રહ્યા છો, સ્મરણ કરીને જયારે કીર્તન કરી રહ્યા છો. બધાથી પહેલા સ્મરણ સાવધાનીથી

કરવું જોઈએ. ફરીથી જુઓ અને સમજો.

પહેલુ સ્મરણ પ્રભુનુ એ કરવાનું છે કે મારા પ્રભુ મારી સાથે નથી બિરાજી રહ્યા, વ્રજમાં પધારી ગયા છે. આ વાતને બધાથી પહેલા સ્મરણ કરીને કથા સાંભળવાની છે. તે રીતે જો નથી સાંભળી રહ્યા કે નથી કહી રહ્યા તો કથા પક્ષનું જે પૂરુ સ્વાસ્થ્ય છે તેને ખોઈ દીધું, કહેવામાં પણ અને સાંભળવામાં પણ તો તેના માટે ઉત્સવની વાત બતાવે છે કે તમારો વિપ્રયોગ કઈ રીતે ઉત્સવ થઈ જશે અને જો ભગવાનથી તમે વિપ્રયોગ યુકત છો તો તે પરિસ્થિતિમાં **''તવ કથામૃતમ્... ભુરિદા જના''** (ગોપીગીત) આ ન્યાયથી આ વિપ્રયોગમાં તમારી કથા જે છે તે એક મહાન ઉત્સવ થઈ જશે.

નહિતર તો આમા ઉદ્ધવા ગમનના પ્રસંગની કોઈ આવશ્યકતા જ હતી નહીં. ભગવદ્ વિપ્રયોગમાં તમારું ધ્યાન ન અપાવવું હોત તો, એક વાત ધ્યાનથી સમજો. ગોપીકાઓ આપસમાં કથા નહોતી કરતી ? યુગલ ગીત શું છે ? પરંતુ તે યુગલ ગીત જે છે તે એવી કથા છે કે સાંજે શ્રીઠાકોરજી **''દિવસે સહુ શ્યામા મલી રસ રૂપ તણો યશ ગાયેજી, વાસર નિર્વાહ એમ કરે સખી સાયં કાલે પેખેજી''**

તો તે વિપ્રયોગ જે છે તે સંધ્યાકાળે થતો, વિપ્રયોગ અને સંયોગ છે અને આ વિપ્રયોગ કોઈ બીજા પ્રકારનો વિપ્રયોગ છે. ધ્યાનથી સમજો. એવા પ્રકારનો વિપ્રયોગ છે, કે જે વિપ્રયોગમાં સેવક પોતાના સ્વામીની સાથે જીવી નથી શકતો. ભકત પોતાના ભગવાનની સાથે ભકિતથી જીવી શકતો નથી. જે જીવ છે, જીવાત્મા પોતાના પરમાત્માની સાથે પોતાના ભકિતમય જીવનને જયારે જીવી શકતો નથી. ત્યારે ''ઉદ્ધ્વાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા'' કેટલી ખૂબ સુંદર વાત છે. તેના પર ધ્યાન આપો તો તે વિપ્રયોગ પર તમારું ધ્યાન આપવા ઈચ્છી રહ્યા છે.

જે પણ કથા થઈ રહી છે, તે વિપ્રયોગની રીતે કરવાની છે અને જે પણ કથા કરવી છે તો આ આશયથી કરવાની છે, કે આ તો ઉત્સવ થઈ ગયો કે આપણને ભગવત્ કથા કરવાનો, ભગવાનની ચર્ચા કરવાનો, કોઈ એક સંદેશ

વાહક તો મળ્યો. રત્નાકરે ખૂબ જ સુંદર અહીંનું વર્ણન કર્યુ છે કે ગોપીજનો બધી કહેવા લાગી કે, અમને શું લખ્યું છે ? અમને શું લખ્યું છે ? ‘‘**ઉદ્ધવ કે આવનકી, મન ભાવનકી**’’ તે કહે છે કે ઉદ્ધવના અવવાની વાત જયારે બધાને મળી, વ્રજમાં ફેલાઈ તો બધા દોડી દોડીને ત્યાં જવા લાગી અને કહે કે અમને શું લખ્યું છે ? દરેક ગોપીકાઓ ઉદ્ધવજીને પૂછવા લાગી કે ‘‘**હમકો લીખ્યો હૈ કહા**’’ ? મારા માટે શું લખ્યું છે ? મારા માટે શું લખ્યું છે ?

તો આ પ્રકારથી જયારે આપણે કથા સાંભળીએ તો ત્યારે આપણે એ જોવાનું છે કે ભાઈ આમા મારા માટે કંઈ વાત આવી છે. મારા માટે આ કથામાં કંઈ વાત આવી છે. આ રીતે આટલું અંગતપણુ રાખીને કથાને સાંભળશો. તો તે કથા નિત્યક્રમની કથા થઈ જશે. આ જે સાપ્તાહિક ક્રમની કથા છે, તે સમાંતર ચાલતી પદ્ધતિ છે. તેને કોઈ પુષ્ટિમાર્ગથી કોઈ સ્પષ્ટ સંબંધ નથી. હવે આગળ એક બીજી ખૂબ સુંદર વાત શ્રીમહાપ્રભુજી કહે છે.

મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ॥
તાવદ્ આનન્દ-સન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥ ૪ ॥
મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા ॥
ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ ભોજન રૂક્ષવત્ ॥ ૫ ॥

આવી કૃપા થશે પરંતુ તે કૃપાને લાયક બનવા તમારે થોડા દિવસ તો રોવું પડશે. થોડા દિવસ તો કીર્તન તમારે કરવું પડશે. ઉદ્ધવજી આવે કે ન આવે, જો તમે સ્વયં રોયા નહીં, જો તમે જાતે કીર્તન કર્યુ નહીં, તો પછી ઉદ્ધવને આવવાનો, સંદેશો મન ભાવનનો તે તમને ગમશે જ નહીં. જયારે તમે પોતે કીર્તન કર્યુ તો ‘‘મહતાં કૃપયા યાવદ્’’ મહાપુરુષની કૃપાથી ભગવાન જયારે એવી દયા કરશે, ત્યારે કરશે. પરંતુ ત્યાં સુધી તમે શું કરશો ? મતલબ ધ્યાનથી સમજો કે સેવા તો તમે કરી રહ્યા નથી. તો કરશો શું ? કોઈ ચિંતાની વાત નથી. નિત્ય નિયમથી તમે ભગવદ્ કીર્તન કરો. જયારે કોઈ તમને સંભળાવવા આવી જાય, જયારે કોઈ તમને ભગવદ્ કથા સંભળાવવા આવે તો તેમાં ઉદ્ધવની ભાવના કરો. બાકી તે

આવે ત્યારે ઉદ્ધવનું ભાવન કરો. તે નથી આવી રહ્યા, ત્યાં સુધી તમે શું કરશો ?

ત્યાં સુધી આપણે ટી.વી. જોશુ, ત્યાં સુધી આપણે વિડિયો જોશું. ત્યાં સુધી અમે ધંધો કરવા જઈશું. ત્યાં સુધી માત્ર વાર્તા કે નવલકથાના પુસ્તક વાંચશું. તો ભાઈ તે કથા તો તમે કરી જ નથી રહ્યા ને જે શ્રીમહાપ્રભુજી કથાપક્ષ બતાવી રહ્યા છે ! તે કથાપક્ષની સાથે તમારા કથાપક્ષનો કોઈ તાલમેલ નથી.

''તાવદ્ આનન્દ-સન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ'' અહીંથી પણ તમે ગયા. અહીંથી કેવી રીતે ગયા ? તો કીર્તનમાં આ પ્રકારનું સુંખ કોને મળે છે. કીર્તન કરવામાં બધાને તો સુખ મળતું નથી. તો કીર્તન કરવામાં સુખ મળતુ નથી, તો કહે કે ન મળે તો શું કરવું ? તેથી કહે છે કે 'ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ ભોજનરૂક્ષવત્'' આ ઉપલબ્ધી પણ આપણને એક મોટી કૃપાથી પ્રાપ્ત થશે. જયારે આપણને આ વાત સમજમાં આવશે, કે કીર્તન જે છે તે કેટલી સુખદ ઘટના છે, નિત્ય કીર્તન કરવું કેટલુ સુખદ છે. આ તો શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો આપણને સમજમાં આવે. નહીંતર આપણે એમ જ સમજીએ કે નિત્ય કીર્તન કરવું કોઈ સુખદ ઘટના નથી. આ તો રૂટીન છે. રાબેતા મુજબનું રોજનું છે. રોજ ગાઈએ એમાં શું ? તો ધ્યાનથી સમજો તમે નિત્ય કીર્તન કરો. તમે જો નિત્ય કીર્તન કર્યુ, તો તે નિત્ય કીર્તન કરતા કરતા જયારે તમારા નિત્ય વિપ્રયોગના કીર્તન કરવાની જે સાધનાનો ભાવ છે તે તમારો દઢ થશે અને તે ભાવ દઢ થયો. પછી જો કોઈ તમને કથા સંભળાવવા આવ્યો છે તો તેમાં ઉદ્ધવજીની ભાવના કરીને તમે એ કથા સાંભળો. એક વાત સમજો કે અત્યાર સુધી આપણે કીર્તન કરી રહ્યા હતા, હવે આ કીર્તન સંભળાવવા આવ્યો છે. તો તેમાં ઉદ્ધવની ભાવના કરીને કથા સાંભળો અને એટલા આલ્હાદક એટલે કે આનંદ વિભોર થઈ જાવ. તે પાછો વિપ્રયોગમાં પ્રગટ થતો એક પ્રકારનો આંતર સંયોગ છે.

શ્રીમહાપ્રભુજીએ આ વાતને ભ્રમરગીતમાં ખૂબ જ સુંદર શબ્દમાં બતાવ્યું છે. **''આંતર નિષ્ઠા વિરહો વા તાસામ અવસ્થા દ્વયમેવ ભવતિ''** અથવા તો તે કયારેક આંતરનિષ્ઠ થઈ જાય. એટલે કે લીલાના અનુસંધાનમાં આંતરનિષ્ઠ થઈ જાય અને જયારે આંતરનિષ્ઠ થઈ શકતો નથી તો તેને બાહ્ય જે

ભગવદ્ વિપ્રયોગ છે તે તેને સતાવે છે. આ પ્રકારનું ચક્ર જયારે ચાલે છે. ત્યારે ધીરે ધીરે ખરાઅર્થમાં ઉદ્ધવના આગમનના આનંદને માણી શકશો.

જો આ પ્રકારથી નિત્યક્રમથી તમે કીર્તનને જીવ્યા નથી અને તમે નૈમિત્તિક ક્રમથી કેવળ જીવ્યા તો કંઈકને કંઈક જેમ મનોરથોનું સેવામાં કૌભાંડ થઈ ગયું, આમ સપ્તાહનું કૌભાંડ કથામાં થઈ ગયું. આ વાત ધ્યાનથી સમજો. સેવામાં મનોરથ ખૂબ જ સારી વસ્તુ છે. ચમત્કાર પેદા કરવા માટે. પરંતુ તે મનોરથ કોના માટે ફાયદાવાળુ છે, જેણે નિત્ય સેવા કરીને સેવાનું વ્યસન બનાવ્યું તેના માટે, ફાયદા કારક છે. જેણૈ નિત્ય સેવાનું વ્યસન નથી બનાવ્યું તેના માટે સેવાના ભાવને ખંડિત કરવાવાળો મનોરથ છે. એક વાત ધ્યાનથી સમજો કારણ કે દરેક વૈષ્ણવને પૂછીને જુઓ કે મનોરથ જોતા જ તે ધ્વસ્ત થઈ જાય કે નહીં.

આવો મનોરથ અમે ઘરમાં કેવી રીતે કરીએ. બસ પછી સેવા છૂટી જાય. કેશરના હિંડોળા, છપ્પન ભોગના મોટા મોટા લાડવા-મટકી જેવડા લાડવા કયાંથી લાવીએ, ન લાવીએ એટલે સેવા બંધ. એવી રીતે કોઈ ઉદ્ધવજી આવી ગયા, કંઈક કથા સંભળાવી દીધી. આવી કથા અમે કેવી રીતે કરીએ-બસ પછી કથા બંધ. જો કોઈ બરાબર આવી સમાંતર વ્યવસ્થા ચાલી રહી છે, જેમ કે મનોરથો. પુષ્ટિમાર્ગમાં ભકિતને, સેવાને ચમત્કાર પૂર્ણ બનાવવા માટે પ્રેરિત કરી તેનાથી સેવાને તોડી નાખી.

આવી રીતે ઉદ્વાગમનની જે એક ચમત્કૃતિ હતી, કે કોઈ ભગવદીય આપણા ઘરે આવ્યા. આપણે કોઈ મંડપમાં કથા સાંભળવા ગયા, એવું નહીં હો. પરંતુ કોઈ ભગવદીય આપણા ગામમાં આવ્યા. આપણી ઘરે આવ્યા. તેની પાસેથી આપણે કથા સાંભળી તેમાં ઉદ્ધવનો ભાવ કરીને કે આજ ભગવદ સંદેશ મને આવ્યો છે તે ઉત્કંઠાથી કે ''**હમકો લીખ્યો હૈ કહાં, કહન સબૈ લગી**'' અમને શું લખ્યું છે ? તો તે જો ભાવ આવ્યો, તે ભાવ કયારે સિદ્ધ થશે ? કે જયારે ''મહતાં કૃપયા યદ્વત કીર્તનં સુખદં સદા, ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ ભોજનરૂક્ષવત્''

જે લૌકિક વ્યકિત છે, જેણે આ કીર્તન પ્રણાલીનો અંદાજ નથી લીધો,

તે કથાનું શું ? ''**વધ્યા શું જાણે પ્રસવની પીડા**'' બરાબર એવી સ્થિતિ જ હશે. ખરા અર્થમાં શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત જે કથાનો સ્વાદ છે તે આપણને ક્યારેય નહીં મળી શકે, કે જો તમે નિત્ય પ્રણાલીથી કીર્તન પોતાના ઘરમાં નથી કર્યુ તો. નૈમિત્તિક કથા પ્રણાલી તમારા કીર્તનને ખંડન કરવાવાળી જ હશે. તેથી સૌ પ્રથમ આવશ્યકતા એ છે કે જયારે તમારાથી સેવા નથી નભી રહી, તો નિત્ય કીર્તન પ્રણાલી, કથા પ્રણાલીનો આગ્રહ પનપાવો-વિકસાવો. કયારેક કોઈ તમને કથા સંભળાવવા આવ્યો તો તે ''ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા'' તે નૈમિત્તિક કથા પ્રણાલી તે વખતે તમને કંઈક ફલદાયક થશે.

જેમ નિત્ય સેવા ક્રમ તમે નિભાવી રહ્યા છો તો તેની રોચકતા મનોરથથી વધી જશે. જેમ રોટલી-શાક અથવા દાળ-ભાત રોટી-શાક અને કોઈ દિવસ ઢોકળા-ફાફડાનો સ્વાદ તે જે છે તે ચમત્કાર અને સ્વાસ્થ્ય બન્ને તમારાથી નભસે કે જેનાથી ન તો તમે નિરાશ થઈ જાવ અને ન તો તમે રોગી બની જાવ. દરરોજ ઉત્તેજનાના ચક્કરમાં ફસાવાના કારણે. ઉત્તેજના કયારેક સારી દરરોજ સારી નથી. આ વાતને ધ્યાનથી સમજો.

કારણ કે દરરોજ જે ઉત્તેજનાથી જીવવાનું ઈચ્છે, નિત્ય જે ચમત્કારમાં જીવવાનું ઈચ્છે તે કયારેય પણ વફાદાર પતિ નથી બની શકતો, તે વફાદાર પત્ની નથી થઈ શકતી. નિત્ય નવી ગોપીકાઓને શોધવાવાળો ગો.બા. કયારેય રાસલીલૈક તાત્પર્ય નથી થઈ શકતા, તે કોઈ ભાસલીલૈક તાત્પર્ય થઈ જાય છે. આ વાત સમજવી જોઈએ. આપણી પત્નીની સાથે આપણે જીવીશું. આપણા પતિની સાથે આપણે જીવીએ તો તે નિત્યનો આપણે એવો સંયમ રાખ્યો, તો આપણે કોઈની ખૂબસૂરતીને જોઈને સમજી નહીં શકીએ કે ભાઈ કેટલી ખૂબસૂરત છે. આપણે આપણું તો નિભાવ્યું નથી. દુવિધામાં બન્ને ગયા. ન માયા મળી ન રામ. તે ચક્કર પ્રગટ થઈ જશે. તો તે વાત સારી નથી તે ધ્યાનથી સમજો.

જેને ઘરમાં જીવતા નથી આવડયું તેને કયાંય બહારગામ ફરવાની મજા શું આવશે ? જેને ઘરમાં જ જીવતા નથી આવડતું, તે બહારગામ ફરવાની મજા કેવી રીતે લઈ શકશે ? ઘરમાં રહો, સાત દિવસ ઘરમાં રહો, આઠમા દિવસે રવિવારે

કયાંક ફરવા ગયા. તો તમને ફરવાની મજા આવશે. ઘરમાં તો તમે રહ્યા જ નથી. નિત્ય સેવા તમે નિભાવી નથી. મનોરથના ચક્કર મારતા થઈ ગયા. નિત્ય કીર્તન, નિત્ય કથા તમે કરી નથી, સપ્તાહમાં રખડતા થઈ ગયા. તમને ન કથાનો આનંદ છે, ન તમને સેવાનો આનંદ છે. તમે બન્ને જગ્યાએથી ભ્રષ્ટ થઈ ગયા, અર્થાત્ તમે બન્ને ખોયા. આ વાત ધ્યાનથી સમજો.

ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે ॥
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ॥ ૬ ॥
કિલશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ॥
તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ॥ ૭ ॥

તમે સમજી રહ્યા છો કે અમે કીર્તન કરશું. આપણે કીર્તન કરશું તેમાં શું સિદ્ધ થવાનું છે ? અમારો ભાવ કેટલો ? અરે પણ તમે કયારેય ગોવિન્દના ગુણને સમજયા છો કે ''ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે'' ગોવિંદ કેટલો પ્રસન્ન થઈ રહ્યો છે. જો તમે કીર્તન કરી રહ્યા છો, તો ગોવિંદ તમારા હૃદયમાં આવીને બિરાજી રહ્યો છે.

'' નાહમ વસામિ વૈકુંઠે યોગીનામ્ હૃદયે તથા મદ્ ભક્તા યત્ર ગાયંતિ તત્ર નિષ્ઠામિનારદઃ'' ગોવિંદ તમારા .પર એટલો પ્રસન્ન છે. તમે તેના પર પ્રસન્ન નથી. તમે તેના પર અપ્રસન છો તમે કોઈ કથાકાર ઉપર પ્રસન્ન છો. તમે મહારાજ ઉપર પ્રસન્ન છો. તેથી તમે તેને નિત્ય પોતાની સાથે રાખવાનું ઈચ્છતા નથી. તેથી આ બધા લફડા થઈ ગયા.

તમે આ વાત ધ્યાનથી સમજો, કે જયારે તમે ભગવદ્ કથા, નિત્ય કીર્તન ક્રમથી કરી રહ્યા છો, તો ગોવિંદ તમારા ઉપર પ્રસન્ન છે. તેથી તમે નિત્ય કથા કરી રહ્યા છો. ગોવિન્દ જો પ્રસન્ન નથી તો તમે નિત્ય કથા-કીર્તન કરી શકશો નહી. ગોવિંદ અપ્રસન્ન છે તો તમે નૈમિત્તિક કથામાં રચ્યા પચ્યા રહેશો. ગોવિંદ પ્રસન્ન છે તો તમે નિત્ય કથામાં રચ્યા પચ્યા રહેશો. ગોવિંદ પ્રસન્ન છે તો તમે નિત્ય સેવા કરશો.

જેમ તે દિવસે મેં તમને બતાવ્યું હતું કે **"યે યાતા ક્રિમપિ્ પ્રધાર્ય હૃદયે પૂર્વં ગતાએવ તે"** ક્યારેક તમને મળવાનું ઈચ્છે ગોવિંદ, તો તમે ક્યારેક મનોરથના દર્શન કરી આવો છો. ગોવિંદ નિત્ય તમારી સાથે જીવવા ઈચ્છે છે. તો તમે ગોવિંદની નિત્ય સેવા કરી રહ્યા છો. ગોવિંદ તમારા હૃદયમાં નિત્ય વસવા ઈચ્છે છે. તો તમે નિત્ય ગોવિંદના કીર્તન કરી રહ્યા છો અને ક્યારેક ગોવિંદ તમારા હૃદયમાં બિરાજવા ઈચ્છે, જેમ હમણા તમને બતાવ્યુંને પઞ્ચપદ્યાનિમાં તે જ બસ ધ્યાનથી સમજી લ્યો તો બરાબર વાત સમજમાં આવી જશે, "પૂર્ણ ભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ ન તુ સર્વદા અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃ પરિકીર્તિતાઃ" ગોવિંદ તમને અધમ માની રહ્યો છે, તો તમે ગોવિંદને એટલો અધમ માની રહ્યા છો, કે તેના નિત્ય કીર્તન નથી કરી રહ્યા. જો ગોવિંદ તમારા માટે ઉત્તમ છે તો તમે ગોવિંદનું નિત્ય કીર્તન કરશો.

તમે અન્યાસક્ત નથી, તો તમે ગોવિંદને એટલા ઉત્તમ માની રહ્યા છો, તો તમારે નિત્ય કીર્તન પરાયણ, નિત્ય કથા પરાયણ થવું પડશે. જો તમે નિત્ય ભગવદ્ સેવા પરાયણ નથી થઈ રહ્યા તો આ વ્યવસ્થાની ખાસ એક બારીકી છે, સુક્ષ્મતા છે. આ વાતને સમજો તો બધી વાત સમજમાં આવશે અને તેના માટે એવું ન સમજો કે તમે કીર્તન કરી રહ્યા છો તો તેમાં કોઈ નાનપ છે. તેમાં કોઈ ખામી છે, કોઈ ભગવદીયના મુખથી તમે કીર્તન સાંભળ્યું, તો પણ ખૂબ મોટી વાત છે. જો તમે ગોવિંદના ગુણગાન કરી રહ્યા છો, તો ગોવિંદ તમારા ઉપર પ્રસન્ન છે, આનાથી કોઈ મોટુ પ્રમાણ તમારી સામે હોવું ન જોઈએ.

તમે નિત્ય હરિ કથા કરી રહ્યા છો કે નહીં ? તમે નિત્ય હરિ ગુણગાન કરી રહ્યા છો કે નહીં ? બસ આનાથી વધારે હરિની પ્રસન્નતા, આનાથી વધારે હરિ તમારા હૃદયમાં બિરાજ્યા છે તેનું પ્રમાણ તમારા માટે બીજું શું હોઈ શકે ?

પરંતુ આ વાત થશે ક્યારે ? "ક્લિશ્યમાનાન્ જનાન દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવત્ તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ" જ્યારે તમે દુઃખનો અનુભવ કરશો કે તમે કાંઈક ખોઈ રહ્યા છો. પરંતુ જે વખતે તમને કોઈ દુઃખ નથી, ખૂબ આનંદ આવી રહ્યો છે, ત્યારે તમે ભ્રમણામાં જીવો છો. જેમ આપણે નિત્ય

સ્વસ્થ ખોરાક ખાવામાં કોઈ દુઃખનો અનુભવ કરી રહ્યા નથી. દિવસ-રાત આ રેસ્ટોરન્ટમાંથી તે રેસ્ટોરનટમાં, આ ભેળપુરીથી તે ભેળપુરી, તો આ બધા ભેળપુરીના ચક્કરમાં તો પેટ બગાડવાનું કોઈ ચક્કર છે. કોઈ સ્વાસ્થ્ય નહીં બગડે ? જીભનો સ્વાદ તમે લઈ રહ્યા છો, પરંતુ સ્વાસ્થ્ય દિવસેને દિવસે તમારું બગડતુ જશે. આ વાત તમે ધ્યાનથી સમજો.

જયારે તમને કાંઈક આ વાતના દુઃખનો અનુભવ થશે, કે હું કોઈ નિત્યક્રમથી વંચિત છું. તો હરિ કૃપાળુ થઈ જશે, તો ''તદા સર્વં સદાનંદ હૃદિસ્થં નિર્ગતં બહિઃ'' તો તમારા હૃદયમાં બિરાજી રહેલો સદાનંદ જે છે તે ગુણગાનના રૂપથી બહાર પ્રગટ થઈ શકશે.

સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ ॥
હૃદ્ગતા સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ॥ ૮ ॥
તસ્માત્ સર્વં પરિત્યજય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ॥
સદાનન્દપરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ ॥ ૯ ॥

ભગવાન સર્વાનન્દમય છે. પરંતુ તેનો આ કૃપાનંદ ખૂબ જ દુર્લભ છે. તમે આ રહસ્યને સમજો કે તમે ગુણગાન કરી રહ્યા છો, તો ગોવિંદ પ્રસન્ન છે. તમે ખોટું વિચારી રહ્યા છો, કે ગાઈને અમે ગોવિંદને પ્રસન્ન કરીશું, આવું સમજતા નહીં. તમે ગાઈ રહ્યા છો, એ ગોવિંદની પ્રસન્નતા છે. ગાયને ગોવિન્દને પ્રસન્ન નથી કરવા, તમે ગાઈ રહ્યા છો તે ગોવિંદની પ્રસન્નતા છે. આ ભાવને સમજો. એટલી ગરિમાથી ગોવિંદનું ગુણગાન કરો કે જે વખતે તમે ગુણગાન કરી રહ્યા છો, તે ગોવિંદની પ્રસન્નતા છે તેથી તમે ગુણગાન કરી રહ્યા છો. કે તમે સેવા કરી રહ્યા છો સેવાથી વ્રજાધીપને પ્રસન્ન કરવાના નથી. સેવા કરી શકો છો તે વ્રજાધીપની પ્રસન્નતા છે. એટલી ગરિમાથી પહેલા સેવા-કથાને જુઓ.

એક વખત આટલી ગરિમાથી જોવાનું શરૂ કર્યુ પછી તમને ખબર પડશે કે આમા શું ગંભીરતા છે ? આમા શું સ્વારસ્ય છે ? આમા શું ઉત્તમતા છે ? કેટલી

શ્રેષ્ઠતા છે ? ત્યારે ખબર પડશે. ‘‘તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ, સદાનન્દપરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ’’ બેકારના લફડાને છોડો. કયા કઈ વાતમાં ફસાયેલા છો, જ્યારે તમારા ઘરમાં તમારાથી સેવા નથી બની શકતી, ત્યારે તમે બધા લફડાને છોડો. તમે ગુણગાન ‘‘**ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે તારા દુઃખ સહુ જાય ગોવિંદ ગાને સહેજે**’’ તે ગાન કરો. તો તમારી બધી વાતની સમસ્યાનું સમાધાન થઈ જશે. કેમ કે ત્યારે તમારામાં સચ્ચિદાનંદતા પ્રગટ થઈ જશે. પછી તમે જડ રહી નહીં જાવ, પછી તમે જીવ નહીં રહી જાવ. તમારી અંદર એક સચ્ચિદાનન્દતા રહેલી છે તે ગુણગાનની પ્રાણાલીથી પ્રગટ થયેલી સચ્ચિદાનન્દતા તમારામાં ખીલી ઉઠશે અને તમને ગુણગાનનું સાચુ મહત્વ શું છે ? તે સમજમાં આવશે.

આ વાતને ફરીથી ધ્યાનથી સમજો. શ્રીમહાપ્રભુજીએ તમારી તકલીફ ને દૂર કરવા માટે નવરત્ન દ્વારા પ્રેકટીકલ રીતે સમજાવ્યું અને અંતઃકરણ પ્રબોધમાં પણ સમજાવ્યું કે તમે ચિન્તા શું કરી રહ્યા છો ? મેં બધી ચિંતા છોડીને બતાવ્યું છે એવી રીતે ફરીથી શ્રીમહાપ્રભુજી પોતાને હસ્તક્ષેપ (ઈન્ટર ફીયર) કરી રહ્યા છે. ખુદ પોતે પોતાના ઉપદેશમાં હસ્તક્ષેપ કરી રહ્યા છે.

(પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વકભગવદાસક્તિરુપાયાઃ ભક્તેઃ સર્વાતિશાયિતાયાં સ્વાનુભવપ્રામાણ્યનિરૂપણપૂર્વિકા સ્વમાર્ગે તદુપદેશાવશ્યકતા)- પોતાના અનુભવના આધારે પ્રપઞ્ચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિતરૂપ ભકિતની સર્વાતિશયતાનુ નિરૂપણ કરે છે અને સ્વમાર્ગમાં તેના ઉપદેશની આવશ્યકતા બતાવે છે.

અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ॥
નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ॥ ૧૦ ॥
હરિણા યે વિનિર્મુક્તાસ્ તે મગ્ના ભવસાગરે ॥
યે નિરુદ્ધાસ્ તએવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્ ॥ ૧૧ ॥

જેને હરિએ છોડી દીધા છે, તે તો ડૂબી ગયા છે. જેને ભગવદ

સ્વરૂપાનંદ (મોદ) આવી રહ્યો છે, કારણ કે તેને આનંદે જકડી લીધા છે. તો આનંદથી જકડાયેલો વ્યકિત આનંદ જ લઈ રહ્યો છે અને જેને આનંદે છોડી દીધા છે તે તો દુઃખમાં ડૂબી ગયો છે. દુઃખના સાગરમાં ડૂબી ગયા છે. આ વાતને ભૂલશો નહીં. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે મેં આવી રીતે આનંદને પકડયો છે, કારણ કે આનંદે જ મને પકડયો છે જેને ભગવાને પકડી રાખ્યા છે તે કોઈ બીજા દ્વારા પકડાઈ ન જાય, એટલા માટે હું (શ્રીમહાપ્રભુજી) તમને નિરોધને સમજાવી રહ્યો છું.

''નિરોદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે'' તમે આ નિરોધની વાત બધાને બતાવો, આ નિરોધની મહત્તા બધાને બતાવો. ભગવાન્ સ્વયં તેને પકડવા લાગી જશે અને તમે ભગવાનને પડકવા લાગી જશો. જો તમે આ રહસ્યને સમજશો કે આપાણે ભગવત્ કથાને જીવવી છે. ભગવત્ કથા સાંભળવી નથી. જો ભગવત્ કથાને જીવી રહ્યા નથી, તો તેને નૈમિત્તિક ક્રમથી અપનાવવાની નથી. નિત્યક્રમથી ભગવત્ કથાને આપાણે સાંભળવાની છે, વિચારવાની છે, સ્મરણ, કીર્તન, સ્મરણ, બધું કરવાનું છે. આ જે નિત્યક્રમ છે. જો તમે તેમાં આવ્યા તો ફરીથી તમે નિરુદ્ધ થઈ જશો.

ભગવાન સાથે નથી, જો ભગવાન તમારી પાસે બિરાજતા હોત તો સંયોગ અને વિપ્રયોગની સાયકલમાં તમે જીવી શકત. એટલે કે ''યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે, ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ ક્વચિત્, ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્, યત્ સુખં'' આ સુખ દુઃખનું જે નિત્ય ચક્ર છે, તે ચક્રને જીવી શકત. પરંતુ જો પ્રભુ સાથે બિરાજી રહ્યા નથી. તો વિપ્રયોગના ચક્રમાં પાણ તમે જીવશો, તો ડરવાની કોઈ વાત નથી. કારણ કે ભગવત્ સ્વરૂપ જે છે તે નટવરવપુ હોવાના કારાણે ભગવદ્ વિપ્રયોગ પાણ ભગવદાત્મક છે આ વાત ધ્યાનથી સમજો.

ભગવાનનો સંયોગ જેમ ભગવદાત્મક છે, તેમ ભગવાનનો વિપ્રયોગ પાણ ભગવદાત્મક છે અને ભગવાનનો વિપ્રયોગ ભગવદાત્મક છે, પરંતુ તે અનુભૂતિ તમને કયારે થશે કે જયારે વિપ્રયોગનો તમે નિત્ય અનુભવ કરો. તે

નિત્ય અનુભવની પ્રક્રિયાથી શું થશે ? કે તમે નિત્ય ભગવાનના કથા-ગુણગાન કરો. તો તમને તે નિત્ય ભગવદ્ વિપ્રયોગનો અનુભવ થશે અને નિત્ય ભગવદ્ વિપ્રયોગનો અનુભવ થયો તો તમને ભગવદ્ અનુભૂતિ જ થઈ છે.

હવે ડરવાની કોઈ વાત નથી. નૈમિત્તિક ભગવદ્ વિપ્રયોગનો અનુભવ થઈ રહ્યો છે. જેમ નૈમિત્તિક ભગવદ્ સંયોગનો અનુભવ થઈ રહ્યો છે, તો તે ભગવદ્ સંયોગ નથી. નિત્યના પરિણામથી નૈમિત્તિકમાં કોઈ ચમત્કાર આવતો હોય તો ઘણી જ સારી વાત છે. પરંતુ જયારે તમે નિત્ય અનુભવ કરવા નથી ઈચ્છી રહ્યા તો ''આવેશાત્તુ વિકલા'' આવેશથી વિકલ છો, તો કાંઈક લફળો છે. પરંતુ નિત્ય ભગવાનમાં નિરોધ થઈ જાવ. તેના માટે શ્રીમહાપ્રભુજી આગળની પ્રક્રિયા બતાવી રહ્યા છે.

(પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વકભગવદાસકિતસિદ્ધયર્થં દેહેન્દ્રિયાદીનાં સકલાનાં ભગવતિ વિનિયોગઃ કરણીયઃ, તેનૈવ ચ ભકતેઃ નિરોધાવસ્થાયાં પરિપાકો ભવતીતિ નિરૂપણમ્)-પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિતની સિદ્ધિ માટે આપણે ખોટી વાત સમજી ગયા છીએ કે દર્શન કરવાથી પુષ્ટિભકિત થઈ રહી છે. એ વાત નથી. આ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત નથી. એ તો ખૂબ જ ક્ષુદ્ર વાત છે. મર્યાદામાર્ગમાં દર્શનનું ઘણું માહાત્મ્ય છે. આપણે ત્યાં દર્શન ખૂબ જ ક્ષુદ્ર વાત છે.

શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે ભગવદીયે દેહ ઈન્દ્રિય વગેરેનો ભગવદ વિનિયોગ કરવો. કારણ કે બ્રહ્મસંબંધમાં તમે એમ નહોતું કહ્યું કે મારા નેત્ર હું તમને સમર્પણ કરી રહ્યો છું. બ્રહ્મસંબંધમાં તમે શું કહ્યું હતું, પોતાની સોગંદને યાદ કરો કે ઘર, બાર, પુત્ર, દેહ, ઈન્દ્રિય, પ્રાણ આ બધું જ હું સમર્પણ કરી રહ્યો છું. અહીં તમે માત્ર આંખનું જ સમર્પણ કરી રહ્યા છો અને પૈસા સમર્પિત કરી રહ્યા છો. કેવળ આંખ અને માત્ર પૈસા-થોડીક મઠડી જીભની માટે આ ખૂબ જ ક્ષુદ્ર સમર્પણ છે.

આ પ્રતિજ્ઞા તમે નહોતી લીધી, તમે પ્રતિજ્ઞાને તોડી રહ્યા છો. આપણે લીધેલી પ્રતિજ્ઞાને પાળો, જે તમે પ્રભુની સામે તુલસી હાથમાં લઈને પ્રતિજ્ઞા

લીધી હતી કે બધી જ ઈન્દ્રિયોને ભગવાનમાં વિનિયોગ કરો. જો બધી ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ નથી થઈ રહ્યો. તો ભગવત્ વિપ્રયોગનો અનુભવ કરો. જો ભગવદ વિપ્રયોગનો અનુભવ પણ નથી થતો અથવા ભગવદ્ સંબંધી બધી ઈન્દ્રિયથી દેહ ઈન્દ્રિય બધા આપણા ક્રિયા-કલાપથી ભગવત્ સંયોગાનુભૂતિ નથી થઈ રહી, તો વિપ્રયોગની અનુભૂતિ પણ નથી થઈ રહી. તો વાત સમજી જાવ કે ભકિતમાર્ગ તમારા માટે નથી. તમે ભકિતમાર્ગ માટે નથી.

ફરીથી પ્રપત્તિમાર્ગમાં જાવ ''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ, વદદ્ ભિરેવં સતતં સ્થૈયમિત્યેવ મે મતિઃ'' ફરી આવી કથા સાંભળવી અને મનોરથના દર્શન કરવાનો પ્રોગ્રામ તમારો નથીને તે વાત સમજી જાવ તે કોઈ બીજા માટે છે, તમારા માટે ''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ ભિરેવં સતતં સ્થેયમ્'' આ કાર્યક્રમ છે. પરંતુ તેનું પાલન કરવા આપણે ઈચ્છતા નથી. કારણ કે તેમા ''**નમાજ પઢવા ગયા, રોજા ગળે પડી જાય**'' એવી સ્થિતિ હોય, તો આપણે પહેલા જ તેનાથી છટકી જવાનું ઈચ્છીએ કે આખો દિવસ તો કોણ ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' બોલે. તે તો ખૂબ લફડાની વાત છે. તો આ વાતને ધ્યાનથી સમજો.

સંસારાવેશદુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ ॥
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ॥ ૧૨ ॥
ગુણેષ્વાવિષ્ટ- ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ॥
સંસાર-વિરહ-ક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્ ॥ ૧૩ ॥
તદા ભવેદ્ દયાલુત્વમ્ અન્યથા ક્રુરતા મતા ॥
બાધશંકાપિ નાસ્ત્યત્ર તદધ્યાસોઽપિ સિધ્યતિ ॥ ૧૪ ॥
ભગવદ્ - ધર્મ સામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ॥
ગુણૈર્ હરિસુખસ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્ ॥ ૧૫ ॥
એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદ્ ઉત્કર્ષો ગુણવર્ણને ॥
અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ॥ ૧૬ ॥

ઈન્દ્રિય કેવી છે ? સંસારના આવેશથી દુષ્ટ છે. કેવી દુષ્ટ કે જેમ શ્રીયમુનાજીમાં કાલીયનાગ વસ્યો હતો અને શ્રીયમુનાજીનું બધું જલ ઝેરવાળુ બનાવી દીધું હતું. એટલે ઝેરવાળુ કે યમુનાજીનું જલ જે પીતો તે સીધો શ્રીયમુનાજીનો પ્રિય થવાને બદલે યમરાજનો પ્રિય થઈ જતો. થવો જોઈએ શ્રીયમુનાજીનો પ્રિય, થઈ જતો યમરાજાનો પ્રિય. તો તે જે સંસારાવેશ છે, તે કાલીયનાગ જેવો છે. તે કાલીય નાગને નાથવાનો છે. તો આ કલીયનાગને નાથવા માટે તમારે તમારી બધી ઈન્દ્રિયોની આસકિતની જે યમુના છે, તેમાં કૃષ્ણને કુદાવવો પડશે કે આ કાલીયનાગને નાથો. આ કાલીયનાગને જયારે નાથશો ત્યારે તમારી જે યમુના છે તે શુદ્ધ થઈ જશે. ભકિતની ભગવદ્ આસકિતની જે તમારી ઈન્દ્રિયોમાં પ્રગટ થયેલી યમુના છે. તે ત્યારે શુદ્ધ થઈ શકશે, જયારે તે કાલીય નાથ નાથ્યો.

મતલબ પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભકિત તમારી છે તે ભગવદ આસકિતનું રૂપ લેશે. જો કાલીયનાગને નાથ્યો નહીં તો જે તમારી ઈન્દ્રિયોમાં ભગવદ્ આસકિતની જે યમુના છે તેમાં કાલીયનાગનું ઝેર ભરેલું છે તે તમને તો દૂષિત કરી રહ્યુ છે, પરંતુ તમારા સંગથી બધા ભગવદીયને પણ દૂષિત કરી રહ્યુ છે. યમુના કિનારે રહેવાવાળા અબોલ બિચારા પશુઓને પણ દૂષિત કરી રહ્યુ છે અને મનુષ્યને પણ દૂષિત કરી રહ્યુ છે.

તો તેનો ઉપાય ‘‘કૃષ્ણસ્ય સર્વવસ્તુની ભૂમ્ન ઈશસ્ય યોજયેત્’’ આવી રીતે જીવનશૈલી ઘડો. આવી રીતે સેવાને ઘડો કે અધિકતાથી તમારી ઈન્દ્રિયોને, અધિકતાથી તમારી અહંતા-મમતાને કયાંકને કયાંક કોઈને કોઈ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે તમે કૃષ્ણને કોઈ રીતથી જોડી શકો. ફકત જીભને મઠડીથી જોડવી, આંખને મનોરથની સજાવટથી જોડવી અને પૈસાને થોડીક મઠડી ખરીદવા માટે જોડી દેવા આ વાત ખૂબ જ ક્ષુદ્ર કથા છે, આ ભકિતની કથા નથી. આ વાણિયાપણાની કથા છે.

લોભીયાના ગામમાં ધૂતારા ભુખે ન મરે તેની કથા છે. આ વાતને ધ્યાનથી સમજો ‘‘ગુણેષ્વાવિષ્ટ ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ સંસાર વિરહ કલેશો

ન સ્યાતાં હરિવત્ સુખમ્'' શું વાત કહી છે ! શ્રીમહાપ્રભુજીએ કે ભગવાનના ગુણમાં જેનું ચિત્ત આવિષ્ટ થઈ ગયું છે તેનું શું થશે ? તો કહી રહ્યા છે કે ''સંસાર કલેશો ન સ્યાત,, વિરહ કલેશો અપિ ન સ્યાત્'' તેને સંસાર કલેશ પાણ નહીં થાય અને વિરહ કલેશ પાણ નહીં થાય. ભગવાનના ગુણમાં તે સામર્થ્ય છે.

હવે આ વાતને ધ્યાનથી સમજો. સંન્યાસનિર્ણયમાં આ ગુણને બાધક કહ્યો છે. પરંતુ અહીં આ ગુણને સાધક કહ્યો છે. સાધક કેવી રીતે છે ? કારણ કે બન્ને પ્રકારના અધિકારીને ઉદ્દેશીને વાત કહેવામાં આવી રહી છે. અહીં તે અધિકારીના સંદર્ભમાં વાત કહેવામાં આવી રહી નથી. ત્યાં ભગવદ્ ગુણ બાધક થઈ રહ્યો હતો. અહીં તે ભગવત્ ગુણ સાધક છે. ત્યાં વિરહ વધારવાનો પ્રોગ્રામ છે. અહીં કલેશ નહીં થાય તે વાત છે. કારણકે તમે નિત્યક્રમથી ભગવદ્ ગુણગાનને જીવી રહ્યા છો. ભગવદ્ ગુણગાનને તમે પોતાની સેવાનો ભાગ બનાવી દીધો છે. તમારી સેવાને તમે કથાનું રૂપ આપી દીધું છે.

હવે તમને ન વિરહ થશે, ન સંસારનો કલેશ થશે. ''સંસાર વિરહ કલેશો ન સ્યાતાં'' કેટલો ખૂબ સુંદર શબ્દ છે. ''સંસાર કલેશો ન સ્યાત, વિરહ કલેશો અપિ ન સ્યાત્'' ''હરિવત્ સુખમ્'' હરિ જેટલુ સુખ થશે. એટલા તમે સુખી થશો.

હવે ત્યાં જુઓ જે કાંઈપણ સંન્યાસનિર્ણયમાં વાત કરી હતી, તે વાતને અહીં ઉલટાવી નાંખી શ્રીમહાપ્રભુજીએ ''તદા ભવેદ્ દયાલુત્વમ્'' ત્યાં કહે છે કે ''દયાલુ ન વિરૂધ્યતે'' તમે વિપ્રયોગ પસંદ કર્યો તો ''દયાલુ ન વિરૂધ્યતે'' તે જ શ્રીમહાપ્રભુજી અહીં બીજી વાત કહી રહ્યા છે. ''તદા ભવેદ્ દયાલુત્વમ્'' તો તો પ્રભુની દયાળુતા નહીં. તો તો પ્રભુ તમારા ઉપર ક્રુર થઈ ગયા. જો આ તમારી ભગવદ્ આસકિતની યમુનામાં વિષયાસકિતના કાલીયનાગને પ્રભુ નાથી રહ્યા નથી, તો પ્રભુ ક્રૂર છે. દયાળુ કેવી રીતે છે ? પરંતુ તે નાથશે કયારે ? એક વાત ધ્યાનથી સમજો.

એક વખત રાજભોગના સમયે શ્રીઠાકોરજીની આગળ ગેડી, ગેંદ, છડી, ચોગા એવા ભાવથી તો સાજો કે એક વખત ગેંદને પધરાવી દયો યાર

યમુનાજીમાં નાથી દયો તે કાલીયનાગને તેમા પડેલી એ ગેંદ તે વિષયાસકિતને તમારી મારેલી લાત અને તે લાતને કારણે ત્યાં પડેલ કાલીયનાગને નાથવા માટે તમે જઈ શકો છો. આમ એક વખત તો આ ભાવથી છડી, ચોગા સાજો તે પછી તમે નાથી શકશો. તમે તો આમ કરી જ નથી રહ્યા. તમે તો કોઈ બીજી ગેંદથી ખેલી રહ્યા છો તે ગેંદથી તમે શ્રીઠાકોરજીની સાથે ગેંદ રમવાનું નથી ઈચ્છતા. જયારે શ્રીઠાકોરજીની સાથે ગેંદ રમવાનું ઈચ્છતા નથી પછી તમારા માટે શા માટે કાલીય નાગને નાથે ? તેને શું પડી છે ?

જો તમે તેની સાથે રમવાનું ઈચ્છતા હશો, તો ગેંદને એવી લાત મારે, એવું ફટકારે કે જઈને યમુનાજીમાં પડે પછી તે કાલીયનાગને નાથે. પરંતુ તેને શું પંચાયત છે ? જયારે તમારે ખેલવું નથી. તમારે રમવું છે, તો તે રમવા તૈયાર છે. તે રમવા તૈયાર છે તો તમે રમવા લાગી જશો. આ ખેલ તો એક-બીજાની સાથે થાય. જયારે એક બીજા આમા સામિલ ન હોય તો ખેલ આગળ ચાલે નહીં.

‘‘હવે કહે છે કે સમજો કે અમે ઉપર કહ્યા મુજબ કર્યુ એટલે કે વિષયાશકિત છોડી અને ભગવદ્ આસકત્ થયા તેમાં ભકિતમાં બાધ આવી ગયો તો ? તો કહી રહ્યા છે કે ‘‘બાધશંકાપિ નાસ્ત્યત્ર’’ ભકિતને બાધ નહીં થઇ શકે. કેમ બાધ નહીં થાય ‘‘તદઘ્યાસો અપિ સિદ્યતિ’’ જેમ તમને સાંસારિક અહંતા-મમતાનો અઘ્યાસ છે દરેક વસ્તુને તમે પોતાની સમજો છો. તમારું કાંઇ છે જ નહીં છતાંપાણ તમે પોતાને કંઈક માની રહ્યા છો.

એક વખત તમારો વિષય હરિ તો બનાવી લ્યો કે હું હરિનો છું અને હરિ મારો છે અથવા તમારી અહંતા મમતાને એક વખત હરિની સાથે જોડીને આ અઘ્યાસને તો માણો. અહંતા મમતાના અઘ્યાસને હરિના પરસ્પર સંબંધમાં તો માણો, કે હું હરિનો છું, હરિ મારો છે. તે અઘ્યાસ તમને સિદ્ધ થઇ ગયો કે હું હરિનો છું, આવી અહંતા અને હરિ મારો છે, એવી મમતા જો તમને સિદ્ધ થઈ, તે અઘ્યાસ જો સિદ્ધ થયો, અહંતા મમતા હરિના સંબંધમા સિદ્ધ થઈ તો પછી તમને બાધ કેવી રીતે થઇ શકે ? તે અઘ્યાસ તમને સિદ્ધ નથી થયો, બાકી ગામ ભરની લપ્પન-છપ્પનનો અઘ્યાસ તમને છે. હરિનો અઘ્યાસ નથી, તેથી આવો

લફડો થઈ રહ્યો છે.

''ભગવદ્ ધર્મ સામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ, ન તુ વિરાગ સામર્થ્યાદ્ ભગવદ્ ધર્મ અનુરાગ'' તમારી અહંતા-મમતાનો અધ્યાસ તમે જયારે ભગવાનની સાથે જોડી દીધો ''**દાસો અહમ્**'' કહિને ''**કૃષ્ણઃ મમ**'' કહિને અને આ જે છે તે ભગવદ્ ધર્મનું સામર્થ્ય તમારામાં પ્રગટ થયું તો તે જ ભગવદ્ ધર્મના સામર્થ્યમાં વિષયમાં વૈરાગ્ય તમારો સ્થિર રહેશે. હવે ગડબડ થશે નહીં કારણ કે તેની પાછળ રહેલી શ્રીમહાપ્રભુજીની જે આખી મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ છે, તેને થોડુક સમજો. શ્રીમહાપ્રભુજી શું કહેવા માગે છે કે જે પણ આપણી વૃત્તિ છે, જે કાંઈપણ આપણી વૃત્તિ છે. તેને જે વખતે આપણે નિરોધ કરીએ છીએ તો તે આપણી સામે બળવો કરે છે.

જેમ હમણા હું તમને કહી દઉં કે પાછળ જોતા નહીં. પાંચ, દશ, વીસ મિનિટમાં તમે કાંઈકને કાંઈક બહાનાથી આમ કરીને, તેમ કરીને જોવાની ઈચ્છા થ ઈ જશે. કારણ કે આંખ ખુલ્લી છે. તેનું કામ છે જોવાનું અને જયારે હું નિરોધ માટે જોતા નહીં, એમ કહું ત્યારે મનમાં ઈચ્છા થઈ જાશે શું છે ? કોઈ વાતને જોવાની ના પાડી, કોઈને કોઈ બહાનું કરીને કોઈને કોઈ રીતે તમે જોઈ લેશો, જોઈ લેશો અને જોઈ લેશો. મારી હાજરીમાં નહીં જુઓ તો કલાસ પૂરો થયા પછી તમે જતા પહેલા એક વખત પાછળ ફરીથી જોઈ લેશો કે શું ચક્કર હતું. તો તે બળવો કરે છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે આપણી બધી ઈન્દ્રિયની વૃત્તિનો જયારે આપણે નિરોધ કરીએ છીએ. શુષ્ક નિરોધ શબ્દ તેના માટે શ્રીમહાપ્રભુજીએ વાપર્યો છે કે જયારે આપણે શુષ્ક નિરોધ કરવાનું ઈચ્છીએ મતલબ તેના બદલામાં કોઈ કંઈ નથી દેતા અને તેને માત્ર રોકવાનું ઈચ્છે છે. તો તે નિરોધ કરે. જયારે આપણે તેના માટે બદલામાં દયે છે. ભાઈ આ નહીં અને તે દેખો તો વૃત્તિનો નિરોધ તો કરી રહ્યા નથી, વૃત્તિને તમે એક ઉચ્ચ સ્તર ઉપર વિશેષ ઉર્ધ્વીકરણ કરી રહ્યા છો, તો ફરી તે બળવો નહીં કરે.

કારણ કે તેનો સ્વભાવ છે જોવાનો. તમે તેને કહેશો કે જોશો નહીં. તો

કાંઈકને કાંઈક જોશે. તેનો સ્વભાવ સાંભળવું, તો સાંભળો નહીં તો કાંઈકને કાંઈક સાંભળશે. જો તમે તેને બતાવી રહ્યા છો કે શું સાંભળ્યું ? શું જોવું ? શું સુંઘવું ? કોણ ના પાડે કે અત્તર સુંઘો નહીં. પરંતુ એક વખત તે અત્તરની ડબ્બીમાં આંગળી નાખીને શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં લગાવીને અત્તર સૂંઘો તો ખૂબ મજા આવશે. સુગંધનો આનંદ આનંદ થઈ જાય. તે જ સુગંધ તમને મળશે, પરંતુ જયારે તમે એમ કહો કે સૂંઘો નહીં તો ચોરી છુપીથી સૂંઘવાની ઈચ્છા થશે.

કયારેક પરફ્યુમ લગાવી લીધું કયારેક કંઈક લગાવી લીધુ એક વખત જો આપણા પ્રભુના ચરણારવિંદમાં લગાવી અત્તર સૂંઘો તે જ અત્તર આપણી ઉપર પણ લગાવી લ્યો કોઈ લફડાની વાત નહીં હોય. સૂંઘવાનું તમને મળશે, જોવાનું તમને મળશે, ખાવાનું તમને મળશે બધું જ મળશે, પરંતુ તેનો નિરોધ કરવાથી તેનો અધિષ્ઠાતા દેવતા જે છે તે શુદ્ધ થઈ જાય અને શુદ્ધ થઈને તે વિક્ષેપ કરે છે. આ શ્રીમહાપ્રભુજી કહે છે. તેના માટે તેને હંમેશા એક દિશા આપો, તેને રોકો નહીં.

આ એક તરફની વાત એવી છે કે જેમ વહેતું પાણી છે. વહેતા પાણીમાં તમે બંધ બાંધ્યો. બંધ બાંધ્યો તો પાણી તેનાથી રોકાઈ નહીં જાય. ફરક કેટલો પડશે કે સમતલ વહેતું હતું તે પાણી હવે ઉર્ધ્વગામી (વર્ટીકલી) વહેવા લાગશે એટલે કે ઉંચેથી વહેવા લાગશે. ઉંચે વધવા લાગ્યું એક દિવસ જો ભીતમાંથી પાણી છલકાયું તો બંધ પણ તુટશે અને ગામમાં સત્યાનાશ ફેલાઈ જશે. તેના માટે જયારે પણ બંધ બાંધે ત્યારે આપણે બંધમાં એક દરવાજો પણ બાંધવો પડે. જયારે દરવાજો બંધમાં બાંધીએ ત્યારે એક નહેર પણ બાંધવી પડે અને તેમાંથી સતત પાણીનો એટલો જ જાવકનો હિસાબ આપણે રાખીએ કે જેટલા પાણીની જાવકથી આપણને પાણીની તંગી પણ ન હોય અને પાણી ખોટા રૂપથી વધીને બાંધની દિવાલને ટપી ન જાય. તે પ્રકારની કોઈ પદ્ધતિ (સિસ્ટમ) શ્રીમહાપ્રભુજી આપણને સમજાવવા ઈચ્છી રહ્યા છે કે જે આપણી ઈન્દ્રિયવૃત્તિ છે, ઈન્દ્રિયની આસકિત છે, તેના જે આવેગ છે તેના ઉપર નકામો બંધ બાંધો નહીં. તેના પર સંયમનો બંધ અથવા નિયમનો બંધ તમે ખોટો બાંધ્યો તો તે તૂટી

જશે.

કારણ કે તે વખતે નહીં સંભાળી શકીએ. દ્વાપરમાં, ત્રેતામાં, સતયુગમાં, તો કલીયુગમાં તમારાથી શું સંભાળી શકાશે. પરંતુ તેને ભગવદ્ વિનિયોગની પ્રણાલીથી ‘‘ગઙ્ગાત્વમ્ સર્વ દોષાણામ્ ગુણ દોષાદિ વર્ણના, ગઙ્ગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્ વદ્ અત્રાપિ ચૈવ હિ’’ આ પ્રકારની વિનિયોગની પ્રણાલી જો તમે ઉભી કરી તો તેમાં તમારું નિયંત્રણ પણ આવી જશે અને ન કોઈ નુકશાની અથવા નાશની સંભાવના પણ હોય તે વાતને શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ‘‘બાધ શંકાપિ નાસ્ત્યત્ર તદ્ધ્યાસોડપિ સિધ્યતિ’’ એટલે કે પાણીને રોકવાનું પણ મળશે અને પાણીને છોડવાની પણ તમારી પાસે એક પદ્ધતિ પ્રગટ થઈ રહી છે. એક એવી સેવાની, કથાની એક એવી નહેર બનાવો આપણી ઈન્દ્રિયાસકિતમાં કે જે નહેર તમને ભગવાન સુધી પહોંચાડી શકે. સેવા-કથાની કોઈ પદ્ધતિ છે. તો તે આ પદ્ધતિ છે કે તે નહેર તમને તમારી ઈન્દ્રિયાસકિતમાં સંયમના બંધ જે તૂટવાની નોબત આવતી હતી. તે તૂટવાને બદલે સેવા-કથાની નહેરની પ્રણાલીથી તમને ભગવાન સાથે જોડવાવાળી એક શકિત થઈ જાય.

સેવા-કથા આ પ્રકારની આપણી એક નહેર છે. જે આપણી ઈન્દ્રિયોની આસકિતના જે પ્રબળ વેગ છે તેને તે પ્રકારે નિયંત્રણની અંદર વહેવા દેવાનો એક પૂરો પ્રોગ્રામ છે. તેના માટે કહે છે કે ‘‘ભગવદ્ ધર્મસામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ’’ તે નહેરમાં વહેતું પાણી આડુ અવળુ કયાંય નહીં જાય કારણ કે જયાં તમારે લઈ જવું છે, ત્યાં જશે આમ તેમ નહીં જાય. કારણ કે હવે નહેરની પ્રણાલી તમે બનાવી સેવાત્મિકા-કથાત્મિકા, તેને તમે એટલી સમૃદ્ધ (રીચ) બનાવી છે, તે સ્વયં નિયંત્રણના પ્રોગ્રામમાં સમૃદ્ધ બનાવી છે. તો તે નિરર્થક (વેસ્ટ) નહીં જાય અને તમારી તે સેવાત્મિકા-કથાત્મિકા નકામી પણ નહીં થાય અને તમે છલકાય પણ નહીં જાવ. આવી રીતે તમે તેને બાંધીને કંન્ટ્રોલ કરી શકશો. બરાબર તે જ સીસ્ટમ અહીં શ્રીમહાપ્રભુજી સ્થાપિત કરવા ઈચ્છી રહ્યા છે.

‘‘ગુણૈર્ હરિસુખસ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્’’ ભગવાન તમને

સાનુભાવ ન જતાવતા હોય તો ન જતાવે. કોઈ ચિંતાની વાત નથી. તમે ભગવાનથી, ભગવાનના ગુણથી જોડાયેલા રહેશો. આ ગુણગાનની પ્રક્રિયાથી જયારે તમે ભગવાનના ગુણ ગાયા તો ગુણની પ્રક્રિયાથી તમે ભગવાનથી જોડાયેલા જ છો. આ વાત સમજો. તે ખુદ એટલે કે ગુણગાન તમને કયારેય સતાવશે નહીં. ''એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદ્ ઉત્કર્ષો ગુણવર્ણને'' આ જ્ઞાનમાર્ગથી ભકિતમાર્ગનો ઉત્કર્ષ કાંઈક છે. તો આ રહસ્ય આ વાતમાં રહેલું છે. અહીં જુઓ શ્રીમહાપ્રભુજી કેટલા સાવધાન છે. ''અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ''

અરે યાર તેને પાછી આપણી આજીવિકા ન બનાવો. આ ગુણગાન પણ પાછી એક આજીવિકા. ફરી પાછું ચોપટ. ''**જીસ જગહ સે લે ચલા થા રાહબર હમ વહી આયે ફિર ઘુમકે આ ગયા સીમાબ જાને કયાં ખ્યાલ તાક રખદી સુરાહી ચુમકે**'' આ શું લફડો છે યાર. સેવા જુઓ તો આજીવિકા, કથા જુઓ તો આજીવિકા, શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ ના પાડી રહ્યા છે. ''અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયા'' આપણા હૃદયને ઢંઢોળીને જોઈ લ્યો. જો તમને કોઈ લોભ ઉત્પન્ન થઈ રહ્યો છે. જો તમને માત્સર્ય ઉત્પન્ન થઈ રહ્યું છે. આ ગુણગાન અને સેવાના ચક્કરમાં પડો નહીં યાર. અષ્ટાક્ષર જપો. ''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ'' જયારે તમારું હૃદય સ્વસ્થ થઈજાય, કે હવે તમને કોઈ માત્સર્ય નથી. હવે તમને કોઈ લોભ નથી. પછી ગુણગાનની પ્રક્રિયામાં આનંદથી ઉલજી જાવ, પછી સેવાની પ્રક્રિયામાં આનંદથી લાગી જાવ.

આ બે લોભ અને માત્સર્ય જે છે તે ભકિતના મહાન શત્રુ છે. તેના માટે શ્રીમહાપ્રભુજીએ ગુણગાનની પ્રક્રિયા બતાવી અને હવે પછી દરેક ઈન્દ્રિયોને ભગવાનમાં કેવી રીતે યોજવી તેના માટે એક પ્રાયોગિક (પ્રેકટિકલ) પ્રક્રિયા બતાવે છે કે મનને કેવી રીતે ભગવાનમાં યોજવુ.

(દેહેન્દ્રિયાદીનાં સકલાનાં ભગવતિ વિનિયોગેનૈવ તેષુ ભગવદ્-વ્યસનં સિધ્યતિ યેનચ પ્રાપઞ્ચિકવિષયેષુ સંસારાસકિતઃ ચ ક્ષીણા ભવત્યેવ)- બધી દેહેન્દ્રિયાદિનો ભગવાનમાં વિનિયોગ કરવાથી ભગવદ્

વ્યસન સિધ્ધ થાય છે. જેથી સાંસારિક વિષયોમાં આસકિત પણ ક્ષીણ થાય છે.

હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદ્ અપિ તત્રહિ ॥
દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા ॥ ૧૭ ॥
શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ॥
પાયોર્ મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ॥ ૧૮ ॥
યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ॥
તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઇતિ નિશ્ચયઃ ॥ ૧૯ ॥

જો તમારી માથે સ્વરૂપ બીરાજે છે, તો એક વખત માળા ફેરવો અને માળા ફેરવો તો તે સ્વરૂપનું ધ્યાન ધરીને માળા ફેરવો. અષ્ટાક્ષરની માળા ફેરવો કે પંચાક્ષરની માળા ફેરવો. અરે અષ્ટાક્ષરની માળા ફેરવો તો આપણી માથે બિરાજતા સ્વરૂપના ચરણારવિંદનું ધ્યાન ધરીને માળા ફેરવો અને પંચાક્ષરની માળા ફેરવો તો આપણી માથે બિરાજતા શ્રીઠાકોરજીના મુખારવિંદનું ધ્યાન ધરીને માળા ફેરવો. જયારે તમે સેવાના અનોસરમાં કીર્તન ગાઈ રહ્યા છો, તો આપણી માથે બિરાજતા શ્રીઠાકોરજીના મુખારવિંદનું ધ્યાન ધરીને કીર્તન ગાવ, તો તે કીર્તન ગાશોને તો ‘‘હરિમૂર્તિઃ સદા ધ્યેયા’’

હવે તમે કહેશો કે તે હરિમૂર્તિનું અમે ધ્યાન ધરીએ પરંતુ તે આવશે કયાંથી ? તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તમે સંકલ્પ કર્યો કે મારો ઠાકુર આ છે. તે નૃસિંહજીની જેમ થાંભલો ફાડીને પ્રગટ થઇ શકે ? થાંભલામાં તો કોઇ ભગવાન ઘુસેલા નહોતા. થાંભલો શું પોલો હતો ? પોલો તો નહોતો, તે તો નક્કર હતો. પૂરેપૂરા નક્કર થાંભલામાંથી નૃસિંહજી કેવી રીતે પ્રગટ થયા ?

‘‘સંકલ્પાદ્ અપિ તત્ર હિ’’ તમે આવો સંકલ્પ કર્યો કે અહીં ગુણગાન કરવાનો તમે સંકલ્પ કર્યો, કે અહીં સેવા કરવી છે. તમારા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજી રહ્યા છે, તમે કહી રહ્યા છો કે અમારો તો સંકલ્પ જ નથી કે અમારા ઘરમાં બિરાજે. કારણ કે અમારા ઘરમાં તો પુરુષોત્તમ જ નથી બિરાજતા. અમારા ઘરમાં તો કોઈ ભળતા જ શ્રીઠાકોરજી બિરાજે છે. યાર સંકલ્પ જ ખોટો

કરે તો પછી આવશે કયાંથી ? મુશ્કેલી આમા થઈ જાય.

અમે ગુણગાન કરીએ તો પ્રભુ તો પ્રગટ જ નહીં થાય. કારણ કે અમને તો કોઈ મોટા મોટા પ.ભ. બાપા–બાપી, શાસ્ત્રી, ગો.બા. વગેરે ગુણગાન કરે તો જ ભગવાન પ્રગટ થાય તેમ કહેલ છે. તમે રખડી ગયા આ વાતને સમજી જાવ. કેમ કે તમારી અંદર સંકલ્પ ડગમગી ગયો છે. આપણા સંકલ્પને, ભકિતના સંકલ્પને એટલો દઢ બનાવો કે તમે ગુણગાન કરી રહ્યા છો, તે તમારી પાસે હાજર છે. તમે સેવા કરી રહ્યા છો, તે પ્રભુ તમારી પાસે હાજર છે.

''દર્શનં સ્પર્શનં સ્પષ્ટં'' શ્રીમહાપ્રભુજી કહે છે કે શું તમને ગણાવું ? કે દર્શન કેવી રીતે થશે ? સ્પર્શન કેવી રીતે થશે ? આંખ ઉઘાડીને આપણી માથે બિરાજતા શ્રીઠાકોરજીના દર્શન–સ્પર્શન સ્પષ્ટ છે. હવેલીમાં સ્પર્શ કયા કરશો ? કોને કરશો ? ઝાપટિયાને કે સમાધાનીને. જુઓ શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે. સમજો સ્પષ્ટ કહી રહ્યા છે. આપણે તેને અસ્પષ્ટ સમજી રહ્યા છીએ.

''દર્શનં સ્પર્શનં સ્પષ્ટં'' તમે સ્પર્શી શકો છો પુરુષોત્તમને, સાક્ષાત્ તમે સ્પર્શી શકો પરમાત્માને. સાક્ષાત્ કયારે સ્પર્શી શકો કે જયારે તમારો સંકલ્પ છે, કે આ પરમાત્મા છે, ત્યારે તમે પરમાત્માને સ્પર્શી શકો. ત્યારે તમે પરમાત્માને જોઈ શકો. શ્રીમહાપ્રભુજી કહે છે કે આમા કોઈ પ્રમાણની જરૂર લાગતી નથી. બેટા, જો કેવા શબ્દ વાપર્યા ''તથા કૃતિગતી સદા'' તે શ્રીઠાકોરજી તમારા ઘરમાં બિરાજી રહ્યા છે. તમે થોડાક પણ હાથ ચલાવ્યા, તો તે શ્રીઠાકોરની સેવાની તમારી કૃતિ (ક્રિયા) પ્રગટ થઈ ગઈ. થોડુક પણ પગેથી ચાલીને બેડરૂમથી શ્રીઠાકોરજીના રૂમમાં જાવ. બેડરૂમ અને ડ્રોઈંગરૂમના ભેદ ન હોય અને એક કોટડી હોય. તો જે ખૂણામાં શ્રીઠાકોરજી બિરાજતા હોય, તે ખૂણામાં એક–બે પગલા તો ચાલો. તમારા પગ જે છે તે શ્રીઠાકોરજીની સેવામાં લાગી ગયા.

''શ્રવણં કીર્તનં સ્પષ્ટં'' શ્રીમહાપ્રભુજી કહે છે કે હજી પણ પાછુ બતાવી દવ, કે સ્પષ્ટ કોઈ સપ્તાહમાં સાંભળવુ છે. કોઈ બાપા સંભળાવે ત્યારે સાંભળવુ છે. અરે તમારા ઘરમાં બધી વસ્તુ ઉપલબ્ધ છે. ''શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ'' આ થોડીક અસ્પષ્ટ વાત હતી તેથી શ્રીમહાપ્રભુજી કહીં

રહ્યા છે કે ભાઈ પુત્ર પણ કરો તો એટલા માટે પેદા કરો કે તમને સેવામાં એક સહયોગી મળી જાય. આ થોડીક સમજાવવાની વાત છે. સ્પષ્ટ વાત નથી. કારણ કે તમને લાગશે કે તો પછી કેવી રીતે કરે ? બધી ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ કેવી રીતે થાય ? બધી ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ થઈ શકે, જો એક વખત તમે એ ભાવના રાખી કે સેવામાં મને મારો વારસદાર જોઈએ, તેના માટે પુત્ર જોઈએ. તો આ થોડી અસ્પષ્ટ વાત હતી. તેથી સ્પષ્ટ નથી કહ્યું શ્રીમહાપ્રભુજીએ બાકી જેને સ્પષ્ટ કીધુ છે તેને તો સ્પષ્ટ સમજો. આપણે જાણી જોઈને અસ્પષ્ટ કરીએ તો શ્રીમહાપ્રભુજી બિચારા શું કરે ? વાણીપતિ પણ પોતાની વાણીને કુંઠિત સમજશે. કે શું કરું યાર સ્પષ્ટ કહુ છું અને તમે સ્પષ્ટ સમજો નહીં તો જાઉં કયા ? લફડો આ છે.

"પાયોર્ મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્" જયારે તમે પોતાના મળનો ત્યાગ કરીને સેવાને લાયક શુદ્ધ થઈ રહ્યા છો. તો પાયુ ઈન્દ્રિય પણ તમારી જે છે તે ભગવદ્ સેવામાં વિનિયુકત થઈ ગઈ. કારણ કે કોઈક ઈન્દ્રિય ગ્રહણાત્મિકા હોય, કોઈ ઈન્દ્રિય ગ્રહણાત્મિકા ન હોય. સાક્ષાત્ ભગવત ગ્રહણાત્મિકા હોય, કોઈ ઈન્દ્રિય સાક્ષાત્ ભગવત્ ગ્રહણાત્મિકા ન હોય, તો તે ઈન્દ્રિયોને ભગવત પ્રસાદ ગ્રહણાત્મિકા બનાવો. જે ઈન્દ્રિય ગ્રહણાત્મિકા નથી, વિસર્જનાત્મિકા છે. તો તે વિસર્જનાત્મિકા જે ઈન્દ્રિય છે. તેને વિસર્જનમાં કાંઈક શોધી કાઢો કે હું સ્વસ્થ થઈને સેવા કરીશ. મળ સાથે શા માટે સેવા કરું ? નિર્મલ થઈને સેવા કરીશ. આવી વિસર્જન ઈન્દ્રિયમાં ભગવદ્ વિનિયોગ શોધી કાઢો. સરવાળે વાત આટલી જ કહેવાની છે.

"યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે, તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ" જે વસ્તુનો તમે ભગવદ્ વિનિયોગ નથી શોધી શકતા. તેના પર કંટ્રોલ કરવાની કોશિશ કરો. જયારે આ પ્રકારથી તમે જીવશો તો ધીરેથી તમે જુઓ કે તમારી ભકિત જે છે તે નિરોધ અવસ્થામાં પરિપકવ થઈ રહી છે કે નહીં. નિરોધ અવસ્થાનો રંગ લઈ રહી છે કે નથી લઈ રહી અને જો આ પ્રકારે તમે તમારી જીવન શૈલી ભકિતની બનાવી. આ રીતે તમારી ભકિતને તમે નિત્ય

ક્રમના રૂપમાં પોતાના જીવનમાં સ્થાન આપ્યું. તો શ્રીમહાપ્રભુજી એકદમ સ્પષ્ટ વાત કહે છે.

(ભકતેઃ નિરોધાવસ્થાયાં પરિપાકાદ્ ઉત્કૃષ્ટતરં પુષ્ટિમાર્ગે ન કિમપિ સમ્ભવતિ)–ભકિતની નિરોધાવસ્થાથી ઉત્કૃષ્ટત્તર પુષ્ટિમાર્ગમાં બીજી કોઈ સિદ્ધિ સમ્ભવ નથી. દુનિયામાં જે કાંઈપણ બીજું સમજાવી રહ્યા છે, બેવકૂફ બનાવી રહ્યા છે.

મનથી સ્વસ્થ રહો. ભકિતના માધ્યમથી તમે તમારી બધી ઈન્દ્રિયોને ભગવાનમાં વિનિયોગની જીવન પ્રણાલી શોધી લીધી તો તમારી ભકિતરૂપી યમુનામાં રહેલા કાલીયનાગને કૃષ્ણે નાથી લીધો છે અને જયારે નાથી લીધો છે ત્યારે તો

નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ॥
નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્ પરમ્ ॥ ૨૦ ॥

આનાથી કોઈ મોટો મંત્ર નથી, આનાથી મોટુ કોઈ સ્તોત્ર નથી. આનાથી મોટી કોઈ વિદ્યા નથી. આનાથી વધારે દુનિયામાં કાંઈ નથી. શ્રીમહાપ્રભુજી આ વાત માટે કહી રહ્યા છે. કારણ શું ? ધ્યાનથી સમજો. ભગવાન તમારે ત્યાં અવતીર્ણ થઈ ગયા, તે વ્રજમાં અવતીર્ણ થયા નથી. તમારે ત્યાં ફરીથી અવતીર્ણ થઈ ગયા અને આ પ્રકારના ભગવાન દરેક ઘરમાં અવર્તીણ થઈ ગયા. બસ આ જ રીતે વ્રજભાવનાને તમારા ઘરમાં જીવવાનું શરૂ કરો. તમે વ્રજભાવનાને જીવી નથી રહ્યા તો વ્રજાધિપ તમારે ત્યાં પ્રગટ થઈ રહ્યા નથી.

તમારા હૃદયમાં તમે વ્રજભકતને જીવી રહ્યા નથી. તેથી તેવા વ્રજાધિપ તમારા ઘરમાં પ્રગટ નથી રહ્યા. એક વખત આ વ્રજભાવનાને, એક વખત વ્રજભકતની સ્થિતિને, અવસ્થાને તમે જીવવાનું શરૂ કરો. તો વ્રજાધિપ તમારા ઘરમાં પ્રગટ થઈ ગયો અને આ બધી કથા જે છે તે અહીં આવીને તમારી ચરમસીમામાં પહોંચી ગઈ. ''નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ'' **''તબ તા દિન તે વે લોગ સુખ સંપતિ ન તજે, સુનિ સૂર સબન કી યે ગતિ જે**

હરિ ચરણ ભજે'' આ વાત શ્રીમહાપ્રભુજી કહેવા ઈચ્છી રહ્યા છે.

કયાંય ભટકવાની જરૂરત નથી, કયાંય જવાની જરૂરત નથી. દરેક વખતે તમારા ઘરમાં, તમારી પાસે, તમારા હૃદયમાં પ્રાપ્ત (એવેલેબલ) છે. એક વખત આ નિરોધની સ્થિતિને સમજો અને એક વખત ધ્યાનથી સમજો કે તેવું કઠીન પણ નથી અને પાછી એટલી સરળ પણ છે. કોઈના બાપની તાકાત ન હતી કે આટલી સરળ પદ્ધતિ આપણને ભગવાનની પાસે પહોંચવાની બતાવી શકે. શ્રીમહાપ્રભુજીએ એટલી સરળ પદ્ધતિ બતાવી જેમાં ન કોઈ પુરોહિતનું વ્યવધાન છે, ન કોઈ પંડાનું વ્યવધાન છે, ન કોઈ પંડિતનું વ્યવધાન છે. માત્ર વ્યવધાન હોય તો તે છે, તમારી કબુલાતનું, તમારી સ્વીકૃતિનું. તમે શ્રીમહાપ્રભુજીની આ પદ્ધતિનો, આ ઉપદેશનો સ્વીકાર કબૂલ કરો છો કે નહીં, તે વાતનું વ્યવધાન છે. પ્રભુથી તમે એક વખત જોડાવ. તે રીતે સમર્પિત જીવનશૈલીની કબુલાત કરી લ્યો, સ્વીકારી લ્યો. તો તમારા બધા જ વ્યવધાન દૂર થઈ રહ્યા છે.

બસ આ ક્ષણમાં બીજો જે અંતરપટ છે, તે હટી રહ્યો છે અને એક હસ્તમેળાપ થવા જઈ રહ્યો છે. પરંતુ તે અંતરપટ જે છે ને તે તમારા સ્વીકારનો, તમારી કબુલાતનો અંતરપટ છે. વર-વધૂની વચ્ચે, સ્વામી-સેવકની વચ્ચે આ અંતરપટને હટાવો, તો તે હસ્તમેળાપ એટલી જલ્દીથી થઈ રહ્યો છે. તે અંતરપટ હટાવવા માટે તમારામાં જે ઉત્સુકતા હોવી જોઈએ. બસ તે ઉત્સુકતાની આવશ્યકતા છે, તો પછી બીજી કોઈ વસ્તુ આનાથી મોટી રહેતી નથી. કયાંય ભટકવાની જરૂરત નથી. આમ સંક્ષેપમાં આપણે નિરોધને જોયો.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યપ્રકટિતં નિરોધલક્ષણમ્ સમ્પૂર્ણમ્ ॥

॥ સેવાફલમ્ ॥

નિરોધલક્ષાણ ગ્રંથ પછી સેવાફલમાં આ રીતે સેવા કરતા વ્યકિતને કેવું ફલ પ્રાપ્ત થશે તે શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે. સેવામા ફલની ત્રાણ અવસ્થા શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે.

(સેવાયાં ફલત્રયં :- અલૌકિકસામર્થ્ય[ક] સાયુજય[ખ] સેવોપયોગિ-દેહો વૈકુણ્ઠાદિષુ[ગ])–સેવામાં ત્રાણ પ્રકારના ફલ છે, સેવાના ત્રાણ પ્રકારના ફલ નથી. ધ્યાનથી સમજો. સેવામાં ત્રાણ પ્રકારના ફલ છે, સેવાના ત્રાણ પ્રકારના ફલ નથી કે સેવા કરીએ પછી ત્રાણ ફલ મળશે એવું નથી. પરંતુ સેવા કરતા કરતા આપણને ત્રાણ ફલ કયા પ્રકારના મળી શકે છે અથવા તો ત્રાણમાંથી કયું એક ફલ મળી શકે છે? સેવામાં ત્રાણ ફલ છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, સેવોપયોગી દેહો વૈકુંઠ વગેરેમાં, અલૌકિક સામર્થ્ય- 'ક', સાયુજ્ય 'ખ', સેવોપયોગી દેહો વૈકુંઠ આદિસુ- 'ગ'.

યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ॥
અલૌકિકસ્ય[ક] દાનેહિ ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ ॥ ૧ ॥
ફલં[ગ] વા હ્યધિકારો[ખ] વા ન કાલોऽત્ર નિયામકઃ ॥

અહીં સુધી એટલે કે યમુનાષ્ટકથી લઇ નિરોધલક્ષાણ સુધી જે મેં (શ્રીમહાપ્રભુજીએ) સેવાનો પ્રકાર બતાવ્યો છે. તેવા પ્રકારની કહેલી સેવા પ્રમાણે જો તમે સેવા કરી રહ્યા છો, તો ફલ કહેવામાં આવે છે. જો તમે કહો કે અમે કયારેય સેવા કરી રહ્યા જ નથી. તો શ્રીમહાપ્રભુજી કેવી રીતે બતાવે કે ફલ શું છે ? સેવા કરો તો તમને ફલની ખબર પડેને!

''અલૌકિકસ્ય દાનેહિ ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ'' યમુનાષ્ટકમાં જે મનોરથ લઇને સેવામાં ચાલ્યા હતા. ''મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વ મેતાવતા ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દ પ્રિયે'' આ આદ્ય મનોરથ કે તમારા સાનિધ્યથી મારું તનુનવત્વ થઇ જશે અને મુકુન્દ પ્રભુમાં રતિ થઇ જશે. એટલે તે આદ્ય મનોરથ–અલૌકિક સામર્થ્યનો જે છે તે સિદ્ધ થઇ જશે. એક વાત ધ્યાનથી

સમજો કે આ ષોડશ ગ્રંથનો ક્રમ શ્રીમહાપ્રભુજીએ બનાવ્યો કે નથી બનાવ્યો, પરંતુ યમુનાષ્ટક પ્રથમ અને સેવાફલ છેલ્લો છે. તેમાં કોઈ સંદેહ નથી. બીજા બધા ષોડશ ગ્રંથના ગ્રંથો આ બન્ને ગ્રંથની મધ્યમાં આવતા ગ્રંથ છે.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથો ઉપદેશના પ્રકારથી કોઈ ગ્રંથ પહેલા લખ્યો કે કોઈ ગ્રંથ પછી લખ્યો અથવા લીલાના પ્રકારથી કોઈ ગ્રંથ પહેલા લખ્યો કે કોઈ પછી લખ્યો છે. આપણે જાણીએ છીએ કે અંતઃકરણ પ્રબોધ શ્રીમહાપ્રભુજીનો કદાચ છેલ્લો ગ્રંથ છે. શિક્ષાશ્લોકી પણ છેલ્લો ગ્રંથ છે. સ્વાભાવિક રીતે સેવાફલ ગ્રંથ વિષ્ણુદાસ છીપાને કહેલ ઘણો જ પહેલાનો ગ્રંથ છે. પરંતુ શ્રીમહાપ્રભુજીના અંતઃકરણમાં આ ઉપદેશ કંઈક પૂર્વયોજીત તો છે જ. આ વાતનું સમર્થન આપણને અહીંથી મળે છે કે ‘‘આદ્ય સિદ્ધેન મનોરથ’’ આદ્ય એટલે કે શ્રીયમુનાજીના સંપર્કમાં આવવાથી આપણને જે મનોરથ થયો હતો તે ‘‘મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વ’’ તે તમારું તનુનવત્વ જે છે તે સિદ્ધ થઈ જશે.

હવે જુઓ ‘ગ’ સેવોપયોગી દેહો વૈકુંઠાદિસુ અને અધિકારો ‘ખ’ એટલે સાયુજય ‘ખ’ ‘‘ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ’’ આમા કાલ નિયામક નથી, કૃષ્ણ જ નિયામક છે. અલૌકિકનું દાન કરે તો તમારું તનુનવત્વ સિદ્ધ થઈ જશે. જેમ કાશીવાળા શેઠ હતા. તેને સિદ્ધ થયું હતું, આવી જ રીતે વાર્તામાં પણ અનેક ભગવદિયને તનુનવત્વનું દાન સિદ્ધ થયું હતું. તે તમને પણ સિદ્ધ થઈ જશે. તનુનવત્વનો સંક્ષેપમાં આપણે એ અર્થ સમજી શકીએ કે આજ તનુ, પરંતુ તેમાં આ પ્રકારનું નવીનીકરણ કે જે નવીનીકરણને કારણે આપણે વિષયને બદલે કૃષ્ણનો આનંદ લઈ શકીએ. આ પ્રકારનું કોઈ તનુનુ નવીનીકરણ અર્થાત્ અલૌકિક સામર્થ્ય તમને સિદ્ધ થઈ જશે. પરંતુ આમા કાલ નિયામક નથી, કૃષ્ણ નિયામક છે. તે વાતને ધ્યાનથી સમજવી પડશે. ધીરજ તો રાખવી પડશે. કૃષ્ણના દાનથી બધું સિદ્ધ થશે.

બાવા, સાયુજયનો અધિકાર એટલા માટે કહ્યો કે આ જે સાયુજય છે તે જ્ઞાનમાર્ગીય સાયુજય નથી. સેવા અધિકાર રૂપ સાયુજય છે. તો સાયુજય થયા

પછી સેવાનો અધિકાર મળશે અને સેવોપયોગી દેહો વૈંકુઠાદિસુ તે અધિકાર નથી, તે તો ફલ જ છે. અલૌકિક સામર્થ્યથી તે ફલ તમને આગળ દેહોત્તર એટલે કે દેહત્યાગ પછી પણ આ ફલ ચાલુ રહે છે.

જે પણ અર્થમાં લેવું હોય તે લઈ શકાય, તેના અનેક અર્થ લેવામાં આવેલ છે. પરંતુ જે પણ અર્થ લેવો હોય તે સેવા અધિકાર રૂપ છે અને આ સેવા ઉપયોગી દેહો વૈકુંઠાદિમાં સેવારૂપ છે. તો જે સેવા રૂપ છે તે ફલ છે અને જે સેવા અધિકાર રૂપ છે. તે થોડા વિપ્રયોગ પછી સેવાનો આધિકાર છે. બાવા હું કહી રહ્યો છું કે સેવોપયોગી દેહ વૈકુંઠ આદિમાં મળી રહ્યો છે, તો તો આગળ પણ તમારી સેવા જ ચાલુ છે અને જો દેહોત્તર સેવોપયોગી દેહ વૈકુંઠમાં તમને નથી મળી રહ્યો તો તમને સાયુજ્ય મળી રહ્યું છે. હવે તે સાયુજ્ય સેવોપયોગી દેહના અધિકાર રૂપ છે. સેવોપયોગી દેહનું તે સાયુજ્ય અધિકાર રૂપ થઈ જશે.

(સેવાયાં પ્રતિબન્ધકત્રયં : ઉદ્વેગઃ[ચ] પ્રતિબન્ધો[છ] ભોગો[જ] વા. ત્રયાણાં સાધનપરિત્યાગઃ કર્તવ્યઃ. ભોગો દ્વિવિધઃ-લૌકિકઃ[જ/૧] અલૌકિકઃ[જ/૨] ચ. તત્ર લૌકિકસ્ ત્યાજયએવ; અલૌકિકસ્તુ ફલાનાં મધ્યે પ્રથમે[ક] પ્રવિશતિ. પ્રતિબન્ધોડપિ દ્વિવિધઃ-સાધારણો[છ/૧] ભગવત્કૃતઃ[છ/૨] ચ.તત્ર અદ્યો[છ/૧] બુદ્ધયા ત્યાજયઃ. ભગવત્કૃતઃ ચેત્ પ્રતિબન્ધઃ [છ/૨] તદા ભગવાન્ ફલં ન દાસ્યતીતિ મન્તવ્યમ્. તદા અન્યસેવાપિ વ્યર્થા. તદા ‘‘આસુરોડયં જીવઃ’’ ઇતિ નિર્ધારઃ. તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યં શોકાભાવાય ઇતિ વિવેકઃ. ઉદ્વેગનિવારણોપાયાઃ નવરત્ન-એવોપદિષ્ટાઇતિ નાત્ર પુનરુચ્યન્તે)- બસ મને તો એ જોવાની મજા આવે કે આટલી રામાયણ થઈ ગયા પછી પણ શ્રીમહાપ્રભુજી કેટલા સભાન છે, કે કોશિશ કરવાવાળા છે કે હજી પણ શ્રીમહાપ્રભુજીને લાગી રહ્યું છે કે ફરીથી થોડી વાત સમજાવું કે આ સેવામાં જેમ ત્રાણ ફલ હોય શકે તેમ આ સેવામાં ત્રાણ પ્રતિબંધક પાણ હોય શકે છે.

ઉદ્વેગ સેવામાં કેમ પ્રતિબંધક છે ? નવરત્નને યાદ કરો. ભકિતને કેન્સલ

કરતો હોવાના કારણે. પ્રતિબંધ કેમ પ્રતિબંધક છે ? તમારી સેવાને કેન્સલ કરતો હોવાના કારણે અને ભોગ કેમ પ્રતિબંધક છે તમારી અહંતા-મમતાને ભગવાનમાં સમર્પણને કેન્સલ કરતો હોવાના કારણે. આ રહસ્યને સારી રીતે સમજી જાવ. કે જે તમારો સ્નેહભાવ છે કે રતિભાવ છે, તેનું ખંડન ઉદ્વેગ કરે છે. જે તમારો સેવાભાવ છે, તેને પ્રતિબંધ ખંડિત કરે છે અને જે તમારી અહંતા-મમતાના સમર્પણનો ભાવ છે તેને ભોગની વૃત્તિ ખંડિત કરે છે. શા માટે ?

‘‘ન મતં દેવ દેવસ્ય સ્વામી ભુક્ત સમર્પણં તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્’’ ‘‘ અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્’’ તો ભોગ જે છે તે અહંતા મમતાના સમર્પણને ખંડિત કરે છે. જો તમે સેવાને જે રીતે કરવાનો ઉપદેશ છે, તે પ્રકારે સેવાને નભાવી શકતા નથી તો સેવામાં આ ત્રણ લફડા ઉત્પન્ન થઈ શકે. કદાચ તમે ઉદ્વેગને ઉત્પન્ન કરી લેશો અથવા તમે કોઈ પ્રતિબંધ ઉત્પન્ન કરી લેશો અથવા સેવામાં તમે ભોગ ઉત્પન્ન કરી લેશો. જેમ આપણે મઠડી, મોહનથાળ, લાડુ વગેરેના ચક્કરનો ભોગ ઉભો કરી દીધો, આ ભોગનો પ્રતિબંધ છે.

કારણ કે આપણી અહંતા-મમતા આડે આવી ગઈ. જેમ આપણે મરજાદ, કૂવા આ મોટા મોટા સેવામાં માપદંડ જે આપણાથી નભતા નથી. ન તો મહારાજથી નભે, ન તો વૈષ્ણવથી નભે. પરંતુ સેવાનો એક આ રીતનો આભાસ વધારી દીધો કે આટલો મોટો સેવાનો ક્રમ કેવી રીતે નભે, તો આથી ઉદ્વેગ વધાર્યો. આમ સેવામાં ઉદ્વેગ વધારી દઈ આપણે સેવામાં પ્રતિબંધ ઉભો કરી દીધો. પછી સેવા નિભાવવા અહીંથીં ભીખ માંગો, ત્યાંથી ભીખ માંગો. આમ ઉદ્વેગ ઉત્પન્ન કરીને સેવામાં પ્રતિબંધ ઉભો કર્યો અને સેવાનું આવું જે નિરાંત, નિતાંત, અવ્યવહારિક સ્વરૂપ હોય તે સ્વાભાવિક રીતે સેવામાં પ્રતિબંધ કરી દેશે. જયારે આપણે સેવાને અવ્યાવહારિક બનાવશું તો તેની વિગતવાર છણાવટ આગળ આવશે. આ વખતના સત્રમાં તો મુશ્કેલ છે. તેને જયારે પણ કરશું ત્યારે કરશું.

‘‘ત્રયાણાં સાધનપરિત્યાગઃ કર્તવ્યઃ’’ તો જેમ સેવા કરવી છે. તો તે વખતે આ ઉદ્વેગના સાધન, પ્રતિબંધના સાધન, ભોગના સાધન છે, તેને છોડો

તો ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ તમારો ખતમ થઈ જશે. ઉદ્વેગ, પ્રતિબંધ રહિત સેવા પોતાની મેળે અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને સેવોપયોગી દેહરૂપ થઈ જશે. જો ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ સહિત સેવા છે. તો આ ફલમાં તે ખીલી નહીં શકે. આ ફલના રૂપમાં તેને ફલિત થવા દેવી છે, તો તેને આ ત્રણથી રહિત કરવી પડશે.

જેમ આપણે અનાજ વાવીએ તો ખેતરની વાડ પણ બાંધીએ જેથી જાનવર તેને ઉખેડી ન નાખે, ચરી ન જાય. તેમ આ ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગના જાનવર એવા છે કે જે ભકિતના અંકુરની સારામાં સારી અવસ્થાને પણ ખાય શકે છે, નષ્ટ કરી શકે છે અને શ્રીમહાપ્રભુજી આ વાતને ઘણી જ સાવધાની પૂર્વક કહી રહ્યા છે કે ભોગ બે પ્રકારના હોય છે. ફરીથી ધ્યાનથી સમજો. ‘‘લૌકિકઃ અલૌકિકશ્ચ’’ તો આપણે ઉદ્વેગને ‘ચ’ કહ્યો, પ્રતિબંધને ‘છ’ કહ્યો, ભોગને ‘જ’ આપ્યો તો આ ‘જ’ છે ને તે બે પ્રકારનો છે. એક લૌકિક અને એક અલૌકિક ‘‘તત્ર લૌકિકસ્ ત્યાજય એવ’’ ‘‘અસમર્પિત વસ્તુનામ્ તસ્માત્ વર્જન માચરેત્’’ આજની આપણી સેવા પ્રણાલી, મંદિર આશ્રિત જે સેવા પ્રણાલી છે. તેમાં ‘‘અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન માચરેત્’’ તે ઉપદેશની કોઈ કિંમત જ નથી. આપણે હડતાલ પાડીને રાખી છે. ધ્યાનથી સમજો અહીં શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે લૌકિક ભોગ જે સાધનથી ઉત્પન્ન થઈ રહ્યો છે. તે સાધનનો ત્યાગ કરો. આ વાત ત્રણેય સાધન પરિત્યાગ કર્તવ્ય છે તેમ કહે છે.

હું તમને એક વાતની સ્પષ્ટતા કરી દઉં કે સેવાફલના પહેલા સુધીના જેટલા પણ શીર્ષક આપેલા છે, તે ટીકાકારના આધાર પર મેં આપેલા છે અને સેવાફલ ગ્રંથનું શીર્ષક મેં નથી આપ્યું શ્રીમહાપ્રભુજીએ જે સેવાફલ ગ્રંથનું વિવરણ ફુટનોટના રૂપમાં સેવાફલ ગ્રંથની નીચે લખેલું છે તેને મેં શીર્ષકના રૂપમાં માહિતી દર્શક તરીકે નિરૂપિત કરી દીધું છે અને તેમાં થોડા નંબર કે સંખ્યા અને તેને ક્રમબધ્ધ કરી દીધા બાકી કંઈ કર્યુ નથી. કયાંક વાકયને જોડવા માટે એકાદ અક્ષર લખ્યો હોય તો લખ્યો હોય, બાકી તો તેનું તે જ છે.

લૌકિક ભોગને છોડી દો અને જે અલૌકિક ભોગ છે તેનાથી ડરવાની

જરૂરત નથી. કેમ કે ''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ'' તો તે ભોગ લૌકિક છે જ નહીં. તો વિષયાસકિતનો નથી, ભગવદ્ આસકિતનો ભોગ છે. ''ફલાનાં મધ્યે પ્રથમે પ્રવિશતિ'' તે તો તમરું અલૌકિક સામર્થ્ય છે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમે શ્રીઠાકોરજીને સમર્પિત કરીને ખાવ. મજા લઈ રહ્યા છો, અર્થાત્ જે પણ કંઈ પ્રભુને તમે સમર્પિત કરી શકો છો તે સમર્પિત વિષયનો જે ભોગ છે તે અલૌકિક સામર્થ્યનો હિસ્સો છે, તેનો ભાગ છે. તમે તમારા કરેલા સમર્પણથી તમારામાં અલૌકિક સામર્થ્યનું પ્રકરણ શરૂ થઈ ગયું. જેટલો જેટલો સમર્પિતનો ભોગ કરવામાં આવી રહ્યો હોય, તેટલું તેટલું તમારું સામર્થ્ય વધતું જશે આ વાતને સમજો.

''પ્રતિબન્ધોઽપિ દ્વિવિધઃ'' પ્રતિબન્ધ પણ બે પ્રકારના છે. એક સાધારણ બીજો ભગવદ્ કૃત. તો સાધારણ પ્રતિબન્ધ કેવો છે ? તો સાધારણ પ્રતિબન્ધ બુદ્ધિ પૂર્વક ત્યાજય છે. સેવા કરી રહ્યા હોય, ત્યારે કોઈ ઘંટી વગાડે, કોઈ ટેલીફોન આવે, કોઈ કાંઈ આવી ગયું, ફલાણા મહેમાન આવી ગયા. આ બધા સાધારણ પ્રતિબન્ધ છે. આ સાધારણ પ્રતિબન્ધનો મનુષ્ય પોતાની બુદ્ધિથી કે યુકિતથી તેની વ્યવસ્થા કરે તો આ બધી બાબતોની વ્યવસ્થા થઈ શકે છે. અર્થાત્ બુદ્ધિપૂર્વક આવા પ્રતિબન્ધને દૂર કરી શકાય છે. આજકાલ તો બધી બાબતોની વ્યવસ્થા થઈ શકે છે. આપણે ટેલીફોનમાં એવું પણ લગાડી શકીએ કે ભાઈ હમણા વ્યસ્ત છે, તમારે જે કાંઈપણ કહેવું હોય તે કહી દ્યો, પછી થોડી વારમાં જવાબ આપશે. ટેલીફોન અવગણી શકો. જે કંઈ અવગણવું હોય તે બુદ્ધિપૂર્વક થઈ શકે તેવું છે. આમા કોઈ સિધ્ધાન્તની વાત નથી. તેને બુદ્ધિપૂર્વક કેમ વ્યવસ્થિત કરવું તે જ વાત છે.

''ભગવત્કૃતઃ ચેત્ પ્રતિબન્ધઃ'' ભગવાને કરેલો કોઈ પ્રતિબંધ છે તો પછી એક વાત સમજી જાવ કે ''તદા ભગવાન્ ફલં ન દાસ્યતીતિ મન્તવ્યમ્'' પછી તો સમજી જાવ કે ભગવાન તમને ફલ આપવા માંગતા નથી. જયારે ભગવાન ફલ દેવા ઈચ્છતા નથી. તો તમે કહેશો કે એમે બીજાની સેવા કરશું. શ્રીગિરિરાજજીની સેવા કરશું, શ્રીયમુનાજીની સેવા કરશું, બાપાની સેવા કરશું.

બાપીની સેવા કરશું, ગો.બા.ની સેવા કરશું. આ બધું વ્યર્થ છે, બધું ફાલતું છે. અન્ય સેવાડપિ વ્યર્થા. જો કૃષ્ણથી કોઈ અલગ સેવા તમે કરી તો ''તદા આસુરોડયં જીવઃ ઈતિ નિર્ધારિઃ'' સમજી જાવ કે તમે આસુરાવેશી થઈ ગયા. તમે કૃષ્ણથી જુદી કોઈક બીજાની સેવા કરવાનું શા માટે ઈચ્છી રહ્યા છો. ''તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યં શોકાભાવાય ઈતિ વિવેકઃ'' તો પછી માહાત્મ્ય જ્ઞાનમાર્ગમાં સ્થિત થઈ જાવ. ''તસ્માદ્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ ભિરેવ સતતં સ્થેયમીત્યેવ મે મતિઃ''

તમે જ્ઞાન માર્ગમાં સ્થિત થઈ જાવ. જેથી તમને શોક ન થાય. નવરત્નને યાદ કરો. ''ચિતોદ્વેગં વિધાયાપિ હરિ... સ્થેયમિત્યેવ મે મતિઃ'' વ્યર્થમાં દુઃખી શા માટે થાવ છો. જ્ઞાનમાર્ગમાં માહાત્મ્ય જ્ઞાનની પોતાની મર્યાદામાં રહો. ભકિતમાં પ્રવેશ કરવાની ખોટી ધાંધલ ન કરો. ''ઉદ્વેગ નિવારણોપાયાઃ નવરત્ન એવોપદિષ્ટાઈતિ નાત્ર પુનરુચ્યન્તે'' આટલા અંશને સેવાફલ વિવરણમાં મેં જોડયું છે. ઉદ્વેગ નિવારણના ઉપાય નવરત્નમાં કહી દેવામાં આવ્યા છે. તેથી તેને અહીં અલગ રીતથી શ્રીમહાપ્રભુજી કહેવા ઈચ્છતા નથી.

ઉદ્વેગઃ[ચ] પ્રતિબન્ધો[છ/૧-૨] વા ભોગો[જ] વા સ્યાત્તુ બાધકમ્ ।। ૨ ।।
અકર્તવ્યં ભગવતઃ[છ/૨] સર્વથા ચેદ્ ગતિર્ નહિ ।।
યથા વા તત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્ ।। ૩ ।।
બાધકાનાં પરિત્યાગો ભોગો[જ/૧] ડપ્યેકં તથા પરમ્ ।।
નિષ્પ્રત્યૂહં મહાન ભોગઃ[જ/૨] પ્રથમે[ક] વિશતે સદા ।। ૪ ।।

હવે પ્રતિબન્ધ જુઓ. અહીં કયાં પ્રકારનો પ્રતિબંધ છે ? છ[૧] અને છ[૨] બન્ને પ્રતિબંધ બાધક છે અને ભોગ, ભોગમાં જે જ[૨] (અલૌકિક ભોગ) બાધક નથી. પરંતુ જ[૧] લૌકિક ભોગ બાધક છે. આ રીતે પંકિતને ગોઠવશોને તો એકદમ સ્પષ્ટ થઈ જશે. ''ભોગો વા સ્યાતુ બાધકમ્ અકર્તવ્યમ્ ભગવતઃ'' – અકર્તવ્યમ્ ભગવતઃ એટલે શું ? છ[૨] ભગવત્ કૃત પ્રતિબંધ છે. તે અકર્તવ્યમ્ ભગવત્ છે.

‘‘સર્વથા ચેદ્ ગતિર્ નહિ, યથા વા તત્વનિધારો વિવેકઃ સાધનં મતમ્’’ પોતાની જાતને ઓળખી લ્યો. ભગવાનને ઓળખી જાવ. કે તમે ભકિતમાર્ગને માટે નથી, ભકિતમાર્ગ તમારા માટે નથી.

‘‘યથા વા તત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્’’ અને વિવેકનો આ અર્થ આપણે લઈ શકીએ કે ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વમ્ નિજેચ્છાતઃ કરિષ્યતિ, બાધકાનાં પરિત્યાગો ભોગોડપ્યેકં તથા પરં’’ હવે આ ભોગ કયો ? ‘જ[૧]’’ એટલે કે લૌકિક ભોગ તે ત્યાજય છે. નિષ્પૂત્યુહં એટલે નિર્દોષ અને મહાન ભોગ છે. એટલે કે ‘‘જ[૨]’’ એ અલૌકિક ભોગ, નિર્દોષ અને મહાન છે. આ અલૌકિક સામર્થ્યનો જ તમારો ભાગ છે. તેને કોઈ બીજો અન્ય કોઈ ભોગ માનવાની જરૂરત નથી.

તે અલૌકિક ભોગ તો તમારી અંદર ખીલતુ અલૌકિક સામર્થ્ય છે. જેટલો જેટલો તમે સમર્પિતનો ઉપભોગ વધારતા જશો. તેટલું તેટલું તમારું અલૌકિક સામર્થ્ય વધતું જશે. સેવામાં અધિક સમર્પિતનો ઉપભોગ વધાર્યો તો અધિક સામર્થ્ય વધી ગયું. ઓછા સમર્પિતનો ઉપભોગની શરૂઆત કરી તો તમારામાં ઓછું અલૌકિક સામર્થ્ય આવ્યું. અર્થાત્ સમજો કે તમે દશ પ્રકારની વસ્તુ દ્વારા સમપાર્ણ કરી શકો છો તો તમારામા દશ ટકા સામર્થ્ય આવ્યું, તે જ રીતે પચાસ ટકા કે સો ટકાથી એટલે કે સંપૂર્ણ રીતથી તમે સમર્પાણ કરો અને તેના ઉપભોગથી તમારામાં પચાસ કે સો ટકા અલૌકિક સામર્થ્ય આવી ગઈ. ટૂંકમાં જેટલુ સમર્પાણ થાય અને તેનો ઉપભોગ થાય તેટલુ અલૌકિક સામર્થ્ય સેવાકર્તામાં આવે છે.

(તત્ર સાધારણો ભોગઃ સવિઘ્નત્વાદ્ અલ્પત્વાદ્[ચ/૧] ત્યાજયઃ અલ્પભોગઃ સવિઘ્નભોગઃ ચેતિ એતૌ પ્રતિબન્ધકૌ ભવતએવ. દ્વિતીયો ભગવત્કૃતપ્રતિબન્ધો[છ/૨] ભવતિ ચેત્ તદા તસ્મિંશ્ચ જાતે જ્ઞાનાવસ્થિતિરપિ ન ભવિષ્યતીતિ ઉત્કૃષ્ટફલ[ક/ખ/ગ] વિષયિણી ચિન્તૈવ ત્યક્તવ્યા)– હવે અહીં કહી રહ્યા છે કે આટલો મહાન અલૌકિક ભોગ કરી

રહ્યા છો તો સાધારણ ભોગ-લૌકિક ભોગ ખાવામાં શું વાંધો છે ?

હવે એક વાત સમજો. ઉપર મુજબની દલીલ પ્રમાણે કોઈ એવી દલીલ કરે કે જેને શુદ્ધ ઘી પચતું હોય તો સન ફલાવર-સૂર્યમુખી તેલ પચવામાં શું તકલીફ થવી જોઈએ. તો શ્રીમહાપ્રભુજી તેનાથી વિરૂદ્ધની દલીલ આપી રહ્યા છે, કે જયારે તમને આવો હલકો ખોરાક ખાવાની આદત થઈ ગઈ તો પછી ઘી પચવું જ બંધ થઈ જશે.

આજના હિન્દુસ્તાનની તમને જો ખબર હોય તો કે પહેલાના જમાનામાં ગામના લોકો મોટો દાણો એટલે કે બાજરો ખાતા હતા અને ગણ્યા ગાંઠયા લોકો ઘઉં, ચોખા ખાતા હતા. હવે શું થયું ? કે એકધારી એક આખી નવી સભ્યતા વિકસિત થઈ કે બધી જગ્યાએ બાજરો-જુવાર ખાવાનુ લોકોએ બંધ કરી દીધું. તેથી અનાજની ઘણી જ અછત થઈ ગઈ છે. કેમ કે તે વિભાગ હોવો જોઈએ તે રહ્યો નહીં. દરેકને ઘઉં જોઈએ. કોઈ મોટાદાણા ખાતા નથી. મોટાદાણા એટલે બાજરો-જુવાર છે એ ખાવાની ટેવ જતી રહેવાથી આપણી શકિત પણ તે રીતથી પચાવવાની ઓછી થઈ ગઈ.

તો તમે સવિઘ્ન અને અલ્પ ભોગમાં પડયા રહ્યા છો, તો તેની અલ્પતા એટલે કે ક્ષુદ્રતા અને તેની સવિઘ્નતા તમને ડુબાડશે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. ''અલ્પત્વાદ્ ત્યાજય અલ્પભોગ સવિઘ્ન ભોગ ચેતિ એતો પ્રતિબંધકૌ ભગવતએવ'' અસિતે તેના એક પુસ્તકમાં ઘણી જ સારી વાત લખી છે. **''નિશાન ચૂક માફ થઇ શકે, પરંતુ નીચુ નિશાન શોધવુ માફ થઇ શકે નહીં''** તમે ઉંચુ નિશાન રાખ્યું હતું, તીર માર્યુ, પણ ચૂકી ગયા. ભલે ચૂકી ગયા. નિશાન તો ઉંચું રાખ્યુ હતુંને, ન લાગ્યું તો ફરીથી કોશિશ કરો. પરંતુ તમે તો જાણી જોઈને નીચું જ નિશાન રાખી રહ્યા છો.

ધંધો કરવાવાળાને લાખ રૂપિયાની લોટરી લાગી. હવે કોઈ આવીને તમારું ઈન્ટરવ્યુ લ્યે કે તમે આ લોટરીનું શું કરશો ? તો અમે પાન-પટ્ટીની દુકાન ખોલશું. તો જયારે લાખ રૂપિયાની લોટરી લાગી છે અને તમે ધંધાની શરૂઆતમાં જ એવી પાન-પટ્ટીની દુકાન ખોલશું એવું વિચારો છો. તો તેમા લાખ રૂપિયાનું

શું કામ ? પાન-પટ્ટીની દુકાનમાં લાખ રૂપિયા ન જોઈએ. સમજી જવાનું તમારું ધંધાનું નિશાન નીચું છે. વાત સમજમાં આવીને.

તો આવું નીચું નિશાન માફ કરી શકાય નહીં. ઉંચુ નિશાન ચુકવું માફ થઈ શકે. ઉંચુ નિશાન રાખવામાં આવે તો લાખ રૂપિયાની મૂડી જેમા લગાવવી જોઈએ, રોકવી પડે તેવો સારો ધંધો શરૂ કરવો જોઈએ. પરંતુ તેને બદલે પાનપટ્ટીની દુકાન કરવી. એક કોકાકોલાની દુકાન ખોલશુ, એક એસટીડીનું બુથ ખોલીશું. પરંતુ આ બુથ તો અંધજન, લુલા-લંગડા, પરતંત્ર લોકો માટે છે. આવું બુથ જો તમે ખોલશો તો તમારો આર્થિક વિકાસ શું થશે એ તો વિચારો.

તો આવું અલ્પભોગનું, સવિઘ્ન ભોગનું નીચુ નિશાન જયારે આપણે રાખી રહ્યા છીએ તો પછી મહાનભોગ તમારી નજરમાં આવશે જ નહીં. તમારી દૃષ્ટિ નીચી થઈ ગઈને. તો મહાન ભોગ કયાંથી સમજમાં આવશે ? કે મહાન ભોગ શું છે ? તે ભકિતમાર્ગમાં માફ કરી શકાય નહીં. ભકિતમાર્ગ સિવાયના બીજામાર્ગ હોય તો માફ કરી શકાય. ભકિતમાર્ગમાં આટલું નીચુ નિશાન માફ કરી શકાય નહીં. તે વાત શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે.

''દ્વિતીયો ભગવત્કૃતપ્રતિબન્ધો ભવતિ ચેત્ તદા તસ્મિંશ્ચ જાતે જ્ઞાનાવસ્થિતિરપિ ન ભવિષ્યતીતિ ઉત્કૃષ્ટફલ વિષયિણી ચિન્તૈવ ત્યકતવ્યા.'' આ મારું જોડેલુ છે. કે જે ભગવત્ કૃત પ્રતિબંધ છે તો તેમા તમારી જ્ઞાનમાં પણ સ્થિતિ ન થતી હોય તો સૌથી પ્રથમ કામ તમારે શું કરવું જોઈએ કે સેવામાં મળતા કે થતાં ત્રણ ફલ અલૌકિક સામર્થ્ય, સાયુજય, સેવોપયોગી દેહો વૈકુંઠાદિસું, આ ત્રણની ચિન્તા છોડી દેશો તો બધું કામ સુલઝાઈ જશે.

આપણે શું ચક્કર ચાલુ કર્યુ છે કે ધ્યાનથી સમજો કે કયા આપણે શ્રીમહાપ્રભુજીને દગો દઈ રહ્યા છીએ. આ વાતને સમજો કે વૈષ્ણવને બ્રહ્મસંબંધ દેવું અને તેને ઉત્કૃષ્ટ વિષય સમર્પણ રૂપી સેવાથી વંચિત કરી, સેવા ન કરવા દેવી અને તેને લાલચ આપતા રહેવું કે મંદિરમાં તમને સમર્પણ કરવાનું મળશે. મંદિરમાં ભેટ કરી દેશો તો તમને સમર્પિત જે પ્રસાદ છે, મઠડીનો, લાડુનો, મોહનથાળનો તે મળી જશે. તમારા નામથી હિંડોળા થઈ જશે. તમારા નામથી

પલના થઈ જશે. તમારા નામનો રાજભોગ થઈ જશે. આમ તમારું સમર્પણ થઈ જશે.

આનો અર્થ એ જ કે આ બધા તમને બહેકાવવાના રસ્તા છે. કેમ કે તમે તો પોતાનો ધંધો ચલાવવા માટે સમર્પણની વાત કરો છો. ખરેખર તેની ઈચ્છા સમર્પણ કરવાની હોય તો ઘરમાં શા માટે નથી કરતા ? અને જો બીજાને ત્યાં પૈસા ભેટ કરવા એ જો સેવા હોય તો તમે બીજાને ત્યાં કેમ કરતા નથી ? વૈષ્ણવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીની સેવામાં તમે કેમ મનોરથી બનતા નથી ? કોઈ દિવસ વૈષ્ણવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીને તમે મંગલભોગ કરાવ્યો ? કોઈ દિવસ વૈષ્ણવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીના તમે હિંડોળા કરાવ્યા ? કોઈ દિવસ વૈષ્ણવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીને તમે તમારા પોતાના પૈસામાંથી એક લાડુ પણ ભોગ ધર્યો ? ક્યારેય કોઈ દિવસ નથી ધર્યો.

વૈષ્ણવોને એ પ્રકારે ભરમાવી દીધા કે અમારે ત્યાં શ્રીઠાકોરજી બિરાજે છે. તો આ સમર્પણનો સિદ્ધાન્ત નથી. આ કોઈ ષડયંત્રનો સિદ્ધાન્ત છે, કાવત્રાનો સિદ્ધાન્ત છે, છેતરપિંડીનો સિદ્ધાન્ત છે. આ વાત ધ્યાનથી સમજો. આ સિદ્ધાન્ત છે તો બન્નેને લાગુ પડવો જોઈએ. અર્થાત્ વૈષ્ણવોને અને ગો.બાલકોને પણ આ સિદ્ધાન્ત લાગુ પડવો જોઈએ. જો લાગુ થઈ રહ્યો નથી તો તેને કેન્સલ કરો. તો આ વાતને ધ્યાનથી સમજો કે આ જ્ઞાનાવસ્થિત છે. જ્ઞાનમાર્ગની સ્થિતિ છે. પછી તેને લલચાવો નહીં કે અમે તમને સમર્પણ કરેલ પ્રસાદ આપીએ છીએ. તેને લલચાવો નહીં કે તમને નિત્યલીલામાં પ્રવેશ મળી જશે.

કોઈ નિત્યલીલામાં પ્રવેશ મળશે નહીં તેને સીધી રીતથી વાત સમજાવો કે તુ સેવા કરી રહ્યો નથી, તો નિત્યલીલા તારા માટે નથી. તુ નિત્યલીલા માટે નથી. આનંદથી તુ અનિત્યલીલામાં રહે, કૃષ્ણનું સ્મરણ કર કે ''સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલ ધર્મિણિ પાષણ્ડ પ્રચૂરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ'' તો પછી આ અનિત્યલીલાનું સ્મરણ કરો. જુઓ આમાં શ્રીમહાપ્રભુજીએ ત્રણ પાદમાં અનિત્યલીલા સમજાવી છે. એક પાદમાં કૃષ્ણલીલા સમજાવી છે. ધ્યાનથી

સમજો કે અનિત્યલીલા કેટલી અધિક છે. દરેક શ્લોકમાં ત્રાણ પાદમાં એટલે કે ત્રાણ અંશમાં અનિત્યલીલા સમજાવી છે. એક પાદમાં કૃષ્ણ એવ ગતિર્મમ સમજાવ્યું છે. ''વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય'' ત્રાણ પાદ છે. માત્ર એક કૃષ્ણ એવ ગતિમર્મ છે, આથી એક પાદનો સહારો લઈને તમે જયાં પહોંચી શકવાના નથી, તેના માટે ખોટા ઠેકડા મારવાનું શા માટે ઈચ્છી રહ્યા છો ? ''**લાંબા સાથે ટૂંકો જાય, મરે નહિ પણ માંદો થાય**'' શા માટે એવી ખોટી ઈચ્છા લોકોમાં જગાવી રહ્યા છો.

શાદી–લગ્ન કરવા લાયક નથી, તેને છોકરી શા માટે દેખાડો છો ? જે લગ્ન કરવા લાયક નથી તેને રોજ નવી છોકરી દેખાડવી, રોજ નવા નવા ફોટોગ્રાફસ દેખાડવા શા માટે જોઈએ ? જયારે છોકરી લગ્ન કરવા લાયક જ નથી અને ત્યારે લગ્ન કરે તો બન્ને દુઃખી થઈ જાય. તો આવી સ્થિતિને ધ્યાનથી સમજો કે તેના વિષયની જે ચિંતા છે. તેને દૂર કરો. શોકા–ભાવાય એટલે કે તેને ફલ નથી મળવાનું કે વિલંબ થશે તેને લઈને થતો શોક, તેને દૂર કરો કે ભાઈ આ ખોટી ફલની આકાંક્ષા કરવી નહીં.

સમજો કે જેમ હું સ્નાતક નથી, તો જે નોકરી મને સ્નાનતક થવાથી મળતી હોય તે નોકરીની ચિંતા શા માટે કરવી જોઈએ ? જો હું મેટ્રીક સુધી પાસ થયો નથી, તો જે નોકરી મેટ્રીક કર્યા પછી મળતી હોય તો તેની ચિંતા મારે શા માટે કરવી જોઈએ. સમજો કે હું મેટ્રીક થી પણ નીચે છું. મેં મેટ્રીક પાસ કર્યુ નથી. તો જે નોકરી મેટ્રીક ન થયા હોય તેને મળતી હોય તે નોકરી માટે અરજી પણ કરવી જોઈએ. તેના માટે કોઈની ભલામણ પણ શોધવી જોઈએ. તેને માટે કોઈ દબાણ પણ કરવું જોઈએ. અરે તેના માટે લાંચ પણ દેવી પડે તો લાંચ પણ આપો. પરંતુ નોકરી મેળવવાના આ બધા ખોટા લફડાના ચક્કર છે તો વાત ધ્યાનથી સમજો.

સવિઘ્નોઽલ્પો[જ/૧] ઘાતકઃ સ્યાદ્ બલાદ્ એતૌ સદા મતૌ ।।
દ્વિતીયે[છ/૨] સર્વથા ચિન્તા ત્યાજયા સંસારનિશ્ચયાત્ ।। ૫ ।।

જુઓ શ્રીમહાપ્રભુજી ઘણી જ મહત્વની વાત કહી રહ્યા છે. દ્વિતીય

એટલે કે ''ભગવત્ કૃત પ્રતિબંધે ચિન્તા સર્વથા ત્યાજયા સંસાર નિશ્ચયાત્'' ભગવત્ કૃત પ્રતિબંધમાં ચિન્તા છોડી દ્યો કારણ કે તમને સંસાર નિશ્ચિત રહેવાનો છે. સંસાર દૂર થવાનો નથી. વ્યર્થમાં અલૌકિક સામર્થ્યની ચિંતા તમે શા માટે કરી રહ્યા છો ? કે અમે અપ્રસાદી ખાશું નહીં, અમે તો પ્રસાદ જ ખાશું. અમે ભગવાનને હિંડોળા ઝુલાવશું, તમે કેમ હિંડોળા ઝુલાવવાનું ઇચ્છી રહ્યા છો? જે શાદી કરે તે ઝુલાવે કે તમે ઝુલાવો ?

તમે કોઈની કમર પકડીને શા માટે ફરવાનું ઇચ્છી રહ્યા છો, જયારે તમે લગ્ન કર્યા નથી. લગ્ન કરશે તે ઘુમશે. તમે પોતાની જાતે કોઈની કમરમાં હાથ નાખીને ફરવાનું ઇચ્છી રહ્યા છો તો તેનો અર્થ કંઈક લફડુ છે. આમા સ્વસ્થતા નથી.

તો ''દ્વિતીયે સર્વથા ચિન્તા ત્યાજયા સંસારનિશ્ચયાત્'' સંસારને નિશ્ચય માનો. તેને નિશ્ચિત માનીને દુઃખી થવાની જરૂરત નથી. શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે સંસાર પણ નિશ્ચિત છે. ''વિવેકધૈર્યભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપા સક્તસ્ય'' પણ છે, દીન પણ છો છતાપણ ''કૃષ્ણએવ ગતિમર્મ'' નિશ્ચિત સંસારમાં પણ તમારી પાસે, કૃષ્ણરૂપ ગતિ તો ઉપલબ્ધ છે. તો તેમાં સ્થિર ન થઈને બીજા ખોટા ઉપદ્રવ કરીને, સમગ્ર સેવાની પદ્ધતિને લાલચમય કરવાને બદલે તમારી જાતને તેનાથી થોડી દૂર શા માટે રાખતા નથી. ગાડી ચલાવવી જાણતા નથી અથવા બીજો ચલાવતો હોય તેમાં બેસીને ગાડી ચલાવતા આવડતું નથી તે જાણવા છતાં ગાડીના સ્ટીયરીંગને આમ તેમ હલાવવું અને પછી બધાને મારવા અને પોતે જાતે મરવું તેમાં ફાયદો શું થશે ? આ વાતને ધ્યાનથી સમજો.

(આદ્યફલાભાવે ભગવતો દાતૃત્વં નાસ્તિ. તદા ''સેવા નાધિદૈવિકી'' ઇત્યુકતં ભવતિ. ભોગાભાવઃ તદૈવ સિધ્યતિ યદા ગૃહપરિત્યાગઃ ઇતિ નિરૂપણમ્)- જો પહેલો પ્રતિબંધ (આદ્ય ફલાભાવ) એટલે કે અલૌકિક સામર્થ્યનું દાન કરવા પ્રભુ ઇચ્છતા નથી અને તે સેવા આધિદૈવિકી થતી નથી. શ્રીમહાપ્રભુજીના આ ઉપદેશનું આપણે કેટલું ખોટી

રીતનું અર્થઘટન કર્યુ છે. આ વાતનું એટલે કે ખોટા અર્થઘટનનું પ્રમાણ એ છે કે આપણે સેવા કરતા કરતા અલૌકિક સામર્થ્ય ખીલીને, અલૌકિક સામર્થ્ય કંઈક મોટું મોટું ફલ છે. તેમ માનીને ગભરાઈ રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજી દરેક વિષયનું સ્પષ્ટતાથી શ્રાદ્ધ કરી દે છે.

એટલે કે આદ્ય ફલાભાવે તમારી અંદર અલૌકિક સામર્થ્ય એટલે કે સમર્પિતના ઉપભોગની જીવન-પ્રણાલી ખીલી નથી રહી તો નક્કી સમજો કે ભગવાન તમને આ અલૌકિક સામર્થ્યરૂપ આદ્યફલનું દાન કરવાનું ઈચ્છી રહ્યા નથી. દાતૃત્વં નાસ્તિ. આ વાત સમજો. ''આદ્ય ફલાભાવે ભગવતો દાતૃત્વં નાસ્તિ'' તમે જ્યારે સમર્પિત જીવન જીવી નથી શકતા, તો ભગવાન તમને અલૌકિક સામર્થ્ય આપવા માંગતા નથી. તમે સેવા કરી રહ્યા છો, તો તે તમારી સેવા આધિદૈવીકી નથી કે જે આધિ દેવ સુધી પહોંચે. જો આપણે સમર્પિત ના ઉપભોગની જીવન પ્રણાલી નથી જીવી રહ્યા, તો તે તમારી કોઈ ભૌતિકી સેવા છે.

જે સેવાથી આપણે સમર્પિતના ઉપભોગની જીવનપ્રણાલી ખીલવી નથી શકતા તો તે સેવાની પ્રણાલી આધિદૈવિક નથી. આધિભૌતિક છે. સાફ સમજી જાવ. ''તદા સેવા નાધિદૈવિકી ઈત્યુક્તં ભવતિ'' તેથી કહે છે કે આ ભોગાભાવ (ભોગનો અભાવ) કેવી રીતે સિદ્ધ થશે ? ભોગાભાવની બહુ ચિંતા થઈ રહી છે, તો ફરી સંન્યાસનિર્ણય ઉપર પાછા જાવ ! શ્રીમહાપ્રભુજી પૂછી રહ્યા છે. ભોગાભાવની ચિંતા બહુ જ થઈ રહી છે, કે ભોગને કેવી રીતે અવગણવો (એવોઈડ કરવો) અસમર્પિતના ઉપભોગને કેવી રીતે અવગણવો ? ''ગૃહ પરિત્યાગ'' છોડો ઘરને, જે ઘરમાં તમે સમર્પણ નથી કરી શકતા તે ઘરમાં તમે શું કામ રહો છો ? ઘર છોડીને બતાવો ! જો ઘર છોડી નથી શકતા તો ખોટી ચિંતા શું કામ કરો છો ?

નત્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્ ।।

તમે સમર્પણની અને પ્રસાદની અને ઢોકળાની વગેરેની ચિંતા શું કામ કરો છો ? હવે ઘરમાં બેસીને અષ્ટાક્ષર જપોને એક બાજુ તમે એમ કહો છો કે

પુષ્ટિમાર્ગમાં અમે આમ પ્રસાદ વગર જીવીએ કેવી રીતે? અને બીજી બાજુ તમારે સમર્પિત જીવન જીવવું નથી તમારે પોતાના જીવનમાં અલૌકિક સામર્થ્યને ખીલવવા નથી દેવું અને પછી ચિંતા કરી રહ્યા છો કે અમે ભોગ કેવી રીતે કરીએ? અમે ભોગી થોડા છીએ ? અમે તો યોગી છીએ-વિયોગી છીએ. કયાંના યોગી-વિયોગી ? ખોટું તુતક ફેલાવવાની વાત છે. તમે નથી યોગી કે નથી વિયોગી તમારો સંસાર નિશ્ચિત છે. કૃષ્ણને પકડો બધી વાત સરળ કે નિવૃત્ત થઈ જશે. જો તમે સમર્પણથી જીવન-પ્રણાલી જીવી રહ્યા નથી, તો તમારી સેવા આધિ દૈવિકી નથી. ‘‘તૃતીયે બાધકં ગૃહમ્’’ હવે આગળ (**ગ્રંથોપસંહારઃ**)- ગ્રંથોપસંહારમાં શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે.

અવશ્યેયં સદા ભાવ્યા સર્વમ્ અન્યન્ મનોભ્રમઃ[૧] ॥ ૬ ॥
તદીયૈર અપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્[૨] ॥
ગુણક્ષોભેઽપિ દ્રષ્ટવ્યમ્ એતદેવેતિ મે મતિઃ ॥ ૭ ॥
કુસૃષ્ટિર્ અત્ર વા કાચિદ્ ઉત્પદ્યેત સ વૈ ભ્રમઃ ॥

બીજા કોઈ ગ્રંથનો પાઠ કરો કે ન કરો. શ્રીમહાપ્રભુજી કહે છે કે સેવા ફલનો પાઠ રોજ કરો. શા માટે ? આ ગ્રંથ બધા ભ્રમને દૂર કરવાવાળો પાઠ છે. આગળ જે ભ્રમ હતાને, પહેલા સિદ્ધાન્તમુકતાવલીમાં અને બીજા જે બાલબોધમાં હતા. તે ભ્રમ, તે સેવા કર્યા પહેલાના થતા ભ્રમ હતા. પરંતુ આ સેવા કરવાના સમયે ઉત્પન્ન થતા ભ્રમની કથાને અહીં શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે.

‘‘સર્વમ્ અન્યન્ મનોભ્રમઃ તદીયૈર અપિ તત્કાર્યં’’ જો સાચા ભગવદિય છે તેમણે આ કરવું જોઈએ ‘‘પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્’’ તમે ભગવદિય છો તો તમારે આ કરવું જોઈએ. જો ભગવદિય નથી તો પછી તમે પોતાની આગળ પ.ભ. લગાવો નહીં અને પ.ભ. લગાવી રહ્યા છો તો સમજી લ્યો કે પરમ ભગવદીય નથી. પરમ ભંડ છો. પ.ભ.નો મતલબ પરમભંડ પણ હોઈ શકે ને ! તો તમે પરમભંડ હોઈ શકો, પરમ ભગવદીય નથી. પ.ભ. લગાવતા હો તો કૌંસમાં પરમ

ભંડ એમ ખુલાસો કરી દયો કે પરમ ભંડનાં અર્થમાં તમે પ.ભ. છો. પરમ ભગવદીયના અર્થમા તમે પ.ભ. નથી.

"ગુણક્ષોભેડપિ દ્રષ્ટવ્યમ્ એતદેવેતિ મે મતિઃ" તમને કોઈ ગુણ ક્ષોભ થતો હોય, પ્રાકૃતિક ગુણનો ક્ષોભ થતો હોય તો પણ પહેલા તમે સેવાફલની આ વાતને સમજો કે તમારે જો સેવા કરવી છે તો અલૌકિક સામર્થ્ય ખીલવવા માટે સેવામાં અલૌકિક સામર્થ્ય ખીલવું જોઈએ અને જો તે અલૌકિક સામર્થ્ય નથી ખીલી રહ્યું તો તમારા જીવનમાં સમર્પિતતા નથી આવી રહી. તમારી સેવા આધિદૈવિકી નથી. આ ધ્રુવ (નક્કિ) વાત છે સમજો.

"કુસૃષ્ટિર્ અત્ર વા કાચિદ્ ઉત્પદ્યેત સ વૈ ભ્રમઃ" જે કોઈપણ કુસૃષ્ટિ તમે ઉત્પન્ન કરી રહ્યા છો, કુસૃષ્ટિ એટલે ખોટો સંદેહ ખોટી શંકા. આ નથી કરી રહ્યા તો આમ કરીએ, આમ નથી કરી શકતા તો આમ કરી લઈએ. તે બધું કુસૃષ્ટિ છે અને તે જેટલી કુસૃષ્ટિ તમે ઉત્પન્ન કરી રહ્યા છો કે જે આજે પુષ્ટિ સૃષ્ટિ છે જ નહીં. આ વાતને ધ્યાનથી સમજો કે આજની આપણી જે જીવન પ્રણાલી છે તે પુષ્ટિ સૃષ્ટિની નથી, કુસૃષ્ટિની જીવન પ્રણાલી છે.

"ઉત્પદ્યૈત સ વૈ ભ્રમઃ" તે ભ્રમ છે તે સેવાફલ નથી. આપણે જે સેવાફલ સમજીએ છીએ. તે તો સમર્પિત જીવન-પ્રણાલીમાં જ સેવાફલ થઈ શકે. ઉછળીને એકદમ નહીં વધે, પરંતુ જેટલી વધવી હશે તે ધીમે ધીમે વધશે. પરંતુ આ વાતને ધ્યાનથી સમજો કે **"નિશાન ચૂક માફ, નહિ કે નીચુ નિશાન"** આ વાત શ્રીમહાપ્રભુજી સેવાફલમાં કહી રહ્યા છે. આપણી પાસે થોડો સમય છે. એટલા માટે હજુ આપણે એક બીજો ગ્રંથ લઈ લઈએ.

પ્રશ્ન :- લૌકિક પ્રતિબંધ અને ભગવતકૃત પ્રતિબંધ હજુ સ્પષ્ટ સમજાતું નથી ?

જે પ્રતિબંધને તમે તમારી બુદ્ધિથી દૂર કરી શકો કે હટાવી શકો તે તો લૌકિક પ્રતિબંધ છે અને જે પ્રતિબંધને તમે તમારી અક્કલથી હટાવવા માંગો છો પરંતુ તે દૂર નથી થઈ રહ્યો તો તે ભગવત્ કૃત પ્રતિબંધ છે. આપણે તો દૂર કરવાનું વિચારીએ છીએ. પરંતુ આપણે વિચારીએ તો છીએ પરંતુ પ્રતિબંધ નિવૃત્ત નથી

થઈ રહ્યો. તેનું ખૂબ વિસ્તૃત વિવેચન આગળ આવશે પરંતુ અત્યારે અહીં ખુલાસો કરવો મુશ્કેલ છે.

પ્રશ્ન : અલૌકિક એટલે શું ?

એક વાત સમજો અશોકજી કે, અલૌકિક સામર્થ્ય પારલૌકિક કથા નથી. કારણ કે પારલૌકિક કથા જો હોત તો તેને અલૌકિક જ ન કહેવાત ! કારણ કે તે તો પારલૌકિક કથા હોત. તેને અલૌકિક એટલા માટે કહેવામાં આવે છે કે તે આ લોકની વાત નથી. તો તે તો અલૌકિક વાત છે તે લોકની વાત છે.

જેમ કે હિન્દુસ્તાનમાં કોઈ અમેરિકન હોઈ શકે છે પરંતુ અમેરિકામાં તો કોઈ અમેરિકન ન હોઈ શકેને ! પુનામાં કોઈ પુણેકર ન હોય શકે પણ બોમ્બેમાં તો કોઈ પુણેકર હોઈ શકે છે. ઠઠ્ઠાઈમાં તમે ઠઠ્ઠાઈ નથી થઈ શકતા, પરંતુ મુંબઈમાં તમે ઠઠ્ઠાઈ છો, વાત બરાબર છે ને ! બરાબર તે જ વાત છે. આ લોકમાં તે અલૌકિક છે, પરંતુ પેલા લોકમાં તો તે લૌકિક જ છે. તેના લોકમાં તો તે પાછી લૌકિકની કથા છે. જેમ કે ''સેવોપયોગી દેહો વૈકુંઠાદિષુ'' અલૌકિક નથી કહ્યુ. શા માટે ? કારણ કે પારલૌકિક છે. હવે વાત આખી ખ્યાલમાં આવી ગઈને!

કથાની પ્રણાલીથી જો તમે નિરૂદ્ધ થઈ ગયા છો તો સાયુજય. જે બાવા કહી રહ્યા હતાને ! તેને ઉંડાણથી કહેવા માંગતો નહોતો. પરંતુ હવે જબરદસ્તી તમે વાતને છેડી છે તો મારે કહેવું પડે છે કે કથાની પ્રણાલીથી જો તમે સેવા જીવી છે તો સાયુજય ફલ મળશે અને સેવાને કથાત્મિકા અને કથાને સેવાત્મિકા બનાવી છે, તો ભૂતલ પર અલૌકિક સામર્થ્ય છે અને દેહોત્તર સેવાપયોગી દેહો વૈકુંઠાદિષુ છે. આનુ વિવેચન સેવાફલ વિવરણ અને સેવાફલ ગ્રંથ છે ને, તેની મેં પહેલા એક શ્રીમહાપ્રભુજીના જ સુબોધિનીથી શ્રીમહાપ્રભુજીના સેવાફલની કેવી વ્યાખ્યા કરવી તે બધી ત્યાં આપી દીધી છે. તે તમે જોશોને, તો આ વાતનો સંપૂર્ણ ખુલાસો મળશે.

શ્રીમહાપ્રભુજીએ ખૂબ જ ખૂબસૂરતીથી બતાવ્યું છે કે સાયુજય કેમ થઈ જાય ? અત્યારે તે બધા વિષયના વિવેચનમાં નહીં જઈ શકીએ. બાવાએ પણ ખૂબ આગ્રહ કર્યો પરંતુ મેં સંયમ રાખીને તે જ વાત ન કરવા માંગી. તે કારણના

ઉંડાણમાં આપણે અત્યારે નહીં જઈ શકેએ, કારણ નકામી મુંઝવણ વધી જશે.

।। ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં સેવાફલં સમ્પૂર્ણમ્ ।।

॥ પઞ્ચશ્લોકી ॥

અહીં આપણા ષોડશ ગ્રંથ પૂરા થયા. હવે આ પઞ્ચશ્લોકી આમ તો સત્તરમો ગ્રંથ છે. ષોડશ ગ્રંથ નથી અને આપણા અનુક્રમમાં ત્રેવીસમો ગ્રંથ છે. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે ષોડશગ્રંથનો આ ખૂબ જ પૂરક ગ્રંથ છે અને જો આ નહીં સમજીએ તો ષોડશ ગ્રંથની ઘણીબધી વાતો અધૂરી રહી જાય છે.

(પુષ્ટિભકિતમાર્ગે ભકિતવર્ધિન્યુક્તદિશયા દઢબીજભાવનામ્[ક] અદઢબીજભાવેષુ અવ્યાવૃત્તાનાં[ખ/૧] વ્યાવૃત્તાનાં[ખ/૨] ચ; અથચ પુષ્ટિપ્રપત્તિમાર્ગેઽપિ ત્યાજયગ્રાહ્યયોઃ ઈતિકર્તવ્યતાયાઃ ઉપદેશઃ)–તેથી પુષ્ટિભકિતમાર્ગમાં ભકિતવર્ધિનીમાં જે પ્રમાણે કહેવાયું છે. તેવા દઢબીજભાવવાળા છે તે ‘ક’ અને જે અદઢબીજભાવવાળામાં જે અવ્યાવૃત્ત છે તે ‘ખ^{૧}’ અને વ્યાવૃત્ત છે તે ‘ખ^{૨}’ છે અને પુષ્ટિ પ્રપત્તિમાર્ગ મતલબ કે ભકિત સિવાય જે પ્રપત્તિમાં છે, શરણાગતિમાં છે, એટલે કે નવરત્નથી લઈને અંતઃકરણ પ્રબોધ વિવેકધૈર્યાશ્રય અને કૃષ્ણાશ્રય સુધીનો જે આપણો આલેખ (ગ્રાફ) હતો તેમાં જે છે તે બધાને ‘‘ઈતિ કર્તવ્યતા’’ એટલે કે તેની રીત (નો હાઉ) સમજાવી રહ્યા છે. શરણાગતિ કેવી રીતે કરવી ? ભકિત કેવી રીતે કરવી ? તે હવે અહીંયા ખુલાસો થઈ જશે.

(સ્વગૃહે ભગવત્સેવાં કર્તુમ્ અસમર્થાનાં ભગવત્કથાપ્રણાલિકયા જાતદઢબીજભાવાનાં[ક] કૃતે ગૃહત્યાગાનુજ્ઞા. અદઢબીજભાવેષુ અવ્યાવૃત્તાનાં [ખ/૧] કૃતે ચ ગૃહસ્ય ભગવત્સેવાયાં વિનિયોગાજ્ઞા)– જે પોતાના ઘરમાં ભગવત્ સેવા નથી કરી શકતા. તેની ભગવત્ કથા પ્રાણાલી શું ? તો ભગવત્ કથાની પ્રાણાલીથી જેનો બીજભાવ દઢ થયો છે. તેમના માટે ગૃહત્યાગની છૂટ આપવામાં આવે છે અન જે અદઢબીજભાવમાં અવ્યાવૃત્ત છે. મતલબ ‘ખ^{૧}’ છે, એટલે કે અદઢ બીજભાવમાં અવ્યાવૃત્ત છે. તેઓના માટે કહી રહ્યા છે કેભગવત્ સેવામાં ઘરનો વિનિયોગ કરો. તે વાતને ધ્યાનથી સમજો.

ગૃહં સર્વાત્મના ત્યાજયં[ક] તચ્ ચેત્ ત્યક્તું ન શક્યતે ।।
કૃષ્ણાર્થે તત્ પ્રયુંજીત[ખ/૧] કૃષ્ણોઽનર્થસ્ય મોચકઃ ।। ૧।।

દરેક વખતે ઘરને છોડવા જેવું જ છે. પરંતુ જો તમે તે ઘરને છોડી નથી શકતા, તો તમે કૃષ્ણની સાથે ઘરમાં જીવવાનું શરૂ કરશો. તો કૃષ્ણ તે ઘરમાં રહેલા અનર્થથી તમને છોડાવશે, બચાવશે.

આમ તો રમુજ (ફની) ઉપમા છે, પરંતુ વિચારશો તો થોડી મજા આવશે. સમજો કે કોઈ છોકરા-છોકરીને એકબીજાથી પ્રેમ થઈ ગયો અને બન્ને પોતાના ઘરેથી ભાગ્યા અને બન્નેના મા-બાપે પોલીસમાં ફરિયાદ લખાવી. પોલીસે તેમને પકડીને એક કોટડીમાં પૂરી દીધા તો ફળ મળ્યું કે દંડ મળ્યો ? તેઓ આ જ તો કરવા માંગતા હતા અને તે જ તો થયું.

એ જ રીતે ઘર જે છે તે ખૂબ ખતરનાક છે પરંતુ જો તમે ભગવાનને તેમાં પધરાવી રહ્યા છો અને તેમાં કેદ થઈ ગયા તો પછી બીજું જોઈએ શું ભાઈ ? આના માટે જ તો સંસારથી ભાગ્યા હતા. ભગવાન વૈકુંઠથી એટલા માટે ભાગ્યા કે તમને મળે. તમે સંસારથી એટલા માટે ભાગ્યા હતા. હવે એમણે કહ્યું કે તમે લાયક નથી અને તેઓએ કહ્યું કે તમે લાયક નથી. એક કોઈ શ્રીમહાપ્રભુજી જેવા ઈન્સ્પેકટર આવી ગયા. તેઓએ કહ્યું ચાલો પકડો આ બન્નેને એક કોટડીમાં પૂરી દયો. અરે તો પછી બીજું કયું ફલ જોઈતું હતું યાર ! આ ફલ જ તો જોઈતું હતું. તમે પકડી લીધા, અમને ફલ મળી ગયું.

સંસારથી અમે ભાગ્યા હતા શા માટે ? તો વૈકુંઠથી તે શા માટે ભાગ્યા હતા ? આટલા માટે જ તો ભાગ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ ઈન્સ્પેકટર બની આપણને કોટડીમાં પકડીને પૂરી દીધા, બસ આપણને બીજું શું જોઈએ ? પડયા રહેશું. બહાર કાઢો નહીં કાઢશો તો મુશ્કેલી થશે, નહીં કાઢો તો આનંદથી જીવી લઈશું. ચિંતાની કોઈ વાત શું છે ? તે પણ પકડાયા અને અમે પણ પકડાયા. બસ કોટડી એક હોવી જોઈએ. મારી વાત ખ્યાલમાં આવીને ! તો કાંઈક આવું રમુજી ઉદાહરણ છે. પણ સમજવા માંગશો તો સારી રીતે સમજમાં આવશે કે આવી

રમૂજ અને આટલી ઉત્કૃષ્ટ પરિસ્થિતિનું આમાં નિર્માણ થઈ રહ્યું છે.

ઘર ખૂબ જ ખતરનાક છે. જેલ છે, કારાગ્રહ છે. પરંતુ આપણે ભગવાનની સાથે તેમાં કેદ થઈ ગયા. તો પછી બીજુ શું જોઈએ યાર ? વૈકુંઠમાં જઈને શું કરવાનું હતું ? આ જ તો કરવાનું હતું. તે આપણને અહીં મળી ગયા. તો આપણે તો આનંદ છે. પછી જેટલા દિવસ તાળા મારીને રાખવા હોય એટલા દિવસ રાખો. અમે તો આ બેઠા આનંદથી, બીજું અમારે જોઈએ શું ? તો ''કૃષ્ણાર્થે તત્ પ્રયુંજીત કૃષ્ણોઽનર્થસ્ય મોચકઃ'' શ્રીમહાપ્રભુજી આપણા એવા ઈન્સ્પેકટર છે કે બન્નેને પકડીને ઘરની કોટડીમાં બંધ કરી રહ્યા છે.

(અદઢબીજભાવેષુ વ્યાવૃત્તાનાં[ખ/૨] સ્વગૃહાદ્ અન્યત્ર ભગવત્સેવાકથાપરૈઃ ભગવદીયૈઃ સહ ભગવત્પરિચર્યા-ભગવત્કથાશ્રવણયોઃ પરાયણાનાં કૃતે સત્સઙ્ગઃ કથં કરણીયઃ ઇતિ તદિતિકર્તવ્યતાયાઃ ઉપદેશઃ)–આ જે અદઢબીજભાવમાં જે વ્યાવૃત્ત છે, એટલે કે જે ઘરમાં સેવા નથી કરી શકતા. તેઓએ સત્સંગ કેવી રીતે કરવો ? તો એક સિદ્ધાન્ત છે, એ જે સૈદ્ધાન્તિક બરાબર છે, તે વાત સમજી જાવ.

સંગઃ સર્વાત્મના ત્યાજયઃ સ ચેત્ ત્યકતું ન શક્યતે ।।
સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સઙ્ગસ્ય ભેષજમ્ ।। ૨ ।।

સંગ હંમેશા ત્યજવા યોગ્ય છે. કારણ કે દરેક સંગમાં કાંઈકને કાંઈક તો લફડા છે જ. કોઈનો સંગ કર્યો એટલે આપણને કોઈને કોઈ રવાડે ચડાવશે. તો સંગથી જે કાંઈપણ નુકશાન થઈ શકે છે તે નુકશાનને સંત ભરપાઈ કરી શકશે. **''યેન્તે દુર્જન''** તમે સમજયા વિચાર્યા વગર સંગ કર્યો. હવે સંતત્વ શું છે ? એ વાતને ધ્યાનથી સમજો. ''તદીયે સહ તત્પરૈ'' ભગવત્ સેવા પરાયણ જે ભગવદીય છે, તેનો સંગ કરવો. તેને શ્રીમહાપ્રભુજી અહીં સંત કહી રહ્યા છે.

''અદઢબીજભાવેષુ અવ્યાવૃત્તાનાં[ખ/૧] કૃતે ચ ઉપદિષ્ટસ્ય ગૃહાદેઃ યો ભગવત્સેવાયાં વિનિયોગઃ ઉક્તઃ સ કથં કરણીયઃ ઇતિ તદિતિકર્તવ્યતાયાઃ ઉપદેશઃ)– અદઢ બીજભાવમાં જે આવ્યાવૃત્ત છે એટલે

કે 'ખ[૧]' તેઓને જે ગૃહાદિકનો જે ભગવત્ સેવામાં વિનિયોગ બતાવ્યો તે વિનિયોગની જાણકારી હવે સમજાવી રહ્યા છે કે તે વિનિયોગ કેવી રીતે કરવો ?

અનુકૂલે કલત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ॥
ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥ ૩ ॥
તત્ - ત્યાગે દૂષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ॥

પોતાનો પરિવાર, પત્ની, પુત્ર-પુત્રી, બાપ, ભાઈ બધા હળીમળીને આનંદથી સેવા કરો. બધાની પાસે સેવા કરાવો અને બધા મળીને સેવા કરો અને જો તે ઉદાસીન છે, તો તેઓ પાસે જબરદસ્તી સેવા ન કરાવો. શું કામ ? કે તમારે સેવા કરવાની છે. બીજાની પાસે કરાવવાની નથી. જો બધા અનુકૂળ છે, તો હળીમળીને સેવા કરો અને કરાવો. પરંતુ જો અનુકૂળ નથી તો આ વાતને ધ્યાનથી સમજો કે તમારે સેવા કરવાની છે, કરાવવાનો ઠેકો નથી લેવાનો. જેમ કે બાલકોએ બેઠે બૈઠાય વૈષ્ણવો પાસે સેવા કરાવવાનો ઠેકો લઈ લીધો. વૈષ્ણવોએ બેઠે બૈઠાય બાલકો પાસે સેવા કરાવવાનો ઠેકો લઈ લીધો.

સેવા કરાવવી એ મુખ્ય સમસ્યા નથી. સેવા કરવી મુખ્ય સમસ્યા છે. એકબીજાને અનુકૂળ છો તો હળીમળીને સેવા કરો. પરંતુ જ્યારે અનુકૂળ નથી તો પછી પોતાની રીતે પોતે જ કરો અને જ્યારે કોઈ સેવામાં વિઘ્ન કરી રહ્યા છે તો ''ગૃહં ત્યજેત્ તત્ ત્યાગે દુષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખા'' જે તમને સેવામાં વિઘ્ન કરી રહ્યા છે તેનો ત્યાગ કરો. એટલે કે **''જે હરિને ભજતા વારે તેને તરતા તજો''** દયારામ ભાઈનું ધોળ યાદ કરો. તે પછી ગુરુ હોય, બાપ હોય, માં હોય, દીકરો હોય, દીકરી હોય બધું ગણાવીને દયારામભાઈએ બતાવ્યું છે કે આ બધાને છોડો. શું કામ ? કે હરિભજન માટે આ બધાનીજરૂરત છે. પરંતુ હરિભજનમાં જો વિઘ્નરૂપ થઈ રહ્યા છે, તો તેને છોડવા પડશે. ''યતઃ કૃષ્ણ બહિર્મુખા''

(પુષ્ટિપ્રપત્તિમાર્ગે ત્યાજયગ્રાહ્યવિવેકવિષયિણ્યાઃ ષડ્વિધાયાઃ[૧-૬] ઇતિકર્તવ્યતાયાઃ ઉપદેશઃ)-પુષ્ટિ પ્રપત્તિમાર્ગમાં ત્યાજય ગ્રાહયનો વિવેક સમજાવતા શ્રીમહાપ્રભુજી શરણાગતિ કેવી રીતે કરવી ? ''ઈતિ કર્તવ્યતા''

શરણાગતિની કર્તવ્યતા બતાવી રહ્યા છે. શરણાગતિની છ રીતિઓનો ઉપદેશ.

અનુકૂલસ્ય સંકલ્પઃ[1] પ્રતિકૂલવિસર્જનમ્[2] ॥૪॥
કરિષ્યતીતિ વિશ્વાસો[3] ભર્તૃત્વે વરણં તથા[4]॥
આત્મનૈવેદ્ય[5] કાર્પણ્યે[6] ષડ્વિધા શરણાગતિઃ ॥૫॥

શરણાગતિ કરવાના આપણને છ ઉપાય બતાવ્યા છે. પરંતુ તેમાં મૂળવાત એટલી છે કે ''અનુકૂલસ્ય સંકલ્પઃ'' આપણે પ્રભુને અનુકૂળ થવાનો સંકલ્પ કરીને શરણાગતિ કરીએ છીએ. જે કાંઈપણ પ્રભુની પ્રતિકૂળ છે, તેને આપણે છોડવાના સંકલ્પથી શરણાગતિ કરીએ છીએ અને જે કાંઈ છે તે પ્રભુ જ કરશે એવા વિશ્વાસની સાથે પ્રભુની શરણાગતિ કરવી જોઈએ અને પ્રભુને ભર્તા માનીને શરણાગતિ કરવી જોઈએ. હું પ્રભુની શરણાગતિ કરી રહ્યો છું એવી અહંતાથી નહીં, પરંતુ પ્રભુ મારી શરણાગતિ સ્વીકારી રહ્યા છે. આ ભાવથી શરણાગતિ કરવી જોઈએ.

''આત્મનૈવેદ્ય-કાર્પણ્યે'' આત્મ નિવેદન તે બ્રહ્મસંબંધ વાળુ આત્મ નિવેદન નહીં પરંતુ આત્મ નિવેદન મતલબ **''જૈસો હું તૈસો કહાઉં તેરો''** અને ''કાર્પણ્યે'' મતલબ દીનતા સહિત શરણાગતિ કરવી જોઈએ. આ શરણાગતિની છ પદ્ધતિ છે. કેવી રીતે શરણાગતિ કરવી ? શું શું કરવાથી આપાણી શરણાગતિ નભે ? આ બધું અહીં શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે.

॥ ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યકૃતા પઞ્ચશ્લોકી સમાપ્તા ॥

અહીં આપાણો એક પડાવ આવ્યો છે. હવે બીજો પડાવ સાધન પ્રકરણનો છે. હું એમ વિચારી રહ્યો છું કે આ વખતે તો આપાણે નહીં કરી શકીએ પરંતુ આપાણે જે જાન્યુઆરીમાં ઉત્સવ મનાવીએ છીએ. તે ઉત્સવને હવે આપાણે સાધન પ્રકરણ અને સાધન દીપિકાની સાથે મનાવીશું. આવું આપાણે નક્કી કરીએ અને આ વખતે અહીંયા આપાણે રાખીએ.

રહી વાત ગુરુ દક્ષિણાની તો એકવાત સમજો કે આમ તો ખૂબ જ નાલાયકી છે કે હું મને પોતાને ગુરુ વિચારું અને તમારી પાસે દક્ષિણા માંગુ તો થોડી બેશરમી મને મંજુર કરતા હો તો હું આ દક્ષિણા માંગુ છું કે તમારી પાસેથી એ માંગુ છુ કે તે દક્ષિણા મને આપો. તો જો તમે આ ગ્રંથ ભણ્યા તો ઓછામાં ઓછુ એકને તો ભણાવો. જો મને ગુરુદક્ષિણા આપતા હો તો, લાવો આપો અને જો નહીં ભણાવે તે નાલાયક છે. બીજી વખત ભણવા ન આવે.

જે એકને ભણાવે નહીં, તે બીજી વખત ન આવે, બીજી વખતે આવે તો બીજા એકને લઈને આવે કે જુઓ આને મેં ભણાવ્યો. હું તમારી પરીક્ષા નહીં લઉ, તેની પરીક્ષા લઈ લઈશ અને તે સમજી ગયો હશે તો તમને બીજીવાર આનંદથી એડમીશન મળશે. જો ન ભણાવ્યો તો બધાને **''ગણપતિ બાપા મોરીયા, પુઢચા વરસી નકોચ યા''** કરીશ. તો જો તમે મને સાચે જ ગુરુ દક્ષિણા આપતા હો તો, તમારામાં થોડો પણ કૃતજ્ઞતાનો ભાવ હોય તો આ ગુરુ દક્ષિણા મને આપો, હું માંગુ છું.

આ ગુરુ દક્ષિણામાં કોઈ એકને આ ભણાવો. વધારે નહીં, એકને આ ગ્રંથ ભણાવો. આ પ્રકારે બધા વર્ગીકરણની સાથે સમજાવો. કાંઈક માથાફોડી કરો. તેની સાથે જેટલીવાર બેસવું પડે તો બેસો. હજુ તો જાન્યુઆરી સુધીનો સમય છે. એક વિદ્યાર્થીને ભણાવીને તમે બતાવો. બસ ! આપણી આગળની દરેક શિબિરની સાતત્યતા (કન્ટીન્યુટી) શરૂ થઈ જાય છે.

શ્રીવલ્લભાધીશકી જય...